॥ શંકા સમાધાન ॥



સ્વામી અડગડાનન્દ

આરાધના કોની કરવી?

કર્મકાંડ

યજ્ઞ (હવન)

બ્રહ્મચર્ય

ગાયત્રી

યુગધર્મ

અહિંસા

પાપ અને પુણ્ય

સનાતન ધર્મ

વર્ણવ્યવસ્થા

વિપ્ર-એક સ્થિતિ

આર્ય

ॐ

॥ શ્રી સદ્‌ગુરુ દેવાય નમઃ ॥

શંકા-સમાધાન

સંકલનકર્તા અને વ્યાખ્યાનકારઃ

પરમપૂજ્ય શ્રી પરમહંસજી મહારાજના કૃપાપ્રસાદ

સ્વામી અડગડાનન્દ

અનુવાદ

જયા મહેતા

શ્રી પરમહંસ આશ્રમ

ગ્રામ પોસ્ટ શક્તેષગઢ, (ચુનાર) જિલ્લો મિર્જાપુર

ઉત્તર પ્રદેશ, ભારત.

અનન્તશ્રી વિભૂષિત, યોગીરાજ, યુગપિતામહ,

પરમપૂજ્ય શ્રી સ્વામી પરમાનન્દજી

શ્રી પરમહંસ આશ્રમ અનુસુઈયા (ચિત્રકૂટ)

ના

પરમ પાવન ચરણોમાં

સાદર સમર્પિત - અંતઃપ્રેરણા

ગુરુ-વંદના

॥ ॐ શ્રી સદ્‌ગુરુદેવ ભગવાનની જય ॥

જય સદ્‌ગુરુદેવં, પરમાનન્દં, અમર શરીરં અવિકારી ।
નિર્ગુણ નિર્મૂલં ધરિ સ્થૂલં, કાટન શૂલં ભવભારી ॥

સૂરત નિજ સોહં, કલિમત ખોહં, જનમન મોહન છવિભારી ।
અમરાપુર વાસી, સબ સુખરાશી, સદા એકરસ નિર્વિકારી ॥

અનુભવ ગમ્ભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી ।
યોગી અદ્વૈષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલપદ આનન્દકારી ॥

ચિત્રકૂટહિ આયો, અદ્વૈત લખાયો, અનુસૂઇયા આસન મારી ।
શ્રી પરમહંસ સ્વામી, અન્તર્યામી, હૈં બડનામી સંસારી ॥

હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી ।
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રુપ લખાયો કરતારી ॥

યહ શિષ્ય હૈ તેરો, કરત નિહોરો, મોપર હેરો પ્રણધારી ।
જય સદ્‌ગુરુ.....ભારી ॥

ॐ



શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમહંસ સ્વામી પરમાનન્દજી મહારાજ (પરમહંસજી)
જન્મઃ શુભ સંવત વિક્રમ૧૯૬૯ (ઇ. સ. ૧૯૧૧)
મહાપ્રયાણ : જ્યેષ્ઠ શુક્લ ૭ સંવત ૨૦૨૬ તારીખ ૨૩-૦૫-૧૯૬૯

શ્રી સ્વામી અડગડાનન્દજી
(પરમહંસ મહારાજના કૃપા પ્રસાદ)

દર્શન

પરમ આદરણીય, પરમ પૂજ્ય, શ્રદ્ધેય શ્રી પરમાનન્દજી મહારાજના જીવનચરિત્ર 'જીવનાદર્શ એવં આત્માનુભૂતિ'ના માધ્યમથી જ્ઞાત થયું હશે કે શ્રી પરમાનન્દજી એક વિરહ-વૈરાગ્યથી પૂર્ણ સધનામાં સતત અનુરક્ત પહાપુરુષ હતા. ઈષ્ટ તરફથી મળતી આકાશવાણીઓના આધારે ચિત્રકૂટમાં આવેલા અનુસૂઈયાના ગાઢ જગંલમાં એમનું પદાર્પણ એ દિવસોમાં થયું, જ્યારે ભારતની આઝાદીની ચર્ચા જાહેરમાં હતી. તેઓ હજી ત્યાં જઈને બેઠા હતા ને બોલ્યા, 'હા, નેહરુ રાજા થવાના છે. દિલ્હીના ભર્યા દરબારમાં હું એમને રાજતિલક કરીને આવ્યો છું. મને ભગવાને દેખાડ્યું છે. એ જ થશે'. થોડા જ દિવસોમાં સાંભળ્યું કે આઝાદી મળી ગઈ અને નેહરુજી ભારતના વડા પ્રધાન નિમાયા.

અનુસૂઈયામાં એમનો નિવાસ ઉપરવાસથી શરૂ થયો. ચૌદમા દિવસે અતિશય ગરમીને કારણે લઘુશંકામાં લોહી જેવું કંઈક પડતું દેખાયું તો તેમને જરા દયા આવી. ભગવાનને કહેવા માંડ્યા, ઘોર જંગલમાં લાવીને છોડી દીધો છે! નથી કંઈ ખાવાની વ્યવસ્થા, નથી કોઈ સેવક! જો શરીર જ નહીં રહે તો આરાધના કોણ કરશે? એ જ દિવસે આદેશ મળ્યો,-'જો આવું જ હોય તો કાલથી ખાધા કરો.' બીજા જ દિવસથી માગેલું આવવા માંડ્યું. આકાશવૃત્તીય વ્યવસ્થા શરૂ થઈ ગઈ. નહોતી ખેતી, નહોતી કઈ શેઠ-શાહુકારની નિશ્ચિત વૃત્તિ, નહોતું કોઈ મંદિર અને ન વાટિકા! માત્ર એક ખપ્પર અને ઉપવાસથી આરંભ પામેલો એમનો નિવાસ થોડા જ સમયમાં સુવ્યવસ્થિત આશ્રમમાં બદલાઈ ગયો. આ જ સતી અનુસૂઈયાનું સ્થાન પ્રથમ આશ્રમ છે.

ધીમે ધીમે વિરક્ત શિષ્યો આવવા માંડ્યા. પૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદ મહારાજ, પૂજ્ય સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ, અમુસૂઈયા આશ્રમસ્થિત પૂજ્ય સ્વાામી શ્રી ભગવાનાનંદજી મહારાજ, સ્વામી શ્રી શિવાનન્દજી, સ્વામી શ્રી રામાનંદજી, સ્વામી શ્રી સ્વયમાનંદ વગેરે આઠ-દસ પ્રતિભાવાન શિષ્ય એમનું પ્રતિબિંબ બનીને બહાર આવ્યા અને એમની બ્રહ્મવિદ્યાના સમકાલીન સાધક-સમાજને માર્ગદર્શન કરે છે.

નિવેદકઃ

સ્વામી અડગડાનંદ

બે શબ્દ

પ્રશ્ન તો વિશ્વભરનો છે પણ એનાં કથાનક ભારતીય છે. કેટલાક ધાર્મિક પ્રશ્ન પોતાના સ્વરૂપથી ખસી ગયા છે. કલ્યાણકારી અનેક પ્રશ્નો પોતાનો આશય ગુમાવીને અંધવિશ્વાસોના સ્રષ્ટા બની ગયા છે. ઉદાહરણ માટે યોગપથનાં ક્રમોન્નત સોપાન છે. અંતઃકરણની અવસ્થાઓ છે જેમને લોકોએ કાળગણનાના માપદંડમાં પ્રયુક્ત કરી લીધી છે. વ્યવસ્થાઓમાં યૌગિક નામકરણનું એક ઔચિત્ય તો છે, પણ એમના મૂળ આશય પર આવરણ ન નાખવું એ શું યોગ્ય છે?

આ રીતે અહિંસાની બાબતમાં સમાજમાં ભ્રામક માન્યતાઓ છે. યોગસાધનાના આઠ અંગ છે-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, જેમાં યમના પાંચ વિભાગ - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. તેથી અહિંસા યોગમાં પ્રવેશ કર્યા પછી છે, પણ સમાજમાં છે કે ઉંદર મારો તો ગાયનું દાન આપો, બિલાડી મારો તો સોનાની બિલાડી દાનમાં આપો. જીવજંતુ, મચ્છર, કીડીનીય હત્યામાં હિંસા-અહિંસાનો પ્રશ્ન જોડી દીધો. કરોડો ભગવાનો, દેવદેવીઓના આકર્ષણમાં લોકો નિર્ણય જ નથી કરી શકતા કે કોની ઉપાસના કરવી? કોણ પાર ઉતારશે? એક પરમાત્માની સિવાય ગાયની પૂંછડી પકડીને પરમધામની યાત્રા કરતા લોકો ભારતમાં દેખાય છે. શાસ્ત્રના નામે દેવદેવીઓની સ્તુતિ, ચાલીસા-પાઠ કરી લો, થઈ ગયો શાસ્ત્રપાઠ.

એવા અનેક પ્રશ્નોના સમાધાન માટે શ્રી પરમહંસ આશ્રમ જગતાનંદથી બાર નાની પુસ્તિકાઓનું પ્રસારણ થયું હતું. દરેક પુસ્તિકા ઉપાસના વિશે એક જ આદર્શ રજૂ કરે છે. સગવડની દૃષ્ટિથી સમયે-સમયે પ્રકાશિત આ પુસ્તિકાઓને એક લઘુ પુસ્તકનું રૂપ અપાઈ રહ્યું છે. સામાજિક વિભક્તતાને નષ્ટ કરવા તથા ધાર્મિક ભીતિઓ નિવારવાના હેતુથી એનું અનુશીલન કરવું.

- આશ્રમના સૌજન્યથી

શાસ્ત્રસાર

- સમગ્ર સૃષ્ટિમાં ધર્મ એક જ છે-અમૃતતત્ત્વની પ્રાપ્તિ, સદા રહેનારી શાશ્વત શાંતિ, અનંત સુખ અને એનો આરંભ છે પરમાત્મામાં શ્રદ્ધા.
- સત્ય એકમાત્ર પરમાત્મા છે, જે આ સત્યને સ્થાપિત નથી કરતો, તે ધર્મ નથી. જો ધર્મમાં આ સચ્ચાઈ ન હોય, તો જીવન પણ નિરર્થક વીતી જાય છે.
- જે કોઈ વ્યક્તિ પરમાત્મામાં અતૂટ શ્રદ્ધા અનેૐ અથવા રામ કે જે એ પરમાત્માનું સૂચક છે, એવા એક નામનું સ્મરણ કરે છે, તે ધર્મને ન જાણવા છતાં શુદ્ધ ધાર્મિક છે.
- જે શાશ્વત છે, અપરિવર્તનશીલ છે, સનાતન છે, તે ધર્મ છે અને જે આજે છે પણ કાલે નહીં રહે, નશ્વર છે, તે અધર્મ છે.
- વિશ્વમાં ધર્મ એક જ છે. શાશ્વત એકમાત્ર પરમાત્માને પામવા માટેનો પ્રયત્ન જ ધર્મ છે. પરમાત્મા જ જો બે હોય તો એને માટે બીજી સૃષ્ટિ જોઈએ- એને વ્યાપ્ત થવા રહેવા માટે!

અમારાં પ્રકાશનો



યથાર્થ ગીતા-
યથાર્થ ગીતામાં શ્રીકૃષ્ણની વાણીનાં હેતુને સારી રીતે યથાવત્ (જેમનો તેમ) સમજાવ્યો છે. આ એક કાળ વિજયી કૃતિ છે.
૨૮ ભાષાઓમાં ઉપલબ્ધ

અંગ શા માટે ફરકે છે? શું કહે છે?-
માનવ શરીરના વિભિન્ન ભાગોમાં થતા ફડકનનું કારણ અને તેનાં સંકેતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે જે સાધના-આરાધનામાં ઘણું જ સહાયક છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ

જીવનાદર્શ અને આત્માનુભૂતિ-
પૂજ્ય ગુરુ પરમહંસ સ્વામી શ્રીપરમાનંદજી મહારાજનો જીવનવૃત્તાંત, તેઓની અનુભૂતિઓ અને ઉપદેશોનું સંકલન કર્યું છે. સાધકો માટે આ ખૂબ જ ઉપયોગી ગ્રંથ છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ



વણસ્પર્શ્યા પ્રશ્નો-
વર્ણ,મૂર્તિપૂજા,ધ્યાન,હઠ,ચક્ર-ભેદન અને યોગ જેવા વિષયોને સ્પષ્ટ કરી ભ્રમિત સમાજનું માગદર્શન કરવામાં આવ્યું છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ

શંકા-સમાધાન-
સમાજમાં પ્રચલિત બધી જ કુરીતિઓ, રૂઢિઓ, આડંબર અને અંધવિશ્વાસોનું શમન અને સમાધાન કરવામાં આવ્યું છે.
૫ ભાષાઓમાં ઉપલબ્ધ

એકલવ્યનો અંગૂઠો
શિક્ષા-ગુરુ અને સદ્‌ગુરુનો તફાવત બતાવવામાં આવ્યો છે. શિક્ષક, લોકજીવનની કળા શીખવે છે જ્યારે સદ્‌ગુરુ જીવનમાં સમૃદ્ધિની સાથે પરમ શ્રેયની જાગૃતિ અને તે પરમ પદની પ્રાપ્તિ કરાવે છે જેથી પુરુષ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ

સાધના કરવી તો કોની?-
લોકો ગાય, પીપળો, દેવી-દેવતાઓ, ભૂત-ભવાનીની પૂજા, ધર્મના નામે આ બધું કરે છે. પ્રસ્તુત પુસ્તકમાં આ બધા ભ્રમોનું નિવારણ કરીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સનાતન ધર્મ શું છે? ઈષ્ટ (ઈશ્વર) કોણ છે? સાધના (ભજન) કોનું કરવું તથા કેમ કરવું?
૬ ભાષાઓમાં ઉપલબ્ધ

ષોડશોપચાર પૂજન પદ્ધતિ-
આ પુસ્તકમાં એ બતાવવામાં આવ્યું છે કે એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરાવીને,તે એક જ પરમાત્માનું ચિંતન શીખવતું કર્મકાંડ છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ



हिन्दी भाषामें

પુનર્જન્મ
બૌદ્ધિક સ્તરે આ એક ગૂંચવાયેલો પ્રશ્ન છે. મનુષ્ય જન્મ્યો,જીવન વ્યતીત કર્યું, શરીર છૂટી ગયું, એ જતો રહ્યો. પણ એને સમજાયું જ નહીં કે પુનર્જન્મ છે કે નથી? કિંતુ યોગાભ્યાસના એક નિશ્ચિત ઉચ્ચ સ્તરને જ્યારે મનુષ્ય આંબે છે ત્યારે એને સ્પષ્ટ દેખાય છે કે પુનર્જન્મ છે, હું શું હતો અને હવે આગળ ક્યાં જવાનું છે...

હૃદય
શરીરમાં હૃદય ક્યાં છે જ્યાં પરમાત્માનો નિવાસ છે? અહીં હૃદયનો પરિચય અને પરમાત્માને જાણવાની સંપૂર્ણ વિધિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ક્રમોન્નત ત્રણ શરીર છે-સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ! ક્રમશઃ 'કારણ' શરીરના અંતિમ સ્તરે જીવ (સાધન) પહોંચે છે જ્યાં ઈશ્વરનો નિવાસ છે. પ્રસ્તુત પુસ્તિકા આ જ પ્રશ્નોનો પૂર્ણ પરિચય આપે છે.



हिन्दी भाषामें

હું કોણ છું?
જન્મથી જ વિવિધ પ્રકારના સંબંધોને લીધે ભ્રમ (પ્રશ્ન) પેદા થાય છે કે હું કોણ છું?આ જિજ્ઞાસા યૌગિક છે.'વાસાંસિ જીર્ણાતિ...' એ શ્લોક મુજબ 'શરીર એક વસ્ત્ર છે. આ શરીર છૂટ્યું... બીજું મળ્યું... તામસ ગુણના કાર્યકાળમાં મૃત્યુ પામેલો જીવ પશુ, કીટક વગેરે અધમ યોનિમાં જન્મે છે. તામસી ગુણના કાર્યકાળમાં એ જીવ મનુષ્ય તન પુનઃ પામે છે. સાત્ત્વિક ગુણના કાર્યકાળમાં તે દેવ આદિ ઉન્નત યોનિ પ્રાપ્ત કરે છે. દરેક વખતે કોઈ ને કોઈ યોનિ તો પામે જ છે.અતઃ પલો પ્રશ્ન તો અનુત્તર ઊભો જ રહે છે કે ''હું કોણ છું?'' હકીકતમાં જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જાય ત્યારનું જ સ્વરૂપ વાસ્તવિક સ્વરૂપ છે.

અમારાં પ્રકાશનો



યોગશાસ્ત્રીય પ્રાણાયામ-
યોગશાસ્ત્રીય પ્રાણાયામમાં આપશ્રીએ બતાવ્યું છે કે યમ, નિયમ અને આસન સધાતાં જ શ્વાસ-પ્રશ્વાસનું શાંત પ્રવાહિત થવું જ પ્રાણાયામ છે. અલગથી પ્રાણાયામ નામની કોઈ ક્રિયા નથી. આ તો યોગ ચિંતનની એક અવસ્થા છે. આનું સમાધાન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ



યોગદર્શન-
પ્રત્યક્ષાભૂત વ્યાખ્યા-
મહર્ષિ પતંજલિકૃત આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે કે 'યોગ' પ્રત્યક્ષ દર્શન છે. તે લખવામાં અથવા કહેવામાં નથી આવતો. ક્રિયાત્મક પથ પર ચાલીને જ સાધન સમજી શકે છે કે જે કંઈ મહર્ષિએ લખ્યું છે તેનો વાસ્તવિક આશય શું છે? સાધન ઉપયોગી પુસ્તક છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ

પ્રશ્ન સમાજના-
ઉત્તર ગીતાના-
આ પુસ્તકમાં સામાજિક, આધ્યાત્મિક અને ધાર્મિક કોઈ પણ પ્રશ્ન હોય, તેનું ગીતા અનુસાર સમાધાન કરવામાં આવેલ છે.
૨ ભાષાઓમાં ઉપલબ્ધ



બાલગીતા-
આ પુસ્તિકા, બાળકોના નિર્મળ મનમાં એક પરમાત્મા પ્રતિ પૂર્ણ આકર્ષણ ઉત્પન્ન કરવામાં તથા સમાજ અને સાધનાનાં ક્ષેત્રોમાં સહજ પ્રવેશ કરવામાં ખૂબ ઉપયોગી છે. અહીં સમર્પણનો પાઠ્યક્રમ અંકિત છે જેના થકી બાળકોમાં ધર્મ-સંદેશનું બીજારોપણ થાય છે અને સારા સંસ્કાર પડે છે... બાળકો આ માર્ગે આગળ વધશે અને પોતાના જ ભગવત્-સ્વરૂપને પ્રાપ્ત કરી લેશે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ

MP3 ઓડિયો સી.ડી

૬ ભાષાઓમાં ઉપલબ્ધ



બારમાસી-
તેઓના પૂજ્ય ગુરુ શ્રી પરમાનંદજી મહારાજને આકાશવાણીથી પ્રાપ્ત ભજન (ઈશ્વરીય ગીત) બારમાસીનું સંકલન તથા તેની વ્યાખ્યા કરી છે. આમાં પ્રવેશથી લઈને પરાકાષ્ઠા સુધી લક્ષ તરફ આગળ વધવાનું પથ પ્રદર્શન (માર્ગદર્શન) કરવામાં આવ્યું છે.
હિન્દી ભાષામાં ઉપલબ્ધ



ગ્લોરિઝ ઓફ યોગ-
હઠ, ચક્ર-ભેદન, યોગ, પ્રાણાયામ અને ધ્યાનની બબતમાં સંપૂર્ણ પરિચય
અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ

અહિંસાનું સ્વરૂપ-
અહિંસા એક ગૂંચવાયેલો પ્રશ્ન છે. મૂળભૂત રીતે તે યૌગિક, આંતરિક સાધનાનો શબ્દ છે. આ પુસ્તકમાં આપણે જાણીશું કે આપણા પૂર્વજ મહાપુરુષોએ અહિંસાને કયા સંદર્ભમાં લીધી છે.
૫ ભાષાઓમાં ઉપલબ્ધ

ભજનના લાભ
આ પુસ્તકમાં નવયુવાનોના અનેક પ્રશ્નોના સક્ષિપ્તમાં સમાધાનની સાથોસાથ ભજનની અનિવાર્યતાનીય રજૂઆત કરવામાં આવી છે. જો એક વાર પરમાત્મા પ્રતિ માનસિક સ્તરે લગની લાગી જાય પછી એ પ્રભુના સંરક્ષણમાં જ સાધના અવિરત ચાલ્યા કરે છે. એનાથી બાહ્ય કાર્યોમાં સહાય સાંપડે છે. ઉપરાંત જન્મ-મૃત્યુની દૈહિક આવ-જામાંથી મુક્તિ તો મળવાની જ, કારણ કે, ઈશ્વર-પથમાં આરંભનો અંત નથી હોતો.
હિન્દી ભાષામાં

*શ્રી સ્વામીજીના મુખારવિંદથી નિઃસૃત
અમૃતવાણીઓનુ સંકલન વોલ્યુમ ૧થી ૬૦ સુધી

હિન્દી ભાષામાં

અનુક્રમણિકા

	વિષય	પાના નં.
૧.	આરાધના કોની કરવી?	૧
૨.	કર્મકાંડ.....	૩૯
૩.	હવન	૫૧
૪.	બ્રહ્મચર્ય.....	૬૬
૫.	ગાયત્રી	૭૪
૬.	યુગધર્મ	૮૧
૭.	અહિંસા.....	૯૮
૮.	પાપ અને પુણ્ય	૧૩૨
૯.	સનાતન ધર્મ	૧૬૪
૧૦.	વર્ણ-વ્યવસ્થા	૨૧૩
૧૧.	વિપ્ર-એક સ્થિતિ.....	૨૪૩
૧૨.	આર્ય	૨૮૪
૧૩.	ગોરક્ષા.....	૨૯૬
૧૪.	સતી.....	૩૫૩
૧૫.	અવતારનું અનંત વિધાન	
	કબીર અને અવતાર	૩૯૫
	કચ્છપાવતાર 'સાગરમંથન'	૪૫૧
	મત્સ્યાવતાર	૪૫૮
	વરાહઅવતાર.....	૪૬૦
	નરસિંહ અવતાર	૪૬૩

અજામિલ-ઉદ્ધાર ૪૬૫
ગજરાજનો ઉદ્ધાર ૪૬૫
અવતારનું વિશદ્ દર્શન
૧. મહાપુરુષ ૪૬૮
૨. શ્રીકૃષ્ણ પરિચય ૪૭૧
૩. શ્રીકૃષ્ણના શબ્દોમાં અવતાર ... ૪૮૧
ઉપસંહાર ૪૮૬
એક ભાવિકનો પ્રશ્ન ૪૮૯
૧૬. આસ્તિકતાને નામે ૪૯૧
૧૭. વેદોના નામે ૫૩૬
૧૮. દાન ૫૭૯
૧૯. પૂજ્ય શ્રી સ્વામીજી દ્વારા વિરચિત
જ્ઞાનગંગા ૫૯૬

વેદાંત

એક ભાવિકનો પ્રશ્ન

પ્રશ્નઃ- મહારાજશ્રી! ભારતીય મનીષીઓએ વેદાંતનો મહિમા ખૂબ ગાયો છે. કૃપા કરીને સ્પષ્ટ સમજાવો કે વેદાંત શું છે?

જવાબઃ- પરમાત્માને શોધવાની પ્રક્રિયાનું પરિણામ છે વેદાંત. ભારતનું સંપૂર્ણ આદિ સત્ય આ જ છે. આપણા પૂર્વજ મહાપુરુષોએ પ્રાદેશિક અને દેશી ભાષામાં આ જ સત્યને દૃઢ કર્યું છે. વેદાંતના નામે ઉત્તર-મીમાંસા કે બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથો પ્રચલિત છે. છતાં પણ વાસ્તવિક વેદાંત એમાં જ સીમિત નથી. આ તો એક એવું અમોઘ સાધન છે જેનું પરિણામ છે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'.

સ્વામી વિવેકાનન્દજીએ વિશ્વભરમાં વેદાંત સોસાયટીની સ્થાપના કરી, પોતાના ગુરુભાઈને ત્યાં નિયુક્ત કરી, તેમને કહ્યું કે ત્યાં તેમણે ગીતા પાઠ અને એના ઉપદેશ આપવા. તેઓ બીજા ભારતીય દર્શનનું જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે. ભારત આવીને વેલૂર મઠમાં તેઓ સ્વયં પોતાના ગુરુભાઈઓને ગીતા અને ઉપનિષદનો અભ્યાસ કરાવતા, કારણ કે બધાં જ ઉપનિષદોનો સાર છે ગીતા. વેદનો અર્થ છે માહિતી (જાણકારી). એ અવિદિત તત્ત્વને વિદિત કરવાની સમગ્ર પ્રક્રિયા એટલે ગીતા. માટે જ ગીતા વેદાંત છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,-

सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च।
वेदश्च सर्वैरहमेववेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम्॥ १५/१५ ॥

અર્જુન! હું જ સર્વ પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરું છું. મારામાં જ સ્વ-સ્વરૂપની સ્મૃતિ, સંપૂર્ણ જ્ઞાન અને (ઊભયનો અભાવ), બધી જ બાધાઓનું શમન થાય છે. બધા વેદો દ્વારા હું જ જાણવા યોગ્ય છું. હું જ વેદાંત અથવા વેદની અંતિમ સ્થિતિનો જ્ઞાતા છું, કર્તા છું. એક પરમતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તે પશ્ચાત્ અન્ય કોઈની સત્તા રહેતી જ નથી, ત્યાં વેદ પણ વિલીન થઈ જાય છે, જેનું નામ છે વિશુદ્ધ વેદાંત. આ એક સ્થિતિ છે. વેદાંત સાધનાનું પરિણામ છે. આનું નામ જ મુક્તિ. આ જ કેવલ્ય જ્ઞાન છે.

ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતામાં વેદાંત પર ખૂબ જ ભાર મૂક્યો છે,-

वेदांहं समतीतानि वर्तमानानि चार्जुन।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन॥ ૭/૨૬ ॥

અર્જુન! ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેનો હું જ્ઞાતા છું, કિન્તુ મને કોઈ નથી જાણતું. કેમ નથી જાણી શકતા? આના ઉત્તરમાં કહે છે,-

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहन भारत।
सर्वभूतानि सम्मोहं सर्गे-यान्ति परंतप॥ ૭/૨૭ ॥

ઇચ્છા, દ્વેષ અર્થાત્ રાગ-દ્વેષના દ્વંદ્વમાં પ્રાણી અત્યંત અજ્ઞાની રહે છે, માટે જ મને નથી જાણી શકતા. તો શું કોઈ ક્યારેય નહીં જાણી શકે? આ બાબત કહે છે,-

तेषां त्वन्तगतं पापं जनानं पुण्यकर्मणाम्।
ते द्वन्द्वमोहनिमुक्ता भजन्ते मां दृढव्रताः॥ ૭/૨૮ ॥

કિન્તુ પુણ્યકર્મ (જે આપને પૂર્ણત્વ પ્રદાન કરે છે, જેને નિયત કર્મ, યજ્ઞાર્થ કર્મ, તદર્થ કર્મ, મહર્થ કર્મ, કાર્યનું કર્મ, યજ્ઞની પ્રક્રિયા કહીને વારંવાર એ કર્મને સમજાવ્યું છે) જે કરે છે, વ્રતમાં દૃઢનિશ્ચયી રહીને નિરંતર જે મને ભજે છે તે સંપૂર્ણ પાપોથી મુક્ત થાય છે. જરા-મરણથી છૂટવા માટે જે સતત અભ્યાસી છે એ જ સંપૂર્ણ બ્રહ્મને જાણી શકે છે (અપનાવી શકે છે). સંપૂર્ણ અધ્યાત્મ, સંપૂર્ણ કર્મ, અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણી શકે છે અને એ અવસ્થાથી ક્યારેય વિચલિત થતી નથી અને નિત્યસ્થિત ધામમાં શાંતિ પ્રાપ્ત કરે છે. અહીં વેદની જાણકારી મળી અને વેદનો પણ અંત છે. અર્થાત્ સહજ સ્વરૂપમાં સ્થિત વેદાંત છે. વેદાંત એ પરિણામ છે. વેદાંત એ સાધનાનું પરિણામ છે, ક્રિયાજન્ય છે. એ જ પરિણામરૂપે બ્રહ્મનાં સાક્ષાત્ દર્શન અને એ જ સ્વરૂપમાં એકરૂપ થવા માટે છે.

કાલાન્તરે કેટલાક લોકોએ વેદાંતને વાગ્વિલાસનું સાધન માની, જેમ દોરડામાં સર્પનો ભ્રમ થાય છે, સીપ (છીપ)માં ચાંદીનો ભ્રમ થાય છે એ જ રીતે સંસાર પણ અનિત્ય છે, પણ સત્ય છે એવી પ્રતીતિ થાય છે. જેઠ મહિનામાં રણપ્રદેશમાં તપતા સૂર્યનાં સીધાં કિરણો રેતી પર પડે ત્યારે મૃગલાંઓને ઝાંઝવાનાં જળનો ભ્રમ થાય છે. ત્યાં નાની નાની ઝાડીમાં અનેક જીવો સંતાયેલા હોય છે. મૃગલાં પણ એમાં જ રહે છે. ગરમી એટલી હદે વધી જાય છે કે ચાર-ચાર, પાંચ-પાંચ ફૂટ

ઊંચી ભાષ્પની લહેરો ઊઠે છે જેને જોતાં જ મૃગલાંઓને ભ્રમ થાય છે, નજદીકમાં ક્યાંક જળ છે. ચાલો જઈને જલપાન કરીએ. મૃગલાં એ સ્થાન સુધી દોડે છે. ત્યાં જળ ન મળતાં બીજી બાજુ, ત્રીજી બાજુ. આમ અહીં-તહીં દોડાદોડ કરે છે! પણ અંતે ત્યાં પણ મરીચિકા જળની આશામાં દોડાદોડ કરતાં કરતાં ગરમી અને તીવ્ર પ્યાસથી મૃત્યુ પામે છે. આ જ રીતે સાંસારિક સુખ પણ મૃગતૃષ્ણાનું જળ છે. 'હું શરીર નથી, હું પરમ ચેતન આત્મા છું; નયણાં સ્વયં નથી નિહાળતાં, નયણાં જેના દ્વારા નિહાળી શકે છે એ હું જ છું. કાન નથી સાંભળતાં, પણ કાન જેની દ્વારા સમજી શકે છે તે હું જ છું...' હું જ પરમ ચેતન પરમતત્ત્વ છું, પરમાત્મા છું. આ પ્રકારે ચિંતન કરી, બૌદ્ધિક વાર્તાક્રમ ગોઠવનારા આ દાર્શનિક મતમતાંતરવાદીઓનાં ખંડન-મંડનને જ લોકો વેદાંત માની બેઠા છે. તેઓ કહે છે,-'હું બ્રહ્મ છું, આત્મા છું, પરંતુ વાસ્તવિક વેદાંત તો પરિણામ છે, સાધનજન્ય છે, યોગસાધનાનું પરિણામ છે.' ભગવાન કહે છે કે સાધનાનાં પરિણામસ્વરૂપ વેદાંતના જ્ઞાતા સાધક સંપૂર્ણ બ્રહ્મ (હવે કાંઈ જ અણજાણ્યું નથી), સંપૂર્ણ કર્મ (હવે કોઈ કાર્ય શેષ રહ્યું નથી), સંપૂર્ણ અધ્યાત્મ (પ્રત્યેક કાર્ય આત્માધીશ થવા લાગ્યા) અને અધિયજ્ઞ સહિત મને જાણે છે (ઓળખે છે), મને ઓળખીને મારામાં જ સ્થિત રહે છે. આ ઉપરાંત પહોંચેલા મહાપુરુષને કર્મ કરવાથી કોઈ લાભ પણ નથી અને કોઈ ક્ષતિ પણ નથી થતી. તેમને માટે કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય છે જ નહીં, છતાં પણ આવા મહાપુરુષો લોકહિતાર્થે કર્મ કરે જ છે. આ કર્મ પાછળ સ્વયંનું કોઈ પ્રયોજન નથી. આવા મહાપુરુષ સદ્‌ગુરુ હોય છે. સદ્‌ગુરુ એક વ્યવસ્થા છે.

ભગવાન શ્રીકૃષ્ણનું કથન છે કે હું અર્જુન! આપણા બે વચ્ચેના આ સંવાદ (ગીતા)નું જે જ્ઞાતા, આ જગતમાં રાહ ભટકેલ ભક્તોને જ્ઞાન આપશે-સમજાવશે, તેનો પ્રચાર કરશે એ મારે કાજે કાર્ય કરનાર મને પ્રિય છે. એનું શ્રવણ કરો, તેને પાલન કરનાર મને પામશે. જે ફક્ત બ્રાહ્મણ જ કરશે તો તેને પણ ઉત્તમ લોકની પ્રાપ્તિ થશે. અર્જુન! અહંકારવશ જો તું ન સાંભળે તો જડમૂળથી તું વિનષ્ટ થઈ જઈશ, અર્થાત્ મોક્ષ માટે અન્ય કોઈ માર્ગ નથી.

અતઃ ભારતમાં જે અનાદિકાળથી ચાલ્યું આવે છે, તે આ વિશુદ્ધ શાસ્ત્ર, પરમાત્માનાં શ્રીમુખેથી જેનું ગાન થયું છે તે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' જ છે. વેદપ્રાણ વિવિધ ઉપનિષદમાં આનો જ વિસ્તાર

છે. આનું અનુશીલન કરી જે જન જીવન-આચરણમાં મૂકે તે જ અમર કીર્તિ પ્રાપ્ત કરે છે.

આજના યુગમાં સંસ્કૃત એ લોકભાષા નથી રહી છતાં પણ ગીતાને યથાવત્ સમજવા ધર્મ શું છે? સત્ય શું છે? કર્મ શું છે? વર્ણ શું છે? કર્મ કરવાનો અધિકાર કોને છે? ભજન કોનું અને કઈ રીતે કરવું? આ સમસ્ત શંકાઓના સમાધાન માટે 'શ્રીમદ્ ભગવદ્ગીતા' ભાષ્ય 'યથાર્થ ગીતા'ની ત્રણ-ચાર આવૃત્તિ અવશ્ય કરજો. આનાં જ અલૌકિક દિવ્ય પ્રકાશમાં આપ વિશુદ્ધ વેદાંત સમજવા સક્ષમ બનશો.

વિવેકાનંદજીની માન્યતા હતી કે શુષ્ક વેદાંતથી સાધના લુપ્ત થઈ છે. તેમણે વેદાંત સોસાયટીની સ્થાપના કરી છતાં પણ તેઓ બ્રહ્મસૂત્રના નામે પ્રચલિત દર્શનશાસ્ત્રના ગ્રંથોનો ઉલ્લેખ પણ નથી કર્યો, ફક્ત ગીતાની જ વારંવાર ભરપૂર પ્રશંસા કરી અને ક્યારેક જ એના સંદર્ભમાં ઉપનિષદોના અનુશીલનથી જ સલાહ આપી.

॥ ૐ ॥

આરાધના કોની કરવી?

સત્યનો અભાવ નથી.
એને નષ્ટ કરી શકાતું નથી
જાણવું જોઈએ કે સત્ય શું છે?

મહાકુંભના અવસર પર ચંડીદ્વીપ (હરિદ્વાર)માં
દિ. ૧૦-૪-૧૯૮૬ની જનસભામાં
સ્વામી શ્રી અડગડાનન્દજીનું
પ્રવચન

આરાધના કોની કરવી?

બંધુઓ!

સાગર-મંથનના પરિણામે નીકળેલા અમૃતઘટના કેટલાક અંશ આ જ સ્થળો પર છલકાઈ ગયા હતા. જ્યાં કુંભમેળાઓનાં આયોજનોનો ઈતિહાસ છે. આ આયોજનો એટલા માટે થાય છે કે અમૃત-તત્ત્વની શોધની વિધિ મળી જાય. એટલું જ નહીં કે મેળામાં આવ્યા, સ્નાન કર્યું,રુશ્ય જોયું અને પાછા ગયા. આ કુંભમેળાઓ ફક્ત એટલા માટે જ આયોજાય છે કે ધર્મની બાબતમાં, ઈષ્ટની બાબતમાં, પોતાના કલ્યાણના માર્ગમાં આપણી જે ભ્રાંતિઓ છે, એ દૂર થાય ગીતા અને અન્ય યોગશાસ્ત્રો અનુસાર એક પરમાત્મા અને એની પ્રાપ્તિની એક નિશ્ચિત ક્રિયાને બદલે અત્યારે અસંખ્ય પૂજા-પદ્ધતિઓ પ્રચારમાં છે. કોઈ કહે છે કે ગાય ધર્મ છે, કોઈ કહે છે કે પીપળો ધર્મ છે, તો કોઈ વર્ણ અને આશ્રમનું મહત્ત્વ દર્શાવે છે. તેથી આ પ્રશ્ન ગૂંચવાતો જ જાય છે કે સનાતન ધર્મ શું છે? આજનો પ્રશ્ન પણ એવો જ છે કે ઈષ્ટ કોણ છે? આરાધના કોની કરવી?

દુનિયામાં સૌથી વધુ ધાર્મિક, ભજન-ચિંતન કરનાર, પૂજાપાઠ કરનાર હિન્દુ જ છે; પણ આશ્ચર્યની વાત તો એ છે કે ધર્મ પ્રત્યે આટલી આસ્થા રાખનાર હિન્દુ જીવનના અંતિમ સમય સુધી એટલું નક્કી જ નથી કરી શકો કે આપણા ઈષ્ટ કોણ છે? આપણે કોની પજા કરીને કલ્યાણ પામી શકીએ. આના મૂળમાં જોઈએ તો બહુદેવવાદનો પ્રચાર જ એકનિષ્ઠ થવામાં સૌથી વધુ બાધક થાય છે. એક જ કુટુંબના દસ સભ્યો હોય તો દરેકના દેવ જુદા જુદા હોય છે. કોઈ હનુમાનનું ભક્ત છે, તો કોઈ શિવનું, કોઈ દેવીનું, કોઈ અન્ય દેવનું. પોતપોતાનાં દેવીદેવતાઓ માટે લોકો એકબીજા સાથે ઝઘડા કરતા પણ દેખાય છે. કોઈને ખબર નથી કે શાશ્વત કોણ છે? કોની ઉપાસનાથી શાશ્વતધામની પ્રાપ્તિ થશે? અનેક દેવીદેવતાઓ આપણા મનમાં એવી રીતે સમાઈ ગયાં છે કે અંત સમય સુધી આપણે કોઈનીય ઉપર વિશ્વાસ જાળવી શકતા નથી. મૃત્યુ સમયે જ્યારે છોકરાઓ આસપાસ ઊભા રહીને કહે છે કે દાદા, હવે ચિંતા તજીને ભગવાનનું સ્મરણ કરો, તો દાદા તરત જ બોલવા માંડે

છેઃ હે હનુમાનજી, હે દુર્ગાજી, હે શીતલામાતા, હે વિંધ્યવાસિની દેવી, હે મૈહરવાલીમાતા, હે હરસૂ બ્રહ્મ બાબા, હે શંકરજી... અર્થાત્ લગભગ પચીસત્રીસ નામોનું એક સાથે સ્મરણ કરવા માંડે છે. આ રીતે અંત સુધી ભ્રાન્તિ જ રહે છે તો ભલા ''એક મંદિર દશ દેવતા કેમ કરી વસે બજાર?'' હૃદય એક મંદિર છે, જે એક પરમાત્માને પોતાની અંદર સ્થાન આપી શકે છે, એમાં અનેક લોકોને સ્થાન ન આપી શકાય. ''દ્વિધામાં બંને ગયાં, માયા મળી ન રામ.'' તેથી હૃદયસિંહાસને કોઈ એકને બેસાડવા એ જ ઉચિત થશે.

આવો જોઈએ કે આ સંદર્ભમાં આપણા પૂર્વજ મહાપુરુષોએ શું કહ્યું છે? ભગવાન શ્રીકૃષ્ણે કોને ઈષ્ટ કહ્યા? ભગવાન રામે કોની ભક્તિ કરવાનું કહ્યું? ભગવાન શિવે કોનું સ્મરણ કરવાનો નિર્દેશ કર્યો? આ આપ્તજનો પોતે કોનું ચિંતન કર્યું? કેવળ આટલી જ વાત તમે જેમ છે તેમ માની લો, તો સંદેહ નહીં રહે આજે કે નહીં રહે ભવિષ્યમાં. ખેદ એ વાતનો છે કે આપણે એ વિશે વિચાર જ નથી કરતા. કદાચ વિચાર આવેય તે. તો પણ આપણે એટલા ભયભીત છીએ કે આ વિષયમાં પોતાના નિર્ણય બદલી નથી શકતા. ક્યાંક પહેલાંના દેવ-ભગવાન નારાજ ન થઈ જાય, દુઃખ ન દે.

જોઈએ, આ વિષયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં પોતાના સ્પષ્ટ વિચાર પ્રગટ કર્યા છેઃ

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम्।
नाप्नुवन्ति महात्मानः संसद्धिं परमां गताः॥ ૮/૧૫

અર્જુન! મને પામીને પુરુષ ક્ષણભંગુર દુઃખોની ખાણ સમાન પુનર્જન્મને પામતો નથી, પરંતુ એ પુરુષ મને પામે છે. જે પુનર્જન્મમાં આવે છે, તે દુઃખોની ખાણ છે. કેવળ મને પ્રાપ્ત કરવાથી એનો પુનર્જન્મ નથી થતો, પરંતુ '**स्थानम् प्राप्स्यसि शाश्वतम्**', તે શાશ્વત, સદા રહેનાર સ્થાન, પરમધામ પામે છે. હવે જોવાનું છે કે કોણ કોણ પુનર્જન્મ પામે છે?

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते॥ गीता ८/१६

અર્જુન! બ્રહ્માથી માંડીને ચૌદે ભુવન ચરાચર જગત પુનરાવર્તી સ્વભાવનાં છે, પણ મને પામનાર પુરુષ પુનર્જન્મ ન પામતાં શાશ્વત ધામ પામે છે. સ્પષ્ટ છે કે બ્રહ્મ અને એમના દ્વારા સરજાયેલી સમગ્ર સૃષ્ટિ મરણધર્મા છે. એમાં દેવ, પિતૃઓ, દાનવ, ઋષિ, સૂર્ય, ચંદ્ર બધા આવી જાય છે. માનવજીવનનું પરમ લક્ષ્ય છે-અમરત્વની પ્રાપ્તિ. આ લક્ષ્યની પ્રાપ્તિ શ્રીકૃષ્ણ અનુસાર એક પરમાત્માના ચિંતનથી જ સંભવે છે. ઉદાહરણાર્થ-તમારે સમુદ્ર પાર કરવો છે. તમે કોઈ કાગળના બંડલનો આધાર લો તો થોડે દૂર જતાં જ તે સમાપ્ત થઈ જશે અને તમે ડૂબી જશો. આ રીતે અન્ય કોઈ પણ સાધન પોતે જ ડૂબવાનું છે, કમજોર છે. એને પકડીને સમુદ્ર પાર કરી જવાની આશા રાખવી એ નિરાશા જ ઠરે. આ રીતે, જે પોતે મરણધર્મા છે, નશ્વર છે, તે તમને શાશ્વત ધામ ન દઈ શકે, અમરત્વ ન દઈ શકે. હા, મૃત્યુ જરૂર દઈ શકે. તેથી એક પરમાત્માનું ચિંતન જ ગીતાનો ઉપદેશ છે.

જો ગીતા અનુસાર દેવો અશાશ્વત અને દુઃખોની ખાણ છે, તો પછી એમની પૂજા કેમ થાય છે? આ વિશે પણ શ્રીકૃષ્ણે કહ્યું (અધ્યાય-૭), અર્જુન! જેમની બુદ્ધિ પર કામનાઓ છવાઈ ગઈ છે, એવા મૂઢબુદ્ધિયુક્ત લોકો જ બીજા દેવોની પૂજા કરે છે. ત્યાં દેવ નામની કોઈ સક્ષમ વસ્તુ નથી હોતી, પરંતુ જ્યાં પણ પાણીમાં, પથ્થરમાં, વૃક્ષમાં લોકોની શ્રદ્ધા નમે છે ત્યાં હું જ પોતે ઊભો થઈને એમની શ્રદ્ધાને પુષ્ટ કરું છું. ફળનું વિધાન કરું છું, અર્થાત્ એ પૂજનારાઓને ફળ પણ મળે છે, પણ એ ભોગવવામાં આવવાથી નષ્ટ થઈ જાય છે. રાતદિવસ શ્રમ તો કર્યો પણ જે ફળ મળ્યું તે પણ નષ્ટ થઈ ગયું. બધો પરિશ્રમ વ્યર્થ થઈ જાય છે.

ભલેને નષ્ટ થઈ જાય, થોડા સમય માટેય ફળ તો મળે છેને! તો ખોટું શું છે? આ અંગે અધ્યાય નવમામાં કહે છે કે દેવોને પૂજાનાર પણ મારી જ પૂજા કરે છે, પરંતુ એ પૂજન અવિધિપૂર્વક છે, તેથી નષ્ટ થઈ જાય છે. બધું જ ત્યાગીને, લોહીનું પાણી કરીને તમે પૂજનમાં શ્રમ કરો છો અને પરિણામ એ આવે છે કે તે નષ્ટ થઈ ગયું-કારણ કે પૂજન

અવિધિપૂર્વક છે. તો જો શ્રમ કરવો જ- છે તો વિધિપૂર્વક કેમ નથી કરતા? રસ્તા પર ચાલવાનું જ છે, તો સાચા રસ્તે કેમ નથી ચાલતા?

જો તે દેવપૂજન અવિધિપૂર્વક છે તો વિધિ શી છે? આ અંગે અઢારમા અધ્યાયમાં કહે છે કે અર્જુન! પોતપોતાના સ્વભાવમાં રહેલી ક્ષમતા અનુસાર નિયત કર્મમાં રત રહેતો પુરુષ (મનુષ્ય) જે રીતે ભગવત્પ્રાપ્તરૂપ પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે, એ વિધિ તું મારી પાસેથી સાંભળ!-જે પરમાત્માથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થઈ છે, જે પરમાત્માથી સંપૂર્ણ જગત વ્યાપ્ત છે, એ પરમેશ્વરને પોતાના સ્વભાવથી ઉત્પન્ન ક્ષમતા દ્વારા સારી રીતે અર્ચનથી સંતુષ્ટ કરીને મનુષ્ય પરમસિદ્ધિ પામે છે. તેથી એક પરમાત્માની પૂજા જ વિધિ છે. આ પૂજન પણ ચિંતનની એક નિર્ધારિત ક્રિયા છે. જેમાં શ્વાસનો યજ્ઞ, ઈન્દ્રિયોનો સંયમ, યજ્ઞસ્વરૂપ મહાપુરુષનું ધ્યાન વગેરે ક્રિયાઓનો સમાવેશ છે, તેની ચર્ચા યોગેશ્વર શ્રીકૃષ્ણે ચોથા અધ્યાયના યજ્ઞ પ્રકરણમાં તથા સમગ્ર ગીતામાં સ્થાન-સ્થાન પર કરી છે. તમે એને સનાતન શીર્ષકવાળા વ્યાખ્યાનમાં વિસ્તૃતરૂપે જાણી શકો છો. જરૂર પડે તો ફરીથી પૂછી શકાય છે.

અધિક નહીં, કેવળ એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને એ પરમાત્માના કોઈ નામ, ઓમ્ કે રામનો જો તમે જપ કરો તો (ધર્મ જાણ્યા વગર પણ) તમે શુદ્ધ ધાર્મિક છો. સંપૂર્ણ ક્રિયાને જાણ્યા વગર પણ તમે ક્રિયાવાન છો. નહીં એનું ફળ નષ્ટ થાય, નહીં તમે.

સંપૂર્ણ ગીતામાં યોગેશ્વર કૃષ્ણ ક્યાંય પણ દેવોનું સમર્થન નથી કરતા. અધ્યાય નવમામાં પણ તેઓ કહે છે કે કેટલાક લોકો મને પૂજીને સ્વર્ગની કામના કરે છે, હું એમને વિશાળ સ્વર્ગલોકનો ભોગ કરાવું છું, પરંતુ તેઓ,-'**क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति**. પુણ્ય ક્ષીણ થઈ જતાં સ્વર્ગમાંથી પડી જાય છે, પરંતુ પડ્યા છતાં એમનો વિનાશ નથી થતો, કારણ કે તેઓ વિહિત એટલે કે ઉચિત કર્મથી ચાલનારા છે, જે સાચો વિધિ છે. અર્જુન! આ ઉચિત કર્મમાં આરંભનો નાશ નથી થતો. સાધક ચાલતાં ચાલતાં કોઈ ઈચ્છા કરી પણ લે તો ભગવાન એની પૂર્તિ કરશે. એ વસ્તુ ક્યારે શાશ્વત હતી? એટલે વસ્તુ તો ભોગવાઈ જાય છે, પણ એ ભક્તનો વિનાશ નથી થતો; કારણ કે એ વિધિપૂર્વક

કરનારો છે, વસ્તુતઃ બ્રહ્માથી ઉત્પન્ન બ્રહ્મલોક, દેવલોક, પશુ-કીટ-પતંગ વગેરે લોક બધા યોગયોનિ છે. કેવળ મનુષ્ય જ કાર્યોનો રચયિતા છે, જેના વડે એ પરમાત્માને પણ પ્રાપ્ત કરી લે છે. મોક્ષ પ્રાપ્ત કરી લે છે. શરીરધારણના ક્ષેત્રમાં તમે દેવતાઓ કરતાં ભાગ્યશાળી છો, ચડિયાતા છો; કારણ કે આ શરીર દેવદુર્લભ છે, તમને મળી ચૂક્યું છે. તમે એમની પાસે શી આશા રાખી શકો છો? તમે દેવ બની જાઓ, બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરી લો, પણ પુનર્જન્મનો ક્રમ ત્યાં સુધી નહીં તૂટે, જ્યાં સુધી મનના નિરોધ અને વિલયની સાથે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને એ જ પરમ ભાવમાં સ્થિત ન થઈ જાઓ. એની વિધિ છે,-ગીતામાં દર્શાવેલ વિહિત કર્મ, એને ભજવાની નિશ્ચિત ક્રિયા.

સોળમા અધ્યાયના અંતમાં ભગવાન કહે છે,-અર્જુન! તું શાસ્ત્ર દ્વારા નિર્ધારિત કરાયેલાં કર્મ કર! કયું શાસ્ત્ર? બીજે ક્યાંય ભટકવાની જરૂર નથી. '**किमन्यैः शास्त्र विस्तरैः**' અન્ય શાસ્ત્રોની ભાંજગડનું શું કામ છે? ભગવાને પોતે કહ્યું છે,-'**इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानध**' (ગીતા ૧૫/૨૦). અર્જુન! આ ગોયનીથીય અતિ ગોપનીય શાસ્ત્ર મેં તારે માટે કહ્યું. એ પછીના જ શ્લોકમાં કહે છે કે તારા કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, માટે તું શાસ્ત્ર દ્વારા નિયત કર્મ કર! શાસ્ત્રવિધિ તજીને જે પોતાની ઈચ્છા અનુસાર વર્તે છે એને માટે નથી સુખ, નથી પરમ ગતિ, નથી લોક ને નથી પરલોક. તેથી તમે બધા ગીતા દ્વારા નિયત કર્મો કરો. ભૂતભવાનીની પૂજા કરી તમારો આ લોક અને પરલોક ન બગાડો.

યોગેશ્વર શ્રીકૃષ્ણના ઉપર્યુક્ત નિર્દેશથી અર્જુને જાણવાની ઈચ્છા કરી કે જે લોકો શાસ્ત્રવિધિ તજીને, પરંતુ શ્રદ્ધાપૂર્વક ભજે છે, એમની શી ગતિ થાય છે? ભગવાને કહ્યું કે અર્જુન! આ પુરુષ પરમ શ્રદ્ધામય છે. ક્યાંક ને ક્યાંક એને શ્રદ્ધા અવશ્ય હશે. શાસ્ત્રવિધિ તજીને ભજવાવાળાની શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે-સાત્ત્વિક શ્રદ્ધાળુઓ, દેવતાઓને, રાજસી શ્રદ્ધાળુઓ યક્ષ-રાક્ષસોને અને તામસી શ્રદ્ધાળુઓ ભૂતપ્રેતોને પૂજે છે. આ ત્રણે કેવળ પૂજતા જ નથી, અથાક પરિશ્રમ કરે છે, ઘોર તપ તપે છે; પણ હે અર્જુન! આ ત્રણે પ્રકારના શ્રદ્ધાળુઓ શરીરરૂપમાં સ્થિત ભૂત સમુદાયને અને અંતઃકરણસ્થિત મારા અન્તર્યામી પરમાત્માને કૃશ કરનારા

છે. મારાથી દૂરતા નિર્માણ કરે છે, ભજતા નથી. અર્જુન! આ બધાને તું અસુર જાણ, એટલે કે દેવીદેવતાઓને પૂજનારાઓ પણ અસુર છે.

અસુર એટલે શું કોઈ બે શીંગડાંવાળો, મોટા મોટા દાંતવાળો, અજબ વિચિત્ર જીવ? ના, પરમદેવ પરમાત્માના દેવત્વથી જે વંચિત રહેનારા છે, તેઓ અસુર છે. શ્રીકૃષ્ણ અનુસાર દુનિયામાં મનુષ્ય બે પ્રકારના છે-એક દેવતાઓ જેવા; બીજા અસુરો જેવા. દૈવી સંપદા નામના ગુણોને ધારણ કરનારા દેવતાઓ જેવા છે અને આસુરી સંપદાવાળા, દુર્ગુણો ધારણ કરનારા પુરુષ અસુર જેવા છે. તમારો એક સગો ભાઈ દેવતા અને બીજો સગો ભાઈ અસુર જેવો હોઈ શકે. ઠીક, યોગેશ્વર કહે છે કે આ બધાને તું અસુર સમજ! આથી વધુ કોઈ શું કહે?

બંધુઓ! તમે આટલો શ્રમ પણ કર્યો, શાસ્ત્રવિધિ તજીને આટલું તપ પણ તપ્યા. પરિણામ એ આવ્યું કે એ પરમદેવના દેવત્વથી વંચિત થઈ ગયા. 'અસુરજાન' અસુર થઈ ગયા, જે આત્માને, પરમેશ્વરને પ્રસન્ન કરવા હતા એ વધુ દુર્બળ અને દૂર થઈ ગયા. જો શ્રમ જ કરવો છે તો એ રીતે કરો કે જેથી એ પરમાત્મા તમને અનુકૂળ થાય. પ્રતિકૂળ નહીં શાસ્ત્રવિધિથી નિયત કરાયેલાં કર્મ શા માટે ન કરીએ? તેથી આ બધાં જેના અંશમાત્ર છે એ મૂળ એક પરમાત્માની ભક્તિ કરો. આની પર જ શ્રીકૃષ્ણે વારંવાર ભાર મૂક્યો છે. એક પરમાત્માનું ચિંતન ગીતાનો મૂળ ઉપદેશ છે.

તો આ ચિંતનનો અધિકારી કોણ છે? 'અમે તો બહુ પાપી છીએ, અર્જુન જેવું અમારું ભાગ્ય ક્યાં છે?' એવી ધારણા ક્યાંક તમે બનાવી ન લો, હતાશ થઈને બેસી ન જાઓ, માટે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન!

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधुरेव य मन्तव्यः सम्यरव्यवसितो हि सः॥ ગીતા ૯/૩૦

અત્યંત દુરાચારી પણ જો અનન્ય અર્થાત્ અન્ય ન, મને છોડીને બીજા કોઈ દેવને ન ભજે ને કેવળ મને ભજે છે, એ સાધુ જ માનવા યોગ્ય છે, કારણ કે તે યથાર્થ નિશ્ચયથી ચિંતન કરી રહ્યો છે. '**क्षिप्रं**

भवति धर्मात्मा शाश्वच्छान्ति निगच्छति' આ રીતે કરવાથી એ બહુ જલદી ધર્માત્મા બની જાય છે, પરમધર્મ પરમાત્મા સાથે સંયુક્ત અંતઃકરણવાળો બની જાય છે અને સદા રહેનારી શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી લે છે.

એટલે, તમે અત્યંત દુરાચારી કે દુરાચારીઓના શિરમોર પણ કેમ ન હો (બીજા ઘણા દુરાચારોની યોજનાઓ પણ કેમ ન બનાવતા હો), પણ જો એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને એ પરમાત્માની પ્રાપ્તિની ક્રિયા (યજ્ઞની પ્રક્રિયા) નિયત કર્મ શ્રદ્ધા સાથે કરો તો તમે બહુ જલદી ધર્માત્મા બની જશો. ''**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति**''-અર્જુન! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત ક્યારેય નષ્ટ નથી થતો. ઠીક! અન્ય કોઈને પૂજવાનું વિધાન નથી.

ભલે, એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સ્થિર થઈ ગઈ, ધર્માચરણ માટે તૈયાર પણ થઈ ગયા, પરંતુ એ એક પરમાત્માને શોધવો ક્યાં? ક્યાં તીર્થોમાં? મંદિરોમાં? ભક્તિ કરીએ તો ક્યાં કરીએ? આ વિશે અઢારમા અધ્યાયના એકવીસમા શ્લોકમાં કહે છે-

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया॥ ગીતા ૧૮/૬૧

અર્જુન! એ ઈશ્વર સમગ્ર ભૂત-પ્રાણીઓના હૃદયાદેશમાં નિવાસ કરે છે. જો આટલો નિકટ છે તો દેખાતો કેમ નથી? ત્યારે કહે છે કે માયારૂપી યંત્રમાં આરૂઢ થઈને બધા લોકો ભ્રમવશ ભટકતા રહે છે, તેથી જોઈ નથી શકતા, તો શું કરવું? કોના શરણે જવું?

ગીતાના ૧૮/૬૨ શ્લોકમાં કહે છે, '**तमेव शरणं गच्छ**' અર્જુન' એ જ હૃદય દેશમાં સ્થિત ઈશ્વરને શરણે જાઓ. '**सर्वभावेन**' સર્વસંપૂર્ણ ભાવપૂર્વક જાઓ. એવું નહીં કે અર્ધા ભાવ દેવીમાં તો ચોથો ભાગ દેવતામાં સંપૂર્ણ હૃદયથી સમર્પિત થઈ જાઓ. એથી શો લાભ? તો કહે છે, '**तत्प्रसादात्परां शान्ति, स्थानं प्राप्स्यसि शाश्वतम्**'-એના કૃપાપ્રસાદથી તમે પરમશાંતિ પામશો. એ સ્થાન પામશો જે શાશ્વત છે, સદૈવ છે. તેથી પરમાત્માને શોધવાનું સ્થળ હૃદય દેશ છે, બહાર ક્યાંય નથી.

પણ સમસ્યા તો એ છે કે હૃદયસ્થ ઈશ્વર આરંભમાં દેખાતો નથી. હૃદયવાળા ઈશ્વરને શરણે જવું તો કેવી રીતે જવું? તો પછીના જ શ્લોકમાં કહે છે, અર્જુન! ગોપનીય કરતાં પણ અતિગોપનીય બીજી એક વાત સાંભળ! એ ગોપનીય વાત કઈ છે ભલા?

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यमि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे॥ ગીતા ૧૮/૬૫

અર્જુન! તું મારામાં અનન્ય મનવાળો થા, મારો અનન્ય ભક્ત થા, મારા પ્રત્યે શ્રદ્ધાથી પૂર્ણ થા. મને નમન કર! મારા દ્વારા નિર્દેશાયેલાં કર્મ કર! આમ કરવાથી તું મને જ પ્રાપ્ત થશે.

પહેલાં કહ્યું હતું કે તત્ત્વદર્શીને શરણે જા. હવે કહ્યું કે ઈશ્વર હૃદયદેશમાં છે, એને શરણે જા, શાશ્વત સ્થાન પ્રાપ્ત કરીશ. અહીં કહે છે કે મારે શરણે આવ. વાસ્તવમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ભગવાન એકબીજાનુ પૂરક છે. શાશ્વત ધામ પ્રાપ્ત કરવું અને સદ્‌ગુરુ પરમાત્મ ભાવમાં સ્થિત છે એને પ્રાપ્ત કરવા એ એક જ વાત છે. તેથી સદ્‌ગુરુનું શરણ નિતાન્ત આવશ્યક છે. સદ્‌ગુરુ જ ભગવાનના ધામમાં પ્રવેશવાની ચાવી છે. ભગવાન છે, પણ સદ્‌ગુરુના અભાવમાં તે આપણા દર્શન ને પ્રવેશ માટે નથી. શ્રીકૃષ્ણ એક યોગેશ્વર હતા, સદ્‌ગુરુ હતા. આ વાત આસાનીથી ગળે ઊતરતી નથી, તેથી યોગેશ્વર ફરી ભારપૂર્વક કહે છે-

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥ ગીતા ૧૮/૬૬

અર્જુન! બધા ધર્મોનો ત્યાગ કરીને એક મારું શરણ પ્રાપ્ત કર. હું તને બધાં પાપોથી મુક્ત કરી દઈશ. હું પ્રતિજ્ઞા કરું છું કે તું ચોક્કસ જ મારા સ્વરૂપને પ્રાપ્ત કરીશ. તું શોક ન કર.

દરેક મહાપુરુષે આ જ કહ્યું. ભગવાન રામ કહે છે,-'**भगति मोरि**', આ જ ક્રમે ભગવાન બુદ્ધ કહે છે,-'**बुद्धं शरणं गच्छामि**।' જૈન કહે છે,-'**सम्यक् दर्शन ज्ञान चरित्राणि**',-તીર્થંકરોનાં દર્શન, એમણે દેખાડેલું જ્ઞાન અને એમના જેવું ચરિત્રનિર્માણ મોક્ષનાં સાધન છે.

શીખ કહે છે,-'વાહે ગુરુ'. ઈસ્લામ કહે છે,-મુહમ્મદ સાહબ અલ્લાહના રસૂલ છે'. ઈશુ કહે છે,-'સંસારના ભારથી દબાયેલા લોકો મારી પાસે આવો, હું તમને વિશ્રામ આપીશ'. પૂજ્ય મહારાજજી કહેતા હતા,-'હા! અમે ભગવાનના દૂત છીએ. મને મળ્યા વગર કોઈ ભગવાનને મળી શકતું નથી.' બધા જ તમને બોલાવે છે. કોની કોની પાસે જશો તમે? મહાપુરુષોનાં આ કથનોનો આશય ફક્ત એટલો જ છે કે પોતાના સમકાલીન કોઈ તત્ત્વદર્શીનું શરણ લો.

તેથી એક પરમાત્માને સમર્પણ અને એની પકડવાળા કોઈ મહાપુરુષ હોય, એમનું સાન્નિધ્ય, એમની સેવા તથા એ પરમાત્માનું સૂચક બે-અઢી અક્ષરનું નામ ગ્રહણ કરી લો. જ્યારે નામની સૂક્ષ્મ અંતરતમ સપાટી સુધીની પહોંચ પામશો, ત્યારે એ જ નાનકડું નામ શ્વાસમાં વણાઈ જશે.

શ્રી રામચરિતમાનસ અનુસાર ઈષ્ટ કોણ છે?

હવે આવો શ્રી રામચરિતમાનસના આલોકમાં વિચાર કરીએ કે ઈષ્ટ કોણ છે? ભક્તિ કોની કરવી જોઈએ? 'માનસ' જેમના હૃદયની ઊપજ છે એ ભગવાન શંકરની ઉક્તિ છે.

धर्म परायण सोइ कुल ताता। राम चरन जा कर मन राता॥
नीति निपुन सोई परम सयाना। श्रुति सिद्धान्त नीक तेहिं जाना
सो कुल धन्य उमा सुनु, जगत पूज्य सुपुनीत।
श्री रघुवीर परायन, जेहिं नर उपज राज विनीत॥ उत्तरकांड-११६

એ જ નીતિમાં નિપૂણ છે, એ જ વિદ્વાન છે, વેદોના સાર એણે સારી રીતે જાણ્યા છે, એ જ કુલીન છે, જેનું મન એકમાત્ર રામના ચરણોમાં અનુરક્ત છે.

સમગ્ર રામાયણમાં આરંભથી અંત સુધી એક જ વાતનું વારંવાર સમર્થન કરાયું છે કે આરાધના આપણે કોની કરવી. વનવાસકાળનો પ્રસંગ છે. ભગવાન રામ શ્રૃંગવેરપુરમાં શયન કરી રહ્યા હતા. કુશ અને કિસલયની પરાળની શય્યા પર એમને સૂતેલા જોઈને નિષાદરાજ ગુહને બહુ કષ્ટ થયું. એમણે પાસે બેઠેલા લક્ષ્મણને કહ્યું, ''કૈકેયી બહુ કુટિલ હતી. જેણે રઘુનન્દન રામ અને જાનકીને સુખના અવસરે દુઃખમાં

નાખ્યાં.'' લક્ષ્મણે કહ્યું કે એમ વાત નથી-

काहु न कोउ सुखदुःख कर दाता। निजकृत करम भोग सब पाता॥
जोग-वियोग भोग भल-मंदा। हित-अनहित-मध्यम भ्रम-फंदा॥
धरनि-धाम-धन-पुर-परिवारू। सरगु-नरक जहँ लगि व्यवहारु॥
देखिय सुनिय गुनिय मन माहीं। मोह मुल परमाथु नाहीं॥

ધરણી-ધામ-ધન-પુર-પરિવાર, જન્મ-મૃત્યુ, સુંપત્તિ-વિપત્તિ, સ્વર્ગ-નરક વિશે કહેવું-સાંભળવું-વિચારવું એ મોહનું મૂળ છે. લોકો સ્વર્ગની કામના કરે છે તો એ પણ મોહનું મૂળ છે. પરમાર્થનો ત્યાં પ્રશ્ન જ ઊભો નથી થતો; તો પરમાર્થ શું છે? પરમાર્થ છે કેવળ એક, પરમ પુરુષ પરમાત્માનું ચિંતન-

सखा परम परमारथ एहू। मन क्रम वचन राम पद नेहू॥

આ પ્રકરણમાં દર્શાવાયું છે કે સ્વર્ગ અને નરક સુધીનો વ્યવહાર મોહનું મૂળ છે ઉદ્‌ગમ અને તમે સ્વર્ગના અધિકારી દેવતાઓની પૂજા કરીને મોહથી મુક્ત થવા ઈચ્છો છો? કેટલી વિસંગતિ છે?

(ક)

हम देवता परम अधिकारी। विषय वस्य तव भगति अधिकारी॥

અને દેવતા લોકો પરમ અધિકારી હતા, પણ વિષયવશ થઈને તમારી ભક્તિ ભૂલી ગયા. '**विषय वस्य सुर नर मुनि स्वामी**',-સુર, નર અને મુનિઓ વિષયના વશમાં છે. દેવતાઓ પણ વિષયના વશમાં છે. જો તમે એમની સેવા કરો છો તો વિષયોની સેવા કરો છો.

(ખ)

विधिप्रपंच गुन-अवगुन साना।
दानव देव उँच अरू नीच। अमिय सुजीवन माहुर मीचू॥
सरग-नरक अनुराग-विराग। निगमागम गुन-दोष विभागा॥

અર્થાત્ વિધાતાનો પ્રપંચ ગુણ અને અવગુણોથી ભરેલો છે. પ્રપંચ શું છે? પાપ અને પુણ્ય, સુજાતિ અને કુજાતિ, સુંદર જીવન અમૃત-ઝેરી, જીવન-મૃત્યુ, સવર્ગ અને નરક-આ જ બધો વિધાતાનો પ્રપંચ છે. સ્વર્ગ અને સ્વર્ગનિવાસી દેવતા પ્રપંચ છે. સત્ય જાણનારા મહાપુરુષોએ શાસ્ત્રોમાં આનું જ વિભાજન કર્યું હતું. જો તમે દેવતાઓની પૂજા કરો છો તો તમે પ્રપંચની પૂજા કરો છો. આ જ સંસારના ગુણદોષોનું ચિત્રણમાત્ર છે. સંસારથી જુદા ન કોઈ દેવતા છે ન સ્વર્ગ.

(ગ)

ગરુડને મોહ થઈ ગયો. તેઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ મનમાં વિચાર કર્યો કે ગરુડને તો મેં બનાવ્યા. ભગવાનની માયાએ મને પોતાનેય અનેક વાર નચાવ્યો, તો પક્ષીરાજને મોહ થાય એમાં કોઈ આશ્ચર્યની વાત નથી,-'**विपुल बार जेहि मह नचावा।**' દેવોના પિતામહ બ્રહ્મા જ જ્યાં નાચી રહ્યા છે, તો દેવો તમને માયાથી બચાવી લેશે?

सोई प्रभु भ्रू विलास खगराजा।
नाच नटी इव सहित समाजा॥

એ જ માયા ભગવાનના સંકેતમાત્રથી નટીની જેમ નાચે છે. માયાથી વિવશ થઈને નાચનારાની તમે પૂજા કરો છો; જો કરવી જ હોય તો એની પૂજા કરો, જેના સંકેત પર સ્વયં માયા નાચે છે. ગરુડજી કહે છે,-એ માયા રઘુવીરની દાસી છે અને એ રામની કૃપા વગર છૂટતી જ નથી, હું આ પ્રતિજ્ઞાપૂર્વક કહી રહ્યો છું. તેથી એ એક પરમાત્માની ભક્તિ કરો જે માયાધીશ છે. જેને માટે 'માનસ'માં વારંવાર સંકેત કરવામાં આવ્યો છે.

(ઘ)

अग-जग जीव नाग नर देवा। नाथ सकल जग काल कलेवा॥

દેવતા-મનુષ્ય વગેરે ચરાચર જગત કાળનું ભોજન છે. દેવતાઓ પણ કાળનું ભોજન કરે છે; નાસ્તાની સામગ્રી છે. તમે ભોજનની આરાધના શા માટે કરો છો?' '**भजसि न मन तेहिं राम कहँ, काल जासु को**

दण्डा' 'भुवनेश्वर कालहु कर काला' કાળનાય કાળ, જગતના સ્વામી ભગવાન રામની ભક્તિ કેમ નથી કરતા? જે પોતે મરણધર્મા છે, તે તમને મૃત્યુ આપી શકે છે, મૃત્યુથી બચાવી નથી શકતા.

(ઙ)

દેવતાઓ તમારા મનોગત ભાવનેય જાણવા સક્ષમ નથી. દેવર્ષિ નારદ હિમાલયની ગુફામાં તપસ્યારત હતા. દેવતાઓના રાજા ઈન્દ્રને લાગ્યું કે નારદજી તપસ્યા કરીને મારું પદ (ઈન્દ્રપદ) લેવા ઈચ્છે છે. દેવતાઓના રાજાને એટલીય ખબર નથી કે નારદ શા માટે આરાધના કરે છે? તેઓ તમારી મનોકામના પૂરી કરશે?

(ચ)

ભગવત્પથમાં જો કોઈ અવરોધ હોય તો તે દેવતાઓ છે. નારદ જ નહીં, જે કોઈ ભક્તિમાં અગ્રેસર થયું, દેવતાઓએ તેને પાડવાના ખૂબ પ્રયાસ કર્યા. સામાન્ય માણસને પણ તેઓ આ રસ્તે જવા નથી દેતા,-

इन्द्रिय द्वार झरोखा नाना। तहँ तहँ सुर बैठे करि थाना॥
आवत देखहिं विषय बयारी। ते-हठि देहिं कपाट उघारी॥

ઈન્દ્રિયોનાં દ્વાર હૃદયરૂપી ઘરનાં અનેક વાતાયનો છે. દરેક ઝરૂખા પર દેવતાઓ અડ્ડો જમાવીને બેઠા છે. વિષયરૂપી હવાને આવતા જુએ કે તરત એ દેવતાઓ હઠપૂર્વક દ્વાર ખોલી નાખે છે. વ્યક્તિ વિષયોમાં ગૂંચવાઈ જાય છે. ઈન્દ્રિયો અને એમના દેવતાઓને જ્ઞાન ગમતું નથી. એમની સાથે તો તમારે લડવાનું છે. આ વિકારો છે, અવરોધ છે. જો તમે એમને પૂજતા હો તો તમે વિકારને પૂજી રહ્યા છો. અવરોધોને પૂજી રહ્યા છો. અવરોધોને તો હટાવવા જોઈએને!

विषय करन सुर जीव समेता। सकल एक से एक सचेता॥
सबका परम प्रकाशक जोई। राम अनादि अवधपति सोई॥

વિષય, ઈન્દ્રિયો એમના દેવતા અને જીવાત્મા, આ બધાં (ઊતરતા

ક્રમે) એકની સહાયતાથી એક ક્રિયાશીલ થાય છે અને આ બધાંની ઉપર જે પરમ પ્રકાશક છે એ જ અનાદિ અવધપતિ રામ છે. દેવતાઓ પણ જેનો પ્રકાશ લઈને પ્રકાશિત થાય છે, એ મૂળ પરમાત્માનું તમે ચિંતન કરો.

(છ)

દેવતાઓ ત્રિકાલાજ્ઞ પણ નથી. રામ-રાવણ-યુદ્ધનો સંદર્ભ છે,- ભયંકર યુદ્ધ ચાલુ હતું. રાવણ મરવાનો જ હતો. દેવતાઓ પણ આ યુદ્ધ જોઈ રહ્યા હતા. તેઓ કોઈનો પક્ષ નહોતા લેતા. તેઓ '**विकल बोलहि जय जये**', '**जय हो, जय हो**'ના ધ્વનિ કરી રહ્યા હતા. શી ખબર કોણ જીતે? 'રામનો જય' કહેવામાં જોખમ હતું. રામનો વિજય લગભગ નિશ્ચિત થઈ ગયા પછી જ, યુદ્ધના અંતિમ દિવસોમાં દેવરાજે પોતાનો રથ સહાયતા માટે મોકલ્યો અને રાવણ મૃત્યુ પામતાં જ 'સદા સ્વાર્થી' દેવતાઓ પહોંચી ગયા પોતાના પિતામહ પાસે, કહેવા માંડ્યા-

कृतकृत्य विभो सब वानर ए। निरखंति तवानन सागर ए॥
धिग जीवन देव सरीर हरे। तब भक्ति बिना भव भूलि परे॥

હે પ્રભુ! આ વાનરો કૃતકૃત્ય છે, જેઓ તમારા મુખારવિન્દનાં દર્શન કરી રહ્યા છે. અમારાં, દેવતાઓનાં શરીરને ધિક્કાર છે, જેઓ તમારી ભક્તિ વગર ભૂલા પડ્યા છે. જેઓ પોતાનો રસ્તો ભૂલી ગયા છે, તેઓ શું તમને રસ્તો દેખાડશે? દેવતાઓએ કહ્યું,-

भव प्रवाह संतत हम परे। अब प्रभु पाहि सरन अनुसरे॥

જે પોતે તણાઈ રહ્યો હોય તે તમને પાર ઉતારે? (તે જાણતો હોત તો પોતે જ પાર ન ઊતરત?) જે પોતે ભવપ્રવાહથી પોતાને બચાવવા માટે ત્રાહિ ત્રાહિ, બચાવો બચાવો કરી રહ્યા છે, તે શું તમને પાર કરાવશે? તે તમારી ઉપર ચડી બેસશે. અને કદાચ પાર પણ ઊતરો, પરંતુ તમે કયા ઘાટ પર હશો? તેથી દેવતાઓ પણ જેમનું શરણ માગે છે એ જ ભગવાનને તમે પોતે જ પકડો. જે દેવતા પોતે પોતાની વિપત્તિઓમાં ફસાયેલો છે તે તમને શી મદદ કરશે?

(જ)

ગોસ્વામી તુલસીદાસજીએ દેવતાઓનું સમર્થન ક્યાંય નથી કર્યું. **'माया विवश बिचारे'** (વિનય પત્રિકા). તેઓ માયાથી વિવશ છે, બિચારા છે. એમની પાસે રસ્તો નથી, તો તમે શા માટે જાઓ છો એમની પાસે? દેવતાઓ તમારા ઈષ્ટ નથી.

(ઝ)

દેવતાઓનું પરાક્રમ કેટલું છે? ગોસ્વામીજીએ 'માનસ'માં અનેક સ્થળે ચિત્રિત કર્યું છે.

रावण आवत सुनेऊ सकोहा। देवन्ह तकेऊ मेरू मिरि खोहा॥

રાવણને ક્રોધભર્યો આવતો સાંભળ્યો જ હતો, લડવાનું તો દૂર, કેવળ સાંભળ્યું જ હતું કે તે ક્રોધિત થઈને આવી રહ્યો છે. **'देवन्ह तकेऊ मेरू गिरि खोहा'**-મેરુ પર્વતની કંદરાઓમાં જઈને છુપાઈ ગયા, પણ દેવીઓ ક્યાં સુધી ભાગે? રાવણ એ સૌને પુષ્પક વિમાનમાં બેસાડી દીધી.

देव यच्छ गंधर्व नर किन्नर नाग कुमारि।
जीति बरी निज बाहुबल बहु सुन्दर वर नारि॥

પોતાની ભુજાઓના બળથી એ સૌને જીતીને એમનો સત્કાર કર્યો અને નિશાચરોમાં વહેંચી દઈને એમને દેવલોક જેવી સુખ-ભોગની વ્યવસ્થા કરીને સુખી કરી દેવતાઓએ સાંભળ્યું કે પરિવાર તો રાવણને ત્યાં કેદ છે, તો પરિવાર વગર એકલા જીવીનેય શું કરે? એમને છોડાવવા લંકા પહોંચી ગયા. રાવણે એમને પણ સેવાકાર્યમાં નિયુક્ત કરી દીધા,- **'कर जोरे सब दिसिप विनीता। भृकुटि विलोकहिं सकल सभीता॥'** બધા હાથ જોડીને વિનમ્ર ભાવથી ઊભા રહેતા હતા. ભૃકુટિ જોયા કરતા હતા કે જેથી ઊઠવા-બેસવામાં ક્યાંય ભૂલ ન થઈ જાય, આદેશપાલનમાં વાર ન લાગે, રાવણ નારાજ ન થઈ જાય.

रवि ससि पवन वरून धनधारी।
अगिनी काल जम सब अधिकारी॥

સૂર્ય, ચન્દ્રમા, અગ્નિ, યમરાજ, કુબેર અને દેવતાઓના બધા અધિકારી રાવણની આજ્ઞાનું પાલન કરતા હતા, ભયભીત હતા અને દરરોજ ઉપસ્થિત થઈને રાવણનાં ચરણોમાં નમન કરતા હતા. જે પહોંચી શકતો નહોતો, તે ઘરમાં જ પ્રાર્થના કરી લેતો હતો, જેથી કોઈ ફરિયાદ ન રહે. આ તો દેવતાઓની અવસ્થા હતી, તો પણ આપણે તેમની પૂજા કરીએ છીએ.

(ઝ)

આવો, આ પ્રકરણો પર પણ વિચાર કરીએ, જેમાં દેવતાઓ પાસે મદદની યાચના કરાઈ હતી. આપણે સમજવાનો પ્રયાસ કરીએ કે એમણે શા મદદ કરી હતી? એક વાર નિશાચરોના આતંકથી ત્રસ્ત પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરીને દેવતાઓ પાસે ગઈ, કહ્યું-મારી રક્ષા કરો. એમણે જવાબ આપ્યો કે અમે તમારા કષ્ટનિવારણ માટે અસમર્થ છીએ. પૃથ્વીની સાથે સુર-મુનિ-ગંધર્વ બધા, દેવતાઓના પિતામહ બ્રહ્મા પાસે પહોંચ્યા. બ્રહ્માએ બધું જાણી લીધું કે તેઓ કેમ આવ્યા છે? મનમાં અનુમાન કર્યું કે મારા વશમાંય કાંઈ નથી. બોલ્યા-જેની તું દાસી છે, એ અવિનાશી છે, એમનો કદી વિનાશ નથી થતો. એ અજર-અમર-શાશ્વત અને અમૃતસ્વરૂપ છે, એમની જ પ્રાર્થના કરો. એ જ તમારા-અમારા સૌના સહાયક છે.

સમસ્યા હતી. એ પરમાત્માને ક્યાં શોધવા? ''**पुर वैकुण्ठ जान कह कोई। कोई कह पयनिधि बस प्रभु सोई।**'' કોઈ દેવતા એમને વૈકુંઠ જવા માટે પ્રેરી રહ્યા હતા, તો કોઈ કહેતું હતું કે ક્ષીરસાગરમાં ભગવાન રહે છે. એ સમાજમાં શંકરજી પણ હતા, પરંતુ એમને બોલવાની તક જ નહોતી મળતી. માંડ માંડ એક વચન કહેવા જેટલો મોકો મળ્યો, '**अवसर पाई वचन एक कहेऊं**'-તો તેઓ બોલ્યા,-

हरि व्यापक सर्वत्र समाना। प्रेम ते प्रकट होहिं मैं जाना॥
अग जग मय सब रहित विरागी। प्रेम ते प्रभु प्रगटइ जिमि आगी॥

ભગવાન શંકરે પોતે જાણેલો ઉપાય દેખાડ્યો કે ભગવાન કણકણમાં

સમાનરૂપે વ્યાપ્ત છે. સંપૂર્ણ હૃદયથી મનને સમેટીને એમનાં ચરણોમાં સમર્પિત કરી દો, તેઓ તરત પ્રગટ થઈ જશે. એમનો મત બધાએ સ્વીકારી લીધો. બ્રહ્માએ પણ સમર્થન કર્યું. એ વિધિ પ્રમાણે સ્તવન થતાં જ આકાશવાણી થઈ કે તમારું દુઃખ અમે દૂર કરીશું.

આ આખા પ્રકરણમાં દેવતાઓએ શો નિર્ણય દાખવ્યો અને શી સહાયતા કરી? જેમને એટલુંય જ્ઞાન નથી કે ભગવાનનું ચિંતન કઈ રીતે કરાય. તેઓ તમને શું માર્ગદર્શન કરાવશે? પરમ કલ્યાણનો માર્ગ જેઓ જાણતા નથી, તેઓ ભલા શું કલ્યાણ કરશે?

દોષ કોનો? તો પણ આપણે બધા એનો પીછો કરીએ છીએ. કેટલી પ્રબળ જડતા છે. આ જડતાનો સ્રોત ક્યાં છે? આમાં કોનો દોષ છે? શું આપણો દોષ છે? ના. આપણોય કોઈ દોષ નથી. આ આપણને વારસામાં મળેલી રીત છે. બચપણથી જ માતાઓને, આડોશીપાડોશીઓને, ભાઈ-બંધુઓને કંઈક ને કંઈક પૂજાપાઠ કરતા જોઈએ છીએ. બાળક એને જ પકડી લે છે. બચપણથી જ આપણા મનમાં, મસ્તિષ્કમાં એ પૂજાપદ્ધતિની ન ભૂંસાય એવી છાપ પડી જાય છે; એટલે કેટલુંય સમજવા છતાં આપણે સમજી શકતા નથી. સમજવા માગતા નથી. ઘણુંખરું માતાઓ અબુધ બાળકોને ધૂપ-અગરબત્તી વગેરે પેટાવીને કોઈ વાર પીપળા નીચે, કોઈ વાર બીજે ક્યાંક બેસાડી દે છે. ''હાથ જોડ. આ બરમબાબા છે, આ ગ્રામદેવી છે. એમને આ રીતે પ્રણામ કર.'' બાળકના કોમળ-નિર્મળ ચિત્ત પર આરંભનાં વર્ષોના આ સંસ્કાર આજીવન એમનો પિંડ છોડતા નથી. બચપણમાં જે બાળક ભયભીત થઈ જાય છે, તે સમગ્ર જીવન ભયભીત રહે છે. એકાંતમાં, અંધારામાં જતાં ડરે છે. પાંદડાથીય ડરી જાય છે. દશપંદર દેવીદેવતાઓ તો એને બચપણથી જ પકડાવી દેવાય છે. સમય જતાં કદાચ તે છોડીય દે તો પણ થોડોઘણો શંકાશીલ તો રહેશે જ. માતાપિતાઓને મારું નિવેદન છે કે તેઓ પાતાનાં બાળકોનું ભવિષ્ય અંધકારમય ન બનાવે.

(૮)

બરાબર આ જ રીતે માતા સીતાજીને પણ દેવદેવીઓની પૂજા વારસામાં મળી હતી,-''**गिरिजा पूजन जननि पठाई**'' સીતા ત્યાં

આવતાંજતાં હતાં. સ્વયંવરનું આયોજન ચાલુ હતું. એક વાર સીતાજી ગિરિજાનું પૂજન કરીને પાછાં ફરી રહ્યાં હતાં, ત્યારે એ જ વાટિકામાં રામરુષ્ટિમાં છવાઈ ગયા. પૂજન કરીને પાછાં આવી રહ્યાં હતાં તો પણ પાછાં ગિરિજા પાસે ગયાં. હાથ જોડીને બોલ્યાં, ''મા, આજ સુધી તો અમે તમારી સેવા કરી, એથી પ્રસન્ન થઈને આ જ શામળા વર આપવાની કૃપા કરો''.

પાર્વતીજીએ પોતાની તરફથી કોઈ આશીર્વાદ ન આપ્યા. અવાજ આવ્યો-''**नारद वचन सदा सुचि साँचा। सो वर मिलिहिं जाहि मन राचा।**'' દેવર્ષિ નારદ, જે ગુરુ હતા, એમનું વચન સત્ય છે, નિર્દોષ છે, એ જ વર તને મળશે, જેનામાં તારું મન લાગ્યું છે. દેવર્ષિ નારદે જ ક્યારેક સીતાને કહ્યું હતું, તેનું જ ફક્ત સ્મરણ પાર્વતીએ કરાવ્યું. સીતાને નિરાંત થઈ.

ધનુષ્યયજ્ઞનના સ્થળ પર પહોંચજીને સીતાએ જ્યારે એ વિશાળ ધનુષ્ય પર નજર નાખી, જે તોડવામાં દસ હજાર રાજા નિષ્ફળ ગયા હતા, તો એ અધીરાં થઈ ગયાં કે આ સુકુમાર એને કેમ તોડશે? દેવદેવીઓને મનાવવા માંડ્યાં-

तब रामहिं विलोकी वैदेही। सभय हृदय विनवत जेहि तेही॥

બચપણથી માંડીને મોટાં થયાં ત્યાં સુધીનાં જે કોઈ એમને યાદ આવ્યાં, એ બધાંને પ્રાર્થના કરવા માંડ્યાં. ''**होहु प्रसन्न महेश भवानी**''-શંકરજીને મનાવવા માંડ્યાં, એમને છોડીને ભવાનીને મનાવવા માંડ્યાં, જેમની પાસે વરદાન માગ્યું હતું ત્યાં પણ સ્થિર ન રહી શક્યાં,-''**गननायक वरदायक देवा। आज लगी कीन्हिउ तव सेवा**''- આજ સુધી તમારી પણ ઘણી સેવા કરી છે. તમે જ ધ્યાન દો. અમારી વિનંતી સાંભળો અને ધનુષ્ટને હળવું કરી દો. એમનેય છોડી દીધા. ''**सुर मनाव धरी धीरा**''-દેવતાઓને મનાવવા માંડ્યાં. ધનુષ્યનીય પ્રાર્થના કરવા માંડ્યાં, કે કોઈ સાંભળતું નથી. હવે તો ધનુષ્ય! તમારો જ ભરોસો છે. તમે સ્વયં હળવા થઈ જાઓ. પરંતુ અત્યારથી હળવા નહીં થઈ જતા, નહીં તો કોઈ પણ તોડી નાખશે. રામને આવતા જોઈને હળવા થઈ જજો.

ક્યાંય સફળતા ન જણાવાથી સીતાએ બધાં દેવદેવીઓમાંથી ચિત્ત ખેંચી લઈને એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરી, એ પરમાત્મામાં, જે બધાંનાં હૃદયમાં વસે છે,-

तन मन वचन मोर पनु साँचा। रघुपति पद सरोज चितु राचा॥
तौ भगवान सकल उपवासी। करिहिं मोहि रघुवर कै दासी॥

જો મન-વચન-કર્મથી મારો પ્રેમ સાચો હોય અને રામનાં ચરણકમળમાં નિવાસ કરતો હોય, તો હે ભગવાન અમને રામની દાસી બનાવી દો. હૃદયસ્થ એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર થતાં જ ''**कृपा निधान राम सब जाना**''-એ અંતર્યામીએ જાણી લીધું કે હવે સાચા સ્થાન પર પૂજા કરી રહી છે. એ પછી બીજા કોઈ દેવદેવીઓ પાસે સીતાએ જવું ન પડ્યું-''**तेहि छन राम मध्य धनु तोरा।**'' રામે ધનુષ્ય તોડ્યું. સીતાને સફળતા મળી. ભલે, આપણે જે વિવિધ પૂજાઓ કરીએ છીએ, એ વારસામાં મળી છે, પણ સફળતા ત્યારે જ મળશે, જ્યારે એક પરમ પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર રહેશે.

(ઠ)

બરાબર આ જ રીતે કૌશલ્યાએ પૂજા કરી હતી. રામના રાજ્યાભિષેકની વાત સાંભળીને એ આનંદમગ્ન થઈ ગયાં. પૂજાગૃહમાં ચાલ્યાં ગયાં. ''**पूजी ग्राम देवू सुर नागा। कहेउ देन बलि भागा।**'' એમણે ગ્રામ-દેવીદેવતાઓ અને નાગોની પૂજા બહુ વૈભવથી કરી. એમને બલિ ચડાવવાની માનતા માની કે જો અમારું કાર્ય સિદ્ધ થઈ જશે તો આપ સૌને બલિ-ભોગ ચડાવીશ.

હજી સુધી દેવતાઓને રાજ્યાભિષેકની જાણ થઈ નહોતી, પણ કૌશલ્યા દ્વારા ગ્રામદેવીઓને આ વાતની ખબર પડી તો એમણે દેવતાઓને અને દેવતાઓએ ઈન્દ્રને ખબર આપ્યા. એ તરત સરસ્વતી પાસે ગયા,-

सारद बोलि विनय सुर करहीं। बारहिं बार पायँ लै परहीं॥
विपति हमार बिलोकि बड़ मातु करिय सोइ आगु।
राम जाहिं बन राजु तजि, होइ सकल सुर काजु॥

હે માતા! અમારી ઉપર મોટી આપત્તિ આવી પડી છે. આપ એવું કંઈક કરો કે રામ વનમાં ચાલ્યા જાય અને દેવતાઓનું કામ થઈ જાય. કૌશલ્યાએ પ્રાર્થનાપત્ર આપ્યો હતો કે અમારું કાર્ય પૂર્ણ થાય, પણ દેવતાઓએ કહ્યું કે માતા અમારું-દેવતાઓનું કાર્ય થઈ જાય. એમને કર્મને આધારે છોડી દો. આપ દેવતાઓનું હિત જુઓ.

સરસ્વતી બોલ્યાં, કોઈ શુભ કાર્યમાં વિઘ્ન ઊભું કરાવતાં તમને શરમ નથી લાગતી? રામના વનમાં જવાથી એમને કેટલું દુઃખ થશે? અવધ અનાથ થઈ જશે. લોકો મને શું કહેશે? દેવતાઓ વિનંતી કરતા જ રહી ગયા,-''**जीव करम वश सुखदुख भागी। जाइय अवध देव हित लागी॥**'' અયોધ્યાવાળાની ચિંતા આપ શું કામ કરો છો? તેઓ તો જીવ છે. કર્મ પ્રમાણે સુખદુઃખ ભોગવતા જ રહે છે. એમને ભોગવવા દો અને દેવતાઓના હિત માટે (કૌશલ્યાના હિત માટે નહીં) કૌશલપુર જાઓ. આ જ દેવતાઓની પૂજા કૌશલ્યાએ કરી હતી. આવા દેવતાઓ પાસે તમે કઈ આશથી બેઠા છો? તમે એની પૂજા કેમ નથી કરતા, જેને માટે ગોસ્વામીજીએ ભારપૂર્વક કહ્યું છે. જેનું નામ '**मेटत कछिन कुअंक भाल के**' જેની આરાધનાથી કર્મનું બંધન કપાઈ જાય છે.

સરસ્વતીને અચકાતાં જોઈને દેવતાઓ વારંવાર એમનાં ચરણોમાં પડીને વિનના માંડ્યા,-''**बार बार गहि चरन संकोची। चली विचारि विबधु मनि पोची॥**'' બિચારાં મૂંઝવણમાં પડી ગયાં. આખે રસ્તે વિચાર કરતાં રહ્યાં કે દેવતાઓની બુદ્ધિ કેટલી ખોટી છે. ''**ऊँच निवास नीच करतूती। देख न सकहि पराइ विभूति॥**'' એમના નિવાસ બહુ જ ઊંચા છે, પણ કામ બહુ ખોટાં છે. તેઓ કોઈની વૃદ્ધિ સાંખી શકતા નથી. જેમનામાં આટલી ઈર્ષા છે, અસૂયા છે, એ જ શું તમારા આદર્શ છે?

हरषि हृदय दशरथ पुर आई। जनु ग्रह दशा दुःसह दुःखदाई॥

દેવતાઓનાં માતા સરસ્વતી અયોધ્યા આવી રહ્યાં હતાં, કેટલું સૌભાગ્ય હતું અવધવાસીઓનું! પણ ગોસ્વામીજી કહે છે, નહીં, '**जनु ग्रह दशा दुसह दुःखदाई**' જાણે વિપત્તિનો પહાડ જ તૂટી પડ્યો. કહે છે કે શનિ સૌથી વધુ દુષ્ટ ગ્રહ છે, જે સાડાસાત વર્ષ સુધી દુઃખ દે છે,

પરંતુ સરસ્વતી તો ચૌદ વર્ષની દુર્દશા લઈને આવ્યાં. રામ કલ્યાણસ્વરૂપ હતા, એમનું શું કલ્યાણ કરશે? એ તો દેવતાઓનું પણ કલ્યાણ કરવા આવ્યા હતા. પૂજા કરી હતી કૌશલ્યાએ, એને શું મળ્યું? જીવનભરનું વૈધવ્ય અને દુઃખ.

नाम मन्थरा मन्दमति, चेरि कैकई केरि॥
अजस पेटारि ताहि करि, गई गिरा मति फेरि॥

મન્થરા નામની એક મંદબુદ્ધિની દાસી હતી, એના મસ્તિષ્કમાં પ્રવેશ કરીને એની બુદ્ધિને વિકૃત કરીને સરસ્વતી ગયાં. તમે જુઓ કે બુદ્ધિમાન અને વિવેકી લોકો પર આ દેવદેવીઓનો પ્રભાવ નથી પડતો, કેવળ મંદબુદ્ધિવાળા જ દેવદેવીઓથી પ્રભાવિત થાય છે.

દેવદેવીઓનું આવું જ ચારિત્ર એ સમયે જોવા મળે છે. જ્યારે ભરતજી શ્રીરામને લાવવા ચિત્રકૂટ જાય છે, ત્યારે દેવો પ્રયાસ કરે છે કે રામ અને ભરતનું મિલન જ ન થાય. એમના કુત્સિત ચરિત્રની પરાકાષ્ટા ભરત-રામ-સંવાદ પ્રસંગે જોઈને 'માનસ'કાર કહે છે, ''**मघवा महा मलीन, मुए मारि मंगल चहत**'' ઈન્દ્ર કેટલો મલિન છે કે પહેલેથી જ દુઃખી અયોધ્યા અને જનકપુરના નિવાસીઓને વધારે દુઃખ દઈ રહ્યા છે.. જાણે કે મરેલાઓને મારીને પોતાનું મંગલ ઈચ્છે છે.

कपट कुचालि सींव सुरराजू। पर अकाज प्रिय आपन काजू॥
काक समान पाक रिपु रीती। छली मलीन कतहुँ न प्रतीती॥

દેવરાજ ઈન્દ્ર કપટ અને દુરચારની સીમા છે. એને પરાઈ હાનિ અને પોતાના લાભ જ પ્રિય છે. આવા દેવતાઓ પાસેથી તમે લાભની આશા રાખો છો? એ સભામાં પણ દેવતાઓએ ખરાબ વિચાર, કપટ, ભય અને ઉચ્છેદનો પ્રવેશ કરાવી દીધો. આ જ એમની દેવમાયા છે. આ જ ગુણો તમે એમની પાસેથી શીખી શકો છો. આ દેવમાયાના શિકાર કોણ કોણ થયા?

भरत जनकु मुनिजन सहित, साधु सचेत बिहाई॥
लागि देवमाया सबहि, यथा जोग जनु पाइ॥

ભરતજી, જનક, મુનિજનો, મંત્રીલોકો, સાધુસંત, અને બુદ્ધિમાન લોકોને બાદ કરતાં બાકીના બધા પર, જેમનો જેવો બુદ્ધિસ્તર હતો એમની પર એવી જ દેવમાયા લાગી ગઈ, સ્પષ્ટ છે કે કેવળ મંદબુદ્ધિ લોકો પર જ દેવતાઓનો પ્રભાવ પડી શકે છે.

સરસ્વતી મંથરા પાસે આવ્યાં તો મંથરાને શું મળ્યું? સરસ્વતીની કૃપાથી જ મંથરાની બુદ્ધિ વિકૃત થઈ ગઈ. તે જેવું-તેવું વિચારવા માંડી. ષડ્યંત્રના સૂત્રધાર એને બનવું પડ્યું અને અંતે લાત ખાવી પડી.

कूबर टूटे कपारू। दलित दसन मुख रुधिर प्रचारू॥

એની ખૂંધ તૂટી ગઈ, કપાળ ફાટી ગયું, દાંત તૂટી ગયા, મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું. આટલાથીય એની દુર્દશાનો અંત ન આવ્યો. એના વાળ પકડી પકડીને ઘસડી જવામાં આવી. જેના કંઠમાં દેવતાઓની માતા સરસ્વતી બેસી ગઈ હોય એનું સન્માન વધવું જોઈતું હતું, પણ એ એવી અભાગણી નીકળી કે એ પછી સમગ્ર રામાયણમાં એનું નામ પણ ન આવ્યું અને આ જ સુધી કોઈ પણ પોતાની કન્યાનું નામ મંથરા રાખવાની હિંમત નથી કરી શક્યું. મથરા તો એક પ્રતીક છે. એ મંદબુદ્ધિવાળાઓની પ્રતિનિધિ છે, જેઓ દેવદેવીઓની પૂજા કરતા આવ્યા છે. એનું પરિણામ આલેખીને ગોસ્વામીજી તમને શો સંદેશ આપે છે? શું તમે ક્યારેય વિચાર કર્યો કે પૂજનીય કોણ છે?

(૩)

'રામચરિતમાનસ'માં સરસ્વતીનો પ્રયોગ ત્રણ પ્રસંગે દર્શાવ્યો છે. એક તો આ મંથરાના પ્રસગે, બીજો પ્રસંગ ત્યારે આવ્યો જ્યારે દેવતાઓએ ભરતની બુદ્ધિ વિકૃત કરવાની પ્રાર્થના કરી, જેથી દેવતાઓના પરિવાર સુખી રહે, પરંતુ સરસ્વતી ગુસ્સે થઈ ગયાં કે હજાર નેત્રો હોવા છતાં તને સુમેરુ પર્વત દેખાતો નથી? કયો સુમેરુ હતો ભરતની અંદર? ''**भरत हृदय सियाराम निवासू। तहँ कि तिमिर जहँ तरनि प्रकासू॥**'' ભલા ત્યાંય શુ અંધકાર જાય છે, જ્યાં સૂર્યનો પ્રકાશ સારી રીતે હોય? તો

ભરતમાં કયો પ્રકાશ છે? ભરતના હૃદયમાં રામ અને સીતાનો વાસ (પ્રકાશ) છે. ત્યાં મારાં કપટ ને ચતુરાઈ નહીં ચાલે. કોણ છે અંધકાર? દેવતા, પ્રકાશ શું છે? એક પરમાત્મા. અહીં બીજી એક વાત સ્પષ્ટ થાય છે કે જેના હૃદયમાં ભગવાનનો વાસ છે એનું દેવતા કાંઈ બગાડી શકતા નથી. તેથી મન-વચન-કર્મથી તમે એક પરમાત્મા પ્રત્યે સમર્પિત થઈ જાઓ. જો તમે એમને હૃદયથી જોશો તો હૃદયના સ્વામી પણ તમને જોશે. તમારી રક્ષાની જવાબદારી પોતાના હાથમાં લઈ લેશે.

ત્રીજા પ્રસંગમાં આપણે સરસ્વતીને કુંભકર્ણ પાસે જતાં જોઈએ છીએ. એની તપસ્યાથી સંતુષ્ટ થઈને બ્રહ્મા વરદાન આપવા પહોંચ્યા. બ્રહ્માએ વિચાર કર્યો કે આ દુષ્ટ કાંઈ પણ ન કરે, કેવળ બેસીને માત્ર ભોજન જ કરે તો આ સંસાર ઉજ્જડ થઈ જશે, તેથી ''**सारद प्रेरि ताम मति फेरी। मागेसि नींद मास षट केरी॥**'' સરસ્વતીને બોલાવ્યાં, એની બુદ્ધિ વિકૃત કરી નાખી અને એ છ મહિનાની નિદ્રા માગી બેઠો. કુંભકર્ણમાં સરસ્વતીનો પ્રવેશ એના મૃત્યુનું કારણ બન્યો. દેવતાઓની પૂજાથી કોનું શું કલ્યાણ થયું?

(ઢ)

વર્તમાન સમયમાં બધા જ દેવતાઓમાંથી ત્રણ દેવતા વધારે શ્રેષ્ઠ મનાય છે-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. મહારાજ મનુ ઘરબાર છોડીને તપસ્યા કરવા નૈમિષારણ્ય પહોંચ્યા અને ચિંતનમાં મગ્ન થયા. એમનું લક્ષ્ય શું હતું? તેઓ કોના ઉપાસક હતા? તેઓ મનમાં ને મનમાં વિચાર કરતા હતા,-''**विष्णु विरंचि शंभु भगवान। उपजहिं जासु अंश ते नाना॥**'' એ ભગવાન, જેમના અંશમાત્રથી અનેક બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પેદા થાય છે, '**ऐसेऊ प्रभु सेवक वश अहई**'-એવા ભગવાન પણ સેવકના વશમાં હોય છે, સેવક માટે ઉપલબ્ધ રહે છે, તો હું એમની ભક્તિ કરીશ. તેઓ મારી અભિલાષા પૂરી કરશે. મનુ ચિંતનમાં મગ્ન થઈ ગયા, સાધનામાં કંઈક વેગ આવ્યો, સાધના કંઈક સુદૃઢ થવા માંડી, ત્યાં જ દેવતાઓ પહોંચવા માંડ્યા-

विधि हरि हर तप देखि अपारा। मनु समीप आये बहुबारा॥
माँगहु वर बहु भाँति लोभाए। परमधीर नहिं चलहिं चलाए॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ બધા પહોંચ્યા. મનુને પહેલેથી ખબર ન હોત તો એ ભ્રમમાં પડી જાત. તેઓ જાણતા હતા કે આવા અનેક બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ભગવાનનો કેવળ અંશ છે, તેથી મનુએ એમની તરફ ધ્યાન જ ન દીધું. એમ પણ ન કહ્યું કે દેવ અમારું અહોભાગ્ય કે તમે દર્શન દીધાં, પણ આ દેવતાઓ પણ એટલા નઠોર હતા કે સ્વાભિમાન ગુમાવીને વારંવાર મનુની પાસે જવા લાગ્યા. લાગે છે કે વિઘ્ન નાખવાનો જ એમનો હેતુ હતો. તેઓ મનુનું કલ્યાણ કરવા નહોતા ગયા, કાંઈ આપતા નહોતા, પ્રલોભન આપતા હતા,-'**बहु भाँति लुभाए।**' લોભ પણ મોહની પ્રબળ ધારા જ છે,-'**काम-क्रोध, लोभादि-मद, प्रबल मोह के धारि**' મોહની જ સેના છે, તેથી મનુએ એ તરફ ધ્યાન ન આપ્યું.ચિંતનમાં લીન રહ્યા, ''**अस्थिमात्र होइ रहे सरीरा। तदपि मनाग मनहिं नहिं पीरा॥**'' હાડપિંજર ફક્ત રહી ગયું, તો પણ મનમાં લેશમાત્ર પીડા નહોતી. તેઓ પ્રસન્ન હતા. એ ધ્યાનમગ્ન હતા અને ચિંતન સંતાષજનક થઈ રહ્યું હતું.

ભગવાને જોયું કે આ મન-વચન-કર્મથી મારા આશ્રિત છે, એનું મન સમેટાઈ ગયું છે, ત્યારે એમણે આકાશવાણી કરી કે વર માગો-વર માગવાનું ભગવાને કહ્યું, તો મનુએ માગ્યું-

जो स्वरूप बस शिव मन माहीं। जेहि कारन मुनि जतन कराहीं॥
जो भुशुण्डि मन मा्नस हंसा। अगुन सगुन जेहि निगम प्रशंसा॥
देखहिं हम सो रूप भरि लोचन। कृपा करहु प्रनतारति मोचन॥

મનુ શંકરજીનાં દર્શનથી સંતુષ્ટ નહોતા. તેઓ વારંવાર આવ્યા પણ ખરા, પરંતુ એમની પાસે કાંઈ ન માગ્યું. જોકે ભગવાન શિવજી તત્ત્વમાં સ્થિત તત્ત્વસ્વરૂપ મહાપુરુષ હતા, પૂર્ણ પ્રાપ્તિવાળા હતા, પણ કેવળ એમનાં દર્શન કરીને અટકી જવું, પથ પર આગળ ન વધવું એ ઠીક નથી. શંકરજીના હૃદયમાં જે અનુભૂતિ છે એને પોતે ચાલીને પ્રાપ્ત કરવાનું મનુનું લક્ષ્ય હતું. મનુ જાણતા હતા કે આચરણ કરીને જ

પામવાની શાસ્ત્રાજ્ઞા છે. કોઈ પહેલવાનને ફક્ત હાથ જોડવાથી પહેલવાન બની શકાતું નથી. ચિકિત્સકના દર્શનમાત્રથી રોગ દૂર નથી થતો.

મહાત્મા બુદ્ધ પણ પોતાના શિષ્યોને કહ્યા કરતા હતા કે મેં જે ઉપદેશ આપ્યો છે એ અનુસાર તમે ચાલશો તો દૂર રહીનેય મારી સમીપ જ છો અને એ આચરણમાં નહીં મૂકો તો મારી સમીપ રહેવાથી, દર્શન કરવાથી પણ કોઈ લાભ નથી, પાસે રહીને પણ દૂર રહેશો. માટે આચરણ કરો.

મનુ જાણતા હતા કે ભગવાન શંકર સાચા છે, તો પણ એમણે કાંઈ ન માગ્યું, પણ જ્યારે ભગવાને આકાશવાણી કરી તો એ જ માગ્યું, જે શંકરના હૃદયમાં હતું. '**जेहि कारन मुनि जतन कराहि**'-જેને માટે મુનિજનો પ્રયત્ન કરે છે. આજકાલ કોઈ મુનિની ઉપર વિન્ધ્યવાસિની આવે છે, તો કોઈકની ઉપર હનુમાનજી, કોઈ કહે છે કે યક્ષિણી સિદ્ધ કરીએ છીએ,-આ બધા મુનિ નથી. એ મુનિ હજી મુનિ નથી જે એ પરમતત્ત્વ પરમાત્મા માટે પ્રયત્ન ન કરતા હોય, હજી એ બહેકેલા છે, આશા રાખી રહેલા છે.

મનુની કામનાથી ભગવાન પ્રગટ થયા,-'**विश्वावास प्रकटे भगवाना**' કયા ભગવાન? '**हरि व्यापक सर्वत्र समाना**'-શિવે કહ્યું હતું એમ. ''**जेहि जाने जग जाई हेराई**''-મનુએ જોયું, જ્યાં વિશ્વ હતું ત્યાં સર્વત્ર ભગવાનનો વાસ દેખાયો. જ્યાં જ્યાં નજર પડી ત્યાં ત્યાં પથ્થરમાં,પાણીમાં-બધામાં એ પ્રભુનું સ્વરૂપ છવાઈ ગયું. પોતે પણ ખોવાઈ ગયા, વિશ્વ પણ ખોવાઈ ગયું. મનુના જીવ-સંસ્કાર ખોવાઈ ગયા. જ્યાં પહેલાં વિશ્વ દેખાતું હતું ત્યાં સર્વત્ર ભગવાન દેખાવા લાગ્યા,-

''**ईशावास्यमिदं सर्वं यत् किंच जगत्याम् जगत्।**''

આ અવસ્થાને જે જે મહાપુરુષો પામ્યા એ બધાએ આ જ નિષ્કર્ષ ફરી ફરીને દર્શાવ્યો કે જે કાંઈ દેખાય-સંભળાય છે, તેમાં સર્વત્ર ઈશ્વરનો વાસ છે. તો પણ આપણને એ દેખાતું નથી. કારણ શું છે? ''**जेहि जाने जग जाइ हेराई। जागे यथा स्वपन भ्रम जाई अस प्रभु अछत**

हृदय अविकारी।'' એ રામ ફક્ત ભક્તના હૃદયની વસ્તુ છે, બહારની નહીં. તમારા હૃદયમાં પણ છે, પણ પ્રસુપ્ત છે. એને જાણવા માટે એક પરમાત્મામાં શ્રદ્ધા, એ પરમાત્માને તમારા હૃદયમાં જાગ્રત કરી દેનાર મહાપુરુષનું સાન્નિધ્ય અપેક્ષિત છે. બહાર નથી કોઈ દેવી, નથી કોઈ દેવતા. બહારની વસ્તુઓની પૂજા કર્યા કરશો તો ક્યારેય કલ્યાણ નહીં થાય અને વસ્તુ પણ ક્યારેય નહીં પામો.-રામાયણનો આ નિષ્કર્ષ છે.

(ણ)

કરોડો દેવીદેવતાઓ એ પરમતત્ત્વ પરમાત્માના અંશમાત્ર છે. કાગભુશંડીજી કહે છે,-''**राम काम सतकोटि सुभग तन। दुर्गा कोटि अमित अरि मर्दन।**'' ભગવાન અબજો કામદેવો જેવા સુંદર છે. કરોડો દુર્ગા સમાન શત્રુનો નાશ કરવા સક્ષમ છે. '**शारद कोटि अमित चतुराई**' અનંત કોટિ સરસ્વતીઓ સમાન એ ચતુર છે. ''**विधि सतकोटि सृष्टि निपुनाई**''-અબજો બ્રહ્મા સમાન સૃષ્ટિરચનામાં નિપુણ છે. ''**विष्णु कोटिसम पालनकर्ता। रुद्र कोटिसत सम संहर्ता॥**'' પાલન કરવામાં કરોડો વિષ્ણુ સમાન અને સંહાર કરવામાં અબજો રુદ્ર સમાન છે. કરોડો ઈન્દ્ર સમાન એમનું ઐશ્વર્ય છે. અબજો કુબેર સમાન ધનવાન છે એ અબજો કામધેનુઓ સમાન ઈચ્છિત પદાર્થો આપવા સક્ષમ છે. કરોડો સૂર્ય પણ એમની સામે આગિયા સમાન છે તો પણ તેઓ પૂજા સૂર્યની કરે છે, પ્રભુની નહીં તમે એ મૂળને શા માટે નથી પકડતા, જેના આ બધાં નગણ્ય અંશમાત્ર છે,-''**तुलसी मूलहि सेइये फूलइ फलइ अघाइ**'' મૂળની સેવા કરશો તો ફલ-વૃક્ષ-પાંદડાં-ફૂલ-ડાળીઓ બધું જ તમારું છે અને પાંદડું પાંદડું તોડતા રહેશો તો વૃક્ષથી (મૂળ પરમાત્માથી) હાથ ધોઈ નાખશો. દેવતાઓ, પથ્થરોમાં, પ્રાણીઓ, પશુ અને પક્ષીઓમાં કલ્યાણને નામે અમૂલ્ય સમય નષ્ટ ન કરો, કોઈ પર ઉપકાર નથી, પોતે જ પોતાનો ઉદ્ધાર કરો.

(ત)

દેવીદેવતાઓની નહીં, હા શકરજીની પૂજા આરંભમાં ભરતજી કરતા હતા. રામના રાજ્યાભિષેક અંગે અયોધ્યામાં ષડ્યંત્ર શરૂ થયું, ત્યારે

ભરતજી નાના-નાનીને ત્યાં હતા રાતે એમને ભયંકર સપનાં આવવા માંડ્યાં. મન દુશ્ચિંતાઓથી વ્યાપ્ત હતું. એના શમન માટે ''**विप्र जेवाइ देहि दिन दाना। शिव अभिषेक करहि विधि नाना॥**'' ભરતજી બ્રાહ્મણ-ભોજન કરાવતા હતા, દાન દેતા હતા, અનેક પ્રકારે શંકરનો અભિષેક કરતા હતા. ''**माँगहि हृदय महेश मनाई। कुशल मातु पितु परिजन भाई॥**'' હૃદયથી શંકરજીને સારી રીતે મનાવીને માગતા હતા કે માતા કુશળ રહે, પિતા કુશળ રહે, ભાઈ અને પરિજન બધા સકુશળ રહે.

મળ્યુ શું? પિતાજી સ્વર્ગલોક ચાલ્યા ગયા, માતા વિધવા થઈ ગયાં, ભાઈ વનમાં ચાલ્યા ગયા અને સાત દિવસ પછી ભરતજી અયોધ્યા પહોંચ્યા, ત્યાં સુધી કોઈના ઘરના ચૂલાય ન પેટ્યા. તો શુ ભગવાન શિવની પૂજા પણ નકામી છે? ના. ''**शिव सेवा कर फल सुत सोई। अविरल भगति राम पद होई॥**'' આદિગુરુ ભગવાન શિવની સેવાનું એકમાત્ર ફળ એ છે કે રામનાં ચરણકમલમાં અવિરત ભક્તિ જાગૃત થઈ જાય. ભગવાન શિવ પોતાની ભક્તિથી એટલા સંતુષ્ટ નથી થતા. એ જ્યારે પણ સંતુષ્ટ થાય છે ત્યારે રામની ભક્તિથી સંતુષ્ટ થાય છે. નાનીમોટી યાચનાઓ પર ધ્યાન ન દઈને એમને ભગવાન રામના અપ્રતિમ ભક્ત બનાવી દીધા. ભગવાન શંકરનું જે કર્તવ્ય હતું તે એમણે આચરણમાં મૂકીને દેખાડ્યું. એ પછી ભરતજીએ આજીવન રામની અવિરત ભક્તિમાં સમય વિતાવ્યો, શિવની નહીં.

આવું જ ઉદાહરણ કાગભુશંડીજીનું છે. પોતાના પાછલા જન્મમાં તેઓ શિવના અનન્ય ભક્ત હતા, બીજા બધાના વિરોધી હતા. એમના ગુરુ દયાળુ હતા, નીતિનિપુણ હતા. કહ્યા કરતા હતા કે શિવની સેવાનું ફળ ભગવાન રામનાં ચરણોનીં ભક્તિ છે. એમનો આ ઉપદેશ કાગભુશંડીજીને ગમતો નહોતો. તેઓ એ ગુરુદેવની અવહેલના કરતા હતા.

એક દિવસ કાગભુશંડીજી શિવના મંદિરમાં બેસીને શંકરજીનું નામ જપી રહ્યા હતા. ગુરુદેવ આવ્યા, પણ કાગભુશંડીજીએ ઊઠીને પ્રણામ ન કર્યા. ગુરુદેવ તો કોમલ-શીતલ સ્વભાવના હતા, પણ ગુરુનું અપમાન

શંકરજી પોતે પણ સહન ન કરી શક્યા. અજગર બની જવાનો અને હજારો જન્મ લેવાનો ને મરવાનો શાપ મળી ગયો. જે શંકરજીનોએ પક્ષ લેતા હતા એ જ શિવ રૂઠ્યા હતા. ગુરુમહારાજને બહુ દયા આવી. ભગવાન શિવજીના અનુગ્રહ માટે પ્રાર્થના કરી. શંકરજી સંતુષ્ટ થયા બોલ્યા, જન્મ તો એણે લેવા જ પડશે, પણ જન્મ અને મૃત્યુની અસહ્ય પીડા એને નહીં થાય. કોઈ પણ જન્મમાં એનું જ્ઞાન નષ્ટ નહીં થાય અને અંતે એ મનુષ્યશરીરમાં રામની ભક્તિ પ્રાપ્ત કરશે.

હતા તો એ શિવના ભક્ત, પણ શંકરજી પ્રસન્ન થયા તો શું આપ્યું? રામની ભક્તિ. અંતિમ જન્મમાં એમના ''**मन ते सकल वासना भागी॥ केवल राम चरण लव लागी॥**'' શિવ-સેવાનું ફળ 'અવિરત ભક્તિ રામ પદ હોઈ'-રામનાં ચરણોમાં મન લાગી ગયું. પછી પ્રાપ્ત થઈ.

(થ)

ભારતમાં આજે પણ શિવપૂજા પ્રતિષ્ઠિત છે. ભગવાન શિવના મંદિર મોટી સંખ્યામાં છે. જો ત્યાં આ કહેવામાં આવે કે ભગવાન શિવે શું ઈચ્છિત મેળવ્યં હતું? એમની વિદ્યા કઈ હતી? એમણે કેવી રીતે તપસ્યા કરી? એમણે શો સંદેશો આપ્યો? આપણે એ કેવી રીતે પ્રાપ્ત કરીએ?,-તો આ શિવ મંદિરો સાર્થક છે. કેવળ એટલું જ શીખવા તમે ત્યાં જાઓ છો. જ્યાં એ ન કહેવામાં આવે કે મહાપુરુષ એ સત્ય કેવી રીતે પામ્યા, તો ત્યાં જવાથી તમને હાનિ થશે, લાભ નહીં થાય, કેવળ ચરણામૃત વહેંચનારાં મંદિરો કાંઈ પણ નથી, છેતરપિંડી છે. ભગવાન શિવના શરણે જે ગયા એને એમણે રામનાં ચરણોમાં સોંપી દીધા. (પ્રેમ આપ્યો) તેઓ સદૈવ રામનામ જપતા હતા,-

तुम पुनि राम राम दिन राती। सादर जपहु अनग अराती॥
काशी मरन जन्तु अवलोकी। जासु नाम बल करउँ विसोकी॥

કાશીમાં શંકરજી પોતાના પરાક્રમથી મુક્તિ નથી આપતા, પણ નામના બળથી જ મોક્ષ પામે છે. એક પરમાત્માના ચિંતન પર જ

શંકરજીએ ભાર મૂક્યો છે.

બરાબર એ જ રીતે હનુમાન એક સંત, હતા. એમનાય જપનું નામ રામ હતું. ''**सुमिरि पवनसुत पावन नामू। अपने वश करि राखे रामू॥**'' પવનસુતે એ પરમ પાવન રામના નામનો જપ કર્યો હતો. હનુમાન-હનુમાન જપવાનું હનુમાને ક્યારેય નથી કહ્યું. એમના જીવનમાં પણ જે અધિકારી ભક્ત મળ્યા, એમના હાથ પકડીને હનુમાનજીએ એમને રામનાં ચરણમાં મૂકી દીધા.

हनुमान सम नहिं बडभागी। नहिं कोउ राम चरन अनुरागी॥

હનુમાન જેવું ભાગ્યશાળી કોઈ નહોતું, તો ભાગ્યનો સ્રોત શો છે? ''**नहिं कोउ राम चार अनुरागी**'' રામના ચરણનો અનુરાગ જ ભાગ્યનો જન્મદાતા છે.

આ બંને મહાપુરુષોની કથાઓથી સ્પષ્ટ થાય છે કે દેવતાઓમાં કેટલાક મહાપુરુષો પણ છે, જે અમારા-તમારા પૂર્વજ રહ્યા છે, પરંતુ કરોડો કલ્પિત દેવતાઓની વચ્ચે એમની સંખ્યા એક ટકો પણ નથી. એમના પ્રત્યે શ્રદ્ધા અપેક્ષિત છે, કારણ કે એમણે કોઈક સમયે સાધના કરીને પરમાત્માસ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. પોતાની પેઢી માટે તેઓ સદ્‌ગુરુ હતા, પરંતુ આજને માટે એમની પૂજાની શાસ્ત્રાજ્ઞા નથી, અને એમના નામજપનીય આજ્ઞા નથી. પણ જો એમ કરે તો એ મહાપુરુષો એને એક પરમાત્મા તરફ તથા તે વ્યક્તિના સમકાલીન સદ્‌ગુરુ તરફ મોકલી દે છે, એટલે તમે આરંભથી જ એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સ્થિર કરો, જેથી તમારો સમય નષ્ટ ન થાય અને એમની પાસેથી પ્રેરણા મેળવતા રહો.

(૬)

ગોસ્વામીજીએ 'રામચરિતમાનસ'ની રચના કરી, તો અંતમાં માનસરોગ પણ દેખાડ્યો કે એના વિરોધી કોણ છે, ''**मोह सकल व्याधिन्ह कर मूला**''-મોહ બધા વ્યાધિઓનું મૂળ છે, કામ વાત છે,

કફ લોભ છે, ક્રોધ પિત્ત છે. કામ-ક્રોધ અને લોભ ત્રણે ભાઈ જ્યારે એક હૃદયમાં એક જગાએ ભેગા થઈ જાય છે ત્યારે વ્યક્તિ સનેપાતના રોગી જેવી હોય છે. ''**अहंकार अति दुखद डमरूआ। तृष्णा उदर वृद्धि अति भारी॥**'' આ રીતે પંદરવીસ રોગોનું ચિત્રણ કર્યું અને અંતે કહ્યું ''**मानस रोग कछु कछुक मैं गाये**'' મેં થોડાક જ માનસરોગોનું વર્ણન કર્યું છે. ''**है सबके लखि विरलन्ह पाये।**'' છે તો બધાંની પાસે કોઈ વિરલા જ એમને ઓળખી શક્યા. તો ભલા આ રોગોથી મુક્તિ કેવી રીતે મળે? આ અંગે કહે છે-

सदगुरु बैद वचन विश्वासा। संयम यह न विषय के आशा॥
रघुपति भगति संजीवनि मूरी। अनुपान श्रद्धा मति पूरी॥
एहि विधि भलेही सो रोग नसाहीं। नाहिं त कोटि जतन नहिं जाहीं॥

સદ્‌ગુરુ જ વૈદ્ય છે, એમનાં વચનોમાં પૂરી શ્રદ્ધા રાખો. ભગવાનની ભક્તિ, (દેવીદેવતાઓની ભક્તિ નહીં, કેવળ ભગવાનની ભક્તિ) એ જ સંજીવની જડીબુટ્ટી છે, અનુપાન માટે સદ્‌ગુરુમાં પૂરી શ્રદ્ધા રાખો. આ વિધિથી પણ ઘણા રોગ નષ્ટ થઈ જાય, નહીં તો કરોડો પ્રયત્નો કરીએ તો પણ રોગ નહીં જાય. જે પ્રયત્નથી રોગ દૂર થવાનો જ નથી, એ તમે કરો છો જ શા માટે? એ પ્રભુની ભક્તિ કેમ નથી કરતા, જેનાથી આ માનસરોગ નષ્ટ થઈ જાય?

(૫)

અત્યાર સુધીમાં તમે સમજ્યા હશો કે અમારા-તમારા ઈષ્ટ કોણ છે. ઈષ્ટ એને કહે છે જે આપણને અનિષ્ટોથી બચાવે. અનિષ્ટ કહે છે ક્ષતિને, નુકસાનને. દૈનિક જીવનમાં નાનાંમોટાં નુકસાન તો થતાં જ રહે છે. કોઈનું માથું દુઃખે છે, નોકરીમાં મુશ્કેલી ઊભી થઈ છે, ક્યાંક ગાડીઓ ટકરાઈ ગઈ વગેરે હેરાનગતીઓ થતી રહે છે. એ જ રીતે લાખો પ્રકારની કામનાઓ મનુષ્યને હોય છે. જે આ તમામ અનિષ્ટોથી બચાવે, કામનાઓથી પૂર્તિ કરે એનું નામ ઈષ્ટ છે.

બધું જ સુરક્ષિત થઈ જાય અને સમૃદ્ધ જીવન પ્રાપ્ત થઈ જાય પછી

પણ શરીર તો ક્ષણભંગુર છે. આજે છે તો કાલને માટે કોઈ ગેરન્ટી આપી શકાતી નથી. એ નશ્વર છે, યોગેશ્વર શ્રીકૃષ્ણનું કહેવું છે, હે અર્જુન! આ આત્મા જ શાશ્વત છે અને શરીર નાશવંત છે. ''**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम।**'' (ગીતા ૯/૩૩). તો પછી તમારો વૈભવ-વિલાસ અહીં જ રહી જશે. કાળ પરાણે ઘસડીને લઈ જશે. શું કોઈ એવોય ઉપાય છે કે આ જન્મ અને મૃત્યુથી પણ પાર પામી લઈએ? એ કોણ છે કે આ ભયંકર અનિષ્ટથી બચાવીને આપણને શાશ્વત સ્વરૂપ પ્રદાન કરે. કાળરહિત સ્થિતિ પ્રદાન કરે, શશ્વત ધામ પ્રદાન કરે. સદા રહે એવી અક્ષય શાંતિ આપે. આ માટે જો કોઈ સક્ષમ હોય તો એકમાત્ર પરમતત્ત્વ, શાશ્વત બ્રહ્મ. એનું સૂચક નામ રામ છે. એનો જપ કરો એ જ ઈષ્ટ છે.

(ન)

એક વાર ભગવાન રામે સભા બોલાવી-

एक बार रघुनाथ बोलाए। गुरु द्विज पुरवासी सब आये॥
बैदे गुरु मुनि अरु द्विज सज्जन। बोल वचन भक्त भव भंजन॥

ગુરુ-મુનિ-દ્વિજ-સજ્જન બધા બેઠા હતા, ત્યારે ભક્તોનું જન્મ-મરણનું દુઃખ દૂર કરનાર રામ બોલ્યા,-

बडे भाग्य मानुष तन पावा। सुर दुर्लभ सदग्रन्थन्ह गावा॥
साधन धाम मोक्ष कर द्वारा। पाइ न जेहिं परलोक सँवारा॥

સદ્‌ભાગ્યથી મનુષ્યશરીર મળ્યું છે. એ દેવતાઓથી પણ દુર્લભ છે. દેવતાઓ સારાં કર્મોનાં ફળ રૂપે ભોગમાત્ર ભોગવે છે. પણ સ્વર્ગ પણ અલ્પ છે. તેથી દેવતાઓ પણ માનવતન માટે આશાવાન છે. આ શરીર સાધનાનું ધામ છે, મુક્તિનો દરવાજો છે. એ મેળવીને જ પરલોક ન સુધારે, તે જન્મજન્માંતરોમાં દુઃખ પામે છે. માથું પછાડી પછાડીને પસ્તાય છે કાલ-કર્મ અને ઈશ્વરને અકારણે દોષ દે છે. વાસ્તવમાં તો જો મનુષ્યશરીર ઉપલબ્ધ હોય અને તે પરલોક સુધારવા માટે પ્રયત્ન ન કરે તો નથી કાળનો દોષ, નથી કર્મનો દોષ અને નથી ઈશ્વરનો. બધો દોષ એનો પોતાનો જ છે.

માણસ ઘણુખરું બેત્રણ બહાનાં દર્શાવે છે કે મારા નસીબમાં જ નથી લખ્યું-નસીબને દોષ દેવો; સમય અનુકૂળ નથી-સમયને દોષ દેવો અને કર્તાહર્તા ભગવાન છે-ઈશ્વરને દોષ દેવો. પણ ભગવાન રામ પોતે કહે છે કે જો માનવતન ઉપલબ્ધ હોય તો આમાંથી કોઈનોય દોષ નથી, દોષ પોતાનો છે. અન્યત્ર કહે છે,-

नर तन भव वारिधि कहँ बेरो। मनसुख मरूत अनुग्रह मेरो॥
करनधार सद्गुरू दृढ नावा। दुर्लभ साज सुलभ करि पावा॥
जो न तरै भवसागर, नर समाज अस पाइ।
सो कृत निंदक मंदमति, आत्महन गति जाइ॥

આ માનવશરીર સંસારસાગર પાર કરવા માટે નાવ છે, જહાજ છે. સદ્ગુરુ નાવિક છે. મારી કૃપા અનુકૂળ પવન છે. આવા દુર્લભ સંયોગ, વ્યવસ્થા પામ્યા પછી પણ જે ભવસાગર પાર નથી કરતો, તે પોતાના પૌરુષનો નિન્દક અકર્મણ્ય છે, મંદમતિ છે અને પોતાના આત્માનો હત્યારો છે.

પણ પાર ઊતરવાના ઉપાય શો છે? તે અંગે કહે છે,

जो परलोक इहाँ सुख चहहूँ। सूनि मम वचन हृदय दृढ गहहूँ॥
सुलभ सुखद मारग यहु भाई। भक्ति मोर पुरान श्रुति गाई॥

જો તમે પરલોક ઈચ્છતા હો, પરમ શ્રેય શાશ્વત ધામ ઈચ્છતા હો, અમૃતતત્ત્વ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો અથવા આ જ લોકમાં પોતાની કામનાઓની પૂર્તિ ઈચ્છતા હો તો મારું વચન સાંભળો અનેરુઢાતાપૂર્વક ધારણ કરો. ભલે એ શું છે? ફક્ત એક જ રસ્તો છે બંનેને માટે કે '**भगति मोरि**' મારી ભક્તિ કરો. શેષનાગની નહીં, કોઈ દેવતાની નહીં, મારી ભક્તિ કરો. આ જ શ્રુતિઓએ ગાયું છે. તેથી ઈષ્ટ કોણ છે? એક પરમતત્ત્વ પરમાત્મા. (એના સિવાય અનિષ્ટોથી બચાવનાર કોઈ છે જ નહીં. આપણી દરિદ્રતાનું કારણ છે કે આપણે એ પ્રભુને નથી માનતા.)

રામનું નામ લેતાં જ ઘણુંખરું બધા જ લોકો ચમકી જાય છે, કે કોણ રામ? 'માનસ'કારે રામનો પરિચય આપ્યો, '**राम ब्रह्म व्यापक**

अविनाशी,' જે વ્યાપક છે, ચિન્મય છે, કણકણમાં છે, અવિનાશી છે, એનું જ બીજું નામ છે રામ. ભલે ઈષ્ટ કોણ છે? એક પરમતત્ત્વ પરમાત્મા. જે એની પર નિર્ભર રહીને પોતાના કાર્યમાં રત રહે છે, એની વરણી કોઈ કારણ વગર જ સમૃદ્ધ કરે છે. એ સુખી દીર્ઘ જીવન પ્રાપ્ત કરે છે. એને સ્નાયુરોગ નથી થતા. એ તાણમુક્ત થઈ જાય છે. ભલે તમે સંસારમાં ફસાયેલા કેમ ન હો, પરલોક અને પરમશ્રેયની વ્યવસ્થા તમારે મોટે સુરક્ષિત છે. યોગેશ્વર શ્રીકૃષ્ણનું કહેવું છે,-અર્જુન! એ નિષ્કામ કર્મમાં, એ પરમાત્મામાં જે નિષ્ઠાપૂર્વક લાગી જાય છે, હજી કાંઈ કર્યું નથી, કેવળ લાગ્યો જ છે, તો પણ અર્જુન! એ પુરુષનો ક્યારેય વિનાશ નથી થતો. આ પથમાં આરંભનો ક્યારેય નાશ નથી થતો. તમે સારી રીતે બીજારોપણ કરી લો તો એ પરમશ્રેય સુધી પહોંચાડીને જ રહેશે. કામનાઓ ફક્ત બાધાઓ ઊભી કરે છે, સત્યના અનુષ્ઠાનને નષ્ટ નથી કરી શકતી. તેથી 'માનસ' અનુસાર એક પરમતત્ત્વ પરમાત્મા જ ઈષ્ટ છે.

દેવી-દેવતાઓ ભ્રાંતિ છે. 'માનસ' અનુસાર એક પણ સ્થળ એવું નથી, જ્યાં એમની પૂજાની શાસ્ત્રાજ્ઞા હોય અને ન પૂજવાવાળાઓને જ સફળતા મળી છે. પણ દુર્ભાગ્યની વાત એ છે કે આ ભ્રાંતિઓ આપણને વારસામાં મળી છે અને આપણે એની દાંડી પીટતા રહીએ છીએ. દુઃખદ છે કે વિરક્ત મહાત્મા પણ એ જ વારસામાં મેળવેલા ચીલે ચાલતા રહે છે. કહે છે કે રામકૃષ્ણ પરમહંસજી કાલીની પૂજા કરતા હતા, પણ એમણે આ જ પૂજા પોતાના અનન્ય શિષ્ય વિવેકાનન્દને ન શીખવી. વિવેકનન્દના આદેશમાં તમને ક્યાંય દેવીનું નામ નહીં મળે.

અયોધ્યાવાસીઓ પણ ચિત્રકૂટમાં આ જ ચીલે ચાલતા દેખાય છે. જ્યારે તેઓ રામને મનાવવા ગયા ત્યારે ''**गनप गौरी त्रिपुरारि तमारि**''ની પૂજા કરતા હતા, પરંતુ રામના રાજ્યાભિષેક અને એમની સભા પછી એ અયોધ્યાવાસીઓ પોતાનાં બાળકોને પણ શીખવે છે,- ''**भजहु प्रणत प्रतिपालक रामहि**''-જેઓ ભક્તનું રક્ષણ કરે છે એવા રામને ભજો. જેમ પાંપણો આંખની કીકીની રક્ષા કરે છે, એ જ રીતે, રામને તમે ભજો. સ્વયં એમના દ્વારા દેવતાઓને પૂજવાનો પ્રશ્ન જ નથી ઊઠતો.

આ રીતે તમે જૂઓ છો કે ગીતાના જ સ્વરોમાં 'શ્રી રામચરિતમાનસ'માં ગોસ્વામી તુલસીદાસજીએ આરંભથી અંત સુધી ક્રમેક્રમે એક પરમાત્મા પર જ ભાર મૂક્યો છે અને ઉત્તરકાંડના અંતમાં તો નિષ્કર્ષ કાઢ્યો છે,-''**सोई कवि कोविद सोइ रणधीरा। जो छल छहि भजई रघुवीरा।**'' વગેરે કેટલીય ચોપાઈઓમાં અભિવ્યક્ત થયું છે કે એ જ કવિ છે, પંડિત છે, રણધીર છે, જેનું મન રામમાં અનુરક્ત છે. એ જ કુલધર્મપરાયણ છે, નીતિનિપુણ અને પરમ શાણો છે, દક્ષ તથા બધા ગુણોથી યુક્ત છે અને વેદનો સિદ્ધાંત એણે જ સારી રીતે જાણ્યો છે જેનું મન રામમાં અનુરક્ત છે.

આમ છતાં પણ, કોણ જાણે કેમ, લોકો રામની આરાધના નથી કરતા. વ્યાસ લોકો રાતદિવસ કથા તો રામાયણની કહેશે, પણ આચરણના વખતે ચાળીસા વાંચશે, સપ્તશતીનો પાઠ કરશે. કાંઈ નહીં તો આ રામાયણના સંદેશ પર તો ધ્યાન દઈ આચરણ કરવું જોઈએ. આજ સુધી નથી કરી શક્યા તો હવે સમજીએ અને જનતાને સમજાવવાનો પ્રયત્ન કરીએ. 'માનસ'ની છેલ્લી પંક્તિઓ સુધી ગોસ્વામીજી તમને આ જ આગ્રહ કરી રહ્યા છે કે બીજા કોઈની નહીં, ''**रामहि सुमिरिय गाइय रामहि। संतत सुनिय राम गुण ग्रामहि॥**'' રામનું જ સ્મરણ કરો, એમનું જ ગાન કરો, અને એમના જ ગુણસમૂહોનું શ્રવણ કરો.

सुंदर सुजान कृपा निधान अनाथ पर कर प्रीति जो ॥
सो एक राम अकाम हित निर्वानपद प्रभु आन को ॥

સુંદર, સુજાણ, કૃપાનિધાન અને અનાથોને પ્રેમ કરનારા એકમાત્ર રામ છે, એમની જેમ નિસ્વાર્થપણે હિત કરનાર અને નિર્વાણ (મોક્ષ) દેનાર પણ બીજું કોણ છે?

સ્વયંસિદ્ધ અને ઈષ્ટની જગાએ અનેક ઈષ્ટ બનાવીને આજે આપણે બધા વીખરાઈ ગયા છીએ. શાશ્વત એકમાત્ર પરમાત્મા છે. આપણામાંથી જે કોઈ પણ નશ્વરની પૂજામાં પડ્યા છે તેઓ નાસ્તિક છે. એ અસ્તિત્વવિહીનોની પૂજા કરવી-કરાવવી, એને પ્રોત્સાહન આપવું એ નાસ્તિકતા વધારવા જેવું છે. બ્રહ્માથી માંડીને યાવન્માત્ર પરિવર્તનશીલ

જગતની વચ્ચે એક પરમતત્ત્વ પરમાત્મા જ અવિનાશી અમૃતસ્વરૂપ છે. તેથી એ સમસ્ત જગતના પૂજ્ય (ઈષ્ટ) છે. એમની સમાજમાં હંમેશાં જરૂર છે અને બધાને જરૂર છે. તેથી બધું કરતાં કરતાં જો આપણે એક પરમાત્મામાં શ્રદ્ધા અને એ પરમતત્ત્વ પરમાત્માના સૂચક બે-અઢી અક્ષરના નામ ૐ અથવા રામનું સ્મરણ કરીએ તો આપણે આસ્તિક છીએ, કારણ કે આપણે અસ્તિત્વની પૂજા કરીએ છીએ. એ ભક્તિની શરૂઆત પરમાત્મામાં શ્રદ્ધા અને એમના નામના જપથી થાય. હા, એની પ્રાપ્તિ સદ્‌ગુરુથી થાય, જ્યાં આ ક્રિયા અનુભવગમ્ય અને સૂક્ષ્મ થઈ જાય છે.

સૃષ્ટિમાં ભગવાન એક જ છે, બે હોઈ જ ન શકે, અનેક હોઈ જ ન શકે. એ કણકણમાં વ્યાપ્ત છે. જો બીજો ભગવાન હોય તો એને માટે બીજો સંસાર જોઈએ, વ્યાપ્ત થવા માટે. એ પ્રભુ રહે છે ક્યાં,-''**अस प्रभु हृदय अक्षत अविकारी। सकल जीव जग दीन दुखारी॥**'' પ્રભુ બધાના હૃદયમાં વાસ કરે છે; પણ દેખાતો નથી. બધા એને જોવાની વિધિ દેખાડે છે,-''**नाम निरुपण नाम जतन ते। सो प्रगटत जिमि मोल रतन ते॥**'' પહેલાં નામ બરાબર સમજવું કે નામ કેવું છે? એનો જપ કેવી રીતે કરાય? શ્વાસમાં ઊઠતી ધૂન કેવી રીતે પકડમાં આવે? એનો પ્રેરક કોણ છે? જ્યારે સમજ કામ કરી લે ત્યારે એને માટે પ્રયત્ન કરો. લોહી-પસીનો એક કરીને એ પરમાત્માને જાણી લો, એ પ્રગટ થઈ જશે.

એ પરમાત્મા એક ધામ છે અને એમાં પ્રવેશવાનું માધ્યમ છે સદ્‌ગુરુ જ,-''**गुरु राखई जो कोप विधाता गुरु रुठे नहीं कोउ जग त्राता**'' જો નસીબ ફૂટી જાય, ઘોર યાતાઓ આવી પડે, ત્યારે પણ સદ્‌ગુરુ રક્ષા કરી શકે છે અને જો સદ્‌ગુરુ જ ઉપલબ્ધ ન હોય તો ભગવાન નામની કોઈ વસ્તુ ઓળખી શકાતી નથી. ભગવાન હૃદયદેશમાં જ છે, પણ જો સદ્‌ગુરુ ન હોય તો એને ઓળખી ન શકાય. આ રીતે જે ગુરુ એકમાત્ર પરમાત્માની ઉપલબ્ધિની ક્રિયા નથી જાણતા, જે સત્યમાં પ્રવેશ કરનારા નથી, જે એ ક્રિયાને તમારા-મારા હૃદયમાં જાગ્રત કરવામાં, અનુભવી જાગૃતિ દેવામાં સક્ષમ નથી, તે સદ્‌ગુરુ નથી, કુલગુરુ છે. જ્યાં સુધી સદ્‌ગુરુ ઉપલબ્ધ નથી ત્યાં સુધી એ એક પરમાત્માના સૂચક બે-અઢી અક્ષરના નામ અને એક પરમતત્ત્વ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા જો તમારામાં

હોય તો તમારું સ્મરણ, ભક્તિ અને ઈષ્ટ સાચાં છે. આ શ્રદ્ધા, તમારા ભાવનું એક પરમાત્મામાં કેન્દ્રીકરણ, એક સ્થલ પર સ્થિરીકરણ જ તમારા પુણ્ય અને પુરુષાર્થ બની જશે. એ સાથે જ એ આત્મા જાગ્રત થઈને જ્યાં સદ્‌ગુરુ છે એમની સાથે મેળાપ કરાવી દેશે અને સદ્‌ગુરુ મળે તો યૌગિક ક્રિયાની જાગૃતિ તમારા હૃદયદેશમાં થઈ જશે! અનુભવ, સંકેત, ઈષ્ટના આદેશ તમને મળવા માંડશે, જે આત્મા પ્રસ્તુત છે, તટસ્થ છે, તે જાગ્રત થઈ જશે.

આજે કહેવાય છે કે ઈશ્વર હૃદયમાં વાસ કરે છે, પણ ચાર-છ મહિના જે કોઈ એવા તત્ત્વદર્શી મહાપુરુષની સેવા, એમના દ્વારા દેખાડાયેલી તૂટીફૂટી સાધના તમારાથી પાર પડે તો એ જાગ્રત થઈ જશે. તમારી સાથે વાત કરવા માંડશે, તમને માર્ગદર્શન કરશે. એ પ્રભુ તમને ચલાવશે, એમના જ આદેશ અનુસાર ચાલીને સાધક એમને પ્રાપ્ત કરે છે,-''**न अयम अत्मा प्रवचनेन लभ्य।**'' નથી આ આત્મા પ્રવચનથી પ્રાપ્ત થતો કે નથી વિશિષ્ટ બુદ્ધિથી પ્રાપ્ત થતો, નથી બહુ સાંભળવા-સમજવાથી પ્રાપ્ત થતો, પણ લાખો ભાવિકોમાંથી જે કોઈ એકની એ પસંદગી કરી લે છે, જેના હૃદયથી જાગ્રત થઈને આંગળી પકડીને ચલાવવા માંડે છે, એ જ એમના માર્ગદર્શનમાં ચાલીને એને પ્રાપ્ત કરે છે અને આંગળી ત્યારે પકડશે કે જ્યારે એકમાત્ર પરમતત્ત્વ પરમાત્મામાં શ્રદ્ધા બેસે અને તત્ત્વદર્શી સદ્‌ગુરુ ઉપલબ્ધ થાય. વિચારવિમર્શ માટે તમારું અને તમારા અમૂલ્ય વિચારોનું સદા સ્વાગત છે.

॥ ૐ ॥

કર્મકાંડ

કર્મકાંડ અંધશ્રદ્ધા નથી,
અનિવાર્ય આવશ્યકતા છે,
જન-જનના હૃદયમાં એને પહોંચાડવાનો
પુરોહિતજનોનો ઉદ્દેશ છે.

- સ્વામી અડગડાનન્દજી

કર્મકાંડ

મનુષ્યના જીવનમાં બનતી દરેક ઘટના એક કાંડ છે અને દરેક ઘટના પર કર્તવ્યનો બોધ કરવો એ કર્મકાંડ છે. ઘટના દરેક પરિવારમાં બને છે. ક્યાંક જન્મ થાય છે તો કોઈ મરે છે. ક્યાંક લગ્ન થાય છે તો કોઈનું અન્નપ્રાશન. કોઈનું ગૃહનિષ્ક્રમણ છે તો કોઈનો ગૃહપ્રવેશ. ભારતીય મહાપુરુષોએ ભારતીય જીવનમાં બનતી સ્વાભાવિક ઘટનાઓમાંથી પંદરસોળ પસંદ કરી અને આ અવસરોએ દરેક પરિવારમાં જઈને એ એક પરમાત્માના આંશિક આકારનું બીજારોપણ કરવા માટે ષોડશ સંસ્કારોની શાસ્ત્રાજ્ઞા કરી દરેક બાળકમાં ગર્ભાવસ્થાથી જ એક પરમાત્માના સંસ્કાર કરવા તથા એ એક પરમાત્માને પામવા એ જ તમારું કર્મ છે,-આ કર્મનો બોધ કરાવવો, બસ આટલા જ શુદ્ધ કર્મકાંડ છે.

વૈદિક યુગમાં ઘરેઘરે જઈને શાશ્વત એકમાત્ર પરમાત્માનો બોધ કરવો એ પુરોહિતનું કર્તવ્ય હતું. ઉપર્યુક્ત અવસરોએ વેદના પુરુષસૂક્તની ઋચાઓ વાંચવામાં આવતી હતી એ સાથે જ મનુષ્યને પ્રિય એવી વસ્તુઓ, પ્રિય ભોજન, પાન, નવાં વસ્ત્ર, સુગંધી વગેરે આપવામાં આવતાં હતાં જેથી આ વસ્તુઓનો ઉપયોગ કરતી વખતે એક પરમાત્માને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય સદાય યાદ રહે. દરેક વસ્તુને ધારણ કરતી વખતે પરમાત્માની વિભૂતિઓનું સ્મરણ થતું રહે. આ મંત્રોના અંતે અર્ઘ્ય, પાદ્યં, નૈવેદ્યં કહીને ભગવાનના હાથપગ પંપાળવાની ભાવના કરતા હતા અને દરેક વસ્તુ એ પ્રભુને માટે હોય છે. બીજે ક્યાંય ન તો ભગવાનના હાથપગ ધૂએ છે કે ન પોતાના હાથ ધૂએ છે, પણ યજમાન અબોધ હોવાથી, જે પરિવારમાં કાંડ થાય છે, એના મુખ્ય પુરુષના હાથપગ ધોવડાવે છે, જેનો આશય કેવળ એટલો જ છે કે હાથ ધોતી વખતે, પગ ધોતી વખતે, પાણી પીતી વખતે, ભોજન કરતી વખતે, વસ્ત્ર, ગંધ, શય્યા એટલું જ નહીં દરેક માંગલિક વસ્તુના ઉપયોગમાં એ પરમ પ્રભુની વિભિન્ન અવસ્થાઓ (વિભૂતિઓ)નું ચિંતન થતું રહે. એ વસ્તુઓ હૃદયમાં સ્થિત પરમાત્માને અર્પિત કરાય છે; હાથપગ ધોવડાવાય છે, જેથી દરેક બાળક એ સમજી લે કે કોઈક પરમાત્મા પોતાની ભીતર છે, જેનાં દર્શન કરવાનાં છે જેથી માનવમાત્ર પ્રત્યેક બાળક એ સદા રહેનારા શાશ્વત પરમાત્માનો

બોધ પામે. સાર્વભૌમ કલ્યાણ થઈ શકે, એ લક્ષ્યથી ભટકવાની તક ન મળી રહે.

કાલાન્તરે ઈશ્વરને સદાય સ્મરણમાં રાખવાની ભાવનાને નામે બુદ્ધિજીવી વર્ગવિશેષે પોતાના જીવવા-ખાવા માટે દૈનિક જીવનની પ્રત્યેક ક્રિયાને કાંડની સંજ્ઞા આપીને બૃહત્ કર્મકાંડની રચના કરી દીધી, જેમાં શૌચક્રિયાનો મંત્ર, સ્નાન કરવાનો મંત્ર, વિધિનિષેધ અને એના પાલનમાં ભૂલ થતાં પ્રાયશ્ચિત્તરૂપે દાન લેવાનું ક્ષેત્ર વિસ્તૃત બનાવાયું. હૃદયસ્થ એક પરમાત્માની શોધને બદલે અનેક દેવદેવીઓની પૂજાને કર્મ ઘોષિત કરીને તે સંબંધમાં પૂજનવિધિઓના કર્મકાંડરૂપે પસાર કરાયો. પરમાત્માને જાણવાની ક્રિયા દૂર થઈ ગઈ, અનુષ્ઠાન અને મંત્રપાઠ કરવાનું જ રહી ગયું. એક ધર્મને બદલે સંકુચિત સાંપ્રદાયિક સંગઠનો બની ગયાં. શાશ્વતનો પૂજારી નશ્વરની પાઠળ દોડવા માંડ્યો.

ઈંડાની સુરક્ષા માટે જે કોચલું આરંભમાં આવશ્યક હોય છે, તેને બચ્ચાના જન્મ માટે તોડી નાખવું એ એનાથીય વધુ જરૂરી છે; નહીં તો બચ્ચું એમાં ગૂંગળાઈને મરી જાય. એ જ રીતે પૂર્વજોએ જે કોઈ પરિસ્થિતિમાં આ કુપ્રથાઓને સહન કરી એ પરિસ્થિતિઓ હવે નથી રહી. સામાજિક શિષ્ટાચાર તથા રહેણીકરણીના દરેક ઉપયોગી-બિનઉપયોગી નિયમને ધર્મ કહીને જનતાને ભુલાવામાં નાખવામાં હવે કોઈ ઔચિત્ય નથી રહ્યું. સદીઓ પહેલાંની સુખી ભૌતિક જીવનની વ્યવસ્થા જનાદેશ પર આધારિત રાજ્યના હાથમાં ચાલી ગઈ. જેથી એ સ્પષ્ટ કરવું જરૂરી થઈ ગયું છે કે ધર્મની અંતર્ગત કેવળ એક બાબત આવે છે-આવાગમનરહિત શાશ્વત શાંતિની શોધ કરવી. આ શાંતિ સર્વત્ર વ્યાપ્ત એ એક શાશ્વત પરમાત્મામાં જ છે, જેને શોધવા માટે દરેક મનુષ્યે પોતાના હૃદયમાં ઊતરવાનું છે.

આ જ એક પરમાત્માની વિભૂતિઓનું સરસ ચિત્રણ વેદના પુરુષસૂક્તમાં છે. પુરુષસૂક્ત નામકરણ પણ વિશેષ અર્થ ધરાવે છે,- '**पुरःशेते इति पुरुषः**'-એ હૃદયરૂપી પુરમાં વસે છે, તેથી એ પરમપુરુષને શોધવાનું સ્થળ હૃદયદેશ છે, બહાર નહીં, પરંતુ જનસામાન્યની ભાષા સંસ્કૃત ન હોવાથી લોકો તેનો આશય સમજી શકતા નથી.

તેથી પ્રત્યેક પુરોહિતે આ ઋચાઓનો આશય સ્થાનિક બોલચાલની ભાષામા સમજાવીને બોધ કરાવવો જોઈએ કે પરમાત્મા એક છે, એ જ શાશ્વત છે. બ્રહ્માથી માંડીને યાવન્માત્ર જગત નાશવંત છે. બ્રહ્માથી ઉત્પન્ન થયેલાં દેવદેવીઓ પણ '**क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति।**' પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં આવી પડે છે, પરવશ છે, એમની ભક્તિ અવિધિપૂર્વક થાય છે, તેથી દેવદેવીઓની પૂજા બંધ કરીને એક પરમાત્મા પ્રત્યે આસ્થાવાન થાઓ. વેદના ઋષિ કહે છે,-

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेकआसीत।
स दाधार पृथ्वीन्यामुते मां, कस्मै देवाय हविषा विधेम्?

(ઋગ્વેદ. ૧/૧૨૧/૧)

અર્થાત્ સોના જેવા ચમકતા પરમાત્મા સૌથી પહેલાં ઉત્પન્ન થયા. પેદા થયેલાં બધાં પ્રાણીઓના એ જ એકમાત્ર પતિ થયા. એણે જ પૃથ્વી અને આકાશ ધારણ કયા. એના સિવાય કયા દેવની હવિ દ્વારા પૂજા કરવી?

સ્પષ્ટ છે કે એકમાત્ર પરમાત્માને પામવા એ આપણું સૌનું કર્તવ્યકર્મ છે. આ જ નિયત કર્મનું ક્રમબદ્ધ વર્ણન ગીતામાં છે, જેની અંતર્ગત દૈવી સંપદા નામક સદ્‌ગુણોનો વિકાસ કરવો, એકાંતનું સેવન, શ્વાસ-પ્રશ્વાસ દ્વારા ૐ અથવા ભગવાનના બેઅઢી અક્ષરના કોઈ નામનો જપ, ઈન્દ્રિયનું દમન, મનનું શમન, સતત ચિંતન, યુક્તાહાર-વિહાર અને તત્ત્વદર્શી મહાપુરુષના શરણે જવાનું હોય છે. આ જ ક્રિયા કરતા રહીને હૃદયસ્થ પરમાત્માને પામવા સિવાય મૃત્યુને જીતવાનો બીજો કોઈ રસ્તો નથી.

સાધનસંપન્ન પૂર્વજો જે શાશ્વત સત્ય પામ્યા હતા, એ પરમપુરુષ આ જ હૃદયસ્થિત પરમાત્મા છે. દરેક પરિવારમાં વારંવાર જઈને એમણે આ જ શાશ્વત સત્ય દૃઢ કર્યું હતું અને આજે પણ જેઓ સત્યને દૃઢ કરે છે, તેઓ જ શ્રદ્ધાપાત્ર છે. દક્ષિણા એનું મૂલ્ય નથી, કૃતજ્ઞતા દર્શાવવા માટે છે. એને બદલે એમને દક્ષિણા આપવી એ શાશ્વાત સત્યને કાયમ રાખવાને

વાસ્તે છે, જેથી જન-જન સુધી આ જાણકારીના વાહકને પ્રોત્સાહન મળે.

કેટલાક પ્રદેશોમાં માલ્ય-ગંધ ઇત્યાદિ અર્પિત કરતી વખતે પુરુષસૂક્તથી જુદા વૈદિક તથા વૈદિક મંત્રપાઠની પણ પરંપરા છે. ઉદાહરણાર્થ-

त्वां गन्धर्वोऽ अत्खनस्त्वंमिन्द्रस्त्वां बृहस्पतिः।
त्यामोषधे सोमो राजा विद्वान यक्ष्मादमुच्यतः॥

હે ઔષધિ! તને ગન્ધર્વે, ઈન્દ્રે અને બૃહસ્પતિએ ખણી. વિદ્વાન સોમ તમારા દ્વારા રાજ્યક્ષ્માથી મુક્ત થયો.

औषधीः प्रतिमोध्वं पुष्पवती प्रसूवरी।
अश्वाऽइव सजित्वरी र्व्वीरुधः पारयिष्णवः॥

હે વૃદ્ધિ પામતી ઔષધિઓ! ફૂલો ને ફળોવાળી થઈને આનંદિત રહો. ઘોડાની જેમ તેજ ગતિથી અને દુઃખોથી પાર ઉતારો.

धूरसि धूर्व्व धूर्व्वतं धूर्व्वतयोस्मान्धूर्व्वति तं धूर्व्वयं धूर्व्वामः ॥
देवानामसि वह्नि तम मे सस्नितमे पप्रितमे जुष्ट मतन्देवहूतमम् ॥

તમે સૌને કંપાવનારા છો. જે અમને કંપિત કરે છે, એને નષ્ટ કરો. અમે જેનો વિરોધ કરીએ છીએ એને પણ નષ્ટ કરો. તમે દેવતાઓનાં વાહન, સામર્થ્યવાન, પૂર્ણ સેવનીય તથા દેવો દ્વારા આવાહિત છો.

ये तीर्थानि प्रचरन्ति शस्त्रहस्ता निषंगिणः ।
तेषां सहस्त्र योजनेव धन्वानि तन्मसि ॥

શસ્ત્રધારી-ભાથાધારી જે લોકો અમારાં તીર્થોને દૂષિત કરે છે, એમને ધનુષ્યથી છૂટેલા બાણોની જેમ હજારો યોજનો દૂર કરી દો.

ધનુષ્યબાણ અને ઘોડાનો એ સમયમાં ભલે કોઈ ઉપયોગ રહ્યો હોય, આજના યુગમાં એનાથીય શ્રેષ્ઠ આવિષ્કાર થઈ ચૂક્યા છે. આ મંત્રોથી ન તો પરમપુરુષનો મહિમા વ્યક્ત થાય છે કે ન તો આજના

વૈજ્ઞાનિક યુગના અસ્ત્ર-શસ્ત્ર સામે એ સમાજનેય કામ આવે છે. કોઈકે ઔષધિ શોધી, પરીક્ષણ કર્યું અને રોગીને નિરોગી કર્યો, પણ હાથ જોડવાની આ ઔષધિ શું આપે? તે ઘોડાની જેમ દોડીને નહીં આવે; એ ત્યારે ફાયદો કરશે, જ્યારે પ્રયોગશાળામાં એનું પરીક્ષણ કરાય. જે ચિકિત્સાપ્રણાલીએ શોધ ચાલુ રાખી, એ આજે આગળ થઈ ગઈ. કોઈ જડીબુટ્ટીએ ફાયદો કર્યો હોય તો એને દેવતા માની લઈને હાથ જોડીને બેસી રહેવું એ મંદબુદ્ધિની ભેટ છે. 'જે અમને કંપાવે છે એને નષ્ટ કરો.'-આ કોઈ ધાર્મિક મંત્ર નથી, માત્ર વ્યક્તિગત સુરક્ષા છે. ધનુષબાણથી આજે રક્ષા નહીં થાય. આજે એ રીતો સમાપ્ત થઈ ગઈ છે. ચીલેચીલે ચાલવાથી શું થશે? જો પાઠ કરવો હોય તો શિક્ષાપદ, સદા રહેનાર શાશ્વત ઋચાઓનો પાઠ કરો, જે મુક્તિની સંદેશવાહક છે.

હવે એ પ્રભુના મહિમાસૂત્રોનું અવલોકન કરીએ, જેમનું સ્મરણ કરવું જોઈએ,-

अथ पुरुष-सुक्तम्

ॐ सहस्त्रशीर्षाः पुरुषः सहस्त्राक्षः सहस्रपात्।
स भूमि विश्वतो वृत्वात्यतिष्ठद्दशांगुलम्॥१॥

એ પરમપુરુષ સહસ્ર મસ્તક, સહસ્ર નેત્ર અને સહસ્ર ચરણવાળો છે. એ વિશ્વની સમસ્ત ભૂમિને બધી બાજુએથી વ્યાપ્ત કરીને પંચસ્થૂલ ભૂત અને પંચસૂક્ષ્મ (રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ) આ દશના માનદંડમાં નિવાસ કરે છે, અર્થાત્, હૃદયદેશમાં સ્થિત છે. એવા પ્રભુની હું કામના કરું છું. એમનું આવાહન કરો-

ॐ पुरुष एवेदं यद्भूतं यच्च भाव्यम्।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति॥२॥

ભૂત, ભવિષ્ય અને વર્તમાન-આ બધા પરમપુરુષ જ છે. તેઓ જ અમરત્વના સ્વામી છે. ઈશ્વરીય ચિંતનરૂપી અન્નથી એ વૃદ્ધિ પામે છે. સામાન્ય અન્ન શરીરનું પોષણ કરે છે, પણ આત્માને પોષક અન્ન

ચિંતન છે. જેનાથી હૃદયસ્થ ઈશ્વર વૃદ્ધિ પામે છે. વસ્તુતઃ પરમાત્મા ઘટતા-વધતા નથી, પણ સાધક માટે આમ જ છે. આસન જમાવવું.

ॐ एतावानस्य महिमातो ज्यायांश्च पुरुषः।
पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृत दिवि॥३॥

ભૂત, ભવિષ્ય અને વર્તમાન સાથે સંબંધિત આ સમગ્ર બ્રહ્માંડ એ પરમપુરુષનો વૈભવ છે અને એ આ બધાં કરતાંય શ્રેષ્ઠ છે. આ સર્વ આકાશ-પૃથ્વી આદિ ચરાચર જગત આ પરમાત્માનો એક અંશ છે, તથા ત્રણ અંશ અમૃત અને જ્યોતિસ્વરૂપ છે. તેથી એ જ એક ધારણ કરવા યોગ્ય છે, અન્ય નહીં. પગ પખાળવા.

ॐ त्रिपाद्वर्ध्व उद्वैत पुरुषः पादोऽस्येहाभवत्पुनः।
ततो विश्वङ्व्यक्रमात साशनानशने अभि॥४॥

ઉપર્યુક્ત ત્રણ અંશોવાળા પરમપુરુષ ઉત્તમ મુક્તિસ્વરૂપ છે, જે સંસારથી પૃથક્ પ્રગટ થાય છે. એમના એક ચરણમાંથી જ સંપૂર્ણ જગત ઉત્પન્ન થાય છે અને એ જ સમગ્ર જડચેતનમાં વ્યાપ્ત છે. મુક્તિ એમની જ પાસે છે. અર્ઘ્ય આપો, મુખ ધોવડાવો.

ॐ तस्माद्वि राङज्यात विराजो अधि पुरुषः।
स जातो अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुरः॥५॥

એ જ પરમપુરુષમાંથી વિરાટ બ્રહ્માંડ પેદા થયું અને એ જ આ વિરાટના અધિપુરુષ થયા. એ ઉત્પન્ન થઈને અત્યાધિક પ્રકાશિત થયા. પછી એમણે ભૂમિ અને શરીર ઉત્પન્ન કર્યાં. તેથી એમને જાણવા જોઈએ. સ્નાન કરાવો.

ॐ यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत।
वसन्तोऽस्यासीदाज्यं ग्रीष्मःइध्म शरद् हविः॥६॥

દેવતાઓએ એ પુરુષમાં જ હવિની ભાવના દ્વારા યજ્ઞ પૂર્ણ કર્યો. આ યજ્ઞમાં વસંત ઘૃત, ગ્રીષ્મ ઈંધણ અને શરદ હવિ હતી. આ રીતે

દિવ્ય વૃત્તિઓએ પ્રત્યેક વસ્તુમાં એનું ચિંતન કરીને એને જાણ્યો. તેથી સદાય એનું જ એકનું ચિંતન કરવું જોઈએ. વસ્ત્ર પહેરાવો.

ॐ तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः।
तेन देवा अजयन्त साध्या ऋषयश्च ये॥७॥

દેવાઃ અર્થાત્ દૈવી સંપદાને હૃદયમાં ઉતારનાર સાધ્ય, સાધ્યાઃ પરમાત્મા માટે સાધના કરનાર યોગાભ્યાસી તથા કવયઃ અર્થાત્ મનનો નિરોધ કરનાર જ્ઞાની લોકોએ શરીરસ્થ પુરુષને સાધના દ્વારા વિશુદ્ધ કર્યો, એને અગ્રજન્મા અર્થાત્ અગ્રગણ્ય બનાવ્યો, પુરુષોત્તમ બનાવ્યો. આ રીતે યજન કરીને, આત્મશોધન કરીને બધાએ મોક્ષ પ્રાપ્ત કર્યો. તમારે પણ આ જ કરવું જોઈએ. ગંધ આપો.

ॐ तस्माद् यज्ञात् सर्वहुतः सम्भृतं पृषदाज्यम्।
पशून्तांश्चक्रे वायव्यानारायण्यान् ग्राम्याश्च ये॥८॥

જેમાં બધું જ હવન કરી દેવાયું હતું, એવા એ યજ્ઞમાંથી પ્રશસ્ત ઘી ઉત્પન્ન થયું-આવિષ્કાર પામ્યું. એ પરમપુરુષે યજ્ઞમાંથી જ વાયુમાં રહેનારાં, ગ્રામમાં રહેનારાં, વનમાં રહેનારાં તથા બીજાં પશુઓને ઉત્પન્ન કર્યાં. બધાંમાં એ જ પરમપુરુષનો પ્રકાશ છે. મલ્યાર્પણ કરો.

ॐ तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे।
छन्दासि जज्ञिरे तस्माद् यजुस्तस्मादजायत॥९॥

જેમાં બધું જ હવન કરવામાં આવે છે એ જ યજ્ઞમાંથી ઋગ્વેદ અને સામવેદ પ્રગટ થયા, એમ્ાંથી અથર્વવેદ પ્રગટ થયો. એમાંથી યજુર્વેદ અર્થાત્ યજન કરનાર મંત્રોની પણ ઉત્પત્તિ થઈ. આ રીતે વેદોનું પણ મૂળ યજ્ઞ છે, યજ્ઞ દ્વારા પરમપુરુષને જાણવા જોઈએ. ધૂપ આપો.

ॐ तस्माश्वा अजायन्त ये के चोभयादतः।
गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः॥१०॥

એ જ પરમપુરુષમાંથી ઘોડા ઉત્પન્ન થયા. એ ઉપરાંત બંને તરફ

દાંતવાળા, ગાય, બકરી વગેરે અન્ય પશુપક્ષી ઉત્પન્ન થયાં. બધાંની ઉત્પત્તિ એ જ પરમાત્મામાંથી છે. એ એકમાત્ર પરમેશ્વર પર વિશ્વાસ રાખવો જોઈએ, બીજું કોઈ પૂજનીય નથી. અત્તર લગાડો.

ॐ यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन्।
मुखं किस्मस्य कौ बाहू का ऊरू पादा उच्येते॥१०॥

જે પુરુષનું વિધાન કરવામાં આવ્યું, એ પરમપુરુષની કલ્પના વિચારકુશળ પુરુષોએ કેટકેટલા પ્રકારે કરી, એનું મુખ કેવું હતું, બાહુઓ કેવા હતા, પગ કેવા હતા? હવે એ દર્શાવવામાં આવે છે,-સામયિક ફળ આપો.

ॐ ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्य कृतः।
ऊरू तदस्य यद् वैश्यः पदभ्यां शूद्रो अजायत॥१२॥

બ્રાહ્મણ એનું મુખ હતું, ક્ષત્રિય બંને ભુજાઓ બન્યા. એની જે બે જાંઘ હતી, એ જ વૈશ્ય થઈ અને પગમાંથી શૂદ્ર જન્મ્યા. દ્રવ્ય ચડાવો.

(ખાસ ધ્યાન આપવા જેવી વાત છે કે કેવળ શૂદ્ર જ જન્મે છે, કારણ કે ઉત્પત્તિકાળમાં ભક્તિ જ શૂદ્ર સ્તરની હોય છે. વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ સ્તર વિકાસથી થઈ જાય છે. જે ભક્તિ નથી કરતા તે તો શૂદ્ર પણ નથી, તે જડ જીવ માત્ર છે. સાધનાની આ ચાર શ્રેણિઓ પાર કરી લીધા પછી સાધક બ્રાહ્મણ પણ નથી રહેતો. '**न ब्राह्मण न क्षत्रिय न वैश्यो न शूद्रः चिदानंद रूपो शिवो केवलोऽहम्**'ની સ્થિતિ આવી જાય છે.)

આ ખોટી વાત છે કે આ સોપાનોની નકલ કરીને સમાજમાં ચાર નીતિઓ પણ આ નામથી બની ગઈ છે અને આ જ પ્રથાને આગળ કરીને શૂદ્રને સૌથી નિકૃષ્ટ માનવામાં આવે છે, કારણ કે તે ચરણમાંથી પેદા થયા. વિચારણીય છે કે પરમપુરુષ તો સર્વત્ર હાથપગ અને મુખવાળા હતા. જ્યાં પગ હતા ત્યાં શું શિર નહોતું? એક જ ચરણમાં તો સમગ્ર સૃષ્ટિ છે. તો તો બધા શૂદ્ર થઈ ગયા. જે ચરણોમાંથી પતિતપાવન ગંગા નીકળી એ જ ચરણમાંથી નીકળેલા શૂદ્ર એટલા અપવિત્ર કે સ્પર્શ કરવાથી ધર્મ નષ્ટ થઈ જાય, પરમપુરુષ જ મરી જાય? કેટલી ભ્રાંતિ છે.

વાસ્તવિકતા છુપાવીને મનુસ્મૃતિકાર કહે છે કે જનમથી તો બધા શૂદ્ર હોય છે. હા, સંસ્કાર કરવાથી બ્રાહ્મણ બની જાય છે અને સંસ્કારના નામે જનોઈ પહેરાવીને બેચાર મંત્રપાઠ કરાવી લે છે. જો આ રીતે બ્રાહ્મણ બનતા હોય તો બધાને બ્રાહ્મણ બનાવીને પોતાની સંખ્યા કેમ વધારી દેતા નથી? ખરેખર તો એ સંસ્કાર પણ નથી. સંસ્કારનો આશય છે- **'स अंश आकार'** એ પરમાત્માનો આંશિક આકાર આપવો, એના પ્રત્યે પ્રેમ પેદા કરવો. આટલા માટે જ કર્મકાંડની સાર્થકતા છે. ઠીક, વેદના નામે માણસ-માણસ વચ્ચે ખાઈ ઊભી ન કરો. પરમાત્મા બધામાં છે અને બધા આ દૃષ્ટિ સમાન છે, બધા એને પામવાના હકદાર છે.

चन्दमा मनसो जातश्चक्षोः सूर्यो अजायता।
मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायता॥१३॥

એ જ પરમપુરુષના મનમાંથી ચંદ્રમા ઉત્પન્ન થયા, નેત્રોમાંથી સૂર્ય પ્રગટ થયો, કાનમાંથી વાયુ અને પ્રાણ તથા મુખમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. દીપ દેખાડો.

ॐ नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत।
पद्भ्यां भूमिर्दिशः श्रोतात्तथा लोकांअकल्पयन्॥१४॥

એ પરમપુરુષની નાભિ અંતરીક્ષ હતી. મસ્તકમાંથી સ્વર્ગ પ્રગટ થયું, પગમાંથી પૃથ્વી, કાનમાંથી દિશાઓ થઈ. આ રીતે સમગ્ર લોક એ પુરુષમાં જ વિદ્યમાન છે. કલ્પિત થયેલા આ બધા એક જ પુરુષની વિભૂતિઓ છે, એમને જાણો. નૈવેદ્ય ધરો.

ॐ सप्तास्यासन् परिधयस्त्रिः सप्तसमिधः कृताः।
दयायद्यज्ञं तन्वाना अषध्नन्नपुरुषं पशुम्॥१५॥

દૈવી સંપદાયુક્ત લોકોએ યજ્ઞ કરતી વખતે યોગની સાત ભૂમિકાઓમાં પ્રકૃતિ, મહતત્ત્વ, અલંકાર, પંચસ્થૂલભૂત, પંચ સૂક્ષ્મભૂત, પંચ જ્ઞાનેન્દ્રિય તથા ત્રણ ગુણ, આ એકવીસ સમિધોનો હવન કરીને એ પુરુષરૂપી પશુને બાંધી દીધો. આ બધાના હવન થઈ ગયા પછી જે

શેષ રહે છે એને જાણો. તાંબૂલ-એલચી અર્પો.

ॐ यज्ञेन यज्ञं अजयन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन।
ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वेसाध्याः सन्ति देवाः॥१६॥

દૈવી સંપદાને હૃદયમાં ઢાળનારાઓએ પરમપુરુષની પ્રાપ્તિરૂપી ઉપરોક્ત યજ્ઞો દ્વારા યજ્ઞરૂપ પરમપુરુષનું યજન કયુ. આ પ્રકારના યજ્ઞ દ્વારા સૌથી પહેલાં ધર્મની ઉત્પત્તિ થઈ. એના આચરણથી દૈવી સંપદાથી સમૃદ્ધ લોકો મહાન મહિમાવાળા થયા ને એ સ્વર્ગલોકનું સેવન કરે છે જ્યાં સધનાસંપન્ન યોગી તથા દૈવી ગુણસંપન્ન લોકો નિવાસ કરે છે. પ્રદક્ષિણા કરો.

(નોંધઃ નીચેના બે મંત્ર ઋગ્વેદમાં નથી મળતા, પણ 'મૂળ ઉપનિષદ', 'પરમાત્મિકોપનિષદ', 'મહાવાક્યોપનિષદ', ચિત્યુપનિષદ'માં પુરુષસૂક્ત નામે છે.)

ॐ वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसस्तु पारे।
सर्वाणि रूपाणि विधित्य धीरो नामानि कृत्वाभिवदन यदास्ते॥१७॥

મેં એ મહાન પુરુષને જાણી લીધો છે, જે આદિત્ય સમાન પ્રકાશસ્વરૂપ અને તમસથી દૂર છે. એ બધાં રૂપોની રચના કરીને એમનું નામકરણ કરે છે એ એવો જ વ્યવહાર કરીને સૌની બુદ્ધિમાં રમણ કરે છે. એ જ ઈષ્ટ છે.

ॐ धाता पुरस्तादमुजहार शक्रः प्रविदान प्रदिशश्चतस्त्र।
तमेव विदानमृत इह भवति नान्यः पन्था विद्यते अयनाय॥१८॥

પૂર્વકાળમાં બ્રહ્માજીએ જેની સ્તુતિ કરી હતી, ઈન્દ્રે જેને ચારે દિશાઓમાંથી વ્યાપ્ત જાણ્યો હતો, એ મહાપુરુષને જે જાણે છે, એ અહીં જ, આ જ જન્મમાં અમૃતપદ પ્રાપ્ત કરી લે છે, એ સિવાય અમર થવાનો કોઈ માર્ગ નથી. એ એકમાત્ર પરમેશ્વર પર વિશ્વાસ રાખવો જોઈએ અને આ જ જીવનમાં એને પ્રાપ્ત કરી લેવો જોઈએ.

પુરુષસૂક્તના આ મંત્રોના અનુશીલનથી સ્પષ્ટ થાય છે કે એક પરમાત્મામાં પોતાની શ્રદ્ધા સ્થિર કરવી એ જ કર્મકાંડનું લક્ષ્ય છે. આ પરમાત્માને બહાર ક્યાંય શોધવાનો નથી. પુરુષસૂક્તની માન્યતા છે કે આ પરમાત્માને કેવળ માનસિક યજ્ઞ દ્વારા જ પામી શકાય છે, બીજો કોઈ રસ્તો નથી; પરંતુ આજે કર્મકાંડોમાં વેદી બનાવાય છે. ચોક પુરાય છે, નૈવેદ્ય ધરાવાય છે. જેનો આશય કેવળ એટલો જ છે કે ભગવાનને માટે હૃદય પવિત્ર કેવી રીતે બનાવાય. આવી જ સ્વચ્છતા, સમર્પણની ભાવના તમારા હૃદયમાં કરો. બહાર તો માત્ર નમૂનો (દૃષ્ટાંત) છે. અંતે પરમત્માને નિમિત્તે અર્પિત સાત્વિક વસ્તુઓને પરસ્પર વહેંચીને ખાવાની પ્રથા છે, જેથી આત્મીયતા, સંગઠન અને એકતાનો સંબંધ છે.

આજની દુનિયાનો પ્રબુદ્ધ સમાજ પ્રચલિત કર્મકાંડને અંધશ્રદ્ધાનું નામ આપે છે. આરોપ કરે છે કે શિક્ષણને એકાંગી રાખીને વર્ગવિશેષ એના માધ્યમથી પોતાની જીવિકા ચલાવતો આવ્યો છે. એક સમયે પુરોહિત સમાજમાં ગૌરવપૂર્વક પ્રવેશ કરતો હતો, આજે પંચાગ લઈને પુરોહિત દીન જેવો થઈ ગયો છે. જેનું કારણ આ ભ્રાંતિ છે. આવી પરિસ્થિતિમાં પોતાના ગૌરવની ઉજ્જવલતા ફરીથી પ્રાપ્ત કરવા કોણ નહીં ઈચ્છે? એ માટે કર્મકાંડની આ વાસ્તવિક વિધિનો પ્રચાર, બધાને સમજાય એવી પ્રચલિત સરળ ભાષામાં કરવો પડશે, એને જનજનના હૃદયમાં પહોંચાડવો પડશે.

બધા પુરહોતિજનો ધ્યાનમાં રાખે કે એક પરમપુરુષ સિવાય અન્ય દેવદેવીઓ તરફ શ્રદ્ધાને દોરી ન જાય, કારણ કે બ્રહ્માથી માંડીને યાવન્માત્ર જગત આવાગમનના ચક્કરમાં છે, જેમનું કોઈ અસ્તિત્વ નથી, એમની વૃદ્ધિ કરવી એ અજ્ઞાનીઓનું કામ છે. અસ્તિત્વવિહીનની વૃદ્ધિ કરવી એ નાસ્તિકતાની વૃદ્ધિ છે.

॥ ૐ ॥

શ્રી પરમહંસજીની વાણી

નિદ્રાનું વિધાન

ચોવીસ કલાકમાંથી ચાર કલાક કરતાં વધારે સૂવું એ યોગીને માટે અત્યંત ઘાતક છે. તીવ્ર અનુરાગ અને વિરહ-વૈરાગ્યવાળા સાધકોને નિદ્રા આવતી જ નથી. એમનો એક એક દિવસ તો સદીઓની જેમ વીતે છે. આ લક્ષણો વગરના માયિક શત્રુરૂપી નિદ્રાથી પરાજિત થઈને આજે સૂએ છે એ જન્માંતરોમાં પણ સૂતેલા જ રહેવાનું હોય છે. યોગીને માટે શ્વાનનિદ્રાનું વિધાન દર્શાવાયું છે. જે રીતે પાંદડું હલતાંય કૂતરો ઊઠી ભસવા માંડે છે, એ જ રીતે યોગી પણ એ ભયથી ચિંતિત નિદ્રાલાભ લે છે કે ક્યાંક વિજાતીય પરમાણુ આક્રમણ ન કરી દે. વિરહીને નિદ્રા ક્યાં આવતી હોય છે. તેથી મનને ધિક્કારતા રહીને એની સાથે સતત સંઘર્ષ કરતાં રહેવું જોઈએ.

'જીવનાદર્શ એવં આત્માનુભૂતિ'માંથી
ઉદ્ધૃત

હવન

યજ્ઞઃ એક પરિપ્રેક્ષણ

બહાર અગ્નિ પેટાવીને યજ્ઞ કરવાનો
ક્યાંય કોઈ નિયમ નથી મળતો તો અગ્નિમાં
હવન કેવો ને શા માટે?

ગૂંચવાયેલા પ્રશ્ન પર તર્કસંગત વિચાર

- સ્વામી શ્રી અડગડાનન્દ

હવન

કર્મકાંડમાં પૂજા-ભાગના દરેક શ્લોકમાં પરમપુરુષ પરમાત્માની વિવિધ અવસ્થાઓનું આલેખન છે. દરેક શ્લોક પછી માંગલિક વસ્તુઓ સમર્પિત કરાય છે. કર્મકાંડનો બીજો ભાગ છે હવન, જેમાં વેદી બનાવીને આંબાના અથવા કોઈ સુગંધિત વૃક્ષનાં લાકડામાં અગ્નિ પેટાવીને તલ-જવ-અગરુ વગેરેનું મિશ્રણ કરે છે. અનેક દેવતાઓ અને વસ્તુઓનાં નામ લે છે કે આ વસ્તુ તમારે માટે છે, મારી નથી, તમે એને સ્વીકારો; પણ અહીં પણ એક ભૂલ કોણ જાણે ક્યારથી સ્થાન પામી ચૂકી છે કે શ્લોક તો પરમપુરુષના મહિમાના બોલાય છે, જેનો અર્થ છે કે એ પ્રભુ સિવાય બધુ નાશવંત છે, પણ સ્વાહાના સમયે અનેકાનેક, તેત્રીસ કોટિ દેવદેવીઓના નામે આપણે સમર્પણ કરવા માંડીએ છીએ, જેમનું કોઈ અત્સિત્વ નથી; જોવો હોય તો વેદ પણ જોઈ લો.

હવનમાં પચ્ચીસત્રીસ દેવદેવીઓનાં નામ તો લેવાય જ છે, પણ એ પછી જડ-ચેતન જીવોનાં નામની ગણતરી શરૂ થાય છે, કારણ કે બધા દેવતાઓનાં નામ કોઈ પણ જાણતું નથી. કહે છે ,-**समुद्रेभ्यो नमः** તો સાથે જ ક્ષીર-સમુદ્ર, ઘૃત-સમુદ્ર, ઈક્ષુ-સમુદ્ર (શેરડીના રસનો સમુદ્ર) અને **सुरा समुद्रेभ्यो नमः**, આ બધી ખાવાપીવાની વસ્તુઓ છે, એટલું જ નહીં, નદીઓ અને નાનામોટા વહેળાનેય સ્વાહા. પછી છ-સાત પ્રકારના સર્પોને ગણવામા આવે છે, જેવા કે સહસનાગ, વાસુકી, કર્કોટકાય, તક્ષકાય નમઃ સ્વાહા. પછી વૃશ્ચિકાય નમઃ, કૃકલાય (કાંચીડાને પણ) સ્વાહા. શરીરની ઈન્દ્રિયોનાં નામ પણ છે. દા.ત. ભગાય નમઃ સ્વર્ગની અપ્સરાઓને પણ સમર્પણ કરાવાય છે કે મેનકાયૈ સ્વાહા ઉર્વશ્યૈ નમઃ, તિલોતમાય નમઃ સ્વાહા. આ જ રીતે માનવનિર્મિત કાલગણના અને ગ્રહો-નક્ષત્રો પ્રત્યે પણ સમર્પણ કરાય છે. દા.ત. સોમાય નમઃ, ભૌમાય નમઃ, ધ્રુવાય નમઃ, રાહવે-કેતવે નમઃ. આ જ રીતે અસ્ત્ર-શસ્ત્રોને નમન, જેમ કે, દંડાય નમઃ, ગદા-અંકુશ-પાશ-ત્રિશૂલ અને ચક્રાય નમઃ. આ આવિષ્કાર તો હજારો વર્ષ પુરાણા થઈ ગયા છે, તો પણ. પછી કહે છે-ઈન્દ્ર અને

ઉચ્છૃંખલ પુત્ર જયંત માટે સ્વાહા. પીપળાથી માંડીને પિપીલિકા સુધીનાંને સમર્પણ, ભૂત-ભવાનીનેય નમન કરવાનું શીખવાય છે. સારાંશ કે પ્રચલિત હવન-પદ્ધતિમાં એક શાશ્વત પરમાત્માને બદલે ક્ષણભંગુર કલેવરો પ્રત્યે આપણી શ્રદ્ધાને વહેંચી દેવાય છે. એમ શા માટે?

દેવતા ''**क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति**'' પુરુષ ક્ષીણ થતાં મૃત્યુલોકમાં આવી પડે છે. દેવતાઓના રાજા બનનાર નહુષ પડ્યો તો અજગર બન્યો. તેત્રીસ કરોડ દેવતા તો કોણ જાણે ક્યારના ગણ્યા હશે. અત્યાર સુધીમાં એમનામાંથી કેટલા પડ્યા? ચંદ્રયાન દ્વારા પૃથ્વીની પ્રદક્ષિણા કરનારાઓએ શું એ સહસ્રનાગને જોયો, જેની ફેણ પર પૃથ્વી ટકેલી વર્ણવાય છે, જેને તમે સ્વાહા બોલો છો, જેને તમે હવિ આપો છો, તેઓ છે ખરા કે નથી?

કહેવાય છે કે જડ-ચેતન બધાને નમસ્કાર એટલા માટે કરાવવામાં આવે છે કે મનીષીઓને બધામાં પરમાત્મા દેખાય! પણ આ તો પ્રાપ્તિ સમયે મહાપુરુષની નિજી અનુભૂતિ છે. બીજાઓને તેનો શો ઉપયોગ? અગ્નિ તો પ્રત્યેક કાષ્ઠમાં છે, પણ એ પેટાવ્યા વગર શું ભોજન રંધાઈ જશે? જેણે ક્યારેય જોયું નથી, પેટાવવાની રીત શીખ્યા નથી, ક્રિયા કરતા નથી, લાકડામાં હોવા છતાંય અગ્નિ એને માટે નથી.

એ રીતે ભગવત્પ્રાપ્તિ વખતે જરૂર દેખાય છે કે 'પરમાત્મા કણકણમાં છે', તો પણ મહાપુરુષ જડ-ચેતન બધાંને સમર્પણ કરવા નથી માંડતો, પરંતુ એનો હૃદયસ્થ ઈષ્ટ જ બહાર પણ સર્વત્ર દેખાવા માંડે છે. એ સર્વત્ર પોતાના ઈષ્ટને જ પ્રણામ કરે છે, અન્યને નહીં. પોતાની વિભૂતિઓ ગણાવતાં-દેખાડતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે ઘણુંબધું જાણવા-સાંભળવાનું તારે શું કામ છે? આટલામાં જ સમજી લે કે સંસારમાં જે કોઈ તેજયુક્ત છે, એ મારા જ તેજઅંશના પ્રભાવથી છે. તો શું અર્જુન આ બધાને પૂજવા માંડ્યો? શું એણે સૂર્ય અને ચંદ્રની પૂજા કરી? શ્રીકૃષ્ણ પ્રત્યે સમર્પિત રહ્યો. કેવળ ભક્તને માટે પ્રાપ્તિકાળમાં સૃષ્ટિ ખોવાઈ જાય છે, ભગવાન જ સર્વત્ર દેખાય છે. બાકી બધાને કણકણમાં

સંસાર જ દેખાય છે, ભગવાન ક્યાંય નહીં, સર્વત્ર ભલે હોય, પણ સાધનાત્મક જાગૃતિ વગર એ અમારે અને તમારે માટે નથી. ભગવાન સર્વત્ર છે. એ યોગસાધનાના માર્ગે ચાલીને જોવા માટે છે. માની લઈને બેસી રહેવા માટે નથી.

એમ કહેવાય પણ છે કે જે ઉપયોગી વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ છીએ, એમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આ મંત્રોમાં સમર્પણ કરાવવામાં આવે છે. તો પછી ઉપયોગી આધુનિક આવિષ્કારો પ્રત્યે પણ સમર્પણ કેમ નથી કરતા કે,-પમ્પસેટાય સ્વાહા, ફાઉન્ટનપેનાય નમઃ, ટેલિવિજનાય નમઃ, ઉર્વસ્કાય નમઃ, ટ્રેકટરાય નમઃ, કમ્પ્યુટરાય નમઃ સ્વાહા. નંબર બેની કમાય નમઃ સ્વાહા, સ્ટેશનરાય નમઃ ઈત્યાદિ. પરમાણુ પિસ્ટલ કહો. હવે દંડ-મુગ્દરનો શો ઉપયોગ?

સંતોષ ખાતર કેટલાક લોકો માની લે છે કે દેવદેવીઓ તો ભગવાનનાં જ જુદાં જુદાં નામ છે, પણ જે નામોથી તમે હવન કરો છો, એમનાથી શું એક પરમાત્માનો બોધ થાય છે? લોકો નાનામોટા દેવતાઓની કલ્પના કરીને એમની પાછળ દોડવા માંડે છે. કેટલાક માને છે કે દેવતાઓ પણ ભગવાનના અંશ છે કે સેવક છે, એમને સાથે રાખવા જરૂરી છે. કોઈ કામ કરાવવું હોય તો ભગવાનને તકલીફ શા માટે આપવી? દેવતાઓ પાસે જ કામ કરાવી લેવું. પણ ખરેખર એવુંય નથી. ઉપનિષદમાં કહ્યું છે કે દેવતાઓની ઉપાસના કરનાર, અર્થાત્ ભગવાનના એક અંગ, એક આંખ કે એક કાનની પૂજા કરનાર યથાર્થ શું છે તે જાણતા નથી. એ એકએક દેવતાઓના પશુ છે. દેવતા એનું શોષણ જ કરે છે. અર્થાત્ એમનામાં ગૂંચવાઈને તે એક પરમાત્માના ચિંતનમાં સમય આપી શકતો નથી, પરમશ્રેયથી વંચતિ રહી જાય છે.

વસ્તુતઃ દેવતા અને અસુર હૃદયના દૈવી અને આસુરી ગુણોનાં નામ છે. પરમદેવ પરમાત્મા તરફ આગળ વધારનાર શામ-દમ-યમ-નિયમ, ધારણા-ધ્યાન અથવા સમાધિ સુધીના ગુણ જ દેવતા છે. પોતાવી અંદર આ ગુણોને વિકસિત કરવા મુશ્કેલ જાણીને, બહાર આ ગુણોની આકૃતિની

પૂજા કરીને સંતોષ માની લેવો એ જ ભ્રાંતિનું મૂળ છે. જેમ કે બુદ્ધિની દેવી, ક્રોધના દેવતા, પ્રેમના દેવતા, સમૃદ્ધિના દેવતા, ભોજનની દેવી, બીમારીઓની દેવી, એમનાં સ્ત્રી-બાળકો-નિવાસ-વાહન વગરેની કલ્પના કરવામાં આવી છે. એ માત્ર ગુણ છે અને જેનામાં એ જેટલી માત્રામાં પ્રગટ થાય છે, એટલી માત્રામાં શક્તિ પ્રદાન કરે છે. આ ગુણોની પરાકાષ્ઠા પરમદેવ પરમાત્મામાં છે. ઠીક. પૂજન આ ગુણોની કલ્પિત આકૃતિઓનું નહીં, પણ આ બધાના એકમાત્ર આશય પરમાત્માનું જ પૂજન તથા એક એમના પ્રતિ જ સમર્પણ ઉચિત છે.

પૂજાના શ્લોક ક્લિષ્ટ સંસ્કૃતમાં હોવાને લીધે તેમ જ કેળવણીનો હ્રાસ તથા તે સર્વસુલભ ન હોવાને કારણે જનસમાજને બરાબર સમજતા નહોતા; પરંતુ હવનનો મંત્ર સરળ સંસ્કૃતમાં હોવાથી તથા હિંદી ભાષા સાથે મળતા આવતા શબ્દોને લીધે અને કેળવણીના પ્રચારને કારણે પણ ઘણુંખરું બધાને સમજાવા માંડ્યું છે. જે ઘરોમાં કર્મકાડના આ ઉત્સવો થાય છે, ત્યાં બેઠેલી માતાઓ અને બાળકોનાં નિર્મળ મન પર આ અસ્તિત્વહીન કલેવરોના સંસ્કાર ઘર કરી જાય છે. જે જીવનભર એમના પિંડને છોડતા નથી, તેઓ પરમાત્માનું નામ તો લે છે, પણ એની જ સાથે મેળવીને તેઓ વીસપચ્ચીસ દેવદેવીઓને પણ શૈશવથી જ વારસામાં મેળવી લે છે. ગમે તેટલું સમજાવવા છતાં પણ તેઓ સચ્ચાઈને સ્વીકારતા અચકાય છે કે ક્યાંક પહેલાંના દેવતા મહારાજ નારાજ ન થઈ જાય! હજારો ખર્ચીને લોકો આ આયોજનો શું એટલા માટે કરાવે છે કે એમને શાશ્વતથી ખસેડીને નશ્વર પાછળ દિશાભૂલ કરાવવામાં આવે?

પૂજામાં પ્રયુક્ત પુરુષસૂક્તના મંત્રો દ્વારા એક પરમાત્મા પ્રતિ સમર્પણ તો બરાબર છે, પરંતુ સ્વાહા વખતે શાશ્વતના આ જ શિક્ષક નશ્વર પાછળ ભટકતા થઈ જાય છે. જેનું કલંક હવન-પદ્ધતિમાં ચાલતી આવેલી નાનકડી ભૂલને કારણે છે. એ કેમ સુધારી ન લઈએ?

પહેલાં મોટા ભાગનો સમાજ અશિક્ષિત હતો. ધર્મના નામે કાંઈ પણ કહી દેવુ સહેલું હતું. હવે લોકો સાક્ષર છે, સમજવા માંડ્યા છે.

જો તેઓ પૂછે કે પેઢી-દર-પેઢી એક પરમ સત્યથી દૂર હટાવીને નશ્વરની પાછળ લગાડી દેવાનો તમને શો અધિકાર છે? તો મુશ્કેલી થઈ જશે. માટે અત્યારથી (જેમ વેદની મૂળ ઋચાઓ કહે છે) એ એક પરમાત્માના નામનું સેવન કરીએ,

ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, ગુરુ નાનક વગેરે પણ પરમાત્માને સારી રીતે માનતા હતા. પરમાત્માના અનન્ત નામમાંથી આઠદશનો એ સારી રીતે રીતે પ્રયોગ કરે છે. જેમ બુદ્ધનું કહેવું છે કે સાધનાા પૂર્તિકાળમાં, રાત્રિના ચોથા પ્રહારે હું એ અવિનાશી પદને પામ્યો, જે પૂર્વ મહષિઓ પામ્યા હતા, મેં સર્વજ્ઞતા પ્રાપ્ત કરી. તો બુદ્ધનો ધર્મ નવો કેમ થઈ ગયો? એમની પહેલાંના મહર્ષિઓ પણ એ જ સત્યને પામી ચૂક્યા હતા. ગીતામાં પણ છે કે આત્મા અવિનાશી છે, શાસ્ત્ર એને કાપી શકતાં નથી, વાયુ એને સૂકવી શકતો નથી, એ આત્મા જ સર્વજ્ઞ છે, તો બુદ્ધ જ શું જૂદું કરી રહ્યા છે? આ નામોમાંથી જ તો કોઈ એકનો પ્રયોગ કરી રહ્યા છે.

મહાવીર સ્વામી પણ એ જ પરમાત્માના નામનું રટણ કરે છે કે આત્મા જ સત્ય છે. ઘણાંબધાં નામનો પ્રયોગ એમણે નથી કર્યો, કે જેથી ક્યાંક લોકો એ નામોને જ જુદાં જુદાં દેવદેવીનાં રૂપ ન આપી દે. એમણે કેવળ 'આત્મા' જ લીધો. ગીતા (અધ્યાય ૨/૧૬)માં પણ કહે છે કે અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્ય વસ્તુનો ત્રણે કાળમાં અભાવ નથી. અર્જુન! આ આત્મા જ સત્ય છે. એની પ્રાપ્તિ પરમ સિદ્ધિ છે. બરાબર આ જ સ્વરમાં સર્વસિદ્ધિ, સર્વસમર્થ વગેરે જેવા પર્યાયોનો પ્રયોગ મહાવીરે પરમાત્મા માટે કર્યો છે.

ગુરુ નાનકે કહ્યું કે એક ઓમકાર જ સત્ય છે. હરિના અનંત નામ છે, જેમાં રામનામ સર્વોપરિ છે. આ રીતે સંપૂર્ણ ગ્રંથસાહેબમાં છવ્વીસ હજાર સાતસો વખત ભગવાનનું નામ આવ્યું છે, જેમ કે રામ, હરિ, ઓમ, પ્રભુ, કર્તાપુરુષ, અકાલપુરુષ ઈત્યાદિ. ગીતામાં કહ્યું છે કે હું કાળથી પર છું. બરાબર આ જ વાત ગ્રંથસાહેબમાં છે. તમારા

'રામચરિતમાનસ', 'પાતંજલિ યોગદર્શન', 'ઉપનિષદ', 'વેદ', એ બધાંનો એક જ નિષ્કર્ષ છે, જેનું સમર્થન નાનક પણ કરે છે.

સુખમનિ સાહેબ

''सिमिरहु सिमिरि सिमिरि सुख पावहु।
कवि कलेस तन माहिं मिहवहु॥''

તો કોનું સ્મરણ કરવું? ''**सिमिरहु जासु बिसम्भर एके। नाम जपत अनगनत अनेके॥**'' એમના નામ અગિણત અને અનેક છે. પણ ''**वेद पुरान सुमृति सुधाकर। कीन्हें राम नाम इक आखर॥**'' રામનામ સર્વોપરી છે.-''**किनका एक जासु जिय बसावै। ताकी महिमा गनी न जावै॥**'' રામનામનો એક કણ પણ જેના જીવમાં વસી જાય, એનો મહિમા અપાર છે. ''**कांरवी एकै दरस तुम्हारे। नानक उन संग मोहि उधारों॥**'' જેમને નામ જપતાં એક જ આકાંક્ષા રહે છે કે હું તમારાં દર્શન પામું, બસ મને નાનકનેય એમનામાંનો એક સમજીને ઉદ્ધાર કરજો.

તેથી,. જૈન, બોદ્ધ, શીખ વગેરે સનાતનના જ અનુયાયી છે. પરમાત્મા તરફ ઉન્મુખ વિશ્વની પ્રત્યેક વ્યક્તિ સનાતનધર્મી છે, ભાષા એની ભલને ગમે તે હોય. એમને પોતાના કરતાં જુદા ગણવા ભ્રમવિશેષની નિપજ છે અને સત્યથી પલાયન કરવા જેવું છે. વિદ્વાન પરોહિતવર્ગે વેદ, ઉપનિષદ, ગીતા વગેરે શાસ્ત્રો દ્વારા અનુમોદિત પરમાત્માના એ જ નામોના હવન કરવા જોઈએ, જે એક પરમાત્માના જ સૂચક હોય. જેમ કે '**सर्वसुखाय सच्चिदानन्दात्मने नमः**'-બધાં સુખ દેનાર એ જ છે, સત-ચિત્ આનંદધન એ જ છે. '**सर्व उपालये स्थितये नमः**' તે બધાના હૃદયમાં વાસ કરે છે. '**अगोचराय अचिन्त्याय नमः**' તે ઈન્દ્રિયો અને ચિત્તનો નિરોધ કરવાથી ધીરે ધીરે ક્રમશઃ સુલભ થાય છે. '**परम पुरुषाय नमः**' પરમ પુરુષ એ જ છે. '**शाश्वताय अमृताय अकाल पुरुषाय नमः**'-અમૃત એ જ છે, મૃત્યુથી પર અકાલ પુરુષ એ જ છે. આ રીતે બધાને સમજ આપવાથી કર્મકાંડની બધી રીત પૂરી થઈ

જાય છે કે પરમાત્મા જ આ લોકમાં સમૃદ્ધિ અને પરલોકમાં શાશ્વત શાંતિ અને પરમધામના દાતા છે. માણસને બીજું જોઈએ પણ શું? જો તમને આ લોકમાં સમૃદ્ધિ અને પરલોકમાં મુક્તિ જોઈતી હોય તો પરમપુરુષ પરમાત્માની જ આરાધના કરો. અન્યત્ર ક્યાંય કલ્યાણ છે જ નહીં, તો પામશો ક્યાંથી? માટે નિષ્ઠાને બધી બાજુએથી સમેટીને એક પરમાત્મામાં દૃઢ કરો, કરાવો, પોતાની પ્રવૃત્તિ કરો.

યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ

દેવીદેવતાઓને બદલે એક પરમાત્માનું નામ લઈને યજ્ઞ કરવાથી નામનો સુધારો તો થઈ ગયો; પણ બહુ મોટી ભૂલ હજીય જીવિત છે; કરાણ કે આપણને એ અગ્નિ ઉપલબ્ધ નથી, જેનાથી હવન થાય છે. યજ્ઞ માટે ''**योग अगिन करि प्रगट तब, करम शुभाशुभ लाई**'' અનુકૂળ અગ્નિ જોઈએ.

અન્ય શાસ્ત્રો તથા ગીતા (અધ્યાય ૪, શ્લોક ૨૫થી ૩૦)માં યજ્ઞનું સરસ રીત વર્ણન છે. ઘણા યૌગી લોકો યજ્ઞપુરુષને માધ્યમ બનાવીને બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞનો હવન કરે છે અર્થાત્ સદ્‌ગુરુના સ્વરૂપનું ધ્યાન ધરે છે. અહીં બ્રહ્મ એક અગ્નિ છે. ઈન્દ્રિયોના ઘણાખરા બહિર્મુખી પ્રવાહને ''**संयमाग्निषु जुह्वति।**'' અહીં સંયમ એક અગ્નિ છે. ઘણા યોગીઓ શબ્દાદિક વિષયોને ''**इंद्रियाग्निषु जुह्वति**''-ઈન્દ્રિયરૂપી અગ્નિમાં હવન કરે છે અર્થાત્ દર્શન-શ્રવણ ઈત્યાદિ દ્વારા જે વિષય મળે છે, એનો આશય સાધનાઓ બદલીને ગ્રહણ કરે છે, જ્યાં ઈન્દ્રિય એક અગ્નિ છે. ''**आत्मसंयम योगाग्नौ**''-અહીં યોગ એક અગ્નિ છે. ઘણા યોગીઓ પ્રાણને અપાનાગ્નિમાં અને અપાનને પ્રાણમાં હવન કરે છે. ઘણા યોગીઓ પ્રાણને કેવળ પ્રાણમાં હવન કરે છે. અર્થાત્ સુરતને કેવળ પ્રાણ પર જ કેન્દ્રિત કરે છે. શ્વાસ લે છે ત્યારે ત્યારે ઓમનું સ્મરણ કરે છે અને અંતિમ સ્થિતિમાં કહે છે કે ઘણા યોગીજનો પ્રાણ અને અપાનની ગતિનો નિરોધ કરીને પ્રણાયામપરાયણ થઈ જાય છે. ભીતરથી કોઈ તરંગ પછી ઊઠતો નથી કે નથી બ્રહ્મ વાયુમંડલનો તરંગ ભીતર પ્રવેશ

પામી શકતો. આવી દશામાં પ્રાણોનો આયામ અર્થાત્ નિરોધ થઈ જાય છે. આ જ મનની વિજેતાઅવસ્થા છે. મન (ચિત્ત)ના પ્રસારનું જ નામ છે-જગત. જ્યાં મન સંકલ્પ-વિકલ્પરહિત થાય, ત્યાં આ મનમાં સ્થિત જગતનો જ હવન થઈ જાય છે. આ માનસયજ્ઞમાં આખું જગત આર્થાત્ સાંસારિક સંબંધ જ હવનસામગ્રીરૂપ હોય છે. આ જ વાત ભગવાન પોતાના શબ્દોમાં કહે છે-

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः॥५/१९

એ પુરુષ દ્વારા જીવિત અવસ્થામાં જ આખો સંસાર જીતી લેવાય છે, જેનું મન સમત્વમાં સ્થિત છે. શા માટે? મનના સમત્વ અને સંસાર જીતવાનો સંબંધ? જગત જીતી જ લીધું, તો જીતનાર રહ્યો જ ક્યાં? આ અંગે યોગેશ્વર કહે છે કે '**निर्दोषं हि समं ब्रह्म**'-એ બ્રહ્મ નિર્દોષ અને સમ છે અને આ તરફ એનું મન પણ સમત્વની અવસ્થાવાળું થઈ ગયું. '**तस्माद् ब्रह्मणि ते स्थिताः**'-તેથી તે બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે. આ સ્થિતિને યજ્ઞ-પ્રકરણમાં કહે છે પ્રાણાયામની સ્થિતિ; જ્યાં પ્રાણોના વ્યાપાર (મનની દોડાદોડ) શાંત થઈ ગયો હોય, એ મનની વિજેતાવસ્થા છે. એ સાથે જ યજ્ઞનનું પરિણામ આવી જાય છે.

॥ यज्ञ शिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातमन् ॥

પૂર્ણતાના સમયે યજ્ઞ જેની સંરચના કરે છે, એ જ્ઞાનમૃતનું પાન કરનાર યોગી '**यान्ति ब्रह्म सनातनम्**'-શાશ્વત સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામે છે અને જે યજ્ઞ નથી કરતો એ યજ્ઞરહિત પુરુષ માટે '**नायं लोकोऽस्ति कुतोऽन्यः कुरुसत्तमा।**' આ મનુષ્ય શરીરનો પણ સંભવ નથી તો ભલા પરલોકનો સંભવ ક્યાંથી હોય? આ પ્રકારના યજ્ઞોથી જેનાં પાપ નષ્ટ થયાં છે, એ બધા પુરુષો યજ્ઞના જાણકાર છે. તેથી તમે પણ આ જ યજ્ઞોમાંથી તમારી શ્રેણિ પસંદ કરી લો અને યજ્ઞ કરો. આ ચિંતનક્રમ બધાને માટે સુલભ છે.

સંસારમાં દ્રવ્યયજ્ઞ પણ પ્રચલિત છે. જેમાં ધર્મશાળા, કૂવા, તળાવ વગેરેના નિર્માણ અને માનવસેવામાં દ્રવ્ય વાપરવામાં આવે છે, પણ ગીતા અનુસાર આ અલ્પજ્ઞ છે. યોગેશ્વર દ્વારા દેખાડાયેલા પણ પોતાના બધા સ્તર પર મન અને ઈન્દ્રિયોની ક્રિયા દ્વારા જ સંપન્ન થાય છે. ભૌતિક જગતની એક પૈસાનીય વસ્તુ યજ્ઞમાં નથી જોઈતી અને આ જ માનસિક યજ્ઞ વેદના પુરુષસૂક્તમાં છે, જેમાં વસંત ઋતુ આજ્ય છે, ગ્રીષ્મ ઈંધણ છે, શરદ હવિ છે, અર્થાત્ બધા સમયે સતત આ યજ્ઞ કરવાનું વિધાન છે,-

सप्तास्यासन परिधयस्त्रिः सदा समिधः कृतः।
देवा यज्ञं तनवाना अवध्नन् पुरुषं पशुम्॥

દૈવી સંપદાયુક્ત લોકોએ પણ યજ્ઞ કરતી વખતે યજ્ઞની સાત ભૂમિકાઓમાં પ્રકૃતિ, મહત્તત્વ (બુદ્ધિ), અહંકાર, પંચ સ્થૂલભૂત, પંચ સૂક્ષ્મભૂત, પંચ જ્ઞાનૈન્દ્રિય તથા ત્રણ ગુણ, આ એકવીસ સમિધોનો હવન કરીને એ પુરુષરૂપી પશુને બાંધી દીધો. આ બધાંનાં હવન થઈ જાય પછી જે શેષ રહે એને જાણો. એ જ છે પરમ આરાધ્ય, એ જ છે પરમાત્મા.

શ્રીકૃષ્ણ પણ આ જ કહે છે, જગતના બધા સંસ્કારોના હવન સાથે મનની સમાનતાની સ્થિતિ પછી ઈશ્વરની જાણકારી જ શેષ રહે છે, જેનું નામ જ્ઞાન છે. '**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते**' જ્ઞાનની જેમ પવિત્ર કરનારું આ જગતમાં બીજું કાંઈ જ નથી, એ નિઃસંદેહ છે. '**तत्स्वयं**'-એ જ્ઞાનને તું પોતે '**योगसंसिद्धःकाले**'-યોગની સિદ્ધિ-સમયે (આરંભમાં નહીં, મધ્યમાં નહીં, પરિપક્વ અવસ્થા સમયે) '**आत्मनि विन्दति**'-તારા પોતાના અંતરાત્મામાં જ જોઈશ, અનુભવ કરીશ. જ્ઞાન અનુભવની વસ્તુ છે, વાંચવાની નહીં. આ જ જ્ઞાનને યોગેશ્વર અગ્નિ કહે છે, જેમાં બધાં કર્મ, કર્મસંસ્કાર અને કર્મકાંડ બળી જાય છે,-

यस्य सर्वे समारम्भाः काम संकल्प वर्जिता।
ज्ञानाग्नि दग्ध कर्माणं तमाहुः पण्डितं बुधा॥

'यस्य सर्वे समारम्भाः' જે પુરુષ દ્વારા દૈવી સંપદાની કામના વગેરે સંપૂર્ણતાથી આરંભ કરેલી ક્રિયા એટલી ઉન્નત થઈ ગઈ કે **'काम संकल्प वर्जिताः'**-કામના અને મનના સંકલ્પ-વિકલ્પથી ઊંચે પહોંચી ગયા (કામના અને સંકલ્પનો નિરોધ થાય એ મનની વિજેતાવસ્થા છે). જ્યાં પુરુષ કામના અને સંકલ્પ કરતાં ઊંચે પહોંચે છે ત્યાં **'ज्ञानाग्नि दग्ध कर्माणं'** જેને જાણવા માટે આપણે ઈચ્છતા હતા, એ તત્ત્વ સમજાઈ જાય છે, એની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ્ઞાન છે. એ જ્ઞાનાગ્નિમાં બધાં કર્મ બળી જાય છે. આવી સ્થિતિએ પહોંચનારને બોધસ્વરૂપ મહાપુરુષોએ પંડિત કહીને સંબોધિત કર્યા.

આ રીતે તમારા વેદ (જેવી ઋચાઓનો તમે કર્મકાંડમાં પાઠ કરો છો), અને ઉપનિષદોના સારાંશ ગીતા-શાસ્ત્ર અનુસાર બહાર અગ્નિ પેટાવીને યજ્ઞ કરવાની શાસ્ત્રાજ્ઞા ક્યાંય નથી મળતી. તો અગ્નિમાં હવન કેમ કરવો ને શા માટે કરવો?

ગીતા અનુસાર સૃષ્ટિમાં જીવ ધારણ કરનાર જે કોઈ પ્રાણી છે, તે ભૂત છે. **इश्वरः सर्वभूतानां...** (૧૮/૬૧) એ ઈશ્વર સમગ્ર ભૂતો (પ્રાણીઓ)નાં હૃદયમાં નિવાસ કરે છે. સંસારના બધાં ભૂત જેનાથી ઉત્પન્ન થાય છે એનું નામ પંચ મહાભૂત છે-ક્ષિતિ, જલ, પાવક, ગગન અને સમીર. એનાં મન, બુદ્ધિ અને અહંકાર મળીને અષ્ટધા મૂળ પ્રકૃતિ કહેવાય છે. જો આપણે આમાંથી કોઈની પૂજા કરતા હોઈએ તો એ ભૂતની જ પૂજા કરીએ છીએ.

આ પાંચ મહાભૂતોથી જ સંસારની વસ્તુઓનું, શરીરનું સર્જન થાય છે અને અંતે અસ્તિત્વવિહીન બધાં ભૂત આ જ પંચ મહાભૂતોમાં વિલીન થઈ જાય છે,-અગ્નિ બાળીને પોતાનામાં આત્મસાત્ કરી લે છે, પૃથ્વી પોતાનામાં ભેળવી દે છે, જળ પોતાનામાં પ્રવાહિત કરી દે છે, આકાશ પોતાનામાં સમાવી દે છે. આ અગ્નિ વગેરે તો મોઢું ખોલીને ઊભાં જ છે, બધુ જ પોતાનામાં આત્મસાત્ કરવા માટે. એમનામાં આહુતિ આપીને તમે કોને તૃપ્ત કરો છો? આ પણ રૂઢિનું એક પરાવર્તન જ છે. તમે

એ એક પરમાત્માને જાણવાનો પ્રયાસ કરો, જેની શક્તિ વગર અગ્નિ એક તણખલાનેય બાળી શકતો નથી. અત્યાર સુધી જડચેતન કલેવરોનાં નામ લઈને, કલ્પિત દેવદેવીઓનાં નામ લઈને આપણે સ્વાહા સમર્પણ બોલતા હતા, હવે એમને બદલે આપણે એક ઈશ્વરના સૂચક નામનું સ્મરણ કરીને એ જ અગ્નિમાં હવન કરીએ, આ પણ એક ભૂત છે, કારણ કે એ નશ્વર પંચમહાભૂતોનાં જ પૂજન કરીએ છીએ.

પ્રત્યેક પૂજનના આરંભમાં '**श्री गणेशाय नमः**' કહેવાની પ્રણાલી છે. કહે છે કે ગણેશનું કામ જ એ છે કે પ્રત્યેક કાર્યમાં વિઘ્ન ઊભું કરવું. એમની પૂજા કરી લો તો એ તમારે માટે વિઘ્નનાશક બની જાય.

આ પણ દાન લેવાની કેવળ યોજના જ છે. જેના નામના જપથી ગણેશ સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યા, એના નામ-જપમાં કોઈ સમય નથી ગાળતું. કેવળ ગણેશાય નમઃ કહીને, હાથ જોડવાથી શું મળશે? તેથી '**यज्ञानां जप यज्ञेस्मि**', ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,-યજ્ઞોમાં સર્વશ્રેષ્ઠ જપ યજ્ઞ છે. એમાં હું જ સ્થિત છું. તો આપણે બધાએ એ પરમપુરુષના સૂચક નામ ૐ અથવા રામનો જપ કરવો જોઈએ. નિરનિરાળા પર્વો અને ઉત્સવો વખતે પણ એ જ ઈશ્વરના નામનો જપ કરવો જોઈએ, જેની પાસેથી મનુષ્ય વિવિધ આકાંક્ષાઓની પૂર્તિના સાધનસ્રોત તથા પરમશ્રેય પામી શકે. ઓળખી શકે.

કહે છે કે અગ્નિમાં હવન કરવાથી વૃષ્ટિ થાય છે. પણ આય તર્કસંગત નથી, કારણ કે સૌથી વધુ યજ્ઞ રાજસ્થાનની ધર્મપ્રાણ પ્રજા કરે છે. ધર્મને માટે યુદ્ધમાં પ્રાણોનો હોમ કરવાનો હોય કે અગ્નિમાં હવન હોય,-પણ વર્ષાના આંકડામાં પરિવર્તન નથી થઈ શક્યું. રાજસ્થાન રણ છે જ્યારે ભારતમાં જ એક સ્થળ ચેરાપૂંજી છે તથા હવાઈ દ્વીપના વાયઅલે અલે નામના પર્વતપ્રદેશમાં જ્યાં યજ્ઞ માટે ક્યારેય વિચાર પણ કરાતો નથી, ત્યાં વિશ્વભરનો સૌથી વધુ વરસાદ પડતો જ રહે છે. વાસ્તવમાં તો આ બધા યજ્ઞ જે જે અગ્નિઓમાં અને જે જે પ્રકારે થાય છે, એ બધા માનસિક છે. ચિંતનની વિધિવિશેષ છે. જેમ જેમ તમે આ માનસિક

યજ્ઞમાં પ્રવેશ પામશો તેમ તેમ ઈશ્વરીય વિભૂતિઓની વૃષ્ટિ થશે. અને તમે ધીરે ધીરે બ્રહ્મામૃતથી તરબોળ થઈને તૃપ્ત થઈ જશો. એ અન્ન પામશો, જેનાથી હંમેશને માટે સુધાતૃપ્તિ થઈ જશે. એવા મહાપુરુષની ઈચ્છાશક્તિથી કોઈ પણ રૂપ બની કે છે,-ક્યાંક પાણી પણ વરસી શકે છે, પણ યોગેશ્વર બહારના યજ્ઞ અને અગ્નિને દર્શાવતા નથી, તો બાહ્યવૃષ્ટિ કેમ સંભવ છે?

તો પણ આપણે અગરબત્તી પટાવીએ છીએ, દશાંગનો હવન કરીએ છીએ, ધૂપસળી પેટાવીએ છીએ, કેમ? શા માટે? કેવળ વાયુમંડળ શુદ્ધ કરવા માટે, ઝેરી જીવજંતુઓનો નાશ કરવા માટે. પ્રાચીનકાળના યજ્ઞમાં હવનનો હેતુ કેવળ વાયુમંડળના શુદ્ધીકરણનો જ હતો; જેને એક આધ્યાત્મિક રૂપક પણ અપાયું કે જે રીતે અગ્નિ બધી વસ્તુઓને પોતાનું સ્વરૂપ પ્રદાન કરે છે, એ જ રીતે પરમાત્મા આપણને પોતાનું રૂપ આપે, આત્મસાત્ કરી લે. આજના વૈજ્ઞાનિક યુગમાં જીવજંતુઓનો નાશ કરવા માટે ઓછા ખર્ચમાં રસાયણોનો ઉપોગ થવા માંડ્યો છે, તેથી હવનનું ઔચિત્ય રહ્યું નથી. જંતુનાશક દવાઓ પણ વધુ પડતી હોય તો પ્રતિકૂળ પરિણામ આવે છે. આમ, કોઈ પણ વસ્તુ વધારે માત્રામાં બળીને (આધુનિક શોધ છે) ઓક્સિજન ઓછો કરીને કાર્બન ડાઈ-ઓક્સાઈડ વધારે છે, જે મનુષ્યને અનુકૂળ નથી. કેવળ સીમિત ક્ષેત્રમાં ગૃહશુદ્ધિ કે વાયુશુદ્ધિનો સૌમ્ય નુસખો છે હવન. ફક્ત એટલા માટે જ પાંચસાત વખત ગૂગળ-ઘી-ખાંડ વગેરેની આહુતિ અપાય છે, આપવી જોઈએ. પણ તે મોક્ષને માટે નથી. ભૌતિક સુખ તથા મોક્ષના માટે એ જ અગ્નિ જોઈએ, જેની પર યોગેશ્વર શ્રીકૃષ્ણ ભાર મૂકે છે. પરમશ્રેય એમાં જ છે. એ સંયમાગ્નિમાં, યોગાગ્નિમાં, પ્રાણ-અપાનના અગ્નિમાં, શ્વાસ-ઉચ્છ્વાસના અગ્નિમાં સંસ્કારોનાં હવન કરવા માટે જપ-યજ્ઞ જ કરવો જોઈએ, જેમાં બધા યજ્ઞ પ્રતિષ્ઠિત છે.

જો કોઈ પુરોહિત આટલું કરાવે, એટલે કે એક પરમાત્માના સૂચક મંત્રોનો બોધ કરાવે અર્થાત્ પરમાત્માની શોધનું સ્થળ તમારા પોતાનો

હૃદયદેશ છે, એ જ પરમાત્માના નામથી અગ્નિમાં પાંચસાત વખત હવન કરીને સીધી એ જ મંગલની યાચના કરે, પછી વીસપચ્ચીસ મિનિટ એ જ પરમાત્માના બેઅઢી અક્ષરના નામના માનસિક જપનો અભ્યાસ કરાવે અને દરરોજ નિયમિતપણે સવાર-સાંજ એ નામ એકાન્તમાં જપવા માટે પ્રોત્સાહિત કરે તો આવું શીખવનાર પુરોહિત શ્રદ્ધાપાત્ર છે, કારણ કે એણે એક પરમાત્માની ન ભૂંસાય એવી છાપ અંકિત કરી હોય છે, સત્ય તરફ એણે આપણી આંખ ઉઘાડી છે, પૂર્વજો દ્વારા સંપાદન કરેલા કર્મકાંડ યોગ્ય રીતે આપણામાં ઉતાર્યા છે અને આ અમૂલ્ય માનવ શરીરને નષ્ટ થતું બચાવ્યું છે. એ જ પુરોહિત કલ્યાણના બીજારોપણકર્તા બનશે અને દુનિયાભરમાં કોઈ આ વિધિવિધાન પ્રત્યે આંગળી ઊંચી નહીં કરી શકે.

ઘરેઘરે, ખૂણેખૂણે, ઝૂંપડીઝૂંપડીમાં પ્રવેશ કરનાર પુરોહિત એક શિક્ષક છે. અવ્યક્તના, શાશ્વતના આ શિક્ષકોનો આદર કરવો જોઈએ. આ પાઠશાળાને તોડવી નથી, એને કાયમ રાખવી છે. આ કલ્યાણપથમાં જે કાંઈ ત્રુટિઓ આવી ગઈ છે, અવરોધ ઊભા થયા છે, એમને હઠાવવા છે. આમ કરવાથી જ આપણે આપણી પૂર્વપ્રતિષ્ઠા ફરીથી પ્રાપ્ત કરી શકશું. એશિયા, યુરોપ અને નવી દુનિયાને નામે પ્રખ્યાત અમેરિકા સુધી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અવશેષ પ્રાપ્ત થઈ રહ્યા છે. પારસી, યહૂદી, ઈસાઈ અને ઈસ્લામ વિચારધારાઓનો સ્રોત ભારતીય મનીષા જ છે. જ્યાં સુધી શાશ્વતનો આ શિક્ષક સાચો હતો, ત્યાં સુધી ભારત વિશ્વગુરુ કહેવાયું, ભારતીય સંસ્કૃતિ સર્વત્ર ફેલાઈ અને જ્યારે ભ્રાન્તિ આવી ત્યારે એ સંકોચાઈ ગઈ.

એમ ન વિચારવું જોઈએ કે આ સુધારાથી પુરોહિતોની વૃત્તિ કે એમની જીવિકામાં કોઈ અવરોધ થશે. આ પ્રસ્તાવિત સુધારાથી તો એમનો પાયો વધુ સુદૃઢ થશે; નહીં તો પહેલેથી જ રૂઢિજર્જર હિન્દુસમાજમાંથી ઉપેક્ષિત લોકો એમની તરફ આકર્ષિત થતા જશે, જેઓ એમને સાચા કહીને ગળે લગાડતા રહ્યા છે. પછી તો તમે મુઠ્ઠીભર જ રહી જશો. કોની પાસે કરાવશો ક્રિયાકાંડ? કોને શીખવશો?

માટે પૂર્વાગ્રહ અને ચીલેચીલે ચાલવાની જડતા છોડીને, વેદના પુરુષસૂક્ત વગેરે પાઠોનો સંદેશ છે એ જ રીતે ફરીથી એને જેમ છે તેમ પ્રદાન કરો તો ચોક્કસ જ તમે તમારી ખ્યાતિ મેળવી શકશો. જેઓ તમારી ઘૃણા કરે છે, તેઓ આદર અને શ્રદ્ધાયુક્ત થશે. જેઓ તમને છોડી ગયા છે, તેઓ પાછા આવશે. આ પુરોહિત જ શ્રદ્ધાપાત્ર થશે.

પણ એક વાત ધ્યાનમાં રાખવી કે જેમના જ્ઞાનાગ્નિમાં બધાં કર્મ બળી ગયાં હોય, જે પૂર્ણ જ્ઞાતા હોય એવા મહાપુરુષની સલાહ લેવાનું ન ભૂલવું, કારણ કે શિક્ષકોનુંય કોઈ પ્રશિક્ષણસ્થાન હોવું જોઈએ અને એ સ્થળ આ જ મહાપુરુષ છે. એ પ્રશ્ન જુદો છે કે મહાપુરુષ કોણ છે? મહત્તા જોઈને સર્વત્ર ગુરુઓ હોડમાં ઊતર્યા છે. ઓળખવાનું મુશ્કેલ તો છે, તો પણ એવા મહાપુરુષોનો ક્યારેય અભાવ નથી હોતો. એમની સલાહ લેતા રહીએ તો ભૂલ થવાની સંભાવના નહીં રહે. જો બહુમતથી કે કેવળ ડિગ્રીધારીઓના વાર્તાલાપ કે સંસ્થા બનાવીને નિર્ણય લેતા રહેશો તો '**अन्धे अन्धन्ह ठेलिया, दोउ कूप परन्त**', માટે પોતાના વંશને, અનુયાયીઓને વિશ્વભરમાં માનવમાત્રને તમે તમારો સંદેશ-એક પરમાત્માનો સંદેશ આપો.

વિશેષઃ

કર્મકાંડમાં સર્વતોભદ્ર વગેરે ઘણા ચક્ર બનાવવાની પ્રથા પણ છે. સર્વતોભદ્રનો અર્થ છે સર્વત્રસુખ, સર્વત્ર સફળતા, દશે દિશાઓમાં કલ્યાણ. તેમાં જુદા જુદા દેવતાઓની ઓળખ માટે ભૂરા, પીળા, કાળા વગેરે રંગોમાં ચોખા રંગીને જુદાં જુદાં ખાનાંમાં દેવતાઓને આવાહન કરીને એમને કલ્યાણની યાચના કરાય છે. જે પોતે કાળથી આબદ્ધ છે, પોતાનું કલેવર બદલીને ચાલ્યા જનારા છે, તે તેમને કેવી રીતે રાખશે? સ્વયં અધૂરા તમને પૂર્ણ કેવી રીતે કરશે? ફરીથી એજ ભૂલનું પુનરાવર્તન અહીં પણ થાય છે કે દેવતાઓ અને વસ્તુઓ પાસેથી આપણે સુખની કામના કરવા માંડીએ છીએ.

એ જ સારું છે કે કર્મકાંડની ઉપર્યુક્ત સરળ વિધિને જટિલ અને ખર્ચાળ ન બનાવી દઈએ. મનોવૈજ્ઞાનિક પ્રભાવ માટે એકાદ ચક્ર બનાવીએ, તો પણ રંગ દેવતાઓનાં નહીં, સફળતાઓનાં પ્રતીક હોવાં જોઈએ, જેમ કે લીલો રંગ જીવનનો, પીળો રંગ સમૃદ્ધિનો, શ્વેત રંગ બુદ્ધિનો વગેરે. બળ-બુદ્ધિ-આયુષ્ય અથવા યશની પ્રાર્થના સીધી પરમાત્માને કરો, કોઈ દેવને નહીં. '**सर्वसमृद्धि प्रदे परमात्मने नमः, आयु वर्धकाय परमात्मने नमः।**' *આ આશયોથી પરમાત્માની સ્તુતિ કરો, ત્યારે વાસ્તવિક સર્વતોભદ્ર સંભવ છે. એક પરમાત્મામાં નિષ્ઠા, સુ-શાંતિ સમૃદ્ધિનું મૂળ છે. આપણે દરિદ્ર છીએ તો એનું કારણ એ જ છે કે આપણે એક પરમાત્માને નથી માનતા. આપણી શ્રદ્ધા અનેક દેવદેવીઓમાં વીખરાઈ ગઈ છે. એ જ આપણાં સૌનાં દુઃખદૈન્યનું કારણ છે, અને આ જ ફાટફૂટનું કારણ છે. એનાથી બચીએ અને એક પરમાત્મામાં શ્રદ્ધાને કેન્દ્રિત કરીને કલ્યાણના ભાગીદાર બનીએ.

॥ ॐ ॥

આ નામ હરિના ગુણાનુવાદ ફક્ત છે. 'जब बोले तो हरि गुन गावै, मौन रहे तो नाम जपावै।**' કર્મકાંડનો હેતુ કેવળ એટલો જ છે કે પ્રત્યેક કર્મમાં પ્રભુનું સ્મરણ થતું રહે. ખરેખર તો એ પોતે નામરહિત છે. સ્તુતિથી શ્રદ્ધા જાગ્રત થાય છે. ઠીક, સર્વતોભદ્રાદિ ચક્રો માટે આર્ષગ્રંથોમાંથી કેટલાંક નામનો સંચય થઈ શકે. દા.ત.-સહસ્રશીર્ષ્ણે નમઃ (વેદ). યોગેશ્વરાય નમઃ, ક્ષેત્રજ્ઞાય નમઃ (ગીતા), ણમો સર્વસિદ્ધાયનામ, આત્મને નમઃ (જૈન ગ્રંથ), સર્વજ્ઞાય નમઃ, અવિનાશિને નમઃ (બૌદ્ધ ગ્રંથ) એક ઓંકારાય નમઃ અકાલ પુરુષાય નમઃ (ગ્રંથ સાહેબમાંથી), અનુભવગમ્યાય નમઃ, સ્વાન્તસ્થમીશ્વરાય નમઃ, પ્રણત પ્રતિપાલકાય નમઃ, નર તનધારકાય નમઃ (રામચરિતમાનસમાંથી) ઈત્યાદિ.*

પ્રશ્ન- મહારાજજી! શું ઘરમાં આરાધના ન થઈ શકે?

ઉત્તર- ઘરમાં પુણ્ય અને પુરવુષાથ વધારી શકાય છે, પણ આ આરાધના દ્વારા નિવૃત્તિ નથી થઈ શકતી. સેવા, ભક્તિ એટલી જ તલ્લીનતાથી ચાલુ રાખવી જોઈએ, જ્યાં સુધી એની કોઈ નિર્ધારિત સીમા ન મળે. એ સીમા પછી જ સ્વયં ભગવાન ઘર છોડાવી દે છે. આજે આપણે વિચારીએ છીએ કે ઘર છોડવું શક્ય નથી, પરંતુ ઈષ્ટદેવ અનુકૂળ થાય પછી બધું સુલભ થઈ જાય છે.

'જીવનાદર્શ એવં આત્માનુભૂતિ'
દ્વિતીય ઉચ્છ્વાસ, (પ્રશ્ન ૬)માંથી
ઉદ્ધૃત

બ્રહ્મચર્ય

મનથી વિષયોનું ચિંતન કર્યા વગર
એક પરાાત્માનું નિરંતન ચિંતન જ
બ્રહ્મચર્યનું આચરણ છે.

- સ્વામી શ્રી અડગડાનન્દ

બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યની બાબતમાં સંસારમાં બહુ મોટી ભ્રાંતિ છે. જનનેન્દ્રિયસંયમને જ સમાજ બ્રહ્મચર્ય નામથી જાણે છે; પણ એ સાચું નથી. જો કોઈ હાથથી વાસનાઉત્તેજિક વસ્તુને સ્પર્શ કરે, કાનથી વાસનાઉત્તેજિક શબ્દો સાંભળે, મુખથી એવું બોલે, આંખથી એવાં જ દૃશ્યો જુએ, મનથી વાસનાઓનું ચિંતન કરતા રહે, તો એ બ્રહ્મચર્યના વ્રતનું પાલન કરી શકતો નથી. ભગવાન શ્રીકૃષ્ણ અનુસાર જે હઠપૂર્વક ઈન્દ્રિયોને રોકીને મનથી વિષયોનું ચિંતન કરતો રહે છે તે દંભ આચરનાર છે, પાંખડી છે.

પૂજ્ય મહારાજજી કહ્યા કરતા હતા કે એમના પાછલા જન્મમાં નિવૃત્તિ (મુક્તિ) આવી રહી હતી, પણ સ્ત્રીની અને ગાંજો પીવાની, આ બે ઈચ્છાઓ મનમાં રહ્યા કરતી હતી. શરીરને એમણે દૃઢતાપૂર્વક રોકી રાખ્યું હતું, પણ મનમાં એના વિચાર રહ્યા કરતા હતા, જેથી એમની મુક્તિ ન થઈ, જન્મ લેવો પડ્યો અને જન્મ લેતાં જ ભગવાને થોડા વખતમાં જ દેખાડી-સંભળાવીને બે તમચા મારીને સમજાવી દીધું કે 'આ મહાન પાપ છે. આરાધના કર. આ મંદિરમાં તારા ગુરુમહારાજ છે, એમની સેવા કર.' આ રીતે બેત્રણ આકાશવાણીઓ થઈ. જ્યાં ગુરુમહારાજનાં દર્શન થયાં. શ્રદ્ધા સ્થિર થઈ ત્યાં ત્રીજા દિવસથી જ અનુભવ શરૂ થઈ ગયા. ઈષ્ટદેવ હૃદયથી રથી થઈ ગયા, મુક્તિ થઈ ગઈ.

અમે પૂછ્યું હતું કે મહારાજજી, શું ગાંજો પીવાથી આરાધનામાં મદદ થાય છે? તો એ ખૂબ હસ્યા, બોલ્યા, ''નહીં રે! **गांजा पीकर धरे ध्यान, गृहस्थ होकर छांटे ज्ञान, साधु होकर कूटे भंग, कहै कबीर ये तीनों ढंग।**'' ગાંજો પીને જ જો ધ્યાન થતું હોય તો લોકો ક્લોરોફોર્મ સૂંઘીને, નશીલી વસ્તુઓ ખાઈને કરી લેત. એને આરાધના સાથે કોઈ સંબંધ નથી. આરાધના તો એકમાત્ર પરમાત્માના સ્મરણનું નામ છે. બધુ ભૂલીને એકમાત્ર પરમાત્માનું ચિંતન જ આરાધના છે.

પ્રત્યક પળે એમની સ્મૃતિ અંતઃકરણમાં જળવાઈ રહે, નહીં તો ત્યાંથી હઠીને મન માયામાં તો જશે. ઠીક મનથી વિષયોનું ચિંતન કરતા રહીને ફક્ત જનનેન્દ્રિયને રોકવી અશક્ય છે. કદાચ એમ પણ થઈ શકે, તોય વ્યર્થ છે, દંભી આચરણ છે. જન્મ લેવો પડશે અને ભોગવીને નીકળવું પડશે, જેમ કે મહાપુરુષોનાં જીવનચરિત્રથી સ્પષ્ટ છે.

બ્રહ્મચર્યનો આશય છે ''**ब्रह्म आचरति सः ब्रह्मचारी।**''-જે બ્રહ્મનું આચરણ કરે છે, શાશ્વત સનાતન બ્રહ્મ માટે જ પ્રયત્નશીલ છે, તે બ્રહ્મચારી છે. ''**यदिच्छन्तो ब्रह्मचर्य चरन्ति**'' એ શાશ્વત પરમબ્રહ્મને જાણવા માટે જેટલાં સાધન છે એ સાધનોને પોતાનામાં ઢાળવાનો પ્રયત્ન વ્યક્તિ જે દિવસથી શરૂ કરે છે એ દિવસથી એ બ્રહ્મચારી છે. જીવનભર ઘરમાં રહીને દશ પુત્ર પેદા કર્યા પછી પંચોતેર વર્ષની ઉમ્મરની વ્યક્તિ પણ જે દિવસથી ભાવિક સંબંધ છોડીને ઈશ્વર તરફ પ્રવૃત્ત થાય છે, મહાપુરુષો એને બ્રહ્મચારી કહીને સંબોધે છે. સાધનાનો આરંભ કરતાં પહેલાં તો બધા જ અબોધ હોય છે! પ્રકૃતિમાં બહેકેલા હોય છે, ભૂલા પડેલા હોય છે, પણ જે દિવસથી એ મન-વચન-કર્મથી કામ, ક્રોધ, મોહ અર્થ, ધર્મ વગેરે બધી જ ચિંતાઓ છોડીને કેવળ એક ઈચ્છા રાખીને, ''**इच्छा राखे मोक्ष की, ताहि शिष्य पहचान**'' આ એકમાત્ર દર્શનની ઈચ્છા રાખીને, એ દર્શન માટે જે સાધના-પ્રક્રિયાઓ છે, એ બધાંને ધારણ કરે, એ દિવસથી તે બ્રહ્મ તરફ આગળ વધનાર બ્રહ્મચારી છે.

આરંભના સ્તર પર સંગદોષ થવાથી મન ભટકવા માંડે છે. ઈન્દ્રિયો ઘસડી જાય છે ને સાધનાપથથી ચ્યુત કરે છે. પ્રકૃતિ સબળ બને છે, ઉત્થાન-પતન થયા કરે છે, તો પણ નિરંતર લક્ષ્ય તરફ પ્રયત્નશીલ સાધક બ્રહ્મચારી છે; જોકે હજી થયો નથી, પણ થવામાં સંદેહ પણ નથી. બ્રહ્મચર્યવ્રત્રથી ચાલનાર આ જ સાધક જ્યારે બધી ઈન્દ્રિયોને સંયમિત કરીને મનને સારી રીતે ઈષ્ટમાં પ્રવાહિત કરતો થઈ જાય છે, એ દિવસથી 'સ્વામી'ની ઉપાધિ મળે છે. હવે એ ઈન્દ્રિયોનો ગુલામ

નહીં, પણ માલિક છે. હવે એને ઘસડીને વિચલિત નથી કરી શકતી, પણ એ જ્યાં ઈચ્છે છે ત્યાં ઈન્દ્રિયોને ખેંચી રાખી શકે છે, તેમ કરવા સમર્થ છે, માટે 'સ્વામી' કહેવાય છે.

ક્રમશઃ અભ્યાસ કરતાં કરતાં સાધના વધારે સૂક્ષ્મ થયા પછી સાધક બધાં સંકલ્પોનો અંત આણવામાં સક્ષમ થઈ જાય છે અને ''**सर्व संकल्प संन्यासी योगारूढस्तदोच्यते**'' બધાં સંકલ્પોનો જ્યાં અભાવ છે ત્યાં જ યોગરૂઢતા છે, એ જ સન્યાસ છે. એ અવસ્થામાં એ જે પ્રભુને શોધતો હતો એનું દિગ્દર્શન, સ્પર્શ અને પ્રવેશ મેળવી લે છે. જ્યારે બ્રહ્મ જુદા નથી ત્યારે આચરણ કોનું કરે ને શા માટે કરે? અહીં વ્રત પૂરું થઈ જાય છે.

સાધનના સંદર્ભમાં સમાજમાં ભ્રાંતિઓ છે. કોઈ કાંઈ પણ કરે તો કહે સાધના છે. પણ વસ્તુતઃ યોગસાધનાના આઠ અંગ છે-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ આઠેય અને સ્વયં યોગ શબ્દ માટે પણ સમાજમાં રૂઢિઓ પ્રચલિત છે. જ્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર પ્રકૃતિના સંયોગ અને વિયોગથી રહિત નામ યોગ છે. એને સિદ્ધ કરવા માટે જ્યારે આપણે પોતે મથીએ છીએ, ત્યારે એનાં ઉપર્યુક્ત આઠ સાધન છે.

યમની અંતર્ગત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આવે છે. અહિંસાને નામે લોકો કોઈની હત્યાથી બચે છે, કીડીનેય નથી મારતા, પરંતુ એને યૌગિક અહિંસા સાથે દૂરનોય સંબંધ નથી. જો આપણે યોગનાં બધાં અંગોનું પાલન કરવા પ્રવૃત્ત ન થઈએ તો માત્ર કીડી બચાવવાથી શો લાભ! જેણે જન્મ લીધો છે, એણે મરવાનું તો છે જ. તમારા બચાવવાથીય એની રક્ષા નહીં થાય. આ તો વસ્ત્ર છે, જેણે એક દિવસ બદલાવાનું છે. હાથ વગરનાઓ હાથવાળાઓનું ભોજન છે. પગ વગરનાઓ પગવાળાઓનું ભોજન છે. દુર્બળો સબળોનું ભોજન છે. ચરાચર જગત એકબીજાનું ભોજન છે. જો બધાં જ ભોજન ન હોય તો

રક્ષા કોની કરીએ છીએ? જેનું ભોજન બંધ થશે, એ ભૂખથી પ્રાણ ત્યાગ કરી દેશે. હાનિ-લાભ, જીવન-મરણ, યશ-અપયશ તમારા હાથમાં છે જ નહીં, તો તમે કીડીને બચાવવાનો દંભ શા માટે કર છો? પોતાના આત્માને અધોગતિથી બચાવવાના પ્રયાસ જ વાસ્તવિક અહિંસા છે.

સત્ય શુ છે? યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર આ આત્મા જ સત્ય છે, શાશ્વત છે, સનાતન છે. આ આત્મા પર દૃષ્ટિ રાખવી એ જ સત્ય છે. અસ્તેયનો અર્થ છે છુપાવવાનો અભાવ. જે હૃદયમાં હોય તે જ વાણીમાં પણ હોય. જો સાધકને કોઈ પાસેથી કાંઈ લેવું નથી, સૃષ્ટિમાં કોઈ પ્રકારનું પ્રયોજન નથી, તો એ છુપાવે છે શા માટે? શું છુપાવે છે? શું શોધી રહ્યો છે?

આ રીતે, કેવળ જનનેન્દ્રિયસંયમ જ બ્રહ્મચર્ય નથી. રૂપ-રસ-ગંધ-શબ્દ બધાં જ સ્પર્શ છે. આ બધા વિષય ઈન્દ્રિયોના સ્પર્શમાત્ર છે. ''**मात्रास्पर्शास्तु कौन्तेय**'' ચિંતનમાં જનનેન્દ્રિય સમાન રૂપે બાધક છે. આ બધાંનું સંચાલક એક મન છે. એ ઈષ્ટનું ચિંતન કરતાં કરતાં આ જ ઈન્દ્રિયો બહારના જગતમાં પોતાનો ખોરાક શોધવાનું બંધ કરી દે છે. હૃદયદેશમાં જ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને ગંધનો આશય ઈષ્ટને બનાવી લે છે અને એ દિવસે એ સાધક સારી રીતે યમની યોગ્યતાવાળો થઈ જાય છે. જો કોઈ પણ ઈન્દ્રિય બહાર સ્પર્શ-રસ લેવા માંડે તો એ ભગવાન તરફ આગળ વધ્યો જ ક્યાં હતો?

એટલે કેવળ જનેન્દ્રિયસંયમ જ સાધકનું મુખ્ય લક્ષ્ય નથી. લક્ષ્ય એ પરમાત્મા છે જેને પામવા માટે બધી ઈન્દ્રિયોના બહિર્મુખી પ્રવાહને રોકવાનો છે. એ એક પરમાત્માના નિરંતર સ્મરણથી જનનેન્દ્રિયસંયમ જ નહીં, સકલેન્દ્રિયસંયમ થઈ જાય છે. સકલેન્દ્રિયસંયમ પછી જ જનનેન્દ્રિયસંયમ સારી રીતે થાય છે, શક્ય થાય છે. એ વાત જુદી છે કે સ્પર્શ નામની ઈન્દ્રિય વધુ ભયંકર છે, તે એ માપદંડ છે, જેનાથી ખબર પડે છે કે કોણ પતિત થઈ ગયું છે અને કોણ બચ્યું છે. '**श्रृंगी की**

भृंगी करी डारी, पाराशर के उदर बिदारी'' ઈન્દ્રિયો બાહ્ય સ્પર્શો તરફ જાય તો એનો સીધા અર્થ છે કે પહેલાં મને અનુમતિ આપી, મન એ ઈન્દ્રિય સાથે આગળ વધ્યું અને બ્રહ્મ આચરણથી અર્થાત્ બ્રહ્મચર્યથી ચ્યુત થઈ ગયું માટે એક પરમાત્માનું નિરંતર ચિંતન જ બ્રહ્મચર્યની ચાવી છે.

पुरुष नपुंसक नारि वा जीव चराचर कोय।
सर्व भाव भज कपट तजि, मोहि परमप्रिय सोय॥

-(रामचरित मानस)

ભગવાન રામ કહે છે કે પુરુષ હોય, નપુંસક હોય, (ભલા નપુંસક કયા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે?) પણ એ નપુંસક હોય, નારી હોય અથવા ચરાચર જગતમાં કોઈ પણ કેમ ન હોય, જો સર્વતોભાવેન, સંપૂર્ણ હૃદયથી જે મારું ચિંતન કરે છે તે મને પરમ પ્રિય છે. માટે મન-વચન-કર્મથી જે ઈષ્ટ (પરાત્પર બ્રહ્મ) તરફ ઝૂકે છે, એ તે જ દિવસથી બ્રહ્મની પ્રાપ્તિનું આચરણ કરવાવાળો છે, માટે બ્રહ્મચારી છે. પ્રકૃતિ સાથે સંબંધ તોડીને જે પોતાને એ પરમાત્મા સાથે જોડી દે છે, તે એ જ દિવસથી બ્રહ્મચારી છે (બ્રહ્મ તરફ ચાલનાર છે) અને આ દૃષ્ટિએ નપુંસક પણ બ્રહ્મચારી હોઈ શકે છે.

॥ ॐ ॥

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्॥
यः प्रयाति त्यजन्देह स याति परमां गतिम्॥

જે પુરુષ 'ઓમ ઈતિ' ઓમ્ એટલું જ, જે અક્ષય બ્રહ્મનો સૂચક છે, એનું સ્મરણ કરતો કરતો શરીરનો ત્યાગ કરી દે છે, એ પુરુષ પરમગતિ પ્રાપ્ત કરે છે. કૃષ્ણ એક યોગી હતા. પરમતત્ત્વમાં સ્થિત મહાપુરુષ હતા, સદ્‌ગુરુ હતા. યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે ઓમ્ અક્ષય બ્રહ્મનો સૂચક છે. તું એનો જપ કર અને ધ્યાન મારું કર. પ્રાપ્તિના દરેક મહાપુરુષનું નામ એ જ હોય છે જેને એ પ્રાપ્ત છે, જેમાં એ વિલય છે, એટલે નામ 'ઓમ્'નું કહ્યું અને રૂપ પોતાનું. યોગેશ્વરે કૃષ્ણ-કૃષ્ણ જપવાનો નિર્દેશ નથી કર્યો, પણ કાલાન્તરે ભાવુકોએ એમનું નામ પણ જપવાનો આરંભ કરી દીધો. અને પોતાની શ્રદ્ધા પ્રમાણે એનું ફળ પણ પામે છે; જેમ કે 'મનુષ્યની શ્રદ્ધા જ્યાં ક્યાંય પણ ટકી જાય છે ત્યાં હું જ ઊભો થઈને એની શ્રદ્ધાને પુષ્ટ કરું છું તથા હું જ ફલનું વિધાન કરું છું પણ એ ફળ ભોગવવામાં આવે છે, જ્યારે મારો ભક્ત મને જ પ્રાપ્ત કરે છે, એનું પતન નથી થતું.

'યથાર્થ ગીતા : શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાંથી'
ઉદ્‌ધૃત

ગાયત્રી

કણકણમાં વ્યાપ્ત પરમાત્માને
પોતાની જાત સમર્પિત કરવાનો
એક સંસ્કૃત-મંત્ર ગાયત્રી છે.

- સ્વામી શ્રી અડગડાનન્દ

ગાયત્રી

"વેદમાતા ગાયત્રી, બ્રાહ્મણમાતા ગાયત્રી"

પ્રશ્નઃ ગાયત્રી શું છે? એને વેદ-માતા અને બ્રાહ્મણ-માતા શા માટે કહે છે?

ધર્માનુરાગીઓને ગાયત્રીનું મહત્ત્વ સારી રીતે જ્ઞાત છે. ધર્મના પ્રાણ અને વેદમાતા ગાયત્રી, ધર્મોપદેશક બ્રાહ્મણ અને બ્રાહ્મણની માતા ગાયત્રી. ગાયત્રીજપ બ્રાહ્મણનું અનિવાર્ય દૈનિક કર્મ છે. આજકાલ એના મહત્ત્વનો ઉદ્‌ઘોષ કરવા માટે એક ધાર્મિક સંસ્થા પણ બની છે. જે 'ગાયત્રી પરિવાર' નામે ઓળખાય છે. દર મહિને એક પત્રિકા અને દર વર્ષે એક સારા આકારનું પુસ્તક પણ પ્રકાશિત થાય છે. જેના માધ્યમથી ગાયત્રીના મહત્ત્વનું વિવેચન કરવામાં આવે છે. ગાયત્રીના એકએક શબ્દ અને એકએક અક્ષરની ધર્મ-વિજ્ઞાન અને યોગશાસ્ત્રની દૃષ્ટિએ વ્યાખ્યા કરવામાં આવે છે. જીવનમાં લૌકિક તથા પારલૌકિક સુખોની અનુભૂતિ ગાયત્રીના પાઠ અને સતત અભ્યાસ દ્વારા જ શક્ય દર્શાવાય છે. આવો, એના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યનું અવલોકન કરીને એના ઉદ્‌ભવ વિશે જાણીએ.

પ્રાચીન કાળમાં ગાધિના પુત્ર વિશ્વરથ નામના એક ક્ષત્રિય રાજા હતા, જે પછી પોતાના ગુણોને લીધે વિશ્વામિત્ર નામે વિખ્યાત થયા. રાજા વિશ્વરથ એકવાર પોતાની સેના સાથે શિકાર માટે વનમાં ગયા. બહુ મોડે સુધી શિકાર કર્યા પછી ભૂખ્યાતરસ્યા અને થાકેલા રાજા ફરતા ફરતા સેના સાથે મુનિ વશિષ્ઠના આશ્રમમાં પહોંચ્યા. મુનિ વશિષ્ઠે સેના સહિત રાજાનો જે શાહી સત્કાર કર્યો, એ જોઈ રાજા વિશ્વરથ આશ્ચર્યચકિત થઈ ગયા. આશ્ચર્યની વાત હતી જ, ઘોર જંગલમાં સુખસગવડની વસ્તુઓનું પર્યાપ્ત માત્રામાં હોવું. આશ્રમની વ્યવસ્થા વિશે પ્રશ્ન કર્યો ત્યારે મુનિ વશિષ્ઠે કહ્યું કે આશ્રમમાં એક ગાય છે, નન્દિની (કામધેનુની પુત્રી) એની જ કૃપાથી વ્યવસ્થા થઈ જાય છે.

નન્દિનીનો પ્રભાવ જોઈને રાજાને થયું કે આ તો એક રત્ન છે અને રત્ન રાજાઓને શોભા આપે છે. આમની પાસે રહીને નન્દિની શું કરશે? મુનિ વશિષ્ઠ પાસે જઈને રાજાએ કહ્યું કે નન્દિની મને આપી દો. મુનિ વશિષ્ઠે કહ્યું, આની જ મદદથી ઘોર જંગલમાં આશ્રમ ચાલે છે. મારા યજ્ઞ વગેરે એના જ દ્વારા પૂર્ણ થાય છે, હું એ નહીં આપી શકું. રાજા વિશ્વરથે પહેલાં જ અનુરોધ કર્યો, પછી હઠ કરી અને અંતે બળપ્રયોગ માટે તૈયાર થઈ ગયા. એમણે સૈનિકોને આદેશ આપ્યો કે નન્દિનીનું અપહરણ કરી લો. પછી તો શું, સૈનિકો બળ વાપરીને નન્દિનીને ખેંચવા માંડ્યા. એટલામાં નન્દિનીએ ક્રોધિત થઈને પોતાનું શરીર હલાવતાં હલાવતાં જોરથી હુંકાર કર્યો. એના શરીરમાંથી સ્ફુલિંગ નીકળ્યા, જેમાંથી યવન, શક, મલેચ્છ વગેરે અનેક જાતિઓના સૈનિકો હાથમાં શસ્ત્રો લઈને નીકળી પડ્યા. એ સૈનિકોએ રાજાના સૈનિકોને ભગાડ્યા. ફરીથી વિશ્વરથે તપના પ્રભાવથી મેળવેલાં ઘણાં અસ્ત્રો વશિષ્ઠ પર ફેંક્યાં. મુનિ વશિષ્ઠે જોયું કે પોતાની ઉપર અસ્ત્રો આવી રહ્યાં છે ત્યારે એમણે પોતાની સામે એક દંડ જમીનમાં નાખ્યો અને નિશ્ચિંત થઈને બેસી ગયા. વિશ્વરથે ફેંકેલાં બધાં અસ્ત્રોને એ દંડે ભસ્મ કયા. હતાશ થઈને વિશ્વરથે પોતાના ક્ષાત્રતેજનો તિરસ્કાર કર્યો.

धिग्बलं क्षत्रियबलं ब्रह्मतेजो बलं बलम्।
एकेन ब्रह्म दण्डेन सर्वाणि अस्त्राणि हतानि मे॥

છેવટે એમણે નિશ્ચય કર્યો કે હું તપસ્યા વડે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરીશ. ઘરે આવીને રાજ્યભાર પુત્રોને સોંપીને વનમાં ચાલ્યા ગયા. એમણે ઘોર તપસ્યા આરંભી, સ્વર્ગમાં વસતા દેવતાઓને ભય લાગ્યો, એમણે વિશ્વામિત્રની તપસ્યા નષ્ટ કરવાના ઘણા પ્રયત્ન કર્યા.

સૌથી પહેલાં સ્વર્ગલોકની અપ્સરા મેનકા આવી. એણે ખૂબ અનુનય-વિનયથી રાતભર કુટિરમાં રહેવા માટે શરણ માગ્યું. દયાવશ થઈને એમણે આશ્રય આપ્યો, પણ એના અપ્રતિમ સૌંદર્યનો જાદુ વિશ્વામિત્રના મન પર એવો છવાઈ ગયો કે એ કામવશ થઈને પોતાની

ધીરજ ગુમાવી બેઠા. પછી એ એમના આશ્રમમાં ઘણા દિવસ રહી. એણે એક કન્યાને જન્મ આપ્યો, પથી અદૃશ્ય થઈ ગઈ. એના વિરહમાં વ્યાકુળ વિશ્વામિત્ર જંગલમાં એને શોધતા હતા. એ જ વખતે આકાશવાણી થઈ, બ્રહ્મતેજ પ્રાપ્ત કરવા નીકળતો હતો, તું તો પતિત થઈ ગયો.

ફરીથી એ જ નિશ્ચયથી વિશ્વામિત્રે તપસ્યા આરંભી. થોડા દિવસ પછી ઈન્દ્ર વળી એક ચાલ ચાલ્યો. એણે રાજા અમ્બરીષનો યજ્ઞનો ઘોડો ચોરી લીધો. ઘોડાની જગ્યાએ બલિ ચડાવવા માટે શુનઃશેપ નામના એક મુનિકુમારને ખરીદ્યો. સંજોગવશાત્ એ વિશ્વામિત્રનો ભાણેજ થતો હતો. તેણે વિશ્વામિત્ર પાસે પ્રાણરક્ષાની યાચના કરી. વિશ્વામિત્રે પોતાના સો પુત્રોમાંથી કોઈ એકને એને બદલે જવાનું કહ્યું, પણ એણના પુત્ર આ વાત પર રાજી ન થયા. પરિણામે વિશ્વામિત્ર ક્રોધિત થઈ ગયા અને એમણે પોતાના જ પુત્રોને નષ્ટ થઈ જવાનો ઘોર શાપ આપ્યો. ફરીથી આકાશવાણી થઈ,-વિશ્વામિત્ર! તું ક્રોધને કારણે પતિત થઈ ગયો. ફરીથી તપસ્યામાં લીન થયા પછી એક વાર રાજા ત્રિશંકુને સ્વર્ગમાં પહોંચાડવામાં તપસ્યા નષ્ટ થઈ, એક વાર રંભા અપ્સરાને કારણે તરસ્યા નષ્ટ થઈ.

વાસ્તવમાં તો કામ અને ક્રોધ સાધનાપથના સૌથી મોટા શત્રુ છે. જે જરાક અસાવધાનીમાં વર્ષોની તપસ્યા (પરિશ્રમ) પર પાણી ફેરવી દે છે. આજે દરેક મનુષ્યની સામે વિશ્વામિત્રની એ જ અવસ્થા એ જ ઊહાપોહ અને એ જ સાધનાની સમસ્યાઓ ઉપસ્થિત છે.

આ રીતે વારંવાર આવતા વિઘ્નોને જોઈને વિશ્વામિત્રે વિચાર્યું,-હું અથાક પરિશ્રમ કરું છું, મારી બુદ્ધિ અને વિવેકથી લેશમાત્ર ત્રુટિ નથી થવા દેતો, તો પણ કોઈ ને કોઈ ભૂલ થઈ જ જાય છે. ઘણો વિચાર કર્યા પછી એમણે નિર્ણય કર્યો કે શા માટે હું મને પોતાને ભગવાનને સમર્પિત ન કરી દઉં? મારું મન, બુદ્ધિ, હૃદય બધું જ એમને સોંપી ન દઉં? મારા યોગક્ષેમની સંભાળ એ જ રાખશે. આવો નિશ્ચય કરીને વિશ્વામિત્ર ભાવવિભોર થઈ પુકાર કરી ઊઠ્યા-

ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य
धीमहि धियो यो नः प्रचोदयात् ॥

ૐ શબ્દથી ઉચ્ચારાયેલા, ત્રણ લોકમાં તત્ત્વરૂપે વ્યાપ્ત, સ્વયં પ્રકાશરૂપ પૂજન કરવા યોગ્ય એકમાત્ર શરણસ્થાન પ્રભુ અમને એ બુદ્ધિ આપો જેથી હું આપને તત્ત્વરૂપે જાણી શકું. પરમશ્રેય પ્રાપ્ત કરી શકું.

માનવમાત્રે આજે એ જ સમર્પણ ભાવના સાથે આ છંદનું અધ્યયન, ચિંતન અને મનન કરવું જોઈએ. આ રીતે સર્વ ભાવપૂર્વક પ્રભુને સમર્પિત થઈને જ્યારે વિશ્વામિત્રે ફરીથી તપસ્યા આરંભી ત્યાર પછી એ નિરંતર આગળ વધતા ગયા. કેટલીય વાર વિઘ્નો ઊભાં કરનારા દેવતાઓ ગભરાઈ ગયા. કામ અને ક્રોધ તો છે જ નહીં, ''**रवि सन्मुख तम कबहु कि जाहीं।**'' જ્યાં ભગવાન જ સ્વયં રક્ષકરૂપે ઊભા છે, ત્યાં કોઈ શું કરી શકે? દેવતાઓએ બ્રહ્માજી પાસે જઈને પ્રાર્થના કરી કે જે માગે તે આપીને એમની તપસ્યા સમાપ્ત કરાવો, નહીં તો આ ઉગ્ર તપથી અમે બધા બળી જશું.

બ્રહ્માજી વિશ્વામિત્ર પાસે ગયા ને બોલ્યા-આજથી આપ જિતેન્દ્રિય મહર્ષિ થયા. વિશ્વામિત્રની મનોકામના પૂરી થઈ. બોલ્યા, હું બ્રહ્મર્ષિ છું, બ્રાહ્મણ છું. બ્રાહ્મણની જનની કોણ? ગાયત્રી. અર્થ શો? એ પરમ પ્રભુ, શાશ્વત પ્રભુ પ્રત્યે મન, વચન અને કર્મથી સમર્પણનું નામ જ ગાયત્રી છે. એમની પર નિર્ભર રહીને ચિંતનમાં મગ્ન થઈ જાઓ. જ્યારે તેઓ પ્રાર્થના સાંભળી લેશે ત્યારે પરમશ્રેયની પ્રાપ્તિ કરાવી દેશે.

વિશ્વામિત્રે કહ્યું,-હું બ્રાહ્મણ છું, તો વેદ અમારી વરણી કરે. બ્રહ્માજીએ તથાસ્તુ કહ્યું અને વેદ વિશ્વામિત્રના હૃદયમાં ઊતરી આવ્યા. જે તત્ત્વ વિદિત નહોતું તે વિદિત થઈ ગયું. વાસ્તવમાં પરમાત્માની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ વેદ છે. અવિદિત તત્ત્વનું વિદિત થઈ જવું,

એટલે જ વેદનું હૃદયમાં ઊતરવું. ભગવત્ કૃપાથી જ આ સંભવ છે. તેથી વેદોને અપૌરુષેય કહેવાય છે. વેદ કોઈ પુસ્તકનું નામ નથી. જે પુસ્તક આપણને વેદને નામે ઉપલબ્ધ છે, એ તો માત્ર પ્રવેશિકા છે, જે માત્ર પ્રેરણા આપે છે. વિશ્વામિત્રના હૃદયમાં વેદ ઉતારવાનું શ્રેય કોને મળ્યું? ગાયત્રીને, વેદની જનની કોણ? ગાયત્રી.

આ રીતે ગાયત્રી એક નિર્ણાયક ઉપદેશ છે. કણકણમાં વ્યાપ્ત પરમાત્માને પોતાની જાત સમર્પિત કરવાનું સંસ્કૃત ભાષામાં એક સૂત્ર છે. એમાં કોઈ દેવીદેવતાઓ નથી, પણ આ જ વાક્ય વડે કોઈ ગાયત્રી-દેવીની પ્રતિમા બનાવી લે છે, તો કોઈ એને ત્રણ ભાગમાં વિભક્ત કરીને વારાફરતી ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું ધ્યાન કરે છે. કેટલાક લોકોનું કહેવું છે કે આ અતિ ગોપનીય મહામંત્ર છે. એને ઊલટાવીને ''**तयादचोप्रः नः यो**'' જપ કરવાનું વિધાન છે. વિશ્વામિત્રના જીવનથી જ સ્પષ્ટ થઈ ગયું હશે કે સાધનાપથમાં દેવો જ સૌથી મોટા શત્રુ છે. તો પણ જન્મજન્માંતરોથી આપણા મસ્તિષ્ક દેવોથી એટલાં પ્રભાવિત થઈ ગયાં છે કે આપણને જે કાંઈ સારું લાગે તેને દેવતા માનીને પૂજા શરૂ દરી દઈએ છીએ.

એક શાશ્વત સ્વયં પ્રકાશસ્વરૂપ પ્રભુ પ્રત્યે સમર્પણ કરતાં કરતાં કર્મ (તપ)માં મંડ્યા રહેવાનું નામ ગાયત્રી છે. જો તમે આ રીતે મંડ્યા રહેશો તો સફળતા અવશ્ય મળશે. એ સર્વશક્તિમાન પ્રભુને પરમશ્રેય દેનારી નિર્મળ બુદ્ધિની પ્રાપ્તિ માટે ગાયત્રી એક પ્રાર્થનામાત્ર છે. તે માટે કર્મ પણ કરવું પડશે. એવું નહીં કે જીવનભર પ્રાર્થના જ કરતા રહીએ અને નિયત કર્મ પર ધ્યાન ન દઈએ, આમ કરીએ તો પરિણામ કાંઈ જ ન આવે. નિયત કર્મ જ એ સાધન છે જે લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે. કર્મ નિર્વિઘ્ન થતું રહે, તે માટે પ્રાર્થના કરાય છે.

સમર્પણ સાથે કોઈ બેઅઢી અક્ષરનું નામ લઈને જપ શરૂ કરે

છે, કોઈ અનુભવી મહાપુરુષનું શરણ લઈને આગળ વધતા રહે ત્યારે બ્રાહ્મણત્વનો જન્મ થાય. તે પછી વેદનો આવિર્ભાવ થાય. તમારા હૃદયમાં આ જ બંનેનો જન્મ ગાયત્રી છે. જ્યારે વિશ્વામિત્ર પૂર્ણ થઈ ગયા, વેદજ્ઞ અને બ્રહ્મસ્થિત થઈ ગયા, પછી આગળ કોઈ એવી સત્તા નથી જેની શોધ કરે. જ્યારે પોતે બ્રહ્મસ્વરૂપમાં સ્થિત થઈ જાય, પછી કોની પ્રાર્થના કરે અને શા માટે કરે? ''**जानत तुमहिं होई जाई**''. હવે એ ગાયત્રી દ્વારા કોને આવાહન કરે? ગાયત્રીનું મહત્ત્વ ક્ષત્રિય શ્રેણિના સાધક માટે હોય છે, કારણ કે સર્વભાવેન સમર્પણની ક્ષમતા એવા જ સાધકોમાં હોય છે, જેમનામાં ઈશ્વરને માટે તલસાટ પેદા થઈ ગયો હોય. ઈશ્વરના વિયોગમાં એકએક પળ યુગસમાન વીતે છે. એ જ ગાયત્રીનો અધિકાર છે, બીજો નહીં. વૈશ્ય અને શૂદ્ર સ્તરના સાધકોથી સારી રીતે સમર્પણ થઈ પણ નથી શકતું. ધ્યાન દેવા જેવી વાત છે કે આ સ્તર ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિવાચક નથી. પણ એક જ સાધકનાં સોપાન છે. સાધનાના એ સ્તરો પર પહોંચીને ક્રમશઃ ચારે સોપાનોને પાર કરતા કરતાં સાધક પરમસિદ્ધિ પ્રાપ્ત કરી લે છે.

કર્મકાંડના જાણકાર એક છોકરાને મેં પૂછ્યું કે ગાયત્રી શું છે? બોલ્યો, મહારાજ! જેમ ''**बल, बुद्धि, विद्या देहु मोहि हरहु कलेश विकार**'' એવી એક પ્રાર્થના છે. મેં પૂછ્યું, બંને વચ્ચે અંતર શું છે? એણે કહ્યું, બળ, બુદ્ધિ, વિદ્યા ભગવાનના સેવક પાસે માગવામાં આવ્યાં અને ગાયત્રીવાળી સિદ્ધિ ભગવાન પાસે માગવામાં આવી છે. જો માગવું હોય તો સીધા ભગવાન પાસે માગવું સારું છે,-''**तुलसी मूलहिं सींचिए फूलइ फरइ अघाड़॥**'' નીચેવાળા શું આપશે? ભક્તિનો માર્ગ આપશે. સદ્‌ગુરુ વગર ભક્તિ નથી મળતી.

''**संतो भगती सद्‌गुरु आनी**''-સંત કબીર.

॥ ॐ शांति ॥

યુગધર્મ

યુગધર્મ સાધનાનાં ચાર સોપાન છે.
નહીં કે ચાર પ્રકારના ધર્મ
સાધકે આ જ ચાર સોપાનો પરથી જવું પડે છે.
યુગોના ઉતાર-ચઢાવ મનની ભીતર થાય છે,
બધાંમાં એની વ્યવસ્થા છે.

- સ્વામી શ્રી અડગડાનન્દ

મહાકુંભના અવસર પર ચંડીદ્વીપ (હરિદ્વાર)માં
દિ. ૧૮.૪.૧૯૮૬ની જનસભામાં
સ્વામી શ્રી અડગડાનન્દજીના
પ્રવચનના કેટલાક અંશ

યુગધર્મ

બન્ધુઓ!

સમાજમાં રોજ રોજ સાંભળવા મળે છે, 'ઘોર કળિયુગ આવી ગયો છે મહારાજ! હવે ધરમ-કરમ કેમ થશે?' એમની માન્યતા છે કે સૃષ્ટિના આરંભમાં ક્યારેક સત્યયુગ હતો. જે વખતે વેદોનો આરંભ ભારતમાં થાય છે, એ સમયે લોકો ધાર્મિક હોય છે અને ત્રેતા, દ્વાપર અને કળિયુગ સુધીમાં ક્રમશઃ વેદ, ગંગા અને ધર્મનો હ્રાસ થતાં થતાં તેઓ આ મૃત્યુલોકમાંથી બ્રહ્મલોકમાં ચાલ્યા જાય છે. ચાર લાખ બત્રીસ હજાર માનવવર્ષોનો કળિયુગ, એનાથી બમણો દ્વાપર, કળિયુગથી ત્રણ ગણો ત્રેતા અને ચાર ગણાં માનવવર્ષોનો સત્યયુગ-આ બધા મળીને બ્રહ્માનો એક દિવસ અને એટલી જ લાંબી રાતને એક કલ્પ કહે છે. એકોતેર મહાયુગોનો, અર્થાત્ ત્રીસ કરોડ, સડસઠ લાખ વીસ હજાર વર્ષોનો એક મનવન્તર હોય છે, જેમાં દેવરાજ ઈન્દ્ર અને મનુ જેવા મોટા મટા પદાધિકારી પણ કાલવશ થઈ જાય છે. દરેક મનવન્તરના અંતે ખંડપ્રલય થાય છે. એકત્રીસ પદ્મ દશનીલ ચાળીસ ખરબ માનવવર્ષોમાં એક બ્રહ્મા પદધારી બદલાઈ જાય છે. બ્રહ્મા કરતાં હજાર ગણું આયુષ્ય વિષ્ણુનું અને બાર લાખ વિષ્ણુનું આયુષ્ય અર્થાત્ ચોવીસ લાખ અઠ્યોતેર હજાર નવ સો છત્રીસ મહાશંખ માનવવર્ષ ભગવાન શિવનું આયુષ્ય મનાય છે. જેટલા સમયમાં અનંતકોટિ બ્રહ્માંડવ્યાપી બ્રહ્મશક્તિ જગદંબા એક વાર પાંપણ પલકાવે છે એટલા સમયમાં ભગવાન શિવ એક ખરબ પચાસ હજાર વખત પોતાની પાંપણ પલકાવીને બ્રહ્માંડનો સંપૂર્ણ પ્રલય કરીને બ્રહ્મમાં લય પામી જાય છે અને આ જ ક્રમે ફરીથી સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે. આ પ્રકારની કાળગણના 'દેવીમીમાંસા', 'દેવીભાગવત', 'શક્તિરહસ્ય', 'માર્કંડેય પુરાણ', 'મનુસ્મૃતિ' વગેરે ગ્રંથોમાં જોવા મળે છે. જેનો નિષ્કર્ષ એ કાઢવામાં આવે છે કે યુગોના આરોહ-અવરોહની સાથે મનુષ્યની ક્ષમતા

વધે-ઘટે છે. એ ઈચ્છે તો પણ ધર્મનું આચરણ કરી શકતો નથી, તેથી દરેક યુગના ધર્મ જુદા જુદા નિર્ધારિત છે, જેમ કે ગોસ્વામી તુલીદાસજીના રામચરિતમાનસમાં જોવા મળે છે. ગીતામાં પણ ભગવાન યુગે યુગે અવતાર લેવાની વાત કરે છે. કળિયુગમાં જ્યારે ઉત્તરોત્તર ધર્મનો હ્રાસ જ થવાનો હોય તો ધર્માચરણનો પ્રયત્ન શા માટે કરવો?

તો આવો, એ પ્રશ્નનો વિચાર કરીએ કે યુગ શું છે? આપણા પૂર્વ મનીષીગણ આ સંદર્ભમાં શું કહે છે? રામચરિતમાનસમાં કળિયુગ-મહિમા-ગાનનો પ્રસંગ છે. એની પર નજર નાખવાથી જણાય છે કે ક્યારેક સતયુગ હતો અને આજે કળિયુગ આવ્યો છે, એવી કોઈ વાત નથી. કાગભુશંડીજીએ પોતાના પૂર્વજન્મનું વૃત્તાંત રજૂ કરવાના ક્રમમાં મલ-મૂલ કળિયુગનું વર્ણન જે શબ્દોમાં કર્યું છે, બરાબર એ જ શબ્દાવલિ અને એ જ લક્ષણોનો ઉલ્લેખ ગોસ્વામીજીએ ઉત્તરકાંડમાં અસન્ત-લક્ષણ તથા બાલકાંડમાં રાવણની ઉત્પત્તિ અને નિશાચરોના આતંકના પ્રસંગે કર્યું છે. કળિયુગમાં ''**सब नर काम लोभ रत क्रोधी**'' હોય છે, તો અસન્ત ''**काम, क्रोध मद लोभ परायण**'' હોય છે. બંને એક જ વાત છે. કળિયુગમાં ''**परस्त्रिय लंपट कपट सयाने**'' લોકો હોય છે, તો અસન્ત ''**पर द्रोही, पर दार रत, परधन पर अपवाद**'' છે. આ રીતે નિશાચરોના આતંકના સમય ''**बाढे खल बहुचोर जुआरा। जे लंपट परधन परदारा॥**''નું સામ્ય જોવા મળે છે.

છૂટાંછવાયા સ્થાન તો અનેક છે, પણ ઉપર્યુક્ત ત્રણચાર સ્થાન પર ગોસ્વામીજીએ કળિના ગુણધર્મ પર પ્રકાશ ફેંક્યો, કળિયુગનાં અનેક લક્ષણ દર્શાવ્યાં,-

बरन धर्म नहीं आश्रम चारी। श्रुति विरोध रत सब नर नारी ॥
द्विज श्रुति वेचक भूप प्रजासन। कोई नहीं मान निगम अनुसासन ॥

આ રીતે

नारि विवस नर सकल गोराई। नाचहिं नट मर्कट की नाई॥
मातु पिता बोलावहिं। उदर भरै सोई धर्म सिखावहिं॥
ब्रह्म ज्ञान बिनु नारि नर, कहहिं न दूसरि बात।
कौड़ी लगि लोभ बस करहिं विप्र गुरु घात ॥ ૭/૯૯ ક

વગેરે કેટલાંય લક્ષણો ગણાવ્યાં અને અંતે નિર્ણય દર્શાવે છે,-

ऐसे अधम मनुज खल, कृतयुग त्रेता नाहिं।
द्वापर कछुक वृन्द बहु, होइहैं कलियुग माहिं॥ ૭/૪૦ ॥

અર્થાત્ આવા અધમ મનુષ્ય સત્યયુગ અને ત્રેતામાં તો હોતાં જ નથી, દ્વાપરમાં કેટલાક હોય છે, કળિયુગમાં ઝૂંડનાં ઝૂંડ હોય છે. પ્રશ્ન થાય છે કે શું સત્યયુગ અને ત્રેતામાં અધમ મનુષ્યો હોતા જ નથી?

ઐતિહાસિક પ્રમાણ મળે છે કે સત્યયુગમાં હિરણ્યકશ્યપ નામના એક રાજા થયા. પોતાની વેધશાળામાં એમણે એવી શોધ કરી લીધી કે ન એ દિવસે મરે, ન રાતે મરે, ન અસ્ત્ર-શસ્ત્રથી મરે, ન પશુપક્ષીથી અને ન માનવ કે દેવતાથી મરે. જ્યારે એમણે જોયું કે પોતે મરવાના જ નથી તો પછી ભગવાનની શી જરૂર? તેથી એમણે ઘોષણા કરી દીધી કે હું જ ભગવાન છું. જે કોઈ મારાથી જુદા કોઈ ભગવાનનું નામ લેશે એને મૃત્યુદંડ કરવામાં આવશે. પોતાની વાત પર એ એટલા મક્કમ હતા કે પોતાના એકના એક દીકરા પ્રહ્લાદને પણ ક્ષમા ન કરી શક્યા. પ્રહ્લાાદને પણ ફાંસી પર ચઢાવી જ દીધો, મારવાના અનેક પ્રયોગ કર્યા, પણ ભગવાન જો એક નિર્દોષ બાળકનેય સ્પર્શ કરે તો સંસારમાં કોઈ શક્તિ નથી જે એને નષ્ટ કરી શકે. પ્રહ્લાદના માધ્યમથી એ યુગમાં ભક્તિની એક લહર સર્વત્ર ઊઠી.

આ રીતે સત્યયુગમાં એવી પરિસ્થિતિ આવી કે ધર્મની માત્ર ચર્ચા કરાય તો પણ મૃત્યુદંડની આજ્ઞા અને અહીં તુલસીદાસજી કહે છે કે

આવા અધમ મનુષ્ય ''**कृत युग त्रेता नाही**''. સત્યયુગ અને ત્રેતામાં હોતા જ નથી, જ્યારે એ જ સત્યયુગમાં એવા ભયંકર લોકો થયા કે ભગવાનનું ફક્ત નામ લેવાને કારણે ફાંસીની સજા સંભળાવતા હતા. આજે કોઈ ફાંસી તો નથી આપતું. બહુ બહુ તો પાંચપંદર લોકો આક્ષેપ કરશે કે બહુ મોટા ભક્ત બની ગયા છે પણ એટલા જ પ્રશંસકો પણ મળશે કે દાદાજી મહાત્માઓ પાસે જાય છે, તીર્થયાત્રા કરે છે, ચોથી અવસ્થાની આ જ શોભા છે-વગેરે.

આવા ત્રેતા પર નજર કરીએ જેનું વિવરણ 'માનસ'માં છે. ત્રેતામાં પણ અધમ પુરુષો હતા. રાવણ ''**धर्म सुनई जो काना। अपुन उठि धावइ, रहइ न पावै।**'' ધર્મ જો કાનથી સોભળી શકાતો હોત તો ક્રોધિત થઈને પોતે જ ચાલ્યો ગયો હોત; ધર્મને નષ્ટ કરવા માટે સેના મોકલી દેત. અધર્મીઓએ નષ્ટ કરવાની આજ્ઞા નહોતી, કેવળ ધર્મને જ નિર્મૂળ કરવાની યોજના હતી. ચોર-ડાકુઓને તો નષ્ટ કરવાના નહોતા, પણ રામ-રામ કહેનારાઓને નષ્ટ કરવાનો આદેશ હતો. ઋષિમહાત્માઓ પાસેથી લોહીરૂપે કર વસૂલ કરાતો હતો. એમનો અપરાધ ફક્ત એટલો જ હતો કે તેઓ ભગવાનનું ચિંતન (સ્મરણ) કરતા હતા. નિશાચરોની ટુકડીઓ ગુપ્ત રહીને ફર્યા કરતી હતી, જે મોકો મળતાં જ ધાર્મિકોને મારીને ચટ કરી જતી હતી. વનવાસી રામ જ્યારે ચિત્રકૂટથી આગળ વધ્યા ત્યારે નરકંકાલોનો એક પહાડ મળ્યો,-

आस्थि समूह देखि रघुराया।
पूछा मुनिन्ह लागि अति दाया॥૩/૮/૬

હાડકાંનો વિશાળ સંગ્રહ જોઈને ભગવાન રામે મુનિઓને પૂછ્યું કે નરકંકાલો કેમ છે? મુનિઓએ કહ્યું કે આપ તો અન્તર્યામી છો જાણવા છતાં પણ કેમ પૂછો છો? પણ આપ પૂછો જ છો તો કહેવું જ પડશે. **निशिचर निकर सकल मुनि खाये।** આ એમનાં જ હાડકાંનો ઢગલો

છે. આજે આપણે નામ તો લઈ શકીએ છીએ. કોઈ એને માટે ટેક્સ તો નથી લેતું, વેદ-પુરાણનું નામ લેવાથી દેશનિકાલ તો નથી થતા? આખી દુનિયા તો રાવણના વશમાં હતી, તો દેશનિકાલનો અર્થ? આ લોકમાંથી છુટ્ટી! વેદ-પુરાણનું નામ લેવાથી આજે કોઈ મારી તો નથી નાખતું? એ વખતે યુગ કયો હતો? ત્રેતા! અને ગોસ્વામીજી કહે છે કે આવા અધમ ખલલોકો કૃતયુગ અને ત્રેતાયુગમાં હોતા જ નથી?

કળિનું એક બીજું લક્ષણ ત્રેતાના સંદર્ભમાં જ જોઈએ-

सौभागिनी विभूषण हीना।
विधवन्ह के श्रृंगार नवीना॥૩/૯૮/૫

એ ત્રેતામાં શૂર્પનખા વિધવા જ તો હતી. એનો પતિ વિદ્યુત-જિહ્વ યુદ્ધમાં રાવણ દ્વારા માર્યો ગયો, ત્યારે એ ઉપાલંભ કરતી બોલી, 'તું મારો ભાઈ છે કે શત્રુ? તેં મને વિધવા બનાવી દીધી? રાવણે આશ્વાસન આપતા કહ્યું, બહેન! મારાથી તો જરૂર ભૂલ થઈ ગઈ, પણ આપણી જાતિની સ્ત્રી પણ શું ક્યારેય વિધવા થાય છે? અમે હજારો સ્ત્રીઓ રાખીએ છીએ, તું હજારો પુરુષ રાખી શકે છે. ભાઈ ખર-દૂષણ સાથે જા અને જનસ્થાનમાં ઈચ્છે તે પ્રમાણે વિચરણ કર.' આ જ ઉદ્દેશથી-

पंचवटी सो गई एक बारा। देखि विकल भई जुगळ कुमारा॥

જ્યારે તે રામની પાસે પહોંચી, ત્યારે રૂપ-સ્વરૂપ બનાવીને હસીને બોલી, ''**मन माना कछु तुम्हहि निहारी।**'' તમે બહુ સુંદર છો-એવું નથી, પણ ચાલશે. તેથી તો હજી અત્યાર સુધી કુમારી છું. જોકે એક પણ કુકર્મ એનાથી છૂટ્યું નહોતું. શૂર્પનખા જેવી અધઃપતિતા આજે તો જોવામાં નથી આવતી. તો પણ ગોસ્વામીજીની ઉક્તિ છે કે ત્રેતામાં આવા અધમ લોકો હતા જ નહીં.

જો ત્રેતામાં અધમ લોકો હતા જ નહીં, તો રામને લડવાની શી જરૂર હતી? એમનું ચરિત્ર જ પ્રત્યક્ષ પ્રમાણ છે કે ત્રેતામાં પણ અધમ-

ખલ લોકોનું અસ્તિત્વ હતું અને કેવળ અસ્તિત્વ જ નહીં, પણ એમના અત્યાચારોથી ધરતી વ્યાકુળ થઈ ગઈ હતી. વાસ્તવિકતા તો એ છે કે આજ કરતાંય વધારે અધમ નરોનું અસ્તિત્વ એ યુગમાં જોવા મળે છે. તો પછી ગોસ્વામી તુલસીદાસજી શું કહવા માગે છે?

યુગધર્મ! યુગ કહે છે બેને, સ્ત્રી-પુરુષ, સારું-ખરાબ, પાપ-પુણ્ય, સુખ-દુઃખ બધાં તો બે છે જ, પણ ના, પ્રકૃતિનાં જ બે પાસાં છે. પ્રકૃતિમાં સ્થિત સમગ્ર જીવ-જગત અચેત છે, પ્રસુપ્ત છે, ''**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी**''-કેવળ સંયમી પુરુષ જાગી જાય છે. જે દિવસે તે જાગી જાય છે તે દિવસથી તે પરમતત્ત્વ પરમાત્માની સમાન થઈ જાય છે. એક તરફ એ સંયમી પુરુષ, બીજી તરફ પરમાત્મા-આ જ છે યુગ. એ દિવસથી તે પરમાત્મા સાંભળવા માંડે છે. આત્માથી સંચાલક થઈ જાય છે. એ જ દિવસથી યુગધર્મની શરૂઆત થાય છે.

સમાજ જેને યુગ તરીકે ઓળખે છે, તે વસ્તુતતઃ કાલગણના છે, ધર્મ નથી. કાલ અનન્ત છે, અસીમ છે. સૃષ્ટિ અનાદિ છે અને આ જ રીતે ઉત્પત્તિ કેવી રીતે થઈ? આ પ્રશ્ન પર માથાફોડ કરવાનું ગૌતમ બુદ્ધે પણ આવશ્યક માન્યું. યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર-

प्रकृतिं पुरुषं चैव विद्धयनादि उभावपि॥ગીતા ૧૩/૧૯

અર્થાત્ પ્રકૃતિ અને પુરુષ બંનેય અનાદિ છે. ક્યારથી આ ચાલી રહ્યું છે, એ પ્રશ્ન જ નથી, પણ શ્રીકૃષ્ણ અનુસાર સૃષ્ટિ સદાયથી જ આ રીતે ચાલતી રહી છે, પણ પુરાણ અને સ્મૃતિગ્રંથોમાં આ તથ્ય ન સમજી શકવાને કારણે સૃષ્ટિ-પ્રકરણને રેખાંકિત કરવાનો અસફળ અને અનાવશ્યક પ્રયત્ન કરાયો છે.

પાશ્ચાત્ય વિદ્વાનો પણ સભ્યતાના વિકાસક્રમના આધાર પર સૃષ્ટિનો તિથિક્રમ (તવારીખ) નક્કી કરવા મથી રહ્યા છે, પણ સભ્યતાય એનો માપદંડ નથી. પહેલાં ક્યારેક લોકો વૃક્ષો પર રહ્યા, જંગલી પશુઓની

સરખામણીમાં સભ્ય થતા ગયા. બુદ્ધિબલ પર આકાશ અને સમુદ્રમાં તરવા માડ્યા. આરોહના ઉચ્ચતમ ઉત્કર્ષ પર પહોંચેલો મનુષ્ય કોઈ કોઈ વાર યુદ્ધની ભયાનકતાઓથી શાપિત થઈ ઊઠ્યો. ધન-જન અને સંચિત જ્ઞાનરાશિ અદૃશ્ય થઈ ગયાં. એક દીપ અહીં સળગી રહ્યો છે તો બીજો ઉત્તર ધ્રુવ પર. માણસ, માણસને જોવા માટે તલસવા માંડે છે. ઈતિહાસ પોતાનું પુનરાવર્તન કરે છે, ફરીથી પ્રાકૃતિક જીવન જીવવા માટે લોકો વિવશ થઈ જાય છે. ઉત્તરોત્તર વિકાસ થઈ ગયા પછી પુરાણા લોકોને અસભ્ય કહેવાય છે. આ જ રીતે આ કાળ અબાધ ગતિથી ઉત્થાન અને પતન જોતો ચાલ્યો આવે છે, પણ જે દિવસે યુગધર્મનો સૂત્રપાત તમારા હૃદયમાં થઈ જાય છે, એ દિવસથી આ અસીમ કાળ સસીમ થઈ જાય છે, એ દિવસથી આ જ કાળ ગણિત પર ચડી જાય છે, કાળ કપાવા ને ઘટવા માંડે છે, કાળનો પાર પામી જવાય છે, મરણધર્મા મનુષ્ય મૃત્યુને અતિક્રમી જાય છે, અકાલ પુરુષ અમૃતતત્ત્વ પરફ પરમાત્મામાં પ્રવેશ મેળવે છે.

''**काल न खाय, कलप नहिं व्यापै, देह जरा नहिं छीजै॥**'' યુગધર્મ શું છે? એ ક્યાં હોય છે? કેવો હોય છે? એ સ્પષ્ટ કરતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે,-

नित युग धर्म होहिं सब केरे।
हृदय राम माया के प्रेरे॥૩/૧૦૩/૧

બધા યુગોના ધર્મ બધાનાં હૃદયમાં હોય છે. કેવી રીતે હોય છે? 'રામમાયા'ની પ્રેરણાથી હોય છે. રામમાયા, આત્મમાયા, યોગમાયા વગેરે એકબીજાના પર્યાય છે અને એનું જ બીજું નામ વિદ્યા છે. યુગધર્મના શ્રીગણેશ રામમાયાની પ્રેરણાથી થાય છે. જ્યાં સુધી રામમાયા જાગ્રત નથી ત્યાં સુધી યુગધર્મનો હજી આરંભ જ નથી થયો. આ રામમાયા કે વિદ્યા શું છે? જોઈએ,-

'રામમાયા'-જ્યારે ભગવાન રામ વનવાસકાળમાં પંચવટીમાં કુટિર

બનાવીને વિશ્રામ કરી રહ્યા હતા, એ જ સમયે

'लछिमन वचन कहे छल हीना।'

લક્ષ્મણે છળરહિત થઈને થોડાક પ્રશ્નો કર્યા કે માયા શું છે? ઈશ્વર શું છે? જીવ શું છે? જ્ઞાનવૈરાગ્ય શું છે? અને તે કઈ ભક્તિ છે, જેનાથી તમે પ્રસન્ન થાઓ છો? (આ રીતે પાંચ સાત પ્રશ્નો કર્યા) ત્યારે ભગવાન રામે કહ્યું, '**थोरोहि महँ सब कहउँ बुझाई। सुनहु तात मति मन चित लाई॥**' ૩/૪/૧૧ ॥ હું સંક્ષેપમાં જ કહું છું. મન અને બુદ્ધિપૂર્વક સાંભળો.

मैं अरु मोर तोर तैं माया। जेहिं बस कीन्हें जीव निकाया॥

'હું છું, આ મારું છે, તારું છે' એ જ માયા છે. જેણે ચરાચરને પરાધીન કરી રાખ્યા છે. '**तेहिं कर भेद सुनहुं तुम सोऊ। विद्या अपर अविद्या दोऊ॥**' આ માયાના બે ભેદ છે. એક વિદ્યા અને બીજી અવિદ્યા. ''**एक दुष्ट अतिशय दुःख रूपा। जा बस जीव परा भव कूपा॥**'' એક અવિદ્યા અત્યંત દુષ્ટ છે, જેનાથી વિવશ થઈને જીવ ભવકૂપમાં પડ્યો છે અને ''**एक रचइ जग गुन बस जाके। प्रभु प्रेरित नहिं निज बल ताके॥**'' બીજી વિદ્યા છે જે સંસારને રચે છે, સજાવે છે અને 'ગુણ વશ જાકે', ગુણ જેના વશમાં છે, જે સત્, રજ અને તમ ત્રણે ગુણોને નિયંત્રિત કરે છે, પરંતુ આ પ્રભુપ્રેરિત છે. જ્યાં સુધી પ્રભુ પ્રેરકરૂપે ઊભા નથી થઈ જતા ત્યં સુધી એ વિદ્યા આવતી જ નથી. સ્વયંમાં એનું પોતાનું કોઈ બળ નથી. તે ત્રણે ગુણોને વ્યવસ્થિત કરીને, મર્યાદિત કરીને ગુણોથી પાર કરી દે છે, પણ આ ત્યારે જ સંભવે કે જ્યારે પ્રભુ પોતે પ્રેરકરૂપે જાગ્રત થઈ જાય અને તમે એમના જ નિર્દેશન પ્રમાણે ચાલો. જે દિવસે આ વિધાનો આવિર્ભાવ થાય છે, તે જ દિવસથી તમારા અંતઃકરણમાં યુગધર્મ શરૂ થઈ જાય છે. સ્વામી અને સેવક સામસામા આવી જાય છે. એથી આ જ યુગ છે.

'ક્યારેક સત્યયુગ હતો અને આજે કળિયુગ છે'-એવું કાંઈ નથી. ગોસ્વામીજી કહે છે, ''**नित युग धर्म होहिं**'' યુગધર્મ હંમેશાં જ હોય છે. એક જ સમયે કોઈ સત્યયુગી કે બીજું કોઈ કળિયુગી હોઈ શકે છે. એ કેવી રીતે જાણી શકાય કે કયો યુગ કાર્યરત છે? આ અંગે કહે છે, ''**तामस बहुत रजोगुन थोरा। कलि प्रभाव विरोध चहुँ ओरा॥**'' ૭/૧૦૩/૫. જ્યારે તામસી ગુણનું બાહુલ્ય હોય, ચારે તરફ વેર-વિરોધ હોય તો એ કળિયુગનો પ્રભાવ છે. આવી પરિસ્થિતિમાં એ ચિંતનનો, ધ્યાનનો, સ્મરણનો આરંભ ક્યાંથી કરે? આ અંગે કહે છે, ''**कलियुग केवल हरि गुनगाहा। गावत नर पावहिं भव थाहा॥**'' ભગવાનની લીલાનું ગાન કરો ને સેવા કરો. ભવનો તાગ પામી જશો.

સાધના વધુ સૂક્ષ્મ થાય, સાધકનો સ્તર ઊંચે ઊઠે, તો ''**बहुरज स्वल्प सत्त्व कछु तामस। द्वापर धर्म हरष भव मानस॥**'' રાજસી ગુણનું બાહુલ્ય હોય, થોડા સાત્ત્વિક ગુણ હોય, અને થોડાક તામસી ગુણ પણ જીવંત હોય, મનમાં હર્ષ અને ભય હોય, દ્વિધાજનક સ્થિતિ થઈ હોય તો દ્વાપર શ્રેણિનો યુગધર્મ છે. એ વખતે ''**द्वापर करि रघुपति पद पूजा। नर भव तरहिं उपाय न दूजा॥**'' તે ભગવાનના પદને પૂજવાનો, ચરણોમાં ધ્યાન ધરવાનો તથા એ ચરણોનું ચિંતન (સ્મરણ) કરવાનો પ્રયત્ન કરે છે (ધ્યાન તો ધરી નહીં શકે કારણ કે મનમાં દ્વિધા છે. બસ અભ્યાસ કરવાની ક્ષમતા હોય છે). આમ કરીને તે ભવસાગર પાર ઊતરે છે.

જરા વધુ પરિપક્વ થયા પછી ''**सत्त्व बहुत रज कुछ रति कर्मा। सब विधि सुख त्रेता कर धर्मा॥**'' સત્ત્વગુણથી ઝાઝો હોય, થોડો રાજસી ગુણ જીવંત હોય, તામસી ગુણ રહ્યો ન હોય, બધા પ્રકારની સુખસમૃદ્ધિ,-આ ત્રેતાનો ધર્મ છે. આ પરિસ્થિતિમાં આરાધના કયા સ્તરની હોય છે? ''**त्रेता विविध यज्ञ कर करहीं। हरिहिं समर्पि करम भव तरहीं॥**'' વિવિધ યજ્ઞ, મનનું શમન, ઈન્દ્રિયોનું દમન, સતત ચિંતન અને '**यज्ञानां जप यज्ञोऽस्मि**'-યજ્ઞોમાં સવજ્ઞેશ્રેષ્ઠ યજ્ઞ, જપયજ્ઞ (આ શ્રેણિના

જપના ઉતારચઢાવ શ્વાસ પર થાય છે), તેથી શ્વાસ-ઉચ્છ્વાસનો યજન અને આ રીતે ગીતામાં ઈશ્વારપ્રાપ્તિ માટે જે યજ્ઞોની ચર્ચા છે એ બધાની એમાં ક્ષમતા રહે છે, બધી ક્રિયાઓ એમાં જાગ્રત રહે છે.

લાંબા સમયના અભ્યાસથી ધીરે ધીરે સાધના વધુ સૂક્ષ્મ થઈ જાય તો ''**शुद्ध सत्त्व समता विज्ञाना। कृत प्रभाव प्रसन्न मन जाना॥**'' પહેલાં કહ્યું હતું કે રામમાયા કે વિદ્યા ગુણોને મર્યાદિત કરે છે. એ જ વિદ્યા, પ્રભુપ્રેરિત વિદ્યાની ભેટ છે કે હવે બે ગુણ પૂર્ણપણે શાંત થઈ ગયા, કેવળ સાત્ત્વિક શેષ રહ્યો, અનુભવી ઉપલબ્ધિ છે. એ બુદ્ધિ પાસે કોઈ કામ નથી કરાવતો. આકાશમાંથી જે શબ્દ મળે છે (હૃદયાકાશમાંથી) એની મદદથી ચાલવાની ક્ષમતાવાળો વિજ્ઞાની છે, એનામાંથી વિષમતા સમાપ્ત થઈ ગઈ, સમતા છે. આ બધો સત્યયુગનો પ્રભાવ છે, ''**कृत प्रभाव प्रसन्न मन जाना**'' એ સદાય પ્રસન્ન ચિત્ત રહે છે. આ વ્યવસ્થા પ્રાપ્ત કરનાર વ્યક્તિ શું કરે છે? એના ચિંતનનું માપ શું છે? તો ''**कृत युग सब योगी विज्ञानी। करि हरि ध्यान तरहिं भव पानी॥**'' આ સ્તર પર બધા યોગી હોય છે, ઈશ્વરીય નિર્દેશો પર ચાલનાર વિજ્ઞાની હોય છે. સહજપણે જ હરિના ધ્યાનમાં ચિત્ત લાગી જાય છે અને તે ભવનો પાર પામે છે. આજે તમારું ધ્યાન નથી લાગતું, એ યુગની યોગ્યતામાં સહજપણે જ ધ્યાનની સ્થિતિ રહે છે, તે ભવ પાર કરી જાય છે.

ઉપર્યુક્ત વિવેચનથી લાગે છે કે જાણે ચાર ભવસાગર હોય, પરંતુ એવું કાંઈ નથી. ભવસાગર એક જ છે. ભવ એટલે પેદા થવું, જન્મ અને પુનર્જન્મ, આવાગમનનુ ચક્કર. આ જ છે ભવસાગર. આ જ એક ભવસાગરને પાર કરવા માટે ચિંતન-પથને ચાર ક્ષેણીમાં વહેંચી દેાયો. એમને જ કળિયુગ, દ્વાપુર, ત્રેતા અને સત્યયુગ નામથી સંબોધિત કરાયો. આરંભમાં તામસી યુગનું બાહુલ્ય રહે છે, એ સમયે ભવનો તાગ મળે છે-લીલાગાનથી, નામજપથી. લાંબો સમય સેવાચિંતન ચાલુ રહે એટલે એ જ સાધક દ્વાપર શ્રેણિમાં પરિણત થઈ જાય છે. કળિયુગમાંથી સીધા ભવસાગર પાર તો નહીં પામીએ, પણ દ્વાપરમાં પ્રવેશ મળશે. મનની

ભીતરમાં પદપૂજાની ક્ષમતા આવી જશે. એ જ સાધના વધુ સૂક્ષ્મ થાય તો ત્રેતામાં ઢળી જાય છે. એ સમયે શ્વાસ-ઉચ્છ્વાસનો યજ્ઞ, બધાં કર્મો ઈશ્વરને સમર્પિત કરવાની યોગ્યતા આપણામાં સ્વાભાવિક થશે. ચિંતન વધારે સૂક્ષ્મ થાય તો એ જ પથિક ધ્યાન અને સમાધિની ક્ષમતાવાળો થશે. જ્યારે ને જે ક્ષણે સમાધિ લગાવવાની ઈચ્છા થશે, ત્યારે મન તરત સ્વરૂપને પકડી લેશે, કેન્દ્રિત થઈ જશે. દરેક સમસ્યાનો નિવેડો બુદ્ધિથી નહીં થાય પણ ઈશ્વરના નિર્દેશ પર આધારિત રહેશે. આમ કરીને એ ભવસાગર પાર ઊતરી જશે.

આ રીતે યુગધર્મ એક જ સાધકના ચાર સોપાન છે, નહીં કે ચાર પ્રકારના ધર્મ (કે ચાર ભવસાગર). એક જ સાધકે ચારેય સોપાનો પરથી પસાર થવું પડે છે. ગીતામાં આને જ ચાર વર્ણ કહ્યા છે. મહર્ષિ પાંતજલિએ 'યોગદર્શન'માં આ ચારેયને અતિ ઉત્તમ, ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ શ્રેણિના સાધકરૂપે દર્શાવ્યો છે. ગોસ્વામી તુલસીદાસજીએ અરણ્યકાંડમાં ''**उत्तम के अस बस मन माही**'' માતાઓના માધ્યમથી આ જ ચાર યુગધર્મનું નિરૂપણ કર્યું છે.

યુગધર્મ ત્યાં સુધી ચાલે છે, જ્યાં સુધી ઈશ્વર જુદો છે, આપણે જુદા છીએ. સાધના-પરાકાષ્ઠા પર પહોંચી ગયા પછી યુગધર્મ અને એની કેન્દ્રભૂમિ બંને શાંત થઈ જાય છે, મનમાં પ્રવાહિત ત્રણે ગુણોનું પણ વિલીનીકરણ રામમાયા દ્વારા થઈ જાય છે. આ જ ત્રિગુણાતીત કે ગુણોથી ઉપર ઊઠવાની વ્યવસ્થા છે, જેનું આલેખન ગીતામાં છે. આ જ રામમયી સ્થિતિ છે, ''**जानत तुम्हहि तुम्हहि हो जाई**'' તેથી યુગધર્મનું કાર્ય પણ પૂર્ણ થઈ જાય છે,-''**कालधर्म व्यापई नहिं ताहिं। रघुपति चरन प्रीति अति जाहीं॥**''

સારાંશઃ યુગ કહે છે બેને. 'માનસ' અનુસાર વિદ્યા જાગ્રત થતાં જ સ્વામી સંચાલક હોય છે, સેવક ચાલનાર હોય છે, સ્વામી-સેવક સામસામા હોય છે, આ જ છે બે! એ જ દિવસથી યુગધર્મની શરૂઆત

થાય છે અને કાળ જે અનંત છે એના અંતની ગણના શરૂ થઈ જાય છે, કાળનું બંધન કપાવા માંડે છે અને આ સાત્ત્વિક ગુણના શમનની સાથે જ યુગોનો અંત આવી જાય છે. પ્રકૃતિ શાંત થઈ જાય તો પુરુષ જ શેષ રહે અને એની અનુભૂતિની સાથે જ-''**सो जानह जेहि देहु जनाई। जानत तुम्हहि तुम्हहि होई जाई॥**'' એને જાણીને દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. આત્મભાવ, પરમાત્મસ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે. એ વખતે કાળનો ક્રમ 'યુગ' પણ સમાપ્ત થઈ જાય છે. બીજો છે જ નહીં, ત્યારે યુગ હોઈ ન શકે-''**सहजे सहज समानी।**''

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ આ યુગ પર ભાર મૂક્યો કે ''**संभवामि युगे युगे**''-હું યુગે યુગે પ્રગટ થાઉં છું. વસ્તુતઃ દરે યુગમાં ઈષ્ટ પ્રત્યક્ષ સાથ આપે છે, ત્યારે તો યુગધર્મ શરૂ થાય છે. હા, ઉચ્ચ શ્રેણિમાં અનુકૂળતાની ભરપૂરતા પ્રતીત થાય છે. નિમ્ન શ્રેણિ (યુગો)માં સહયોગ ક્ષીણ પ્રતીત થાય છે, તો તમે કેવી રીતે પ્રગટ થાઓ છો? આની પહેલાં જ શ્લોકમાં કહ્યું છે,-

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया॥ ગીતા ૪/૬ ॥

અજન્મા અને સમસ્ત ભૂત-પ્રાણીઓના સ્વરમાં પ્રવાહિત થતા ઈશ્વર, અવ્યક્ત હોવા છતાં આત્મમાયા દ્વારા પોતાની ત્રિગુણમયી પ્રકૃતિને સ્વ-આધીન કરીને હું પ્રગટ થાઉં છું. બરાબર એ જ વાત જે 'માનસ'માં છે, એ જ ગીતામાં પણ છે. ત્યાં કહે છે વિદ્યા ગુણોને વશ કરે છે, અહીં કહે છે, આત્મમાયા કરે છે. વાસ્તવમાં આત્માની સ્થિતિ અપાવનાર વિધિ આત્મમાયા છે. બીજા શબ્દોમાં, એ જ યોગમાયા છે, જે પરમાત્મા સાથે સાંકળી દે છે, મિલન કરાવે છે, સંસારના સંયોગ-વિયોગરહિત, શાશ્વત નૈષ્કર્મ્યની પરમસિદ્ધિ અપાવે છે. એનું જ ત્રીજું નામ વિદ્યા છે.

આ વિદ્યા ત્યારે શક્ય બને છે, જ્યારે ભાવિક ભક્તના હૃદયમાં ભગવાન પોતે જાગ્રત થઈને રથી બન્યા હોય. તેથી અહીં એમનું જ મહત્ત્વ છે. સાધક કેવળ નિમિત્તમાત્ર હોય છે. એની દ્વારા જે પાર ઊતરે છે, તે એ જ પ્રભુની ભેટ છે. આને જ માટે ભગવાનની જરૂર છે. આ જ પ્રેરણાઓથી ભગવાનની પિછાન છે. યોગેશ્વર કહે છે-હું પ્રગટ થાઉં છું, '**संभवामि युगे युगे**'. જે દિવસે જાગ્રત થઈએ છીએ એ સમયે તામસી ગુણનું બાહુલ્ય હશે, રાજસી ગુણનો અલ્પસંચાર હશે, સાત્વિક ગુણ સુષુપ્ત હશે. આવી પરિસ્થિતિમાં પથિક કલિયુગીન છે, પણ આત્મમાયા જાગ્રત છે, તે ગુણગાનથી, સેવા અને સમર્પણમાં લાગી જાય છે. આ લગન પણ પ્રેરક પ્રભુની ભેટ છે, તે દરેક યુગમાં સામે ઊભો રહે છે. જો તે ન બતાવે તો હજી વિદ્યા જાગ્રત ન નથી થઈ, યુગધર્મનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

તો બન્ધુઓ! એ ભૂલી જાઓ કે આજે કળિયુગ છે અથવા બહુ જલદી સત્યયુગ આવવાનો છે, જેમ આજકાલ કહેવાતા ધર્માચાર્યો કહે છે. સૃષ્ટિમાં યુગોની ક્યાંય ચર્ચા નથી. દુનિયામાં કેવળ ભારતમાં જ અને તેમાં પણ કેવળ હિન્દુશાસ્ત્રોમાં એની ચર્ચા છે. કેવળ ભારતમાં જ એ ધર્મ સાથે સંબંધો ધરાવતો ભ્રમ છે. ચારે યુગ જો સૃષ્ટિ માટે બન્યા હોય તો એ સર્વત્ર હોવા જોઈએ, પણ એવું નથી. ભારતના આધ્યાત્મિક ગ્રંથોમાં પણ એનો જે ઉલ્લેખ મળે છે એ કલ્યાણપથના નિયમ છે. કલ્યાણપથના નિયમોને ન સમજવાને કારણે કેવળ સામાજિક વ્યવસ્થા આપનારા સ્મૃતિકારોએ એને બહાર જોવાનું શરૂ કર્યું, વાસ્તવિકતાથી દૂર ઊભા રહ્યા. એમણે એક ગરબડ ઊભી કરી દીધી કે ચાર લાખ બત્રીસ હજાર વર્ષનો કળિયુગ હોય છે અને પછી, સજ્જનો! એનાથી દૂર થઈ ગયો દ્વાપર! એનાથી ત્રણ ગણો થઈ ગયો ત્રેતા! તો ચાર ગણો સત્યયુગ! આ એક મોંમાથા વગરની વાત હતી, જેનો પોતાના જીવનમાં એમણે

ક્યારેય પ્રયોગ ન કર્યો, પણ પોતાના સાંપ્રદાયિક દેવતાઓની મહત્તા વધારવા અને આશ્ચર્ય નિર્માણ કરીને નિર્દોષ જનતાનું ભયદોહન કરવા માટે એનો ઉપયોગ કર્યો. 'માનસ'નું એક કથાનક પણ આ જ મનોવૃત્તિ પર એક કટાક્ષ-પ્રહાર છે, જેમાં રાજા પ્રતાપભાનુને મળેલા કપટી મુનિએ સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલયની આશ્ચર્યજનક કથા સંભળાવીને એમની સાથે વિશ્વાસઘાત કર્યો. વાસ્તવમાં એવી કોઈ ગણના નથી, આવી ગણનાનું કોઈ વિધાન નથી, કોઈ ઉપયોગ નથી અને આર્ષગ્રંથોમાં એનું કોઈ સમર્થન નથી.

મનુસ્મૃતિ અને પરાશરસ્મૃતિ બંને સમકાલીન છે. બહુ અંતર નથી, બંને ગૌતમ બુદ્ધની નજીકના સમયમાં લખાઈ છે, પણ પરાશરસ્મૃતિ કહે છે કે મનુસ્મૃતિ તો સત્યયુગના લોકો માટે હતી! કળિયુગને માટે તો આ જ પરાશરસ્મૃતિ જ પ્રમાણ છે. આ સ્મૃતિકારોને એટલીય ખબર નથી કે યુગ રહે છે ક્યાં? વથ્સ્તવમાં આ યુગોના ઉતારચઢાવ મનની ભીતર થાય છે, બધામાં એની વ્યવસ્થા છે. બધા એને પાત્ર છે. બધા યુગ તમારે માટે જ છે અને તમારે જ ક્રમશઃ ચાલીને આ યુગોનાં પરિણામ મેળવવાનાં છે,-

बुध युग धर्म जान मन माहीं।
तजि अधर्म रति धर्म कराहीं॥ ७/१०३/६ ॥

વિવેકી પુરુષ યુગધર્મને મનની ભીતર જાણે છે, તનમાં નહીં, બહાર સમાજમાં નહીં, સૂર્ય-ચંદ્ર, નદી અને પહાડોવાળી ધરતીમાં નહીં. મનમાં જ એ જાગૃતિ શક્ય છે. તેથી વિવેકી પુરુષ અધર્મનો ત્યાગ કરીને ધર્મમાં અનુરક્ત થઈ જાય છે. એ પ્રભુનો સંચાર તથા એની પ્રેરણા પ્રાપ્ત કરી લે છે. આ રીતે યુગોને જાગ્રત કરીને ક્રમશઃ ચારે યુગોને પાર કરીને પરમ ભાવ પ્રાપ્ત કરી લે છે. હવે રહી યુગોના સામાજિક ઉપયોગની

વાત. તો વ્યક્તિથી જ સમાજ બને છે. જો તમે સમાજનું વાસ્તવિક કલ્યાણ ઈચ્છતા હો તો બધા મળીને સત્યને માટે પ્રયત્ન કરો. જ્યારે બહુમતમાં સત્યપ્રધાન લોકો હશે ત્યારે વાતાવરણમાં સત્ય સમાઈ જશે, તેથી સત્યયુગ સ્વયં આવી જશે. સમાજમાં તમે પરમ કલ્યાણના સૃષ્ટા કહેવાશો. લોકકલ્યાણ પણ થશે અને તમે પોતે કલ્યાણભાવન હશો જ.

અનુભવી અંતઃકરણ પ્રેરક મહાપુરુષ દ્વારા જ યુગધર્મોને પાર પામવાનું વિધાન છે. તેથી કોઈ અનુભવી તત્ત્વદર્શી મહાપુરુષ માટે અંતઃકરણમાં સદાય શોધ તથા સત્યની ઈચ્છા રાખો.

॥ ૐ ॥

चतुर्विद्या भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ॥

હે અર્જુન! 'સકૃતિનઃ' - ઉત્મ અર્થાત્ નિયત કર્મ (જેનાં પરિણામમાં શ્રેયની પ્રાપ્તિ થાય, એને) કરનાર, 'અર્થાર્થી' એટલે સકામ, 'આર્તઃ' એટલે દુઃખથી છૂટવાની ઈચ્છાવાળા, 'જિજ્ઞાસુઃ' એટલે પ્રત્યક્ષ રૂપે જાણવાની ઈચ્છાવાળા અને 'જ્ઞાની' એટલે જે પ્રવેશની સ્થિતિમાં છે તે - આ ચારે પ્રકારના ભક્તજન મને ભજે છે.

'યથાર્થ ગીતા : શ્રીમદ્ભગવદ્ગીતામાંથી'
(અધ્યાય ૭, શ્લોક ૧૬)

અહિંસા

અહિંસા યોગસાધનાનું અંગ છે.

મહાકુંભના અવસર પર ચંડીદ્વીપ (હરિદ્વાર)માં
દિ. ૧૯.૪.૧૯૮૬ની જનસભામાં
સ્વામી શ્રી અડગડાનન્દજીનું
પ્રવચન

અહિંસા

બન્ધુઓ!

આ સૃષ્ટિના પરના લગભગ દરેક દેશમાં, દરેક સમયમાં અહિંસાના ઉપદેશકો રહ્યા છે, પણ ભારતમાં અહિંસાના જેટલા વધારે સમર્થક અને કટ્ટર પાલક થતા આવ્યા છે, એટલા અન્ય કોઈ દેશમાં નથી થયા. આત્માની જેમ અહિંસાનો વિચાર પણ ભારતીયોની વિશ્વને મહાનતમ ભેટોમાંની એક છે. એમ તો મૂસા, ઈસા, મુહમ્મદસાહેબ, જરથુસ્ત્ર, કનફ્યુશિયસ, લાઓત્સે તથા પ્રાચીન યૂનાનીઓએ બુરાઈનો બદલો ભલાઈથી આપવાનું કહ્યું. બધાએ પ્રેમ, શાંતિ, દયા, કરૂણા અને સેવાનો સંદેશ આપ્યો; પણ આ બધાંના મૂળમાં છે ભારતીય ઋષિઓનું ચિંતન, જેની પરંપરા વેદ, ઉપનિષદ, મહાવીર, બુદ્ધ અને ગુરુ નાનકથી માંડીને આજ સુધી અવિચ્છિન્ન છે.

કેટલો વિરોધાભાસ છે કે જે ભારત દેશ અનાદિકાળથી ચિરંતન પ્રશ્નોની શોધનું સ્થળ રહ્યો, વિશ્વને માટે પ્રકાશસ્તંભ રહ્યો, વિશ્વગુરુ કહેવાયો, ત્યાંના જ નિવાસીઓ ગુણોમાં હીન થઈ રહ્યા છે અને આ પતનનાં કારણોમાં અહિંસાનું નામ પણ જોડાયેલું છે. કેટલી વિડંબના છે કે પોતાના મૂળ દેશમાં જ અહિંસા એક ભ્રમ બનીને રહી ગઈ.

આજે સ્થિતિ એવી છે કે લોકો વીંછી કે ભમરાને મારતાં ડરે છે, સાપ મારતાં ડરે છે, જોકે સર્પદંશથી મરવાની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. લોકો માંકડનેય મારતાં ડરે છે, કે પાપ લાગશે. આવી ભાવનાઓએ દેશના કાયર બનાવી દીધો છે, ડરપોક બનાવી દીધો છે. આપણી પર આક્રમણ થાય છે, બેચાર-પદંરવીસ-પચ્ચીસ લોકો યુદ્ધમાં કામ આવી જાય છે, ત્યાં સુધી આપણને સુરક્ષાનું ભાન નથી થતું. જ્યારે ભાન થાય છે ત્યાર સુધીમાં આપણે ઘણું નુકસાન ભોગવી ચૂક્યા હોઈએ છીએ. ખેદજનક છે કે લોકો માંસ-માછલી તો ખાય છે, પોતાના પાડોશીઓના હક છીનવવાના પ્રયત્નો પણ કરે છે, પણ જ્યારે સુરક્ષાનો પ્રશ્ન આવે છે ત્યારે ઘરમાં ઘૂસી જાય છે. આ

અહિંસાપાલન નથી, કાયરતા છે.

કોઈ પણ જીવને ન મારવાની ભાવના પાછળ બે કારણો છે. એક તો માન્યતા છે કે જીવન તો દુઃખમય છે જ, પણ કદાચ એથીય વધુ દુઃખદ મૃત્યુ છે, કારણ કે ઘોર દુઃખ પામનાર પણ મરવા નથી ઈચ્છતો, તેથી બની શકે ત્યાં સુધી મૃત્યુથી બચવું જોઈએ-પોતે નુકસાન ભોગવીનેય. કેટલું આશ્ચર્યજનક છે કે ભારતીય પણ મૃત્યુથી ડરે છે, જ્યારે વિશ્વમાં ભારતીયોએ જ મૃત્યુથી સૌથી ઓછા ડરવું જોઈએ, કારણ કે એમણે જ તો શોધ્યું હતું કે આત્મા અમર છે. અને મૃત્યુ શું છે? જીર્ણ વસ્ત્રની જેમ નશ્વર દેહનું માત્ર પરિવર્તન!

અહિંસાના આત્યંતિક પ્રયોગનું બીજું કારણ સ્મૃતિઓ છે, જેમાં દર્શાવાયું છે કે સાપ કે ઉંદર માર્યો હોય તો લોખંડનો સળિયો દાનમાં આપવો, બિલાડી મારી હોય તો સોનાની બિલાડી દાનમાં આપવી, નોળિયો, દેડકો, કાગડો, કૂતરો કે શૂદ્ર કોઈનેય માર્યો હોય તો એક સફેદ બળદ અને દશ ગાય બ્રાહ્મણને આપવી, વૈશ્ય અને ક્ષત્રિયને માર્યો હોય તો વીસ ગાય તથા બ્રાહ્મણને માર્યો હોય તો ત્રીસ ગાય દાનમાં આપવી. બકરી મારી હોય તો આટલું! અને હાથી માર્યો હોય તો આટલું! જેવો જીવ એવું દાન! હાડકાં વગરનાં કીડી-મકોડાં માર્યાં હોય તો પણ દશ ગાય અને એક બળદ આપવાનો! હિંસાજનિત પાપની કથા એટલી પ્રચલિત થઈ કે પાણી ભરવામાંય પાપ છે, દાન આપો. ચૂલો પેટાવવામાં હિંસા છે, દાન આપો. ઉખળિયા કે ઘંટીની તો વાત જ ન કરો, ઝાડુ કાઢવામાંય હિંસા થાય છે, દાન કરો! ફાંસીએ ચડાવનાર, માછલી મારનાર, પક્ષી મારનાર અને પારધી જેટલી હિંસા કરે છે એટલી જ ખેડૂત લાકડાના હળમાં લોઢાના સળિયા બેસાડીને હળ ચલાવીને કરે છે. આ હિંસાથી મુક્ત થવા માટે જે ખેડૂત પાકનો એક ભાગ બ્રાહ્મણને દાનમાં નથી આપતો એને બ્રહ્મહત્યાનું એક વધુ પાપ લાગી જાય છે.

આ રીતે જીવનની દરેક ક્રિયામાં હિંસા દર્શાવવી અને હિંસાની

સંભાવના પર આટલો વધારે મૃત્યુકર કે મનુષ્ય વિવશ અને ધાયલ થઈ ગયો. એણે જોયું કે કોઈ પણ જીવની સામે આંગળી ઉઠાવવાથીય મારવાનો કર લાગે છે, જે અદા ન કરે તો એથીય વધુ ભયાનક સામાજિક બહિષ્કારની યાતના સહેવી પડે છે, ઉપરથી નરકનો આંતક છે. તેથી લોકોના અંતઃકરણ એટલાં દળાઈ ગયાં કે હવે એ કીડી મારતાંય ડરવા માંડ્યો. આ મૃત્યુકરનો આતંક એટલો વધી ગયો કે લોકો 'જીવહત્યા છે' એવા વિચારમાત્રથી ધ્રૂજવા માંડ્યા.

આ મનોવૃત્તિનું પરિણામ એ આવ્યું કે તૈમૂરના થોડાક જ સિપાઈઓએ લાખો બંદી હિન્દુઓને તલવારથી મોતને ઘાટ ઉતાર્યા. દિલ્હીમાં, તમારા ઘરની અંદર પદંર દિવસ સુધી કત્લેઆમ ચાલુ રહી. એ સમય સુધી તોપ કે બંદૂકની શોધ નહોતી થઈ, કેવળ તલવારો હતી. લોકો હથિયાર વગર પણ તૂટી પડ્યા હોત તો ઈતિહાસ કંઈક જુદો હોત. આ હીન ભાવના બદલ પણ સ્મૃતિઓ જવાબદાર છે, જેમાં લખ્યું છે કે કેવળ ક્ષત્રિયો જ તલવાર ઉગામી શકે. બીજી જાતિઓ માટે તલવાર પકડવી એ પાપ છે. સોમાં સાત ક્ષત્રિયો અને એમાં પણ સ્ત્રી-બાળકો, લડવાવાળા બચ્યા ત્રણ! એ ત્રણ પર અધિકાર જમાવી દે તો સો લોકોને ઘેટાંબકરાંની જેમ હાંકીને લઈ જઈ શકે.

સ્મૃતિઓમાં હિંસાજનિત પાપના નિવારણનું વિધાન હતું-દાન! જ્યારે રામચરિતમાનસ અનુસાર,-"**सनमुख होइ जीव मोहिं जबहीं। जन्म कोटि अघ नासहिं तबहीं॥**" પાપનું નિવારણ ભગવાનની સન્મુખ થવાથી થાય છે, પણ સ્મૃતિઓની વ્યવસ્થા પ્રમાણે ગમે તેટલું જઘન્ય પાપ હોય, કેવળ બ્રાહ્મણોને દાન દઈ દો, મુક્ત થઈ જવાશે! દાન એ સમયના બુદ્ધિજીવી વર્ગની આજીવિકા હતી. તેથી વધુમાં વધુ પર્વો અને પ્રસંગોએ અધિકતમ દાન લેવામાં અહિંસા એમનું સુરક્ષાકવચ બની ગઈ. એ તે મનીષીઓની ભૂલ નહીં, સમય હતો.

પરોપજીવીઓએ એક તરફ તો અહિંસા પર ભાર દઈને દાનનું

ક્ષેત્ર વિસ્તૃત કરી દીધું અને બીજી તરફ પોતાને માટે માંસાહારની તૃપ્તિ નિશ્ચિત કરવા માટે હિંસાને પણ ઉચિત ઠરાવી. એમને હિંસા કે અહિંસા સાથે શી લેવાદેવા? લેવાદેવા તો વસ્તુઓ સાથે હતી. અહિંસાથી મળે કે હિંસાથી મળે! મંત્ર બોલીને પશુની કતલ થાય તો એ દેવભોજન છે, અહિંસા છે. મંત્ર સાથેય શી લેવાદેવા? લેવાદેવા તો મંત્ર બોલનારને હિસ્સો મળે એ સાથે છે. મંત્રમાં શું બોલે? '**स्वर्गम् गच्छेत्**', માત્ર આ સૂત્ર બોલવાથી શું એ બોલનાર સ્વર્ગે જશે? આ જ તો પાપ પણ કરતા હતા! '**अछिद्रमस्तु**' કહી દેવાથી યજ્ઞની એક ઊણપ પુરાઈ ગઈ? હિંસાને સમર્થન આપવાના નશામાં એમને વૈદિક યજ્ઞોમાં પણ હિંસા ન દેખાઈ. એમણે ઉપાય કર્યો કે ''**वैदिकी हिंसा हिंसा न भवति।**'' વેદમાં વર્ણિત હિંસા હિંસા નથી, તો શું વેદમાં હિંસા છે? નિર્ણય અમારી પાસેથી નહીં, મહાભારતકાર પાસેથી સાંભળો,-

सुरां मत्स्यान मधुं मांसमासवं कृसरौदनम्।
धूर्तैः प्रवर्तितं होतन्नैतद् वेदेषु कल्पित्म्॥ (શાંતિપર્વ ૧૬૫/૯)

મહર્ષિ વ્યાસનું કહેવું છે કે માંસ-મદિરાની અનિવાર્યતા તો પાછળનાઓએ દર્શાવી. વેદોમાં એવી કલ્પનાય નથી. એ ઋચાઓનો આશય ન સમજી શકવાને કારણે અથવા શાકાહાર સાથે માંસહાર પ્રાપ્ત કરવાના હેતુથી સ્મૃતિગ્રંથોમાં એ પશુપક્ષીની લાંબી યાદી જોવા મળે છે, જેમને યજ્ઞોમાં કાપવાં એ તો ઉચિત છે જ, શ્રાદ્ધમાં પણ એમના માંસનું તર્પણ વધુ પુણ્યદાયક દર્શાવ્યું છે.

આ જ કુરિવાજોની નિંદા વિશુદ્ધ સનાતનધર્મી મહાત્મા બુદ્ધે કરી. પોતાની આજીવિકા માંટેનો ભંડો ફૂટ્યો અને તથાગતનો જ પ્રભાવ દેખાવા માંડ્યો, તેથી આ બુદ્ધિજીવીઓએ એમને પણ ભગવાનના દશ અવતારોમાંના એક માનીને એમના પંથમા ભળી ગયા અને એમનું સંગઠન મજબૂત થતાં જ બૌદ્ધ ધર્મમાં કુરીતિઓ પ્રવેશી. તેઓ કહેવા માંડ્યા કે બુદ્ધ અવતાર તો છે, પણ એવો અવતાર કે જેમનો ઉપદેશ

અસુરો માટે છે! કહેવાયું કે ગૌતમના અહિંસાપ્રચારથી ભારતીયોનો શસ્ત્રાભ્યાસ બંધ થઈ ગયો, મૌર્ય સામ્રાજ્યનું પતન થયું. બુદ્ધના નિવૃત્તિમાર્ગના ઉપદેશથી ભારત અકર્મણ્ય થઈ ગયું. કેટલી ઊલટી વાત છે કે એ જ મહાપુરુષના ઉપદેશથી ભારત અહિંસક થઈ ગયું અને ચીન હિંસક! ભારત અકર્મણ્ય થઈ ગયું અને જાપાન કર્મશીલતાના કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે.

અહિંસા આધુનિક સમાજ (ભારત)નો ગૂંચવાયેલો પ્રશ્ન છે. કોઈ કહે કે જીવહત્યા ન કરવી એ અહિંસા છે; કોઈ નમ્રતાથી અહિંસા કહે છે તો કોઈ દયાને, કોઈ સમય નષ્ટ કરવાને હિંસા માને છે, તો કોઈ આવશ્યકતા કરતાં વધારે વસ્તુઓના સંગ્રહને અહિંસાના પરિઘમાં સમાવે છે. એક વર્ગ શ્વાસમાં નષ્ટ થતા અદૃશ્ય જંતુઓની હિંસાથી બચવા માટે મોઢા પર પટ્ટી બાંધે છે. આ રીતે અહિંસાના મૂળમાં જીવોને મારવા ન મારવાની ભાવના વધુ દેખાય છે. ઉત્તરોત્તર એની સીમાનો વિસ્તાર અતિવાદી પ્રયોગ!

પ્રશ્ન થાય છે કે અહિંસાનું ઔચિત્ય કેટલું છે? જીવોને શા માટે ના મરાય? આ પ્રશ્ન પર પણ મતભેદ છે. કોઈ કહે છે, દરેક જીવમાં ભગવાન છે. તો તો મુશ્કેલી થઈ જાય. ભગવાન ક્યાં નથી? ખાશું શું? શું દહીં કે મધ ખાવામાં હિસા નથી? કરોડો જંતુ એક વાટકા દહીંમાં ખાઈ જાઓ છો તમે! જો બધામાં એક જ ભગવાન હોય તો કોઈ જીવહિંસા નાની ને મોટી કેમ? કાંઈ નહીં તો માણસ-માણસ વચ્ચે તો અંતર ન હોવું જોઈએ, કે શૂદ્રને મારવાથી કૂતરો મારવા જેવી હિંસા થાય છે અને બ્રાહ્મણ મારવાથી શૂદ્ર કરતાં ત્રણ ગણી. જાણી જોઈને મારવા પર તો કોઈ ઉપાય છે જ નહીં. વિચારમાત્રથી કોઈને પીડા ન પહોંચે તો શું પોતાના દીકરાને પથભ્રષ્ટ થતાં ન રોકો? ચોરડાકુ-બળાત્કારીઓ અને અત્યાચારીઓને પણ નહીં રોકો? એમની સામે હાથ જોડીને ઊભા રહેવાનું છે? કષ્ટ દૂર કરવાના પ્રયાસમાં અપાતું કષ્ટ, ઉપચારમાં થતું મોત શું હિંસા છે?

અહિંસાના પક્ષમાં બીજો તર્ક રજૂ કરાય છે, કે જે વસ્તુઓને તમે

પેદા નથી કરી શકતા, એમને નષ્ટ કરવાનો તમને કોઈ અધિકાર નથી. જો તમે કોઈને જીવન નથી આપી શકતા તો લઈ કેવી રીતે શકો? અન્ન અને વનસ્પતિઓનું ઉત્પાદન તમે વધારી શકો છો, એનો વંશ બદલી શકો છો, એટલે એમના ઉપયોગથી થતી હિંસા ક્ષમ્ય છે. પરંતુ આ તર્ક તો મત્સ્ય-પાલન કે મરઘાં-ઉછેર કરનારાઓ પણ રજૂ કરી શકે. અન્ય સર્વ પશુપક્ષીઓનો વંશ તેઓ વધારે છે. ખેતી કરનારા લોકો ખેડવા-વાવવામાં થતી હિંસા પર ભલે ધ્યાન ન દે, પણ જંતુનાશક દવાઓ વાપરીને ઈયળ વગેરે દેખાતાં કે ન દેખાતાં અસંખ્ય જીવજંતુઓના સંહારનો અધિકાર એમને ક્યાંથી મળી જાય છે? આ હિંસા તો એમને વિચલિત નથી કરી, પણ જ પાકની સુરક્ષા માટે, ઉત્પાત મચાવતા વાંદરાઓ કે ચરતી ગાયોને ભગાડવાના પ્રશ્ન પર તેઓ હિંસા અને અહિંસાનુ શાસ્ત્ર લઈને બેસે છે. શીતળાના જંતુઓ અને મેલેરિયાને જડમૂળથી નાશ કરવા માટે અસંખ્ય મચ્છરોની હિંસા એમને દેખાતી નથી! જે અદૃશ્ય જંતુઓની હિંસાથી બચવા માટે એક વર્ગ નાક પર પટ્ટી બાંધે છે, એનો પ્રયાસ અહિંસાનો જ છે. પણ એ જ પ્રકારના જીવજંતુોને મારવા માટે 'એન્ટી-બાયોટિક' દવાઓ ખાતાં પણ તે નથી અચકાતો. કોઈ વિચાર પણ કરવા માગતું નથી કે ચામડાનો ઉદ્યોગ કેવી રીતે વિકસાવાય છે. ચામડાની વસ્તુઓનો ઉપયોગ તો કરે છે, પણ અહિંસા માટે ચિંતિત પણ છે. શાને માનો છો તમે અહિંસા?

પછી તો અહિંસાના સમર્થનમાં એક જ ત બચે છે,-જે વસ્તુઓ માનવસમાજને ઉપયોગી છે એમની સુરક્ષા અહિંસા છે અને જે ઓછી ઉપયોગી છે અથવા જેનો ઉપયોગ જ નથી એમની ઉપેક્ષા કરી શકાય છે. તો પછી ઉપયોગિતા આધાર બની ગઈ, અહિંસા નહીં. જો ઉપયોગિતા જ આધાર હોય તો જે ભિખારી, આંધળા-બહેરા, વિકલાંગ અથવા ભયંકર ચેપી રોગોને કારણે સમાજ માટે સમસ્યારૂપ બની ગયા હોય, એમનું શું કરવું? વૃદ્ધ માતાપિતાને પણ શું બિનઉપયોગી માની લેવાં? કહે છે,

જો ડૉક્ટરની ભાવના સારી હોય તો એની હિંસા પણ અહિંસા છે. તો પછી મહત્ત્વ હિંસા કે અહિંસાનું નથી, એની પાછળ રહેલી ભાવનાનું થઈ ગયું. તો અસાધ્ય રોગોની પીડાથી તરફડતા મનુષ્યો અને પશુઓને સહેલું મોત આપી દેવાય કે નહીં? પરિવાર નિયોજન અને ભ્રૂણહત્યા અહિંસા અનુકૂળ છે કે પ્રતિકૂળ? ફાંસી ઉચિત છે કે અનુચિત? વગેરે પ્રશ્નો પણ વિવાદના કુંડાળામાં આવી જાય છે. તેથી વિચારવા જેવું છે કે અહિંસાને સમજવામાં ક્યાંક ભૂલ તો નથી થઈ રહી? અહિંસા છે શું? જો આ જ અહિંસા હોય તો તો ખેડૂતો એનાથી વંચિત રહી જશે. ગૃહસ્થો માટે એનું પાલન અશક્ય થઈ જશે. વિદેશીઓની તો વાત જ છોડો, માંસ-માછલી ખાનારા હિન્દુઓને પણ આ અહિંસાધર્મમાંથી નીકળી જવું પડશે. તો પછી તમારો આ ધર્મ વિશ્વવ્યાપક નહીં થઈ શકે. અહિંસાનો આ પ્રચલિત વિચાર શું અહિંસા છે?

સાચું તો એ છે કે આમાંનાં કોઈ પણ પ્રશ્નનો સંબંધ અહિંસા સાથે નથી. એમાં દોષ અહિંસાનો નથી, અહિંસાનું અર્થપરિવર્તન કરનારાઓનો છે. અહિંસા જેની ભેટ છે, એ આપણા પૂર્વમનીષીઓને જોઈએ, તેઓ અહિંસાનો પ્રયોગ કયા કયા અર્થમાં કરતા હતા? અહિંસા શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ છાન્દોગ્ય ઉપનિષદમાં મળે છે. આ ઉપનિષદના ત્રીજા અધ્યાયના ચોથા ખંડમાં કહ્યું છે કે આ આખું જગત ચોક્કસ જ બ્રહ્મ છે. એને જાણવા માટે આ જ ઉપનિષદના પંદરમા ખંડમાં પ્રાણાપાનના યજ્ઞ અને સોળમા ખંડમાં સમર્પણ સાથે યજ્ઞસ્વરૂપની ઉપાસના કરવાનું કહ્યું છે અને સત્તરમા ખંડમાં દર્શાવ્યું છે કે ''**अथ यत्तपोदानमार्जवमहिंसा सत्यवचनमिति ता अस्य दक्षिणाः**'' અર્થાત્ જે તપ, દાન આર્જવ, અહિંસા અને સત્યવચન છે, એ જ યજ્ઞની દક્ષિણા છે.

યજ્ઞની સંપૂર્ણતા પછી જ દક્ષિણાનું વિધાન છે. અહિંસા આ આત્મયજ્ઞની દક્ષિણા છે, અર્થાત્ દાન, અહિંસા, સત્ય વગેરે અન્ય ક્ષેત્રની વસ્તુઓ છે, જેનાથી આત્મયજ્ઞ કરી લીધો છે, આત્માને જેણે જાણી

લીધો છે, '**ईशावास्यमिदं सर्वम्**' જેણે જોયેલ છે, એ જ કહી શકે છે. '**तत्त्वमसि**', '**वसुधैव कुटुम्बकम्**'નો ઉદ્‌ઘોષ એ જ કરી શકે છે. ચરાચર જગતની અંતિમ એકતા-આત્મિક એકતાને જેણે પોતે જોઈ છે, અહિંસા એની વસ્તુ છે. જ્યારે એ જ સર્વત્ર છે, બીજો છે જ નહીં તો વિરોધ કોની સાથે? હત્યા કોની? આ જ વાત 'માનસ'કાર કહે છે,-

उमा जे राम चरन रत, विगत काम मद क्रोध।
जिन प्रभुमय दीखहि जगत, केहि सन करहि विरोध॥

એ જ શુદ્ધ અહિંસક છે, પણ આ સ્થિતિ ક્યારે પ્રાપ્ત થાય છે? જ્યારે 'વિગત કામ મદ ક્રોધ'-કામ, મદ, ક્રોધ વગેરે વિકારો વિશેષરૂપે ગત થઈ ગયા હોય, સર્વથા શાંત થઈ ગયા હોય, જેને જગત પ્રભુમય દેખાતું હોય, એને માટે અહિંસા છે. અહિંસા પાલન નથી, પરિણામ છે, દક્ષિણા છે. તેથી જેણે કામક્રોધાદિ વિકારોને જીતીને આત્માને જાણ્યો હોય, એ છે એ જ શુદ્ધ અહિંસક છે. સદન કસાઈ માંસાહારી હોવા છતાં અહિંસક હતા અને આ રીતે મહાભારતના ધર્મ-વ્યાધ પણ. જે કામક્રોધનો દાસ છે, સંસારને સમેટવામાં પડ્યો છે, સાથે જ અહિંસા માટે દરરોજ કીડીઓને લોટ ખવડાવે છે, માંકડનેય મારતો નથી, અહિંસા માટે જ ફળાહાર કરે છે, તો પણ એની અહિંસા રૂઢિથી છે. દેખાય છે, દંભ હોઈ શકે છે, પણ આત્મજ્ઞાનની સૂચક તો કદી નથી.

આ જ વાત પ્રકારાન્તરે મહાભારતના અનુશાસન પર્વમાં ભીષ્મે યુધિષ્ઠિરને સમજાવી કે '**अहिंसा परमो धर्म**' પરમ ધર્મ પરમાત્મા છે, એના જ પરિવેશમાં અહિંસા છે. આની જ પુનરુક્તિ ગોસ્વામી તુલસીદાસ કરે છે,-''**परम धरमश्रुति विदित अहिंसा**'' શ્રુતિ કહે છે વેદને અને પરમાત્માની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ વેદ છે. એ પરમાત્માને સર્વત્ર જોનાર ઋષિઓનો ગુણ છે અહિંસા, એમની રહેણીકરણી છે અહિંસા. આવા તત્ત્વદર્શીઓએ યજુર્વેદમાં કહ્યું કે એ ''**पशुन पाहि। गां मा हिंसीः। अजां मां हिंसी। अविर्मा हिंसीः। इमं मा हिंसी द्विपादं। मां**

हिंसी रेकशफं पशुम्। मा हिंस्यात् सर्वभूतानि'' પશુઓની રક્ષા કરો. ગાયને ન મારો. બકરાંને ન મારો. ઘેટાંને ન મારો. આ બે પગવાળાં પ્રાણીઓને ન મારો. એક ખરીવાળાં પશુઓને ન મારો. કોઈ પણ પ્રાણીની હિંસા ન કરો. તેથી અહિંસા એમની અનુભૂતિ છે, જેમણે આ બધામાં પોતાના જ આત્માને વ્યાપ્ત જોયો. એકત્વની અનુભૂતિ અને તદ્જન્ય અહિંસા આત્મદર્શનને કારણે છે, શરીરને કારણે નહીં. શરીર ધારણ કરતાં રહેવું એ જ તો હિંસા છે. શુદ્ધ અહિંસા ત્યાં છે, જ્યાં પહોંચીને આ આત્માને ફરીથી શરીર ધારણ કરવું ન પડે.

વેદોમાં પ્રતિપાદિત ધર્મ યજ્ઞપ્રધાન છે. યજ્ઞને વૈદિક સાહિત્યમાં અધ્વર પણ કહેતા હતા. ધ્વરનો શાબ્દિક અર્થ છે હિંસા. અધ્વર એટલે અહિંસા. આ યજ્ઞનું આચરણ જ અહિંસાચરણ છે. હવે કયો યજ્ઞ કરતા હતા એ જે કરવો એ જ અહિંસા છે? મહાભારતના અનુશાસન પર્વમાં સંકેત છે,-

श्रूयते हि पुरा कल्पे नृणां ब्रीहिमयः पशुः।
येनायजयन्त यज्वानः पुण्यलोके परायणाः॥ ૧૧૫/૫૬

અર્થાત્ પહેલાંના કલ્પોમાં પુણ્યશ્લોક-પરાયણ યજ્ઞકર્તા લોકો બ્રીહિમય પશુ દ્વારા યજ્ઞ કરતા હતા. આ બ્રીહિ શું છે? બ્રીહિનો એક અર્થ ધાન્ય પણ તાય છે. તો શું તલ, જવ કે ધાન્યથી યજ્ઞ કરતા હતા તેઓ? વેદી બનાવીને? ના, અથર્વવેદના ઋષિ કહે છે ક ''**प्राणपानौ ब्रीहियवौ अनड्वान प्राण उच्यते॥**'' બ્રીહિ અને યવ ક્રમશઃ પ્રાણ અને અપાનનાં નામ છે. અનડ્વાન પણ પ્રાણનું નામ છે. અર્થાત્ આ યજ્ઞો પ્રાણ અને અપાન અથવા શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા પર આધારિત હતા અને ગીતામાં કૃષ્ણ કહે છે કે આ જ યજ્ઞના પરિણામમાં સનાતન બ્રહ્મ છે,-''**यज्ञशिष्टामृत भुजो यान्ति ब्रह्म सनातनम्।**'' બ્રહ્મ પ્રાપ્ત કરનાર મહાપુરુષ સર્વત્ર પોતાના જ આત્માને જોઈને અહિંસાની વાત કરે છ, તેમાં આશ્ચર્ય શું છે? શ્વાસ-ઉચ્છ્વાસનો યજ્ઞ કરનાર જ વેદની ભાષામાં શુદ્ધ અહિંસક છે.

તેથી પરાકાષ્ઠાની અહિંસા સર્વત્ર આત્મદર્શન કરનારા તત્ત્વદર્શીના ક્ષેત્રની વસ્તુ છે, તથા તેનો આંશિક ઉપયોગ એને માટે પણ છે જે પ્રાણ-અપાનનો યજ્ઞ કરતો હોય, પથિક હોય, એ પથનો શ્રદ્ધાળુ હોય. જેણે હજી એ પથ વિશે વિચાર જ નથી કર્યો એને અહિંસાનો શો ઉપયોગ? જેણે દાક્તરી-વિદ્યા માટે પ્રવેશ જ નથી કર્યો એને ઑપરેશન બોક્સ સોંપવાનું જે પરિણામ આવે, એવું જ કંઈક અહિંસાની બાબતમાં બની રહ્યું છે. જે નપુંસક છે એને લગ્નમંડપ કે મોરમુગટનો શો ઉપયોગ?

આ જ નિર્ણય યોગદર્શનકારનો પણ છે. યોગના નામે લોકો કોણ જાણે શું લે છે; પણ ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું છે કે (ગીતા, અધ્યાય છઠ્ઠો, શ્લોક તેવીસમા) જે સંસારના સંયોગ-વિયોગ-રહિત અનંત આનંદ છે એના મિલનનું નામ યોગ છે. આ જ યોગને મહર્ષિ પાતજંલિ પણ દર્શાવે છે,-'**योगश्चितवृत्ति निरोधः**' ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય એ જ યોગ છે. નિરોધ થવાથી શો લાભ? તો કહે છે, '**तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्**।' એ સમયે દ્રષ્ટા પોતાના જ શાશ્વત સ્વરૂપ પરમાત્મામાં સ્થિત થઈ જાય છે. એ પરમાત્મ તત્ત્વ સુધીનું જે અંતર કપાય છે, ત્યાં સુધીના સાધનાક્રમનાં આઠ અંગ છે,-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. એને સાષ્ટાંગ યોગ કહે છે. એમાંથી યમ પણ પાંચ અંગવાળો હોય છે,-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ રીતે યોગના આઠ અંગોમાંથી એક અંગનું ઉપાંગ છે અહિંસા, તો જેણે યોગપથ પર હજી પગ પણ નથી મૂક્યો એને અહિંસાનો શો ઉપયોગ?

આ જ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે અર્જુન! અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્ય વસ્તુનો ત્રણે કાળમાં અભાવ નથી. આત્મા જ સત્ય છે, પરમસત્ય છે, અશીર્ય છે, શાશ્વત અને સનાતન છે, એ સદાય રહેનાર છે, એનો ક્યારેય અભાવ નથી, ભૂતાદિનાં સંપૂર્ણ શરીર નાશવંત છે, જેનું અસ્તિત્વ છે જ નહીં. શરીર નાશવંત છે.

આગળ અધ્યાય બીજામાં પણ કહે છે કે ''**वासांसि जीर्णानि पथा विहाय**''-જૂનાં વસ્ત્ર તજીને મનુષ્ય જેમ નવાં વસ્ત્ર ધારણ કરી લે છે, એ જ રીતે ભૂતાદિકોના સ્વામી આ જીવાત્મા શરીરરૂપી વસ્ત્ર તજીને બીજું શરીર ધારણ કરી લે છે. શરીર એક વસ્તુ છે. જો તમારી પર કોઈ હુમલો થાય અને તમારું વસ્ત્ર કોઈ બચાવે તો શું તમારી રક્ષા થાય? ક્યારેય નહીં. આપણામાં જે નશ્વર છે, અસ્તિત્વવિહીન છે, એવી વસ્તુની રક્ષા કરીએ તોય આપણે રક્ષિત નથી, એણે તો ચાલ્યા જ જવાનું છે. માની લો, બરફનો ટુકડો હળેથી પર છે, થોડી વારમાં પાણી પાણી થઈ જશે, જમીનમાં મળી જશે, એનું નામોનિશાન નહીં રહે, તો તમે બચાવો છો શું? આ તો અંદરોઅંદર દયા અને સહૃદયતાનું આદાનપ્રદાન છે. સંગઠિત અને સુરક્ષિત રહીને જીવવા-ખાવાનું એક વ્રત છે, સામાજિક નિયમ છે, અમૂલ્ય માનવશરીરની સુરક્ષા છે, અહિંસા નથી. ત્રીજા અધ્યાયમાં તો યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે જે મનુષ્ય કેવળ શરીરને માટે ખપી જાય છે, એ તો મૂઢબુદ્ધિ અને અવિવેકી છે, પાપયુક્ત અને વ્યર્થ જીવનારો છે.

તો અહિંસા શું છે? આ અંગે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે અર્જુન! આ નિષ્કામ કર્મયોગનું આચરણ કર્યા વગર એ શાશ્વત સત્યને નથી કોઈ પામી શક્યું અને નહીં ભવિષ્યમાં કોઈ પામી શકશે. પણ જેમણે આત્માને જાણ્યો છે, જે આત્મામાં જ સ્થિત અને એનાથી ઓતપ્રોત છે, એ પુરુષોને કર્મ કર્યા કરવાથી નથી કોઈ લાભ અને છોડી દેવાથી નથી કોઈ હાનિ તો પણ એ મહાપુરુષો પાછળ રહેલાઓના હિત માટે સારી રીતે ક્રિયાશીલ છે. નિષ્કામ કર્મ એટલે ચિંતન, આરાધના. એ કરીને તે આત્મદર્શન તરફ જ આગળ વધતા હતા.

કર્મ કરતાં કરતાં સાધના એટલી સૂક્ષ્મ થઈ ગઈ કે મનના નિરોધ સથે એ આત્માને જાણી લીધો, એથી તૃપ્ત અને એમાં જ સારી રીતે સ્થિત છે-આત્મભાવથી પરિપૂર્ણ છે, એવા મહાપુરુષો માટે હવે કર્મ કર્યા કરવાથી નથી કોઈ લાભ અને છોડી દેવાથી નથી કોઈ હાનિ, કારણ

કે આગળ કોઈ એવી સત્તા નથી, જેની એ શોધ કરે. હવે કર્મ કરીને શોધેય કોને? એ કર્મ ન કરે તો પણ એને કાંઈ નુકસાન નથી; કારણ કે જે મેળવવું હતું તે મેળવી લીધું, તો પણ આવી સ્થિતિવાળા મહાપુરુષ પાછળ રહેલાંઓને હિત માટે સારી રીતે ક્રિયાશીલ રહે છે.

એવા મહાપુરુષ સાથે પોતાની તુલના કરતાં કરતાં યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાનો પરિચય આપે છે કે અર્જુન! મારે પણ ત્રણે કાળમાં કાંઈ કર્તવ્ય બાકી નથી, પ્રાપ્ત થવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ય નથી, તો પણ હું પાછળ રહેલાઓના હિતની ઈચ્છાથી સારી રીતે ક્રિયાશીલ છું. જો સાવધાન થઈને ન વરતું તો સમગ્ર પ્રજાનું હનન કરનાર બનું. મારનાર બનું અને વર્ણસંકરનો કર્તા થાઉં. અર્થાત્ કૃષ્ણ એક યોગી હતા, યોગેશ્વર હતા, આત્મભાવમાં, પરમતત્ત્વમાં સ્થિત પરમાત્મા-સ્વરૂપ હતા. એ કહે છે,-જો હું સાવધાન થઈને ક્રિયામાં ન વરતું અને ક્રિયાશીલ રહીને પાછળ રહેલાઓને ક્રિયાશીલ ન કરું તો સમગ્ર પ્રજાની હત્યા કરનાર બનું. વર્ણસંકરનો કર્તા બનું.

જીવાત્માનું શુદ્ધ રૂપ પરમાત્મા છે અને ક્રિયા દ્વારા જ એ સ્વરૂપ પામવું શક્ય છે. જો મહાપુરુષો પાછળ રહેલાઓને એ માર્ગે ન ચલાવે તો બધા લોકો આત્મપથથી રઝળી જશે, પ્રકૃતિમાં ભળી જશે. આ મિશ્રણ જ વર્ણસંકર છે. એ પોતાના આત્મપથથી ચ્યુત થઈ જશે-આ જ હનન છે, મૃત્યુ છે. આ જ છે હિંસા અને એ સ્વરૂપ તરફ આગળ વધવું એ શુદ્ધ અહિંસા છે. ખરેખર તો સૌથી મોટા અહિંસક એ મહાપુરુષ છે, જે તત્ત્વમાં સ્થિર હોવા છતાં પણ ક્રિયા કરતા રહીને બધાને પોતાની પાછળ ચલાવે છે. એ બધી ભ્રાંતિઓ દૂર કરીને આત્માને જાગ્રત કરે છે, જાગ્રત કર્યા પછી એને આત્મપથ પર ચલાવે છે. ધીરે-ધીરે ચાલતાં ચાલતાં સાધક પોતાના સ્વરૂપને જાણી લે છે, સ્થિતિ પામે છે, એવો જન્મ પામે છે કે જેની પછી મૃત્યુ નથી. આ જ શુદ્ધ અહિંસા છે. શુદ્ધ અહિંસાનું પાલન કરનાર તમે જ થઈ જાઓ તો ત્મ્મે પણ અહિંસક છો.

આ રીતે તેઓ બધાની રક્ષા કરે છે અને જો ન કરે તો તેઓ પણ હત્યારા છે, એટલે શ્રીકૃષ્ણ અનુસાર પોતાના સ્વરૂપ તરફ આગળ વધવું-વધારવું એ અહિંસા છે અને એનાથી ચ્યુત થવું હિંસા છે.

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગેશ્વર કહે છે, અર્જુન! આત્મા જ મિત્ર છે અને આત્મા જ શત્રુ છે. જે પુરુષ દ્વારા મન સહિત ઈન્દ્રિયો જીતાઈ છે એને જ માટે એનો જ આત્મા મિત્ર બનીને મિત્રતાથી રહે છે, પરમ કલ્યાણ કરનાર થાય છે અને જે પુરુષ દ્વારા ઈન્દ્રિયો જીતાઈ નથી, એને માટે એનો જ આત્મા શત્રુ છે, શત્રુ બનીને શત્રુતાથી વરતે છે, માટે પુરુષે પોતાના દ્વારા જ પોતાનો ઉદ્ધાર કરવો જઈએ. પોતાના આત્માને અધોગતિએ ન પહોંચાડવો જોઈએ. અધોગતિએ પહોંચાડવું, પ્રકૃતિની અનંત યોનિઓમાં ફેંકવું એ હિંસા છે અને એનો ઉદ્ધાર-આત્મભાવની પ્રાપ્તિ જ અહિંસા છે. 'માનસ' અનુસાર "**जो न तरै भवसागर, नर समाज अस पाइ। सो कृत निन्दक मन्दमति आत्माहन गति जाइ।**" મનુષ્યશરીર મેળવીને જે ભવસાગર પાર નથી ઊતરતો એ મંદબુદ્ધિ છે, કૃત નિન્દક છે અર્થાત્ કરી શકે છે પણ ટાળતો રહે છે, તે પોતાના આત્માનો હત્યારો છે, હિંસક છે. ભાસાગર પાર ન કરવો એ આત્મહત્યા છે, જઘન્ય હિંસા છે અને ભવસાગર પાર કરવો એ અહિંસા છે.

માટે યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર મહાપુરુષ દ્વારા પાછળનાઓને આત્મપથ પર ચલાવવા, જેને છાંદોગ્યના ઋષિ આત્મયજ્ઞની દક્ષિણા કહે છે-એ જ સામુહિક અહિંસા છે અને પ્રત્યેક વ્યક્તિની જવાબદારી છે કે પોતાના આત્માને અધોગતિએ ન પહોંચાડે, આ જ વ્યક્તિગત અહિંસા છે. સાથે જ અહિંસા-વ્રતીએ પાડોશીઓ પ્રત્યે સહૃદયતા અને પ્રેમ રાખવાં જોઈએ. આટલાથી એ પણ અહિંસાના પથ પર ચાલતો થશે અને તમે ચલાવનાર હશો.

બાહ્ય મારામારી-કાપાકાપીની બાબતમાં શ્રીકૃષ્ણનો શો દૃષ્ટિકોણ છે? એ શું છે? એ અંગે કહે છે (ગીતા. અધ્યાય ૧૮માં) કે અર્જુન! શુભ

કે અશુભ દરેક કાર્ય થવાનાં પાંચ માધ્યમ છે,-કર્તા આ મન છે, કારણ ઈન્દ્રિયો છે, વિવિધ પ્રકારની ચેષ્ટાઓ (પ્રયત્નો), આધાર એટલે કે સાધન (કારણ કે ચેષ્ટાઓ અનંત હોય છે પણ જે ઈચ્છાને માટે આધાર મળી જાય છે, એ જ ઈચ્છા પૂરી થવા માંડે છે) અને પાંચમા (હેતુ) દૈવ છે. દૈવ એટલે સારાં સંસ્કારવાળું, સંસ્કાર, પહેલાં કરેલું કર્મ. શુભ કે અશુભ થવામાં આ જ પાંચ માધ્યમ છે-તે શાશ્વત પરમાત્મા તરફ ઈષ્ટોન્મુખ દોડ લગાવો કે પ્રકૃતિ તરફ ભટકવા માંડો,-આ જ પાંચ માધ્યમ છે. આટલાથી પણ જે કૈવલ્ય સ્વરૂપ પરમાત્માને કર્તા જુએ છે, કહે છે, એ મૂઢબુદ્ધિ યથાર્થને જાણતો નથી. એના પછી જ શ્લોકમાં કહે છે કે અર્જુન! જે પુરુષ જાણે છે કે આ જ પાંચ માધ્યમ છે, ભલા એ કેમ કોઈને મારે કે કોઈને મરાવે? બધા જ લોકોને મારવા છતાંય ન તો પાપ સાથે બંધાય છે અને ન તો એ કર્મો સાથે બંધાય છે.

તેથી, યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર બાહ્ય મારકાપ માત્ર સામાજિક સમસ્યા અને બદલા છે, શાંતિ અને વ્યવસ્થાનો પ્રશ્ન છે. સમાજમાં જે સંગઠિત રહેશે તે સબળ છે, ફાટફૂટથી રહેશે તે દુર્બળ છે. જે આવિષ્કારક છે, બુદ્ધિજીવી છે, તે સબળ છે અને એ જ કેવળ શરીરનું જ બળ રાખે છે. તે દુર્બળ છે. ભીમ પાસે શરીરનું બળ હતું પણ અનેક પ્રસંગે મેધાવી યુધિષ્ઠિરે તેને બચાવ્યો, કારણ કે એની પાસે દિવ્યાસ્ત્ર હતો, આવિષ્કાર હતા. વિધિ જાણવાને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના સાતમા કોઠા સુધી પહોંચી ગયો, પણ બાહુબળનો ભરોસો રાખનાર ભીમ ગદા ફેરવતો જ રહી ગયો. જ્યાં શરીરબળની સાથે બુદ્ધિબળ છે, સંગઠન પણ છે, એ જ બળવાન છે અને જ્યાં ફાટફૂટ વધારે છે એ જ ગુલામ છે. આફ્રિકામાં કબીલા ઘણા છે, ફાટફૂટ બહુ છે. આફ્રિકા આજે પણ ગુલામ છે. ઠીક, સંગઠન અપેક્ષિત છે.

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણનું કહેલું છે કે આ જે બાહ્ય મારકાપ છે, એ નથી પાપ કે નથી પુણ્ય. હા, એ સામાજિક જવાહદારી જરૂર છે,

એકબીજા માટે સહૃદય અને આત્મવાન રહેવું જ જોઈએ. જે તમને હાનિ પહોંચાડતા નથી એમની અકારણ હત્યા શા માટે તમે કરો? પશુઓથી જુદો રહીને આ માનવસમાજ આજ સુધીમાં આટલી જ સભ્યતા શીખ્યો છે. પરસ્પર મદદ કરવી જ જોઈએ. મદદ વડે જ ''**लोक लाहु परलोक निबाहू**'', ઉભયમુખી વિકાસ સંભવ છે, અમે-તમે આગળ વધી શકીએ છીએ.

પણ ભૌતિક સમૃદ્ધિય શાશ્વત શાંતિ આપી શકતી નથી. જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ અને દોષોથી વ્યથિત થઈને જ આપણા પૂર્વજો શાશ્વત આનંદની શોધમાં નીકળ્યા અને જ્યારે એમણે એની પ્રાપ્તિની વિધિ શોધી કાઢી ત્યારે એ શોધનું આ પરિણામ પોતાના પૂરતું જ સીમિત ન રાખતાં પ્રાણીમાત્રમાં એના પ્રચાર-પ્રસાર માટે તેઓ અધીર થઈ ગયા,-''**पाप दुःख द्रवहिं संत सुपुनीता**'' મનુષ્યમાં જ પરમાત્માની શોધની સૌથી વધુ ક્ષમતા જોઈને ઋષિઓએ એમને સૃષ્ટિમાં સર્વોપરી સ્થાન આપ્યું,- ''**न हि मानुषात श्रेष्ठतरं हि किंचित्।**'' પથ્થર, પાણી, ગાય, બકરી કોઈ જ મનુષ્યથી ઉચ્ચતર નથી. માટે આપ્તકામ ઋષિઓએ પોતે કષ્ટ ઉઠાવીને પણ માનવ-માનવ સુધી પહોંચવું, એમને ઉદ્બોધિત કરવા અને એમની સુરક્ષા તથા સેવા કરવી. આ બધી બાબતોને પણ અહિંસામાં સમાવી લીધી; કારણ કે જો મનુષ્ય જીવતો જ ન રહે તો અહિંસાના પથ પર, આત્મોદ્ધારના પથ પર ચાલશે કોણ? આત્મોદ્ધાર માટે જ એમણે શરીરરક્ષા, પરસ્પર સહયોગ અને સહૃદયતાની વાત પર ભાર મૂક્યો. ઠીક. શરીરની રક્ષા જરૂરી છે, પણ તે અહિંસા નથી.

એક વાર ભ્રમણ કરતાં કરતાં અમે નૈમિષારણ્ય પહોંચી ગયા. ત્યાં એક હત્યાહરણ કુંડ છે. તેવી પાસે નવ-દશ કન્યાઓ સુંદર વસ્ત્રો પહેરીને પાન ખાતી ખાટલા પર બેઠેલી હતી. લોકો કુંડમાં સ્નાન કરીને, કન્યાઓને ચરણસ્પર્શ કરીને, દક્ષિણા દઈને પાપમુક્ત થતા હતા. આસપાસ પંડાઓ ફરીફરીને લોકોને બોલાવતા હતા. થોડે દૂર ઊભા રહીને અમે પણ આ

તમાશા જોતા હતો. એટલામાં કેટલાક લાઠીધારી તીર્થપુરોહિત અમારી તરફ પણ આવ્યા, બોલ્યા,-'અહીં આવો! કુંડમાં સ્નાન કરીને કન્યાને ચરણસ્પર્શ કરો અને જીવનભરની હત્યાઓથી મુક્ત થઈ જાઓ!' અમે કહ્યું, 'ભાઈ! અમે તો કઈ હત્યા નથી કરી.' તેઓ બોલ્યા, 'વાહ! એમ કેમ બને! તમે નૈમિષારણ્યમાં પગપાળા ફરતા હતા. કોણ જાણે કેટલી કીડીઓ પગ નીચે દબાઈને અકાળે મરણ પામી હશે! હત્યાથી કોણ બચ્યું છે?' અમે કહ્યું, 'ભાઈ! મરી હશે તો પોતાના મોતથી. અમે કોઈ નિશાન તાકીને કોઈની ઉપર પગ નથી મૂક્યો ભગવાને અમારા પગને એમની તરફ અને એમને અમારા પગની તરફ આગળ વધારી હશે, કારણ કે ''**हानि-लाभ, जीवन-मरण, यश-अपयश विधि हाथ।**'' આ તો એમની વ્યવસ્થા છે. એમાં અમે શું કરીએ? જેનો જ્યારે વારો આવશે, તેણે જવું જ પડશે. એક શ્વાસ પણ વધારે નથી લઈ શકાતો. કયા શરીરે કયા કારણે નષ્ટ થવાનું છે, એ પહેલેથી જ નિશ્ચિત છે તો અકાળ મરણ ક્યાંથી? કાળ આવે જ નહીં તો મરે કોણ? તો તો પછી સંસારના મોટા ભાગના મહાપુરુષો અકાળ મૃત્યુ જ મર્યા?

પણ એ પંડા માને એમ નહોતા. એમને તો દક્ષિણા સાથે જ કામ હતું. બોલ્યા, 'ભલે, સ્નાન નહીં કરતા. કન્યાના ચરણને સ્પર્શ કરી લો'' અમે કહ્યું, 'બસ, આની જ તો ગુરુ મહારાજે મના કરી છે. કહ્યું છે કે જે સ્ત્રીનું દર્શન કરે છે, જોયેલી સ્ત્રીનું સ્મરણ કરે છે, સ્પર્શ કરે છે, વાર્તાલાપ કરે છે એ સંન્યાસી એક દિવસ સંન્યાસી નથી રહેતો. સ્પર્શ કરવાથી મનમાં કોઈ પ્રકારની હત્યા-પાપ જરૂર લાગે છે, માટે ક્ષમા કરજો.' પંડાઓ તરત બીજી તરફ ચાલ્યા ગયા. થયું હશે બીજા ગ્રાહકોને પણ ફોડશે. તો નશ્વર શરીર માટે પ્રયત્ન કરવો એ અહિંસા નથી. આત્મસ્વરૂપની રક્ષા જ અહિંસા છે. આત્માને અધોગતિએ લઈ જવો એ જ હિંસા છે.

શું ખાવું? શું ન ખાવું? એ અંગે શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન! ભોજન ત્રણ પ્રકારનું હોય છે. આયુ, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ

વધારનાર, રસયુક્ત, સુંદર, સ્થિર રહેનારા તથા સ્વભાવથી જ હૃદયને પ્રિય લાગનારા ભોજ્ય પદાર્થ સાત્ત્વિક પુરુષને પ્રિય હોય છે. કડવા, ખાટા, અત્યંત ગરમ, તીખા, શુષ્ક, દાહકારક અને રોગ ઉત્પન્ન કરનારા આહાર રાજસી પુરુષને પ્રિય હોય છે તથા જે ભોજન એક પ્રહર એટલે કે ત્રણ કલાક પહેલાં બન્યું છે, 'ગતરસ'-રસરહિત, દુર્ગંધયુક્ત, વાસી, એંઠું અને અપવિત્ર છે. તે તામસ પુરુષને પ્રિય હોય છે. અર્જુન! આખા સંસારમાં ભોજન ત્રણ પ્રકારનાં જ હોય છે, જે દરેકને પોતપોતાની પ્રકૃતિ અનુસાર પ્રિય હોય છે. એમણે એમ નથી કહ્યું કે કાંદા ન ખાઓ, લસણ કે ગાજર ન ખાઓ.

હૃદયને પ્રિય લાગવાનો પ્રશ્ન છે ત્યાં સુધી, બંગાળીઓને માછલી, મદ્રાસીઓને ભાત, પંજાબીઓને રોટલી, યુરોપિયનોને બીફ, અરેબિયનોને દુમ્બા અને સામાન્યતઃ ભારતીયોને શાકભાજી પ્રિય હોય છે. વિકાસોન્મુખી બુદ્ધિમાં વિદેશીઓ પણ પાછળ નથી. આરોગ્ય અને દીર્ઘાયુમાં પણ વિશ્વસ્તરના આંકડા એમના સારા છે અને ગીતા અનુસાર આયુ-બળ-બુદ્ધિ વધારનાર દરેક ભોજન-પદાર્થ સાત્ત્વિક છે. જે કોઈ આહારમાં ઉપર્યુક્ત ગુણ હોય તે તમે લો.

યોગેશ્વરનો આશય કેવળ એટલો જ છે કે સમાજમાં અને ઉપાસના માટે સ્વસ્થ શરીર જરૂરી છે. પ્રાચીન યોગીઓ આસન કરતા હતા, બુદ્ધ સમ્યક્ વ્યાયામને યોગનું ાવશ્યક અંગ માનતા હતા અને કોઈ પણ રીતે રોગમુક્તિ પામીને શક્ય તેટલા જલદી ઉપાસનામાં લાગી જવા માટે ભગવાન શ્રીકૃષ્ણ યુક્તાહાર-વિહાર પર ભાર મૂકતા હતા. તેઓ કહે છે-'આ યોગ બહુ ખાનારને સિદ્ધ થતો નથી. અધિક ભોજનથી આળસ, નિદ્રા અને પ્રમાદ ઘેરી લેશે. ભોજન છોડી દેવાથી ઈન્દ્રિયો શિથિલ થઈ જશે. ચિંતનમાં બેસવાની ક્ષમતા નહીં રહે. માટે એ જ આહાર લેવો, જે ચિંતનમાં સહાયક થાય.

આ જ તથ્યને સમજીને મહાત્મા બુદ્ધ વગેરે મહાપુરુષોએ અહિંસા પર ભાર મૂક્યો, પણ ભોજનના કડક નિયમ ન બનાવ્યા. એમનો

પિત્રાઈ દેવદત્ત હતો. એણે કહ્યું, 'ભાઈ, તમે અહિંસાના પૂજારી છો તો ભોજનનો કડક નિયમ કેમ નથી બનાવતા?' ભગવાન બુદ્ધ બોલ્યા, 'હું કડક નિયમ નથી બનાવી શકતો. તમારા જેવા અમીરોની જેમ આ ગરીબ લોકો પૌષ્ટિક આહાર મેળવી શકતા નથી. એમને તો પંખી, માછલી વગેરે મળી જાય છે તે જ ખાઈને ગુજારો કરવો પડે છે. જો કડક નિયમ કરાય તો આ લોકો ભૂખ્યા મરશે.' દેવદત્તે ફરી પ્રશ્ન પૂછ્યો, 'ભગવાન! તો ભિક્ષુઓએ શું ભોજન કરવું?' જવાબ મળ્યો, 'ભિક્ષુઓએ એ જ ભોજન કરવું જે ગૃહસ્થના ઘરમાં બન્યું હોય. એમને માટે જુદી કોઈ વ્યવસ્થા ન કરવી. એવી વ્યવસ્થા કરવામાં એને કષ્ટ પડશે. શક્ય છે કે એમની ગૃહસ્થીની પરિસ્થિતિ વિપરીત થવા માંડે તો ભિક્ષુ બોજારૂપ બની જશે!'

દેવદત્ત હજી શંકાશીલ હતો. એણે કસોટી કરવાનું નક્કી કર્યું કે ગૌતમના વિચાર અને આચારમાં કેટલું અંતર છે. એની પ્રેરણાથી ગૌતમને પણ એક વાર 'શૂકર મદ્દવ' ખાવું પડ્યું. સિદ્ધાંત ખાતર એમણે પોતાનો ભોગ પણ આપ્યો.. એ ભોજનથી તે માંદા પડી ગયા. એમનો શરીરાન્ત થઈ ગયો, કારણ કે એવું ભોજન એમણે ખાધું જ ક્યાં હતું? એમને આપે પણ કોણ? તેથી, શું ખાવું, શું ન ખાવું? એનો અહિંસા સાથે કોઈ સંબંધ નથી.

આનો અર્થ એ નથી કે જે કાંઈ મળ્યા કરે તે તમે પેટમાં પધરાવ્યા કરો. નિષ્ઠાચ્યુત લોકોનું આચરણ પ્રમાણ નથી થઈ જતું. મહાપુરુષના આચરણની નકલ ન કરવી. પણ એ જે કહે છે તેમ કરવું. પૂજ્ય મહારાજજીના જીવનની એક ઘટના છે,-નિર્વસ્ત્ર વિચરણ કરતા હતા એ એક વાર મુંબઈની ગલીઓમાંથી જઈ રહ્યા હતા. લોકો હજી સૂતેલા હતા. સવાર થવા આવી હતી. એક મહિલા બીજે માળેથી રસ્તા પર કંઈક ફેકવા જતી હતી. મહારાજજીને જોતાં જ બોલી, 'ઓ બાબાજી! લેશો? રોટલા છે.' મહારજજીને થયું તે માગ્યા વગર જ મળે છે. આ જ દૂધ-ભિક્ષા છે. ઊભા રહી ગયા. તે નીચે આવી અને હાથમાં રોટલા

આપી દીધા. નરમનરમ હતા અને એની પર શાક.

નિરંતર ચિંતનમાં લીન રહેનાર મહારાજજીએ ચાલતાં ચાલતાં એક કોળિયો મોઢામાં મૂક્યો ને ચોંક્યા. માછલી જેવો સ્વાદ લાગ્યો. બચપણમાં ખાતા હતા. સ્વાદ સમજાઈ ગયો. વિચારવા માંડ્યા કે સાધુએ માંસમદિરાનું સેવન ન કરવું જોઈએ. પેલી સ્ત્રીએ માગ્યા વગર આપ્યું, એટલે આ દૂધ-ભિક્ષા છે. વગર માગ્યે જે મળે એનો ત્યાગ પણ ન કરવો જોઈએ. મેં તો માગ્યું પણ નહોતું. ભગવાને આ કેમ અપાવી દીધું? ખાઉં કે ન ખાઉં? મનમાં થયું કે ફેંકી દઉં. પણ પછી વિચાર આવાતો હતો કે માગ્યા વગર જ મળ્યું છે. આ જ અવઢવમાં કેટલુંય ચાલ્યા. કોળિયો મોઢામાં જ હતો. આખરે મહારાજે એ ફેંકી દીધો. એક નળ પર મોઢું ધોવા માંડ્યા. પાસે એક પાનવાળાની દુકાન હતી. દુકાનદાર દોડતો આવ્યો અને બોલ્યો, 'લો સંતજી, આ પાન ખાઈ લો.' મહારાજજીએ પાન લીધું ને ચાલવા માંડ્યું. મોઢું શુદ્ધ થઈ ગયું

અમે કુતૂહલથી પૂછ્યં હતું કે મહારરાજી, તમને માછલી કેમ મળી? એમણે કહ્યું કે જ્યારે રેલગાડીમાં બેસીને મુંબઈ જઈ રહ્યો હતો, ત્યારે બાજુની સીટ પર એક મુસલમાન મુસાફર માછલી ખાતો હતો. મને વિચાર આવ્યો કે માછલી ખાવાની રીત તો આ છે, આમ પકડે છે, આમ ખાય છે. ભગવાને પણ જોયું કે ભજન છોડીને માછલીનું ચિંતન કરી રહ્યો છે. તેથી ભગવાને માછલી અપાવીને એનાથી મુક્તિ અપાવી દીધી.

એટલે જે ઘરબાર છોડીને સંત થઈ ગયા હોય, જે સતત ચિંતનપરાયણ હોય એમને માંસૃમદિરા અનુકૂળ નથી. એક વખત મહાત્મા બુદ્ધ પોતાના શિષ્યો સાથે એક ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ગ્રામવાસીઓએ કહ્યું, 'સાધુ મહારાજ! તમે આ રસ્તે ન જાઓ! ત્યાં એક ભયંકર સાપ રહે છે, જે કેટલાય લોકોને દંશ દઈ ચૂક્યો છે. એ બધા મૃત્યુનો કોળિયો થઈ ગયા છે. અમે તો એ રસ્તો છોડી જ દીધો છે. કોઈ ભૂલ્યોભટક્યો જાય છે તો દુર્ઘટના બને જ છે.' બુદ્ધ એ જ ગામમાં રોકાઈ ગયા.

મહાત્મા બુદ્ધનો એક શિષ્ય પૂર્વજીવનમાં મદારી હતો. તે છાનોમાનો તે રસ્તા તરફ ગયો, જ્યાં સાપ હતો. ગ્રામજનોએ તેને રોક્યો ત્યારે બોલ્યો, 'હું નાગને વશ કરવાનું જાણું છું.' લોકોએ તેને જવા દીધો. પગરવ સાંબળતાં જ સાંપ ફૂંફાડા મારતો પોતાની જગ્યાએથી ઊઠ્યો. ભિક્ષુએ સર્પવિદ્યાનો પ્રયોગ કર્યો કે તરત જ સાપ શિથિલ થવા માંડ્યો. છેવટે ભિક્ષુએ એને પકડી લીધો, એના દાંત તોડી નાખ્યા, ઝેરી દાઢ કાઢી નાખી અને અળસિયા જેવા એ સાપને જીવતો જમીન પર ફેંકી દીધો.

ગામના લોકો બહુ પ્રભાવિત થયા, કહેવા માંડ્યા, 'સાધુ મહારાજ, આપે અમને મહાન સંકટથી ઊગાર્યા છે. કહો, અમે તમારી શી સેવા કરીએ? શું ખવડાવીએ?' ભિક્ષુએ કહ્યું, 'તમે ખુશ થાઓ છો તો દ્રાક્ષનો શરાબ પીવડાવો.' તરત વ્યવસ્થા થઈ. બધાએ માત્ર ચાખ્યો, પણ એ ભિક્ષુએ વધારે પીધો. બેભાન થઈને પડી ગયો. ભક્તો એને ઊંચકીને બુદ્ધની પાસે લઈ ગયા. એનું માથું બુદ્ધના ચરણોમાં રાખીને એને સુવડાવી દીધો. બોલ્યા, 'સાધુ મહારાજ! આણે જ નાગને વશ કર્યો છે, પણ વધારે શરાબ પીવાથી ભાન ગુમાવી બેઠો છે.' આટલા શબ્દો કાને પડતાં જ એ ભિક્ષુ આવેશમાં ઊઠ્યો, પણ બીજી જ ક્ષણે પોતાના પગ બુદ્ધના ચરણોને અડાડીને રાખ્યા ને પાછો બેભાન થઈ ગયો.

તો બુદ્ધે પૂછ્યું, 'શું આ એ જ ભિક્ષુ છે, જેણે નાગને વશ કર્યો હતો?' 'હા મહારાજ!' 'શું આ હાલતમાં પણ એ નાગને વશ કરી શકે છે?! 'ના મહારાજ!' 'ભિક્ષુઓ! જો એ નાગ આને અત્યારે મળે તો શું થાય?' 'મહારાજ! તો એ મરી જાય.' ત્યારે બુદ્ધ કહ્યું, 'ભિક્ષુઓ! આ જ કારણે હું તમને માંસમદિરાનો નિષેધ કરું છું, એનો ઉપયોગ સ્મૃતિનો લોપ કરે છે. સ્મૃતિ જ કવચ છે. જે સ્મૃતિ સાથે ચાલે છે, ઊઠે છે, બેસે છે, ચિંતન કરે છે, એ ક્યારેય છેતરાતો નથી. એ સ્મૃતિ સાથે જ આગળ વધે છે. માંસંમદિરા ચિંતનથી વિપરીત મનોભાવો જન્માવે છે, ચિંતનમાં બાધક છે, માટે ચિંતનપરાયણ પુરુષો માટે એનો નિષેધ છે,

નહીં કે એ પાપ કે પુણ્ય, હિંસા કે અહિંસા છે. તે આધ્યાત્મિક પથમાં અવરોધ છે, એની પ્રગતિ શિથિલ કરે છે.'

પૂજ્ય મહારાજજી આ વિશે એક કથા કહ્યા કરતા હતા. એક મહાત્મા હતા. જીવનભર એમણે ઉપાસના જ કરી. એમની કુટિરની સામે એક તળાવ હતું. જ્યારે એમનું શરીર છૂટવાનો વખત આવ્યો, ત્યારે એમણે જોયું કે એક બગલો માછલી મારી રહ્યો હતો. એમણે બગલાને ઉડાડી મૂક્યો. આ તરફ એમનું શરીર છૂટ્યું તો એ નરકમાં ગયા. એમના ચેલાને એ સપનામાં દેખાયા; એ કહેતા હતા, 'બેટા! અમે જીવનભર કોઈ પાપ નથી કર્યું, ફક્ત બગલાને ઉડાડવાથી નરકમાં જવું પડ્યું, તું સાવધાન રહેજે.'

શિષ્યનું શરીર છૂટવાનો સમય આવ્યો ત્યારે એ જ દૃશ્ય ફરીથી આવ્યું. બગલો માછલી પકડી રહ્યો હતો. ગુરુનો આદેશ માનીને એણે બગલાને ઉડાડ્યો નહીં. મર્યા પછી એ પણ નરકમાં જવા માંડ્યો, ત્યારે ગુરુભાઈને આકાશવાણી સંભળાઈ કે 'ગુરુજીએ બગલાને ઉડાડ્યો હતો માટે એ નરકમાં ગયા, અમે બગલાને ઉડાડ્યો નહીં માટે નરકમાં જઈ રહ્યા છીએ. તું બચીને રહેજે!'

ગુરુભાઈનું શરીર છૂટવાનો સમય આવ્યો ત્યારે સંયોગવશાત્ ફરીથી બગલો માછલી પકડતો દેખાયો. ગુરુભાઈને ભગવાનને પ્રાણામ કર્યા કે ભગવન! તમે માછલીમાં છો અને તમે જ બગલામાં છો પણ. અમને ખબર નથી કે એમાં શું ખોટું છે? શું સાચું છે? શું પાપ છે, શું પુણ્ય છે? તમે તમારી વ્યવસ્થા સંભળાવો. મને તો તમારા ચિંતન સાથે જ કામ છે. શરીર છૂટ્યા પછી એ પ્રભુના ધામમાં ગયો.

નારદજીએ પૂછ્યું, 'ભગવન! આખરે તેઓ નરકમાં કેમ ગયા? મહાત્માજીએ બગલાને ઉડાડીને કોઈ પાપ તો નહોતું કર્યું.' એમણે કહ્યું, 'નારદ! એ દિવ્ય બગલાનું ભોજન એ જ હતું. એમણે અમે ઉડાડી મૂક્યો. ભૂખથી તરફડીને બગલો મરી ગયો, તેથી પાપ થયું,

માટે નરકમાં ગયા.' નારદે પૂછ્યું, 'બીજાએ તો નહોતો ઉડાડ્યો, તે કેમ નરકમાં ગયો?' બોલ્યા, 'એ દિવસે બગલાનું પેટ ભરેલું હતું. એ મજાકમાં માછલી પકડી રહ્યો હતો, એને ઉડાડી દેવાની જરૂર હતી. શિષ્યથી ભૂલ થઈ, એ જ પાપથી એ નરકમાં ગયો.' નારદે પૂછ્યું, 'અને ત્રીજો?' ભગવાને કહ્યું, 'ત્રીજો પોતાની આરાધનામાં લીન હતો. બધી જવાબદારી અમને સોંપી દીધી. જેમ થવું જોઈતું હતું એમ જ થયું, પણ મારી સાથે સંબંધ જોડાયેલો રહેવાથી મારા જ ચિંતનના પ્રભાવથી એને મારું ધામ પ્રાપ્ત થયું.'

पाप पुण्य की करे न आसा। सो पहुँचे रघुनायक पासा॥

પાપપુણ્યની ચિંતામાં સમય ગુમાવ્યા વગર જે નિરંતર ચિંતનમાં તલ્લીન રહે છે તે મેળવે છે. ભગવાનનું ભજન જ પુણ્ય છે, બાકી બધું પાપ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,-''**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः**'' યજ્ઞ સિવાય જે કંઈ પણ કરવામાં આવે છે તે આ જ લોકમાં બાંધી રાખનારું છે, જેમાં ખાવુંપીવું બધું આવી જાય છે. જ્યારે બંધનકારી હોય એવું દરેક કામ કરીએ જ છીએ, ત્યારે હત્યાની આટલી ચિંતા શા માટે? એ નિયત કર્મ કરો જે ભાવબંધનમાંથી છોડાવો.

શ્રીમદ્ભાગવત્-મહાપુરાણ દર્શાવે છે કે સૃષ્ટિ પર બધા જીવ એકબીજાનો આહાર છે. હાથવાળાઓ માટે હાથ વગરનાઓ આહાર છે. જેમને પગ છે તેમને માટે પગ વગરનાઓ આહાર છે. આ રીતે ચરાચર જગત આહાર છે. દુર્બળ સબળોનો આહાર છે. સબળ એ જ છે જેઓ સંગઠિત છે. દુર્બળ એ જ છે જેઓ અસંગઠિત છે. માટે અંદરોઅંદરના વિખવાદનાં કારણો દૂર કરો, ખભેખભો મિલાવીને ચાલો, શૂરવીર બનો. ખાવા ન ખાવાનો પ્રશ્ન તો દેશકાળ અને આવિષ્કારો અનુસાર પરિવર્તનશીલ છે. એક સમયે લોકો કાચું માંસ ખાતા હતા; પણ આજે? હિમાલયના ઘાટમાંથી પસાર થઈએ ત્યારે ગરમ અને રણના ઢુવા પર શીતળ પેયની જરૂર જણાય છે. આ બાબત પ્રકૃતિની દેન છે. આ નથી અહિંસા કે નથી એને ધર્મ સાથે કોઈ સંબંધ.

હા, રામ-કૃષ્ણ-બુદ્ધ વગેરે મહાપુરુષોએ સમાજને આત્મિક પથ પર ચલાવવા માટે સુધારાનો જે પ્રયત્ન કર્યો, એ પણ એક અહિંસા હતી. આ ચિંતનપથમાં આંતરિક વિકારોની સાથે બાહ્ય વિરોધી વિચારધારાઓને નષ્ટ કરવી એ જ અહિંસા છે. નાસ્તિકતાને આસ્તિકતામાં બદલવી એ અહિંસા છે,. યોગેશ્વર શ્રીકૃષઅણ અનુસાર-જે આત્મપથ પર નથી ચાલતો તે પોતાના આત્માનો હત્યારો છે, જે મહાપુરુષ અન્યને આત્મપથ પર નથી ચલાવતો તે પણ હત્યારો છે, અને જેઓ આત્મપથ પર ચાલવા નથી દેતા તેઓ તો સૌથી મોટા હત્યારા છે. સમાજનો એક વર્ગ હંમેશાં જ આત્મપથ પર ચાલવાનો વિરોધ કરતો આવ્યો છે. તેઓ કહે છે કે ઈશ્વર નામની કોઈ વસ્તુ નથી. સ્ત્રી અને પુરુષના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, એટલું જ સત્ય છે. માટે ખાઓ-પીઓ અને મોજ કરો. જેઓ આ વિચારધારા ધરાવે છે, તેઓ પણ તમને પરમાત્માના સ્વરૂપથી વંચિત કરે છે, પરમાત્માથી અંતર પેદા કરનારા છે; એમને માર્યા વગર કેવળ એમનું હૃદયપરિવર્તન કરવું એ પણ અહિંસાનું બહુ મોટું અંગ છે.

પરમદેવ પરમાત્માના દેવત્વથી અંતર પેદા કરનારા આસુરી પ્રવૃત્તિના લોકોને નષ્ટ કરવા માટે મહાપુરુષોએ બંને રીત અપનાવી-બની શકે ત્યાં સુધી આવા લોકોનું હૃદયપરિવર્તન કરવામાં આવ્યું અને જેઓ કોઈ પણ પ્રકારે સુધરવા તૈયાર નહોતા, ચિંતનપથમાં અવરોધ ઊભા કરતા હતા, એમને એમણે જડમૂળથી ઉખેડી નાખ્યા. ધર્મપ્રચાર માટે શસ્ત્રના ઉપયોગમાં રામનું અનુકરણ કેટલાક સમુદાયના લોકોએ કર્યું. ઈસાઈઓ ગૌતમ બુદ્ધ પાસેથી હૃદયપરિવર્તન શીખ્યા, પણ તેઓ એના બદલામાં શું શીખવે છે? માત્ર કુરિવાજો! કાળાગોરાનો જાદુ! કારણ કે પરમાત્માની પ્રાપ્તિની વિધિ ક્રમબદ્ધ દેખાડવાનો અને સમાજને એ પથ પર ચાલવાનો મોકો ન તો અલ્લાહના રસૂલને મળ્યો કે ન મહાત્મા ઈશુને મળ્યો,

હૃદયપરિવર્તન પ્રત્યેક મહાપુરુષના હૃદયની વસ્તુ છે, પરંતુ તલવારને ઘાટ ઉતારવા એ અવતારના અધિકારક્ષેત્રની વાત છે. અવતાર પણ

મહાપુરુષ જ છે. આકાશથી ઊતરેલા કોઈ વિચિત્ર કે કાલ્પનિક જીવવિશેષ નહીં. મનુષ્યશરીરથી સાધના કરીને એમણે આ સ્થિતિ પ્રાપ્ત કરી છે. ખરેખર તો પ્રાપ્તિકાળમાં બધા મહાપુરુષોને પરમાત્માની એક જેવી અનુભૂતિ થાય છે, પણ સાથે સાથે સમાજના સંસ્કારોને અનુરૂપ કેટલાંક કાર્યોની જવાબદારી ભગવાન એમને સોંપી દે છે, એમને વિશેષાધિકાર આપે છે. જે મહાપુરુષને જે હદ સુધી લોકકલ્યાણ કરતા રહેવાનું છે, એટલી ભૂમિકા, 'રોલ' નિભાવીને તે સંસારના રંગમંચ પરથી અદૃશ્ય થઈ જાય છે. આ તો એ પ્રભુની પસંદગી છે કે કોની પાસેથી કેટલું કાર્ય લેવું.

પ્રાપ્તિ અને સ્થિતિની દૃષ્ટિએ પણ બધા મહાપુરુષો સમાન છે, પરંતુ સમાજમાં એમની ભૂમિકા અનુસાર મહાપુરુષોની રહેણીકરણી જુદી જુદી પ્રતીત થાય છે. ચોવીસ જ નહીં, અવતાર પણ અનંત થયા છે. તમારી અંદર પણ અવતાર સંભવ છે, જો આત્માનુભૂતિ કરી લો અને એવો સમાજ હોય. સમાજમાં એમનાં કાર્યોનું આકલન કરીને આપે કોઈને નાનો અને કોઈને મોટો અવતાર માની લઈએ છીએ, પણ આંતરિક ઉપલબ્ધિની દૃષ્ટિએ બધા મહાપુરુષ એક જેવા હોય છે. જ્યારે આસુરી પ્રવૃત્તિઓ પરાકષ્ઠાએ પહોંચે છે, ત્યારે સમાજ રૂઢિપ્રધાન થઈ જાય છે, સમજાવવાથી પણ નથી સમજતો, સમજવા માગતો જ નથી, એ વખતે વિશેષાધિકાર પ્રાપ્ત કરનાર મહાપુરુષનો ઉદય છાય છે, જેને પૂર્વમનીષીઓએ 'અવતાર'ની સંજ્ઞા આપી છે. ભગવાન રામ અને શ્રીકૃષ્ણે સમાજસુધારા માટે બંને ઉપાયોનો પ્રયોગ કર્યો. એમના પ્રભાવશાળી વ્યક્તિત્વને જોઈને અસભ્ય વનવાસીઓ પણ ધાર્મિક થઈ ગયા. આદિવાસીઓએ પોતે કહ્યું,-

सपनेहु धरम बुद्धि कस काऊ। यह रघुनन्दन दरस प्रभाऊ॥

મનુષ્યોની તો વાત જ શી? રામે તો વાનરો અને રીંછોનું પણ હૃદયપરિવર્તન કરાવ્યું ''**जड चेतन मग जीव घनेरे। जिन्ह चितए प्रभु चिन्ह प्रभु हेरे॥ ते सब भये परम पद जोगू॥**'' એ મહાપુરુષોની દૃષ્ટિ

જડચેતન જેની જેની પર પડી, એમનામાં પરમપદ પ્રાપ્ત કરાવનારી ક્રિયા જાગ્રત થઈ ગઈ. આ જ તો મહાપુરુષોની જવાબદારી છે, અહિંસા છે. વાસ્તવમાં હૃદયની આસુરી વૃત્તિઓની જગાએ દૈવી સંપદાના ગુણો સ્થાપિત કરવા, એક પરમાત્મા તરફ અગ્રેસર કરી દેવા, એ જ હૃદયપરિવર્તન છે અને એના માધ્યમથી આપણા પૂર્વ-મહાપુરુષોએ સમાજમાં એક નવી રીતિ આરંભ કરી કે પાપીને નષ્ટ કર્યા વગર પણ પાપનું ઉન્મૂલન કરી શકાય છે. આ હંમેશાં સ્મરણમાં રાખવા જેવું છે કે ભગવાનની આરાધનાથી જ પાપ નષ્ટ થાય છે. ''**अरिहुक अनभल कीन्ह न रामा**'' જે એમના પ્રત્યે શત્રુભાવ રાખતા હતા, એમના પણ વાસ્તવિક કલ્યાણ પર જ રામની દૃષ્ટિ રહેતી હતી. એથી ''**बैरिउ राम बड़ाई करहीं**'' વેરીઓ પણ એમની પ્રશંસા કરતા હતા.

યોગદર્શનકાર મહર્ષિ પતંજલિ સાધના પદના પાંત્રીસમા સૂત્રમાં અહિંસાની મહત્ત્વપૂર્ણ કસોટી દર્શાવે છે કે ''**अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैर त्यागः**'' જ્યારે અહિંસા સારી રીતે પ્રતિષ્ઠિત થઈ જાય છે ત્યારે એ યોગીના સંપર્કમાં બધાં પ્રાણી વેર ત્યજી દે છે. તે સહિષ્ણુ જ નહીં, જયિષ્ણુ પણ થઈ જાય છે. એ મહાપુરુષમાં બધાને સંભાળવાની ક્ષમતા અને બધાના કલ્યાણની અભિલાષા હોય છે.

આ અહિંસા ભગવાન રામમાં પૂર્ણ પ્રતિષ્ઠિત હતી. મનુષ્યો તો એમને આંખોમાં વસાવવા ઝંખતા હતા જ, એમના સાન્નિધ્યમાં ''**करि केहरि कपि कोल कुरंगा। विगत वैर विचरहि एव संगा॥**'' કે ''**खग-मृग सहज बयरु विसराई॥**'' વન્ય પશુઓ પણ પોતાનું જંગલીપણું ભૂલી જતાં હતાં. એટલું જ નહીં, ''**जन्हहिं निरखि भग सांपिनि बीछी। तजहिं विषम विष तामस तीछी॥**'' ઝેરીલી નાગણ પણ એમને જોઈને પોતાનું તીવ્ર ઝેર ત્યજી દેતી હતી.

એ જ અહિંસા રામના વારંવાર સમજાવ્યા છતાં અને સંદેશા મોકલ્યા છતાં જેમનું હૃદયપરિવર્તન ન થયું, એ બધાને રામે કાપી નાખ્યા, ''**रहा न कुल कोउ रोवनिहारा**''-અયોધ્યાવાસીઓને પણ તેઓ આત્મિક પથ

પર ચાલવા અને ભવસાગર પાર કરી લેવા પ્રેરિત કરે છે, આત્મપથથી વિમુખ લોકોને ચેતવણીઓ આપે છે,-''**काल रूप तिन्ह कहँ मैं भ्राता।**'' માટે અહિંસાનો એ અર્થ નથી કે કોઈને ન મારો કે દુઃખ ન પહોંચાડો. અહિંસાનો અર્થ છે શાશ્વત સ્વરૂપની ઉપલબ્ધિ અને એના સુધી પહોંચવા માટે નિર્ધારિત ક્રિયાનું આચરણ. આ અહિંસાના માર્ગમાં જે અવરોધો ઊભા કરે છે, તમે ચાલવા માગતા હો ને કોઈક ચાલવા નથી દેતું, તો એનો વિનાશ કરવો એ એક અંહિંસા છે અને વિનાશ પણ શું હોય છે? આત્મા એક વસ્ત્ર બદલશે અને પછી એ તમારા જ માર્ગે, જ્યાંથી સાધના છોડી હતી, ત્યાં આવશે. અહિંસક જેટલો કોમળ હોય છે, એથીય વધુ કદાચ કઠોર હોય છે,-

''कुलमह चाहि कठोर अति, कोमल कुसुमहु चाहि।
चित्त खगेस राम कर, समुझि परइ कहु काहि॥''

અહિંસા કાયરતા નથી, કાયરતા તો હિંસાથી પણ ખરાબ છે. કાયર બદલો લેવા ઈચ્છતો હોય, પણ મરવાથી ડરે છે. ઈચ્છે છે કે એ પોતાની રક્ષા બીજું કોઈક કરે, પણ અહિંસક લોકકલ્યાણની ભાવનાથી પ્રાણ અર્પવા માટેય તૈયાર રહે છે. વિશ્વની મહાનતમ વિભૂતિઓ માનવકલ્યાણ માટે પોતાનું બલિદાન આપવામાં પાછળ નથી રહી. અહિંસાનો વ્રતધારી ધર્મની રક્ષા અને પોતાના અસ્તિત્વની રક્ષા માટે માથું આપવા હંમેશાં તૈયાર રહે છે અને સ્વભાવજન્ય જડતાનો કોઈ પણ પ્રકારે અંત ન દેખાય તો માથું ઉતારીય લે છે.

પણ તમને ફરી યાદ કરાવીએ કે આત્મપથના વિરોધી વિજાતીય સમાજને તલવારને ઘાટ ઉતારવો એ જનસામાન્યનું કામ નથી. જનસામાન્ય માટે તો અહિંસા કે અહિંસાની પ્રતિષ્ઠા છે જ નહીં. એ તો સ્વરૂપ દ્વારા આદેશ મેળવનાર મહાપુરુષના ક્ષેત્રની વાત છે, જેમને વિશેષ અધિકાર હતો કે એ રીતે મુક્તિ ન મળે તો આ રીતે આપવામાં આવે. રાવણનું

તેજ રામમાં સમાઈ ગયું, કુંભકર્ણનું તેજ રામમાં સમાઈ ગયું. શ્રીકૃષ્ણે કંસ અને શિશુપાલને માર્યા તો એમનું તેજ કૃષ્ણમાં સમાઈ ગયું.

આ જ હજરત મુહમ્મદસાહેબે મુસલમાનોને શીખવ્યું કે જે એક પરમાત્મા અને એક ગુરુને ન માને એની કાં તો હત્યા કરો, કાં તો એને પોતાનામાં સમાવી દો. પણ તત્કાલીન સમાજના બહુ ઓછા લોકોએ એમના આશયને સમજવાનો પ્રયત્ન કર્યો. મોટા ભાગના લોકો કેવળ શબ્દ પર ગયા. મુહમ્મદસાહેબ પર તો આયતો (કુરાનના શબ્દો) ઊતરતી હતી. તેઓ ખુદાનો અવાજ સાંભળતા હતા. (આ એકદમ વ્યક્તિગત બાબત છે, પરમાત્માનો અવાજ જે સાંભળે છે એના ક્ષેત્રની વાત છે. બીજા કોઈ માટે એનો અર્થ નથી.) એમની હાજરી પણ તલવાર ઉઠાવવા માટે પૂરતી હતી, પણ પછી એમના અનુયાયીઓ પણ એ જ વિશેષાધિકારોનું અનુસરણ કરવા માંડ્યા. ધર્મપ્રચારની ઘેલછામાં તેઓ બધાને પોતાની રહેણીકરણીમાં ઢાળવા માંડ્યા, એ સમાજમાં કલહનું કારણ બન્યું. સમાજની રહેણીકરણી, ખાનપાન અને વેશભૂષા એ ધર્મ નથી. એનું પાલન ઈન્દ્રિયો અને મન અથવા અંતઃકરણની ક્રિયાઓથી થાય છે. ઉપાસના માનસિક હોય છે. તમારી બાજુમાં બેઠેલી વ્યક્તિ પણ જાણી ન શકે કે તમે ક્યારે ઉપાસના કરી રહ્યા હો છો.

આત્મિક શોધની વિધિના પ્રશ્ન પર સંસારના બધા મહાપુરુષ એકમત છે અને એ વિધિ પણ કેવળ એટલી જ છે કે (૧) સર્વત્ર વ્યાપ્ત એક પરમાત્મામાં શ્રદ્ધા, (૨) એ પરમાત્માના સૂચક બે-અઢી અક્ષરના કોઈ નામનો પ્રત્યેક શ્વાસમાં જપ (આ નામ કોઈ પણ ભાષાનું હોઈ શકે, શરત એટલી કે એનાથી પરમાત્માની સર્વવ્યાપકતાનો બોધ થાય) અને (૩) સાધના દ્વારા એ જ પરમાત્માની પ્રાપ્તિ કરનાર કોઈ સમકાલીન મહાપુરુષની સેવા, એમના પ્રત્યે સમર્પણ, એમને ગુરુ, સદ્‌ગુરુ કે પયગમ્બર કોઈ પણ નામ આપો,-આ વિધિ દ્વારા વર્તન કરીને પોતાના હૃદયની ભીતર નિવાસ કરનાર એ જ પરમાત્માને જાણી લેવા, એને

માટે પ્રયત્ન કરવા-બસ આટલું જ તો અહિંસા છે. પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન અહિંસા છે.

સંસારમાં પરમાત્માપ્રાપ્તિવાળા બધા મહાપુરુષોના ઉપદેશોનો સારાંશ બસ એટલો જ છે. અહિંસાનું સ્થળ એક છે, ધર્મની માન્યતા પણ એક છે, પણ પરિવર્તનશીલ વ્યવસ્થાના સંબંધોમાં એમના નિર્દેશોને પણ ધર્મ માની લેવાની ભૂલ એમના અનુયાયીઓ કરી બેસે છે. મહાપુરુષ દ્વારા મળતા નિયમ સમકાલીન હોય છે, સ્થાયી નહીં, સમાજવિશેષ માટે હોય છે, સાર્વભૌમ નહીં, જ્યારે ધર્મ તો સાર્વભૌમ છે. રહેણીકરણીના નિયમોને ધર્મમાંથી દૂર કરીએ તો ધર્મના નામે થતા ઝઘડાનાં કારણ સમાપ્ત થઈ જાય. મુશ્કેલી તો ત્યારે થાય છે જ્યારે મહાપુરવુષોના અનુયાયી, કોઈ એક સંપ્રદાયની ચાદર ઓઢી લેવાની ભૂલ કરી બેસે છે. ધર્મની સાથે સાથે પોતાની રહેણીકરણી, રીતરિવાજ, સામાજિક પરંપરાઓ, પોતાના તહેવારો, ખાનપાન, ભવનનિર્માણશૈલી, પહેરવેશ, ભાષા અને ટૂંકમાં પોતાની સભ્યતા બીજા પર લાદવાનો પ્રયત્ન કરવા માંડે છે. ઝઘડો એ વાતનો નથી કે એક પરમાત્માને માનો. ઝઘડો તો એ વાતનો છે કે એને કયા નામે ઓળખવા? રામ કહેવા કે અલ્લાહ કે ગૉડ?

કેવળ શબ્દોને પકડીને બેસી જવાથી ભૂલ થાય છે. આ જ ભૂલ ત્યાં પણ છે, જ્યારે આપણે કહીએ છીએ કે ઈશુને માન્યા વગર કોઈ સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ જ નથી કરી શકતું. ઈશુના સમયમાં આ જ વાત બરાબર હતી, કારણ કે સદ્‌ગુરુ જ પરમાત્માના ધામની ચાવી છે. એમના વગર કોઈ પરમાત્મા સુધી પહોંચી નથી શકતું. પણ આજે? આજે તમે એમની પાસેથી ફક્ત પ્રેરણા લો અને કોઈ મહાપુરુષને પ્રાપ્ત કરો. શ્રદ્ધા બધામાં રાખો, કોઈ પરમાત્મપ્રાપ્ત પુરુષનું અપમાન ન કરો, ભલે એ કોઈ પણ સમયમાં થઈ ગયા હોય, કારણ કે બધાએ એક જ ક્રિયા કરી છે, બધાએ એ જ પરમાત્માનું નિરંતન ચિંતન અને ધ્યાન કર્યું છે અને ઈન્દ્રિયોનો સંયમ રાખ્યો છે અને બધા એ જ પરમાત્માને

પામ્યા છે,કોઈને હિન્દુ ભગવાન, કોઈને મુસલમાન ભગવાન કે ઈસાઈ ભગવાન નથી મળ્યા.

જો પરમાત્મા પણ બે હોય તો બીજો રહે ક્યાં? જો બીજો હોય તો પણ એને માટે બીજી સૃષ્ટિ જોઈએ, કારણ કે આ સૃષ્ટિના કણકણમાં એ એક જ વ્યાપ્ત છે. જો એમાં બીજો પણ વ્યાપ્ત હોય તો એકતા, એક તત્ત્વ, એક જ થઈ ગયો, બે ક્યાંથી? બે ભગવાન કહેનાર નર્યા ભ્રમમાં છે.

આ વિશ્વમાં એક જ શાશ્વત ભગવાન રહેશે. એમને કોઈ ગૉડફાધર કહે છે તો બીજું કોઈ એને જ પરમપિતા પણ કહી શકે છે. તે યહોવા, અલ્લાહ, અહુરમજદા કે જે કોઈ હોય, તમારે માટે તમારા હૃદયમાં છે. તમને એનું જે કોઈ પણ નામ રુચે, કોઈ નાનકડું નામ, જે શ્વાસમાં ઢળી શકે, એ નામથી એને પુકારો. એ તો તમે અને તમારા હૃદયસ્થ પરમાત્માની એકદમ વ્યક્તિગત વાત છે. મુખ્ય બાબત છે કે તમે એ એક પરમાત્માને માનો છો કે નહીં. એની પ્રાપ્તિ માટે નિર્ધારિત આચરણ કરો છો કે નહીં. કોઈ આટલું કરતું હોય તો એની સાથે ઝઘડવાનો પ્રશ્ન જ નથી ઊઠતો. એનું ધર્મપરિવર્તન પણ કરી નથી શકાતું. કરીનેય કયો નવો ધર્મ તમે આપશો? માટે રહેણીકરણી અને પોતાના મહાપુરુષ પણ કોઈ પર લાદવાનો પ્રયત્ન ધર્મ નથી. તમારે માટે તમારો સમકાલીન મહાપુરુષ જ ઉપયોગી છે, કારણ કે તે તમારા હૃદયમાં યોગની જાગૃતિ કરી શકે છે. પ્રાચીન મહાપુરુષ નહીં. પ્રાચીનકાળના કોઈ મહાપુરુષ દ્વારા જો આ જાગૃતિ આવી જાય તો અન્ય મહાપુરુષોના આવિર્ભાવની પરંપરા શા માટે હોય? આ આત્મિકપથની આ જ તો વિશેષતા છે કે તે તમને હંમેશને માટે સ્વર્ગ કે નરકની વ્યવસ્થા સુધી જ ફસાવીને નથી છોડી દેતો, જેમાં તમને ન તો સુધરવાનો અવસર મળે છે ન ગુલામીમાંથી મુક્તિ, પછી એ કોઈ તથા કથિત પરમાત્માની જ કેમ ન હોય! જ્યાં સુધી તમે એ જ પરમાત્મા-તદ્રૂપ ન થઈ જાઓ, આ ગુલામીમાંથી,

આવાગમનમાંથી મુક્તિ અસંભવ છે. આ દર્શનની ક્રિયા તમને ગુલામ નહીં, માલિક બનાવી દે છે. નિયત કર્મનું આચરણ કરીને આ જ સ્થિતિ દરેક દેશ અને દરેક સમયની વ્યક્તિ માટે સંભવ છે, તો કોઈ પ્રાચીન મહાપુરુષને વળગી રહેવામાં ઔચિત્ય નથી.

એ મહાપુરુષો અમારા-તમારા સન્માનિત પૂર્વજ રહ્યા છે, એમની પાસેથી આપણે પ્રેરણા લઈએ અને સમકાલીન કોઈ મહાપુરુષની પ્રાપ્તિની આશા રાખીએ, ક્રિયા દ્વારા ચાલીને તમે પણ એવા જ બનો. તમે કેવળ એક પરમાત્મામાં શ્રદ્ધાવાન થઈને એના કોઈ નામને જપવા માટે થોડો સમય આપો. પુણ્ય-પુરુષાર્થ ઘનીભૂત થતાં જ તમારે માટે જ કોઈ સંત કે સદ્‌ગુરુ નિર્ધારિત થાય, એ પોતાની મેળે મળી જશે. જો પુણ્ય-પુરુષાર્થ એ સ્તરનાં હજી નથી, તો કોઈ મહાપુરુષ તમારી ઉપર ઠોકી બેસાડવામાં આવે, તો એથી તમને કોઈ લાભ નથી. એ ઠોકી બેસાડવાનો લાભ ભલે સિદ્ધ થાય, પણ જેની બિચારાની ઉપર ઠોકી બેસાડ્યો હોય તેને રૂઢિ સિવાય કાંઈ પણ નહીં મળે. માટે આ દુરાગ્રહનું પણ કોઈ ઔચિત્ય નથી કે કેવળ મારા મહાપુરુષને માનો.

આપણા પૂર્વ-મનીષીઓએ આ જ કર્યું. એમણે કેવળ નાસ્તિકતાને આસ્તિકતા સાથે બદલી કોઈની ઉપર રહેણીકરણી કે ખાનપાનના નિયમ ન લાદ્યા. ખાનપાન, પહેરવેશ, ભાષા વગેરે તમને જુદા પાડે છે, જ્યારે ધર્મ તમારી બધાની આત્મિક એકતાની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવે છે, એ તમને એક કરે છે. એ દેખાડે છે કે કયા બિંદુ પર તમે એક છો. અનેકતાઓની વચ્ચે લપાઈ રહેલી આત્મિક એકતાની દૃષ્ટિ આપે છે ધર્મ! કેટલો વિરોધાભાસ છે કે લોકો વહેંચાયેલા છે, લડે છે અને તે પણ ધર્મના નામે! મહાપુરુષોના નામે! સમૃદ્ધિ અને પોતાના અહંની તૃપ્તિ માટે લોકો લડ્યા જ કરે છે. તમે ભલે લડ્યા કરો, પણ ધર્મને નામે લડવાનું કોઈ સ્થાન નથી.

માનવમાત્રને માટે એક ધર્મનો સંદેશ લઈને આપણા પૂર્વજો ચીન-જાપાન, મિસ્ર આવી ગયા. અમેરિકામાં પણ અનેક પ્રાચીન સ્મૃતિચિહ્ન મળે છે. દક્ષિણ-પૂર્વ એશિયાને તો લોકો બૃહતર ભારત જ કહેવા માંડ્યા હતા. સમગ્ર વિશ્વે એમના ઉપદેશનો સન્માનપૂર્વક પ્રચાર કરીને એમના ધર્મવિજયમાં સાથ આપ્યો અને જે કોઈ વ્યક્તિએ ધર્મને નામે સમાજમાં ફાટફૂટ કરવાની કોશિશ કરી, એને એમણે ભયંકર ચેતવણી આપી, જે પ્રિયદર્શી સમ્રાટ અશોકના શિલાલેખોથી સ્પષ્ટ છે. અહિંસાવ્રતી એ સમ્રાટ પાસે સુસંગઠિત સેવા પણ હતી. એ અહિંસાનું ઉલ્લંઘન નહોતું, પણ અહિંસાની જ પ્રતિષ્ઠામાં બાધક અસામાજિક તત્ત્વોને માટે શિક્ષાનું વિધાન હતું.

આ જ અહિંસાના વ્રતધારી સમ્રાટ હર્ષવર્ધને, જેણે પોતાના રાજ્યમાં અશોકની જેમ જીવહિંસા બંધ કરાવી હતી, એ હર્ષવર્ધને આત્મિક પથમાં પેસી ગયેલી કુરીતિઓ દૂર કરવા માટે પ્રયાગમાં વિદ્વાનોનું સંમેલન યોજ્યું, જેમાં ગૌતમ બુદ્ધના અનુયાયી ચીની યાત્રી હ્યેનસાંગના વિચારોને પ્રાથમિકતા મળી. ઈર્ષાવશ કેટલાક વિદ્વાનોએ એને અપમાનિત કરવાની યોજના ઘડી. આ કાવતરાની ખબર પડતાં જ સમ્રાટે ઘોષિત કર્યું કે જો કોઈ એ વિદ્વાનને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કરશે તો એને મૃત્યુદંડ કરીશ. એક તરફ અહિંસાના પૂજારી અને બીજા હાથમાં તલવાર. વસ્તુતઃ આત્મિક પથ પર ચાલવું ને ચલાવવું એ જ અહિંસા છે અને તેમાં બાધક તત્ત્વોનું ઉન્મૂલન કરવું એ પણ અહિંસા જ છે.

સમગ્ર ભારતીય ઈતિહાસમાં અહિંસાની સ્થાપના માટે શસ્ત્રનો પ્રયોગ કેવળ બે મહાપુરુષોએ કર્યો,-ભગવાન રામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણે, તે પણ એ સમયે જ્યારે અન્ય કોઈ માર્ગ રહ્યો નહોતો. બાકીના મહાપુરુષોએ કેવળ હૃદયપરિવર્તનથી કામ લીધું. ભગવાન બુદ્ધે આ જ કર્યું. એક બ્રાહ્મણ સાતસો વાછરડાં, સાતસો બકરાં અને સાતસો ઘેટાં ભેગાં કરીને યજ્ઞમાં હવન કરવાની તૈયારીમાં જ હતા, ત્યાં ગૌતમ બુદ્ધ પહોંચી ગયા.

એમણે કહ્યું કે મૂંગાં પશુઓને મારવાથી ભગવાન કેમ ખુશ થઈ જાય? સૃષ્ટિ પર અનંત જીવ જન્મે અને મરે છે. એમને મારવાથી ભગવાનને શી તૃપ્તિ થશે? તું તો જીવોને મારતાં મારતાં જ મરી જઈશ. તને ચિંતનનો સમય ક્યારે મળે? ચિંતનની કઈ વિધિ તારી પાસે છે? આવો, જેનું નામ 'મોક્ષ' છે એ હું આપીશ. એને ન કેવળ વિધિ દેખાડી પણ પાછળ પાછળ રાખીને એ પથ પર ચલાવ્યો પણ ખરો. તેથી દુનિયામાં સથી વધુ વિરક્ત શિષ્ય અને મુક્ત મહાપુરુષ બનાવ્યા ભગવાન બુદ્ધે અને જ્યારે એમનો દેહ છૂટ્યો ત્યારે પાંચસો જીવનમુક્ત અર્હત્ (બૌદ્ધ ધર્મગુરુ) એમની પાસે બેઠેલા હતા.

ભગવાન બુદ્ધ ભિક્ષુઓ માટે ઉપદેશનો જુદો સમય રાખતા હતા અને ગૃહસ્થો માટે જુદો. બંનેને માટે નિયમ પણ જુદા જુદા હતા, કારણ કે એકને ગૃહસ્થીનો ભાર પણ વહેવાનો છે અને બીજાએ કેવળ ચિંતનમાં અનુરક્ત રહેવાનું છે. જો મહાત્માઓની વસ્તુને અન્તર્જગતમાં શોધીને બહાર શોધવા માંડો તો વ્યવસ્થામાં ગોટાળો થઈ જાય, જીવન બોજો બની જાય, જેમ કે અહિંસાની બાબતને પોતાની તરફ ખેંચીને તમે બોજો બનાવી દીધી.

જ્યારે કોઈ ભાવિક ભક્ત સાધનાક્રમમાં જોડાય છે, ત્યારે આરંભની અવસ્થામાં એને ભગવાન પોતાની થોડી થોડી અનુભૂતિ આપવા માંડે છે. જ્યારે સાધના એકદમ સૂક્ષ્મ થઈ જાય ત્યારે એક સ્તર એવો આવે છે કે જ્યાં પ્રકૃતિ દેખાતી હતી ત્યાં પરમાત્માનું સ્વરૂપ દેખાવા માંડે છે,-''**सरग नरक अपवरग समाना। जहँ तहँ देखे धरे धनु बाना।**'' ન સ્વર્ગ સ્વર્ગરૂપે રહ્યું, અને ન નરક નરકના રૂપે રહ્યું. જ્યાં જ્યાં દૃષ્ટિ પડી ત્યાં ત્યાં તે પોતાના જ આરાધ્ય દેવનું સ્વરૂપ ઊભેલું જુએ છે. વૃક્ષમાં, મૂળમાં, પાંદડામાં, ચેતનમાં જ્યાં જ્યાં દૃષ્ટિ પડી, આરાધ્ય દેવનું સ્વરૂપ જ દેખાવા માંડે છે. આવા મહાપુરુષોને કીડી મારતાંય દુઃખ થાય છે, વનસ્પતિ તોડતાંય દુઃખ થાય છે.

પૂજ્ય મહારાજજીની પણ આ જ અસ્થા આવી હતી. એક વાર અમે પૂછ્યું, 'તમારા દાંતમાં પાયોરિયા કેમ થઈ ગયો?' તેઓ બોલ્યા, 'હા!, બે વર્ષ સુધી અમે દાતણ જ નથી કર્યું.' અમે પૂછ્યું, 'ભગવાન! આનું કારણ?' બોલ્યા, 'હા, એ દિવસોમાં અમે નિર્વસ્ત્ર વિચરણ કરતા હતા, એક એવી અવસ્થા આવી કે જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં અમને આરાધ્ય દેવનું જ સ્વરૂપ દેખાવા માંડ્યું. જ્યારે દાતણ તોડવા માંડ્યું, ત્યારે એવું લાગ્યું કે જાણે કોઈ અમારાં રૂંવાડા ઉખડે તો અમને કષ્ટ થાય. એ જ રીતે વૃક્ષને પણ કષ્ટ થતું હશે. આત્મા અને વસ્તુઓમાં એકતા આવી ગઈ. તેથી અમે તેને તોડવાનું બંધ કરી દીધું. સૂકું પાંદડું મળે તો એને જ ઘસીને ફેંકી દેતા. તેથી દાંતમાં કીડા પડ્યા, પાયોરિયા થઈ ગયો.'

અમે પૂછ્યું, 'ભગવાન! આ કેવું દર્શન હતું?' બોલ્યા, 'હા, એ સમયે તો એ સાધનાનું એક અભિન્ન અંગ હતું. હવે જે સ્વરૂપમાં હું છું ત્યાંથી જોઉં છું તો એ બધું પણ એક અજ્ઞાન જ હતું.'

માટે સર્વત્ર ભગવાન છે-એમ માનીને રહેવાની જરૂર નથી. સાધના દ્વારા ચાલવાથી, એ અવસ્થા આવે ત્યારે એ કીડી મારવામાં, પાંદડું તોડવામાંય દુઃખ-પીડાનો અનુભવ થવા માંડે છે. એ અહિંસાનો એક સ્તર છે, શ્રેણિ છે, પણ આ અહિંસા સ્થળ-સાધના દ્વારા જ સુલભ થાય છે. આ અવસ્થાવાળો મહાપુરુષ કોઈનેય કષ્ટ નથી પહોંચાડી શકતો. માટે કર્મ, વચન અને મનથી પણ કોઈનેય પીડા ન પહોંચાડવી એ અહિંસા છે. સમાજમાં પ્રચલિત અહિંસા મહાપુરુષોના આ જ સ્તરની નકલ છે. વસ્તુતઃ અહિંસા ક્રમાનુસાર આવતાં ચિંતનપથનું (નામસ્મરણ, ધ્યાનમાર્ગનું) અંગ છે. આત્મિક પથ પર ચાલીને વિશ્વમાં કોઈ પણ અહિંસક થઈ શકે છે. તમે પણ.

॥ બોલો ગુરુદેવ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

પાપ અને પુણ્ય

જે જન્મ-મરણનું કારણ બને છે
તે પાપકર્મ છે અને જે એનાથી ઉગારીને
શાશ્વત પરમધામ અપાવે છે તે
પુણ્યકર્મ છે.

- સ્વામી શ્રી અડગડાનન્દ

મહાકુંભના અવસર પર ચંડીદ્વીપ (હરિદ્વાર)માં
દિ. ૨૦.૪.૧૯૮૬ની જનસભામાં
સ્વામી શ્રી અડગડાનન્દજીના
પ્રવચન

પાપ અને પુણ્ય

બન્ધુઓ!

પાપ શું છે એ પુણ્ય શું છે?-આ વિષયમાં સમાજમાં અનેક ભ્રાંતિઓ છે. કોઈ કહે છ કે જુઠ્ઠું બોલવું એ પાપ છે, તો કોઈ કહે છે કે ચોરી કરવ એ પાપ છે, હત્યા અને દરેક મૃત્યુ પાપ છે, દગો દેવો એ પાપ છે, ખેતરો કે મકાનને આગ લગાડવી એ પાપ છે. પાપ કરવું એ તો પાપ છે જ, પાપકર્મને સમર્થન આપવું કે એને જોવું એ પણ પાપ છે. પાપમુક્તિ પણ સરળ છે. માનવામાં આવે છે કે દાનથી, તીર્થોમાં સ્નાનથી કરવાથી, ત્યાં મુંડન કરાવવાથી પાપ કપાઈ જાય છે, કારણ કે પાપનો વાસ વાળમાં હોય છે. આ રીતે પાપ-પુણ્ય એક ભ્રમ બની ગયાં છે.

અહીં હજારો વર્ષોથી હિન્દુ-જનસમાજ પર છવાયેલી બહુચર્ચિત સ્મૃતિઓનું કહેવું છે કે કેટલીક જાતિઓ જન્મથી જ પાપી હોય છે, માટે અસ્પૃશ્ય છે. એમને વેદ વાંચવા કે સાંભળવામાત્રથી પાપ લાગે છે. એટલું જ નહીં, માછલી મારનાર માછીમાર, પશુપક્ષી પકડનાર ને મારનાર પારધી, તેલ કાઢનાર ઘાંચી જેટલું પાપ આખા વર્ષ દરમ્યાન કરે છે એટલું જ પાપ ખેડૂત હળથી ખેતર ખેડીને એક દિવસમાં કરે છે. આ પાપથી બચવા માટે એણે પાકનો એક ભાગ દાનમાં આપવો જોઈએ, નહીં તો બ્રહ્મહત્યાનું પાપ પણ લાગશે.

સ્મૃતિગ્રંથોમાં મનુષ્યોના પરસ્પર વ્યવહાર નક્કી કરાયા છે. નિર્દેશ છે કે આ સામાજિક વ્યવસ્થાઓને તોડવી એ પાપ છે અને એમને જાળવવી એ પુણ્ય છે-જ્યારે આ વ્યવસ્થાઓને તોડવી એ પાપ છે અને એમને જાળવવી એ પુણ્ય છે-જ્યારે આ વ્યવસ્થાઓ તો પરિવર્તનશીલ છે. એક સમય હતો કે જ્યારે દશ સંતાન પેદા કરનાર પુણ્યાત્મા મનાતો હતો, આજે એક કે બે પણ પૂરતાં છે સમય જતાં આટલાંને માટે પણ શિક્ષા થઈ શકે છે. એક સમયે ભ્રૂણહત્યા કરતાં મોટું પાપ હતું જ નહીં, આજે એ જ ક્ષમ્ય છે. કોઈક સમયે જૌહર કરવાથી સ્ત્રીઓ સીધી સ્વર્ગે જતી

હતી, આજે એ જ શિક્ષાપાત્ર અપરાધ છે. આ તો મનુષ્ય દ્વારા નિર્મિત વિધાન છે, સમસ્યાઓના ઉકેલ છે. એમના ઉલ્લંઘનનો દંડ મનુષ્ય કરી લે છે. એના નિર્ણય માટે મનુષ્ય જ સક્ષમ છે. માટે સમાજમાં કોઈક સમયે પ્રચલિત કાનૂન કે શિક્ષા-નિયમને પાપ અને પુણ્યની સીમાદર્શક રેખા ન બનાવી શકાય.

આ રીતે વિશ્વભરને માટે ધર્મ પણ એક જ છે, પણ ધર્મને નામે ઘણાબધા સંપ્રદાયો પ્રવર્તે છે. હિન્દુઓ ગાયનું રક્ષણ કરીને પુણ્ય મેળવે છે, તો મુસલમાન એને જ કાપીને યુવાની મેળવે છે. જૈન પોતાના મંદિરમાં તીર્થંકરના દર્શનને પુણ્ય માને છે, તો હિન્દુઓ માટે જૈનમંદિર કે બૌદ્ધ વિહારમાં જવું એ પણ ઘોર પાપ છે. ક્યારેક કહેવામાં આવ્યું ક રાજાનો વિરોધ કરવો એ પાપ છે, કારણ કે રાજામાં બધા દેવતાઓનું તેજ રહે છે, એ જ રાજાઓનું ઉન્મૂલન થઈ ગયું. દેવતાઓનું તે તેજ પાપ-પુણ્યની એ વ્યવસ્થાઓ અતીતમાં ચાલી ગઈ. લાકડાના હળમાં લોખડંનું પાનું લગાડીને ધરતી માતાનું પેટ ચીરવું એ પાપ હતું. આજે ટ્રેક્ટરની અણીઓથી હરિત ક્રાંતિનાં ગીત લખાય છે. ક્યાંક ઈંડું માંસાહાર છે, તો ક્યાંક એ જ શાકાહાર મનાય છે. કોઈક જમાનામાં એલોપથીની દવાઓ પીવી એ પાપ હતું, સાબુ લગાડવો એ પાપ હતુ, સમુદ્રયાત્રા કે વિદેશગમન પાપ હતું, આજે એમના વગર ચાલતું જ નથી. કદાચ કોઈ છોકરો પરદેશ ચાલ્યો જાય તો પરિવાર એને પોતાનું અહોભાગ્ય અને પરમ પુણ્ય માને છે, પુરોહિતો પણ સ્વસ્તિવાચન કરીને એને વિદાય આપતા જોવા મળે છે.

શિયાળામાં પચ્ચીસ ડિગ્રી ઉષ્ણતામાન ગરમી કહેવાય છે, અને ગરમીમાં એ જ ઉષ્ણતામાન એરકંડિશન કહેવાય છે, તો કોને ગરમી કહીએ ને કોને ઠંડી? બરાબર આ જ રીતે મનુષ્યની વ્યવસ્થામાં શું પાપ છે અને શું પુણ્ય? એની સીમા નક્કી નથી કરી શકાતી. પરિવર્તનશીલ સામાજિક, સાંપ્રદાયિક, રાજનીતિવિષયક, આર્થિક તથા આરોગ્યવિષયક નિર્દેશોનું સરળતાથી પાલન કરાવવાના લોભમાં આ વ્યવસ્થાઓની સાથે

પાપ અને પુણ્યનો વાસ્તવિક આશય પણ અસ્પષ્ટ થઈ ગયો છે. મોટા ભાગનો સમાજ આ પ્રશ્ન પર સંશયગ્રસ્ત છે, લોકો કલાકો સુધી ચર્ચા કરવા છતાં કોઈ એક ઉત્તર આપી શકતા નથી. તેથી વિચારવા જેવું છે કે પાપ શું અને પુણ્ય શું છે.

વેદ:

પાપ અને પુણ્યનું સંક્ષિપ્ત પણ સ્પષ્ટ વિવરણ સૌથી પહેલાં વૈદિક સાહિત્યમાં મળે છે. સામવેદની તલવકાર શાખામાં છાંદોગ્ય બ્રાહ્મણના પ્રથમ અધ્યાયમાં ઉલ્લેખ છે કે ઓમ પરમાત્માનો સૂચક છે. ઓમના યજ્ઞ દ્વારા દેવતાઓએ અસુરોને પરાજિત કરવાનું ઈચ્છ્યું એમણે વાણી, આંખ, કાન, નાક તથા મન દ્વારા આ ઉપાસના કરવાનું ધાર્યું તો અસુરોએ એ બધાંને રાગદ્વેષરૂપી પાપથી બાંધી દીધાં. ઈન્દ્રિયો રાગદ્વેષયુક્ત થઈ ગઈ, એટલે મનુષ્ય એમના દ્વારા સારાં અને ખરાબ બંને પ્રકારનાં કાર્ય કરે છે. ત્યારે દેવતાઓએ પ્રાણ દ્વારા ઓમકારની ઉપાસના કરી. અસુરોએ પ્રાણને પણ દૂષિત કરવા પ્રયાસ કર્યા, પણ પ્રાણની નજીક જતાં જ અસુરો છિન્નભિન્ન થઈ ગયા. દેવતાઓનો યજ્ઞ સફળ થયો. સ્પષ્ટ છે કે ઈન્દ્રિયો વાસનાથી બંધાય એ પાપ છે અને એનાથી મુક્ત થાય એ પુણ્ય છે.

ઉપનિષદ:

આ ઘટનાનો એવો જ ઉલ્લેખ બૃહદારણ્યક ઉપનિષદમાં પણ છે. એનો જ વિસ્તાર કરતાં ઋષિ કહે છે કે 'પ્રાણનો આશ્રય લેવાથી દેવતાઓ મૃત્યુથી પર થઈ ગયા. વાણી અગ્નિમાં બદલાઈ ગઈ, પ્રાણ વાયુ થઈ ગઈ, શ્રોત્ર દિશા બની ગયા, ચક્ષુ સૂર્ય થઈ ગયાં, અને મન જ્યારે મૃત્યુથી પાર ગયું ત્યારે તે ચન્દ્રમા બની ગયું.' તાત્પર્ય એ કે પ્રાણ-સંયમ દ્વારા અંતઃકરણ ઈશ્વરી ગુણધર્મોથી રંગાઈ ગયું. આસુરી પ્રવૃત્તિઓ શાંત થઈ ગઈ. તે હંમેશને માટે પાપમુક્ત થઈ ગઈ. માટે પ્રાણ-અપાનની ક્રિયા જાણવી જોઈએ કે એ શું છે? કેવી રીતે થાય છે? ક્યાં મળે છે? આ બાબત પર બધાએ ધ્યાન દેવું જોઈએ.

આ જ ઉપનિષદમાં આગળ કહે છે કે એ મહાન અજન્મા આત્મા હૃદયાકાશમાં શયન કરીને સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે. શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયાના કારણે જ પ્રાણ છે, બોલવાને કારણે વાક્ છે, જોવાને કારણે આંખ છે, સાંભળવાને કારણે શ્રોત્ર છે અને મનન કરવાને કારણે મન છે. આ એમનાં કર્માનુસારી નામ છે. તેથી જે એમનામાંથી એકએકની ઉપાસના કરે છે, સૂર્ય, ચન્દ્રમા અને દિશાઓની ઉપાસના કરે છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો આંખ, કાન કે નાકની ઉપાસના કરે છે, આત્માની ભિન્ન કોઈનીય ઉપાસના કરે છે તે એ નથી જાણતો કે તે એક એક દેવતાનો પશુ છે. જેમ પશુ મનુષ્યનું પાલન કરે છે એ જ રીતે એવો માણસ દેવતાઓનું પાલન કરે છે. એક પશુનુંય હરણ કરાય તે સારું નથી લાગતું, માટે દેવતાઓને ગમતું નથી કે મનુષ્ય આત્મતત્ત્વને જાણે. 'આત્માને ન જાણનાર મનુષ્ય જો આ લોકમાં મહાન પુણ્યકર્મ પણ કરે તોય અંતે એનું એ કર્મ ક્ષીણ થઈ જ જાય છે.

માટે આત્માની જ ઉપાસના કરવી. એ માટે એક જ વ્રતનું આચરણ, પ્રાણ-અપાનનું ચિંતન કરવું. આત્મભાવ પ્રાપ્ત થઈ જાય પછી એ પુરુષ પાપથી અસંબદ્ધ તથા પુણ્યથી પણ અસંબદ્ધ થઈ જાય છે, હૃદયના બધા શોકને પાર કરી જાય છે. ત્યારે પાપ એને તાપ નથી પહોંચાડતું પણ એ જ પાપોને સંતપ્ત કરે છે, તે પાપરહિત, નિષ્કામ, નિઃસંશય બ્રાહ્મણ થઈ જાય છે. અર્થાત્ એ પરાત્પર બ્રહ્મને અંતઃકરણથી જાણી લેવાથી મળતી સ્થિતિ તે 'બ્રાહ્મણ' છે. આ જ નિષ્કર્ષ મુંડકોપનિષદનો પણ છે. આ સ્થિતિ પ્રાપ્ત થાય છે કેવળ આત્માની ઉપાસનાથી અને ઉપાસનામાં પણ કરવાનું હોય છે કેવળ પ્રાણ-અપાન દ્વારા પરમાત્માનું ચિંતન. ઉપનિષદ અનુસાર પાપથી બચવાની અને પુણ્ય પ્રાપ્ત કરવાની આ જ એક રીત છે-પ્રાણ-અપાનનું ચિંતન, આ સિવાય સંસારમાં કાંઈ પણ પ્રાપ્ત કરવા માટે જે કાંઈ પણ કરવામાં આવે તે બધું નશ્વર છે.

इष्टापूर्त मन्यमाना वरिष्ठो नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढा।
नाकस्य पृष्ठे सुकृतेऽनुभूत्वेमं लोकं होनतरं वा विशन्ति॥ ૧/૨/૧૦॥

'ઈષ્ટાપૂર્ત'-ભિન્ન ભિન્ન દેવતાઓ માટે વેદી બનાવીને જે યજ્ઞ-યાગ વગેરે શ્રૌત કર્મ કરવામાં આવે છે એને ઈષ્ટ કર્મ તથા વાવકૂવા ખોદાવવા, બગીચા બનાવડાવવા વગેરે સ્મૃતિવિહિત કર્મોને પૂર્ત કહે છે. આ ઈષ્ટ અને પૂર્ત કર્મોને જ શ્રેષ્ઠ માનનારા અત્યંત મૂઢ લોકો એનાથી જુદા વાસ્તવિક શ્રેયને જાણતા નથી. આ પુણ્યકર્મોના ફલસ્વરૂપ તેઓ સ્વર્ગમાં ઉચ્ચતમ સ્થાનમાં ત્યાંના ભોગના અનુભવ કરીને આ મૃત્યુલોકની વિભિન્ન યોનિઓમાં પ્રવેશ કરે છે, પરંતુ ''**सः योह वै तत्परं ब्रह्म वेद, ब्रह्मैव भवति, तरति शोकम् तरति पाप्मानं, गुहा ग्रान्थिभ्यो विमुक्तोऽमृतो भवति**'', સાધનાની સાચી ક્રિયા દ્વારા જે કોઈ પણ એ પરમ બ્રહ્મને જાણી લે છે, એ બ્રહ્મ જ થઈ જાય છે. તે શોકથી પર થઈ જાય છે, પાપોથી તરી જાય છે અને હૃદયની ગાંઠથી પૂર્ણપણે છૂટીને અમર થઈ જાય છે.

આ યાદ રાખવાનું છે કે પુસ્તકોનું રટણ કરનાર વેદજ્ઞ નથી. વેદ કોઈ પુસ્તકનું નામ નથી, પરંતુ આ જ પ્રાણ-અપાનના ચિંતનની (ધ્યાનની) ક્રિયા અનુસાર ચાલીને અવિદિત પરમતત્ત્વ પરમાત્માને જાણી લેવાથી થતી અનુભૂતિનું નામ છે વેદ. એ અનુભૂતિનું નામ છે જ્ઞાન. તેથી ગૌતમ બુદ્ધ પોથીને પ્રમાણ નહોતા માનતા તો પણ પોતાને સાચા વેદજ્ઞ અને સાચા બ્રાહ્મણ કહેતા હતા.

પરમાત્માની અનુભવમૂલક ઋચાઓનું સંકલન વેદ છે. ભાષા અને વ્યાકરણના જોરે આ વેદનું રહસ્ય સમજી શકાતું નથી. વેદનું રહસ્ય સમજવા માટે પ્રાણ-અપાનનું ચિંતન (ધ્યાન) કરીને એ સ્તરે પહોંચવાનું હોય છે, જે સ્તરે પહોંચીને ઋષિઓએ પરમાત્માની વાણી સાંભળી હતી. ત્યાં પહોંચ્યા વગર, પ્રાણ-અપાની સાધના કર્યા વગર જો કોઈ વેદોના અર્થ કેવળ નિસર્ગ અને વ્યાકરણના જોર પર કરે તો એથી કેવળ ભ્રાંતિઓ ફેલાશે. આ જ કારણ છે કે વેદની એક જ ઋચાનો અર્થ

સાયણે જુદો, ધ્યાનં દે કંઈક બીજો તથા મેકડાનલ, કીથ, મેક્સમૂલર વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ ત્રીજો પ્રસ્તુત કર્યો છે. ખરેખર તો વેદજ્ઞ એ છે કે જેની અંદર વેદ ઊતરી રહ્યો હોય. માટે આ ઉપનિષદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શ્રોત્રિય એ જ છે કે જે બ્રહ્મનિષ્ઠ હોય, બ્રહ્મમાં જેને સ્થિતિ મળી ચૂકી હોય.

તો પાપથી બચવા માટે, એ બ્રહ્મને જાણવા માટે, પ્રાણ-અપાનની ક્રિયાની જાણકારી માટે શું કરવું? આ જ ઉપનિષદના ઋષિ કહે છે ''**तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्**''-એ પરબ્રહ્મને જાણવા માટે એ સદ્‌ગુરુને શરણે જવું. કેવા ગુરુ? ''**श्रोत्रिय ब्रह्मनिष्ठम्**''. જે વેદના રહસ્યને જાણનાર અને પરબ્રહ્મ પરમાત્મામાં સ્થિત હોય.

આ રીતે પાપ અને પુણ્યના પ્રશ્ન પર વેદ અને ઉપનિષદ બંને એકમત છે, કે રાગ અને દ્વેષ પાપનાં મૂળ છે. ઈન્દ્રિયો અને મન જ એમનાં નિવાસસ્થાન છે. આત્મા અને પરમાત્માને જાણી લેવાથી જ પાપથી છૂટકારો થાય છે. પ્રાણ અને અપાનનું ચિંતન જ પરમાત્માને જાણી લેવાનો ઉપાય છે. આ બધાનું માધ્યમ સદ્‌ગુરુ છે.

ગીતાઃ

આ જ નિર્ણય યોગેશ્વર શ્રીકૃષ્ણોક્ત ગીતાનો પણ છે-

(ક) **इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ।**
तयोर्न वशमागच्छेतौ ह्यस्य परिपन्थिनौ॥ ૩/૪ ॥

ઈન્દ્રિય અને ઈન્દ્રિયોના ભોગમાં રાગ અને દ્વેષ સ્થિત છે. આ બંનેના વશમાં ન થવું જોઈએ, કારણ કે આ જ બંને એ આત્મપથના લૂંટારા છે.

શ્રીકૃષ્ણના સમયમાં પણ ધર્મ-અધર્મ તથા પુણ્ય-પાપની બાબતમાં સમાજમાં અનેક રૂઢિઓ પ્રચલિત હતી. જેમાંની કેટલીકનો શિકાર અર્જુન પણ હતો. એણે પણ સાંભળ્યું હતું કે કુળનો નાશ કરવો એ પાપ છે, સ્ત્રીઓ પર સ્વૈરાચાર કરવો પાપ છે, વર્ણસંકર પાપ છે, પિંડોદક ક્રિયા

લુપ્ત થાય એ પાપ છે, મિત્રદ્રોહ પાપ છે, રાજ્ય અને સુખને માટે સ્વજનોને મારવાં એ મહાપાપ છે. પરંતુ આ બધી જ માન્યતાઓને યોગેશ્વરે ''**क्षुद्रं हृदय दौर्बल्यं**'' કહી. 'કશ્મલ' અર્થાત્ અજ્ઞાન ઠરાવી. કહ્યું કે ન તો સન્માનિત પુરુષોએ એનું ક્યારેય આચરણ કર્યું કે નથી એ સ્વર્ગ અપાવનાર અને નથી એ યશ વધારનાર. તેથી સિદ્ધ થયું કે સામાજિક વ્યવસ્થાઓનો પાપ-પુણ્ય સાથે કોઈ સંબંધ નથી. શ્રીકૃષ્ણ અનુસાર આ વ્યવસ્થાઓને પાપ-પુણ્ય માની લેવી એ અજ્ઞાન છે. એ બધુ અજ્ઞાન જ હતું તો પાપ છે શું?

(ખ) આ વિશે કહે છે (અધ્યાય-૨, શ્લોક ૩૩) કે અર્જુન! સુખદુઃખ, લાભહાનિ, જયપરાજયને સમાન માનીને તું યુદ્ધ કર. જો તું યુદ્ધ નહીં કરે તો પાપ લાગશે. અહીં યુદ્ધ ન કરવું એ પાપ છે. અધ્યાય-૩ શ્લોક ૩માં યુદ્ધની વિધિ પણ દર્શાવે છે.

मयि सर्वाणि कर्माणि सन्यस्याध्यात्म चेतसा।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वर॥

'અધ્યાત્મ ચેતસા'. અતરાત્મામાં ચિત્તનો નિરોધ કરીને અર્થાત્ ધ્યાનસ્થ થઈને, સમગ્ર કાર્યો મને અર્પણ કરીને આશા-મમતા અને સંતાપથી રહિત થઈને યુદ્ધ કર. અર્જુન! જે કોઈ પણ મનુષ્ય મારા આ મત અનુસાર વર્તે છે તે સમસ્ત કર્મોથી છૂટી જાય છે અને જે દોષદૃષ્ટિવાળાઓ મારા આ મત અનુસાર વર્તતા નથી, અર્થાત્ આ પ્રકારનું યુદ્ધ કરતા નથી એ અચેત ચિત્તવાળાઓને તું સમગ્ર જ્ઞાનથી ભ્રષ્ટ થયેલા જાણ. એમનાં કર્મબંધન છૂટતાં નથી. કર્મોનાં બંધનોથી છૂટવાનો ઉપાય યુદ્ધ છે.

વાસ્તવમાં તો આ અંતઃકરણની એક લડાઈ છે. જેનુ ચિત્ત બધી તરફથી સંકેલાઈને ધ્યાનમાં સ્થિર હોય, ઈન્દ્રિયો સંકેલાઈ ગઈ હોય, એકાતંનું સેવન કરતો હોય, પાસે કોઈ પણ ન હોય, તો કોણ લડશે ને કોની સાથ લડશે? તમે સમગ્ર ચિત્તને બધી તરફથી સંકેલીને ઈશ્વરસાધનામાં લાગી જશો, ધ્યાનમાં પ્રવેશ કરવા ઈચ્છશો તો કામ-

ક્રોધ, રાગ-દ્વેષ, આશા-તૃષ્ણા વગેરે વિજાતીય પ્રવૃત્તિઓ બાધારૂપે ઊભી રહે છે. આ પ્રવૃત્તિઓનો પાર પામીને ધ્યાનસ્થ થતા જવુ એ જ વાસ્તવિક યુદ્ધ છે. આ યુદ્ધ કેવળ અર્જુનનું જ નથી. કૃષ્ણ કહે છે કે બધાએ આ જ મત અનુસાર વર્તવું જોઈએ.

(ગ) આ અંગે અર્જુને પ્રશ્ન કર્યો, ભગવન! જો પાપથી બચવાનો આ જ અક ઉપાય હોય તો લોકો કરતા કેમ નથી? મનુષ્ય ઈચ્છતો ન હોય તો પણ બળજબરીથી લાદ્યું હોય એમ કોની પ્રેરણાથી પાપનું આચરણ કરે છે? તે તમારા મત પ્રમાણે આ યુદ્ધમાં પ્રવૃત્ત કેમ નથી થતા? આ વિશે યોગેશ્વરે આ જ અધ્યાયમાં કહ્યું છે-

काम एष क्रोध एष रजोगुण समुद्भवः।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम्॥३/३७॥

અર્જુન! રજોગુણથી ઉત્પન્ન થયેલા આ કામ-ક્રોધ-અગ્નિ સમાન ભોગોથી ક્યારેય તૃપ્ત ન થનાર મહાન પાપી છે અર્થાત્ કામ અને ક્રોધ જ પાપનાં મૂળ છે, જન્મદાતા છે. કામ એટલે કામના.

ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ એનાં નિવાસસ્થાન કહેવાયાં છે, માટે અર્જુન! તું પહેલાં ઈન્દ્રિયોને સંયમિત કરીને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ કામરૂપી પાપીને જ માર. અર્થાત્ કામ પાપી છે અને ઈન્દ્રિયોને સંયમિત કરીને એને મારવાનું વિધાન છે.

(ઘ) અધ્યાય બીજામાં કહ્યું છે કે ઈન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરનાર પુરુષોના વિષય તો નિવૃત્ત થઈ જાય છે, કારણ કે તેઓ વિષયોને ગ્રહણ જ નથી કરતા, પણ વિષયોમાં આસક્તિ રહી જાય છે; પરમાત્માના સાક્ષાત્કાર સાથે તે પણ નિવૃત્ત થઈ જાય છે, માટે પરમાત્માના સાક્ષાત્કાર પહેલાં પાપનું મૂળ રાગ સમૂળ નાશ નથી પામતો.

(ઙ) યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં આ જ તથ્યને વારંવાર દોહરાવ્યું છે. અધ્યાય-૩, શ્લોક ૧૩માં કહે છે કે યજ્ઞમાં શેષ રહેલું અન્ન ખાનાર

સંતજન સમગ્ર પાપમાંથી છૂટી જાય છે. યોગેશ્વર અનુસાર યજ્ઞ ચિંતનની એક નિર્ધારિત પ્રક્રિયા છે, જેમાં મનમાં સ્થિત થનાર જગતના સંસ્કાર જ હવનસામગ્રી છે. મનમાં જ રાગદ્વેષ પણ છે. મનના સંસ્કાર સ્વાહા થતાંની સાથે જ યજ્ઞનું પરિણામ આવે છે-''**यज्ञशिष्टामृत भुजो यान्ति ब्रह्मसनातनम्**'' યજ્ઞની પૂર્ણતાના સમયે યજ્ઞ જેની સંરચના કરે છે એ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી શાશ્વત સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામે છે. યજ્ઞથી શેષ પરમાત્મા જ રહે છે; પ્રકૃતિ ખોવાઈ જાય છે, પુરુષ જ શેષ રહે છે. એ બ્રહ્મ જ અન્ન છે. એ બ્રહ્મને પ્રાપ્ત કરનાર સંતજન સમસ્ત પાપોથી છૂટી જાય છે અને જે ચિંતન તો કરે છે, પણ બદલામાં શરીરને માટે કામના કરે છે એ પાપી છે, એમ કૃષ્ણ કહે છે. અર્થાત્ શરીરોના વારંવાર જન્મનું કારણ છે પાપ અને જે બ્રહ્મને પ્રાપ્ત કરાવે છે એ જ પુણ્યકર્મ છે.

(ચ) અધ્યાય-૧૦, શ્લોક ૩માં કહે છે કે જે મને જન્મ-મૃત્યુરહિત આદિ-અન્તરહિત, બધા લોકોના મહાન ઈશ્વરના સાક્ષાત્કાર સાથે જાણી લે છે, એ જ જ્ઞાની છે અને એ બધાં પાપથી મુક્ત થઈ જાય છે. તેથી ઈશ્વરના સાક્ષાત્કાર સાથે મળતી જાણકારીનું નામ જ્ઞાન છે અને સાક્ષાત્કારની સાથે જ પાપોથી પૂર્ણ મુક્તિ મળે છે, તે પહેલાં નહીં.

(છ) અધ્યાય-૭ શ્લોક ૨૭-૨૮માં કહે છે કે અર્જુન! રાગ અને દ્વેષથી સંસારનાં સમસ્ત પ્રાણી ખૂબ અજ્ઞાનને પ્રાપ્ત થઈ રહ્યાં છે, પણ 'પુણ્યકર્મ' કરનારા જે પુરુષોનાં પાપ નષ્ટ થઈ ગયાં છે, તેઓ રાગદ્વેષ વગેરે દ્વંદ્વોથી મુક્ત થઈ વ્રતમાં દૃઢ રહીને મારી ઉપાસના કરે છે. જેઓ મારે શરણે આવીને જરા-મરણથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, તેઓ એ બ્રહ્મને જાણે છે, સમસ્ત કર્મોસહિત મને જાણે છે અને મને જાણીને તે જ ક્ષણે મારામાં હંમેશને માટે સ્થિત થઈ જાય છે, અર્થાત્ પુણ્યકર્મ એ છે જે જરા-મરણથી છૂટકારો અપાવે છે. 'પુણ્યકર્મ' એ છે જે શાશ્વતની જાણકારી અને એનામાં સ્થિતિ અપાવે છે. આ પુણ્યકર્મના આચરણ માટે શ્રીકૃષ્ણનું શરણ લેશો અને બ્રહ્મને જાણશો, હંમેશના માટે શ્રીકૃષ્ણમાં

સ્થિત થશો. તાત્પર્ય એ છે કે આ પુણ્યકર્મનું માધ્યમ સદ્‌ગુરુ છે. બરાબર એ જ વાત જે ઉપનિષદના ઋષિઓ કહે છે.

(જ) આ જ 'પુણ્યકર્મ'ને યોગેશ્વર ગીતા-શાસ્ત્રમાં ઘણી જગાએ 'વિહિતકર્મ', 'યજ્ઞાર્થકર્મ', 'કાર્યમ્ કર્મ', 'નિયતકર્મ' અથવા 'નિષ્કામકર્મ' કહીને સંબોધિત કર્યું છે. તેની અંતર્ગત ત્રણ વાતો આવે છે-(૧) એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા, (૨) એ જ પરમાત્માના નામનો જપ અને (૨) સમકાલીન તત્ત્વદર્શી મહાત્માની સેવા અને એમના પ્રત્યે સમર્પણ, જેને માટે એ પ્રોત્સાહિત કરે છે કે ''**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया**'' (ગીતા, અધ્યાય-૪). તત્ત્વદર્શી મહાપુરુષને શરણે જઈને નિષ્કપટ ભાવે સેવા અને પ્રશ્નો કરીને તું એ જ્ઞાન પ્રાપ્ત કર, જેની પ્રાપ્તિથી બધાં પાપ સમૂળાં નાશ પામે છે.

(ઝ) આના પરથી જ ફરીથી ભાર દે છે (અધ્યાય-૮) કે 'ૐ' આ અક્ષય બ્રહ્મનો સૂચક છે, અનો જપ કર અને મારું ધ્યાન કર. (અધ્યાય-૧૮માં કહે છે કે), બધાં ધમોની ચિંતા છોડી દઈને તું એક મારા સ્મરણમાં આવી જા. હું તને બધાં પાપમાંથી મુક્ત કરી દઈશ. પહેલાં કહ્યું, હૃદયસ્થ ઈશ્વરને શરણે જવાથી પાપ નષ્ટ થાય છે એ અહીં કહે છે, મારે શરણે આવ, હું પણ તને બધાં પાપથી મુક્ત કરી દઈશ. અર્થાત્ શ્રીકૃષ્ણ અક યોગી હતા, પરમાત્મભાવમાં સ્થિર યોગેશ્વર હતા, સદ્‌ગુરુ હતા. અર્જુને કહ્યું પણ હતું કે ''**शिष्यस्तेऽहं भगवन्**!'' હું તમારો શિષ્ય છું.

ટૂંકમાં કહીએ તો યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ પાપ અને પુણ્યના નિર્ણયમાં તમને વેદ ઉપનિષદના એ જ ધરાતલ પર મૂકી દે છે કે રાગદ્વેષ અથવા કામક્રોધ જ પાપનું મૂળ છે. ઈન્દ્રિયો અને મન જ એમનું નિવાસસ્થાન છે. પાપથી મુક્ત થવાનો એક જ રસ્તો છે-પરમાત્માને જાણી લેવો. વેદ અને ઉપનિષદ જેને પ્રાણ-અપાનનું ચિંતન કહે છે, યોગેશ્વર એને જ 'યજ્ઞાર્થ કર્મ' કહે છે અને એના દ્વારા જ પરમાત્માની પ્રાપ્તિ કહે છે. એમના દ્વારા નિયત-યજ્ઞમાં પણ પ્રાણ-અપાન વડે નામ-જપ જ મુખ્ય

ક્રિયા છે, સાથે જ યોગેશ્વર દૈવી સંપદાની પ્રાપ્તિ અને ઈન્દ્રિયસંયમ પર ભાર મૂકે છે તથા સદ્‌ગુરુની શરણાગતિ અને ધ્યાન પર પણ, જેમની પુષ્ટિ ઉપનિષદોમાં અનેક જગાએ છે. કઠોપનિષદ દ્વિતીય વલ્લીમાં છે કે દુશ્ચરિત્રથી વિરક્ત નથી થયો, જેની ઈન્દ્રિયો સંયમિત નથી અને જેનું મન ચંચળ છે એને પરમાત્માની પ્રાપ્તિ થઈ શકતી નથી. પાપથી મુક્તિનું અને 'પુણ્યકર્મ' દ્વારા આત્માનુભૂતિની ક્રિયાનું એક જ જગ્યાએ જેટલું ક્રમબદ્ધ, સ્પષ્ટ, બોધગમ્ય અને પૂર્ણ વિવરણ ગીતાશાસ્ત્રમાં છે એટલું અન્ય કોઈ ધર્મગ્રંથમાં નથી. એટલે ગીતા વિશ્વભરમાં માનવમાત્રનું એકમેવ વિશુદ્ધ શાસ્ત્ર છે. એટલું જ નહીં, પણ પાપ અને પુણ્યના વિશ્લેષણમાં તો યોગેશ્વર શ્રીકૃષ્ણ ઉપનિષદો કરતાં પણ વધારે ઊંડા ઊતરીને કહે છે કે પાપનું મૂળ રાગ અથવા કામનું પણ મૂળ આસક્તિ છે અને આસક્તિનું એ મૂળ વિષયોનું ચિંતન છે. તેથી વિષયોનું ચિંતન જ ન કરવું, પણ મનને નિરંતર એક પરમાત્માના નામમાં, સદ્‌ગુરુના ધ્યાનમાં લીન રાખવું. તેમ કરવાથી તમને સમજાશે કે પાપનાં મૂળ આ વિચારો દ્વારા જીતી લેવા શક્ય નથી. એ જ્યારે પણ નષ્ટ થશે, ત્યારે તે પરમાત્માના ચિંતનથી જ નષ્ટ થશે. લોકો કરતા જ નથી, નહીં તો નિરંતર ચિંતન દ્વારા આ વિકારોના નિવાસસ્થાન મનને પણ નષ્ટ કરી શકે. એટલું સહેલું છે કે આનાથી સહેલું બીજું કાંઈ છે જ નહીં.

પાપનું મૂળ કામ છે માટે બધી કામનાઓ ત્યાજ્ય છે, કેવળ એકને બાદ કરતાં (ગતા, અધ્યાય-૭), કે ''**धर्माविरुद्धौ भूतेषु कामोऽस्मि भरतर्षभ**'' ધર્મ સાથે જે અવિરોધ રાખે છે, જે એને અનુકૂળ છે, જે પરમધર્મ પરમાત્માને અનુકૂળ છે, એવું કામ, એવી કામના હું છું. મારી પ્રાપ્તિની કામના કરવી જોઈએ. આ જ એક કામના એવી છે કે જે ઉચિત જ નહીં, આવશ્યક પણ છે. ''**मामिच्छाप्तुं धनंजय**'' મારી પ્રાપ્તિની ઈચ્છા કર (ગીતા, અધ્યાય-૧૨). એ માટે ''**मत्कर्मपरमो भव**'' મારી પ્રાપ્તિને માટે નિયત કર્મ કર, કારણ કે આ જ એક એવું કર્મ છે, જે બીજાં બધાં કમોનાં બંધનોને કાપી નાખે છે અને પોતે પણ બળી જાય છે અને આ રીતે જન્મ-મરણના ક્રમ પર પૂર્ણવિરામ મૂકે છે.

બધી પરિસ્થિતિઓમાં શાશ્વત એકમાત્ર પરમાત્માની પ્રાપ્તિ માટે નિયત કર્મનું આચરણ જ પુણ્ય છે અને આત્મિક ક્રિયામાં અવરોધ ઉત્પન્ન કરવો એ પાપ છે. સમગ્ર ગીતામાં આ સિવાય પાપ-પુણ્યની બીજી કોઈ માન્યતાને સમર્થન નથી મળતું. માટે પરમાત્મામાં શ્રદ્ધા અને એની પ્રાપ્તિ માટે નિર્ધારિત યજ્ઞ, જેમ શ્રીકૃષ્ણે કહ્યું, એમાંથી જેટલું તમારાથી પાર પડે, જેટલો સમય તમે આપી શકો, એટલું ચિંતન કરો. આ અભ્યાસને ક્રમશઃ વધારવો, જેમકે નિર્દેશ દેતાં (અધ્યાય-૬, શ્લોક ૩૫માં) કહ્યું છે કે પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી અર્થાત્ પરમાત્માના મિલન માટે યત્નશીલ વ્યક્તિ બધાં પાપોથી સારી રીતે શુદ્ધ થઈને પરમગતિ પામે છે.

રામચરિતમાનસમાં પાપ અને પુણ્યઃ

પાપ અને પુણ્યની બાબતમાં બરાબર આ જ નિર્ણય ગોસ્વામી તુલસીદાસજીના રામચરિતમાનસનો પણ છે. પાપના મૂળ રાગ કે કામને સાંખ્ય-શાસ્ત્રમાં મોહ કહ્યો છે. ગોસ્વામીજી પણ કહે છે, ''**करहिं मोह वश नर अघ नाना**''-મોહને વશીભૂત થઈને લોકો ન કરવા જવાં પાપ પણ કરે છે. ''**क्रोध पाप कर मूल**।'' ક્રોધ પાપનું મૂળ છે; જેમ ગીતામાં કહ્યું છે,-

काम एष क्रोध एष रजोगुण समुद्भव।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम्॥

કામ અને ક્રોધ જ પાપનાં મૂળ છે. એ રહે છે ક્યાં? તો,-

तात तीन अति प्रबल खल, काम क्रोध अरू लोभ।
मुनि विज्ञान धाम मन, करहिं महँ छोभ॥

આ વિજ્ઞાનધામ મુનિઓનાં મનને પણ પળભરમાં ક્ષોભ પમાડે છે. ઠીક. એ મનમાં રહે છે અને યોગેશ્વર શ્રીકૃષ્ણનું કહેવું છે કે એમનું નિવાસસ્થાન મન અને ઈન્દ્રિયો છે. તેઓ દૂર કેમ થાય?-તો

रामहि सुमिरिय गाइय रामहि। संतत सुनिय रामगुन ग्रामहि॥

સદૈવ એક રામનું ચિંતન કરવું જોઈએ.

રામચરિતમાનસ અનુસાર પાપનું નિવારણ ભગવાનની સન્મુખ હોવાથી થાય છે-''**सन्मुख होइ जीव मोहिं जबहीं। जनम कोटि अघ नासहिं तबहिं॥**'' એકમાત્ર રામ પ્રત્યે, પરમતત્ત્વ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધાવાન થઈ જઈએ, લગનીવાળા પણ થઈ જઈએ, તો બસ કરોડો જન્મોનાં પાપનું શમન થશે. તમે ગમે તે કરો, ''**पापिउ जाकर नाम सुमिरहीं। अति अपार भवसागर तरहीं॥**'' પાપી પણ કેમ ન હોય, એ પરમાત્માના સૂચક નામનું ચિંતન કરે તો ભવસાગરનો પાર પામી જાય. ''**शरण गये मो से अघराशी। होहि शुद्ध नमानि अविनाशी॥**'' કોઈ પાપનો ઢગલો જ કેમ ન હોય, ભગવાનનો આશ્રય લેતાં જ શુદ્ધ થઈ જાય છે.

મધ્યકાલીન ભારતમાં એ વિચાર ઘર કરી ગયો હતો કે કેટલીક જાતિઓ જન્મથી જ પાપી હોય છે, જેવી કે આભીર, યમન, કિરાત, ખસ, શ્વપચ, નિષાદ, તેલી, કુંભાર, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રીઓ. પણ પ્રાચીન આર્યગ્રંથોમાં નથી એનું સમર્થન કે નથી મહાપુરુષોએ એવી કોઈ રૂઢિને માન્યતા આપી. એમની છાયામાત્રથી સવર્ણ ભલે સ્નાન કરતા રહ્યા હોય, પણ મહાપુરુષોએ એમને સમાન દૃષ્ટિથી જ જોયા. બધા પવિત્ર હતા. પાપથી છૂટવાનો જે ઉપાય સવર્ણોને માટે હતો, તથાકથિત અસ્પૃશ્યો માટે પણ એ જ છે.

श्वपच शवर खस जनम जड, पामर कोल किरात।
नाम लेत पावन परम, होत भुवन विख्यात॥

નામ લેતાં જ જે પરમપવિત્ર છે. સંસારભરમાં જો કોઈ નિર્મળ વ્યક્તિ હોય તો તે એ છે. સંસારભર માટે એક જ પાપ અને એક જ પુણ્ય છે, જેને પ્રાપ્ત કરવા માટે બધા સમાન અધિકારી છે.

''**जासु नाम पावक अघ तूला**''-એમનું નામ પાપરૂપી રૂ માટે અગ્નિ છે. ''**गिरिजा जासु नाम जपि, नर काटहिं भव पाश।**''-કાળની ફાંસી કપાઈ જાય છે, પણ ચાર શ્રેણિઓમાં પસાર થયા પછી જ એ

સ્થિતિ પામવાનું વિધાન છે-

राम भगत जग चारि प्रकारा। सुकृति चारिउ अनघ उदारा॥

ગોસ્વામીજીની દૃષ્ટિએ પુણ્ય કરનાર આ જ ચારે છે, ચારે નિષ્પાપ છે, પણ આ સુકૃતિનો આધાર શો છે? ભગવાનનું નામ!

चहूँ चतुर कहँ नाम अधारा। ज्ञानी प्रभुहिं विशेष पियारा॥

પણ જ્ઞાની પાપ અને પુણ્ય બંનેથી લગભગ પર છે, માટે વિશેષ પ્રિય છે.

આ જ ચારેય સોપાનોને ગોસ્વામીજી ક્યાંક ચાર પ્રકારના ભક્ત તો ક્યાંક ચાર પ્રકારના ભવ (ભવસિંધુ, ભવસરિતા, ભવકૂપ અને ગોપદ) કહીને સંબોધ્યા છે. ચિંતન કરીને જ ભગવાનને પામવાનું વિધાન છે, પણ પોતાની ક્ષમતા અનુસાર લોકો ક્રમશઃ આ ચારે સોપાનો પર ચાલતા નથી, ઉચ્ચ ક્ષમતાવાળાની નકલ કરવા માંડે છે. જીવાત્મા પોતાનું શુદ્ધ વર્ણ પરમાત્મા તરફ આગળ વધવાનું અટકી જાય છે. વ્યક્તિ પ્રકતિમાં મિશ્રિત થવા માંડે છે. આમ કરનાર પાપને પ્રાપ્ત થાય છે અને આ જ વર્ણસંકરનું રૂપ છે.-

भये बरन संकर कलि, भिन्न सेतु सब लोग।
करहिं पाप पावहिं दुःख, भय रूज शोक वियोग॥

માટે ક્ષમતા પ્રમાણે ચિંતન કરવું જોઈએ.

યુગ પણ સાધનાનાં ચાર સોપાન છે, જેમાં કળિયુગ આરંભિક સોપાન છે. કળિયુગની વ્યક્તિને ગોસ્વામીજી એક મહત્ત્વપૂર્ણ આશ્વાસન પણ આપે છે-

कलि कर एक पुनीत प्रतापा। मानस पुन्य हेहि नहिं पापा ॥

કળિ ભગવત્-પથનું આરંભિક સોપાન છે. અચેત આત્મા જાગૃત થતાં જ એ આત્મપથનું પહેલું ચરણ છે. તામસી ગણોના બાહુલ્યને

કારણે એવા સાધક-સંત સદ્‌ગુરુની સેવા તથા ભગવાનનાં ગુણગાનથી જ કળિનો પાર પામીને દ્વાપરમાં પ્રવેશ પામે છે. હજુ અ મનને સમજવાની ક્ષમતા નથી ધરાવતો. તેથી મનમા કેટલાયે વિચાર આવે. જો શરીરથી ભૂલ ન થાય, વિકારોને કાર્યરૂપ ન અપાય તો પાપ નથી લાગતું, પણ મનથીયે જો તે સત્પથનો સંકલ્પ કરી લે તો એનું પુણ્ય થશે, કારણ કે એ જ પથમાં તે ચાલતો હતો. પણ જ્યારે આ જ સાધક ત્રીજી કે ચોથી શ્રેણિએ પહોંચી જશે ત્યારે સંકલ્પ-માત્રથી પાપ લાગવા માંડશે અને એનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે.

પુણ્યના એકમાત્ર ઉદ્‌ગમની ઘોષણા ભગવાન રામ અયોધ્યાની જનસભામાં કરે છે,-''**पुण्य एक जग महँ नहिं दजा। मन क्रम वचन विप्र पद पूजा।**'' સંસારમાં આ જ એકમાત્ર પુણ્ય છે, બીજું કોઈ પુણ્ય છે જ નહીં. કયું? એ જ કે મન, વચન, કર્મથી વિપ્રનાં ચરણોની પૂજા કરો. જેમ કે ઉપનિષદ દર્શાવે છે કે બ્રાહ્મણ એક સ્થિતિ છે, જે બ્રહ્મપરાયણ છે, એનાથી સભર છે એ જ વિપ્ર છે, એને જ સંત કહે છે. એમનાં ચરણોનો આશ્રય લેવો એ જ પુણ્ય છે. ગોસ્વામીજી સંકેત પણ કરે છે,-''**बंदउ प्रथम महीसुर चरना**''. એમનું લક્ષણ શું છે? કહે છે,-''**मोह जनित संशय सब हरना**''-તેઓ મોહથી ઉત્પન્ન થતા બધા સંશયો દૂર કરે છે અને આ જ લક્ષણ સંતનું પણ છે. સંત મળવાથી સંશય અને ભ્રમ બંને નષ્ટ થાય છે. આ જ છે એ દ્વિજ જે દ્વૈત પર વિજય મેળવીને પરમાત્મામાં એક થઈ ગયા છે. એમનો જ આશ્રય લેવો પુણ્ય છે, એ જ પૂજનીય છે.

આદિ શંકરાચાર્ય કહે છે કે,-''**को पूजनीयः शिवतत्त्वनिष्ठः**'' પૂજનીય કોણ છે? શિવતત્ત્વમાં સ્થિત મહાપુરુષ હોય એ જ પૂજનીય છે. એની જ પુષ્ટિ સંત તુલસીદાસજી પણ કરે છે. 'માનસ'નું મંગલાચરણ જુઓ,-''**वन्दे बोधमयं नित्यं गुरुम् शंकर रूपिणम्।**'' એ જ્ઞાનસ્વરૂપ, નિત્યસ્વરૂપ, શિવસ્વરૂપ ગુરુદેવને હું વંદન કરું છું. જેમનો આશ્રય લેવાથી વાંકો ચન્દ્રમા પણ સર્વત્ર વંદનીય થઈ જાય છે. ''**मन ससि चित्त**

महान।'' મન જ ચન્દ્રમા છે. તે વાંકા સ્વભાવનું છે, પણ સદ્‌ગુરુનો આશ્રય લેવાથી એ જ વંદનીય સ્થિતિ પ્રાપ્ત કરી લે છે.

ઉપર્યુક્ત પ્રકરણમાં તેમ જ અન્યત્ર પણ ભગવાન રામ કહે છે કે વિપ્રની પૂજાથી કેવળ પુણ્ય જ નથી મળતું, પણ બધાં દેવદેવીઓ સાથે હું પણ વશમાં થઈ જાઉં છું. ''**मन क्रम वचन, कपट तजि, जो कर भूसर देवा मोहि समेत विरंचि शिव, वश ताके सब देव। शंकर भजन बिना नर, भगति पावइ मोरि।**'' ભક્તિ મારી મળશે, પણ સેવા શંકરની, શિવસ્વરૂપ ગુરુદેવની! ''**मोते अधिक संत कर लेखा।**''-મારા કરતાં વધારે સંતની સેવા. ''**मोते अधिक गुरुहिं जिय जानी। सकल भाँति सेवइ सनमानी।**''. શ્રદ્ધા પરમાત્મામાં પણ પૂજા સદ્‌ગુરુની. લક્ષ્ય પરમાત્મા પણ માધ્યમ સદ્‌ગુરુ. ''**हरि तोषन व्रत द्विज सेवकाई।**'' તુષ્ટ હરિને કરવા છે, પણ સેવા દ્વિજની. ધ્યાન ગુરુપદના નખનું, પણ સૂઝશે રામચરિત! આ જ તો રીત છે.

'માનસ' લખવાની સાથે સાથે ગોસ્વામીજીએ કેટલાક માનસ રોગોનું પણ વર્ણન કર્યું છે, જેમ કે, ''**मोह सकल व्याधिन्ह कर मूला। तन्ह ते पुनि उपजहि बहु शूला॥**'' બધા વ્યાધિઓનું મૂળ મોહ છે, જેનાથી ઘણીબધી પીડાની સૃષ્ટિ બને છે. કામ વાત છે, કફ લોહી છે, ક્રોધ પિત્ત છે, જે છાતીને બાળે છે. અહંકાર ગાંઠનો રોગ છે. આ રીતે કેટલાક રોગોનું આલેખન કરતાં કરતાં અંતે નિષ્કર્ષ કાઢ્યો છે કે એ અપાર છે. ''**जाने ते छीजहिं कुछ पापी।**'' જાણી લેવાથી આ પાપીઓ કંઈક ક્ષીણ થઈ જાય છે અર્થાત્ એ જ પાપીઓ છે. કામ-ક્રોધ-લોભ-મોહ આ જ પાપના ઉદ્‌ગુરુ છે.

એ સારી રીતે ક્યારે નષ્ટ થશે? એ વિશે કહે છે (ઉત્તરકાંડ, દોહો-૨)-

रघुपति भगति संजीवनी मूरी। अनुपान श्रद्धा मति पूरी॥
सद्‌गुरु वेद वचन विश्वासा। संयम यह न विषय कै आशा॥
एहि विधि भलेहिं सो रोग नसाहीं।
नाहिंत कोटि जतन नहि जाहीं॥

ભગવાન રામની ભક્તિ જ સંજીવની જડી છે. એમનામાં શ્રદ્ધા જ અનુપાન છે. અર્થાત્ એક પરમાત્મામાં શ્રદ્ધા. સદ્‌ગુરુ જ વૈદ છે. એમનામાં અતૂટ વિશ્વાસ. એમના જ નિર્દેશાનુસાર ચાલવાનું છે. ત્રીજી વાત છે વિષયોથી વિરક્તિ. આ પ્રકારના પાપના ઉદ્‌ગમ. આ રોગો ભલે નષ્ટ થઈ જાય, નહીં તો કરોડો ઉપાયોથી પણ નષ્ટ નહીં થાય. તો પાપને નષ્ટ કરવાનો તમે શો ઉપાય કરો છો?

ઈન્દ્રિયસંયમ જ હરિમાં શ્રદ્ધા અને હરની પૂજાનો આરંભ છે. ''**हरिहर निन्दासुनइ जे काना।**'' હરિ અને હરની નિન્દા એ જ સાંભળશે જેની ઈન્દ્રિયો સંયમિત નથી. તો પછી તો એની ઈન્દ્રિયોનાં બધાં બારણાં ખુલ્લાં છે. નિંદા કરવી અને સાંભળવી એ જ એને માટે રહે છે, જે ભયાનક પાપ છે.

સંત અથવા સદ્‌ગુરુનાં દર્શન એ જેટલું મોટું પુણ્ય છે, અસંતનાં દર્શન અને એનું સાન્નિધ્ય. ભલેને એ ગમે તે વેશમાં હોય, પાપનું કારણ બની જાય છે. જેમ પ્રતાપભાનુની સાથે બન્યુ. 'માનસ'ની ઘટના છે કે પ્રતાપભાનું નામના એક ચક્રવર્તી રાજા હતા. એમનાથી હારેલો એક રાજા મુનિનો વેશ લઈને ઘોર જંગલમાં તક મળવાની રાહ જોવા માંડ્યો. એક વાર શિકારનો પીછો કરતાં કરતાં રાજા પ્રતાપભાનુ રસ્તો ભૂલીને એ જ જંગલમાં આવી પહોંચ્યા, પણ તપસ્વી વેશધારી એ રાજાને ઓળખી ન શક્યા. એની વાણીથી પ્રભાવિત રાજાએ પોતાને માટે એકછત્ર અકંટક રાજ્ય અને સેંકડો કલ્પો સુધી એનું સુખ ભગોવવા માટે જરા-મરણ-દુઃખરહિત શરીરની કામના કરી, જ્યારે આ બધું જ એ રાજાને એ વખતે મળેલું હતું.

મુનિ વેશધારી રાજાએ આ કામનાની પૂર્તિનો એવો ઉપાય દેખાડ્યો કે પ્રતાપભાનુને રાજ્ય અને વૈભવથીય હાથ ધોઈ નાખવા પડ્યા. એના વંશનો સમૂળગો નાશ થયો અને ''**भये सकल अघरूप**''. બધાં જ પાપરૂપ થઈ ગયાં, જ્યારે જીવનભર એમણે પુણ્યને માટે જ પ્રયત્ન કર્યા હતા, પણ કયાં કાર્યો દ્વારા? એમણે ગુરુ-દેવતા-સંત-પિતૃ અને બ્રાહ્મણોની સેવા કરી હતી, રાજધર્મનું પાલન કર્યું હતું, દાન આપ્યું હતું, વેદશાસ્ત્રો અને પુરાણ સાંભળતા હતા, કૂવા, તળાવ, બ્રાહ્મણો માટે ભવન તથા પ્રત્યેક તીર્થમાં દેવતાઓ માટે મંદિર બનાવ્યાં હતાં. વેદ-પુરાણોમાં આપેલો દરેક યજ્ઞ હજાર વાર કર્યો હતો. આ બધાના ફળની કામનાય નહોતી કરી, તો પણ ''**भये सकल अघरूप?**'' એકેય પુણ્યે સાથ ન આપ્યો. ગોસ્વામીજી આ કથાનક દ્વારા કહેવા શું માગે છે?

વાસ્તવમાં જેમ હમણાં તમે ઉપનિષદોનો નિર્ણય સાંભળ્યો. ગોસ્વામીજી પણ એ જ કહી રહ્યા છે કે આત્મદર્શનની નિર્ધારિત ક્રિયારહિત પ્રત્યેક કર્મનું પુણ્ય સામાજિક છે, પરમ કલ્યાણ માટે નથી, એ પુણ્ય અતિ અલ્પ છે. પ્રતાપભાનુની કામના પરમાત્મા માટે હોત તો સંસારની આ બધી કામનાઓ તૃપ્ત હોત. આ જ ભૌતિક ઈચ્છાઓ માટે વ્યાકુળ થઈને જ તો લોકો ભગવાનને શરણે જાય છે એ એમને મળે પણ છે. ધ્રૂવને અચળ સ્થિતિ મળી, વિભીષણને કલ્પભરનું રાજ્ય મળ્યું, કાગભૂશંડી કાલજયી થઈ ગયા. જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ અને દુઃખોથી મુક્તિ માટે જ પૂર્વજોએ પરમાત્માની કામના કરી અને પ્રતાપભાનુની પણ આ જ કામના હતી.

કામના પાપનું મૂળ છે. કૃષ્ણ કહે છે તેમ કેવળ એકને બાદ કરતાં પરમાત્માની કામના અને એને માટે નિર્ધારિત ક્રિયા કરવી જોઈએ, જેને પામ્યા પછી કાંઈ જ શેષ નથી રહેતું. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા,-''**इच्छा राखे मोक्ष की ताहि शिष्य पहचान।**'' જેનામાં મોક્ષની ઈચ્છા જ નથી એ કેવો શિષ્ય? આ રીતે જ શિષ્યને મોક્ષના રસ્તે લઈ ન જાય, એના હૃદયના રથી થઈને એને બોધ ન દે એ કેવો સદ્‌ગુરુ?

સદ્‌ગુરુનો આશ્રય મહાન પુણ્યોનું ફળ અને અક્ષય પુણ્યનો સ્રોત છે; પણ જ્યાં સુધી આવા સદ્‌ગુરુ ન મળી જાય, ત્યાં સુધી તમે સંતોમાં શ્રદ્ધા રાખો, સેવા કરો, એમની પાસે પરમ કલ્યાણની જ કામના કરો. એક પરમાત્મામાં નિષ્ઠા રાખો, એમનું નામ જપો. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપો, સ્નેહ આપો. આ બધાનું પુણ્ય ઘનીભૂત થઈને તમને કલ્યાણના પ્રેરક એ સંતોની કે સદ્‌ગુરુઓની ઓળખ સુધી પોતે જ પહોંચાડી દેશે. શાસ્ત્રમાં એ વાત પર ભાર મૂક્યો છે કે ''**पुण्य पुंज बिन मिलहिं न सन्ता।**''

''**सन्त दरस जिमि पातक टरई**''-સંતોનાં દર્શનથી પાતક ટળી જાય છે અને ભગવાનની સન્મુખ થઈ જવાથી નષ્ટ થઈ જાય છે, પણ બીજી એક વિશિષ્ટ ધારણા પણ જાણવા મળે છે કે તીર્થોના સેવનથી પણ પાપની હાનિ અને પુણ્યની વૃદ્ધિ થાય છે અને કદાચ તીર્થોમાં કોઈ પાપ જ કરી બેસે તો એ પાપ અનંતગણું વધી જાય છે-''**जिमि तीरथ कर पापा।**'' માટે એક નવું પ્રશ્નબિંદુ આવે છે કે તીર્થ શું છે? એ વિશે પણ વિચાર કરી લેવો એ અપ્રાસંગિક નહીં ઠરે. મહાપુરુષોની વાણી,-

साधनां दर्शनम् पुण्यम् तीर्थभूता हि साधवः।
काले पलन्ति तर्थीनि, सद्यः साधु समागमः॥

સંતોનાં દર્શન જ પુણ્ય છે. ભૂતકાળનાં સંત-સ્થળો જ આજનાં તીર્થ છે. તીર્થ તો કાલાન્તરમાં ફળ દેનાર થાય છે, પણ સાધુદર્શન તો તત્કાલ ફળ દેનાર હોય છે. ભારતીય જનમાનસમાં જ નહીં, પણ વિશ્વભરમાં તીર્થસ્થાનોને પાપનાશક અને પુણ્યદાયક માનવાની પરંપરા છે. વાસ્તવમાં તો સંતોનાં તપસ્થાનો જ તીર્થ છે. સંસારમાં જેટલાં તીર્થ છે, એ કોઈ પણ ધર્મનાં હોય, વિશ્વના કોઈ પણ ખૂણામાં હોય, એ બધાં જ સંતોનાં ક્રીડાસ્થાન સિવાય બીજું કાંઈ જ નથી. ક્યાંક એમનો જન્મ છે તો ક્યાંક સાધના, ક્યાંક શિષ્યોને ઉપદેશ છે તો ક્યાંક મહાપ્રયાણ. હા, એ વાત જુદી છે કે સમયનું અંતર પડી જવાને કારણે આપણે એ

સથાનોને અને એમની સાથે સંબંધિત મહાપુરુષોને પણ એક ચમત્કારિક વાઘો પહેરાવી દઈએ છીએ.

તીર્થોના મૂળમાં સંત જ છે. મહાપુરુષો એ સત્યોને કેવી રીતે પામ્યા? બસ આ જ માર્ગદર્શન, પ્રેરણા અને સામૂહિક ઉપદેશ-કેન્દ્રરૂપે જ એ સ્થાનોનો ઉપયોગ છે. ત્યાંનું વાયુમંડળ શુદ્ધ છે, એમણે મનન કર્યું હોય એ જગા છે. ધ્યાનની ભાવનાથી ત્યાં જવાથી સહજપણે જ ભગવાનમાં મન લાગી જાય છે. એ મહાપુરુષોને આપણે નમન કરીએ છીએ. એમની પાસેથી શાશ્વત સત્ય પામવાની અને સમૃદ્ધિની કામના કરીએ છીએ. દેખાદેખથી દાન-પુણ્ય પણ થાય છે અને જેઓ સાધના દ્વારા પરમાત્મામાં ખોવાઈ ગયા છે અથવા એ પથના પથિક છે એવા ક્રિયાવાન પુરુષ દાનના અધિકારી પણ છે. પંડા-પૂજારીઓને લીધે કંઈક ગંદકી જરૂર થાય છે, પણ સમય પોતે જ એને ધોઈ નાખે છે. સાથે જ તીર્થોની પવિત્રતા જાળવી રાખવી એ બધાની જવાબદારી છે અને એ પરિપ્રેક્ષ્યમાં બધાની દૃષ્ટિ સતર્ક રહેવી જોઈએ.

સમાજના લગભગ સો ટકા લોકોને માટે તીર્થનો ઉપયોગ છે. આ સ્થાનો પર આવતાંજતાં જેને આત્મિકપથનો બોધ થઈ જાય, જે આ પથ પર ચાલવા માંડે, મનની ભીતર જ ચિત્તવૃત્તિઓને પ્રવાહિત કરવાની ક્ષમતા આવી જાય, તો એને મનમાં સમેટીને આત્મદર્શન તરફ ચાલવાનું છે. ભગવાન શિવ પાર્વતીજીને કહે છે,-

इदं तीर्थं इदं तीर्थम्, भ्रमन्ति तामसा जनाः।
आत्मतीर्थं न जानन्ति, कुतः मोक्षः श्रृणु प्रिये॥

આ તીર્થ છે! આ તીર્થ છે! એમ કહેતાં કહેતાં તામસી લોકો ભટકતા રહે છે. તેઓ પોતાની ભીતરના આત્મતીર્થને નથી જાણતા. એવા લોકો માટે મોક્ષ ક્યાં? વસ્તુતઃ ધ્યાનરત સાધક માટે તીર્થોનું વિધાન નથી, પણ વધુ ને વધુ સમય ધ્યાનમાં આપવાનું વિધાન છે. અવિરત ચિંતન, ધ્યાનનું વિધાન છે. પરંતુ આવા લોકો હજારમાં એક હોય

છે-''**नर सहस्त्र महँ सुनहु पुरारी। कोई एक होई धर्म व्रत धारी॥**'' બાકીના નવ્વાણું પૂર્ણાંક નવ દશાંશ લોકો માટે તીર્થનું પૂરેપુરું મહત્ત્વ છે. મંદિર જ આરંભની પ્રેરણાનું સ્થાન છે.

तीर्थाटन साधन समुदाऊ। योग विराग ज्ञान निपुनाई॥
जहँ लगि साधन वेद बखानी। सबकर फस हरि भगति भवानी॥

તીર્થાટન વગેરે બધી સાધનાનું એકમાત્ર ફળ છે-ભગવાનની ભક્તિ. માટે જ્યાં જવાથી શ્રદ્ધા બધી તરફથી સંકેલાઈને સર્વત્ર વ્યાપ્ત એક પરમાત્મામાં સ્થિર ન થઈ જાય, જ્યાં આત્મદર્શનની વિધિ ન દેખાડાય, લોકો પોતે પણ ક્રિયા અનુસાર ચાલીને પોતાને પણ આત્મપથ પર ચાલવાનું આહ્વાન ન કરતા હોય, જ્યાં જવાથી વિષયો પ્રત્યે વૈરાગ્ય અને ઈન્દ્રિયસંયમની પ્રેરણા ને પ્રોત્સાહન ન મળે એ તીર્થ નથી, એ મંદિર નથી, જ્યાં જવાથી તમને નુકસાન થાય, કલ્યાણ કદીયે ન થાય.

જે પોતે પવિત્ર થઈ ગયા હોય અને તમને પવિત્ર રાખવાની ક્ષમતા ધરાવતા હોય, એ તીર્થ છે, માટે જૈન સમાજમાં મહાપુરુષોને તીર્થંકર કહેવાય છે અને ચિંતન (ધ્યાન-નામસ્મરણ)ના પવિત્ર પથમાં જે કોઈ પણ આવે એ તીર્થનો નિવાસી છે. પૂજ્ય મહારાજજી આને જ લક્ષ્ય કરીને કહેતા હતા કે ઘરમાં રહીને આરાધના કરો. જો ભૂલ કરશો તો ભગવાન ક્ષમા કરી દેશે, પણ ઘર છોડ્યા પછી, ચિંતનના આ પથમાં જો થોડી પણ ભૂલ થાય, તો ભગવાન ક્યારેય ક્ષમા નહીં કરે, એનો ઈલાજ કરશે. ''**जिमि तीरथ कर पाप**'' એ તીરથનું પાપ છે.

પ્રશ્નોત્તરીમાં આદિ શંકરાચાર્ય કહે છે,-**तीर्थं परं किं?** સર્વશ્રેષ્ઠ તીર્થ કોણ છે? '**स्वमनो विशुद्धः**'-વિશેષરૂપે શુદ્ધ કરેલું પોતાનું મન જ સર્વોપરિ તીર્થ છે. જે મહાપુરુષોનાં અંતઃકરણમાં લોકોને પવિત્ર કરવાની ક્ષમતા આવી જાય, એમનાં બહારનાં નિવાસસ્થાનો પર પણ એમની આ ક્ષમતાનો પ્રભાવ પડે. તેથી તીર્થોનાં બે સ્વરૂપ છે. રામચરિતમાનસમાં પણ પ્રયાગ, ચિત્રકૂટ, કાશી, કૈલાસ, અવધ વગેરે જે તીર્થો અને ગંગા,

યમુના, ગોદાવરી, સરયૂ અને મંદાકિની વગેરે જે પવિત્ર નદીઓનાં વર્ણન છે એ બધાં બાહ્ય સ્થાનોની સાથે સાથે માનસિક તીર્થ પણ છે અને જે વિશેષતાઓનું વર્ણન 'માનસ'માં છે. એ આ નામના કોઈ સ્થાનમાં બહાર શોધવાથીય નહીં મળે.

ઉદાહરણ તરીકે પ્રયાગ જોઈએ. જે મહાપુરુષોના અંતઃકરણમાં પ્રયાગની સ્થિતિ આવી ગઈ હોય એમને બહારનું નિવાસસ્થાન પણ પ્રયાગ બની ગયું. ભગવાન પોતે કહે છે, ''**तीरथपति पुनि देखु प्रयागा। निरखत जनम कोटि अघ भागा।**'' ચોર્યાસી લાખ જન્મોમાં જ નહીં, કરોડો જન્મોનાં પાપ પ્રયાગ જોવાથી ભાગી જાય છે, પણ જોનારના શોક-સંતાપ તો રહે જ છે. પાપનાં પરિણામ, ભયનો ભાવ, શોક, વિયોગ, જન્મ-મરણ તો વળગેલાં જ છે, તો કેમ માની લઈએ કે પાપ દૂર થઈ ગયા? કહે છે પ્રયાગમાં ''**चारि पदारथ भरा भंडारू।**'' પણ આ જન્મમાં મળતા દેખાતા તો નથી.

બીજા એક પ્રયાગનું પણ 'માનસ'માં પણ વર્ણન છે-

मुद मंगलमय सन्त समाजू। जो जग जंगम तीरथराजू॥

સંત-સમાજ હાલતુંચાલતું પ્રયાગ છે. એ પ્રયાગ પ્રેમનું છે, ભક્તિનું છે, મંગલનું છે. આ પ્રયાગમાં ભગવાનના ચરણકમળમાં પ્રીતિનો આવિર્ભાવ થાય છે. જેનાથી ''**लहहिं चारि फल अछन तन, साधु समाज प्रयाग।**'' ચારેય ફળ મર્યા પછી નહીં, પણ આ શરીર હોય ત્યારે જ પ્રાપ્ત થઈ જાય છે. બે પ્રયાગ દર્શાવીને ગોસ્વામાજી શું કહેવા માગે છે? એ જ કે માનસ-તીર્થ પણ છે અને લોકોમાં પ્રચલિત પ્રયાગ કરતાં સંત-સમાગમથી થતા પ્રયાગ પ્રત્યક્ષ ફલદાયી અને શ્રેષ્ઠ છે. માટે આ માનસ-તીર્થને પણ પોતાનામાં શોધો, આ તીર્થને પોતાનામાં ઢાળવાનો પ્રયત્ન કરો. ભગવાન પોતે અનંત કોટિ તીર્થો કરતાં ચડિયાતા પવિત્ર- ''**तीरथ अमित कोटि सम पावन। नाम अखिल अघ पूरी नसावन॥**''

આ તરફના તીર્થોથી પવિત્રતા આવે છે, ત્યાં નામથી પાપનિવારણ થાય છે. નામ પણ પવિત્ર કરે છે,-''**काहि नाम बारक तेपि पावन होहिं राम नमामि ते।**'' ભગવાનના ''**पावनम् पावनानाम्।**'' નામમાં તીર્થના સર્જનની ક્ષમતા છે.

આ પ્રકારની માનસિક નદી છે 'માનસ'ની. મંદાકિની લખે છે,-

''**सुरसरि धार नाउँ मन्दाकिनी। जो सब पातक पोतक डाकिनि॥**'' આ મંદાકિની ગંગાજીની ધારા છે. લાગે છે કે આ ગોસ્વામાજીને ભૂગોળનુંય જ્ઞાન નથી. આમ જ તો તેઓ સરયૂને માટે પણ લખે છે,-''**नदी पुनीत सुमानस नन्दिनी। मानस मूल मिली सुरसरही॥**'' પવિત્ર સરયૂ માનસરોવરમાંથી નીકળી છે અને ગંગામાં મળી જાય છે. ગોસ્વામીજી શુ એટલુંય નહોતા જાણતા કે મંદાકિની ગંગામાંથી નીકળતી નથી અને સરયૂ માનસરોવરમાંથી નીકળતી નથી. એ જ રીતે ન તો મંદાકિની ગંગાને મળે છે અને ન સરયૂ. પણ વાસ્તવમાં આમ છે. ગોસ્વામીજીના 'માનસ'માં રામભકિત જ સુરસરિની ધારા છે અને રામકથા મંદાકિની છે. કથા ભક્તિનું જ એક અંગ છે. આરંભિક સ્તર છે મંદગતિ. ચાલનારની અવસ્થાનું પ્રતીક છે મંદાકિની. માટે પાપને જ નહીં, ''**पातक पोतक**'' પાપનાં સંતાનોને પણ ખાઈ જવા સક્ષમ છે. કંઈક આવું જ સરયૂનું સ્વરૂપ અને અન્ય તીર્થોનું પણ!

બાહ્ય તીર્થ માનસિક તીર્થોની યોગ્યતા અર્પે છે. એકાએક કોઈ માનસિક પવિત્રતા પામી નથી શકતું. આનું જ પ્રતિપાદન સંત કબીર કરે છે,-

तीरथ गये एक फल, सन्त मिले फल चारि।
सद्गुरू मिले अनन्त फल, कहै कबीर विचारि॥

''**तीरथ गये एक फल,**''-તીર્થોમાં જવાનું એક ફળ એ જ છે કે

પુણ્યપુરુષાર્થ વધે છે, જે તમને જાગૃત સંતનો મેળાપ કરાવે છે, ''**संत मिले फल चारि**''-સંતો મળતાં જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેયનો સ્રોત ખૂલી જાય છે. આ જ સંતોમાં સદ્‌ગુરુ છે. ક્યાંક સદ્‌ગુરુ મળી જાય તો ''**अनन्त फल**'',-જે અનંત છે, અસીમ છે, શાશ્વત અને એક છે, તે પરમતત્ત્વ પરમાત્મા સુલભ થઈ જાય છે.

સાંસારિક વ્યવસ્થાઓ માટે સામાજિક નિયમો સાથે પાપ અને પુણ્યની જે માન્યતાઓ જોડાઈ ગઈ છે, એને ગોસ્વામીજી જગતની અંતર્ગત અને વિધાતાનો પ્રપંચ માને છે,-''**विधि प्रपंच गुन अवगुन साना**'' પ્રપંચ શું છે? ''**दुःख-सुख पाप-पुण्य दिन-राती।**'' પાપ અને પુણ્ય પ્રપંચ છે. સંસારમાં આ નિયમોના પાલનને પુણ્ય માનવાની પરંપરા છે, પરંતુ આત્મદર્શનની ક્રિયારહિત હોવાથી ઉપનિષદોના જ સ્વરમાં ગોસ્વામીજી એમને પ્રપંચ કહે છે અને કદાચ એ આત્મદર્શનમાં બાધક થાય તો ગોસ્વામીજી એ બધાંના બળી જવાની કામના કરે છે,-''**सो सुख धरम करम जरि जाऊ। जहँ न राम पद पंकज भाऊ॥**'' સામાજિક મર્યાદાઓ પોતાને સ્થાને છે, એમની અનિવાર્યતા પણ છે, પરંતુ આત્મદર્શનના પથ પર આ મર્યાદાઓનો પાપ-પુણ્ય સાથે સંબંધ નથી રહેતો. ભગવાન કહે છે,-''**गुरु पितु मातु बन्धु पति देवा। सब मोहि कहँ जामें दृढ सेवा॥**'' તે મારી જ સેવા કરે. બીજા કોઈનીય પ્રત્યે એનું કર્તવ્ય બાકી નથી રહેતું. ''**पाप-पुण्य की करे न आशा। सो पहुंचे रघुनायक पासा॥**''

એક તરફ તેઓ કહે છે,-''**नाहिं असत्य सम पातक पुंजा**''-અસત્ય જેવું કોઈ પાપ નથી, પણ એ જ 'માનસ'માં કહે છે,-''**समुझि न परइ झूठ का साँचा?**'' એક દૃષ્ટિએ જોઈએ તો જે વસ્તુ સત્ય લાગે છે એ બીજી દૃષ્ટિએ પ્રતીત થાય છે કે આથી મોટું અસત્ય તો બીજું કાંઈ હોઈ જ ન શકે. તમે કહો છો કે આ વસ્ત્ર મારું છે, આ નામ છે. પોતાની સમજ પ્રમાણે તો તમે સાચું જ બોલો છો, પણ જ્યારે શરીર જ તમારું નથી,

તો વસ્ત્ર તમારું ક્યાંથી થઈ ગયું? ગર્ભમાં તમે જ હતા, શું ત્યારે પણ તમારું આ જ નામ હતું? આ જ પછી પણ રહેશે? ક્યાં સુધી? જે તમારું હોય એની પર તો તમારો અધિકાર હોવો જોઈએ, તો તમારાં સ્વજનો અકાળે જ કેમ ચાલ્યા જાય છે? માટે, જ્યારે ગોસ્વામીજી કહે છે,-''**नहिं असत्य सम पातक पुंजा**'' તો એમનો અભિપ્રાય શો છે? વાસ્તવમાં પરમાત્મા જ એકમાત્ર સત્ય છે,-''**व्यापक एक ब्रह्म अविनाशी। सत चेतन घन आनन्द राशि**'' એ જ સત્ય છે, પરમ ચેતન, અસીમ અને અનંત આનંદની રાશિ છે. બીજું કોઈ સત્ય છે જ નહીં. એમનું પાલન જ પુણ્ય છે અને એનાથી વિપરીત થવું. આ 'સત્ય'ને વિસારે પાડવું એટલે પરમાત્માને ભૂલી જવા, એ જ પાપનો પુંજ છે.

ઉપશમઃ

આપણે સારાં કાર્યો જ શા માટે કરવાં? આ વિષે ગીતાનો નિષ્કર્ષ છે કે મનુષ્ય કર્મોનો રચયિતા છે,-''**कर्मानुबन्धीनि मनुष्य लोके**'' આ શરીરમાં સારાં-ખરાબ કર્મો દ્વારા બંને પ્રકારના સંસ્કાર પાડવાની ને નષ્ટ કરવાની ક્ષમતા છે. જો મનુષ્ય રાગદ્વેષથી પ્રેરિત થઈને જ કાર્યો કરતો રહે તો એ જ પ્રકારના સંસ્કાર પડતા રહેશે, અંતકાળે પણ એમનું જ ધ્યાન-સ્મરણ રહેશે અને એ સંસ્કારોને અનુરૂપ આગામી શરીરમાં પણ એ જ કરતો રહે તો પરમાત્મ-ચિંતનનો મોકો જ એને ક્યારે મળે? આ કાર્યો કરતાં રહેવાથી તે પોતાના વાસ્તવિક કલ્યાણથી વંચિત રહી જશે. માટે પાપ અને પુણ્ય કેવળ સંસ્કાર પાડે છે, જ્યારે પરમાત્માને જાણવાની ક્રિયા આ સંસ્કારોનો નિરોધ કરે છે.

મન એક પણ ક્ષણ શાંત નથી રહેતું. સંકલ્પનું જ નામ મન છે. તે હંમેશાં કંઈક ને કંઈક કરતું જ રહે છે, પણ એક સમયે કેવળ એક જ કામ કરે છે. નિયત કર્મ આરાધના તથા માતાપિતા-ગુરુજનોની સેવા, દેશસેવા, સમાજસેવા અને એથી વિપરીત શાસ્ત્ર વિરુદ્ધ કર્મ ચોરી-બેઈમાની

વગેરે જે કાંઈ પણ તમે કરો છો, તે વડે પોતાને માટે સંસારના એક સંસ્કાર જ તૈયાર કરો છો, જે તમારે જ ભોગવવાના છે, અને ભોગવવા માટે શરીર ધારણ કરવાનું છે. માટે વધુમાં વધુ સમય ચિંતનને આપવો, જે જન્મમરણના બંધનથી છોડાવીને તેમને અનંત આનંદની સ્થિતિ પ્રદાન કરે. આ જ પાપથી બચવાનો અને પુણ્યપ્રાપ્તિનો એકમાત્ર સ્રોત છે. વિકાર મનમાં થાય છે, તનમાં નહીં, રૂવાડાંમાં નહીં, તેથી શરીર ધોવાથી તે ક્યારેય નષ્ટ નહીં થાય. ઉપાસના જ આ માનસિક વિકારોનો માનસિક ઉપચાર છે.

સારાંશ કે પાપ અને પુણ્યના પ્રશ્ન પર વેદ, ઉપનિષદ, ગીતા, રામચરિતમાનસ અને સંસારભરના મહાપુરુષોનો એક જ નિષ્કર્ષ છે. ઈસાઈ, યહૂદી અને ઈસ્લામ વિચારધારાઓમાં પણ આનો જ અંશ છે. તેઓ પણ પાપનું કારણ શેતાનને ગણે છે. શેતાન કઈક અદૃશ્ય જીવ છે જે મનુષ્ય શરીરની બહાર રહીનેય એને અલ્લાહ કે ગૉડની આજ્ઞા ન માનવા ઉશ્કેરે છે, જ્યારે ભારતીય મનીષીઓ આ બિંદુને વધુ સ્પષ્ટ કરીને, દેવતા અને અસુરોને મનુષ્યની જ ભીતર રહેલા ગુણોરૂપે જુએ છે તથા માનવશરીરમાં જ ચરાચર જગતનું બીજ અને એના પણ નિયામક પરમાત્માને જાણે છે. રાગદ્વેષના જન્મદાતારૂપે અસુરો તથા એથી વિપરીત શમ, દમ, વિવેક, વૈરાગ્ય, ધારણા, ધ્યાન વગેરે દૈવી સંપત્તિના ગુણોની સ્વાભાવિક માન્યતા વિચારધારાને વધુ ગ્રાહ્ય બનાવે છે.

ભારતીયેતર વિચારધારાઓ પણ પાપનું પરિણામ મૃત્યુ માને છે. આદમનું મૂળ પાપ આપણે ભોગવવું પડે છે, જન્મ લઈને! અને આપણે જીવનમાં જે પાપ કરીશું એનું પરિણામ હંમેશને માટે નરક, સુધરવાની કોઈ તક નહીં, જ્યારે ભારતીય મનીષીઓ પુનર્જન્મમાંમાં નારકીય જીવનથી છુટકારો દર્શાવે છે અને વારંવાર જન્મ અને મૃત્યુને આ જ પાપનું પરિણામ, પોતાનાં કર્મોનું પરિણામ માને છે. આજકાલ વિશ્વસ્તર પર પ્રકાશમાં આવતી પુનર્જન્મની અગણિત ઘટનાઓ છોડી દઈએ, તો

પણ જો કેવળ એટલું જ માની લઈએ કે આ જીવન જ અંતિમ જીવન છે, તો તો ઈશ્વર અને સામાજિક નૈતિકતાના નિયમોનું પણ ઔચિત્ય નથી રહેતું. જે સત્તાને આપણે જોઈ શકતા નથી અને એની બાબતમાં કાંઈ દેખાડી પણ શકતા નથી, કેવળ એટલું જ કહીને એને કેમ માની શકાય કે એને ન માનવાથી મરણ પછી યાતનાઓ ભોગવવી પડશે; જો એ હોય તો એને જાણી શકાય. શ્રીકૃષ્ણ કહે છે, એ જ તો એકમાત્ર સત છે. એને આ જ શરીરમાં, આ જ જીવનમાં કેવળ જાણી જ નથી શકાતું, પણ તે તમારે માટે દર્શન, સ્પર્શ અને પ્રવેશ માટે પણ સુલભ છે. પ્રત્યેક ભારતીય મહાપુરુષની આજ અનુભૂતિ રહી છે. ''**जाने बिन न होइ परतीति**'' જાણ્યા વગર કોઈ વાત માની લેવી એ વિશ્વાસ નહીં, અંધવિશ્વાસ કહેવાય છે.

ઈસ્લામ વિચારધારામાં પુણ્યનું પરિણામ હંમેશને માટે સ્વર્ગ, જેમાં શીતલ ઝરણાં, શરાબનાં ઝરણાં, મેવા, અપ્સરાઓ અને ઉપવનો છે, સાંસારિક દુર્બલ વસ્તુઓ જેવી વસ્તુઓનો પ્રચુર માત્રામાં ભોગ છે, જ્યારે ભીરતીય મનીષીઓની અનુભૂતિમાં પુણ્યની પરિણતિ એ પરમાત્માની પ્રાપ્તિમાં છે જે અનંત પણ અનિર્વચનીય આનંદસ્વરૂપ છે. આ આનંદ ભોગનો નહીં, પણ આપ્તકામનાનો છે. આ સંબંધમાં ઈશુના વિચાર ભારતીયોની નિકટના લાગે છે કે એક પરમાત્મા અને ઈશુના વિશ્વાસનું પરિણામ અનંત જીવન છે. શબ્દોમાં ઘણું સામ્ય છે. ઈશુની બીજી કેટલીક ઉક્તિઓ પણ આ પ્રકારનું સામ્ય ધરાવે છે,-'હું પ્રભુમાં છું અને પ્રભુ મારામાં છે. હું તમારા પિતા અને મારા પિતાની પાસે જાઉં છું. જે મારામાં વિશ્વાસ રાખશે, તે મારા જેવું કાર્ય કરી શકશે, એટલું જ નહીં, મારા કરતાં પણ મોટું કાર્ય કરી શકશે. પણ ઈસાઈ એમને ઈશ્વરનો એકનો એક પુત્ર માનીને પોતે ઈશ્વરનો પુત્ર થવાનો પ્રયત્ન છોડી દે છે અને ઈસ્લામના અનુયાયીઓ પણ આમ જ માનીને બેસી જાય છે કે આદમી ખુદા નથી થઈ શકતો. મુહમ્મદ અલ્લાહના માત્ર સંદેશવાહક

હતા, નબી (પયગંબર) હતા. બધા નબીઓ પર વિશ્વાસ રાખો, પણ માનો ઈસ્લામને. 'મુહમ્મબસાહેબ અંતિમ નબી છે.' આ રીતે આગળ પછી કોઈનોય એવા થવાનો રસ્તો બંધ થઈ જાય છે.

પણ જે સૂફીઓ મુહમ્મદના આશયને સમજ્યા, એમણે એમના જેવી સાધના કરી તો પામી ગયા,-''**देखते देखते क्या से क्या हो गया। कतरा दरिया में गिरा तो फना हो गया॥**'' એમને ન કયામતની રાહ જોવી પડી, ન સ્વર્ગમાં જવું પડ્યું, ન રહ્યો નરકનો ભય. તેઓ ખુદામાં પ્રવેશ પામી ગયાં. કંઈક એવી જ અનુભૂતિ એમને પણ થઈ, જેમ ભારતીય ચિંતનમાં છે.

પાપનિવારણ માટે ઈસાઈ પ્રાર્થના પર ભાર મૂકે છે, ધર્મગુરુ (પોપ)ની સમક્ષ પાપની કબૂલાત (Confession) કરીને એમની પાસેથી આ જ ક્ષમાનું ક્ષમાદાન મેળવી લે છે. કુરાન શરીફમાં પણ છે કે જે પશ્ચાતાપ કરે છે, નેકીનું કામ-ભલાઈનું કામ કરે છે, એના ગુનાઓને માફ કરી દઉં છું, પાપની પુનરાવૃત્તિ ન થાય, એ માટે હૃદયપૂર્વકના પશ્ચાત્તાપનું ભારતીય દર્શનમાં પણ મહત્ત્વ છે, પણ તે સાથે જ ભારતીય વિચારધારામાં પાપ સમૂળાં નષ્ટ કરવા માટે અક નિર્ધારિત ક્રિયા દ્વારા ચાલીને પરમાત્મામાં પ્રવેશ મેળવી લેવાનું વિધાન છે. બંને વિચારધારાઓ વચ્ચે અંતરનું મુખ્ય કારણ એ નથી કે એ મહાપુરુષોને આ ક્રિયાઓ દેખાડવાનો અને એ અનુસાર સમાજને ચલાવવાનો અવસર જ નથી મળ્યો. ભૂલા પડેલા સમાજને એક પરમાત્મા પ્રત્યે ઝુકાવવા સુધીમાં જ એમનો સમય પૂરો થઈ ગયો, જે આત્મિક પથની પ્રવેશિકા છે.

ભારતીય વિચારધારામાં સદ્‌ગુરુનું જેટલું મહત્ત્વ છે, એટલું જ મહત્ત્વ આ વિચારધારાઓમાં પયગંબરોનું છે, કે સદ્‌ગુરુ કે પયગંબર વગર કોઈ ભગવાનને મળી શકતું નથી, કે સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરી શકતું નથી અને નથી કોઈ પાપ માફ કરવામાં આવતાં; પણ તેઓ માને છે કે પયગંબર આ માનવતા માટે અંતિમ વ્યક્તિ હતા.

આપણા લોકો માટે એમના જેવા થવું એ ફક્ત અસંભવ નથી, પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવાની કામના કરવી એ પણ બેશરમી છે, ગુસ્તાખી છે; પણ ભારતીય વિચારધારામાં ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવે છે અને દરેક શિષ્ય ગુરુનું ગુરુત્વ પામવાની દિશામાં પ્રયત્નશીલ પણ રહે છે. ભારતીય ચિંતનમાં સદ્‌ગુરુને ઈષ્ટરૂપે પૂજવાનું, અને એમના દ્વારા અચેત આત્માઓને જાગ્રત કરવાનું હૃદયમાં યૌગિક ક્રિયાની એમના દ્વારા જાગૃતિનું જે વિધાન છે, તેનો આ વિચારધારામાં સાવ અભાવ છે.

એક પરમાત્મા માટે અને એક ગુરુમાં વિશ્વાસ તમને સત્યના દ્વાર સુધી લઈ જઈ શકે છે, પણ એ સત્યની અનુભૂતિ માટે હૃદયથી સદ્‌ગુરુની જાગ્રત અને એમની દ્વારા નિર્દિષ્ટ ક્રિયા કરીને પરમાત્મામાં પ્રવેશ કરી લેવાનું વિધાન છે; અહીં પહોંચીને પાપોના શમનની સાથે જ પુણ્ય પણ પોતાનું કાર્ય પૂરું કરીને સદાયને માટે શાંત થઈ જાય છે, જેમ કે ઉપનિષદના ઋષિઓની અનુભૂતિ છે કે આવી વ્યક્તિ પાપથી અને પુણ્યથી પણ સંબંધરહિત થઈ જાય છે. ગીતામાં અર્જુને જોયું કે કૌરવપક્ષ પછી પાંડવપક્ષના લોકો પણ યોગેશ્વરમાં સમાહિત થઈ રહ્યા હતા, મુખોમાં ચૂર્ણ થઈ રહ્યા હતા. પુણ્યની પ્રાપ્તિ થઈ શકે છે, પણ પાપોના શમન પછી પુણ્ય પોતે શાંત થઈ જાય છે, માટે એકમાત્ર પુણ્ય એ છે કે નિર્દિષ્ટ ક્રિયાનું આચરણ કરવું.

સમાજમાં સદાચાર અને સદ્‌વ્યવહાર પણ પુણ્ય છે, જેમાં સાચું બોલવું એ પુણ્ય છે, પરોપકાર પુણ્ય છે, સત્યનિષ્ઠા અને ધર્મપરાયણતા પુણ્ય છે. જેમ મોટા ભાગના ધર્મગ્રંથો તથા કન્ફ્યુશિયસ, પ્રાચીન યૂનાની વિચારધારાઓમાં પણ છે, પણ આ નાના સ્તરો પર ચાલતાં ચાલતાં જે એક પરમાત્માની સન્મુખ કરી દે, એ આત્મદર્શનની ક્રિયાનું પાલન સારું પુણ્ય છે, ભલે વચ્ચે સ્વર્ગની કામના થઈ જાય. શ્રીકૃષ્ણ કહે છે,- હું એ પણ આપું છું. ભગવાન રામ કહે છે,-''**जन कहँ नहिं अदेय कछु मोरे**'' નિઃશ્રેયસ સાથે લૌકિક સમૃદ્ધિ જાતે મળે છે, ''**तिमि सुख**

सम्पति बिनहिं बोलाये, धरम शील पाहिं जाहिं सुहाये।'' એ બધી પણ મળે છે, પણ સીધા જ એક પરમાત્મા પાસેથી માગવાને કારણે, સાધના વિધિ-સંમત હોવાને કારણે એ પુરુષ શાશ્વત ધામ પામે છે, પછી એનું પતન નથી થઈ શકતું.

અંતે એક વાર ફરીથી સમજી લઈએ. પાપ એ છે કે જે પતન તરફ લઈ જાય, નીચે પાડે, ન કેવળ પરલોકમાં પણ આ લોકમાંયે જીવન દુઃખમય બનાવી દે અને પુણ્ય કર્મ એ છે કે જે પૂર્ણત્વ પ્રદાન કરે,-આ લોકમાં તમને ભર્યાભર્યા રાખે અને પરલોકમાં શાશ્વત ધામ અપાવે. જે જન્મ-મરણનું કારણ બને છે એ પાપકર્મ છે અને જે એનાથી ઉગારીને શાશ્વત પુરમધામ અપાવે એ પુણ્યકર્મ છે. આ પુણ્ય એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરવાથી અને એ માટે નિર્ધારિત ક્રિયા કરવાથી મળે છે. આત્મદર્શનની નિર્ધારિત ક્રિયાના આચરણથી સંસારના બધા ભોગ તો મળે છે,-**''सुर दुर्लभ सुख करि जग माहीं। अन्तकाळ रघुपति पुर जाहीं।''** અંતે શાશ્વત ધામમાં પ્રવેશ મળી જાય છે. આમ છતાંયે લોકો દુઃખી હોય તો આપણાં દુઃખ-દૈત્ય અને ગરીબીનું કારણ માત્ર એક પરમાત્મામાં અશ્રદ્ધા જ છે, અન્ય કાંઈ જ બાધક નથી.

સચ્ચાઈ, ધર્મપરાયણતા, નિષ્કપટ સ્વભાવ પણ સાચેસાચ જ પુણ્ય છે, કારણ કે કોઈ વ્યક્તિનું એવું આચરણ એના સ્વચ્છ મનનું પ્રતિબિંબ છે. જો દૈનિક જીવનમાં કોઈ વ્યક્તિ સદાચારી હોય, રહેણીકરણીમાં સ્વચ્છતા હોય, ચરિત્રમાં મહેક હોય, તો આત્મિક પથ પર પણ એ એવી જ સરળતાથી નીકળી પડશે,-

निर्मल मन जन सो मोहिं पावा। मोहिं कपट छल छिद्र न भावा॥

માટે સંતપુરુષો દ્વારા અનુમોદિત સદાચાર, શિષ્ટાચાર, સદ્વ્યવહારનું પાલન કરતાં કરતાં આત્મદર્શનની નિયત ક્રિયામાં રત રહેવું, ધ્યાનની નિયત ક્રિયામાં પણ તમારે કેવળ એટલું જ કરવાનું છે કે એક પરમાત્મામાં

શ્રદ્ધા, એમના નામનો જપ અને સદ્‌ગુરુનું સાન્નિધ્ય. શું તમે આટલું પણ નહીં કરી શકો? આટલો જ તો ધર્મ છે' જો આટલું જ ધર્મનું મૂળ હોય તો એ સિવાય તમે શું કરો છો અને શા માટે કરો છો? માટે સારી રીતે ગૃહસ્થાશ્રમ જાળવીને, આને માટે પણ થોડો સમય જરૂર આપો. ''**जासु नाम पावक अघ तूला**'' નામ-ચિંતનનો અગ્નિ સળગવાની જ વાર છે, પછી તો પાપનું રૂ લાખ મણ પણ કેમ ન હોય, ભસ્મ થતાં વાર નથી લાગતી. ''**राम नाम आधी रती, तुलसी पाप पहार**'' પાપનો પહાડ પણ કેમ ન હોય, ચિંતનની સાચી પ્રક્રિયા પકડતાં જ તે પણ સ્વાહા થઈ જાય છે. ઠીક. સાચી વિધિથી ચિંતન કરવા માંડો

વિચારવિમર્શના હેતુથી આપનું અને આપની વિદ્વત્તાનું સદૈવ સ્વાગત છે.

॥ ॐ ॥

चतुर्विद्या भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

હે અર્જુન! 'सकृतिनः' - ઉત્તમ અર્થાત્ નિયત કર્મ (જેનાં પરિણામમાં શ્રેયની પ્રાપ્તિ થાય, એને) કરનાર, 'अर्थार्थी' એટલે સકામ, 'आर्तः' એટલે દુઃખથી છૂટવાની ઈચ્છાવાળા, 'जिज्ञासुः' એટલે પ્રત્યક્ષ રૂપે જાણવાની ઈચ્છાવાળા અને 'ज्ञानी' એટલે જે પ્રવેશની સ્થિતિમાં છે તે - આ ચારે પ્રકારના ભક્તજન મને ભજે છે.

'યથાર્થ ગીતા : શ્રીમદ્ભગવદ્ગીતામાંથી'
(અધ્યાય ૭, શ્લોક ૧૬)

ધર્મને માટે ઝઘડા વ્યર્થ છે.
વિશ્વભરમાં ધર્મ એક છે, જો બે હોય તો એ ભ્રમ છે.

સનાતન ધર્મ

જેમાં સત્ય નથી, તે ધર્મ નથી.
ધર્મમાં સચ્ચાઈ ન હોય તો જીવન પણ નિરર્થક છે.

સનાતન ધર્મ

બન્ધુઓ!

આ સંસારમાં નાનકડા જંતુથી માંડીને ચક્રવર્તી સમ્રાટ સુધીના બધા કોઈ ને કોઈ દુઃખમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે, તો પણ દુઃખથી છૂટકારો નથી મળતો. મૃગતૃષ્ણા જેવા વિષયોની પાછળ મનુષ્ય સુખ સમજીને દોડે છે, એ પણ સવાર થતાં જ દુઃખ જ પુરવાર થાય છે. લાગે છે સુખ એનાથી ક્યાંક આગળ છે. આ જ પરિસ્થિતિઓની વચ્ચે પૂર્વ મનીષીઓએ દુઃખથી પર સુખ અને નશ્વરથી પર શાશ્વતની શોધનો આરંભ કર્યો. એમણે શોધનું પરિણામ ઘોષિત કર્યું, '**श्रृणवन्तु विश्वेऽमृतस्य पुत्राः**' અમૃત-અંશ વિશ્વભરના લોકો સાંભળો. '**वेदाहमेतंपुरुषं महान्तम्**' મેં એ પરમ-પુરુષ પરમાત્માને સારી રીતે જાણી લીધા છે. જે '**आदित्यवर्णः तमसः परस्तात**', પ્રકાશસ્વરૂપ અને અંધકારથી પર છે. '**तमेव विदित्वा अति मृत्युमेति**', કેવળ એને જ જાણી લેવાથી મૃત્યુથી છૂટકારો મળી શકે છે. '**नान्यः पन्था विद्यते अयनाय**',-આ સિવાય શાશ્વત સુખનો બીજો કોઈ માર્ગ નથી.

અન્વેષણના આ જ કર્મમાં યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીની કથા આવે છે. યાજ્ઞવલ્ક્યનું મન જ્યારે સાંસારિક ભોગોથી તૃપ્ત ન થયું, ત્યારે તેઓ ઋષિઓને મળ્યા. એમની પાસેથી સાધનાક્રમ સમજ્યા અને આ જ પરમાત્માના શોધ હેતુ જંગલમાં જવા માંડ્યા. પોતાની પત્ની મૈત્રેયીને ધનદોલત આપવા માંડ્યા. મૈત્રેયીએ પૂછ્યું-શું હું સંપત્તિથી અમર થઈ જઈશ? યાજ્ઞવલ્ક્યે કહ્યું,-ના, આનાથી એટલું જ થશે કે જે રીતે ધનવાવન લોકો નિર્વાહ કરે છે, એ જ રીતે તું પણ કરી શકીશ. મૈત્રેયીએ કહ્યું-તો પછી આ બધું લઈનેય હું શું કરીશ, જેનાથી મૃત્યુનો ભય નાશ ન પામે. એ વસ્તુ આપો, જેનાથી મૃત્યુનો ભય નાશ ન પામે. એ વસ્તુ આપો, જેનાથી હું અમર થઈ જાઉં, કોઈ શોક ન રહે. યાજ્ઞવલ્ક્યે એને પણ એક પરમાત્માની પ્રાપ્તિની વિધિ બતાવી. આજે પણ વૈદિક યુગની

મહાન નદીઓમાં મૈત્રેયીનું નામ શ્રદ્ધાથી લેવાય છે.

જીવન અને મૃત્યુના આ જ રહસ્યને જાણવા માટે, દુઃખોથી બચવા અને બધાં પ્રાણીઓને બચાવવા માટે વિધિ દેખાડવા જ ગૌતમ બુદ્ધે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી હું એ જાણી નહીં લઉં, ત્યાં સધી રાજધાની કપિલવસ્તુમાં પગ નહીં મૂકું. મહાત્મા ઈશુ કહે છે,-("For what is a man profited if he shall gain the whole world and loss his soul?) આનાથી મોટી હાનિ કઈ હોઈ શકે કે માણસ દુનિયાભરનો વૈભવ પ્રાપ્ત કરે પણ પોતાનો આત્મા ખોઈ બેસે. પહેલાં ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ મેળવી લો, બાકી બધી વસ્તુઓ તમને આપોઆપ મળી જશે.

મુહમ્મદ સાહેબ કહે છે,-'બહુ નુકસાન વેઠ્યું એમણે, જેમણે અલ્લાહને જાણ્યા નહીં.' આ રીતે બધા જ મહાપુરુષોએ એક નિષ્કર્ષ દર્શાવ્યો કે દુઃખથી બચવા માટે શાશ્વત શાંતિ એને ભૌતિક સમૃદ્ધિ માટે પણ પરમાત્માને જાણવા આવશ્યક છે. આ શોધની સ્મૃતિ અક્ષુણ્ણ રાખવા માટે મહર્ષિ વ્યાસે ઋષિઓ દ્વારા અનુકૂળ ઋચાઓનું સંકલન વેદરૂપે કર્યું. વેદગ્રંથોની સંખ્યા ચાર છે, સમય જતાં, એને સમજવા-સમજાવવા માટે આચાર્યોએ ઉપવેદ, વેદાંગ, બ્રાહ્મણ-ગ્રંથ, આરણ્યક અને ઉપનિષદોની રચના કરી. અને એ બધાનો સારાંશ પણ મહર્ષિ વ્યાસે ભગવાન શ્રીકૃષ્ણોક્ત ગીતામાં રજૂ કર્યો.

'**सर्ववेदाः यत्पदम् आमनन्ति**'-બધા વેદ જે એક પરમાત્માનુ મનન કરે છે, એ જ પરમાત્માને જોવાની વિધિનું વર્ણન મુનિઓએ સૂત્રરૂપે દર્શનશાસ્ત્રોમાં કર્યું. '**दृश्यते अनेन इति दर्शनम्**'-જેના વડે એને જોઈ શકાય એવાં છ શાસ્ત્ર-સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંતના નામે પ્રસિદ્ધ છે, પણ એના અનુયાયી ઈશ્વર ઉપાદાન કારણ છે કે નિમિત્ત કારણ? સાધક અંતે ઈશ્વર બની જાય છે કે ઈશ્વર સમાન?-આ જ પ્રશ્નો પર વિતંડાવાદ કરી કરીને દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત વગેરે સાંપ્રદાયિક સંગઠનોમાં સંકુચિત થતા ગયા. શાસ્ત્રાર્થ મુખ્ય

બની ગયો. હૃદયસ્થ પરમ પુરષની શોધ ક્રિયા ઝાંખી પડી ગઈ. એક ધર્મને સ્થાને તાંત્રિક, પાશુપત, પાંચરાત્ર, શાક્ત, સૌર, ગાણપત્ય, શૈવ, વૈષ્ણવ, નાથપંથી, જૈન, બૌદ્ધ, હીનયાન, મહાયાન, બ્રજયાન, સૌતાંત્રિક, યોગાચાર, માધ્યમિક, શ્વેતાંબર, દિગંબર, દક્ષિણમાર્ગી, વામમાર્ગ, કોણ જાણે કેટલાયે સંપ્રદાયો અને પરસ્પર વિરોધી પૂજા-પદ્ધતિઓનું બાહુલ્ય થયું. શાશ્વતનો પૂજારી નશ્વરની પાછળ ભટકવા માંડ્યો.

આજકાલ સંસારમાં પ્રચલિત પ્રચાર-પ્રસારલીન સનાતન હિન્દુ, જૈન, શીખ, પારસી, યહૂદી તથા પ્રચાર અને સાંખ્યવિસ્તારમાં પડેલા બૌદ્ધ, ઈસાઈ અને ઈસ્લામ વિચારધારાઓ ધર્મ નથી. મહાપુરુષ પ્રત્યેક દેશકાળમાં થતા આવ્યા છે. એમના ઉપદેશોને જીવંત રાખવા માટે સંસ્થાઓ બનાવાય છે. ગ્રંથ લખાવાય છે અને એમની મૂર્તિ પણ બનાવડાવી લેવાય છે,-આદર્શ પુરુષની સ્મૃતિ માટે. પણ સમય જતાં સંસ્થાઓ, પૂજાસ્થાનો, એમની ગાદી પર બેસનારા આચાર્યો, એમના દ્વારા પરિવર્ધિત ક્રિયાઓ જ ધર્મ બની જાય છે. મહાપુરુષને ગૌણ બનાવી દેવાય છે. મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારામાં જવું એ જ ધર્મ બની ગયો છે. રામ, કૃષ્ણ, ઈશુ અને નાનકનાં નામ ઝાંખાં પડી ગયાં છે. ધર્મને બદલે પ્રચલિત આ વિચારધારાઓ નામ તો લે છે આધ્યાત્મિકતાનું, જે એમનામાંથી ક્યારની વિસ્મૃત થઈ ચૂકી છે. એમનામાં રહી ગઈ છે કેવળ અસહિષ્ણુ સંગઠનવૃત્તિ. હા, બીજા સંપ્રદાયો સાથે લડવા માટે બધા એક છે.

પોતાને સનાતન કહેનાર હિન્દુ ધર્મ પણ બે ભાગમાં વહેંચાયેલો છે,-શ્રૌતધર્મ અને સ્માર્તધર્મ. શ્રૌતધર્મમાં સંસ્કાર અને કૃતિઓ આવે છે, જેમનો ઉલ્લેખ વૈદિક સંહિતાઓમાં છે, જેમ કે અગ્નિઓની પ્રતિષ્ઠા, યજ્ઞ અને સોમકૃત્ય, જેને આજનો સમાજ જાણતોય નથી. સ્માર્તધર્મમાં એ કર્તવ્યોની ચર્ચા છે, જેમનું વર્ણન સ્મૃતિગ્રંથોમાં છે, જેમને ધર્મશાસ્ત્ર પણ કહેવાય છે.

ધર્મશાસ્ત્રોમાં ધર્મનાં ઘણાં રૂપ મળે છેઃ દાખલા તરીકે, વિશિષ્ટ ધર્મ એ છે કે જેનું પાલન વર્ણવિશેષ અથવા આશ્રમવિશેષના સભ્યો દ્વારા આવશ્યક મનાયું છે; પોતાના જીવનનિર્વાહ માટે બ્રાહ્મણ અધ્યયન-અધ્યાપન, યજ્ઞ અને દાનનો આશ્રય લે છે. ક્ષત્રિયો રક્ષાધર્મ સંભાળે, વૈશ્ય કૃષિ-ગોરક્ષા અને વ્યાપાર કરે તથા શૂદ્ર સેવા કરે. આશ્રમધર્મમાં જીવનમાં આરંભનાં પચ્ચીસ વર્ષ સુધી વિધ્યાધ્યયન, પચાસ વર્ષ સુધી લગ્ન અને પરિવારનું પાલનપોષણ, એ ઉપરાંત વાનપ્રસ્થ-આશ્રમમાં ગૃહત્યાગ કરીને વિષયોના પ્રલોભનોથી મુક્ત થવાનો પ્રયાસ તથા પંચોતેર વર્ષ પછી મોક્ષ-સાધનાની વ્યવસ્થા કરાઈ છે.

સામાન્ય ધર્મ એ છે કે જેમનું પાલન બધાએ કરવાનું હતું, દાખલા તરીકે, કોઈ જીવને દુઃખ ન દેવું, સાચું બોલવું, લેણદેણમાં પ્રામાણિકતા રાખવી, દાન-દયા-ક્ષમા એ સાથે જ ચોરી, વ્યભિચાર, અભક્ષ્ય ભોજન, ઈર્ષા, ચાડીચુગલી, માન-સન્માન, છળકપટ વગેરેનો ત્યાગ, યજ્ઞ, દાન અને તપ વગેરે કામ્યકર્મો પોતાના સ્વાર્થ માટે ન કરવા એને ધર્મ કહ્યો છે.

નિમિત્ત ધર્મ વિશેષ અવસરો પર કરાય છે. દેશધર્મ અને યુગધર્મની જેમ આપત્તિકાળમાં આ નિયમોમાં આપવામાં આવેલી શિથિલતાને આપદ્ધર્મ તથા રાજકીય કર્તવ્યોને રાજધર્મ કહ્યા છે. પરધર્મ એને કહ્યો છે જેના અનુયાયીઓ જુદા હોય. આ રીતે ચલ-ધર્મને કેટલોક સમય જ રહેનારો ધર્મ અને ધર્માભાસ કહ્યો છે. રાજાનું આ કર્તવ્ય છે કે જેઓ આ ધમોથી ચ્યુત થઈ રહ્યા હોય, એમને આ ધર્મો તરફ વાળવા માટે નિયંત્રિત કરે.

તમે વિચાર કરો કે ધર્મની આ માન્યતામાં પરમાત્માની શોધ કેટલી હદે છે? આ તો માત્ર સામાજિક વ્યવસ્થા છે. ચાર વર્ણોરૂપે આ સમાજનું સ્તરીકરણ અને ચાર આશ્રમોરૂપે મનુષ્યજીવનનું સ્તરીકરણ માત્ર છે. સમાજવિરોધી કાર્યોને ઉખેડી નાખવાની વ્યવસ્થા આજે રાજ્ય

કરે છે, એ જ કાર્ય પ્રાચીનકાળમાં સ્મૃતિઓ ધર્મના નામે કરતી હતી. શું આ ધર્મ છે?

સનાતન ધર્મના નામે રૂઢિઓ અને કુરિવાજો પૂજાતાં રહ્યાં છે. સંસારભરમાં હિન્દુ સૌથી વધુ શ્રદ્ધાથી ઉપાસના કરે છે, પણ સૌથી મોટા અધાર્મિક પણ તે જ છે. જાતિ, દેવતા અને ભ્રાંતિઓ-બસ આટલો જ સનાતન ધર્મ રહી ગયો છે.

જો વર્ણ અને આશ્રમવ્યવસ્થા જ સનાતન ધર્મ હોય તો તો એ શૂદ્રો માટે નકામો છે. ધર્મના એક પણ વાક્ય પર વિચાર કરવા માત્રથી એમને માટે નરક આરક્ષિત છે. એમને વાંચવાનો અધિકાર જ નહોતો. બ્રહ્મચર્ય-આશ્રમ એમને માટે નહોતો. તો એમને સંન્યાસ શા માટે હોય? પાયો જ સમાપ્ત થઈ જાય તો મકાન કેમ બને? એમને શીખવવામાં જ ક્યારે આવ્યું કે તેઓ વૈરાગ માટે તલસે? જો આ જ સનાતન ધર્મ હોય તો તો એ સમાજના ગણ્યાગાંઠ્યા વિશેષાધિકારપ્રાપ્ત લોકોનો ધર્મ છે.

આધુનિક સુધારાવાદી આચાર્ય દેશસેવા, સદાચાર અને પરસ્પર માનવપ્રેમને જ સનાતન ધર્મ માની બેઠા છે. જો આ જ સનાતન ધર્મ હોય તો તો તમારે આ ગુણો પરદેશો પાસેથી શીખવા પડશે; કારણ કે દેશભક્તિ, પ્રામાણિકતાના ક્ષેત્રમાં તમારા કરતાં ઘણા વધારે કીર્તિમાન પરદેશોમાં સ્થાપિત છે. તો ભારતદેશ વિશ્વગુરુ શાનો? પચાસ કરોડ હિન્દુઓ વચ્ચે તેત્રીસ કરોડથી વધુ દેવદેવીઓ! એમને ભાગે આવતા દોઢ-દોઢ હિન્દુઓનું સંગઠન જ શું સનાતન ધર્મ છે?

વાસ્તવમાં આ ધર્મ નથી, પણ ભયંકર ભ્રમ છે. આ બધાંએ જ દેશને ગુલામ બનાવ્યો,-રાજનીતિની દૃષ્ટિએ અને વૈચારિક દૃષ્ટિએ પણ. જેવો સમય રહ્યો, પરિસ્થિતિ રહી, એ અનુસાર આ સામાજિક ષડ્યંત્રો ધર્મના નામે સ્વીકારાયાં. કોઈક સમયની સતીપ્રથાની જેમ આજે પણ જાતિપ્રથા, અસ્પૃશ્યતા, વેશ્યાવૃત્તિ, દેવદાસીપ્રથા, બાળલગ્ન, દહેજપ્રથા,

નશાખોરી, લગ્ન-છૂટાછેડા, શાકાહાર-માંસાહાર, ધંધા-વ્યવસાયોની પહેંચણી, જનસંખ્યા-નિયંત્રણ વગરે વિશુદ્ધ સામાજિક સમસ્યાઓ છે, જેમનો ઉકેલ આણવા માટે સમાજ અને સમાજના બહુમત પર આધારિત શાસનતંત્ર છે. આ નથી ધર્માચાર્યોનું ક્ષેત્ર અને ન તો એમણે એમાં માથું મારવું જોઈએ.

માનવસમાજ ગતિશીલ છે, તેથી સામાજિક વ્યવ્સથા માટે આજના ઉપયોગી નિયમો, પ્રથાઓ, આચારવિચાર, આહારવિહાર વગેરે પણ આવતી કાલની પરિસ્થિતિમાં બિનઉપયોગી થઈ જાય; તેથી જરૂર નથી કે જે રીતરિવાજો અને સંસ્થાઓને આપણા પૂર્વજોએ સ્થાપિત કરી, એમને આપણે એમની સંસ્કૃતિની થાપણ સમજી જેમ છે તેમ અપનાવ્યા કરીએ. ધર્મના નામ પર પ્રચાર પામેલા આ રિવાજોમાં કાવ્ય છે, ચરિત્ર-સંગઠન છે તથા સામાજિક વ્યવસ્થા પણ છે જ; પણ એ ધર્મ ક્યાંથી થઈ ગયા? એક સમયે એ જ આવશ્યક હતું, આજે એ બાધક છે, એ સમજી લઈને આપણે આદરવૂર્પક એમનું વિસર્જન કરી શકીએ અને આજે એમના વિસર્જનના દિવસો આવ્યાયે છે.

પ્રાચીનકાળની યજ્ઞપ્રથા, બલિપ્રથા, દાસપ્રથા, સ્વયંવરપ્રથા નષ્ટ થઈ ગઈ. ઈન્દ્ર અને વરુણની પૂજા લોપ પામી, એમને સ્થાને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને નવાંનવાં દેવદેવીઓ બિરાજ્યાં. સોમયજ્ઞની જગ્યાએ અખંડ કીર્તન અને અખંડ રામાયણ ચાલે છે. સ્ત્રીઓ અને શૂદ્રો વિશેના નિર્દેશ, ભોજન-પહેરવેશ-ધંધા બધું જ તો બદલાઈ રહ્યું છે. જો આ જ સનાતન ધર્મ હોત તો બદલાઈ કેમ રહ્યું છે? જે બદલાઈ જાય તે સનાતન કેમ કહેવાય?

સનાતન તો સદાય રહેનારી સત્તાનું નામ છે. એ સત્તા છે પરમાત્મા. એક જ પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત પહેલાં પણ હતો, આજે પણ છે. જો આ પરમાત્મા પણ બે હોય તો એમને વ્યાપ્ત થવા માટે જુદી જુદી સૃષ્ટિ

જોઈએ. એ એક જ છે અને રહેશે. એ એકને શોધવો એ જ ધર્મ છે, જેમ ઋષિઓએ જાણ્યું હતું. સૃષ્ટિ પર ધર્મ એક જ છે;-અમૃતતત્ત્વની પ્રાપ્તિ, સદાય રહેનાર શાશ્વત ધામની પ્રાપ્તિ. ચરાચર જગતનો ધર્મ એક જ છે. જો ધર્મ પણ બે હોય તો એકમાં ભ્રમણા છે, જરૂર ભ્રમણા છે.

'ધર્મ' શબ્દ આજે કેવળ વિશેષણ બની રહી ગયો છે. સ્થૂળધર્મ, સૂક્ષ્મધર્મ, ઉપધર્મ, કુલધર્મ, ગુણધર્મ, શ્રૌતધર્મ, વર્ણધર્મ, આશ્રમધર્મ અને બીજા પણ ઘણાય છે. જે ધર્મો હમણાં કહ્યા એટલા બધા ધર્મોની વચ્ચે સાચો ધર્મ પોતાની ઓળખ ખોઈ ચૂક્યો છે. 'ધર્મ શબ્દને એના શુદ્ધ રૂપમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવાથી વ્રત-ઉપવાસ, તીર્થ-તહેવાર, શુદ્ધિ-શ્રાદ્ધ, દેવદેવીઓ, ભૂતપ્રેત, વૃક્ષ-પશુ-નાગપૂજા, તથા મૂર્તિ-સમાધિઓ-દરગાહ આદિની પૂજા જેવા કુરિવાજો તો નષ્ટ થશે જ. સામાજિક નીતિ અને અર્થવ્યવસ્થાની ઉપયોગી વાતોનેય ધર્મ કહેવાનૂં છોડવું પડશે. આજની પરિસ્થિતિમાં આ સ્પષ્ટ કરવું જરૂરી બની ગયું છે, કે ધર્મની અંદર કેવળ એક વાત આવે છે,-એ નિર્ધારિત ક્રિયા, જે કરવાથી આત્મ-સાક્ષાત્કાર થાય છે.

ધર્મનું શુદ્ધ સ્વરૂપ જાણવા માટે ધર્મ જેની ભેટ છે, એ મહાપુરુષો દ્વારા સમજવું પડશે, એમને શરણે જવું પડશે. બીજો કોઈ રસ્તો નથી. પોથી વાંચીને કે પોથીની આસપાસ ઘેરો ઘાલીને કોઈ ધર્મને સમજી શકતું નથી. વેદશાસ્ત્રો સાચાં તો છે, પણ શાસ્ત્ર કોઈ વિરલ મહાપુરુષ જ જાણે છે અને એના આદેશથી કોઈ વિરલ પથિક જ વાંચે છે. બધા નથી વાંચતા, નથી જાણતાં. એ મહાપુરુષો જ શાસ્ત્રોને અક્ષરશઃ જાણવા સક્ષમ છે, જેમના હૃદયમાં એ શાસ્ત્ર ઊતર્યું છે.

વેદ શું છે? એ પરમાત્માની વાણી! પરમાત્મા તો બોલવા આવ્યા નથી. બોલનારા તો સો-સવાસો મહાપુરુષો જ હતા. ક્યાંક નારાયણ ઋષિ છે તો ક્યાંક બીજા કોઈ ઋષિ. એ ઋષિઓના અંતરમાં જે પ્રસ્ફુટિત થતું

હતું, બુદ્ધિ તો માત્ર યંત્ર હતી, એમના દ્વારા જે વ્યક્ત થતું હતું, તેમાં પરમાત્મા પોતાનો આદેશ આપતા હતા. એ મહાપુરુષોની વાણીનું સંકલન વેદ છે. આજે પણ જે ઈષ્ટની પરિધિમાં પહોંચે, એના હૃદયદેશમાં એ ઈષ્ટ પોતાની વાણી, પોતાનો નિષ્કર્ષ આપે કે સત્યુ શું છે, અસત્ય શું છે. જેના હૃદયમાં ઈષ્ટ જાગ્રત હોય, જેના હૃદયમાં શાસ્ત્રવિચાર અવિરત ચાલુ હોય, એ જ સારી રીતે જાણી શકે છે કે પુરાણાં શાસ્ત્રોમાં શું લખ્યું છે, કારણ કે જે વાત એમનામાં ઊતરી હતી એ જ વાત આ લોકમાં પણ ઊતરી રહી છે. ઠીક. આવો જોઈએ કે મહાપુરુષો એ 'ધર્મ' શબ્દ કયા અર્થમાં લીધો છે. 'ધર્મ' શબ્દ 'ધૃમ' ધાતુથી બન્યો છે, જેનો અર્થ છે,-'ધારણ કરવું'. '**धारयतीति धर्मः**' પરમાત્મા જ બધાને ધારણ કરવા સક્ષમ છે, એ જ એકમાત્ર ધર્મ છે. ધર્મ એ છે કે જ્યારે આપણે એની તરફ ઝૂકીએ ત્યારે આપણને એ ધારણ કરી લે, માર્ગ દેખાડવા માંડે, આંગળી પકડીને ચલાવવા માંડે, હૃદયથી રથી બની જાય, હૃદયમાં ઈશ્વરીય આદેશોનો સૂત્રપાત થવા માંડે.

આ જ મીમાંસાકાર જૈનમુનિ કહે છે, '**चोदना लक्षणो धर्मः।**' ઈશ્વરીય આદેશોનું પાલન જ ધર્મનું લક્ષણ છે. એટલે કે જ્યાં સુધી હૃદયથી રથી થઈને તે નિર્દેશન ન આપવા માંડે અને એના પ્રમાણે ચાલવાનું આપણે શરૂ ન કરી દઈએ, ત્યાં સુધી પૂરતી માત્રામાં ધર્મનાં લક્ષણ પ્રગટ જ નથી થયાં હોતાં.

'વૈશેષિક દર્શન'માં ઋષિ કણાદ કહે છે,-'**यतोऽभ्युदय निश्रेयस सिद्धिः स धर्म**' જેના દ્વારા જીવનની દરેક પરિસ્થિતિમાં સર્વાંગીણ વિકાસ થાય અને જે નિઃશ્રેયસ પરમશ્રેયની પ્રાપ્તિ કરાવે, એ જ ધર્મ છે.

ન્યાયશાસ્ત્રના પ્રણેતા ગૌતમ કહે છે, '**विहित कर्मजन्यो धर्मः**' વિહિત એટલે વિધિ અનુસારના કર્મથી જન્મે છે. વિહિતકર્મ, નિયતકર્મ, કાર્યકર્મ, પુણ્યકર્મ વગેરેને ગીતામાં એક જ ઈશ્વરની પ્રાપ્તિની ક્રિયાને

સંબોધિત કરાયાં છે, જે યજ્ઞની પ્રક્રિયા છે, ચિંતનની વિધિ વિશેષ છે. આત્મદર્શનની પદ્ધતિ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે તેમ, પોતાના સ્વભાવની ક્ષમતાથી નિયતકર્મ (યજ્ઞની પ્રક્રિયા)નું આચરણ ધર્માચરણ છે. આત્મા જે વિધિથી જાણી શકાય, એ વિધિને ક્રિયાન્વિત કરતા રહેવું એ ધર્મનું આચરણ છે. શ્રીકૃષ્ણ કહે છે કે જો તમારી બુદ્ધિ એને ક્રિયાન્વિત કરવા સક્ષમ ન હોય તો બધા ધર્મોની ચિંતા છોડીને એક મારે શરણે આવો,-આ જ ધર્મ છે.

ભગવાન બુદ્ધે કહ્યું તે સમ્યક્ વાણી, સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ જીવિકા, સમ્યક્ કર્મ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિનું જે યોગ્ય પ્રકારે આચરણ કરે તે પરિનિર્વાણ પામે છે.

મહારાજ મનુએ ધર્મના દશ લક્ષણ દર્શાવ્યાં,-ધૃતિ, ક્ષમા, દમ, અસ્તૈય, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને અક્રોધ. એક જગાએ કહે છે,-'**विद्वद्भिः सेवितः पन्था नित्यमद्वेषरागभिः हृदयेनाभ्यनुज्ञात यो धर्मः॥**' વિદ્વાનોએ રાગદ્વેષરહિત હૃદયથી જે પ્રાપ્ત કર્યા એ નિત્યરથનું સેવન ધર્મ છે.

વિદ્વાનનો અર્થ શિક્ષણવિદ્ નથી થતો. '**विद्या हि का ब्रह्मगति प्रदाया**'-વિદ્યા એ છે કે એ જેની પાસે આવે તેને ઘસડીને બ્રહ્મગતિ પ્રદાન કરે. વનવાસ સમયમાં ભગવાન રામે લક્ષ્મણને કહ્યું કે વિદ્યા અને અવિદ્યા માયાનાં બે પાસાં છે. અવિદ્યા અધોગતિ છે, ભવકૂપમાં નાખનારી છે. વિદ્યા પરમ શ્રેય અપાવનારી છે, પણ તે છે 'હરિપ્રેરિત'. આપણે જે સ્તરે ઊભા હોઈએ, જે પરમાત્માની આપણને ઝંખના હોય, એ હૃદયાદેશમાં જાગ્રત થઈ જાય, આપણને પ્રેરિત કરીને ચલાવવા માંડે.

આ જ કારણ છે કે યોગપથના જે સારા વિદ્વાન થયા, તેઓ પાર્થિવ શિક્ષણદીક્ષામાં શૂન્ય હતા. ઉગ્ર બુદ્ધિવાળા કાગભુશંડીજી એમને સાંભળતા-સમજતા પણ હતા, પણ સારું ન લાગ્યું, અધ્યયન ન કર્યું, તો

પણ એ પોતાના યુગના સર્વોપરી વિદ્વાન હતા. જે જ્ઞાની ગરુડની શંકા બ્રહ્મા પણ દૂર ન કરી શક્યા, કાગભુશંડી-આશ્રમમાં જતાં જ એમની શંકાઅ દૂર થઈ ગઈ, સમાધાન મળી ગયું. તાત્પર્ય કે ભગવત્પથમાં જે વિદ્યાનો ઉપયોગ છે, એ ભગવાન શીખવે છે.

માટે જે વ્યક્તિ એક પરમાત્મામાં અતૂટ શ્રદ્ધા અને ૐ અથવા રામ (જે એ પરમાત્માના સૂચક છે)નું સ્મરણ રાખે છે, તે ધર્મને ન જાણવા છતાંય શુદ્ધ ધાર્મિક છે.

આ રીતે બધા મહાપુરુષ એક જ પરમાત્માનો સંકેત કરે છે, તો પણ લોકો શાશ્વત એકમાત્ર પરમાત્માને બદલે નશ્વરની પાછળ ભટકે છે. ધર્મના નામે આજકાલ જેવી કુરીતિઓ અને રૂઢિઓ ફેલાયેલી છે, કંઈક એવા જ પ્રકારની રૂઢિઓ કૃષ્ણના સમયમાં પણ હતી. એમાંની કેટલીક રૂઢિઓનો શિકાર અર્જુન પણ હતો. કુળની રક્ષાને સનાતન ધર્મ માનતો હતો, પિતૃઓને પિંડદાન કરવું એને સનાતન ધર્મ માનતો હતો. કહેવા માંડ્યો કે આવું યુદ્ધ કરવાથી સનામત ધર્મ નષ્ટ થઈ જશે, કારણ કે કુળધર્મ જ સનાતન ધર્મ છે. પણ યોગેશ્વરે કહ્યું-અર્જુન! આ વિષમ સ્થળે તને આ જ્ઞાન ક્યાંથી ઉપલબ્ધ થઈ ગયું? અર્જુન સનાતન ધર્મના રક્ષણ માટે જ દુઃખી થઈ રહ્યો હતો. તો શું સનાતન ધર્મનું રક્ષણ પણ અજ્ઞાન છે? શ્રીકૃષ્ણે કહ્યું કે જે બાબતોને કારણે તું વ્યાકુળ છે, એ તરફ શ્રેષ્ઠ પુરુષોએ ક્યારેય પગ મૂક્યો નથી કે નથી એ કીર્તિ વધારનાર ને નથી સ્વર્ગ આપનાર. કલ્યાણ નહીં, કીર્તિ નહીં, પ્રતિષ્ઠિત પુરુષોએ ભૂલમાંય ક્યારેય એનું આચરણ નથી કર્યું; તો સિદ્ધ થાય છે કે એ બધું અજ્ઞાન હતું.

ત્યારે અર્જુને વિનમ્ર ભાવે પૂછ્યું-ભગવન્! જો આ ધર્મ નથી તો હું ધર્મ નથી જાણતો. ધર્મના રસ્તામાં હું વિશેષરૂપે મૂઢચિત્ત છું. માટે જે નિશ્ચિપણે કલ્યાણકારી હોય તે તમે મને કહો.

ભગવાને કહ્યું કે અર્જુન! અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્ય

વસ્તુનો ત્રણે કાળમાં અભાવ નથી. એ સત્ય શું છે? તો કહે છે કે અર્જુન! આ આત્મા જ સત્ય છે, આત્મા પરમ સત્ય છે, આત્મા જ સનાતન છે અને આ બધા જ ભૂતાદિકોનાં શરીર નાશવંત છે. એમનું કોઈ અસ્તિત્વ જ નથી. શરીરોને રોકી શકાતાં નથી. આત્મા જ શાશ્વત છે.

તમે કોણ છો? સનાતનધર્મી. સનાતન શું છે? આત્મા! તો સનાતનધર્મી કોણ થયું? આત્માનો પૂજારી! જો આત્મિક પથની જાણકારી ન હોય, તો આપણે સનાતનધર્મી કેમ થઈ ગયા? આ આત્મનાને શસ્ત્ર કાપી શકતાં નથી, અગ્નિ એને બાળી શકતો નથી, વાયુ સૂકવી શકતો નથી, જળ એને ભીંજવી શકતું નથી, આકાશ એને પોતાનામાં સમાવી નથી શકતું; પંચતત્ત્વોથી નિર્માયેલો કોઈ પણ પદાર્થ જો આ આત્માને સ્પર્શ જ નથી કરી શકતો તો ભલા પંચતત્ત્વોથી નિર્માયેલાં અન્ન-જળ એને કેવી રીતે સ્પર્શ કરી શકે? તો પછી કોઈના સ્પર્શથી કે કોઈના હાથના બે કોળિયા ભાત ખાવાથી, બે ઘૂંટડા પાણી પાવીથી અમારો શાશ્વત સનાતન ધર્મ નષ્ટ કેવી રીતે થઈ જાય? સાબિત થાય છે કે આપણા પૂર્વજો ધર્મના નામે જેનું પાલન કરતા હતા, એ ભૂલ હતી, એટલે તો શ્રીકૃષ્ણે એનું ખંડન કર્યું. આ ભૂલ આજે પણ છે, જેને કારણે સગા ભાઈઓને આપણે સનાતન ધર્મથી જુદા થવા માટે લાચાર કરી મૂક્યા છે.

જો શરીર જ નાશવંત હોય, તો એના જન્મ પર આધારિત જાતિવ્યવસ્થા સનાતન કેવી રીતે થઈ ગઈ? શરીરપોષણ માટે વ્યવસાય પર આધારિત વર્ણવ્યવસ્થા સનાતન કેવી રીતે થઈ ગઈ? **अचलोऽयं सनातनः**-આ સનાતન આત્મા અચલ છે, શાશ્વત છે, અપરિવર્તનશીલ છે, તો બદલાઈ કેવી રીતે જાય? સનાતનધર્મીનું ધર્મપરિવર્તન કેવી રીતે થઈ ગયું? શું સનાતનમાં પરિવર્તન આવી ગયું? ના, અને જેમણે આ પ્રકારનું પરિવર્તન કર્યું અથવા કરી રહ્યા છે, તેઓ કેવળ એક પ્રકારની કુરીતિ છોડીને બીજી કુરીતિમાં ફસાઈ રહ્યા છે, એમને કોઈ ધર્મ મળતો

નથી. જો આપણે આત્મપથને ન જાણીએ, આત્માની સ્થિતિ અપાવનાર વિધિવિશેષને ન જાણીએ તો સનાતન ધર્મ સાથે આપણને શો સંબંધ? ભૂતાદિકોનાં બધાં જ શરીર નાશવંત છે. બ્રહ્માથી ઉત્પન્ન થયેલું ચરાચર જગત પરવિર્તનશીલ, અશાશ્વત અને ક્ષણભંગૂર છે તો પણ કોઈ ઝાડને પૂજે છે તો કોઈ પથ્થરને, તે પણ સનાતનના નામે!

આત્મા અકાટ્ય, અશોષ્ય અને અપરિવર્તનશીલ છે. તે સર્વત્ર સર્વમાં સદાય એકરસ છે; પણ એને શોધવા અને પામવાનું સ્થળ હૃદયદેશ છે, બહાર નહીં,-'**हृद्देशेऽर्जुन तिष्ठति**।' પણ અકાટ્ય, અશોષ્ય, અજર-અમર જેવા કોઈ સત્તા અંદર દેખાતી તો નથી. સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરવાથી શોક-સંતાપ, મૃત્યુ અને મોહ જ દેખાય છે. આ અંગે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યુંકે આત્મા છે તો એવો જ; પણ અચિન્ત્ય અને અગોચર છે. જ્યાં સુધી ચિત્ત અને ચિત્તની લહેર છે, ત્યાં સુધી એ અગોચર છે, દેખાતો નથી. (અગોચરનો અર્થ એ નથી કે ઈન્દ્રિયો હોય તો ભગવાન નહીં જ દેખાય. એ દેખાશે), પણ સંયમ પછી એ પ્રભુની દૃષ્ટિથી. અગિયારમા અધ્યાયમાં એમણે પોતે કહ્યું કે અનન્ય ભક્તિથી મને જોઈ શકાય છે અને મારામાં પ્રવેશ પામી શકાય છે.

હવે એક નવો પ્રશ્ન ઊભો થઈ ગયો કે ચિત્તનો નિરોધ કેવી રીતે થાય? એ માટે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું-અર્જુન! તું કર્મ કર. તે નિયત કર્મ છેઃ યજ્ઞને કાર્યરૂપ આપવું. આરંભમાં દૈવી સંપદાના ગુણોને હૃદયમાં બરાબર ધારણ કરવા એ યજ્ઞ છે. આહાર અને ઈન્દ્રિયોનો સંયમ એ યજ્ઞ છે. સાધના સૂક્ષ્મ થાય ત્યારે શ્વાસ અને ઈન્દ્રિયોનો સંયમ એ યજ્ઞ છે. સાધના સૂક્ષ્મ થાય ત્યારે શ્વાસ-ઉચ્છ્વાસનો જપ એ યજ્ઞ છે. યજ્ઞસ્વરૂપ મહાપુરુષનું ધ્યાન કરવું એ યજ્ઞ છે. આ રીતે ચૌદ અંગોથી યજ્ઞનું ચિત્રણ ચોથા અધ્યાયમાં કર્યું છે, એ બધાં મળીને ચિત્તના નિરોધની વિધિવિશેષ બને છે, જેના આચરણથી પ્રાણોનો વિસ્તાર થઈ જાય છે, નથી ભીતરથી

સંકલ્પ જાગતા અને નથી બાહ્ય વાયુમંડળના સંકલ્પ અંદર પ્રવેશ કરી શકતા. આ જ ચિત્તની અચિન્ત્ય અવસ્થા છે, મનની નિરોધાવસ્થા છે, સામ્યાવસ્થા છે.

પ્રાણોની પ્રવૃત્તિઓ શાંત થતાં જ યજ્ઞ પૂરો થઈ જાય છે, પરિણામ આવી જાય છે, જેમ આગલા જ શ્લોકમાં કહ્યું છે,-'**यज्ञशिष्टामृत भुजो यान्ति ब्रह्म सनातनम्**।'-યજ્ઞના સમાપ્તિકાળમાં યજ્ઞ જેની સંરચના કરે છે, તે અમૃત છે. એ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી સનાતન બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે. પહેલાં કહ્યું, આત્મા સનાતન છે. અહીં કહે છે, બ્રહ્મ સનાતન છે. વસ્તુતઃ આત્મા, પરમાત્મા, તત્ત્વ, પરમતત્ત્વ, ઈશ્વર, સચ્ચિદાનંદ, ભગવાન, શાશ્વત, બ્રહ્મ વગેરે એક જ પરમાત્માનાં વિવિધ નામ છે.

આ રીતે ચિત્તની અચિન્ત્યાવસ્થામાં, નિરોધાવસ્થામાં તે અગોચર સનાતન આ જ ઈન્દ્રિયોમાં પ્રવાહિત થઈ જાય છે. પ્રવાહિત જ નહીં, પ્રાપ્ત થઈ જાય છે; પણ યોગેશ્વર શ્રીકૃષ્ણ આટલેથી જ અટકતા નથી. તેઓ આ પણ સ્પષ્ટ કરી દેવા માગે છે કે '**ब्रह्मवेत्ता ब्रह्मैव भवति**' '**जानत तुम्हहि तुम्हहि होई जाई**।'-એમના જ શબ્દોમાં જોઈએ,- '**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितम मनः**'-એ પુરુષો દ્વારા જીવંત અવસ્થામાં જ સંપૂર્ણ સંસાર જીતી લેવાયો, જેનું મન સમત્વમાં સ્થિત છે. તો સમત્વની સ્થિતિ સાથે અને સંસારને જીતવા સાથે શો સંબંધ છે? જો સંસાર જીતી જ લીધો હોય, તો એ ક્યાં ગયો? અટક્યો ક્યાં? આ વિશે કહે છે, '**निर्दोषं हि तमं ब्रह्म**'-એ બ્રહ્મ નિદોર્ષ અને સમ છે. અહીં એનું મન પણ સમત્વની સ્થિતિવાળું થઈ ગયું. '**तस्माद् ब्रह्माणि ते स्थिता**' માટે તે બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે.

આ સ્થિતિ જે યજ્ઞથી મળી હોય, એ જ યજ્ઞને કાર્યરૂપ આપવું એ કર્મ છે. માટે જે કર્મ પર ભાર મૂકતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે બીજા અધ્યાયના ૩૯મા શ્લોકમાં કહ્યું કે હવે તું નિષ્કામ કર્મયોગ વિશે સાંભળ, જેની

સાથે જોડાયેલો તું કર્મોનાં બંધનને સારી રીતે નષ્ટ કરીશ. માટે જે કર્મ બંધનોથી છોડાવે તેને કર્મ કહે છે. આ નિયત કર્મની બીજી વિશેષતા દર્શાવે છે કે '**नेहाभिक्रमनाशोऽस्ति**'-આ નિષ્કામ કર્મયોગમાં આરંભનો નાશ નથી થતો, જો કર્મનો આરંભ પણ કરી દે તો એ પુરુષનો અને એ ક્રિયાનો ક્યારેય નાશ નથી થતો, કલ્યાણ કરીને જ રહેશે. હજી થયું નથી, પણ કલ્યાણનું આરક્ષણ સારી રીતે થઈ ગયું. આ જન્મમાં જ્યાંથી સાધના છૂટે છે, નવા જન્મમાં ત્યાંથી જ તે શરૂ કરે છે. બેચાર જન્મ પછી ત્યાં જ પહોંચી જાય છે, જેનું નામ પરમગતિ છે. આ જ કર્મની ત્રીજી વિશેષતા. કહે છે કે '**प्रत्यवायो न विद्यते।**' આ કર્મ કરવાથી વિપરીત અને સીમિત ફળરૂપી દોષ પણ નથી થતો કે તમને સ્વર્ગ-વૈકુંઠ, રિદ્ધિ-સિદ્ધિઓ, ધર્મશાળા-પાઠશાળા, આશ્રમ કે લાલસામાં ગૂંચવી દે. ચોથી વિશેષતા છે, '**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।**' આ ધર્મનું થોડુંક પાલન પણ જન્મ-મૃત્યુના મહાન ભયથી ઉદ્ધાર કરાવનાર હોય છે.

કયા ધર્મનું? આ જ નિયત કર્મનું આચરણ જ ધર્મ છે. અહીંથી જ ધર્મનું આચરણ શરૂ થાય છે, જેના પરિણામે સનાતન વિદિત થઈ જાય છે. જે કર્મનું આચરણ જ ધર્મ છે, એ જ કર્મને યોગેશ્વર શ્રીકૃષ્ણે સાધકોની આંતરિક દુર્બલતાના આધાર ચાર ભાગમાં વહેંચ્યું. ચોથા અધ્યાયના તેરમા શ્લોકમાં તેઓ કહે છે, '**चातुर्वर्ण्यं मया सृष्टं**'-મેં ચાર વર્ણોની સંરચના કરી. તો શું મનુષ્યોને ચાર ભાગમાં વહેંચ્યા? કહે છે કે ના, '**गुणकर्म विभागशः**' ગુણોના માધ્યમથી કર્મને ચાર ભાગમાં વહેંચ્યું.

આ વિભાજનનો માપદંડ છે ગુણ. અંતઃકરણમાં જ્યારે તામસી ગુણની અધિકતા હોય ત્યારે આળસ-નિદ્રા-પ્રમાદ, કર્તવ્ય-કર્મમાં પ્રવૃત્ત ન થવાનો સ્વભાવ, અકર્તવ્ય-કાર્યોને ન ઓળખવાનો સ્વભાવ હશે. મોહમયી પ્રવૃત્તિઓનું દબાણ રહે છે. બે કલાક ધ્યાન ધરે તો પણ મનની સ્થિરતા પામતો નથી. આવી પરિસ્થિતિમાં ધર્મનું આચરણ કયાંથી શરૂ કરે? એ વિશે કહે છે,-'**परिचर्यात्मकं कर्म**'-આ જ કર્મને સેવાથી શરૂ કરો.

બરાબર આ જ રીતે અર્ધ-તામસી ગુણ સમાપ્ત થઈ જાય તો એ વૈશ્ય છે. ધ્યાનમાં મન લાગવા માંડશે, ઈન્દ્રિય-સંયમની ક્ષમતા હશે. તામસી ગુણથી સાથે અર્ધો રાજસી ગુણ પણ શાંત થઈ જાય અને અર્ધો સાત્ત્વિક ગુણ પણ આવી જાય, ત્યારે એ ક્ષત્રિય વર્ણની યોગ્યતાવાળો હશે. તે પ્રકૃતિના દ્વંદ્વથી ન ગભરાનાર સ્વભાવનો, શૌર્ય-તેજયુક્ત હશે અને આ જ નિષ્કામ કર્મને સારી રીતે ચરિતાર્થ કરશે. તામસી અને રાજસી ગુણ એકદમ શાંત થઈ જાય, સાત્ત્વિક ગુણ જ ક્રિયાશીલ હોય, ત્યારે એના સ્વભાવના બ્રહ્મમાં પ્રવેશ અપાવનારી યોગ્યતા હશે. તેથી તે બ્રાહ્મણ શ્રેણિનું વ્યક્તિત્વ છે. તેમાં મનનું શમન, ઈન્દ્રિયોનું દમન, તપ, ધારણા, ધ્યાન, ઈશ્વરીય અનુભૂતિ વગેરે બ્રહ્મમાં પ્રવેશ કરાવનારી યોગ્યતા સહજપણે સ્વભાવમાં પ્રવાહિત હોય છે, માટ તે બ્રાહ્મણ-શ્રેણિનાં કર્મનો કર્તા છે. આ બધું '**स्वभाव प्रभवैर्गुणैः**'-સ્વભાવમાં ઉત્પન્ન થયેલા ગુણોના આધાર બને છે અને એને અનુસરીને જ કર્મ કરવું એ તે વ્યક્તિનો ધર્મ છે.

અધ્યાય ૧૮ના ૪૫મા શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે '**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः**' સ્વભાવથી ઉત્પન્ન કર્મની ક્ષમતા અનુસાર કર્માચરણ કરીને મનુષ્ય ભગવત્ પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અર્જુન! જે રીતે સ્વભાવમાં પામેલી ક્ષમતા અનુસાર કર્મમાં સંકળાયેલો મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અર્જુન! જે રીતે સ્વભાવમાં પામેલી ક્ષમતા અનુસાર કર્મમાં સંકળાયેલો મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એ વિધિ તું મારી પાસેથી સાંભળ. તમે બધા પણ એ જ વિધિ પર ધ્યાન દો. (અધ્યાય ૧૮, શ્લોક ૪૬), વિધિ છે કે જે પરમાત્માથી સમગ્ર ભૂતોની ઉત્પત્તિ થઈ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, એ પરમાત્માને સ્વભાવથી ઉત્પન્ન કર્મ કરવાની ક્ષમતા અનુસાર અર્ચન કરીને, સારી રીતે શ્રદ્ધાપૂર્વક પૂજીને (જેનું નિરૂપણ સમગ્ર ગીતામાં ઠેર ઠેર છે) મનુષ્ય પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે. એથી સ્પષ્ટ છે કે આ કર્મપથમાં એક પરમાત્માનું અર્ચન, સર્વાંગીણ પૂજન કરવું અને ક્રમાનુસાર સોપાન પર

ચાલવું એ જ મુખ્ય વિધિ છે.

આગળ જતાં આને જ ધર્મ કહીને સંબોધિત કરે છે (જુઓ અધ્યાય ૧૮, શ્લોક ૪૭). '**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्।**'-સ્વભાવથી ઉત્પન્ન કર્મ કરવાની ક્ષમતા અનુસાર કર્મમાં પ્રવૃત્ત થવું એ આપણો ધર્મ છે, જવાબદારી છે. એ શૂદ્ર શ્રેણિનો પણ કેમ ન હોય, સેવાવૃત્તિ પર ઊભો હોય, ત્યારે પણ આ જ સ્તરથી કરે તો તે પરમશ્રેય અપાવનાર છે. જો અંદર ક્ષમતા ન હોય અને ક્ષમતાવાળાની નકલ કરવા ઈચ્છે, સારી રીતે અનુષ્ઠાનનો પ્રયત્ન કરે તો પણ ભય જ પ્રાપ્ત કરશે, પરમશ્રેય નહીં. માટે સ્વભાવથી ઉત્પન્ન કર્મની શ્રેણિ પ્રમાણે ધર્માચરણ કરીને તમે બધાં જ પાપોથી એટલે કે જન્મ-મરણના ફેરાઓમાંથી મુક્ત થઈ જશો.

સાથે જ, બ્રાહ્મણ શ્રેણિનાં કર્મ પણ દોષપૂર્ણ છે, કારણ કે પ્રકૃતિનો અંતિમ સાત્ત્વિક ગુણ હજી જીવંત છે. ત્યાં પણ પતનનાં લક્ષણ વિદ્યમાન છે, તે પડી જઈ શકે છે. માટે તે ગુણ જ્યાં સુધી શાંત ન થઈ જાય ત્યાં સુધી સ્વભાવથી ઉત્પન્ન કર્મ જ આપણો સ્વધર્મ છે. એનું ક્રમાનુસાર પાલન કરતાં કરતાં મનુષ્ય એ શાશ્વત-અમૃતતત્ત્વ-આત્મભાવને બરાબર જાણી લે છે. દર્શન-સ્પર્શ અને પ્રવેશ પામે છે. માટે આ કર્મનું પાલન જ ધર્મનું પાલન છે.

ગીતા અનુસાર આ ધર્માચરણના અધિકારી કોણ છે? ક્યાંક તમે એમ તો નથી માની બેઠાને કે ધર્મ તો સાધુ-મહાત્માઓ માટે છે, ગૃહસ્થ એનું પાલન નહીં કરી શકે? આ વિશે કહે છે (અધ્યાય ૪/૩૬), અર્જુન! તું બધા પાપીઓથીય વધારે પાપ કરનાર કેમ ન હોય, (અધ્યાય ૯નો ૩૦મો શ્લોક, પણ-'**अपि चेत् सदुराचारो**'-અર્જુન! અત્યંત દુરાચારી પણ) જો અનન્ય અર્થાત્ અન્ય ન, મને છોડીને બીજા કોઈ દેવને ન ભજે ને કેવળ મને ભજે છે, તે સાધુ જ માનવા યોગ્ય છે; કારણ કે એ યથાર્થ નિશ્ચયથી ભજે છે. '**क्षिप्रं भवति धर्मात्मा**'-તે તરત જ ધર્માત્મા થઈ જાય

છે. પરમધર્મ પરમાત્મા સાથે સંયુક્ત અંતઃકરણવાળો થઈ જાય છે, અને સદા રહેનારી શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે છે.

માટે, તમે અત્યંત દુરાચારી પણ કેમ ન હો અને બીજા ઘણા દુરાચારોની યોજના પણ કેમ ન બનાવતા હો, જો એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને એની પ્રાપ્તિની ક્રિયા-યજ્ઞની પ્રક્રિયામાં કર્મમાં શ્રદ્ધા સાથે લીન થાઓ તો તમે સંત છો, શુદ્ધ ધાર્મિક છો. હા ક્રિયા માટે તત્ત્વદર્શી પ્રત્યે શ્રદ્ધા અને સાન્નિધ્ય આવશ્યક છે. એ એક પરમાત્મા સિવાય સૃષ્ટિમાં કાંઈ જ સત્ય નથી, બીજા કોઈને પૂજવાનું વિધાન નથી.

નોટઃ આટલો સ્પષ્ટ નિર્દેશ હોવા છતાં લોકો પથ્થર, પાણી વગેરેને પૂજતા જ રહે છે. 'શું પથ્થરમાં ભગવાન નથી? મૂર્તિપૂજા સગુણોપાસના છે. હૃદયમાં ધ્યાન ધરવું એ તો જ્ઞાનમાર્ગ છે.' વસ્તુતઃ આ બધી ભ્રાંતિઓ છે. આવો, ગીતાના જ પ્રકાશમાં આ પ્રશ્ન પર વિચાર કરીએ.

યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે આત્મા અકાટ્ય છે, અશોષ્ય છે, સનાતન છે, અમૃતસ્વરૂપ છે, સદા અને સર્વત્ર રહેનાર આ જ એક શાશ્વત છે. પ્રશ્ન થાય છે,-શું તમે ભગવાન હોવાથી આમ કહો છો? શ્રીકૃષ્ણે સમાધાન કર્યું કે ના અર્જુન! અજર-અમર-શાશ્વત-સનાતન-સર્વવ્યાપી-અમૃતસ્વરૂપ વગેરે સગુણધર્મોયુક્ત આત્માને તત્ત્વદર્શીઓએ સારી રીતે જોયો છે. કોણે જોયો? તત્ત્વદર્શીઓ. દશ ભષાના વિદ્વાને નથી જોયો, વ્યાકરણનું રટણ કરનારાઓએ નથી જોયો, કોઈ સમૃદ્ધિવાને નથી જોયો, પણ તત્ત્વદર્શીઓએ જોયો છે. શ્રીકૃષ્ણ પણ એ જ સત્ય પ્રગટ કરે છે, જેને તત્ત્વદર્શીઓએ ક્યારેક જોઈ લીધું હતું. એ સત્ય સદૈવ એક જેવું રહ્યું. સમયે સમયે એ સત્યના નામેં ભ્રાંતિઓ થતી રહી છે. સંસારમાં જે મહાપુરુષો થયા છે એ બધાએ ભ્રાંતિઓનું નિરકાકરણ કરીને સમાજને ફરીથી સત્યના એ જ ઉત્તમ પથ પર ઊભો કર્યો છે. શ્રીકૃષ્ણે પણ કહ્યું, '**ऋषिभिर्बहुधा गीतं**'।

હવે એક નવો પ્રશ્ન ઉપસ્થિત થઈ ગયો કે તત્ત્વદર્શન શું છે?

તત્ત્વદર્શી કોણ છે? શું આપણે પણ તત્ત્વદર્શી છીએ? આ વિશે અધ્યાય ૧૮, શ્લોક ૪૯માં કહે છે કે અર્જુન! તત્ત્વદર્શનની ઈચ્છાવાળા પુરુષે એકાંતસેવન કરવું જોઈએ. ઈન્દ્રિયોને વિષયોથી એકદમ સંકેલીને મનને ધ્યાનમાં લીન કરવું જોઈએ. વૈરાગ્યમાં રહીને (વૈરાગીનો વેશ કરીને નહીં) સતત ધ્યાનમગ્ન રહીને કામ, ક્રોધ, લોભ મોહ, મદ, મત્સર આ બધી બહિર્મુખી પ્રવૃત્તિઓ જ્યારે સારી રીતે શાંત થઈ જાય તથા વિવેક-વૈરાગ્ય-શમ-દમ-ધારણા-ધ્યાન અને સમાધિ પણ પરિપુષ્ટ થઈ જાય, એમનામાં સ્થિતિ આવી જાય, ત્યારે એ બ્રહ્મને જાણવા માટે યોગ્ય થાય છે.

આવશ્યકતા તો હતી તત્ત્વની! એક નવી વાત વચ્ચે આવી ગઈ કે એ વ્યક્તિ બ્રહ્મને જાણવા માટે યોગ્ય છે. વસ્તુતઃ તત્ત્વ, બ્રહ્મ, ભગવાન, આત્મા, ઈશ્વર-બધાં એક જ છે.

જે યોગ્યતાઓની પૂરેપૂરી દક્ષતામાં વ્યક્તિ બ્રહ્મને જાણવા માટે યોગ્ય થાય છે, એ યોગ્યતાનું નામ, શ્રીકૃષ્ણના શબ્દોમાં 'પરાભક્તિ' છે, એટલે કે ભક્તિ પરાકાષ્ઠા પર છે, પોતાનું પરિણામ આપવાની અવસ્થામાં છે. આ પરાભક્તિની અવસ્થામાં એ પુરુષ તત્ત્વને જાણે છે.

એ તત્ત્વને જાણે તો છે, પણ એ તત્ત્વ છે શું? પાંચ તત્ત્વ કે પચીસ તત્ત્વ, એમ લોકો ગણતરી કરતા રહે છે. આ તત્ત્વ પ્રકૃતિજન્ય છે. એ વિશે શ્રીકૃષ્ણ કહે છે,-ના, હું જે છું, અજર-અમર-શાશ્વત-અલૌકિક જે ગુણધર્મોવાળો છું; મને જાણે છે અને મને જાણીને તરત તે મારામાં પ્રવેશ પામે છે. તત્ત્વ એટલે એ પરમાત્મા પ્રાપ્તિકાલમાં સાધક પહેલાં ભગવાનને જુએ છે, પણ બીજી જ ક્ષણે તે પોતાનામાં જ અજર-અમર-શાશ્વત-સનાતન વગેરે ગુણધર્મોથી ઓતપ્રોત પોતાના આત્માને જુએ છે. એ છે તત્ત્વદર્શી. એ તત્ત્વદર્શીઓએ જોયું કે આત્મા કે પરમાત્મા શાશ્વત છે, સનાતન છે. આ એમની અનુભૂતિ છે, કે તે કણકણમાં વ્યાપ્ત છે. ''**ईशावास्यमिदं सर्वं**'' '**सीय राम मय सब जग जानी**', '**वासुदेव**

सर्वमिति स महात्मा सुदुर्लभः।' હવે એ મહાન આત્મા છે. પથ્થર-પાણી પૂજીને એ તત્ત્વદર્શી તો થયો નહીં, પણ આરંભિક સાધનાના પ્રવેશ તેઓ જ છે.

તમારે-અમારે માટે જેમ યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે પોતાના સ્વભાવથી ઉત્પન્ન ક્ષમતા અનુસાર નિયત કર્મ (યજ્ઞની પ્રક્રિયાનું આચરણ જ ધર્મ છે, જેની વિધિ તેઓ, ગીતામાં દર્શાવે છે, જેનાથી વિધિના નામે પણ દંભ કરવાની ગુંજાશ ન રહે. પરમાત્માની શોધનું સ્થળ હૃદયદેશ છે. **'तमेव शरणं गच्छ'** એ જ હૃદયસ્થ ઈશ્વરના શરણે જવાનો સ્પષ્ટ આદેશ યોગેશ્વર આપે છે. એની અનુભૂતિનું સ્થાન પણ હૃદય જ છે, **'आत्मानि विदंति'** બહાર ક્યાંય નહીં. તેથી જે લોકો બહાર તત્ત્વપ્રાપ્તિની આશામાં બેઠા છે, તેઓ ભ્રમમાં છે. ભલે ભગવાન સર્વત્ર હોય, પણ પ્રાપ્ત થાય છે હૃદયમાં ધ્યાન કરવાથી જ. **'हृदि अयम्'**-એ હૃદયમાં છે, આ જ હૃદય શબ્દની નિષ્પત્તિ છે.

સારાંશ કે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે આત્મા શાશ્વત છે, આત્મા જ સનાતન છે, એ જ અવિનાશી અમૃતત્ત્વ છે. એ પરમતત્ત્વને પામવું એ આપણી સૌની, માનવમાત્રની જવાબદારી છે. આ જ જવાબદારી યોગેશ્વર કૃષ્ણ તમારો ધર્મ કહી સંબોધે છે. આ જ સનાતન ધર્મ છે. સનાતન ધર્મ શું છે? સનાતન સુધીનું અંતર કપાવનારી ક્રિયાનું આચરણ.

હવે જો તમે આત્મદર્શનવાળા વિધિવિશેષને, આત્મદર્શનવાળી પ્રક્રિયાને ન જાણતા હો તો ધર્મ નામની કોઈ વસ્ત તમારી પાસે નથી. જો ધર્મને માટે તલસતા હો તો આશા રાખનારા જરૂર છો, પણ ધાર્મિક નથી. એને માટે હૃદયમાં તરફડાટ ભલે હોય, પણ વસ્તુ તો ત્યારે શક્ય થાય, જ્યારે ક્રિયા ઉપલબ્ધ હોય, એક પરમાત્મામાં શ્રદ્ધા હોય.

એક પરમાત્માની ભક્તિ સૃષ્ટિનો ધર્મ છે. એ જ એક ધર્મને

ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસમાં ચાર પ્રકારે સમજાવ્યો છેઃ **૧) धरम न दूसरा सत्य समाना ૨) परहित सरिस धरम नहिं भाई ૩) परम धरम श्रुति विदित अहिंसा ૪) एकइ धरम एक ब्रत नेमा।** ચારેનો અર્થ એક છે, ક્રિયા એક છે અને પરિણામ પણ એક જ છે. એમાંથી પ્રસ્તુત છે સર્વપ્રથમ-

धर्म न दूसरा सत्य समाना।
आगम निगम पुरान बखाना॥ ૨/૮૪/૫॥

અર્થાત્ સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી જેની પ્રશંસા વેદ, પુરાણ તથા શાસ્ત્રોમાં છે. પ્રશ્ન ઊઠે છે કે સત્ય શું છે? કોઈ કહે છે કે હું સાચું બોલું છું, જુઠ્ઠું ન બોલો, કોઈ કહે છે કે પૃથ્વી ડોલે છે એ સાચું છે, તો કોઈ કંઈક કહે છે. લોકોએ નશ્વર પ્રકૃતિમાં સત્ય-અસત્યની સીમાઓ બનાવી રાખી છે. કોઈ એ સીમામાં બોલે છે તો સત્ય અને એ પરિધિની બહાર બોલે છે તો અસત્ય, વિનય-પત્રિકામાં ગોસ્વામીજી કહે છે,-''**कोउ कह सत्य झूठ कह कोउ, युगल प्रबल करि माने**'' કોઈ આ સૃષ્ટિને સત્ય કહે છે, તો કોઈ બ્રહ્મ અને સંસાર બંનેને સત્ય માને છે, પણ ''**तुलसीदास परिहरै तीन भ्रम, सो आतम पहिचाने।**'' તુલસીદાસજી કહે છે કે આ ત્રણે વિચાર ભ્રામક છે. આ ત્રણે ભ્રમોનો પરિત્યાગ કર્યા પછી જ આત્માનુભૂતિ સંભવ છે. અર્થાત્ સૃષ્ટિમાં ક્યાંય સત્ય છે જ નહીં. '**झूठइ लेना झूठइ देना। झूठइ भोजन झूठ चबेना॥**' જગતનો વ્યવહાર બધો જૂઠો છે. ભગવાન શિવનો નિર્ણય છેઃ **जेहि जाने जग जाइ हेराई? जागे जथा सपन भ्रम जाई॥** (૧-૧૧૧-૨)-જેને જાણી લેવાથી જગત જ ખોવાઈ જાય છે, જેમ જાગી ગયા પછી સ્વપ્નનો ભ્રમ દૂર થાય છે, તેમ. એટલે કે જગત એક ભ્રમ છે, જે ખોવાઈ જાય છે. જે સમાપ્ત થઈ જાય, એમાં સત્ય જ શું છે? જેનું કોઈ અસ્તિત્વ જ નથી, એ સત્ય કેવું? સૃષ્ટિ સત્ય કે અસત્ય છે અથવા બંનેય છે,-એવા

વિચાર ભ્રામક છે. આ ત્રણેય વિચારોને જે તજી દે છે એ જ પોતાના સ્વરૂપને ઓળખે છે. ઠીક. સૃષ્ટિમાં સત્ય છે જ નહીં. તો સત્ય શું છે? એ વિશે એ મહાપુરુષે પોતે નિષ્કર્ષ રજૂ કર્યો,-

व्यापक एक ब्रह्म अविनाशी। सत्य चेतन घन आनंद राशी॥
अस प्रभु हृदय अछत अधिकारी। सकल जीव जग दीन दुखारी॥

એ પ્રભુ કણકણમાં વ્યાપ્ત છે, એક છે. આજ સુધી એક સિવાય બીજો ક્યારેય થયો નથી. એ બૃહત્ છે માટે બ્રહ્મ કહેવાય છે. એ અવિનાશી છે જેનો કદી વિનાશ નથી થતો. એ સત્, ચેતન અને આનંદની રાશિ છે, એ જ પરમ સત્ય છે. આવો પ્રભુ બધાના હૃદયમાં વાસ કરે છે, તે અવિકારી છે. કોઈ કૂતરો બિલાડી કાંઈ પણ ખાતું હોય, એ વિકારો સાથે એને કાંઈ પણ લેવાદેવા નથી. તે દ્રષ્ટારૂપે હૃદયદેશમાં વિદ્યમાન છે. એવો પરમાત્મા જે હૃદયદેશમાં છે, એને કેવી રીતે જાણવો? ''**नाम निरुपण नाम जतन ते। सोइ प्रकटत जिमि मोल रतन ते।**'' પહેલાં તો નામનું નિરૂપણ કરવું જોઈએ, એટલે કે નામનુ સ્પષ્ટીકરણ કરવું જોઈએ કે નામ છે શું? જ્યારે સમજાઈ જાય ત્યારે દિનરાત એને માટે પ્રયત્ન કરો, જેથી એ પ્રગટ થઈ જાય. એક જ નામને જપવા માટે કેટલીય શ્રેણિઓ પાર કરવી પડે છે,-'**राम नाम में अन्तर है, कहीं हीरा है कहीं पत्थर है।**' નામ એ જ છે. કોઈ ચોવીસ કલાક જપે ને કાંકરા હાથમાં આવે. એ જ નામને કોઈ એટલું જ જપે, હીરા હાથ લાગી જાય. નામ જપવાની વિધિ મહાપુરુષો દ્વારા જાગ્રત થાય છે. એમના નિર્દેશ પ્રમાણે ચાલવું એ જ ધર્મ છે. કેવળ શ્રદ્ધા રાખીને નામ-જપ દ્વારા એ પરમાત્માને જે તમારા હૃદયાદેશમાં છે, જગાડવાનો જ છે. એ પરમાત્મા પ્રત્યે સમર્પણ, શ્રદ્ધા સ્થિર કરવી એ ધર્માચરણ છે.

૨-એક જગાએ ધર્મનો સંકેત કરીને ગોસ્વામીજી કહે છે,-'**परहित सरिस धर्म नाही भाई। पर पीडा राम नहि अधमाइ**' (૭-૪૦-૧).

જીવ-જગતમાં જેટલું કાંઈ દેખાય-સંભળાય છે, તે બધું પ્રકૃતિના અંતર્ગત છે. એનાથી પર કેવળ આત્મા છે,-''**प्रकृति पार प्रभु सब उरवासी**''।

તે પ્રકૃતિથી પેલે પાર છે, તેથી પર કહેવાય છે. આ આત્માના હિત જેવો કોઈ ધર્મ નથી અને એ આત્માને પીડા પહોંચાડવા જેવું કોઈ અધમ કૃત્ય નથી. ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે અર્જુન! આત્મા જ શત્રુ અને આત્મા જ મિત્ર છે. જે પુરુષ દ્વારા મનસહિત ઈન્દ્રિયો જિતાઈ ગઈ છે એને માટે એનો જ આત્મા મિત્ર બનીને મિત્રતાથી વર્તે છે અમે પરમકલ્યાણ કરનાર હોય છે. પણ જે પુરુષ દ્વારા મનસહિત ઈન્દ્રિયો જિતાઈ નથી એને માટે એનો જ આત્મા શત્રુ બનીને શત્રુતાથી વર્તે છે. અધોગતિ અને નીચ યોનિઓમાં ફેંકે છે. માટે અર્જુન! તું તારા વડે તારા આત્માનો ઉદ્ધાર કર, એને અધોગતિમાં ન નાખ. વાસ્તવમાં આ જ પરહિત છે. આત્મા પ્રકૃતિથી પેલે પાર છે માટે જ પર કહેવાય છે. પણ ''**सो माया वश भरउ गोसाई। बंधेउ कीर मरकट की नाई।**'' એ બંધાયેલો છે. એને બંધનમાંથી છોડાવીને, એના પોતાના સહજ સ્વરૂપમાં સ્થિતિ અપાવવા સમાન બીજો કોઈ ધર્મ નથી.

૩-''**परम धरम श्रुति विदित अहिंसा**।'' શ્રુતિ અર્થાત્ ઉપાસનામાં નિમગ્ન મહાત્માઓને પ્રભુ દ્વારા સમયે સમયે અપાયેલી જાણકારીનું સંકલન તે વેદ છે. એમાં એ મહાપુરુષોની અનુભૂતિઓનો સંગ્રહ છે, જેઓ ઈશ્વર-તદ્રૂપ હતા, સમીપ પહોંચ્યા હતા. પ્રાપ્તિ પછી ઈશ્વર કોની પાસે અધ્યયન કરાવશે અને કોણ અધ્યયન કરશે? જ્યાં સુધી કંઈક અંતર રહે છે, ત્યાં સુધી ભગવાન કંઈક સમજાવે છે. આ અનુભૂતિઓનું થોડોક સમય શિષ્ય-પરંપરામાં રટણ થતું રહ્યું. વેદવ્યાસે એને પુસ્તકાકાર આપ્યો, પણ તમે આરાધના કરશો તો વેદ તમારે માટે નવેસરથી ઊતરશે. પેલું પુસ્તક કામ નહીં આવે, કારણ કે ઈશ્વર સદા બોલતા રહે છે, સદૈવ સમજાવતા રહે છે, જડચેતન બધેથી બોલે છે. એ આદેશોને પકડનાર

સાધકો જ એમની અમુભૂતિ પામે છે. ધીરે ધીરે સાધકમાં દૃષ્ટિ જાગ્રત થાય છે. એ દૃષ્ટિથી પ્રભુની વિભૂતિઓ દેખાય-સંભળાય-સમજાય છે, પણ પુસ્તક આપણને દૃષ્ટિ આપી શકતું નથી. તે આપણને કેવળ એટલો જ બોધ કરાવે છે કે આપણે કઈ દિશામાં પ્રયાસ કરવો.

આદેશો અનુસાર પ્રયાસથી આત્મા જાગ્રત થઈને માર્ગદર્શન કરવા માંડે છે. પરમાત્માનું ધ્યાન ધરવાથી જે કાંઈ જાણી શકાય એને અનુસરીને આચરણ કરવુ એ પરમધર્મ છે. ધર્મની આ પરિભાષા પ્રયોગાત્મક છે. ઈશ્વરે આપેલા આદેશોનું પાલન કરવું એ અહિંસા છે અને જો સાધક આ આદેશોમાં કાપ મૂકે, એની અવહેલના કરે તો એ હિંસા છે, તે હત્યારો છે. અહિંસાનો શુદ્ધ અર્થ છે એક પરમાત્માનું ચિંતન (ધ્યાન, ઉપાસના).

ભગવાન રામે એક વાર સભા બોલાવી. એક દૃષ્ટાંત રજૂ કર્યું કે મનુષ્ય શરીર ભવસાગર પાર ઊતરવા માટે જહાજ જેવું છે. મારી અનુકૂળતા જ અનુકૂળ પવન છે. સદ્‌ગુરુ કર્ણધાર એટલે સુકાની છે. આ દુર્લભ સંયોગ જો ઉપલબ્ધ થાય અને તો પણ કોઈ ભવસાગર પાર નથી ઊતરતો, ઉપાસના નથી કરતો તો એ કૃતનિંદક છે, કાલ પર ટાળે છે, નજર બચાવીને ચાલ્યો જાય છે, મંદબુદ્ધિ છે. પોતાના આત્માનો હત્યારો છે. આ જે હિંસા પણ જેમ જેમ ધ્યાન ધરશો, પ્રભુની સ્મૃતિ મળતી જશે. એ અનુસાર આચરણ અહિંસા છે, આ જ ધર્માચરણ છે.

४-एकई धर्म व्रत नेममा। काय वचन मन पति पद प्रेममा॥

સૃષ્ટિમાં એક જ ધર્મ છે-મન, કર્મ અને વચનથી પતિનાં ચરણકમળમાં પ્રીતિ. માતાઓ તો પતિનાં ચરણોની સેવા કરી લેશે, પણ લાગે છે કે પુરુષવર્ગ આ કામથી વંચિત રહી જશે; પણ ખરેખર એવું નથી, આધ્યાત્મિક પરિભાષામાં મહાપુરુષોએ પરમાત્માને જ પતિ વગેરે શબ્દોથી સંબોધિત કર્યા છે. કિષ્કિંધાકાંડનું પ્રકરણ છે કે હનુમાન ભગવાન

રામને મળ્યા અને પોતાની દીનતા રજૂ કરી, ઉપાલંભ આપ્યો કે કપિ તું તારા મનમાં જરાય ગ્લાનિ ન કર, તું મને લક્ષ્મણ કરતાંય વધુ પ્રિય છે. ''**देखि पवनसुत पति अनुकूला। हृदय हरष बीती सब शूला॥**'' હનુમાને પતિને અનુકૂળ જોયા, તેથી તેમનું હૃદય હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયું, બધું દુઃખ દૂર થઈ ગયું. હનુમાન શું નારી હતા? વાનરજાતિના પુરુષ હતા. પત એટલે આબરૂની રક્ષા કરનાર પતિ છે. '**पुनरपि जननम पुनरपि मरणम्**'ની દયનીય દશાથી ઉગારીને જે સહજસ્વરૂપની સ્થિતિ અપાવવા સમર્થ હોય, એવા એકમાત્ર પરમાત્મા જ છે, એ જ સમગ્ર જીવોના વાસ્તવિક પતિ છે. તેથી હનુમાને ભગવાન શ્રીરામને પતિ કહીને સંબોધ્યા. સંતોએ નિવેદન કર્યું કે ''**अस अभिमान जाइ जनि भेरे। मै सेवक रघुपति मोरे**'' ઠીક. જો આપણે નિયમનું પાલન કરવું હોય, વ્રત લેવું હોય, ધર્માચરણ કરવું હોય તો મન-વચન-કર્મથી. પત રાખનાર એકમાત્ર પરમાત્માના ચરણકમળમાં પ્રીતિ રાખવી જોઈએ, આ જ પતિવ્રત છે એક પરમાત્મા પ્રત્યે સમર્પણ તથા સત્પુરુષોની સેવા-એ સિવાય સૃષ્ટિમાં કોઈ ધર્મ નથી.

सोइ धर्मज्ञ गुनी सोइ ज्ञाता। सोइ महिमंडित पंडित दाता॥
धर्म परायन सोइ कुल ताता। राम चरन जाकर मन गता॥

એ જ સર્વજ્ઞ છે, ધર્મ-વિશેષજ્ઞ છે, એ જ ગુણવાન છે, જ્ઞાતા છે, બધું જ જાણે છે, પૃથ્વી પર એ જ સન્માનિત પુરુષ છે, એ પંડિત છે, એના પાંડિત્યમાં કોઈ ઊણપ નથી, એ દાતા છે, અર્થાત્ એની પાસે દેવા જેવી કોઈ વસ્તુ છે, એ કુળ જ પૂર્ણ ધાર્મિક છે, જેનું મન રામચરણમાં-એક પરમાત્માનાં ચરણોમાં અનુરક્ત છે. એક પરમાત્માની પ્રાપ્તિની ક્રિયા ધર્મ છે. રામચરણમાં મન રંગાઈ જાય એ જ ધર્મ છે. ગોસ્વામીજી અનુસાર એક પરમાત્મા પ્રત્યે સમર્પણ જ સનાતન ધર્મ છે.

સનાતન ધર્મ કેવળ હિન્દુ કહેવાતા સમાજનો ધર્મ નથી, કેવળ ભારતનો ધર્મ નથી, પણ સાર્વભૌમ છે. ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી

સર્વત્ર મનુષ્યમાત્રમાં એક જેવી ધારણા, એ જ દશ ઈન્દ્રિયો અને એક મન, પ્રકૃતિની લાલસા અને શાંતિની શોધ વિદ્યમાન છે. પ્રકૃતિની થપાટોથી ગભરાઈને જ્યારે એ સુખ અને શાંતિની શોધમાં નીકળશે, ત્યારે એણે એ જ શાશ્વત સનાતનને શરણે આવવું પડશે. '**राम विमुख सुख सपनेहु नाहीं**।' રામથી વિમુખ રહેનારને સપનામાંયે સુખ નથી. વિશ્વમાં જે કોઈ આ આત્મપથ તરફ, શાશ્વત શાંતિ તરફ આગળ વધે છે, એ શૂદ્ર સનાતનધર્મી છે.

આત્માને વિદિત કરાવી દેતી ક્રિયાનો આવિષ્કાર વિશ્વમાં ક્યાંય પણ થઈ શકે, પણ સદ્‌ભાગ્યે ભારતમાં થયો. ભારતે જે બધાને ભેટ આપી, માટે ભારત વિશ્વગુરુ કહેવાયું. ભારતમાં જ મહાપુરુષ બુદ્ધ થયા. અર્ધું જગત એમનું અનુયાયી હતું. એમની જ અનુયાયી-પરંપરામાં ઈશુ થયા. એક પરમાત્માની પૂજાનો ઉપદેશ તેઓ કરતા જ હતા, ત્યાં જ યહૂદીઓએ એમને શૂળી પર ચડાવી દીધા. આવી જ પરિસ્થિતિ મુહમ્મદ સાહેબ સમક્ષ હતી. આત્માને વિહિત કરાવનારી ક્રિયાનું ક્રમબદ્ધ વર્ણન કરવાનો અવસર એમને પણ ન મળ્યો.

મોટા ધર્મની બાબતમાં મોટા ભાગનો સમાજ રસ્તો ભૂલેલો છે. કોઈ એને મૂર્ખતાભર્યું આચરણ કરનાર માને છે, તો કોઈ એને નિરર્થક, નકામું આચરણ માને છે. કોઈ એને ડરી ગયેલા લોકોનું સુરક્ષા કવચ તો કોઈ પરોપજીવનીઓનું સ્વર્ગ કહે છે. દોષ કહેનારાઓનો નથી. ધર્મ એમને સમજાવાયો જ ક્યારે હતો?

જુઓ, ધર્મને નામે કાંઈ પણ કરવાથી કે બાહ્ય વિચારોને બૌદ્ધિક માન્યતા આપી દેવાથી કોઈ ધાર્મિક નથી થઈ જતું. ધાર્મિક એ છે જે આત્મદર્શનના નિયમોની સ્ફૂર્તિથી અનુપ્રાણિત રહે છે. એનું આત્માનુશાસન, એકાગ્રતા, યુક્તાહાર-વિહાર, ઈન્દ્રિય-સંયમ વગેરે ગુણ દેશ અને માનવસમાજને ઉન્નતિના શિખર પર લઈ જવામાં ઉપયોગી છે.

ધર્મની સાચી નિષ્ઠા આવી જાય પછી મનુષ્યને સ્નાયુરોગ કે ઘાતકરોગ કદી નથી થતા; કારણ કે વિનય અને શ્રદ્ધાથી એનું હૃદય દ્રવીભૂત રહે છે. એને ભરોસો રહે છે કે એ પ્રભુ જોઈ લેશે. માનસિક તાણથી પણ એ મુક્ત રહે છે. સમૃદ્ધિને પણ ઈશ્વરની ભેટ માનીને અહંકારથી બચી જાય છે. એક પરમાત્મ પથ પર જો તમે આગળ હો અને સામૂહિક જાણકારી રાખતા હો, તો તમે એક સંગઠન અને એક સૂત્રમાં બંધાઈ જશો અને જે સમાજ એક સૂત્રમાં બંધાયેલો હોય એને દુખ નથી હોતું.

બન્ધુઓ! ધર્મની જાણકારી માટે તમે તીર્થોમાં જાઓ છો? ધર્મની બાબતમાં જો સચ્ચાઈ ન હોય તો જીવન વ્યર્થ વીતી જાય છે. આ મનુષ્યશરીર સૃષ્ટિમાં સર્વોત્કૃષ્ટ છે,-'**न हि मानुषात् श्रेष्ठतरं हि किंचित्।**' કારણ કે સૃષ્ટિ પર એ જ એકમાત્ર વિચારશીલ પ્રાણી છે. એનામાં પરમાત્માનીય શોધની ક્ષમતા દેખાઈ છે. માનવશરીરનો સૌથી મોટો ઉપયોગ પણ આ જ છે કે શરીર હોય તો જ પરમાત્માની અનુભૂતિ કરી શકાય.

મનુષ્ય જ્યારે આ દિશામાં ચાલે છે, ત્યારે કોઈક પૂજાપદ્ધતિઓ, કોઈ પંથ એને વારસામાં મળી જ જાય છે. આપણનેય મળ્યો હતો, પણ પંથ, સંપ્રદાય, પૂજાપદ્ધતિ, વેશ, અખાડા, દ્વાર તો લક્ષ્ય નથી. એમનું સમર્થન કરવા માટે આપણને બધાને મનુષ્ય શરીર નથી મળ્યું. શ્રીકૃષ્ણ અનુસાર આ બધી અવિવેકીઓ અને મૂઢબુદ્ધિવાળાઓની ભેટ છે. ભગવત્-પથમાં નિર્ધારિત ક્રિયા એક જ છે; પણ અવિવેકીઓની બુદ્ધિ અત્યંત શાખાઓવાળી હોય છે, તેથી તેઓ એક નિર્ધારિત ક્રિયાને બદલે અનેક ક્રિયાઓની સંરચના કરી લે છે. એટલું જ નહીં, તેઓ દેખાવની શોભાયુક્ત વાણીમાં એને વ્યક્ત પણ કરે છે. એમની વાણીની છાપ જેમના ચિત્ત પર પડે છે, અર્જુન! એમનીયે બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, નહીં કે તેઓ ઉપાસના કરે છે. પછી એમને સાચી વાત કહેવામાં

આવે તોય તેઓ સાંભળતા નથી, જલદી ગ્રહણ કરતા નથી, કારણ કે પૂર્વગ્રહો છોડી નથી શકતા, રૂઢિને વળગી રહે છે કે 'બધા આમ જ કરે છે, હું નહીં કરું તો લોકો શું કહેશે?' વાસ્તવમાં કોઈ ધર્મસંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા એ કાંઈ ધર્મની કસોટી નથી. આને જ લક્ષ્ય કરીને સંત કબીર કહે છે,-

मैं भी भागा जाइयाँ, लोक वेद के साथ।
आगे ते सत्‌गुरु मिल्या, दीपक दीन्हा हाथ॥
दीपक दीन्हा तेल भरि, बाती दई अघट्ट।
पूरा किया बेसाहुणा, बहरि न आवौं हट्ट॥

ધર્મ મનુષ્યને માટે છે, મનુષ્ય ધર્મને માટે નહીં, જેમ રોટલો મનુષ્યને માટે છે, મનુષ્ય રોટલાને માટે નહીં. માટે વ્યક્તિના પોતાના કલ્યાણને માટે તથા સમષ્ટિના કલ્યાણને માટે પણ આ બોધ કરાવવો જરૂરી છે કે દરેક માણસની અંદર ક્યાંક કોઈ પરમાત્મા છે, જેને શોધવો એ દરેકની જવાબદારી છે. શાશ્વત પરમાત્માની પ્રાપ્તિનું વિધાન હોય, લોકરીતિનો જેમાં રજમાત્ર પણ સમાવેશ ન હોય, એ જ આપણું સૌનું, માનવમાત્રનું વિશુદ્ધ ધર્મશાસ્ત્ર છે અને એ છે ભગવાન શ્રીકૃષ્ણોક્ત 'ગીતા', જેમાં સ્વભાવથી ઉત્પન્ન ક્ષમતા અનુસાર કેવળ એક પરમાત્માની આરાધના-ઉપાસનાને જ નિયત કર્મ કહી છે અને આ જ નિયત કર્મની અંતર્ગત એ જ પરમાત્માની સૂચક બે-અઢી અક્ષરના નામ 'ૐ' અથવા 'રામ'નો જપ તથા સમકાલીન કોઈક તત્ત્વદર્શીના શરણે જવાનું વિધાન છે.

બધા મહાપુરુષોએ તત્ત્વદર્શી મહાત્માઓના શરણ અને સાન્નિધ્ય પર ભાર મૂક્યો છે; કારણ કે ધર્મ એમની જ અનુભૂતિ છે. એક વાર અનુસૂઈયા આશ્રમમાં ઈલાહાબાદ (અલ્હાબાદ) વિશ્વવિદ્યાલયના કેટલાક પ્રોફેસરો આવ્યા. એ લોકોએ પૂજ્ય ગુરુદેવજીને એક પ્રશ્ન પૂછ્યો, 'ભગવન્! અમે દર્શનશાસ્ત્ર જાણીએ છીએ, કબીર વાંચીએ

છીએ, આ જ બધું ભણાવાય પણ છે, પણ સાધના સમજાતી નથી.' પૂજ્ય મહારાજજીએ કહ્યું, 'હા! શું કહું, બબ્બે પૈસામાં વેદાંત વેચાય છે. (એ દિવસોમાં ગીતા પ્રેસ, ગોરખપુરની ગીતા બે પૈસામાં મળતી હતી.) લોકો વાંચ્યા કરે છે, અને કોણ જાણે શું લખતાય રહે છે.' સાધના એક એવી બાબત છે કે જે લખવાથી નથી આવડતી. એ તો કોઈક સિદ્ધ મહાપુરુષ દ્વારા કોઈ કોઈ નિષ્ઠાવાન અધિકારી સાધકના હૃદયમાં જાગ્રત કરાય છે. એવા મહાપુરુષોની થોડી સેવાથી, બે-ચાર મુહિનાના જ સાન્નિધ્યથી આત્મદર્શનની ક્રિયા હૃદયમાં જાગ્રત થઈ જાય છે. તે ઈષ્ટ નિર્દેશ, સંકેત અને અનુભવ પ્રદાન કરવા માંડે છે, રસ્તો દેખાડવા માંડે છે અને ધારણ કરી લે છે.

તેથી ભગવાન રામે કહ્યું, '**भगति मोरि।**' શ્રીકૃષ્ણે કહ્યું, '**मामेकं शरणं व्रज।**' એક મારા શરણમાં આવો; ધર્મની ચિંતા છોડીને મારા શરણમાં આવી જાઓ. પહેલાં કહ્યું,-હૃદયસ્થ ઈશ્વરને શરણ જાઓ, પછી કહ્યું, તત્ત્વદર્શીને શરણે જાઓ. શા માટે? આ જ ધર્માચરણ શીખવા માટે અહીં કહે છે-ધર્મનેય છોડીને મારા શરણમાં આવી જાઓ. તો ભગવાન છેવટે કહેવા શું માગે છે?

વસ્તુતઃ સમર્પણ સાથે આરંભ કરનાર સાધકનાં ધર્મ, કર્મ, ભગવાન બધું એ જ તત્તવદર્શી મહાપુરુષ છે. એ ધર્મની પ્રત્યક્ષ અનુભૂતિવાળા છે. ધર્મસ્વરૂપ, કર્મસ્વરૂપ અને એ ધર્મકર્મ પર ચાલનાર બધું જ છે. પૂજ્ય મહારાજજી કહેતા હતા,-

॥ तात मोर अति पुन्य बहूता। देखेऊँ नयन राम कर दूता॥

'હા! અમે ભગવાનના દૂત છીએ. અમને મળ્યા વગર કોઈ ભગવાન સુધી પહોંચી જ નથી શકતું. ભગવાન છે, પણ તત્ત્વદર્શી સદ્‌ગુરુ વગર તેઓ આપણાં દર્શન અને પ્રવેશ માટે નથી.' એમની અનુભૂતિ

અંતઃકરણમાં થાય છે, માટે હૃદયમાં યોગક્રિયા જાગ્રત કરનાર તત્ત્વદર્શી મહાપુરુષના અભાવમાં એ પરમાત્માનો કોઈ ઉપયોગ આપણે માટે રહેતો નથી. પણ એક પરમાત્મામાં શ્રદ્ધા અને એ પરમાત્મામાં સૂચક બે-અઢી અક્ષરના નામનો જપ-એ ધર્મનિષ્ઠાનું જ અંગ છે.

બૌદ્ધ કહે છે,-'**बुद्धं शरणं गच्छामि**', જૈન કહે છે, '**सम्यग् दर्शन ज्ञान चरित्राणि**' અર્થાત્ તીર્થંકરોનાં દર્શન, એમણે આપેલા જ્ઞાન અને એમના જેવું ચરિત્ર બનાવવાથી મોક્ષ મળશે. ઈસ્લામના અનુયાયીઓ કહે છે,-મુહમ્મદ જ અલ્લાહના રસૂલ છે, સંદેશવાહક છે, દૂત છે. શીખ કહે છે, '**वाहे गुरु**'. ઈશુ કહે છે,-સાંસારિક બોજથી દબાયેલા લોકો! મારી પાસે આવો, હું તમને વિશ્રામ આપીશ. જે મારી પાછળ આવશે, તેણે પોતાની જાતને ભૂલવી પડશે અને મારું અનુસરણ કરવું પડશે.

(Come to me, all that are weary and hevy ladden and I will give you rest. If any man will come after me let him deny himself and follow me.)

બધા મહાપુરુષ પોતાની તરફ બોલાવે છે, લાગે છે કે બધા પોતપોતાની દુકાન માંડીને બેઠા છે, પણ એવું કાંઈ જ નથી. પોતા-પરાયાનો ભાવ તો આપણી ભીતર છે, તેથી આવું દેખાય છે. મહાપુરુષોનો આશય કેવળ એટલો જ છે કે જે મહાપુરુષ સાધના દ્વારા એ હૃદયસ્થ પરમાત્માની સ્થિતિ પામી ચૂક્યા છે, એ તમારા સમકાલીન તત્ત્વદર્શીના શરણે જાઓ.

પણ તત્ત્વદર્શીને આપણે કેવી રીતે ઓળખવા? ધૂર્તોએ પણ આવા વેશથી લાભ ઉઠાવ્યો છે. રાજા પ્રતાપભાનુ અને ભગવતી સીતા આવા જ વેશથી કપટનો ભોગ બન્યાં, હનુમાનનો વાળ પણ વાંકો ન થયો. બધા જ તત્ત્વદર્શી હોવાનો દાવો કરવા માંડે તો?

ખરેખર તો આ કોઈ સમસ્યા જ નથી. હૃદયમાં ક્રિયા જાગ્રત કરી દેવાની ક્ષમતા ધરાવતા તત્ત્વદર્શી જો ધ્યાનમાં ન હોય તો એનું કારણ પોતાનાં જ પુરુષ-પુરુષાર્થ ઓછાં છે.-'**पुण्य-पुंज बिन मिलहि न संता।**' ત્યાં સુધી તમે એક પરમાત્મામાં નિષ્ઠા અને એ પરમાત્માને સૂચવતા કોઈ બે-અઢી અક્ષરના નામનો જપ કરતાં કરતાં પુણ્ય પ્રાપ્ત કરો. જે દિવસે આ પુણ્ય પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે સંત-સદ્‌ગુરુ જે સિંહાસન પર હશે અથવા જે કાદવમાં આળોટતા હશે, ત્યાં સુધી તમે આપોઆપ પહોંચી જશો અથવા તેઓ જ તમને મળશે. તમે એમને સમજી જશો, અનુભવી સૂત્રપાત દ્વારા તેઓ તમને સમજાવી દેશે.

આત્માને જાણી લેનાર આ પથ પર જે કોઈ લગની અને શ્રદ્ધાથી વળગી રહે છે, એનો પુણ્યપુરુષાર્થ માર્ગદર્શનનો સમય આવે ત્યારે સદ્‌ગુરુ સાથે ટકરાવા માંડે છે. આવા પથિકને માર્ગદર્શન કરવું એ મહાપુરુષો પોતાની જવાબદારી માને છે. પૂજ્ય મહારાજજી ઘણી વાર કહેતા કે 'આ નામનો, આવા રંગરૂપનો સાધક આવશે, જેને મારે માર્ગદર્શન કરવાનું છે.' કેટલાક સાધકો વિશે તો આ સંકેતો એક-બે વર્ષ પહેલાં જ મળવા માંડતા હતા અને તેઓ પછી આવ્યાય ખરા.

તેથી સદ્‌ગુરુ શોધવા ક્યાંય જવાની કે દેખાદેખીમાં કોઈકને સદ્‌ગુરુ માની લેવાની જરૂર નથી. એમને જે દૃષ્ટિથી ઓળખી શકાય, એ દૃષ્ટિ પુણ્યમયી છે. સંત-સદ્‌ગુરુ નહીં, સ્વયં ભગવાન જ સામે ઊભા રહી જાય, પણ જેમને પુણ્ય-સહયોગ ન હોય, તેઓ કદાચ એમને પાગલ માની કહેશે, કેવું રૂપ કર્યું છે? પૂજ્ય મહારાજજીના ગુરુદેવને એમના પ્રદેશના લોકો જીવનભર પાગલ જ માનતા રહ્યા, પણ મહારાજજીને માટે એ જ સદ્‌ગુરુ હતા. એમના જ નિર્દેશન અનુસાર ચાલીને મહારાજજી મહારાજ થઈ ગયા, પ્રાપ્તિવાળા મહાપુરુષ થઈ ગયા. હા! પુણ્ય-પુરુષાર્થ ઓછાં હોય તો જ્યાં સુધી બધી શંકાઓનો અંત આણનાર સદ્‌ગુરુ ન

મળે ત્યાં સુધી સંતોમાં શ્રદ્ધા પૂરતી જ છે, કારણ કે '**श्रद्धावान् लभते ज्ञानम्**' તે પામશે.

પ્રશ્નોત્તર

મહાકુંભ (હરિદ્વાર)માં આ વિચારો સાંભળીને કેટલાક વિચારકોએ ધર્મને વધુ સ્પષ્ટ કરવાનો આગ્રહ કર્યો. એમણે મહારાજજીને એ પણ પૂછ્યું કે તમે હિન્દુ ધર્મમાં માનો છો કે નહીં? તમે કયા ધર્મમાં માનો છો? તમારા ધર્મનું નામ શું છે? ધર્મમાં કઈ કઈ વાતો આવે છે? તમારા ધર્મની ચાવી કઈ છે? વગેરે.

આ જ કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વિચાર વ્યક્ત કરતાં મહારાજજી કહ્યું,-જુઓ ધર્મ ન તો હિન્દુ હોય છે, ન મુસલમાન. એની પર બૌદ્ધ, જૈન, પારસી, ઈસાઈ, યહૂદી, અમારો કે તમારો-કોઈનોય એકાધિકાર કે વિશેષાધિકાર નથી. આખી સૃષ્ટિમાં ધર્મ એક જ છે. જે શાશ્વત છે, તે ધર્મ છે, એ જ શાશ્વત ધામ પામશે. જે નશ્વર છે, એ અધર્મ છે, તે મૃત્યુ પામશે. ऋग्वेदમાં છે, '**अतोधर्मानि धारयन्**' (૧/૨૨/૧૮),-જે બધાને ધારણ કરે છે (તે છે પરમાત્મા) એ જ ધર્મ છે, નહીં કે હિન્દુ કે મુસલમાન.

એ ચોક્કસ કે ભારતમાં ધર્મનું જે નામ હાલ ઠોકી બેસાડવામાં આવ્યું છે, તે હિન્દુ છે. હિન્દુ મહાસભા, વિશ્વ હિન્દુ પરિષદ વગેરે અનેક સંગઠન હિન્દુ શબ્દ સાથે થયાં છે. બૌદ્ધ, જૈન, શીખ બધા આની જ શાખા મનાય છે, પણ આ બધાનો ઝઘડો છે તો હિન્દુઓ સાથે જ છે. બૌદ્ધ જુદો થવા ઈચ્છે છે તો હિન્દુથી, શીખ જુદી ઓળખ બનાવવા માગે છે તો હિન્દુથી, આતંકવાદીઓનો આક્રોશ છે હિન્દુઓ સામે, જ્યારે ખરેખર તો હિન્દુ કોઈ ધર્મ છે જ નહીં.

'હિન્દુ' તો એક ક્ષેત્રીય વિશેષણ છે. ગઝનીના લૂંટારાઓને

ભારતીય મંદિરોમાંથી સંચિત ધનભંડાર લૂંટવાનો ચસકો લાગ્યો, એટલે તેમણે સીમા પરની સિંધુ નદીના તીરે રહેતા લોકો પાસેથી આ દેશની જાણકારી મેળવી લીધી. એ ક્ષેત્રમાં આજે પણ 'સ'નો ઉચ્ચાર 'હ' થાય છે. લખશે 'શેરસિંહ' પણ વાંચશે 'હેરસિંગ'. એમને સિંધ દરિયા (સિંધુ નદી)ને હિન્દુ દરિયા અને દરિયાપાર વસનારાઓ કહ્યા. વેદમાં સરિતોને હરિતો વાંચવી, સરસ્વત્યોને હરઃવત્યો વાંચવા, બોલચાલમાં માસને માહ, સપ્તાહને હફતા અને કેસરીને કેહરી કહેવા એ એમના ઉચ્ચારણની ભેટ છે. 'હિન્દુસ્તાન જવું છે', 'હિન્દુઓને પકડો', 'હિન્દુઓને લૂંટો' કહેનારા આક્રમણકારીઓના હાથમાં શાસનવ્યવસ્થા આવી ગઈ તેથી એમણે અહીંના નિવાસીઓને હિન્દુ કહીને સંબોધ્યા, જે અહીંની ભલીભોળી અશિક્ષિત જનતાની બોલીમાં પણ આવી ગયું.

એ સમયે લોકો જાણીજોઈને શિક્ષણથી દૂર રહ્યા હોય એવું નથી. આપણી સ્મૃતિઓના કાયદા જ એવા હતા કે બહુ ઓછા લોકો વાંચી શકતા હતા. તેથી વારંવાર બોલાવાને કારણે હિન્દુ શબ્દ પ્રચલિત થઈ ગયો, નહીં તો આપણા કોઈ પણ ધર્મશાસ્ત્રમાં હિન્દુ શબ્દ નથી. સંસ્કૃત ગ્રંથોની તો વાત જ છોડો, રામચરિતમાનસ એ સમયે લખાયું જ્યારે મોગલોનો દબદબો હતો, શહેનશાહ અકબરના શાસનનો સમય હતો. 'હિન્દુ' શબ્દ પ્રચારમાં હતો. તે સમયના કવિઓએ એનો પ્રયોગ કર્યો, પણ ગોસ્વામી તુલસીદાસજીએ આ અનાવશ્યક શબ્દનો પ્રયોગ પોતાની લેખિનીથી નથી કર્યો. સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ 'આર્યની જગાએ 'હિન્દુ' શબ્દનો પ્રયોગ ઉચિત ન માન્યો. સંતોએ આ શબ્દને કેવળ ઉદ્‌બોધનરૂપે લીધો.

તો, હિન્દુ શબ્દ નથી ધર્મનો પર્યાય કે નથી આ નામ અરબીઓની ભેટ. આ તો સિંધુતટવર્તી નિવાસીઓના ઉચ્ચારણની ભેટ છે. હિન્દ દરિયાની પૂર્વમાં આ પારનો પ્રદેશ હિન્દક્ષેત્ર છે, હિન્દુસ્તાન છે. આ શબ્દ સ્થાનવાચક છે, ધર્મનું નામ નથી.

ચીનમાં રહેનારા ચાઈનીઝ કહવાય છે, તો શું ચાઈનીઝ કોઈ ધર્મ છે? અમેરિકાનો નિવાસી અમેરિકન કહેવાય છે, તો શું અમેરિકન કોઈ ધર્મ છે? એ રીતે હિન્દુસ્તાનમાં રહેનાર હિન્દુ કહેવાયા, તો તેથી હિન્દુ ધર્મ કેમ થઈ ગયો? આમ પણ, આ દેશનું નામ હિન્દુસ્તાન ક્યારેય નથી રહ્યું. અતિ પ્રાચીન કાળથી આજ સુધીના સરકારી દસ્તાવેજોમાં એને ભારત જ લખાતો રહ્યો છે. કોઈ દેશનું નામ પૃથ્વીના જ એક હિસ્સાનું નામ છે, ધર્મ નહીં.

ધર્મ તો સર્વદેશીય, સાર્વકાલિક અને બધાને માટે હોય છે, અને એવો છે કેવળ એક પરમાત્મા. એ અવ્યક્ત, મન-વાણીથી પર સત્તાનું શું નામ હોય? એ તો અનિર્વચનીય છે. તો પણ ઈશ્વરનાં સાંકેતિક હજારો નામોમાંથી કેટલાંક નામનું ચયન સમયે સમયે કરવામાં આવ્યું. દાખલા તરીકે, વૈદિક વાઙમયમાં જેને ધ્રુવ, સત્ અને સનતા ધર્માણિ અર્થાત્ સનાતન ધર્મ કહેવામાં આવ્યો, પછીના ભારતમાં એનું જ નામ હતું બ્રાહ્મણ ધર્મ. અહીં બ્રાહ્મણનો અર્થ કોઈ સામાજિક વર્ગ નહીં, ગોપક્ષ-શતપથ, ઐતરેય કે તાંડ્ય નામના બ્રાહ્મણ ગ્રંથ નહીં, પણ બ્રહ્મની પ્રાપ્તિ કરાવતી ક્રિયામાંથી પસાર થનાર દરેક વ્યક્તિ બ્રાહ્મણ છે. આ જ ક્રિયાઓનું આચરણ કરનારા લોકો આર્ય કહેવાયા. આર્યનો અર્થ આર્યસમાજી નથી.

આર્ય અને અનાર્ય શબ્દોના પ્રયોગથી આપણા પ્રાચીન આર્ષગ્રંથ ભર્યા છે. વાલ્મિકી રામાયણ અનુસાર ઉત્તર ભારતીય, દક્ષિણ ભારતીય, સુગ્રીવનો પરિવાર, વાનર, રીંછ આદિ બધી જાતિઓ આર્ય હતી. રાવણ જેટલો અનાર્ય હતો, એના પૂર્વજ પુલસ્ત્ય, વિશ્રવા તથા એનો સહોદર વિભીષણ એટલો જ આર્ય હતો. રણક્ષેત્રમાં વિશાળકાય કુંભકર્ણને જોઈને વાનરસેના ઢીલી પડવા માંડી, ત્યારે અંગદે એમને સાહસ પ્રેર્યું, કહ્યું કે 'શૂરવીરો! આપણે એ આર્યોનાં સંતાન છીએ, જેમણે યુદ્ધમાં ક્યારેય પીઠ નથી દેખાડી. આજે પીઠ દેખાડીને આપણે અનાર્ય કહેવાઈશું.'

તો આર્ય એને કહે છે, જે લક્ષ્ય પર દૃઢતાપૂર્વક અડગ રહે. ગીતામાં છે, '**अनार्यजुष्टम्**'-અર્જુન! તું આ અનાર્યોનું આચરણ ક્યાંથી શીખ્યો? આળસ છોડીને યુદ્ધ કર.

આર્ય અને અનાર્ય શબ્દ પર ભગવાન બુદ્ધના વિચાર 'મજ્ઝિમ નિકાય'ના 'પાશરાશિ સુત્ત'માં સંકલિત છે. એમણે સમજાવ્યું કે 'ભિક્ષુઓ! આ સંસારમાં બે પ્રકારની શોધ (પર્યેષણ) છે,-આર્ય અને અનાર્ય. જે પોતે જાતધર્મા (જન્મનાર) હોવા છતાં જાતધર્મનું જ પર્યેષણ કરે છે. સ્વયં જરા-ધર્મા (બુઢ્ઢા થવાના સ્વભાવવાળો) હોવા છતાં જરા-ધર્મને જ આહ્વાન કરે છે, વ્યાધિકરણ-શોખ અને સંકલેશ-ધર્મા હોવા છતાં પણ એમની શોધ કરે છે. પુત્ર અને પત્ની જાત-ધર્મા છે. સોનુ-ચાંદી તથા સૃષ્ટિની બધી ભોગસામગ્રી જાત-ધર્મા છે. એ બધામાં જ આ પુરુષ ગ્રસિત, મૂર્ચ્છિત અને આસક્ત થઈને, સ્વયં જાત-ધર્મા હોવા છતાં, બીજા જાતધર્મા અર્થાત્ નશ્વર પદાર્થોની શોધ કરે છે,-આ અનાર્ય શોધ છે.

પણ ભિક્ષુઓ! કોઈ કોઈ પુરુષ પોતે જાત-ધર્મા હોવા છતાં, જાત-ધર્મના દુષ્પરિણામ જોઈને અજાત (જન્મરહિત), સર્વોત્તમ, મંગલમય નિર્વાણની શોધ કરે છે. સ્વયં વ્યાધિધર્મા (વ્યાધિરહિત), મરણધર્મા (મરણરહિત), અ-મૃત, શોકધર્મા (શોકરહિત), સ્વયં સંકલેશ-ધર્મા (મલરહિત) અતિ ઉત્તમ યોગેક્ષેમ, નિર્વાણની શોધ કરે છે,-એ આર્યપથ પર છે.

સ્પષ્ટ છે કે આર્ય અક પથ છે, મનનું વલણ છે, એક નિર્ધારિત દિશા છે. તમારો એક સગો ભાઈ આર્ય અને બીજો અનાર્ય હોઈ શકે છે. એક જ વ્યક્તિ જીવનની કોઈક ક્ષણોમાં આર્ય અને બીજી ક્ષણોમાં અનાર્ય હોઈ શકે છે. કોઈ ક્યારેક આસ્તિક તો ક્યારેક નાસ્તિક હોઈ શકે છે. જે એ આસ્તિકના ઉપાસક છે, આસ્તિક છે, તે આર્ય છે. નિષ્ઠાપૂર્વક એ પરમાત્માને પામવાની વિધિનું આચરણ આર્ય-શોધ છે અને એથી વિપરીત

જે અસ્તિત્વવિહીન, નશ્વર, ક્ષણભંગુર કલેવરોની કામના કરતો ભટકી રહ્યો હોય ક્યાંક ને ક્યાંક, તે અનાર્ય છે. આને જ મહાપુરુષોએ ક્યારે વિદ્યા અને અવિદ્યા કહી, તો કોઈએ એને અંતર્મુખી અને બહિર્મુખી, સજાતીય-વિજાતીય, દૈવી સંપદા-આસુરી સંપદા કહી. એ વૃત્તિ છે, એક પ્રવૃત્તિ છે. સત્યની પ્રવૃત્તિ આર્ય છે, અસત્યની પ્રવૃત્તિ અનાર્ય છે, માટે જ આખો સંસાર આર્ય છે અને આખો સંસાર અનાર્ય છે. વેદમાં છે કે '**कृणवन्तु विश्वमार्यम्**' અર્થાત્ વિશ્વને આર્ય બનાવીએ. આર્ય બનાવાય છે, જન્મ અને સ્થાનથી કોઈ આર્ય નથી હોતું.

જગતના સૌથી પ્રાચીન પુસ્તક વેદથી બુદ્ધ સુધી બધાએ આર્યનો આશય ઈષ્ટોન્મુખી પ્રવૃત્તિ માન્યા. ગુણવાચક માન્યો. ભારતની બહારથી આવેલી કોઈ જાતિ નહીં! હા, ભારતમાં એ પરમાત્માની શોધ કરનારા મોટી સંખ્યામાં હતા, તેથી ભારતને ક્યારેક આર્યાવર્ત કહેવામાં આવતો હતો. જે સમાજમાં બહુમત એક પરમાત્મા માટે સંકલ્પવાન હતો, ઈન્દ્રિય-સંયમ અને મનના નિરોધ માટે પ્રતિબદ્ધ હતો; એમની રહેણીકરણી, ખાનપાન, વેશભૂષા, લગ્ન, નિયમ-કાનૂન બધું જ સુસંસ્કૃત હતું, જે આર્ય-સંસ્કૃતિ કહેવાઈ, પણ આર્યોની જે મૂળ ક્રિયા છે એની પર ભારતીયોનું જ વર્ચસ્વ નથી. એ ક્રિયા તો વિશ્વના મનુષ્યમાત્રની છે. પોતાને ઈસાઈ માનનાર પણ જો એ અવિનાશી પરમાત્માની શોધ માટે તત્પર હોય, જેમા અનંત જીવન છે, તે આર્ય છે, બીજું કોઈ જ નહીં. મુસલમાન પણ કેમ ન હોય (સૂફી સંતોની જેમ) એક પરમાત્મા માટે જે હૃદય-મનથી પ્રયત્નશીલ હોય, તે આર્ય-શોધ પર છે, આર્ય જ છે. આર્યત્વની મુખ્ય ઓળખ ખાનપાન, વેશભૂષા, રહેણીકરણીના ઢંગ કે સામાજિક વ્યવસ્થા નહીં, પણ એ યોગક્રિયા છે, જે પથ પર ચાલીને તે જીવાત્મા પોતાના મૂળ-પરમાત્મા સુધીનું અતર કાપી શકે છે, જે આર્યોનું સનાતન સાધ્ય છે. જે દૈવી સંપદાયુક્ત છે, તે આર્ય છે. જે આસુરી સંપદાયુક્ત છે, તે અનાર્ય છે.

ધર્મને માટે વેદમાં પ્રયોજાયેલા સનાતન શબ્દનો આશય છે,-જે સદાયથી હતા, છે અને રહેશે એ એકમાત્ર પરમાત્મા એના જ અંશમાત્રથી સૃષ્ટિનો સંચાર છે, દરેક કણમાં તે વિદ્યમાન છે, દરેક આત્મા માટે એમાં પ્રવેશની વ્યવસ્થા છે, બધાને એ અવિનાશી તત્ત્વ પામવાનું છે.-એ જ સનાતન છે, એ જ સત્ય છે. એ પ્રભુ સર્વત્ર વાસ કરે છે, સ્મરણથી તે જાગૃત થઈ જાય છે. જાગૃત થઈને પોતાના સ્વરૂપનુંયે અંતર કાપી નાખે છે-એ સનાતન સત્ય છે, માટે ધર્મનું નામ સનાતન છે.

સત્યાન્વેષી મહાપુરુષો પછી ધીમે ધીમે ક્રિયાહીન લોકો એમનું સ્થાન ગ્રહણ કરવા માંડે છે, ત્યારે ધર્મની ઉપર આવરણ આવી જાય છે. અનેક કલ્પિત પૂજાપદ્ધતિઓ, વિકૃતિઓ, આડંબર તથા રીતરિવાજ ધર્મને આચ્છાદિત કરી લે છે. આવા જ તિમિરાચ્છન્ન એટલે કે અંધકાર છવાયેલા પરિવેશમાં કોઈ મહાપુરુષ તેજનો પુંજ થઈને પ્રગટે છે. એના આવિર્ભાવ માટે કોઈ શિષ્યપરંપરા કે ગાદીપરંપરાની જરૂર નથી,-''**अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम्**'' અનેક જન્મોથી ચાલતો પથિક ક્યાંય પણ જન્મ લઈ શકે છે, પૂર્વજન્મોના અભ્યાસથી તે એવી યોગ્યતા પ્રાપ્ત કરી ચૂક્યો હોય છે કે જ્યાં પહોંચીને પછી એને કોઈ સહયોગની અપેક્ષા નથી રહેતી. સેંકડો જન્મોથી બુદ્ધ સાધુ હતા. શ્રીકૃષ્ણના દશ જન્મોનો ઉલ્લેખ મહાભારતમાં છે. માટે અનેક જન્મોથી ચાલતા પથિકનો જે પ્રાપ્તિવાળો અંતિમ જન્મ છે, તે વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે એ જ્ઞાની સાક્ષાત્ મારું જ સ્વરૂપ છે. આવો પુણ્યાત્મા ક્યાંય પણ જન્મ લઈ શકે છે. જન્મ લઈને એ તે ક્રિયા ફરી કરશે અને બહુ જલદી પોતાનું લક્ષ્ય પાર કરી લેશે. લક્ષ્ય જાણી લઈને તે સમાજને સંબોધન કરશે, તો એ જ સત્ય એના મુખે પ્રગટ થશે, કારણ કે એમાં બોલે છે તે ઈશ્વર એ મહાત્માની બુદ્ધિ માત્ર યંત્ર છે. મૂળ સત્ય જ એના મુખે પ્રગટશે જે શાશ્વત છે, સનાતન છે. તેથી વિશ્વના કોઈ પણ ખૂણામાં કોઈ પણ સમાજમાં જન્મેલો કોઈ પણ સંત નિંદાપાત્ર નથી. સંત બધા

એક છે અને સમાન ભાવથી પૂજ્ય છે.

એ મહાપુરુષોએ કોઈ નવા ધર્મનો આવિર્ભાવ કર્યો હોય, કોઈ નવો માર્ગ ચલાવ્યો હોય, એવું કાંઈ નથી. માટે આવો, આપણે બધા એક ધર્મના ઉપાસક બનીએ, જે સત્ય છે, શાશ્વત છે, સદા એકરસ છે. એમાં કોઈ જુદાઈ કે આવિષ્કાર થઈ જ નથી શકતાં. યોગેશ્વર શ્રીકૃષ્ણે તો ત્યાં સુધી કહી દીધું કે આવો આ આત્મા બીજું કાંઈ થવાનોય નથી. જો બીજું કાંઈ થવાનો જ નથી તો તમે કયો આવિષ્કાર કરશો? અમારો પણ કોઈ જુદો ધર્મ કે પંથ નથી. કોઈ પણ મહાપુરુષ નવો ધર્મ નથી ચલાવતો; તો પણ ધર્મનું જે પુરાતન નામ છે, જેમાં જરાક પરિવર્તન પ્રતીત થાય છે; કારણ કે ઈશ્વરનાં હજારો નામમાંથી કોઈ એક નામનો પ્રયોગ એ મહાપુરુષ વધારે કરે છે. દાખલા તરીકે મહાત્મા બુદ્ધને જોઈએ. એમણે કોઈ નવો ધર્મ નથી ચલાવ્યો પણ સાધનામાં અથાક પ્રયત્ન કરીને જ્યારે એમણે ભગાનની કૃપાનો અનુભવ કર્યો, ત્યારે કહ્યું કે રાત્રિના અંતિમ પ્રહરમાં મેં એ અવિનાશી પદ પ્રાપ્ત કર્યું, એ સર્વજ્ઞતાને પ્રાપ્ત કરી, જે મારી પહેલાં મહાપુરુષોએ પ્રાપ્ત કરી હતી. (અશ્વઘોષકૃત બુદ્ધચરિત સર્ગ ૧૪, શ્લોક ૮૫-૮૬).

વિચારવા જેવું છે કે બુદ્ધની પહેલાં બૌદ્ધ ધર્મ નહોતો, તો બુદ્ધના પૂર્વજો કોણ હતા? તેઓ જ, જે તમારા હતા. બુદ્ધ આપણી વચ્ચે જ હતા. ક્ષત્રિયકુળમાં જન્મ થયો. આ જ રીતરિવાજમાં ઊછર્યા. ઉપાસના કરીને શું મેળવ્યું? એ જ અવિનાશી પરમ પદ, જે એમના પૂર્વ મનીષિઓએ પ્રાપ્ત કર્યું હતું. મહાત્મા બુદ્ધની પહેલાં કયા મહર્ષિઓ હતા? એ જ ભગવાન રામ, ભગવાન શ્રીકૃષ્ણ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ વગેરે.

ગીતા કહે છે કે સત્‌નો ત્રણે કાળમાં ક્યારેય અભાવ નથી. શરીર નાશવંત છે, મરણધર્મા છે અને આત્મા જ પરમ સત્ય છે, સનાતન છે, શાશ્વત છે. જોકે સ્વયંમાં ઈશ્વરનું કોઈ નામ નથી, પણ વિવિધ દૃષ્ટિએ એનાં સંબોધનો છે. એમાંનુ એક સંબોધન અવિનાશી પણ છે. બુદ્ધે

કહ્યું-અમે એ અવિનાશીને પ્રાપ્ત કર્યો. એ જ પરમાત્માનું એક બીજું સંબોધન છે,-સર્વજ્ઞ. બુદ્ધે કહ્યું, અમે અ સર્વજ્ઞતાને પ્રાપ્ત કરી. સ્પષ્ટ છે કે મહાત્મા બુદ્ધે એ જ શાશ્વત સત્ય પુનરુક્ત કર્યું જે આદિ સત્ય હતું, જે મૂળ સત્ય છે. અમણે અવિનાશી, સનાતન, અમૃતતત્ત્વ, પરમાત્મા કે સર્વજ્ઞને જ દૃઢ કર્યો, ગીતામાં કહ્યું છે એમ.

તથાગતના મુખે બોધ શબ્દનો વધુ પ્રયોગ થયો, બોધનો અર્થ છે જ્ઞાન. આદિ શંકરાચાર્ય કહે છે, '**बोधो हि को यस्तु विमुक्ति हेतुः**'-બોધ શું છે? એ મુક્તિનું સાધન છે. ગીતા આ જ બોધને જ્ઞાન કહે છે.-

यस्तु सर्व समारम्भा काम सङ्कल्प वर्जिता।
ज्ञानाग्नि दग्ध कर्माणं तमाहः पण्डितं बुधाः॥

વેદમાં પણ છે કે '**ऋते ज्ञानान्न मुक्तिः**'-જ્ઞાન વગર મુક્તિ નથી. આ રીતે આ બોધ શબ્દ પણ એ પરમાત્માનું એક સંબોધન છે, એક વિભૂતિ છે. ગીતા દ્વારા પ્રયોજાયેલા શબ્દને આધારે પછીના લોકોએ એક સૂત્ર બનાવી લીધું-'**बुद्धं शरणं गच्छामि, संघं शरणं गच्छामि, धम्मं शरणं गच्छामि**'-ધર્મને શરણે જાઓ. કયો ધર્મ? એ જ શાશ્વત, સનાતન, જે અમારો-તમારો, સૌનો ધર્મ છે. આ બોધ (જ્ઞાન) શબ્દ પણ સનાતનનો જ ક્રિયાપક્ષ છે. બરાબર આ જ રીતે આપણા ચોવીસ અવતારોમાંથી એક ઋષભદેવની શિષ્યપરંપરામાં મહાવીર સ્વામી થયા, જેમની તપશ્ચર્યા, સહનશીલતા વિખ્યાત છે. રાજપરિવારમાં હોવા છતાં એમણે માગી આણેલી ભિક્ષા પર નિર્વાહ કર્યો. કેટલાકે એમને પાગલ ગણીને પથ્થરો માર્યા, કોઈકે કાનમાં ખીલા ઠોક્યા, પણ એમને ક્રોધ ન ચડ્યો, ન ક્ષોભ થયો. ઉપાસના કરતા જ રહ્યા. એ જ્યારે એ સ્થિતિને પામ્યા ત્યારે નિષ્કર્ષ દર્શાવ્યો કે આત્મા જ સત્ય છે, શાશ્વત છે. કઠોર તપસ્યા દ્વારા, ઈન્દ્રિય-સંયમ દ્વારા, તીર્થરૂપ મહાપુરુષો અર્થાત્ તીર્થંકરોની સેવા દ્વારા,-આ જ કર્મો દ્વારા એને પ્રાપ્ત કરી શકાય છે, એમને શોધો. એમની વિચારધારાને 'જૈન' કહીને જુદો ધર્મ મનાય છે, જ્યારે આત્મા

અને કર્મનો બરાબર આ જ સિદ્ધાંત ગીતામાં છે કે આત્મા જ સત્ય છે, સનાતન છે. એને જાણવા માટે કોઈ તત્ત્વદર્શીને શરણે જાઓ.

'**जीव अयन स जैन।**' અયન કહે છે ઘરને. આ જીવાત્મા પોતાનું ઘર, પોતાનું શાશ્વત સ્વરૂપ પ્રદાન કરવાનું વ્રત એ જૈન વિચારધારા છે. એ મળે છે જિન બનવાથી, જિતેન્દ્રિય બનવાથી, તીર્થંકર બનવાથી, કૈવલ્ય (પરમ પદ) પ્રાપ્ત કરવાથી. ભગવાન શ્રીકૃષ્ણ પણ આ જ કહે છે,-હૃદયમાં સ્થિર ઈશ્વરને શરણે જાઓ.-'**तत्प्रसादात परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्।**' (ગીતા ૧૮/૬૨). એની કૃપાથી તમે એ સ્થાન પ્રાપ્ત કરશો જે શાશ્વત છે. આ જ ઘોષણા મહાવીર સ્વામીની છે કે જીવાત્માને એનું અયન (ઘર) આપીશ. ઈન્દ્રિય-સંયમ દ્વારા સાધનાપથ પર ચાલીને એ મૂળનો સ્પર્શ, આત્માનો સાક્ષાત્કાર, પ્રવેશ અને સ્થિતિ,-આ જ તો એમની ઘોષણા છે, તો એમનો ધર્મ નવો કેવી રીતે થઈ ગયો? સનાતનથી ભિન્ન ક્યાં રહ્યો? શ્રીકૃષ્ણે જ કહ્યું, એ જ મહાવીર સ્વામી પણ કહી રહ્યા છે. માટે કોઈ પણ મહાપુરુષ કોઈ નવા ધર્મનું સૃજન નથી કરતો, પણ શાશ્વતના નામે જે અવરોધો રીતરિવાજરૂપે ફાલે છે, ધર્મ લુપ્ત જેવો થઈ જાય છે, ત્યારે આવા યુગાન્તકારી મહાપુરુષો દ્વારા એ આવરણ ધોવાઈ જાય છે અને જે મૂળ બિંદુ છે, એ સત્યબિંદુ પર મહાપુરુષ સમાજને લાવીને ઊભો કરી દે છે. આ જ પ્રયાસમાં સનાતનનું જ એક નામ 'જૈન' પડ્યું. ગૌતમ બુદ્ધ પણ પોતાને જિન, તીર્થંકર અને વૈદજ્ઞ કહેતા હતા.

બરાબર આ જ રીતે શીખ સમુદાય સનાતનથી જુદી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા સંઘર્ષરત છે. શીખનો અર્થ થાય છે શિષ્ય-જે શીખ પ્રાપ્ત કરે. સદગુરુની શીખ પ્રમાણે ચાલનાર દરેક વ્યક્તિ શીખ છે. આ પણ સનાતનનું જ એક નામ છે, જેમાં સનાતન તરફ ચાલતા માધ્યમ (સદ્‌ગુરુ) પર વધુ ભાર મુકાયો છે. કોઈએ લક્ષ્ય પર ભાર મૂક્યો તો કોઈએ સાધન પર. વાત બધાની એક જ છે.

સાચું કહીએ તો આ સનાતન ધર્મ સદ્‌ગુરુની શીખ પ્રમાણે ચાલનારા શિષ્યોની પરંપરાનું જ નામ છે. ગીતા શુદ્ધ ધર્મશાસ્ત્ર છે, પણ એય તે ગુરુ-શિષ્ય સંવાદ સિવાય બીજું કાંઈ નથી. ગુરુ-શિષ્ય પરંપરાનું જ નામ ધર્મ છે. ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ધર્મના નામે જે કાંઈ પણ છે, તે ગુરુઓની પાછળ સંકલિત થયેલો સમાજ જ છે. ઠીક. ભારતમાં પણ કોઈ બે-ચાર પ્રકારના ધર્મ નથી. વાસ્તવમાં ધર્મ એક જ છે. કાળથી પર જે પુરુષ છે, જે અવિનાશી છે, તે આપણો ધર્મ છે. પરમાત્માનો સહજ બોધ કરવો-કરાવવો એ આપણો ધર્મ છે. સદ્‌ગુરુના પદચિહ્નોનું અનુસરણ કરીને એ સત્યમાં પ્રવેશ પામવો એ અમારો ધર્મ છે. આ જ ગુરુ નાનકે કહ્યું કે એક પરમપ્રભુ જ સત્ય છે. એ સિવાય વિશ્વમાં જે કાંઈ છે, તે બધું અસ્તિત્વવિહીન છે, નશ્વર છે. માટે એક પરમાત્માનું જ સ્મરણ કરવું જોઈએ.

सिमरउ सिमरि सिमरि सुख पावहु।
कलि कलेस तन माहिं मिटावहु॥

અર્થાત્ સ્મરણ કરો; કારણ કે સ્મરણ કરીને જ સુખ પામવાનું અને કલેશ નષ્ટ કરવાનું વિધાન છે. તો કોનું સ્મરણ કરવું? '**सुखमनी साहेब**'માં નાનક કહે છે,-

सिमरन जासु विसम्भर एकै।
नाम जपत अनगणत अनेकै॥

એનું સ્મરણ કરો જે એકલો જ વિશ્વભરનું ભરણપોષણ કરે છે. એ એક જ છે, જોકે એનાં નામ અનંત છે, અનેક છે. તો એને શું કહીને પોકારવા? કેટલાં નામ જપવાં? કહે છે,-

वेद पुरान सिमृति सुधाख्यर।
कीन्हे राम नाम इक आख्यर॥

વેદ, પુરાણ, સ્મૃતિ વગેરે બધા એક રામનામની ભેટ છે.

किनका एक जिसु जीव बसावे।
ता की महिमा गनी न आवे॥

આ રામનામનો એક કણ જે હૃદયમાં વસી જાય છે, એનો મહિમા ગણી શકાતો નથી.

राम नाम उर में गह्यो, ताके सम नहिं कोय।
जा सुमिरत संकट कटे, दरस तुम्हारो होय॥

જેના હૃદયમાં રામનામ વસી જાય, એની સમાન કાંઈ જ નથી. આ નામના સ્મરણથી સંકટ ટળી જાય છે અને પ્રભુનાં તમને દર્શન થઈ જાય છે. હવે તમે જ કહો કે નાનકે કઈ નવી વાત કરી છે? તેઓ પણ બરાબર એ જ વાત કહે છે, જે ગોસ્વામી તુલસીદાસ, મહાત્મા બુદ્ધ, મહાવીર સ્વામી અને ગીતાનો સંદેશ છે. નાનકને તમે સનાતનથી જુદા કેમ પાડશો? કારણ કે એમણે કહ્યું,-''**एक ओंकार सद्गुरु प्रसादि**'' સત્ય એક ઓંકાર (ઓમકાર) છે અને સનાતન શું છે?

માટે આ મહાપુરુષોને જો આપણે તજી દઈએ, કે એ અમારા નથી, અથવા અમારા ધર્મથી વિપરીત છે, તો આપણે આપણા જ પૂર્વજોની શોધને ખોઈ દઈએ. એમણે બધાના કલ્યાણ માટે જે સત્ય પ્રસ્તુત કર્યું, એનો રેકૉર્ડ (હિસાબ) જ આપણે ખોઈ બેસીએ. આ આપણી પોતાની ક્ષતિ છે, બીજું કાંઈ જ નથી. સત્યને પ્રગટ કરનારા દરેક મહાપુરુષ સન્માનનીય છે.

બધાને માટે ધર્મનું શુદ્ધ નામ સનાતન છે. 'ભોજન આમ કરો', 'વસ્ત્રો આવાં પહેરો' વગેરે વાતોને ધર્મ સાથે કાંઈ લેવાદેવા નથી. એ સનાતન ધર્મ નથી. સનાતન તો એકમાત્ર પરમાત્મા છે. એ જ શાશ્વત છે, અવિનાશી છે, શસ્ત્ર એને હણી શકતાં નથી, અગ્નિ એને બાળી શકતો નથી, જળ એને ભીંજવી શકતું નથી, આકાશ એને પોતાનામાં સમાવી શકતું નથી, '**न हन्यने हन्यमाने शरीरे**।' શરીર મરવા છતાં એ મરતો

નથી. એ સદા રહેનારું અમૃતતત્ત્વ છે, એ જ એકમાત્ર ધર્મ છે. એ જ સનાતન ધર્મ છે, એ સિવાય સમગ્ર સૃષ્ટિ, કશ્યપ અને અદિતીનાં સંતાનો, સૂર્ય, ચન્દ્રમા, પૃથ્વી, પાતાળ-બધાં જ કંઈક પુનરાવર્તી સ્વભાવનાં છે, જેમનું કોઈ અસ્તિત્વ નથી. કેવળ એક એ પરમાત્મા જ શાશ્વત અને સત્ય છે. જો એ પરમાત્માને આપણે જીવનનો ઉદ્દેશ ન બનાવીએ, એની સર્વવ્યાપકતા પર હૃદયમાં વિશ્વાસ પ્રાપ્ત ન કરીએ તો આપણે સનાતની કે ધાર્મિક શાના?

તો ધાર્મિક કોણ છે? ધર્મશાસ્ત્ર ગીતાનો નિષ્કર્ષ છે કે સૃષ્ટિ પર જન્મ લેનાર કોઈ પણ પ્રાણી જો અનન્ય ભાવે એક પરમાત્માને ભજે તો **'क्षिप्रं भवति धर्मात्मा'**-એ બહુ જલદી ધર્માત્મા બની જાય છે. માટે ગીતા અનુસાર ધાર્મિક હોવાની કેવળ અક શરત છે, ધર્માત્માની કેવળ ઓળખ છે કે **'भजते माम् अनन्य भाक्'**-અનન્ય એટલે કે અન્ય ન, કેવળ અક પરમાત્માનું જે ચિંતન, નામસ્મરણ કરે છે, તે જ ધાર્મિક છે. અઢારમા અધ્યાયમાં છે કે અ ઈશ્વર **'सर्वभूतानां हृद्देशे.. तिष्ठति'** બધાં પ્રાણીઓનાં હૃદયમાં રહે છે. માટે એનામાં પ્રવેશનો અધિકાર પણ બધાં પ્રાણીઓને છે. તે અમીર-ગરીબ, કાળા-ગોરા બધાનો છે, બધાને એ સુલભ છે. અની પ્રાપ્તિની વિધિને કઠિન કહીને જનતાને રસ્તો ભુલાવનારા સનાતન ધર્મ જાણતા નથી, એટલું જ નહીં, અચેત આત્માઓની હત્યા જ કરે છે. એમણે ધર્મના યથાર્થ સ્વરૂપનું વર્ણન કરવું જોઈએ.

સત્યનિષ્ઠ સદ્‌ગુરુના ઉપદેશનું પાલન કરવું, એમના આચરણને અનુસરવું એ જ ધર્મ છે. જે પોતે તત્ત્વમાં સ્થિત હોય, ઈશ્વરીય સંકેત સમજતો હોય, સમજાવી શકતો હોય, એ જ સદ્‌ગુરુ છે. એમની જ પાસે જવા માટે વેદ, ગીતા, મુહમ્મદ, મહાવીર, ઈશુ, બુદ્ધ, નાનક અને જરથુસ્ત્ર કહે છે. એની વિધિ શીખવા માટે પંડા-પૂજારીઓ અને મૌલવીઓ પાસે જવું એ ભૂલ છે, કારણ કે કોઈ પણ મહાપુરુષે એમની પાસે જવાનું નથી કહ્યું. તેઓ તો પાઠશાળાના માત્ર વ્યવસ્થાપક છે.

गुरोर्वाक्यं सतत गेयं न ज्ञेयं शास्त्र कोटिभिः

અર્થાત્ ગુરુનું જો એક વાક્ય મળી જાય તો એ સત્ય છે, ધારણા તથા અનુસરણ કરવા યોગ્ય છે અને એની સામે કરોડો શાસ્ત્રો પણ વ્યર્થ છે. '**महाजनो येन गतः स पंथा**।'-વાસ્તવમાં, એ અવિનાશી તત્ત્વ (પરમાત્મા)ના પૂર્ણ જ્ઞાતા મહાપુરુષ જે ક્રિયાને અનુસરીને એને પામે છે, એ જ એક પથ છે. એ આપ્તપુરુષોના ઉપદેશનુ અનુસરણ કરવું એ સૃષ્ટિ પર ધર્માચરણ છે. માટે સૃષ્ટિમાં ધર્મ એક જ છે.

ઈતિહાસવિદો એક મતે સ્વીકાર કરે છે કે ઋગ્વેદ વિશ્વનો પ્રાચીનતમ ગ્રંથ છે, પહેલું ધર્મશાસ્ત્ર છે. સૌથી પહેલાં ધર્મ અને જ્ઞાનનો ઉદ્ઘોષ કરનાર વૈદિક ઋષિઓનો સુવિખ્યાત નિષ્કર્ષ પુરુષસૂક્તમાં છે કે એક પરમાત્મા જ સત્ય છે. એના તેજના અંશમાત્રથી સૃષ્ટિનું સંચાલન થાય છે. એ જ અમૃતતત્ત્વ છે. એને પ્રાપ્ત કરવા સિવાય અમર થવાનો કોઈ માર્ગ છે જ નહીં. પૂર્વ મનીષીઓએ એ જ અવિનાશી પરમાત્માને માનસ-યજ્ઞ દ્વારા હૃદયમાં જાણ્યો. સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં એનો વાસ હૃદય-દેશમાં છે. તત્ત્વદર્શીઓ પાસે જઈને એને જાણો.

આજથી છ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખે પ્રગટ થયેલી ગીતાનો નિષ્કર્ષ છે કે એકમાત્ર આત્મા જ સત્ય, શાશ્વત, સનાતન અને અમૃતસ્વરૂપ છે. એના સિવાય કાંઈ પણ સત્ય નથી, પૂજ્ય નથી. તેનો નિવાસ હૃદયદેશમાં છે અને માનસયજ્ઞ દ્વારા જ તેને પામી શકાય છે. એની વિધિ કોઈ તત્ત્વદર્શી મહાત્મા પાસેથી જ પ્રાપ્ત કરી શકાય છે.

ભારતની વિવિધ ભાષાઓના વિવિધ ગ્રંથોમાં આ જ મૂળ જ્ઞાન (વેદ અને ગીતા)નો વિસ્તાર છે. બુદ્ધ, મહાવીર, ગુરુ નાનક, કબીર વગેરે મહાપુરુષોના ઉપદેશોનો સાર આ જ છે કે પરમાત્મા એક છે અને કઠોર તપસ્યાથી હૃદયદેશમાં જાગૃત થાય છે. બુદ્ધે એ જ તપ કર્યું અને એ જ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી.

આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ઈસા મસીહે પણ આ જ કહ્યું, જે એમની પછી શિષ્યોએ બાઈબલમાં સંકલિત કર્યું કે ઈશ્વર એક છે અને એનો નિવાસ સર્વત્ર હોવા છતાં પણ પ્રાપ્તિસ્થાન હૃદયદેશમાં છે. 'મારી પાસે આવ. તું પણ ઈશ્વરનો પુત્ર કહેવાઈશ.' પાસે આવવાનો અર્થ છે-ધ્યાન દ્વારા એ ઊંચાઈ સુધી પહોંચવું, જ્યાં મહાપુરુષ ઊભા છે. એકાંત સેવન, નિરંતર સ્મરણ અને પૂર્વ ભૂલો માટે પશ્ચાત્તાપ, આ જ એની પ્રાપ્તિનો ઉપાય છે. સ્પષ્ટ છે કે ઈશુએ પણ એ જ કહ્યું, જે વેદ અને ગીતા કહે છે.

મુહમ્મદ સાહેબે ચૌદસો વર્ષ પહેલાં પોતાની વાણી કુરાનમાં એ જ પરમતત્ત્વ પર પ્રકાશ પાડ્યો. જે વેદ અને ગીતાનો નિષ્કર્ષ છે કે 'લા ઈલાહ ઈલ્લિલ્લાહ' આર્થાત્ અલ્લાહ (પરમાત્મા) સિવાય અન્ય કોઈ પૂજનીય નથી. એ અલ્લાહનો નિવાસ દિલમાં છે,-''**दिल मत किसी का दुखाओ बन्दे, यह घर खास खुदा का है।**'' પ્રાણીમાત્રમાં પોતાના આત્માને જોઈને એમણે કહ્યું કે લીલું ઘાસ ન તોડો, કોઈ જીવની હત્યા ન કરો, કોઈ પ્રાણીના આત્માને દુખવો નહીં. જેઓ આ રસ્તે ચાલતાં રહીને પ્રાર્થના કરે છે, તેઓ અલ્લાહનો આસમાની અવાજ સાંભળે છે. એની પ્રાપ્તિનું સાધન બતાવે છે કે જે ખુદાના બંદા છે, તત્ત્વદર્શી સંત છે, એમનામાં શ્રદ્ધા રાખો. એમના આદેશ પ્રમાણે વર્તીને સંસારની દરેક વસ્તુને તિલાંજલિ દઈને, કઠોર તપસ્યા કરીને એને હૃદયદેશમાં પામી શકો છો. નિષ્કર્ષ એ કે મુહમ્મદ સાહેબનો ઉપદેશ વેદ અને ગીતાના ઉપદેશથી જરા પણ જુદો નથી.

વેદ તથા વેદોનો સારાંશ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના માધ્યમથી અભિવ્યક્ત થયો છે. ક્યાંયે કોઈ તાત્ત્વિક ભેદ નથી. વેદ અને ગીતા દ્વારા પ્રગટેલું સત્ય અને સાધનાપદ્ધતિ જ વિભિન્ન લોકોને સમજાવવા માટે જુદા જુદા સંતો દ્વારા પ્રાંત પ્રાંતની ભાષાઓમાં કહેવાઈ છે. એ ભક્તોના હૃદયમાં આંતરિક અનુભૂતિઓ દ્વારા પરમાત્મા વિશે એકસરખો જ નિષ્કર્ષ દર્શાવ્યો છે.

ઈશ્વર એક હોય, ધર્મ એક હોય તો ધર્મનિરપેક્ષતાની વાત મહત્ત્વહીન લાગે છે. સાપેક્ષ અને નિરપેક્ષની વાત તો ક્યારે કરવી પડે કે જ્યારે ધર્મ એક કરતાં વધારે (બે-ચાર) હોય. એક જ સત્યને પ્રગટ કરતો ધર્મ એક જ છે તો નિરપેક્ષ કેવો? ભાષાઓ અને વેશભૂષાનું અનુસરણ ધર્મ સાથે સંબંધ ધરાવતા નથી. માટે ભારત સરકારે આ પુસ્તિકા જેવી નામસૂચિ બધા ધર્માચાર્યો પાસે માગીને ધર્મનું શુદ્ધ સ્વરૂપ પ્રસ્તુત કરવું જોઈએ. તેથી સમાજના બધા ઝઘડા આપોઆપ શમી જશે. જે રીતે સૂર્યનાં કિરણો ધુમ્મસને નષ્ટ કરે છે, અંધકારને નષ્ટ કરે છે, એ જ રીતે ઈશ્વરીય પ્રકાશથી અજ્ઞાનનું ધુમ્મસ ઊડી જશે. એક જેવો બોધ, એક જેવા ઈષ્ટ અને એક જેવો માર્ગ હોવાથી કોઈ ઝઘડાનું કારણ જ ક્યાં રહેશે?

રહેણીકરણી, આચારવિચાર, વેશભૂષા, ભાષા બે હોઈ શકે, પણ સાધના બે નથી; કારણ કે બધા અવિનાશી કલ્યાણ તત્ત્વ તરફ જ આગળ વધનારા, એક જ વસ્તુના ઉપાસક છે. જેમ કપડાંની સેંકડો દુકાનો હોય, પણ બધાનાં સાઈન બોર્ડ, બધાના ટ્રેડમાર્ક જુદા જુદા છે, પરંતુ દરેક દુકાનમાં વસ્ત્ર જ મળશે. બરાબર એ જ રીતે બધા સંપ્રદાયોમાં એક જ અવિનાશી સત્યની શોધ છે. આ ચિહ્નો ગુરુ-ઘરાણાનાં છે. કોઈ મહાપુરુષની શિષ્ય-પરંપરામાં જ્યારે સંખ્યા વધી જાય છે, ત્યારે એ જ મજહબ કે સંપ્રદાય બની જાય છે.

પ્રત્યેક સંપ્રદાયમાં સમયાંતરે સાચા ફકીર અને સાધનારત લોકો અદૃશ્ય થતા જાય છે, વ્યવસ્થા જ મુખ્ય થતી જાય છે, ત્યારે તેઓ બાહ્ય ટ્રેડમાર્કને જ સમજવા માંડે છે, ભીતરની વસ્તુ છોડી દે છે. આ રીતે ધર્મના નામે ભ્રાંતિઓ અને સંકુચિતતાઓને પ્રવેશ મળી જાય છે.

તમે પોતે વિચાર કરો કે બધા સંપ્રદાયોમાં આરાધ્ય એક છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, તે અવિનાશી તત્ત્વ એક જ છે. એને શોધવાની રીત મહાપુરુષોનું સાન્નિધ્ય, જે પરમાત્માના સંદેશવાહક છે, ઈશ્વરના

દૂત છે, તત્ત્વદર્શી છે, પરમતત્ત્વ પરમાત્મા જેવી અનુભૂતિવાળા છે, પ્રકૃતિના પ્રવાહથી દૂર ખસીને પરમાત્મા જેવું જ થનાર સાધન એક જ છે. મરણધર્માને અનંત જીવન અપાવવું. દુઃખને બદલે અનંત આનંદ બધાનું લક્ષ્ય છે, જેની પ્રાપ્તિ થતાં જ દેહાધ્યાસ શાંત થઈ જાય છે, દેહની ભ્રાંતિ દૂર થાય છે. શાશ્વત-જે અપરિવર્તનશીલ છે, અમૃત-તત્ત્વ-જે મૃત્યુથી પર છે, અકાલપુરુષ-જ્યાં કાળ છે જ નહીં, એની પ્રાપ્તિ જે વિધિથી થાય છે, એ વિધિ ધારણ કરવી એ જ ધર્મ છે. વસ્તુતઃ સનાતન જે સદૈવ હતો અને રહેશે-એ અવિનાશીને ધારણ કરવો. એની પ્રાપ્તિની ક્રિયામાં અનુરક્ત રહેવું એ ધર્મ છે. આ પથ પર કોઈ આરંભમાં છે, કોઈ મધ્યમાં છે તો કોઈ પ્રાપ્તિ પર. એમાં સંપ્રદાય કેવો? જુદાપણું કેવું? વિરોધ કેવો?

મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ગિરજાઘર પરમાત્માની પ્રાર્થનાનાં સ્થળ છે, એ ઈશ્વરના દરબાર છે, પરમતત્ત્વ અધ્યયનનાં સ્થળો છે, ઈશ્વરીય પાઠશાળાઓ છે. જો આ સ્થળો પર એ ન બતાવાતું હોય કે ઈશ્વર શું છે, ક્યાં રહે છે અને એને પ્રાપ્ત કરવાની રીત શી છે તો એની સ્થાપનાનો ઉદ્દેશ નષ્ટ થઈ જાય છે. આવાં સ્થળો સમય જતાં ધર્મના નામે કોઈ છેતરામણીને જન્મ આપશે. જે સ્થળોએ ઉક્ત પ્રશ્નોનાં સમાધાન રજૂ કરવામાં આવતાં નથી, તે એવી પાઠશાળાઓ જેવાં છે જ્યાં અધ્યયન નથી થતું, કેવળ પૂજા કરાવતાં ને પ્રસાદ વહેંચતાં મંદિર પોતાના મહાન ઉદ્દેશથી દૂર હઠે છે. ભેદભાવની દીવાલ ઊભી કરીને પોતાનો જીવનનિર્વાહ કરનારા લોકો સનાતનને નથી જાણતા, ધર્મને જાણતા જ નથી.

વિશ્વમાં મનુષ્યમાત્ર એક છે. ઈશ્વરપથમાં અમીર-ગરીબ, કાળા-ગોરા, બુદ્ધિમાન અને મૂર્ખનો ભેદ નથી. એમાં તો અનન્ય ચિંતનથી અનન્ય ભાવે જોડાવું એ જ મુખ્ય છે. એક પરમાત્મા સિવાય અન્યત્ર ક્યાંયે શ્રદ્ધા હોય તો તે ભૂલો પડેલો છે, ચિંતાજનક છે. એ એક પરમાત્માને માટે જો તમે એને જ પ્રાપ્ત કરેલ કોઈ મહાપુરુષને પકડીને

ચાલશો તો પરમાત્મા પોતે પોતાનો બોધ કરશે, સામે ઊભો રહીને સમજાવશે અને અંતે પોતાના સ્વરૂપમાં એકરૂપ કરી લેશે. આનું જ નામ શાશ્વત શાંતિ છે. અનેક જન્મોથી સાધના કરનાર પથિક આ લક્ષ્યને બાલ્યાવસ્થામાં જ પામી જાય છે.

॥ શ્રી સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

આત્મપથની જાગૃતિ પછી જ વર્ણ શરૂ થાય છે.
વર્ણ એક જ સાધનાપથનાં ચાર સોપાન છે અને
સમગ્ર જગત આ ચાર વર્ણોની અંતર્ગત છે.
બહાર (જાતિઓમાં) વર્ણ ન હોઈ શકે.

વર્ણ-વ્યવસ્થા

સ્મૃતિઓ વ્યવસ્થા હતી, કાયદા હતી,
ધર્મ નહીં.

વર્ણ-વ્યવસ્થા

(મહાકુંભ પર્વ પર ચંડીદ્વીપ (હરિદ્વાર)માં દિનાંક ૮.૪.૧૯૮૬ની જનસભામાં સ્વામી શ્રી અડગડાનન્દજી દ્વારા વર્ણ-વ્યવસ્થાનું રહસ્યોદ્‌ઘાટન.)

બન્ધુઓ!

ભારતનો એક ગૂંચવાયેલો પ્રશ્ન છે, જેનાથી બધા લોકો ત્રાસેલા છે, એ છે 'જાતિ'. આ જાતિઓને કારણે જ દેશનું વિભાજન થયું, સાંપ્રદાયિક ચૂંટણીની માગણી થઈ અને આજે પણ જુદા જુદા પ્રદેશોમાં એવી માગણી થઈ રહી છે. જાતિઓના કારણે જ હુલ્લડો થાય છે, માણસ એકબીજાના લોહીનો તરસ્યો બને છે, ને ઉપરથી ઘોષણા કરે છે કે આ તો ભગવાને બનાવ્યું છે. કહે છે કે ગીતામાં લખ્યું છે, જોકે એક પણ એવો શ્લોક ગીતામાં નથી કે બીજા કોઈ શાસ્ત્રમાં નથી કે જે જાતિઓમાં વિભાજન કરતો હોય, મનુષ્યોનું વિભાજન કરતો હોય.

આજે આપણે બધા વિચાર કરીશું કે વર્ણ શું છે? શું ભગવાને વિભાગ પાડ્યા છે? વર્ણની બાબતમાં ચારે વેદોમાં કેવળ એક ઋચા છે, સ્મૃતિઓમાં એની જ ચર્ચા છે અને ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણે એની પર ઘણો ભાર મૂક્યો છે. આવો જોઈએ, શાસ્ત્રો શું કહે છે અને આપણે માની શું લીધું છે.

પહેલાં બધાં શાસ્ત્રો મૌખિક હતાં. સૌથી પહેલાં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે એમને લિપિબદ્ધ કર્યાં, ભુર્જપત્રો પર લખ્યાં. એ મહર્ષિએ ચારે વેદ, છ શાસ્ત્ર, ભાગવત, મહાપુરાણ, મહાભારત-આ બધાંનું સંકલન કર્યું. છેવટે એમણે વિચાર કર્યો કે મેં એટલું લખી નાખ્યું છે કે એ વાંચવામાં જ માણસના એક-બે જન્મ વીતી જાય. તો આ બધામાં સર્વોપરી શાસ્ત્ર કયું છે? એમણે પોતે જ નિર્ણય દર્શાવ્યો.

गीता सुगीता कर्त्तव्या किमन्यै शास्त्रविस्तरैः।
या स्वयं पद्मनाभस्य मुख पद्माद्विनिः सृता॥

ગીતા સારી રીતે હૃદયમાં મનન કરીને ધારણ કરવા યોગ્ય છે, જે સ્વયં યોગેશ્વર શ્રીકૃષ્ણને શ્રીમુખે પ્રગટી છે. અન્ય શાસ્ત્રોના વિસ્તારમાં જવાની શી જરૂર? તો ગીતા સ્વયંપર્યાપ્ત છે. એક પૂર્ણ શાસ્ત્ર છે. આમ, 'ગુહ્યતમં શાસ્ત્રં' કહીને ભગવાને એને શાસ્ત્રની સંજ્ઞા આપી છે. પરમાત્મ-ધર્મનું શુદ્ધ શાસ્ત્ર ગીતા છે. ગીતા સાર્વભૌમ છે. વિશ્વના પ્રત્યેક મનુષ્યનું કોઈ નિર્દોષ શાસ્ત્ર હોય તો તે ગીતા જ છે.

હવે ગીતા શું કહે છે? કોઈ વેપારી ગીતા હાથમાં લે તો કહે છે,-'**व्ययसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन**' ગીતા કહે છે પોતપોતાનો વ્યવસાય કરો. ક્ષત્રિયોને માટે કહે છે યુદ્ધ કરો. રાજનીતિજ્ઞો કહે છે, લાભ માટે પરદેશી કાપડ વેચો છો તો તમે સકામ કર્મયોગી છો. દેશનું કાપડ દેશમાં વેચો તો તમે નિષ્કામ કર્મયોગી છો. કર્મયોગ એટલે પોતાનો ધંધો.

ગીતા પર લાખો વિદ્વાનો વ્યાખ્યાન આપ્યા કરે છે, હજારો ટીકાઓ છે, સેંકડો ટીકાઓ તો કેવળ સંસ્કૃતમાં છે, પણ આજ સુધી કોઈ એ કહી શક્યું નથી કે ગીતા 'કર્મ' કોને કહે છે. જેને તમે કર્મ કહો છો, એને ગીતા કુકર્મ અને અચેત કર્મ કહે છે. ગીતા વાંચીને જ આપણે જાણીએ છીએ કે યુદ્ધ થયું હતું. પણ ગીતામાં એક પણ શ્લોક એવો નથી જે મારહાણનું સમર્થન કરતો હોય. આવા જ વીસ-પચ્ચીસ પ્રશ્ન છે જે છે પૂર્વ અને અમે ને તમે શોધ્યા કરીએ છીએ પશ્ચિમ. છે હૃદયની યોગ્યતા, જોઈએ છીએ બહાર. એમાંથી જ એક પ્રશ્ન છે, વર્ણ-વ્યવસ્થા. જે જાતિપ્રથાને આજ સુધી વર્ણ માનવામાં આવી, એને ગીતા વર્ણ કહેતી જ નથી.

ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,-'**चातुर्वर्ण्यं मया सृष्टं**' અર્જુન! ચાર વર્ણોની સૃષ્ટિ મેં કરી. વિચાર કરો, શું સૃષ્ટિનો

અર્થ કેવળ ભારત થાય છે? ભારતની બહાર પણ શું આ ચાર વર્ણ છે? ચાર વર્ણ ભગવાને બનાવ્યા, તો વિશ્વની અન્ય જાતિઓને કોણે બનાવી? ભગવાનના કથનનો શો અર્થ છે?

તાજેતરમાં મદ્રાસમાં સામૂહિક ધર્મપરિવર્તનની ઘટના બની. હરિજનો પોતાનો ધર્મ બદલીને મુસલમાન થઈ ગયા. લોકો ધર્માચાર્યો પાસે ગયા. નિવદેન કર્યું કે 'ભગવન! કંઈક કરો.' એમણે નિર્ણય દર્શાવ્યો,-'વર્ણ તો ભગવાને બનાવેલા છે. એને બદલવાનો મનુષ્યને કોઈ અધિકાર નથી. અમે કોઈ વ્યવસ્થા આપી ન શકીએ.'

ભગવાનની વ્યવસ્થાને તો બદલવી નહોતી જોઈતી, પણ લોકો બદલી રહ્યા છે. એક-બે નહીં, કરોડો લોકો બદલી રહ્યા છે. માત્ર બાર હજાર મુસલમાન બહારથી ભારતમાં આવ્યા હતા અને દેશના વિભાજન પછી પણ ભારતમાં લગભગ ઓગણત્રીસ કરોડ છે. જન્થી વધે તો બાર હજારના લાખ થઈ જાય, કરોડ થઈ જાય. આ ઓગણત્રીસ કરોડ આવ્યા ક્યાંથી? આ બધા તમારા જ સગા ભાઈઓ છે. તમે જ ધક્કો મારીને તેમને તમારાથી જુદા કરી દીધા. ચાર વર્ણની ઈશ્વરની આજ્ઞા તમારે તો માનવી જોઈતી હતી. ચારની જગાએ અસંખ્ય જાતિઓ-ઉપજાતિઓની સૃષ્ટિ ક્યાંથી થઈ ગઈ?

ધર્મપરિવર્તનની ઉપર્યુક્ત ઘટના બદલ બીજા આચાર્યે કહ્યું, જો વર્ણ બદલવામાં આવશે તો સનાતન ધર્મ નષ્ટ થઈ જશે. વર્ણ-વ્યવસ્થા તો આપણો સનાતન ધર્મ છે કે તમે શૂદ્ર જ રહો, અમે વૈશ્ય રહીએ. તમે ક્ષત્રિય રહો, અમે બ્રાહ્મણ રહીએ. જો શૂદ્ર ન રહે તો સનાતન ધર્મ નહીં રહે, કારણ કે એનું એક અંગ તૂટી જશે.

ત્રીજા આચાર્યે આશંકા વ્યક્ત કરી કે ધર્મપરિવર્તનથી એમની સંખ્યા વધી જશે. વળી પાછા તેઓ અલગ રાષ્ટ્રની માગણી કરશે. દેશની અખંડતાને જોખમ છે માટે સરકારે ધર્મપરિવર્તન પર નિયંત્રણ રાખવું જોઈએ. હવે સરકાર તો ધર્મનિરપેક્ષ છે. એને તો બહુમત જોઈએ છે.

તમારી પાસેથી મળે કે એમની. અલગ રાષ્ટ્રની માગણી તેઓ શા માટે કરે! માગણી તો અલ્પસંખ્યકો કરે છે અને સંખ્યા તમારી ઓછી થશે.

ખરેખર તો સનાતન ધર્મની ગઠરી ફાટી ગઈ છે. બબ્બે દાણા ચોખા પડી રહ્યા છે. જો આ ભ્રાંતિઓનું નિવારણ નહીં કરાય તો એક સમય અવો પણ આવશે કે ગઠરી એકદમ હલકી થઈ જશે.

આ સાચું છે કે ગીતા અનુસાર વર્ણ ભગવાનની સૃષ્ટિ છે, પણ ગીતામાં એક પણ શ્લોક એવો નથી કે જે માણસ-માણસ વચ્ચે ફાટ પડાવે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે તમે સ્ત્રી હો કે પુરુષ, શૂદ્ર હો કે વૈશ્ય, પાપયોનિવાળું કીટ-પતંગ પણ કેમ ન હો, જે મને સર્વભાવથી ભજે છે, તે મને પરમ પ્રિય છે.

એટલું જ નહીં, '**अपि चेत् सुदुराचारी**' દુરાચારીઓના શિરમોર પણ કેમ ન હો, જો '**भजते माम अनन्यभाक्।**' અનન્ય એટલે અન્ય ન અર્થાત્ એક મારા સિવાય અન્ય કોઈ દેવદેવીને ન ભજતાં કેવળ મને ભજે છે તે '**साधुरेव स मन्तव्यः।**' એ સાધુ જ માનવાયોગ્ય છે, કારણ કે '**सम्यग् व्यवसितो हि सः।**' તે યથાર્થ નિશ્ચયથી ભજવા માંડે છે. એનું પરિણામ દર્શાવ છે કે તે તરત જ ધર્માત્મા બની જાય છે અને સદા રહેનારી શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી લે છે. પુણ્યાત્મા તો ભજવા માંડે જ છે, મૂલતઃ ગીતા પાપીઓ માટે ઉદ્ધારની પદ્ધતિ છે. તે માણસ-માણસ વચ્ચે જરાક પણ ભેદને અવકાશ આપતી નથી.

ચોથા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું,-'**चातुर्वर्ण्यं मया सृष्टं**'- ચાર વર્ણોની સૃષ્ટિ મેં બનાવી, તો શું મનુષ્યોને ચાર ભાગમાં વહેંચ્યા? શ્રીકૃષ્ણ કહે છે, નહીં, '**गुणकर्म विभागशः**' ગુણના આધારે કર્મોને ચાર ભાગમાં વહેંચ્યાં. જો તમે કર્મ સમજી શકો તો વહેંચણી પણ સમજી જશો, કારણ કે જે વસ્તુ વહેંચવામાં આવી છે, તે કર્મ છે. કોઈ કહે છે કે ખેતી કરવી એ કર્મ છે તો કોઈ વ્યવસાયને, દેશસેવા-સમાજસેવાને, પોતાની નોકરીને કર્મ કહે છે. કોઈ કહે છે, '**स्वे स्वे कर्मण्यभिरतः**'

પોતપોતાની ડ્યૂટી કરો. ખરેખર તો શ્રીકૃષ્ણે પણ કંઈક કહ્યું હશે કે કર્મ શું છે? જો જેમ છે તેમ માની લેવામાં આવે કે શ્રીકૃષ્ણે કોને કર્મ કહ્યું તો તમને વર્ણના સંબંધમાં ક્યારેય ભ્રાંતિ નહીં થાય.

ગીતાના ત્રીજા અધ્યાયમાં એ કહે છે, '**नियतं कुरु कर्म त्वं**'-અર્જુન! તું નિર્ધારિત કરાયેલું કર્મ કર. સુવિદિત છે કે કર્મ તો ઘણાં છે, એમાંથી કોઈક કર્મ નિર્ધારિત કરાયેલું છે. એ કર્મની વિશેષતા દર્શાવે છે કે કર્મ ન કરવાથી તારા શરીરની યાત્રા પણ સિદ્ધ નહીં થાય. માટે કર્મ કોઈ એવી બાબત છે કે જે પુરુષની શરીરયાત્રાને સિદ્ધ કરાવે છે, પૂર્ણ કરાવે છે. આ આત્મા જન્મજન્માંતરોથી શરીરોની યાત્રા જ કરતો આવ્યો છે. કીટ-પતંગ, દેવ-દાનવ તથા જડ-ચેતનમાંથી પસાર થતો આવ્યો છે. વસ્ત્ર બદલાય છે, પણ આ કર્મ આ પ્રકારની નશ્વર શરીરયાત્રાને પૂર્ણ કરીને આ આત્માને એ અચલ સ્થિતિ અપાવે છે, જે પ્રાપ્ત કર્યા પછી શરીરની યાત્રા કરવી પડતી નથી.

આ નિર્ધારિત કર્મ શું છે? એ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, '**यज्ञार्थात् कर्मणो**'-અર્જુન! યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. એ પ્રવૃત્તિ કર્મ છે જેનાથી યજ્ઞ પૂર્ણ થાય છે. આ યજ્ઞ સિવાય જગતમાં જે કાંઈ કરવામાં આવે છે, જેમાં લોકો રાતદિવસ વ્યસ્ત રહે છે, એ શું કર્મ નથી? શ્રીકૃષ્ણ કહે છે, નહીં. '**अन्यत्र लोकोऽयं कर्मबन्धनः**'-યજ્ઞની પ્રક્રિયા સિવાય જે કાંઈ કરવામાં આવે છે તે આ લોકનું જ બંધન છે, આ જ લોકમાં બાંધી રાખવાનો ઉપાય છે. '**तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर।**' માટે અર્જુન! એ યજ્ઞની પૂર્ણતા માટે તું સંગદોષરહિત થઈને સારી રીતે કર્મનું આચરણ કર. માટે, કર્મ એવી વિધિ છે કે જેનું આચરણ સંગદોષ હોય તો કરી શકાતું નથી.

તો આ યજ્ઞ શું છે જે કરવો એ જ કર્મ છે? યોગેશ્વર શ્રીકૃષ્ણ યજ્ઞની વિશેષતા દર્શાવે છે કે આ યજ્ઞથી દેવત્વની વૃદ્ધિ કરો. દૈવી સંપદા જેમ જેમ બલવતી થશે, તેમ તેમ તમારી પ્રગતિ થશે. આ રીતે

ક્રમશઃ પરસ્પર ઉત્થાન કરતાં કરતાં કલ્યાણ પ્રાપ્ત કરી લો. યજ્ઞ એવી વસ્તુ છે જે પરમ કલ્યાણ સુલભ કરે છે.

એ યજ્ઞમાં કરાય છે શું? આ વિશે ચોથા અધ્યાયમાં કહે છે,- અર્જુન! ઘણા યોગીજનો શ્વાસનો ઉચ્છ્વાસમાં હવન કરે છે. ઈન્દ્રિયોને સંયમિત કરીને, મનને વિષયોમાં ધકેલીને એક ઈષ્ટના ધ્યાન તરફ વાળે છે. સાધના વધુ સૂક્ષ્મ થાય ત્યારે શ્વાસ-ઉચ્છ્વાસની ગતિનો નિરોધ કરીને પ્રાણાયામ-પરાયણ થઈ જાય છે. પ્રાણોની ગતિનો યામ થઈ જાય છે. શ્વાસનો નહીં, પ્રાણોનો, શ્વાસમાં ઊઠતા સંકલ્પ-વિકલ્પોનો નિરોધ થઈ જાય છે. ભીતરના સંકલ્પ ઊઠતા નથી, બહારના વાયુમંડલના સંકલ્પ ભીતર પ્રવેશ કરી શકતા નથી. મનની ભીતર ઊઠતા તરંગોનું બીજું નામ સંકલ્પ છે. આ મનના નિરોધની સાથે જ પરિણામ આવી જાય છે.-

''यैज्ञाशिष्टामृत भुजो यान्ति ब्रह्म सनातनम्''

પૂર્ણતાના સમયે યજ્ઞ જેની સૃષ્ટિ કરે છે, યજ્ઞના અંતે શેષ રહેલા એ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી સનાતન શાશ્વતમાં બ્રહ્મમાં પ્રવેશ પામે છે. અર્જુન! આ સંપૂર્ણ યજ્ઞ મન અને ઈન્દ્રિયોની ક્રિયાથી સંપન્ન થનાર છે, કેવળ મન અને ઈન્દ્રિયોના સંયમથી જ સંપન્ન થાય છે. એ જ યજ્ઞને એમણે ફરીથી સ્પષ્ટ કર્યો કે '**यज्ञानां जप यज्ञोऽस्मि।**' તો જવ-તલ-ઘી-વેદી વગેરે ભૌતિક દ્રવ્યોથી જે કરવામાં આવે છે તે શું યજ્ઞ નથી? શ્રીકૃષ્ણ કહે છે (અધ્યાય ૪, શ્લોક ૩૯), અર્જુન! ભૌતિક દ્રવ્યોથી સિદ્ધ થતો યજ્ઞ અત્યંત અલ્પ છે. પ્રારંભિક કેળવણી માટે ફક્ત પ્રોત્સાહન છે અને હમણાં શ્રીકૃષ્ણે જે દર્શાવ્યો તે યજ્ઞ આખેઆખો કેવળ મનના સંયમ દ્વારા થાય છે, તથા પરિણામરૂપે બ્રહ્મનુ દિશાદર્શન કરાવનાર છે. હવે જો કોઈ બાહ્ય ચીજથી તમારા શ્વાસનો નિરોધ થતો હોય તો કરો, પ્રાણોની ગતિનો આયામ થતો હોય તો કરો! કોઈ કાર્યથી ઈન્દ્રિયદમન થતું હોય તો કરો! કદાપિ નહીં થાય. એ જ્યારે થશે ત્યારે ચિંતનથી જ થશે, ઉપાસનાથી જ

થશે. તો યજ્ઞનો અર્થ છે,-આરાધના. યજ્ઞનો અર્થ છે,-ચિંતનની વિધિ અને એ વિધિને કાર્યરૂપ આપવું એ કર્મ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ કહે છે કે અર્જુન! કર્મ શું છે? અકર્મ શું છે અને વિકર્મ શું છે? આ વિષયમાં મોટા મોટા વિવેકી પુરુષો પણ મોહિત રહે છે, માટે હું એ બતાવું છું, જે જાણીને તું સંસારબંધનથી સારી રીતે છૂટી જઈશ. કર્મ સંસારબંધનથી છૂટકારો અપાવે છે. એ કર્મનો અર્થ છે, આરાધનાને કાર્યરૂપ આપવું.

અર્જુન! સાધક પુરુષ કર્મમાં અકર્મ જુએ છે, અર્થાત્ ચિંતન તો કરે છે, પણ એમ નથી માનતો કે કરનાર હું છું, ચિંતન તો ગુણો દ્વારા પ્રેરિત થઈને આપણે કરવું પડે છે, ઈષ્ટદેવ હૃદયથી રથી થઈને આપણી પાસે કરાવે છે, હું તો એક યંત્રમાત્ર છું, આ રીતે કર્મમાં અકર્મ જુએ છે અને આમ જોવાની ક્ષમતા આવી જાય તે જ અકર્મ છે. આ અકર્મને કર્મ જુએ છે, માને છે કે મારાથી સાચું કર્મ પાર ઊતરી રહ્યું છ. ઈષ્ટના આદેશો પર સમર્પિત એ વ્યક્તિ મનુષ્યોમાં બુદ્ધિમાન છે અને એ જ સંપૂર્ણ કર્મ કરાવનારી છે.

શું આપણે કર્મ કરતા જ રહીશું કે ક્યારેક કર્મ કરવામાંથી છુટકારો મળશે? '**यस्य सर्वे समारम्भाः**' અર્થાત્ સંપૂર્ણતાથી આરંભ કરેલું કર્મ એટલું સૂક્ષ્મ થઈ જાય કે '**काम संकल्प वर्जिताः**' કામના અને સંક્લ્પોનો નિરોધ થઈ જાય, અર્થાત્ મન સંકલ્પ-વિકલ્પરહિત થઈને શૂન્યમાં વસી જાય, એ વખતે '**ज्ञानाग्नि दग्ध कर्माणं**' જેને આપણે જાણતા નહોતા, જેને માટે પ્રયત્નશીલ હતા, અજર-અમર-શાશ્વત ગુણધર્મોવાળો એ પરમાત્મા વિદિત થઈ જાય છે. આ જ અનુભૂતિનું નામ છે જ્ઞાન. અને એ જ્ઞાનમાં ધર્મ સદાયને માટે બળી જાય છે. આવી અવસ્થાવાળાને બોધસ્વરૂપ મહાત્માજનો પંડિત કહે છે. અહીં પણ કર્મ કોઈક એવી વસ્તુ છે જે આપણા ચિત્તને સંકેલીને સંકલ્પોથી ઊંચે લઈ જાય છે. કર્મ એટલે આરાધના!

સાતમા અધ્યાયના અંતે કહે છે કે જે માણસ જરા-મરણથી છૂટવા માટે મારે શરણે આવીને પ્રયત્ન કરે છે, તે સંપૂર્ણ કર્મને જાણે છે, સંપૂર્ણ અધ્યાત્મને જાણે છે, પૂર્ણરૂપે મને જાણે છે અને મને જાણીને સદાયને માટે મારામાં સ્થિત થઈ જાય છે. કર્મ જરા-મરણથી છુટકારો અપાવે છે. અર્જુને પૂછ્યું,-ભગવન્! આ સંપૂર્ણ કર્મ શું છે? સંપૂર્ણ બ્રહ્મ શું છે અને એ સંપૂર્ણ અધ્યાત્મ શું છે? યોગેશ્વરે કહ્યું, '**अक्षरं ब्रह्म परमं**' જે અક્ષય છે, નાશરહિત છે, એ જ પરમ બ્રહ્મ છે. '**स्वभावो अध्यात्मं उच्यते।**' સ્વ એટલે પોતાના સ્વરૂપમાં સ્થિર ભાવ. સ્વરૂપની ઉપલબ્ધિનો ભાવ જ અધ્યાત્મ છે. કંઈક કહી દેવું એ અધ્યયન નથી. અધિ અટલે આધિપત્ય. સ્વરૂપની ઉપલબ્ધિ થતાં વ્યક્તિ માયાના આધિપત્યમાંથી નીકળી જાય છે. આત્માનું આધિપત્ય પ્રાપ્ત થઈ જાય છે. આ જ અધ્યાત્મ માધ્યમ છે. અને '**भूत भावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः**' ભૂતોના એ ભાવ, જે કંઈક ને કંઈક રચના કરે છે, તમારા સંકલ્પોના એ ભાવ જે તમારા સંસ્કારોની સૃષ્ટિ કરતા રહે છે, એનું અટકી જવું એ જ કર્મની પરાકાષ્ઠા છે. કર્મ કોઈક એવી વસ્તુ છે કે જે તમારા મનમાં ઊંડાણમાં છુપાયેલા સંસ્કારો દૂર કરીને, સારા-ખરાબ, શુભ-અશુભ સંસ્કારો પર પરિત્યાગ-પૂર્ણવિરામ મૂકીને, એનો નિરોધ કરીને તમને જુદા ઊભા કરી દે છે. માટે કર્મ હોય છે ઉપાસના, ચિંતન, આરાધના.

સોળમા અધ્યાયમાં કહે છે કે કામ, ક્રોધ અને લોભ-આ ત્રણ નરકનાં દ્વાર છે. અર્જુન! આ ત્રણેનો ત્યાગ કરવાથી જ એ કર્મની શરૂઆત થાય છે, જે પરમશ્રેય અપાવનાર છે. કર્મ એ પ્રક્રિયા છો, જેમાં કામ-ક્રોધના ત્યાગ પછી જ પ્રવેશ મળી શકે.

સાંસારિક કાર્યમાં જે જેટલો વધારે વ્યસ્ત હોય, એનામાં કામ-ક્રોધ વગેરે એટલા જ સજ્જ દેખાય છે. શ્રીકૃષ્ણ જેને કર્મ માને છે, એ એકમાત્ર આરાધના જ છે. ત્યાગ વગર એનો આરંભ જ નથી થતો. સાધના સિદ્ધ થતાં જ જેમ જેમ આ વિકારો અંદરથી ઘટવા માંડે, તેમ તેમ કર્મમાં પ્રવેશ મળવા માંડે.

આ જ કર્મને યોગેશ્વર શ્રીકૃષ્ણે ચાર ભાગમાં વહેંચ્યું છે, કારણ કે કોઈ અકાએક એ મંજિલે પહોંચી શકતું નથી; જે રીતે સાંસારિક વિદ્યા શીખવા માટે પણ કેટલીય શ્રેણિઓમાંથી પસાર થવું પડે છે. તેથી યોગશ્વર શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન! ચાર વર્ણોની સૃષ્ટિ મે કરી. વર્ણ એટલે આકૃતિ. આ જીવત્માનો વર્ણ શુદ્ધ વર્ણ છે, શાશ્વત છે, નિર્દોષ છે, નિર્લેપ છે. '**आदित्यवर्णः तमसः परस्तात्**' એ જ આપણો વર્ણ છે. વર્ણનો અર્થ છે તમારું સ્વરૂપ. ચાર વર્ણોની સૃષ્ટિ કરી તો શું માણસોને વહેંચ્યા? યોગેશ્વર કહે છે, ના. '**गुणकर्म विभागशः**' ગુણોના માધ્યમથી કર્મને ચાર વિભાગમાં વહેંચ્યું. કર્મ એટલે ઉપાસના, કર્મ એટલે સાધનાની પદ્ધતિ. એ સાધનાપથને ચાર શ્રેણિમાં વહેંચ્યો. એક સાધનાનાં ચાર સોપાન છે જેમ-

૧. જો તામસી ગુણ હોય તો આળસ, પ્રમાદ, નિદ્રા, કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત ન થવાનો સ્વભાવ, અકર્તવ્ય કાર્યથી નિવૃત્ત ન થવાનો સ્વભાવ. તમારામાં સ્વાભાવિક રહેશે. આવી પરિસ્થિતિમાં જો તમે આંખ મીંચીને બેસીય જાઓ, તો પણ, બે કલાક બેસવા છતાંય બે મિનિટ પણ પોતાના અધિકારમાં નહીં પામો. શરીર બેશક બેસી રહેશે, પણ મન, જેને ઉપાસનામાં એકાગ્ર થવાનું છે, તે હવા સાથે વાતો કરશે, સંકલ્પોની જાળ ગૂંથતું રહેશે. આ આરંભિક અવસ્થામાં તમે શૂદ્ર છો, ક્ષુદ્ર છો, અલ્પજ્ઞ છો. આવી પરિસ્થિતિમાં આંખ મીંચીને બેસી રહેવાનો દંભ ન કરો, પણ જે આ વર્ણનો સાદોસીધો નિયમ છે કે એ પથના જે જ્ઞાતા મહાપુરુષ હોય, એમની સેવા કરો. '**परिचर्यात्मक शूद्रस्यापि स्वाभावजम्**' મન-વચન-કર્મથી એમની સેવા કરવા માંડો. સાધનાનું આ પહેલું પગથિયું છે, એ કર્મપથનો પહેલો ભાગ છે.

૨. મહાપુરુષની સેવાથી તામસી ગુણ ધીરે ધીરે શાંત થઈ જશે. રાજસી ગુણોનો પ્રવેશ થવા માંડશે અને જ્યારે અર્ધા રાજસીને પ્રવેશ મળી જાય, ત્યારે તમારા મનને ત્યાં ટકવાની ક્ષમતા આવી જશે. પછી

ત્યાં '**कृषि गौरक्ष्य वाणिज्यं वैश्य कर्म स्वभावजम्**', સ્વભાવ કહે છે આદતને. જ્યારે તમારા અંતરમાં તામસી ગુણનું દમન થઈ જાય, અર્ધા રાજસી ગુણોનોય પ્રવેશ થઈ જાય, ત્યારે સ્વાભાવિક ઉપાસના થવા માંડશે.

ગોરક્ષા? તો શું ભેંસને મારી નાખવી? ના. ''**गो गोचर जहँ लगि मन जाई। सो सब पाया जानेहु भाई॥**'' ગો એટલે ઈન્દ્રિયો. આજે ગો એટલે ઈન્દ્રિયો એમ કહેવું પડે છે, પણ વૈદિક સાહિત્યમાં ગો શબ્દ મુખથી નીકળતાં જ લોકોનું ધ્યાન મસ્તક, હાથ, પગ, નાક, કાન તરફ જ સહજપણે દોડી જતું હોય છે.

એક મુસલમાન ગાતો હતો,-''**मुहम्मद न होते तो कुछ भी न होता**'' જો મુહમ્મદ સાહેબ ન હોત તો કાંઈ પણ ન હોત. અમારા સ્વામીજીએ સાંભળ્યું તો બોલ્યા, બરાબર જ કહે છે. જો મોહ-મદ ન હોય તો કાંઈ પણ ન હોત, સંસારમાં જન્મ-મૃત્યુનું કારણ જ ન હોત. એમણે મુહમ્મદનો અર્થ વિકાર કર્યો, જ્યારે મુહમ્મદ એમના આચાર્ય હતા. બરાબર આ જ રીતે, ગો નામનું એક પશુ પણ છે, એનો હેતુ છે આર્થિક, પણ ભ્રમવશ લોકો એને ધર્મ માનીને પૂજવાય માંડ્યા છે. આ ભ્રાંતિનું નિરાકરણ કોઈક વાર પછી કરીશું.

અહીં ગોરક્ષાનો અર્થ છે માયાવી પ્રવૃત્તિઓથી પોતાની ઈન્દ્રિયોનું રક્ષણ. કામ-ક્રોધ, લોભ-મોહ, આશા-તૃષ્ણા ઈત્યાદિ દ્વારા ગો વીખરાઈ ટુકડેટુકડા થઈ જાય છે, યોનિઓનું કારણ બને છે અને વિવેક-વૈરાગ્ય, શમ-દમ, નિયમ-શ્રદ્ધા અને સમપર્ણ વડે ઈન્દ્રિયો સંયમિત થાય છે, સુરક્ષિત થઈ જાય છે. વાણિજ્યનો અર્થ છે વ્યાપાર, ધનસંગ્રહ, આત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. પ્રકૃતિના દ્વંદ્વમાં ધીરે ધીરે આત્મિક સંપત્તિ પ્રાપ્ત કરો.

અને ખેતી? જ્યાં ખેતર કે ક્ષેત્રનો પ્રશ્ન આવ્યો, યોગેશ્વર શ્રીકૃષ્ણે

કહ્યું કે, '**इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते**' અર્જુન! આ શરીર જ ક્ષેત્ર છે, જેમાં ભલું કે બૂરું આવ્યું હોય એનાં બીજ સંસ્કારોરૂપે ઊગે છે, માટે આ ક્ષેત્ર નીંદવું જોઈએ. એની અંદરથી વિકારોને કાઢીને ફેંકી દેવા અને સારું હોય તે રાખવું જોઈએ. આ વૈશ્યશ્રેણીનું કર્મ છે. '**वैश्यकर्म स्वभावजम्**' તમારા સ્વભાવે એને જન્મ આપ્યો અને સ્વભાવ પરિવર્તનશીલ છે. આજે જે સ્વભાવ છે તે કાલે નહીં રહે. વાલ્મીકિ પહેલાં હુમલાખોર ડાકુ અને હત્યારા હતા. સંત-સત્પુરુષોનું સાન્નિધ્ય મળ્યું પછી '**वाल्मीकि भये ब्रह्म समाना।**' શું બદલાયું હતું એમનું? શરીર એ જ હતું, હાથ-પગ એ જ હતા, કેવળ ગુણ બદલાયો તો સ્વભાવ બદલાઈ ગયો, ગુણ પરિવર્તિત થઈ ગયા.

૩. આ રીતે જ્યારે તામસી ગુણ શાંત થઈ જાય, સાત્ત્વિક ગુણમાં પ્રવેશ મળી જાય, કેટલાક રાજસી અને સાત્ત્વિક ગુણનું બાહુલ્ય થઈ જાય, ત્યારે તમે જ ક્ષત્રિય છો. બાધા ભાવો પર સ્વામીભાવ, શૌર્ય, તેજ, દયા અને પ્રકૃતિના દ્વંદ્વમાં ઉપાસના-પથ પરથી પાછા ન હઠવાનો સ્વભાવ,- આ ક્ષત્રિયના સ્વભાવથી ઉત્પન્ન કર્મ છે. એ સાધક મહાન વિપત્તિ આવે તોય હતાશ થઈને ઉપાસના-પથથી પાછો હઠતો નથી. મીરાંને ઝેર અપાયું. ''**लोग कहे मीरा भई बावरी। सास कहे कुलनाशी॥**'' આજે એ કુલવતી સાસુને કોઈ નથી જાણતું અને મીરાંને દુનિયા જાણે છે. હજારો વિપત્તિઓ આવવા છતાં મીરાં પોતાના કર્મપથથી, ઈષ્ટમાં શ્રદ્ધા અને સમર્પણથી ક્યારેય વિચલિત ન થઈ. ક્ષત્રિયની આ શ્રેણી સ્વભાવની ભીતર જન્મી છે.

આથી ઉન્નત થયા પછી જ્યારે કેવળ સાત્ત્વિક ગુણ રહી ગયો હોય, તામસી અને રાજસી ગુણ એકદમ શાંત થઈ ગયો હોય, તમારા અંતઃકરણમાં ત્યારે બ્રહ્મપ્રવેશ કરાવતી બધી યોગ્યતા તમારા સ્વભાવમાં હોય છે,-

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्म कर्म स्वभावजम्॥

મનનું શમન, ઈન્દ્રિયોનું દમન, એ ચિંતન-પથમાં ઈન્દ્રિયોને તપાવવાની ક્ષમતા, ધારણા-ધ્યાન અને સમાધિની ક્ષમતા, અનુભવી ઉપલબ્ધિ અર્થાત્ પ્રત્યેક કાર્યમાં ઈષ્ટનું પ્રત્યક્ષ નિર્દેશન અને એ નિર્દેશનમાં ચાલવાની ક્ષમતા-આ બધા બ્રાહ્મણશ્રેણીનાં કર્મ સ્વભાવથી ઉત્પન્ન થાય છે અને સ્વભાવમાં જોવા મળે છે.

વિજ્ઞાનનો અર્થ કોઈ કલ્પના નહીં, ઈષ્ટ હૃદયદેશથી રથી થઈને જે સંકેતોથી માર્ગદર્શન કરે છે, એ પ્રત્યક્ષ અનુભૂતિ (ઈશ્વરીય અનુશાસન) આનું નામ વિજ્ઞાન છે. પૂજ્ય મહારાજજી ઘણી વાર કહેતા કે હા! એ સ્થળે ભગવાને અમને બચાવ્યા. ભગવાને અમને આ કહ્યું. આ આશીર્વાદ આપ્યા. અમે પૂછ્યું,-શું ભગવાન પણ વાતો કરે છે? એમણે કહ્યું, હા! ભગવાન એવી રીતે વાત કરતા હોય છે કે જેમ અમે અને તમે એકબીજા સાથે વાતો કરતા હોઈએ, કલાકો સુધી વાતો કરીએ ને ક્રમ તૂટે નહીં. થોડી વાર પછી બોલ્યા, '**काहे घबरात है, तोह से बतिअइहै।**'

વાસ્તવમાં જે પરમાત્માની આપણને ઝંખના હોય અને જે સ્તર પર આપણે ઊભા હોઈએ, આપણી શ્રદ્ધા એવી હોય કે પરમાત્મા એ સ્તર પર ઊતરી આવે, આત્માથી અભિન્ન થઈને ઊભા રહી જાય, માર્ગદર્શન કરવા માંડે. જ્યાં સુધી ભગવાન હૃદયદેશથી રથી થઈને માર્ગદર્શન ન કરવા માંડે ત્યાં સુધી, પૂર્ણ નિવૃત્તિ અપાવનાર સાધનાના શ્રીગણેશ હજી થયા જ નથી. થોડા દિવસ પછી એવી કૃપા પણ મળવા માંડે, જેમ ગુરદેવે કહ્યું હતું. આ જ અવ્યક્તનું બોલવું એ વિજ્ઞાન છે. આ આપણા મનનું જ્ઞાન નથી, બેજ્ઞાનનું જ્ઞાન, જેને પરમાત્માનો સંચાર કહે છે. કાંઈ કર્યા વગર ઈષ્ટનાં ચરણોમાં સ્વાભાવિક મન લાગી જાય છે. બ્રહ્મમાં પ્રવેશ કરાવતી બધી યોગ્યતા સ્વભાવમાં ઢળી જાય છે. એ સમર્થ '**ब्रह्म कर्म स्वभावजम्।**' આ બ્રાહ્મણશ્રેણીનું નામ કોણે આપ્યું? તમારા સ્વભાવમાં જ એ જન્મ્યું અને સ્વભાવ પરિવર્તનશીલ છે.

બ્રાહ્મણશ્રેણી પણ દોષમુક્ત નથી. '**सर्वारम्भा हि दोषेण**

धीमेनाग्निरिवावृता' ધુમાડાથી અગ્નિની જેમ બધાં કર્મ કોઈ ન કોઈ દોષથી વીંટળાયેલાં છે. બ્રાહ્મણશ્રેણીનું કર્મ પણ કેમ ન હોય, સાત્ત્વિક ગુણ જ માત્ર શેષ કેમ ન રહ્યો હોય, જ્યાં સુધી ગુણ જીવિત હોય, પ્રકૃતિ જીવિત હોય, ત્યાં સુધી માયા સફળ થશે. આ ચારેય સોપાનોથી ઉપર બ્રહ્મમાં સ્થિતિ મળી જાય પછી, '**न ब्राह्मण, न क्षत्रिय, न वैश्य, न शूद्रं, चिदानन्द रूपो शिवो केवलोऽहम्।**' એ નથી બ્રાહ્મણ, નથી ક્ષત્રિય અને નથી વૈશ્ય, નથી શદ્ર. એનું ચિત્ર પરમાનંદ-સ્વરૂપ શિવ માત્ર શેષ રહે છે.

યોગેશ્વર સ્પષ્ટ કહે છે,-અર્જુન! મેં માણસોને વહેંચ્યા નથી. તો વહેંચ્યા કોને? '**कर्माणि प्रविभक्तानि**'-કર્મોને વહેંચ્યાં છે, કેવી રીતે વહેંચ્યાં? '**स्वभाव प्रभवैर्गुणैः**'-આ કર્મ સ્વભાવમાં જોવા મળવા ગુણોના આધાર બને છે, એ ગુણોના આધારે કર્મ વહેંચાય છે. જન્મ વખતે બધા મનુષ્ય છે. જન્મથી નથી કોઈ ક્ષત્રિય, નથી વૈશ્ય, નથી બ્રાહ્મણ અને શૂદ્ર પણ નથી. જે મેડિકલમાં ગયો જ નથી એ શાનો ડૉક્ટર? જો દાખલ જ નથી થયો, તો શ્રેણિ શાની?

તો જ્યાં સુધી તમે આ ચિંતનપથને જાણતા નથી, ગીતોક્ત કર્મ-જે સાધનાની એક નિશ્ચિત વિધિ છે-એને જાણતા નથી અને જાણ્યા પછી એના પર બે ડગલાં નથી ચાલતા ત્યાં સુધી તમે નથી શૂદ્ર, નથી ક્ષત્રિય, નથી બ્રાહ્મણ કે નથી વૈશ્ય ત્યાં સુધી તમે કાંઈ પણ નથી. જડ જીવ માત્ર છો. જો તમે એ વિધિ સમજીને ચાલવાનું શરૂ કરી દો તો તમે અરબસ્તાનના નિવાસી હો કે ધ્રુવપ્રદેશના, એ દિવસથી તમે શૂદ્ર છો. ચિંતન-કર્મના પ્રથમ સોપાન પર ઊભા છો, માટે તમે શૂદ્ર છો. ફરક એટલો જ છે કે શૂદ્ર શ્રેણિવાળો હજી પ્રારંભિક સ્તર પર છે. જેમ તમારો મોટો દીકરો એમ. એ.માં હોય અને નાનો શિશુ હજી પ્રથમ કક્ષામાં હોય, તો શું તમે નાનાની ઘૃણા કરશો? પ્રાપ્તિ પછી એક પરમાત્માની એક જેવી જ અનુભૂતિ બધાને માટે છે.

પૂજાવિધિને નામે લોકો ઘણી વાર બહેકી જાય છે. કોઈ દેવીને પૂજવા માંડે છે, તો કોઈ દેવતાઓને પણ. અઢારમા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે પોતપોતાના સ્વભાવમાં રહેલી ક્ષમતા અનુસાર કર્મનું આચરણ કરીને મનુષ્ય ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિ જે પ્રાપ્ત કરે છે, એ વિધિ તું મારી પાસેથી સાંભળ. કઈ વિધિ? એમણે વિધિ બતાવી કે જે પરમાત્મામાંથી સમગ્ર ભૂતોની ઉત્પત્તિ થઈ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, હૃદયદેશમાં વાસ કરનાર છે, એ પરમાત્માને પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલા કર્મની ક્ષમતા અનુસાર એનું અર્ચન કરીને અર્થાત્ સર્વાંગીણ સમર્પણ અને ઉપાસનાથી સંતુષ્ટ કરીને મનુષ્ય ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. શ્રીકૃષ્ણ અનુસાર પૂજનવિધિ આ જ છે કે કેવળ એક પરમાત્મામાં શ્રદ્ધા હોય. જ્યાં સુધી એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર નથી થતી, ત્યાં સુધી કર્મનો આરંભ જ નથી થતો. માટે જે લોકો ક્રિયા આરંભ કરતી વખતે **श्री गणेशाय नमः, देव्यै नमः**' વગેરે કહે છે, તેઓ હજી ખૂબ ભ્રમમાં છે.

આ રીતે યોગેશ્વર શ્રીકૃષ્ણે મનુષ્યોને નહીં, પણ ચિંતનપથને ચાર સોપાનોમાં વહેંચ્યો, કારણ કે કોઈ એકાએક ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે નહીં; પણ લોકો ધીરજપૂર્વક સાધના કરતાં કરતાં ક્રમેક્રમે આ સોપાનો પર ટકી શકતા નથી. આગળવાળાઓની સ્થિતિ સારી જોઈને તરત નકલ કરવાનો પ્રયત્ન કરવા માંડે છે. સાધુવેશમાં જ્યાં બેત્રણ વર્ષ વીતે ત્યાં જ પોતાને બ્રહ્મ કહેવા માંડે છે, જેથી એમને સન્માન મળવા માંડે. એનાથી સાવચેત રહેવા શ્રીકૃષ્ણ ત્રીજા અને અઢારમા અધ્યાયમાં કહે છે,-'**श्रेयान् स्वधर्मो विगुणः**' ગુણરહિત હોવા છતાં સ્વભાવથી ઉત્પન્ન થયેલ કર્મ-ક્ષમતા આપણો ધર્મ છે. એને આપણે ધારણ કરવાનો છે, માટે એ ધર્મ છે. આ આપણી જવાબદારી છે. '**परधर्म भयावहः**' બીજાનો ધર્મ ભય પેદા કરનાર છે. આ ભય પ્રકૃતિમાં છે, આવાગમનમાં છે. તે પ્રકૃતિમાં પહોંચનાર છે, કારણ કે પ્રાઈમરીનો વિદ્યાર્થી એમ. એ. કક્ષામાં બેસવા માંડે તો ઉત્તીર્ણ થવાનો

પ્રશ્ન તો ઊઠતો જ નથી; એ પ્રાઈમરીની યોગ્યતા ખોઈ બેસશે, કારણ કે એ ભણ્યો જ ક્યારે? તેથી એમણે કહ્યું, '**श्रेयान् स्वधर्मो विगुणः**'.

અઢારમા અધ્યાયમાં ફરી વાર આનું જ સમર્થન કરતાં યોગેશ્વર કહે છે કે અર્જુન! સ્વભાવથી ઉત્પન્ન કર્મ કરીને તું બધાં જ પાપથી મુક્ત થઈશ. આનો અર્થ એ કે ક્રમે ક્રમે જ આગળ વધવું જોઈએ. ગીતામાં વર્ણ અંતઃકરણની સ્થિતિઓનું ચિત્રણ છે. અને બધાના હૃદયમાં એની વ્યવસ્થા છે. જે એ કર્મપથને સમજીને ચાલવાનો પ્રારંભ કરી દે છે એને માટે વર્ણની યોગ્યતા સુલભ છે, ભલેને એ વિશ્વમાં ક્યાંય પણ જન્મ્યો હોય, ચોક્કસ જ વર્ણની યોગ્યતા પ્રાપ્ત કરે છે એ જ્યાં સુધી કર્મ પ્રારંભ નથી કરતો ત્યાં સુધી તે કોઈ પણ વર્ણનો નથી. તે મોહરૂપી નિશામાં અચેત પડ્યો છે. તે રાતદિવસ જે દોડધામ કરે છે, તે પ્રયાસમાત્ર છે.

વેદમાં વર્ણ

નિંદા પામેલી જાતિપ્રથાના સમર્થનમાં પુરુષસૂક્તની જે વૈદિક ઋચાનું ઉદાહરણ આપવામાં આવે છે, એની સમીક્ષા પણ જરૂરી છે. આ સૂક્તમાં ઋષિએ કહ્યું છે કે એ પરમાત્મા અનંત હાથ, પગ, આંખ અને મુખવાળો છે. એમણે ફરી વાર કહ્યું,-એ પરમ પુરુષ ચાર પગવાળો છે, જેના એક ચરણમાં સમગ્ર બ્રહ્માંડ-સૂર્ય, ચન્દ્રમા, પૃથ્વી, પર્વત સમુદ્ર અને નક્ષત્ર છે. ઋષિઓએ કેટલાય પ્રકારે એ પરમ પુરુષની કલ્પના કરી,-'**कतिधा व्यकल्पयन्।**' એમણે ફરીથી કલ્પના કરી કે એ પરમાત્માના પગ સમાન કોણ? જાંઘ સમાન કોણ? ભુજાઓ સમાન કોણ? અને મુખ સમાન કોણ છે? પછીથી ઋચામાં એમણે કલ્પના કરી,-

ब्राह्मणस्य मुखमासीत् बाहूः राजन्यः कृत।
उरु तदस्य यदवैश्यम् पदभ्यां शूद्रोऽजायत्॥

અર્થાત્, પગમાં શૂદ્ર છે, જાંઘમાં વૈશ્ય છે, બાહુમાં ક્ષત્રિય છે અને એ પરમાત્માના મુખસમાન બ્રાહ્મણ છે. ભલા જે સર્વત્ર સમાનરૂપે વ્યાપ્ત

છે, એને હાથ-પગ ક્યાંથી? જ્યારે મનુને દર્શન દીધાં, ત્યારે '**विश्व बास प्रकटे भगवाना।**' વિશ્વમાં જ્યાં પ્રકૃતિ હતી, ત્યાં તે મનુને માટે પુરુષત્વમાં વિલીન થઈ ગઈ.

અક વાર જે પ્રભુનાં ચરણો ધોવાથી ગંગાજી નીકળી આવ્યાં, જે ત્રણે લોકોને તારવાની શક્તિ ધરાવે છે, જે ચરણોમાં ભરત વળગી રહ્યાં, જે ચરણોમાં લક્ષ્મીજી એકાધિકારથી બેઠાં છે કે કોઈ અનાધિકારી સ્પર્શી ન શકે, જે ચરણોની રજ મસ્તક પર ધારણ કરીને ઋષિમુનિઓ પોતાને ધન્ય માને છે, જેનું ચરણજળ લઈને આપણે કૃતાર્થ થઈ જઈએ છીએ, એ જ ભગવાનના '**पावनं पावनानाम्**' ચરણોમાંથી એક એવું જંતુ નીકળ્યું કે જો તે ભગવાનને સ્પર્શે તો ભગવાન ગંદા થઈ જાય. તે છે શૂદ્ર! આ છેતરામણી નથી તો બીજું શું છે? આ કુરીતિઓ અને રૂઢિઓનું કૃત્ય છે, અશિક્ષિત જનતામાં ફેલાવેલો વિચાર છે. કેળવણી આવતાં જ મૂર્ખોને ચલાવનારી આ રીત આક્રોશમાં બદલાઈ ગઈ છે.

કાશી વિશ્વનાથના મંદિરમાં હરિજનપ્રવેશ પર એક ધર્માચાર્યે એવી ઘોષણા કરી,-'શંકર ભગવાન નષ્ટ થઈ ગયા, ભગવાન ભ્રષ્ટ થઈ ગયા, હવે એ મંદિરમાં જવાથી અધોગતિ પામશો. અમે નવું મંદિર બનાવ્યું છે, તેમાં દર્શન કરો. તેમાં શંકર ભગવાન શુદ્ધ છે. કેટલી ભયંકર ભ્રાંતિ છે. શાસ્ત્રનું એક પણ સૂત્ર કહેતું નથી કે બહાર જાતિઓની વહેંચણી ભગવાને કરી. હા, આપણે જરૂર વહેંચી રહ્યા છીએ. ત્રણમાંથી તેર અને તેરમાંથી સવા લાખ થઈ જઈએ છીએ. ભાઈ-ભાઈ તો લડે જ છે. આફ્રિકામાં આ ફાટફૂટ વધારે છે, સાંપ્રદાયિક સમુદાયો વધારે છે, અને આફ્રિકા આજે પણ ગુલામ છે. આ જ સાંપ્રદાયિક પદ્ધતિ જો તમારી પર રહી હોય તો ગુલામી તમારા માથા પર પણ ચકરાવા લે છે.

વસ્તુતઃ આ વૈદિક ઋચાનો આ જ આશય છે, જે યોગેશ્વરે ગીતામાં વ્યક્ત કર્યો છે. આરાધનાની આરંભિક અવસ્થામાં બધા શૂદ્ર છે, પરમાત્માના ચરણ સ્થળ પર છે. એ ચરણોની સેવા કરતાં કરતાં અને

જેમનાં ચરણોમાં ભગવાનનાં ચરણ છે, એ સંતોની સેવા કરતાં કરતાં આરાધના-પથમાં પોતના પગ પર ઊભા રહેવાની ક્ષમતા આવી જાય, તો આપણે વૈશ્ય છીએ. જાણે શિશુ જાંઘ પર ઊભું થવા માંડ્યું. એ સમયે આત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવા તરફ આપણે અગ્રેસર છીએ. અને ક્ષત્રિય-ક્ષય કહે છે હણવાને. ત્રિ એટલે ત્રણ ગુણ. આ ત્રણે ગુણોથી નિર્મિત પ્રકૃતિને નષ્ટ કરવાની ક્ષમતા પ્રાપ્ત થઈ જાય ત્યારે એ જ સાધક ક્ષત્રિય છે. **'बाहू राजन्य कृत'**, એ સમયે તે ઈષ્ટની ભુજાઓના બળ પર હોય છે, અર્જુનની જેમ અને જ્યારે બ્રહ્મની અનુભૂતિ પ્રાપ્ત કરી લે છે, ત્યારે પરમાત્મા એનામાં પ્રવાહિત થઈ જાય છે. તે બ્રહ્મમાં પ્રવેશ પામવાની બધી યોગ્યતાવાળો છે, માટે બ્રાહ્મણ છે. એ મહાપુરુષની બુદ્ધિ માત્ર યંત્ર છે. એના માધ્યમથી પરમાત્મા જ નિર્ણય દર્શાવે છે, બોલે છે, માટે બ્રાહ્મણને પરમાત્માનું મુખ કહ્યો છે.

નોટઃ ભગવાન સર્વાંગીણ પવિત્ર છે, પણ એ પ્રભુનાં અંગોમાંથી કોઈ અંગવિશેષ મનુષ્યના હિતમાં વિશેષ સહાયક અને પવિત્ર હોય તો તે ચરણ છે અને એ જ ચરણસ્થળ પર ઊપજે છે ઘૃણાજનક શૂદ્ર, એ કેમ સંભવે છે? વિદ્વાનો વિચાર કરો.

સ્મૃતિ

વર્ણના સંદર્ભમાં અત્રિ-સ્મૃતિનો એક શ્લોક ગીતા સાથે મળતો આવે છે, પણ સ્મૃતિઓથી રંગાયેલું મસ્તક એ સમજી શકતું નથી.

जन्मना जायते शूद्र संस्कारात् द्विज उच्यते।
वेदाध्यायी भवेत् विप्र ब्रह्म जानेति ब्राह्मण॥

અર્થાત્ આ ધરતી પર જન્મ લેનાર દરેક પ્રાણી શૂદ્ર છે. **'संस्कारात् द्विज उच्यते'** જ્યારે સંસ્કાર પ્રાપ્ત કરી લે છે ત્યારે તે દ્વિજ છે. સંસ્કારનો એ અર્થ નથી કે થોડાક મંત્ર પઢીને યજ્ઞોપવીત પહેરી લીધું અને થઈ ગયા સંસ્કારી. સઃ એટલે તે પરમાત્મા અને એનો આંશિક પ્રવાહ તમારા

હૃદયમાં આવી જાય છે. સંચિતના થર પર, મનની ભીતર એ પરમાત્માનું બીજારોપણ થઈ જાય છે, ત્યાં એ દ્વિજ છે. એણે બીજો જન્મ પ્રાપ્ત કર્યો. એક પ્રકારનો જન્મ ગર્ભવાસ છે, જેમ ચરાચર જગતનાં પ્રાણીઓ આવી જાય છે. એથી એકદમ વિપરીત આત્માનું પોતાનું નિર્મલ અને શાશ્વત સ્વરૂપ છે, એમાં પ્રવેશ મેળવવો એ બીજા પ્રકારનો જન્મ છે. જોકે એમાં હમણાં જ પ્રવેશ મેળવ્યો હોય, આરંભ જ કર્યો હોય, પણ એ ચોક્કસ જ સ્વરૂપ પામશે. કૃષ્ણ કહે છે કે અર્જુન! આ નિષ્કામ કર્મયોગમાં બીજનો નાશ નથી થતો. સાધના શરૂ તો કરી દો, બીજારોપણ તો કરી દો, પછી તો માયા પાસે એવું કોઈ યંત્ર નથી જે એ સત્યને નષ્ટ કરી દે. માયા કેવળ થોડા અવરોધ ઊભા કરી શકે છે, વિલંબ કરાવી શકે છે, પણ એટલાથી સાધનાને નષ્ટ નથી કરી શકતી.

તેથી એ થોડીક સાધનાના પ્રભાવથી તે દરેક જન્મમાં એ જ સાધના કરે છે, જ્યાંથી છૂટે છે ત્યાંથી જ આરંભ કરે છે. જન્મ લઈને વિષયોમાં ગૂંચવાયેલો હોવા છતાં પાછલા જન્મમાં જ્યાંથી સાધના છૂટી હોય, એના બુદ્ધિસંયોગને અનાયાસ જ પ્રાપ્ત કરી લે છે, ચિંતન કરે છે અને બેચાર જન્મની હેરફેર પછી ત્યાં જ પહોંચી જાય છે, જેનું નામ પરમગતિ છે, પરમધામ છે. તેથી '**संस्कारात् द्विज उच्यते**'-સ એટલે તે પરમાત્મા. એનો આંશિક આકાર જ્યાં હૃદયદેશમાં જાગ્રત થાય, બીજારોપણ થઈ જાય, ત્યાં તે દ્વિજ છે. એને બીજો નિર્મળ જન્મ પ્રાપ્ત કર્યો. હવે એણે મુક્ત થવું જ જોઈએ.

'**वेदाध्यायी भवेत् विप्र**।' આરાધના વધુ સૂક્ષ્મ થાય, ત્યાં તે અવ્યક્ત પ્રભુ પોતાની જાણકારી પ્રદાન કરવા માંડે છે, જે તત્ત્વ વિદિત નહોતું તે વિદિત થવા માંડે છે. તે પરમાત્મા પોતાની અનુભૂતિ કરાવવા માંડે છે, પોતાને અનુભવવા માંડે છે. અનુભૂતિમાં ઈષ્ટ જે રસ્તો બતાવે, જે નિર્દેશ આપે, એ જે નિર્દેશનો અધ્યાયી હોય-સારી રીતે એનું અધ્યયન કરીને, એની પર સ્થિર રહીને જે ચાલે છે, ઈષ્ટના નિર્દેશને અનુરૂપ ચાલવાની ક્ષમતા જેનામાં આવી જાય છે તે જ વેદાધ્યાસી છે, વિપ્ર છે.

તે સારી રીતે બ્રહ્મ-પરાયણ છે. હવે એના આચરણમાં લેશમાત્ર પણ ત્રુટિ નથી, તે વિપ્ર છે.

'ब्रह्म जानेति सः ब्राह्मण', એ જ ઈષ્ટના નિર્દેશ અનુસાર ચાલતાં ચાલતાં સાધક જ્યારે મૂળનો સ્પર્શ પ્રાપ્ત કરી લે છે, એને જાણી લે છે, ત્યારે તે બ્રાહ્મણ છે. આ રીતે અત્રિ-સ્મૃતિ કેવળ એટલું જ બતાવે છે કે એ પુરુષ કેવી રીતે બને છે, વર્ણ કેવી રીતે બને છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રનું શ્રેણિ-વિભાજન નથી, લોકોમાં નથી.

વાસ્તવમાં આ સાધના-પથનાં ચાર સોપાન છે. આરંભમાં નિકૃષ્ટ, મધ્યમ, એનાથી ઉન્નત થતાં ઉત્તમ અને અતિ ઉત્તમ-આ રીતે એક જ પથિકે આ ચારે સોપાનો પરથી પસાર થઈને એ શાશ્વત સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામવાનો હોય છે. આ જ સાધના-પથ છે, ધર્માચરણ છે.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું કહેવું છે કે બધાં પ્રાણી માતાથી સમાનરૂપે જન્મ લે છે. એમનામાંથી જેના ઉપનયન સંસ્કાર કરાય છે, તેઓ દ્વિજ છે, આઠમામાં બ્રાહ્મણ, અગિયારમામાં ક્ષત્રિય, બારમામાં વૈશ્યના ઉપનયન થાય છે, અને જેમના સંસાર નથી થતા તે શૂદ્ર છે. જો માત્ર મંત્ર પઢવાથી કે જનોઈ પહેરવાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય બનતા હોય તો બધા માટે કેમ મંત્રો પઢવામાં ન આવ્યા? ઉપવીત ધારણ કરતી વખતે આ મંત્ર પઢવામાં આવે છે.

यज्ञोपवीतं परमं पवित्रं यजायतेः यत्सहजं पुरस्तात।
आयुस्यमग्रयं प्रतिमुञ्च शुभं यज्ञोपवीतं बलमस्तु तेजः॥

આ મંત્ર પઢવાથી આઠ વર્ષના છોકરાને શું મળે છે? વાસ્તવમાં આ માત્ર સામાજિક વ્યવસ્થા હતી, ધર્મ સાથે એને કોઈ સંબંધ નથી. એ દિવસોમાં આ સંસ્કાર દ્વારા બાળકને વિદ્યાધ્યયનનો અધિકાર અપાતો હતો. બાર વર્ષનાને શસ્ત્રસંચાલન અને રક્ષણ વિભાગમાં પ્રવેશ અપાતો

હતો. જેમ આજનું બાળક નેવીમાં જાય તો બીજી ટ્રેનિંગમાં એ વિશેષજ્ઞ બનીને આવે છે.

આજકાલ આ વ્યવસ્થાઓ સરકારના હાથમાં ચાલી ગઈ. અધ્યયન-અધ્યાપન, ધનોપાર્જન માટે ઉદ્યોગ અને નોકરીઓ, રક્ષણની જવાબદારી, યોગ્યતા અને સામાજિક સમાનતા પર આધારિત બની રહ્યા છે. રાજા બદલાઈ ગયો, રાજતંત્ર બદલાઈ ગયું અને તે રીત પણ બદલાઈ ગઈ કે કેવળ ઉપનયનવાળો જ ભણે. સ્મૃતિઓમાં નિષેધ હતો કે શૂદ્રને ભણાવનાર ને ધર્મનો ઉપદેશ કરનાર અંધ તમિસ્ત્ર નરકમાં જશે. આજે બધા ભણી રહ્યા છે, ભણાવી રહ્યા છે.

બાહ્ય વર્ણ મહારાજા મનુએ બનાવ્યા અને ભાર દીધો કે વર્ણોમાં રહેવાથી મોક્ષ મળે છે. મોક્ષ માટે ઘર છોડવાની જરૂર નથી. જો આમ જ હતું તો ખુદ મહારાજ મનુએ કલ્યાણ માટે ઘર કેમ છોડ્યું? નૈમિષારણ્યમાં જઈને તપમગ્ન કેમ થયા? એમણે તો રાજધર્મ અને ક્ષત્રિયધર્મનું પાલન કરવું જોઈતું હતું.

પ્રાચીન કાળમાં ધીરે ધીરે સભ્યતા આવી. મહારાજ મનુએ એની વ્યવસ્થા કરી. કેટલાક લોકોને વાંચવા-લખવા અને નિયમ બનાવવાના કાર્યમાં નીમવામાં આવ્યા. તેઓ બ્રાહ્મણ કહેવાયા. કેટલાકને શસ્ત્રસંચાલન અને સુરક્ષાનો ભાર સોંપાયો, તેઓ ક્ષત્રિય કહેવાયા. કેટલાકને ધનસંપત્તિસંગ્રહ અને ખાદ્યપદાર્થો પૂરા પાડવાના કામે લગાડ્યા, તેઓ વૈશ્ય કહેવાયા અને આ બધાની સેવા માટે નીમવામાં આવેલા લોકો શૂદ્ર કહેવાયા. પણ આજે મહારાજ મનુ અને એમના અનુયાયીઓ ચાલ્યા ગયા. આ વ્યવસ્થાને કાર્યરૂપ દેનાર રાજ્યોનું સન ૧૯૫૨માં ઉન્મૂલન થઈ ગયું, સત્તા જનતાના હાથમાં આવી.

વ્યવસ્થા બદલાઈ ગઈ, સજાના નિયમો બદલાઈ ગયા. પુરાણા કાયદાઓ દફનાવી દેવાયા. કોઈ નામ પણ નથી લેતું. નામ લેવાથી

કાંઈ થવાનું નથી તો આ વ્યવસ્થાઓની ઘોષણા શા માટે કરવી? આ સ્મૃતિઓ સમાજમાં હવે કંટક છે, એક તિરાડ છે.

સદ્‌ભાગ્યની વાત તો એ છે કે આ સ્મૃતિઓમાં લખ્યું છે કે આ કોઈને દેખાડશો નહીં, કોઈ સ્પર્શી ન શકે. ગર્ભાધાનથી માંડીને ચિતા સુધીના મંત્ર જે જાણતો હોય, એ જ એને વાંચવાનો અધિકારી છે. એને બતાવી શકો છો, કારણ કે એને જરૂર છે. તે આ જ બધું કરશે. લાખો બ્રાહ્મણોમાં દશ-પંદર એના જાણકાર હતા. બાકી બધા તો એમના સંકેત પ્રમાણે ચાલતા હતા. તેથી બ્રાહ્મણનો ક્યારય દોષ નથી. દોષ તો કેટલાક લોકોનો હતો, જે રાજાની પડખે બેસીને ઉપાધિ મંત્રીપદ પામ્યા હતા. લખ્યું છે,-રાજા સવારે ઊઠીને બ્રાહ્મણોની પૂજા કરે અને એમને પૂછીને દરેક કાર્ય કરે. વાસ્તવિક રાજા તો તેઓ હતા. દોષ તો એમનો હતો, જેમણે ધર્મને નામે નરકની યાતના દેખાડીને રાજસત્તાના માધ્યમથી તદ્દન નિરક્ષર જનતાનું મન ફાવે તેમ શોષણ કર્યું. સ્મૃતિઓમાં સામાજિક વ્યવસ્થાનાં અનેક ઉપયોગી સૂત્રો પણ છે, પણ અમારું નમ્ર નિવેદન છે કે પૂર્વજોની દરેક ઉપયોગી-બિનઉપયોગી વ્યવસ્થાને વારસો કે થાપણ માનીને રૂઢિઓનું પાલન કરવાનો કોઈ ફાયદો નથી.

આ જાતિ, ઊંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય વગેરે મનુષ્યના અંતરમાં રહેલા રાગદ્વેષથી ઉત્પન્ન થયેલા કામ-ક્રોધ-મોહ-અંધકાર-દંભ-દ્વેષ વગેરે પ્રકૃતિજન્ય વિકારોની ભેટ છે. જગત હંમેશાં પોતાને શ્રેષ્ઠ ઘોષિત કરતું આવ્યું છે. ભાઈ-ભાઈ લડતા આવ્યા છે. આ જૂથબંધી અજ્ઞાન અને અવિવેકની ઊપજ છે. આખું વિશ્વ કાળા-ગોરા, લાલ-પીળા રંગને નામે વિભાજિત થયું છે. પરસ્પર દમન માટે શસ્ત્રોની સ્પર્ધા થઈ રહી છે, શીતયુદ્ધનું વાતાવરણ છે. ક્યારેક એ જાતિ ને જમીનને કારણે તો ક્યારેક વ્યવસાય અને રૂપને કારણે થાય છે. થાય છે જરૂર અને થતાંય રહેશે; પણ એમને ધર્મ સાથે સંબંધ નથી.

આજે જાતિવાદી કોમ નથી? જાતિ, સંપ્રદાય, ભાષા અને ક્ષેત્રીય

સંકુચિતતાઓને આધાર બનાવીને ચૂંટણીમાં ટિકિટ આપવામાં આવે છે. એ જ જાતિના લોકો ચૂંટણીપ્રચાર માટે મોકલાય છે, એમનાથી જ પ્રભાવિત થઈને તમે મત આપો છો. કર્મચારીઓની પસંદગીમાં પણ જાતિવાદથી શું તમે અપરિચિત છો? વાત કહેવાની નથી, આચરણમાં મૂકવાની છે. દોષ આપણો છે જેને આપણે કોઈ વાર સરકારની અનામત નીતિમાં શોધીએ છીએ તો કોઈ વાર એ બદલ ધર્મને દોષિત ઠરાવીએ છીએ. શાસ્ત્રોમાં તો એક પણ શ્લોક એવો નથી કે ભગવાને ક્યારય મનુષ્યોને વિભાજિત કર્યા હોય, ઊંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય બનાવ્યા હોય.

ગીતા અનુસાર વિશ્વભરમાં મનુષ્ય બે પ્રકારના હોય છે. નહીં ચાર પ્રકારના, નહીં ત્રણ પ્રકારના, નહીં તેર પ્રકારના અને નહીં સવા લાખ. મનુષ્ય કેવળ બે પ્રકારના છે-એક દેવતાઓ જેવા, બીજા અસુરો જેવા. એ કાં તો નાસ્તિક હશે અથવા આસ્તિક. પરમાત્મા તરફ અગ્રેસર હશે અથવા માયા તરફ. પ્રકૃતિમાં વિશ્વાસ રાખનારા હોય તો અસુરો જેવા હોય, અને જો પરમતત્ત્વ પરમાત્માના દેવત્વ માટે પ્રયત્નશીલ હોય તો દેવતાઓ જેવા. સંસારમાં આ જ બે જાતિઓ છે, જે અંતઃકરણની બે પ્રવૃત્તિઓ-આસુરી સંપદા અને દૈવી સંપદા પર આધારિત છે, જેમનો ઉલ્લેખ ગીતાના સોળમા અધ્યાયમાં છે. એ કસોટી પર તમારો એક સગો ભાઈ અસુર અને બીજો દેવતા હોઈ શકે છે. આ જ કારણ હતું કે શ્રીકૃષ્ણના કેટલાક સગા અસુર હતા, તેઓ પોતે દેવતા હતા. પરમાત્મ તત્ત્વમાં સ્થિત ભગવાન હતા. યોગશાસ્ત્રો અનુસાર જાતિનું આટલું જ સ્વરૂપ છે. બહાર નથી કોઈ જાતિ અને નથી કોઈ વિભાજનની રીત.

સ્મૃતિઓ વ્યવસ્થા હતી, ધર્મ નહીં.

માણસ-માણસ વચ્ચે ભયંકર ઘૃણા ફેલાવવાનું કામ સ્મૃતિઓએ કર્યું છે. જન્મ પર આધારિત જાતિપ્રથા એમની જ ભેટ છે. બધી સ્મૃતિઓ મહાભારત કાળ પછીની છે અને કેટલીક તો ગૌતમ બુદ્ધની પછી લખાઈ છે. તેમાં મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય અને પરાશર સ્મૃતિ વધુ પ્રસિદ્ધ છે.

ઈતિહાસના વિદ્વાનો જાણે છે કે મહાભારત કાળ અને આજની વચ્ચે નથી કોઈ મનુ નામના રાજા થયા અને નથી ગૌતમ બુદ્ધ પછી કોઈ યાજ્ઞવલ્ક્ય ઋષિ થયા. વૈદિક યુગના વિશ્વસનીય તત્ત્વજ્ઞ પુરુષના નામે આ સ્મૃતિઓની રચના કરીને વચ્ચેના બુદ્ધિજીવી વર્ગવિશેષે પોતાને અનુકૂળ પરિસ્થિતિ બનાવી લીધી, પ્રશાસનિક વ્યવસ્થા ઊભી કરી દીધી અને રાજકીય સંરક્ષણમાં આ જ જાતિવ્યવસ્થાનો ધર્મના નામે પ્રચાર કરાયો. ધર્મ સાથે આ સ્મૃતિઓને કાંઈ પણ લેવાદેવા નથી.

મનુસ્મૃતિનું કથન છે કે પ્રારંભમાં એક ઈંડું હતું. એ ઈંડામાં જે પ્રાણી હતું, તેણે પોતાના પરાક્રમથી ઈંડું ફોડ્યું. જે નીકળ્યો એનું નામ બ્રહ્મા હતું. બ્રહ્માએ પોતાના શરીરના બે ભાગ કરીને અર્ધાથી સ્ત્રી અને અર્ધાથી પુરુષ બનાવ્યો અને સંસારના વિકાસ માટે મુખ, બાહુ, જાંઘ અને ચરણમાંથી ક્રમશઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર બનાવ્યા. એ બ્રહ્માએ મનુને ઉત્પન્ન કર્યો. મનુએ દશ મહર્ષિઓને અને એ મહર્ષિઓએ સાત મનુઓ, દેવ-દાનવ, સુખદુઃખ, પાપપુણ્ય, સ્વર્ગ-નરક, જળ-સ્થળ, જડચેતન જીવોને ઉત્પન્ન કર્યાં. શ્રી રામચરિતમાનસની કસોટી પર આ બધો વિધિ-પ્રપંચ છે,-'**विधि प्रपंच गुन अवगुन साना।**' બ્રહ્માએ પોતાની સૃષ્ટિના સંચાર માટે આ વર્ગોની રચના કરી. આ પ્રપંચ છે, કોઈ શાશ્વત વ્યવસ્થા નથી. આ પ્રપંચના કોઈ એક અંશની પૂજા કરવાથી શું થશે? આ પ્રપંચમાંથી આપણે બહાર ક્યાં નીકળીએ, જ્યારે સ્વયં બ્રહ્મા પણ પોતાના લોકો સહિત મરણધર્મા છે.

આ બ્રહ્માજીની સૃષ્ટિ જુઓ. દષદ્વતી નદીથી સરસ્વતી નદીની વચ્ચેનો પ્રદેશ બ્રહ્માવર્ત કહેવાયો, જે આજકાલ કાનપુર પાસે બિઠૂર કહેવાય છે. મથુરાથી તક્ષશિલા સુધી પાંચાલપ્રદેશ બ્રાહ્મણોનો પવિત્ર દેશ છે. વિંધ્યાચલથી હિમાલયની તળેટી સુધી મધ્ય પ્રદેશ છે અને દક્ષિણે મ્લેચ્છ દેશ છે. આટલામાં જ જગતની ઉત્પત્તિનું વર્ણન સમાપ્ત થઈ ગયું. આ બ્રહ્માને એટલુંય જ્ઞાન નહોતું કે હિમાલયની પાર ચીન અને જાપાન પણ છે. સમુદ્રમાં મોટા મોટા દ્વીપ છે. વાસ્તવમાં ન તો કોઈ બ્રહ્માએ સૃષ્ટિ

રચી હતી અને ન એ સ્મૃતિકારને ભૂગોળનુંય જ્ઞાન હતું. જીવજંતુઓની રચનામાં ભારતીય પશુપક્ષીઓનાં નામ તો ગણાવ્યાં છે, પણ કાંગારૂ, જિબ્રા, જિરાફનાં નામ ક્યાંય નથી અને લખી દીધું કે સંક્ષેપમાં સૃષ્ટિનું પ્રકરણ સમાપ્ત થયું.

આ બ્રહ્માજીએ પવિત્ર-અપવિત્ર દર્શાવીને ઠેકઠેકાણે ભૂખંડોમાં ભેદ તો ઊભો કર્યો જ, એ પણ એમણે બતાવ્યું કે તમારા શરીરનો કયો ભાગ શુદ્ધ અને કયો ભાગ અશુદ્ધ છે. નાભિથી ઉપર શુદ્ધ અને નીચે અશુદ્ધ. બ્રાહ્મણ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયો હતો માટે તે સમગ્ર સંસારનો સ્વામી છે. શૂદ્ર પગમાંથી પેદા થયો હોવાને કારણે અપવિત્ર છે, દાસ છે. શૂદ્રનું નામ ઘૃણાસૂચક રહેવું જોઈએ. શૂદ્ર સાથે વાત કરવી પડે તો જમણા કાનને સ્પર્શ કરતા રહેવું, કારણ બ્રાહ્મણના જમણા કાનમાં અગ્નિ, જળ, વેદ, સૂર્ય, ચન્દ્રમા, તીર્થ અને ગંગા જેવી નદીઓ વાસ કરે છે; આ પરાશર સ્મૃતિની શોધ છે. શી બેવકૂફી છે. આ શૂદ્ર અને આ અશુદ્ધની કલ્પના ઊંચ અને નીચની કલ્પના, સ્વામી અને દાસની કલ્પના, ઘૃણા અને દ્વેષની કલ્પના, મંત્ર પઢીને શુદ્ધ થવાની કલ્પના આ સ્મૃતિઓની જ ભેટ છે.

સ્મૃતિઓની માન્યતા છે કે માતા-પિતા કામવશ જે સંતાન ઉત્પન્ન કરે છે તે પશુસમાન છે, પણ વેદાધ્યાયી દ્વારા ગર્ભાધાન-મંત્રથી સંસ્કારપૂર્વક જે બાળકો પેદા થાય છે, તેઓ દ્વિજ છે. વિચાર કરવો પડશે કે કેટલા લોકોના પિતા વેદાધ્યાયી રહ્યા છે. લખ્યું છે કે સંસ્કારથી બાળકો સુડોળ થાય છે અને દેશ થઈ ગયો ગુલામ. કેવા સુડોળ? બ્રાહ્મણ થવાનું બીજું એક સૂત્ર પણ સ્મૃતિઓમાં મળે છે કે જે વેદનું પઠન કરે છે, તે પણ બ્રાહ્મણ જ છે. સત્યુગમાં મનુસ્મૃતિ પ્રમાણ હતી અને કળિયુગને માટે પરાશર-સ્મૃતિ બનાવવામાં આવી. શૂદ્રોને આ સ્મૃતિઓ વાંચવાનો અધિકાર નથી અને અંતે એ પણ લખી દીધું કે સ્મૃતિ પઢવાનું અને વેદ પઢવાનું એક જ ફળ છે. વેદપઠન કરો કે ન કરો, પરાશર-સ્મૃતિનું જ પઠન કરી લો તો તમે

વેદના જ્ઞાતા થઈ ગયા. ક્યાં અપૌરુષેય વેદ પરમાત્માની વાણી અને ક્યાં પરાશર સ્મૃતિ, કળિયુગના ઋષિઓએ લખેલું પુસ્તક. જો પુસ્તક વાંચવાથી બ્રાહ્મણ બનાતું હોય તો બધાને તે વાંચવાનો અધિકાર આપીને પોતાની સંખ્યા કેમ વધારતા નથી! હવે તો સદ્‌ભાગ્યે બધાને વાંચવાનો અધિકાર મળી ગયો છે. જો વેદનો એક અધ્યાય પઢવાથી જ બ્રાહ્મણ બની શકાય છે તો બધાને કેમ બનાવી નથી લેતા? આ સ્મૃતિકારોને તો એનીય ખબર નથી કે યુગ ક્યાંય બહાર નથી હોતા. ગુણોના ઉતાર-ચઢાવ, ગુણોના આધારે અંતઃકરણમાં થાય છે-

बुध युग धर्म जानि मन मांही

* * *

नित युग धर्म होहि सब केरे।
हृदय राम माया के प्रेरे॥

મનુસ્મૃતિમાં ઉલ્લેખ છે કે જો શૂદ્ર દ્વિજાતિઓને ક્રૂર વચન કહે તો એને જીભ કાપી નાખવાની શિક્ષા કરવી જોઈએ. દશ આંગળનો બળતો લોખંડનો સળિયો એના મોઢામાં નાખવો જોઈએ; કારણ કે એની ઉત્પત્તિ નિંદનીય સ્થાનથી થઈ છે. જો શૂદ્ર કોઈ બ્રાહ્મણને ધર્મનો ઉપદેશ આપે તો રાજાએ એના મોઢામાં અને કાનમાં ઊકળતું તેલ રેડાવવું. જો તે ઉચ્ચ વર્ણ સાથે બેસવા માગે તો એના કુલાનું માંસ ઉખેડાવવું.

જો ચાંડાલ રાતે ઘરમાં રહી ગયો હોય તો સવારે ઘરમાંથી ખાદ્યસામગ્રી બહાર કાઢીને ઘરમાં આગ લગાડી દેવી જોઈએ. પછી ત્યાં લીંપણ કરીને બ્રાહ્મણને ભોજન કરાવવું જોઈએ અને વીસ ગાય દાનમાં આપવી જોઈએ. ત્યારે તમે શુદ્ધ થશો, નહીં તો કુંભીપાક નરકમાં જશો. ઘર તો તમે ફૂંકી જ માર્યું, ખાદ્યસામગ્રી બીજે દિવસે ખાઈ ગયા, વીસ ગાયો પણ લઈ લીધી. હવે એ ગરીબ પાસે બચ્યું શું? શૂદ્ર આટલો ત્યાજ્ય છે, પણ એને ત્યાંના દૂધ-ઘી, અન્ન, મધ અને સુંદર સ્ત્રી ગ્રાહ્ય છે. **'स्त्री रत्नं दुष्कुलादपि।'**

ભોજન કરતા બ્રાહ્મણને કૂતરો કે શૂદ્ર જોઈ પણ લે તો એ ભોજન રાક્ષસો ખાઈ જાય છે. ખવડાવનાર પણ નરકમાં જાય છે. શૂદ્રને એંઠું અન્ન, જૂનાં કપડાં, સત્ત્વ વગરનું અન્ન, જૂનાં ઓઢવાનાં અને પાથરણું દેવું જોઈએ. જો એ વેદના એક વાક્ય પર વિચાર કરે તો વિચારમાત્રથી અંધ-કુંભીપાક નરકમાં જશે. આમ તો એ લોકોને ન ક્યારેય કાયદાથી ખાવા દીધું ન પહેરવા દીધું. ભગવાનથીય એમને વંચિત રાખ્યા આ સ્મૃતિઓએ.

આ જ કુદરતી ભેટ છે કે કેરળ ચાલ્યું ગયું ઈસાઈઓના હાથમાં. દશ ટકા સવર્ણ બચ્યા છે ત્યાં અને પોતાની સંપત્તિ કોડીના મૂલે વેચીને મુંબઈ તરફ ભાગી રહ્યા છે. કોળી-ભીલ-જંગલી જાતિઓ ઈસાઈ બની રહી છે, કારણ કે તમે એમને અછૂત કહીને ભગાડો છો, અને તેઓ ગળે વળગાડે છે. અડવા અને ખાવાથી તમારો ધર્મ નષ્ટ થઈ જાય છે, અને જ્યારે કોઈ શૂદ્ર ઈસાઈ બનીને પાછો આવે છે, ત્યારે આપણે એને સાહેબ-સાહેબ કરીએ છીએ, ખુરશી પર બેસાડીએ છીએ, છુપાઈને નિસાસા નાખીએ છીએ અને પોકારો પણ કરીએ છીએ કે ધર્મપરિવર્તન થઈ રહ્યું છે.

સ્મૃતિઓની વ્યવસ્થા આપી હતી ઋષિઓએ. મનુસ્મૃતિ અનુસાર 'ઉપનયન સંસ્કાર પછી ૨૫ વર્ષની ઉંમર સુધી ગુરુકુળમાં નિવાસ કરે છે, તે ઋષિ છે અને એ ઋષિએ લગ્ન કરવાં જોઈએ.' ભૂલી જાઓ કે ઋષિ અત્રિ, દુર્વાસા અને ચંદ્રમા જેવા જિતેન્દ્રિય થયા હતા. એક વિદ્યાર્થી, જેણે હજી હમણાં જ આચાર્યની ડિગ્રી મેળવી, એ જ ઋષિ છે. પ્રાચીન ઋષિઓની જગ્યાએ કૃત્રિમ ઋષિ પેદા થઈ ગયા. આજે ઠેકઠેકાણે ગુરુકુળ ખૂલ્યાં છે. ત્યાં કોઈ સંસ્કૃત શીખવા નથી જતું. કેમ બધાં પોતાનાં બાળકોને ઋષિ બનાવી લેતા નથી?

અને ગુરુ કોણ છે? મનુસ્મૃતિ અનુસાર જે ગર્ભાધાનથી માંડીને ચિતા સુધીનાં કૃત્ય કરતો હોય, એને ગુરુ કહે છે. ગુરુ મરી જાય તો એની

પત્નીમાં ગુરુભાવ રાખો. તે પણ મરી જાય તો ગુરુના ભાઈઓમાં અને એમની પછી ગુરુના પુત્રોમાં ગુરુભાવ રાખો, જેથી બ્રહ્મધામની પ્રાપ્તિ થાય છે. આ રીત, માત્ર પેટને કારણે, નવી પરિભાષાઓ પેદા કરનારી સ્મૃતિઓ એ શાશ્વત, સનાતન ધર્મના અનુયાયીના વિનાશનું કારણ બની ગઈ. ભ્રમનુ સૃજન કરી ગઈ. ભારત પર સિકંદરના આક્રમણ વખતે સાથે આવનાર ઈતિહાસકારો (યૂનાની)એ લખ્યું છે કે ક્ષત્રિય લડતા હતા અને બાજુમાં ખેડૂતો પોતાનાં ખેતર ખેડી રહ્યા હતા.

લોકો પોતાના ધંધામાં વ્યસ્ત હતા, કારણ કે સ્મૃતિઓમાં લખ્યું છે કે શસ્ત્ર કેવળ ક્ષત્રિયો ધારણ કરશે. હા, દાનમાં પ્રાપ્ત થયેલી વસ્તુઓ પર આપત્તિ આવે તો બ્રાહ્મણ પણ શસ્ત્ર ઉઠાવી શકે. બ્રાહ્મણ સેનાની પાછળ રહીને મંગળ-પાઠ પઢી રહ્યા હતા અને યુદ્ધમાં પ્રસ્થાન કરનાર રાજાઓ પાસેથી પુષ્કળ દાન-દક્ષિણા મેળવી લેતા હતા. લખ્યું છે કે રાજાએ બધો ખજાનો બ્રાહ્મણોને દાન કરીને, પુત્રને રાજ્ય આપીને યુદ્ધને માટે પ્રસ્થાન કરવું. આ જ સ્મૃતિઓ ભારતની ગુલામી અને માણસ-માણસ વચ્ચે ઘૃણાનું કારણ બની. લખ્યું છે કે સૌથી નીચે છે કસાઈ. દશ કસાઈની બરાબર એક ઘાંચી હોય છે. જોકે ઘાંચી તો કોઈ પાપ કરતો નથી. ઘઉં કે ચણા દળવા અને સરસવ કે તલ પીલવા વનસ્પતિનો એક જેવો ઉપયોગ છે. પણ તેલને વહેતું જોઈને એમને લાગ્યું કે સરસવ કે તલ રડે છે. દશ ઘાંચીની બરાબર એક દારૂ ગાળનાર છે જે આ રીતે મદિરા બનાવે છે. દશ દારૂ ગાળનારની સમાન એક વેશ્યોપજીવી હોય છે અને દશ વેશ્યોપજીવીની બરાબર એક રાજા હોય છે. આ રીતે રાજા સૌથી નીચ હોય છે. જો આમ જ હતું તો મનુસ્મૃતિકાર ઋષિઓએ રાજાની પૂજા શા માટે કરી? વાસ્તવમાં જો કોઈ મનુ હોત તો આવું લખનારને જીવતો ન છોડત. આમનો મનુ તો કથાનું એક પાત્ર છે-જેમ કાલિદાસનો મેઘદૂત. સો વર્ષના ક્ષત્રિય અને દશ વર્ષના બ્રાહ્મણમાં પણ બ્રાહ્મણ પિતા છે અને ક્ષત્રિય પુત્ર છે.

લખ્યું છે કે અગ્નિમાં કરાયેલા હવન કરતાં બ્રાહ્મણના મુખમાં કરાયેલો હવન શ્રેષ્ઠ છે. શ્રાદ્ધમાં ભોજન કરનાર આંધળો ૯૦ સદ્‌બ્રાહ્મણોને, કાણો

૬૦ બ્રાહ્મણોને, ફૂલાવાળો ૧૦ બ્રાહ્મણોને અને પાપરોગી દાતાના એક હજાર બ્રાહ્મણોને જમાડવાું ફળ નષ્ટ કરે છે. વિકલાંગો પ્રત્યે આ દૃષ્ટિકોણ માનવતાનું અપમાન છે.

કોનું અન્ન ખાવું કે કોનું નહીં? એ વિશે લખે છે, વ્યાજ લેતા વૈશ્ય, લુહાર, કારીગર, યંત્રો બનાવનારનું અન્ન અર્થાત્ આજની ભાષામાં બૅન્ક કર્મચારીઓ, ડૉક્ટર, એન્જિનિયરનું અન્ન, પગાર લઈને ભણાવનારનું અન્ન, નગરમાં મળતું અન્ન, ન વેચનારનું અન્ન, નટ, દરજી, ખલાસી, સોની અને નપુંસકનું અન્ન અર્થાત્ આજના પરિવેશમાં પરિવાર-નિયોજન કરનારનું અન્ન અને કૂતરા પાળનારનું અન્ન ન ખાવું જોઈએ. હા, કૂતરો હરણને પકડી લાવતો હોય તો એમાં કોઈ દોષ નથી. રાજા અને રાજ્ય કર્મચારીઓનું અન્ન તેમને, સોનીનું અન્ન આયુષ્યને અને ચમારનું અન્ન યશને નષ્ટ કરે છે. ચિકિત્સકનું અન્ન પીવ, વ્યભિચારીઓનું અન્ન વીર્ય, વ્યાજ લેનારનું અન્ન વિષ્ટા, શસ્ત્ર વેચનારનું અન્ન મળ સમાન હોય છે. એમનું અન્ન ખાવાથી સાત દિવસ સુધી ગોમૂત્રમાં રાંધેલા જવ પર નિર્વાહ કરવાથી શુદ્ધિ થાય છે. માણસ-માણસ વચ્ચે અંતર ઊભું કરવું અને ફાટફૂટ પડાવીને રાજ્ય કરવું એ આ જ વ્યવસ્થાપકોની ભેટ છે.

આ સ્મૃતિઓમાં લસણ, કાંદા, ગાજર, સૂરણ, ટમેટાં, મૂળા, હીંગ, ગુંદર વગેરે ખાવાનો તો નિષેધ છે, પણ દેવ-પિતૃ કાર્યોમાં પશુ-પક્ષીઓની મંત્ર બોલીને હત્યા કરવી જોઈએ. મંત્ર કોણ બોલે? લખ્યું છે, બ્રાહ્મણ દ્વારા શૂદ્ર કન્યાથી ઉત્પન્ન સંતાન સંસ્કાર દેવાથી નાવી બની જાય છે. દરેક માંગલિક અવસર પર બ્રાહ્મણ સાથે નાવીની ઉપસ્થિતિ આ જ ષડ્યંત્રનું પરિણામ છે. શૂદ્રોમાં એનું અન્ન ભક્ષણયોગ્ય કહ્યું છે.

દક્ષિણા કેટલી આપવી? લખ્યું છે, યજ્ઞમાં થોડી દક્ષિણા દેવાથી ઈન્દ્રિય, યશ, સ્વર્ગ, આયુષ્ય ને પશુઓનો નાશ થઈ જાય છે. બ્રાહ્મણનું ધન ચોરનારે પોતે મૂસળ લઈને પોતાના વધ માટે રાજા પાસે નિવેદન કરવું. આ માત્ર જીવવા-ખાવાની યવસ્થા હતી, ધર્મ નહીં. લખ્યું છે, બ્રાહ્મણ કોઈ પણ જાતિની કન્યા સાથે લગ્ન કરી શકે છે, પણ જો શૂદ્ર બ્રાહ્મણીને પરણે તો એણે પોતે પોતાનું લિંગ અને અંડકોષ પોતાના

હાથમાં લઈને નૈઋત્ય દિશામાં હાથ રાખીને ત્યાં સુધી ચાલ્યા કરવું, જ્યાં સુધી તે મરી ન જાય. આ ફક્ત સુરક્ષા વ્યવસ્થા છે.

આમ તો બ્રાહ્મણને તણખલાથીય ન મારવાનું વિધાન છે, પણ ભૂલમાં કોઈ મારી બેસે તો એનું પાપ દૂર કરવા માટે એણે બળતા અગ્નિમાં માથું નીચે રાખીને ત્રણ વાર કૂદવું જોઈએ. રાજા બીજી જાતિઓને પ્રાણદંડ દઈ શકે છે, પણ શિર મુંડાવવું એ જ બ્રાહ્મણ માટે પ્રાણદંડ છે. દરેક પ્રકારનું પાપ કરનારનેય દંડ ન દેવો, કારણ કે બ્રાહ્મણ પોતે પોતાની તપસ્યા અને મંત્રોથી શુદ્ધ થાય છે.

દોષ એ વ્યવસ્થાપકોનો પણ નથી, જેમણે પોતાના જમાના માટે આ કાયદાઓ ઘડ્યા. દોષ તો આપણો છે કે જેઓ આજે પણ એ માને છે. સાચું તો એ છે કે એને ન માનવા છતાંય માનવાનો પોકળ દાવો કરીએ છીએ. એમને ગાળો દેવાને બદલે પોતાને જ સુધારવા એ વધુ ઉપયોગી થશે.

હા, એ વાત જુદી છે કે આપણે વીજળી બનાવીએ છીએ તો લાઈનમૅન, લોઢું ઠોકીએ છીએ તો લુહાર, સોનું ઘડીએ છીએ તો સોની,-આ કોઈ જાતિ નહીં, વ્યવસ્થાનું નામ છે. આ પ્રકારનાં વર્ગીકરણ હંમેશાં થતાં રહ્યાં છે ને રહેશે, પણ ભગવત્-પથમાં કોઈ જાતિ નથી અને કોઈ સંપ્રદાય નથી. '**अपि चेत् सुदुराचारो**' અત્યંત દુરાચારી પણ આ કર્મનો સાચો અધિકારી છે. ઠીક. જો સ્પૃશ્ય-અસ્પૃશ્ય, ઊંચ-નીચ, જાતિ અને સંપ્રદાય હોય તો તે ધર્મ નથી અને એને માનનાર હજી ધર્મિષ્ઠ નથી. પરમાત્મા એક છે અને એની એક જેવી અનુભૂતિ બધાને માટે છે. એમની અનુભૂતિ પામનાર મહાત્મા સમાજમાં ક્યારેય તિરાડ નથી પડાવતો. કેવળ અધૂરી જાણકારી અને નાસમજને કારણે લોકો એમ માને છે અને કરે છે.

॥ ૐ સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

વિપ્ર-એક સ્થિતિ

ક્રિયાત્મક પથ પર ચાલીને
બ્રહ્મની અનુભૂતિ કરનાર
બ્રાહ્મણ છે.
એ ક્રિયા છે કેવળ પરમાત્મામાં નિષ્ઠા

- સ્વામી શ્રી અડગડાનન્દ

વિપ્ર

ભાગવતમાં 'વિપ્ર'

શ્રીમદ્‌ભાગવતના સમાપનમાં ભગવાન વ્યાસે કહ્યું, 'હે પરીક્ષિત! આ રીતે જો કેવળ મનુવંશનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે. જેમ મનુવંશની આ ગણના છે, એ જ રીતે પ્રત્યેક યુગમાં બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્રોની વંશપરંપરા સમજવી જોઈએ.' આ ગ્રંથમાં સ્પષ્ટ છે કે કેટલાક સાહસિક ક્ષત્રિયો જ આગળ જતાં બ્રાહ્મણ બન્યા. બ્રાહ્મણની ઉત્પત્તિ ક્ષત્રિયોમાંથી છે; કારણ કે જ્યારે વિધાતાએ સૃષ્ટિની રચના કરી ત્યારે સનક વગેરે ચાર પુત્રોને ઉત્પન્ન કર્યા. વિધાતાએ એમને કહ્યું કે તમે સૃષ્ટિની રચના કરો. એમણે કહ્યું, 'ના, અમે બ્રહ્મચિંતન કરીશું.' એમણે સૃષ્ટિરચના કરવાની ના પાડી દીધી. આ જ ચાર સૃષ્ટિના આદિ બ્રાહ્મણ કહેવાય છે, જેમનો કોઈ વંશ ન ચાલ્યો તે પછી બ્રહ્માએ ક્ષત્રિય શ્રેણિના ગુણધર્મો દ્વારા મનુ-શતરૂપાને ઉત્પન્ન કર્યાં જેમની ચાર પુત્રીઓની સંતતિથી આખો સંસાર ભરાઈ ગયો. પ્રત્યેક મન્વન્તરમાં ઈશ્વરભક્ત મનુ તથા એમની વંશાવલીની ગૌરવગાથા ભાગવતમાં છે અને એ દૃષ્ટિએ નૃવંશ તથા સંપૂર્ણ ભાગવત ક્ષત્રિયોનો ઈતિહાસ છે, મનુના વંશજ હોવાથી જ એમને મનુષ્ય કે માનવ કહેવાય છે.

ઈશ્વર-પથમાં સાધનાનાં ચાર સોપાન-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાંથી મનુ-સંતાન ક્ષત્રિય-શ્રેણિ કદાચિત હશે, પણ ઈતિહાસમાં હજારો વર્ષોથી ક્ષત્રિયોની જે પરિભાષા રહી છે,-શાસન, સુરક્ષા, યુદ્ધ, પૃથ્વીનો ભાર સંભાળવો, શૌર્ય વગેરે જે પ્રચલિત છે, એ બધાં લક્ષણ આ મનુ-રાજવંશોમાં સારી રીતે વિદ્યમાન હતાં. જેમનું બ્રાહ્મણત્વ સિદ્ધિમાં સૌથી વધુ જોવા મળે છે.

મનુના દશ પુત્રોમાંથી પાંચમા પુત્ર ધૃષ્ટથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિય

થયા. તેઓ શરીરથી જ બ્રાહ્મણ થઈ ગયા (૯.૨.૧૭). મનુના નવમા પુત્ર નરિષ્યન્તની દશમી પેઢીમાં અગ્નિવેશ્ય ઉત્પન્ન થયો. બ્રાહ્મણોનું અગ્નિવેશ્યાયન ગોત્ર એમનાથી ચાલ્યું (૯.૨.૨૨). ક્ષત્રિય મનુના ચોથા પુત્ર દિષ્ટનો પુત્ર નાભાગ પોતાના કર્મને કારણે વૈશ્ય થઈ ગયો, પણ એ જ નાભાગની બારમી પેઢીમાં ઉત્પન્ન થયેલ મરુત ફરી પાછા ચક્રવર્તી નરેશ (ક્ષત્રિય) થઈ ગયા. આ રીતે એ ક્ષત્રિયોના બ્રાહ્મણ તથા વૈશ્ય બનવાનાં ઉદાહરણ ભાગવતમાં છે.

મનુના ત્રીજા પુત્ર શર્યાતિ આચાર્ય બન્યા. અંગિરા ગોત્રના ઋષિઓને યજ્ઞમાં બીજા સ્તરનું કર્મ એમણે દેખાડ્યું હતું (૯.૩.૧). સ્વયંભૂ મનુની ચોથી પેઢીમાં ઉત્પન્ન થયેલા આઠમા અવતાર મહારાજા ઋષભદેવજીના સો પુત્રોમાંથી દશ રાજા થયા, નવ સંન્યાસી થઈ ગયા તથા બાકીના એક્યાસી કર્મમાં પ્રવીણ બ્રાહ્મણ થઈ ગયા. લોકો કહે છે કે ચરણમાંથી શૂદ્ર, મુખમાંથી બ્રાહ્મણ, જાંઘમાંથી વૈશ્ય અને ભુજામાંથી ક્ષત્રિય થાય છે, પણ અહીં એક માતાપિતાનાં સંતાનોમાંથી કેટલાંક ક્ષત્રિય, કેટલાંક સંન્યાસી તથા મોટા ભાગનાં બ્રાહ્મણ થઈ ગયાં. સ્પષ્ટ છે કે ભાગવત અનુસાર બ્રાહ્મણ એક યોગ્યતા છે.

પોતાના પુત્રોને ઉપદેશ આપતાં ભગવાન ઋષભદેવે કહ્યું કે પંચભૂતો કરતાં વૃક્ષ શ્રેષ્ઠ છે. વૃક્ષો કરતાં હાલતાચાલતા જીવ શ્રેષ્ઠ છે. એમાં પક્ષી-જંતુઓ કરતાં જ્ઞાનયુક્ત પશુ શ્રેષ્ઠ છે. પશુઓ કરતાં મનુષ્ય, એમનાં કરતાં પ્રથમ ગણ, એમના કરતાં ગાંધર્વ-સિદ્ધ-કિન્નર શ્રેષ્ઠતર છે. એમનાંથીય અસુર શ્રેષ્ઠ છે. અસુરો કરતાં દેવતાઓ ને દેવતાઓ કરતાં ઈન્દ્ર, એમનાં કરતાંય બ્રહ્માજીના પુત્ર રુદ્ર, એમના કરતાં બ્રહ્મા તથા બ્રહ્મા કરતાં હું શ્રેષ્ઠ છું. પણ બ્રાહ્મણ મારા કરતાંય શ્રેષ્ઠ છે, કારણ કે તેઓ શમ-દમ-સત્ય-દયા-તપ-તિતિક્ષા-અધ્યયન અને જ્ઞાન-આ આઠ ગુણોમાં સંપન્ન છે. આ રીતે ભાગવતકારનો નિર્ણય છે કે જે બ્રહ્મપરાયણ હોય તે જ બ્રાહ્મણ છે, કોઈ જાતિ નહીં.

ભાગવતના ચતુર્થ સ્કંધમાં મનુપુત્ર ધ્રુવની ચોથી પેઢીમાં ઉત્પન્ન થયેલા અત્યાચારી રાજા વેનનો ઈતિહાસ છે. એ નિઃસંતાન મરી જવાથી ઋષિઓએ એની જાંઘનું મંથન કર્યું. એનાથી જે પુરુષ પેદા થયો તેના જ વંશજો નિષાદ કહેવાયા. એ જ વેનની ભુજાઓના મંથનથી પૃથુ અને અર્ચિ ઉત્પન્ન થયા. એક જ શરીરમાંથી ઉત્પન્ન થયેલાં આ ત્રણે સગાં ભાઈ-બહેન હતાં. પૃથુને યોગ્ય સમજીને ઋષિઓએ એને પૈતૃક ગાદી પર બેસાડ્યો અને નિષાદને સમુદ્ર સુધી જંગલોનું રાજ્ય મળ્યું. આ રીતે નિષાદ ક્ષત્રિય-વંશમાં ઉત્પન્ન થયેલા મહારાજ પૃથુના સગા ભાઈ ક્ષત્રિય છે. નિષાદરાજ તથા નિષાદોનું સામાજિક અવમૂલ્યન, જંગલી રહેણીકરણી અને પછીના વ્યવસ્થાપકોની ઊપજ છે

મહારાજ પૃથુને પ્રથમ ચક્રવર્તી સમ્રાટ થવાનું ગૌરવ પ્રાપ્ત થયુ. એમણે ધરાતલનું સમતલીકરણ કર્યું. ધરતીને ગાય બનાવીને દોહી, પ્રતિકૂળ બીજોને દૂર કરીને અનુકૂળ બીજ ઉગાડ્યાં. ખેતી કરવાનું, પશુપાલન કરવાનું, વૃક્ષો પરથી ઊતરીને વસ્તીમાં રહેવાનું એમને શીખવ્યું. ચોવીસ અવતારોમાં મહારાજ પૃથુ પણ એક અવતાર છે. એકવાર એમની સભામાં સનકાદિ ઋષિ પધાર્યા. આખી સભા એમના સ્વાગતમાં ઊભી થઈ. ઋષિચરણોમાં પૃથુએ પ્રણામ કર્યા. સભાને સંબંધિત કરતાં મહારાજ પૃથુ બોલ્યા,-

'સભ્યજનો! જે જનપદ પર તમારા જેવા બ્રાહ્મણ વિચરે છે, તે જનપદ ધન્ય છે. દૃષ્ટિ નાખવા માત્રથી જે બીજાના અંતઃકરણમાં પ્રસારિત થઈ જાય છે, એવા બ્રાહ્મણોનાં દર્શન દુર્લભ છે. (દૃષ્ટિ પડવા માત્રથી જ અનુભવોનો સૂત્રપાત કરી દેવો એ પૂજ્ય ગુરુદેવ ભગવાનની વિદ્યાનો સહજ ગુણ હતો.) પરબ્રહ્મને જાણવા માટે જે શ્રદ્ધાપૂર્વક ઈન્દ્રિયોનું દમન, મનનું શમન, સ્વાધ્યાયવિરોધી વિચારોનો ત્યાગ કરે છે, લાંબા સમય સુધી સંયમપૂર્વક સમાધિનો અભ્યાસ કરીને જે બ્રહ્મને જાણે છે, એવા બ્રાહ્મણોની ચરણરજ હું જીવનભર મારા મસ્તક પર ધારણ કરતો રહું છું, કારણ કે જે કોઈ એ ધારણ કરે એની પાસે આપોઆપ બધા

સદ્‌ગુણ આવી જાય.'

આ પ્રકરણમાં એને બ્રાહ્મણ કહ્યો છે જે એકમાત્ર બ્રહ્મ માટે જપ, તપ, ઈન્દ્રિયોનું દમન, મનનું શમન, સતત ચિંતન, એકાંતસેવન, સ્વાધ્યાયવિરોધી વિચારોનો ત્યાગ, યોગસાધના, એને બધાં તત્ત્વથી જાણવા માટે સમાધિ દ્વારા પ્રયત્નશીલ હોય, જેણે એને જાણ્યો હોય તે બ્રાહ્મણ છે.

દશમ સ્કંધના એકાવનમાં અધ્યાયમાં કથા છે કે ઈક્ષ્વાકુ વંશના મહારાજા માન્ધાતાના પુત્ર રાજા મુચુકુન્દના દૃષ્ટિક્ષેપ માત્રથી કાલયવન ભસ્મ થઈ ગયો. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે એને દર્શન દીધાં, વરદાન માગવાનું કહ્યું. મુચુકુન્દે કહ્યું, 'હું તમારાં ચરણોની સેવા સિવાય કાંઈ જ વરદાન નથી ઈચ્છતો.' એ સ્વીકારતાં ભગવાને કહ્યું, 'આવતા જન્મમાં તું બ્રાહ્મણ થઈશ તથા મને, પરમાત્માને પ્રાપ્ત કરીશ.'

વિચારણીય છે કે જેનામાં દૃષ્ટિક્ષેપ માત્રથી રાક્ષસોને ભસ્મ કરી દેવાની ક્ષમતા છે, એવા તપોધનને પણ બ્રાહ્મણત્વ આવતા જન્મમાં મળે છે, તો શું બ્રાહ્મણત્વ આટલું સસ્તું છે? સ્પષ્ટ છે કે બ્રાહ્મણત્વ યોગની પરાકાષ્ઠામાં પ્રાપ્ત થતી સ્થિતિ છે. સદીઓથી જેમને માટે મંદિરોનાં બારણાં બંધ છે કે મંદિરમાં ન જાઓ, શાસ્ત્રનું અધ્યયન ન કરો, વેદવાક્ય પર વિચાર ન કરો, ઝાડની નીચે રહો, ઠીકરાંમાં ખાઓ, સત્કર્મ તમારે માટે નથી. બ્રાહ્મણ જન્મો ત્યારે કરજો. એટલા કઠોર પ્રતિબંધ છે કે સત્કર્મ કર્યાં જ ન હોય તો આવતા જન્મમાં બ્રાહ્મણ કેવી રીતે બને? જો આવા આચરણહીન આપણે જ થઈશું તો આ કૂતરા, શિયાળ કોણ થશે? આટલી મોટી તપસ્યા પછી શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા કે આવતા જન્મમાં બ્રાહ્મણત્વ પ્રાપ્ત થશે. તો બ્રાહ્મણ એક સ્થિતિ છે. પરબ્રહ્મ પરમાત્મા જેને વિદિત હોય, જે એની સાથે સંયુક્ત હોય, એનામાં સારી રીતે સ્થિતિવાળા હોય, તે બ્રાહ્મણ છે અને એની શરૂઆત સેવાથી થાય છે.

સેવાનું મહત્ત્વ ભાગવતના ત્રીજા સ્કંધમાં મૈત્રેય ઋષીએ વિદુરજીને કહ્યું કે ધર્મની સિદ્ધિ માટે ભગવાનનાં ચરણોમાં સેવાવૃત્તિ તથા એના અધિકારી શૂદ્રનો આવિર્ભાવ થયો-પરમાત્માની તૃષ્ટિ, પ્રસન્નતા માટે. અહીં સ્પષ્ટ છે કે પરમાત્માને સંતુષ્ટ કરવા હોય, ધર્મની સિદ્ધિ કરવી હોય, તો સેવાવૃત્તિથી આરંભ કરવો પડે. શૂદ્રથી જ ભગવત્-પથમાં પ્રવેશ મળે. એ જ ઈશ્વરની ઉત્પત્તિ છે. શૂદ્ર જ શ્રમ છે. અહીંથી જ ઈશ્વરીય જાગૃતિ છે. બાકીની ત્રણ શ્રેણીઓ તો એ છોડનો માત્ર વિકાસ છે. પછી તો એ છોડને વધ્યા જ કરવાનું છે. '**नेहाभिकम नाशोऽस्ति प्रत्यवायो न विद्यते**।' આ ઈશ્વરપથમાં આરંભનો નાશ નથી. જો પ્રભુ પ્રસન્ન થઈ જ જાય તો એ પોતે પ્રાપ્તિની વિધિ દેખાડશે. વિધિ જાણીને જે ચાલે છે તે વૈશ્ય છે. ચિંતન-ઉપાસનાનો આરંભ કરવા માટે બધાએ શૂદ્રથી આરંભ કરવો પડે અને જે શૂદ્ર થઈ જાય એનું જ બ્રાહ્મણત્વ પણ સુનિશ્ચિત છે. લગનીવાળો સાધક એક જ જન્મમાં આ ચારેય સોપાનો ઓળંગીને પરમાત્મભાવ પ્રાપ્ત કરી લે છે. 'અર્જુન! તું સંપૂર્ણ પાપીઓ કરતાંય વધારે પાપ કરનારો હોય તો પણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ પાર ઊતરીશ.'

ભાગવતના દશમ સ્કંધમાં કથા છે કે એક વાર ભગવાન શ્રીકૃષ્ણ નારદ, વામદેવ, અત્રિ, અસિત, કણ્વ, પરશુરામ, વ્યાસ, શુકદેવ, બૃહસ્પતિ, મૈત્રેય, ચ્યવન વગેરે ઋષિઓની સાથે બ્રાહ્મણ શ્રુતદેવને ત્યાં પધાર્યા. એમણે કહ્યું,- 'બ્રાહ્મણ જન્મથી જ બધાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે. માટે શ્રુતદેવ! તમે આ બ્રહ્મર્ષિઓને મારું જ સ્વરૂપ માનીને એમની પૂજા કરો. આવા બ્રાહ્મણોના પૂજનથી જ મારી પૂજા થાય છે, એ સિવાય કરોડો રીતેય મારી પૂજા નથી થઈ શકતી.' અહીં ભગવાન શ્રીકૃષ્ણે એક બ્રાહ્મણને એવા બ્રાહ્મણોની પૂજા કરવાનો આદેશ આપ્યો કે જેઓ જન્મથી બ્રાહ્મણ નહોતા. સુજ્ઞજનો વિચાર કરશે તે સમજશે કે આ બ્રહ્મર્ષિઓની સામાજિક કુલીનતા જાતિગત વરિષ્ઠતા નહોતી. તેઓ પરિણીત માતાપિતાનાં સંતાન પણ નહોતાં. સાધનાની સાચી ક્રિયા

પ્રમાણે ચાલીને આ બધાએ ક્રમશઃ સોપાનો પાર કર્યાં, બ્રાહ્મણનો જન્મ પામ્યા અને આ સ્વરૂપાત્મક જન્મ તો કેવળ ભાગ્યશાળીને જ મળે છે, પણ આ જન્મ પ્રાપ્ત કરવામાં કોઈ કુલીન માતાપિતાનો સહયોગ નથી. બ્રાહ્મણ જાતિ તો હોતી જ નથી, એક સ્વરૂપ છે, સ્થિતિ છે. વસ્તુતઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ભગવત્-પથનાં ચાર સોપાન છે, એ ભગવત્-પથ પર ચાલનારા પથિકની ચાર આંતરિક અવસ્થાઓ છે. જે કોઈ પણ સાધના કરે તે આ જન્મ પામી શકે અને આ દૃષ્ટિએ આ ઋષિઓમાં ચાંડાલ પણ બ્રાહ્મણ બની શકે.

બારમા સ્કંધમાં માર્કંડેયજીની કથા છે. ભગવાન શંકરે એમને કહ્યું,- 'બ્રાહ્મણ ચિત્તની એકાગ્રતા, તપસ્યા, સ્વાધ્યાય ધારણા-ધ્યાન અને સમાધિ દ્વારા અમારા વેદમય શરીરને ધારણ કરે છે. માટે અમે તમારા જેવા મહાત્માઓની સ્તુતિ અને સેવા કરીએ છીએ, અમે તો બ્રાહ્મણને જ નમસ્કાર કરીએ છીએ.' આ પ્રકરણમાં પણ આત્મતૃપ્ત, આત્મસ્થિત મહાત્માને જ બ્રાહ્મણ કહ્યા છે. તેથી જન્મથી બહુ કુલીન ન હોવા છતાં નારદ, વશિષ્ઠ, શુકદેવ, વ્યાસ, પરશુરામ, ભારદ્વાજ, ચ્યવન વગેરે વિશુદ્ધ બ્રાહ્મણ મનાયા.

ભગાવતમાં તો ઘણે સ્થળે ક્ષત્રિઓને તપસ્યા કરતા, બ્રહ્મપદ પામતા, બ્રાહ્મણ થતા દેખાડ્યા છે. મહારાજ પૃથુના પૌત્ર બર્હિષદના પ્રચેતા નામના દશ પુત્ર નારદજી પાસેથી ઉપદેશ ગ્રહણ કરીને ભગવત્-ચિંતન કરવા માંડ્યા અને બ્રહ્મલીન થઈ ગયા. આ જ પ્રચેતાઓના પુત્ર નારદજી પાસેથી ઉપદેશ પામીને તપસ્યા કરવા માંડ્યા. એમની ગાથા ભાગવતના છઠ્ઠા સ્કંધમાં સારી રીતે આપી છે. તેથી આમ કહેવું અતિશયોક્તિભર્યું નહીં થાય કે બ્રાહ્મણત્વનો માર્ગ ક્ષત્રિયો થઈને છે. એમ તો સૃષ્ટિનાં આદિપુરુષ મનુ તથા શતરૂપા જ હતા, જેમનાથી બધાની ઉત્પત્તિ મનાય છે. તો, મનુષ્યમાત્ર બ્રાહ્મણ બની શકે છે, તો પણ બ્રાહ્મણની યોગ્યતા પ્રાપ્ત કરવામાં ક્ષત્રિય જાતિના લોકોની અધિકતા રહી છે, કારણ કે સમાજ તથા રાષ્ટ્રની રક્ષા માટે જે સાહસ

અને શૌર્યપૂર્વક એમણે કર્તવ્ય નિભાવ્યું, માથું ધરી દીધું, એ જ સચ્ચાઈ અને નિષ્ઠાથી પ્રાણપણે ઈશ્વર-પથ પર પણ લાગી જવાનું હોય છે, માટે બ્રાહ્મણત્વપ્રાપ્તિમાં ક્ષત્રિય કુમારોને વધુ સફળતા મળી છે.

શ્રીમદ્‌ભાગવત પરમહંસ સંહિતા છે. વસ્તુતઃ પરમહંસ અને બ્રાહ્મણ શબ્દ એકબીજાના પર્યાય છે. માટે તેમાં સ્થળે-સ્થળે બ્રાહ્મણોના મહિમાનું ગાન જોવા મળે છે. ભાગવતમાં મોટે ભાગે રાજકુમાર જ આ પદ પામ્યા તથા દરેક પરિસ્થિતિમાં જન્મ લેનાર આ પદ પ્રાપ્ત કરી ચૂક્યા છે,-ઉદાહરણાર્થ ભારદ્વાજ. સ્પષ્ટ છે કે આ પદ કોઈ પણ પ્રાપ્ત કરી શકે છે, એ ગમે ત્યાં જન્મ્યા હોય, કોઈ પણ પ્રવૃત્તિથી જીવનનિર્વાહ કરતા હોય. સાધના સમજીને આચરણ કરનાર બ્રહ્મને જાણીને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરી શકે છે.

''**बडे भाग्य मानुष तन पावा**'' અહીં માનવ-તનનું મૂલ્ય છે, કોઈ જાતિ-કુલવિશેષનું નહીં.

'મહાભારત'માં વિપ્ર વિશે વિચાર

ભાગવતના રચયિતા ભગવાન વેદવ્યાસ મહાભારતના પણ રચયિતા થયા છે, જેમાં યત્રતત્રસર્વત્ર વિપ્રનું મૌલિક ચિત્રણ છે. વનપર્વની કથા છે કે એક વાર મહારાજ નહુષે સો અશ્વમેધ યજ્ઞ કરીને ઈન્દ્રપદ પ્રાપ્ત કર્યું. અધિકાર મળતાં જ એ મદાન્ધ થઈ ગયા. બોલ્યા, 'હવે હું દેવરાજ છું તો મહારાણી શચી મને વરે.' શચીએ ગુરુદેવ બૃહસ્પતિને રક્ષણ માટે પ્રાર્થના કરી. એમણે ઉપાય બતાવ્યો કે નહુષ એની પાલખીમાં બેસીને આવે કે જેને સપ્તર્ષિ જોતર્યા હોય. શચીનો પ્રસ્તાવ સાંભળીને નહુષે એવી વ્યવસ્થા કરી. અગસ્ત્ય, અંગિરા, વશિષ્ઠ વગેરે ઋષિઓએ ઉપાડેલી પાલખી શચીના મહેલ તરફ આગળ વધી. મિલનની આતુરતામાં નહુષ એ ઋષિઓને ઝડપથી ચાલવા માટે 'સર્પ-સર્પ' કહેતો રહ્યો તો પણ એમની ચાલમાં ખાસ ફેર ન પડ્યો એ જોઈને એણે અગસ્ત્ય ઋષિને લાત મારી, એટલે અગસ્ત્યે શાપ દઈ દીધો કે સર્પ થઈ જાઓ. તરત

જ નહુષ પાલખીમાંથી પડી ગયો. તેને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો, મહર્ષિઓને વિનંતી કરી, પોતાના ઉદ્ધારનો ઉપાય પૂછ્યો, તો એમણે કહ્યું કે જ્યારે કોઈ તેને બ્રાહ્મણની વિશુદ્ધ વ્યાખ્યા કહેશે અને તું એ સ્વીકારી લઈશ, ત્યારે જ તારા આ શરીરથી મુક્તિ થશે. (બ્રાહ્મણની પરિભાષા ન જાણવાને કારણે જ તો નહુષ સપ્તર્ષિઓ પાસે પાલખી ઊંચકાવવાનું દુઃસાહસ કરી બેઠો હતો.)

સપ્તર્ષિઓએ કહ્યું કે અત્યારે તો બ્રાહ્મણની યથાર્થ વ્યાખ્યા કરે એવું પૃથ્વી પર કોઈ નથી. દ્વાપરયુગમાં તારા જ કુળના મહારાજ યુધિષ્ઠિર વનવાસકાળમાં તારી પાસે આવશે. એ જ તને બ્રાહ્મણની મહિમાનો ઉચિત ઉપદેશ આપશે. એ મહિમા સાંભળતાં જ તું આ સર્પયોનિમાંથી મુક્ત થઈને ફરીથી ઈન્દ્રપદ પ્રાપ્ત કરીશ. સર્પ બોલ્યો, ભગવાન! આટલા દિવસો સુધી મારો જીવનનિર્વાહ કેવી રીતે થશે? ઋષિઓએ વ્યવસ્થા કરી કે દિવસના ચોથા પ્રહરમાં જે કોઈ પણ તારા અધિકૃત ક્ષેત્રમાં આવશે, તે ગમે તેટલો બળવાન કેમ ન હોય, તારો આહાર બની જશે.

આવી પરિસ્થિતિઓ વચ્ચે અજગર બનેલો નહુષ જંગલમાં દિવસો વિતાવી રહ્યો હતો. આ તરફ પાંડવોનો વનવાસ થયો. પાંડવો તો કુટિર બનાવીને રહેતા હતા, પણ શિકારી ભીમ એક દિવસ ફરતા ફરતા એ જ અજગર પાસે પહોંચી ગયા. અજગરે ભીમને સાવધાન પણ કર્યો કે પાસે ન આવો. તમને જોઈને મને દયા આવે છે, ભૂખ્યો છું, પાસે આવશો તો ખાઈ જઈશ. ભીમે કહ્યું, 'ક્ષુદ્ર પ્રાણી! તું મને ખાઈશ?' ભીમે આક્રમણ કર્યું, પણ અજગરનો સ્પર્શ થતાં જ ભીમ બેભાન થઈ ગયા.

આ તરફ યુધિષ્ઠિરને અપશુકન થવા માંડ્યા. એમણે જોયું કે બીજા બધા ભાઈઓ તો છે, ફક્ત ભીમ નથી દેખાતો. લાગે છે કે ક્યાંક મુશ્કેલીમાં છે. પુરોહિત ઋષિ ધૌમ્યને સાથે લઈને એ ભીમને શોધવા નીકળી પડ્યા. ભીમ દ્વારા માર્યા ગયેલા સિંહ, હાથી, ભેંસ, ગેંડાને જોતાં જોતાં, ભીમે ઉખેડી નાખેલાં વૃક્ષોને જોતાં જોતાં, એ રસ્તે તેઓ

ત્યાં પહોંચ્યા, જ્યાં અજગરથી લપટાયેલો ભીમ શિથિલ પડ્યો હતો. યુધિષ્ઠિરે કહ્યું, 'ભીમ! કોઈ સાધારણ જીવ તને વશમાં ન કરી શકે. અજગરના વેશમાં આ મહાભાગ કોણ છે?' ભીમને પહેલાં જ પરિચય થઈ ગયો હતો. તે બોલ્યો, 'આ આપણા પૂર્વજ મહારાજ નહુષ છે, જેઓ ઈન્દ્રપદથી ચ્યુત થયા હતા.'

યુધિષ્ઠિરે પ્રાર્થના કરી, 'રાજન! આપ કૃપા કરીને અમારા ભાઈને છોડી દો. એની સાથે જ અને જંગલમાં નિર્વિઘ્ને હરીએ-ફરીએ છીએ. જ્યાં સુધી અમે વનવાસમાં છીએ, ત્યાં સુધી આપના ભોજનની વ્યવસ્થા કરતા રહીશું.' સર્પ બોલ્યો, 'રાજન! હું બીજું ભોજન કરી જ નથી શકતો, એવો જ કંઈક શાપ છે. કાલ સુધી ઊભા રહેશો તો તમને પણ ખાઈ જઈશ.' યુધિષ્ઠિરે પૂછ્યું કે હજારો યજ્ઞ કરનાર તમે, તમારી આ દુર્ગતિ કેમ થઈ? તો સર્પે કહ્યું કે વિપ્રશાપથી આમ થયું છે. યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો કે વિપ્રોનું અપમાન તમારા જેવા મહાત્માથી કેમ થયું? શું તમે બ્રાહ્મણની મહિમાથી અપરિચિત હતા? બ્રાહ્મણ નામ સાંભળતાં જ અજગરને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. એણે કહ્યું,-

ब्राह्मणः को भवेद् राजन वेद्यं किंच युधिष्ठिर।
ब्रवीह्यतीमति त्वां हि वाक्यैरनुमिमीमहे॥ ૧૮૦/૨૦ ॥

સર્પ બોલ્યો, 'રાજા યુધિષ્ઠિર! એ કહો કે બ્રાહ્મણ કોણ છે અને એને વિશે જાણવા જેવું શું છે?

सत्यं दानं क्षमा शीलमानृशंस्यं तपो दया।
दृश्यन्ते यत्र नागेन्द्र ब्राह्मण इति स्‍ मृतः॥ ૧૮૦/૨૧ ॥

'નાગરાજ! જેનામાં સત્ય, દાન, ક્ષમા, સુશીલતા, ક્રૂરતાનો અભાવ, તપસ્યા અને દયા-આ સદ્‌ગુણ દેખાય તે જ બ્રાહ્મણ કહેવાય છે.

शूद्रेश्वपि न सत्यं च दानमक्रोध एव च।
आनृशंस्यहिंसा च दया चैव युधिष्ठिर॥ ૧૮૦/૨૩ ॥

સર્પ બોલ્યો,-સત્ય, દયા, અક્રોધ, ક્રૂરતાનો અભાવ અહિંસા અને દયા વગેરે સદ્‌ગુણ તો શૂદ્રમાં પણ હોઈ શકે છે.

शूद्रे तु यद भवल्लक्ष्मं द्विजे तच्च न विद्यते।
न वै शूद्रो भवेच्छूद्रो ब्राह्मणो न च ब्राह्मणः॥ ૧૮૦/૨૫ ॥
यत्रै वल्लक्ष्यते सर्प वृत्तं स ब्राह्मणः स्मृतः।
यत्रै तन्नभवेत् सर्प तं शूद्रमिति निर्दिशेत॥ ૧૮૦/૨૬ ॥

યુધિષ્ઠિરે કહ્યું, 'જો શૂદ્રમાં સત્ય વગેરે ઉપર્યક્ત લક્ષણો હોય અને બ્રાહ્મણમાં ન હોય, તો એ શૂદ્ર નથી અને એ બ્રાહ્મણ બ્રાહ્મણ નથી. સર્પ! જેનામાં આ સત્ય વગેરે લક્ષણ હોય તેને બ્રાહ્મણ માનવામાં આવે છે અને જેનામાં આ લક્ષણોનો અભાવ હોય એને શૂદ્ર કહેવો જોઈએ.'

યુધિષ્ઠિરે આટલું કહ્યું ત્યાં જ અજગરનું શરીર છૂટી ગયું. નહુષ એક દિવ્ય પુરુષરૂપે ઉપસ્થિત થયા. પાંડવોને વિજયના આશીર્વાદ આપ્યા અને ચાલ્યા ગયા. તો બ્રાહ્મણત્વ યોગસાધના સિદ્ધ થયા પછીની એક સ્થિતિ છે. જન્મથી તો કોઈ બ્રાહ્મણ હોઈ જ ન શકે. મહાભારતના સુવિખ્યાત આખ્યાન યક્ષપ્રશ્નમાં આ જ નિષ્કર્ષને પરિપૃષ્ટ કરાયો છે. યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું,-

राजन कुलेन वृत्तेन स्वाध्यायेन श्रृतेन वा।
ब्राह्मण्यं केन भवति प्रबूह्येतत् सुनिश्चतम्॥

હે રાજન! કુળપરંપરા, શાસ્ત્રશ્રવણ, સ્વાધ્યાય અને આચરણમાંથી કોના વડે બ્રાહ્મણત્વ સિદ્ધ થાય છે? એ નિશ્ચિત કરીને કહો.

श्रृणु यक्ष कुलं तात न स्वाध्यायो न चश्रृतम्।
कारणं हे द्विजत्वे च वृत्तमेव न संशयः॥ વનપર્વ ૩૧૨/૧૮ ॥

યુધિષ્ઠિરે કહ્યું, 'હે યક્ષ! ન તો કુળપરંપરા (જન્મ)થી, ન તો શાસ્ત્રશ્રવણથી, ન સ્વાધ્યાયથી બ્રાહ્મણત્વ સિદ્ધ થાય. બ્રાહ્મણની સિદ્ધિનું

કારણ માત્ર આચાર છે. જેનામાં ઈન્દ્રિયસંયમ હોય, મનનું શમન હોય, સારી રીતે અંતઃકરણ અને મનની વૃત્તિઓ શાંત હોય, ધ્યાન અને સમાધિની ક્ષમતા હોય, તે બ્રાહ્મણ છે. આ સંયમ દ્વારા બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ છે. સાધના કરીને તે ગુણાતીત થઈ ગયો હોય, તે બ્રાહ્મણ છે. માટે બ્રાહ્મણ યોગસાધનામાં પ્રવૃત્ત પુરુષને મળનારી અવસ્થા છે.

યક્ષે ફરીથી પ્રશ્ન કર્યો, 'રાજન! આ લક્ષણ તો શૂદ્રમાં પણ જોવા મળે છે? યુધિષ્ઠિરે સમાધાન કર્યું કે જો આ લક્ષણો શૂદ્રમાં હોય, તો તે શૂદ્ર નહીં, બ્રાહ્મણ છે. યક્ષે કહ્યું કે આ લક્ષણો વગરનો બ્રાહ્મણ હોય છે? યુધિષ્ઠિરે કહ્યું કે તો એ બ્રાહ્મણ નહીં પણ શૂદ્ર છે.

યુધિષ્ઠિર બોલ્યા,-

पठकाः पाठकश्चैव ये चान्ये शास्त्रचिन्तकाः।
सर्वे व्यसनिनो मूर्खो य क्रियावान स पण्डितः॥ ૩૧૩/૩૦ ॥

અધ્યયન કરનાર, અધ્યયન કરાવનાર તથા શાસ્ત્રનો વિચાર કરનાર બધા વ્યસની અને મૂર્ખ છે. પંડિત તો એ છે જે ક્રિયાશીલ છે.

चतुर्वेदोऽपि दुर्वतः सः शूद्रादतिरिच्यते।
योऽग्निहोत्र परो दान्तः ब्राह्मण इति स्मृतः॥

ચાર વેદનું અધ્યયન કરવા છતાં જે દુરાચારી છે, તે અધમતામાં શૂદ્ર કરતાંય ચડિયાતો છે. જે યજ્ઞ માટે તત્પર અને જિતન્દ્રિય છે, એ જ બ્રાહ્મણ કહેવાય છે.

માટે જન્મ લીધા પછી બ્રાહ્મણત્વ સિદ્ધ કરવામાં આવે છે. યક્ષે (જે પોતે ધર્મરાજ હતા) યુધિષ્ઠિરના ઉત્તરોનો પ્રામાણિક સ્વીકાર કર્યો, એમના ભાઈઓને જીવનદાન આપ્યું, આશીર્વાદ આપ્યા તે ચાલ્યા ગયા. માટે બધાએ એક બ્રહ્મચિંતનનું આચરણ કરવું જોઈએ, જે બ્રાહ્મણત્વનો સ્રોત છે.

શ્રી રામચરિતમાનસમાં 'વિપ્ર' વિશે વિચાર

ભાગવતના વિચારનું જ વિસ્તરણ મહાભારતમાં મળે છે, કારણ કે લેખક એ જ હતા. ગોસ્વામી તુલસીદાસજીએ એના જ નિર્ણયોનું અનુસરણ રામચરિતમાનસમાં કર્યું. ભાગવતમાં ભગવાન કહે છે કે આ વિપ્રોની પૂજાથી જ હું પૂજિત થાઉં છું. બરાબર આ જ વાત ગોસ્વામીજી પણ લખે છે,-

मन क्रम वचन कट तजि, जो का भूसुर सेव।
मोहि समेत विरंचि सिव, बस ताके सब देव॥

કપટ તજીને જે મન-વચન-કર્મથી પૃથ્વીના દેવતા બ્રાહ્મણનાં ચરણોની સેવા કરે છે, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ તથા સમગ્ર દેવતાઓ સહિત હું પરમાત્મા એનાથી પૂજિત થઈ જાઉં છું. અક્ષરશઃ એ જ નિર્ણય છે જે ભાગવતમાં છે.

સૌથી પહેલાં ગોસ્વામીજીએ અવતાર-પ્રકરણ લીધું તો કહ્યું કે ભગવાનનો અવતાર થાય છે વિપ્રને માટે.

जब जब होइ धरम की हानी। बाढहिं असुर अधम अभिमानी॥
करहिं अनीति जाइ नहिं बरनी। सीदहिं विप्र धेनु सुर धरनी॥

જ્યારે ગાય કષ્ટ પામે છે, પૃથ્વી કષ્ટ પામે છે, બ્રાહ્મણ અને દેવતા કષ્ટ પામે છે, ત્યારે ત્યારે ભગવાન વિવિધ શરીર ધારણ કરીને '**हरहिं कृपानिधि सज्जन पीरा।**' આ સજ્જનોની પીડા હરી લે છે. અવતાર લઈને શું એમને સમજાવે છે કે આમને સતાવો નહીં? તો કહે છે, ના;-

असुर मारि थापहिं सुरन्ह राखहिं निज श्रुति सेतु।
जरा विस्तारहिं विशद यश, राम जन्म कर हेतु॥

એ અસુરોનો વધ કરે છે, હૃદયપરિવર્તન નથી કરતા, દેવતાઓને નિશ્ચિંત કરી દે છે. ''**राखहिं निज श्रुति सेतु**'' વેદમાં જે ભ્રાંતિઓ છે એ દૂર કરે છે. શ્રુતિ-સેતુ ફરીથી પ્રશંસનીય કરી દે છે અને પોતાના વિશદ્ યશનો વિસ્તાર કરી દે છે. આ જ રામજન્મનો હેતુ છે.

પંચભૂતોમાંથી એક જડ પદાર્થ પૃથ્વી માટે ભગવાન અવતાર લે છે! ન આકાશ માટે, ન વાયુ માટે. અવતાર લે છે પૃથ્વીને માટે. એ આવિર્ભાવનાં જે સુખ-દુઃખ પૃથ્વીને મળ્યાં, એ તો એ જ જાણે. તમે પૃથ્વી તો છો નહીં! બાકી રહ્યા દેવતાઓ. ભગવાન અવતાર લે ભારતમાં ને હિત કરે દેવતાઓનું. દેવતાઓ જ્યાં હોય ત્યાં, પોતાનાં સુખ-દુઃખ એ જ જાણે. પશુઓમાં પશુવિશેષ ગાય તો આપણે છીએ જ નહીં, કે અવતારથી આપણને કોઈ મળે. મનુષ્યમાં એક વર્ગવિશેષ બ્રાહ્મણ માટે જ માત્ર અવતાર હોય છે. જગતમાં ત્રણસો-ચારસો દેશ છે, એમા ંક્યાંય બ્રાહ્મણ જોવા મળતા નથી. વિશ્વના પ્રમાણમાં ભારત બહુ નાનો દેશ! એમાં પણ અનેક જાતિઓ! ચાર વર્ણ! એમાં પણ પરમાત્માનો આવિર્ભાવ કેવળ મુઠ્ઠીભર લોકો માટે જ છે,-મનુષ્યોમાં બ્રાહ્મણને માટે. અન્ય લોકો માટે પરમાત્માનો અવતાર થતો જ નથી, તો આપણે જગતને શો ઉપદેશ આપી શકીએ? આ ભગવાન તો એ સમૂહના થઈ ગયા. સંયોગવશાત્ તમે બ્રાહ્મણ જન્મ્યા ન હો તો મનુષ્ય થવુંય વ્યર્થ જાય. કદાચ પોકારવાથી એ ભગવાન પેદા થઈ પણ જાય તો કુહાડી જ ચલાવશે; કારણ કે બ્રાહ્મણ તો બ્રાહ્મણને સતાવશે જ નહીં, વિજાતીયને જ સતાવશે. જે લોકો એમને સતાવે છે એ જ અસુર છે. ભગવાન એમનું હૃદયપરિવર્તન કરતા નથી. એમને મારવા માટે જ આવે છે, તો ભલા એવા ભગવાનને કોઈ શા માટે ભજે? જેમની રક્ષા એ કરે છે તેઓ ભજે. બાકીની દુનિયાના લોકો ભજી પણ લે તો એ ઊઠીને ગળું કાપશે. એવા ઊંઘતા સિંહને કોણ જગાડે?

અન્યત્ર કહે છે,-''**निज इच्छा प्रभु अवतारइ सुर महि गो द्विज लागि।**'' પ્રભુ પોતાની ઈચ્છાથી જ અવતાર લે છે, પણ જ્યારે સુર, પૃથ્વી, ગાય અને બ્રાહ્મણ પર સંકટ આવે છે ત્યારે જ એમને ઈચ્છા થાય છે. આગળ જતાં કહે છે, ભગવાન કેવળ ''**गो द्विज हितकारी जय असुरारी**''-માત્ર ગાય અને બ્રાહ્મણના હિતકારી રહી જાય છે. મનુષ્યોમાં ભગવાન બ્રાહ્મણવર્ગનો પુકાર સાંભળે છે, જે કેવળ ભારતમાં જોવા મળે છે. આવા ભગવાન સાથે વિશ્વના અન્ય મનુષ્યોને શી લેવાદેવા? અન્ય વર્ગ અને ધર્મ એને માટે શું કામ આંસુ વહાવે? તો ભારત વિશ્વગુરુ

શાનો? તેથી વિચારણીય છે કે એ દ્વિજ કોણ છે જેને માટે ભગવાન અવતાર લે છે.

વાસ્તવમાં 'માનસ'નું આ કથન અક્ષરશઃ સત્ય છે કે ભગવાન 'ગો-દ્વિજ હિતકારી' છે, પણ જે બ્રાહ્મણને માટે તે અવતાર લે છે, તે જગતમાં પ્રચલિત કોઈ જાતિ નથી, પણ યોગસાધનાની સ્થિતિ છે, જે તમે ભાગવત અને મહાભારતની પંક્તિઓમાં જોયું. 'માનસ'ના અધ્યયનથી સ્પષ્ટ સમજાય છે કે અવતાર લેવાથી પરિનિર્વાણનાં અગિયાર હજાર વર્ષની અવધિમાં પરમાત્મા રામે પોતાના શ્રીમુખે ન તો ક્યારેય ગો-મહિમા ગાયો છે અને નથી કદી ગો-સંવર્ધનની યોજના પ્રસ્તુત કરી, નથી એકય ગોશાળા ખોલી, નથી એકેય ગાય લંકામાંથી છોડાવી લાવ્યા. જે ગોહિત માટે અવતાર લીધો, એનું કદી નામ પણ નથી લીધું અને આ જ રીતે જીવનભરમાં એક પણ વિપ્રને આશ્વાસન નથી આપ્યું કે હવે અમે આવી ગયા છીએ, તમે નિશ્ચિંત થઈ જાઓ, તો એ કેવા ગો-દ્વિજ હિતકારી?

પરમાત્માએ જ્યારે અવતાર લીધો, જેને જેને તાર્યા, એ બધા જ અધમ નીકળ્યા. એમાં કોઈ દ્વિજ નહોતું. વનવાસ તરફ આગળ વધ્યા તો મળ્યો કેવટ (નાવિક)-

लोक वेद सब भाँतिहि नीचा। जासु छाँह छुइ लेइय सींचा।
राम कीन्ह आपन जबही ते। भयउँ भुवन भूषण तबहीं ते॥

કેવટે કહ્યું કે સમાજ મારા પડછાયાનેય અડતો નથી. બ્રહ્માએ ભક્તિની રેખા હાથમાં લખી નથી, પણ રામે અપનાવી લીધો. નસીબમાં નથી લખ્યું તો કાંઈ વાંધો નહીં, નસીબમાં બે હાથ-પગવાળા માણસ થવાનું તો લખ્યું છે, એટલું પૂરતું છે,-''**बडे भाग्य मानुस तन पावा**'' મનુષ્ય શરીર ઉપલબ્ધ હોય તો તમે કેવળ શ્રદ્ધાથી શરૂ કરી દો, પામી જશો. ભગવાન અનાથોનો નાથ છે, અધમ-ઉદ્ધારક છે. તમે ભક્તિ શરૂ કરી દો તો ને! કેવટ દ્વિજ નહોતો. એની છાયા પડવાથી લોકો સ્નાન કરીને પવિત્ર થતા હતા, પણ રામે એને અપનાવ્યો, એમ ન કહ્યું કે

ત્યાં દૂર બેસ, પણ ગળે લગાડ્યો. ''**तुम मम सखा भरत सम भ्राता। सदा रहेहु पुर आवत जाता।**'' પોતાના ઘરનાં બારણાં પણ રામે એને માટે ખોલી નાખ્યાં. જે સ્થાન એમના હૃદયમાં ભરત માટે હતું, એ જ એમણે કેવટને આપ્યું કે અમારું ઘર તારું ઘર છે. આવતો-જતો રહેજે.

વનવાસ દરમિયાન કોળી-ભીલોએ પ્રભુની સેવા કરી. રામે એમને પણ અપનાવ્યા. ગીધરાજ સાથે મૈત્રી કરી,-''**गीध अधम खग आमिष भोगी। गीत दीन्ही जेहि याचत योगी।**'' માંસાહારી અધમ ગીધની સેવાઓનું પણ એમણે મૂલ્યાંકન કર્યું. એને એ ગતિ આપી, જે યોગીઓને પણ દુર્લભ છે. એના અગ્નિદાહ સંસ્કાર રામે પોતાના હાથે કર્યા.

ભગવાન રામ શબરીના આશ્રમમાં ગયા. એને પોતાનો પરિચય આપ્યો. ''**अधम ते अधम अति नारी। तिन्ह महँ मैं मतिमन्द अघारि॥**'' સૌથી અધમ કોળી-ભીલ-આદિવાસી, એમાં પણ અધમ નારી જાતિ. એમાં પણ હું બુદ્ધિહીન દરેક રીતે અધમ છું. પરમાત્મા રામે કહ્યું,-ભામિની! હું તો કેવળ એક સંબંધ જાણું છું, ભક્તિનો. ''**भक्तिवन्त अति नीचहु प्राणी। मोहिं परम प्रिय अस मम बानी।**'' ભક્તિમાન અત્યંત નીચ પણ મને પરમ પ્રિય છે. ભગવાન ભક્તિના સંબંધે આવે છે, નહીં કે કોઈ જાતિના સંબંધથી.

વાલ્મીકિ રામાયણ અનુસાર જ્યારે રામે શબરીને દર્શન દીધાં ત્યારે એ ચરણોમાં નમી પડી. રામે કુશળક્ષેમ પૂછતાં કહ્યું, 'શબરી! તારી તપસ્યા સરસ રીતે ચાલે છેને? તેં ગુરુજનોની સેવા કરી હતી, એનું ફળ તો મળી રહ્યું છે ને? તેં જે વ્રતો ધારણ કર્યાં હતાં, એ નિયમોનું પાલન સારી રીતે થાય છેને? ધર્મના નામે પ્રચાર પામેલી સ્મૃતિઓમાં છે કે શૂદ્રને ભજનનો, ભક્તિનો અધિકાર નથી, જ્યારે રામ શબરીની તપસ્યા, વ્રત, નિયમ-સંયમને દઢાવી રહ્યા છે કે સારી રીતે તપસ્યા ચાલે તો છેને? ભગવાને શબરીને પરમ ગતિ પ્રદાન કરી, જ્યારે આવ્યા તો હતા કેવળ દ્વિજને માટે.

તે પછી ભગવાને વાંદરાં-રીંછોને અપનાવ્યાં. શરણે આવતાં પહેલાં વિભીષણે હનુમાનને પૂછ્યું કે ભગવાન શું મારા જેવા નિશાચર પર પણ કૃપા કરશે? હનુમાને વિભીષણને સાંત્વન આપતાં કહ્યું,-''**कहहु कवन मैं परम कुलीना। कपि चंचल सबहिं विधि हीना। अस मैं अधम सखा सुनु...**'' હું આટલો અધમ છું તો પ્રભુએ મને અપનાવ્યો. તમે રાજપરિવારના છો, તમારી પર જરૂર કૃપા કરશે.

નિશાચરોના અધમ હોવા વિશે તો શંકા જ નથી, ''**अधम निशाचर लीन्हे जाई। जिमि मलेच्छ बस कपिला गाई।**'' પણ જે કોઈ નિશાચર શરણે આવ્યા, એ બધાનું પ્રભુએ કલ્યાણ કર્યું, બધાને અપનાવ્યા. અવતાર તો લીધો હતો વિપ્રને માટે, પણ રામે ઉદ્ધાર કર્યો આ જનજાતિઓનો, કોળી-ભીલોનો, અધમ નિશાચરોનો, આદિવાસીઓનો, વાનર-રીંછોનો, ગીધોનો, છાયા-નિષિદ્ધ પુરુષોનો, એક પણ બ્રાહ્મણના મસ્તક પર હાથ મૂકીને આશ્વાસન નથી આપ્યું. તાર્યા અધમોને, જેમને માટે અવતાર હોતો જ નથી. વાસ્તવમાં આ જ દ્વિજ છે.

વસ્તુતઃ અવતાર કોઈ-કોઈ યોગીના હૃદયમાં થાય છે, બહાર નહીં. ભગવાન સાચે જ વિપ્ર-હિતકારી કે દ્વિજ-હિતકારી છે, પણ આ દ્વિજ કોઈ જાતિ નથી, યોગ્યતા છે. જે બ્રહ્મ-પરાયણ છે તે વિપ્ર છે. 'દ્વિ'નો અર્થ છે દ્વિતીય. 'જ'નો અર્થ જન્મ; જે દ્વિતીય જન્મ પામ્યા છે, એના હિતેચ્છુ છે ભગવાન. એક જન્મ તો એ છે કે જે મલ-મૂત્રથી લથબથ, ગર્ભવાસની અનંત યોનિઓનું ભ્રમણ છે. આ શરીર છૂટે તો ફરીથી બીજું શરીર ધારણ કરી લેશે. આ પ્રકૃતિજન્ય જન્મથી વિપરીત આત્મિક સ્થિતિનો જન્મ છે, જ્યારે સાધક સારી રીતે બ્રહ્મપરાયણ થઈ જાય છે, ત્યારે ઈશ્વરીય સંકેતોને પોતાની અંદર સારી રીતે ધારણ કરી લે છે. એક વાર ઈશ્વરીય સંકેતોનું બીજારોપણ થઈ જાય, તો એ બીજનો ક્યારેય નાશ નથી થતો. એ સ્વરૂપ-સાધનાના પ્રભાવથી તે દરેક જન્મમાં સાધના જ કરે છે તથા કેટલાક જન્મો પછી તે ત્યાં પહોંચી જાય છે, જે આત્માનું

શુદ્ધ સ્વરૂપ છે. માટે જે કોઈમાં પણ આંશિકરૂપે બીજારોપણ થઈ જાય તે દ્વિજ છે, એણે દ્વિતીય જન્મ મેળવ્યો છે.

જે કોઈમાં પણ આત્મસ્વરૂપની જાગૃતિ હોય, તે દ્વિજ છે. ભગવાન એમના હિતેચ્છુ છે. જે કોઈ પરમાત્મા તરફ અગ્રેસર થાય તે એનો જ અવાજ સાંભળે છે, જે એને માટે ઊતરી આવે છે, એનું હિત કરે છે. વિપ્ર કોણ છે? જે બ્રહ્મ-પરાયણ છે. જે કોઈ પ્રભુ-પરાયણ કે પ્રભુ-આશ્રિત થાય, તેને પ્રભુ સંભાળે છે. એના આત્મા સાથે અભિન્ન થઈને ઊતરી આવે છે. બીજા શબ્દોમાં,-''**सो केवल भगतन हित लागी। परम कृपाल प्रणत अनुरागी।**'' જે પ્રણત છે, સમર્પિત છે તે જ વિપ્ર છે. પ્રભુ એની પર અનુરાગ રાખે છે. ''**राम भक्त हित नर तनु धारी। सहि संकट किये साधु सुखारी।**'' ભક્તના હિત માટે ભગવાન એ ભક્તના શરીરને ધારણ કરી લે છે. મહાપુરુષોની ભાંગીતૂટી સેવાના સૌજન્યથી જે દિવસે તે હૃદયમાં જાગ્રત થઈ જાય છે, ત્યારથી સાધક સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માંડે છે. એ દિવસથી તે વૈશ્ય છે, દ્વિજત્વની પ્રવેશિકામાં છે.

ભગવાને જેમને જેમને તાર્યા એ બધા જ વિપ્ર હતા. તાર્યા હતા અધમોને, કારણ કે એ બધા વિપ્ર હતા. 'માનસ' અનુસાર બ્રાહ્મણ યોગપથની એક અવસ્થા છે. ભક્ત માટે અવતાર, વિપ્ર માટે અવતાર પર્યાયવાચી છે. સૃષ્ટિ પર ક્યાંય પણ મનુષ્ય હોય, પ્રભુને માટે વિરહી થઈને, પ્રણત થઈને ભક્તિ કરે, એને માટે અવતાર છે. વિપ્ર, દ્વિજ, બ્રાહ્મણ તમારા હૃદયની એક યોગ્યતાનું નામ છે.

જ્યારથી ભગવાન રામ સમજણા થયા, ત્યારથી વિપ્રોના ઉદ્ધારમાં મંડ્યા રહ્યા. હજી એ સુકુમાર બાળક જ હતા, ત્યારે '**विश्वामित्र महामुनि ज्ञानी**' મહાન મુનિ જ્ઞાની વિશ્વામિત્ર યજ્ઞની રક્ષા માટે રામ અને લક્ષ્મણને માગવા દશરથજીના દરબારમાં આવ્યા, ત્યારે દશરથજી વ્યાકુળ થઈ ગયા. બોલ્યા,-''**चौथेपन पायउँ सुत चारी। विप्र वचन नहिं कहेहु विचारी।**'' વિપ્રવર! આપે વિચાર કરીને વચન નથી કહ્યાં.

દશરથજી વિશ્વામિત્રને સારી રીતે ઓળખતા હતા, સમકાલીન નરેશ હતા, દશરથજીના સગા હતા, પણ દશરથજીએ એમને વિપ્ર કહીને સંબોધિત કર્યાં. વિશ્વામિત્રજી 'મહામુનિ જ્ઞાની' હતા. જે મુનિ હોય, જેની ઈન્દ્રિયો મૌન હોય, ઈશ્વરીય જાણકારી જેનામાં હોય, એ જ વિપ્ર છે. વિપ્ર એક સ્થિતિ છે.

વનવાસ સમયમાં ભગવાન રામ જુદા જુદા ઋષિઓના આશ્રમમાં જતા. ક્યાંક રામે ઋષિઓને નમન કર્યાં, ક્યાંક ચરણસ્પર્શ કર્યાં, પણ એક વરિષ્ઠ મુનિ વાલ્મીકિ મળી ગયા. મુનિને રામે સાષ્ટાંગ દંડવત્ કર્યા,-''**मुनि कहँ राम दण्डवत कीन्हा? आशीर्वाद विप्रवर दीन्हा।**'' એ વિપ્રશ્રેષ્ઠે આશીર્વાદ આપ્યા. વાલ્મીકિ મુનિ હતા. જેમની મનસહિત સર્વ ઈન્દ્રિયો મૌન હોય, પરમાત્મામાં સમાહિત હોય, એ જ વિપ્ર છે. શરીરથી જોઈએ તો '**भील जानी करनी कठिन, धर्म सुना नहिं कान। सद्गुरु के कारन मिला विप्र रूप सम्मान॥**' કોળી-ભીલોમાં લગ્ન, ઊઠવું-બેસવું, કરણીથી ચાંડાલ, કુલીનતાનું કોઈ લક્ષણ નહીં, પણ સદ્ગુરુની કૃપાથી એમને વિપ્રનું સ્વરૂપ અને સન્માન મળ્યું.

ઋષિઓના આશ્રમમાં વિચરણ કરતા ભગવાન આગળ વધ્યા, તો હાડકાંનો ઢગલો દેખાયો. રામને બહુ દયા આવી, જિજ્ઞાસા થઈ. પૂછ્યું તો મુનિઓએ કહ્યું, ''**निशिचर निकर सकल मुनि खाये। सुनी रघुवीर नयन जल छाये॥**'' નિશાચરોએ ઋષિમુનિઓને ખાધા છે, કે ભજન શા માટે કરો છો? કોઈ દુરાચારીને એમણે દંડ નહોતો દીધો, પણ ઉપાસના કરનારાઓને ખાઈ ગયા. આ સાંભળીને ભગવાનનાં નેત્ર ભરાઈ આવ્યાં. ભુજા ઉઠાવીને તરત એમણે પ્રતિજ્ઞા કરી,-

निशिचर हीन करउँ महि, भुज उठाइ प्रन कीन्ह।
सकल मुनिन के आश्रमन्हि, जाइ जाइ सुख दीन्ह॥

એમણે પ્રતિજ્ઞા લીધી કે હું પૃથ્વીને નિશાચર રહિત કરીશ. એક એક

મુનિના આશ્રમમાં જઈને સાંત્વન આપ્યું, એમને સુખ આપ્યું. વાસ્તવમાં મુનિ જ વિપ્ર છે, જે બ્રહ્મ-પરાયણ છે. એને જ માટે પરમાત્મા આવે છે, તે શરણાગતના રક્ષક છે, અન્ય કોઈ રીત નથી. વિશ્વામિત્ર વિપ્ર છે, વાલ્મીકિ વિપ્ર છે, સમગ્ર મુનિગણ વિપ્ર છે, જેમનાં હાંડપિંજરોને જોઈને એમણે '**निशिचर हीन करउँ महि**'ની પ્રતિજ્ઞા લીધી, એ પૂરી કરી, અવતારનું પ્રયોજન પૂરું થયું. વાસ્તવમાં આ જ વિપ્ર છે. '**धरउँ देह नहिं आन निहोरे**' બીજા કોઈ પ્રકારની પુકાર પર તે શરીર ધારણ નથી કરતા. 'માનસ' અનુસાર પરમાત્માનો આવિર્ભાવ માનવમાત્રને માટે સમાનરૂપે ઉપયોગી છે. તમે કેવળ શ્રદ્ધાથી પકડીને જુઓ અને પામો.

ગોસ્વામીજીએ દ્વિજ-હિતેચ્છુને જ પ્રકારાન્તરે ગો-હિતેચ્છુ કહ્યા છે. 'ગો' કહે છે મનસહિત ઈન્દ્રિયોને. '**गो गोचर जहँ लगि मन जाई। सो सब माया जानेहु भाई।**' જ્યાં સુધી મન ઊડાઊડ કરી શકે છે, તે બધી માયા છે. પરમાત્મા આ ઈન્દ્રિયોની સીમાથી દૂર છે. ''**जिति पवन मन गो निरस करि मुनि ध्यान कबहुंक पावहीं।**'' મુનિ લોકો ઈન્દ્રિયોને વિષયરસથી શૂન્ય કરીને જ ધ્યાનમાં પ્રભુને જોઈ શકે છે. સાધક પોતાની બુદ્ધિથી ઈન્દ્રિયોને વશ કરી શકતો નથી. ઈન્દ્રિયો ઘોડી છે, મન લગામ છે, એને પકડીને પ્રભુ પોતે સંચાલિત કરવા માંડે છે, ત્યારે એ વશ થાય છે, ત્યારે જ એમને ફરીથી ઈન્દ્રિયોનું રૂપ ધારણ નહીં કરવું પડે. ત્યારે જ એ સહજ સ્વરૂપ મળશે. ઈન્દ્રિયોને સંયમિત કરવા માટે જ ભગવાનનો આવિર્ભાવ થાય છે. '**माया गुन गो पार**'- ભગવાન માયાથી પર છે. માયાનું બીજું સ્વરૂપ છે ત્રિગુણમયી પ્રકૃતિ, માટે ભગવાન ગુણોથી પર છે. માયાનું ત્રીજું સ્વરૂપ છે ઈન્દ્રિયો, માટે પ્રભુ ઈન્દ્રિયોથી પર છે. માયાાથી પર હોવું, ગોથી પર હોવું, ગુણોથી પર હોવું એ એક જ પ્રક્રિયા છે. ગોથી પર થયા વગર કોઈ ગુણોથી પર નથી થઈ શકતું. ગુણોથી પર થયા વગર કોઈ માયાથી પર નથી થઈ શકતું. સાધકના સંયમની આ ક્રમોન્નત અવસ્થાઓ છે. એ પાર કર્યા પછી જ ભગવાનના દર્શન થાય છે, નહીં કે ગાયો ચરાવવાથી.

નિશાચરોના આંતકથી પૃથ્વી ત્રસ્ત થઈ જાય છે, ત્યારે પ્રભુ અવતાર લે છે. '**धड धरती का एकै लेखा, जो बाहर सो भीतर देखा।**' જે કાંઈ હૃદયદેશમાં છે એનો જ વિસ્તાર બહાર પૃથ્વી પર છે. ગોસ્વામીજી 'વિનયપત્રિકા'માં લખે છે,-

असन वमन पशु वस्तु विविध विधि सब रह मनि महँ जैसे।
सरग नरक चर अचर लोक बहु वसत मध्य मन तैसे॥

જે રીતે ભોજન, વસ્ત્ર, સુખ-સમૃદ્ધિની વ્યવસ્થાઓ એક જ બહુમૂલ્ય મણિના અંતરમાં વસેલાં છે, એ જ રીતે સ્વર્ગ-નરક-અપવર્ગ વગેરે મનની ભીતર રહે છે, જ્યારે જેનો ક્રમ આવે છે, ત્યારે એને પ્રગટ કરતું રહે છે. આ પૃથ્વી ગ્લાનિથી ભરાઈ ગઈ છે અને સાધક પોતાના બળથી બુરાઈઓથી પાર જઈ શકતો નથી, ત્યારે પ્રભુને શરણે જાય છે. પ્રભુ એના હૃદયમાં પોતાના અવતરણની રચના કરે છે, સાધકના આત્માથી રથી બની જાય છે અને એના શરીરરૂપી ધરતીનો ઉદ્ધાર કરે છે.

પ્રભુ અવતાર લે છે બ્રાહ્મણોને માટે પણ રક્ષા કરે છે દેવતાઓની. અંતઃકરણની બે પ્રવૃત્તિઓઃ દૈવી સંપદા તથા આસુરી સંપદા. પરમદેવ પરમાત્મા પાસેથી મળતી દૈવી સંપદાને પ્રભુ સ્થિરતા પ્રદાન કરે છે, ''**असुर मारि थापहिं सुरन्ह**'' પ્રભુ જ્યારે કરૂણાર્દ્ર થઈને ઊતરી આવે છે ત્યારે અવરોધરૂપ આસુરી સંપદાને નષ્ટ કરે છે, દૈવી સંપદાને સ્થિર કરે છે. ''**राखहिं निज श्रुति सेतु**'' વૈદિક પથમાં જે ભ્રાંતિઓ છે એને દૂર કરી દે છે. શ્રુતિ-સેતુને ફરીથી વિસ્તૃત કરે છે. પોતાના યશનો વિસ્તાર કરી દે છે. આ જ છે રામજન્મનો હેતુ. માટે ગો-હિતેચ્છુ, દ્વિજ-હિતેચ્છુ, પૃથ્વી-હિતેચ્છુ, દેવ-હિતેચ્છુ, સંત-હિતેચ્છુ, ભક્ત-હિતેચ્છુ-આ બધાનો એક જ અર્થ છે, એક જ સાધકની ક્રમોન્નત અવસ્થાઓ છે.

વિપ્રના સ્વરૂપના સંદર્ભમાં સમાજમાં ભ્રાંતિઓ જોવા મળે છે. અનેક સહૃદય વિદ્વાન પણ આ વિષય પર આક્ષેપ કરતા રહે છે. ઉદાહરણ તરીકે, ડૉ. રામમનોહર લોહિયાએ કહ્યું હતું,-'રામચરિતમાનસ સમગ્ર

ભારતીય સમાજને એકતાના સૂત્રમાં ગૂંથી શકે છે એમાં શંકા નથી, પણ ગોસ્વામીજીથી એક-બે ભૂલ થઈ ગઈ, જેમ કે સ્ત્રીઓની નિંદા અને બ્રાહ્મણો પ્રત્યે પક્ષપાત.' લાગે છે કે એ મહાપુરુષ પાસે આ ભૂલ કરાવવામાં આવી કે,-

''पूजिय विप्र शील गुण हीना। शूद्र न गुन गन ज्ञान प्रवीना।''

શૂદ્ર જ્ઞાન અને ગુણમાં પ્રવીણ હોય તો પણ તાડનયોગ્ય છે. વાસ્તવમાં 'માનસ' એક યોગશાસ્ત્ર છે, જેને યોગીજનો જ સારી રીતે જાણે છે અને એના નિર્દેશનમાં કોઈ ક્રિયાશીલ સાધન જ એને સમજી શકે છે. તેથી પ્રખર વિદ્વાન હોવા છતાં ડૉક્ટર સાહેબનો આ આક્ષેપ સ્વાભાવિક જ છે.

ભાગવતમાં શ્રુતદેવ બ્રાહ્મણને ભગવાને સમજાવ્યું હતું કે મારી સાથે આવનારા આ મહર્ષિ સદ્‌ગુરુ છે, જગતનું કલ્યાણ કરતાં કરતાં વિચરી રહ્યા છે, એમની ચરણપૂજાથી જ મારી પૂજા થાય છે. આ જ ભગવાન રામે કબન્ધને કહ્યું, આ જ શરણાગત વિભીષણને કહ્યું,-''**ते नर प्राण समान मम, जिन्हके द्विज पद प्रेम।**'' સંતમહિમામાં નારદ તથા ભરતને પણ આ જ સમજાવ્યું કે મારી પૂજા કરવી હોય તો વિપ્રની પૂજા કરો. પ્રસ્તુત છે કબન્ધ-પ્રકરણ.

શ્રી રામ સીતાની શોધમાં દંડકારણ્યમાં મતંગ મુનિના આશ્રમ તરફ આગળ વધ્યા ત્યારે પહોળી છાતીવાળા વિશાળકાય રાક્ષસ કબન્ધ પર એમની દૃષ્ટિ પડી. કબન્ધ એટલે ધડમાત્ર એનું સ્વરૂપ હતું. પેટમાં જ આગઝરતી બે આંખો, બે વિશાળ ભુજાઓ અને પગ વગરના લથડતા ચાલતા રાક્ષસે શ્રીરામ અને લક્ષ્મણને એક સાથે જ પકડીને વિવશ કરી દીધા. લક્ષ્મણ વ્યાકુળ થઈ ગયા. શ્રીરામે એમને સાંત્વન આપ્યું. બંને ભાઈઓએ મળીને કબન્ધના હાથ કાપી નાખ્યા અને એના શરીરને એક ખાડામાં નાખીને એમાં આગ લગાડી. રામના હાથે મરતાં જ કબન્ધે દિવ્ય શરીર ધારણ કરી લીધું. એણે કહ્યું,-

दुरवासा मोहि दीन्ही सापा। प्रभु पद पेखि मिटा सो पापा॥

'માનસ' ૩-૨૩-૭.

ભગવાન રામને કબન્ધની આ વાત ગમી નહીં. એમણે કહ્યું, 'ગંધર્વ, તારાથી આ ભૂલ કેવી રીતે થઈ ગઈ? તું તો જ્ઞાની હતો. વિપ્રનું અપમાન કેમ કરી બેઠો? ગંધર્વ ઈશ્વરીય પથનો એ ગાયક છે, જેની પકડમાં શ્વાસનો તાર આવી ગયો હોય. આવો સાધક ઘણુંખરું ઉચ્છૃંખલ થઈ જાય છે. આટલાને જ ઉપલબ્ધિ માનીને તે મહાપુરુષોનું અપમાન કરવાની ભૂલ કરી બેસે છે. કંઈક એવી જ ભૂલ કબન્ધને પણ થઈ હતી. શ્રીરામે એને એનો ધર્મ સમજાવ્યો,-

मन क्रम वचन कपट तजि, जो कर भूसुर सेव।
मोहिसमेत विरांचि शिव, बस ताके सब देव॥

મન-વચન-કર્મથી છળકપટ તજીને જે વિપ્રના ચરણકમળની સેવા કરે છે, બ્રહ્મા-શિવ અને ચરાચર દેવતાઓ સહિત હું પરમાત્મા એમના વશમાં થઈ જાઉં છું. કેવળ એક જ સૂત્ર યાદ રાખવાનું છે, એ છે વિપ્રનાં ચરણકમળની સેવા. ચિંતા ન કરો, ક્યારેય કોઈ વિંધ્યવાસિની માતા તમારાથી રૂઠશે નહીં અને અન્ય કોઈ દેવતા પણ. કેવળ વિપ્રનાં ચરણકમળની પૂજા કરતા રહો તો પરમતત્ત્વ પરમાત્મા પણ વિદિત થઈ જશે. આટલું જરૂર યાદ રાખો,-

सारत ताडत पुरुष कहन्ता। विप्र पूज्य अस गावाहि सन्ता॥

શાપ દેતો, તાડન કરતો, અપશબ્દ બોલતો, શીલ અને ગુણ બંનેમાં હીન હોવા છતાં વિપ્ર પૂજનીય છે. તથા-

पूजिय विप्र शील गुण हीना।
शूद्र न गुम गन ग्यान प्रवीना॥ ૩/૨૨/૨ ॥

આવી માન્યતા હતી ભગવાન રામની; પણ જ્યારે ખબર પડી કે સીતાનું અપહરણ કરનાર રાવણ એક બ્રાહ્મણ છે, તો એની એવી

દુર્ગતિ કરી કે, **'रहा न कुल कोऊ रोवनिहारा'** એ રાવણના કુળમાં કોઈ જલદાતા એટલે કે આંસુ પાડનાર પણ ન બચ્યું. લાગે છે કે આ મર્યાદાના રચયિતા ભગવાન પોતે એની પર આરૂઢ નથી. રામ પોતે એને મારત તો ક્યારેય વાંધાજનક ન થાત, કારણ કે **'समरथ को नहिं दोष गुसाई।'** (રામ ૧/૬૮/૬) અથવા **'प्रभु समरथ कोसलपुर राजा। जो कछु करहिं नितहिं सब छाजा॥'** પણ રામના અનુયાયી વાંદરા-રીંછોએ રાવણના વંશને મૂળમાંથી ઉખેડી નાખ્યો. યજ્ઞ કરતા રાવણને લાતોથી માર્યો, એની સ્ત્રીઓના વાળ પકડીને બહાર ઘસડી. રામ છેવટે પોતાના અનુયાયીઓને તો કહી શક્યા હોત કે બ્રાહ્મણ પૂજનીય છે!

રાવણ ચારે વેદોનો પ્રકાંડ પંડિત હતો, જ્યોતિષનો મર્મજ્ઞ હતો, બ્રહ્માના લેખ વાંચી એને પોતાના આયુષ્યનું જ્ઞાન હતું. રાવણ ગુણવાન હતો એમાં શંકા જ નથી, જોકે શીલનો અભાવ હતો. ગુણોને અનુરૂપ એનું આચરણ નહોતું. રામ તો શીલ-ગુણ બંનેમાં હીન બ્રાહ્મણને પણ પૂજ્ય માનતા હતા. તેઓ પોતે પોતાના નિયમનું પાલન નથી કરતા. વસ્તુતઃ ગોસ્વામી તુલસીદાસજી કહેવા શું માગે છે?

બ્રાહ્મણોમાં પણ ઉત્તમ કુળવાળા મહર્ષિ પુલસ્તિના પુત્ર વિશ્રવાનો પુત્ર હતો રાવણ. એનો નાનો ભાઈ વિભીષણ રામને શરણે આવ્યો. એને શંકા હતી કે રામ શરણ આપશે કે નહીં. પણ રામે પોતાનો નિયમ દર્શાવતાં એને આશ્વાસન આપ્યું,-

सगुण उपासक परहित निरत नीति दृढ नेम।
ते नर प्राण समान मम, जिन्हके द्विज पद प्रेम॥

જે મુજ સગુણનો ઉપાસક છે, પરહિત-પ્રેમી છે, એ નર મને મારા પ્રાણસમાન પ્રિય છે, જેને દ્વિજનાં ચરણકમળોમાં અતૂટ પ્રેમ છે.

सुन लंकेश सकल गुन तेरे। ताते तुम अतिशय प्रिय मोरे॥

વિભીષણ! તારામાં બધા ગુણ છે માટે તું મને અત્યંત પ્રિય છે.

માનસના મર્મજ્ઞજનો વિચાર કરો કે શું વિભીષણ દ્વિજનાં ચરણકમળનો પ્રેમી હતો? વિભીષણ કે એના અનુયાયી વાનર-રીંછોમાંથી કોઈએ પણ દ્વિજની સેવા કરી નથી. તો અહીં કયા વિપ્રની સેવા પર રામ ભાર મૂકે છે?

વસ્તુતઃ દ્વિજ એ મહાપુરુષ છે જેણે દ્વૈત પર વિજય મેળવ્યો છે. જે વ્યક્તિ બ્રહ્મપરાયણ હોય, આત્મસાક્ષાત્કાર માટે જે ક્રિયાશીલ હોય. એ બ્રહ્મકુલમાં ગણાય છે. સાધનાના પૂર્ણતા-કાળમાં જે બ્રહ્મમય હોય એ જ વિપ્ર છે, એ જ બ્રાહ્મણ છે, ભૂદેવ છે, મહીસુર પણ એ જ છે. એવા મહાપુરુષો માટે વિધિનિષેધ હોતા નથી. એમના માપદંડ બ્રહ્મક્રિયાઓ નહીં, પણ આંતરિક ઉપલબ્ધિ હોય છે. એમની વેશભૂષા, એમનાં સ્નાન-ધ્યાન પણ જનસાધારણથી નિરાળાં હોય છે. પૂજ્ય મહારાજજી કહેતા હતા કે મહાપુરુષ ક્યારે આરાધના કરે છે, એની પાસે રહેનાર સાધકને પણ ખબર પડતી નથી, જ્યાં સુધી એ પોતે ન કહે. આવા મહાપુરુષોનું આચરણ સાધકો માટે નિર્ધારિત આચરણ કરતાં એકદમ જુદું હોય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,-

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्य न विद्यते॥ ૩/૧૭ ॥

જે પુરુષ આત્મામાં જ સંતુષ્ટ, એમાં જ ઓતપ્રોત અને એ જ આત્મામાં સારી રીતે સ્થિત હોય, એ મહાપુરુષ દ્વારા કર્મ કરાય તેથી નથી કોઈ લાભ અને જો તેઓ કર્મ છોડી દે તો એથી નથી કોઈ હાનિ, કારણ કે એનું જે લક્ષ્ય હતું તે સિદ્ધ કર્યું છે, એનાથી જ એ તરબોળ છે, એમાં જ સ્થિત છે, તો કર્મ દ્વારા હવે કોને શોધે? હવે તો '**भजन हमार हरि करें, हम पायो विश्राम**', આવા મહાપુરુષ પેન્શનિયર થઈ જાય છે. મહારાજજી કહે છે,-'હા! મને પેન્શન મળી ગયું છે. તમે લોકો તમારું જુઓ. કર્યા વગર કોઈ ન પામે! આરાધના કરતા રહો,-

वारि मथे घृत होय बरु, सिकता ते बरु तेल।
बिन हरि भजन न भव तरिय यह सिद्धान्त अपेल॥

પણ અમારી નકલ ન કરો. કોઈ પ્રોફેસરને કહેવામાં આવે કે એ રાતે બે વાગે ઊઠીને બત્તી કરીને વાંચે, તો કેટલું હાસ્યાસ્પદ થાય? મહાપુરુષ માટે વિધાન કંઈક જુદું છે. સંત કબીરે એ રહેણીકરણી પર પ્રકાશ નાખ્યો છે,-

अवध बेगम देश है मेरा।
तहाँ न ईश्वर, जीव न माया, पूजक पूज्य न चेरा॥

ત્યાં ઈશ્વર-જીવન દ્વૈત નથી. પૂજવા યોગ્ય કોઈ નથી, પૂજનાર કોઈ નથી. આ જ છે વિપ્ર! એવા જ મહાપુરુષ હતા જડભરત. એ સ્નાન કરતા નહોતા. આવા જ મહાપુરુષના સંદર્ભમાં 'માનસ'કાર લખે છે,-

सापत ताडत पुरुष कहन्त। विप्र पूज्य अस गावहिं सन्ता॥

શાપ દેતો હોય, તાડન કરતો હોય, કઠોર વચન કહેતો હોય, તો પણ વિપ્ર પૂજ્ય છે. મહર્ષિ દુર્વાસાનો ક્રોધ પ્રસિદ્ધ છે. પૂજ્ય મહારાજજી કહ્યા કરતા હતા,-'ગાળ દેવામાં શોભા નથી! પણ શું કરવું? ભગવાને મને આદેશ આપ્યો છે કે ગાળ દેવાથી કલ્યાણ થાય છે. કાલે ફાંસી મળવાની હોય ને આજે મારી છડી લાગી જાય તો ફાંસી નહીં થાય, સજા ગમે તે થાય, માટે તાડન કરું છું. નહીં તો મારી ક્યાં શોભા છે ગાળ દેવામાં.' બ્રહ્મમય હોય એ મહાપુરુષ વિપ્ર છે, પરમપૂજ્ય છે,-સંતોએ આમ ગુણગાન કર્યાં છે. એમના આચારવિચાર સમાજથી નિરાળા હોય છે. બાહ્ય આચરણ જોઈને કોઈ એમની અવહેલના ન કરી બેસે માટે ભગવાનનો આદેશ છે,-'**पूजिय विप्र शील गुण होना।**'

ગુણાતીત એ મહાપુરુષમાં કોઈ આચરણ પણ નથી દેખાતું. તત્ત્વ વિદિત છે, સત્તા નિરાળી છે જ નહીં, તો કોને માટે આચરણ કરે? એમની પાસે અધ્યયન પણ નથી, એમની વાણી જ વેદ છે. જેનામાં નથી

શીલ, નથી ગુણ, નથી આચરણ, એ શૂદ્ર નહીં તો બીજું કોણ હોય? પણ 'માનસ'કાર કહે છે,-ના, એ "**शूद्र न गुन गन ज्ञान प्रवीना**"- તે શૂદ્ર નથી પણ જ્ઞાન-પ્રવીણ છે. હૃદયમાં ઈશ્વરની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ્ઞાન છે. એ સાક્ષાતની સાથે આત્માથી ઓતપ્રોત અને આત્મસ્થિત હોવાને લીધે પ્રવીણ છે. તેઓ ફક્ત શૂદ્ર દેખાય છે, વસ્તુતઃ તેઓ પરમ પૂજ્ય છે. દ્વિજ એક સ્થિતિવિશેષનું નામ છે.

સામાજિક પરિવેશમાં જાતિપ્રથાનું નિર્ધારણ ગમે તે રીતે થતું હોય, પણ ધર્મગ્રંથોમાં બ્રાહ્મણત્વનું નિર્ધારણ જન્મ પ્રમાણે કદી નથી રહ્યું. વસ્તુતઃ જે બ્રહ્મપરાયણ છે, તે ઋષિકુળમાં આવી જાય છે. આરાધનાની પૂર્ણતાના સમયમાં જે બ્રહ્મથી આચ્છાદિત હોય, એ જ પૂર્ણ વિપ્ર છે. એ જ બ્રાહ્મણત્વની પરાકાષ્ઠા છે.

વાલ્મીકિ રામાયણનો પ્રસંગ છે કે એક વાર વિશ્વામિત્રજીની તપસ્યાથી પ્રસન્ન થઈને બ્રહ્માજી આવ્યા, બોલ્યા,-'આપ ઋષિ થયા.' વિશ્વામિત્રજીને આ ઉપાધિ ગમી નહીં. એ પાછા તપસ્યામાં મગ્ન થઈ ગયા દેવતાઓ સાથે બ્રહ્માજી ફરીથી આવ્યા ને બોલ્યા,-'આજથી આપ રાજર્ષિ થયા.' તો પણ એમની તપસ્યા થંભી નહીં. બ્રહ્માએ એમને મહર્ષિની ઉપાધિ આપી. ત્યારે એ બોલ્યા,-'શું તમે મને જિતેન્દ્રિય બ્રહ્મર્ષિ નહીં કહો?' બ્રહ્માએ ઉત્તર આપ્યો,-'હજી આપમાં એ ક્ષમતા નથી.' વિશ્વામિત્ર વળી પાછા તપસ્યા કરવા માંડ્યા. તપસ્યાનો ધુમાડો સ્વર્ગ સુધી પહોંચી ગયો. બ્રહ્મા ફરી પાછા દેવતાઓ સાથે આવ્યા ને બોલ્યા,-'વિશ્વામિત્ર હઠ છોડી દો. આજથી આપ બ્રહ્મર્ષિ થયા.' વિશ્વામિત્રે નિવેદન કર્યું,-'જો હું બ્રહ્મર્ષિ થઈ ગયો હોઉં તો વશિષ્ઠજી આવીને પ્રમાણિત કરે અને વેદ અમારી પસંદગી કરે.'

બ્રહ્માજીએ તથાસ્તુ કહ્યું. વશિષ્ઠજીએ સમર્થન આપ્યું અને વેદ વિશ્વામિત્રજીના હૃદયમાં ઊતરી આવ્યા. વેદ કોઈ પુસ્તક નથી કે અધ્યયનથી આવી જાય. વસ્તુતઃ જે પરમતત્ત્વની આપણને ઝંખના છે, એ આરાધના-સમયમાં વિદિત થઈ જાય, તે જ વેદ છે. ત્યારે એ

મહાપુરુષ જાણે છે કે ઈશ્વર કેમ ચાલે છે, કેમ સાંભળે છે, કેમ રહે છે. **कर बिन कर्म करै विधि नाना।** - તો ભલા કઈ રીતે? એને એ જ વ્યક્તિ જાણે છે, જેના હૃદયમાં વેદ ઊતરી આવ્યા હોય, એ જ વિપ્ર છે. આ કથાથી પણ એ સ્પષ્ટ છે કે બ્રાહ્મણ કોઈ જન્મથી નથી હોતું પણ તપસ્યા દ્વારા કેળવેલી ઉપાધિ છે. ભાગવત, મહાભારત, ભગવાન વાલ્મીકિ તથા ગોસ્વામી તુલસીદાસજી બધાનો નિર્ણય એક છે.

વનવાસી અને વિરહી રામ પાસેથી નારદે પોતાના મનનાં એક શલ્યનું સમાધાન ઈચ્છ્યું કે તમે મને લગ્ન કેમ ન કરવા દીધાં. ભગવાને કહ્યું કે જેમ શિશુની રક્ષા માતા કરે છે, એ જ રીતે હું મારા ભક્તની રક્ષા હંમેશાં કરું છું. નારદજીના મનમાં કુતૂહલ થયું કે મારામાં એ લક્ષણ છે ખરાં કે નહીં? તેથી એમણે પૂછી લીધું કે ભગવન્! જે સંતોની આપ રક્ષા કરો છો એમનાં લક્ષણ કયાં છે? પ્રભુએ કહ્યું,-

सुनि मुनि सन्तन के गुन कहउं। जिन्हते मैं उसके बस रहऊँ।
षट विकार जित अनघ अकामा। अचल अकिंचन सुचि सुख धामा॥

સંત કામ-ક્રોધ-લોભ-મોહ-મદ તથા મત્સર આ છ વિકારો પર વિજય પ્રાપ્ત કરી લે છે. તેઓ પાપરહતિ, કામનાઓ-રહિત, પવિત્ર અને સુખના ધામમાં હોય છે. આ સંદર્ભમાં એમણે કહ્યું,-

विरति विवेक विन विज्ञाना। बोध जथारथ वेद पुराना॥

તેઓ વિરક્ત છે. કોઈને ક્યાંય સંબંધ નથી. તેઓ વિવેકી છે. પોતાના પથનો એમને યથાર્થ બોધ છે. તેઓ સદા ચિંતન-પરાયણ હોય છે.

जप तप व्रत संयम नेमा। गुरु गोविंद विप्र पद प्रेमा॥ ૩-૪૫-૩

જપ-તપ, સંયમ-નિયમ, ગુરુ-ગોવિંદ તથા વિપ્રનાં ચરણોમાં પ્રીતિ વગેરે સંતનાં લક્ષણ છે. વિચારવા જેવું છે કે જે વિરક્ત હોય, ઘરબાર છોડ્યાં, તે કયા વિપ્રનાં ચરણ પૂજશે? કોઈ ગૃહાસક્તનાં? ના; વિશ્વામિત્રની જેમ તપસ્યાની પૂર્ણતાના સમયમાં જેણે બ્રાહ્મણત્વ પ્રાપ્ત

કર્યું હોય, વસ્તુતઃ એવા વિપ્ર જ જગદ્‌ગુરુ છે. એની પાસેથી વિશ્વે કંઈક શીખવા જેવું છે.

રાજ્યાભિષેક પછી ભગવાન રામ એક વાર અમરાઈમાં બેઠા હતા. ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન, હનુમાન વગેરે સેવામાં હતા, ત્યારે એકાએક ચાર ઋષિ દેખાયા. રામ ઊભા થઈ ગયા. પીતામ્બર બિછાવ્યું. જ્યાં સુધી તેઓ ત્યાં રહ્યા, ત્યાં સુધી, સેવકો હોવા છતાંય રામ પોતે એમની સેવામાં રહ્યા. આ જોઈને ભરતજીને કુતૂહલ થયું કે આ સંતવેશથી મા સીતાનું હરણ થયું. આ જ વેશે ભાઈ લક્ષ્મણની હત્યાના પુષ્કળ પ્રયત્ન કર્યા, તો પણ રામ સેવામાં ઊભા છે. ભરતે હનુમાનના માધ્યમથી અનુમતિ લઈને પ્રશ્ન રજૂ કર્યો કે સંતોનો મહિમા વેદ-પુરાણોમાં છે, તમે પણ એમની પ્રશંસા કરી. એ સંતોનાં લક્ષણ કેવાં હોય છે? ભગવાને કહ્યું, 'ભાઈ! સંતોનાં લક્ષણ તો અગણિત છે. તેઓ વિષયોથી વિરક્ત, ગુણ અને ભક્તિના ભંડાર, મદરહિત તથા અજાતશત્રુ હોય છે,-

सम अभूत रिपु विमद विरागी। लोभामरष हरष भय लागी।
शीतलता सरलता मयत्री। द्विज पद प्रीति धरम जनयत्री॥

તેઓ લોભ, અમર્ષ (ક્રોધ), હર્ષ તથા ભયરહિત હોય છે. એમનામાં શીતલતા છે, સરલતા છે, સર્વત્ર મૈત્રીભાવ છે અને દ્વિજનાં ચરણોમાં અતૂટ પ્રીતિ છે. દ્વિજ-પદપ્રીતિ જ ધર્મની જન્મદાત્રી છે. વિચાર કરો, ઘરબાર છોડીને, એકાંત-સેવન કરનાર, પરમ વિરક્ત કયા દ્વિજનાં ચરણ હૃદયમાં ધારણ કરે?

વસ્તુતઃ દ્વિજ એક સ્થિતિ વિશેષ છે. આ સંતની અવસ્થા છે, પરમ સાથે સંયુક્ત મહાપુરુષની અવસ્થા છે. આ જ સંતોને ભૂદેવ, મહીસુર, મહિદેવ વગેરે ઉપાધિઓથી સંબોધિત કરાયા છે. 'માનસ'ના મંગલાચરણમાં ગોસ્વામીજીએ સૌથી પહેલાં મહીસુરનાં ચરણોને વંદન કર્યા છે.

वन्दउँ प्रथम महीसुर चरना। मोह जनित संशय सब हरना॥

સૌથી પહેલાં હું પૃથ્વીના દેવના-વિપ્રનાં ચરણકમળને વંદન કરું છું., જેઓ મોહથી ઉત્પન્ન થતા બધા સંશયોનું અપહરણ કરી લે છે. આ જ છે વિપ્રની પરિભાષા! પણ જે પોતે મોહવશ હોય તે બીજાનો મોહ શું હરે? પોતે જ કાદવમાં ફસાયેલો જીવ બીજાઓને શું બહાર કાઢે? જન્મથી બ્રાહ્મણત્વ નિર્ધારિત કરનાર સમાજના તથાકથિત ઈજારદારો શું મોહજનિત સંશયોનું શમન કરવા સક્ષમ છે? 'માનસ'માં ઘણે સ્થળે મહીસુરને સંતના પર્યાય માન્યા છે. આવા જ સંત (સદ્‌ગુરુ)નું શરણ ને તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું ત્યારે '**वाल्मीकि भये ब्रह्म समाना**' આવા જ દ્વિજની સેવાથી વાલ્મીકિ, નારદ, ઘટયોનિ અગસ્ત્ય, ભરદ્વાજ વગેરે ત્રિકાલગ્ન બ્રહ્મર્ષિ પદ પામ્યા, શરીરથી આ બધા કુલીન નહોતા તો પણ.

વસ્તુતઃ બ્રાહ્મણ, સદ્‌ગુરુ અથવા બ્રહ્મર્ષિ પર્યાયવાચી છે. ક્રિયાત્મક પથ પર ચાલીને બ્રહ્મની અનુભૂતિ કરનાર બ્રાહ્મણ છે. તે ક્રિયા છે, કેવળ એક પરમાત્મામાં નિષ્ઠા. એ પરમાત્માની શોધનું સ્થળ છે કેવળ પોતાનું હૃદય, તથા શોધનું વિધાન છે. કેવળ શ્વાસ દ્વારા પરમાત્માના કોઈ પણ બે-અઢી અક્ષરના નામ, રામ અથવા ૐનો જપ, તથા એ નામના અર્થસ્વરૂપ કોઈ સ્થિતિવાળા મહાપુરુષના (સદ્‌ગુરુના) સ્વરૂપનું ચિંતન અને એમની સેવા. આ ક્રિયા પ્રમાણે ચાલીને આત્મસ્વરૂપમાં સ્થિત થનાર મહાપુરુષ વર્ણથી ઉપર જાય છે, પણ એમને વિપ્ર સિવાય બીજું કહી પણ શું શકાય? માટે જ આ સ્વરૂપસ્થ મહાપુરુષોની ઉપાધિ બ્રાહ્મણ છે.

ગીતામાં બ્રાહ્મણનું સ્વરૂપ

ચાર વેદ, છ શાસ્ત્ર, ભાગવત, મહાભારત વગેરે બધું લિપિબદ્ધ કર્યા પછી ભગવાન વ્યાસને વિચાર કર્યો કે આમાંથી મૂળ શાસ્ત્ર કયું? એમણે પોતાનો સુવિચારિત અભિપ્રાય દર્શાવ્યો કે ગીતા સારી રીતે મનન કરીને હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે, કારણ કે એ પદ્મનાભ ભગવાનના શ્રીમુખે પ્રગટેલી પરમાત્માની વાણી છે. તો અન્ય શાસ્ત્રોના સંગ્રહની શી જરૂર છે? ગીતામાં છે,-

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ।
एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात् कृतकृत्यश्च भारत॥

ગોપનીય કરતાંય અત્યંત ગોપનીય જ્ઞાન મારા દ્વારા કહેવાયું. એ જાણીને તું જ્ઞાનવાન તથા કૃતાર્થ થઈ જઈશ, એટલે આપણું મૂળ શાસ્ત્ર ગીતા છે. બાકીનાં શાસ્ત્ર તો ગીતાની અનુકૃતિ છે. આ ગીતામાં પણ ત્રણ-ચાર જગ્યાએ બ્રાહ્મણત્વ પર પ્રકાશ પાડ્યો છે.

ગીતા અનુસાર બ્રાહ્મણ એક સ્થિતિ છે. ભગવત્-પથમાં ચાર સ્તર છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર. સાધકે ચારે સ્તર પાર કરવા પડે છે. જેણે આ ચિંતનપથમાં પ્રવેશ નથી કર્યો એ શૂદ્ર પણ નથી. યોગેશ્વરે કર્મને ચાર ભાગમાં વહેંચ્યું. જે સાધકનો વર્ણ નક્કી કરે છે. એ કર્મ પરમાત્માના દર્શનની સાધના-પદ્ધતિ છે. આ જ ચિંતનપથનો સર્વોત્તમ સ્તર બ્રાહ્મણ છે.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां व परंतप।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः॥ ૧૮/૪૧ ॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-આ ચારેનાં કર્મ, સ્વભાવથી ઉત્પન્ન તથા ગુણો દ્વારા વિભક્ત કરાયાં છે. સ્વભાવ પરિવર્તનશીલ છે. આજના ઉચ્છૃંખલ સ્વભાવવાળો પણ કાલે સૌમ્ય થઈ શકે છે. વાલ્મીકિ તથા અંગુલિમાલ જેવી વ્યક્તિઓ જીવનમુક્ત મહાપુરુષમાં બદલાઈ ગઈ. ઠીક. ગીતા અનુસાર કર્મ એક જ છે.-વિહિત કર્મ, નિયત કર્મ. એ છે આત્મદર્શન, યોગસાધનાની નિર્ધારિત વિધિ. આ ક્રિયાના આરંભમાં પ્રત્યેક પ્રાણી શૂદ્ર છે. ''**परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम्**'' તે સેવા કરે. દીર્ઘકાળ સુધી સેવાના પરિણામે સાધના સૂક્ષ્મ થવા માંડે છે. ''**कृषि गौरक्ष्य वाणिज्यं वैश्यकर्म स्वभावजम्**'' આત્મિક સંપત્તિ સ્થિર સંપત્તિ છે. એનો સંચય ગોરક્ષા અર્થાત્ ઈન્દ્રિય-સંયમની સાથે થવા માંડે છે. ક્રમશઃ ''**शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम्**'' શૌર્ય, તેજ, પરાક્રમ, ધૈર્ય, ચિંતનમાં દક્ષતા, આસુરી વૃત્તિઓ સાથે યુદ્ધમાં પાછા ન

હઠવાનો સ્વભાવ, સમર્પણ, ઈશ્વરભાવ, બધા જીવો પર સ્વામીભાવ વગેરે ''**क्षात्रकर्म स्वभावजम्**'' ક્ષત્રિય શ્રેણિનાં સ્વભાવજન્ય કર્મ છે. જ્યારે સાધના વધુ સૂક્ષ્મ થાય ત્યારે એ કર્તા બ્રાહ્મણ શ્રેણિનો થઈ જાય છે.

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।
ज्ञानं निज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्॥ ૧૮/૪૨ ॥

શમ, દમ, યમ, નિયમ, તપ, શુદ્ધતા, ઈશ્વર પ્રદત્ત જાણકારી અર્થાત્ વિજ્ઞાન, એ માર્ગે ચાલવાની ક્ષમતા,-આ બ્રાહ્મણોના સ્વભાવથી ઉત્પન્ન થતાં કર્મ છે, આ દક્ષતા સ્વભાવથી ઊતરી જાય ત્યારે તે બ્રાહ્મણ છે. બ્રહ્મમાં પ્રવેશ અપાવનારા આ નવ ગુણ જેનામાં સ્વભાવથી જ કાર્યરત હોય, તે બ્રાહ્મણશ્રેણિનો કર્તા છે. બ્રહ્મમાં પ્રવેશ અને સ્થિતિની સાથે જ તે કોઈ શ્રેણિના કર્મનો કર્તા નથી રહેતો. જેને પામવો હતો, પામી લીધો. જ્યારે આગળ કોઈ સત્તા નથી તો ક્રિયા કરીને હવે કોને શોધે? આદિ શંકરાચાર્ય આ જ સ્તર પર પહોંચીને બોલી ઊઠે છે,-'**न ब्राह्मण न क्षत्रिय न वैश्यो न शूद्राश्चिदानन्द रूपो शिवो केवलोऽहम्**'-હવે હું શૂદ્ર નથી, નથી વૈશ્ય, નથી ક્ષત્રિય, નથી બ્રાહ્મણ. ચિત્ત પરમ આનંદ સ્વરૂપમય છે. હું કૈવલ્યધામ, કલ્યાણસ્વરૂપ શિવ માત્ર શેષ છું. આ અવસ્થા બધાને મળી શકે.

અર્જુન શ્રત્રિય-શ્રેણિનો હતો. યોગેશ્વર શ્રીકૃષ્ણે એને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી,-

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन।
निर्द्वन्द्वो नित्यसत्त्वमस्थो निर्योगक्षेम आत्मवान्॥ ૨/૪૫ ॥

અર્જુન! વેદ ત્રણ ગુણો સુધી જ પ્રકાશ આપી શકે છે. એથી આગળના હાલ તે નથી જાણતા. માટે તું ત્રણે ગુણોથી પર થા! આગળ વધવાની વિધિ દર્શાવે છે કે '**निर्द्वन्द्व**' સુખદુ:ખનાં દ્વંદ્વોથી રહિત, નિત્ય સત્ય વસ્તુમાં સ્થિત, યોગક્ષેમને ન ઈચ્છનાર, આત્મપરાયણ થા.

આપણે જ આગળ વધીશું કે કોઈ વધ્યું પણ છે? આગળ વધીશું તો ક્યાં પહોંચશું? આ વિશે કહે છે કે જે વેદ અને ગુણોથી આગળ વધે છે તે બ્રાહ્મણ છે,-

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः॥ २/४६ ॥

બધી બાજુથી પરપૂર્ણ જળાશય પ્રાપ્ત થઈ જાય પછી મનુષ્યને નાના જળાશયનું જેટલું પ્રયોજન બાકી રહે, એટલું જ પ્રયોજન સારી રીતે બ્રહ્મને જાણનાર બ્રાહ્મણને વેદોનું રહે છે. અર્થાત્ જે વેદોથી ઉપર જાય છે, બ્રહ્મને જાણે છે, એ જ બ્રાહ્મણ છે. શ્રીકૃષ્ણ કહે છે,-'અર્જુન! તું બ્રહ્મને જાણ, બ્રાહ્મણ બન.' તો પૂર્ણ જાણકારી સાથે બ્રાહ્મણત્વ મળનારી એક સ્થિતિ છે. ક્ષત્રિયશ્રેણિનો અર્જુન એનો અધિકારી છે. વાસ્તવમાં અનુરાગ જ અર્જુન છે. જે ઘટના અનુરાગ હશે, એ મેળવશે અને આ રીતે બધા સાચા રૂપમાં આ પથના અધિકારી છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ અત્યંત દુરાચારીને પણ સારી રીતે કલ્યાણનો ઉપદેશ આપે છે-ગીતા ૯/૩૦.

આ યૌગિક આત્મદર્શન બ્રહ્મદર્શનની ક્રિયાને યોગેશ્વર શ્રીકૃષ્ણ કર્મ કહે છે. કર્મ શું છે, અકર્મ શું છે, વિકર્મને પણ બરાબર સમજી લેવું જોઈએ. આ જ સંદર્ભમાં એના અનુષ્ઠાનની રીત કહી,-

यस्य सर्वे समारम्भाः काम संकल्प वर्जिता।
ज्ञानाग्नि दग्ध कर्माणं तमाहुः पण्डितं बुधा॥

અર્જુન! ''**यस्य सर्व समारम्भाः**'' જે પુરુષ દ્વારા સંપૂર્ણતાથી આરંભ કરેલી ક્રિયા ક્રમશઃ ઉત્થાન થતાંથતાં એટલી સૂક્ષ્મ થઈ ગઈ કે કામના અને મનના સંકલ્પ-વિકલ્પથી પર થઈ જાય, (સંકલ્પોના ચડાવ-ઉતાર મન પર છે, જ્યારે એનું કેન્દ્ર મન જ સમાપ્ત થઈ જાય) ત્યારે ''**ज्ञानाग्नि दग्ध कर्माणं**''-જેને જાણતો નહોતો અને જાણવા માગતો હતો એની જાણકારી થઈ જાય છે. એ પ્રત્યક્ષ જાણકારીનું નામ જ્ઞાન છે. એ

જ્ઞાનના અગ્નિમાં કર્મ હમેશને માટે બળી જાય છે. આવી સ્થિતિનવાળાને બોધસ્વરૂપ મહાપુરષોએ પંડિત કહીને સંબોધિત કર્યા છે. તે પૂર્ણ જ્ઞાતા છે માટે જ પંડિત છે. એ પંડિતનું વર્તન કેવું હોય છે?

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः॥ ५/१८ ॥

જ્ઞાન દ્વારા જેમનું પાપશમન થઈ ગયું છે એવા જ્ઞાનીજન વિદ્યા-વિનયયુક્ત બ્રાહ્મણ તથા ચાંડાલ તરફ, ગાય, હાથી અને કૂતરા તરફ સમાન દૃષ્ટિવાળા હોય છે. એમની દૃષ્ટિએ વિદ્યા વિનયયુક્ત બ્રાહ્મણ ન તો કોઈ વિશેષતા ધરાવે છે, ન ચાંડાલ કોઈ હીનતા ધરાવે છે. નથી ગાય ધર્મ અને નથી કૂતરો અધર્મ. એમની દૃષ્ટિ શરીર પર નહીં પણ હૃદયસ્થિત આત્મા પર પડે છે. અંતર એટલુ છે કે કોઈ પરમાત્માની વધુ નિકટ છે, તો કોઈ થોડા દૂર, પણ છે બધા એ જ પદની આશા રાખનારા. જે વિપ્રોનાં ચરણોની પૂજા ભગવાન રામે કહી, એ સર્વજ્ઞ વિપ્રોનું આ જ સ્વરૂપ છે.

ભગવાન મહાવીર

ભક્તિપથમાં પ્રવેશ સાથે જ જીવનો જે ક્રમોન્નત વિકાસ છે, તેનું જ નામ વર્ણ છે. જે આકૃતિ પ્રગટીને સામે આવે છે એનું જ ચિત્રણ દરેક મહાપુરુષની વાણીમાં મળે છે. તેથી અઢી હજાર વર્ષ કરતાંય વધુ સમય પહેલાં મહાવીરે પણ એ જ સત્યને ઉદ્‌ઘોષિત કર્યું, જે અતિ પૂર્વકાળમાં વૈદિક ઋષિઓએ, વાલ્મીકિ, વ્યાસ વગેરે મહાપુરુષોએ કર્યું. જે ગીતાનો ઉદ્‌ઘોષ છે, ભાગવતનો જે નિર્ણય છે. બરાબર એ જ અનુભૂતિ ભગવાન મહાવીરને તપસ્યા દ્વારા પ્રાપ્ત થઈ. બ્રાહ્મણના સ્વરૂપના સંબંધમાં એમના વિચાર અક્ષરશઃ એ જ છે જે એમના પૂર્વપુરુષ ભગવાન ઋષભ, ભગવાન શ્રીકૃષ્ણના હતા. 'ઉત્તરાધ્યયન'ના 'યજ્ઞીય સૂત્ર'માં પોતાના પ્રિય શિષ્ય ગૌતમની અનેક શંકાઓનું સમાધાન કરતાં કહ્યું,-

૧) પ્રિય સ્વજન વગેરેના આવવાથી જે આસક્ત નથી થતો અને

જવાથી શોક નથી કરતો, જે આર્ય-વચન અર્હત વાણીમાં રમણ કરે છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨) રાગ, દ્વેષ અને ભયથી જે મુક્ત છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૩) દેવ, મનુષ્ય અને તિર્યક સંબંધી મૈથુનનું મન-વચન-કર્મથી જે સેવન નથી કરતો, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૪) જે રીતે જળમાં ઉત્પન્ન થયેલું કમળ જળસિક્ત થતું નથી, એ જ રીતે જે કર્મભોગોથી અલિપ્ત રહે છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૫) રસાદિમાં જે લોલુપ નથી, જે નિર્દોષ ભિક્ષાથી જીવનનિર્વાહ ચલાવે છે, જે ગૃહત્યાગી છે, જે અકિંચન છે, ગૃહસ્થોમાં અનાસક્ત છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૬) સ્વજાતિના આસક્તિ તથા બાંધવોને છોડ્યા પછી જે ફરીથી એમનામાં આસક્ત નથી થતો, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૭) કર્મથી બ્રાહ્મણ થાય છે, કર્મથી ક્ષત્રિય થાય છે, કર્મથી વૈશ્ય થાય છે તથા કર્મથી જ શૂદ્ર થાય છે.

૮) પૂજનીય મહારાપુરુષે આ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે, એમના દ્વારા જે સાધક પૂર્ણ થાય છે, કર્મોથી મુક્ત થાય છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯) પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવા જે સમર્થ છે, એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૧૦) સદ્ચરિત્રથી જ સાચો બ્રાહ્મણ બને છે, જાતિથી કોઈ માણસ બ્રાહ્મણ નથી હોતો, જાતિથી ક્ષત્રિય નથી, વૈશ્ય નથી, શૂદ્ર નથી.

આ રીતે ભગવાન મહાવીરની વાણી પૂર્વ મહાપુરુષોના પદચિહ્નોનું

માત્ર અનુસરણ તથા ગીતાનો અનુવાદ છે. રાજકુમાર તથા વિજ્ઞ વિદ્વાન હોવા છતાં જનતાને માટે અર્ધમાગધી ભાષાનો પ્રયોગ કર્યો. અંતર કેવળ ભાષાનું છે, ભાવનું નહીં. તેથી બધાએ આત્મદર્શન માટે સક્રિય થવું જોઈએ.

ભગવાન બુદ્ધ

મહાવીર સ્વામીના સમકાલીન મહામાનવ ગૌતમ બુદ્ધની મહિમાનો એટલો પ્રચાર થયો કે અર્ધું વિશ્વ એમનું અનુયાયી થઈ ગયું. એ રાજકુમાર હતા, વિદ્વાન હતા, તો પણ એમણે બોલચાલની પ્રાદેશિક ભાષા પાલીનો ઉપયોગ પોતાના ઉપદેશોમાં કર્યો. એ મહાપુરુષોએ એ જ નિર્ણય આપ્યો, જે ભાગવતમાં છે, જે ગીતાનો છે, ઉપનિષદનો છે, પરંપરાગત મહાપુરુષોનો છે. અશ્વઘોષના બુદ્ધચરિતમાં એમની ઉક્તિ છે કે ચાળીસ ઉપવાસ પછી રાત્રિના ચોથા પ્રહરમાં મેં એ અવિનાશી પદ પ્રાપ્ત કર્યું, જે મારી પહેલાંના ઋષિઓએ પ્રાપ્ત કયુ હતું. મેં સર્વજ્ઞતા પ્રાપ્ત કરી. બરાબર આ જ ગીતામાં છે કે આત્મા જ અવિનાશી છે, એ જ સર્વજ્ઞ છે. અમે એ સર્વજ્ઞ-પદ પ્રાપ્ત કર્યું. એ અવિનાશી પદ પ્રાપ્ત કર્યું, જે મારી પહેલાંના ઋષિઓએ પ્રાપ્ત કર્યું હતું. ગૌતમનીં પહેલાં શું બૌદ્ધ ધર્મ હતો? તો ગૌતમની પહેલાંના ઋષિ કોણ હતા? એ જ જે આપણા હતા, એ જ રામ, એ જ કૃષ્ણ, એ જ વૈદિક મનીષીઓ! એમનાથી જુદું ગૌતમ પાસે કાંઈ પણ નથી. ઈશ્વર એક, પ્રાપ્ત કરવાની વિધિ એક, અનુભૂતિ એક, તો બીજું કોઈ કહે પણ શું? આંતરિક યોગ્યતાને બદલે સમાજમાં જન્મથી વર્ણના નિર્ધારણની ફાલી રહેલી પ્રવૃત્તિ પર સખત પ્રહાર એમના ઉપદેશોમાં છે.

મજ્ઝિમ નિકાયના વાસેટ્ઠ સુત્ત (૨.૫.૮)માં કથા છે કે એક વાર વશિષ્ઠ અને ભારદ્વાજ એ બે વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા થઈ કે બ્રાહ્મણ કેવો હોય છે. એક જન્મથી તો બીજો કર્મથી બ્રાહ્મણ હોવાનું પ્રતિપાદિત કરતો હતો. જ્યારે બંને એકબીજાને સમજાવી ન શક્યા ત્યારે નિર્ણય

માટે ભગવાન બુદ્ધ પાસે ગયા. ભગવાને કહ્યું કે જે રીતે કીટ-પતંગ વગેરે જીવજંતુઓ નાનાં-મોટાં ચોપગાં, પેટ ઘસડીને ચાલતાં પ્રાણીઓ, જળચરો, ખેચરો વગેરે જીવોની જુદી જુદી જાતિઓ છે, એવો ભેદ માણસ-માણસ વચ્ચે નથી. નથી વાળમાં, નથી માથામાં, નથી કાનમાં, નથી આંખમાં, નથી મોઢામાં, નથી નાકમાં, નથી પીઠમાં, નથી પેટમાં, નથી ગોપ્ય સ્થાનમાં, નથી મૈથુન વગેરેમાં પણ જાતિનું કોઈ નિરાળું ચિહ્ન. મનુષ્યોમાં જેઓ ગોરક્ષાથી જીવિકા કરતા હોય, વશિષ્ઠ! એ લોકોને કૃષક માનો, બ્રાહ્મણ નહીં. મનુષ્યોમાં જેઓ પુરોહિતીથી જીવો છે, એને યાચક માનો, બ્રાહ્મણ નહીં. માતા અને યોનિમાંથી ઉત્પન્ન થવાને કારણે હું બ્રાહ્મણ નથી કહેતો. હું બ્રાહ્મણ એને કહું છું જે અપરિગ્રહી હોય, કમળના પાંદડા પર જળ અને આરની અણી પર સરસવની જેમ જે ભોગથી લિપ્ત નથી થતો, ભોગયુક્ત નથી થતો તેને બ્રાહ્મણ કહું છું. તપ, બ્રહ્મચર્ય, સંયમ અને દમથી બ્રાહ્મણ બને છે.

ગુરુ નાનક

ગુરુ નાનક પોતાના સમયના આવા જ સર્વોપરી મહાપુરુષ હતા. સ્થિતિ મળ્યા પછી એમને મક્કા-મદીના સુધીની યાત્રા કરી. ભાઈ મરદાના વગેરે અનેક મુસલમાન એમના શિષ્યો હતા. એમનું કથન છે,-''**एक नरु ते सब उपज्या है, कौन भला को मन्दा**'' માટે તેઓ માનવમાત્રમાં ભેદભાવ નહોતા માનતા. એમનો વિચાર હતો કે ''**बन्दे एक खुदाय के हिंदू मुसलमान। झगडा राम रहीम करि लड़दे बेईमान**'' સર્વવ્યાપી પરમાત્મા રામના એ અનન્ય ભક્ત હતા. એમની વાણી છે,-''**राम नाम उर में गयो, ताके सम नहीं कोय। जा सुमिरत संकट कटै, दरस तिहारो होय॥**'' જેના હૃદયમાં રામનામ ઊતરી જાય, એના જેવું કોઈ નથી. આજ રામનામના સ્મરણથી પ્રભુ આપને દર્શન દે છે. એમણે એ જ ઉપદેશ આપ્યો કે જે બધા ઋષિઓએ આપ્યો છે, જે સદ્‌ગુરુનો બોધ છે, શિખામણ છે, તો પણ લોકો રસ્તો ભુલાવવામાં પડ્યા છે કે શીખ જુદો ધર્મ છે. બ્રાહ્મણ વિશે ગુરુ નાનકે કહ્યું, ''**योग शब्द गियान शब्द**

ते ब्राह्मण'' જ્ઞાન શબ્દ. યોગ શબ્દનો મર્મ જે જાણે છે તે બ્રાહ્મણ છે. જે યોગની વિધિ જાણે છે તે બ્રાહ્મણ છે. જાણીને આચરણ કરે છે તે બ્રાહ્મણ છે. બ્રાહ્મણ યોગપથની અવસ્થા છે. બરાબર આવો જ નિર્ણય, ''**शमः दमः तपः शौचः**'' વગેરે ગીતાનો નિર્ણય છે.

આરાધના દ્વારા પ્રાપ્ત યોગ્યતાઓની નકલમાં જન્મ દ્વારા નિર્ધારિત સામાજિક જ્ઞાતિ-જાતિને ધર્મ માની લેવાનો મોહ કંઈક અંશે શ્રીકૃષ્ણના સમયમાં પણ હતો. યુદ્ધના મેદાનમાં પોતાનાં સ્વજનોને જોઈને અર્જુન ધૂજવા માંડ્યો. યુદ્ધથી વિરક્ત થવા માટે તે ધર્મને આગળ કરવા માંડ્યો કે ''**कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः।**'' (૧/૪૦). ભગવન્! કુળધર્મ સનાતન ધર્મ છે. ''**उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वता।**'' (૧/૪૩). જાતિધર્મ એ જ શાશ્વત છે. અર્જુને કુળક્ષય, પિંડોદક ક્રિયાને લોપ, વર્ણસંકર વગેરે ચાર-પાંચ આશંકાઓ રજૂ કરી, જેમાં એણે જાતિનું નામ પણ લીધું, કે જાતિ ધર્મ છે. આ સાંભળી શ્રીકૃષ્ણે હસીને કહ્યું કે,-''**कुलस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्**'' આ વિષમ સ્થળે આ અજ્ઞાન તારામાં ક્યાંથી ઉત્પન્ન થયું? જે કાંઈ અર્જુને કહ્યું હતું, એને ભગવાને અજ્ઞાન ઠરાવ્યું. અર્થાત્ જાતિનો મોહ પણ ધર્મ નથી, અજ્ઞાન છે. એ પછી ભગવાને ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા આપી (જેને માટે જુઓ 'યથાર્થ ગીતા').

સંક્ષેપમાં ગીતા (૨/૧૬-૨૯)માં યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્નો ક્યારેય અભાવ નથી. પરમાત્મા જ સત્ય છે. અજર-અમર-અપરિવર્તનીય અને સનાતન છે; પણ એ પરમાત્મા અચિન્ત્ય અને અગોચર છે, ચિત્તના તરંગોથી પર છે. ચિત્તનો નિરોધ કરીને એ પરમાત્માને પામવાની વિધિ-વિશેષનું નામ યજ્ઞ છે. યજ્ઞ યોગસાધનાની વિધિ છે. આ યજ્ઞને ચરિતાર્થ કરવો, કાર્યરૂપ આપવું એ જ કર્મ છે, જવાબદારી છે. એને સારી રીતે આચરણમાં મૂકવું એ જ તમારો ધર્મ છે. આ જ કર્મની વિશેષતાઓ પર પ્રકાશ નાખતા યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું,-

नेहाभिक्रम नाशोऽस्ति प्रत्यवायो न विद्यते।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्॥ ૨/૪૦ ॥

અર્જુન! આ કર્મયોગમાં આરંભનો નાશ નથી. આ કર્મરૂપી ધર્મની થોડીક સાધના પણ જન્મ-મૃત્યુના મહાન લયથી ઉદ્ધાર કરનાર હોય છે. અર્થાત્ આ કર્મને કાર્યરૂપ આપવું એ જ ધર્મ છે.

આ નિયત-કર્મ (સાધના-પથ)ને સાધકના સ્વભાવમાં ઉપલબ્ધ ક્ષમતા અનુસાર ચાર ભાગમાં વહેંચ્યું છે. કર્મને સમજીને મનુષ્ય જ્યારથી આરંભ કરે છે, ત્યારથી એ આરંભિક અવસ્થામાં તે શૂદ્ર છે. ક્રમશઃ વિધિ પકડમાં આવે તો એ જ વૈશ્ય છે, પ્રકૃતિના સંઘર્ષને સહેવાની ક્ષમતા અને શૌર્ય આવવાથી એ જ વ્યક્તિ ક્ષત્રિય છે એ બ્રહ્મ સાથે તદ્રૂપ થવાની ક્ષમતા, જ્ઞાન (વાસ્તવિક જાણકારી), વિજ્ઞાન ઈશ્વરીય વાણીનું મળવું, એ અસ્તિત્વ પર નિર્ભર કરવાની ક્ષમતા, આવી યોગ્યતા પ્રાપ્ત થતાં એ જ બ્રાહ્મણ છે. માટે યોગેશ્વર શ્રીકૃષ્ણ (ગીતા, અધ્યાય ૧૮/૪૬-૪૭માં) શ્રીકૃષ્ણ કહે છે કે સ્વભાવમાં રહેલી ક્ષમતા અનુસાર કર્મમાં લાગી જવું એ સ્વધર્મ છે. હલકો હોવા છતાં સ્વભાવથી ઉપલબ્ધ સ્વધર્મ શ્રેયતર છે અને ક્ષમતા પ્રાપ્ત કર્યા વગર બીજાના ઉન્નત કર્મનું અનુસરણ પણ હાનિકારક છે. સ્વધર્મમાં મરવું પણ શ્રેયસ્કર છે, કારણ કે વસ્ત્ર બદલવાથી બદલનાર તો બદલાઈ નથી જતો. એની સાધનાનો ક્રમ ત્યાંથી જ ફરીથી આરંભ પામી જશે, જ્યાંથી છૂટ્યો હતો. ક્રમાનુસાર સોપાન ચડીને તે પરમ સિદ્ધિ અવિનાશી પદ પ્રાપ્ત કરી લેશે.

આની પર ફરી ભાર મૂકે છે કે જે પરમાત્માથી બધાં પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, સ્વભાવથી ઉત્પન્ન થયેલી ક્ષમતા અનુસાર એને સારી રીતે પૂજીને મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અર્થાત્, નિશ્ચિત વિધિથી એક પરમાત્માનું ચિંતન જ ધર્મ છે. (૧૮/૪૬).

ધર્મમાં પ્રવેશ કોને મળે? એ કરવાનો અધિકાર કોને છે? એ સ્પષ્ટ કરતાં યોગેશ્વરે કહ્યું,-

अपि चेत्सदुराचारो भजते मामन्यभाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः॥ ૯/૩૦ ॥

અર્જુન! અત્યંત દુરાચારી પણ જો અનન્ય ભાવથી મને ભજે (અનન્ય અર્થાત્ અન્ય ન), મને છોડીને અન્ય કોઈને પણ ન ભજીને કેવળ મને ભજે તો '**क्षिप्रं भवति धर्मात्मा**' તે તરત ધર્માત્મા થઈ જાય છે. એનો આત્મા ધર્મ સાથે સંયુક્ત થઈ જાય છે. તેથી શ્રીકૃષ્ણ અનુસાર,-ધર્માત્મા એ છે, જે એક પરમાત્માને અનન્ય નિષ્ઠાથી ભજતો હોય. ધર્માત્મા એ છે, જે એક પરમાત્માની પ્રાપ્તિ માટે નિયત કર્મનું આચરણ કરતો હોય. ધર્માત્મા એ છે જે સ્વભાવથી નિયત ક્ષમતા અનુસાર પરમાત્માની શોધમાં સંલગ્ન હોય.

અંતે નિર્ણય દર્શાવે છે કે ''**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज**'' બધા ધર્મની ચિંતા છોડીને એક મારા શરણમાં આવી જા. માટે એક પરમાત્મા પ્રત્યે સમર્પિત વ્યક્તિ જ ધાર્મિક છે. એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિત કરવી એ જ ધર્મ છે. એ એક પરમાત્માની પ્રાપ્તિની નિશ્ચિત ક્રિયા કરવી એ ધર્મ છે. આ સ્થિતિ પ્રાપ્ત કરનાર મહાપુરુષો, આત્મતૃપ્ત મહાપુરુષોનો સિદ્ધાંત જ સૃષ્ટિમાં એકમાત્ર ધર્મ છે. એમને શરણે જવું જોઈએ. એ મહાપુરુષોએ કેવી રીતે પરમાત્માને પ્રાપ્ત કર્યા? કયા માર્ગે ચાલ્યા? એ માર્ગ સદાય એક જ છે. એ માર્ગે ચાલવું એ ધર્મ છે.

ધર્મ મનુષ્યના આચરણની વસ્તુ છે. તે આચરણ કેવળ એક છે,- ''**व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन**'' (૨/૪૧). આ કર્મયોગમાં નિશ્ચયાત્મક ક્રિયા એક જ છે-ઈન્દ્રિયોની ચેષ્ટા અને મનના વ્યાપારને સંયમિત કરીને આત્મામાં (પરાત્પર બ્રહ્મમાં) પ્રવાહિત કરવા (૪/૨૭).

ગીતા અનુસાર ધર્મની સાચી વ્યાખ્યાને માન્યતા અપાય તો એ પ્રમાણે વિભિન્ન જાતિઓ ફૂલશે-ફાલશે, વિકાસ પામશે. પૂર્વજોએ કોઈ ગૌરવ પ્રાપ્ત કર્યું, કોઈ પદક મેળવ્યા, એ સન્માન જ તો આ જાતિઓ

છે. પૂર્વજોએ પ્રાપ્ત કરેલા સન્માનનો ત્યાગ કરવાની જરૂર નથી, એ વંશ-મર્યાદાની રક્ષા પણ કરવામાં આવે; પણ એને શાશ્વત-સનાતન ન કહીએ. શાશ્વત-સનાતન તો એને જ કહીએ જેને ભગવાને કહ્યું, પૂર્વ મહાપુરુષોએ પ્રાપ્ત કર્યું. એને સમજવા માટે કોઈ તત્ત્વદર્શી મહાપુરુષના શરણે જઈએ.

॥ બોલો સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

આર્ય

સન્માર્ગ પર જે દૃઢતાપૂર્વક આરૂઢ છે, તે આર્ય છે.

- ગીતા

ભાગ ૧: ‘જીવનાદર્શ અને આત્માનુભૂતિ’ જુઓ

ભાગ ૨: પ્રસ્તુત લેખ

આર્ય

ભારતવર્ષને અતિપ્રાચીન વૈદિક યુગથી જ આર્યાવર્ત કહેવડાવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે, જેનો અર્થ છે આર્યોનું નિવાસસ્થાન! એક ઈશ્વર પ્રત્યે આસ્થાવાન અને એની પ્રાપ્તિની નિયત ક્રિયાનું આચરણ કરનાર આર્ય કહેવાતા હતા, જેમની અધિકતા આ પુણ્યભૂમિમાં હતી. ધાર્મિક અનુષ્ઠાનોના સંકલ્પ કરતી વખતે ''**जम्बूद्वीपे भरतखण्डे आर्यावर्तिक क्षेत्रान्तर्गते**'' કહીને આ વ્રતના સ્મરણની પરંપરા હતી, પણ ભારતમાં પ્રવેશ કરનારી યુરોપીય જાતિઓએ 'ફાટફૂટ કરો ને રાજ્ય કરો'ની યોજના હેઠળ આ ભ્રમ પેદા કરવાનો પ્રયત્ન કર્યો કે ગોરા રંગની એ પ્રજાતિ 'આર્ય' એ વિદેશીઓની જેમ જ ભારતમાં આવી, જેણે અહીંના મૂળ નિવાસી કાળા દ્રવિડોને દક્ષિણ ભારત તરફ હડસેલી દીધા. આ જ વિચારધારાનો વિકાસ કરીને કેટલાક એટલે સુધી કહેવા માંડ્યા કે બ્રાહ્મણ, ક્ષત્રિય, કાયસ્થ (સવર્ણ જાતિઓ) આર્ય છે, જે બહારથી આવ્યા છે, માટે એમણે હવે દેશ છોડીને ચાલ્યા જવું જોઈએ. અહીંના મૂળ નિવાસી તો ચમાર વગેરે દલિત અને પછાત જાતિઓ છે. આવા ઝેરી વાતાવરણમાં વિચારવા જેવું છે કે આર્ય કોણ છે? આર્યત્વનું નિર્ધારણ કેવી રીતે થાય છે?

અત્યારે સમગ્ર ભારતમાં આ પ્રશ્ન સંદર્ભે ગૂંચવણ છે કે ભારતમાં આર્ય ક્યાંથી આવ્યા? વાસ્તવિકતા તો એ છે કે આર્યત્વ નથી ક્યાંયથી આવતું કે નથી જતું. આર્ય તમારામાંથી જ કોઈક થઈ જાય છે. વિચારવાનું તો એ છે કે અંગ્રેજો ભારત આવ્યા તો એમણે જ આ પ્રશ્ન ઊભો કર્યો. આ પહેલાં મોગલ, તુર્ક અથવા રાજપુત યુગમાં આવા પ્રશ્નની કલ્પનાય નહોતી. તે સમયના કોઈ પણ ઈતિહાસકારે આવો પ્રશ્ન નથી ઊભો કર્યો કે આર્ય ક્યાંક બહારથી ભારતમાં આવ્યા.

લૉર્ડ મેકોલેની પ્રસિદ્ધ ઉક્તિ છે કે કોઈ દેશ કે જાતિને હંમેશ માટે ગુલામ રાખવા હોય તો એની ભાષા, એનો ઈતિહાસ, એની સંસ્કૃતિ

નષ્ટ કરી દેવી જોઈએ. આ જ માનસિકતાની પરિણિતિ આ પ્રશ્ન છે કે આર્ય ક્યાંથી આવ્યા? આ કુત્સિત યોજનાનો સૂત્રપાત ઈટાલિયન વેપારી ફિલિપ્સોએ કર્યો, જેણે સન ૧૫૮૩થી ૧૫૮૮ સુધી ભારતમાં પોતાના પાંચ વર્ષના નિવાસ પછી પહેલી વાર ઘોષણા કરી કે ભારતની પ્રાચીન ભાષા સંસ્કૃત તથા યુરોપની કેટલીક મુખ્ય ભાષાઓ ચોક્કસપણે સંબંધિત છે અને આ સંબંધનું કારણ એમનું એક ઉદ્‌ગમસ્થાન છે. અર્થાત્ આર્યોના પૂર્વજો પણ યુરોપથી જ આવ્યા હતા. મૂલતઃ બંને એક જ વંશના છે.

સંગઠિતરૂપે આ વિચારધારાને ગતિ આપી સર વિલિયમ જોન્સે, જેમણે સન ૧૭૮૪માં બંગાળની એશિયાટિક સોસાયટીની સ્થાપના કરાઈ ત્યારે સંકેત કર્યો હતો કે ગ્રીક, લૅટિન, ગોથિક, સંસ્કૃત અને ફારસી ભાષાઓનું-જેમને વિદ્વાનોએ ઈન્ડો-યુરોપિયન કે ઈન્ડો-જર્મન ભાષાકુળ નામ આપ્યું-મૂળ સ્થાન એક છે. આ ઉદ્‌બોધને વિદ્વાનોએ એક નવી દિશા આપી. પરિણામે પ્રજાતિયતાના નિર્ધારણમાં ભાષા એક મહત્ત્વપૂર્ણ સાધન બની ગઈ. પ્રસિદ્ધ જર્મન વિદ્વાન મેક્સમૂલર, જેઓ સન ૧૮૫૦માં ઑક્સફોર્ડ યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાનના પ્રાધ્યાપક નિમાયા હતા, એમણે કહ્યું કે આર્ય શબ્દ પ્રજાતિનો બોધક નથી, પણ માત્ર ભાષાસૂચક છે અને જ્યારે આપણે પ્રજાતિરૂપે આર્ય શબ્દનો ઉપયોગ કરીએ છીએ ત્યારે એનો અર્થ એ પ્રજાતિ જે આર્યભાષા-ભાષી છે.

ડૉ ગાઈલ્સનો મત હતો કે આર્યોનું આદિ નિવાસસ્થાન ઑસ્ટ્રિયા-હંગરીનું મેદાન કે ડેન્યૂબ નદીની ખીણો હશે, કારણ કે આર્ય લોકો અશ્વ, ગાય, ઘેટાં-બકરાં વગેરે પાળતા હતા અને ખેતી કરતા હતા. ત્યાં પશુઓને ચરાવવા તથા ખેતીયોગ્ય જમીન હતી. આ જ સગવડોને આધારે પાર્કિન મહોદયે રશિયાના દક્ષિણ નજીકનાં મેદાનો આર્યોની આદિભૂમિ હોવાની સંભાવના વ્યક્ત કરી, તો કેટલાક વિદ્વાનોએ આ જ આધાર પર પોલૅન્ડ અને કેસ્પિયન સાગર વચ્ચે આર્યોના આદિ નિવાસ રેખાંકિત કરવાનો પ્રયાસ કર્યો.

એડવર્ડ મેયરનો અભિપ્રાય છે કે આર્યોનું મૂળ નિવાસસ્થાન કાકેશસ પર્વત કે પામીરના ઉચ્ચ પ્રદેશ પાસે હશે, કારણ કે આ જ ક્ષેત્રના એલ અમર્ના નામના સ્થળનું ખોદકામ કરતાં એક રથ મળ્યો, જે આર્યોનો કહેવાય છે, જેની ધુરા પર ભોજપત્ર બાંધેલું છે, જે કાકેશસ પર્વત પર જ મળે છે. માટે આર્યો પહેલાં અહીં જ રહેતા હતા.

તુર્કતાનના કોઈ 'બોગાજ કોઈ' નામના સ્થળે ઉત્ખનનના કેટલાક શિલાલેખ પ્રાપ્ત થયા, જેમાં વરૂણ, મિત્ર, ઈન્દ્ર દેવતાઓનાં નામ તથા એક, તેર, પંજ, સત્ત વગેરે સંખ્યાઓ કોતરેલી છે. દેવતાઓનાં મળતાં આવતાં નામોથી મોક્ષમૂલર (મેક્સમૂલર) મહોદયે આર્યોનું નિવાસસ્થાન મધ્ય એશિયા હોવાની સંભાવના દર્શાવી.

કેટલાક વિદ્વાનોનો મત છે કે સોનેરી વાળ ભારોપીય જાતિની વિશેષતા હતી, જેમનું સ્થાન જર્મન પ્રદેશ રહ્યું હશે. યુનાની દેવતા એપોલોના વાળ સોનેરી દર્શાવાયા છે. રોમન શાસકોના વાળ ભૂખરા હતા. પ્રસિદ્ધ યોગપ્રણેતા વ્યાકરણાચાર્ય મહર્ષિ પતંજલિ અનુસાર ભારતના બ્રાહ્મણોના વાળ સોનેરી ભૂખરા હતા, તેથી જર્મનીને આર્યોનું મૂળ માનવું યોગ્ય ગણાશે.

પ્રજાતિરૂપે આર્યોના મૂળ નિવાસસ્થાનના શોધકો અનુસાર આર્યોએ વાયુ, સૂર્ય, વિદ્યુત, ચન્દ્રમા, અગ્નિ વગેરે પ્રાકૃતિક શક્તિઓને વિચિત્ર કાર્ય કરતી જોઈને ભયથી એમને દેવતા માની લીધા. આ જ કારણ છે કે ભારતમાં દેવતા અધિક છે. સિંધુ સભ્યતાના પ્રણેતા અનાર્ય હતા, જેઓ સિંધુખીણના મૂળ નિવાસી હતા. આર્યો અને અનાર્યોના દીર્ઘકાલીન સહવાસના પરિણામે બંને વચ્ચે વિચારોનું આદાનપ્રદાન થયું. અનાર્યોના ધર્મ, એમની પૂજા-પદ્ધતિ અને અંધવિશ્વાસમૂલક જાદુટોણાં વગેરેએ આર્યો પર ક્રમશઃ પોતાનો પ્રભાવ જમાવવાની શરૂઆત કરી દીધી. આર્ય લોકો ઈચ્છતા નહોતા તો પણ અનાર્ય સંસ્કૃતિથી અસ્પૃષ્ટ ન રહી શક્યા. એમના ચોથા વેદ અથર્વવેદમાં તો જાદુટોણાં, ભૂતપ્રેત અને અભિચાર જ

મંત્રોના વર્ણ્ય વિષય બની ગયા. જણાય છે કે આ સાંસ્કૃતિક મિલનમાં અનાર્યોની વૈરાગ્યમાર્ગ પરંપરાએ આર્ય મનીષીઓને પૂરતા પ્રભાવિત કર્યા અને બ્રાહ્મણકાળમાં જ તપ અને ત્યાગની તરફ આર્યોનું આકર્ષણ વધવા માંડ્યું. પરિણામે આર્યોએ યતિ, મુનિ વગેરે રૂપે વનોના શાંત વાતાવરણમાં પોતાનો આશ્રમ બનાવીને રહેવાની શરૂઆત કરી દીધી અને બ્રાહ્મણ-ગ્રંથ લખ્યા.

ઉપર્યુક્ત વિગતોનો એ નિષ્કર્ષ નીકળે છે કે આર્ય 'મૂર્ખ' હતા. સિંધુ ખીણમાં આવ્યા પછી જ કંઈક સભ્ય થયા. જાદુટોણાં, વૈરાગ્યમાર્ગી પરંપરા વગેરે તેઓ અનાર્યો પાસેથી શીખ્યા. એવું પ્રતીત થાય છે કે આ સંસ્કૃતિને નષ્ટ કરીને હીનતા જગાડવાનો પ્રયત્ન છે. ભારતના જે જે સમાજને આજના વિદ્વાનો અનાર્ય કહે છે તે બધા પછાત છે. એમની જ પાસેથી બધી રીત શીખીને આ આર્યો સુસભ્ય થઈ ગયા અને એ અનાર્ય પોતાની કલ્યાણમાર્ગી પરંપરાને જ એવી ભૂલી ગયા કે એમને શીખવવા છતાં નથી આવડતું. એમને માટે એમની જ પરંપરાનું પાલન કરવાનો નિષેધ કરાયો કે શૂદ્ર વૈરાગ્ય ન લઈ શકે. પાશ્ચાત્ય મનીષી દર્શાવવા માગે છે કે આર્ય મૂર્ખ જ નહીં પણ કાયર પણ હતા. જેઓ શૂદ્ર પ્રકૃતિક શક્તિઓથી ભયભીત થઈને એમને દેવતા માની બેઠા અથવા તેઓ પ્રકૃતિનાં સત્યોને જાણતાં જ નહોતા. કહેવાની જરૂર નથી કે આર્યચરિત્ર વિશે પાશ્ચાત્ય વિચારકોએ જે કાંઈ પ્રચાર કર્યો એ એમની કુરુચિપૂર્ણ માનસિકતાનો દ્યોતક છે.

સારાંશતઃ પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી કોઈએ ભાષા અને પુરાતત્ત્વનો, તો કોઈએ ઝાડપાન-પશુઓ કે રહેણીકરણીનો આધાર લઈને અને એનાથીએ પોતાના મંતવ્યની પુષ્ટિ ન થઈ તેથી કેટલાક વિદ્વાનોએ શરીરવિજ્ઞાનને માધ્યમ બનાવીને એવી અટકળ કરી કે આર્ય એશિયા માઈનરમાં સિરિયા કે તુર્કસ્તાનથી, યુરોપમાં ઑસ્ટ્રિયા, હંગેરી, જર્મની, યુનાન, યુક્રેન (રશિયા) વગેરે દેશોમાંથી ક્યાંકથી ભારત આવ્યા હશે. આવા તો કેટલાય મત છે, જેમાંના દશ-બારને વધુ માન્યતા પ્રાપ્ત થઈ છે. પણ જે લોકો

આર્ય-જીવન જીવ્યા, જેઓ આર્ય હતા, એમણે પણ આર્ય શબ્દનો આશય દર્શાવ્યો છે, આર્ય સંસ્કૃતિનો પરિચય આપ્યો છે, આર્યત્વ પર ઘણો ભાર મૂક્યો છે. એમણે નજરે જોયેલા ઉપદેશોને, જેમ કે શ્રીકૃષ્ણ, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધનું વક્તવ્ય, મહાત્મા વાલ્મીકિના આદિકાવ્ય રામાયણ, મહર્ષિ વ્યાસરચિત મહાભારત વગેરે આર્યગ્રંથોમાં અનેક સ્થળે પ્રયોજાયેલા આર્ય શબ્દના ભાવને કોઈએ ધ્યાનમાં ન લીધા. આમાંથી કોઈ એકનીય વાત એ યુરોપીય વિદ્વાનોએ રજૂ ન કરી.

ભગવાન શ્રીકૃષ્ણ અનુસાર, જે એક પરમાત્માના ચિંતનમાં દૃઢતાપૂર્વક પ્રવૃત્ત હોય તે આર્ય છે. સન્માર્ગ પર જે દૃઢતાપૂર્વક આરૂઢ હોય તે આર્ય છે. મહાભારતના યુદ્ધના આરંભમાં અર્જુન કુળની રક્ષાને સનાતન ધર્મ માનીને એને માટે વ્યાકુળ હતો, જેને ભગવાને 'અનાર્યજુષ્ટમ્' કહીને નિંદા કરી કે અર્જુન આ અનાર્યોનું આચરણ તેં ક્યાંથી પકડી લીધું. આર્યપુરુષોનું આ આચરણ નથી, એ નથી કીર્તિ અપાવનારું કે નથી કલ્યાણ કરનારું. તેમાં કીર્તિ નથી, કલ્યાણ નથી, એ આર્યપદ્ધતિ નથી. તો સિદ્ધ છે કે આ અજ્ઞાન છે. સનાતન એકમાત્ર આત્મા છે, જે આત્માની શોધ માટે મથે છે તે આર્ય છે.

ભગવાન બુદ્ધ અનુસાર પણ આ જ છે કે જે મરણધર્મા હોવા છતાં અમરત્વની શોધ કરતો હોય તે આર્ય છે. દુઃખોમાં રહેવા છતાં શાશ્વત સુખની તલાશ કરતો હોય તે આર્ય છે. આર્યત્વની આ સૌથી મોટી કસોટી છે. પણ એની શરૂઆત જ્યાંથી હોય તે નિમ્નતમ સીમા છે. આર્ય સંસ્કારોનું બીજારોપણ, (આર્ય સત્કર્મોની એક લાંબી શૃંખલા) જેનું પાલન આર્ય સંસ્કૃતિ છે.

આર્ય સંસ્કૃતિનો પરિચય ઋષિ વાલ્મીકિના રામાયણ આદિથી અંત સુધી ભરપૂર છે. કુંભકર્ણને જોઈને વાનરસેના ભાગવા માંડી ત્યારે યુવરાજ અંગદે પોતાના સૈનિકોને આશ્વાસન આપતાં કહ્યું હતું. 'શૂરવીરો! આપણા પૂર્વજો મોટી લડાઈ લડ્યા હતા. એમણે વિજય મેળવ્યો હતો અથવા

વીરગતિ પામ્યા હતા, પણ ક્યારેય પીઠ નથી દેખાડી. આપણે એ જ આર્યોનાં સંતાન છીએ. આજે પીઠ દેખાડવાથી આપણે અનાર્ય કહેવાઈશું. શૂરવીરો! પાછા આવો. તમારું સન્માન ન ગુમાવો. કાળ હોય તો પણ આપણે શત્રુને જીતીશું અથવા વીરગતિ પ્રાપ્ત કરશું.' સેના પાછી આવી હતી. આ હતી આર્ય સંસ્કૃતિ. આર્ય કદી પીઠ નથી દેખાડતા.

પંચવટીમાં સુવર્ણમૃગનો અવાજ સાંભળીને લક્ષ્મણને રામની મદદ માટે જતા ન જોઈને સીતાએ ફિટકાર કર્યો,-'કપટી અનાર્ય લક્ષ્મણ! ધિક્કાર છે તને. તું ભરતના ઈશારે મોટા ભાઈની ભક્તિનો અભિનય કરીને પાછળ આવ્યો કે રામ સંકટમાં પડશે ત્યારે સીતાને હું પ્રાપ્ત કરી લઈશ.' લક્ષ્મણે ધીરજ ગુમાવી અને એમને જવું પડ્યું. આ આર્ય સંસ્કૃતિ છે. આર્ય ક્યારેય ચરિત્રથી પડતો નથી.

રામ આર્ય હતા. આદિ કવિએ અનેક સ્થળે આર્ય શબ્દથી એમને સંબોધિત કર્યા છે. હિન્દીમાં રામકથાના અમર પ્રણેતા ગોસ્વામી તુલસીદાસજીએ પણ રામને માટે આ શબ્દનો પ્રયોગ કર્યો છે,-''**आरज सुत पद कमल बिन बाति जहाँ लगि नात।**'' આર્ય સંસ્કૃતિની એક ઝલક ગોસ્વામીજીના રામચરિતમાનસમાં જુઓ,-'**रघुवंसिन्ह कर सहज सुभाउ। मन कुपंथ पग धरई न काउ॥**' (૧.૨૩૦-૫). સીતાનું રૂપ જોઈને રામના મનના ભાવ કંઈક બદલાઈ ગયા. ત્યારે નિષ્કપટ નિશ્છલ રામે લક્ષ્મણને કહ્યું, ભાઈ લક્ષ્મણ! આ બધાં કારણ તો વિધાતા જ જાણે. આમ તો મને મારા મન પર પૂરો ભરોસો છે, જેણે ભૂલમાંય કુપંથ પર પગ નથી મૂક્યો. આ આર્યોનો જ સ્વભાવ છે.

''**राम कहा सब कौशिक पाहीं। सरल सुभाउ छुआ छल नाहीं।**'' નિષ્કપટ ભાવથી બધી વાત રામે વિશ્વામિત્રજીને પણ કહી. આ આર્ય સંસ્કૃતિ છે, કે આર્ય કપટરહિત, છલરહિત, મન-અંતઃકરણથી સરલ, પરોપકારી, ચરિત્રવાન અને શરણાગતવત્સલ હોય છે.

આર્ય શબ્દની બરાબર આ જ વ્યાખ્યા ભગવાન મહાવીરે કરી.

એમના અનુસાર જે માણસ મનથી સરળ છે, વાણીથી સરળ છે, આચરણથી સરળ છે, કપટરહિત છે, પરોપકારી છે, જે પોતાના દોષને છુપાવતા નથી તથા જેની દૃષ્ટિ યથાર્થ છે, તે આર્યત્વ-પ્રાપ્ત છે. તે શૂદ્ર આર્ય છે. જે મનુષ્ય વક્ર છે, વાણીથી, આચારથી વક્ર છે, મનથી કપટી છે, મિથ્યાદૃષ્ટિ છે, તે અનાર્ય છે. આર્ય એક દૃષ્ટિનું નામ છે, સ્થિતિ છે, કોઈ પ્રજાતિ નથી. તમારો એક સગો ભાઈ આર્યત્વ પ્રાપ્ત કરીને આર્ય બની શકે છે અને બીજો આર્યત્વચ્યુત અસુર પણ હોઈ શકે છે.

આર્યોની ભાઈ-ભાઈ પ્રત્યેની સહૃદયતા, મિત્રવ્યવહાર, અતિથિસત્કાર, સ્ત્રી-પુરુષના નિષ્ઠાભર્યા સંબંધ વગેરે જીવન-જગતના બધા વ્યવહાર છળરહિત અને આદર્શ હોય છે. તેઓ પાડોશીઓનું હિત કરનારા હોય છે. માતાપિતા, ગુરુઓની સેવા, રોગી તથા વૃદ્ધજનોની નિસ્વાર્થ સેવા, બીજાનાં દુઃખ વહેંચી લેવાં, સહજ કલ્યાણ કરવું એ આર્યત્વ-પ્રાપ્ત પુરુષોની રહેણીકરણી છે. માટે ભારતે પરમ કલ્યાણનો જ ઉપદેશ આપ્યો, કોઈની સભ્યતા શીખવાનો એને માટે સવાલ જ નથી.

જનકલ્યાણ ભાવનાથી પ્રેરિત થઈને જ આપણા પૂર્વજોએ **कृण्वन्तु विश्वमार्यम्**-સમગ્ર વિશ્વને જ આર્ય બનાવવાનું વ્રત લીધું હતું. એ સત્યદ્રષ્ટા તે માટે જ વિશ્વભરમાં ફેલાઈ ગયા. તેઓ જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાંની પ્રાદેશિક ભાષા સમજ્યા-શીખ્યા અને એના માધ્યમથી આર્યપ્રણાલીનો, ઈશ્વર-પથનો ઉપદેશ કર્યો. આ જ કારણ છે કે ભારતની સંસ્કૃત ભાષા અને પ્રાચીન ભારતીય સભ્યતાને મળતા આવતા પુરાતાત્ત્વિક અવશેષ વિશ્વવ્યાપી છે, નહીં કે થોડાક શબ્દો ક્યાંક મળી ગયા તો ત્યાંથી આવ્યા. લોકો એટલું વિચારતા નથી કે આર્યો ત્યાંથી પૂરી સંસ્કૃત ભાષા લાવ્યા અને ત્યાં થોડાક શબ્દો જ બચ્યા? આર્યો વેદ પણ લેતા આવ્યા અને બાકીના લોકો માટે ત્યાં કાંઈ પણ ન છોડ્યું, કારણ કે વિદેશોમાં કેવળ ભાષા મળી, વેદ નહીં, ઈતિહાસ નહીં, રહેણીકરણી નહીં?

ભારતીય મનીષીઓએ સૂતેલા આત્માને જાગ્રત કર્યા. પરમાત્મરૂપે

સ્થિતિ અપાવી, પણ નશ્વર ભૌતિક સમસ્યાઓના સંગ્રહમાં ક્યારેય રૂચિ ન રાખી, કારણ કે અહીં દરેક બાળકને આર્યશિક્ષા પ્રાપ્ત થવાની સાથે જ જ્ઞાન વધી જાય છે કે સૃષ્ટિમાં શું સત્ય છે અને શું અસત્ય. આ વ્યવહાર આર્યભાવમાં થોડોક પ્રવેશ પણ જેમને જેમને છે, એમનો છે, જેને આર્ય સંસ્કૃતિ કહે છે. પણ ભગવાન શ્રીકૃષ્ણ અનુસાર એક આત્મા જ સત્ય છે, એને પ્રાપ્ત કરવાની નિશ્ચિત નિયત વિધિનું આચરણ જ આર્યધર્મ છે. આ આર્યત્વની પરાકાષ્ઠા છે, એનું વિશુદ્ધ સ્વરૂપ છે. જ્યાં સુધી અનુભવી સદ્‌ગુરુ ન મળે ત્યાં સુધી આર્યત્વનું આ પ્રશિક્ષણ પૂર્ણ નહીં થાય.

આશ્ચર્ય થાય છે કે વિલિયમ જોન્સના સમયથી એટલે કે ફક્ત બસો વર્ષથી આ પ્રશ્ન વિદ્યાલયોમાં ચર્ચીને બધાં બાળકોને ભુલાવામાં નાખવામાં આવે છે કે આર્યો ક્યાંથી આવ્યા. પણ વૈદિક કાળથી, ગૌતમ બુદ્ધના સમય સુધી વિશ્વના ખૂણેખૂણામાં જેઓ આર્ય સંસ્કૃતિના વાહક રહ્યા, જેમનું સાહિત્ય આર્ય સંસ્કૃતિનું દર્પણ છે, એમના સુસ્પષ્ટ વિચારો, જુદી-જુદી અટકળો વચ્ચે રજૂ કરવાનું આ વિશે શોધ કરનારા કોઈનેય કેમ ન સૂઝ્યું? સૂઝ્યું તો હશે જ, પણ વિરોધી હોવાથી એવા શોધનિબંધોને માન્યતા મળતી નહીં તેથી લોકોએ સત્ય તરફ આંખ વીંચી લીધી. એટલે તમે સૌ હંમેશના માટે ભૂલી જાઓ કે આર્ય ક્યાંકથી આવે-જાય છે. આ શબ્દ સાધના-સૂચક છે. ભાષા કે પ્રજાતિસૂચક ક્યારેય નથી. આ વિવાદ તજી દઈને કોઈ તત્ત્વદર્શી મહાપુરુષને શરણે જઈને આર્યત્વના ગુણો શીખો. આર્ય અને દેવતા, અનાર્ય અને દસ્યુ પર્યાયવાચી છે. કોઈક સમયે દેવાસુર શબ્દ સાથે જ આર્ય અને દસ્યુ શબ્દ પ્રચારમાં હતા. સમય જતાં આર્ય-અનાર્ય શબ્દ ઊપસી આવ્યા. આર્ય શબ્દ જ્ઞાતિ-જાતિ, ભેદભાવથી પર છે. વિશ્વભરના માનવમાત્ર એક એકતા છે. પ્રકૃતિની થપાટોથી ગભરાઈને વિશ્વનો કોઈ પણ માણસ જ્યારે આર્યત્વની શોધમાં નીકળે છે ત્યારે મૃત્યુથી અમરત્વ તરફ, દુઃખોથી સહજ સુખ તરફ આગળ વધે છે.

આર્ય અને અનાર્ય શબ્દોના પ્રયોગથી આપણા પ્રાચીન આર્ય ગ્રંથ ભર્યાભર્યા છે. વાલ્મીકિ રામાયણ અનુસાર ઉત્તર ભારતીય-દક્ષિણ ભારતીય સુગ્રીવનો પરિવાર, વાનર-રીંછ જાતિઓ બધી આર્ય હતી. રાવણ જેટલો અનાર્ય હતો, એટલા જ એના પૂર્વજ પુલસ્ત્ય, વિશ્રવા તથા એના સહોદર વિભીષણ આર્ય હતા.

આર્ય અને અનાર્ય શબ્દ પર ભગવાન બુદ્ધના વિચાર મજિઝમ નિકાયના પાશરાશિ સુત્તમાં સંકલિત છે. એમણે સમજાવ્યું કે,- 'ભિક્ષુઓ! આ સંસારમાં બે પ્રકારની શોધ (પર્યેષણા) છે,-આર્ય અને અનાર્ય. અનાર્ય શોધ એને કહે છે કે જે પોતે જાતધર્મા (જન્મ લેનાર) હોવા છતાં જાતધર્મની જ શોધ કરે છે. પોતે જરાધર્મા (વૃદ્ધ થવાના સ્વભાવવાળો) હોવા છતાં જરા ધર્મને જ આહ્વાન કરે છે. વ્યાધિ-મરણ-શોક અને સંક્લેશ-ધર્મા હોવા છતાં એમની જ શોધ કરે છે. પુત્ર અને પત્ની જાતધર્મા છે. સોનુ-ચાંદી તથા સૃષ્ટિની બધી ભોગસામગ્રી જાતધર્મા છે. એમાં જ આ પુરુષ ગ્રસિત, મૂર્ચ્છિત અને આસક્ત થઈને પોતે જાતધર્મા હોવા છતાં બીજા જાતધર્મા અર્થાત્ નશ્વર પદાર્થોની શોધ કરે છે-આ અનાર્ય શોધ છે.'

પણ ભિક્ષુઓ! કોઈ કોઈ પુરુષ પોતે જાતધર્મા હોવા છતાં, જાતધર્માનાં દુષ્પરિણામ જોઈને અજાત (જન્મરહિત) સર્વોત્તમ, મંગલમય નિર્વાણની શોધ કરે છે. પોતે વ્યાધિધર્મા (વ્યાધિરહિત), મરણધર્મા (મરણરહિત), અ-મૃત, શોકધર્મા (શોકરહિત), સ્વયં સંક્લેશ-ધર્મા (મલરહિત), અતિ ઉત્તમ યોગક્ષેમ, નિર્વાણની શોધ કરે છે, તે આર્યપથ પર છે.

સ્પષ્ટ છે કે આર્ય એક પથ છે, મનનું એક વલણ છે, એક નિર્ધારિત દિશા છે. તમારો એક સગો ભાઈ આર્ય, બીજો અનાર્ય હોઈ શકે છે. એક જ વ્યક્તિ જીવનની કોઈક ક્ષણોએ આર્ય અને બીજી ક્ષણોએ અનાર્ય હોઈ શકે છે, કોઈ ક્યારેક આસ્તિક તો ક્યારેક નાસ્તિક હોઈ શકે છે.

જે એ અસ્તિત્વનો ઉપાસક હોય, આસ્તિક હોય એ આર્ય છે. નિષ્ઠાપૂર્વક એ પરમાત્માની વિધિનું આચરણ આર્ય-શોધ છે અને તેનાથી વિપરીત જે અસ્તિત્વહીન, નશ્વર, ક્ષણભંગુર એવા આ કલેવરોની કામના કરતાં ભટકી રહ્યો હોય તે ક્યાંક ને ક્યાંક અનાર્ય છે. આને જ મહાપુરુષોએ ક્યારેક વિદ્યા અને અવિદ્યા કહી છે, તો કોઈકે આને જ અંતર્મુખી-બહિર્મુખી, સજાતીય-વિજાતીય, દૈવીસંપદા-આસુરીસંપદા કહે છે. આ વૃત્તિ છે, એક પ્રવૃત્તિ છે. સત્યશોધની પ્રવૃત્તિ આર્ય છે અને અસત્યની પ્રવૃત્તિ અનાર્ય છે. તેથી આખો સંસાર આર્ય છે અને આખો સંસાર અનાર્ય છે. વેદમાં છે કે '**कृण्वन्तु विश्वमार्यम्**' અર્થાત્ વિશ્વને આર્ય બનાવો. આર્ય બનાવાય છે. જન્મ કે સ્થાનથી કોઈ આર્ય નથી હોતું.

સંસારના સૌથી પ્રાચીન પુસ્તક વેદથી ગૌતમ બુદ્ધ સુધી બધાંએ આર્યનો આશય ઈષ્ટોન્મુખી પ્રવૃત્તિ માન્યો, ગુણવાચક માન્યો, નહીં કે ભારતની બહારથી આવેલી કોઈ જાતિ. હા, ભારતમાં એ પરમાત્માને શોધવાવાળા બહુસંખ્યામાં હતા, માટે ભારતને ક્યારેક આર્યાવર્ત પણ કહેવાતો હતો. જે સમાજનો બહુમત એક પરમાત્માને માટે પ્રતિબદ્ધ હતો, સંકલ્પબદ્ધ હતો, ઈન્દ્રિય-સંયમ અને મનના નિરોધ માટે જેઓ પ્રતિબદ્ધ હતા; એમની રહેણીકરણી, ખાનપાન, વેશભૂષા, લગ્ન, નિયમ-કાયદા બધું જ સુસંસ્કૃત હતું, જે આર્ય સંસ્કૃતિ કહેવાઈ, પણ આર્યોની જે મૂળ ક્રિયા છે, એની પર ભારતીયોનું જ વર્ચસ્વ નથી. એ તો વિશ્વના મનુષ્યમાત્રની છે. પોતાને ઈસાઈ માનનાર પણ જો એ અવિનાશી પરમાત્માની શોધ માટે તત્પર હોય, જેનામાં અનંત જીવન હોય તે આર્ય છે, બીજું કાંઈ પણ નહીં, મુસલમાન પણ કેમ ન હોય, (સૂફી સંતોની જેમ) જે એક પરમાત્મા માટે હૃદય-મનથી પ્રયત્નશીલ હોય, એ આર્ય-શોધ પર છે, આર્ય જ છે. આર્યત્વની મુખ્ય ઓળખ ખાનપાન, વેશભૂષા. રહેવાની પદ્ધતિ કે સામાજિક વ્યવસ્થા નહીં, પણ તે યોગક્રિયા છે, જે માર્ગે ચાલીને જીવાત્મા પોતાના મૂળ પરમાત્મા સુધીનું અંતર કાપે છે. સનાતન સાધ્ય છે આર્યોનું. જે દૈવી સંપદાથી સભર હોય, તે આર્ય છે. જે આસુરી

સંપદાથી ભરેલો હોય, તે અનાર્ય છે. આ જ ક્રિયાઓનું અનુશીલન કરનારા આર્ય કહેવાયા. આર્યનો અર્થ આર્ય સમાજી નહીં, આસ્તિક છે. આર્ય એક સ્થિતિ છે.

॥ ૐ ॥

ગોરક્ષા

ગોરક્ષા આપણો સનાતન ધર્મ છે

પણ

પશુ, ગાય ધર્મ નથી

- સ્વામી અડગડાનન્દજી

પશુ, ગાય ધર્મ નથી

બન્ધુઓ!

અવારનવાર 'ગોવધ બંધ કરો'નાં સૂત્રો પોકારાય છે. ધર્માચાર્યોનાં અનશન અને લાખો રૂપિયાનો ફાળો આ જ નિમિત્તે ભેગો કરાય છે. આ બધાંનું પરિણામ કેવળ એટલું જ આવે છે કે સન ૧૯૪૨માં ૧૭,૦૦૦ ગાયો રોજ કપાતી હતી તો આજે તેની સંખ્યા ૫૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. વિચારણીય છે કે શું ગાય આપણો ધર્મ છે? શું એના સમર્થન માટે આપણા પૂર્વજોએ વેદ, ગીતા અને રામચરિતમાનસ જેવા આર્યગ્રંથોમાં કંઈક કહ્યું છે? જો ના, તો આ એક જોખમ છે, છેતરામણી છે; આપણે બધાએ એનાથી સાવચેત થઈ જવું જોઈએ.

ગાયને ધર્મ માનવાનું દુષ્પરિણામ સમગ્ર ભારતે ભોગવવું પડ્યું છે. ગાયની આડશે રહીને નિશાન તાકીને મુઠ્ઠીભર તુર્કોએ વીર રાજપૂતોને એમના જ દેશમાં હરાવ્યા. અંગ્રેજોએ હિન્દુ-મુસલમાન વચ્ચે ફાટફૂટ પડાવવા માટે આ જ ગાયને સાધન બનાવી. સ્વતંત્ર ભારતનાં સાંપ્રદાયિક હુલ્લડો પાછળ ગાય ક્યાંક ને ક્યાંક જરૂર રહે છે. આ ગાંડપણની પાછળ માન્યતા છે કે ગાય આપણો ધર્મ છે. પણ શું તમે એના સમર્થનમાં પ્રમાણ આપી શકો છો?

શ્રી રામચરિતમાનસ અનુસાર ભગવાનના અવતાર કેવળ આ ચારને માટે થાય છે,-

गो द्विज देव सन्त हितकारी। कृपा सिन्धु मानुष तनु धारी॥

★ ★ ★

निज इच्छा प्रभु अवतरहिं, सुर महि गो द्विज लागि॥

★ ★ ★

विप्र धेनु सुर सन्त हित, लीन्ह मनुज अवतार॥

જનસામાન્યમાં આ દોહા-ચોપાઈઓના આ અર્થ પ્રચલિત છે કે ભગવાન જ્યારે જ્યારે અવતાર લે છે ત્યારે પશુઓમાં એક પશુ ગાય-વિશેષ માટે અને મનુષ્યમાં એક વર્ણવિશેષ બ્રાહ્મણને માટે લે છે અને એ

દ્વિજ-સમુદાય કેવળ ભારતમાં છે. ગાય અને બ્રાહ્મણ પર જ્યારે વિપત્તિ આવે છે,-**'सीदहिं विप्र धेनु सुर धरनी'** ત્યારે ભગવાન અવતાર લે છે. આ વિપત્તિ બ્રાહ્મણેતર જાતિ જ તો ઊભી કરશે, ભગવાન એમને મારીને ગો કે દ્વિજને નિર્ભય કરે છે. તો દરેક દેશ, દરેક જાતિ એના ભગવાન પાસે શી આશા રાખીને બેઠાં છે? તો શું ભગવાન બધાંને માટે નથી? આ રામચરિતમાનસ શું કહેવા માગે છે? વિચારવા જેવું છે કે ભગવાન ગાય માટે જન્મ લે છે પણ ગાયથી દૂર છે. આ ગાય કેવો ફાંસલો છે કે જેમાં આખો સંસાર ફસાયેલો છે. પણ ભગવાન એનાથી પર છે? ગાય શું છે? અહીં એક પ્રશ્ન છે,-**माया गुण गो पार॥**

'માનસ' અનુસાર ભગવાને અવતાર તો લીધો પણ ન તો દ્વિજને મદદ કરી ન એક ગાય પણ લંકામાંથી છોડાવી. ગોશાળા કે ઘાસનાં બીડ બનાવવા પર પણ એમણે ક્યાંય ભાર ન દીધો, તો તમે વિચાર કરો કે વસ્તુતઃ ગો છે શું? શું કોઈ ભ્રાંતિ તો આપણે પીછો નથી કરી રહી?

શ્રી રામચરિતમાનસમાં લગભગ સિત્તેર વખત ગાય શબ્દનો પ્રયોગ થયો છે, જેમાં સત્તર વખત ગાય માત્ર દૃષ્ટાંત છે. તેર વખત વસ્તુ સછે, સંપત્તિ છે. લગભગ ચાળીસ વખત ગોનો પ્રયોગ ઈન્દ્રિયને માટે કરાયો છે. દૃષ્ટાંતરૂપે ગાયનો પ્રયોગ જુઓ,-

अधम निशाचर लीन्हें जाई। जिमि मलेच्छ बस कपिला गाई॥

★ ★ ★

भूप प्रतापभानु बल पाई। कामधेनु भई भूमि सुहाई॥

★ ★ ★

पैठत नगर सचिव सकुचाई। जन मोरसि गुरु बामन गाई॥

અહીં ગાય માત્ર દૃષ્ટાંત છે, એ જ અર્થમાં જુઓ,-

श्याम सुरभि पय विषद अति, गुनद करहिं सब पान।
गिरा ग्राम्य सिय राम जस, गावहिं सुनहिं सुजान॥

ગાય તો કાળા રંગની છે, પણ દૂધ ગુણકારી છે, તેથી બધા એનું પાન કરે છે. એ જ રીતે ગ્રામભાષામાં લખેલી આ કથા છે તો કાળી

ગાયના જેવી, પણ સિયારામનો યશ એમાં અંકિત છે, તેથી બધા એનો સ્વીકાર કરશે. અહીં ગાય માત્ર ઉદાહરણ છે, ધર્મ નથી.

રામજન્મના અવસરે '**हाटक धेनु वसन मनि**' રાજાએ દાનમાં આપ્યાં. વિશ્વામિત્રે યાચના કરી તેથી દશરથે કહ્યું, '**मागह भूमि धेनु धन कोसा**' જમીન, ગાય, ધન અને ખજાનો બધું એક શ્રેણીમાં છે. જનકજીએ '**गज रथ तुरग दास अरु दासी। धेनु अलंकृत काम दुहासी॥**' દહેજમાં આપ્યાં. હાથી-ઘોડાની જેમ ગાય પણ અહીં એક વસ્તુ રૂપે છે. પિતાના મૃત્યુ પછી ભરતજીએ '**धेनु बाजि गज वाहन नाना**'નું દાન આપીને વિશુદ્ધ થયા. રામરાજ્યમાં પણ વિદહનગરની જેમ '**मन भावती धेनु पय स्त्रवही**' મનચાહી દૂઝણી ગાયો હતી. દૂઝણી ગાયોને ક્યાં ખપાવી દીધી એ તો ન કહ્યું, પણ હતી એક પણ નહીં. તાત્પર્ય કે હાથી, ઘોડા, ગાય, દાસ, દાસી, વસ્ત્ર, સોનું અને મણિ આપવા-લેવાની વસ્તુઓ હતી, ધર્મ નહીં.

હવે આવો, એ ચાળીસ પ્રસંગોમાંથી કેટલાક જોઈએ, જ્યાં ગો શબ્દ ઈન્દ્રિયોનો પ્રતીક છે,-

अनवध अखंड न गोचर गो। सब रूप सदा सब होईन गो॥

જેઓ 'અનવદ્ય' અર્થાત્ નિર્દોષ હોય, અખંડ હોય, તેઓ નથી ગોચર કે નથી ગો, એટલે કે એ ભગવાન ઈન્દ્રિયો નથી અને ઈન્દ્રિયો જ્યાંથી પોતાનો ખોરાક મેળવે છે એ વિષય પણ ભગવાન નથી.

सो नयन गोचर गुनव नित नेति काहिश्रुति गावहीं॥
जिति पवन मन गो निरस करि, मुनि ध्यान कबहुक पावहीं॥

આજે મારી આંખ સામે એ જ ભગવાન ઉપસ્થિત છે, '**न इति न इति**' કહીને શ્રુતિ જેનું ગાન કરે છે, પવન અને મનને જીતીને તથા ગોને નિરસ કરીને મુનિ લોકો ભાગ્યે જ એમને ધ્યાનમાં પામે છે. ગોને નિરસ કરવાથી જ એ ભગવાન ધ્યાનમાં આવે છે. તો શું ગાયનું દૂધ, લોહી તથા હાડકાં સૂકવી નાખીએ ત્યારે ભગવાન ધ્યાનમાં આવે? ગો નિરસનું તાત્પર્ય શુ છે? વાસ્તવમાં તો ગોનો અર્થ છે, '**मनसहित इन्द्रियाँ।**' જ્યાં સુધી એક પણ ઈન્દ્રિયને અક પણ વિષયમાં જરાક પણ

રસ હોય, ત્યાં સુધી ધ્યાનમાં એ જ વિષયો આવશે; ત્યાં સુધી ધ્યાનમાં ભગવાન ક્યારેય નહીં દેખાય, ભગવાન ઝાંખા પડી જશે તો ગોને નિરસ કેમ કરીશું?

बलं अप्रमेय अनादि अजम अव्यक्त एकं गोचरम्।
गोविंद गोपर द्वंद हर, विज्ञान धन धरणी धरम्॥

એ ભગવાનનું બળ અતુલનીય છે. તેઓ અનાદિ છે, અજન્મા છે, અવ્યક્ત છે, એક છે, અગોચર છે, અર્થાત્ ઈન્દ્રિયોનો વિષય નથી, તો પણ આ જ ઈન્દ્રિયોની વચ્ચે હૃદયદેશમાં એમનો નિવાસ છે. માટે તેઓ ગોવિંદ છે, વસ્તુતઃ 'ગો'થી પર છે. તેઓ ઈન્દ્રિયોના દ્વંદ્વનું અપહરણ કરનારા છે. આપણે આપણી બુદ્ધિથી આ વિકારોનો પાર પામી શકતા નથી. ઈન્દ્રિયોમાં એટલી ક્ષમતા ક્યાં છે કે યથાર્થ નિર્ણય લઈ શકે, કારણ કે,-

गो गोचर जहँ मन जाई। सो सब माया जानेहु भाई॥

ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયોમાં મન જાય ત્યાં સુધી, બુદ્ધિ જ્યાં સુધી નિર્ણય લેતી હોય ત્યાં સુધી એ બધી જ માયા છે; માટે તમે તમારા જ ભરોસે ગોને નિરસ નથી કરી શકતા. જો બુદ્ધિ, વિચાર ને વિવેકથી કોઈ નિર્ણય લેશો તો એ માયિક ક્ષેત્રનો જ નાનો-મોટો નિર્ણય હશે; કારણ કે બુદ્ધિ એથી આગળના હાલ જાણતી નથી. માટે આ મનસહિત ઈન્દ્રિયો (ગો)ને નિરસ કરવા માટે ભગવાન અવતાર લે છે. ભગવાન વિજ્ઞાન-ધન છે, અનુભવ-સ્વરૂપ છે. તેઓ આત્મા દ્વારા રથી થઈને (અનુભવ કે આંતરિક નિર્દેશનો દ્વારા) આ પૃથ્વીને ધારણ કરે છે.. આ જ ગાયની સુરક્ષા માટ ભગવાન અવતાર લે છે. ગો કે ઈન્દ્રિયજનિત વિકારોને દૂર કરવા માટે જ અવતારની વ્યવસ્થા સાધકના હૃદયમાં પ્રસારિત, પણ કોઈ કોઈ લગનીવાળા સાધકનાં હૃદયદેશમાં આ ઘટના બને છે. અવતાર થાય છે.

ગીતા-ગીતાનો ઉપદેશ આપતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું,-સાત્ત્વિક ગુણના કાર્યસમયમાં જે શરીરનો ત્યાગ કરે છે તે દેવ વગેરે ઉન્નત યોનિઓને પ્રાપ્ત કરે છે. રાજસી ગુણની અધિકતા હોય ત્યારે શરીરનો

ત્યાગ કરનાર મનુષ્ય માનવ થાય છે અને તામસી ગુણના કાર્યસમયમાં જે શરીરનો ત્યાગ કરે છે તે પશુ-પક્ષી, જીવ-જંતુ વગેરે અધમ યોનિઓને પ્રાપ્ત કરે છે. ગીતા અનુસાર પશુ એક અધમ યોનિ છે. જે પોતે નિકૃષ્ટ યોનિ ભોગવી રહી હોય એ ગાય તમને શાશ્વત ધામ કેમ આપશે? જે પોતે ઊંડા કાદવમાં ફસાયેલો હોય તે તમને કેવી રીતે બહાર કાઢી શકે?

યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર-જે રીતે જૂનાં વસ્ત્રો તજીને પુરુષ નવાં વસ્ત્ર ધારણ કરી લે છે, બરાબર એ જ રીતે ભૂતાદિકોનો સ્વામી આ આત્મા જૂના શરીરને તજીને સંસ્કાર અનુસાર નવું શરીર ધારણ કરી લે છે. અર્જુન! આ શરીર અનિત્ય છે. જે પોતે નશ્વર છે, એ અધમ શરીર શાશ્વત ધામ કેવી રીતે આપે? એ શરીરોમાં ગાયનું પણ એક શરીર છે, તે શાશ્વત સનાતન કેમ બની જાય?

આશ્ચર્યની વાત છે કે સ્મૃતિઓ અને પુરાણોમાં ગાયની પૂંછડી પકડીને એ વૈતરણીને પાર કરવાનું વિધાન છે, જેમાં કોઈ હોડી કામ નથી આવતી. આખા દિવસમાં સેંકડો લોકો જેની પૂંછડી પકડીને (ખેંચીને) એને અધમૂઈ કરી મૂકે છે એ પૂજારીઓને દયા નથી આવતી. મડદાલ ગાય તેમને વૈતરણી પાર કરાવી દે છે, કારણ કે ગાયના શરીરમાં દેવતાઓનો નિવાસ છે એમ કહેવાયું છે. જો ગાયનાં મળ-મૂત્ર, રોમેરોમમાં દેવતા પણ હોય તો તો ગાય વધુ મોટી છેતરામણી છે. ડૂબી મરવા માટે ગાય જ પૂરતી હતી, જેની પર આ દેવતા, દેવતા તો પોતે વહી રહ્યા છે,-'**भव प्रवाह संतत हम परे**' તમારી જેમ તેઓ બિચારા વહી રહ્યા છે, તમને શું તારશે?

कृत्य कृत्य प्रभो सब बानर ये, निरखति तवानन सादर जे।
धिक जीवन देव शरीर हरे, तब भक्ति बिना भव भूलि परे॥

આ દેવ-શરીરને ધિક્કાર છે, તમારી ભક્તિ વગર '**भव भूलि परे**' ભવમાં ભૂલા પડ્યા છે.

મહાભારતકારનો નિર્ણય છે કે આ સૃષ્ટિમાં મનુષ્ય સર્વોત્કૃષ્ટ છે, '**गुह्यां ब्रह्म तदीतं ब्रवीमि। न हि मनुषात् श्रेष्ठतरं हि किंचित।**' શ્રીકૃષ્ણ

પણ કહે છે, અર્જુન! તું આ ઈન્દ્રિયોને બધી બાજુએથી સંકેલીને મારું જ ચિંતન કર. હું પ્રતિજ્ઞા કરું છું કે તું મારા સ્વરૂપને પ્રાપ્ત કરીશ. અર્થાત્ જેવું સ્વરૂપ પરમાત્માનું છે, એ જ સ્વરૂપમાં અર્જુન પણ સ્થિત થશે. જે મનુષ્ય આ જ સ્વરૂપ ને આ સ્થિતિ પ્રાપ્ત નથી કરી શકતો, એને શ્રીકૃષ્ણ આત્મહત્યારો કહે છે. સ્પષ્ટ છે કે માનવનો પરમ ધર્મ પરમાત્માને પ્રાપ્ત કરવાનો છે. મનુષ્ય શરીર જ સાધના શરીર છે. દેવતાઓ પણ મુક્તિ માટે આ નર-શરીરની આશા રાખે છે, જે બહુ સદ્ભાગ્યથી તમને પ્રાપ્ત થયું છે. આ શરીરપ્રાપ્તિમાં તમે દેવતાઓ કરતાં પણ ચડિયાતા છો; તો પથ્થર, પ્રાણી, પશુ, પક્ષી, ઝાડ-પાન તમારો ધર્મ, તમારો આદર્શ કેમ બની શકે?

યોગેશ્વર શ્રીકૃષ્ણની ગીતામાં બે સ્થળે ગાયો સ્પષ્ટ ઉલ્લેખ પણ મળે છે. એક તો વૈશ્યશ્રેણિની સાધના માટે ગો-રક્ષા અર્થાત્ ઈન્દ્રિય-સંયમના સંદર્ભમાં અને બીજો તત્ત્વદર્શી મહાપુરુષની રહેણીકરણીના સંદર્ભમાં કે પંડિતજન્ય ગાય, કૂતરા, હાથી, ચાંડાલ પ્રત્યે સમદૃષ્ટિ રાખનારા હોય છે. એમની દૃષ્ટિએ ગાય નથી કોઈ ધર્મ અને નથી કોઈ કૂતરો અધર્મ, અથવા વિશાળકાય હાથીની કોઈ વિશેષતા નથી, કારણ કે એ મહાપુરુષની દૃષ્ટિ ચામડી પર નહીં, પણ બધાના હૃદયના આત્મિક સંચાર પર પડે છે.

કેટલાક લોકો એટલા માટે ગાયની પાછળ જવા માટે મંડી પડે છે કે શ્રીકૃષ્ણ ગાય ચરાવતા હતા. યાદવ વંશમાં તો જન્મ અને ઉછેર થયો હતો, ગાય ન ચરાવે તો હાથી-ઘોડા ક્યાંથી મળે. રૈદાસને ચામડું મળ્યું, કબીરને સાળ, તો રામને ધનુષ્ય. તો શું આ બધાં ધર્મ થઈ ગયાં? શ્રીકૃષ્ણે તો એક ચંચળ બળરૂપી ધૈનુકાસુરને માર્યો. દ્વારકાધીશ બન્યા પછી એ એક પણ દિવસ ગાય ચરાવી શક્યા નથી.

પશુના રૂપમાં ગાય ધન છે,-'**गोधन गजधन वाजधन और रतनधन खान।**' પ્રાચીન સમયમાં ગોધન એક વિશિષ્ટ સંપત્તિ હતી. ખેડવું, વાવવું, લણવું, ખાતર, પાણી, પ્રદૂષણ નિવારણ, પૌષ્ટિક આહાર, વાહન અને ભારવાહક સાધનરૂપે એમની ઉપયોગિતા સ્પષ્ટ હતી. ગોવંશના સંવર્ધન પર સમાજની જાગ્રત દૃષ્ટિ હતી. જે રીતે

નાગાસાકીને ફરીથી વસાવવાના પ્રયત્નમાં ઓગણત્રીસ બાળકો પેદા કરનારી મહિલાને ત્યાં મધરલૅન્ડની ઉપાધિથી સન્માનિત કરવામાં આવી હતી, કંઈક એ જ રીતે ગાયની ઉપયોગિતા જોઈને પ્રાચીનકાળમાં 'ગોમાતા'ની પદવી પ્રદાન કરાઈ હતી. જે રીતે આજકાલ વાઘને રાષ્ટ્રીય પશુ જાહેર કરીને એની હત્યા કરનારાને દંડ કરવાનો કાયદો છે, કંઈક એવી જ વ્યવસ્થા પ્રાચીનકાળમાં ગાય માટે હતી. આજે દંડસંહિતા છે, કાયદા છે; ત્યારે સ્મૃતિઓ હતી.

વસ્તુતઃ વિશેષતા ગાયમાં નહીં, માનવમસ્તકમાં છે, જેણે ગાયમાં આટલી ઉપયોગિતાનાં દર્શન કર્યાં. વિશેષતા લોઢામાં નથી, અણુમાં નથી, પણ એ માણસમાં છે, જે એનો પ્રયોગ કરીને અંતરિક્ષમાં ઊડે છે, સાગરની લહેરો પર તરે છે. આવશ્યકતાને અનુરૂપ નવા આવિષ્કાર કરવા એ માનવમસ્તકનો સ્વભાવ છે. તેથી આધુનિક વૈજ્ઞાનિક સાધનો સામે ગાય ધનના સ્થાનથી ચ્યુત થઈ રહી છે. ગોવંશનું આ અવમૂલ્યન મનને ગમે તેટલું કઠે તો પણ ગાયને ધર્મ કહેનારા કેટલા લોકો ગાયને પાળે છે, ચરાવે છે? સાત્ત્વિક આહારમાં ફળ પછી ગાયના દૂધનું જ સ્થાન છે, તો શું ફળ ધર્મ થઈ ગયાં? ગાય માત્ર સંપત્તિ છે અને બધાની છે.

પ્રાચીનકાળમાં ગાય વિનિમયનું સાધન પણ હતી. આજના રૂપિયાની જેમ એ દિવસોમાં ગાયના માધ્યમથી વસ્તુઓ એકબીજા સાથે બદલવામાં આવતી હતી. વેદકાલીન સમાજવ્યવસ્થામાં એનો વ્યવહાર ઉત્કર્ષ પર હતો. એટલું જ નહીં, 'સોમયાગ'ના પ્રકરણમાં તો ગાય દ્વારા સોમ લેવાનું આવશ્યક મનાતું હતું. એની સંખ્યા સમૃદ્ધિનું પ્રતીક હતી. તેથી એ સમયના બુદ્ધિજીવી વર્ગે એમને વધુ ને વધુ મેળવવા માટે નવી નવી સ્મૃતિઓના માધ્યમથી પ્રયત્નો કર્યા. સામાજિક સ્મૃતિઓ ન્યાયશાસ્ત્ર છે. દૈનિક જીવનની દરેક ક્રિયાને પાપનું નામ આપવું અને દરેક પાપને કારણે ગાય દાનમાં આપવાનું વિધાન એમની જ ભેટ છે, કારણ કે એમના જીવનનિર્વાહ માટે નિર્ધારિત ત્રણ સાધન-ભિક્ષા, શીલોચ્છવૃત્તિ અને દાનમાં કેવળ દાનક્ષેત્ર જ વધારી શકાય તેમ હોવાથી તેમણે એ વધાર્યું પણ ખરું. નોળિયો મારવા બદલ પણ ઓછામાં ઓછી દશ ગાયનું દાન આપવાનું વિધાન છે મનુસ્મૃતિમાં. પ્રશાસનને પોતાના

સકંજામાં રાખીને, મોટા ભાગની જનતાને નિરક્ષર રાખીને, તેઓ જ ધર્મના વ્યાખ્યાતા બની બેઠા. એમણે પરિભાષાઓ બદલી નાખી; દાખલા તરીકે, ઋષિ એને કહે છે જે ગુરુકુળમાં અધ્યાપન કરતા હોય,-ઈન્દ્રિયોને બદલે ગોનું સમીકરણ પશુ સાથે કરવું, પશુ ગાયને ધર્મના નામે પ્રગટ કરવી, મહારાજાઓ કે મહાપુરુષોના નામ લઈને નવા નવા નિયમ ઘડવા એ એમની યુક્તિ છે. આ સ્મૃતિઓ એક વર્ણવિશેષની ભોજનવ્યવસ્થા સિવાય બીજું કાંઈ નથી.

સ્વતંત્ર ભારતના દરેક નાગરિકને, જેમને સદ્‌ભાગ્યે હવે શિક્ષણનો અધિકાર મળ્યો છે, એ બધાને માટે અમારું નિવેદન છે કે આ સ્મૃતિઓને એક વાર જરૂર વાંચો, કારણ કે ન્યાયાલયોમાં આજે પણ હિન્દુ વિધિની બાબતમાં હિન્દુધર્મીઓને ન્યાય આપવા માટે સ્મૃતિઓને જ પ્રમાણ માનવામાં આવે છે. ત્યાગ, તપસ્યા અને સાધનાની તો વાત જ છોડો, આવી સ્મૃતિમાં એક વાર પણ ભગવાનનું નામ પણ નથી આવ્યું અને એ પણ લખી નાખ્યું છે કે પરાશરસ્મૃતિ અને વેદનું અધ્યયન એક જ વાત છે. તમે આનું અધ્યયન કરો, વેદનું ન કરો તો પણ તમે વેદજ્ઞ છો.

આ જ સ્મૃતિકારોની ભેટ છે કે આજે આપણે ગાયના નશ્વર પિંડમાં સનાતન ધર્મ જોવા માંડ્યા. આપણે ઘરમાં રહીએ છીએ, આપણો ધર્મ વાડામાં બંધાઈ રહે છે. ગોવાળ-ભરવાડો પણ ઝાડની છાયામાં રહે છે, અને આપણો ધર્મ જંગલમાં ફરતો રહે છે. વાઘ ખાઈ જાય છે ને મરી જાય છે આપણો ધર્મ; કોઈ પણ આપણા ધર્મને ઉઠાવી જઈ શકે છે. ગાયની પૂજા તમે કરો ને એ આશીર્વાદ આપે છે ડેન્માર્કમાં, તો તો આપણો ધર્મ ચાલ્યો ગયો જ્યાં દૂધ આપવામાં કીર્તિનો માનદંડ સ્થાપિત થઈ ચૂક્યો છે. પણ તેઓ પૂજા નથી કરતા. ઊંચી જાત ઉત્પન્ન કરે છે.

જો ગાય ધર્મ હોય તો સૌથી મોટો ધાર્મિક પણ એ છે જે ગાયની અત્યંત નજીક છે અને એ છે ગોવાળ-પરિવાર, જેણે સેંકડો વર્ષોથી, પેઢીઓથી એ જ ગાયની સેવા કરી છે. આજે નથી એમના શરીર પર વસ્ત્ર કે ખાવા માટે પેટ ભરીને અન્ન. બુદ્ધિના સ્તરે મૂર્ખ કહીને એમની મજાક પણ તમે જ ઉડાડો છો.

કેવળ પ્રાચીન શાસ્ત્રોમાં જ નહીં, પણ દરેક યુગની સંતવાણીઓમાં પણ ગો નો અર્થ ઈન્દ્રિયો જ છે. સંત કબીર ગાયહત્યાની વાત કરે છે,-

माता मारि परम पद पावै, पिता बधे सुख होय।
गो काटे बैकुण्ठ सिधावै, सन्त कहावै सोय॥

શ્રીકૃષ્ણ કહે છે કે આ સંસારમાં ત્રિગુણમયી પ્રકૃતિ જ માતા છે અને હું જ પરમચૈતન્ય બીજરૂપ પિતા છું. આ જ પ્રમાણે કબીરજી પણ કહે છે કે જે આ પ્રકૃતિરૂપી માતાનું દમન કરી લે, તે એ પરમ પદને પામી શકે છે. એનું જ નામ છે પિતા અને એ પદ છે પરમાત્મા. એની જાણકારીથી એ પણ ભિન્ન નથી રહેતો, એમાં જ વિલય પામી જાય છે, જ્યાં અ સદા રહેનારી શાશ્વત શાંતિ, શાશ્વત સુખ પામે છે. પણ આ બધાની પ્રાપ્તિ માટે ગોહત્યા જ એકમાત્ર ચાવી છે. ગો એટલે આ ઈન્દ્રિયોની દોડની, જ કેવળ હત્યા જ નથી કરતો, પણ સંયમિત ઈન્દ્રિયોના સ્વરૂપનું પણ જે શમન કરે છે, તે એ પ્રભુને પ્રાપ્ત કરનાર હોય છે અને એ જ સંત કહેવડાવવાનો અધિકારી હોય છે. આ જ કારણ છે કે તુલસીદાસજી ગોસ્વામી કહેવાય છે. એક ગોવાળને ઘડિયાળ જોવાનું શીખવવામાં આવ્યું. તે સાડા ત્રણ કહી શકતો હતો, પણ ત્રણ ને ચાળીસ ન કહી શક્યો. બુદ્ધિના તો આ હાલ છે, તો એમની પાસે સમૃદ્ધિ ક્યાંથી હોય. સમૃદ્ધિનું મૂળ તો બુદ્ધિ છે, સ્મૃતિ છે અને અહીં એ જ સ્પષ્ટ છે. પશુ ચરાવતાં ચરાવતાં મગજ પશુવત્ થઈ ગયું, કારણ કે સોબત ન મળી. પ્રચાર કરાય છે કે ગાય સમૃદ્ધિ અને મોક્ષ આપશે, તો એમને કેમ નથી આપી દેતી? આજે તો જે ગોવાળો સારી પરિસ્થિતિમાં છે તેઓ ૭૦ ટકા ભેંસ પાળે છે, ગાય નહીં.

શાસ્ત્રોમાં આ કથન અક્ષરશઃ સત્ય છે કે ભગવાન ગો અને દ્વિજને માટે અવતાર લે છે; પણ એ ગોનો અર્થ ગાય નામનું પશું નહીં પણ મનસહિત ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયજન્ય વિકારોને દૂર કરવા માટે ભગવાનનો અવતાર હોય છે. આ જ રીતે જગજામિનીથી જ્યારે યોગી જાગે છે ગર્ભવાસની યાતનાઓથી ભિન્ન આત્મસ્વરૂપ તરફ આગળ વધવા માંડે છે, ત્યારે તે દ્વિજ છે. દ્વિતીય જન્મ પામ્યો છે માટે તે દ્વિજ છે. આ જ ભક્તો, સાધકો, વિરહી અનુરાગીઓ માટે ભગવાનનો અવતાર હોય

છે, નહીં કે કોઈ જાતિ કે પશુને માટે.

અમે એમ નથી કહેતા કે તમે ગાયને ન મારો. ગોરક્ષાની વાત નથી કોઈ મહાપુરુષની વાણીમાં કે નથી કોઈ વરિષ્ઠ શાસ્ત્રોમાં પણ એનો ઉલ્લેખ, તો શું કામ ઢંઢેરો પીટો છો? જો ક્યાંય હોય તો માનો, બતાવો તો અમે પણ માનીશું. જો આ પહેલેથી ચાલતી આવી છે, જે કેવળ ભૂલ છે, તો તે સુધારવા માટે અમે આખા સમાજને આવાહન કરીએ છીએ કે તમે સાહસપૂર્વક આગળ આવો, નહીં તો ગાય પ્રત્યેનો આ પૂર્વગ્રહ અમને, તમને, સૌને નષ્ટ કરીને રહેશે.

ગાય ઉપયોગી પશુ છે એમાં શંકા નથી. એ મૂલ્યવાન ધન છે. ધનની સુરક્ષા કોણ નહીં ઈચ્છે? તમે રક્ષા કરો. પણ 'ગાય ધર્મ છે', 'ગાય જ સનાતન ધર્મ છે' એમ કહીને સમાજને ભુલાવામાં ન નાખો. વિચારવિમર્શ તમારું અને તમારાં સૂચનોનું સદાય સ્વાગત છે.

વિશેષ-એ પ્રત્યક્ષદર્શી મહાપુરુષોનો આ નિર્ણય અક્ષરશઃ સત્ય છે કે ભગવાન ગો અને દ્વિજને માટે જ અવતાર લે છે; પણ એ ગોનો અર્થ ગાય નામનં પશુ નથી કે નથી દ્વિજનો અર્થ બ્રાહ્મણ. જો આ જ બે અવતારનાં કારણ અને રક્ષાને પાત્ર હોય તો અન્ય બધી જાતિઓનું શું થાય? તો તો બીજાં બધાંને પરમાત્માનું સંરક્ષણ મેળવવા માટે, એમનાં દર્શન અને પ્રવેશને માટે કોઈ અન્ય ઉદાર ધાર્મિક સંઘ પકડવો પડશે, કારણ કે ભગવાન કેવળ ગાય અને બ્રાહ્મણને માટે ઊતરે છે, પણ શાસ્ત્ર અને પૂર્ણત્વપ્રાપ્ત મહાપુરુષની વાણી એવી છેતરામણી નથી.

શાસ્ત્રોમાં ગો નો અર્થ મનસહિત ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયો સતાવવાના સ્વભાવની હોય છે, સદૈવ વિષયો તરફ દોડે છે. કામ-ક્રોધ, લોભ-મોહ અને અનંત વાસનાઓ દ્વારા એ વિકૃત થઈ જાય છે, અનંત યોનિઓનું કારણ બની જાય છે-આ જ ગોહત્યા છે. આ જ સનાતન પરમાત્માથી અંતર નિર્માણ કરે છે, માટે સનાતનની રક્ષાનો ઉપાય ગોરક્ષા છે, આથી વિપરિત શમ-દમ અને નિયમો દ્વારા ઈન્દ્રિયોને ઈષ્ટના આદેશને અનુરૂપ સંયમિત રાખવી એ ગોરક્ષા છે. આ જ આપણી જવાબદારી છે, ધર્મ છે. ગોરક્ષા આપણો સનાતન ધર્મ છે, કારણ કે વિવેક, વૈરાગ્ય, ધારણા, ધ્યાન, સતત ચિંતન તથા એ પરમાત્માનાં નિર્દેશનો

અનુસાર ઈન્દ્રિયોને ઢાળવાથી એ સનાતન શાશ્વત કહેવાતું અમૃત તત્ત્વ વિદિત થઈ જાય છે.

ઈષ્ટને અનુરૂપ સંયમિત ઈન્દ્રિયો બ્રહ્મપીયૂષ ધારણ કરવા માંડે છે, એથી ઈશ્વરીય આનંદની અનુભૂતિ થવા માંડે છે, તો આ જ નન્દિની છે. જેમનામાં ઈશ્વરીય આનંદ જાગ્રત હોય એવા મહાપુરુષોના સાન્નિધ્ય અને એમના દ્વારા સૂચવાયેલી ભાંગીતૂટી સેવાથી કામનાઓની સ્વાભાવિક પૂર્તિ થવા માંડે છે (દાખલા તરીકે, મહાપુરુષોની ગાય રાજા લોકો ચરાવતા હતા) અને જ્યારે આ જ સંયમિત ઈન્દ્રિયો ઈશ્વર તદ્રુપ થઈ જાય છે ત્યારે તેઓ બધી કામનાઓની પૂર્તિ કરનારી બની જાય છે, માટે કામધેનુ છે. એ મહાપુરુષની ઈચ્છા ઈચ્છાશક્તિમાં બદલાઈ જાય છે. એટલે સુધી કે ભગવાન પોતે એની ઈચ્છાપૂર્તિ કરવા માંડે છે,-

जो इच्छा करिहऊ मन माहीं। हरि प्रसाद कछु दुर्लभ नाहीं।

કામધેનુ કોઈ પશુ નથી, કે ઈચ્છા મુજબના પદાર્થો પીરસવા માંડે કે કલ્પવૃક્ષ જેવું કોઈ કાલ્પનિક વૃક્ષ નથી. વસ્તુતઃ '**सुनु सेवक सुरतरु सुर धेनु।**' ભગવાન જ સેવકને માટે કલ્પવૃક્ષ અને કામધેનુ બની જાય છે. એની કામનાઓ પૂરી કરવા માંડે છે.

ગો-વિકૃતિથી (ઈન્દ્રિયોની વિકૃતિથી) નરક છે, અનંત યોનિઓ છે અને ગોને સારી રીતે સંયમિત રાખવાથી શાશ્વત ધામ છે. એ નિઃસંદેહ છે. આની પર જ આપણો શાશ્વત સનાતન ધર્મ ટક્યો છે, કારણ કે આ જ સનાતન પરમાત્માની ઉપલબ્ધિની રીત છે અને સંસારભરમાં આ જ છે.

॥ ॐ शांतिः ॥

સમીક્ષા

શંકા સમાધાન

શ્રી પરમહંસ આશ્રમ જગતાનન્દ દ્વારા પ્રકાશિત પુસ્તક '**पशु गाय धर्म नहीं**' પર આક્ષેપ કરીને ચિત્રકૂટના એક સમાન આદરણીય આચાર્યે પુસ્તિકા લખી છે, '**सनातन धर्म की विग्रह स्वरूप गौ माता।**' એમનું કહેવું છે કે ગાય ભગવાન છે, મોક્ષ મળશે તો ગાય દ્વારા મળશે, માટે એની પૂજા કરો. અથર્વવેદ ૯/૭/૧-૨૬નો ગોનો અર્થ દર્શાવતાં એમનું કહેવું છે કે ગાયના શરીરમાં દેવતા રહે છે. પ્રજાપતિ પરમશ્રેષ્ઠી એનાં શીંગડાંમાં છે. શિરમાં ઈન્દ્ર, લલાટમાં અગ્નિ, નીચેનું જડબું પૃથ્વીલોક, જીભ વીજળીની ચમક અને મરુત દાંત છે. પીઠનું હાડકું રુદ્ર છે, વાયુદેવતા પૂંછડી છે. જ્યારે તે પૂર્વ તરફ મોઢું કરીને ઊભી હોય છે ત્યારે ઈન્દ્ર હોય છે, એ જ જ્યારે દક્ષિણોન્મુખ ઊભી હોય છે ત્યારે યમરાજ હોય છે. આ રીતે જેટલા દેવતા છે એ બધા જ ગાયમાં જ નિવાસ કરે છે. ગાય શું છે, આખો દેવસમૂહ છે. બધા શક્તિશાળી દેવતા એનામાં નિવાસ કરે છે. વજ્રધારી ઈન્દ્ર, દંડધારી યમ એની ભીતર છે.

એ દેવતાઓએ ગાયની રક્ષા કરવી જોઈએ, જ્યારે દક્ષિણમાં જ વધુ હત્યા થાય છે. અમૃત જેની નાભિમાં છે એ ગાયો ભારતનાં કેટલાંક રાજ્યોમાં કપાય છે,-વિશ્વની તો વાત જ છોડો.

વસ્તુતઃ અથર્વવેદના નવમા કાંડ, ચોથા અનુવાદ, સાતમા સૂક્તના આ મંત્રોમાં કોઈ ગાયનું વર્ણન નથી, કારણ કે એનો તેરમો મંત્ર છે,-'**क्रोधो वृक्कौ मन्युराण्डौ प्रजा शेपः।**' ક્રોધ જ એના બંને વૃક્ક (મૂત્રપિંડ) છે, મન્યુ (તેજ) બંને અંડકોશ અને પ્રજા જનનેન્દ્રિય છે. આ ઉક્તિ ગાય જેવા સ્ત્રીલિંગીય પશુ માટે અર્થવાહક નથી થતી.

આવી જ કલ્પના અથર્વવેદ, નવમા કાંડ, ચોથા સૂક્ત (ઋષભસૂક્ત)માં પણ જોવા મળે છે; જેમાં કહ્યું છે કે દેવતાઓએ ઋષભના બંને કૂલામાં

બૃહસ્પતિ, પૂંછડીમાં વાયુદેવ, પેડુમાં સૂર્યલોક ઈત્યાદિની કલ્પના કરી. જે બ્રાહ્મણ ઋષભને પ્રસન્ન કરે એ શતયાજી (સો યજ્ઞ કરનાર) થાય છે, અગ્નિ એને તપાવતા નથી, બધા દેવ એને તૃપ્ત કરે છે.

પ્રશ્ન ઊઠે છે,-કોણ છે આ ઋષભ? શું કોઈ સાંઢ? ના, કારણ કે યજુર્વેદના સત્તરમા અધ્યાયના એકાવનમા મંત્રમાં ચાર શીંગડાંવાળા વૃષભનું વર્ણન છે તો અથર્વવેદ ૪/૫/૧માં '**सहस्त्र श्रुङ्गो वृषभो**'-હજાર શીંગડાંવાળા બળદનું વર્ણન છે. યજુર્વેદ ૯/૯૧માં એનું રહસ્ય સ્પષ્ટ કરતાં કહ્યું છે, '**इंद्रस्य रूपमृषभो।**' ઠીક. આ ઈન્દ્ર, ઋષભ કે વૃષભ પરમાત્મા છે, કોઈ બળદ નહીં અને ગાય તો કદીય નહીં,

ઋગ્વેદીય ઐતરેયોપનિષદ અનુસાર ગાયના શરીરમાં તો કોઈ દેવતા રહેતા નથી. કોઈ દેવતાએ ગાયના શરીરને પસંદ જ નથી કર્યું. આ ઉપનિષદના પ્રથમ અધ્યાય, દ્વિતીય ખંડના ચાર મંત્રોમાં છે કે પરમાત્મા દ્વારા રચાયેલા બધા દેવતા બોલ્યા કે અમારે માટે એક એવા સ્થાનની વ્યવસ્થા કરો, જેમાં રહીને અમે અન્નભક્ષણ કરી શકીએ. પરમાત્મા એ દેવતાઓ માટે ગાયનું શરીર લાવ્યા. એને જોઈને એમણે કહ્યું ક આ અમારે માટે પર્યાપ્ત નથી. એમણે આમ કહ્યું એટલે પરમાત્મા એમને માટે ઘોડાનું શરીર લાવ્યા. એમણે કહ્યું કે આ પણ અમારે માટે પર્યાપ્ત નથી. ત્યારે પરમાત્મા એમને માટે મનુષ્યનું શરીર લાવ્યા. તેઓ બોલ્યા,-બસ! આ બહુ સરસ થઈ ગયું. સાચે જ મનુષ્યશરીર સુંદર રચના છે.

અહીં ગાયના શરીર કરતાં માનવશરીરને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. પરમાત્માએ એ બધા દેવતાઓને કહ્યું, પોતપોતાને યોગ્ય સ્થાન જોઈને આ શરીરમાં પ્રવેશ કરી લો, ત્યારે અગ્નિ-દેવતા વાક્ ઈન્દ્રિય બનીને મુખમાં પ્રવેશ્યા, વાયુ-દેવતા પ્રાણ બનીને નાસિકાછિદ્રમાં પ્રવેશી ગયા, દિશાઓ કાનમાં, ચન્દ્રમા મન બનીને હૃદયમાં પ્રવેશી ગયો. આ જ વાત ગોસ્વામી તુલસીદાસજી કહે છે,-'**इन्द्रियग्रह द्वार झरोखा नाना। तहँ तहँ सुर बैठे करि थाना॥**' દેવતા હોય તો મનુષ્યશરીરની અંદર

છે, બહાર ક્યાંય છે જ નહીં; તે પણ દેવી અને આસુરી વૃત્તિઓ રૂપે. ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ એમ જ કહે છે. કોણ કહે છે કે દેવતા ગાયના શરીરમાં રહે છે?

*એક જગાએ લખે છે કે ત્રિપુરાસુરે અમૃતનો કુંભ ચોરી લીધો, જેના પ્રભાવથી તે મરતો નહોતો. ત્યારે ભગવાન વિષ્ણુ ગાય બન્યા, બ્રહ્માને બનાવ્યા વાછરડો અને બધું અમૃત પી ગયા. રાક્ષસ મરાયો, સફળતા મળી. માટે ગાયને માનવી જોઈએ, કારણ કે ગાય વિષ્ણુસ્વરૂપ થઈ ગઇ.

વિષ્ણુએ તો ભસ્માસુરથી શંકરની રક્ષા માટે એક વાર મોહિનીરૂપ ધારણ કર્યું. સાગરમંથન વખતે મોહિનીરૂપથી જ દૈત્યોમાં દારૂ વહેંચ્યો. તો શું સૌંદર્યવતી મોહિનીસ્વરૂપ બધી સ્ત્રીઓની પૂજા કરવી? '**समर जलंधर सन सब हारे**' પોતાની પત્નીના સતીત્વના પ્રભાવથી જલંધર મરતો નહોતો, તો '**छल करि टारेउ तासु ब्रत**' આ જ વિષ્ણુએ કપટ કર્યું. જલંધરનું રૂપ ધારણ કરીને એની પત્નીનું સતીત્વ નષ્ટ કર્યું. સફળતા મળી-રાક્ષસ મરાયો. જો એક વાર એક ગાયનું રૂપ ધારણ કરવાથી બધી ગાયો પૂજ્ય હોય તો ચારિત્રિક મર્યાદાનું ઉલ્લંઘન કરનારા બધા જ વિષ્ણુરૂપ જ હશે. કરોને પૂજા! મત્સ્યાવતાર, કચ્છપાવતાર, વરાહાવતારના સંબંધે માછલી, કાચબા કે સૂવરને તો નથી પૂજતા, તો પછી ગાયનો જ મોહ શા માટે? બ્રહ્મા-વિષ્ણુ-શિવ સૃષ્ટિનું સંચાલન કરે છે. જેમ કામ થઈ શકશે તેમ કરશે. તેમાં પૂજવાની વાત ક્યાંથી આવી ગઈ?

*પ્રાયશ્ચિત્ત તત્ત્વ, મદન પારિજાત, અપરાર્ક વગેરે અર્વાચીન પુસ્તકોમાં ગોમતી-વિદ્યાનું વર્ણન છે, જેમા ગોહત્યાથી શુદ્ધિ માટે ગાયોની પ્રશંસામાં કહ્યું છે કે ગાયો બ્રહ્માની પુત્રી છે. બ્રાહ્મણ ને ગાય એક જ કુળનાં છે અને બે ભાગમાં વહેંચાયેલાં છે, જેમનામાંથી બ્રાહ્મણોમાં તો વૈદિક મંત્ર નિવાસ કરે છે અને ગાયોમાં દેવતાઓ માટે આહુતિઓ રહે છે.

વસ્તુતઃ બ્રહ્મા અને બ્રહ્માની સૃષ્ટિ બંનેય નશ્વર છે. ''**आब्रह्म**

भुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन'' બ્રહ્મા અને એની સૃષ્ટિ પુનર્જન્મા પરિઘમાં આવે છે. જ્યારે તેઓ જ શાશ્વત ને સનાતન નથી, તો એમનાથી ઉત્પન્ન ગાય સનાતન-ધર્મ કેમ થઈ ગઈ? એનું ભજન કેમ નથી કરતા, જે જન્મ-મરણની સીમાથી પર છે-**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते**। ગીતા ૮/૧૬. મને પ્રાપ્ત કરવાથી એનો પુનર્જન્મ નથી થતો, માટે ''**भजस्वमाम**'' મારું ભજન કર! ગાય અથવા અન્ય કોઈનું નહીં.

રામચરિતમાનસમાં છે કે ''**विधि प्रपंच गुन अवगुन साना।**'' પ્રપંચ છે શું? કહે છે કે ''**दानव देव ऊँच और नीचू। अमिय सुजीवन माहुर मीचू॥ सरग नरक अनुराग विरागा। निगमागम गुन दोष विभागा॥**'' સ્વર્ગ છે, નરક છે, દાનવ-દેવતા-સ્થાવર-જડ-ચેતન બધો વિધાતાનો પ્રપંચ છે, તેમાં ગાય પણ છે. તમે પ્રપંચની, જંજાળની, છેતરામણીની પૂજા શા માટે કરો છો?

શ્રૃગવેપુરમાં નિષાદરાજ ગુહને સાંત્વન આપતાં લક્ષ્મણે કહ્યું કે જગતની જાળ શી છે,-'**धरनि धाम धन पुर परिवारू। सरगु नरकु जहँ लगि व्यवहारू॥**' સ્વર્ગ અને નરક પણ જગતની જ જાળ છે, એમને વિશે વિચારવું એ પણ મોહ છે, અજ્ઞાન છે, પરમાર્થ નથી અને તમે એને પૂજવાની વાત કરો છો? તો પરમાર્થ શું છે?-'**सखा परम परमारथु एहु। मन क्रम वचन राम पद नेहू॥**' અયોધ્યા ૯૨/૬. મન, કર્મ અને વચન ત્રણેને રામમાં લીન કરવાનાં છે, તો તમારી પાસે રહ્યું શું જે ગાયની પૂજામાં લગાડશો?

भगत भूमि भूसुर सुरभि, सुर हित लागि कृपाल।
करत चरित धरि मनुज तनु, सुनतं मिटहिं जग जाल॥ ૯૩ ॥

પરમ પ્રભુ શ્રીરામ ભક્તની ભૂમિ, ઈન્દ્રિયોમાં દૈવી સંપદાના વિકાસ માટે અમલાત્મા ભૂસુરના હિત માટે કોઈ ભાગ્યશાળી મનુષ્યને ધારણ કરી લે છે, એના અંતરમાં ચરિત્ર વસી જાય છે, આ ચરિત્રને જે સાંભળે, અર્થાત્ પરમાત્માનો અવાજ જે સાંભળે, એની પર દૃઢતાપૂર્વક ચાલે, એને માટે જગતની જાળ નષ્ટ થાય છે.

सखा समुझि अस परिहरि मोहू।
सिय रघुवीर चरन रत होहू॥ ૨/૯૩/૧ ॥

હે સખા! આમ સમજીને મોહનો ત્યાગ કરીને સીતારામજીનાં ચરણોમાં અનુરક્ત થઈ જાઓ. મોહ શું છે? ધરણિ, ધામ, ધન, સ્વર્ગ-નરક, દેવી-દેવતા, એમાં ગાય પણ છે. એનો ત્યાગ કરો અને પ્રેમ કોને કરવાનો છે? ભગવાનને, કોઈ ગાય કે બળદને નહીં!

અહીં અવતરણવિધિ તરફ પણ વિજ્ઞજનોનું ધ્યાન ખેંચવું એ અપ્રાસંગિક નહીં થાય. અવતારનો શાબ્દિક અર્થ ઉપરથી નીચે ઊતરવું, શરીર ધારણ કરવું, અથવા પ્રાદુર્ભાવ છે. એની ક્ષીણ રેખા વૈદિક સાહિત્યમાં જોવા મળે છે; તેમાં કહ્યું છે કે એ એક પરમાત્મા સત્ છે. એ જ ઈન્દ્ર, વરૂણ, મિત્ર અને અર્યમા (શ્રેષ્ઠ, પૂજ્ય) છે. (ઋગ્વેદ ૧/૧૬૪/૪૬). અવતાર કેવી રીતે થતો હતો? ઋગ્વેદના દશમા મંડળમાં એકસો પચ્ચીસમા સૂક્તની પાંચમી ક્રિયામાં છે કે '**यं कामये तमुग्रं कृणोमि तं ब्रह्माणं तंमृषिं तं सुमेधाम्।**' જેને હું ચાહું છું એને તેજસ્વી, બ્રહ્મજ્ઞાતા, બ્રાહ્મણ, ઋષિ તથા નિર્મલ મેધાયુક્ત કરી દઉં છું. આ જ વિચારધારાનો વિકાસ કઠોપનિષદના પ્રથમ અધ્યાય, બીજી વલ્લી, ત્રેવીસમા મંત્રમાં છે કે '**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन। यमेवैष वृणते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणते तनूँ स्वाम्॥**' આ આત્મા પ્રવચનથી, વિશિષ્ટ બુદ્ધિથી કે ઘણુંબધું સાંભળવાથી પ્રાપ્ત થઈ શકતો નથી. એની તરફ ચાલનારા હજારો, લાખો પથિકોમાંથી જે કોઈનુંય વરણ (ચયન, પસંદગી) કરી લે છે, એ જ એને જોઈ શકે છે. એના નિર્દેશન અનુસાર ચાલીને એ જ એને જાણી શકે છે. ભગવાન બધાનાં હૃદયમાં છે, પણ એને એ જ જોઈ શકે છે, જેનું એ વરણ કરી લે છે. '**सब घट मेरा साइयाँ, सूनी सेज न कोय।**' પ્રભુ સર્વત્ર છે, પણ એ જ જાણી શકે છે, જેને ત્યાં એ અવતરિત થાય છે. આને જ ગોસ્વામીજી કહે છે,-**सो केवल भगतन हित लागी।** (૧/૧૨/૫), **कृपासिंधु जन हित तनु धरहीं** ('માનસ' ૧/૧૨/૧). ભગવાન કેવળ

ભક્તના હિત માટે શરીર ધારણ કરે છે. કોઈ અવ્યક્ત સ્વરૂપને પ્રાપ્ત કરનાર મહાપુરુષ દ્વારા લગનીવાળા સાધકના હૃદયમાં જાગૃત થઈ જાય છે. અવતરણની આ જ વેદોક્ત રીત છે. ગાયને માટે અવતાર વેદમાં ક્યાય છે જ નહીં. અવતાર કોઈ યોગીના હૃદયમાં થાય છે, બહાર ક્યાંય નહીં.

આ બધા આક્ષેપોથી બચવા માટે લેખક મહોદય કહે છે કે ગાય વિધાતાની સૃષ્ટિની બહાર છે, લોકોત્તર છે. એણે સ્વેચ્છાએ પશુ-શરીર ધારણ કર્યું છે. એનો પશુચિત આહાર-વિહાર અને શરીરત્યાગ પણ લીલામાત્ર છે, લોકહિત માટે છે. ગાય શું થઈ, ભગવાન થઈ ગઈ! ભલે તો. ગાય પશુ ન હોય તો એનું બીજું નામ રાખો, પણ ભગવાન કેવી રીતે થઈ ગઈ? ગાય શરીરધારી છે, આંખોથી જોઈ શકાય, બુદ્ધિથી ઓળખી શકાય છે, જ્યારે એ પ્રભુ મન-બુદ્ધિથી પર છે.

ગાયે માનવહિત માટે જ અવતાર લીધો હોય તો કોઈકે એના દૂધ-દહીંમાં પોતાનું હિત માન્યું, કોઈકે એનાં હાડ-માંસ-ચામ, માંસ-મજ્જા અને ગોરોચનમાંથી બનાવેલી દવામાં, તો ખોટું શું છે? એ કહ્યું નથી કે શાને હિત સમજવું?

મહાભારતના સમરાંગણમાં દિવ્યાસ્ત્રોનો પ્રભાવ જેની પર ન પડ્યો એ શ્રીકૃષ્ણે સામાન્ય પારધીનું એક બાણ સ્વીકારી લઈને પોતાની લીલા સંકેલી લીધી; જો ગાય પણ લીલાથી જ શરીર ત્યાગતી હોય તો એને લીલા કરવા દો, એની લીલામાં કોણ અવરોધ ઊભો કરી શકે?

લેખકના કહેવા મુજબ ગાય પર સંકટ આવતાં જ ભગવાન અવતાર લેશે. જો ભગવાન આવે ત્યારે જ ગાયની રક્ષા થતી હોય, તો વચ્ચે મનુષ્ય શા માટે હેરાન થાય? જો ગાય અરક્ષિત હોય, રક્ષા માટે તમારી પાસે આશા રાખતી હોય, તો તમારી રક્ષા કેવી રીતે કરે? જે ગાયસહિત સૌનો રક્ષક છે,-''**जाकर तैं** (ગાય) **दासी सो अविनाशी, हमरउ तोर सहाई**''-એ અવિનાશી ભગવાનને કેમ નથી ભજતા?

ભગવાનનો અવતાર જલદી થાય તે માટે નારદ જેવા મહર્ષિએ કંસ દ્વારા દેવકીનાં છ અબોધ અને નિરપરાધ શિશુઓની હત્યા કરાવી. આવી હત્યા માટે પ્રોત્સાહન આપવું એ શું કોઈ મહાત્માને શોભે છે? તેઓ ગાય મરાવતા નહોતા, માનવ-બાળકોને મરાવતા હતા, તે પણ શ્રીકૃષ્ણના સગા ભાઈઓને! તો પણ નારદને કોઈ પાપ ન લાગ્યું. શ્રીકૃષ્ણે ત્યાં એમનું આવવું-જવું અને સન્માન યથાવત્ રહ્યાં. માટે કોઈ નહીં તો મહાત્માઓએ તો આ સંકટ નારદની પરાકાષ્ઠાએ પહોંચાડવું જોઈએ, જેથી અવતાર લેવાની વાત ભગવાન ટાળી ન દે!

*લેખકે કવિકુળગુરુ કાલિદાસરચિત 'રઘુવંશ' મહાકાવ્યમાંથી અવતરણ આપ્યું છે કે મહરાજા દિલીપે ગો-સેવા કરી, તેથી તેમને પુત્ર થયો. દિલીપ ચક્રવર્તી રાજા હતા. જો કેવળ ગાયો ચરાવવાથી સંતાન ઉત્પન્ન થતાં હોય તો પોતાની જ ગાયોને કેમ ન ચરાવી લીધી? વસ્તુતઃ સંતાનના અભાવનું દુઃખ લઈને તે ગુરુ વશિષ્ઠ પાસે ગયા. વિનંતી કરી. વશિષ્ઠ દ્રવીભૂત થયા, એક સેવા સોંપી દીધી. એમની પાસે ગાય જ હતી, તો મોટર સાફ કરવાની સેવા ક્યાંથી આપે?

કથા છે કે એ જ ગાયને વાઘે પકડી લીધી. દિલીપે કહ્યું કે આ તો ઋષિની ગાય છે માટે એને છોડી દે. એમ ન કહ્યું કે ગાય ધર્મ છે, માટે એને છોડ. વસ્તુતઃ મહાપુરુષ માટે કરેલી સેવા જ આશીર્વાદ બનીને આવે છે. મહાપુરુષની ઈચ્છાને ભગવાન જ પૂરી કરે છે,-''**जो इच्छा करिहउ मन माहीं। हरि प्रसाद कछु दुर्लभ नाहीं॥**'' અમારા પરમહંસજી મહારાજે પણ ઘણાને આશીર્વાદ આપ્યા, પણ આ ભેટ મહાપુરુષની છે, ગાયની નહીં. દશરથને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ મહાપુરુષે જ આપ્યા હતા. ફૉર્મ્યુલા પુરાણી હોવા છતાં ગો-સેવાની શરત એ જ મહર્ષિ વશિષ્ઠે નહોતી કરી, મહારાજ દશરથની પુત્રપ્રાપ્તિ માટે બીજો ઉપાય કર્યો. મહાભારતકાળમાં નિયોગ-વિધિ અપનાવવામાં આવી. ગાય ચરાવવી એ પુત્રપ્રાપ્તિનો રસ્તો હોત તો વંશોચ્છેદની ભેખડ પર ઊભેલા અનેક પરિવારમાં આશાનો દીપ પ્રગટી ઊઠે. કોઈ સંતાન વગરનું ન રહે.

*ગાયોના સમર્થનમાં લેખકે મહાભારતમાં ઉલ્લેખનીય વશિષ્ઠની કામના ઉદ્ધૃત કરી છે કે જે રીતે નદીઓ સાગરને મળે છે એ રીતે ઉન્મુક્ત રૂપથી દૂધ દેનારી, સોનાથી મઢેલ શીંગડાંવાળી ગાયો મને હંમેશાં મળતી રહો. લખે છે કે જો ગાય ધર્મ ન હોય તો વશિષ્ઠ એમની વચ્ચે રહેવાનું શા માટે પસંદ કરે? વસ્તુતઃ મહર્ષિ વશિષ્ઠ ચક્રવર્તી રાજાઓના પુરોહિત હતા, એટલે તો સોનેમઢેલ શીંગડાંવાળી ગાયની કામના કરે છે. સોનાનાં શીંગડાંવાળી ગાયો પેદા તો થતી નથી. એને તો કોઈ વ્યક્તિ જ મઢાવી આપે. એમને થોડીક ગાયો મેળવીને તૃપ્ત થઈ જવું જોઈતું હતું, પણ કહેવત છે કે ''**जिमि प्रतिलाभ लोभ अधिकाई।**'' સંપત્તિથી મન ન ભરાય તેમાં શી નવાઈ? એનો જ તો એમને ખેદ હતો,-'**उपरोहित्य कर्म अति मन्दा। वेद पुराण सुमृति कर निन्दा॥**'

વશિષ્ઠ જ શા માટે, વૈદિક ઋષિઓની કામનાઓ પણ જોઈએ,- ''**सनेयमश्वं गां वासऽ आत्मानं तव पुरुषः।**'' (યજુ. ૧૨/૭૮) કે હે પરમાત્મા! હું ઘોડા, ગાય, વસ્ત્ર અને આત્માનું નિરંતર સેવન કરું. ''**अन्नवतां ओदनवतां आमिक्षवतां एषः राजा भूयासम्।**'' હે ભગવાન! જ્યાં અન્ન થતું હોય, જ્યાં ચોખા થતા હોય, જ્યાં દૂધ, દહીં અને માવો થતો હોય, એવા લોકોનો હું રાજા બનું. આજના લોકો હોત તો કહેત કે હે ભગવાન! હું મુંબઈમાં રહું, ફ્લૅટ ખરીદું, તો શું આ ધર્મ થઈ ગયો? વશિષ્ઠે કામના કરી તો શું થઈ ગયું? પુરોહિત બીજું શું માગે? મોટા ભાગના દાનમાં, સંપત્તિઓમાં શ્રેષ્ઠ તો આ જ ગોધન હતું.

*મહાભારતમાં જ ગાયથી ચડિયાતી એક ચીજ દેખાડવામાં આવી છે અને એ છે સોનું! અનુશાસન-પર્વમાં છે કે ક્ષત્રિયોના સંહારનું પાપ નષ્ટ કરવા માટે પરશુરામજીએ પૃથ્વી, ગાય અને અન્નનું દાન કર્યું, એટલે સુધી કે અશ્વમેધ યજ્ઞ કર્યો, પણ પાપમુક્ત ન થયા, ત્યારે એમણે વશિષ્ઠ વગેરે ઋષિઓને પૂછ્યું. એમણે કહ્યું કે ભૃગુનંદન! પૃથ્વી પર ભૂમિ, ગાય અને બધાં દાન કરતાં પાવન છે સુવર્ણનું દાન.

*જે ગાયની રક્ષા ભગવાન કરે છે તે વસ્તુતઃ મનસમેત ઈન્દ્રિયો જ છે. પોતાના બળ પર સાધક એમને વશ નથી કરી શકતો-''**छूटइ मल कि मलहि के धोये**'' કારણ કે ''**गो गोचर जहँ लगि मन जाई। सो सब मया जानेहु भाई।**'' બુદ્ધિ-વિવેકથી તમે જે કાંઈ કરો છો તે માયિક ક્ષેત્રના જ નાના-મોટા નિર્ણય હોય છે. એ માયાથી પર અવિનાશીનો નિર્ણય ન હોઈ શકે. માટે ''**तुलसी मन वश होइ तबहिं जब प्रेरक प्रभु बरजे।**'' જ્યાં સુધી એ પ્રભુ હૃદયથી રથી થઈને અટકાવે નહીં, (હૃદયથી રથી થવું એ જ એમનો અવતાર છે. જ્યાં સુધી તેઓ તેમ કરે નહીં) ત્યાં સુધી તમારી ઉપર ભગવાનની કોઈ કૃપા નથી. કૃપા માની લેવાથી કૃપા થઈ નથી જતી. 'માનસ'માં છે કે ''**जेहि पर कृपा करहिं जनु जानी। कवि उर अजिर नचावहिं बानी॥**'' અનુભૂતિ થવા માંડે છે. શ્રીકૃષ્ણ કહે છે કે સાધનાના સાચા માર્ગ નિયત કર્મ પર ચાલતાં જ તે નિર્લેપ, સાક્ષી પરમાત્મા હૃદયદેશમાં જાગૃત થઈ જાય છે, ક્રમશઃ '**अनुमन्ता, उपदेष्टा च भर्ता, भोक्ता महेश्वरः**' અને '**परमात्मेति**' બની જાય છે. પૂજ્ય મહારાજજી કહેતા હતા, 'હા! ભગવાન એ રીતે વાત કરે છે જેમ હું-તમે કલાકો સુધી બેસીને વાત કરીએ અને ક્રમ ન તૂટે. ભજન કોઈ કરતું નથી પણ ભગવાન જ કરાવી લે છે. એ સાથે ન રહે તો નિવૃત્તિ અપાવનાર ભજનનો આરંભ જ નથી થતો.

બહાર સંસારમાં પશુયોનિમાં જે ગાય છે તે કેવળ સંપત્તિ છે. અથર્વવેદમાં છે,-**गावो भागो** (૪/૨૧/૫) અર્થાત્ ગાય ધન છે. મહાભારતમાં છે કે ''**गोभिःस्तुल्यं न पश्यामि धनं किंचित् इहाच्युत**'' (અનુશાસન-પર્વ ૫૧/૫૬) અર્થાત ગાય સમાન કોઈ ધન આ સંસારમાં હું જોતો નથી. ઠીક. ગાય ધન છે. ધન સામાજિક વ્યવસ્થા માટે આવશ્યક પણ છે, ધનોપાર્જન અને સંગ્રહ માટે લોકો કેટલાં કષ્ટ વેઠે છે. તમે ગોધનની સુરક્ષા કરો પણ ગાયને વૈકુંઠનું સાધન, પરમધર્મ કહીને ભોળી જનતાને ભયમાં ન રાખો.

*આ પુસ્તિકાના સંદર્ભમાં એક મનોરંજક તર્ક આ કરીએ છીએ કે,

''**गो द्विज धनु देव हितकारी**'' આ ચરણમાં ગોસ્વામીજીએ ગો તથા ધેનુ, એ સમાનાર્થક શબ્દોનો પ્રયોગ એ કારણે કર્યો કે ગો શબ્દને લોકો ભલે અનેકાર્થક માની લે, પણ ધેનુ શબ્દ તો કોઈ પણ રીતે ગાય સિવાય કોઈ પણ અર્થનો બોધ નથી કરી શકતો, તો હવે એનું શું કરવું, કે ધેનુ શબ્દ પણ અનેકાર્થક છે. વેદમાં આ શબ્દ વાણી માટે પણ પ્રયોજાયો છે, ''**सा ते काम दुहिता धेनुरुच्यते यामाहुर्पाचं कवयो विराजम्**'' (અર્થ ૯/૨/૫) ધેનુ શબ્દ ધનસૂચક પણ છે. મત્સ્યપુરાણ, વરાહપુરાણ વગેરેમાં દશ-બાર પ્રકારના ધેનુઓનું વર્ણન છે, દા.ત. ગુડધેનુ, તિલધેનુ, મધુધેનુ, શર્કરાધેનુ, દધિધેનુ, નવનીતધેનુ, રત્નધેનુ, જલધેનુ, લવણધેનુ, કપાસધેનુ, ધાન્ય અર્થાત્ અનાજધેનુ આ બધાં ધન નથી તો શું છે? આજના યુગમાં રેડિયમધેનુ છે, પેટ્રોલધેનુ છે, વીજળીધેનુ છે.

ભૌતિક સંપત્તિનો ઉપયોગ મનુષ્યના આયુષ્ય સુધી જ સીમિત છે, પણ મૃત્યુ પછીય જે સંપત્તિ સાથ આપે છે તે આત્મિક સંપત્તિ. એ પોતાનું જ ધન છે. એક વાર જો પ્રાપ્ત થઈ જાય તો ચોક્કસ જ કલ્યાણ કરે. ગો-સંયમ દ્વારા જ એ આત્મિક સંપત્તિ પ્રાપ્ત થાય છે, માટે ગોનું બીજું નામ ધેનુ છે. આત્મિક સંપત્તિને જ શ્રીકૃષ્ણે ગીતામાં દૈવી સંપત્તિ કહી છે, માટે ગોનું ત્રીજું નામ સુરભિ છે, કારણ કે એ પરમદેવ પરમાત્માના સુરત્વને પોતાનામાં સ્થાન આપે છે.

*કહે છે કે ગો ચરાવીને પાછા આવતી વખતે શ્રીકૃષ્ણના માથા પર ગોધૂલિ ચોંટેલી રહેતી હતી, તેથી ધન્ય છે એ ગોમાતા! કોઈક વાર્તા કહેતું હતું કે એક મૌલવીસાહેબ રોજ પાશેર દૂધ ખરીદતા હતા. એક વાર મૌલવીસાહેબ બહુ જ ખિજાયા, કેવું દૂધ આપ્યું હતું, કાલે તારા દૂધમાં માખી નીકળી. પાશેર દૂધમાં માખી નહીં તો હાથી નીકળે? આ રીતે શ્રીકૃષ્ણ પણ બચપણમાં ગાય ચરાવતા હતા, નંદને ત્યાં પણ એ જ વ્યવસ્થા હતી.

ગોધૂલિથી શોભા વધતી હોય તો આજકાલના ગોવાળોને કેમ કોઈ લેતા નથી? આ પણ કોઈ તર્ક નથી કે સ્વેચ્છાએ ગાયને ધર્મ સમજીને

ચરાવતા હતા, કારણ કે જેવી અક્રૂર પાસેથી ખબર પડી કે શ્રીકૃષ્ણ મથુરા ગયા અને હવે પછી ક્યારેય ગાયો ચારવાનો અવસર નથી મળતો, ત્યારે ક્યાં ગઈ એમની ઈચ્છા? કેમ છોડી દીધો એમણે ગાય ચરાવવાનો ધર્મ? રહી ગોમૂત્રથી શ્રીકૃષ્ણને નવડાવવાની વાત. તો આજે પણ આદિવાસી, પછાત ક્ષેત્રોમાં, જ્યાં હૉસ્પિટલ નથી, ખરજવું વગેરે ચામડીના રોગ થાય તો છાણ ઘસીને સ્નાન કરે છે, ઘી અને દૂધની મટકી ઉપર છાણ લગાડીને બજારમાં લઈ જાય છે, ગ્રહણ લાગે ત્યારે છાણથી લીંપે છે. આ ટૂચકો છે, રીત છે, સુરક્ષાના પ્રયત્ન છે, ધર્મ નથી.

*વિદ્વાન લેખકે આ તરફ ધ્યાન ખેંચ્યું છે કે નિશાચર ગો-બ્રાહ્મણ પર જ વધારે અત્યાચાર કરતા હતા, ડુક્કર કે ગધેડા પર નહીં. ગાય ધર્મ જ ન હોય તો નિશાચરોના સૌથી વધુ શિકાર કેમ બનત? પણ એવુંય નથી. રાવણને ત્યાં 'મહિષ માનુષ ધેનુ ખર અજ' વગેરે બધું જ ખાતા હતા. ગાય જ નહીં, ગધેડાનેય ખાતા હતા. કોણ કહે છે કે ગધેડાને નહોતા ખાતા? હા, ગાય એ વખતની સંપત્તિ હતી અને બ્રાહ્મણ બુદ્ધિજીવી હતો. સામાજિક વ્યવસ્થાના બંનેય આધારસ્તંભ હતા, એટલે તેઓ સહેલાઈથી મળતાં નહોતાં. તેથી રાવણને એમને પ્રાપ્ત કરવા માટે બળ વાપરવું પડ્યું હતું. આજે પણ કોઈ દેશ બીજા પર હુમલો કરે છે તો ત્યાં સંપત્તિ છીનવી લેવાનો અને બુદ્ધિજીવીઓને નષ્ટ કરવાનો જ પ્રયાસ કરે છે. ત્યારે કોઈ પર અત્યાચાર થાય તો તે શું સનાતન ધર્મ થઈ જાય? દાનવ અને દેવતા વિધાતાના પ્રપંચના બે છેડા છે. એક ગુણોનું નામ છે, બીજું દુર્ગુણોનું નામ છે, ક્યાંયે શીંગડાંવાળા રાક્ષસ નથી થતા. શ્રીકૃષ્ણને ભગવાન માનવામાં આવે છે, વાસુદેવ દેવતા, નંદ-યશોદા માનવ તથા બાણાસુર, કંસ વગેરે સગાસંબંધી રાક્ષસ હતા. જેમનામાં જેવા ગુણનું બાહુલ્ય હતું, એવી સંજ્ઞા મળી. શ્રીકૃષ્ણ અનુસાર (ગીતા અ. ૧૬) સૃષ્ટિમાં મનુષ્ય કેવળ બે પ્રકારના હોય છે, ચાર પ્રકારના નહીં, દશ પ્રકારના નહીં, ત્રીજી કોઈ જાતિ હોઈ જ ન શકે. દૈવી સંપદાપ્રધાન વ્યક્તિ દેવતા અને આસુરી સંપદા ધારણ કરનારા અસુર છે. બે સગા ભાઈઓમાંથી એક દેવતા તો બીજો અસુર હોઈ

શકે છે, એમનાં ખાનપાન ધર્મના માપદંડ ન થઈ શકે.

*લખે છે, ગાય હવ્ય દ્વારા દેવતાઓનું, કવ્ય (પિતૃઓને અપાતા પિંડ) દ્વારા પિતૃઓનું, દૂધ-દહીંથી મનુષ્યોનું અને મળ-મૂત્ર દ્વારા અનાજનું પોષણ કરે છે. માન્યતા છે કે સ્વાહા બોલીને હવનસામગ્રી અગ્નિમાં નાખીને જે યજ્ઞ કરાય છે, એનાથી જ દેવતાઓનું પાલનપોષણ થાય છે. પહેલાં તો એ જ વિચાર કરવો જોઈએ કે આગમાં ઘી અને હવિ બાળવા એ યજ્ઞ છે કે નહીં? ગીતામાં શ્રીકૃષ્ણનું કહેવું છે કે પરમાત્માનું મિલન કરાવનાર વિધિવિશેષનું નામ યજ્ઞ છે. ઈન્દ્રિયોનું શમન યજ્ઞ છે. મહાપુરુષના સ્વરૂપનું સ્મરણ યજ્ઞ છે. શ્વાસ-ઉચ્છ્વાસની ગતિનો નિરોધ કરીને પ્રાણાયામની સ્થિતિ પ્રાપ્ત કરવી એ યજ્ઞ છે. સંકલ્પોનો નિરોધ જ પ્રાણાયામ છે. આ જ મનની વિજેતા અવસ્થા છે. ચિત્તવૃત્તિઓના નિરોધની અવસ્થા છે, અહી જ યજ્ઞનું પરિણામ આવે છે કે ''**यज्ञ शिष्टामृतभजो यान्ति ब्रह्म सनातनम्**॥'' (૪/૩૧). યજ્ઞનું પરિણામ છે પરમાત્મા સનાતન બ્રહ્મ! જેની પૂર્ણતાના સમયે સનાતન બ્રહ્મ ન મળે એ યજ્ઞ કેવો? સ્વાહા બોલવાથી, ચરણામૃત પીવાથી એ પરમાત્મા મળતો જણાતો નથી.

યોગેશ્વર શ્રીકૃષ્ણ નિર્ણય આપે છે કે અર્જુન! આ સમગ્ર યજ્ઞો મન અને ઈન્દ્રિયોની ક્રિયાથી પરિપૂર્ણ થતા હોય છે. શ્વાસમાં તમે લાગી જાઓ, ધ્યાનમગ્ન થઈ જાઓ, તો શ્રદ્ધા બેસે છે, મન, અનુરાગ, વિરહ એ જ લાગે છે. શ્રીકૃષ્ણ કહે છે કે ભૌતિક દ્રવ્યોથી સિદ્ધ યજ્ઞો પણ છે, પણ જે યજ્ઞ શ્રીકૃષ્ણે બતાવે છે એની તુલનામાં ભૌતિક યજ્ઞ અત્યંત અલ્પ છે, તો તમે એ યજ્ઞ કેમ નથી કરતા જેનું પરિણામ અલ્પ નથી. એ યજ્ઞ કેમ નથી કરતા જેની વિધિ ગીતામાં છે? એની જ પર તો શ્રીકૃષ્ણે બહુ ભાર મૂક્યો કે આ જ શાસ્ત્રવિધિ છે. જેઓ આ શાસ્ત્રવિધિ તજીને નામમાત્રના યજ્ઞ કરે છે, એટલે કે યજ્ઞનું નામ આપી દે છે, યજ્ઞ નથી એવા યજ્ઞો કરે છે, તેઓ યજ્ઞ નથી કરતા, પણ પરમાત્માનો દ્વેષ કરે છે. મળવાને કોઈ કહે દુશ્મનાવટ થઈ ગઈ, એ પણ ભગવાન સાથે! તો તો બચવું અશક્ય છે!

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે જેઓ ગીતોક્ત વિધિથી યજ્ઞ નથી કરતા, એવા નરાધમોને, ક્રૂરકર્મીઓ અને પાપાચારીઓને હું અપવિત્ર નરકમાં નાખું છું, વારંવાર આસુરી યોનિઓમાં નાખું છું, એ જ નરક છે, નહીં કે પાતાળમાં ક્યાંક નરક-કૂંડ ખોદ્યો છે. આ રીતે શ્રીકૃષ્ણ દ્વારા નિર્ધારિત યજ્ઞમાં ગાયનાં દૂધ-ઘી નથી લખ્યાં, હા, ગોસંયમ જરૂર રાખવો પડે છે; આ સંયમથી મળતો રસ જરૂર પ્રાપ્ત થાય છે. જ્યારે ગોસંયમ રખાય ત્યારે સનાતન વિદિત થવા મંડે છે. તેથી ગોરક્ષા આપણો સનાતન ધર્મ છે. ગાય-બળદ પાળવા એ નથી ગોરક્ષા કે નથી સનાતન ધર્મ!

વેદમાં પણ ગાયની નાભિને છેદીને યજ્ઞની વાત કહેવાઈ છે. ગાયને નિરસ કરીને એને દોહવાની વાત કહી છે,-**निरस्य रसं गविषो दुहन्ति** (ऋ. ૧૦/૫૬/૭). ગોસ્વામીજી પણ આ જ કહે છે,-''**जिन पवन मन गो निरस करि मुनि ध्यान कबहुँक पावही।**'' એને નિરસ કરવાથી જ ભગવાન ધ્યાનમાં આવે છે. શું ગો એટલે ગાય? ના. અન્યત્ર કહે છે, ''**निरस्य इन्द्रियादिकं यान्ति ते गतिं स्वकं**''-ઈન્દ્રિયોને નિરસ કરવાથી જ પોતાની સ્થિતિ, સ્વરૂપમાં સ્થિતિ મળે છે. ગો એટલે ગાય, પણ આત્માની સદ્‌ગતિ માટે, પરમાત્માની પ્રપ્તિના સંદર્ભમાં ગોનો અર્થ મનસમેત ઈન્દ્રિયો જ છે, પશુ ગાય કદીય નહીં. ''**गच्छन्ति विषयानि इत गावः**'' વિષયોમાં જે ગમન કરે તે ગાય છે. અર્થાત્ ઈન્દ્રિયો એમને જ વિષયોથી વાળીને પરમાત્મામાં લગાડવી જોઈએ. આ જ તો સાધના છે. વેદમાં છે કે ''**शूरो न गोषु तिष्ठति**'' (ऋग्वेद ૯/૧૬/૬). અર્થાત્ શૂરવીર એ જ છે જે ઈન્દ્રિયોમાં રમણ નથી કરતો. ગાયની પૂજાથી પરમ ગતિનુ વિધાન વેદમાં તો નથી જ, બીજે ક્યાંય પણ નથી.

કાગડાઓને ખવડાવાય એને કવ્ય છે. માન્યતા છે કે એનાથી પિતૃઓ તૃપ્ત થાય છે; પણ યોગેશ્વર શ્રીકૃષ્ણની માન્યતા કંઈક જુદી છે. ગીતાના ૧૫મા અધ્યાયમાં તેઓ કહે છે કે અર્જુન! ગંધની જગ્યાએથી વાયુ જેમ ગંધને ઉપાડીને લઈ જાય છે, એ જ રીતે ભૂતાદિકોના સ્વામી આ જીવાત્મા જે શરીરને તજે છે એ શરીરમાંથી ઈન્દ્રિયો અને મન દ્વારા

કરાયેલા વ્યાપારોને લઈને બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને બીજા શરીરમાં ફરીથી ઈન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરે છે.

બીજા અધ્યાયમાં કહે છે કે ''**वासांसि जीर्णानि यथा विहाय**'' જેમ આપણે જૂનાં વસ્ત્ર બદલીને નવાં પહેરી લઈએ છીએ એ જ રીતે આત્મા શરીરરૂપી વસ્ત્ર બદલી લે છે. વસ્ત્ર બદલનાર જીવંત હોય તો કવ્ય કોને દો છો? અહીં શરીર છૂટ્યું, ત્યાં મળ્યું, વચ્ચે કોઈ વિરામ નથી, કોઈ ખાડો નથી, કોઈ નરક નથી, જેમાં પિતૃઓ પ્રતીક્ષા કરતા હોય તો તમે કોને તૃપ્ત કરો છો? આત્મા જ્યાં પણ જાય, જે નવા શરીરમાં જાય, ત્યાં પણ ભોગ છે જ, તો તૃપ્ત કોને કરો છો? એ આત્માની તૃપ્તિ જ્યારે પણ થશે, ત્યારે માનવશરીરમાં જ થશે, કવ્યથી નહીં. તેથી જ્યારે અર્જુને '**लुप्त पिण्डोदकक्रिया**'નો ભય દેખાડ્યો ત્યારે યોગેશ્વરે એને અજ્ઞાન ઠરાવતાં કહ્યું કે ''**कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्**'' (૨/૨). પૂર્વજોના નિમિત્તે જે દાન-પુણ્ય કરાય છે,તે ફક્ત શ્રદ્ધા-નિવેદન જ છે. એ તમે ગમે તેટલું કરો પણ એથી એમની તૃપ્તિ કેવી? કાગડાને ખવડાવવાથી તૃપ્તિ, તે પણ મનુષ્યને? આવા કોઈ અંધવિશ્વાસનું સમર્થન ગીતા નથી કરતી.

*લખે છે કે હવ્ય-કવ્ય જ નહીં, ગાય મનષ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપે છે, લોક અને પરલોક આપે છે, માટે ધર્મ છે. પણ રામચરિતમાનસ શું કહે છે?

वरषा रितु रघुपति भगति, तुलसि सालि सुदास।
राम नाम बर बरन युग, सावन भादव मास॥ ૧/૧૯ ॥

રઘુપતિની ભક્તિ જ વર્ષાઋતુ છે, પ્રભુનો દાસ ધાન્ય છે. રામનામના બે અક્ષર શ્રાવણ અને ભાદરવો એ બે મહિના છે, અર્થાત્ ભક્તની તૃપ્તિ આ જ નામથી થાય છે; ગાયથી નહીં.

आखर मधुर मनोहर दोउ। बरन विलोचन जन जिय जोउ॥
सुमिरत सुलभ सुखद बस काहु। लोक लाह परलोक निबाहू॥

રામનું નામસ્મરણ લોકમાં સમૃદ્ધિ અને પરલોકમાં પરમ સુખની અવસ્થા કરે છે. આ રામનામનો મહિમા છે, ગાયનો નહીં. **सब जगु ताहि अनल ते ताता। जो रघुवीर विमुख सुनु भ्राता॥** જે ભગવાનથી વિમુખ હો એને માટે સમગ્ર જગત અગ્નિ કરતાં પણ વધુ બાળનાર બની જાય છે (અરણ્ય ૧/૮). સુખનું તો શું કહેવું?

अन्धकार वरु रविहिं नसावै।
राम विमुख जीव न सुख पावै॥ ૭/૧૨૧/૧૮ ॥

એક પરમાત્મા સિવાય અન્યત્ર ક્યાંય સુખ છે જ નહીં, તો કોઈ પામે ક્યાંથી?

એ કહે છે કે ગાય મોક્ષ અપાવશે, તારશે ગૌ માતા! જ્યારે ગોસ્વામીજી કહે છે,-

रामचन्द्र के भजन बिनु, जो पद चह निर्बान।
ज्ञानवन्त अपि सो नर, पशु बिनु पूंछ विषान॥ ૭/૭૮ ક ॥

ભગવાનની આરાધના વગર જો કોઈ આશા રાખે, તો એ ભલે એ પોતાને જ્ઞાની કહેતો ફરે, ગોસ્વામીજીના શબ્દોમાં તે શીંગડાં-પૂંછડી વગરનો પશુ છે, મનુષ્ય નહીં. આથી વધુ ગોસ્વામીજી શું કહે?

वारि मथे घृत होइ बरु, सिकता हे वरु तेल।
बिनु हरि भजन न भव तरिय, यह सिद्धांत अपेल॥

*વિદ્વાન લેખકનો બીજો તર્ક છે કે વાલ્મિકી રામાયણમાં મારીચિએ રામને ધર્મનો વિગ્રહ કહ્યો, વ્યાસે કૃષ્ણને ધર્મ કહ્યા. ગાય, બ્રાહ્મણ, સતી વગેરે ભગવાનનું શરીર છે. એ ન્યાયે પણ ધર્મ થાય. એટલું તર્કશાસ્ત્ર ભણવાની શી જરૂર છે કે વિષ્ણુ-સ્વરૂપા છે માટે ધર્મ છે, ધારણ કરે છે માટે ધર્મ છે. વાલ્મીકિ અને વ્યાસે જે જે કહ્યું, એને જેમનું તેમ શા માટે માની લેતા નથી કે રામ અને કૃષ્ણ ધર્મના સ્વરૂપ છે. અવ્યક્ત ભાવને પ્રાપ્ત કરેલા મહાપુરુષ વાસ્તવમાં ધર્મના વિગ્રહ હોય છે. ગાયને

તો ધર્મનો વિગ્રહ કહી નથી, તો ખેંચીતાણીને ગાય તરફ કેમ દોડો છો? લાગે છે કે ભાવુકતાના આવરણમાં કોઈ રૂઢિ મનમાં ઘર કરી બેઠી છે.

*લખે છે કે ગાય, બ્રાહ્મણ, વેદ, સતી, સત્યવાદી, લોભ વગરના અને દાની પુરુષ પૃથ્વીને ધારણ કરે છે અને જે ધારણ કરે છે તે ધર્મ છે; માટે ગાય ધર્મ છે. પણ ના, પૃથ્વીને તેઓ ધારણ નથી કરતા! પૃથ્વી ગ્રહોની પરસ્પર આકર્ષણશક્તિથી ટકેલી છે. બધાં મળીને ધારણ કરતાં હોય તો એકલી ગાય જ શા માટે? પહેલાં સૂર્યના રથને ઘોડા જોડાતા હતા. ચન્દ્રમાને મૃગચર્મની ચોટ લાગી હતી, ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધીની ધરતી ગાય બનીને દોડતી હતી, પણ આ પૌરાણિક કલ્પનાઓના દિવસો ગયા. ખગોળની શોધો સાથે પૌરાણિક માન્યતાઓના વિસર્જનના દિવસો આવ્યા છે કે પૃથીને કોઈક ગાયે ધારણ કરી રાખી છે. વાસ્તવમાં લોભરહિત પુરુષ, દાની પુરુષ, સત્યવાદી પુરુષ, બુદ્ધિજીવી વર્ગ કે ગાય-આ બધાં મળીને સામાજિક વ્યવસ્થા ધારણ કરે છે અને વ્યવસ્થાઓ શાશ્વત હોતી નથી, સનાતન હોતી નથી, ધર્મ હોતી નથી! એમનામાંથી મોટા ભાગનીનું મહત્ત્વ હવે પૂરું થઈ ગયા જેવું છે, કારણ કે એમના કરતાં સારી વ્યવસ્થાઓ થઈ ગઈ છે.

*લેખક મહોદય કહે છે કે અથર્વવેદ ૯/૧/૪માં ગાયોને ''**माता रुद्राणां, दुहिता वसूनां, स्वसा आदित्यानाम्**'' કહે છે, અર્થાત્ ગાય રુદ્રોની માતા, વસુઓની પુત્રી અને આદિત્યોની બહેન છે. જે બધાને રડાવે છે તેને રુદ્ર કહે છે. ગાયને નહીં માનો તો અગિયાર રુદ્ર તમને રડાવશે. એમને શા માટે નથી રડાવતા જેઓ ગાયોની હત્યા કરે છે? લખે છે, વસુ ધનના દેવતા છે. ગાયોને નહીં માનો તો વસુ તમને નિર્ધન બનાવી દેશે. જોકે ભારતના કેટલાક જ પ્રદેશો સિવાય અધિકાંશ વિશ્વ માંસાહારી છે. બીફ (ગો-માંસ) માટે મોટાં મોટાં ફાર્મ ખૂલ્યાં છે. દૂઝણી ગાય જુદી, ભોજન માટેની ગાય જુદી, જે રીતે મત્સ્યપાલન કરે છે. પચ્ચીસ લિટરથી ઓછું દૂધ દેતી ગાયો ભોજનના કામમાં આવે છે. પચ્ચીસથી સાઠ લિટર દૂધ દેતી ગાયોને પાળવામાં આવે છે. વિશ્વભરને

દૂધનો પાઉડર પૂરો પાડે છે, એમનાં મકાનો ત્રીસ-ત્રીસ માળનાં છે. ગાયની રખેવાળી હેલિકૉપ્ટરથી કરે છે. નથી ધનનો અભાવ, નથી વસુઓએ નિર્ધન બનાવ્યા, નથી રુદ્રે દંડ દીધો. જે રીતે અભણ અને ભોળી પ્રજા પર ઓઝા લોકો અત્યાચાર કરે છે, ભૂત અહીંથી આવ્યા છે, બચો! એક મરઘી આપો, એક બાટલી શરાબ આપો. આ ધમકી પણ કંઈક એવી જ છે. આઝાદી પહેલાં ભારતમાં શિક્ષણની ટકાવારી બહુ ઓછી હતી, ત્યારે ગાય પ્રત્યે આ મોહ કંઈક વધારે જ હતો, એમની પૂજા થતી હતી. એ સમયે છાપરા પર નળિયાં પણ નહોતાં. ઈતિહાસ જુઓ. વસુઓએ કેમ ધનવાન ન બનાવી દીધા?

આદિત્યોની બહેનની વાત પણ વિચારણીય છે. અદિતીના પુત્રો બાર આદિત્યો છે, જેમાં વિષ્ણુ પણ છે. દિતી, અદિતી, વિનિતા વગેરે કશ્યપની બાર રાણીઓ હતી. દિતીથી દાનવ, અદિતીથી દેવતા, વિનિતાથી પશુ-પક્ષી પેદા થયાં. આ સંબંધે ગાય આદિત્યોની બહેન થઈ પણ આદિત્યોની જ કેમ, એ તો અસુરોનીય બહેન હોવી જોઈએ, કારણ કે પિતા તો એક જ હતો!

*કહે છે કે ગાય માતા છે, એમ વેદમાં લખ્યું છે. ગૌરવની વાત છે! તમારી માતા હોય તો રક્ષા કરે; પણ વેદમાં એમ ક્યાં લખ્યું છે કે ગાય સનાતન ધર્મ છે, એની પૂજા કરો? વેદમાં લખ્યું છે કે ગાય માતા છે, તો વેદમાં એમ પણ લખ્યું છે કે એનો પતિ કોણ છે? અથર્વવેદમાં નવમા કાંડનું ચોથું સૂક્ત ઋષભસૂક્ત છે. જેના બીજા અને ચોથા મંત્રમાં બળદને ''**पिता वत्सानां पतिरघ्नानाम्**'' અર્થાત્ ગાયનો પતિ અને વાછરડાંનો પિતા કહ્યો છે. તો શું બળદને પિતા માનીને પૂજવો પડશે? ગાયને જ શા માટે, ઋગ્વેદ ૧૦/૬૨/૩૧માં પૃથ્વીને માતા કહી છે, ૧૦/૬૪/૯માં જળને માતા કહ્યું છે, યજુર્વેદ ૧૨/૭૮માં '**औषधीरिति मातरः**' ઔષધિઓને માતા કહે છે, તો શું અમને પૂજવા માંડીએ? આ રીતે 'માનસ'માં છે,-'**जनु मारेसि गुरु बाभन गाई।**' એમનું વિશેષ મહત્ત્વ છે, હોવું પણ જોઈએ. ઘણી વસ્તુઓનું મહત્ત્વ છે, પિતાનું મહત્ત્વ છે, ભાઈબહેનનું મહત્ત્વ છે, ગાયનું પણ મહત્ત્વ છે. જે વસ્તુ

વિકાસમાં સહયોગી થાય, એનું મહત્ત્વ હોય. જેમ આજકાલ વીજળીનું ઘણું મહત્ત્વ છે, તે રાષ્ટ્રીય સંપત્તિ છે. આવિષ્કારોનું મહત્ત્વ વધતું-ઘટતું રહે જ છે, પણ આથી કોઈ વસ્તુ ધર્મ નથી બની જતી.

*વેદમાં તો એમ પણ લખ્યું છે કે અત્યંત જુઠ્ઠું બોલનારને, મારપીટ અને તોડફોડ કરનારને, ઘમંડી લોકોને, હે રાજન! એ રીતે મારો, જે રીતે કૂદકા મારતી ગાયને લાતથી અને પથ્થરને એડીથી મારવામાં આવે છે. (અથર્વવેદ ૮/૬/૧૭). આ જ રીતે ઋગ્વેદમાં છે, ''**रजिष्ठया रज्या पश्वः आ गोस्तू तूर्षति पर्यग्रं दुवस्यु**'' (૧૦/૧૦૧/૧૨). અર્થાત્ જે રીતે સેવક, ગાય, વગેરે પશુના નાકમાં દોરી નાખીને, એને પીડા આપીને આગળ લઈ જાય છે... આ ઋચામાં ગાયને પશુ કહી અને એને રાખવાની વ્યવસ્થા કરાઈ, એ કાંઈ ધર્મ નથી.

થોડા સમય પહેલાં ભારતની શાંતિસેના લંકા ગઈ હતી. ત્યાં 'લિટ્ટે'ના સૈનિકો કહેતા હતા, જય લંકામાતા. અહીં આપણે કહીએ છીએ ભારતમાતા. ક્યાંક કહે છે ગંગામાતા! અમેરિકામાં અમેઝોન નદીને પિતા કહે છે. આ તો મનુષ્યે આપેલી માન્યતાઓ છે. ઉપાધિ કોઈને પણ મળી શકે. જેમ આજકાલ મધર ટેરેસાને મળી છે. દરેક પાદરીને અંગ્રેજો ફાધર કહે છે. હિરોશીમા પર બૉમ્બ પડ્યા, પછી એને ફરીથી વસાવવાના પ્રયત્નમાં ઓગણત્રીસ બાળકોને જન્મ દેનારી માતાને ત્યાં મધરલૅન્ડની ઉપાધિથી સન્માનિત કરવામાં આવી. ઠીક. પરિવર્તનશીલ સામાજિક વ્યવસ્થા વિશે કોઈ પણ લખાપટ્ટી દરેક દેશ અને દરેક સમય માટે ઉપયોગી ન થઈ શકે. એનો પીછો કરશો તો વિકસિત દેશોમાંથી હજારો વર્ષ પાછળ એ યુગમાં પહોંચી જશો, જ્યારે મોરપીંછથી ભુર્જપત્ર પર લખતા હતા, ચકમક લોઢું ઘસીને, બે લાકડાં ઘસીને અગ્નિ પેદા કરતા હતા. એને જાળવી રાખવાની વ્યવસ્થા પણ નહોતી. હજી મહાભારતકાળ સુધી આમ હતું. એક બ્રાહ્મણનું લોઢું લઈને મૃગ ભાગ્યું ત્યારે યુધિષ્ઠિરે એનો પીછો કર્યો હતો.

આજકાલ મહાભારતને દૂરદર્શન પર પ્રસ્તુત કરનાર નિર્માતા નિર્દેશક શ્રી બી.આર. ચોપડાએ અક મુલાકાતમાં કહ્યું કે એમને પાત્રોની વેશભૂષાની

બાબતમાં અગવડોનો સામનો કરવો પડે છે, કારણ કે એ વખતના લોકો સીવેલાં વસ્ત્રો પહેરતા નહોતા, બટન લગાડતા નહોતા, કારણ કે પહેલાં સોય અને બટન બંને હાડકામાંથી બનતાં હતાં. બટન શબ્દ પણ અંગ્રેજી ભાષાનો છે. આવો ગપગોળો ભલે મારે કે આધુનિક કૉમ્પ્યુટર, રૉકેટ કે પરમાણુ બૉમ્બનાં સૂત્ર વેદમાં છે, પણ પુરાતત્ત્વના પ્રાચીનતમ ખોદકામમાં વિમાન તો શું, સાઈકલના અવશેષો પણ મળતા નથી. વૈદિક કાળની પછીના પૂર્વજોની શોધને નકારવી એ અન્યાય તો છે જ, ધૃષ્ટતાની પરાકાષ્ઠા પણ છે કે ઉપયોગ તો આપણે ભેંશનો કરીએ અને ગુણ ગાયના ગાઈએ! ઉપયોગ ટ્રેકટરનો કરીએ, ગીત બળદનાં ગાઈએ, રાસાયણિક ખાતર વગર જીવનનિર્વાહ ન થાય, પણ મહિમા છાણનો દર્શાવીએ. ગાયનાં સૂત્રો પોકારનારમાં કેટલા એવા છે જે એ બળદોને બેઠાં બેઠાં ખવડાવતાં હોય, જેમણે જીવનભર પોતાનાં ખેતર ખેડ્યાં હોય? ભાગ્યે જ કોઈ બળદ કિસાનના ખીલા પર મરતો હશે. વૃદ્ધમાં વૃદ્ધ બળદને પચાસ-સો રૂપિયામાં વેચનારા શું પોતાની બલા નથી ટાળતા? શું તેઓ નથી જાણતા કે કોઈ લઈ જનાર એને શું કરશે?

*આચાર્ય પ્રવર લખે છે કે ગાય પવિત્ર છે. તો અપવિત્ર કોણ છે? ઘણા લોકો ગાયનું દૂધ નથી પીતા, કારણ કે અભક્ષ્ય ખાય છે, જ્યારે ભેંશ મરી જાય તોય અભક્ષ્ય નથી ખાતી. કોણ કહે છે કે ગાય પવિત્ર છે અને ભેંશ અપવિત્ર? પરાશર સ્મૃતિના છઠ્ઠા અધ્યાયમાં છે કે ગાય કે કૂતરો અન્નનૂ સૂંઘી પણ લે તો એ અપવિત્ર થઈ જાય છે. ગોસ્વામીજી કહે છે,-''**सोई पावन सो सुभग शरीरा। जो तन पाइ भजिय रघुबीरा।**'' ભક્તિ કરનારું શરીર પવિત્ર છે. ગોસ્વામીજી કહે છે કે કોઈ પણ કેમ ન હોય, ભગવાનનું ''**नाम लेत पावन परम, होत भुवन विख्यात।**'' આ આચાર્ય કહે છે **गोमूत्र पावन, परम पवित्र!**

*કહે છે કે ગાયના છાણથી લીંપણ થતું હતું, છાણમાં લક્ષ્મીનો વાસ છે માટે ગાયની પૂજા કરવી. લીંપણ જરૂર થતું હતું, ઘણા લાંબા સમય સુધી ભારતના લોકોનું કામ એનાથી ચાલ્યું, આદરની વસ્તુ

છે, પણ લીંપાઈ એનાથી કેમ થતી હતી? એ સમયે સિમેન્ટની શોધ નહોતી થઈ. ધૂળ અને માટીને શાંત કરવા માટે આ જ શોધ સુલભ હતી. ગાયની મહિમાનું ગાન કરનારા પણ સમૃદ્ધ પરિવારોની જેમ સિમેન્ટ, સંગેમરમર, મોઝેક અને એરકંડિશનમાં રહેવાનું પસંદ કરે છે. એની ઉપર છાણથી લીંપવાનું સહન નથી કરી શકતા, ભાષણ ભલેને ગમે તે આપે. સમૃદ્ધ પરિવારોની વચ્ચે જો એક-બે કાચાં ઘર છાણથી લીંપેલાં દેખાય તો મોટા લોકોની નજર એમની પર ખોડાઈ રહે છે કે વીસ-પચ્ચીસ હજાર આપીને એને પણ ખરીદી લઈએ! કોણ કહે છે કે છાણમાં લક્ષ્મીનો વાસ થાય છે? છાણનું લીંપણ આજકાલ દરિદ્રતાની નિશાની છે, નિર્ધનતાનું નગ્ન તાંડવ છે. કોઈ ઈચ્છતુંય નથી કે છાણથી લીંપેલા ઘરમાં રહીએ, મોઝેક બધાને ગમે છે, પણ શું કરે? લાચારી છે અમની, જેઓ હજીય લીંપી રહ્યા છે.

અનુસૂઈયાનો એક ખેડૂત કહેતો હતો કે અમારા બળદની પૂંછડીમાં બેર્રા (જવ, ચના, ઘઉં)નો વાસ છે. અનો આશય હતો કે વધુ ધાન્ય છાણને કારણે હતું. આ રીતે છાણમાં લક્ષ્મીનો વાસ ત્યારે હતો, જ્યારે યુરિયા, ડાઈ, પોટાશ, કેલ્શિયમ વગેરે રાસાયણિક ખાતરોની શોધ નહોતી થઈ, ઊપજનું માધ્યમ છાણ હતું. એ વખતે અનાજ ધન હતું, ઔદ્યોગિક ક્રાંતિ થઈ નહોતી, યંત્રો-કારખાનાં પણ નહોતાં, તેથી એ જમાનામાં છાણમાં લક્ષ્મીનો વાસ હતો, પણ આજે નથી! આજે લક્ષ્મીનો વાસ ઍક્સપોર્ટ-ઈમ્પોર્ટમાં છે, સ્મગલિંગમાં છે. ગાયની પૂંછડી છોડીને લક્ષ્મી આજકાલ ફાઈવસ્ટાર હૉટેલમાં રહેવા માંડી છે.

આચાર્યનું આ કથન પણ સ્વીકારી શકાય તેમ નથી કે ગાયને જ વરદાન છે તેથી એના મૂળને પણ ગોબર (છાણ) કહે છે. એમ તો ગાયને શાપ પણ છે, તો પણ આચાર્યનો આ તર્ક વિચારણીય છે કે ગોબર નામકરણ જ કેમ? ભેંસબર કેમ નહીં? ડુક્કરબર કેમ નહીં? કૂતરાબર કેમ નહીં? ગધેડાબર કેમ નહીં? ગાય શ્રેષ્ઠ છે એટલે તો ગોબર નામ પડ્યું.

ખરેખર એવું કાંઈ નથી. સભ્યતાના આરંભમાં જ માનવબુદ્ધિએ

ગાયમાં અનેક ઉપયોગી વસ્તુઓની શોધ કરી લીધી. ગાય શોધમાં પહેલી આવી તેથી એવી જ વસ્તુઓ અન્યત્ર મળી ત્યારે એમને પણ એ જ નામ અપાયું. ગાયોને ગોઠમાં (કોઢમાં) બાંધે છે. ગોઠ એટલે ગાયોનો સમૂહ, એમનો ઘેરો. આજે કોઈ પણ વસ્તુની પરિક્રમાને '**गोठना**' કહે છે, આજે રાજસ્થાનમાં સામૂહિક પિકનિકને ગોઠ કહે છે, જ્યાં લોકો ચૂરમા-બાટી ખાય છે. ગાયોની વ્યવસ્થા પર વિચારવિમર્શના હેતુથી લોકો ભેગા થતા હતા તેને 'ગોષ્ઠી' કહેતા હતા. આજે નાના-મોટા સંમેલનને 'ગોષ્ઠી' કહે છે, દાખલા તરીકે કવિગોષ્ઠી. શું કવિઓ ગાયો વિશે જ વિચારવિમર્શ કરે છે? તો કવિગોષ્ઠી શા માટે કહેવાય છે? ગાયોના વંશને ગોત્ર કહેતા હતા. આજે એ શબ્દ માનવવંશ માટે પ્રયોજાય છે. ખોવાયેલી ગાયની શોધને ગવેષણા કહેતા હતા, આજે દરેક શોધ માટે આ જ નામ વપરાય છે. ગાયો પર નજર રાખવા માટે વપરાતી બારીને ગવાક્ષ કહેતા હતા. આજે દરેક બારીને ગવાક્ષ કહે છે, જ્યારે ગાયોની રખેવાળી માટે એનો પ્રયોગ લુપ્ત થઈ ગયો છે. ગાયો બહુ હોય એવો પ્રદેશ ગોકુળ કહેવાયો, જેમ બૌદ્ધ વિહાર (**बिहार**) ઘણા હોવાથી ભારતના એક પ્રદેશનું નામ બિહાર પડી ગયું. જે રીતે બિહાર રાજ્યમાં 'બિહાર' ઉપરાંત ઘણું બધું છે, એટલું જ નહીં, પણ બૌદ્ધવિહાર ઓછા જ છે. આજે ગોકુળમાં ગાયો નહિવત્ છે, ભેંશ વધારે છે, તો પણ અને ગોકુળ જ કહે છે, અ જ રીતે ભેંશના મળને ગોબર કહે છે, તેમાં નવાઈ જેવું શું છે? કર્મકાંડમાં જો કોઈ કહે કે ગાયનું ગોબર તો ન મળ્યું, તો પંડિત કહે છે કે ભેંશનું ગોબર (છાણ) લાવો. કાશીમાં તો ભેંશના ગોબરથી જ કામ ચાલી જાય છે.

*એ જ રીતે એમ કહેવું એ પણ વિવેકયુક્ત નથી કે ગાયના વિકારને ગવ્ય કહે છે, તો તો કાગડાના વિકારને કવ્ય કહેવો પડે, જેનો ઉપયોગ પિતૃઓ માટે અસંગત ઠરે. લખે છે કે ગાયથી જ પંચગવ્ય બને છે, બીજા કોઈ પશુથી નહીં. વિચારવા જેવું છે કે ગાય પૃથ્વી પર સર્વત્ર જોવા મળે છે, પણ પંચગવ્યનો આવિષ્કાર અને પ્રયોગ ભારત પૂરતો જ કેમ સીમિત છે? ભારતમાં કેવળ બ્રાહ્મણ અને બ્રાહ્મણોમાં પણ કેવળ પુરોહિત પંચગવ્ય બનાવે છે. જો આ કોઈ ઉપયોગી આવિષ્કાર હોય તો

વિશ્વભરમાં એનો ઉપયોગ થતો હોત. જેમ ટેલિવિઝનનો ઉપયોગ બધા કરે છે, ગાયના દૂધનો પાઉડર, માખણ, ગોબરગૅસનો ઉપયોગ સર્વત્ર થાય છે. પંચગવ્યનો ઉપયોગ અશુદ્ધ વ્યક્તિ અથવા વસ્તુને શુદ્ધ કરવા માટે કેટલીક સ્મૃતિઓમાં લખ્યું છે. દાખલા તરીકે કોઈ ગાય બાંધે અને ગળામાં દોરડા સાથે તે મરી જાય તો ગાયની હત્યાનું પાપ બાંધનારને લાગે છે. હવે શુદ્ધિ માટે તો ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્ર ભેગાં કરીને પીએ, એ જ પંચગવ્ય છે. ગોમૂત્રમાં જવ ઉકાળીને ખાય, ગાયો ચરાવે, ગાય દાનમાં આપે. આ કોઈ આવિષ્કાર નહીં, ટુચકો હતો, રૂઢિ હતી, ગાયોની સુરક્ષાનો પ્રયાસ પણ હતો, પણ આજે આ વિધાનોને માનવાનો દાવો કરવા છતાં એમને કોઈ માનતું નથી. ગાય-બળદ આજે પણ મરે છે, પણ ગોહત્યાના પ્રાયશ્ચિત્તરૂપે ભીખ માગતું, ગૌશાળામાં સૂતું, પંચગવ્ય પીતું કે ગોમૂત્રમાં જવ ઉકાળીને ખાતું કોઈ દેખાતું નથી. દરેક જીવનું મૃત્યુ કે હત્યા પ્રચુર દાનદક્ષિણા કોઈ વર્ગવિશેષની એ યુગ-જમાનાની જીવિકા હતી, જેને માનવું આજે સંભવ નથી અને કોઈ માનતું પણ નથી.

મળમૂત્રના આયુર્વેદિક પ્રયોગમાં ગાયની સાથે અન્ય પશુ-પક્ષીઓનું પણ સ્થાન છે. કોઈક પક્ષીનું ચરક ગુમડાને પકવીને વહાવી દે છે, તો બકરી અને ગેંડાના મૂત્રનો પોતાનો ઉપયોગ છે. ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાને તો શિવામ્બુનો સાહસિક પ્રયોગ કર્યો. તેથી આ કથન પણ અતિશયોક્તિ જ છે કે કેવળ ગાયનાં મળમૂત્ર ઉપયોગી થાય છે.

*આવી જ અતિશયોક્તિ વિદ્વાન લેખક ત્યાં પણ કરે છે, જ્યારે એ કહે છે કે ગાય તો મા કરતાંય ચડિયાતી છે, કારણ કે મા બહુ સેવા લે છે, અન્ન ખાય છે, જ્યારે ગાય તો ઘાસપાન ખાઈને જ સંતોષ માને છે, પશુ તો છે જ એને શું માલપૂઆ ખવડાવવાનો વિચાર છે? કહે છે કે મા તો એક વર્ષ જ દૂધ પિવડાવે છે, ગાય આજીવન પિવડાવે છે. જો ગાય આટલી બધી પ્રિય હોત તો પરિશ્રમથી થાકેલી વ્યક્તિ પણ 'હાય મૈયા (મા)' ન કહેતાં 'હાય ગૈયા' કહેત, પણ એવું કાંઈ નથી.

કહેવત છે કે,-''**हरियर खेती गाभन गाय। तब जानो जब भूख में जाय**'' ક્યાંક બચ્ચું (વાછડું) મરી જાય, તો દૂધનો કોઈ ભરોસો નહીં અને દૂધ હોય તો દૂઝણી ગાયની ચાર લાત પણ સહેવી પડે. લુખ્ખું-સુક્કું ખાનારી ગાય સો ગ્રામથી વધારે દૂધ પણ નથી દેતી. આટલું બધુ ઓછું દૂધ, જેની પર પહેલો હક વાછરડાનો છે, એને એક ટીપુંય પણ મળતું નથી. આ જોઈને ગાંધીજીએ ગાયનું દૂધ પીવાનું બંધ કરી દીધું હતું. બકરી પાળી હતી એમણે! તો પણ વિશ્વવંદ્ય બાપુ કહેવાયા! ઈશુ ઘેટાં ચરાવતા હતા, મુહમ્મદ બકરી, પણ ઈશ્વરીય જ્ઞાનનો આલોક પ્રાપ્ત કરવામાં એમને કોઈ મુશ્કેલી ન નડી, જોકે એમણે ગોસેવા નહોતી કરી.

જીવનભરનું તો કોણ કહે, ગાય પાંચ-છ મહિનાથી વધારે સમય દૂધ નથી દેતી, બદલતા રહેવું પડે છે. ગાયના દૂધમાં ઝાઝું ઘી પણ નથી હોતું. જો ભેંશ ચાર હજારમાં મળતી હોય તો એટલું જ દૂધ દેતી ગાય બે હજારમાં મળી જાય છે. ભેંશને ઘરની અંદર બાંધે છે, તો ગાયને ખેતરમાંય કોઈ પૂછતું નથી. કહે છે કે ગાયનું દૂધ નવનીત શિશુના ફાયામાં પણ કામ આવે છે, જ્યારે માનું દૂધ પણ કામ નથી આવતું, પણ એનીય પહેલાં બાળક શ્વાસમાં ઑક્સિજન લેવા માંડે છે અને જિંદગીભર લેતો રહે છે. તો શું ઑક્સિજન થઈ ગયો ધર્મ?

આ રીતે એમની આખી પુસ્તિકામાં ગાય કાં તો વસ્તુ છે અથવા દેવતા. વસ્તુ હોય તો રક્ષા કરો. પોતાની વસ્તુની રક્ષા કોણ નથી કરતું? એને માટે સંકટ કોણ નથી સહેતું? પણ વસ્તુનો ઉપયોગ વત્તોઓછો હોય છે. ઘર કાચું હતું ત્યારે લીંપવા માટે છાણનો ઉપયોગ થતો હતો, પાકું થઈ ગયું તો જરૂર ન રહી. ખાતર માટે છાણ જરૂરી હતું, પણ યુરિયા અને ડાઈ કંઈક એવાં આવ્યાં કે ગોબરનો ઉપયોગ ઓછો થતો ગયો. જેમ ભેંશની શોધથી ગાયનું મૂલ્ય ઘટી ગયું, એ જ રીતે 'જર્સી' વગેરે સામે ભેંશોનું અવમૂલ્યન સંભવ છે, જોકે 'જર્સી' વગેરે ગાય છે નહીં, ક્રોસ છે, વર્ણસંકર છે. ઠીક. વસ્તુરૂપે ગાયનો ઉપયોગ નષ્ટ થઈ રહ્યો છે, તો પણ વસ્તુ હોય તો સારી રીતે રક્ષણ કરવું.

રહી વાત ગાય દેવતા હોવાની! એમ તો ઐતરેય ઉપનિષદ પ્રમાણે ગાયના શરીરમાં કોઈ દેવતા રહેતા જ નથી, તો પણ જો ગાય દેવતાઓની બહેન, માતા કે પૂરો દેવસમૂહ પણ હોય તો શું? જેમ સૃષ્ટિમાં બધા જીવ છે, તેમ જ દેવતા છે. તેઓ પણ ''**भव प्रवाह संतत हम परे**'' જન્મ-મૃત્યુના પ્રવાહમાં નિરંતર વહેનારા છે. ''**अग नग जीव नाग नर देवा। नाथ सकल जग काल कलेवा॥**'' દેવતાઓ પણ કાળની નાસ્તા-સામગ્રી માત્ર છે. આપણે એ નાસ્તા-સામગ્રીની પ્રાર્થના શા માટે કરીએ? 'જે કાળ તમને ખાવા બેઠો છે, એનાથી અમને બચાવો.' તે સક્ષમ હોય તો પોતે જ ન બચી જાત? '**स्वर्गउ स्वल्प अन्त दुखदाई**' નહુષ સ્વર્ગમાંથી પડ્યો ને અજગર બન્યો. '**मनुज देह सुर साधु सराहत**' પ્રશંસા માનવ-તનની થાય છે, ગાય-તનની નહીં. દેવતાઓ કરતાં પણ મોટી એક વસ્તુ તમારી પાસે છે, તે છે માનવ-તન. તે દેવોને દુર્લભ છે અને તમને તરત મળી ચૂક્યું છે. તો પછી તમે કયા દેવતા કે ગાય-બળદ પાસે આશા રાખો છો? ગોસ્વામીજી કહે છે,-

काहे फिरत मूढ मन धायो।
तजि हरि चरन सरोज सुधारम रविकर जल लय लायो॥
त्रिजग देव ना असुर अपर जग जोनि सकल भ्रमि आयो॥

અર્થાત્ મૂર્ખ મન! ક્યાં દોડી રહ્યું છે? ભગવાનનાં ચરણનું અમૃત છોડીને મૃગતૃષ્ણા? દેવાદિ શરીર! અને તું એમાં થઈને આવ્યું છે. તું દેવતા રહી ચૂક્યું છે. ત્યાં શાંતિ નથી!

ભગવાન રામ અનુસાર ભવસાગર પાર કરવાનો એક ઉપાય છે કે '**नर-तन भव वारिधि कहँ बेरो।**' તરવાનો ઉપાય નર-તનમાં છે. ગાય કોઈ ઉપાધિ નથી.

*કહે છે, ગાય વિષ્ણુસ્વરૂપા છે, તો પણ તે પરમશ્રેય કે કલ્યાણનું સાધન તો નથી. તેઓ સૃષ્ટિસંચાલનની અંતર્ગત છે, સૃષ્ટિની બહાર નથી. મનુ તપસ્યા કરતા હતા, એ પરમ પ્રભુને માટે,-'**शम्भु विरंचि विष्णु**

भगवाना। उपजहिं जासु अंश ते नाना।' પૂર્ણ પરાક્રમથી નહીં, પણ જેના અંશમાત્રથી અનંત બ્રહ્મા, અનંત વિષ્ણુ અને અનંત શંકર પેદા થાય છે, તે કલ્યાણસ્વરૂપ પરમાત્મા આ વિષ્ણુઓથી ઘણા આગળ છે. કિષ્કિન્ધામાં રામનો પરિચય કરતી વખતે હનુમાને પૂછ્યું, ''**की तुम्ह तीन देव महँ कोऊ। नर नारायण की तुम्हा दोऊ॥ जग कारन तारन भव भंजन धरनी भार। की तुम अखिल भुवनपति लान्ह मनुज अवतार॥**'' અર્થાત્ ત્રણ દેવ કોઈ બીજા છે, નરનારાયણ જુદા છે, પણ અખિલ ભુવનપતિ કોઈ બીજા જ છે. ક્યાંક '**अगणित रवि शशि शिव चतुरानन**' એ પરમાત્મામાંથી નીકળી રહ્યા છે તો ક્યાંક '**विष्णु कोटि सम पालनकर्ता**' એક રામની ઉપાસના પર ભાર મૂકી ગયા છે.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા અન્ય દેવદેવીઓની શ્રેષ્ઠતા પૌરાણિક કલ્પનાની ઊપજ છે. અવતારવાદની જે ક્ષીણ રેખા વૈદિક સાહિત્યમાં છે અને જેટલી સરળતાથી કહેવાઈ છે, તે રામાયણ અને મહાભારતના સમય સુધી આવતાં આવતાં પૂરેપૂરી વિકસિત થઈ ગઈ છે. વૈદિક યુગમાં પ્રજાપતિ અને ઈન્દ્રની વિશેષતાઓ-ધીરે ધીરે વિષ્ણુમાં આરોપિત કરાઈ અને મહાભારત પછી રચાયેલાં પુરાણોમાં સાંપ્રદાયિક પૂર્વગ્રહોને કારણે એકએક દેવ કે દેવીમાંથી બીજાં અનેકાનેક દેવદેવીઓ નીકળતાં દેખાય છે. ગોસ્વામીજી પણ શૈલીનો પ્રયોગ તો કરે છે, પણ 'એક પરમાત્મા જ પૂજ્ય છે'ની વૈદિક ધારણા એમના સમગ્ર કાવ્યનું કેન્દ્રબિંદુ છે. જોકે વાલ્મીકિ રામાયણ અને મહાભારત બંનેય સંકલનગ્રંથ મનાય છે અને કેટલીયે શતાબ્દીઓથી એમના કલેવરનો વિસ્તાર થતો રહ્યો છે, તો પણ રામાયણનો અવતારવાદ મહાભારતનું જ એક અંગ છે. પુરુષસૂક્ત અનુસાર ગાય સૃષ્ટિનું જ એક અંગ છે.

तस्मादश्वा अजायन्त ये के शोभयादतः॥
गावो हि जज्ञिरे तस्मात् तस्माज्जाता अजावयः॥

ऋग्वेद ૧૦/૯૭/૮-૧૦

એ જ મહાપુરુષ પરમાત્માથી ઘોડા ઉત્પન્ન થયા. ઉપર-નીચે

દાંતવાળા પશુ ઉત્પન્ન થયાં. ગાયો ઉત્પન્ન થઈ. એનાથી જ બકરાં-ઘેટાં પણ ઉત્પન્ન થયાં. જેવાં બધાં પશુ એવી જ ગાય પણ છે, વિષ્ણુસ્વરૂપા નથી અને વિષ્ણુ પણ અવિનાશી પરમાત્મા નથી.

*રામચરિતમાનસના ઉદ્‌ઘોષ છે કે ભવરોગની કેવળ એક દવા છે-

रघुपति भगति सजीवनि मूरी। अनूपान श्रद्धा मति पूरी॥
सद्‌गुरु वचन वैद विश्वासा। संयम यह न विषय कै आशा॥
एहि विधि भलेही सो रोग नसाहीं। नाहिं त जतन कोटि नहिं जाहीं॥

આ સિવાય જો કોઈ રસ્તો જ નથી, તો તમે બીજા પ્રયત્નો કેમ કરો છો? આ કે તે પ્રયત્ન કરો કે કરોડ પ્રયત્નો કરો, ગાયને બ્રહ્મા-વિષ્ણુ માની લો કે ભેંશને માની લો, તેથી થાય છે શું? આ તો એક રઝળપાટ છે, સંપ્રદાયોનો જમેલો છે, જેમાં કદીય કલ્યાણ નથી.

*વેદનો નિર્ણય છે, નારાયણઋષિ દ્વારા પ્રસારિત પુરુષસૂક્તનો નિર્ણય છે કે એક અવિનાશી પરમાત્મા હજારો હાથપગ અને મોઢાંવાળો છે. એકલો એ જ સર્વત્ર વ્યાપ્ત છે. એના અંશ માત્ર તેજથી ચરાચર જગતની ઉત્પત્તિ છે. બ્રહ્માયે યજ્ઞ દ્વારા એને જ હૃદયદેશમાં પ્રાપ્ત કર્યો, ઈન્દ્રે એને જ જોયો. અનાદિકાળથી પૂર્વ મનીષીઓએ માનસ-યજ્ઞ દ્વારા જેની પ્રાપ્તિ કરી તે અવિનાશી તત્ત્વ આ જ છે. એને જાણ્યા વગર અમર થવાનો બીજો કોઈ રસ્તો નથી. અન્યત્ર ક્યાંયે મુક્તિ નથી, ક્યાંયે શાંતિ નથી, તો ગાયના નશ્વર શરીરમાં તમે કઈ મુક્તિ શોધો છો?

*બહુ ક્ષોભ થાય છે લેખક મહોદયને કે કળિયુગમાં દુષ્ટ સુખી છે અને સજ્જન દુઃખી થાય છે. સાંભળ્યું છે કે તેઓ 'માનસ'ના અભ્યાસી પણ છે. એમને એટલીય ખબર નથી કે યુગ શું હોય છે? ક્યારથી શરૂ થાય છે અને રહે છે ક્યાં? 'માનસ'માં જ છે કે ''**बुध युग धर्म जानि मन माही**'' વિવેકી પુરુષ યુગને મનની ભીતર જાણે છે બહાર ક્યાય યુગ નથી, નહીં હોય. કળિ કે સતયુગ જેને આવવું હોય તે તમારા હૃદયમાં આવશે. તમારા ઈચ્છવાથી નહીં આવે. રામમાયા ક્રિયાશીલ હશે

ત્યારે આવશે,-''**तामस बहुत रजोगुन थोरा। कलि प्रभाव विरोध चहुँ ओरा।**'' મનની ભીતર તામસી ગુણોનું બાહુલ્ય હોય, થોડોક રજોગુણ હોય, તો વ્યક્તિની સાધના કલિયુગીન છે. આ સ્તર પર ચારે તરફ વેરવિરોધ એનો સ્વભાવ હશે. ઠીક. યુગ સાધકની આંતરિક ક્ષમતાની કસોટી છે. જો કળિયુગ આજે કયાંક બહાર હોય તો સાત્ત્વિક કોઈએ થવું જ ન જોઈએ.

*અંતે હતાશ થઈને આચાર્યજી કહે છે કે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોને નહીં માને. એને કાંઈ પણ કહેવું એ અરણ્યરૂદન સમાન છે. શ્રુતિ એટલે વેદ, તેની સંખ્યા ચાર કહેવાય છે. શાસ્ત્ર છ છેઃ સાંખ્ય યોગ, ન્યાય વૈશેષિક, મીમાંસા તથા વેદાંત. જેમને જાણ્યા વગર જ લોકો શાસ્ત્ર કહીને સંબોધે છે. આનાથી જુદાં સેંકડો પુરાણો અને ઉપપુરાણો છે. તેમાંથી અઢાર વધુ પ્રચલિત છે. મનુ વગેરેની સ્મૃતિઓને ધર્મશાસ્ત્ર પણ કહે છે, તે પણ સંખ્યામાં સેંકડો છે. હવે અમે એ આરોપની સમીક્ષા પર આવીએ છીએ કે આપણે વેદશાસ્ત્ર કાંઈ માનીએ છીએ કે નહીં?

મનાય છે કે પહેલાં બધાં શાસ્ત્રો મૌખિક હતાં. શિષ્યપરંપરામાં શીખવવામાં આવતાં હતાં. તેમને સૌથી પહેલાં વેદવ્યાસે લિપિબદ્ધ કર્યાં. તેમાં ચાર વેદ, વેદાંત, ભાગવત, મહાભારત અને એના જ એક અધ્યાયરૂપે ગીતા પણ છે. છેવટે એમણે વિચાર કર્યો કે અમે એટલું બધું લખી નાખ્યું કે માણસ એક-બે જન્મ સુધી અધ્યયન કર્યા જ કરે તો પણ તે એક નિર્ણય પર નહીં પહોંચી શકે. તેથી વ્યાસે પોતે નિર્ણય આપ્યો કે ''**गीता सुगीता कर्तव्या किमन्यै शास्त्रविस्तरैः**'' ગીતા જ ધર્મશાસ્ત્ર છે. એક અધ્યાયરૂપે જેણે એ લખી એ મહર્ષિએ પોતે આ એક અધ્યાયને એક શાસ્ત્ર માનીને કેવળ એના જ પાલન પર ભાર મૂક્યો. એટલે સુધી કે વેદ તથા અન્ય ગ્રંથો તરફ સંકેત પણ ન કર્યો, આ આર્ષગ્રંથોનું સંકલન એમણે પોતે જ કર્યું હતું તો પણ. એટલું જ નહીં, ભગવાન શ્રીકૃષ્ણે પણ સમર્થન કર્યું કે આ સંપૂર્ણ શાસ્ત્ર છે,-''**इति गुह्यतमं शास्त्रमिदंमुक्तं मयानघ।**'' અર્થાત્ આ ગોપનીયથીય પરમ ગોપનીય શાસ્ત્ર મારા દ્વારા જ કહેવાયું, ગીતા શાસ્ત્ર છે. એને આચરણમાં મૂકનાર કૃતકૃત્ય થઈ

જાય છે. પણ આ શાસ્ત્રમાં જણાવેલી વિધિને તજીને જે મનફાવે તેમ આચરણ કરે એને માટે નથી સુખ, નથી સમૃદ્ધિ અને નથી શાંતિ! ઠીક. અમારું-તમારું માનવમાત્રનું શુદ્ધ શાસ્ત્ર ગીતા છે, જેમાં પુરુષોત્તમ સિવાય અન્ય કોઈનીય પૂજાનો નિર્દેશ નથી.

તો પણ આ જિજ્ઞાસા રહે જ છે કે આખરે શ્રુતિમાં લખ્યું છે શું કે આચાર્ય કહે છે જે શ્રુતિ-સ્મૃતિ-પુરાણને માનતો નથી. એને કાંઈ પણ કહેવું એ અરણ્યરૂદન છે. આમ તો આ વિશાળ સાહિત્યને આ નાના નિબંધમાં સમજાવી ન શકાય, તો પણ એનો સારાંશ દરેકે જાણવો જોઈએ. વેદના પુરુષસૂક્તની ચર્ચા આ લેખમાં થઈ ગઈ છે. એ જ રીતે એક બીજું સૂક્ત હિરણ્યગર્ભ સૂક્ત અથર્વવેદમાં છે. એમાં કહ્યું છે કે પરમાત્મા '**भूतस्य जातः पतिरेक आसीत**' બધા પ્રાણીઓનો એકલો માલિક થયો. એણે જ પૃથ્વી અને અંતરીક્ષને ધારણ કરી રાખ્યાં છે એની સિવાય ''**कस्मै देवाय हविषा विधेम्**'' કયા દેવતાને માટે હવિનું વિધાન કરું? આ રીતે એક પરમાત્મામાં નિષ્ઠા એ જ વેદનું મુખ્ય લક્ષ્ય છે.

વેદ પછી ઉપનિષદ સાહિત્યની મહત્તા છે. આવો જોઈએ ઉપનિષદોનો આશય શો છે,-

तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वात ब्राह्मणः।
नानुध्यायाद् बहून्छब्दान् वाचो विग्लापन हिं तत्॥

બૃહદ ૪/૪/૨૧

બૃહદારણ્યક ઉપનિષદ અનુસાર બુદ્ધિમાન બ્રાહ્મણે પરમાત્માને જાણવા માટે એનામાં જ બુદ્ધિ લગાડે, બીજા જુદા જુદા પ્રકારના વ્યર્થ શબ્દો તરફ ધ્યાન ન દે, કારણ કે તે તો વાણીનો માત્ર અપવ્યય છે.

આ રીતે મુંડક ઉપનિષદ જોઈએ,-

यस्मिन द्यौ पृथिवी चान्तरिक्ष मोतं मनः सह प्राणैश्च सर्वैः।
तमवैकं जानथ आत्मानमन्या वाचो विमुंचथामृतस्यैष्य सेतुः॥

૨/૫/૫

અર્થાત્ જેમાં સ્વર્ગ, પૃથ્વી અને એમની વચ્ચેનું આકાશ તથા સમસ્ત પ્રાણો-સહિત મન ગુંથાયેલું છે એ જ એક ''**आत्मानम जानथ**'' આત્માને જાણો **अन्याः वाचः** અર્થાત્ બીજી બધી વાતોને '**विमुंचथ**' સર્વથા છોડી દો. '**अमृतस्य एषः सेतुः**' અમૃતનો જ સેતુ છે.

કઠોપનિષદમાં છે કે '**सर्वे वेदा यत्पदमामनन्ति**' બધા વેદ એ પરમેશ્વરનું પ્રતિપાદન કરે છે (૧/૨/૧૬). આ રીતે ઉપનિષદના પણ સારસર્વસ્વ ગીતામાં ભગવાન કહે છે કે '**वेदैश्च सर्वैरहमेव वेद्यः**' (૧૫/૧૬). બધા વેદો દ્વારા જાણવાયોગ્ય હું જ છું. ગીતા એ જ કહે છે જે વેદમાં છે. અર્થાત્ એક પરમાત્માનું ચિંતન! આ જ ગોસ્વામીજી કહે છે,-

नीति निपुण सोई परम सयाना।
श्रुति सिद्धान्त नीक तेहि जाना॥
सोई कवि कोविद सोइ रणधीरा।
जो छल छाड़ि भजइ रघुवीरा॥ ૭/૧૨૬/૪ ॥

શ્રુતિનો સિદ્ધાંત એણે સારી રીતે જાણી લીધો. જેનું મન ભગવાન રામનાં ચરણોમાં અનુરક્ત છે, '**श्रुति सिद्धान्त रहई उरगारी। राम भजिय सब काज बिसारी॥**' ૭/૧૨૨/૨. શ્રુતિનો સિદ્ધાંત આ જ છે કે રામને ભજો. એકમાત્ર રામને ભજો. એ સિવાયનું દરેક કાર્ય ભૂલી જાઓ. એક પરમાત્માને બદલે ગાયની પૂજા શ્રુતિસિદ્ધાંત નથી. ઉપનિષદ નથી કહેતાં, ગીતા નથી કહેતી, 'માનસ' નથી કહેતું; તો પણ કહે છે કે શ્રુતિ નથી માનતા. તુલસીદાસજી કહે છે,-'રામને ભજો'. તુલસી પીઠાધીશ્વર કહે છે,-'ગાયને ભજો'.

*હવે આવો પુરાણો જોઈએ. દંતકથા છે કે અઢાર પુરાણો પણ વ્યાસે જ લખ્યાં. લાગે છે કે વ્યાસ કોઈ ઉપાધિ છે, જેમ આજના કથાવાચકો કહે છે, અથવા વ્યાસોવાચ કોઈ શૈલી છે; કારણ કે સર્વત્ર એક પરમાત્મામાં આસ્થા દઢાવનાર વ્યાસજી સ્કંદપુરાણમાં કહે છે કે

શિવ મોટા છે. રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, દેવદેવીઓ બધાં એમના નોકરચાકર છે. એ જ વ્યાસજી વિષ્ણુપુરાણમાં કહે છે કે ભૂલ થઈ! વિષ્ણુ મોટા છે. દેવીપુરાણમાં કહે છે, દેવીઓ જ બધું છે, એમની સામે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બધા તુચ્છ છે. ના, ના, ઈન્દ્ર શાશ્વત છે, તો ક્યાંક સૂર્ય મોટો છે. લાગે છે કે પુરાણના વ્યાસ નિર્ણય નથી કરી શકતા. એક પરમાત્મા સિવાય કાંઈ પણ પૂજનીય નથી-નો ધોધ કરનાર વ્યાસને શું થઈ ગયું?

પુરાણનું એક દૃષ્ટાંત પૂરતું થશે. શિવપુરાણમાં છે કે એક વાર બ્રહ્માજી વિષ્ણુ પાસે પહોંચ્યા. ગુસ્સાથી બોલ્યા, 'જો! હું બધાનો પિતા છું, બધાથી મોટો છું, ભગવાન છું, મને પ્રણામ કર. વિષ્ણુ બોલ્યા કે મારી નાભિમાંથી કમળ અને કમળમાંથી તું પેદા થયો, મને પ્રણામ કર! હું ભગવાન છું. વાદવિવાદ હાથોહાથની મારામારીમાં બદલાઈ ગયો. અસ્ત્રશસ્ત્ર નીકળી આવ્યાં. આ ઝઘડાનો તમાશો જોનારા દેવતાઓએ શિવને કહ્યુ કે બંનેય મારવા-મરવા તત્પર છે. તેથી શિવે એ બંનેની વચ્ચે એક થાંભલો ઊભો કરી દીધો,-શિવલિંગ. લડાઈ અટકી ગઈ. બોલ્યા, અમારી બંનેની વચ્ચે આ થાંભલો ક્યાંથી આવી ગયો? ચાલો, તપાસ કરીએ. બ્રહ્મા હંસ બનીને એની ઊંચાઈ માપવા ઊડ્યા, અને વિષ્ણુ ડુક્કર બનીને હજારો વર્ષો સુધી પૃથ્વી ખોદતા રહ્યા. જોકે ડુક્કર દર ખોદનારું પ્રાણી પણ નથી.

આ તરફ બ્રહ્માને એક કેતકીનું ફૂલ ખોટી સાક્ષી માટે મળી ગયું. જેમ આજકાલ લોકો જમીનમાલિકીના સંદર્ભમાં કરે છે. વિષ્ણુને કહ્યું કે અમે જાણકારી મેળવી લીધી. પછી તો વિષ્ણુએ પ્રણામ કર્યા. બંને એકબીજામાં ગૂંચવાયેલા હતા ત્યારે શંકરજીએ બ્રહ્માનાં પાંચ માથાંમાંથી એક કાપી નાખ્યું. વિષ્ણુએ બચાવ કર્યો કે નથી અમે ભગવાન અને નથી આ ભગવાન. જે જીતી જાય એ જ ભગવાન! ભગવાનને ભગવતપણાનો બોધ નથી. તે સ્વયંસિદ્ધ છે, સહજ છે. માનો કે ન માનો તો પણ છે. તમારા માનવા ન માનવાથી ભગવાનમાં ઉતારચઢાવ નથી થતો. '**विधि**

न बनाये, हरि आप बनि आये।' પણ અહીં ત્રણ ત્રણ દાવેદાર લડી રહ્યા છે, જાણે એમ.એલ.એ.નું ઈલેક્શન હોય. લાગે છે કે આ એ જમાનાના રાજાઓ તથા સામંતનો ઝઘડા હોય.

શૈવ સંપ્રદાયનાં પુરાણોમાં છે કે શિવભક્ત રામભક્તની હત્યા કરે તો એની એકવીસ પેઢી તરી જાય. આ શું માનવા જેવી વાત છે? કહે છે કે જેઓ પુરાણમાં નથી માનતા એમને કાંઈ કહેવું અરણ્યરૂદન છે. એમાં માનવા જેવું શું છે? શૈવ, વૈષ્ણવ, શાક્ત, સૌર તથા ગાણપત્ય સંપ્રદાયોનો રક્તરંજિત ઈતિહાસ માની લઈએ? શિવ-ગીતામાં છે કે જ્યારે રાવણે સીતાનું હરણ કર્યું ત્યારે અગસ્ત્ય મુનિ પાસે દીક્ષા લઈને રામ શિવ-આરાધનામાં મગ્ન થયા. શિવ પ્રગટ થયા તો રામ ધ્રૂજવા માંડ્યા. જોયું, બ્રહ્મા, વિષ્ણુ, બધા દેવતા હાથ જોડીને શિવની સામે આવી રહ્યા છે. રામની ભક્તિથી પ્રસન્ન થઈને શિવ બોલ્યા કે રામ! ડર નહીં, બધા રાક્ષસો મારા મુખને મળી ચૂક્યા છે. તું નિમિત્તમાત્ર થઈને સંગ્રામ કર. કીર્તિ મેળવીશ. ''**ईतिश्री शिवगीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगाशास्त्रे शिव-राघव संवादे रामाय वर प्रदनम् नास पंचमोध्यायः।**'' કહેવાની જરૂર નથી કે ભગવાન શ્રીકૃષ્ણની ગીતાની પંક્તિઓમાં પોતાની વાત ઉમેરીને શિવગીતા બનાવી લેવામાં આવી અને મૂળ ગીતાના આશયથી દૂર ઊભા રહી ગયા. આ રીતે દરેક સંપ્રદાય બીજા દેવોની નિંદા અને પોતાની પ્રશંસામાં પુરાણ લખતા ગયા. સાંપ્રદાયિક ઉપનિષદો પણ અનેક લખાયાં. જેવાં કે ગણપત્યુપનિષદ, કૃષ્ણોપનિષદ, રામોપનિષદ, નારાયણોપનિષદ, સૂર્યોપનિષદ, સાવિત્ર્યુપનિષદ, રાધોપનિષદ, સીતોપનિષદ, રુદ્રોપનિષદ અને એટલે સુધી કે અલ્લોપનિષદ! આ રીતે મંત્રદ્રષ્ટા ઋષિઓની વાણીને તોડી-મચડીને કંઈક એટલું એમાં પોતાની તરફથી ભેળવી દીધું છે કે વાસ્તવિકતા એમની વચ્ચે દબાઈ ગઈ છે. જનસાધારણ માટે તો સાચે જ બહુ મોટી સમસ્યા છે કે પરસ્પર વિરોધી અનેકાનેક ગ્રંથોમાંથી કોને માને ને કોને ન માને? તેમાં વળી આ બખેડો કે વેદ, પુરાણ, સ્મૃતિ અને શાસ્ત્ર નથી માનતા?

તેથી વિનયપત્રિકામાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે ''**बहुमत सुनि बहु पंथ पुराननि जहाँ-तहाँ अगरो सो॥ १७३ ॥**'' અનેક મત સાંભળ્યા. (વેદનો તો એક જ મત છે.) પુરાણોમાં ઘણા પંથ છે. આ બધા જ્યાં-ત્યાં અંદરોઅંદર ઝઘડે છે. ''**गुरु कहयो राम भजन नीको मोहिं लगत, राज डगरो सो**'' ગુરુદેવે કહ્યું કે એક રામનું ભજન કરો. એ જ મને સારું લાગ્યું, આ રાજમાર્ગ સમાન છે; કલ્પના કરો, ગોસ્વામીજીના સમયનો રાજમાર્ગ! સમ્રાટ અકબરનો શાસનકાળ હતો એ! એ યુગ-જમાનાના ડરામણા રસ્તાઓની તુલનામાં રાજમાર્ગ! કે રાજા જવાનો હોય ત્યારે ફૂલો પાથરવામાં આવતાં હતાં, અત્તરનો છંટકાવ થતો હતો, ન મચ્છર, ન માખી, ન કોઈને પૂછવાનું કે ન રઝળપાટ! આવું જ છે એક પરમાત્માનું ભજન!

અને 'માનસ'માં લખે છે કે ''**दम्भिन्ह निज मत कल्पि करि प्रकट किये बहुपंथ**'' (૭/૯૭). દંભીઓએ ઘણા પંથ નિર્માણ કર્યા. વિનયમાં કહે છે '**बहुपंथ पुराननि**' પુરાણોમાં ઘણા પંથ નિર્માણ કરી દીધા, તેથી આ જ પુરાણપંથીઓને ગોસ્વામીજીએ દંભી કહ્યા. આજકાલ શિક્ષિત વર્ગ પ્રાચીન રૂઢિઓ તરફ આંગળી ચીંધે છે તો નિરક્ષર આચાર્યગણ ખોટું કહી બેસે છે, 'રામ રામ! ઘોર કળિયુગ આવી ગયો! ધર્મકર્મ કેમ થશે? '**मारग सोइ जा कहँ सोइ भावा**' કળિયુગમાં તો એમ કહેશે જ, પણ ગોસ્વામીજીનો આક્રોશ સ્પષ્ટપણે એ લોકો પ્રત્યે છે કે જેમણે એક વૈદિક માર્ગની જગ્યાએ બહુપંથ પેદા કરી દીધા. વેદ કહે છે ''**नान्यः पन्था विद्यतेऽयनाय**'' આ એક માર્ગ સિવાય બીજો કોઈ પંથ છે જ નહીં. પુરાણ કહે છે,-ઘણા બધા પંથ, તો પણ તમે કહો છો કે પુરાણને નથી માનતા!

ધર્મના કહેવાતા ઈજારાદાર, આ જ પુરાણપંથીઓએ સ્મૃતિઓને નામે કાયદા બનાવીને અધિકાંશ જનતાને શિક્ષણથી વંચિત કરી. કદાચ કોઈક વાંચે તો એની જીભ કાપી નાખો, સાંભળી લે તો કાનમાં સીસું રેડો, તેમ છતાં કોઈ સચ્ચાઈ દેખાડે તો એને નિરાળો સંપ્રદાય જાહેર કરીને સનાતન ધર્મથી જુદો કરી દેવાતો. ગૌતમ બુદ્ધે કહ્યું કે રાત્રિના

પાછલા પ્રહરમાં મેં એ અવિનાશી પદ પ્રાપ્ત કર્યું, જેને ઋષિઓ પામ્યા હતા. મેં સર્વજ્ઞતા પદ પ્રાપ્ત કરી. બરાબર આ જ વાત ગીતામાં કૃષ્ણે કહી કે આત્મા સર્વજ્ઞ છે. આત્મા અજર-અમર છે. ઈન્દ્રિય-સંયમ કરો, તીર્થ બહાર નથી, તીર્થસ્વરૂપ કોઈ તીર્થંકર મહાપુરુષની સેવા કરો અને એમણે દેખાડેલા રસ્તે ચાલો. આ ત્રિરત્નોનું પાલન કરશો તો આત્માને જાણશો; સાચુ કહ્યું તો બોલ્યા, આ તો જૈન છે. કોઈ ઉઘાડી તલવાર લઈને પીછો કરતું હોય, સામે જૈન મંદિરમાં જવાથી જીવ કચવાતો હોય તો પણ માથું આપી દેવું, પણ જૈન મંદિરમાં ન જવું! બૌદ્ધ સ્તૂપ કે વિહારમાં જશો તો ધર્મ નષ્ટ થઈ જશે. જોકે મહાવીર પણ એ જ કહે છે, જે ગીતા કહે છે,-આત્મા શાશ્વત છે, સત્ય છે, કાશ્મીરથી પ્રયાગ સુધી આર્યાવર્ત છે, રહેવા યોગ્ય છે. બાકીના પ્રદેશમાં રહેનારાઓએ અહીંના લોકો પાસેથી ધર્મ શીખવો જોઈએ, કારણ કે બ્રાહ્મણધર્મ અહીં સંગઠિત હતો, અને એની આગળ બિહાર વગેરે જે બૌદ્ધ અને મહાવીર સ્વામીનાં સ્થાન છે,-કહે છે મલેચ્છ દેશ છે.

કબીરે સાચું કહ્યું તો બોલ્યા, વેદ નથી વાંચતા, મૂરખ છે, કબીરપંથી છે! દયાનંદે વેદ લીધો તો બોલ્યા, આર્યસમાજી છે. નાનકે સાચું કહ્યું કે '**सिमरह जासु विश्वम्भर एकै**' વિશ્વનું ભરણપોષણ કરનાર એક પરમાત્મા છે, એનું જ સ્મરણ કરો, તો બોલ્યા, શીખ છે. ઈશુએ કહ્યું કે 'પરમાત્મા એક છે, એમાં જ સુખ છે, શાંતિ છે, અનંત જીવન છે. સંસારભરના લોકો! મારી પાસે આવો. તમને પણ અનંત જીવન મળશે.' તો બોલ્યા, 'યીશુમસીહ' શીખવી રહ્યો છે, બહેકાવી રહ્યો છે. મુહમ્મદે કહ્યું કે 'ખુદા કણકણમાં છે, તમારા હૃદયની અંદરની દરેક હિલચાલ જોઈ રહ્યો છે, એનાથી કોઈ મોટું નથી, એના સિવાય કોઈ પૂજ્ય નથી, તો કહે મલેચ્છ છે. જોકે આ બધા મહાપુરુષોની પાછળ આજે એકએક સંપ્રદાય બની ગયો છે, તેમાં કુરીતિઓ વધારે જોડાઈ ગઈ છે, પણ મૂળ રૂપે આ વિચારધારાઓના પ્રવર્તક ઉપર દર્શાવેલા બધા મહાપુરુષો આ જ એક વાત કહે છે, જેની શોધ સૌથી પહેલાં આપણા વૈદિક ઋષિઓએ કરી હતી.

'**श्रृणवन्तु विश्वे अमृतस्य पुत्राः**' અમૃત-અંશ વિશ્વભરના લોકો સાંભળો, મેં પ્રકાશ-સ્વરૂપ એ પરમાત્માને જાણી લીધા છે. એક એને જ જાણીને મૃત્યુથી બચી શકાય છે. એ સિવાય કોઈ રસ્તો નથી.

ધર્મ એક છે અને માનવમાત્રને એકતાના સૂત્રોમાં બાંધે છે. એક ઈશ્વર, એક નામ, એક ધામ, એક પ્રાર્થનાસ્થળ, એક શાસ્ત્ર, એક મહાપુરુષને બદલે, આજનો સમાજ વિખરાઈ રહ્યો છે. ક્રિયાને નામે વેદ દ્વારા નિર્ધારિત નિયત કર્મને છોડીને, સત્યને છોડીને બાકી બધું કરે છે. હમણાં સમાચારપત્રોમાં હતું કે કોઈક વીસ વર્ષથી કાંટા પર સૂઈ રહ્યું છે. પૂછો શા માટે? તો કહે છે ઉપાસના કરે છે! કોઈ સૂરજ તરફ જુએ તો ઉપાસના કરે છે! કોઈ એક પગ પર ઊભા રહે તો ઉપાસના કરે છે, કોઈ નાક દાબી રહ્યું છે, તો કોઈ કાનમાં આંગળી નાખી રહ્યું છે. કહે છે, આ જ ઉપાસના છે! અને કેવી રીતે ઉપાસના કરવી, તો કહે છે, શીર્ષાસન કરો. ન થઈ શકે તો કહે ગુદાદ્વારથી પાણી ખેંચો! ન કોઈ સાધના નિશ્ચિત થઈ શકી, ન કોઈ લક્ષ્ય! તો પણ ધર્માચાર્ય કહે છે કે જે વેદપુરાણ નથી જાણતા એને કાંઈ પણ કહેવું વ્યર્થ છે. શું વેદપુરાણમાં આ જ બધું લખેલું છે? વેદને બદનામ કરવા વેદપુરાણના નામે ભ્રાંતિઓ પેદા કરીને જનતાને ભયના વાતાવરણમાં રાખવી, આ બધું હવે તો ઉછોડો.

કહે છે, શાસ્ત્રમાં માનો! કયા શાસ્ત્રમાં માનવું? રામચરિતમાનસમાંથી દેખાડીએ તો કહેશે વાલ્મીકિએ તો આમ લખ્યું છે. ગીતાનો સાચો અર્થ કહીએ તો કહેશે કે વેદમાં તો આમ છે. વેદની વાત કરો તો કહેશે ગરુડપુરાણમાં આમ લખ્યું છે. તમે કયા શાસ્ત્રમાં માનો છો? જે મહર્ષિએ વેદ લખ્યા, મોટા ભાગનાં શાસ્ત્ર લખ્યાં, એ કહે છે કે ગીતા શાસ્ત્ર છે, અને જ માનો તો તમે કહો છો સ્મૃતિમાં માનો! તે પણ એક નહીં, સતયુગ માટે મનુસ્મૃતિ, દ્વાપર માટે શંખસ્મૃતિ, ત્રેતા માટે ગૌતમસ્મૃતિ અને કલિને માટે પરાશરસ્મૃતિ પ્રમાણ છે! વળી બીજી પણ સેંકડો સ્મૃતિઓ છે! ખબર નથી કયા યુગ માટે તે લખાઈ છે.

લખે છે કે સ્મૃતિઓ વેદની જ વ્યાખ્યા છે માટે એમને પ્રમાણ માનો! વેદ પ્રમાણ ન રહ્યા, ગીતા પ્રમાણ નથી, રામ-કૃષ્ણ પ્રમાણ ન રહ્યા, કળિયુગમાં સ્મૃતિ પ્રમાણ થઈ ગઈ! કહે છે, જે વેદમાં છે તે જ સ્મૃતિમાં છે. માટે જરા જોઈએ કે સ્મૃતિઓમાં શું છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (૨૦૬/૨૦૭)માં ઉભયતોમુખી ગોદાનનું વર્ણન છે કે ગાય વિયાતી હોય ત્યારે વાછરડાનાં ખરી, માથું નીકળી રહ્યું હોય તો એ વખતે ગાયનું મુખ એક તરફ અને વાછરડાનું મુખ બીજી તરફ રહે છે. એ ક્ષણે ગોદાન કરવાથી ગાય અને વાછરડાના શરીરમાં રહેતા સાડા ત્રણ, ત્રણ કરોડ રૂંવાડાં જેટલા યુગો સુધી સ્વર્ગમાં નિવાસ મળે છે! વરાહપુરાણમાં એકસો બારમા અધ્યાયમાં તથા અગ્નિપુરા ૨૧૦/૩૩માં આ દાનનો મહિમા ગવાયો છે! વિચાર કરો કે જે પરિવારનાં બાળકો ખૂબ આશાથી ગાયના વિયાવાની રાહ જોઈ રહ્યાં હોય, એ મુહૂર્ત આવે ત્યારે સ્વર્ગનો ઈજારો લઈને આવી ગયા આ ધર્મના ઈજારદાર! મંત્ર બોલીને ગાય હંકારી ગયા. બાળકોને એક દિવસ ખીર પણ ખાવા ન દીધી. સ્વર્ગ તો મળશે ત્યારે મળશે, આખા પરિવારને નરક તો એમના આવવાથી જ મળી ગયું! કહે છે, જે સ્મૃતિમાં છે તે જ વેદમાં છે. શું આ જ વેદમાં લખ્યું છે?

પરાશરસ્મૃતિમાં લખ્યું છે કે આ સ્મૃતિ બે હેતથી (૧/૩૬) રચવામાં આવી છે,-(૧) બ્રાહ્મણોના હિત માટે અને (૨) ધર્મની સ્થાપના માટે. જો આટલા માટે જ લખાઈ હો. તો જેનું હિત હોય એ વાંચે! બધા પાસે શા માટે મનાવો છો? આ સ્મૃતિ કયા ધર્મની સ્થાપના કરવાની છે? લખે છે કે શૂદ્ર જો બ્રાહ્મણની સેવા છોડીને કોઈ બીજું કાર્ય કરે તો એને નરક મળે છે (૨/૧૯), ગાયનું દૂધ પીવાથી, વેદના એક વાક્ય પર પણ વિચારમાત્ર કરવાથી શૂદ્રને ચોક્કસ નરક જ મળે છે. આ સનાતન ધર્મ છે (૧/૭૩-૭૪). શૂદ્રે સત્ત્વ વગરનું અન્ન ખાવું જોઈએ. શૂદ્રના ઘરમાં દૂધ, દહીં, ઘી, મધ, ગોળ વગેરે બ્રાહ્મણ ખાઈ શકે છે, પણ એના ઘરમાં ન ખાવું, નદીના કિનારે લઈ જઈને ખાવું. વેદવેદાંગ જાણનાર પરાશર ઋષિએ આ વ્યવસ્થા કરી છે. જો વેદવેદાંગમાં આ જ લખ્યું હોય તો ભગવાન જ બચાવે! લાગે છે કે ઋષિઓના નામે

આ સ્મૃતિઓ લખીને ધૂર્તોએ વેદને પણ બગાડ્યા છે. માટે ગીતામાં શ્રીકૃષ્ણે '**वेदवादरताः**' લોકોને સમજાવ્યું કે સંસારવૃક્ષને એના મૂળ પરમાત્મા સહિત જાણી લે છે એ જ વેદવિત્ છે, (ગીતા ૧૫/૧). પોથી વાંચનારને કૃષ્ણે વેદજ્ઞ નથી કહ્યા, જ્યારે એમના સમયમાં પણ આ પુસ્તકોને કંઠસ્થ કરનારા, શ્રુતિધર કહેવાતા લોકો હતા. શ્રીકૃષ્ણે એમની પાસે જવાની સલાહ નથી આપી, પણ તત્ત્વદર્શી મહાત્મા પાસે જવાની સલાહ આપી છે. '**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया उपदेक्ष्यान्ति ते ज्ञानम् ज्ञानिस्तत्वदर्शिनः॥**' (ગીતા ૪/૩૪). એટલું જ નહીં પણ એમને એ પણ કહ્યું કે તત્ત્વ શું છે અને તત્ત્વદર્શિતા શું છે. એ તત્ત્વને જાણવાની વિધિ કઈ છે? જેના પાંચ-પચ્ચીસ તત્ત્વની ગણતરીમાં તમે ક્યાંક ભટક્યા ન કરો. યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં વૈદિક સાધનાને જ એટલી ક્રમબદ્ધ દર્શાવી છે કે ભટકવાની કોઈ ગુંજાશ એમણે છોડી જ નથી. તો પણ કહે છે,-અરણ્યરૂદન છે.

આ જ સ્મૃતિઓમાં સાઠ ટકા કરતાં પણ વધારે સમાજને શૂદ્ર ઘોષિત કરીને નથી કદી સારી રીતે ખાવાપીવા દીધા, ન કમાવા દીધા, કારણ કે કમાઈ લે તો બ્રાહ્મણોને સતાવે. જો કોઈ પણ રીતે તેઓ કમાઈ લે તો યજ્ઞ કરવાના નામે લૂંટી લો. તેઓ કદી શિક્ષણ ન મેળવે. આરક્ષિત અને તિરસ્કૃત જ રહેવા દો. મંદિરમાં ન જઈ શકે, નહીં તો પરમાત્માને ટિટેનસ થઈ જાય. બનારસમાં ગયા તો એ મંદિરમાં શંકર મરી ગયા. ધર્માચાર્યોએ બીજુ મંદિર બંધાવ્યું, એ મંદિરમાં શંકરજી શુદ્ધ છે, પેલા મંદિરમાં શંકર અશુદ્ધ છે.

કોણ કહે છે કે કાશી વિદ્વાનોની નગરી છે? જે કાશીમાં ભગવાન શિવે રામચરિતમાનસને સત્યમ્ શિવમ્ સુંદરમ્ પ્રમાણિત કર્યું એ જ 'માનસ'માં છે કે કાગભુશંડીજી પોતાના પાછલા શૂદ્ર શરીરમાં ઉજ્જૈન ગયા. તો વૈદિક બ્રાહ્મણ ગુરુએ એમને શિવનો મંત્ર આપ્યો. તેઓ શિવમંદિરમાં બેસીને જપ કરતા હતા. એ મંદિરમાં શિવ શૂદ્રના પ્રવેશથી મર્યા નહીં, પણ ગુરુની અવહેલના પર શાપ આપ્યો, આશિષ આપ્યા.

જ્યારે સ્મૃતિઓમાં છે કે વેદવાક્ય પર વિચારમાત્રથી શૂદ્ર નરકમાં જશે. ગીતામાં ભગવાન કહે છે કે સ્ત્રીપુરુષ, વૈશ્ય, શૂદ્ર, બ્રાહ્મણ અથવા કોઈ પણ પાપયોનિવાળું હોય, તોય મારા શરણમાં આવીને પરમગતિ પ્રાપ્ત કરે છે. અત્યંત દુરાચારી પણ અનન્ય ભાવથી અર્થાત્ (અન્ય ન-ગાય, બળદ, દેવ-દેવી, ભૂત-ભવાની, નાગનાથ-સાપનાથ કોઈનેય ન ભજીને) કેવળ મને ભજે છે, તે સાધુ માનવા યોગ્ય છે, કારણ કે તે સાચા નિર્ણયની સાથે ચાલે છે, તે જલદી ધર્માત્મા બની શકે છે, સ્મૃતિમાં છે કે એને ચોક્કસ જ નરક મળશે. ગીતા કહે છે કે સ્ત્રીઓ પણ ભગવાનની ભક્તિ કરે, પણ સ્મૃતિઓ કહે છે કે સ્ત્રીઓ કેવળ પતિની ભક્તિ કરે. પતિની અનુમતિ ન હોય, તો ભગવાનની ભક્તિ ક્યારેય ન કરે, જો કરે તો પોતાના પતિને અલ્પાયુ બનાવે, તથા મર્યા પછી નરકમાં જાય. (-પારાશર, ૪/૧૭). તો પણ કહે છે કે સ્મૃતિને માનો.

સ્મૃતિમાં લખ્યું છે કે થોડાક અન્નને કૂતરા-કાગડા એંઠું કરી દે કે ગાય-ગધેડાં સૂંઘી લે, તો એ અન્નનો ત્યાગ કરવો, પણ વેદવેદાંગના જાણકાર પારાશર મુનિએ કહ્યું કે અન્ન વધારે હોય તો ફેંકી દેવું ન જોઈએ. જેટલાને લાળ ચોંટી હોય એટલું ફેંકી દેવું, બાકીનું અન્ન સોનાના પાણીથી ધોવાથી, અગ્નિ પર ગરમ કરવાથી તથા બ્રાહ્મણો દ્વારા વેદધ્વનિથી શુદ્ધ થાય છે. (પારા. ૬/૭૧-૭૪). અમેરિકાના ઘઉં ભારતમાં ન આવત તો લોકો ભૂખ્યા મરી જાત, પણ આ પ્રકારની શુદ્ધિ કોઈએ ન કરી. તો પણ કહે છે કે સ્મૃતિમાં માનો!

કૂવા-તળાવનાં પાણી જો ખરાબ થઈ જાય તો એમાંથી સો ઘડા પાણી બહાર ફેંકીને, પંચગવ્ય નાખવાથી શુદ્ધ થાય છે. (પારા. ૭/૫). આજે કોઈ પંચગવ્ય નથી નાખતું. ક્લોરીન, બ્લીચિંગ, પોટાશ વગેરે કેમિકલ્સ નાખે છે. પંચગવ્ય નાખવાથી તો કોલેરાનાં જંતુઓને ખોરાક મળે છે. તેથી તો પહેલાં ગામનાં ગામ ઝાડાથી સાફ થઈ જતાં હતાં. લખ્યું છે કે બ્રાહ્મણહત્યા કરતાં બમણું પાપ ગર્ભપાત કરાવવાથી લાગે છે, એ સ્ત્રીનો ત્યાગ કરી દેવો જોઈએ. (૪/૨૦). જ્યારે આજે તો સિલાઈ

મશીન ઈનામમાં મળે છે. ગર્ભપાત જ નહીં, વંધ્યીકરણનું લક્ષ્ય પૂરું ન થાય તો પગાર અટકાવાય છે, ઉપરનો હોદ્દો મળતો નથી. ખરેખર તો આ વ્યવસ્થા છે, ધર્મ નહીં.

તમારા મનમાં ક્યારનોય એક પ્રશ્ન ઊઠતો હશે કે પુરાણોમાં સ્મૃતિઓમાં માનવા જેવું કાંઈ છે કે નહીં? જુઓ, બુદ્ધિજીવી વર્ગ જ હંમેશાં સમાજ પર શાસન કરતો આવ્યો છે. એમના જ દ્વારા બનાવાયેલા એ જમાનામાં કાયદાકાનૂન, રહેણીકરણી આ સ્મૃતિઓમાં શબ્દબદ્ધ છે. એ બધી પ્રાચીન વ્યવસ્થાઓ હતી. આપણા વિકાસનો ઈતિહાસ જોવા માટે એમનું સચવાવું જરૂરી છે, પણ એ જમાનાના કાયદાઓને, એ યુગની સભ્યતાને વર્તમાન સમાજ પર લાદવી એ ક્યાંનો ન્યાય? રહી એમાંથી કંઈક લેવાની વાત, તો તમે પણ એ જ ગ્રહણ કરો જે ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે,-''**श्रुति पुराण सब ग्रन्थ कहाहीं। रघुपति भजन बिना सुख नाहीं।**'' લખી હશે કોઈ વાત એ પુરાણોમાં. ગોસ્વામીજી એ જોતાં પણ નથી. ''**नाना पुराण निगमागम सम्मत**'' કેવળ એક વાત એમને દેખાય છે કે એકમાત્ર પરમાત્મા જ સમગ્ર સુખોનો સ્રોત છે. 'રઘુપતિ ભજન' વગર સુખ છે જ નહીં અને તુલસી પીઠાધીશ્વર કહે છે ગાય સુખ આપશે. '**वेद मत शोधि, शोधि-शोधि कै पुरान सब**' ગોસ્વામીજીએ વેદ જોયા, પુરાણો મથી નાખ્યાં. લેવા જેવી વાત એક મળી કે '**रघुपति भजन बिना सुख नाही।**'

આચાર્ય પોતાની પુસ્તિકામાં લખે છે કે ભારતીય સંસ્કૃતિમાં પશુ પણ પૂજાય છે. દાખલા તરીકે, ગણેશના પ્રતીક તરીકે હાથીને પૂજે છે, શંકરનું પ્રતીક માનીને નીલકંઠ પૂજાય છે. એ જ રીતે ગાયને પણ વિષ્ણુની સજીવ પ્રતિમા માનીને એનું સમર્થન કરવામાં વાંધો શો છે? '**सियाराम मय सब जग जानी। करउँ प्रनाम जरि युग पानी॥**' જુઓ, જેટલી સહેલાઈથી લોકો આ ચોપાઈ કહી દે છે, એટલી સહેલી વાત નથી. પૂજ્ય પરમહંસજી મહારાજ (ગુરુદેવ) કહેતા હતા કે સાધનાકાળમાં એક સ્તર એવો પણ આવે છે, મહારાજજીને પણ આવ્યો હતો, કે જ્યારે

જડ-ચેતનમાં સર્વત્ર ઈષ્ટ દેખાવા માંડે છે. આ જ જોઈને મહારાજજીએ દાતણ કરવાનું થોડા દિવસ બંધ કરી દીધું હતું. એમને લાગતું હતું કે જેમ રૂંવાડાં ઉખેડવાથી શરીરને પીડા થાય છે, તેમ જ વૃક્ષને પણ પીડા થતી હશે. તેથી કેટલાક દિવસ દાતણ ન કર્યું. પણ આય વચ્ચેની જ એક અવસ્થા છે. આગળ જતાં આ પણ એક અજ્ઞાન જ લાગે છે. એવું થાય છે કે સાધક '**जहँ तहँ देखे धरे धनु बाना**' ભગવાન જ સર્વત્ર દેખાય છે, ગોસ્વામીજીના જ શબ્દોમાં, '**उमा जे राम चरन रत, विगत काम मद क्रोध। निज प्रभुमय देखहिं जगत, केहिं सन करहिं विरोधा॥**' જ્યારે સાધનાની સાચી ક્રિયામાં પડીને કેવળ રામના ચરણમાં પ્રીતિ શેષ રહી જાય છે, કામ-મદ-ક્રોધ શાંત થઈ જાય છે. એવી જ વ્યક્તિ જગતને સિયારામમય જોઈ શકે છે. બધા નથી જોતા, નથી જાણતા, કેવળ માની લેવાથી જગત સિયારામમય દેખાતું નથી. જાણવું કંઈ જુદું છે અને માનવું કંઈક જુદું.

પશુપક્ષીઓની પૂજા આપણી સંસ્કૃતિ નથી, વિખરાઈ જવાપણું છે; ઉદારતા નથી. આત્મઘાત છે. એ પુરાણ અને સ્મૃતિકાળની વિકૃતિ છે, નહીં કે ભારતીય સંસ્કૃતિ; એ વચ્ચે આવેલું એક વમળ છે, નહીં કે સ્વચ્છ ઘાસ. શિક્ષણને કેદ કરી સ્મૃતિઓએ માનવસમાજને મૂર્ખ બનાવ્યો અને પછી ઝાડ પૂજો, પથ્થર પૂજો, ભૂત પૂજો, સાપ પૂજો,-જેણે ઈચ્છ્યું તેણે તેણે ભોળી પ્રજાને ભય દેખાડીને માનીતી કરી લીધી કે લીમડામાં શીતળામાતા, મહુડામાં વૃત્રાસુર, વડમાં બ્રહ્મા તો ગાયની જ જેમ પીપળામાં આખો દેવલોક,-'**पात्रे पात्रे देवानाम्**' પાંદડે પાંદડે દેવતા, શીતળા રોગમાં શીતળા-આરીતે વિધાતાની સૃષ્ટિને, નશ્વર શરીરોને હજારો રીતે પૂજાવ્યા. આ બધા વામમાર્ગ છે, ભારતીય સંસ્કૃતિ નથી.

આપણી સંસ્કૃતિ ભગવાન રામ દ્વારા અપાયેલી છે, ભગવાન શ્રીકૃષ્ણે આપેલી છે. પરમ પ્રભુ શ્રીરામે અયોધ્યાની વિશાળ જનસભાને સંબોધિત કરતાં કહ્યં કે જો પરલોક ઈચ્છતા હો, અથવા અહીં જ સુખ-સમૃદ્ધિ ઈચ્છતા હો તો મારી વાત ધ્યાનથી સાંભળો. હૃદયમાં દૃઢતાપૂર્વક ગ્રહણ કરી લો, આ બંને માટે એક જ રસ્તો છે, ગરીબ-અમીર સૌને માટે

સુલભ રસ્તો છે. કયો? '**भगति मोरि**' મારી ભક્તિ કરો, ન સીતાની, ન હનુમાનની, ન ગાયની, ન ભેંસની. કેવળ મારી ભક્તિ કરો.

जो परलोक इहाँ सुख चहहू।
सुनि मन वचन हृदय दृढ गहहू॥
सुलभ सुखद माया यह भाई।
भगति मोरि पुरान श्रुति गाई॥

આ જ પુરાણ અને સ્મૃતિઓએ ગાયું છે. એક પરમાત્માની ભક્તિ આપણી સંસ્કૃતિમાં પહેલું ચરણ છે અને બીજા ચરણમાં છે, તે સામાજિક મર્યાદા જે રામે સ્થાપિત કરી-ભાઈ પ્રત્યે ભાઈનું કર્તવ્ય, પિતા-પુત્રનું કર્તવ્ય, મિત્ર-શત્રુ અને સમાજ પ્રત્યે જવાબદારીનું ભાન! એટલું જ તો ભારતીય સંસ્કૃતિ છે.

આ રીતે યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું કે આત્મા જ શાશ્વત છે, અવિનાશી છે, અમૃતસ્વરૂપ છે, એ જ સનાતન છે. આપણે કોણ છીએ? આત્માના ઉપાસક છીએ, ગાયના નહીં, દેવદેવીઓના નહીં, ઈંટ-પથ્થરના નહીં. જો તમે આત્માને જાણવાની ક્રિયા ન કરો તો તમે સનાતનધર્મી કેવી રીતે? આત્માને જાણવાની જે ક્રિયા યોગેશ્વર શ્રીકૃષ્ણ દર્શાવે છે, તેમાં ગાયની પૂજા તો નથી. '**यान्ति ब्रह्मा सनातनम्**' આત્મા, પરમાત્મા, ભગવાન, બ્રહ્મ બધા પર્યાય છે. શ્રીકૃષ્ણ પણ દર્શાવે છે એ જ એક પરમાત્માની પૂજા. આ જ ભારતીય સંસ્કૃતિનો પ્રથમ પક્ષ છે અને યોગેશ્વર શ્રીકૃષ્ણે જે રીતે મિત્રનો રથ હાંક્યો, દીનોને અપનાવ્યા, સંગઠન-કૌશલ્ય દર્શાવ્યું, સફળ, સમૃદ્ધ અને જીવંત જીવનશૈલી દર્શાવી-આ છે આપણી સંસ્કૃતિનો બીજો પક્ષ! કાગડાને પૂજવો, ઘુવડને પૂજવું-એ આપણી સંસ્કૃતિ નથી, વચ્ચે આવેલી એક કુરીતિ છે.

આ જ કુરીતિઓની ભેટ છે કે સોમવારે શંકરનું ધ્યાન, મંગળવારે હનુમાનની પૂજા, બુધવારે ગણેશજીની, ગુરુવારે બૃહસ્પતિ ભગવાન, શુક્રવારે સંતોષી માતાનું વ્રત, શનિવારે શનિ ગ્રહની શાંતિ અને રવિવારે સૂર્યોપાસના થાય છે. કહે છે ભારતીય સંસ્કૃતિ છે! સાતે દિવસ

દેવદેવીઓની પૂજા માટે વહેંચી દેવાયા. ભગવાનને માટે વિચારવાનો આખી જિંદગીમાં એક પણ દિવસ ન બચ્યો. ક્યાંક એકલ ઉપાસના, તો ક્યાંક ક્યાંક યુગલ સરકારની ઉપાસના તો ક્યાંક પાંચ-પાંચ દેવતાઓની એક સાથે ઉપાસના. કહે છે, ભારતની સમન્વયવાદી સંસ્કૃતિ છે. સંસ્કૃતિ આ નથી, આ તો વિકૃતિ છે!

કહે છે,-જાતિવ્યવસ્થા ભારતીય સંસ્કૃતિ છે. સીધું જ કેમ નથી કહેતા કે અંદરોઅંદરની ફાટફૂટ સંસ્કૃતિ છે? પહેલાં તો આ સ્મૃતિઓ-પુરાણોએ આખા સંસારને ચાર વર્ણોમાં વહેંચી દીધો, જેમાં બ્રાહ્મણને સરસ્વતી દેવી, ક્ષત્રિયને દુર્ગાની, વૈશ્યને લક્ષ્મીની અને શૂદ્રોએ કાળીની પૂજા કરવી જોઈએ. ભગવાનનું ક્યાંય નામ જ નથી. કહે છે,-આ ભારતીય સંસ્કૃતિ છે. કાયસ્થ ચિત્રગુપ્તની પૂજા કરે તો લુહાર વિશ્વકર્મા જયંતી ઊજવે. હરિજન લોકો વાલ્મીકિ જયંતી ઊજવે. ભગવાનની પૂજા માટે કોઈનેય આદેશ નથી, જ્યારે રામ-કૃષ્ણના આદેશાનુસાર સિવાય એક પરમાત્મા, કોઈનેય પૂજવાનું વિધાન જ નથી.

આ પુરાણપંથીઓ અનુસાર સમગ્ર રિદ્ધિ-સિદ્ધિના દાતા ગણેશ છે અને સમગ્ર જ્ઞાનની દેવી સરસ્વતી છે. મનુષ્યને બીજું શું જોઈએ? કાં તો જ્ઞાન, નહીં તો સમૃદ્ધિ! આ બંને ગણેશ અને સરસ્વતી પાસેથી મળશે, તો ભગવાનની જરૂર જ ક્યાં રહે છે? શું આ જ છે ભારતીય સંસ્કૃતિ? દરેક તિથિ માટે જુદું જુદું વ્રત, દરેક નક્ષત્રનું જુદું જુદું વ્રત! કહે છે બીજને દિવસે અશૂન્ય શયનવ્રત કરવું જોઈએ, તેથી જેમ વિષ્ણુની શય્યા પર સદાય લક્ષ્મી રહે છે, એ જ રીતે આ વ્રત કરવાથી પુરુષની શય્યા સ્ત્રી વગર અને સ્ત્રીની શય્યા પુરુષ વગર કદી ખાલી નથી રહેતી. શું આ જ છે સંયમપ્રધાન ભારતીય સંસ્કૃતિ? શ્રુતિ કહે છે, ''**यदिच्छन्तो ब्रह्मचर्य चरन्ति**'' અહીં પ્રલોભન અપાય છે, શય્યા ખાલી નહીં રહે. આ સંસ્કૃતિ નથી, વિષયલોલુપોએ જોડેલી વિકૃતિ છે, એમની જ કૃતિ છે.

આટલી સ્પષ્ટ અને પ્રશંસનીય ભારતીય સંસ્કૃતિ હોવા છતાં લોકો નશ્વર શરીરોની પૂજામાં ભટકી રહ્યા છે. આ ભેટ છે પુરાણો અને

સ્મૃતિઓની. આમ કહેવું સચ્ચાઈથી વધુ નજીકનું હશે કે આ ગ્રંથોને વિકૃત બનાવનારાઓનું આ ષડ્યંત્ર છે. શ્રીકૃષ્ણ કહે છે કે કેવળ એક પરમાત્માનું અસ્તિત્વ છે, બાકી કોઈનુંય અસ્તિત્વ જ નથી. અસ્તિત્વની પૂજા કરનાર આસ્તિક છે અને નશ્વર શરીરની પૂજા કરનાર નાસ્તિક છે. તો પણ ઘણા આચાર્યો અસ્તિત્વ વગરનાં દેવદેવીઓ, પશુ-પક્ષીઓ વગેરે નશ્વર શરીરોની પૂજા કરે છે. 'મજઝિમ નિકાય'માં છે કે મહાત્મા બુદ્ધના સમયમાં કૂકરવ્રતી-ગોવ્રતી અનેક સંપ્રદાય ભારતમાં હતા. કોઈ કેશ-કંબલ હતા. અર્થાત્ વાળ વધારીને કામળાનું કામ લેતા હતા, તો કોઈ કંઈક કરવાને જ ઉપાસના માનતા હતા. કૂતરાની જેમ રહેનારા કૂકરવ્રતી હતા. ગોવ્રતી વિશે ગૌતમ બુદ્ધને પૂછ્યું કે, 'ગુરુજી, અમારો આ સાથી વર્ષોથી ગાયની જેમ ચાલે-ફરે છે, મુખથી બાઁ-બાઁ કરે છે, નાદમાં મોઢું નાખીને ખાય છે અને માથાથી ખંજવાળે છે. ગાયની રીતભાતને એણે જીવનમાં પૂરેપૂરી ઉતારી છે. કહો, એની શી ગતિ થશે? ગૌતમે કહ્યું કે આ ન પૂછો તો સારું. બહુ આગ્રહ કરવાથી બુદ્ધે કહ્યું કે જે ગાયનું જ ચિંતન કરતો રહ્યો, એની જ ક્રિયાને જીવનમાં ઉતારવામાં તન્મય રહ્યો, તો એને આવતો જન્મ ગાયનો લેવો પડશે એમાં શંકા નથી. મૃગનું ચિંતન કરવાથી જડભરતને મૃગ બનવું પડ્યું, તો ગૌતમ બુદ્ધે શું ખોટું કહ્યું? આ રીતે એક બ્રાહ્મણ સાતસો વાછરડાં, સાતસો બકરી, સાતસો ઘેટાંનો બલિ ચડાવીને ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છતો હતો, બુદ્ધે એને સમજાવીને રોક્યો. એ એમનો શિષ્ય મહાકશ્યપ હતો.

તાત્પર્ય કે એક પરમાત્મા સિવાય અન્યત્ર ક્યાંય પણ શ્રદ્ધાને વિખેરવી એ ન તો ધર્મ છે અને ન તો ભારતીય સંસ્કૃતિ! તો પણ કોઈ જગતગુરુ દેવીની પૂજા કરવા કહે છે, તો કોઈ જગતગુરુ વિષ્ણુની, તો કોઈ ગાયની. ચાર-ચાર માણસોનું સંગઠન અને લખે છે જગતગુરુ! ભારતમાં અત્યારે સેંકડો જગતગુરુ છે, જ્યારે જગત એક જ છે. આદિ શંકરાચાર્યે '**एको ब्रह्म द्वितीयो नास्ति**'નો ઉપદેશ આપ્યો, તો એમની ગાદી પર બેસનારા શંકરાચાર્યોએ ભૂત-ભવાની બધાની સ્મૃતિમાં એટલું બધું લખી

નાખ્યું કે આદિ શંકરાચાર્યોનો સિદ્ધાંત ઢંકાઈ ગયો. આ જ રીતે ગોસ્વામી તુસીદાસજીએ કહ્યું કે કોઈ પણ કેમ ન હોય, '**तरइ न बिनु सेये मम स्वामी**' તો એમની ગાદી પર બેસનારા કહેશે કે ગાય તરાવી દેશે.

આ આચાર્યવરોને પોતાની અને સમાજની દયા આવવી જોઈએ કે જે પ્રપંચ છોડીને વિરક્ત થયા, એ જ નાતજાત, સંપત્તિની પુષ્ટિમાં પોતાનું જીવન વેડફી રહ્યા છે. બ્રાહ્મણ જ ભગવાનનો અધિકારી છે, બ્રાહ્મણને માટે જ ભગવાનનો અવતાર થાય છે,-આમ કહીને તેઓ આજના શિક્ષિત સમાજમાં હાંસીપાત્ર બની રહ્યા છે. આખી રાત કથા તો કરશે રામાયણની '**रामहिं सुमिरिय गाइय रामहिं**'; પણ સવારે પૂજા કરશે '**गणानां त्वां गणपति हँवामहे।**' ... '**या देवी सर्वभूतेषु छायारूपेण संस्थिता, मायारूपेण संस्थिता।**' કોણ જાણે કયા કયા ચાળીસા બોલવા બેસી જાય છે.

માટે બંધુઓ! એક પરમાત્માનું સ્મરણ કરવું, આ જ ધર્મ છે. એ પરમ પ્રભુનું જોકે કોઈ નામ નથી, કોઈ રૂપ નથી, તો પણ સાધનાકાળમાં સંબોધન માટે ભારતીય મનીષીઓએ એને જ પુરુષોત્તમ બ્રહ્મ, ભગવાન, આત્મા વગેરે નામથી સંબોધ્યા છે. પરમાત્મા એટલે સર્વત્ર વ્યાપ્ત, એ જ સાર્વભૌમ સત્તા, જે કોઈ દેશવિશેષ, કાળવિશેષ, જાતિવિશેષ, સંપ્રદાયવિશેષથી સર્વથા પર હોય, એટલું જ નહીં, સમાનરૂપે સૌના હોય, ભલે ભાષાભેદથી કોઈ ગૉડ કહે કે અલ્લાહ કહે. જે રીતે જળ, પાણી, વૉટર વગેરે જુદાં જુદાં નામથી પણ એક જ વસ્તુ પ્રાપ્ત થાય છે, એ જ રીતે જુદી જુદી ભાષાઓનાં નામ પણ એ જ એક પરમાર્થ સત્તાના પર્યાય છે, અનુવાદ માત્ર છે. પ્રાપ્તિ પામેલ દરેક મહાપુરુષ એક જ વાત કહે છે કે પરમાત્મા એક છે, એને શોધવાનું સ્થાન હૃદય છે અને વિધિ છે મનસહિત ઈન્દ્રિયોને એ પરમાત્મામાં તલ્લીન કરવી. માનવમાત્રનો આટલો જ ધર્મ છે, આ જ ભારતીય સંસ્કૃતિ છે અને આ જ મોક્ષનો ઉપાય પણ છે. માટે આપણે એક એની જ આરાધનામાં લીન થઈએ, જેમાં કલ્યાણ રહેલું છે. ગોસ્વામીજી કહે છે,-

वाक्य ज्ञान अत्यन्त निपुन भव पार न पावै कोई।
निशि गृहमध्य दीप की बातन्ह तम निवृत्त नहिं होई॥
जब लगि नहिं निज हृदि प्रकाश अरु विषय आश मन माहिं।
तुलसीदास तब लगि जग-योनि भ्रमत सपनेहु सुख नाहीं॥

(વિનય ૧૨૩)

કોરી વ્યાખ્યાનબાજીથી કાંઈ નથી થતું. પહેલાં વિષયોમાંથી આસક્તિ હઠાવો અને કંઈક એવું કરો કે તમારા હૃદયમાં તે પ્રકાશરૂપ પરમાત્મા જાગ્રત થઈ જાય, જેની અનુભૂતિ તમારા પૂર્વજોએ, વૈદિક ઋષિઓએ કરી છે.

કેવી રીતે જાગ્રત થાય એ પ્રકાશ? ગોસ્વામીજી કહે છે,-'**श्रीगुरु पदनख मनि मन ज्योति। सुमिरन दिव दृष्टि हिय होती॥**' ઉપનિષદ કહે છે,-'**तद्विज्ञानमर्थम् स गुरुमेवाभिगच्छेत**' (મુણ્ડક ૧/૨/૧૨). તેથી નિર્ધારિત ક્રિયામાં લાગી જાઓ,-આ ભારતીય સંસ્કૃતિ છે.

આખરમાં, અમે આભારી છીએ આપ સૌના, જેમણે મનોયોગથી આ પુસ્તિકા વાંચવામાં પોતાનો બહુમૂલ્ય સમય આપ્યો, સાથે જ આભારી છીએ ચિત્રકૂટના મહારાજ પ્રજ્ઞાચક્ષુજીના, જેમણે પોતાના ચિત્તની ગઠરી ખોલીને સમાજને સનાતન ધર્મ વિશે કંઈક કહેવા અને જાણવાનો અવસર આપ્યો.

॥ બોલો સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

यान्ति देवव्रता देवान् पितृन्यान्ति पितृव्रताः।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम्॥

અર્જુન! દેવતાઓને પૂજનારા દેવતાઓને પ્રાપ્ત કરે છે. દેવતાઓ હોય તો છે પરિવર્તિત સત્તા, તેઓ પોતાનાં સદ્કર્માનુસાર જીવન વ્યતીત કરે છે. પિતૃઓને પૂજનારા પિતૃઓને પ્રાપ્ત કરે છે અર્થાત્ ભૂતકાળમાં ગૂંચવાયેલા રહે છે. ભૂતોને પૂજનારા ભૂત હોય છે, શરીર ધારણ કરે છે અને મારો ભક્ત મને પ્રાપ્ત કરે છે. તે મારું સાક્ષાત્ સ્વરૂપ હોય છે. એનું પતન નથી થતું.

- 'યથાર્થ ગીતાઃ શ્રીમદ્ ભગવદ્ગીતા'માંથી ઉદ્ધૃત
(અધ્યાય ૯, શ્લોક ૨૫)

સતી

એ પરમ પુરુષ પરમાત્મા સાથે,
શાશ્વત સત્ય સાથે જેના સ્વભાવનો સુમેળ છે,
એ સતી છે.
જે સત્યપરાયણ છે એને સતી કહે છે.
'સતી' શબ્દ નારીજાતિનો સૂચક છે, તેથી
સમય જતાં ઉભય પ્રયોગ સંકુચિત થઈને
સ્ત્રી સાથે જોડાઈ ગયો.

- સ્વામી શ્રી અડગડાનન્દ

(કાર્તિક પૂર્ણિમા (૫ નવે. ૧૯૮૭)ના પાવન પર્વ પર ત્યાગી આશ્રમ, બિરૉંવ કોટ-વારાણસીના વાર્ષિક સમારંભમાં સ્વામી શ્રી અડગડાનન્દજી દ્વારા 'સતી' વિષયક ભ્રામક પ્રશ્નનું રહસ્યોદ્‌ઘાટન.)

સતી

રાજસ્થાનમાં જયપુર પાસેના દેવરાલા ગામમાં અઢાર વર્ષની રૂપકુંવર પોતાના પતિના શબ સાથે ચિતામાં જીવતી બળી ગઈ, એ ઘટના પછી સતી-પ્રથાની ભારતામાં બહુચર્ચિત સમસ્યા બની ગઈ છે. આ રીતે બળી મરવાના બે હેતુ દર્શાવાય છે,-એક તો એ કે પતિની સાથે બળી મરવાથી આવતા જન્મોમાં એ જ પતિ મળે અને બીજી ભાવના છે કે બળી મરવાથી પતિ-પત્ની બંનેને સીધી પરમગતિ મળે છે, પણ આ બંને બાબતો કોઈ સમયની રૂઢિનું પરિણામ છે.

મહાકાવ્યો અને પુરાણોમાં ત્રણ-ચાર પ્રકારની સતીઓના ઉલ્લેખ મળે છે,-એક તો અત્યંત ઉત્તમ કોટિની સતીઓ છે, જેમના પતિ કદી મર્યા જ નહીં. બીજી એ છે જેમણે પતિના આદેશો પર વિચાર કર્યો, યોગ્ય લાગ્યા તો માન્યા, ન લાગ્યા તો ન માન્યા એ તેઓ પણ પરમ સતી થઈ. ત્રીજી એ છે કે જેઓ એકથી વધુ પતિઓને પરણવા છતાં સતી કહેવાઈ. ચોથી કોઈ શ્રેણી નથી, પણ એક વિશેષ ભ્રાંતિ છે કે પતિની સાથે બળી મરનારી સાચી સતી છે. તો પછી જે માતાઓ-બહેનો બળી મરતી નથી, એમને શું કહેશો?

*માતા અનુસૂઈયા (અનસૂયા), નર્મદા, સાવિત્રી વગેરે અતિ ઉચ્ચ કોટિની સતીઓ રહી છે. એમને તો જે આદેશ મળ્યા એનું પાલન કર્યું. દાખલા તરીકે,-ભયંકર દુકાળની સ્થિતિમાં જ્યારે દૂર દૂર સુધી પાણીનું દરેક ઝરણું સુકાઈ ગયું હતું, ત્યારે પતિની આજ્ઞાથી અનુસૂઈયા જળ લેવા નીકળી પડી. મંદાકિનીનો અવિરત સ્રોત પ્રવાહિત થઈ ગયો. એક પરમાત્માની ભક્તિ દ્વારા આ માતાઓએ એ ક્ષમતા પ્રાપ્ત કરી લીધી હતી કે ''**जो इच्छा करिहउ मन माहीं। हरिप्रसाद कछु दुर्लभ नाहीं।**'' ભગવાન જ એમની ઈચ્છા પૂરી કરી દેતા હતા. સંસારની કોઈ પણ પ્રિય વસ્તુ એમની ઈચ્છા વિરુદ્ધ કોઈ પણ (એટલે સુધી કે કાળ પણ) એમની પાસેથી છીનવી શકતું નહોતું. એ ભક્તિનો જ પ્રભાવ હતો કે સાવિત્રી અને નર્મદાએ પોતાના પતિને મૃત્યુથી બચાવી લીધા. સીતા પણ આ જ કોટિનાં હતાં. રાવણે સીતાને રામનું માયાનિર્મિત માથું કાપી દેખાડ્યું,

ત્યારે સીતા શોકવિહ્વળ થઈને બોલ્યાં, જરૂર મારાથી કોઈ ભૂલ થઈ, નહીં તો હું જીવતી હોઉં તો તમે માર્યા ન જાઓ. આવી સતીઓના પતિ મર્યા જ નહીં, પણ આ સાધનાની ઉત્કૃષ્ટ અવસ્થા છે, તેઓ આ સ્તર પર હતી. પતિના શબની સાથે અનુસૂઈયા, નર્મદા કે સાવિત્રીના બાળી મરવાનો ઉલ્લેખ મળતો નથી.

શ્રીરામચરિતમાનસમાં છે કે ''**सती सिरोमनि सिय गुन गाथा**'' (૧૪૭/૭). સાધારણ અને મધ્યમ શ્રેણીનાં નહીં, સતીઓના શિરમોર હતાં સીતા. એમની રહેણીકરણી જુઓ. રામવનમાં જવા લાગ્યા ત્યારે સીતા સાથે જવા તૈયાર થઈ ગયાં. માતા કૌશલ્યાએ કહ્યું,-રામ! તમે પોતે સીતાને સમજાવો. જો તે ઘરે રહે તો તમારા પિતા સુખથી જીવે, મને પણ આધાર મળી જાય. શ્રીરામે માતાને પ્રસન્ન કર્યાં અને ''**मातु समीप कहत सकुचाहीं। बोले समय समुझि मन माहीं॥**'' માની સામે નવવધૂ સાથે વાત કરતાં શ્રીરામને સંકોચ થતો હતો (આજે નથી થતો), તો પણ જોયું કે સમયની માંગ છે કે બધાંની સામે સમજાવવુ. કદાચ સીતા ન માને તો લોકો એમ જ કહેશે કે સાથે લઈ જવાનું રામનુંય મન હતું. તેથી બોલ્યા કે રાજકુમારી! મારી શીખ સાંભળો. બીજો કોઈ જ વિચાર મનમાં લાવો પણ નહીં, પણ-

आपन मोर नीक जौं चहहू। वचन हमार मानि गृह रहहू॥
आयसु मोर सासु सेवकाई। सब विधि भामिनि... भवन भलाई॥

- રામચરિતમાનસ, ૨/૬૦/૩-૪

પોતાનું જ નહીં, મારુંય હિત ઈચ્છતા હો તો મારું માનો અને ઘરે રહો. મારી આજ્ઞા છે કે સાસુની સેવા કરો. ભવનમાં રહેવાથી જ તમારું કલ્યાણ છે, પણ આ સાંભળીને સીતાની આંખો ભરાઈ આવી. પગના અંગૂઠાથી જમીન ખોતરવા માડ્યાં. બોલ્યા,-

दीन्ह प्राणपति मोहिं सिख सोई।
जेहिं आचरन मोर भल होई॥
मैं पुनि समुझि दीख मन माहीं।
पिय वियोग सम दुख जग नाहीं॥

- રામચરિતમાનસ, ૨/૬૪/૫-૬

તમે તો એ જ શીખ આપી કે જેમાં મારું હિત છે, કારણ કે આવો અવસર ન તો કદી કૌશલ્યાની સામે આવ્યો હતો, ન રામને પણ આવો અનુભવ થઈ શકે. તેથી સીતાની જ શોધ હતી કે સંસારમાં પતિના વિયોગ જેવું કોઈ દુઃખ નથી.

भोग रोग सम भूषन भारू।
जन जातना सरिस संसारू॥
प्राननाथ तुम बिनु जग माहीं।
मो कहुं सुखद कहँ कछु नाहीं॥

- રામચરિતમાનસ, ૨/૬૪/૫-૬

તમારા વગર ભોગ રોગ છે, આભૂષણ ભાર છે, ક્યાંક કશું પણ સુખદ છે જ નહીં. ઠીક. પતિના સ્પષ્ટ આદેશ પર પણ સીતાએ વિચાર કર્યો અને સાથે જ રહ્યાં.

સુમન્ત વનમાં પહોંચીને પાછા ફરવા માંડ્યા ત્યારે પિતાનો સંદેશ સંભળાવ્યો કે સીતા પાછાં આવે તો હું જીવી જાઉં; માટે તમારું અને રામનું કર્તવ્ય છે કે સમજાવી-મનાવીને સીતાને પાછાં મોકલો, ત્યારે ''**पितृ संदेश सुनि कृपा निधाना। सियहिं दीन्ह सिख कोटि विधाना॥**'' કરોડો ઉદાહરણ આપીને સમજાવ્યું કે ''**सासु ससुर गुरू प्रिय परिवारू। फिरहु त सब कर मिटै खभारू॥**'' સાસુ-સસરા, ગુરુ, પ્રિયજન અને જનપદના પરિવારના લોકો,-આ બધાંનું દુઃખ દૂર થાય, જો તમે પાછાં આવો. કરોડો રીતે સમજાવ્યાં. જોકે કરોડ સુધી ગણવામાં જ બે દિવસ નીકળી જાય, આજકાલ દશ-પંદર લાખની મતગણતરીમાં જ દિવસ વીતી જાય છે. આટલું બધું સમજાવ્યું, તોય સીતા ન માન્યાં, તથા પોતાનો વિચાર રજૂ કર્યો,-

प्रभु करूनामय परम विवेकी। तनु तजि रहति छाँह किमि छेंकी॥ - રામચરિતમાનસ, ૨/૯૬/૫

સીતા અયોધ્યાથી નીકળી ચૂક્યાં હતાં. અર્ધું અંતર કાપી ચૂક્યાં હતાં. તેથી અધિકારપૂર્વક બોલ્યાં કે આજે તમે આ શું કહી રહ્યાં છો? તમે તો પરમ વિવેકી છો. તમને શું થઈ ગયું છે? શરીરથી જુદી શું

છાયાને રોકી શકાય છે? ચન્દ્રમાથી ચાંદનીને શું છૂટી પાડી શકાય છે? રામને પ્રશ્ન પૂછી બેઠાં. ''**पतिहिं प्रेममय विनय सुनाई।**'' પતિને પ્રેમપૂર્ણ પ્રાર્થના કરી, વિનંતી કરી અને પાછાં ન ગયાં.

ત્રીજો પ્રસંગ વનવાસ સમયનો છે. રામ પંચવટીમાં નિવાસ કરતા હતા. એક કાંચનમૃગ દેખાયું. સીતાએ રામને પ્રેરિત કર્યા કે આને કાં તો જીવતું પકડી લાવો, વનવાસ પછી અયોધ્યામાં રાણીવાસની શોભા વધારશે, અથવા એને મરેલું પણ લઈ આવો, એના ચામડાથી હું ઝૂંપડી સજાવીશ. વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડના તેંતાલીસમાં સર્ગમાં છે કે સીતાએ કહ્યું,-'જોકે નારીએ આદેશ આપવો ન જોઈએ, આ ભયંકર સ્વેચ્છાચાર છે, અને સાધ્વી સ્ત્રીઓ માટે યોગ્ય મનાયો નથી, તો પણ આ પ્રાણીના શરીરે મારા મનમાં વિસ્મય પેદા કર્યો છે. તેથી તમે જલદી જાઓ.' અહીં પોતાની આવશ્યકતાઓ માટે સીતા હઠ પણ કરે છે.

આખરે રાવણ માર્યો ગયો. સીતા અયોધ્યા પાછાં આવ્યાં, ત્યારે એક ધોબીએ આરોપ મૂક્યો. મુકદ્દમાને જોરદાર બનાવવા માટે કે ભૂલમાં એણે પોતાની પત્નીને પણ કાઢી મૂકી. લોકોને ખુશ રાખવા રામે સીતાને વનમાં મોકલી દીધાં. મહર્ષિ વાલ્મીકિના પ્રયત્નોથી સીતાનો લોકોપવાદ દૂર થઈ ગયો, ત્યારે જનસભા વચ્ચે રામે સ્વીકાર્યું કે સીતાએ અગ્નિપરીક્ષા આપીને પોતાની નિર્દોષતાનું પ્રમાણ આપ્યું હતું, જેથી મેં એનો સ્વીકાર કર્યો હતો, પણ જનમતથી લાચાર થઈને મારે એનો ત્યાગ કરવો પડ્યો હતો. હવે બધાંની સામે સીતા ફરીથી પરીક્ષા આપે તો હું એને સાથે રાખી શકું છું. રામ ઈચ્છતા હતા કે પરીક્ષા પછી સીતા પોતાના સિંહાસનની શોભા વધારે, પણ રામ જોતા જ રહી ગયા અન સીતા પૃથ્વીમાં સમાઈ ગયાં.

કહે છે કે પૃથ્વીની અંદરથી એક સિંહાસન નીકળ્યું, સીતાને બેસાડ્યાં અને લઈને ચાલ્યું ગયું. ખરેખર તો આ કવિઓની કથાશૈલી છે. ઘણખરું તો જેટલા મહાત્મા છે એ બધાને માટે વિમાન આવ્યાં એવી દંતકથા છે. મીરાં જોતજોતામાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયાં. સંતકવિ તુકારામે ઈન્દ્રાયણી નદીમાં ડૂબીને શરીર તજી દીધું. તો કહે છે કે આકાશમાંથી

એક વિમાન ઊતર્યું, એમને લઈને ચાલ્યું ગયું. જોકે પૃથ્વીના ગર્ભમાં નથી ક્યાંક પાતાળ, નથી આકાશમાં પણ કોઈ લોક (વૈકુંઠ) વસ્યો, નથી ત્યાં વિમાનોની કોઈ વ્યવસ્થા, નથી કોઈ સંશોધક, નથી કોઈ ઉપયોગ! ઠીક. આરંભથી અંત સુધી સીતાએ વિચારપૂર્વક નિર્ણય કર્યા. જે બાબતો ઉચિત હતી, એને સારી રીતે, જેમની તેમ માની લીધી, પણ બધી નહીં, તો પણ ''**सती शिरोमणि सिय गुन गाथा**'' સીતા સતી હતાં, તેમ?

सुन सीता तव राम, सुमिरि नारि पतिव्रत करिहिं।
तोहि प्राण-प्रिय राम, कहिउँ कथा संसार हित॥ ૩/૫૫ ॥

પતિવ્રતા સ્ત્રીઓ તમારાં પગલાંનું અનુકરણ કરશે, કારણ કે ''**तोहि प्राण-प्रिय राम**'' રામ તમને પ્રાણસમાન પ્રિય છે. વાસ્તવમાં એ જ સતી છે, જેની શ્રદ્ધા એકમાત્ર પરમાત્માનાં ચરણોમાં કેન્દ્રિત હોય, પરમાત્મા જ સત્ય છે. જે આ સત્ય સાથે સંકળાયેલી હોય એ જ સતી છે.

ગોસ્વામીજી કહે છે કે '**धर्म न दूसरा सत्य समाना**' સત્ય છે શું? તો ''**व्यापक एक ब्रह्म अविनाशी। सत् चेतन धन आनन्दराशी**'' એ સર્વત્ર વ્યાપક છે. એક છે, જો બે થઈ જાય તો તો દુનિયા વસી જશે., તો પછી સૃષ્ટિ બની જાય! ભગવાન કેવા? માટે એક છે, સૌથી મોટા છે. એનો કદી વિનાશ નથી થતો. એ જ સત્ય છે! એક પરમાત્મા જ સત્ય છે. '**अस प्रभु हृदय अछत अविकारी।**' એ પરમાત્મા હૃદયદેશમાં વસે છે. જે એના મનન-ચિંતનમાં સમય વિતાવે છે, એ વાસ્તવમાં સત્પથ પર છે, સતી છે. સીતામાં એ જ વિશેષ ગુણ હતો કે રામ એમને પરમ પ્રિય હતા. માટે સીતા સતી હતાં; નહીં તો આજે પણ સ્ત્રીઓ સારી રીતે આદેશ પાલન કરે છે, એને જ અનુરૂપ આચરણ કરે છે અને અકારણ લાંછિત થાય તો ધરતીમાં સમાઈ જાય છે, કોઈ ઘાસલેટ છાંટે છે, પંખા પર લટકી જાય છે, પણ આ સીતાનો માપદંડ નથી. સીતાનું સતીત્વ પતિસહમરણની ભેટ નહોતી.

સીતા રામને પ્રાણસમાન એટલા માટે નહોતાં માનતાં કે રામ સાથે એમનાં લગ્ન થયાં હતાં, પણ એ સત્ય માટે માનતાં હતાં જેની

અભિવ્યક્તિ બૃહદારણ્યક ઉપનિષદના બીજા અધ્યાય, ચોથા બ્રાહ્મણના પાંચમા મંત્રમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય દ્વારા મૈત્રેયી પ્રત્યે થઈ છે કે ''**न वा अरे। पत्युः कामाय पतिः प्रियो भवति। आत्मनस्तु कामाय पतिः प्रियो भवति। न वा ओ अरे जायायै कामाय जाया प्रिया भवति। आत्मनस्तु कामाय जाया प्रिया भवति। आत्मनस्तु कामाय सर्व प्रियँ भवति।**'' અર્થાત્ અરે મૈત્રેયી! પતિને માટે પતિ પ્રિય નથી હોતો, આત્માને માટે પતિ પ્રિય હોય છે. સ્ત્રીના પ્રયોજન માટે સ્ત્રી પ્રિય નથી હોતી, આત્માને માટે સ્ત્રી પ્રિય હોય છે. આત્મના જ પ્રયોજન માટે બધું જ પ્રિય હોય છે. આને જ ગોસ્વામીજીએ સરળ શબ્દોમાં વ્યક્ત કર્યું કે ''**पूजनीय प्रिय परम जहाँ ते। सब मानिअहिं राम के नाते।**'' પતિના સંબંધે નહીં, રામના સંબંધે માનો. ''**नाते नेह राम के मनियत सुहृद सुसेव्य जहाँ लौ। अंजन कहाँ आँख जेहि फुटे, बहुतक कहाँ कहौं लौ।**'' (વિનયપત્રિકા).

સાચું તો એ છે કે એક પરમાત્મા જ સૌનો વાસ્તવિક પતિ છે. વેદમાં છે કે (**'हिरण्यगर्भः सवणर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्।'**) બધાં જ ભૂતપ્રાણીઓનો એ જ એક પતિ છે. પત એટલે મર્યાદા (ઈજ્જત, આબરૂ), વારંવાર ગર્ભવાસની અનંત યોનિઓના ફેરા કરવા, મળ-મૂત્રાદિથી ખરડાયેલી યોનિઓમાંથી પસાર થવું-એના કરતાં મોટી બીજી કઈ બેઆબરૂ હોઈ શકે? એનાથી બચાવીને નિર્મળ રૂપ પ્રદાન કરવા જે સમર્થ છે, એ એકમાત્ર ભગવાન છે. માટે મહાપુરુષોએ ઈશ્વરને પતિ કહીને સંબોધ્યા છે અને એની જ યાદમાં એક સાંસારિક સંબંધને પણ એ જ નામ આપ્યું. રાણાનું મૃત્યુ થતાં મીરાંને સતી થવાનું કહેવામાં આવ્યું, ત્યારે એણે ના કહી, બોલી,-

ऐसे पति को क्या करूँ, जो जनमे और मर जाय।
मीरां अविनाशी बयौं, चुडलो अमर हो जाय॥

મીરાંએ જ નહીં, પરમ મહાનુભાવોએ પણ ઈશ્વરને પતિ માન્યો છે, પછી એ સંત કબીર હોય કે સંત કવિ ગોસ્વામી તુલસીદાસ. ઋષ્યમૂક પર્વત પર વરુવેશધારી હનુમાનને શ્રીરામે કહ્યું કે તું મને લક્ષ્મણ કરતાં

બમણો પ્રિય છે, ત્યારે **'देखि पवनसुत पति अनुकूला। हृदय हरष बीती सब शूला॥'** ૪/૩/૧. હનુમાન પતિને અનુકૂળ સમજ્યા, હનુમાન વાનર જાતિના એક પુરુષ હતા, કોઈ સ્ત્રી નહીં, પણ એ પતિને અનુકૂળ સમજ્યા. વાસ્તવમાં પતિ એ છે જે અનંત યોનિઓમાંથી ઉગારીને તમને એવું જીવન આપે, જે અનંત હોય, એવી શાંતિ આપે, જે અસીમ હોય. આવું કેવળ એક પરમાત્મા જ આપી શકે છે, માટે એ જ એકમાત્ર સાચો પતિ છે, સ્વામી છે.

એ પરમાત્મા કણકણમાં વયાપ્ત છે-એમ સાંભળવા મળે છે, તો શું આપણે ઝાડની પૂજા કરવી? માટીનું ધ્યાન ધરવું? એ પરમાત્માને પકડવા માટે વિધિ શી છે? એની પ્રાપ્તિનું એક જ સાધન છે-એ પરમભાવપ્રાપ્ત. અવ્યકતને સ્પર્શ કરીને અવ્યક્ત સ્થિતિવાળા મહાપુરુષ (સદ્‌ગુરુ), એમની વગર એ પરમાત્મામાં પ્રવેશ પામી શકાતો નથી. એવો જ નિર્ણય છે તમારી ગીતાનો, રામચરિતમાનસનો અને પ્રત્યેક પ્રાપ્ત કરનાર મહાપુરુષનો. પરમાત્મા પરમધામ હોય તો એમાં પ્રવેશનો દરવાજો સદ્‌ગુરુ છે. માટે છે તો પરમાત્મા જ પત રાખનાર પતિ, પણ સાધનામાં પ્રવેશથી માંડીને પૂર્ણતા સુધી સદ્‌ગુરુ જ એ પરમાત્માની વિધિ છે. એ એની ચાવી છે. એજ એની યુક્તિ દેખાડે છે, એ જ પત રાખનાર છે, માટે એ જ પતિ પણ છે. માટે અનુસૂઈયાએ કહ્યું,-

मातु पिता भ्राता हितकारी। मितप्रद सब सुनु राजकुमारी॥
अमित दानि भर्ता वैदेहीष अधम सो नारि जो सेव न तेही॥

- રામચરિતમાનસ, ૩/૪/૫-૬

માતાપિતા, ભાઈ વગેરે એક હદ સુધી જ હિત કરનારાં છે, પણ અસીમ દાન, અનંત દાન, જે કદી ન ઘટે એવું શાશ્વત દાન દેનાર તો પતિ જ છે. વિચાર કરો કે મરણધર્મા, અસ્તિત્વવિહીન, સીમાબદ્ધ સાંસારિક પતિ કયું અસીમ દાન આપે? માગ અને પુરવઠાના નિયમ અનુસાર ક્યારેક સમાજમાં છોકરીઓનું મહત્ત્વ વધી જાય છે, તો ક્યારેક છોકરાઓનું. એમની વચ્ચે સંબંધ જોડનાર શબ્દ છે સંભોગ. જ્યારે બંનેય એકબીજાના સમાન ભોગવે છે, ત્યારે કોઈ અધિક કે કોઈ ઓછું ક્યાંથી હોય? મીરાં તો લૌકિક પતિને માનતાં જ નથી. કહે છે,-

झुठ सुहाग जगत का सजनी, होय होय मिट जासी।
मैं तो इक अविनाशी बरूँगी, जाह काल नहिं खासी॥

વાસ્તવમાં બહાર કોઈ પતિ નથી! અસીમ અને અનંત એક પરમાત્મા છે. એ જ પતિ છે, પણ એ તો કેન્દ્ર છે, લક્ષ્ય છે, અંતિમ પરિણામ છે. સાધનાના આરંભથી પૂર્ણતા સુધી આત્મા સાથે એક થઈને સાધકને લઈ જનાર સદ્‌ગુરુ જ પતિ છે, માટે,-

કોઈકને વૃદ્ધાવસ્થામાં ઉપલબ્ધ થાય તો એ મહાપુરુષ અત્યંત જર્જર વૃદ્ધ હોઈ શકે છે, રોગી હોઈ શકે છે. જેમ રામકૃષ્ણ પરમહંસને કેન્સર હતું. અમારા ગુરુ મહારાજના ગુરુ સત્સંગી મહારાજ લંગડા હતા. દત્તાત્રય ઉન્મત્ત અને પિશાચની જેમ રહેતા હતા (જડભરતની જેમ). જરૂરી નથી કે તેઓ સિંહાસન પર બેસતા હોય. હોઈ શકે કે તેઓ ધૂળમાં સૂવા-આળોટવાની આદતવાળા હોય. કાશીના હરિહરબાબા નેત્રહીન હોવા છતાં પોતાના સમયના પૂર્ણ મહાપુરુષ હતા. દયાનંદ સરસ્વતીના ગુરુ બિરજાનંદજી પણ પ્રજ્ઞાચક્ષુ હતા. વસ્તુતઃ ગુરુ શરીર નથી હોતું. '**नास्ति तत्त्वो गुरोः परम**' ગુરુ એક તત્ત્વ છે. જે પરમતત્ત્વ પરમાત્માનાં દર્શન, સ્પર્શ અને પ્રવેશવાળા હોય, જેમને તત્ત્વ વિદિત હોય અને એ અનુસારની રહેણીકરણીવાળા હોય, એમના અંતરમાં ગુરુત્વ છે. માટે સાધનાકાળમાં એ સદ્‌ગુરુ જ પતિ છે. એ કોઈ પણ વેશમાં હોય, એમનું અપમાન ન કરવું જોઈએ. શાશ્વત તરફ લઈ જતા આ કર્ણધારો દ્વારા જ પતની રક્ષા થાય છે. એમનું અપમાન કરવાથી યમપુરમાં વિવિધ પ્રકારનાં દુઃખ સહેવાં પડે છે. આ રીતે સીતા-અનુસૂઈયા કથાના 'પતિ' રહસ્યાત્મક છે, આધ્યાત્મિક છે.

શાસ્ત્ર બે દૃષ્ટિએ રચવામાં આવે છે,-એક તો બનેલી ઘટનાઓના ઈતિહાસે જાળવી રાખવો, જેથી લોકો પોતાના પૂર્વજો દ્વારા નિર્ધારિત મર્યાદા પ્રમાણે ચાલી શકે. અને બીજું છે આધ્યાત્મ, જે પ્રકૃતિના દ્વંદ્વથી છોડાવીને આત્માનું આધિપત્ય અપાવી શકે. આજે બધા પર માયાનું

આધિપત્ય છે. આ માયાના સકંજામાંથી છોડાવીને જે ઈશ્વર પથ પર ચલાવે અને આત્માનું આધિપત્ય અપાવે, એનું જ નામ અધ્યાત્મ છે, જેમાં પ્રતીકોના માધ્યમથી આંતરિક સ્થિતિનો બોધ કરાવાય છે. મહાપુરુષોએ મનના અમૂર્ત ભાવોનું સમીકરણ ઐતિહાસિક ઘટનાઓથી કર્યું છે. અમૂર્તને મૂર્ત ઉદાહરણો દ્વારા સમજાવવાની કૃપા કરી છે. અત્યાર સુધી તમે ઐતિહાસિક દૃષ્ટિથી જોયું, હવે આધ્યાત્મિક પરિવેશમાં રામકથા અને સતીપ્રસંગ જોઈએ, જેનો આરંભ થાય છે યોગરૂપી જનકપુરથી. ચિત્તની ચંચળતાનો ક્રમ જ ચાપ છે. ધ્યાન જ ધનુષ્ય છે. શુદ્ધ ધ્યાન ત્યારે લાગે છે, જ્યારે ચિત્તની ચંચળતાનો ક્રમ જ તૂટી જાય. ચિત્ત ન લાગવારૂપી ચાપને તોડતાં જ તરત ધ્યાનની સ્થિતિ આવી જાય. ત્યાં શક્તિરૂપી સીતા, જે તમારા હૃદયમાં છુપાયેલી છે, એ તમારી શક્તિયોગના આ સ્તરે તમારી સાથે જોડાઈ જાય છે. શક્તિનો સંચાર, શક્તિ સાથે સંબંધ થઈ જાય છે.

રામ વનમાં ગયા તો સીતાને આદેશ આપ્યો,-

सुनह प्रिया व्रत रूचिर सुशीला।
मैं कछु करब ललित नर लीला॥
तुम्हं पावक महँ करहु निवासा।
जब लगि करहु निशाचर नाशा॥

હું હવે વિલક્ષણ નરલીલા કરવા જાઉં છું. જ્યાં સુધી આ નરલીલા પૂરી ન થઈ જાય, તમે પાવકમાં નિવાસ કરો, 'નરલીલા' શું છે? શું સ્ટેજ પર ખેલાતી રામલીલા? ના '**निशाचर नाशा**' નિશાચરોનો નાશ જ 'નરલીલા' છે.

નિશા? '**यहि जग जामिनी जागहिं जोगी।**' જગત જ એક રાત્રિ છે. '**या निशा सर्वभूतानां**' આ સંસાર જ ભયંકર રાત્રિ છે. આ રાત્રિની તરફ આપણને સૌને પ્રેરિત કરે છે મોહરૂપી રાવણ, ક્રોધરૂપી કુંભકર્ણ, લોભરૂપી નરાન્તક, પ્રકૃતિરૂપી સૂર્પણખા,-તેઓ જગતરૂપી રાત્રિ તરફ ચાલનારાં છે, માટે તેઓ જ નિશાચર છે. જ્યાં સુધી હું આ વિકારોનો અંત ન આણું, ત્યાં સુધી તમે અગ્નિમાં નિવાસ કરો. વાસ્તવમાં જ્યાં

સુધી આ વિકારો શાંત ન થાય, ત્યાં સુધી શક્તિરૂપી સીતા બહાર જોવા નહીં મળે. ત્યાં સુધી યોગાગ્નિમાં પ્રસુપ્ત રહ્યા કરે છે. જેમ જેમ યોગનું અનુષ્ઠાન કરશો તેમ તેમ તે શક્તિ પ્રસ્ફુટિત થતી જશે.

એક સમય આવ્યો, બધાં નિશાચર મરી ગયાં. અંતે એકલો રાવણ જ્યારે ગયો ત્યારે અપાર સેના લઈને ગયો. કુભકર્ણ, ધનનાદ વગેરે દુર્ધર્શ યોદ્ધા તો મરી ગયા હતા. અપાર હજી જીવિત જ છે? તેઓ આવ્યા ક્યાંથી? વાસ્તવમાં મોહરૂપી રાવણ! ''**मोह सकल व्याधिन्ह कर मूला। तेहिं ते पुनि उपजहिं बहु शूला॥**'' મોહ બધા જ વ્યાધિઓનું મૂળ છે, જેનાથી અનંત શૂળોની સૃષ્ટિ બને છે. માટે ભલે બધું જ નષ્ટ થાય, પણ જો મૂળ વિદ્યમાન હોય તો શાખા-પ્રશાખા, પાંદડાં, ફૂલ બધું જ વિકાસ પામશે. આ રીતે બધા વિકાર સમાપ્ત થઈ જાય, પણ જો મોહ બાકી રહ્યો હોય તો એની અંદર કામ, ક્રોધ, લોભ, મદ-મત્સર, રાગ-દ્વેષ વગેરે બધા વિકાર પ્રસુપ્ત છે. માટે રાવણ ગયો તો અપાર સેના લઈને ગયો અને જ્યારે શાંત થયો તો '**रहा न कुल कोउ रोवनिहारा**' તરત જ અગ્નિ પ્રજ્વલિત થઈ ગયો. ફરીથી સીતા પ્રગટ થયાં.

સર્વત્ર રામનું સામ્રાજ્ય છવાઈ ગયું,-''**राम राज बैठे त्रैलोक हरषित भये गये सब शोका॥**'' જન્મ અને મૃત્યુનો પણ શોક દૂર થયો. લવ-કુશ પેદા થઈ ગયા. એક પરમાત્મામાં પ્રેમ સ્થિર થયો, હવે અન્યત્ર ક્યાંક આસક્તિ ન રહી, તો શક્તિનો શો ઉપયોગ રહ્યો? ત્યારે ફરીથી સીતા પૃથ્વીમાં સમાઈ ગયાં. વાસ્તવમાં ''**धड धरती का एकै लेखा. जो बाहर सो भीतर देखा॥**'' આ સ્તરે શક્તિરૂપી સીતા શરીરરૂપી પૃથ્વીમાં પ્રસુપ્ત થઈ જાય છે. રહે છે યોગીમાં જ, મરી નથી જતી, ક્યાંય ચાલી નથી જતી, પણ એ યોગીને પોતાને માટે એનો કાંઈ જ ઉપયોગ રહેતો નથી. રામ પણ સરયૂમાં શાંત થઈ જાય છે. પરમાત્માના અનુભવી સૂત્રપાતનો પોતાને માટે કોઈ ઉપયોગ નથી રહેતો, પણ લોકહિત માટે રહે છે, માટે રામ પણ સદૈવ રહે છે. યજ્ઞથી પરિપૂર્ણ શ્વાસક્રિયા જ સરયૂ છે, એમાં જ સદા વિદ્યમાન રહે છે. આ રીતે સમગ્ર રામાયણ યૌગિક શબ્દકોશ છે. આપણા સૌના હૃદયમાં બનનારી ઘટના છે, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞની લડાઈ છે, પણ એનો સૂત્રપાત છે. સદ્‌ગુરુની અંતઃપ્રેરણા દ્વારા એ જ

પથ પર ચાલીને એ સત્યને પામવાનું વિધાન છે. ભક્તિ શરીર નથી કરતું પણ ઈષ્ટોન્મુખી વૃત્તિ કરે છે, એ જ નારી છે. એ સત્ય સાથે જોડાયેલી હોય તો સતી છે.

સંસારથી વિરક્ત થઈને યોગસંન્યાસમાં પ્રયત્નશીલ પુરુષને 'યતિ' અને આ જ યોગસાધનામાં દીક્ષિત સ્ત્રીઓને 'સતી' કહેવાની પરંપરા હતી. આજે પણ પૂજ્ય મહાવીર સ્વામીના અનુયાયીઓમાં આ નિયમ યથાવત્ છે કે વિરક્ત સ્ત્રીઓને સતી કહે છે. યતિ અને સતી બંનેને માટે નિયમ-સંયમનું પાલન તથા બંનેની ક્ષમતા પણ એક છે. રૂઢપ્રયોગ છે કે '**जती सती का बोलबाला**' 'માનસ'માં બંનેની એક જેવી જ ઓળખ છે,-'**डगै न सभु सरासन कैसे। कामी वचन सती मन जैसे॥**' દશ હજાર રાજા ઊઠ્યા, પણ ધનુષ્ય ન ઊઠ્યું, જેમ સતીના મનમાં કામવિકાર નથી ઊઠતા. બીજો પ્રસંગ છે, જ્યારે અંગદનો પગ ઊપડતો નથી ત્યારે એ મહાપુરુષે કહ્યું કે ''**कोटि विघ्न ते संत कर मन जिमि नीति व त्याग।**'' જેમ કામમય કરોડો બાધા-વિઘ્નોથી પણ સંતનું મન ચલાયમાન નથી થતું. બંને સ્થળે સતી અને સંતના મનની સમતા દર્શાવાઈ છે. ઠીક. સત્પથ પર પ્રયત્નશીલ સ્ત્રીઓ સતી કહેવાઈ, બળી મરવું એ એમનો માપદંડ નહોતો.

*બીજા કોટિની સતી નારીઓમાં મહારાણી મદાલસા ઉલ્લેખનીય છે. મહારાજ ઋતુધ્વજ (કુવલયાશ્વ) સાથે એણે એ શરતે લગ્ન કર્યાં કે હું જે કાંઈ કરું તેમાં તમે મને સાથ આપશો. ક્રમશઃ એમને ત્રણ પુત્ર થયા. મદાલસાએ એ ત્રણેને **शुद्धोऽसि, बुद्धोऽसि, निरंजनोऽसि** કહીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપીને જંગલનો રસ્તો પકડાવી દીધો.

સમાજના વાત્સલ્ય, સ્નેહ અને પ્રેમથી સભર સંબંધોનું શું અસ્તિત્વ છે? આ વિશે સતી મદાલસાએ પોતાના પુત્રને સમજાવતાં કહ્યું કે,-

तातेति किंचित् तनयेति किंचित्, अम्बेति किंचित् दयितेति किंचित्।
ममेति किंचिन्नममेति किंचित् त्वं भूतसंघं बहुमानयेथा।

આ પિતા છે, આ પુત્ર છે, પ્રિય સ્ત્રી, પ્રિય પતિ,-આ સંબંધોનો નશ્વર શરીરના વ્યવહાર ચલાવવાનાં નામ છે. '**शुद्धोऽसि ते तात न**

તેઽસ્તિ નામ'-તારું કોઈ નામ નથી! તું તો શુદ્ધ, અવિનાશી, અજર, અમર આત્મા છે. વિચાર કરો કે જો આ બધા સંબંધો નશ્વર હોય, કેવળ વ્યવહાર ચલાવતા હોય, તો આ નશ્વર સંબંધની પાછળ કોઈ સતી શા માટે થાય?

માતા મદાલસાને રાજાએ બહુ કહ્યું ને પ્રધાનોએ અનુરોધ કર્યો, તેથી પોતાના ચોથા સંતાન અલર્કને નામમાત્રની રાજનૈતિક કેળવણી આપી, પણ પોતાની મૂળ કેળવણી આત્મજ્ઞાનથી એને વંચિત ન રાખ્યો. અક વીંટીમાં કંઈક સંદેશ અલર્કને માટે લખ્યો. પ્રધાનોને સૂચના આપી કે જ્યારે એની પર કોઈ મહાન સંકટ આવી પડે, કોઈ સહાયક ન રહે, ત્યારે એને વીંટી યાદ કરાવજો. રાજા પર પણ રાણીની સદ્‌વિદ્યાનો પ્રભાવ પડ્યો. તેઓ બંને પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતાં વનમાં ચાલ્યાં ગયાં.

સમય જતાં અલર્કના સંન્યાસી અગ્રજ સુબાહુએ કાશીનરેશની મદદથી પિતાના રાજ્ય પર પોતાનો અધિકાર દર્શાવ્યો. અલર્કની સેના હારી ગઈ, કોષ ખાલી થઈ ગયો, મદદ કરનાર રહ્યા નહીં, ત્યારે પ્રધાનોએ મદાલસાની વીંટી યાદ કરાવી, જેમા સંસારની નિઃસરતા દર્શાવીને પરમાત્માને જ સુખશાંતિના સ્રોત કહ્યા હતા, જેની પ્રાપ્તિનો સ્રોત સત્સંગ છે. એ નિર્દેશો અનુસાર ચાલીને ભગવાન દત્તાત્રેયની કૃપાથી અલર્ક, સુબાહુ તથા કાશીનરેશે પણ પરમ શાંતિ પ્રાપ્ત કરી.

આ હતી સતી મદાલસાની સત્યનિષ્ઠા. પતિની વિનંતીઓ છતાં તેણે અલર્કને સત્યથી વંચિત ન રાખ્યો. એક પરમાત્મા પ્રત્યે કૃતસંકલ્પ હોવાને કારણે એ મહાસતી કહેવાઈ એ સત્ય સાથે જોડાયેલી જેની ચિત્તવૃત્તિ હોય તે સતી છે.

ત્રીજી શ્રેણી આવે છે તારા, મંદોદરી, દ્રૌપદી, કુંતી અને અહલ્યાની. તેઓ પંચકન્યા કહેવાય છે. એવું લાગે છે કે તેઓ એટલા પ્રભાવશાળી કુળની હતી કે કવિઓની હિંમત જ ન ચાલી કે એમને કંઈક કહી દે, તો પવિત્ર કન્યા, પંચકન્યા, સતી વગેરે કહેતા જ રહ્યા. પાંચે ગમે તેટલા લગ્ન કરે, સદૈવ કન્યા રહેશે. અથવા પાંચ પતિ સુધી તેઓ ક્ષમ્ય હતી. અગ્નિ સમક્ષ વેદી બનાવીને ફેરા ફરવાનીય વૈદિક રીતિબદ્ધતા એમને માટે

નહોતી. દ્રૌપદીને પાંચ પતિ હતા. લગ્ન પહેલાં જ કર્ણની મા બનનાર કુંતીએ પોતાના પતિ પાંડુના નિર્દેશ પર ત્રણ દેવતાઓને આહ્વાન કરીને પાંચની સખ્યા પૂરી કરી. મંદોદરી, રાવણ અને વિભીષણ સુધી જ સીમિત રહી અને તારા, વાલિ-સુગ્રીવ સુધી. અહલ્યાએ બીજા તરફ પગલું ભર્યું તો શાપ મળ્યો. પતિવ્રતા તો દરેક પતિને સમાન માને છે. મહાભારતમાં કથા આવે છે કે પાંડવો દ્રૌપદી સાથે હિમાલય પરથી સ્વર્ગ તરફ જઈ રહ્યા હતા, એકાએક ભીમે જોયું કે દ્રૌપદી ગળવા માંડી છે. વ્યાકુળ થઈને એમણે યુધિષ્ઠિરને પૂછ્યું, 'રાજન! આ દ્રૌપદી કેમ ગળી રહી છે?' તો ધર્મરાજે કહ્યું કે સુંદરતાને કારણે નકુલને તે વધુ ચાહતી હતી, આ જ પાપથી તે ગળી રહી છે. પતિવ્રતા શું કોઈ પતિને નાનો ને કોઈને મોટો માને છે? માનતી હોય તો તો પાપ છે. અહલ્યાએ તો પણ બીજા પતિને માન્યો હતો. કદાચ જાણીને જ વિચલિત થઈ, તો પણ ઈન્દ્રને ગૌતમથી ઓછો કેમ માને? તોય શાપ મળ્યો.

ખરેખર આવું કાંઈ નથી. અ તો સારું થયું કે પંચકન્યાઓનું આરક્ષણ સમાપ્ત કરી દેવામાં આવ્યું કે હવે છઠ્ઠી પંચકન્યા નહીં થાય. એકલ-વિવાહ, બહુ-વિવાહ અનેક પતિ કે પત્ની રાખવાં એ સામાજિક વ્યવસ્થાઓ છે. એને આ સતીત્વ સાથે કાંઈ લેવાદેવા નથી. મહાભારતના આદિપર્વમાં પાંડુએ કુંતીને કહ્યું કે પહેલાં સ્ત્રીઓ સ્વચ્છંદ જીવન વિતાવતી હતી. આરુણિ-ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુએ એનો વિરોધ કર્યો, એક વ્યવસ્થા આપી. ત્યારથી લગ્નપ્રથા શરૂ થઈ. આ કથાનકમાં સત્યનો અંશ ગમે તેટલો હોય, બહુપતિ સમાજોના અસ્તિત્વને નકારી ન શકાય. જો બળી મરવું એ જ સતીનો માનદંડ હોય તો એવી સ્ત્રીઓને આ સૌભાગ્યથી વંચિત રહેવું પડશે.

દ્રૌપદી, કુંતી, અહલ્યા, તારા અને મંદોદરીને સતી હોવાનું મૂળ કારણ હતું,-એક પરમાત્મામાં દૃઢ સંકલ્પ, પ્રગાઢ શ્રદ્ધા. તારાએ વાલિને, મંદોદરીએ રાવણને જે ઉપદેશ આપ્યો, તે કોઈ મહાત્માથી ઊતરતો નથી. કુંતીમાં એવી નિષ્ઠા હતી કે જ્યારે જ્યારે ભગવાનનું સ્મરણ કર્યું, તે આવ્યા. ચીરહરણ વખતે પાંચ પાંચ પતિ દ્રૌપદીનું રક્ષણ ન કરી શક્યા, રક્ષણ કર્યું તો ભગવાને. આ બધાંને મુસીબતમાં મદદ કરી

તો ભગવાને કરી. અહલ્યાને મુક્તિ ભગવાનથી મળી. એની શ્રદ્ધામાં એટલું નક્કર બળ હતું કે પરમાત્માને અની પાસે જવું પડ્યું. એ બધી જ એ સત્ય પર આરૂઢ હતી, માટે સતી કહેવાઈ.

ભગવાન રામ અનુસાર નર-તન એક દુર્લભ દેહ છે, જેનો ઉપયોગ ભવસાગર તરવામાં છે, પરમાત્માને આ જ શરીરથી વિદિત કરવામાં આવે છે. આ તન દેવતાઓનેય દુર્લભ છે. કોઈ શબની પાછળ બાળી નાખીને આ અમૂલ્ય શરીર ખોઈ ન દેવું. જેને માટે મળ્યું છે, તેનો પ્રયત્ન કરવો, આ શરીર પછી જલદી નહીં મળે.

વીરાંગનાઓની શૌર્યગાથા

આજકાલ સમાજમાં સતીનો જે અર્થ બહુચર્ચિત છે, જેને માટે ઝઘડા થાય છે, આચાર્ય પ્રવર કંઈક ને કંઈક કહ્યા કરે છે અર્થાત્ પતિ સાથે ચિતારોહણ, એ તથાકથિત કોટિમાં માદ્રીનું નામ ઉલ્લેખનીય છે. પાંડુ ઉપરાંત અશ્વિનીકુમારોને એણે આહ્વાન કર્યું હતું, જેથી નકુલ-સહદેવ પેદા થયા. પાંડુના મૃત્યુનું કારણ પોતાને માનીને ગ્લાનિવશ તેણે પાંડુ સાથે ચિતારોહણ પણ કર્યું, પણ પછી શાસ્ત્રકારોએ એને સતી નથી કહી. લખ્યું છે,-'**त त्रैनं चिताग्निस्थं माद्री समन्वारुरोह।**' (આદિપર્વ, ૯૫-૬૫). અર્થાત્ માદ્રી પોતાના પતિની સાથે ચિતાના અગ્નિ પર ચડી ગઈ, પણ સતી કહી કુંતીને. વાસ્તવમાં જ્યારે આપણે કોઈ વાર મોહજાળમાં ફસાઈને મનનું સંકલન ખોઈ બેસીએ છીએ ત્યારે કાંઈ પણ કરીએ છીએ. પોતાના કૃત્યને મહિમાવંત કરવાનો અને એનું ઔચિત્ય સિદ્ધ કરવાનો પણ પ્રયત્ન કરીએ-કરાવીએ છીએ. માદ્રીએ આ જ કર્યું.

*મહારાજ દક્ષની એક કન્યાનું નામ જ સતી હતું.

प्रथम दच्छ गृह तव अवतारा।
सती नाम तब रहा तुम्हारा॥
दच्छ जग्य तव भा अपमाना।
तुम अति क्रोध तजे तब प्राना॥

- રામચરિતમાનસ, ૭/૫૫/૨-૩

એમનાં લગ્ન શંકર સાથે થયાં હતાં. શંકરના આદેશોની અવહેલના કરીને જેણે રામની પરીક્ષા લીધી, પોતાના અપમાનનો બદલો લેવા માટે પિતાના યજ્ઞમાં બળી મર્યાં પણ શંકરની સાથે ન ગયાં. પુરુષ પણ સ્ત્રીઓને માટે પ્રાણ દેતા જોવા મળ્યા છે. પ્રેમલગ્નની અસફળતા પણ આ ઉન્માદનું કારણ રહી છે. સ્વામીભક્તિથી ઘણા પુરુષો પણ પુરુષોને માટે બળી મર્યા. દાખલા તરીકે 'હર્ષચરિત'માં છે કે હર્ષના પિતા પ્રભાકરવર્ધનના મૃત્યુથી કેટલાંય મિત્રો, પ્રધાનો અને દાસીએ પોતાને મારી નાખ્યા. રાજતરંગિણી (૭/૧૩૮૦)માં છે કે એક માતા પોતાના પુત્રની સાથે સતી થઈ ગઈ. અહીં જરૂરી નથી કે સતી પતિની સાથે જ બળી મરે. ઘણો સંભવ છે કે પ્રાણત્યાગ માટે જે સ્ત્રીઓએ દક્ષકન્યા સતીની વિધિનું અનુકરણ કર્યું, એમને પણ કટાક્ષમાં સતી કહી હોય. વાસ્તવિક સતી તો કોઈ વિરલ હશે, એમના અભાવમાં આ નામમાત્રની સતીઓને જ સમાજે સતી તરીકે ઓળખી.

*બળી મરીને પરમ ગતિ પ્રાપ્ત કરવાની રીત સ્ત્રીમાત્રને લાગુ પડતી નથી, કારણ કે ભારતની બહાર, મોટા ભાગના દેશોમાં સ્વચ્છંદ વિચરણ જેવું છે. જ્યાં સુધી ઈચ્છ્યું ત્યાં સુધી સાથે રહ્યાં, ઈચ્છ્યું ત્યારે છૂટાં પડી ગયાં. સ્ત્રીપુરુષ બંનેનાં ત્રણ ત્રણ, ચાર ચાર લગ્ન એક સામાન્ય વાત છે. ખ્રિસ્તીઓમાં તો એવું જ છે. ઈસ્લામમાં પણ સ્ત્રી એક વસ્તુ છે. તલાક (છૂટાછેડા), ઈદ્દત (ગણતરી, મુસલમાનોમાં પતિના મૃત્યુ કે તલાક પછીના સો દિવસનો સમય, જેમાં સ્ત્રી પુનર્લગ્ન નથી કરી શકતી), નિકાહ (લગ્ન) અને મુતાહ (મુસલમાનોમાં એક પ્રકારનાં અસ્થાયી લગ્ન)ની છૂટ છે. બહુપત્નીત્વ, બહુપતિત્વ તથા પુનર્લગ્ન હોવાથી આ સમાજોમાં સતીત્વ સંભવ નથી.

રહ્યું ભારત! તો સમાજ મોટા પ્રમાણમાં ચાર વર્ણોમાં વહેંચાયેલો છે, જેમાંથી શૂદ્રની સ્ત્રી ચાર વર્ણ માટે ઉપયોગની વસ્તુ છે. વશિષ્ઠ ધર્મસૂત્ર (૧૮/૧૮) અનુસાર, તે આમોદપ્રમોદ માટે હોય છે. પતિવ્રતાપણું ધારણ કરવા માટે એમને મોકો જ ક્યાં આપવામાં આવ્યો? જંગલી સમાજોમાં માતૃસત્તાક પરિવારો છે; કુમાયૂ-ગઢવાલ મંડળમાં એવું છે કે એક સ્ત્રીના ઘણા પતિ હોય છે. તે કોના મૃત્યુ પર બળી મરે? યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના

ટીકાકાર વિશ્વરૂપે કહ્યું છે કે શૂદ્ર સ્ત્રી ચિતારોહણ પણ ન કરી શકે. એમના સમાજમાં વિધવાવિવાહ, પુનર્લગ્ન પ્રચલિત છે. એમનો પતિ કદી મરતો જ નથી, એક મરે તો બીજો તૈયાર થઈ જાય. તેથી સતી થવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

વૈશ્યોમાં પણ સન્માનસહિત વિધવાવિવાહ થાય છે. એક પતિ મરી જાય તો બીજાં લગ્ન સ્વાભાવિક છે. તેથી બળી મરવાનો પ્રશ્ન ત્યાં પણ ઊભો થતો નથી, કારણ કે પતિ જીવે છે. અપરાદિત્યે અંગિરા, પૈઠીનસિ વગરે ધર્મશાસ્ત્રકારોને ટાંકીને દર્શાવ્યું છે કે બ્રાહ્મણ-વિધવા માટે સતી થવાની મનાઈ છે. વિધવા-પુનર્લગ્ન માટે વેદમાં કેવળ પુનર્ભૂ શબ્દ જ નહીં પણ અથર્વવેદમાં (૫/૧૭/૭-૯) **उत यत् पतयो दश स्त्रियाः पूर्वे अब्राह्मणाः ब्रह्मा चेत हस्तमग्रहीत स एव पतिरेकधा। ब्राह्मण एव पतिर्न राजन्यो न वैश्यः॥** અર્થાત્, જો કોઈ સ્ત્રી પહેલાં દશ અબ્રાહ્મણ પતિ કરે અને છેવટે કોઈ બ્રાહ્મણ એનું પાણિગ્રહણ કરે તો બ્રાહ્મણ જ એનો વાસ્તવિક પતિ છે, નહીં કે ક્ષત્રિય કે વૈશ્ય. પારાશરસ્મૃતિમાં તો એટલે સુધી છૂટ આપવામાં આવી (અધ્યાય ૧૦/૬૬) કે જો બ્રાહ્મણની પત્ની ઘર છોડીને ક્યાંક એકલી ગમન કરે અને સો પુરુષો પાસે જઈને પણ પાછી આવે તો સગોત્રીઓ દ્વારા એવી સ્ત્રીનો બહિષ્કાર કરવો જોઈએ. પતિગૃહે જવા છતાં એ ઘર એનું જ મનાય છે, જેને ત્યાં એ આવતી-જતી હોય. આથી સ્પષ્ટ થાય છે કે નવાણું સુધી એનો બહિષ્કાર ન થવો જોઈએ, તો એ શા માટે બળી મરે. મહાભારત યુદ્ધમાં બ્રાહ્મણ દ્રોણાચાર્યના મૃત્યુ પછી એમની પત્ની કૃપી સતી નથી થઈ.

સ્ત્રીઓએ બળી મરવાની પ્રથા ક્ષત્રિયોથી શરૂ થઈ, જે પરિસ્થિતિજન્ય હતું, કારણ કે વિજયી રાજા પરાજિત રાજાઓ અને શૂરવીરોની પત્નીઓનો ભયંકર બદલો લેતા હતા. એમની પત્નીઓને કેદી બનાવી લઈ જતા હતા. રજપૂતોએ જોયું કે જે મર્યાદાની રક્ષા માટે પોતે લડે છે તે જાળવવા માટે પરાજય પછી એ જ સ્ત્રીઓ અને નાની બાળકીઓની પણ આહુતિ ચિતામાં દેવા માંડ્યા. જન્મ વખતે જ કન્યાઓનો વધ થવા માંડ્યો. એવી કેટલીય ઘટનાઓ બની, ત્યારે ક્ષત્રિયાણીઓએ કહ્યું કે તમે વીર છો, તો અમે વીરાંગના છીએ, તમે અમારી ચિંતા ન કરો. તમે

વીરગતિ પામશો તો અમે પોતે ચિતારોહણ કરી લેશું. આથી સામૂહિક-જૌહર કે વ્યક્તિગત બળી મરવાની પ્રથા શરૂ થઈ. એક વાર એ પ્રથાએ મૂળ ઘાલ્યું, એટલે વ્યવસ્થાકારોએ એને સત્પથ કહી એને બળ આપ્યું (રાજાઓનો વિરોધ કરે પણ કોણ?) અને બળવાથી મળનારા પુણ્યની ઝડી વરસાવી નાખી રાજાની મહારાણી બળી મરતી હતી.

વિચારવું જોઈએ કે બીજા કોઈને માટે બળી મરવાનું વિધાન નથી, તો આ ક્ષત્રિયોને જ નષ્ટ કરવા પાછળ કેમ પડ્યા છે? તમારા બધાની જ સુરક્ષા માટે માથું આપતાં જે અલ્પસંખ્યક થઈ ગયા એમની જ આંખ પર ધર્મની પટ્ટી બાંધીને એમને કેમ ભુલાવામાં નાખ્યા?

રાજા-મહારાજા જેવા ઉચ્ચ વર્ગ દ્વારા જ્યારે આ પ્રથા વ્યાપક બની, ત્યારે જનસામાન્ય પર પણ એનો અનેક જગ્યાએ પ્રભાવ પડ્યો. રાજસ્થાન પછી સ્ત્રીઓની આમ બળી મરવાની ઘટનાઓ બંગાળમાં બની, કારણ કે ખાનદાન કુટુંબીઓમાં લગ્ન કરવાનો મોહ ત્યાં એટલો બધો હતો કે મૃત્યુશૈય્યા પર સૂતેલો વૃદ્ધ પણ સિંદૂરદાન કરતો હતો. એક એક શ્રીમંતની પત્નીઓની સંખ્યા સેંકડો સુધી પહોંચી જતી હતી. બંગાળમાં ઉત્તરાધિકાર 'દાયભાગ' નામના પુસ્તકથી નક્કી થાય છે, જેમાં પુત્રવિહીન વિધવાને પણ સંપત્તિમાં પતિના જેટલો જ અધિકાર હતો. તેથી પતિના મૃત્યુ પછી કુટુંબીજનો પત્નીની પતિભક્તિની એટલી અતિશયોક્તિભરી પ્રશંસા કરતા હતા કે તે ચિતામાં બળી મરતી હતી.

*વિધવાના કુટુંબીજનો જ નહીં, પણ એને ધર્મ ઘોષિત કરનારા વ્યવસ્થાકારો પણ સંપત્તિના મોહમાં ડૂબેલા હતા. ગરુડપુરાણમાં છે કે ચિતારોહણ કરનારી સ્ત્રી પહેલાં બ્રાહ્મણોને દાનમાં આપવી. પછી મંદિરમાં જઈને પોતાનાં બધાં આભૂષણો અર્પણ કરી દેવાં. (૧૦/૩૬-૪૦). વૃહદનારદીય પુરાણમાં છે કે સ્ત્રી રજસ્વલા હોય ત્યારે પતિની ચિતા પર ચડી શકે નહીં, પણ સન ૧૭૯૦માં લખાયેલા ધર્મસિંધુમાં છે કે જો સ્ત્રી માસિકધર્મનો પહેલો દિવસ હોય તો ત્રીસ ગાય, બીજો દિવસ હોય તો વીસ ગાય અને ત્રીજે દિવસે દશ ગાયનું દાન કરે તો બ્રાહ્મણ એને શુદ્ધ જાહેર કરી શકે અને તે એ જ દિવસે ચિતારોહણ

કરી શકે. ઠીક. આ કાંઈ ધાર્મિક વિધાન નથી, પણ શોષણનું વિધાન છે. સતી-વેદીઓથી મળનારી જીવિકા પણ ઓછી પ્રેરક નહોતી.

*વિશ્વભરમાં સ્ત્રીઓના શોષણનો લાંબો ઈતિહાસ રહ્યો છે, સ્ત્રીને બાળી નાખવી-મારવી એની જ અભિવ્યક્તિ છે. ખ્રિસ્તી વિચારધારામાં આઠમી સદી સુધી પાદરીઓમાં આ પ્રશ્ન પર મતભેદ હતો કે સ્ત્રીઓમાં આત્મા હોય છે કે નહીં, કારણ કે ઈશ્વરે સ્ત્રીઓનું નિર્માણ પુરુષની છાતીની કોમળ પાંસળીઓથી કર્યું છે. ઈસ્લામમાં પણ સ્ત્રી-પુરુષ સમાનતા ક્યાં, જ્યાં સુધી એક પુરુષ ચાર પત્ની કરી શકે છે? એમને ખેતર જેવી માનવામાં આવી છે, નમાજ એમના કાને ન પડવી જોઈએ, તેઓ મસ્જિદમાં પ્રવેશ ન કરી શકે. ધર્મને અફીણ માનનારા કેટલાય સામ્યવાદી દેશોમાં સ્ત્રી-પુરુષ વચ્ચે જ સમાનતા નથી, એમને મતાધિકાર નથી. સંસારમાં સર્વત્ર સ્ત્રીઓને કોઈ ન કોઈ રૂપે યાતનાઓ સહેવી પડી છે. ફક્ત ભારતમાં જ એમને પુરુષો જેટલું સન્માન મળ્યું. ભગવાન શિવ અર્ધ નારીશ્વર છે. અર્થાત્ તે બ્રહ્મ અર્ધ નારી અને પુરુષ મળીને સંસારનું સર્જન કરે છે. એટલું જરૂર છે કે સમયની સાથે કેટલીક વિકૃતિઓ ભારતમાં પણ આવી ગઈ છે. દાખલા તરીકે ચિતાને અગ્નિદાહ દેવા માટે પુરુષની જ જરૂર શા માટે? સ્ત્રીને પણ આ હક મળવો જોઈએ. આ જ રીતે મુક્તિ માટે પિંડદાન માટે પુત્રની અનિવાર્યતા, પુત્રને માટે ભ્રૂણ પરીક્ષણ, પુત્રજન્મ પર વિશેષ સમારંભ, દહેજ વગેરે પ્રથાઓ માનવતાના નામ પર કલંક છે. વિધવા સામાજિક બહિષ્કાર સહે છે, અમંગળનું પ્રતીક મનાય છે, પણ વિધુરનો કોઈ તિરસ્કાર કે સામાજિક બહિષ્કાર નથી થતો! વિધુરનું વિલાસી જીવન પણ ક્ષમ્ય છે, પણ વિધવાનો સુખશાંતિથી જીવવાનો અધિકાર પણ છીનવાઈ જાય છે. વિધવાઓ જ અનાથ શા માટે થાય છે? મહાભારતના આદિપર્વમાં છે કે એકચક્રા નગરીમાં રાક્ષસના અત્યાચારોનો ભોગ બનેલી એક બ્રાહ્મણી વિધવા થવાની આશંકાથી વિલાપ કરતી હતી, ત્યારે પૃથ્વી પર પડેલા માંસના ટુકડા પર પક્ષીઓ તૂટી પડે, એ જ રીતે પતિહીન સ્ત્રી પર પુરુષો તૂટી પડે છે.

*આ રીતે સ્ત્રીઓ ત્યારે બળી જતી હતી, જ્યારે એમના સતીત્વ પર

સંકટ હોય, ધર્માચરણમાં અવરોધ હોય; કારણ કે ધર્માચરણનો એક જ તો શત્રુ છે,-કામ. ગીતામાં છે, '**काम एष, क्रोध एष**' ઈન્દ્રિય-સંયમ સાથે સતત તપસ્યાનું વ્રત લેનારી વેદવતીએ જ્યારે જોયું કે મહાબલવાન રાવણે એના વાળ પકડી લીધા, ત્યારે ધર્માચરણ સુરક્ષિત નથી એમ જણાતાં તેણે એ વાળ કાપીને પોતાનું શરીર બાળી નાખ્યું. લાંબા સમય સુધી ઈન્દ્રિય-સંયમ સાથે નિરંતર ચિંતન દ્વારા જે એ સત્યને માટે મનને વશમાં રાખવામાં મથી રહ્યો છે, એના વ્રતના પાલનમાં જો અવરોધ ઊભો થાય તો એ સત્યના બચાવ માટે સાધકોએ શરીરના ત્યાગને જ શ્રેયસ્કર માન્યો છે, પછી એ પુરુષ હોય કે મહિલા. મહિલાઓ માટે એક જબરદસ્તીનું વિઘ્ન પુરુષોની તુલનામાં વધારે છે, તેથી માતાઓને એક નિશ્ચિત ક્ષમતા આવે તે પહેલાં ઘરે રહીને જ ભક્તિ કરવાનું વિધાન છે. પતિત થવા કરતાં શરીરત્યાગ સારો છે. આને જ લક્ષ્ય કરીને પૂજ્ય ગુરુદેવ કહ્યા કરતા હતા,-'હા, સાધુ થવું અને મરવું બરાબર છે.' '**साधन कठिन न मन कर टेका**' સાધના કઠિન નથી હોતી, મનનો નિશ્ચય દૃઢ જોઈએ. આ જ વાત ઈશુ કહેતા હતા,-જો તારા હાથ, પગ કે આંખ તને ઠોકર ખવડાવે તો એમને કાપીને છૂટાં પાડી દે, તારે માટે સારું છે કે આ અંગો વગરના થઈને સારું જીવન વિતાવવું એ અંગ સાથે જીવવાથી શો લાભ? જો એ જ અંગોને કારણે તારે અનંત કાળ સુધી નરકમાં જવું પડે? (મરકુસ ૯/૪૩-૪૭). ઠીક. વેદવતીએ અગ્નિપ્રવેશ કરી લીધો, પણ બળી મરવાથી એને મોક્ષ મળી ગયો નહીં, ફરી જન્મ લેવો પડ્યો. જ્યાંથી સાધના અટકી હતી, ત્યાંથી ફરીથી આરંભ કરવી પડી. બીજા જન્મમાં એ જ સીતા કહેવાઈ. એ શાશ્વત સત્ય પર દૃઢ નિષ્ઠાવાન હોવાથી અને જનમ-જનમમાં સતત સાધનાપરાયણ રહેવાથી રામને પ્રાપ્ત કર્યા.

શરીર આપીને પણ સત્યને સુરક્ષિત રાખવાની ગૌરવશાળી પરંપરા રહી છે, પણ પ્રથા, પ્રથા છે, ધર્મ નથી. પ્રથા પરિસ્થિતિજન્ય હોય છે, ધર્મ શાશ્વત હોય છે. માતાઓએ જે કોઈ પરિસ્થિતિઓમાં આ બલિદાન આપ્યું, એ પરિસ્થિતિઓમાં નથી રહી. તેથી દરેક પ્રધાને પૂર્વજોનો વારસો માનીને એને જેમ હોય તેમ અપનાવી લેવી એ કાંઈ બુદ્ધિપૂર્વકનું નથી.

એક સમયે એ જ જરૂરી હતું, પણ હવે એ આવશ્યકતા રહી નથી,-આ જાણીને આપણે શ્રદ્ધાપૂર્વક આ પ્રથાનું વિસર્જન કરી શકીએ છીએ અને એના વિસર્જનના દિવસો પણ આવ્યા છે.

વેદ

ચારે વેદોમાં ક્યાંય પતિ સાથે બળી મરનારી એક પણ સ્ત્રીનું નામ નથી, ક્યાંય સતી શબ્દ આવ્યો કે નથી ક્યાંય પણ સ્ત્રીઓને માટે પતિ સાથે બળવાનો ધર્મ કહ્યો; પણ એથી ઊલટું, વેદનો નિર્ણય છે કે પરમ એકમાત્ર પરમાત્માને જાણ્યા વગર, જન્મ-મૃત્યુથી બચવાનો બીજો કોઈ રસ્તો છે જ નહીં. આખા વિશ્વ માટે, સ્ત્રી-પુરુષ બધાને માટે. એક જ રસ્તો છે, પરમાત્માની આરાધના ગાર્ગી જેવી વિદુષી નારીઓએ આજ પરમાત્માની શોધને શ્રેયતર માની, એણે લગ્ન કર્યાં જ નહીં. પતિ સાથે બળવું વેદસંમત હોત તો એ સમયની આ વિદુષી નારીઓએ સુવર્ણ-અવસર હાથમાંથી જવા દીધો ન હોત. મૈત્રેયીને પણ એના પતિ યાજ્ઞવલ્ક્ય અવિનાશી આત્માને જ વિદિત કરવાની બહુમૂલ્ય સલાહ આપી, બળવાની નહીં. અપલા, વિશ્વવારા, ઘોષા, કોઈ પણ બળ્યું નથી.

રામચરિતમાનસ

રામચરિતમાનસમાં ભગવાન શ્રી રામે કહ્યું, ''**पुरुष, नपुंसक, नारि वा जीव चराचर कोई।**'' આમનામાંથી કોઈ પણ હોય, જે સમગ્ર ભાવથી મને ભજે,-''**सर्वभाव भजि तजि कपट, मोहि परमप्रिय सोई**'' એ મને પરમ પ્રિય છે.

ગોસ્વામાજીનો નિર્ણય છે કે,-

वारी मथे घृत होइ बरू, सिकता ते बरू तेल।
बिनु हरिजन न भव तरिय, यह सिद्धान्त अपेल॥

દૃઢ સિદ્ધાંત છે કે ભક્તિ વગર કોઈ ભવસાગર પાર કરી શકતું નથી અને અહીં અનેક રીતો લોકોએ શોધી કાઢી છે જે બધી જ ભવ પાર કરાવવાનો દાવો કરે છે. જેમાંથી એક ઉપાય પતિના શબ સાથે

સ્ત્રીનું બળવુ પણ છે. તો તો વેદ ખોટા, ગોસ્વામી તુલસીદાસજી ખોટા, રામ અને કૃષ્ણની વાણી પણ ખોટી. પણ એવું કાંઈ જ નથી. પરમાત્મા સુધીનું અંતર કાપવાની, ભવ પાર કરવાની બીજી કોઈ ક્રિયા નથી; ક્રિયા એક જ હતી, એક જ છે, એક જ રહેશે,-કેવળ એક પરમાત્માની ભક્તિ.

રામાયણ

વાલ્મીકિ રામાયણમાં છે કે દશરથના મૃત્યુથી શોકવિહ્વળ થઈને કૌશલ્યા કૈકેયીને કહે છે કે એક પતિવ્રતાની જેમ હું પણ પતિના શરીરને આલિંગીને ચિતાની આગમાં પ્રવેશ કરીશ, પણ આદિકવિ લખે છે કે જ્યારે દશરથજીની ચિતાને પ્રગટાવવામાં આવી, ત્યાર પછી એમની રાણીઓ બુઢ્ઢા રક્ષકોથી વીંટળાયેલી પાલખીઓ અને રથોમાં બેસીને નગરમાંથી નીકળી, સ્મશાનમાં જઈને ચિતાની પ્રદક્ષિણા કરી, ફરીથી પાલખી-રથોમાં બેસીને ગઈ, સરયૂ તટ પર ઊતરી અને દશરથને જલાંજલિ આપી, બળી એક પણ નહીં. માટે પતિવ્રતાનો આશય માત્ર એક પતિમાં નિષ્ઠાનો છે. જીવનભર સુખદુઃખમાં મદદરૂપ થવાનો છે. આગમાં બળી જવાની વાત એક પરિસ્થિતિ અને શોકજનિત ઉદ્ગાર છે. ક્યાંક ક્યાંક બળવાની ઘટના બનતીય હતી; પણ એને ધર્મની માન્યતા ક્યારેય નથી. તેરમા દિવસે અસ્થિસંચય કરતી વખતે ભરત અને શત્રુઘ્ન પણ આ જ રીતે પોતાના પિતાના સ્મરણથી વિહ્વળ થઈને અગ્નિમાં કૂદીને પ્રાણ આપવા તૈયાર થયા ત્યારે સુમન્તે એમને સમજાવીને શાંત કર્યા. કદાચ તેઓ એમ કરી લેત તો પણ શું એ ધર્મ થઈ જાત? એ પણ શોકજનિત વ્યવહાર થાત.

*વાલિના મૃત્યુ પછી તારા પતિ સાથે બળી મરવાનો નિશ્ચય કરી ચૂકી હતી. હનુમાને એને સમજાવીને હારી ગયા હતા. સુગ્રીવ પણ પ્રજ્વલિત અગ્નિમાં કૂદવા માગતા હતા, પણ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામે એ બંનેને સમજાવીને પ્રાણત્યાગ કરતાં રોક્યાં. જો જીવતા જ બળવાનું એ ધર્મ હોત તો રામ મના શા માટે કરત? ધર્મની રક્ષા માટે તો એ આવ્યા હતા. આ પ્રથાનું મૌન સમર્થન પણ એમણે નથી કર્યું. આજકાલના ધર્માચાર્ય કહે છે કે સતી થવું જોઈએ અને એ સમયના ધર્માચાર્ય વશિષ્ઠ

ઈત્યાદિએ રોક્યા છે, ધર્મધુરંધર ભરતને સમજાવ્યા છે. જો આ સત્ય હોત તો શું એ મહાપુરુષો સહમતિ ન આપત? વાલ્મીકિ રામાયણના અનુશીલનથી સ્પષ્ટ થાય છે કે શ્રીરામનો પ્રભાવ જ્યાં જ્યાં પથરાતો ગયો, ત્યાં ત્યાં એમણે આવી અમાનુષી ઘટના બનવા ન દીધી.

રામચરિતમાનસમાં પણ ભગવાને તારાને સમજાવી,-

छिति जल पावन मगन समीरा। पंच रचित यह अधम शरीरा॥

અર્થાત્ શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે અને નાશવંત છે. જો આ શરીર માટે રડી રહી હોય તો તે વ્યર્થ છે, કારણ કે શરીર તારી સામે અત્યારે પણ છે અને જે નીકળી ગયો એ જીવાત્મા, માટે શોક કરતી હો તો વ્યર્થ છે, કારણ કે એ જ એક શાશ્વત છે, અમૃત છે, એને માટે શોક કરો ઉચિત નથી. બરાબર આ જ વાત ગીતામાં શ્રીકૃષણ કહે છે. ઠીક. આપણા પૂર્વજોએ મૃત શરીરને ક્યારેય મહત્ત્વ નથી આપ્યું, માટે એના અગ્નિદાહ-સંસ્કારની પ્રથા છે. દાટવાનું, કબર બનાવવાનું, પિરામિડ બનાવવાનું કે મમી બનાવીને સુરક્ષિત રાખવાનું વિધાન સ્વીકાર કર્યું નથી.

મહાસતી અનુસૂઈયાએ સીતાના આચરણની પ્રશંસા કરતાં કહ્યું કે તમારા જેવી જે સતી સ્ત્રીઓ છે (રામ જીવતા હતા ને સીતા સતી છે, એવી સતી સ્ત્રીઓ), તેઓ ઉત્તમ ગુણોયુક્ત થઈને પુણ્ય કર્મમાં સંલગ્ન રહે છે. તેથી તમે સતીધર્મનું પાલન કરો. પોતાના સ્વામીની સહધર્મચારિણી બનો. અનુસૂઈયાએ પતિ સાથે બળવાનો ઉપદેશ નથી આપ્યો, પણ પતિના ધર્મના ભાગીદાર બનવાનું કહ્યું. શો હતો રામનો ધર્મ? ચિત્રકૂટમાં રામે ભરતને કહ્યું હતું કે પિતાજીએ જરાજીર્ણ માનવશરીરનો પરિત્યાગ કરીને દૈવી સંપદા પ્રાપ્ત કરી છે, જે બ્રહ્મલોકમાં વિહાર કરાવનારી છે. મનુષ્યોમાં શ્રેષ્ઠ ભરત! પૂજ્ય પિતાજીનાં શુભ આચરણો પર દૃષ્ટિપાત કરીને તમે તમારા ધાર્મિક સ્વભાવ દ્વારા આત્માની ઉન્નતિ માટે પ્રયત્ન કરો. માટે આત્માની ઉન્નતિ કરવી એ જ ધર્મ છે. બરાબર આ જ શ્રીકૃષ્ણ કહે છે કે આત્માને અધોગતિમાં ન લઈ જાઓ, કારણ કે આત્મા જ સત્ય છે. ઠીક. જે આ સત્ય પર આરૂઢ રહે (સત્ય માત્ર પરમાત્મા છે),

જે પરમાત્મામાં નિષ્ઠાવાન રહે, તે જ સાચો સતી છે. બળા મરવાને રામે ન સતી કહ્યો, ન ધર્મ.

ગીતા

વેદોના સારાંશ ઉપનિષદ અને ઉપનિષદના પણ સારાંશ સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણની વાણી, ગીતા (અધ્યાય ૨/૧૬)માં છે કે અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્યનો ત્રણે કાળમાં અભાવ નથી. સત્ય શું છે? કહે છે,-અર્જુન! આત્મા જ સત્ય છે. આત્મા, પરમાત્મા, ઈશ્વર, ભગવાન કે પરબ્રહ્મ વગેરે એકબીજાના પર્યાય છે. આત્મા જ શાશ્વત છે. આત્મા સનાતન છે. આપણે કોણ છીએ? સનાતન ધર્મી? સનાતન કોણ છે? આત્મા! હવે જો આપણે એ આત્મપથને ન જાણીએ, એ આત્માને વિદિત કરવાની ક્રિયાને ન જાણીએ તે કેવો સનાતન ધર્મ? સ્પષ્ટ છે કે આપણે હજી ધર્મપિપાસુ છીએ, પણ એને જાણતા નથી! હજી એની નજીક પણ નથી પહોંચ્યા. પતિ સાથે બળી મરવું એ સનાતન ધર્મ નથી, પણ આત્માને જાણવાની નિર્ધારિત ક્રિયાનું આચરણ જ સનાતન ધર્મ છે.

*ગીતા (અધ્યાય ૨, શ્લોક ૧૮) અનુસાર આત્મા સનાતન છે અને ભૂતાદિકોનાં સંપૂર્ણ શરીર નાશવંત છે, શરીરનું કોઈ અસ્તિત્વ નથી (૨/૧૩). એ મૂઢબુદ્ધિ છે., જે શરીરો માટે ક્ષીણ થાય છે, કારણ કે શરીર નાશવંત છે, એને રોકી શકાતું નથી. હવે આ નશ્વર શરીરની પાછળ કોઈ શરીરત્યાગ કરી દે તો એણે સત્યની પાછળ તો ત્યાગ્યું નથી. સનાતન પરમાત્માના પથમાં તો ત્યાગ્યું નથી. અસ્તિત્વવિહીન અશાશ્વતની પાછળ પ્રાણત્યાગ કરનાર શાશ્વતધામ કેમ પામે?

*'**वासांसि जीर्णानि यथा विहाय**' (ગીતા અધ્યાય ૨, શ્લોક ૨૨). જેમ જૂનાં વસ્ત્રો તજીને આપણે નવાં વસ્ત્રો ધારણ કરીએ છીએ (વસ્ત્ર બદલનાર જીવિત છે, વસ્ત્ર ફાટ્યા પછી પણ તમે જીવતા છો). બરાબર એ જ રીતે આત્મા કેવળ વસ્ત્ર બદલે છે. તો સદાય જીવિત આ આત્માને છોડીને એક વસ્ત્રની પાછળ બળી મરવાથી સનાતન શાશ્વતધામ કેવી મળી જાય? સનાતનને પામવાની આ વિધિ નથી.

*આત્મા બધામાં છે, તો કોને શોધવો? યોગેશ્વર કહે છે કે એ છે તો અજર-અમર-શાશ્વત જ, પણ (ગીતા અધ્યાય ૨, શ્લોક ૨૫) આત્મા અજ્ઞેય છે. જ્યાં સુધી ચિત્ત અને ચિત્તની લહેરો છે ત્યાં સુધી આત્માની અનુભૂતિ નથી થતી, આ જ ચિત્તના નિરોધ માટે ઈન્દ્રિય-સંયમ રખાય છે. ઈન્દ્રિય-સંયમ સાથે ચિત્ત અચળ સ્થિર થયા પછી, જ્યારે અંતિમ સંસ્કારોનુંય શમન થઈ જાય છે ત્યારે તે જ ક્ષણે જે શેષ રહે છે એનું જ નામ આત્મા-પરમાત્મા છે. આવતા જન્મો કે કોઈ કલ્પિત સ્વર્ગમાં પતિ સાથે વિહારની કામના હજી બાકી હોય તો સ્પષ્ટ છે કે હજી એનું ચિત્ત વશ થયું નથી, તેમ જ આવી વિષમતામાં પરમ ગતિ નથી.

*ગીતામાં (અધ્યાય ૧૪, શ્લોક ૧૮) છે કે તામસી ગુણોના કાર્યકાળમાં શરીર ત્યાગનાર પશુપક્ષી, જીવજંતુ વગેરે અધમ યોનિઓને પ્રાપ્ત થાય છે, સાત્ત્વિક ગુણવાળો ઉન્નત યોનિમાં જાય છે, યોનિ મળે છે, મોક્ષ નહીં. રાજસી ગુણપ્રધાન વ્યક્તિ મધ્યમ શરીર પ્રાપ્ત કરે છે. લોકો ઉચિત-અનુચિત સાધનોથી પોતાના ગૃહસંસારમાં જ મગ્ન છે. ઈશ્વરચિંતન તો કર્યું જ નથી, એમની વૃત્તિઓ સાત્ત્વિક, રાજસ કે તામસમાં ક્યાંક ને ક્યાંક ગૂંચવાયેલી જરૂર છે. જે જેવી પરિસ્થિતિમાં હોય, એવી જ યોનિ પ્રાપ્ત કરશે. ધારો કે જો કોઈ પશુ થઈ જાય, નહુષ ઈન્દ્રપદ પરથી પડ્યો તો અજગર થયો. રામના સમયમાં કલિંજર અને વિરક્ત ગાદીધારીઓની આ હાલત છે, તો સામાન્ય મનુષ્યને પશુયોનિ મળે તો તેમાં શું આશ્ચર્ય? ધારો કે કોઈ પશુ થઈ જાય અને તેની પાછળ ચાલનારને પતિલોકમાં જવું હોય, પણ પરમગતિ તો મળે નહીં અને એનો લોક થઈ જાય પશુયોનિ, જ્યાં નથી કોઈ કોઈનો પતિ કે પત્ની. ત્યાં તો ઉન્મુક્ત વિચરણ છે. ક્યાં સુરક્ષિત રહ્યું એનું સતીત્વ?

*ગીતામાં જ છે કે **'यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्। तं तमेवैति कौन्तेय सदा तभ्दाव भावितः।'** (અધ્યાય ૮, શ્લોક ૬). અંતિમ સમયે જે જેનું સ્મરણ કરતાં કરતાં શરીર તજે છે, એ જ યોનિને પ્રાપ્ત કરે છે. મૃગબાળનું ચિંતન કરનાર મહર્ષિ જડભરતને મૃગનું શરીર મળ્યું એ જ રીતે પુરુષનું સ્મરણ કરતાં કરતાં બળી મરનાર સ્ત્રી નવા

જન્મમાં પુરુષ બનશે, તો પુરુષને પતિ કેવો? ઠીક. બળી મરવું એ એક ભ્રમ છે.

*યોગેશ્વર કહે છે કે (૮/૫) અર્જુન! જે મારું સ્મરણ કરતાં કરતાં શરીર તજે છે તે સાક્ષાત્ મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે; જ્યાંથી પાછા આવીને આવાગમનમાં આવવું પડતું નથી. તો તો બહુ સસ્તો સોદો છે. જીવનભર મસ્તીમાં રહીએ. જ્યારે મરવા માંડો ત્યારે ભગવાનને પણ યાદ કરી લઈએ, પણ હમણાં જ પાછલા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે,-ના. **'सदा तभ्दाव भावितः'** મોટે ભાગે એ જ ચિંતન જોરથી ઊછળી આવે છે, જેનો જીવનમાં વધુ પ્રયોગ કર્યો હોય. માટે અર્જુન! તું આજથી જ (કાલ ક્યારેય નથી આવતી), અત્યારથી જ મારું જ ચિંતન કર. તો આવાગમનરહિત પરમગતિનો રસ્તો કયો છે? પરમાત્માનું નિરંતન ચિંતન! ચિતામાં બળવાથી પરમ ગતિ મળે એમ ગીતા નથી કહેતી. જીવનભર પતિપરાયણ વૃંદાને જલંધરનો પતિલોક પણ ન મળી શક્યો. પણ જેણે પતિવ્રતામાં અવરોધ ઊભો કર્યો એને જ વિષ્ણુનો સાથ મળ્યો, જલંધરનો નહીં.

*શરીર ધારણ કરવા વિશે ગીતાનો નિર્ણય છે કે શરીરમાંથી ઉત્ક્રમણ કરતો જીવાત્મા મનસહિત પાંચે જ્ઞાનેન્દ્રિયોના જીવનભરના ક્રિયાકલાપજન્ય સંસ્કારોને અનુરૂપ નવું શરીર ધારણ કરે છે, તેથી પોતપોતાના સંસ્કારોને અનુરૂપ પતિ-પત્ની તથા એના પરિવારજનોને જુદા જુદા દેહની પ્રાપ્તિનો વધુ સંભવ છે.

*મહાભારત જેવા યુદ્ધકાવ્યમાં, જે અતિશયોક્તિભર્યા ઈતિહાસથી ભરેલું છે, સ્ત્રીઓના બળી મરવાના આંકડા નહિવત્ છે. સ્ત્રીપર્વમાં છે કે કૌરવ-પાંડવ-પક્ષના વીરોની પત્નીઓ બળી મરી નહીં. પ્રભાસ-ક્ષેત્રમાં કૃષ્ણની લીલા સંકેલાઈ તે પછી યદુવંશના વીરોની પત્નીઓ બળી નહીં. અર્જુન એમને લઈને હસ્તિનાપુર પાછા ફરતા હતા ત્યારે ભીલોએ રસ્તામાં બે સ્ત્રીઓને છીનવી લીધી,-'**भीलन लूटी गोपिका, वही अर्जुन वही बान।**'

*ગીતામાં છે કે અર્જુન યુદ્ધના પરિણામ નરસંહાર પછી કુળની

સ્ત્રીઓના દૂષિત થયાની શંકાથી વ્યાકુળ હતો (ગીતા ૧/૪૧). જો એ બધી સ્ત્રીઓને પતિની સાથે બળવાનું જ હોત તો. અર્જુન આટલો ચિંતિત શા માટે હોત? આશ્ચર્ય છે કે જે સતીપ્રથાથી પરમ ગતિ મળવાની હોય, એની ચર્ચા પણ ગીતા જેવા ધર્મશાસ્ત્રમાં નથી.

ગીતા (અધ્યાય ૯, શ્લોક ૩૨)માં છે કે સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર વગેરે તથા જે કોઈ પણ પાપયોનિનાં હોય તે બધાં મારાં આશ્રિત થઈને પરમ ગતિ પ્રાપ્ત કરે છે. અર્થાત્ એક પરમાત્માની જ ભક્તિનું વિધાન બધાને માટે છે. એવું નથી કે સ્ત્રીને માટે કોઈ બીજું વિધાન હોય, પુરુષ માટે કોઈ બીજું. એ જ એક પરમાત્માને ભજવો-સ્ત્રી અને પુરુષને માટે જ વિધાન નિર્ધારિત છે.

*અધ્યાય ૮/૧૨-૬૩માં છે કે મનને હૃદયદેશમાં નિરોધ કરીને જે પુરુષ શરીરનો ત્યાગ કરી દે છે તે પરમ ગતિ પ્રાપ્ત કરે છે. અર્થાત્ પહેલાં મનનો નિરોધ પછી પરમ ગતિ. આ જ રીત છે. અહીં મનનો નિરોધ તો કર્યો નથી. પહેલાં શરીરને બાળી નાખ્યું તો પરમ ગતિ કેમ મળે? સાધના-ધામ જે શરીર મળ્યું હતું એ પણ બાળી નાખ્યું? જીવતાજાગતા પરિવારમાં કોઈ મરે, આનંદપ્રમોદમાં જીવન વિતાવનારી સ્ત્રી ચિતા પર ચડી જાય, બળવાનું જે મનને હતું એનો સંયમ તો કર્યો નહીં, બાળી નાખ્યું દેવદુર્લભી માનવશરીર! અનંત યોનિઓનાં ચક્કર કાપીને કોણ જાણે ક્યારે સાધના-તન મળે? આથી મોટી ભૂલ કઈ હોય? માટે બધાએ એક પરમાત્માનું સ્મરણ કરવું જોઈએ.

સ્મૃતિ

સતીપ્રથાને ચગાવી સ્મૃતિકારોએ. પારાશરસ્મૃતિમાં છે કે જે સ્ત્રી પતિના મૃત્યુ પછી સંયમપૂર્વક દિવસો વિતાવે છે, તે મર્યા પછી સ્વર્ગમાં જાય છે. પણ જે પતિની સાથે પ્રાણત્યાગ કરીને એનું અનુગમન કરે છે, તે મનુષ્યના શરીરનાં સાડા ત્રણ કરોડ રૂંવાં જેટલાં વર્ષો સુધી સ્વર્ગમાં વાસ કરે છે. જે રીતે મદારી સાપને દરમાંથી જબરદસ્તીથી બહાર કાઢી લે છે, તેમ સતી પોતાના પતિને શોધીને ત્યાં પણ એની સાથે વિહાર કરે છે. સ્પષ્ટ છે કે આ સ્મૃતિકારને વિધવાનું સંયમિત જીવન પણ પસંદ

છે, પણ પ્રાણત્યાગ કરનારી વિશેષ પસંદ છે, કારણ કે તે સ્વર્ગમાં પણ સહવાસ કરે છે. વિધવાના પુનર્લગ્ન સ્મૃતિકારોને માન્ય નથી, કારણ કે એમની શુદ્ધિ અસંભવ છે.

આ સ્મૃતિના ચોથા અધ્યાયમાં છે કે જે બ્રાહ્મણ અનિચ્છાએ પતિતોની સાથે પાંચ, દશ, બાર અથવા પંદર દિવસ કે એક મહિનો, બે મહિનો, છ મહિના કે વધુમાં વધુ એક વર્ષ સુધી રહે તો એની શુદ્ધિ સંભવ છે, પણ જો એક વર્ષ કરતાં એક દિવસ પણ વધુ એમની વચ્ચે રહે તો એની શુદ્ધિનો કોઈ ઉપાય નથી રહેતો. તે એ જ થઈ જાય છે, જેમની વચ્ચે એ રહ્યો છે. આજે બ્રાહ્મણોનાં બાળકો યુરોપ અને અમેરિકા જાય છે. અઢી-ત્રણ વર્ષે પાછાં આવે છે. દુબઈ વગેરે ખાડીના દેશોમાં લાંચ આપીનેય નોકરી મેળવવી, મુસલમાનોની વચ્ચે રહેવું, ખાવુંપીવું પસંદ કરે છે, નામ પણ બદલી નાખે છે. વ્યવસ્થા ન હોવા છતાં તે બ્રાહ્મણો આજે શુદ્ધ થઈ ગયા, કોઈ ધર્માચાર્ય એમની તરફ આંગળી ચીંધવાનીય હિંમત નથી કરી શકતા. તો માતાઓને બાળવામાં જ શા માટે ગૌરવ માને છે?

મનુસ્મૃતિના દશમા અધ્યાયમાં છે કે બ્રાહ્મણ પિતા અને શૂદ્ર જાતિની સ્ત્રીથી નિષાદ કે કેવટ પેદા થાય તો તેઓ નાવ ચલાવે અને માછલીનો વ્યવસાય કરે. વિચારવા જેવું છે કે પૃથ્વીની ત્રણ ભાગની જમીન જળ! આટલી બધી નદીઓ, સરોવરો અને સમુદ્ર! આ બધે જ સ્થળે મત્સ્ય વ્યવસાય, વિશાળ નેવી વિભાગનું સંચાલન એક-બે બ્રાહ્મણોની આકસ્મિક ભૂલથી સંભવિત નથી. આ વિભાગોને ચલાવવા માટે બ્રાહ્મણોને મોટે પાયે છૂટ આપવી પડે કે નિષાદોની સંખ્યા વધારો.

આ રીતે ક્ષત્રિય અને બ્રાહ્મણીથી ઉત્પન્ન પુત્ર સૂત ઘોડા અને રથોનું કાર્ય સંભાળે. પ્રાચીન રાજાઓની પાસે ચતુરંગિણી સેના રહેતી હતી, જેમાં લાખો રથોની સંભાળ પચીસ-પચાસ સૂત પેદા કરવાથી નહોતી થઈ શકતી. શૂદ્ર અને બ્રાહ્મણીના સમાગમથી ઉત્પન્ન ચાંડાલ રાજ્યોમાં વધકાર્ય કરતા હતા. જેલ વિભાગ એમને આધીન હતો. જે વર્ણ-વર્ણસંકરને માટે જે કાર્ય નિર્ધારિત હતું, એ કાર્ય બીજા વર્ણના લોકો કરી શકતા નહીં.

અન્યથા, આ સ્મૃતિમાં છે કે રાજા એને નિર્ધન કરીને દેશનિકાલ કરી દે, તમે વિચાર કરો કે ઉપર્યુક્ત વિભાગો રાજ્યના મુખ્ય અંગો છે, અને એમને બચાવવા માટે જો વ્યવસ્થા હતી તો કોઈ સતી કેમ થાય? આવી વ્યવસ્થામાં પતિવ્રત ધર્મ ક્યાં સુધી સુરક્ષિત રહી શકે?

પ્રાચીન સમાજમાં વર્ણસંકર પેદા કરવાની છૂટના પ્રમાણ પણ મળે છે. એટલું જ નહીં, જે માતાપિતાઓએ વર્ણેતર સહવાસ કર્યો, એમને દંડ તો દૂર, અપમાન પણ સહેવું પડ્યું નથી; ઊલટાનાં એમણે પેદા કરેલાં બાળકોને જ દોષી ઠરાવવામાં આવ્યા કે તેઓ ગામની બહાર રહે, માટીનાં વાસણમાં ખાય, મડદાનાં ઊતરેલાં વસ્ત્રો પહેરે, ઝાડની નીચે આજે અહીં તો કાલે ત્યાં રહે. મનુસ્મૃતિ કહે છે કે શૂદ્ર હૃદયવાળા બ્રાહ્મણોએ આવી વ્યવસ્થા કરી આપી છે. ભૂલ માતાપિતાએ કરી અને પેઢી-દર પેઢી દંડ બાળકોને? ધિક્કાર છે આવી વ્યવસ્થાને!

નિષ્કર્ષ

સતી પ્રથા ધર્મ છે કે નહીં? આ જાણવા માટે જરૂરી છે કે બધા લોકો ધર્મની સાચી પરિભાષા જાણી લે કે માત્ર એક પરમાત્મા સાથે સંબંધ હોવો એ જ ધર્મ છે; કારણ કે એ જ સમગ્ર સુખ તથા શાશ્વત શાંતિનું કેન્દ્ર છે. એ છે તો સર્વત્ર, પણ એને શોધવાનું સ્થળ પ્રત્યેક સ્ત્રી-પુરુષના હૃદયમાં જ છે, બહાર ક્યાય નથી, વેદના પુરુષસૂક્તનો ઉદ્‌ઘોષ છે કે દૈવી સંપદાને હૃદયમાં ઉતારનારા પૂર્વ-મહાપુરુષોએ માનસ-યજ્ઞાદિ સાધના દ્વારા શરીરમાં સ્થિત જે પુરુષને જાણ્યો હતો, બ્રહ્માએ જેની સ્તુતિ કરી હતી. ઈન્દ્રે જેમને સર્વત્ર વ્યાપ્ત જોયો હતો, એ પરમ પુરુષને જે જાણે છે એ અહીં જ, આ જ જન્મમાં અમૃતપદ પ્રાપ્ત કરી લે છે. એ સિવાય અમર થવાનો બીજો કોઈ માર્ગ નથી. ''**यज्ञन यज्ञमयजन्त देवस्तानि धर्माणि प्रथमान्यासन**'' (ऋग्वेद, १०/९०/१-१६). દૈવી ગુણસંપન્ન પુરુષોએ યજ્ઞસ્વરૂપ મહાપુરુષને લક્ષ્ય કરીને એમની પૂજા કરી. આ જ ધર્મ છે.

તો વેદ અનુસાર ધર્મ શું છે? એ એક પરમ પુરુષને જાણવો! જાણવા માટે શું કરવું? માનસિક યજ્ઞ, મનનો નિરોધ! એ થાય કેવી રીતે? તો

દરેક ઋતુમાં એક પરમાત્માના ચિંતનથી, યજ્ઞસ્વરૂપ મહાપુરુષથી! બસ આટલો જ ધર્મ છે. આ જ સત્પથ છે. આની પર ચાલનારો સતી છે. આ સ્થિતિ જીવિત અવસ્થામાં જ મળે છે, બળવા કે મરવાથી નહીં.

ગીતાનો નિર્ણય પણ બરાબર આ જ પ્રમાણે છે કે ''**इहैव तैर्जितः सर्गो येषां सम्ये स्थितं मनः**''-એ મહાપુરુષો દ્વારા જીવિત અવસ્થામાં જ સંપૂર્ણ સંસાર જીતી લેવાયો જેમનું માન સમત્વમાં સ્થિત છે. ''**निर्दोष हि समं ब्रह्म**''-ત્યાં એ બ્રહ્મ નિર્દોષ અને સમ છે અને સાધકનું મન પણ નિર્દોષ અને સમ સ્થિતિવાળું થઈ ગયું. સમાન ગુણધર્મવાળા થવાથી ''**तस्माद ब्रह्माणि ते स्थिताः**'' (ગીતા અધ્યાય ૫, શ્લોક ૧૯); તે બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે. તો બ્રહ્મમાં સ્થિતિ ક્યારે મળે? જ્યારે સંસારરૂપી શત્રુને જીતી લેવાય! સંસાર ક્યારે જીતી શકાય? જ્યારે મનનો નિરોધ થઈ જાય! ''**महा अजय संसार रिपु जीति सकई सो बीर।**''

પ્રાપ્તિવાળા દરેક મહાપુરુષે મનને જીતવાની વાત કહી છે. ''**मनः एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः**'' મનુષ્યોની મુક્તિ અને બંધનનું કારણ મન છે, તો જ્યાં સુધી મન જીવે છે ત્યાં સુધી શરીર બાળવા કે ન બાળવાથી શું થાય? મનના નિરોધને માટે જ તો સાધના-ઉપાસના કરાય છે, પણ શરીર બાળવાથી ન તો મનનો નિરોધ જોયો-સાંભળ્યો છે અને નથી આ ભજનની કોઈ વિદ્યા પણ.

સંસારભરના લોકો ભક્તિને નામે કંઈક ને કંઈક કરતા જ રહે છે. દાખલા તરીકે, લોકો સવારે નહાઈ-ધોઈને સૂર્યને, પીપળાને કે ક્યાંક જળ ચડાવે છે, ધૂપ-દીપ કરે છે, કોઈ શ્લોક કે ચાળીસા બોલી લે છે. સ્ત્રીઓ ડીહબાબા, ચૌરાભાઈ, સતીમાઈ, વિવિધ ઝાડપાન અથવા જલાશયોને પૂજે છે, જેમાં સામગ્રી અને આસન (મુદ્રા)ની ભિન્નતા રહે છે. દાખલા તરીકે એક પગે ઊભા રહીને પૂજે છે, કોઈ સૂઈને તો કોઈ બેઠાં-બેઠાં. જાતજાતની પૂજાસામગ્રી અને નૈવેદ્યોમાં પશુ-પક્ષી તથા સ્ત્રી-પુરુષનો બલિ ચડાવીને સમૃદ્ધિ સાથે પરમધામ પામવાનો પ્રયત્ન કરે છે.

આ જ રીતે ગૃહત્યાગ પછી કોઈ એક દંડને તો કોઈ ત્રણ દંડને મોક્ષનો ઉપાય માને છે. કોઈ ચંદનના લેપને, કોઈ સ્નાનને મહત્ત્વ આપે

છે, તો કોઈ મુંડનને, કોઈ કુંડળનું તો કોઈ વિભૂતિને. આ સંત-વેશ, ત્યાગ અને તપસ્યાનો જ સંકેત કરે છે. સત્ય પ્રત્યે આપણે લીધેલા વ્રતની સ્મારિકા છે. વાણો (પોશાક) સત્યનો જ છે, પણ આ સાધના નથી, આ કેવળ ફાઉન્ડેશન છે.

જૈન સાહિત્યમાં આનો આશય દર્શાવતાં એક રોચક કથા કહેવાઈ છે કે ભગવાન મહાવીર પોતાના પુર્વજન્મમાં સમ્રાટ ભરતના પુત્ર મરીચિના રૂપમાં હતા. કઠોર સાધનાથી વિચલિત થવાથી એમણે વિચાર્યું કે હું મન, વચન અને કાયાના વિકારોયુક્ત છું, માટે તેના પ્રતીકરૂપે ત્રિદંડ ધારણ કરીશ. હું તપસ્યાના શીલથી સુરભિત નથી તેથી મારી ઊણપ ધ્યાનમાં રહ્યા કરે માટે ચંદનનો લેપ લગાડ્યા કરીશ. મોહના પ્રતીકરૂપે છત્ર ધારણ કરીશ. રાગદ્વેષથી કલુષિત છું, માટે કાષાય વસ્ત્ર ધારણ કરીશ. હું અન્તઃપવિત્ર નથી, માટે યાદ રાખવા માટે દિવસમાં ત્રણ-ચાર વખત સ્નાન કરતો રહીશ. વાસ્તવમાં વેશ તો પ્રતિજ્ઞાને સતત યાદ કરાવવા માટે છે, વેશ તેમ જ કોઈ પણ વેશ-કુવેશમાં જે સત્સાધના કરવી જોઈએ, તે ગુરુઓની વિદ્યા એક જ છે, જેમાં ઘણીબધી સાધનાઓ નથી. '**व्यवसात्मिका बुद्धिरेकेह कुरुनन्दन**' (ગીતા, અધ્યાય ૨, શ્લોક ૪૧),-એ ક્રિયા એક જ છે એ મહાપુરુષો પાસેથી પ્રાપ્ત કરવાની હોય છે. અને આ બાહ્ય આચરણો, નહાવું-ધોવું વગેરે ન તો ધર્મ છે, ન અધર્મ. વિકાર મનમાં હોય તો શરીર ધોવાથી શું થાય? ઉપાસના કોઈ એવી ચીજ છે, જેનાથી મન શુદ્ધ થાય છે, જેથી સંસારમાં ફેલાયેલું મન ધીરે ધીરે સંકેલાવા માંડે છે, જેથી મનનો નિરોધ થાય છે. મનમાં ઘડી કાઢેલું કાંઈ પણ કરવાથી મન નહીં રોકાય. ''**साधन करिय विचार हीन मन शुद्ध हय नहिं तैसे**।'' (વિનયપત્રિકા).

મનના નિરોધ માટે વેદે કહ્યું કે પરમાત્માનું સતત ચિંતન, '**ग्रीष्म इध्मः शरद्वि**' ગ્રીષ્મ-શરદ-વસંત તરેક ઋતુમાં સતત ચિંતન દ્વારા જ્યારે મનના સંકલ્પ-વિકલ્પ શાંત થઈ જાય છે, અને આ શાંત મનનો પણ જ્યારે વિલય થઈ જાય છે, ત્યારે જે તત્ત્વ મળે છે, એનું જ નામ મોક્ષ છે, પરમગતિ છે, પરમધામ છે. મનના નિરોધ માટે જેણે પ્રયત્ન જ નથી કર્યો, તેને શરીર બાળવાથી મોક્ષ ક્યાંથી મળી જાય?

વાયુ જેવા ચંચળ મનનો નિગ્રહ કઠિન માનનાર અર્જુનને યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતાના છઠ્ઠા અધ્યાયના અંતમાં એક સુગમ ઉપાય દેખાડ્યો કે ભક્તિ કર. ''**श्रद्धावान भजते यो माम स मे युक्ततमो मतः।**'' એ ભક્તિનો આરંભમાં છે કે હૃદયમાં જે પરમાત્મા છે એમાં (સદ્‌ગુરુમાં) શ્રદ્ધાવાન થઈ જાઓ. બીજા કોઈનું જ અસ્તિત્વ નથી, એ જ એક શાશ્વત છે, એ જ સત્ય છે, એ જ અવિનાશી છે, એ જ પરમતત્ત્વ છે, એને તમારા જીવનનો ઉદ્દેશ બનાવી દો અને તે પછી એની પ્રાપ્તિની જે સાધના છે, જેનું નામ દૈવી સંપદા છે, એ ગુણોને હૃદયમાં ઢાળો. ઈન્દ્રિયના બહિર્મુખી પ્રવાહને '**संयमाग्निषु जुहृति**' સંયમના અગ્નિમાં હવન કરો. વિષયોત્તેજક શબ્દોના આશયને વૈરાગ્યોત્તેજક ભાવોમાં બદલીને એનાથી બચો. સર્વ ઈન્દ્રિયોના વ્યાપારોને ઈશ્વરીય આદેશોના પ્રકાશમાં સંયમિત કરો.

સાથે જ જરૂરી છે નામ-જપ, જેનો ઉતાર-ચઢાવ શ્વાસ પર છે. શ્વાસની સાથે જો નામ-જપની ક્ષમતા ન હોય તો આરંભમાં માળા, આંગળી કે નાડીના સ્પંદનોને આધારે પણ કેટલાક લોકો નામ-જપ માટે અનુબંધિત થાય છે, પણ બહુ જલદી જ શ્વાસમાં ધ્યાનનો આરંભ થઈ જાય છે, પછી માળા કે કોઈ બાહ્ય ઉપકરણની જરૂર રહેતી નથી, પછી તો શ્વાસથી જ જપવ જોઈએ. શ્વાસ ક્યારે અંદર ગયો એ જુઓ, ક્યારે બહાર આવ્યો એ જુઓ. કેટલી વાર સુધી બહાર રોક્યો એ જાણો પછી શ્વાસ અંદર જવા માંડે ત્યારે એની દ્વારા નામ જપાવો. જાણકારી વગર શ્વાસ ખાલી ન જાય, એ શ્વાસમાં ધ્યાન લગાવો, શ્વાસમાં ઊઠતા શબ્દને પકડો શ્વાસ નામ સિવાય બીજું કાંઈ કહેતા જ નથી. આરંભમાં આપણે સાંભળવા માંડીશું તો નામ નહીં દેખાય, સન્ન સન્ન સાંચ સાંચ સંભળાશે, પણ વૈખરી મધ્યમાના સ્તર પછી પશ્યન્તીનો સ્તર આવતાં આ નામ શ્વાસમાં વસી જાય છે. આ રીતે શ્વાસ દ્વારા જપ કરવા જોઈએ, જે શ્રીકૃષ્ણે પ્રાણાયામ કહ્યા છે. ગૌતમ બુદ્ધે આને જ '**अनापानसति**' કહીને સંબોધિત કર્યા. આમ કરવાથી પ્રાણોનો યામ અર્થાત્ નિરોધ થઈ જાય છે. જ્યારે ભીતરથી કોઈ સંકલ્પ ઊઠતો નથી તેમ જ બાહ્ય વાયુમંડળના કોઈ સંકલ્પ ભીતર ગ્રહણ થતા નથી. આનું જ નામ પ્રાણાયામ છે, આ

જ મનની પૂર્ણ નિરોધાવસ્થા છે અને નિરુદ્ધ મન પણ જ્યારે વિલય પામે ત્યારે ભક્તિનું, ઉપાસનાનું, યજ્ઞનું પરિણામ આવે છે,-''**यज्ञशिष्टामृत भुजो यान्ति ब्रह्म सनातनम्**'' (૪/૩૧). યજ્ઞની પૂર્ણતાના સમયમાં, યજ્ઞ જેની રચના કરે છે, એ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી શાશ્વત સનાતન બ્રહ્મ પરમાત્મામાં પ્રવેશ પામે છે.

આરંભથી માંડીને પરિણામ સુધી સંક્ષેપમાં, સૂત્રરૂપે કુલ આટલી જ છે ભજનની વિધિ. આ જ છે યજ્ઞ. યોગસાધના પણ આ જ છે. પરમાત્મામાં વિલય કરાવનારી આ ક્રિયાને યોગેશ્વર શ્રીકૃષ્ણે યજ્ઞ કહીને સંબોધી છે. સંસારના સંયોગ-વિયોગથી રહિત અવિનાશી પરમાત્માની પ્રાપ્તિની જે ક્રિયા છે, એને જ (વેદ પણ) યજ્ઞ કહીને સંબોધિત કરીને આ વિધિ અનુસાર ચાલવા પર ભાર મૂક્યો. ચેતવણી પણ આપી કે આ યજ્ઞ વગર સ્ત્રી-પુરુષ માટે આ શરીર પણ સુખદ નથી. તો ભલા એને માટે પરલોક કેમ હોય?

યોગેશ્વર શ્રીકૃષ્ણે આ વિધિ અનુસાર ભક્તિ કરવા માટે બહુ પ્રોત્સાહન આપ્યું કે કોઈ આ વિધિમાંથી કાંઈ પણ કરે તો તે ભક્તિનો જ્ઞાતા છે, તે યજ્ઞને જાણે છે,-ફરક એટલો જ છે કે કોઈ આરંભના સ્તર પર છે, કોઈ મધ્યમાં તો કોઈ ઉન્નત અવસ્થામાં છે. અધ્યાય ૪, શ્લોક ૨૪થી ૩૧ સુધીના ૮ શ્લોકમાં તથા ચૌદ ભાગમાં વિધિ રજૂ કરી છે.

બધી તરફથી સમેટાઈને એ એક પરમાત્મામાં શ્રદ્ધા એકત્ર થાય. એ જ ક્ષણથી ઉપાસનાની શરૂઆત છે, ત્યાંથી જ તમે ભક્તિનું પહેલું ડગલું સારી રીતે ભર્યું છે, ધર્મને જાણતા ન હોવા છતાં તમે ધર્મનો માર્ગ પકડ્યો છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, '**मयि चानन्य योगेन भक्तिरव्यभिचारिणी**' (અ ૧૩/૧૦). ભક્તિ અવ્યભિચારિણી હોવી જોઈએ, અનન્ય ભાવથી મારી સાથે જોડાયેલી હોવી જોઈએ, જેને મહાપરુષો સતી કહે છે એ જ ભક્તિને અવ્યભિચારિણી કહીને સંબોધિત કરવામાં આવી, આ જ છે સતી માટે યોગેશ્વર શ્રીકૃષ્ણનું સંબોધન. સ્ત્રીઓના પ્રદૂષણની જે આશંકાથી અર્જુન વ્યાકુળ હતો, એને યોગેશ્વરે અજ્ઞાન કહી અને દર્શાવ્યું કે પ્રાપ્ત કરનાર મહાપુરુષ જો પાછળવાળાઓને ભક્તિના પથ પર ન ચલાવે,

પોતે કરતા હોય તે એમની પાસે ન કરાવે તો પાછળનાઓ પણ એમની દેખાદેખીમાં ક્રિયા છોડી દે છે, સીધા એમની જ જેમ પ્રાપ્તિવાળા મહાપુરુષ જેવો સ્વાંગ કરી લે છે. ભક્તિપથમાં આવેલી આ વિકૃતિને યોગેશ્વર વર્ણસંકર કહે છે. મહાપુરુષોની દૃષ્ટિએ ઈશ્વરપ્રાપ્તિ માટે નિર્ધારિત ઉપર્યુક્ત ક્રિયા સિવાય કાંઈ પણ કરાય છે તે સમાજમાં સંસ્કાર-સૃજનનાં ઉપાદાન છે, વ્યવસ્થા છે, ધર્મ નથી. ધર્મના નામે સમાજમાં ભયંકર ભ્રાંતિઓનું નિર્માણ થયું છે, જેમાં સતીપ્રથા પણ એક છે.

અયોધ્યાની જનસભામાં ભગવાન શ્રીરામે સમજાવ્યું, જેનો ઉલ્લેખ રામચરિતમાનસમાં છે, એ સભામાં '**गुरु द्विज पुरवासी सब आये**' સદ્‌ગૃહસ્થ આશ્રમમાં રહેતા લોકો પણ હતા. માનવશરીરની નશ્વરતાનું વર્ણન કરીને ભગવાને કહ્યું કે જો પરલોક ઈચ્છતા હો અથવા આ જ જીવનમાં બધા પ્રકારનું સુખ ઈચ્છતા હો તો બંનેને માટે કેવળ એક રસ્તો છે, ''**भगति मोरि**'' મારી ભક્તિ કરો. ''**भक्ति मोरि पुराण श्रुति गाई**'' મારી જ ભક્તિનું ગાન પુરાણમાં છે, મારી ભક્તિનું જ ગાન વેદમાં છે. માટે એક પરમાત્મામાં નિષ્ઠા ભક્તિનું સબળ ચરણ છે! '**भक्ति सुतंत्र सकल सुखखानी। बिनु सत्संग न पावहि प्रानी॥**' એક પરમાત્મામાં શ્રદ્ધા દૃઢાવવા માટે આરંભ થાય છે સંતોનું સેવન! સંત બધા સારા છે, પણ જો તેઓ એક પરમાત્માને છોડીને અન્ય દેવદેવીઓની ભક્તિ કરાવે, અનેક સ્થાનો પર શ્રદ્ધા વિખેરાવે, તો હજી તેઓ વીખરાયેલા સંત છે. સમય મેળવીને એમણે પણ એક પરમાત્માના રસ્તા પર આવવું જ પડશે! એક પરમાત્મા પ્રતિ નિષ્ઠા જ સતીનું લક્ષણ છે.

એક પરમાત્માની જગાએ આમતેમ કાંઈ ને કાંઈ કરતાં કરતાં ધીરે ધીરે આપણે એટલા નીચે ઊતરી આવ્યા કે ઓઝાઈ, પશુબલિ અને જાદુટોણામાં ફસાઈ ગયા. બધા ભગવાનનાં જ અંગ છે. તો ભૂત પણ હશે. તો કરોને પૂજા! આ ભયંકર્ ભ્રાંતિનું અંતિમ ચરણ છે. ગોસ્વામી તુલસીદાસજીએ '**जे परिहरि हरिहर चरण, भजहिं भूत गन घोर**' કહીને એની નિંદા કરી, તો પણ લોકો જાદુટોણાં કરાવે છે, રામાયણ પણ વાંચે છે. ભલીભોળી માતાઓને હેરાન કરીને, સંકોચ કરાવીને માનસિક દબાણ કરીને આમ કરવા માટે ફરજ પાડવામાં આવે છે, અથવા

એમની પ્રશંસા પણ કરે છે કે માતાઓ પર જ તો ધર્મકર્મ ટક્યાં છે. માતાઓ આ બહેકાવવાની યુક્તિમાં તરત ફસાય છે, કારણ કે આજ સુધી એમને કેળવણીથી વંચિત રાખવામાં આવી. ધર્મશાસ્ત્ર સાંભળવાનું વિધાન એમને માટે નહોતું. આજ સુધી એમને એવી નાથીને રાખવામાં આવી કે પિંજરામાં જ નહીં ગઈ. પતિની ઈચ્છા ન હોય તો ખાવાનું ન ખાવું, ધર્મ કરવો. એમને સચ્ચાઈથી વંચિત રાખવામાં આવી, ભૂત-પ્રેત, પીપળો, ઝાડપાન, ટેકરી, ચબૂતરા, પુત્રને જિવાડનારી દેવી, જે કાંઈ એમને દેખાડવામાં આવ્યું એને જ ધર્મ માનીને તેઓ વ્રત-ઉપવાસ કરવા માંડી, કે લાપસી ચડાવવા માંડી, આ છેતરપિંડી છે, દગો છે. માતાઓએ ભૂલથીય આ ભ્રાંતિઓમાં ન ફસાવું જોઈએ, ન ડરવું જોઈએ, કારણ કે સૃષ્ટિ પર એવું કોઈ ભૂત નથી જે મનુષ્ય કરતાં જોરાવર હોય. ભૂતનો અર્થ થાય છે પ્રાણી,-''**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।**''

તેથી માતાઓએ ક્યારે પણ ઓઝા, જાદુગર, જાદુટોણાં વગેરેમાં માનવું ન જોઈએ; આ બીજું કાંઈ નથી, ફક્ત વામ-માર્ગ છે. જેમાં મોટા ભાગના દેવતા શાકાહારી છે, પણ એની પત્ની દેવીઓને માંસાહારી ઘોષિત કરીને ઉદરપૂર્તિનાં સાધન ભેગાં કરાયાં છે. માતાઓએ જાણવું જોઈએ કે સ્ત્રી-પુરુષ બધાને માટે ભક્તિ એ એક જ રસ્તો છે. અમારું-તમારું, સંસારમાં સૌનું શાસ્ત્ર ગીતા છે. તમે ગીતા, રામાયણ કે મૂળ વેદ પણ જુઓ, બધાનો આદેશ કેવળ એટલો જ અવિનાશી તત્ત્વ કેવળ પરમાત્મા જ છે. એના એકના પ્રતિ શ્રદ્ધાથી સમર્પિત થઈ જાઓ.

એ જનસભામાં ભગવાન રામે એટલે જ એક પરમાત્મામાં નિષ્ઠાને ભક્તિનો આરંભ કહી અને કહ્યું કે ભક્તિનો આરંભ કરવા માટે કોઈ પણ યોગની જરૂર નથી, યજ્ઞ, જપ, તપ અને ઉપવાસની જરૂર નથી. શરૂ શરૂમાં તો એટલું જરૂરી છે કે ''**सरल सुभाव न मन कुटिलाई। जथा लाभ सन्तोष सदाई॥**'' ૭/૪૫/૨. પ્રયત્ન હોય તો એટલો જ કે સરળ સ્વભાવ હોય, મનમાં કુટિલતા ન હોય, આ મનને જ તો સીધું કરવાનું છે, સમ કરવાનું છે. જે કોઈ લાભ મળે એમાં જ સદા સંતોષ માનો. ''**मोर दास कहाइ नर आशा। करइ त कहहू कहा विश्वासा॥**'' ૭-૪૫/૩. મારો દાસ કહેવાય છે અને અન્યની આશા રાખે છે, તો

તમે જ વિચાર કરો, તેણે મારો વિશ્વાસ જ ક્યાં કર્યો? તે ભક્ત નથી. પહેલાં કહ્યું કે તે કોઈની સાથે વેર ન રાખે, લડાઈ-ઝઘડા ન કરે, સત્યના અનુમાયી-જનોનો સંગ કરે, મારા નામ-જપમાં અનુરક્ત રહે, મમતા, મદ અને મોહ તજે તો એના પરિણામે મળતા સુખને એ જ જાણે છે, જે પરમાનન્દ-પ્રાપ્ત હોય. અહીં ભગવાને કહ્યું કે પરમાત્મામાં દૃઢ શ્રદ્ધા અને નામ-જપમાં સતત સંલગ્નતા આટલાથી જ તમારો પ્રવેશ આરાધનાના સાચા પથ પર થઈ જશે.

પ્રકાર ફેરે આ જ ભક્તિ નવ સોપાનોમાં શબરીને ભગવાન રામે કહી, જેની શરૂઆતનું પહેલું ચરણ છે સંતોનો સંગ ''**प्रथम भगति सन्तन्ह कर संगा।**'' એમના સાન્નિધ્યથી મળશે પરમાત્મા-સંબંધિત કથાપ્રસંગ! જ્યાં સમજ સારી રીતે કામ કરવા માંડે, હૃદયના પડદા ધોવાઈ જાય, ત્યાં ''**गुरुपद पंकज सेवा तीसरि भगति अमान**'' ગુરુ દ્વારા એમની વિદ્યા મળશે, એને ધારણ કરવી એ જ ગુણગાન છે, એ જ ચોથી ભક્તિ છે. પછી પાંચમો સ્તર આવે છે-એ કોટિના નામનો સતત જપ ''**मंत्र जाप मम दृढ विश्वासा**'' એક પરમાત્મામાં જ દૃઢ વિશ્વાસ બેસી જાય ત્યાં ''**विरति बह कर्मा**'' ઘરગૃહસ્થીના ઘણાં કર્મોની જવાબદારીઓનો ધીરેધીરે વિચાર કરો, ઉત્તરાધિકારીઓને, ભાવિ અધિકારીઓને સોંપતા જાઓ. તેથી કર્મોમાં વિરક્તિ આવવા માંડે છે; ઘર છોડવાની જરૂર નથી. એનું પરિણામ આવશે સાતમા સ્તર, કે ''**सातव सम मोहि मय जग देखा**'' સર્વત્ર ઈશ્વરનો સંચાર દેખાશે, પણ સૌથી વધુ સંસાર દેખાશે સંતમાં! સંસાર મારી જેવો, પણ સંત મારા કરતાં ચડિયાતા અર્થાત્ સંસારથી ચડિયાતા. ''**आठवा जघा लाभ सन्तोषा। सपनेहु नहि देखइ पर दोषा॥**'' પરમાત્મા-વિષયક દોષ ન જુએ અને અંતિમ સ્તર આવે છે કે ''**नवम सरल सब सन छल हीना। मम भरोस हिय हरष न दीना॥**'' સરલ સ્વભાવ હોય, કાંઈ પણ મેળવવું હોય તો મારો ભરોસો કરો, કોઈ બીજાનો નહીં,-આ જ ભક્તિ છે, આ જ ભક્તિનો પથ છે. આમાંથી એક પણ સ્તર જે ધારણ કરી લે છે તે ભક્તિપથ પર પ્રવેશ પામે છે; બરાબર આ જ વાત, જેમ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે આ બધા યજ્ઞના જાણકાર છે.

કોઈકે સંત કબીરને પૂછ્યું કે ભક્તિ શું છે? ઉપાસના શું છે? તો બહુ ઓછા શબ્દોમાં એમણે કહ્યું કે ''**भजन भगति हरिनाम है।**'' પૂછવામાં આવ્યું કે નામ સિવાય લોકો ક્રિયાઓ કરે છે, તે શું ભક્તિ નથી? કબીર કહે છે, ના. ''**दुजा दुःख अपार**'' એ તો દુઃખનું કારણ છે, ભક્તિ નહીં. ''**मनसा वाचा क्रमना, कबीर सुमिरन सारे।**'' એક પરમાત્માનું સ્મરણ જ ભક્તિ છે. આ બધાના નિષ્કર્મમાં એક જ વાત મળે છે કે એક પરમાત્માને પોતાનો જીવન ઉદ્દેશ બનાવી લેવાથી, નાસમજથી અને ધીરે ધીરે દૈવી સંપદા પ્રાપ્ત કરીને આચરણ કરવાથી, તમારા આત્મા પર જે આવરણ છે તો હળવું થઈ જશે. ત્યાં તમારો જ આત્મા રથી થઈને કહેશે કે ક્યાં જવું, કોણ તમારા સદ્‌ગુરુ છે? જ્યારે સદ્‌ગુરુ મળી જાય ત્યારે સંશયભ્રમ નષ્ટ થઈ જાય છે. પછી તો સર્વાંગી સમર્પણથી પોતાનામાં શોધો. એમનો પુણ્ય-પુરુષાર્થ પોતે સદ્‌ગુરુનો મેળાપ કરાવશે. આ પદમાં જો સૌથી ઓછી કોઈ ચીજની જરૂર હોય તો તે સદ્‌ગુરુ શોધવાની. એમને શોધવાનું જ દુષ્પરિણામ છે કે આજે સદ્‌ગુરુની કતાર લાગી છે. પણ સંત કે સદ્‌ગુરુ જે દૃષ્ટિથી ઓળખાય છે, એ દૃષ્ટિ પુણ્યમયી છે. તેથી પહેલાં એક પરમાત્મામાં નિષ્ઠા દ્વારા, નામ-જપ દ્વારા, શુભ આચરણ દ્વારા (આપ્તપુરુષની સેવાભક્તિ એ સૌથી સહેલો ઉપાય છે). એમની સેવા દ્વારા કેવળ પોતાના પરિશ્રમની કમાઈ દ્વારા, સાદો જીવનનિર્વાહ, સ્ત્રીઓ પ્રત્યે મા-બહેનની દૃષ્ટિ, પ્રામાણિકતા, સચ્ચાઈ, સરળતા, પોતાના પાડોશીનું હિત વગેરે શુભ આચરણો દ્વારા પુણ્ય પ્રાપ્ત કરો; જે દિવસે આ પુણ્યકાંટા પર ઊભો રહેશે, તે વખતે સદ્‌ગુરુ ઓળખાઈ જશે, પોતે આવીને મળશે,-''**पुण्य पुंज बिन मिलहि न सन्ता।**''

આથી વિપરીત આચરણ કરવાથી આપણે પરમાત્માથી દૂર થતા જઈએ છીએ, જે આપણી પોતાની પૂરી ન શકાય એવી ભૂલ છે. સ્ત્રી હોય કે પુરુષ, જ્યાં સુધી તેઓ પરમાત્માને પોતાની બહાર બેઠેલો માનતા રહેશે, જ્યાં સુધી તેઓ અનુભવવા નહીં માંડે, હૃદયમાં બેઠેલો પરમાત્મા એના વિચારને પણ જોઈ શકે છે, (જેનું પરિણામ સંસ્કારરૂપે એને જ ભોગવવું પડશે) ત્યાં સુધી તે આત્માનુશાસિત નથી થઈ શકતો.

કેવળ આત્માનુશાસિત વ્યક્તિ જ સાચી સતી છે. અને એ જ રૂઢિજર્જર સમાજના જીર્ણોદ્ધારનું સહ-સાહસ કરી શકે છે.

તેથી માતાઓએ એ જ આદર્શો અપનાવવા જોએ, જેમ કરવાનું મહાસતી અનુસૂઈયા, સીતા, મદાલસા કે મીરાંએ તમને કહ્યું છે. આ બધાનો આદેશ કેવળ એટલો જ છે કે એક પરમાત્મામાં શ્રદ્ધા રાખો, પોતાને ધીમે ધીમે સમર્પિત કરો, એમને મેળવવા માટે પ્રયત્ન કરો. વિપત્તિ સંપત્તિ થઈ જશે, દુઃખ સુખમાં બદલાઈ જશે અને એ પ્રભુ જ કૃપા કરી દે તો માથા પર પહાડ તૂટી પડવાનો હોય તો તે રજકણ બની જશે. તમે કરી તો જુઓ.

વિષમ પરિસ્થિતિમાં પોતાના ઉજ્જવલ ચરિત્રના રક્ષણ માટે કાંઈ પણ કરી શકાય છે. આબરૂની રક્ષા માટે આ અમૂલ્ય શરીરનો અંત પણ આણી શકાય છે-પણ મુક્તિ માટે નહીં. એમાં કલ્યાણ કદીય નથી, ધર્મ કદીય નથી. પતિના શબની સાથે પત્નીનું ચિતારોહણ અકારણ પીછો કરતી એક રૂઢિ માત્ર છે, એ સિવાય બીજું કાંઈ જ નથી.

વિચારવિમર્શ માટે

શ્રી પરમહંસ આશ્રમ, શક્તેષગઢ (ચુનાર-રાજગઢ રોડ),

જિલ્લાઃ મિરજાપુર, ઉત્તર પ્રદેશ, ભારત

આપને સહર્ષ આમંત્રિત કરે છે.

॥ બોલો સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

સાધક લંગોટીનો સાચો હોવો જોઈએ. જે દુરાચરણથી વિરત નથી થયો, જેને એકાંત સારું નથી લાગતું, જાગતિક વસ્તુઓના ત્યાગની ભાવના જેને માટે અસંભવ છે, એને અક્ષયપદ નથી મળી શકતું. જે વસ્તુઓની અધિકતામાં મૂરખોને રાગ થાય છે, એની જ પ્રાપ્તિથી પ્રાજ્ઞ પુરુષને વૈરાગ્ય થાય છે. વિષયોનો ત્યાગ દુર્લભ છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે. માટે બંધુઓ! અનુભવી સદ્‌ગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત કરો. મન-વચન-કર્મથી એમની શરણાગતિનું ચિરન્તન વિધાન છે. એ મહાપુરુષ પાસેથી અંતઃપ્રેરણાના સ્રોત મળવા માંડે, સાધકના આત્મામાં જાગ્રત થઈને એ મહાપુરુષ હૃદયમાં નિર્દેશ દેવા માંડે, ત્યારે સમજવું કે સાધનાનો અન્તર્પ્રવેશ થયો. અન્તર્પ્રવેશ નિવૃત્તિનો નિશ્ચિત સ્રોત છે.

- પરમપૂજ્ય શ્રી પરમહંસજીની વાણી
- **'જીવનાદર્શ એવં આત્માનુભૂતિ'માંથી ઉદ્ધૃત**
પૃ. ૨૯૯, સંસ્કરણ ૧૯૮૯.

અવતારનું અનંત વિધાન અને અધિકારી માટે સંભવ

અવતાર યોગીના અંતરમાં જ થાય છે. દેશ, જાતિ કે કાળવિશેષમાં પ્રભુના અવતરણની કલ્પના માત્ર ભ્રાંતિ છે. પ્રક્રિયાવિશેષ દ્વારા અનુભવી મહાપુરુષના માધ્યમથી યોગીના અંતરમાં પરમાત્મતત્ત્વની અનુભૂતિ થાય છે.

- સ્વામી શ્રી અડગડાનન્દ

कबीर और अवतार

सन्तो! आवे जाय सो माया!

हे प्रतिपाल काल नहि वाके। ना कहुं गया न आया॥ १ ॥
का मकसूद मच्छ कछ होना, शंखासुर न संहारा।
है दयाल द्रोह नहीं वाके, कहह कौन को मारा॥ २ ॥
वै कर्त्ता नहीं बराह कहावे, धरणि धर्मो नहिं भारा।
ई सब काम साहेब के नाहीं, झूठ कहै संसारा॥ ३ ॥
सिरजनहार न व्याही सीता, जल पषाण नही बंधा।
वै रघुनाथ एककै सुमिरै, जो सुमिरै सो अंधा॥ ४ ॥
वै कर्ता नहिं भये निकलंकी, नहिं कालिंगहि मारा।
ई छल बल सब माया कीन्हा, जत सत्त सब टारा॥ ५ ॥
दश अवतार ईश्वरी माया, कर्त्ता कै जिन पूजा।
कहहिं कबीर सुनो हो संतो, उपजै खैप सो दूजा॥ ६ ॥

(બીજક, શબ્દ, પ્રકરણ, શબ્દ ૮)

ઉપર્યુક્ત પદ પર દૃષ્ટિ પડતાં જ એવો આભાસ થાય છે કે તેમાં અવતારોનું ખંડન કરાયું છે, પણ સંત કબીર યથાર્થને બરાબર જોઈ-સમજીને આ સ્પષ્ટ કહ્યું છે કે દશ અવતાર ઈશ્વર નથી, પણ ઈશ્વરીય તત્ત્વવના આરંભથી પરાકાષ્ઠા સુધી ઈશ્વર પ્રસારિણી વિશદ્ ધારાઓ છે, ''**दश अवतार ईश्वरी माया।**'' દશ અવતાર અધિકારી જનોને ઈશ્વરમાં પ્રવેશ કરાવનારી માયા છે. એ ઈશ્વર-તત્ત્વના પ્રવેશની સાથે જ પુરુષ એ પરમાત્મ સ્વરૂપથી પરિપૂરિત થઈ જાય છે. એનો પરમ બોધ પૂર્ણત્વ પ્રદાન કરવાનું પરિણામ છે.

કબીરના ચિંતનનું નામ 'રામ' હતું.

राम न रमसि कवन दण्ड लागा।
मरि जइबे का करिबे अभागा॥

પોતાના પ્રેરણાના શબ્દોમાં કહ્યું કે રામની ભક્તિ કેમ નથી કરતા,-

कबीर और जाने नहीं, एक राम नाम की आशा॥

'અવતાર કા અનન્ત વિધાન એવં અધિકારી કે લિએ સંભવ'- આ રચના અવતાર વિશેની ભ્રાંતિઓનું નિરાકરણ. એમની મૌલિક વિચારણાનું શાસ્ત્રસંમત વિશુદ્ધ સ્વરૂપ રજૂ કરે છે. આ કૃતિમાં નિરૂપાયેલો વિષય અનંત અવતારોની સમ્યક્ વૈજ્ઞાનિક વ્યાખ્યા રજૂ કરે છે. આ કૃતિની મૌલિકતા એ તત્ત્વનો ઉદ્ઘોષ છે કે અવતાર યોગીના અંતરમાં જ થાય છે. દેશ, જાતિ અને કાળવિશેષમાં પ્રભુના અવતરણની કલ્પના ભ્રાંતિમાત્ર છે. પ્રક્રિયાવિશેષ દ્વારા અનુભવી મહાપુરુષના માધ્યમથી યોગીને અંતરમાં પરમાત્મ-તત્ત્વની અનુભૂતિ થાય છે. સાધકના અંતરમાં જ પ્રભુનું પ્રગટીકરણ થાય છે. અધિકારીને માટે આજે અને સદાય અવતારનું વિધાન છે.

મનઃદેશમાં અવતારના વિચારનો પવિત્રતમ સંદેશ લઈને આ આર્ષગ્રંથ સ્વની અંદર આત્મદર્શનની ઉપલબ્ધિ યૌગિક પ્રક્રિયાના સંદર્ભમાં અભિવ્યક્ત કરે છે. આત્મામાં પરમાત્માની અનુભૂતિ જ આ મહાનતમ ગ્રંથનો મૂળ વિષય છે. મીન, કચ્છપ, વરાહ, નૃસિંહ વગેરે અનેકાનેક અવતાર ઈષ્ટદેવના સંસ્પર્શ અને અભિન્નતાના સમયે હૃદયદેશમાં અભિવ્યક્ત થાય છે. કૃષ્ણાવતાર પણ આત્માની જ સત્, ચેતન અને આનંદધન અવસ્થાનો નિર્દેશક છે. ટૂંકમાં, કૃતિત્વનું વિવેચન પાઠકોના અંતરમાં પ્રેરણાત્મક સ્રોતનું સર્જનમાત્ર છે, કારણ કે વિવેચ્ય વસ્તુનો સંબંધ તે મનવાણીથી પૂર્ણપણે પર છે.

કચ્છપાવતાર

‘સાગર-મંથન’

દોહો- **भवसागर मन्थन करि, रतन कह्यो सब देख।**
तेरह विष की बोलि हैं, अमिय पदारथ एक॥ १ ॥

અર્થ-ભક્તિની ભાવધારામાં, એક સમયની અનુભૂતિ છે, ભવસાગર મંથન કરવામાં આવ્યું, જેને પરિણામે ઉપલબ્ધ તેર રત્ન વિષની વૃદ્ધિ કરનાર લતા સમાન છ. કેવળ અમૃત જ એવો વિલક્ષણ પદાર્થ છે, જેમાં અનેકતા નથી, જે પૂર્ણપણે અદ્વિતીય અને અનુપમેય છે.

દોહો- **भवनिधि मन्थन कथा सुनि, सन्तन मन दुःख चैन।**
लखि तेरह दुख विपुल भे, एक अमिय लखि चैन॥ २ ॥

અર્થ-સંસારસાગરમંથનની માનસિક ઉપલબ્ધિની આ કથા સાંભળીને સંતમહાત્માઓના ભાલપટ પર સુખ અને દુઃખની દ્વંદ્વાત્મક તાણ સ્પષ્ટ થવા માંડી. તેર રત્ન સાંસારિકતાની સારીખરાબ સ્થિતિઓનું જ ચિત્રણ કરે છે. એમનો પ્રસાર જોઈને દુઃખાત્મક મનોમાલિન્યનો ભાવ ટકી રહ્યો. ચિન્મય આંતરિક શાતિ ઉત્પન્ન કરનાર અમૃતને જોઈને સંતોનાં મનમાં સુખાત્મક અનુભૂતિ ભરવા માંડે છે, જેનું સુપરિણામ પરમ કલ્યાણ છે.

દોહો- **तेरह रत्न जग जीविका, विकसित भोग विलास।**
क्षण सुखकर परिणाम तन, जग जोनी की रास॥ ३ ॥

અર્થ-તેર રત્ન સંસારમાં જીવને અનેક યોનિઓમાં, વિવિધ ભોગવિલાસનાં સુખોના વિસ્તાર પર ફેરવતાં રહે છે. જ્યાં સુધી મૃગતૃષ્ણાનો વિસ્તાર છે, પ્રાણીઓની વિલાસિતાની સીમા છે, એના પ્રોત્સાહનમાં ક્રિયાત્મક પ્રભાવશીલતા આ જ તેર રત્નોના ક્ષણિક ચમત્કારનું દુષ્પરિણામ છે. આકર્ષણનાં વિવિધ સાધનોની વચ્ચે જીવ જન્મ અને મૃત્યુના ચક્રમાં ભટકતો રહે છે. સાગરમંથનના તારતમ્યમાં પ્રાપ્ત તેર રત્ન અન્ય યોનિઓને સમૂર્ત કરનાર અક્ષય ભંડાર છે, જેના આંજી નાખતાં પ્રકાશમાં જીવ આવાગમનની કેડી પર છટપટાતો રહે છે.

ચોપાઈ- **तेरह रत्न मिले दुःख मानी।**
जतन प्रगट अमृत रस खानी॥ १ ॥

અર્થ-મંથનની અવિરામ પ્રયત્નશીલતાનું પરિણામ એ આવ્યું કે એકબે કરતાં તેર રત્ન મળી ગયાં, પણ સુખનું સાન્નિધ્ય ન થયું, દુઃખની કલાન્તિ ટકી રહી. પ્રયત્ન ચાલુ રહ્યો. દૃઢ સંકલ્પ અને નિષ્ઠાનું સુપરિણામ એ આવ્યું કે માનસમાં અમૃતનો સ્રોત ફૂટી નીકળ્યો. એ અક્ષુણ્ણ પ્રવાહ ચિત્તની એ સૂક્ષ્મતમ ભૂમિકાએથી પ્રગટ થયો છે, જ્યાં એની અલૌકિક ખાણ અનાદિકાળથી છે.

ટિપ્પણી-નિષ્ઠાભરી શક્તિની પરિણતિ અમૃતરૂપે પ્રગટ થઈ, તેથી સ્પષ્ટ છે કે સાધકે પૂર્ણતા પામે ત્યાં સુધી ભક્તિ ન છોડવી જોઈએ, કારણ કે ભક્તિશૃંખલાની સાંકળી તૂટી જાય તો પાર્થિવતાની ધરી પર ઘુમાનારાં તેર રત્ન ફરી પાછાં પ્રભાવશીલ થવા માંડે છે. આ રીતે જીવ પહેલાંની જેમ સાંસારિકતાના ઉત્થાન-પતનમાં પડ્યો પડ્યો દેહાભિમાનતી પરાજિત રહે છે.

यह तन विष की वेलरी, गुरु अमृत की खान।
शीश दिए सतगुरु मिले, तो भी सस्ता जान॥

સતત પ્રયત્નશીલ સાધક મંથનની પ્રક્રિયાની વચ્ચે જે અમિય પદાર્થના ઉદ્‌ભવની અલૌકિકતાનો આભાસ પ્રાપ્ત કરવા માંડે છે.

ચોપાઈ- **अमिय विलोकी सुखी पर काजा।**
सकल लोक भव संशय भाजा॥ २ ॥

અર્થ-દિવ્ય પદાર્થ અમૃતનાં દર્શન થતાં જ મનુષ્ય ભક્તિની અનન્યતામાં ભાવવિભોર થઈને પૂર્ણતઃ સુખના સાગરમાં અવગાહન કરવા માંડે છે. ભૌતિકતાથી પર જીવની શક્તિનો સંચાર કરનાર આત્મતત્ત્વનું સાન્નિધ્ય પ્રાપ્ત કરીને પરમાત્મતત્ત્વ તરફ ઉન્મુખ થતી આશાતીત સફળતા સાધકને ઉપલબ્ધ થઈ જાય છે. મૃત્યુલોક, પરલોક વગેરે અલૌકિક આનંદદાયક લોક પ્રત્યે જે દિવ્ય કલ્પનાઓ રહે છે,

એમનું આ ઉપલબ્ધિની સાથે જ અવસાન થઈ જાય છે.

વિવિધ પ્રકારની ભ્રાંતિયુક્ત શંકાસ્પદ વિચારધારાઓનો પણ માનસપટમાં વિલય થઈ જાય છે. એ રૂપે આ દિવ્ય અમૃતરસની આંતરદૃષ્ટિથી પૂર્ણ સ્થૈર્ય પ્રાપ્ત કરીને ચિત્તવૃત્તિઓ ચિરંતન શાંતિના સાગરમાં સમાઈને પરમાત્મતત્ત્વમાં અભિન્નતાની સ્થિતિ પર લય થઈ જાય છે.

जेहि जाने जग जाइ हेराई। जागे पथा सपन भ्रम जाई॥

લગનીવાળો પથિક જાગૃતિકાળમાં લક્ષ્ય પર તલ્લીન થઈ જાય છે.

ચોપાઈ- **अमिय भोक्ता हू मिटि जाई।**
तब पूरित परमारथ खाई॥ ૩ ॥

અર્થ-ક્રમશીલ આંતરિક ઉપલબ્ધિના પરિણામરૂપે જ્યારે અમૃતરસનું પાન કરનાર ભક્તિમાં આનંદ પામનાર પણ શાશ્વત સત્તામાં સમાઈ જાય, ત્યારે યથાર્થમાં પરમાર્થ પથ પર અવરોધ ઉત્પન્ન કરનાર ખાઈનું ઊંડાણ પણ ભરાઈ જાય છે.

ટિપ્પણી-આ સાધકની આત્મિક ઉપલબ્ધિની એ જ પરાકાષ્ઠા છે, જેનું નિરૂપણ કબીરે આ રીતે કર્યું છે.

अवधू बेगम देश हमारा।
जहाँ पहुँच फिर हंस न आवे भवसागर की धारा।
तहाँ न माया कृत प्रपंच यह, लोक कुटम्ब परिवार॥

આ એ જ સ્થિતિ છે જ્યાં પહોંચીને નારદની વીણાને મધુર સ્વર મળ્યો છે. જ્યાં પ્રલયંકર ભગવાન શંકરનું ડમરુ નિનાદિત થયું છે. જ્યાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામને રાવણ પર વિજય મળ્યો છે, ગીતાનું દિવ્ય જ્ઞાન આ જ ભાવ-ભૂમિની ઊપજ છે, જ્યાં શોધનાર લક્ષ્યમાં ખોવાઈ જાય છે.

ચોપાઈ- **आत्म दरश अमृत सुधि सोई।**
अवर कहै जन सुध बुध खोई॥ ૪ ॥

વ્યાખ્યા-શોધનારને જ્યારે આત્માનુભૂતિ થઈ જાય છે, ત્યારે એ સ્પષ્ટ થઈ જાય છે કે અમૃતવર્ષાના અલૌકિક સમયનો ઉદય થઈ ગયો છે. આ જ અમૃતરસની શોધ છે. જો કોઈ પથિક આ આત્મસાક્ષાત્કારની પ્રક્રિયાનું વર્ણન કોઈ જુદા ઢંગથી કરે, તો એની બાબતમાં આ નિર્ણય લેવો જોઈએ કે કાં તો તે ભક્તિમાર્ગથી ભ્રમિત થઈને સાનભાન ગુમાવી બેઠો છે કે પોતાના લક્ષ્યથી જ વંચિત થઈને કોઈ માયાથી અંજાઈને ઠગાયો છે.

દોહો- **अमिय पदारथ अपर नहिं मृत सारा जप भोग।**
भजन पूर्ती काल महँ अमिय आत्म संयोग॥ ४ ॥

અર્થ-આત્માનુભૂતિથી જુદી અમૃતની કોઈ ઉપલબ્ધિ નથી. જ્યારે યૌગિક ચિંતનથી માંડીને જ્યાં સુધી સમસ્ત ભોગોનો વિસ્તાર છે, બધું નશ્વરતાના ગુણોયુક્ત છે, ત્યારે બહાર શોધવાથી તે અમિય રત્ન મળે ક્યાં? જે કોઈએ પણ એની રસાનુભૂતિનો આહલાદ પ્રાપ્ત કર્યો છે, તે આત્મસાક્ષાત્કાર રૂપે જ. આરાધનાની પૂર્ણતાના સમયમાં એ અમૃતતત્ત્વનો સંયોગ થાય છે.

ચોપાઈ- **नेहि प्रगटन सर मन्थन पूरा।**
मिलहि तवै वितरित हरि रूरा॥ ५ ॥

વ્યાખ્યા-દિવ્ય અમૃતરત્નમાં આત્મા અને પરમાત્માના એકરૂપ થયા પછી મનુષ્ય મૃત્યુથી પર થઈ જાય છે. બરાબર આ જ અવસ્થામાં સાગરમંથનની યૌગિક પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે અને તે અલૌકિક બ્રહ્મ આ જ શરીરમાં પોતાની વ્યાપક સચેતનતાનો પ્રસાર કરતાં કરતાં અંતઃકક્ષને આલોકથી ભરી દે છે. પણ એ રત્નની અનુભૂતિ એ જ ક્ષણે થાય છે, જ્યારે અમૃતમય ભગવાન પોતે સારથી બનીને એનું સંચાલન કરતાં કરતાં અમૃત-વિતરણ કરે, અર્થાત્ સાધકમાં રથી બનીને ઊભા રહી જાય.

ટિપ્પણી-તુલસીદાસજીએ કહ્યું છે,-

सोइ जानइ जेहिं देहु जनाई।
जानत तुम्हहिं तुगाहि होइ जाई॥
तुम्हरिहि कृपा तुम्हहिं रघुनन्दन।
जानहिं भगत भगत उर चन्दन॥

સ્પષ્ટ છે કે એની કૃપા વગર ચિંતનપ્રક્રિયામાં વધારે શ્રમ છતાં તે આવાગમનમાંથી મુક્ત કરી દેનાર પરમ અમૃતતત્ત્વ ઉપલબ્ધ થતું નથી. હા, સાધના ક્યારેય વ્યર્થ નથી જતી. સમયની પ્રતીક્ષા કરો.

ચોપાઈ- **यह रूपक परमारथ नाहीं ।**
विषय भोग रत कर थिति नाहीं॥ ६ ॥

વ્યાખ્યા-પરમાર્થપથની અંદર જ આ સાગરમંથનનું રૂપક છે. એવા માણસો જે વિષયાત્મક ભોગોમાં આસક્ત છે, અથવા ચિંતનપથને સમજીને કંઈક કરવા માટે પ્રયત્ન કરે છે, પણ વાસનાઓને પ્રાથમિકતા આપીને પરમ કલ્યાણને ગૌણ કરી દે છે. એ હીન મનોવ્યથાવાળા સાધકોની બુદ્ધિ સાગરમંથનની આ આધ્યાત્મિક ધારામાં થાકી જાય છે. એવા પુરુષોમાં અધિકારની ઊણપ, ક્ષમતાનો અભાવ સમજવો જોઈએ.

ચોપાઈ- **विषय भोग तजि जो जन जागा ।**
उर अभिषेक हरी संग लागा॥ ७ ॥

વ્યાખ્યા-જે પુરુષ મનસહિત ઈન્દ્રિયોથી વિષયવાસનાનો ત્યાગ કરીને **'या निशा सर्वभूतानाम्'** એવી અંધારછાયી રીતે જાગ્રત અવસ્થાને પ્રાપ્ત કરી લે છે, એમના હૃદયથી અભિષેક પરમપિતા પરમેશ્વર સાથે નિશ્ચિત થઈ જાય છે. લગનીમાં લક્ષ્ય અંકિત થઈ જાય પછી પ્રયત્નશીલ સાધકનો આત્મા બ્રહ્માભિષિક્ત થઈને કૃપારૂપી મોતીઓ ચણતો ચણતો મનરૂપી માનસરોવરમાં નિમગ્ન રહે છે.

ચોપાઈ- **मन तन इन्द्रिय संयम होई।**
कूर्म अंग इव हृदया गोई॥ ७ ॥

વ્યાખ્યા-માનવની બાહ્ય પરિકલ્પનાઓની જ્યાં સુધી દોડ છે, એને

માયાનો અધોમુખી વિસ્તાર જ સમજવો જોઈએ. માયિક ધરાતલથી ઉપર દૂર અનંતમાં ઊઠીને પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરવા માટે જેનું મનપંખી વિહ્વળ હોય એને મનસહિત ઈન્દ્રિયોના બાહ્ય પ્રસારને સંયમિત કરવો પડે છે. આ રીતે ઈન્દ્રિય સહિત મનને માયાવી સ્પર્શોથી દૂર રાખે છે. એના આંતરિક પ્રાંગણમાં કૂર્માવતારની સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે. કચ્છપ પોતાના જીવનને પ્રતિકૂળ અવાજ સાંભળતાં જ માથા સાથે પોતના પગને પણ સમેટીને જે રીતે છુપાવી દે છે, બરાબર એ જ રીતે એક સાધક પણ મનસહિત બધી ઈન્દ્રિયોને હૃદયદેશમાં કાચબાની જેમ સમેટી લે છે. એ જ ક્ષણે ઈશ્વરના અવતારનું વિધાન છે,-

દોહો- **ता क्षण प्रगटे परम प्रभु परम प्रकाश पुनीत।**
कूर्मा कूत इन्द्रिय मना, तब हरि राखी नीत॥ ५ ॥

વ્યાખ્યા-તે જ ક્ષણે તે પરમ પ્રભુ જે દિવ્ય પ્રકાશ-સ્વરૂપ અને પૂર્ણપણે પવિત્ર છે, તે પ્રગટ થઈ જાય છે. તે અમૃતભીંજ્યા યોગીના હૃદયદેશમાં બને છે. જ્યારે પથિક મનસહિત ઈન્દ્રિયોને હૃદયના અંતરાળમાં સમાવી લે છે, ત્યારે હરિ તેના માનસમાં અનુભૂતિરૂપે જાગ્રત થઈને એ મંથન ચિંતનની નીતિનો વિસ્તાર કરે છે, સમજાવે છે. પરમપૂજ્ય ગુરુદેવ ભગવાન કહ્યા કરતા હતા, 'મને ભગવાન બતાવ્યા કરે છે.'

ચોપાઈ- **येहि विधि कूर्म अवतार बखाना।**
बिनु संयम के कबहुँ न जाना ॥ ९ ॥

અર્થ-કાચબાની જેમ કે મનસહિત ઈન્દ્રિયોને વાસનાઓથી પૂર્ણપણે સમેટી લે છે, એને હરિ સાથ આપે છે. આત્મસંયમ વગર આ ગૂઢ રહસ્યાત્મક અવતારની કથાથી અવગત થવું અસંભવ છે.

ચોપાઈ- **मन इंन्द्रिय कूर्माकृत जानी ।**
प्रगटहिं हरि अगणित गुणखानी ॥ १० क ॥
कूर्माकार भई जब इन्द्रि ।
विश्ववास प्रगटे हरि जिन्द्रि ॥ १० ख ॥

(જિન્દ્રી = જીવનદાતા)

વ્યાખ્યા-જ્યારે મનસહિત બધી ઈન્દ્રિયો કૂર્મના આકારમાં આવી જાય છે અને બાહ્ય વિષયોની દોડને રોકીને અંતર્મુખી પ્રવાહિત થઈ જાય છે, તે સમયે વિશ્વના કણકણમાં નિવાસ કરતા અપાર ગુણોથી વિભૂષિત પ્રભુ પ્રગટ થવા માંડે છે.

ટિપ્પણી-પરમાત્મા સમગ્ર અંતરને પ્રકાશિત કરી દે છે.

हुआ प्रकाश तमेमय मग में।
मिला मुझे तत्क्षण तूँ जग में॥
तेरा हुआ बोध पग पग में।
मिटा सकल अज्ञान॥
खोज मे हुआ वृथा हैरान।
यही पर था तू हे भगवान॥

ગુરુદેવ ભગવાનની આ જ સ્થિતિ જુઓ-

जलत जलत ऐसी जली, जा को आर न पार।
ईश्वर जीव ब्रह्म अरु माया, फूँक दियो संसार॥
करुँ अब किसकी तल्लासी?
लावनी सुन बारहमासी॥

ચોપાઈ- **सोइ कच्छप जन मन गहि राखा।**
मन अविचल मन्दराचल शाखा॥ ૧૧ ॥

વ્યાખ્યા-તે કચ્છપ, જેમની ઈન્દ્રિયોના સમેટવાના સમયમાં ઉત્પત્તિ છે, એ જ પરમપ્રભુ સાધકના મનને પૂર્ણપણે ઘેરી લે છે. મનની આ જ સ્થિતિ વિશેની નિશ્ચલતાનું પ્રતીકાત્મક સ્વરૂપ 'મંદરાચલ'થી ઉલ્લેખ પામ્યું છે. પર્વત શબ્દના પર્યાય ભૂધરથી પણ આ જ અચલતાનું લક્ષણ ધ્યાનમાં આવે છે.

ચોપાઈ- **अचल करत मन साधन जाहीं ।**
तिन पर सिन्धु सकल जरि जाहीं॥ ૧૨ ॥

વ્યાખ્યા-એ પરમદયાળુ પ્રભુ પ્રયત્નશીલ મનને સાધનાની સાચી

જાણકારી દેતાં દેતાં, એને વિશિષ્ટ યુક્તિ દ્વારા સાધતાં સાધતાં અચલ કરે છે એવા સાધકો સમક્ષ સંસારની સમગ્ર બાહ્ય પ્રવૃત્તિઓ ઉત્તેજિત થયા કરે છે. અચલતા તરફ આગળ વધતાં પથિક પ્રત્યે માયા ઈર્ષાળુ થાય છે. તેથી તે માયાવિની અને ચમત્કારિક આકૃતિઓનો પ્રલોભનાત્મક પ્રભાવ પાડીને લક્ષ્ય પ્રત્યે ઉન્મુખ સાધકના પથમાં અવરોધ ઊભા કરે છે.

ચોપાઈ- **स्वाँस सुरति संग विषय डुबावत।**
तब हरि कच्छ रूप विधि पावन॥ ૧૩ ॥

વ્યાખ્યા-શ્વાસ અને અનુરક્તિ સંગતિ કરીને જ્યારે વિષયાત્મક વેગ સાધકને સંસારસાગરમાં ડુબાડવાનો પ્રયત્ન કરે છે, ત્યારે વ્યાકુળતાના વગળમાં ફસાયેલો સાધક કલ્યાણને પુકારે છે. આવી સ્થિતિમાં તરત જ એ પ્રભુ ઈન્દ્રિયોના નિરોધ-કાળ અને કૂર્માકર સ્થિતિમાં અંતર્દેશમાં ઉપસ્થિત થઈને લીલા-પ્રસાર કરે છે. વાસ્તવમાં કચ્છપ સ્વરૂપનું પ્રગટીકરણ સંયમની કસોટી પર ભાર મૂકે છે.

ચોપાઈ- **कर परमे मन गिरि सम गाढा।**
सिन्धु पैठ हरि परस प्रगाढा ॥ ૧૪ ॥

અર્થ-સૌથી પહેલાં, સાધકાના હૃદયમાં એ હરિ જાગ્રત થઈને મનને સ્પર્શ કરીને એને પર્વતની જેમ સ્થિર કરી દે છે, બીજી તરફ સંસારસાગરમાં એને સુરક્ષિત રાખવા માટે પોતાની આભાથી યોગક્ષેમનું આશ્વાસન આપે છે. ગોસ્વામી તુલસીદાસજીએ પ્રભુની સહજ-કૃપાનું દિશાદર્શન આ શબ્દોમાં કરાવ્યું છે-

करहुँ सदा तिनकर रखवारी। जिमि बालक राखइ महतारी॥

ચોપાઈ- **सो मन अचल हेतु सुर संगा।**
स्वाँस वासुकी नाग सुरंगा ॥ ૧૫ ॥

વ્યાખ્યા-ભગવાનના કૃપાપાત્ર, એવા સાધકનું મન વિરહ-વૈરાગ્ય અને અનુરાગ સાથે દૈવી સંપદાનો સંગ્રહ કરીને, મનના પૂર્ણ સ્થૈર્યરૂપી

મંદરાચલનો આવિર્ભાવ કરે છે. શ્વાસ જ વાસુકી ગાન છે. સમુદ્રમંથન પહેલાં આ જ શ્વાસ સાંસારિક યોનિઓનો પ્રસાર કરે છે તથા માયિક વિકારોનું વિષ ઓકતો રહીને નિરંતર જીવાત્માઓને ડસતો રહે છે. તેથી એને સર્પનું નામ આપવામાં આવ્યું છે. પણ ચિંતનની સૂક્ષ્મ ભાવભૂમિ પર પહોંચતાં જ આ જ શ્વાસ-પ્રશ્વાસની પ્રક્રિયા નિર્દોષ અને સમ થઈ જાય છે, ત્યારે ઈશ્વર દ્વારા સ્વરૂપની અવિરામ વાહિની હોવાને કારણે એને વાસુકીના અલંકારથી વિભૂષિત કરાય છે. શ્વાસ-પ્રવાસનું નિરંતર ચિંતન નીચે આપેલી પંક્તિઓમાં જુઓ,-

जागन मे सुमिरन करे, सोवत में लव लाय।
सहजो एक रस है रहे, तार टूटि न जाय॥

ચોપાઈ- **देव निवास वासुकी स्वाँस ।**
स्वर संग मथा सिन्धु हरि पासा॥ ૧૬ ॥

વ્યાખ્યા-પરમદેવ પરમાત્માનો નિવાસ શ્વાસમાં છે, તેથી સ્વર જ વાસુકી છે. આ સ્વરના માધ્યમથી સંસારસાગરનું મંથન થાય છે, પણ આ મંથન ત્યારે જ સંભવ છે, જ્યારે હરિ અંતર્પ્રેરક રૂપે સાથે હોય, એટલે તો તુલસીદાસજીએ પણ કહ્યું છે,-

''सो जानइ जेहिं देहु जनाई।''
ચોપાઈ- **देवासुर मन की परमीती ।**
मन मरणोत्तर छाँडत नीती॥ ૧૭ ॥

અર્થ-દૈવી અને આસુરી પ્રવૃત્તિઓ જ મનની સીમાઓ છે. મન નષ્ટ થતાં જ બંને પ્રવૃત્તિઓ પોતાનો કાર્યકલાપ બંધ કરી દે છે. જ્યાં સુધી મનમાં એક પણ સંકલ્પની લહરી તરતી હોય, ત્યાં સુધી તે પ્રવૃત્તિઓ જીવીત રહે છે.

ચોપાઈ- **मन संकल्प करत जग माहीं ।**
रूप मिलत जन दुविधा जाहीं॥ ૧૮ ॥

અર્થ-મનની ચંચળતા ગણતરીથી પર છે. જ્યાં સુધી સંસાર-વિસ્તાર

હોય ત્યાં સુધી મનના સંકલ્પોનો પણ પ્રસાર હોય. ગોસવામીજી પણ કહે છે,-

गो गोचर चहँ लगि मन जाई। सो सब माया जानेहू भाई॥

સુરદાસજી પણ એવો જ મત વ્યક્ત કરે છે,-

यह माया भ्रम जाल कहावै, सुर स्यास सिगरो।
अबकी बेर नाथ मोहि तारो, नहि पन जात टरो॥

પણ મનના તરંગોમાં અચલતાનો આવિર્ભાવ થતાં જ, પરમ પ્રભુના સ્વરૂપની છટા મળતાં જ સાધકની દ્વિધા હંમેશને માટે સમાપ્ત થઈ જાય છે.

દોહો- **दैवी सम्पति राम की आसुरि सम्पति काम।**
लक्ष्य विरोधी दुहुन का, स्वर संग आढो याम॥ ६ ॥

ભાવાર્થ-દૈવી સંપત્તિ રામની અને આસુરી સંપત્તિ કામની તરફ પ્રેરે છે. આ બંને પરસ્પર વિરોધી સંપત્તિઓ પ્રકૃતિની જ છે. એક સસંસારસાગરમાં ડુબાડનારી છે, તો બીજી સંસારસાગર પાર કરાવનારી છે. બંને રાતદિવસ શ્વાસની સાથે સંઘર્ષરત છે.

ચોપાઈ- **मन्दराचल मन श्वास लपेटी ।**
खैंचत दुहँ द्विशी दिशि भव जल पैठी॥ १९ ॥

અર્થ-પ્રવૃત્તિઓની અવિચલતામાં આ મન જ મંદરાચલ પર્વત છે, જેની આજુબાજુ ચેતનાનો સંચાર કરનાર શ્વાસ દોરીની જેમ વીંટળાયેલો છે. અનંત સાગરના જળના મંથનકાળમાં આસુરી સંપત્તિ પોતાની તરફ ખેંચે છે તો દૈવી સંપત્તિ પણ શ્વાસને પોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે. બંને દળોના સંઘર્ષનું ક્ષેત્ર સાધકનું અતઃકરણ છે.

ચોપાઈ- **दैवी सम्पद देव मिलाहीं ।**
उर प्रेरक संग जिन बल नाहीं॥ २० ॥

ભાવાર્થ-દૈવી સંપત્તિ એ પરમદેવ પરમાત્માનો મેળાપ કરાવે છે,

પણ આ દૈવી સંપત્તિની સાથે એ પ્રેરક મહાપુરુષનું હોવું બહુ જરૂરી છે. ઉર-પ્રેરકરૂપે મહાપુરુષ સાધકના અંતર્દેશમાં પ્રવેશીને પથિકને લક્ષ્યસ્થાન તરફ લઈ જાય છે. આવી પ્રેરક-શૂન્ય દૈવી સંપદાનું પોતાનું કોઈ બળ નથી. એટલું જરૂર છે,-

पुण्य पुञ्ज बिनु मिलहिं न सन्ता।
सत संगति संसृति कर अन्ता॥

ઉપર્યુક્ત દૈવી સંપત્તિ જ દેવ દ્વારા મળે છે એ જ દેવને અહીં અમિય પદાર્થ કહીને સંબોધતિ કર્યા છે.

ચોપાઈ- **अमिय पदारथ परम प्रकाशा।**
भक्त देव गति आसुर नाशा॥ ૨૧ ॥

અર્થ-મૃત્યુથી પર અમિય પદાર્થ જ પરમદેવ છે, જેના દિવ્યલોકથી સકળ સંસાર પ્રકાશિત થાય છે. આ જ અમૃતતત્ત્વની ગરિમાથી ભક્ત દેવત્વની કોટિએ પહોંચી જાય છે. તથા એના માનસપરમાંથી સંસારના મિથ્યા પ્રપંચોમાં ધકેલનારી આસુરી સંપત્તિનો હંમેશના માટે વિનાશ થઈ જાય છે.

કબીરની વાણીમાં પણ ઉક્ત આશય પ્રગટ થાય છે,-

पाहन फोरि गंग एक निकसी, चहुँ दिशि पानी पानी।
ओहि पानी दुइ पर्वत डूबे, दरिया लहर समानी॥

નોંધ-૨૧મી ચોપાઈમાં 'દેવ' એટલે પરમદેવ પરમાત્મા. હવે આસુરી સંપત્તિનો કાર્યવિસ્તાર જોઈએઃ

ચોપાઈ- **आसुरी सम्पद भोग जगत के ।**
उर अन्तर नित साल भगत के॥ ૨૨ ॥

અર્થ-આસુરી સંપદા સાંસારિક ભોગવિલાસનાં સાધનો દ્વારા વિસ્તાર કરે છે. સાધારણ માણસોને શું કહે. તે ભક્તોના હૃદયમાં ખીલાની જેમ હંમેશ ખૂંચ્યા કરે છે.

આ જ પ્રચંડ સેના તરફ સંત-પ્રવર તુલસીદાસજીએ આ રીતે સંકેત કર્યો છે,-

व्यापी रह्यो संसार महँ, माया कटक प्रचण्ड।
सेनापती कामाहि भट, दम्भ कपट पाखण्ड॥

* * *

ज्ञानी तापस सूर कवि, कोविद गुन आगार।
केहि के लोभ विडम्बना, कीन्ह न एहि संसार॥

* * *

तात तीनि अवि प्रबल खल. काम क्रोध अरु लोभ।
मुनि विज्ञान धाम मन, करहिं निमिष महुँ क्षोभ॥

ચોપાઈ- **ऋद्धि सिद्धि लगि असुरी बासा।**
सदा नचावत देख तमासा॥ २४ ॥

અર્થ-રિદ્ધિ-સિદ્ધિ બધી આસુરી સંપત્તિનો વાસ છે. તે સારા સારા સાધકોને પણ પ્રલોભનોથી આંજી દઈને નચાવે છે અને પોતે કિનારે ઊભી ઊભી હસ્યા કરે છે.

માયા માયાપતિને વશ રહે છે. એમની જ અતિકૃપાની આડશમાં પડી રહેનાર કોઈ વિરલા જ એનાથી બચીને એમને સમજી શકે છે, બાકી બધાં તો માયાનાં બાળકો છે,-

ज्ञान अखण्ड एक सीता बर। माया वस्य जीव सचराचर॥

ચોપાઈ- **दोउ प्रवृत्ति महँ माया वासा।**
एक ईश बल एक उदासा ॥ २४ ॥

અર્થ-બંને પ્રવૃત્તિઓમાં માયાનો વાસ છે. એક વિદ્યાના ક્ષેત્રની છે-દૈવી સંપદા, જે હૃદયથી પ્રેરિત થાય છે. એક આસુરી સંપદા છે, જે અવિદ્યાના ક્ષેત્રમાં વિષયાત્મક પ્રસાર કરે છે.

ગોસ્વામી તુલસીદાસજીનો વિચાર ઉલ્લેખનીય છે,-

एक दुष्ट अतिशय दुख रूपा।
जा बस जीव परा भव कूपा॥
एक रचइ जग गुन बस जाके।
प्रभु प्रेरित नहि निज बल ताके॥

ચોપાઈ- **महा प्रबल आसुर बल संगा।**
माया नाचत नाच अभंगा ॥ ૨૫ ॥

અર્થ-માયા આસુરી શક્તિઓથી શક્તિશાળી થઈને પૂર્ણ વેગથી સાધકને લક્ષ્યથી વિચલિત કરી દે છે. આંજી નાખતાં આકર્ષણો અસાવધ પથિકોને લલચાવે છે અને નચાવતી રહે છે. આ માયાવી પ્રસાર સહજતાથી નિયંત્રિત કરી શકાતો નથી. તેથી તેને અભંગ, અભેદ્ય તથા દુર્જયની સંજ્ઞા અપાઈ છે.

ચોપાઈ- **सो माया मिटती जिय संगा।**
ईश मिले जिय रूप अभंग॥ ૨૬ ॥

વ્યાખ્યા-આ દુર્જય માયા જીવાત્માનો પિંડ ત્યારે છોડે છે, જ્યારે એના અંતર્દેશમાંથી જીવગત સંસ્કાર પૂર્ણપણે નષ્ટ થઈ જાય છે. આત્મા ઈશ્વરનું વિશુદ્ધ સ્વરૂપ છે. સંસારમાં આવતાં જ એમાં વિષયાત્મક સંસ્કારોના રંગ એટલા ગાઢા થઈ જાય છે કે જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનું અંતર અમાપ થઈ જાય છે.

ગોસ્વામીજીએ લખ્યું છે,-

ईश्वर अंश जीव अविनाशी। चेतन अमल सहज सुखराशी॥
सो माया बस परेउ गोसाई। बँधेउ कीर मरकट की नाई॥
जन चेतनहि ग्रन्थि परि गई। जदपि मृषा छूटन कठिनई॥

પણ કોઈ અંતઃપ્રેરકની કૃપાથી માયાનો આ મેલ સંયમના સાબુથી ધોવામાં આવે તો આ જીવાત્મા ઈશ્વરમાં સ્વરૂપનો વિલય કરીને એની જ સાથે અખંડ સ્થિતિ પ્રાપ્ત કરી લે છે.

ચોપાઈ- **प्रथमहिं संयम सँग कर वासा।**
तिमि तिमि दातव रूप प्रकाश॥ ૨૭ ॥

વ્યાખ્યા-ઉપર્યુક્ત ઉપલબ્ધિ માટે સૌથી પહેલાં બધી ઈન્દ્રિયોમાં સંયમ અપરિહાર્ય છે. સંયમની સાથે સાથે સાધકમાં દાનવ પ્રકાશ નીખરી આવે છે.

શબ્દાર્થ-અદૃશ્ય સત્તા દ્વારા અપાયેલો વાસ્તવિક પ્રકાશ, અલૌકિક પ્રકાશપુંજ દાનવની સંજ્ઞાથી સંબોધિત કરાયો છે.

ચોપાઈ- **स्वाँस सुरत संग देव प्रकाशा।**
असुर अनी प्रथमहिं गहि स्वाँसा॥ ૨૮ ॥

અર્થ-સંયમનું તાત્પર્ય મને અને ઈન્દ્રિયો શ્વાસ અને સુરત (ધ્યાન)ની પ્રક્રિયાથી નિરોધાવસ્થા પ્રાપ્ત કરવાનું છે. શ્વાસ અને સુરતના સંયોગથી દૈવી સંપત્તિનો માનસમાં પ્રકાશ થાય છે. એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આસુરી સંપત્તિઓ આ શ્વાસની ક્રિયાને પહેલેથી જ પોતાને અધીન કરી રાખી છે.

દોહો- **एक संग दोउ दल चले, खींच भाव अनुरूप।**
निज भावन में बिंध रहें, उर महँ कच्छ अनूप॥ ૭ ॥

અર્થ-શ્વાસ-પ્રશ્વાસના આરોહ-અવરોહમાં બંને દળ પોતપોતાની તરફ ખેંચે છે આસુરી સંપત્તિ. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે અધોમુખી પ્રાકૃતિક જડતા તરફ ધ્યાન ખેંચે છે તો દૈવી સંપત્તિ શમ, દમ, નિયમ, સંયમ, શાશ્વત, સત્તા તરફ આકર્ષે છે. આ બંનેને કાર્યક્ષેત્રમાં પ્રવૃત્ત કરનાર આધાર એ જ હરિ છે, જેમના આશ્રયમાં સંસારસાગરનું મંથન ચાલુ રહે છે.

ચોપાઈ- **प्रथम सिन्धु महँ शंख[१] अनूपा।**
करत निनाद विजय अनुरूपा॥ ૨૯ ॥

ભાવાર્થ-ચિંતનક્રમમાં ધારાવાહી ગતિ પ્રાપ્ત થાય પછી મંથનનું પ્રથમ પરિણામ દિવ્ય શંખનો આવિર્ભાવ છે, જેનો ઉદ્‌ઘોષ છે કે હવે

પથિક દેશ-કાળ અને પરિસ્થિતિથી અજેય થઈને ચિરંતન શાંતિશોધમાં સફળ થઈ જશે. આ ઉપલબ્ધિથી સાધકમાં નવો ઉત્સાહ, વિશ્વાસ અને દૃઢતાનો આવિર્ભાવ થાય છે.

ચોપાઈ- **हय[२] असवार विवेकी बाना।**
मन हय रूप सो चढत सयाना॥ ૩૦ ॥

વ્યાખ્યા-વિજયની ઘોષણાનો આરંભ થતાં જ સાધક વિવેકને જ પોતાનું સાધન બનાવી લે છે. નિરંતર ભાગતા એના અશ્વરૂપી મન પર આત્મજ્ઞાનની સ્થિરતા સવાર થઈ જાય છે.

કબીરે પણ અશ્વારોહણની ક્રિયાને એક વિશેષ ઉપલબ્ધિ માની છે,-

एक बार हरि घोडा भये, ब्रह्मा भये लगाम।
चाँद सुरज रबिकर भये, चढि गये चतुर सुजान॥

નોંધ-શાસ્ત્રોમાં ગતિને અશ્વગતિ અને સ્થાયી બલને હસ્તિબલથી માપવાની પ્રથા છે. સૂર્યના રથમાં પણ ઘોડાની કલ્પના કરાઈ છે. આ રીતે 'અશ્વ' ચંચળતા અને ગતિશીલતાનું પ્રતીક છે. સંસારસાગર-મંથનની બીજી ઉપલબ્ધિ મનના અશ્વ પર જ્ઞાનનું બિરાજમાન થવું એ છે.

ચોપાઈ- **अब जन मन सन चढी खुमारी।**
चढि डोलत सुख सागर भारी ॥ ૩૧ ॥

ભાવાર્થ-જ્યારે સાધક મન પર નિયંત્રણ મેળવી લે છે, ત્યારે ચિંતનની ખુમારી તથા ભજનની મસ્તીથી એનું અંતર પરિપૂર્ણ થઈ જાય છે. આ અલૌકિક નશા પર આરૂઢ પથિક સુખમાં હિલોળા લેતો રહે છે. જોકે સંસારસાગરનો વિસ્તાર પ્રાપ્ત નથી થયો.

કબીરદાસજીને બ્રહ્માનંદના પ્રેમરસની ખુમારીનું ચિત્રણ આ રીતે કર્યું છે,-

हरि रस पीया जाणिये, कबहुँ न जाइ खुमारि।
मै मंता घूमत रहै, नाहीं तन की सारि॥

* * *

कबिरा प्याला प्रेम का, अन्तर लिया लगाय।
रोम रोम में रमि रहा, और अमल क्या खाय॥

હરિ-રસપાનની ઓળખ છે કે એનો નશો સ્થાયી રહે. એવો મનુષ્ય મદમસ્ત હાથીની જેમ, ખાનપાનની પરવા કર્યા વગર શરીરથી ઉદાસીન થઈને ફર્યા કરે છે.

ચોપાઈ- **धनुष[३] बाण कर साधत ध्याना।**
लखा न काहू असुर उताना ॥ ૩૨ ॥

ભાવાર્થ-આવી ખુમારીથી સાધકને ધ્યાનની કસોટી તથા લક્ષ્યમાં સતત લીન રહેવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. ધ્યાન જ ધનુષ્ય છે. તે અંતર્મનની સ્થિતિનું પ્રતીકાત્મક સ્વરૂપ છે, જે બાહ્ય આંખોથી જોઈ શકાતું નથી. ધ્યાનની સ્થિરતાનો પ્રભાવ એટલો પ્રબળ હોય છે કે એનાં વિવેકમયી તીક્ષ્ણ બાણોના પ્રહારથી જખમી થઈને આસુરી પ્રવૃત્તિઓ નિષ્પ્રાણ થઈ જાય છે.

ચોપાઈ- **चिद् विलास संसृति सर पूरा।**
येहि भवनिधि कहँ मथहिं जे सूरा॥ ૩૩ ॥

ભાવાર્થ-ચિદ્‌વિલાસ જગત જ આવાગમનની લહેરોથી તરંગિત પરિપૂર્ણ સાગર છે. યૌગિક પ્રક્રિયાથી એનું મંથન કરીને જે વિરલા પથિક અંતરાલમાં પડેલા સ્વાત્મ સ્વરૂપની શોધ કરી લે છે. તેઓ જ સાચા શૂરવીર છે.

ટિપ્પણી-લૌકિક આંખથી દૃષ્ટિગોચર ન થતા સંસારસાગરમાં અસહ્ય પીડાની અસંખ્ય લહેરો તરંગિત થઈ રહી છે. ફીણભર્યા માયાવી આકર્ષણોના વિષમાં જીત તણખલાની જેમ તરફડી રહ્યો છે. પણ સશક્ત આત્માઓ પોતાના અંશી તરફ નિરંતર પ્રયત્નશીલ રહે છે, જ્યાંથી

સાધકની સૂક્ષ્મ પકડ પ્રારંભ પામે છે, ભવસિંધુ સુકાવા માંડે છે. તેથી મહર્ષિ પાતંજલિ અને ભગવાન શ્રીકૃષ્ણે ચિત્તનિરોધ પર જ વિશેષ ભાર મૂક્યો છે. એ અવસ્થાનું ચિત્રણ કબીરની સાખીમાં જુઓ,-

मैं मन्ता अविगत रता, अकलप आसातीत।
राम अमिल माता रहै, जीवन मुकति अतीत॥

ભક્ત જીવન દરમિયાન જ મુક્તિ પ્રાપ્ત કરી લે છે. બૌદ્ધદર્શનમાં પણ એવી જ માન્યતા છે.

ચોપાઈ- **चिद् विलास जिन सागर साधा।**
ते हरि रूप भये निरबाधा ॥ ૩૪ ॥

ભાવાર્થ-જેમણે ચિદ્વિલાસ જગતને સાધીને, અનેક કામનાઓથી લહેરાતા સંસારસાગરનું મંથન કરી લીધું હોય, તે જ વ્યક્તિની સીમાથી વિરક્ત થઈને હરિ-સ્વરૂપ થઈ જાય છે. અણુ જ વિભુ થઈ જાય છે. આવી સ્થિતિવાળા લોકો જ હંમેશને માટે માયાનાં બંધનોથી મુક્ત થઈ શકે છે, જો મન રજમાત્ર પણ બહિર્મુખ હોય તો માયા ઝંઝેડી નાખે છે.

ચોપાઈ- **नारद मन महँ माया त्यागी ।**
भये अवतार तो लाग अभागी॥ ૩૫ ॥

ભાવાર્થ-દેવર્ષિ નારદ માયા તજીને અવતારની કોટિમાં પ્રવેશ કરવાના જ હતા, ત્યાં જ એક તરફથી અભાગિની માયાની લહેરો પ્રવાહિત થઈ ગઈ. તાત્પર્ય એ કે ઈષ્ટથી રજમાત્ર પણ અંતર હોય ત્યાં સુધી ભય છે, તક મળતાં જ માયા આક્રમણ કરી બેસે છે.

ચોપાઈ- **पातञ्जली स्वर सिन्धु संभाला ।**
योग दरश समरथ सम शाला॥ ૩૬ ॥

ભાવાર્થ-મહર્ષિ પાતંજલિએ સ્વરમાં સ્થિરતા પ્રાપ્ત કરી અને સંસારસાગર શુદ્ધ કરીને યોગ-પ્રત્યક્ષીકરણ દ્વારા પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરવા સમર્થ થયા. ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરીને તેઓ ભવિષ્યમાં આવનારી

પેઢીઓને માટે ઉદાહરણ તથા સમત્વજ્ઞાનની પાઠશાળાના ગુરુ બની ગયા.

ચોપાઈ- **रामचरित मानस का दाता ।**
नर हरि रूप राम सुख दाता॥ ૩૭ ॥

ભાવાર્થ-ભગવાન રામનું ચરિત્ર જે મનમાં પ્રસારિત છે, તે પણ એક પ્રકારનું સાગરમંથન છે. એને કૃતાર્થ કરનાર ભગવાન રામની જ આ ભેટ છે કે માનસની ભીતર ચિંતન કરીને નરમાંથી હરિ અને સ્વયં રામનું સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે. તે જે કોઈને મળ્યું છે, આંતરિક ચિંતનની પ્રક્રિયાથી જ પ્રાપ્ત થયું છે.

ચોપાઈ- **जानत हरी हरी होइ जाइ ।**
मन जीते बिनु लखा न भाई॥ ૩૮ ॥

ભાવાર્થ-ચિંતનશીલ પથિક આધ્યાતિમક ઉપલબ્ધિની પરાકાષ્ઠાએ પહોંચીને જેવો અંતર્દેશમાં અલૌકિક વિભૂતિને પ્રત્યક્ષ કરી લે છે તે તરત જ તે એમનું જ રૂપ બની જાય છે. પણ મનના નિરોધ વગર હરિની વિશ્વવ્યાપી સત્તામાં પ્રવેશ અસંભવ છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,-

असयतात्मना योगो दुष्पाप इति मे मतिः।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः॥ ૬/૩૬ ॥

મનને વશ ન કરનારાઓ માટે યોગ દુષ્પ્રાપ્ય છે એને નિરંતર અભ્યાસ, અને ઉત્કટ વૈરાગ્યથી જ સિદ્ધ કરી શકાય છેઃ

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥ ૬/૩૫ ॥

દોહો- **सब सन्तन की जीत में, एक अनोखी बात।**
मन सागर हरि में मिले, एक अमिय रस मात॥ ૮ ॥

ભાવાર્થ-બધા જ સંત-મહાત્માઓના જીત અર્થાત્ ઉપલબ્ધિકાળમાં

પ્રકૃતિનો અંત થઈ ગયા પછી એક જ પરિણામ મળ્યું છે કે મનમાં સંચારિત સંસારસાગર વિલીન થતાં જ એકમાત્ર રસ અમૃતનો આવિર્ભાવ થયો, જે ચિંતનશીલ ભાવિકોનું માતાની જેમ પાલનપોષણ કરે છે; એટલું જ નહીં, તે અમૃતપ્રેમી પોતે અમૃતમય થઈ જાય છે.

કબીર પણ કહે છે કે આત્મા-પરમાત્માને શોધતાં શોધતાં પોતે જ ખોવાઈ ગયો. મીઠાનું પૂતળું સાગરનું ઊંડાણ માપતાં માપતાં પોતે સાગરમાં વિલીન થઈ ગયું,-

हेरत हेरत हे सखी, रहा कबीर हेराइ।
बूँद समानी समुद्र में, सो कत हेरी जाय॥

लाली मेरे लाल की, जित देखू तित लाल।
लाली देखन मैं चली, मैं भी हो गई लाल॥

ચોપાઈ- **कृष्ण निखानन्दन लखि बाढा ।**
जहाँ सिन्धु तहँ हरि रस गाढा॥ ૩૯ ॥

ભાવાર્થ-યોગેશ્વર શ્રીકૃષ્ણે જ્યારે આત્માનંદમાં નિમગ્ન થઈને પોતાના સ્વરૂપનું અવલોકન કર્યું, ત્યારે પોતે સમષ્ટિમાં સમાઈને સર્વવ્યાપક થઈ ગયા. પરિણામે જ્યારે અપાર ભવસિન્ધુ હતો ત્યાં પ્રગાઢ બ્રહ્મઅમૃતનું સ્થાન બની ગયું.

ટિપ્પણી-બરાબર આવી જ સ્થિતિ પરમહંસજી મહારાજની પણ છે. લેખકને પ્રારંભમાં એની પર વિશ્વાસ ન હોવાથી એક દિવસ સવારના સ્વપ્ન-સંકેતમાં એક સુયોગ વિપ્રનાં દર્શન થયાં. અમે આગળ વધતાં પૂછ્યું કે અમારા ગુરુમહારાજ કેમ છે? ત્યારે એમણે કહ્યું કે મહાપુરુષોમાં જે લક્ષણ હંમેશાં હોય છે અને હોવાં જોઈએ, તે બધાં એમનામાં વિદ્યમાન છે. તમારા ગુરુમહારાજ એ જ છે. એ દિવસથી શ્રી મહારાજજી પ્રત્યે પૂર્ણ વિશ્વાસ બેઠો અને એકાએક પથ-સંચાલનરૂપી પ્રમાણ પણ મળવા માંડ્યાં. 'માનસ'માં ઉમાને પણ સ્વપ્નમાં બે વિપ્રો દ્વારા આશીર્વાદ દેવાના પ્રસંગનું સ્મરણ કરીને સાધનામાં નવોત્સાહ છવાઈ ગયો. બીજાં એક-બે

અનુભવી સૂત્રોના સંકેતથી ઉપર્યુક્ત પ્રારંભિક ભ્રમ નિર્મૂલ થઈ ગયો.

પણ આ વિધાન રહ્યું છે કે હંમેશાં અધિકારીઓની સમક્ષ જ મહાપુરુષનું એ સ્વરૂપ આલોકિત થયું છે. દાખલા તરીકે, અર્જુન ઈત્યાદિએ જ એમને '**शिष्यस्तेऽहँ**'ના રૂપમાં જોયા, શિશુપાલ વગેરેએ તો એમને ગાળો જ દીધી. આ રીતે પૂજ્ય ગુરુદેવને ઓળખનારની સંખ્યા ઝાઝી નહોતી. જે કોઈએ એમને ઓળખ્યા, આંતરિક અનુભવોથી જ જાણ્યા હતા. નીચે આપેલી ચોપાઈ મનનીય છે,-

ચોપાઈ- **सोइ स्वरूप गुरुवर छबि राखी।**
आज अनेक सन्त सुर साखी ॥ ४० ॥

ભાવાર્થ-જેવું સ્વરૂપ યોગેશ્વર શ્રીકૃષ્ણનું હતું એવી જ આભા પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ ભગવાનની છબિમાં પણ હતી. તેઓ પણ દિવ્ય અપાર્થિવ લક્ષણોથી આલોકિત પુણ્યોજ્વલ વિભૂતિ હતા અને આજે પણ એ જ રીતે ભાવિકને અલૌકિક છબિનું દિશાદર્શન કરાવી રહ્યા છે. પ્રત્યક્ષદર્શી સંત આજે પણ આ તથ્યના સુસ્પષ્ટ પ્રમાણ છે.

ટિપ્પણી-ગીતામાં ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે કે, 'અર્જુન! મને કર્મ બાંધતાં નથી, કારણ કે કર્મનાં પરિણામોમાં મને સ્પૃહા નથી. જેમાં સ્થિતિ મારે પામવી હતી તે હું પામી ચૂક્યો છું અને મને એ સ્વરૂપે જે જાણે છે એને પણ કર્મ નથી બાંધતાં.' આ જ સમજીને મુમુક્ષુ પુરુષોએ કર્મનું આચરણ શરૂ કર્યું કે એમને જાણીને હું પણ એ જ થઈ જઈશ. મહાપુરુષોની આ મહત્ત્વની ઉપલબ્ધિ જોઈને ભાવિક પણ પ્રાર્થના કરે છે. 'એ અવસ્થાને જાણીને હું પણ એમનું જ સ્વરૂપ થઈ જઈશ.' આ જ પ્રાર્થના કરવાનું મૂળ કારણ છે.

ચોપાઈ- **हम विलपत तेहिं बेरियाँ काली।**
संस्कार गति काल कुचाली॥ ४१ ॥

ભાવાર્થ-ઉપલબ્ધિની ભાવભૂમિ પર રિક્તતાનો અનુભવ થવાથી આજે આપણે પણ એ જ ઉપલબ્ધિ માટે વ્યાકુળ છીએ, પણ કાલે એ

જ ક્ષણ આવશે, જ્યારે આપણે પણ આનંદઘન થઈશું. સાક્ષાત્કારનું અંતર વધવાનું એકમાત્ર કારણ કુસંસ્કારોનું કુચક્ર જ માનવું જોઈએ. (વિરહ-મિલનની અનુભૂતિનું સશક્ત કારણ છે. માટે સાધક પણ એ જ આશાથી ચિરંતન ચિંતનમાં મગ્ન થઈને મનોમન રડે છે.)

કબીરની વિરહકથા જુઓ,-

जीभणियाँ छाले पडे, नाम पुकारि पुकारि।
आँखिणियाँ जाले पडे, पथ निहारि निहारि॥
नैना नीझर लाइया, रहट बहै निशि जाम।
पपिहा ज्यौं पिव पिव करौं, कबहि मिलहुगे राम॥

વિરહની સાક્ષાત્ પ્રતિમૂર્તિ મીરાંની વ્યાકુળતા કેટલી માર્મિક છે,-

तुम देखा बिनु कल न पडत है, तलफि तलफि जिय जासी।

ચોપાઈ- **आज मिले जग नाथ सराहा।**
मन टूटे हरि कृपण कराहा॥ ૪૨ ॥

ભાવાર્થ-વિરહની અંદર ડૂબકી મારતાં મારતાં જ્યારે કોઈ પથિકને આત્મસાક્ષાત્કાર થઈ જાય છે, ત્યારે સમગ્ર સંસારમાં પ્રભુકૃપાનો પ્રસાદ દૃષ્ટિગોચર થવા માંડે છે, પણ આથી ઊલટું, જો કોઈ દીનનું હૃદય નિરાશાથી ભાંગી પડે તો એ પરમ ઉદાર પ્રભુને કૃપણ સ્વભાવનો સમજવા માંડે છે.

ગોસ્વામીજી પણ કહી બેસે છે,-

यद्यपि नात उचित न होत अस, प्रभु सन करउँ ढिठाई।
तुलसीदास सीदत निशि दिन, देखत तुम्हारी निठुराई॥

ચોપાઈ- **बालक की गति एक अनोखी।**
हरि तजि कतहुँ न मना मनोखी॥ ૪૩ ॥

ભાવાર્થ-બાળકની જેમ સાધકનું સમર્પણ એકનિષ્ઠ હોય છે. તે અન્ય કોઈ પણ દેવદેવી પાસે કોઈ પણ પ્રકારની કામના કરતો નથી.

વિશેષઃ એક જ ઈષ્ટમાં નિષ્ઠા ભક્તવર સુરદાસજીના શબ્દોમાં જુઓ,-

मेरो मन अनत कहाँ सुख पावै।
जैसि उडि जहाज को पंछी, फिरि जहाज पर आवै॥
कमल नयन को छाँडि महातम, और देव को ध्यावै॥
परम गंग को छाँडि पियासो, दुरमति कूप खनावै॥
जिन मधुकर अम्बुज रस चाख्यो, क्यों करील फल खावै।
सूरदास प्रभु कामधेनु तजि, छेरी कौन दुहावै॥

'માનસ'માં ભગવતી ઉમા અને સપ્તર્ષિનો સંવાદ આ પ્રસંગ પર ઘણો પ્રકાશ નાખે છે. અપર્ણાની નિષ્ઠા જુઓ,-

महादेव अवगुन भुवन, विष्णु सकल गुण धाम।
जेहिं कर मन रम जाहि सन, तेहिं तेही सों काम॥

સ્વયં ગોસ્વામીજીની એક ઈષ્ટ પ્રતિ નિષ્ઠા જુઓ,-

जौ तुम तजह न भजौं आन प्रभु, वह प्रमान पन मोरे।
सरग नरक सुरपर नरपुर जह, तहँ रघुबीर निहोरे॥

મીરાંની પ્રતિજ્ઞા સાંભળો,-

''मेरे तो गिरधर गोपाल, दुसरो न कोई॥''

ભગવાન કૃષ્ણની અનન્ય ઉપાસિકા ગોપીઓ ઉદ્ધવને ઉપાલંભ આપે છે,-

ऊधौ! मन नाही दस बीस।
रह्यो एक सो गयो स्याम संग, करे अराधै ईश?

લેખક પણ આવો જ સંકલ્પ કરીને ભાવનિધિ ગુરુદેવ ભગવાનની ગુરુતા પર વિશ્વાસ રાખે છે.

ચોપાઈ- **जन पूरण हरि रूप विलोकी ।**
तो कल रोवत व्यर्थ विसोकी॥ ४४ ॥

લેખકની પાસે ઘણા ભાવિક એવા પણ આવે છે કે જેઓ કહે છે, તમે તો પૂર્ણ થઈ ગયા, તમે બ્રહ્મની જેમ પ્રશાન્ત, આનંદધન છો, એવું મેં અનુભવમાં જોયું છે. ભાવિકનું આ કથન સાંભળીને લેખકની વ્યાકુળતા ઘણી વધી જાય છે કે જો 'અડગડે' હરિનું રૂપ જોઈ લીધું હોય તો આ રડવું-વ્યથિત થવું, માનસિક અશાંતિ શા માટે છે?

ગોસ્વામીજી શ્રીરામચરિતમાનસમાં ઉપલબ્ધ પછીની સ્થિતિનું વર્ણન કરે છે,-

राम भगति चिन्तामनि सुन्दर। बसइ गरुड जाके डर अन्तर॥
परम प्रकाश रूप दिन राती। नहिं कछु चाहिय दिया घृत बाती॥
मोह दरिह निकट नहिं आवा। लोभ बात नहिं ताहिं बुझावा॥
व्यापहिं मानस रोग न भारी। जिन्ह के बस सब जीत दुखारी॥

આવી સ્થિતિ હજી ક્યાં આવી છે? તેથી અત્યારે લેખક ઉપર્યુક્ત ઉપલબ્ધિઓથી વધુ વ્યાકુળ થઈ જાય છે.

નોંધ-જ્યારે કોઈ યોગાભ્યાસી સાધક બ્રહ્મની અનુભૂતિની બહુ નજીક પહોંચી જાય છે, ત્યારે ઘણાખરા પુણ્યાત્મા, શ્રદ્ધાસંપન્ન ભાવિકોને એમના સ્વરૂપમાં ભગવાનની અનુભૂતિ થાય છે. જોકે એ સાધકનો ચિન્મય બ્રહ્મમાં પ્રવેશ થોડા સમય પછી આવે છે. પણ એવી અવસ્થાના સાધકમાં પણ ભક્તો, પથિકોના કલ્યાણ-સૃજનની પૂર્ણ ક્ષમતા હોય છે.

ચોપાઈ- **अब तुम नाथ क्षमा कर राजा।**
पूर मिले हरि परम अकाजा ॥ ૪૫ ॥

ભાવાર્થ-હે પ્રભુ! મારા જેવા દીન ભાવિકના જન્માંતરોનાં પાપરહસ્યોને ક્ષમા કરી દો! શાશ્વત અને પરિપૂર્ણ સ્થિતિવાળા થઈને અને સાધક મળે તો પણ જો તમો કૃપાદૃષ્ટિ નહીં કરો તો આ વિલંબથી સાધકની વ્યાકુળતા ઘણી વધી જશે.

ચોપાઈ- **यहि विधि सोच रहा मन लाजा।**
कपट किए तन परम अकाजा ॥ ४६ ॥

ભાવાર્થ-આ રીતે મનમાં વ્યથા રહ્યા કરે છે. વાણી દ્વારા વ્યક્ત કરતાં શરમ આવે છે અને જો હજી સુધી પ્રાપ્તિ ન થવાની દુર્બલતાને લોકોથી છુપાવાય છે તે મન કપટની હીનતાથી સંકુચિત થવા માંડે છે, કારણ કે દુઃખની રજમાત્ર પણ ઉપસ્થિતિ પરમ પ્રભુને માન્ય નથી. 'માનસ'માં ભગવાનના શ્રીમુખની વાણી જુઓ,-

निर्मल मन जन सो माहिं पावा
नाहिं कपट छल छिद्र न भावा॥

કપટની ભાવના રાખવાથી તો બહુ મોટા અનુચિત કાર્યની સંભાવના છે કે ક્યાંક લક્ષ્યથી દૂર જ ન રહી જવાય! તેથી જે કાંઈ પણ હોય બધું તમારું છે, તમારાથી જુદું કાંઈ જ નથી. આ દીનજનનું અંતર-હૃદય પરમપ્રભુને જ સમર્પિત છે.

मेरा मुझमें कछु नहीं, जो कछु है सब तोर॥
तेरा तुझको सौंपते, क्या लागत है मोर॥

અંતર્યામી શ્રી ગુરુદેવ ભગવાનથી કાંઈ દૂર નથી. વિશ્વાસ છે કે સારોખરાબ ગમે તેવો છું, એમનો જ છું. ગોસ્વામી તુલસીદાસજીએ પણ આ જ નિવેદન પોતાના ઈષ્ટ ભગવાન રામ પ્રત્યે કર્યું હતું.

कहँ लगि कहौं कुचाल कृपानिधी, जानत हौ गति जन की।
तुलसीदास परिहरहु दुसह दुःख, करहु लाज निज पन की॥

ચોપાઈ- **जन सोचत हरि रूप विशोका।**
हरि मिले जग को केहिं रोका॥ ४७ ॥

ભાવાર્થ-વિરહવ્યથિત જનની અંદર જ્યાં સુધી જરાક પણ પ્રકૃતિની લહેર હોય, ત્યાં સુધી તે વિચારતો ને ચિંતામાં રહે છે. વસ્તુતઃ જન જ ચિંતક છે. હરિનું સ્વરૂપ તો ચિંતારહિત, અશોક છે. આગળ કોઈ

ચિંતા નથી રહેતી જેનો વિચાર કરે, કે નથી પાછળ કોઈ ચિંતા રહી જતી જેને માટે શોક કરે. આગળ કોઈ સત્તા છે જ નહીં તો કોણ કોને રોકશે? પણ એ અદૃશ્ય સત્તા પરમાત્મા રોકી રાખે છે, એ જ આ દીન જનની વ્યાકુળતાનું કારણ છે. વાસ્તવમાં અનુભવ કાળ અને કર્મની જ પરિભાષા આપે છે.

ચોપાઈ- **तो कत अनुभव काल घिरा सा।**
जन विचलित कत देख तमाशा॥ ४८ ॥

ભાવાર્થ-જો એ જ મળી ગયા હોય અને દીન જન શાશ્વત સ્વરૂપમાં સમાઈ ગયો હોય તો અનુભવ કાલકર્મથી ઘેરાયેલા કેમ હોય? જ્યારે જન વિરહજળમાં વ્યાકુળતાના તરંગોથી વિચલિત થઈ રહ્યો હોય, ત્યારે તમે એની ઉપલબ્ધિઓની મજાક જોતાં કેમ આનંદ લો છો? તમારી લીલા-રંગભૂમિમાં અભિનય કરતાં કરતાં માત્ર વિહ્વળ થઈ રહ્યું છે. હે લીલાધર! સુખાન્ત નાટકનો પડદો ક્યારે પડશે?

દોહો- **पत राखो पत रावरी,**
जो पत राखी होत।
अब की ऐसन रूप दे,
पुनि दाता ना लेत॥ ९ ॥

ભાવાર્થ-હે પ્રભુ! પ્રાર્થના છે કે હવે આ દીન જનની મર્યાદા રાખો. એથી તમારી મર્યાદાનો વિસ્તાર થશે. હે અખિલેશ્વર! મર્યાદાનું તમે એક કારણ છો. આ વખતે આ દાસને એ જ રૂપ પ્રદાન કરો જેની પછી તમે દાતારૂપે મારાથી જુદા ન રહી શકો અને હું લેનારરૂપે બાકી ન રહું.

શ્રી ગુરુદેવ ભગવાનની વાણીમાં આ સ્થિતિનું પ્રસ્ફુટન આ રીતે થયું છે,-

जलत जलत एसी जली, जाको आर न पार।
ईश्वर जीव ब्रह्म अरु माया, फूँक दियो संसार॥

करूँ अब किसकी तल्लासी,
लावनी सुन बारहमासी॥

આવી નિર્વિકલ્પ અભિન્નતાવાળા મહાપુરુષ સહજ સમાધિમાં લીન રહે છે,-

संतो सहज समाधी भली।
आँख न मूदुँ, कान न रूधूँ, काया कष्ट न धारूँ।
उधरे नैना साहब देखूँ, सुंदर बदन निहारूँ॥

દોહો- **ऐसी दाता दात दे, मिट जाये तव मोर।**
ईश अंश ना ब्रह्म की, शक्ती साधन छोर॥ ૧૦ ॥

ભાવાર્થ-હે સર્વશક્તિમાન! એવી સર્વોચ્ચ ઉપલબ્ધિ કરાવી દો, જેથી મારી ને તમારી વચ્ચેનું અંતર સમાપ્ત થઈ જાય. ન ઈશ-અંશ જીવાતમા રહે, ન અંશી બ્રહ્મ પણ વેગળા રહે. ન યોગ રહે, ન બંધન રહે અને ન બંધન છોડાવનાર પણ વેગળા રહે.

ચોપાઈ- **अब लगि कहेउँ अपन कदराई।**
विकल व्यथित विलपत सुरराई॥ ૪૯ ક ॥

पुनि सागर मन्थन कर लीला।
प्रगटउँ सत्य शान्ति सुख शीला॥ ૪૯ ખ ॥

ભાવાર્થ-અત્યાર સુધી પોતાની વ્યાકુળતા અને પ્રભુની પરમ ઉદારતાનું આલેખન કર્યું, હવે ફરીથી સાગરમંથનની લીલા પ્રસ્તુત કરાય છે જેનું પરિણામ શાશ્વત શાંતિ અને સુખ છે.

ચોપાઈ- **जिमि जिमि सागर मन्थन कीना।**
रतन प्रगट पर शूल नवीना ॥ ૪૯ ગ ॥

ભાવાર્થ-જેમ જેમ સાગરનું ચિંતન કરતો ગયો તેમ તેમ રત્ન તો પ્રગટ થતાં ગયાં. પણ નવા પરિવેશમાં કષ્ટદાયી શૂળ પણ ઊંચી ઉઠીને સામે આવવા માંડી, કારણ કે મૂળ રતન 'અમૃતતત્ત્વ' હજી પ્રગટ નથી થયું.

મંથનનો ક્રમ અવિરત ચાલતો રહ્યો. શૂળમુક્તિનાં સાધન પણ સુલભ થવા માંડ્યાં. પછી તો શૂળની સાથે સાથે નિદાન કરનાર ધનવન્તરિ નામના રત્નનું પ્રગટીકરણ થયું.

ચોપાઈ- **प्रगट धनन्तरि[४] हर बहु शूला।**
करे करावत रोग अमूला ॥ ૫૦ ॥

ભાવાર્થ-આધ્યાત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. ધન્વન્તરિ એટલે ધન અને વન્તરિ, એ અલૌકિક આધ્યાત્મિક સંપત્તિમાં અંતરાળમાં પ્રવેશ મળવા માંડ્યો. આ રત્નના પરિણામરૂપે ઉત્તરોત્તર રોગોનું શમન થતું ગયું. હવે વિચારવાની બાબત એ છે કે રોગનું સ્વરૂપ કેવું છે? જોઈએ,-

ચોપાઈ- **जनम मरण भव रोग अपारा।**
तेहिं जड काटत देत सहारा॥ ૫૧ ॥

ભાવાર્થ-જન્મૃમૃત્યુની અપાર શૃંખલા જ ભવરોગ છે. એને સમૂળ નષ્ટ કરીને આ રત્ન પથિકને મદદ કરે છે.

ચોપાઈ- **हरि प्रेरित संग निज बल नाही।**
प्रेरि जलावहिं संग न जाहीं ॥ ૫૨ ॥

ભાવાર્થ-'ધન્વન્તરિ' આત્મિક સંપત્તિમાં પ્રવેશ અપાવવા પૂરતો સહાયક છે. એના સહયોગતી ભાવકના ભવરોગ તેમ જ વિષયાત્મક વિસ્તારનો નિરોધ થાય છે, પણ એનાથી પૂર્ણપણે મુક્તિ નથી મળતી. એ પ્રેરકના બળથી જ આ રત્ન પથિકોને ભવવ્યાધિઓથી બચાવી શકે છે. પાર થતાં થતાં તે (ધન્વન્તરિ) પણ અળગો થઈ જાય છે. નહીં રહે રોગ, નહીં રહે નિદાન.

ચોપાઈ- **माया महँ गति रहनि अकाशा।**
अमित रोग माया कर नाशा ॥ ૫૩ ॥

ભાવાર્થ-આ ધનવન્તરિની ગતિ માયામાં છે અર્થાત્ એના પ્રવેશ છતાં યોગીની ગતિ માયામાં જ છે, જોતે તેનો નિવેડો આવ્યો હોય છે, એની

પકડ આકાશવત્ છે. અગણિત રોગમયી માયાનો વિનાશ એનું કાર્ય છે, જેની જાણકારી એના આધારવાળી છે.

ચોપાઈ- **श्रुति शाखा अवतार अनूपा ।**
माया चल नहि मति अनुरूपा॥

ભાવાર્થ-શ્રુતિમાં વર્ણવેલ શાખા-અવતાર અનુપમ પ્રભુની પાવન લીલાનો જ વિસ્તાર છે, જે ચિત્તસાગરમાં મંથનની પ્રગટ થાય છે. તેમાં નથી માયાનું બળ કે નથી બુદ્ધિનું બળ.

માયાપતિની પ્રેરણાનું સ્ફુરણ થતાં જ માયા અશક્ત થઈ જાય છે,-

''मायापति कहँ जे भजहि चेरी होई।''

* * *

राम भगति निरुपम निरुपाधी। बसइ जासु उर सदा अबाधी॥
तेहि विलोकि माया सकुचाई। करि न सकइ कछु निज प्रभुताई॥

ચોપાઈ- **मानस रोग पीर जग रोगी ।**
हरि करुणा पर जागत जोगी॥

ભાવાર્થ-આ માનસરોગ છે, જેનાથી પીડિત આખો સંસાર જ રોગી છે. પ્રભુની અનુકંપાથી જ યોગી જાગ્રત થાય છે, અર્થાત્ એમની જ દ્રવિત કરૂણાથી યોગી જાગી જાય છે (જાગવું એટલે જાગતિક પ્રપંચથી સાવચેત થવું).

ગોસ્વામી તુલસીદાસજીના 'માનસ'માં ઉપર્યુક્ત ભાવ જુઓ,-

मानस रोग कछुक मैं गाये। है सबके लखि बिरलन्ह पाये॥
मोह निसा सबु सोवनिहारा। देखिय सपन अनेक प्रकारा॥
एहि जग जामिनि जागहिं जोगी। परमारथी प्रपंच वियोगी॥
जानिय तबहिं जीव जग जागा। जब सब विषय विलास विरागा॥

ચોપાઈ- **पूरे सतगुरु पुर बसि राखें ।**
ब्रह्म मिले ब्रह्महि गुण भाखें॥ ૫૬ ॥

ભાવાર્થ-જે પૂર્ણ મહાપુરુષ હોય, જે ગુરુત્વની સ્થિતિવાળા હોય, એમને જ હૃદયમાં વસાવીને પૂર્ણપણે પકડી રાખો. આ જ આંતરિક પકડ બ્રહ્મની ઉપલબ્ધિનું પરિણામ બને છે. ગુરુ પર પૂર્ણપણે અવલંબિત શિષ્ય પોતાની ભીતર ધીરે ધીરે ગુરુની ગુરુતાનો વિકાસ કરતાં કરતાં બ્રહ્મનો જ્ઞાતા થઈ જાય છે. એવા ગુરુત્વની જાણકારી કરનાર પથિક બ્રહ્મના ગુણધર્મોને પ્રત્યક્ષ કરતો કરતો એ જ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે.

ચોપાઈ- **सद्गुरु खोज खबर नहिं पाहीं।**
ते भटकहिं आनहिं भटकहीं ॥ ૫૭ ॥

ભાવાર્થ-જે પુરુષોએ એવા સદ્ગુરુઓની શોધ કરી ન હોય તેઓ ચિંતનપથમાં વ્યર્થ જ શ્રમ કરે છે. એવા લોકો પોતે તો રસ્તો ભૂલેલા હોય જ છે, બીજાઓને પણ ચિંતનપથથી ભરમાવવા માટે ગુરુતાનો અંચળો ઓઢીને સંસારમાં દોડી રહ્યા હોય છે.

ટિપપણી-કબીરસાહેબ પણ કહે છે આંધળો આંધળાને શો રસ્તો દેખાડે,-

जाको गुरु है आन्हरा, चेला खरा निरन्ध।
अंधहि अन्धन्ह ठेलिय दोउ कूप परन्त॥

* * *

बिन देखे वा देश की, बात कहै सो कूर।
आपै खारी खात है, बेचत फिरै कपूर॥

સ્પષ્ટ છે કે ગુરુ જ એ શાશ્વત સત્યની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવનાર એકમાત્ર આધાર છે. પોતાની સાધનાવસ્થામાં ગુરુના મહત્ત્વનું નિરૂપણ કરતાં કબીરદાસજી પણ કહે છે,-

मैं भी भागा जाइया, लोक वेद के साथ।
आगे से सतगुरु मिल्या, दीपक दीन्हा हाथ॥
दीपक दीन्हा तेल भरि, बाती दई अधट्ट।
पूरा किया बेसाहुणाँ, बहरि न आवौ हट्ट॥

ગુરુની અતિશય અનુકંપાથી જ તેઓ આવાગમનથી મુક્ત થયા છે.

ચોપાઈ- **जप तप होम क्रिया कृत नाना।**
करि जे मानत स्वयं सयाना॥ ૫૮ ક ॥
ते अल्पज्ञ भ्रमहिं युग नाना।
गुरु बिनु नाशत ज्ञान न ध्याना॥ ૫૮ ખ ॥

ભાવાર્થ-જપ, તપ, હોમ, યજ્ઞ અને વિવિધ પ્રકારની યૌગિક ક્રિયાઓનો ચમત્કારપૂર્ણ અભ્યાસ કરીને જે સાધકો પોતાને શાણો માનવા માંડે છે, તેઓ અલ્પજ્ઞ અને દંભી છે. આ પ્રકારની જડતા, બીજાઓની તો શી વાત કરવી, સારા સાધકમાં પણ મૂળ ઘાલે છે. વાસ્તવમાં જેમને સદ્‌ગુરુની અંતઃપ્રેરણા પ્રાપ્ત નથી થઈ એવા સાધક દ્વારા કરાયેલ ધ્યાન, જ્ઞાન લક્ષ્ય સુધી પહોંચાડતાં અને અર્થ વગરનાં રહી જાય છે.

સાધારણ માણસોનું તો શું કહેવું? શંકર અને બ્રહ્માની સ્થિતિ પર પહોંચેલા પથિકો સામે પણ તુલસીદાસજીએ પ્રશ્નવાચક ચિહ્ન મૂક્યું છે,-

गुरु बिनु भवनिधि तरइ न कोई।
जो विरंचि शंकर सम होई॥

કબીરે સ્પષ્ટ ઘોષણા કરી છે કે હૃદયમાં અજ્ઞાનતા દૂર કરીને દિવ્ય ચક્ષુ પ્રદાન કરનાર સદ્‌ગુરુ જ છે, જેના પ્રકાશમાં બ્રહ્મદર્શન સંભવ છે,-

सतगुरु की महिमा अनंत, अनंत किया उपकार।
लोचन अनंत उधारिया, अनंत दिखावन हार॥

આ ઉવેખી ન શકાય એવું સત્ય છે કે સદ્‌ગુરુ વગર નથી કોઈને આત્માનુભૂતિ થઈ, નહીં કોઈને થાય.

દોહો- **सतगुरु सूरमा, तहँ मन जूझ अनेक।**
जनम कोटि की पोटली, पाप कटै हरि देख॥ ११ ॥

ભાવાર્થ-વસ્તુતઃ સદ્‌ગુરુ જ પ્રકૃતિના કાળ-કર્મનો અંત આણનારા છે. તેથી તે જ પૂરા શૂરવીર છે. સદ્‌ગુરુને મનથી પકડીને અનેક માણસો ઝૂઝતા રહે છે. એ બધાને સંભાળતા રહીને એમના અંતરમાં જાગ્રત થઈને આત્મોકર્ષ માટે અનુભવાત્મક નિર્દેશ આપતા રહે છે. એમની જ કૃપાથી કરોડો જન્મની પાપભરી પોટલી લુપ્તપ્રાય થઈ જાય છે. પાપો દૂર થતાં જ પરમ પાવન પ્રભુ પ્રગટ થઈ જાય છે, જેમની અલૌકિક કૃપાથી કરોડો જન્મોનાં પાપોનો ક્ષય થઈ જાય છે. એમની વીરશ્રેષ્ઠતામાં સંદેહ જ ક્યાં છે?

ગોસ્વામીજી પણ એમની કૃપાનું સ્મરણ કરે છે,-

जाकी कृपा लवलेस ते, मतिमन्द तुलसीदास हूँ।
पायो परम विश्राम, राम समान प्रेभु नाही कहूँ॥

ચોપાઈ- **जिमि हरि साधि संयोग निवारा।**
तिमि करुणा निधि उर विस्तार॥ ५९ ॥

ભાવાર્થ-જેમ જેમ હરિ સાધ્ય વસ્તુને પરમાત્માના સંયોગ માટે ઉકેલે છે (પ્રકૃતિના દ્વંદ્વથી દૃષ્ટિ તકરફ ક્રમશઃ પ્રવાહિત કરે છે), તેમ તેમ ક્રમશઃ કરૂણાસાગર પ્રભુ સાધકના હૃદયમાં વિસ્તાર કરે છે. જેમ જેમ એ હરિ પોતાના સ્વરૂપનો વિસ્તાર કરે છે એ જ અનુસાર કલ્પવૃક્ષની બરાબર નીચે સાધકને સ્થાન મળે છે. હવે વિચારવાનું છે કે કયું સુપરિણામ પ્રગતિશીલ પથિકના મનમાં પ્રગટ થાય છે,-

ચોપાઈ- **हर विस्तारित जिमि जिमि काया।**
तिमि तिमि कल्पवृक्ष तरु छाया॥ ६० ॥

ભાવાર્થ-આ કાયામાં જ કલ્પવૃક્ષનું રહસ્ય છે. સાધનામાં જ સાધ્ય અને લગનીમાં જ લક્ષ્યનું ઐશ્વર્ય છુપાયેલું છે. કલ્પવૃક્ષ કોઈ ઝાડનું નામ નથી, જેની નીચે બેસીને કાયાનો કલ્પ થઈ જાય.

ટિપ્પણી-'માનસ'માં અંગદે રાવણની બુદ્ધિની દયા ખાતાં પૂછ્યું હતું,-

राम मनुज कस रे शत बंगा। धन्वी काम नदी पुनि गंगा॥
पशु सुरघेनु कल्पतरु रूखा। अन्न दान अरु रस पीयूष॥

વસ્તુતઃ સાધકના હૃદયમાં જેમ જેમ પ્રભુનો સંચાર થાય છે, તેમ તેમ એ સાધકને કલ્પવૃક્ષની છાયા પ્રાપ્ત થતી જાય છે. આસક્તિઓની પ્રબળતા ધીમે ધીમે ઓછી થઈને સમાપ્ત થવા માંડે છે. અને આ રીતે કાયાના કક્ષમાં જ કલ્પતરૂનું પ્રસ્ફુટન-પ્રગટીકરણ થઈ જાય છે. આ જ દિવ્ય વૃક્ષની ચર્ચા કબીર પણ કરે છે,-

तरुवर तासु बिलम्बिए, वारह मास फलन्त।
शीतल छाया गहर फल, पंछि केलि करन्त॥

દાતા પણ મળે તો એવા કે પછી કોઈ પાસે માગવું ન પડે. કૃપા પણ મળે તો એ કૃપાનિધિની, જેની શીતળ છાયા નીચે આ જીવાત્મા ચિર પ્રશાન્તિમાં નિમગ્ન થઈ જાય.

ચોપાઈ- **काया कल्प होत प्रति स्वाँसा।**
जग जोनी कर होत विनाशा॥ ६१ ॥

ભાવાર્થ-નશ્વર સંસારમાં ચરાચર, પ્રકૃતિમાં ઉત્પન્ન કાળ, કર્મ, સ્વભાવ, ગુણથી ગ્રસિત હોવાને કારણે નિર્બળ તથા રોગી છે. પ્રકૃતિનું શ્રેષ્ઠતમ પ્રાણી માનવ પણ એમનાથી પરાભૂત છે. તે પણ વિવશ થઈને મરે છે-જીવે છે. પણ એ એમાંથી નીકળીને કાયાનો કલ્પ કરી લે છે. તે મરણના ગુણધર્મોથી, વિરક્ત થઈને અવિનાશી થઈ શકશે. જેમ જેમ ધ્યાનનું શ્વાસમાં ટકી રહેવાનું પ્રારંભ પામી જશે, તેમ તેમ કાયા કાયાનો પ્રતિક્ષણ કલ્પ થતો રહેશે.

ચોપાઈ- **सत्य कल्पतरु हरि की धारा।**
नित्य सुखद जीवन दातारा॥ ६२ ॥

ભાવાર્થ-વસ્તુતઃ કલ્પવૃક્ષ હરિનો પ્રભાવ જ છે. એની કલ્યાણમયી શીતલ છાયા પરમ સુખદ અને માંગલિક ફળ પ્રદાન કરનારી છે. એની અનુભૂતિ થઈ ગયા પછી વ્યાધિઓનો અંત આવી જાય છે અને ચિરંતન શાંતિનો જીવનસ્રોત પ્રવાહિત થવા માંડે છે. ક્રમાનુસાર પ્રગતિશીલતાના અંકમાંથી સાધકની કામનાઓને પરિપૂર્ણ કરનારી કાનધેનુનો આવિર્ભાવ થાય છે.

ચોપાઈ- **कामधेनु[६] बस पूरन कामा ।**
मन इच्छित फल प्रगटे ठामा॥ ६३ ॥

ભાવાર્થ-ઉત્તરોત્તર વિકાસોન્મુખ સાધક સમક્ષ એક એવી સ્થિતિ આવે છે કે જ્યારે એની બધી જ કામનાઓ એકાએક સંભવ થઈ જાય છે, મનોવાંછિત ફળ પ્રદાન કરનારી તાત્કાલિક ક્ષમતા અંતર્દેશની એક વિશિષ્ટ ઉપલબ્ધિ છે, કોઈ બાહ્ય કલ્પના નથી.

ચોપાઈ- **योग क्षेम भजनानन्द कारी।**
गो गति संयम गो सुखकारी ॥ ६४ ॥

ભાવાર્થ-એ કામધેનુયોગની રક્ષા અને ભક્તિનો આનંદ પ્રસારિત કરનારી છે. એની ઉત્પત્તિ ગો ગતિ અર્થાત્ ઈન્દ્રિયોની ગતિ પૂર્ણપણે સંયમિત થઈ જાય તે પછી થાય છે. પૂર્ણ નિરોધાવસ્થાએ પહોંચીને આ જ ઈન્દ્રિયો મનોવાંછિત ફળ પ્રદાન કરનારી કામધેનુ બની જાય છે. કામધેનું કોઈ ગાય નથી, જેના આંચળમાંથી કામનાઓની તૃપ્તિ કરનારી અસ્વાભાવિક દૂધધારાનો સ્રાવ થતો હોય.

ચોપાઈ- **इन्द्रिय विषय संग मिटि जाई।**
तब कामोच्छित गो सुखदाई॥ ६५ ॥

ભાવાર્થ-ઈન્દ્રિયો અને એમના વિષયોનો સંયોગ જ્યારે પર્ણપણે બંધ થાય છે, વિષયગ્રહણની ભાવનાઓ વિલય થઈ જાય છે, ત્યારે ઈચ્છિત કામનાઓની તૃપ્તિ કરનારી સુખદ ગો, કામધેનુ પ્રગટ થાય છે.

પાદટીપ-કાગભુશંડીજીને પણ આવો જ આશીર્વાદ હતો, જેનો

ઉલ્લેખ 'માનસ'માં ગોસ્વામીજીએ પણ કર્યો છે,-

जो इच्छा करिहउ मन माहीं। हरि प्रसाद कछु दुर्लभ नाहीं॥

જ્યારે ઈષ્ટની કૃપા હોય ત્યારે ઈચ્છાઓની તૃપ્તિ સહજપણે થવા માંડે છે. એ વાત જુદી છે કે એ સમયે સાધકને પોતાની કોઈ ઈચ્છા જ બાકી રહેતી નથી. એ તો પ્રભુના હાથમાં યંત્રમાત્ર બની જાય છે.

ચોપાઈ- **तेहिं प्रभाव आशा जग नाहीं ।**
हरि रंग पूर प्रगट मिल जाहीं॥ ૬૬ ॥

ભાવાર્થ-એ કામધેનુનો પ્રભાવ જ એટલો વિલક્ષણ છે કે જગતની જેટલીય કુત્સિત કલ્પનાઓ છે તે બધી માનસપટમાં નિર્દોષ થઈ જાય છે. કેવળ અભૌતિક કામનાઓ જ પ્રગટ થઈને પથિકને પરમાત્માના સ્વરૂપની અનુભૂતિ કરાવવા માંડે છે અને સાધકનું હૃદય હરિના રંગમાં રંગાઈ જાય છે.

ચોપાઈ- **कामधेनु संगत सुखकारी ।**
राम नाम मणि[૭] प्रगट प्रसारी॥ ૬૭ ॥

ભાવાર્થ-કામધેનુનો સાથ મળી જાય પછી રામનામ મણિનો પ્રગટપણે પ્રસાર થવા માંડે છે.

આ જ રામનામ મણિનો પરિચય સંત તુલસીદાસજીની વાણી દ્વારા પણ મુખરિત થયો છે,-

राम नाम मणि दीप धरु, जीह देहरी द्वारा।
तुलसी भीतर बाहरेहु, जो चाहसि अजियार॥

મણિ કહેવાતા રામનામનો સંબંધ પરાવાણીના પ્રવેશકાળમાં જ સંભવ છે.

ચોપાઈ- **परा वाणी परसत परतीती ।**
मणि प्रगटे सत संसृति जीती॥ ૬૮ ॥

ભાવાર્થ-ચિંતનના ઉત્કર્ષમાં, પરાવાણીના સ્પર્શકાળમાં રામનામનો પ્રાદુર્ભાવ થાય છે. એ વિલક્ષણ જ્યોતિર્મય અપાર્થિવ મણિ પ્રગટ થતાં જ સાધકને સ્વરૂપની અનુભૂતિ થવા માંડે છે. તે પછી આત્મોન્નતિની આ સર્વોચ્ચ સીમા પર પહોંચનાર સાધક માટે આ એક વાર નહીં, પૂરેપૂરી નિશ્ચિતતા સાથે નિર્વિવાદપણે કહી શકાય કે આ આવાગમનના બંધનથી મુક્ત થઈ શકે છે, અર્થાત્ આ ઉપલબ્ધિ પછી સાધકની મુક્તિ સુનિશ્ચિત છે. એવો કોઈ અવરોધ નથી જે એને પાર ઊતરતાં રોકી શકે. પરાવાણીના સ્પર્શકાળમાં રામનામ મણિનું પ્રગટ થવું એ ચોક્કસપણે સંસારની સીમાનું અવસાન છે. હવે જોવાનું કે આ મણિની પકડ કેવી છે,-

દોહો- **बैखरी चिन्तन मध्यमा मिले न मणिक उदोत।**
पश्यन्ती परसत कछुक परावाणि मणि ज्योत॥ ૧૨ ॥

ભાવાર્થ-વૈખરી અને મધ્યમાના સ્પર્શકાળ સુધી એ મણિનો પ્રકાશ દેખાતો નથી. પશ્યન્તીનો સ્પર્શ થતાં જ એના પ્રકાશનો થોડો થોડો આભાસ થવા માંડે છે અને પરાવાણીના પ્રવેશ સાથે જ એ મણિ પૂર્ણતઃ પ્રકાશિત થઈ જાય છે.

ચોપાઈ- **शब्द अनादि ईस रुख पाई ।**
प्रगट सुनत जग माति न साई॥ ૬૯ ॥

(શબ્દાર્થ-મતિ=ત્રિગુણાત્મક માયા)

ભાવાર્થ-તે શબ્દ અનાદિ છે અને ઈશ્વરનો સંકેત પામ્યા પછી જ પ્રગટ પ્રમાણે સાંભળી શકાય છે. એ શબ્દથી અંતઃકરણ નિનાદિત થતાં જ એના જયઘોષથી તે ત્રિગુણાત્મક માયા નષ્ટ થઈ જાય છે, જે જગતમાં જન્મ આપવાનું એકમાત્ર કારણ છે.

ચોપાઈ- **सो मणि जदपि सुप्त सब पाहीं।**
बिनु प्रेरक उर प्रगटत नाहीं ॥ ૭૦ ॥

ભાવાર્થ-જોકે તે મણિ દરેક મનુષ્યના હૃદયમાં પ્રસુપ્ત અવસ્થામાં

રહ્યો છે પણ હૃદયના પ્રેરકની કૃપા વગર એનું દૃષ્ટિગોચર થવું અસંભવ છે. સદ્‌ગુરુ અને પરમાત્મા એકબીજાના પર્યાય છે.

ગોસ્વામીજીની વાણી સાથે તુલના કરો,-

सो मणि जदपि प्रगट जग अहई।
राम कृपा बिनु कोउ नहिं लहई॥

ચોપાઈ- **प्रेरक हो परतीति बधाई।**
तेहि प्रतीति मध मणि सुख पावौ॥ ૭૧ ॥

ભાવાર્થ-જ્યારે ઈષ્ટ પ્રેરક થઈને સમજાવે અને હૃદયમાં વિશ્વાસ જાગ્રત કરે, ત્યારે જ એ પ્રતીતિના મધ્યમથી પથિક એ પાવન મણિનું સુખ પ્રાપ્ત કરી શકે છે. વાસ્તવમાં એ મણિનો ઉતાર-ચઢાવ શ્વાસ પર જ કેન્દ્રિત છે, જેને ચિંતનની સર્વોચ્ચ સફળતા પર જ જાણી શકાય છે.

ચોપાઈ- **अति सूक्ष्म जो मणि सुख पावै।**
श्री विस्तारित असुर रिझावै ॥ ૭૨ ॥

ભાવાર્થ-મન અત્યંત સૂક્ષ્મ થઈને શ્વાસમાં ઊઠતા શબ્દને પકડી લે છે ત્યારે આ મણિનું સુખ મળે છે. આવી અવસ્થા પ્રત્યક્ષ થયા પછી 'શ્રી' લક્ષ્મી વગેરે ઉપલબ્ધિઓનો પણ નિરોધ થઈ જાય છે, જેમાં આસુરી સંપત્તિવાળા વિશ્વાસ રાખે છે. જેની અંદર આસુરી તત્ત્વોનો રજમાત્ર પણ આવેગ રહે છે, તેઓ આ ચમત્કારિક ઉપલબ્ધિઓથી રીઝી જાય છે.

ચોપાઈ- **तत् सागर सुख समृद्धि ज्योती ।**
हरि प्रतिबिम्ब प्रभा सुख श्रोती॥ ૭૩ ॥

ભાવાર્થ-એ લક્ષ્મી ચિંતનધારાની વચ્ચે એ જ સંસારની અંદરથી સુખ-સમૃદ્ધિ વધારનાર પ્રભારૂપે પ્રગટ થાય છે. એ ઈશ્વરની પ્રતિછાયા જ છે. એ ચમત્કારિક છટારૂપે આવિર્ભાવ પામીને સુખ આપનાર સ્રોત બનીને પ્રવાહિત થવા માંડે છે.

ચોપાઈ- **तेंह लखि भक्तन मिटी निराशा।**
अमृत बिन जग कौन निवासा॥ ૭૪ ॥

ભાવાર્થ-લક્ષ્મીના કાર્યનો પ્રારંભ જ ભક્તના હૃદયમાંથી નિરાશા દૂર કરે છે. તે આ ઉપલબ્ધિની સાથે જ વિશ્વાસ પ્રાપ્ત કરી લે છે કે મૃત્યુથી પર સત્તા અમૃત જો અનુભૂતિના ધરાતલ પર અવતરિત ન હોય તો જગતમાં એવો કયો નિવાસ છે, જ્યાં સુખ પ્રાપ્ત થઈ શકે? તેથી લક્ષ્મીની ઉપલબ્ધિથી સાધકમાં નવા ઉત્સાહનો સંચાર થઈ જાય છે.

ચોપાઈ- **श्री प्रभा आभा हरि केरी।**
भक्त हृदय प्रभु राशि बिखेरी ॥ ૭૫ ॥

ભાવાર્થ-એ લક્ષ્મી એ જ પ્રભુની પ્રભા, આભા અને વિભૂતિ છે. પરમ પ્રભુમાં જે વિશેષ ગુણ જોવા મળે છે, એનો પ્રસાર આ આભા જ પ્રગટ કરે છે. એ ભક્તના હૃદયમાં પ્રભુની ચિરંતન ધનરાશિ પ્રસરાવતી રહે છે.

ચોપાઈ- **प्रभु महिमा जो अजर अबाधी।**
जन उर दर्शन पर सुख साधी॥ ૭૬ ॥

ભાવાર્થ-એ પરાત્પર (સર્વોપરી) બ્રહ્મની વિશેષ વિભૂતિઓ-અજરત્વ, અમરત્વ, સર્વશક્તિમત્તા, સર્વજ્ઞતા, ચિન્મયતા વગેરેના પ્રસાર ભક્તના હૃદયાકાશમાં આ પ્રભા કરતી રહે છે. એ એમના પરમ કલ્યાણમય પથને સંભાળતી શુભ બતાવતી રહે છે.

ચોપાઈ- **आसुर सम्पत्ति सकल विभाजन।**
क्षण प्रगटी रम्भा[૧] सुख छाजन॥ ૭૭ ॥

ભાવાર્થ-ઉપર્યુક્ત સાધનાના પ્રભાવરૂપે ક્રમશીલ વિકાસોન્મુખી ચિંતનપટથી નાશવાન આસુરી સંપત્તિનું પૂર્ણ વિભાજન થઈ જાય છે. આસુરી સંપત્તિનું વિભાજન થતાં જ ક્ષણિક સુખ પ્રદાન કરનારી રંભાનો પ્રગટ પ્રભાવ આંખને આંજી દે છે. એ પ્રખર જ્યોતિની સ્નેહભરી સ્પંદનશીલતાનું ભાવિક હૃદયમાં સ્ફુરણ વ્યતિરેક ઉત્પન્ન કરતું એક

આવરણ છે. દુનિયામાં પડદો સામે લાગે છે, પણ પૂર્ણ બ્રહ્મચારી સાધક માટે અંદર જ પડદો હોય છે, જેની ચિત્તવૃત્તિને એ ચમત્કારિક વિક્ષેપનું આવરણ બહુ આડે આવે છે, તેથી ભાવિ પ્રગતિનો માર્ગ રૂંધાય છે.

ચોપાઈ- **विषय वासना करत कामना ।**
ते जन पावत विषय वाम ना॥ ૭૮ ॥

ભાવાર્થ-એવા ભક્તો, જેઓ ભક્તિ કરે પણ જેમનાં મનમાં સાંસારિક વિષયોની કામનાઓ ગુપ્તપણે રહે છે, તે લોકો રંભા વગેરે બાહ્ય વિષયો પામીને એમનાથી પ્રભાવિત રહે છે.

વિચારણીય છે કે ભક્તિમાં પણ સકામતા પિંડ છોડતી નથી. જે એનાથી બચી જાય છે તે જ પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે.

દોહો- **रत्न प्रगट दुइ सिन्धु मे, छोड बन्ध अलगाव।**
एक उबारे जगत सो दूसर बन्धन ताव॥ ૧૩ ॥

ભાવાર્થ-વાસ્તવમાં એ જુદા જુદા ગુણધર્મોવાળાં રત્ન શોધક ભક્તિધારામાં, ભવસિંધુમાંથી પ્રગટ થઈને સાધકની સામે આવે છે. જેમાંથી કેટલાંક તો માયાવી પ્રવૃત્તિઓમાં બાંધનારાં છે અને કેટલાંક માયાનાં બંધનોને તોડતાં જઈને ઈશ્વરમાં પ્રવેશ કરાવનારાં છે (એક પ્રકારનાં રત્ન જગતથી ઉગારનાર છે, જેમાં કામધેનુ, કલ્પવૃક્ષ, ચન્દ્રમા, અમૃત વગેરે વિશેષ ઉલ્લેખનીય છે અને બીજાં એ છે જેમનામાં સાંસારિક પ્રવૃત્તિઓમાં બાંધવાની તત્પરતા હોય છે. દાખલા તરીકે, હાથી, શુરા, રંભા, વિષ વગેરે વિચારવા જેવાં છે. એમના આવરણરહિત સાધક જ લક્ષ્યની પ્રાપ્તિ કરી શકે છે.

ચોપાઈ- **विषय आश रस भजन सकामा।**
ता उर रत्न बाम बिधी जामा ॥ ૭૯ ॥

ભાવાર્થ-રિદ્ધિઓ, સિદ્ધિઓ, માન-સન્માન વગેરેની પ્રશંસાપૂર્ણ ભાવનાઓ પણ વિષયાત્મક આસક્તિની પરિભાષામાં સમાયેલી છે. જે ભક્ત વિષયની કામનાઓમાં આસક્ત હોય એવા પથિકના હૃદયમાં

વિપરીત ગુણધર્મવાળાં આ બાહ્યરત્નો ઉત્પન્ન થાય છે તથા પ્રસાર પામે છે, જે બાહ્ય પ્રવૃત્તિઓ પ્રતિ સન્માન જાગ્રત કરે છે. જોકે ઉપર્યુક્ત ભાવ બધાના હૃદયમાં ઉત્પન્ન થાય છે, પણ જે નિષ્કામ હોય એમના હૃદયમાં તે ભાવ નિષ્ક્રિય થઈ જાય છે.

ચોપાઈ- **रम्भा सबल शत्रु गति बामा ।**
विषय आश धुत रत्न ललामा॥ ८० ॥

ભાવાર્થ-ઉપર રજૂ કરેલી સાંસારિક પ્રસાર કરનારી પ્રવૃત્તિઓમાં રંભાનો આવિર્ભાવ સશક્ત શત્રુરૂપે થાય છે, જેની ગતિ હંમેશાં બહિર્મુખી અને લક્ષ્યથી વિપરીત જ હોય છે. સંસારમાં જે લોકો વિષયના નશામાં સાનભાન ગુમાવે છે એમને માટે આ એક વિસ્મયજનક મનોહર રત્ન છે.

ચોપાઈ- **रम्भा उरबसि अतुल मैनका।**
जन उर अँकुरे सुजस लैन का॥ ८१ ॥

ભાવાર્થ-સમયે સમયે અનેક નામે રંભા સાધકોના જીવમાં આવી છે. ઉર્વશી, અતુલા, મેનકા બધા એનાં જ વિશેષણ છે, જે મનુષ્યની અંદર અંકુર ઉત્પન્ન કરનારી તથા સુયશનો લોપ કરનારી છે.

જે પથિકને ઈષ્ટ સંભાળી લે છે તે જ એનાથી બચી શકે છે. બાકીના માયાના બજારમાં લૂંટાઈ જાય છે. ગોસ્વામાજીએ સાચું જ કહ્યું છે,-

धार न काहू धीर, सब के मन मनसिज हरे।
जेहिं राखे रघुबीर, सोइ उबरे तेहिं काल महैं॥

ચોપાઈ- **लोक दृष्टि महँ सुन्दर साजा ।**
भक्त फँसावन परम अकाजा॥ ८२ ॥

ભાવાર્થ-લોકોની દૃષ્ટિએ એ સુંદર સાજસજાવટ છે, પણ ભક્તિપથમાં પ્રવેશ કરવા જે ઈચ્છે છે, તે સાધકોને માટે એ સર્વથા પથ્ય-અવરોધ છે.

ભોળા ભક્તોને ફસાવનાર એ જાળ, પરમ તત્ત્વથી જુદા કરાવનારી છે. એમની પ્રતિક્રિયાના પરિણામરૂપે પથિકોને અનિષ્ટકારી અસંભાવનાઓના શિકાર થવું પડે છે. ઉદાહરણ માટે શ્રૃંગી વગેરે મહર્ષિઓના કથાનક છે,-

ચોપાઈ- **श्रृंगि पराशर कर गहि मारा।**
विश्वामित्र विलखि विस्तारा॥ ૮૩ ॥

ભાવાર્થ-શ્રૃંગી ઋષિ, મહર્ષિ પારાશર વગેરે જબરદસ્તીથી પકડીને એ માયાવિનીએ પથભ્રષ્ટ કરી દીધા. વિશ્વામિત્ર બહુ જ સાહસિક હતા, જેઓ કદાચ બાધાઓની પરવા કરતા નહોતા, પણ તેઓય છેવટે મેનકાથી પ્રભાવિત થઈને જ રહ્યા. વ્યથિત થઈને તેમણે એના વિસ્તારની પ્રબળતાનો સ્વીકાર કર્યો. જોકે ફરીથી અથાક પરિશ્રમ કરીને એનાથી બચીને એમણે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું, પણ એક વાર તો એ સબળાએ એમની ચિત્તવૃત્તિઓને હચમચાવીને એમને બળજબરીથી પથભ્રષ્ટ કર્યા જ.

ચોપાઈ- **भजन प्रवेश करत विस्तारा।**
धैर्यवान प्रभू केर सहारा ॥ ૮૪ ॥

ભાવાર્થ-મૂલતઃ ભજનપ્રવેશની સાથે જ માયાવિની શક્તિઓ રંભા, મેનકા ઈત્યાદિનો વિસ્તાર થાય છે. યૌગિક ઉપલબ્ધિમાં નિશ્ચયાત્મક પથ એક જ છે, એ જ એકતામાં અનેકતાનો સર્વથા લય કરી દેવાય. પછી જ શાશ્વત શાંતિ અને સુખનો સ્રોત ખૂલી શકે છે. જે સ્વાભાવિક ધૈર્યવાન હોય. જે પ્રભુના આધારે જ ચાલનારા હોય, તેઓ બધા પ્રકારે બચી જાય છે.

ચોપાઈ- **जेहि जन लगन लगी इक ओरा।**
तेहि चिन्तन मति कबहुँ न भोरा॥ ૮૫ ॥

ભાવાર્થ-જે મનુષ્યની વિશ્વ-અંતર્યામી પ્રભુ પર એકનિષ્ઠ દૃષ્ટિ હોય તે એક પ્રભુ સિવાય રંભા વગેરે બીજી વસ્તુઓ પર સપનામાંય નજર નથી નાખતા. એવા લોકો સર્વથા એ જ સર્વેશ્વર પર અવલંબિત રહીને,

ભૂલમાં પણ માયાવિનીનાં પ્રલોભનોથી પ્રભાવિત નથી થતાં.

ચોપાઈ- **तेहि संगत मन काम कुरुपा ।**
गज[१०] प्रगटा मोह काम स्वरूपा॥ ८६ ॥

ભાવાર્થ-રંભા ઈત્યાદિની સંગતિથી મનમાં કામેચ્છાનો સંચાર થવા માંડે છે. એમાં સંકળાવાથી સાધકના સૂક્ષ્મ સ્વરૂપમાં કુરૂપતા આવી જાય છે. હાથી કામનું પ્રતીક છે.

સમુદ્રમંથનના પૌરાણિક કથાનકમાં આ જ હાથીને ઐરાવત નામથી ઓળખાવાયો છે.

ચોપાઈ- **गज प्रतीक कामातुर मनसा।**
मन मदमत्त फिरइ गज तन सा॥ ८७ ॥

ભાવાર્થ-વાસ્તવમાં ગજનું પ્રગટીકરણ મનનો કામોન્મુખી પ્રવાહ છે. મન જ્યારે કામના નશામાં મદમત્ત થઈ જાય છે, ત્યારે તે ભજન-ચિંતનના અંકુશને પણ માનતું નથી. ભગવત્-અનુરાગના બંધનને પણ મસ્તીમાં આવીને તોડી નાખે છે. સત્કર્મના સ્તંભોને ઉખેડીને ફેંકી દે છે. સાંસારિક વાસનાઓમાં વિચલિત થતા વિલાસી મનની સ્થિતિ વિકરાળ ગજેન્દ્ર જેવી થાય છે. એ વૃત્તિના નિષ્ઠુર પ્રહારથી સાધક વ્યાકુળ થઈને તરફડે છે, પણ એવા સમયે પણ ઈષ્ટદેવ કૃપામય આધાર આપીને ભોળા પથિકોને કુકર્મ કામકીચડમાં કૂદતાં બચાવી લે છે.

પરમ પ્રભુ વિષ્ણુએ પોતાના પ્રિય ભક્ત નારદ માટે આ જ તો કર્યું.

जेहिं विधि होइहैं परम हित, नारद सुनहु तुम्हार।
सोई हम करब न आन कछु, बचन न मृषा हमार॥

નારદની રક્ષા તો થઈ ગઈ, પણ એનો પશ્ચાત્તાપ એમને ઘણા દિવસો સુધી રહ્યો. જ્યારે પ્રભુ સાથે ફરી મેળાપ થયો ત્યારે પૂછી જ બેઠા કે તો મને લગ્ન કરતાં કેમ રોક્યો? પ્રભુએ સમજાવ્યું,-

सुनु मोनि तोहि कहउँ सह रोषा।
भजहि जे मोहिं तजि सकल भरोसा॥
करउँ सदा तिन्हकी रखवारी।
जिमि बालक राखइ महतारी॥

દોહો- **काम कला पर विह्वला, युक्ति न लागत एक।**
क्षण सुख चित चंचल करे, बचे जे विमल विवेक॥ ૧૪ ॥

ભાવાર્થ-કામપ્રેરિત મન વિષયોથી વ્યાકુળ થઈ જાય છે. એની ઘેલછા એટલી બધી વધી જાય છે કે શમ, દમ, નિયમ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે એક પણ યુક્તિ કામ નથી કરતી. ચિત્ત એટલું ચંચળ થઈ જાય છે કે રતિનું આકર્ષણ પણ ડગમગી જાય છે. આવી સ્થિતિમાં વિશુદ્ધ વિવેક સાથે બ્રહ્મને આશ્રિત રહેનાર પુરુષ જ બચી શકે છે.

કબીરસાહેબે એમને સુરક્ષિત કહ્યા છે કે જેઓ સર્વત્ર વિહાર કરનાર રામના સ્નેહમાં ભીંજાયેલા હોય,-

नारी काली नागिनी, तीनों लोक मझार।
राम सनेही बचि गये, खाये सब संसार॥

ચોપાઈ- **विषयासक्त मन्द मति पापी।**
अन्ध अयु सुख वारुणि[११] व्यापी॥ ૮૮ ॥

ભાવાર્થ-વિષયોમાં આસક્ત થઈને જે મંદમતિ મદાન્ધ થઈ જાય છે, તેઓ ક્ષણિક જીવન સુધી સુખલિપ્સાની મદિરાના વશમાં આવી જાય છે. એ મદિરાનો નશો સંયમપૂર્ણ પથને અવરોધે છે.

સંતપ્રવર તુલસીદાસજી પણ આ તથ્ય પ્રગટ કરે છે,-

मोह न अन्ध कीन्ह केहि केहि।
को जग काम नचाव न जेही॥

ચોપાઈ- **शुभ अरु अशुभ पुण्य दिन राती।**
पाप कहे जे, जे जनमाती॥ ૮૯ ॥

અર્થ-શુભ અને અશુભ, પાપ અને પુણ્ય, દિવસ અને રાતના દ્વંદ્વાતમક ચક્ર પાપોનો ફેલાવો કરે છે તથા જીવોને સંસારમાં લઈ આવે છે. એમનામાં જ ફસાયેલો જીવ સંસારમાં અનેક યોનિઓમાં ભટકતો વ્યાકુળ રહે છે.

ચોપાઈ- **सकल विश्व समृद्धि दुःख भारा।**
हेतु जनम जिय काल पसारा ॥ ૯૦ ॥

ભાવાર્થ-વિશ્વની સમગ્ર સમૃદ્ધિઓ દુઃખના ભારને જ વધારનારી છે. એમાં પ્રગતિ કરવાથી ભૌતિકતાના ભારમાં રજમાત્ર પણ ઘટાડો થવાની સંભાવના નથી. સાંસારિક કામનાઓ જ જન્મ-મરણનું કારણ છે, જેમના પ્રભાવથી સર્વત્ર બધા જીવોને માટે કાળની વિકરાળતાનો વ્યાપક પ્રસાર થઈ રહ્યો છે.

ચોપાઈ- **सकल सृष्टि सुख-दुख संसारा ।**
जहँ लगि जन्म विलय व्यवहारा॥ ૯૧ ॥

ભાવાર્થ-જ્યાં સુધી જન્મ અને મૃત્યુની સીમા છે, ત્યાં સુધી ચરાચર જીવ આ જ કાલચક્રમાં પિસાતો ચીસો પાડતો રહે છે. જન્મ પછી જ્યાં સુધી કોઈ નિરંતર આત્મચિંતન કરતો રહીને પોતાને પરમ પ્રભુમાં સ્થિત નથી કરી લેતો, ત્યાં સુધી '**जनमत मरत दुसह दुःख होई**'ની અનિર્ણયતાથી મુક્ત નથી થઈ શકતો. સકળ સૃષ્ટિમાં સુખ-દુઃખનો વિસ્તાર કરનારી એવી સંભાવનાઓનું કેન્દ્ર આ સંસાર જ છે.

ચોપાઈ- **वह विष[૧૨] संसृति देव चलाया।**
विष काया शंकर गहि खाया॥ ૯૨ ॥

ભાવાર્થ-આ સંસાર જ વિષ છે. દૈવને આશ્રિત રહેનારો સમગ્ર સંસાર જ વિષનો વિસ્તાર છે. આ કાયામાં જ વિષયરૂપી વિષ પ્રવાહિત છે, જેને શંકરજીએ જબરદસ્તી નિયંત્રિત કરી લીધું છે.

ચોપાઈ- **शंक मिटे तब शंकर रूपी ।**
जहँ लगि संसृति शंक स्वरूपा॥ ૯૩ ॥

ભાવાર્થ-બધી જ શંકાઓનું સમાધાન થયા પછી શંકર સ્થિતિની ઉપલબ્ધિ થાય છે. જ્યાં સુધી સંસારનો વિસ્તાર હોય ત્યાં સુધી સંદિગ્ધ વિચારોનો વિસ્તાર જ સમજવો જોઈએ.

તેથી મન પૂર્ણ સંયમિત, સ્થિર અને વિચારશૂન્ય થઈ જાય પછી જ 'શિવ' સ્વરૂપની અનુભૂતિ સંભવ છે.

ચોપાઈ- **सो स्वरूप भजनानन्द आशा ।**
परसि परम सुख रूप उदासा॥ ૯૪ ॥

ભાવાર્થ-ભક્તિના આનંદના માધ્યમથી જ એ શિવસ્વરૂપની આશા રાખી શકાય. પરમતત્ત્વ પરમાત્માના દર્શન અને સ્પર્શની સાથે એ સદા સુખ પરમ ઉદાસીન શંકર સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે.

ચોપાઈ- **तेहि स्वरूप प्रगटे विष खोया ।**
विष पियूष सब सहजहि सोया॥ ૯૫ ॥

ભાવાર્થ-એ શિવસ્વરૂપ પ્રગટ થતાં જ વિષ વિલીન થઈને અમૃતમાં પરિવર્તિત થઈ જાય છે અને સાધક સહજ સ્વાભાવિક સર્વશ્રેષ્ઠ સુખમાં નિમગ્ન થઈ જાય છે. અર્થાત્ આ સ્થિતિ પછી આવાગમનનો ક્રમ હંમેશને માટે સમાપ્ત થાય છે અને આત્મા નિરંતન સહજાવસ્થામાં લય પામે છે. હવે પ્રશ્ન છે કે એ અમૃતની ઉત્પત્તિ કેવી રીતે ને ક્યાંથી થાય છે.

ચોપાઈ- **शशि[૧૩] पियूष संगत सुखकारी।**
जन जानत पद परम भिखारी॥ ૯૬ ॥

ભાવાર્થ-ચન્દ્રમા અને અમૃતની સંગતિ સદા સુખદાયી છે. જેના હૃદયદેશમાંથી આ દશાનો પ્રગટ સંચાર થાય છે એ જ ભક્ત જાણે છે અને આ પદને સ્પર્શ કરતાં જ તરત જ ભિખારી અર્થાત્ શંકર થઈ જાય છે.

શબ્દાર્થ-ભિખારી જે મહાપુરુષોની સામે પરમ તત્ત્વની માગ નથી રહી, તેઓ પરમ ભિખારી છે. આ જ સ્વરૂપ શંકરજીનું પણ હતું. અને સદ્‌ગુરુદેવ પરમહંસજીનું પણ.

ચોપાઈ- **मन ही शशि थिर परसि अकाशा।**
ब्रह्म पियूष[१४] गहत भव नाशा ॥ ૯૭ ॥

ભાવાર્થ-આકાશને સ્પર્શ કરીને મન ત્યાં જ સ્થિર થઈ જાય ત્યારે એવું શૂન્યને અનુસરતું મન જ ચન્દ્રમા છે. શ્રુતિમાં પણ ''**चन्द्रमा मनसो जातः**''થી આ જ તથ્ય પુષ્ટ થાય છે. ગોસ્વામીજી પણ ''**मन शशि चित्त महान**'' પ્રમાણિત કરે છે. આવું મન જ એ બ્રહ્મ-સ્વરૂપ અમૃતનું પાન કરે છે. તે નિરંતન એ આંતરિક ભાવનો રસાસ્વાદ કરતું રહે છે, જેના પરિણામરૂપે માયિક વ્યાધિઓનું જન્મજન્માંતરોથી ચાલતું આવેલું બંધન તૂટવા માંડે છે. આ રીતે ક્રમશઃ કૂટસ્થ અમૃતમય મન, કાળ અને કર્મની સીમાથી વિરક્ત થઈ જાય છે.

ચોપાઈ- **जो काया नश्वर गति त्यागी।**
चरत आकाश स्वाँस संग लागी ॥ ૯૮ ॥

ભાવાર્થ-''**कोउ अवकाश कि नभ बिनु पावा**'' આકાશ કહે છે કે ખાલીપણાને, શૂન્યને. તાત્પર્ય એ કે એ શૂન્યને સ્પર્શ કરીને ચંચળ મન અવકાશને પામે છે. જ્યારે આ શરીરનો સંબંધ છોડીને આકાશમાં સ્થાયિત્વ પામે છે અને ઈશ્વરાભિમુખ થઈને શ્વાસ-પ્રશ્વાસના માધ્યમથી એ શૂન્યમાં પ્રવાહિત રહે છે.

દોહો- **ईश संग जग भास ना, शून्य सूरा दरसात।**
ते चित्त चंदा अमर संग, निशि दिन पिय बरसात ॥ ૧૫ ॥

ભાવાર્થ-ત્યારે ઈશ્વરની એવી સંગતિ થઈ જાય છે કે જ્યાં જગતનો આભાસ નથી હોતો. સુરાની ગતિ આકાશમાં પ્રવાહિત થવા માંડે છે. આવું આકાશવત્ ચિત્ત જ ચન્દ્રમા કહેવાય છે. આવું મન દેવત્વ પ્રદાન કરનાર અમર પ્રવાહ સાથે સંકળાયેલું રહે છે, જેનું પરિણામ રાતદિવસ

ધારાવાહી રૂપે પરમ પ્રિયતમ પરમાત્માને દર્શાવતું અને વરસાવતું રહે છે. અર્થાત્ પરમાત્મ-સંબંધી શુદ્ધિ કરાવતું રહે છે.

આ જ તથ્યનું નિરૂપણ સંત કબીરદાસજીની વાણીમાં આ રીતે થયું છે,-

रस गगन गुफा से अजर झरै।
बिनु बाजा झंकार उठे तहँ, समुझि परै जब ध्यान धरै।
बिना ताल तहाँ कमल फुलाने, तेहिं चढि हंसा केलि करै।
बिना चाँद उजियारी छिटकी, जहँ-जहँ हंसा नजर परै॥

ચોપાઈ- **अजर अमर प्रभु पिय पहचाना।**
दैवि संग बिनु काहु न जाना॥ ૯૯ ॥

ભાવાર્થ-જે પ્રભુ અજર-અમર અને શાશ્વત છે, એ જ મારા જીવનના આધાર પ્રિયતમ છે, એવો દૃઢ વિશ્વાસ ચેતન ચિત્તમાં પ્રવેશ પામે છે, પણ એ ઓળખ માટે દૈવી સંપત્તિનો સંગ્રહ અપેક્ષિત છે. જો એનું રહસ્ય ન મળે તો એ શાશ્વત પ્રત્યક્ષ દર્શનમાં નથી આવતું, તેથી આ દૈવી સંપત્તિ માટે પ્રયત્ન કરવો.

ચોપાઈ- **मथा सिन्धु जग हरि की छाया।**
शुभाशुभम् जग रतन निकाया॥ ૧૦૦ ॥

ભાવાર્થ-જ્યારે કોઈ પથિક પ્રભુનો કૃપાપાત્ર બની જાય છે ત્યારે એમની જ છત્રછાયામાં સમુદ્રનું મંથન કરે છે. આ ભવસિંધુનું મંથન કરવાની અને એની ભીતરથી અમિય ઉપલબ્ધિની બીજી કોઈ રીત નથી. આ મંથનક્રિયાનો પ્રારંભ થયા પછી ક્રમશઃ શુભાશુભ રત્નોની ઉપલબ્ધિ થવા માંડે છે, જેમાંની કેટલીક એવી વિલક્ષણ હોય છે કે જેમને સામાન્ય ચક્ષુઓથી જોઈ શકાતી નથી અને બુદ્ધિથી પારખી શકાતી નથી. એ અલૌકિક ઉપલબ્ધિઓની સીમા કાયાની પકડની બહાર છે. તે તો કેવળ ઈશ્વરી આદેશો અને ઈશ્વરી અવાજોની પકડથી જ સંભવ છે.

ચોપાઈ- **सब संयोग देखि मन क्षोभा।**
अमिय परश रत्नाकर शोभा॥ ૧૦૧ ॥

ભાવાર્થ-આ રીત ઘણાં રત્નોના સંયોગ છતાં મનમાં ક્ષોભ અને ચિંતાની વૃદ્ધિ જ થતી રહી, કારણ કે અમૃતની ઉપલબ્ધિનો અભાવ છે. અમૃતનો સ્પર્શ પ્રાપ્ત થતાં જ રત્નાકરની શોભા વધી જાય છે. ચિત્ત નિરંતર શાંતિમાં સમાઈ જાય છે. વસ્તુતઃ અમૃત વગર રત્નાકરની શોભા જ ક્યાં છે? તેથી અન્ય ઉપલબ્ધિઓ પછી પણ હલચલ રહ્યા જ કરે છે; એ વિશે કહ્યું છે નીચેની ચોપાઈમાં,-

ચોપાઈ- **पुनि सागर महँ हलचल रारी ।**
अमृत बिन भव दुःखद सुरारी॥ ૧૦૨ ॥

ભાવાર્થ-અમૃતના અભાવે સાગરમાં ફરી હલચલ યથાવત્ રહી, કારણ કે અમિય ઉપલબ્ધિ વગર સ્થિરતા ક્યાંથી? એની અભાવમાં અન્ય ઉપલબ્ધિઓમાં પણ આવાગમનમાં નાખવાની તેમ જ દેવત્વ પ્રદાન કરતી દૈવી સંપત્તિનો હાસ કરનારી આસુરી સંપત્તિ વિદ્યમાન હોય છે. પ્રશ્ન ઊઠે છે કે અમૃત છે શું?

ચોપાઈ- **अमृतमय प्रभु परम आतमा।**
चिदाकाश परतीति आतमा॥ ૧૦૩ ॥

ભાવાર્થ-અમૃતમાં સ્વયં વ્યાપ્ત પરમ પ્રભુ જ અમૃત છે. ચિત્ત જ્યારે આકાશવત્ થઈ જાય, ત્યારે એ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર શક્ય થાય છે. ચિત્તનો નિરોધ કરનારી એ અંતસ્ સાધના-પદ્ધતિ જ એની પ્રાપ્તિનું માધ્યમ છે.

ચોપાઈ- **सो अमृत रस दूसर नाहीं ।**
परस प्रभाव सिन्धु भरि जाहीं॥ ૧૦૪ ॥

ભાવાર્થ-એ જ અમૃત રસ આ આત્મા સિવાય બીજું કાંઈ જ નથી. આત્મતત્ત્વનો સ્પર્શ થતાં જ એ જીવાત્મા પોતે પ્રકાશરૂપ થઈ જાય છે. જ્યારે પથિકના હૃદયમાં તે આત્મતત્ત્વ પ્રકાશિત થઈ જાય છે. ત્યારે તે

ભવસિંધુનો વિસ્તાર સુકાઈ જાય છે. ત્રિગુણાત્મક 'પ્રકૃતિ'નો પ્રભાવ પણ સમસ્ત માયિક અનર્થો સાથે 'પુરુષ'માં વિલીન થઈ જાય છે.

ચોપાઈ- **जन हरि परसत हरि के रूपा।**
अमृत मय जन परसि स्वरूपा॥ ૧૦૫ ॥

ભાવાર્થ-એ અમૃતમય પરમાત્માનો સ્પર્શ પામતાં જ ભક્ત હરિસ્વરૂપ થઈ જાય છે. તેથી જીવાત્મા પોતે પરમાત્મામાં બદલાઈ જાય છે. એ સ્વરૂપમાં વિલીન થવાની ક્રમશીલ ક્ષમતા પ્રાપ્ત કરનાર આત્મા બીજાને અમરતા પ્રદાન કરનારી બની જાય છે. અમિય અને આત્માનો સંયોગ જ પુણ્યાત્મા પથિકોને પરમાત્માના પરમ સ્વરૂપમાં લીન કરી દે છે. સંત કબીર આ સ્થિતિનું ભાન કરાવતાં કહે છે,-

अवधू। बेगम देश हमारा।
जहाँ पहुँच फिर हंस न आवै, भवसागर की धारा॥

ચોપાઈ- **तेहिं क्षण अन्तर ध्यान हरीशा।**
को विलगाव जीव अरु ईश॥ ૧૦૬ ॥

ભાવાર્થ-આ વિલયની સાથે જ એ આત્મપ્રેરક જે સાધકની સાથે ઉપલબ્ધિ સુધી ચાલતો રહે છે, તે અન્તર્ધ્યાન થઈ જાય છે. સાધકને સહજ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે. આવી સ્થિતિમાં જીવ અને ઈશ્વરની જુદાઈ કોણ કરે? અંશ અંશીમાં લીન થઈને પૂર્ણ થઈ ગયો. હવે એનું પૃથક્કરણ સંભવ નથી. આ સ્થિતિ અનિર્વચનીય છે. આ જ અવતારની ભેટ અને પરાકાષ્ઠા છે. ફરીથી ક્રિયાના મૂળ તરફ સંકેત કરાયો છે,-

ચોપાઈ- **गुरुवर रूप धरा फर माहीं।**
दीर्घकाल नित जतन कराहीं॥ ૧૦૭ ॥

ભાવાર્થ-જે સત્ય-સ્વરૂપસ્થ સર્વત્ર વ્યાપક સદ્ગુરુ છે, એમના જ સ્વરૂપને ધ્યાનમાં પકડીને હૃદયમાં ધારણ કરું એ એની પ્રાપ્તિનું મૂળ સાધન છે. એ રૂપ સરળતાથી પકડમાં આવતું નથી. માટે એ દિશામાં નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.

ચોપાઈ- **परसत पद उर प्रेरक जागा।**
तब सागर सिधि सब दुख भागा॥ ૧૦૮ ॥

ભાવાર્થ-હૃદયમાં સુપ્ત પ્રભુ, પ્રેરક થઈને જ્યારે જાગ્રત થઈ જાય છે અને સાધકની લગામ પોતાના હાથમાં લઈ લે છે, ત્યારે ભવસિંધુ-મંથનક્રિયાની જાગૃતિ અને પૂર્ણ સફળતા મળે છે. ચારે દિશામાં સફળતાની અનુભૂતિ થયા પછી સંસારસિંધુમાં બધાં રત્નોનો આવિર્ભાવ થાય છે. સાથે સાથે બધાં જ દુઃખોનો અંત આવી જાય છે. ઈશ્વરની પ્રેમવૃષ્ટિથી આત્મા ભીંજાય છે.

દોહો- **सागर मन्थन जोग जन, जन जीवन अभास।**
गुरुवर की सुधि ना मिली, पुनि जग नरक निवास॥ ૧૬ ॥

ભાવાર્થ-ઉપર્યુક્ત સદ્‌ગુરુને મનમાં પકડવાથી જ ભક્તજન સાગરમંથનની યોગ્યતા પ્રાપ્ત કરે છે. તે જ ક્ષણે ભક્ત અને ભગવાનની અનન્યતાની દીપ્તિ પ્રગટ થવા માંડે છે. જો એવા સાધકને કોઈ સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત ન હોય તો ફરી એ જ નારકીય જગતનાં બંધનમાં નિવાસ કરવો પડે છે.

ગુરુની આ જ પાવન મહત્તાનું પ્રતિપાદન કરતાં કબીર ગોવિન્દનીય આગળ ગુરુકૃપાનું નિરૂપણ કર્યું છે,-

गुरु गोविन्द दोउ खडे, काके लागुँ पांय।
बलिहारी गुरु आपने, गोविन्द दियो बताय॥

ચોપાઈ- **योग प्रभाव ईश अवतारा।**
विषय प्रभावित तन विस्तारा॥ ૧૦૯ ॥

ભાવાર્થ-યોગના પ્રભાવથી જ એ ઈશ્વર અને અંતર્પ્રેરક કચ્છપનો અવતાર થાય છે. વિષયાસક્ત પુરુષ પણ શ્રદ્ધાતિરેક અને હૃદયના ભાવોથી એમને જોઈ શકે છે. હા, એ વાત જુદી છે કે અવતરણના

આદિથી અંત સુધી મૂળ માધ્યમ સદ્‌ગુરુ જ છે. યોગની સૂક્ષ્મ જાગૃતિના એકમાત્ર માધ્યમ સદ્‌ગુરુ જ છે, એ સદાય અકાટ્ય સિદ્ધાંતરૂપે સ્થિત છે.

એના ઉદ્‌ગમ માટે સદ્‌ગુરુની કૃપા અપેક્ષિત છે. ઉદાહરણાર્થ 'માનસ'માં ધનુષ્યભંગનું પ્રકરણ ઉલ્લેખનીય છે. યજ્ઞશાળામાં ઉપસ્થિત દેશદેશાંતરના પ્રબળ પરાક્રમી રાજા પોતપોતાના ઈષ્ટ દેવોનું સ્મરણ કરીને ધનુષ્ય ઊંચકવામાં પોતાની ક્ષમતા પ્રગટ કરે છે, પણ ઊંચકવા-તોડવાનું તો દૂર રહ્યું, તેઓ ધનુષ્યને જરાક પણ હલાવીય નથી શકતા,-

परिकर बाँधि उठे अकुलाई। चले इष्ट देवता शिर नाई॥
रहेउ चढ़ाउव तोरब भाई। तिल भर भूमि न सके छुडाई॥

તેઓ છોડાવે પણ કેમ? એમનો પ્રયાસ તો કામનાઓથી ભરેલો હતો,-

डिगइ सन शंभु शरासन कैसे।
कामी बचन सती मन जैसे॥
सब नृप भये जोग उपहासी।
जैसे बिनु विराग संन्यासी॥

પરંતુ સદ્‌ગુરુની પવિત્ર આજ્ઞાને અધીન રહેનારા ભગવાન રામે સહજતાથી ભવ-ચાપનું ખંડન કર્યું.

गुरुहिं प्रणाम मनहिं मन कीन्हा।
अति लाघव उठाय धनु लीन्हा॥

* * *

तेहि क्षण राम मध्य धनु तोरा।
भरे भुवन रब घोर कठोर॥

ચિત્ત તૂટતાં જ ચેતનાનું સ્વરૂપ નિખરે છે, અને વ્યક્તિને સમષ્ટિમાં લય કરી દે છે.

સંબંધ-વિષયી લોકો પણ ભાવની ઉચ્ચતાથી એ ઊંચાઈ પાર કરી શકે છે, પણ પરાશક્તિ દ્વારા પ્રત્યક્ષ સ્થિતિરૂપે એક જ્ઞાની ભક્ત જ

પરખાઈ જાય છે. પરાભક્તિની પરાકાષ્ઠા પર એ જ્ઞાનગરિમા પ્રદાન કરનાર, પરમ ઉત્કૃષ્ટ સ્થિતિનું વિધાન છે. તે માટે જુઓ,-

ચોપાઈ- **कच्छप हरि अवतार कहानी ।**
भक्ति प्रभाव लखत विज्ञानी॥ ૧૧૦ ॥

ભાવાર્થ-કચ્છપાવતાર, સમસ્ત સૃષ્ટિમાં ચેતનાનો સંચાર કરનાર એ હરિની પોતાની કથા છે. પરાભક્તિની અવસ્થામાં જ્ઞાનીજન એ સ્વરૂપની ઝલક પામે છે. ઈશ્વરની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ્ઞાન છે. જે ભક્તિલક્ષી વિમલ બુદ્ધિથી પ્રેરિત હોય, તે જ એ જ્ઞાનની કસોટીમાં ખરા ઊતરે છે.

જ્યાં સુધી પૂર્વજન્મના પુણ્ય અને પુરુષાર્થ જાગ્રત નથી થતાં, હૃદયાદેશમાં સદ્‌ગુરુનો આધાર પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી પરમ પાવન કચ્છપ-અવતાર સંભવ નથી. ગોસ્વામીજીની પંક્તિમાં જુઓ,-

पुण्य पुन्ज बिनु मिलहिं न सन्ता।
संत संगति संसृति कर अन्ता॥

ચોપાઈ- **सब दिन सबहिं काल विधि पूरी।**
योग-युक्ति-अनुराग न दूरी ॥ ૧૧૧ ॥

ભાવાર્થ-પ્રત્યેક દેશ-કાળ-પરિસ્થિતિમાં આ અવતારની વિધિ હંમેશાં એકરસ અને પૂર્ણ છે, કારણ કે એકમાત્ર ઈષ્ટને અનુરૂપ રાગ જ અનુરાગ કહેવાય છે. યુગધર્મનો કોઈ પ્રભાવ એની સામે ક્રિયાશીલ નથી. યોગમુક્તિ અને અનુરાગની ત્રિવેણી જો અંતઃકરણમાં પ્રવાહિત હોય તો એ પરમ પ્રભુના પ્રત્યક્ષીકરણનું વિધાન છે, પણ યુક્તિ ત્યારે જ કામ કરે છે, જ્યારે અનુરાગભર્યા હૃદયમાં કોઈ અનુભવી ગુરુ પાસેથી નિર્દેશ પ્રાપ્ત થતા રહે

ચોપાઈ- **समरथ सम करि जग हरि राखा।**
ईश-अनीश न जीवन भाखा ॥ ૧૧૨ ॥

ભાવાર્થ-આ સફળતા સ્વરૂપસ્થ મહાપુરુષની કૃપા પર જ કેન્દ્રિત છે, જ્યારે એમની ચરણરજ ધ્યાનની પકડમાં આવી જાય, ત્યારે એ ઉપલબ્ધિ સહેલી છે. હરિનાં નામોમાં સમત્વ સ્થાપિત કરાવનાર આ જ સદ્‌ગુરુ છે, જેમના જ્ઞાનરશ્મિથી દ્વૈતનો અંધકાર દૂર થાય છે. સદ્‌ગુરુના આલોકદર્શનથી જ ઈશ્વર, અનીશ્વર, માયા, બ્રહ્માદિનો દ્વંદ્વ દૂર થઈ જાય છે અને સાધકને એ જ અનિર્વચનીય સ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે.

ચોપાઈ- **तिन प्रगटा भव हरण सहारा।**
अनायास गहि बाँह उबारा ॥ ૧૧૩ ॥

ભાવાર્થ-બ્રહ્મવેત્તા સમર્થ સદ્‌ગુરુ જ ભવ-ભયથી દૂર કરનારા છે. પરમ કૃપાળુ ઉર-પ્રેરક જ અધિકારીનો હાથ પકડી લે છે. એમની એ જ મદદ પર આધારિત પથિક આ અતાગ ભવસાગરમાંથી ધીરે ધીરે પાર ઊતરી જાય છે.

ચોપાઈ- **जन उर सम्भव विगत कहनि ।**
दरस-परस जे अज्ञा मानी॥ ૧૧૪ ॥

ભાવાર્થ-જેઓ હરિને સમર્પિત થઈને કેવળ એમની જ પ્રાપ્તિ માટે વિહ્વળ હોય, એવા ભક્તજનોનાં હૃદયમાં અવતારનો ઉદય થાય છે. એ અંતર્દેશમાં થનારી વિવેકમયી વિમલ કથા છે. એ સ્વરૂપનું દર્શન અને આદેશ એ જ પુરુષો માટે છે, જે આજ્ઞાકારી હોય અને સતત પ્રયત્નશીલ હોય.

ચોપાઈ- **आज्ञा कि विधि दूसर नाही।**
उर अन्दर हरि सर्व सुनाही॥ ૧૧૫ ॥

ભાવાર્થ-પથિકના આત્મામાં પ્રભુ જાગ્રત થઈને ત્યાંથી જ શબ્દસંચાર કરતાં કરતાં એને સમજાવતા રહે છે. આ જ રીતે ક્રમશઃ સ્થિતિઓથી અવગત કરાવતાં કરાવતાં પથિકને તેઓ પોતાના સ્વરૂપમાં ઊભો કરી દે છે. જ્યારે તેઓ આત્માથી અભિન્ન થઈ જાય છે, ત્યારે પ્રકૃતિની પ્રત્યેક વસ્તુના માધ્યમથી બોલવા માંડે છે.

આ જ ચર્ચાઓને સાંભળીને મેં, પૂજ્ય ગુરુદેવ ભગવાનને પૂછ્યું કે શું ભગવાન વાતો કરે છે? શ્રી ગુરુદેવજીએ કહ્યું કે 'હા, ભગવાન તો કલાકો સુધી વાતો કરે છે. ધ્યાન ધર્યા કર, તારી સાથેય બોલશે.'

વાસ્તવમાં આ સિવાય આજ્ઞાપાલનનું કોઈ બીજું વિધાન નથી. કેવળ અંતર્દેશમાં હરિની જાગૃતિ પછી જ આ આદેશ સાધકને મળવા માંડે છે.

ચોપાઈ- **ऐसे हरि जो बोलत नाहीं।**
साधन श्रम सुख डर महँ नाहीं॥ ૧૧૬ ॥

ભાવાર્થ-જો એવા ગુરવુત્વવાળા પ્રભુ અંતઃસ્તલમાં પ્રગટ થઈને માર્ગદર્શન ન કરે તો ભોળા પથિકોનાં મન હતાશ થવા માંડે છે. જ્યાં સુધી સાધનાનું મૂલ્યાંકન પરમેશ્વરના દિગ્દર્શન રૂપે ન થાય ત્યાં સુધી સાધકને તે સાધના માત્ર ભારરૂપ પ્રતીત થાય છે અને એના દિવસો સુખમાં નથી વીતતા.

ચોપાઈ- **सदगुरु छवि राखहु उर अंतर।**
अनुभव गम्य ज्ञान गुण मन्तर॥ ૧૧૭ ॥

ભાવાર્થ-પરમકૃપાળુ સદ્ગુરુના તત્ત્વદર્શી સ્વરૂપને હૃદયમાં આસનસ્થ કરી લો; અનુભવમાં એમના દ્વારા અપાયેલા નિર્દેશોને આધાર માનીને ચાલો. કેટલાક દિવસની આંતરિક શુદ્ધિનું સુપરિણામ એ આવશે કે સ્વયં પથિકની સત્યાન્વેષી બુદ્ધિ, જ્ઞાન અને ગુણોના મંત્ર દેનાર સમર્થ પુરુષોની અનુભવગમ્ય શ્રેણીમાં એને મૂકી દેશે.

ચોપાઈ- **प्रथम प्रवेश मिलहि गुरुमाहीं।**
जे अनुभव पर राह धराहीं ॥ ૧૧૮ ॥

ભાવાર્થ-આ પરમ પ્રાપ્તિવાળા ચિંતનપથમાં સર્વપ્રથમ સદ્ગુરુનો જ આધાર પ્રાપ્ત થાય છે, જે પ્રારંભથી પૂર્ણતા સુધી પથિક હૃદયમાં પ્રવેશ પામીને પથસંચાલન કરે છે. એ અનુભવ દ્વારા સાધકના મનમાં જ પ્રેરણાનો ઉપદેશ આપીને એને પરમ પથ પર ચલાવતા રહે છે. પરમાર્થ-પથને વિસ્તૃત કરનાર એકમાત્ર ગુરુ જ મૂળ આધાર છે.

ગુરુની કૃપાનો પ્રભાવ જ એટલો વિલક્ષણ હોય છે કે શિષ્ય કૃપાપાત્ર બનતાં જ આત્મોન્નતિના શિખર પર પહોંચે છે. આ જ ચરણોની પવિત્ર રજ વિવેકચક્ષુઓને વિમલ કરવા માટે અપરિહાર્ય છે. સંત તુલસીદાસજીના શબ્દોમાં જુઓ,-

गुरु-पद-रज मृदु मंजुल अंजन। नयन अमि दृग-दोष-विभंजन॥
तेहि करि विमल विवेक विलोचन। बरनउँ राम चरित भव मोचन॥
गुरु के वचन प्रतीति न जेहीं। सपनेहुं सुगम न सुख सिधि तेहीं॥

दोहो- **गुरु रूठे हरि नाहीं, गुरू नहीं रूठन योग।**
गहि राखे उर बीच में, उर अवतरिया भोग॥ १७ ॥

ભાવાર્થ-જો એવા સદ્‌ગુરુ-મનની જડતાને કારણે, પથિકથી સંભાવી ન શકાય,-રૂઠે તો હરિ પણ આ દશાવાળા અસાવધાન સાધકને મદદ નથી કરતા અને જો કદાચ ગુરુ સહાય કરવાનું જ બંધ કરી દે તો એવી અવસ્થામાં હરિ રહેતા જ નથી, પણ મહત્ત્વની વાત એ છે કે ગુરુ કદી રૂઠતા જ નથી. તેઓ ઘણુખરું દીનોની ત્રુટિઓને સુધારતા રહે છે. તેઓ પથિકના માનસિક પ્રવાહને હૃદયમાં રોકી રાખે છે. એટલું જ નહીં, એના હૃદયમાં એ અવતારના કાર્યકલાપોનો વિસ્તાર કરતાં કરતાં પ્રેમપ્રસાદ વહેંચે છે.

દોહો- **विमल विवेक विरति मति, जे सतगुरु आधीन।**
ते जन पावन आतमा, परमानन्द प्रवीन॥ १८ क ॥

वहाँ न जनमे ना मरे, ना वहिं कलि विस्तार।
व्यापक ब्रह्म स्वरूप सोइ, स्वात्म सृष्टि निस्तार॥ १८ ख ॥

ભાવાર્થ-જે પવિત્ર બુદ્ધિવાળા વિરક્ત સાધકો પોતાની ધ્યાનભક્તિનો દોર સદ્‌ગુરુનાં ચરણોમાં બાંધીને રહે છે, તે જ પ્રવીણ જન સ્વ-આત્માને પરમાત્મામાં લીન કરીને પરમાનન્દમાં સદાને માટે નિમગ્ન થઈ જાય છે. ત્યાં નથી જન્મ, નથી મૃત્યુ, નથી સુખ, નથી દુઃખ, એ દેશમાં નથી યમરાજની પહોંચ કે નથી કલિયુગનો વિસ્તાર. એવી અવસ્થાએ પહોંચેલો

સાધક સ્વ-આત્માની સૃષ્ટિને પરમાત્માના રંગમાં રંગીને વ્યાપક બ્રહ્મના શાશ્વત રૂપમાં પોતે સ્થિર થઈ જાય છે.

સોરઠા- **विमल भोग अवतार, तहँ बस कलि कर गम नही।**
सपदि उतारे पार, विपद पुकारे नर हरी॥ १ ॥

ભાવાર્થ-તે અવતારના ભોગ સર્વથા નિર્દોષ અને નિર્મળ છે ત્યાં કળિયુગ અને યમરાજની ગતિ રહેતી નથી. ઉપર્યુક્ત જાગૃતિ જો હોય તો તે અવતરિત સત્તા (ભગવાન) શીઘ્ર અને નિશ્ચિત પાર ઉતારે છે. સાંસારિક વિષયોમાં જેમને વિપત્તિનું જ્ઞાન થઈ જાય અને જે અસહ્ય વિપદાઓથી ત્રસ્ત થઈને એ પ્રભુને પોકારે, એવા ભાગ્યશાળી નરો માટે એ હરિના પ્રાગટ્યનું વિધાન છે.

સોરઠા- **संस्कार दे साथ, तब गुरु की महिमा बनी।**
सबके समरथ राम, तेहि चल सब जीवन धनी॥ २ ॥

ભાવાર્થ-ઘણા જન્મોના શુભ સંસ્કાર જ્યારે પ્રગટપણે સાથ આપે છે, ત્યારે અમે એ પરમ દયાળુ ગુરુના થઈ શકીએ છીએ. વાસ્તવમાં બધાના આત્મામાં એ પરમ સમર્થ રામનું સ્વરૂપ છુપાયેલું છે. એ જ રામનો આંતરિક આધાર પ્રાપ્ત કરનાર આત્માઓ જગતમાં હોવા છતાં ધનવાન છે. પ્રત્યેક મનુષ્ય એને પ્રત્યક્ષ કરવા માટે અધિકૃત છે. જો ગુરુનો રજમાત્ર પણ આધાર એને પ્રાપ્ત થઈ જાય તો કેટલાય જન્મોના ફેરાથી નિર્બળ પથિક પણ સાધકક્રમમાં સંયુક્ત થઈને સ્વ-સ્વરૂપમાં પ્રવેશ પામે છે.

॥ ॐ ॥

૧-૧૪ : શંખ, અશ્વર, ધનુષ, ધન્વંતરિ, કલ્પવૃક્ષ, કામધેનુ, મણિ, લક્ષ્મી, રંભા, હાથી, સુરા, વિષ, ચન્દ્રમા અને અમૃત આ ચૌદ રત્ન સાગરમંથનની ઉપલબ્ધિ છે.

મત્સ્યાવતાર

કથાવાર્તાના માધ્યમથી જીવજગતનાં અનેકવિધ સત્યો, રહસ્યો અને સિદ્ધાંતો પ્રગટ કરવાની અતિપ્રાચીન પરંપરા છે. સામાન્યથી માંડીને મોટી મોટી વાતોને પણ કથાનકોનો આધાર બનાવાઈ છે. કારણ સ્પષ્ટ છે- મનુષ્યના મન પર કથાવાર્તાનો પ્રભાવ વધુ પડે છે. સૃષ્ટિવિકાસની સાથે સાથે મનુષ્યનો કથાસાહિત્ય સાથે સંબંધ રહ્યો છે. વાર્તા કહેવી-સાંભળવી એ એની પ્રવૃત્તિ રહી છે. તેથી એની ચેતનાને પ્રભાવિત કરવાનું એ એક સાધન બની છે અને કથાના સ્વરૂપમાં પરિવર્તન થતું રહેવા છતાં એનો પ્રભાવ અક્ષુણ્ણ છે.

આત્મતત્ત્વદર્શી, તપોધન મહાત્માઓએ પણ ગૂઢાતિગૂઢ તત્ત્વો, સૃષ્ટિના રહસ્યો અને બ્રહ્મની સત્તાને સ્થાનુભૂતિઓના પ્રકાશમાં આ જ માધ્યમથી વ્યક્ત કર્યા છે. એમણે પરમાર્થપથને વિસ્તૃત કરવા માટે વિભિન્ન પ્રકારનાં કથાનક રચ્યાં અને ઘટનાઓનું મૌલિક સર્જન કર્યું. રૂપકો અને પ્રતીકો દ્વારા અધ્યાત્મતત્ત્વને આપણી સમક્ષ મૂક્યું. ગૂઢ વાતોનું વિવેચન કથાનકના માધ્યમથી થવાથી સરળ, સરસ અને હૃદયગ્રાહી થઈ જાય છે, તેથી મહાત્માઓએ અધ્યાત્મક્ષેત્રમાં એને અપનાવ્યું.

જે તપઃપૂત મનીષીઓએ આ કથાનકોનું નિર્માણ કર્યું, એમનું લક્ષ્ય પરમાર્થપથનો વિસ્તાર કરવાનું હતું. એમણે અધ્યાત્મને સામે રાખ્યું હતું, સમય જતાં એ કથાનકોનો ઉપયોગ લૌકિક ઉપલબ્ધિઓ માટે થવા માંડ્યો અને એનો મહાનતમ ઉદ્દેશ દબાઈ ગયો. અર્થાત્ એમની ભીતર રહેલાં રહસ્યો તરફ ધ્યાન જ ન ગયુ.

મત્સ્યાવતારનું રહસ્ય સમજતાં પહેલાં એક પ્રાચીન કથાનક ઉદાહરણરૂપે સ્વીકારીને ઉપર્યુક્ત વાતોની તપાસ તથા વિષયક્રમને સ્થિર કરી લેવો યોગ્ય થશે. મહારાજ પરીક્ષિત એક મહાત્માના શાપથી અતિદુઃખી હતા. વ્યાસપુત્ર અવધૂત શુકદેવનો કૃપાપ્રસાદ 'ભાગવત' એમને સાંભળવા મળ્યું. રાજાનું કલ્યાણ થયું સમય જતાં ભાગવત-કથન પંડિતોનો ધંધો બની ગયું અને કથાનું રહસ્ય ગૌણ થઈ ગયું. થોડા સમય પછી બીજા એક રાજાએ કલ્યાણની ઈચ્છા કરી. સેંકડો વિદ્વાનોએ

રાજાના કલ્યાણ-સાધન માટે કથાની વ્યવસ્થા આરંભી. રાજાએ કથાની સામગ્રી, દ્રવ્ય વગેરે ભેગું કર્યું અને તે કથા સાંભળવા માંડ્યો. કથા પૂરી થઈ, પણ એનું કલ્યાણ ન થયું,-હર્ષ, શોક, ભય વગેરે રહ્યાં જ. આશા-તૃષ્ણાનો વેગ યથાવત્ રહ્યો. રાજાને બહુ ક્રોધ થયો. એને લાગ્યું કે પંડિતોએ પોતાની સાથે કાવતરું કર્યું હતું. એણે પંડિતોને જેલમાં પૂરી દીધા, જેથી તેઓ ફરીથી આવું કાવતરું ન કરે અને એનો પ્રસાર ન થાય. રાજાએ વારંવાર કથા સાંભળી, પણ કલ્યાણ ન થયું. એટલું જરૂર થયું કે જેલમાં વિદ્વાન પંડિતોની સંખ્યા વધવા માંડી. અંતે અનિચ્છા છતાં રાજાએ કુલગુરુ (પુરોહિત) પાસે કથા સાંભળી. પુરોહિતે કથા પૂરી કરી પછી તે પણ જેલને બારણે પહોંચી ગયો. પુરોહિતના પુત્રે પિતાના સમાચાર સાંભળ્યા. તે રાજા પાસે જઈ પહોંચ્યો. બોલ્યો, 'રાજન! હું આપના કલ્યાણ માટે પ્રયત્ન કરીશ. આપ એક કલાક માટે આપનું રાજ્ય મને આપી દો.' રાજાએ બાળકની વાત માની લીધી. પોતાનો રાજપોશાક ઉતારી નાખ્યો, પછી તે સિંહાસનની નીચે જરા આઘો બેસી ગયો. હવે સિંહાસન પર પુરોહિતપુત્ર વિરાજમાન હતો. તેણે મંત્રીને કહ્યું, 'આ ભૂતપૂર્વ રાજાને થાંભલા સાથે બાંધી દો.' મંત્રીએ આજ્ઞાનું પાલન કર્યું. સિંહાસન પર બેઠેલા બાળકે બીજો આદેશ આપ્યો, 'અમુક નામના પંડિત (પોતાના પિતાનું નામ)ને જેલમાંથી બહાર આણો અને રાજાની બાજુના થાંભલા પર બાંધી દો.' એમ જ કરવામાં આવ્યું. પુરોહિતને બહુ ગુસ્સો ચડ્યો-રાજાએ પાગલપનમાં અમને બ્રાહ્મણોને જેલમાં બંધ કરાવ્યા, એના પુત્રે પણ ઘેલછામાં એને બંધાવી દીધો. થાંભલા સાથે થોડી વાર એ બબડતો રહ્યો. જ્યારે શાંત થયો ત્યારે બાળક બોલ્યો, 'પુરોહિતજી! રાજાસાહેબનું દોરડું છોડી નાખો.' તું પાગલ થયો છે! જોતો નથી, હું બંધાયેલો છું, હાથ-પગ પણ હલી નથી શકતા, રાજાનું દોરડું કેવી રીતે છોડું?-પંડિત ક્રોધે ભરાયા.

બાળક ફરી પાછો બોલ્યો, 'ઠીક તો રાજન! આપ જ પરોહિતજીને છોડી દો. તમે રાજા રહ્યા છો. કોઈ યુક્તિ કરો.'

'વિપ્ર બાળક! હું પણ બંધાયેલો જ છું. તો ભલા હું કેવી રીતે છોડી શકું?'-રાજાએ જવાબ આપ્યો.

અંતે બાળકે મંત્રીઓને બંનેનાં દોરડાં છોડી નાખવાની આજ્ઞા કરી.

સમયસર કામ થઈ ગયું. રાજા ફરી પાછો પોતાના સિંહાસન પર બેઠો. ત્યારે પછી બ્રાહ્મણ બાળકે કહ્યું, 'રાજન! પંડિતો પોતે જ મોહના બંધનમાં બંધાયેલા છે, રાત-દિવસ સારાં-ખરાબ કર્મ ઘર-પરિવાર માટે કરે છે, માયાના ફંદામાં ફસાયેલા છે, તો ભલા તમને કેવી રીતે બંધનમુક્ત કરી શકે? જે શુકદેવ પાસેથી કથા સાંભળીને રાજાનું કલ્યાણ થયું હતું, તેઓ પરમ વિરક્ત મહાપુરુષ હતા. આપ પણ કોઈ વિરક્ત મહાપુરુષ પાસે કથા સાંભળો અને કલ્યાણને પાત્ર બનો.'

એ જ વખતે રાજા વિરક્ત મહાપુરુષને શોધવા મંડી પડ્યો. આ કથાથી 'પૂર્ણપ્રાપ્તિવાળા મહાપુરુષ'ની શોધની પ્રેરણા મળે છે અને એ જ વાતનો અહીં નિર્દેશ છે, પણ જવલ્લે જ કોઈ એ વિશે વિચાર કરે છે. એ એક માત્ર કથા બનીને રહી ગઈ છે. આ જ રીતે અવતાર વિશે પણ કથાઓ છે. એ પરમ પ્રભુને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, વ્યાપક બ્રહ્મનો અવતાર કેવી રીતે પોતાની અંદર થાય, એ સાથે સંબંધિત ઉપાયો તથા સાધનોને મનીષીઓએ કથાનકમાં બાંધ્યાં છે.

મત્સ્યાવતાર પણ એક શુદ્ધ રૂપક છે. સમુદ્રમાંથી એક નાનો મત્સ્ય નીકળીને સ્વયંભૂ મનુને કહેવા માંડ્યો, 'અમારા કુળની મર્યાદા છે કે મોટા અને બળવાન મત્સ્ય નાના અને નિર્બળ મત્સ્યને ખાઈ જાય છે. આપ મારું રક્ષણ કરો.' ચરાચરના રાજા મનુએ એને ઘરમાં રાખ્યો. થોડા જ સમયમાં એ જગ્યા નાની પડવા માંડી. તે પછી મનુએ એને વિસ્તૃત તળાવમાં વ્યવસ્થા કરીને નખાવ્યો અને એનું પાલનપોષણ કર્યું. ત્યાં પણ મત્સ્ય સતત વધતો રહેવાને કારણે જગ્યા ઓછી પડતી જણાઈ, ત્યારે મનુએ મત્સ્યને ગંગાજીની વિશાળ ધારામાં પ્રવાહિત કર્યો. ગંગાસ્થાન પણ નાનું પડ્યું, તેથી મહારાજ મનુએ એને સમુદ્રમાં છોડ્યો અને વ્યવસ્થા કરતા રહ્યા.

સમુદ્રપ્રવેશ પછી મત્સ્ય બોલ્યો, 'રાજન! હવે હું નિર્વિઘ્ન રહીશ. મહાપ્રલયનો સમય આવી ગયો. આપ એક નાવમાં સૃષ્ટિના કલ્યાણકારી બીજ તથા સપ્તર્ષિઓને લઈને બધા પ્રકારની ચિંતા છોડીને બેસી જાઓ. નાવનું મજબૂત દોરડું આપ મારા માથ પરના શીંગડા પર બાંધી દો. ચરાચર સહિત ત્રૈલોકનો નાશ કરનાર એ મહાકાલ પ્રગટ થશે ત્યારે હું આપને નિર્દોષ, અજર, અમર, શાશ્વત સ્થિતિ પ્રદાન કરીને પૂર્ણતામાં સ્થિર કરી દઈશ.

મનુએ એમ જ કર્યું ત્યારે એ મત્સ્ય હજારો વર્ષો સુધી મનુને

પરમાર્થનો ઉપદેશ દેતાં દેતાં સતત ચાલતો રહ્યો. કથામાં નિર્દેશાયું છે કે એ મત્સ્યની ગતિ પ્રકૃતિના તીવ્રતમ ગતિવાળાં પ્રાણીઓ કે માધ્યમો કરતાં પણ વધારે હતી. અર્થાત્, વાયુ, પ્રકાશ વગેરેની ગતિ કરતાં પણ એની ચાલ વધારે હતી. એ ગતિએ ચાલીને મત્સ્યે નાવને હિમાલય સુધી પહોંચાડી અને મનુએ એ નાવને હિમાલયના ઉત્તુંગ શિખર પર બાંધી દીધી. મત્સ્યે રાજાને ફરીથી ખાતરી આપી અને તે અદૃશ્ય થઈ ગયો. થોડી વારમાં મહાપ્રલયનું એ દૃશ્ય શાશ્વત શાંતિમાં બદલાઈ ગયું. મનુએ ફરીથી પરમ કલ્યાણકારી એ બીજને અહીં ત્યાં વેર્યાં અને એ અંકુરિત થઈ ગયાં.

મનુઃ- મનુ જ મનુ છે, જે પોતે સૃષ્ટિનો રચયિતા છે. જે મહાપુરુષો આ મનને વશમાં કરી લે એ સંસારના ક્રમને રોકી દે. ''**मन ही आये जगत बनाके, ऊँच-नीच तन पाया रे।**''

આ સંસાર સમુદ્ર છે, તેમાં અનંત યોનિઓની પરંપરા છે, મન અને ઈન્દ્રિયોની અધોમુખી અનંત પ્રવૃત્તિઓ છે. એ જ અતળ ખાઈ અને ખાડીઓ છે. મન અને ઈન્દ્રિયોની ઊર્ધ્વમુખી પ્રવૃત્તિઓ દ્વારા નિર્મળતા, નિવૃત્તિ (મોક્ષ) સંભવ છે. મોટા ભાગની પ્રવૃત્તિઓ સંસારસાગરમાં જ ફસાવનારી છે, પણ કોઈ સમયે ''**राम भक्ति जल मम मन मीना**''વાળી ઈષ્ટોન્મુખી પ્રવૃત્તિ પ્રગટ થાય છે, જે ભક્તિરસમાં સુખ માનનારી છે. આ જ માનસિક પ્રવૃત્તિ મત્સ્ય છે. ભક્તિની અલ્પ પ્રવૃત્તિઓને માયિક પ્રવૃત્તિઓ ખાઈ જાય છે, નષ્ટ કરી દે છે, એટલે તો એ દુર્બળ મત્સ્યે મનુને પોતાના રક્ષણ માટે વિનંતી કરી. બરાબર આવી જ સ્થિતિ ભક્તના હૃદયની હોય છે. ઈષ્ટોન્મુખી પ્રવૃત્તિ જાગ્રત થતાં જ ભાવિભોર ભક્ત પોતાના મનને જ પોતાના બચાવ માટે કહે છે,-'હે મન! અનેક માયિક મનવૃત્તિઓ (બહુમત્સ્યો)થી બચીને આ થોડીક અમસ્તી યથાર્થ લગની જાગ્રત થઈ છે. આ મંતવ્ય (મત્સ્ય)ની રક્ષાની વ્યવસ્થા કરો.

રક્ષણકાર્ય પ્રથમ ચરણમાં મનુ એ ઈષ્ટમયી પ્રવૃત્તિને ઘટમાં રાખે છે. ઘટ કહે છે હૃદયને! અર્થાત્ તે આ પ્રવૃત્તિને હૃદયમાં જ વ્યવસ્થિત રીતે પ્રવાહિત કરી દે છે. હૃદયમાં લાંબા સમય સુધી સફળ પ્રયોગ દ્વારા આ મત્સ્ય (મનોવૃત્તિ) પુષ્ટ થઈ જાય છે અને ત્યારે ત્યાગરૂપી તળાવમાં પડીને ત્યાગની પૂર્ણતા પ્રાપ્ત કરાવે છે અને પુરુષને ત્યાગપ્રધાન બનાવી

દે છે. ત્યાગપાલનની પ્રક્રિયા નક્કર થઈ ગઈ તેમાં હવે કોઈ અપૂર્ણતા નથી. તેનો સંકાત-'મત્સ્ય તળાવના ખૂણેખૂણામાં ઠસાઠસ ભરાઈ ગયો.'-થી મળે છે.

પ્રયોગાત્મક પ્રવેશથી મનમાં જ્ઞાન પ્રગટ થઈ જાય છે. ''**ज्ञान गंगा नहा ले प्यारे मना**'' મનુના સહયોગથી એટલે કે મનના પૂરેપૂરા સહયોગથી, 'લીકેજ' વગર આ મત્સ્યરૂપી મનોવૃત્તિ જ્ઞાનમાં પ્રવાહિત થઈ જાય છે અને જ્ઞાનની વ્યાપકતાની સાથે ક્ષીરસાગરમાં પ્રવેશીને એવું રૂપ લઈ લે છે. એ ક્ષીરસાગર ઈશ્વરનું વિહારસ્થાન, નિવાસસ્થાન છે. યાદ રાખવું, અહીં સંસારસાગર છે, ત્યાં ક્ષીરસાગર છે, તે ઈશ્વરનું જ રૂપ છે. સંસારસાગરનું તો માપ છે, પણ ઈશ્વરમય સાગરનું નથી, તે તો અનંત છે. ઈશ્વરના નિવાસની વ્યાપક ઉપલબ્ધિમાં મનોવૃત્તિ પણ પૂર્ણતા પ્રાપ્ત કરીને અચળ થઈ જાય છે. ઈષ્ટોન્મુખી પ્રવૃત્તિ એ સાગરના સંયોગથી ઈશ્વરમયતાની લહેરોમાં પરિવર્તિત થઈ જાય છે, જેમાં ત્રણે લોકના સામાન્ય આધાર અને પ્રસારણકેન્દ્ર પૃથ્વી ડૂબી જાય છે. અર્થાત્ સંસ્કારોના અંકુરણનું હૃદયસ્થાન ડૂબી જાય છે.

મત્સ્યના કૃપાપ્રસાદથી, પ્રેરણાથી ઉપલબ્ધ નાવમાં સપ્તર્ષિઓને બેસાડીને મનુ પોતે બેસી ગયા. ક્રમશઃ સાતે ભૂમિકાઓમાં ઋષિત્વ પ્રાપ્ત કરનાર પુરુષ જ નિયમની કસોટીએ ચડે છે, નિયમ જ નૌકા છે. શુભ-અશુભનો અંત આણનાર આ નિયમ પ્રમાણે ચાલવુ તથા યોગની સાતે અતિસૂક્ષ્મ ભૂમિકાઓમાં ઋષિત્વ પ્રાપ્ત કરવું એ 'ઉરપ્રેરક' પ્રભુની બક્ષિસ છે. મનની ઈષ્ટ ચિંતનમયી પ્રવૃત્તિમાં પ્રેરકને સ્થાને સ્વયં ભગવાન જ અવતરિત થઈને ઊભા છે. કોઈ લાખ ભજન કરે પણ જ્યાં સુધી પરમાત્મા ઈષ્ટમય પ્રવૃત્તિનું સંચાલન નથી કરતા તથા પોતાની સ્થિતિઓમાં ઢાળવા નથી માંડતા, ત્યાં સુધી એ બ્રહ્મને સમજી શકાતા નથી. અર્થાત્ માનસિક પ્રવૃત્તિઓમાં સર્વત્ર પ્રેરકના રૂપમાં ઈષ્ટનું અવતરિત થવું અનિવાર્ય છે તથા એ જ મત્સ્ય છે. માનસિક પ્રવૃત્તિના પ્રતીક તે મત્સ્ય પરમાત્મ સ્વરૂપમાં સંચાલિત છે, માટે અવતાર કહેવાય છે.

પ્રેરકરૂપે અવતરિત તે પ્રભુ કોઈ અનુરાગીને લઈને ચાલે છે, ત્યારે હજારો માનસિક પ્રવૃત્તિઓમાં જે રસ-સંચાર છે, તેનો અંત ન આવે ત્યાં સુધી તે ચાલે છે. યાત્રા-સમયમાં એ ઈષ્ટ મત્સ્ય નિરંતર બ્રહ્મનો ઉપદેશ

આપતો ગયો, અર્થાત્ એ ઈષ્ટ જ અનુરાગીને બરાબર ઉપદેશ દેતા રહે છે. ત્યારે જ સમજાય છે-એ જ યથાર્થ ઉપદેશ છે. ઘણુંખરું એની જ પર શ્રી મહારાજજી ભાર મૂકતા-''**हरो...। भगवान पढाया करत है। मोके भगवान पढावत है, तोहूँ के पढ़ै हैं...।**'' અર્થાત્ પોતાની સ્થિતિ સમજાવ્યા કરે છે. હજારો માનસિક પ્રવૃત્તિઓનો અંત આણીને એ આરાધ્ય ઈષ્ટ એ નાવને હિમાલયના શિખર પર બંધાવી દીધી અર્થાત્ માનસિક શુભ-અશુભમા સંચારિત સમગ્ર પ્રવૃત્તિઓની યાત્રા પાર કરી લીધા પછી જે અચળ શાશ્વત બ્રહ્મ છે એની જ ગોદમાં આવીને બંધાઈ જાય છે. હિમાલય બ્રહ્માનો દ્યોતક છે. આ હિમાલયને અચળ જોઈને બ્રહ્મને વાસ્તવિક અચળતાની તરફ સંકેત કરવામાં આવ્યા. હિમાલય શાંત અને શીતળ બ્રહ્મનું પ્રતીક છે. સર્વત્ર બ્રહ્મમયતા તો આવી હતી, દેખાતી હતી, પણ જોનાર એ સાધક જરા જુદો ઊભો છે, તેથી વિલીનતાની અંતિમ સ્થિતિ હિમાલયનો અંતિમ સ્પર્શ અને એમાં બંધાઈ જવું એ છે.-હિમાલય અચળ, શાંત, શીતળ અને સ્થિર કોઈ સત્તા છે, જેને બ્રહ્મ કહીને સંબોધિત કર્યો છે-એમાં પૂર્ણ વિલય પામવાનું છે. વાસ્તવમાં એ અચળ બ્રહ્મમાં પૂર્ણ સ્થિતિ બની ગયા પછી અર્થાત્ એમાં સમાઈ ગયા પછી એ પ્રેરક પણ અદૃશ્ય થઈ જાય છે, કારણ કે હવે કોઈ ભિન્ન સત્તા છે જ નહીં, તો કોને પ્રેરણા આપે?

''**सुरसरि मिले सो पावन कैसे।**
ईस अवनीसहि अन्तर जैसे॥''

આ એકત્વમાં દ્રષ્ટા પણ જુદો નથી રહ્યો, તેથી તે પ્રણયકાલીન દૃશ્ય પણ સમાપ્ત થઈ ગયું. યાદ રાખવું, બ્રમમયતા જ જડચેતન સહિત સમગ્ર સૃષ્ટિને નષ્ટ કરનાર મહાપ્રલય છે. બ્રહ્મમાં સ્થિત થયા પછી સૃષ્ટિ અને બ્રહ્મ બંને નથી રહેતાં. તે કેવલ્ય-સ્વરૂપ મહાપુરુષ જ ફક્ત શેષ છે, જેમાં-

''**ईश्वर ब्रह्म जीव अरू माया फूँक दिए संसार**''
''**बिना इंधन के परकासी**''.....(લાવણી)

જેમાં એ પોતે પ્રકાશ-સ્વરૂપ અને પ્રકાશક છે. એવા મહાપુરુષની પાસે સૃષ્ટિનાં કલ્યાણકારી બીજ રહે છે, જે પરમ કલ્યાણ કરનારાં છે. પતનનાં બીજ એમના પાસે નથી રહેતાં. કલ્યાણનું વિધાન હંમેશાં આ

પરમની સ્થિતિવાળા પૂર્ણ સદ્‌ગુરુઓથી સંભવ થતું આવ્યું છે, જેનું પ્રતિપાદન આ કથાનકમાં છે. હિમાલયમાં બંધાઈ ગયા પછી અર્થાત્ અંતિમ સ્થિતિમાં મનુ મહારાજે કલ્યાણકારી નિર્દોષ બીજ ફેલાવ્યાં. એવી જ માન્યતા છે-જે પોતે જ કલ્યાણ-સ્વરૂપમાં સ્થિત હોય, પોતાનું કલ્યાણ કરી લીધું હોય, તે જ અન્ય પુરુષોનું કલ્યાણ કરી શકે છે.

નોંધ:

૧) *આ કાર્યના પ્રવૃત્તિકાળમાં મનુનું સત્યવ્રત થઈ ગયું હતું, કારણ કે મનની અસત્ય અને સત્ય બંને પ્રવૃત્તિઓ મનની અંદર છે, પણ સાધક જ્યારે ઈષ્ટ તરફ આગળ વધવા માંડે છે ત્યારે એની અસત્ય પ્રવૃત્તિઓ દબાઈ જાય છે અને સત્યવ્રતની પ્રવૃત્તિઓ સબળ થઈ જાય છે.*

૨) *નિયમ જ નૌકા છે, જે ધ્યાનનો દોર તથા શ્વાસના તારોથી ઈષ્યમયી મનોવૃત્તિ (મત્સ્ય)માં બંધાઈ રહે છે. આવી પ્રવૃત્તિમાં ઈષ્ટ પોતે અવતરિત થઈને ગતિમાન પ્રવાહ પ્રદાન કરે છે, તેથી અવતાર છે. તે અવતારનું નિમ્નતમ સ્વરૂપ છે-આરંભનું બિંદુ-જેમાં સંચાલિત થઈને અવતારને પૂર્ણત્વ મળશે. જ્યારે ક્યારેય કોઈ પામે તો આ જ રૂપમાં પામે.*

૩) *અવતાર-વાસ્તવમાં પરમ કલ્યાણકારી મનોવૃત્તિ ત્યારે સમજવામાં આવે છે, જ્યારે ઈશ્વરનો અવતાર થઈ જાય.*

"मन बस होइ तबहि, जब प्रेरक प्रभु बरजे"

કોઈ ગમે તેટલી ભક્તિ કરેને, જ્યાં સુધી પ્રભુનો આવિર્ભાવ ન થાય થાય ત્યાં સુધી તે કલ્યાણકારી ભક્તિ નથી થતી. એ પ્રેરક દ્વારા સંચાલિત થવાની સાથે સાથે અનુરાગી પથિકની ગતિ સૌથી વધુ તેજ અને સૌથી પહેલાં પહોંચનારી, સીધા લક્ષ્ય પર પહોંચનારી થઈ જાય છે, જેની માન્યતા હંમેશાં રહી છે. આપણે બધાને માટે આજે પણ વિદ્યમાન છે.

॥ ૐ ॥

વરાહ અવતાર

હિરણ્યાક્ષ-પ્રાચીન વૈદિક ભાષામાં સૂક્ષ્મ શરીરને હિરણ્યાક્ષ કહે છે. બ્રહ્માથી માંડીને સમગ્ર જગત હિરણ્યગર્ભ કહેવાય છે. તેમાં જન્મ-જન્માંતરોના સંસ્કારોનું 'રીલ' છે, જે મનની ભીતર સ્થિત સંસાર છે. **'तुलसीदास कह चिद्विलास जग बूझत-बूझत बूझै।'** તુલસીદાસજી કહે છે કે ચિત્તનો વિલાસ જગત છે. અક્ષ કહે છે દૃષ્ટિને આ રીતે સંસારમય દૃષ્ટિ જ હિરણ્યાક્ષ છે. એ જ સમસ્ત માયાનું મૂળ, આસુરી પ્રવૃત્તિઓનો ઉદ્‌ગમ છે. તેથી હિરણ્યાક્ષ રાક્ષસ છે, જેણે આ શરીરરૂપી પૃથ્વીને મળમૂત્ર, લોહી-પરુથી સંકળાયેલ ચરાચરમાં સ્થિત આ ગર્ભવાસની યોનિઓમાં ફેંકી દે છે. આ જીવાત્માના દુર્ગંધભર્યા પતનકુંડમાંથી ત્યાં સુધી ઉદ્ધાર નથી થતો, જ્યાં સુધી એ બ્રહ્મનો પથ શુભ નથી થતો. તેથી પૂર્વ-મહાપુરુષોએ સમજાવેલી કેટલીય રીતોમાંથી એક રીત પ્રસ્તુત છે-વરાહ અવતાર!

વરાહ-'વ'નો અર્થ થાય છે કે તે પરમાત્મા અને 'રાહ'નો અર્થ થાય છે રસ્તો. બ્રહ્મનો રસ્તો જ વરાહ છે. તે ભગવાન જ્યાં સુધી આપણી સાધનામાં ઊતરતા નથી ત્યાં સુધી એ બ્રહ્મમાં સ્થિતિવાળા પથ અને ભક્તિનો આરંભ નથી થતો. પૂજ્ય પરમહંસ મહારાજજીનો ઉપદેશ છે કે 'જ્યાં સાધક ઊભો હોય, ત્યાં જ જ્યાં સુધી પ્રભુ દ્રવિત થઈને ઊતરી આવતો નથી, મનને પકડીને નિયંત્રિત કરતો નથી, ત્યાં સુધી ભક્તિ (બ્રહ્મ-પથ)નો આરંભ જ નથી થતો. ભક્તિ ભગવાન કરે છે.' ક્રમશઃ આગળ વધીને પોતાનું તદ્‌રૂપ ઊભું કરી દે છે, જ્યાં મળમૂત્ર-આવરણ નથી હોતું. મળમૂત્રથી વીંટળાયેલું આ શરીર તથા અનંત યોનિ-ખાણ પ્રકૃતિ પુરુષત્વમાં વિલીન થઈ જાય છે, જેને સ્પષ્ટ કરવામાં આવેલ છે કે વરાહે એ મળમૂત્ર રક્તભરી અનંત યોનિઓમાં વિસ્તરેલી પ્રકૃતિને પેટમાં પધરાવી દીધી અને કેવળ નિર્મળ પ્રકાશ વિકસિત થતાં જ અંતર્ધાન થઈ ગયા. તે પરમાત્મા સાધનામાં લીન થઈને સર્વરૂપેણ 'થવામાં' અને આજ્ઞાપાલનમાં તત્પર ભાવિકને બરાબર પોતનામાં જ સમાવી દે છે. જે ક્ષણે ભાવિક પૂર્ણપણે સમાઈ જાય છે, તે જ ક્ષણે એ નિરુધ્ધ ચિત્તમાં પરમાત્મા-સનાતન કહેવાતા પરબ્રહ્મ વિકસિત થઈ જાય છે. આ જીવાત્મા

પરમાત્મા જ થઈ જાય છે. પ્રાપ્ત થવા યોગ્ય કોઈ પરમાત્મા શેષ નથી રહેતા, નથી પોતાનામાં લેશમાત્ર પણ ઊણપ. એને સનાતન, શાશ્વત, સર્વત્ર વ્યાપક, અજર, અમર, અપરિવર્તનશીલ સત્તા જ પ્રાપ્ત થાય છે, આ રીતે જે શાશ્વત સત્તાપૂર્ણ પ્રત્યક્ષ થઈ જાય છે, તેથી એ અવતાર અને અવતારનો ઉપાય છે. શ્રદ્ધાળુ, વિરહ-વૈરાગ્યયુક્ત અને સદ્‌ગુરુકૃપા પર આધાર રાખતા પ્રત્યેક મનુષ્યને માટે અવતારનું વિધાન છે.

*નોંધઃ પ્રાપ્તિ પછી તે ભિન્ન નથી,-સ્વયંમાં પ્રવિષ્ટ છે-"**कै जाने जिउ आपना कैरे जानै पीव**"-તે પોતે જાણે છે. કોઈને કહી કે દેખાડી નથી શકતો. તે અનિર્વચનીય અને અલખ છે, જેની તરફ સંકેત કરો કે તે અંતર્ધાન થઈ જાય. વાસ્તવમાં 'અંડર-ગ્રાઉન્ડ છે. "**सो केवल भगतन हित लागी**" હોય છે.*

પ્રયત્ન ચાલુ રાખવો. સફળતા હંમેશાં સંભવ છે. તેમાં એ સગવડ પણ છે કે થોડીક સાધના પણ અનેક જન્મમાં પસાર થઈને પરમ કલ્યાણમાં સ્થિત કરે છે. જે ચાલતો રહે છે એ જ જરૂર પહોંચે છે.

॥ ૐ ॥

નરસિંહ અવતાર

जन्म कर्म च मे दिव्यं एवं यो वेत्ति तत्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैनि मामेति सोऽर्जुन॥

ગીતા, અ ૪ શ્લોક ૯

અર્જુન! મારો જન્મ, કર્મ અલૌકિક છે. લૌકિકનો અર્થ પિંડરૂપે આવવું-જે ચર્મચક્ષુઓથી જોઈ શકાય, બુદ્ધિથી સમજી શકાય. અલૌકિકનો અર્થ જે આ મન-બુદ્ધિથી ન જોઈ શકાય. તત્ત્વદર્શી મહાત્મા જ એને જોઈ શકે છે. જે વાસ્તવમાં જોઈ લે છે, તે શરીર તજીને ફરી પાછો આવાગમનમાં આવતો નથી. તે મને (ભગવાનને) પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે તો જે લોકો આંખ માંડીને ઊભા છે કે અવતાર થશે તો જોઈશું. તેઓ મોટી ભૂલ કરે છે; કારણ કે કરોડોમાં એક તત્તવદર્શી હોવાનું વિધાન છે.

નરસિંહ અવતાર-નર=આ મરણધર્મા માનવ કેવી રીતે સ્વયંની ઉપલબ્ધિ અર્થાત્ પરબ્રહ્મની સાથે જ હિરણ્યગર્ભ અને કાળને કાપીને અદૃશ્ય સત્ સ્વરૂપ-સિંહ થઈ જાય છે, જે પ્રકૃતિનાં જંગલોમાં સર્વત્ર અભય છે અને શરણાગી, દૈવી સંપદાથી સંચાલિત પુરુષોનો અભયદાતા છે. પ્રેમ દ્વારા આમ થાય છે. આનું જ રૂપક આ પ્રાચીન કથાનક છે. એ અલખ પુરુષની ઉપલબ્ધિનું માધ્યમ છે, તેથી મનીષીઓ દ્વારા એને અવતાર કહેવાયો છે. એમાં ક્યાંક ક્યાંક નરનો નારાયણ સાથે વાસ્તવિક સંબંધ હોય છે, તથી નર-નારાયણ સંજ્ઞા પણ અપાઈ છે. એ જ કથાનકને અહીં નરમાંથી સિંહની સત્તાધારણાથી સંજ્ઞા અપાઈ છે.

પ્રેમ જ પ્રહ્લાદ છે. હિરણ્યાકુશ=હિરણ્ય+અંકુશ. હિરણ્યગર્ભ કહે છે બ્રહ્માની સમગ્ર સૃષ્ટિ અર્થાત્ ચરાતર જગતને. અંકુશ કહે છે એ સૃષ્ટિક્રમની શૂળને, જેમાં જન્મ-મરણની અસહ્ય યાતનાઓ છે. એને જ બીજા શબ્દોમાં આપણે કાળ-ક્રમ કહીએ છીએ. આ હિરણ્યગર્ભનો અંકુશ (શૂળ) હંમેશાં પ્રકૃતિમાં જ વિશ્વાસ બેસાડે છે. એ જ ભગવત્-તત્ત્વોથી વિમુખ કરે છે. હિરણ્યગર્ભ અર્થાત્ બ્રહ્માના પ્રપંચ સાથે ઉત્પન્ન અવિદ્યા હોલિકા છે, જે નિરંતર વિષયાગ્નિમાં ડૂબકી માર્યા કરે છે. પોતે તો પોતાના રૂપને વિષયસ્પર્શની સાથે સાથે પુષ્ટ કરે છે અને પ્રભુ પર

વિશ્વાસ રાખતા જીવોને બાળ્યા કરે છે. આ રીતે પ્રપંચ હિરણ્યગર્ભમાં દૈવી પ્રવૃત્તિ પણ છે. દેવર્ષિ નારદ (કલ્યાણપથ શુભ કરનાર સદ્‌ગુરુ)ના ઉપદેશથી હિરણ્યાકુશ દ્વારા શાસિત દૈવી પ્રવૃત્તિમાં પ્રેમ પ્રસ્ફુટિત થયો. પ્રેમ જ પ્રહ્‌લાદ છે. પ્રેમ જાગ્રત થતાં જ આ હિરણ્ય-અંકુશ કાળક્રમનો બાધક બનીને ખંડ-ખંડ થઈ જાય છે. ''**गृह कारज नाना जंजाला, ते अति दुर्गम शैल विशाला।**'' મોહયુક્ત સ્વજનોની જે જાળ હોય છે, તે જ દ્વૈતનું વિશાળ આવરણ તૈયાર કરે છે. એ જ દુર્ગમ શૈલ છે. હિરણ્યાકુશ (કાળક્રમનું બંધન) આ જ પર્વત પરથી પડે છે. આજે તમે ભક્તિ શરૂ કરો, તો કાલે વિઘ્ન જ વિઘ્ન. એના પ્રહારથી પ્રેમસૂત્ર તૂટી જાય છે. સાગરમાં ફેંકે છે. સંસાર જ સાગર છે. તેથી સંસારના અતળ સાગરમાં ફેંકે છે. પોતાની બહેન દ્વારા જબરદસ્તીથી પકડાવીને અગ્નિમાં નાખે છે. હોલિકા અવિદ્યાનું પ્રતીક છે. એક જ અંતઃકરણમાં અવિદ્યા અનને પ્રેમનું પ્રસારણ છે, તેથી તે હંમેશાં પ્રેમીને પથથી જુદો પાડીને બાળ્યા કરે છે. અવિદ્યા બહુ પુરાણી છે અને પ્રેમ સત્‌પુરુષોના સંસર્ગથી નવીન પ્રસ્ફુટન છે.

આ અવિદ્યા વિષયાગ્નિમાં પ્રેમને સમેટી લે છે, પણ ઈષ્ટના સંરક્ષણમાં પ્રેમનો સૂત્રપાત હોય તો અવિદ્યા પોતે બળી જાય છે, કારણ કે વાસ્તવિક પ્રેમ જ્યાં હોય છે, ત્યાં અવિદ્યાજન્ય કૃત્યોમાં આસક્તિ નથી. હાથીઓ દ્વારા કચડી નખાવાય છે,-''**मन-मतंग माने नही!**'' મન જ્યારે કામવાસનાઓયુક્ત હોય છે ત્યારે મદાંધ હાથીની જેમ દુર્જય થઈ જાય છે, મૂંઝવણમાં નાખે છે, જેના મૂળમાં એ જ હિરણ્યાકુશ, હિરણ્ય અંકુરણ છે. મનમાં પ્રસ્ફુટ થઈને દુર્જય કામના સાણસામાં નાખે છે. પણ પ્રેમના ઈષ્ટનો વરદહસ્ત પણ હોય તો તે પાર ઊતરી જાય છે. અંતે માયા પોતે ઊભી થઈ જાય છે. જ્યારે ગ્રંથિ છૂટવાનો સમય આવે છે, ત્યારે માયા વિકરાળ રૂપ ધારણ કરીને ઊભી થયા કરે છે. ''**छोरत ग्रन्थि देखि खगराया। विघ्न अनेक करइ तब माया॥**''

સ્તંભ પ્રજ્વલિત છે અને એકદમ ઝીણી બાળ-કીડી સ્તંભ પર સવાર છે. મારી નાખવાની ઈચ્છાથી નિશાચર હજીય ઊભો છે. સ્થિર શ્વાસ જ સ્તંભ છે-પ્રેમથી સંચાલિત સ્વર ઈષ્ટરૂપે સ્થાયિત્વ પ્રાપ્ત કરી લે છે, ત્યારે એ જ સ્થાયિત્વ સ્તંભ કહેવાય છે અને ચિત્ત નાદાન

કીડીની જેમ પૂર્ણપણે વિલીનની સ્થિતિ કાળમાં સર્વદા સૂક્ષ્મ થઈ જાય છે. તે સમયે એ જ શ્વાસરૂઢ કહેવાય છે. સ્તંભારૂઢ અગ્નિ બે પ્રકારનો હોય છે-વિષયાગ્નિ અને જ્ઞાનાગ્નિ. ''**ज्ञानाग्नी दग्ध कर्माणम**'' જ્ઞાનાગ્નિ ઈશ્વરમાં પ્રવેશ અપાવે છે, કલ્યાણ કરે છે અને વિષયાગ્નિ બાળે છે તથા ઈશ્વરથી વિમુખ માયામાં ગૂંચવે છે. જે સમયે આ ચિત્તરૂપી કીડી સ્થિર શ્વાસની સ્થિતિ પ્રાપ્ત કરી લે છે, અને સ્વર યોગાગ્નિથી પ્રજ્વલિત થઈ જાય છે, તે જ ક્ષણે તે પરમાત્મા જેવો છે, જે અલૌકિક વિભૂતિઓયુક્ત છે, પ્રગટ થઈ જાય છે.એ પરમાત્મ-સ્વરૂપ પ્રગટ થતાં જ આસુરી પ્રવૃત્તિઓના મૂળ ઉદ્‌ગમ હિરણ્ય-અંકુશ-કાળની જાળનો ક્રમ જ તૂટી જાય છે, હિરણ્યાકુશનું માર્યું જવું એ તે તરફ જ સંકેત કરે છે. આ જ ઉપલબ્ધિને અવતાર કહે છે. શ્વાસના સ્થિતિકાળમાં જીવાત્મા સ્વ-સ્વરૂપને પામીને સિંહ થઈ જાય છે. કાળક્રમ અને આસુરી પ્રવૃત્તિઓમાં પિસાતો દુર્બળ જીવ પ્રેમદ્વારા પૂર્ણત્વની મંજિલે પહોંચીને પૂર્ણપણે હિરણ્યગર્ભ-કાળના ક્રમને કાપીને શાશ્વત સ્વરૂપ-જે સૌને સંરક્ષણ આપે છે એનાથી સભર થઈ જાય છે. આ અદૃશ્ય સત્ત્વને પ્રગટ કરવાની યુક્તિ છે, જેમાં હિરણ્યાકુશ-બ્રહ્માની મહત્ યોનિઓમાં નિયોજિત શૂળ અર્થાત્ કાળનો ક્રમ અવતાર-હેતુ, ઉત્પ્રેરક છે. પ્રેમ દ્વારા અવતારની ઉત્પત્તિ થાય છે. જુદાં જુદાં મહાપુરુષોએ જુદાં જુદાં સમયે વાતાવરણ, સ્થિતિ અને પરિસ્થિતિ અનુસાર જુદાં જુદાં રૂપક રજૂ કર્યાં છે.

'**नाद रंध्रः सः नारद**'-નારદ એક સદ્‌ગુરુ છે. નાદરંધ્રની પ્રાપ્તિવાળા કોઈ મહાપુરુષની પ્રાપ્તિ કરે અને પોતાના હૃદયમાં સ્થિત દૈવી પ્રવૃત્તિ (દૈવી સંપત્તિ)ને બલવતી કરે, જેથી નિર્દોષ પ્રેમ ઉત્પન્ન થઈ જાય. વિરહ-વૈરાગ્યના ઉત્પત્તિકાળમાં તમે એ સિંહસ્વરૂપનો પથ પકડી શકો છો; સ્વરનો પ્રવાહ જ્ઞાનાગ્નિથી ઓતપ્રોત, સ્થિર થઈ જાય, ચિત્તના આવા પૂર્ણ નિરોધ-સમયમાં દર્શન નિશ્ચિત છે. આ સ્થિતિ સદૈવ રહેનારી છે. યોગ્યતાથી બધા કાળમાં સંભવ છે. બાહ્ય પિંડોમાં અવતાર ન તો ક્યારેય થયો હતો, ન આજે છે. એવો કોઈ ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ નથી મળતો.

॥ ॐ ॥

અજામિલ-ઉદ્ધાર

એ આત્માનો ઉદ્ધાર છે, જેને મહાપુરુષોએ પ્રત્યેક મનુષ્યોને માટે ઉપયોગી એક કથાનકનું રૂપ આપ્યું હતું. સમય જતાં ભાષાઓ, રહેણીકરણી અને પ્રવૃત્તિઓ પરિવર્ત્તિત થઈ જવાથી, પહેલાંના કથાનક ધૂંધળાં, વિવાદસ્પદ બની જાય છે. આ વિષમ પરિસ્થિતિઓમાં મહાપુરુષોને નવીન રૂપ આપીને સમજાવવું પડે છે. જ્યારે ઉદ્દેશ તો એક જ છે. હવે આપની સામે આત્મકલ્યાણની મુક્તિ સમજવા જેવું એક પ્રાચીન કથાનક છે-અજામિલ ઉદ્ધાર. અજ-અમલ અર્થાત્ અજર-અમર-નિર્દોષ આત્મા જ અજામિલ છે. 'ગો' નામ ઈન્દ્રિય-સમુદાયનું છે જે સમસ્ત વાસનાઓનો ભાર વહે છે. **'खाद्य-अखाद्य ही खाई'** જે કરવા જેવું ને ન કરવા જેવું બધું કરે છે અને પોતપોતાના વિષય શોધે છે. આ ઈન્દ્રિયો જે ગણિકા છે. આ ઈન્દ્રિયો દશ-અગિયાર ભાગમાં વિભક્ત છે, પણ બધી મળીને વિષયવાસનાના સંગ્રહમાં એક જેવી સંચાલિત છે. મન જ બધાનું મૂળ છે અને એ જ ભોગ કરે છે. અજર-અમર-નિર્દોષ આત્મા એ ગણિકા (ગો)ને આધીન છે. લવરૂપ પુત્ર થયો. એક મહાપુરુષ નારદ, નાદરંધ્રની સ્થિતિવાળા મહાપુરુષે ઉપદેશ આપ્યો અને એ પરમ કલ્યાણમય નારાયણ પ્રત્યે લગની લાગી ગઈ.

આ ઈન્દ્રિય-સમુદાય (ગણિકા) માયા-માનવનો ભાર વહન કરનાર પણ વિષયોથી સંકોચાઈને મનમાં જે અનુરાગ છે એ અનુરાગ પોપટને 'નારાયણ' બોલાવવા માંડે છે. આ ઈન્દ્રિયો આ ભક્તિમાં સહયોગ આપવા માંડે છે. તો પણ ઈષ્ટપ્રાપ્તિમાં જો એક દોરા જેટલું પણ અંતર હોય તો ગણિકા સાથે રહેવા છતાં ભુલાવામાં નાખી દે છે. લાંબા સમયના અભ્યાસના પરિણામરૂપે મનનો મૃત્યુકાળ આવી ગયો અને અનુરાગ અને નારાયણ શબ્દ તદ્રુપ થઈ ગયા. આ મનના વિલીનીકરણનો સમય જ મનુષ્યનું વાસ્તવિક મૃત્યુ છે,-''**मन आये ही जगत बना के ऊँच-नीच तन पाया**'' વાસ્તવમાં મન જગતનો નિર્માતા છે. મન પર વિજય મેળવ્યા વગર જગતથી કોઈ છૂટકારો નથી પામ્યું. જ્યારે બધી વાસનાઓને ભૂલીને મનથી પ્રેમનો દોર નારાયણ સાથે લાગી જાય, ત્યારે તરત યમરાજનું બંધન કપાઈ જાય છે અને વિશ્વનું ભરણપોષણ કરનાર

જે પરમાત્મા છે એનાં કલ્યાણકારી સૂત્રોમાં બંધાઈને કલ્યાણ-સ્વરૂપ થઈ જાય છે. વિષ્ણુના દૂતનું આવવું અને લઈ જવું એ જ સૂચવે છે. એ દરેક માણસની આ જ દશા છે, જે પળેપળે રક્ષણ ઈચ્છે છે. એને માટે એ સાધનાક્રમમાં બદલાઈને સહાયક થઈ જાય છે અને કલ્યાણ માટે સમયાનુકૂળ, ઉપયોગી અને પર્યાપ્ત પથ છે.

॥ ૐ ॥

ગજરાજનો ઉદ્ધાર

मन मतंग मानै नहीं, जब लगि खता न खायौ।
जैसे विधवा नारि कोउ, गर्भ रहे पछताय॥

મહાપુરુષોએ મનને કામનાઓમાં લથબથ, પશુવત્ આચરણમાં પ્રવૃત્ત, મહાન ઉન્માદી અને મુશ્કેલીથી વશ થતું જોઈને એક મદમસ્ત હાથીની સંજ્ઞા આપી છે. ગોસ્વામી તુલસીદાસજીએ પણ કહ્યું છે,-

मन करि विषय अनल बन जरई।
होइ सुखी जौ एहिं सर परई॥

મનરૂપી હાથી નિરંતર વિષયાનલમાં બળે છે. જો બ્રહ્મરસથી સભર ભક્તિના સરોવરમાં પડે તો સુખી થઈ જાય. આ મદાન્ધ મન જ પુરુષના અંતરમાં હાથી છે, જે ભવાટવીમાં પડેલો છે, સંસારસાગરમાં પડેલો છે પ્રાર્થના કરી રહ્યો છે. અસહ્ય પીડાનું રૂખ પ્રત્યક્ષ થઈ ગયું છે. હવે ગજ છૂટકારો ઈચ્છે છે. તે નામ-જપ જાણે છે, તેથી નામમાં રત છે. જો એમ માની લઈએ કે તે પશુ હતો, તો યોગેશ્વર કૃષ્ણ અને ગોસ્વામીજી વગેરે બધા મહાત્માઓની વાણી જ ખોટી પડે. '**कर्मानुबन्धानि मनुष्य लोके**'- યોગેશ્વર કૃષ્ણ અનુસાર મનુષ્યયોનિમાં કર્મ પ્રમાણે બાંધનાર અહંભાવ અને મમતારૂપી મૂળ નીચે અને ઉપર સર્વત્ર ફેલાયેલાં છે. બાકી બધી યોનિઓ કેવળ ભોગ ભોગવવા માટેની છે. પશુ વગેરે યોનિઓ પૂર્ણ મુક્તિને પાત્ર નથી હોતી. ગોસ્વામાજીએ કહ્યું છે,-

नर तन भव वारिधि कहँ बेरो। सन्मुख मरुत अनुग्रह मेरो॥
बडे भाग मानुष तन पावा। सुर दुर्लभ सब ग्रंथन्ह गावा॥
साधन धाम मोक्ष कर द्वारा। पाइ न जे परलोक संवारा॥
जो परत्र दुख पावई सिर धुनि-धुनि पछताय।
कलहिं कर्महिं ईश्वरहिं, मिथ्या दोष लगाय॥

આ રીતે મનુષ્ય શરીર જ સાધના માટે ઉપયુક્ત છે. ''**मनज देह सुर साधु सराहत, सो सनेह सिय पी के**'' સુર-સાધુઓ મનુષ્યદેહની પ્રશંસા કરે છે, કારણ કે કલ્યાણકારી પ્રભુનાં ચરણોમાં પ્રેમ આ જ

શરીરમાં સંભવ છે. સિદ્ધરાજ કાગભુશંડી, વાનર હનુમાન, રીંછ જામવન્ત વગેરે બધાં સંતોનાં નામ છે. આ અનન્ય ભક્તોએ ભજનની પૂર્ણતા કે રક્ષા માટે કુવેશ કર્યો હતો.

किए कुवेष साधु सनमानू। जिमि जग जामवन्त हनुमानू॥

આ સંતો ભક્તિની રક્ષા માટે જ વેશ બદલીને રહેતા હતા, પશુ નહોતાં.

મગરમચ્છ કાળનું પ્રતીક છે. સંસારનુ સ્વરૂપ દર્શાવતાં ગોસ્વામીજી કહે છે,-

रविकर नीर बसै तेहिं अन्तर मकर रूप तेहिं माहिं।
बदनहीन सो ग्रसै चराचर पान करन जे जाहीं॥

સંસાર મૃગતૃષ્ણાનો સાગર છે, જેમાં એક મગર રહે છે. એ મગરને શરીર નથી, તો પણ ચરાચરમાં પ્રસરેલ છે. કાળ જ મગર છે, જેણે ચરાચરને પીરસેલી થાળી બનાવીને સતત ગ્રસી જવાનું કાર્ય આરંભ્યું છે. સંસારસાગરના તળિયે ફસાયેલ અને મગરથી સ્વાભાવિક ગ્રસાયેલ મન જ્યાં સુધી પોતાની શક્તિથી લડે છે ત્યાં સુધી કાળનું બંધન તૂટતું નથી, પણ જ્યારે એ મન-વચન-કર્મથી પોતાના બળનો ભરોસો ગુમાવીને એક ઈશ્વર પર નિર્ભર થઈ જાય છે અને ચિંતનની પકડ સ્થિતિ એક નામમાત્ર શેષ રહી જાય છે, મન નામમાં સમાઈ જાય છે, એ નિરોધની સાથે જ પરમાત્મા સ્વયં ઊતરી આવે છે અને સર્વત્ર પ્રસારિત એ મગર-કાળનો અંત આણીને એવા ભક્તનો ઉદ્ધાર કરે છે. આ ભવસરિતામાં વહેતા માનવનો વાસ્તવમાં આ જ ઈલાજ છે. જે સૃષ્ટિથી ઉદ્ધારની સદૈવ પ્રયોગાત્મક વિધિવિશેષ અને માનવને માટે સદૈવ કલ્યાણનો ઉત્તમ પથ છે. સૃષ્ટિ પર ઉત્પન્ન પુરુષોની મનઃસ્થિતિ ઉપર્યુક્ત પરિવેશમાં ગજ જેવી હોય છે, તથા સંરક્ષણ માટે તરફડાટ પણ આવો જ હશે. મોક્ષ પણ પ્રભુદર્શનની સાથે સંભવ છે.

આ સંઘર્ષમાં એક વિશેષતા એ પણ હતી કે સહસ્ર વર્ષ સુધી મન (ગજ) પોતે લડ્યું અને અંતે એણે પ્રભુને પોકાર્યાં. એ જીવિત કેવી રીતે હતું? પાણીમાં ચારો ક્યાંથી મળ્યો?

વાસ્તવમાં આ મનના નિરોધની એક મુક્તિ છે. ચિત્ત હજારો પ્રવૃત્તિઓમાં પ્રવાહિત છે. કોઈ ને કોઈ ઉધામાં કરતું રહે છે. હજારો પ્રવત્તિઓનો નિરોધ થયો, ચિત્ત એક ચિંતનમાં સમાઈને તદ્રૂપ થઈને નષ્ટ થયું, ત્યાં જ વિષ્ણુ (વિશ્વમાં અણુ સત્તા પરમાત્મા) પ્રગટ થઈને બંધન કાપીને એકરૂપ કરી લે છે. આ જ ઉદ્ધાર છે. પ્રભુ સર્વસ્વનું હરણ કરીને પોતાના સ્વરૂપની સ્થિતિ પ્રદાન કરી દે છે, માટે આ અવતારોમાંથી એક આ પણ 'હરિ' અવતાર છે.

॥ ॐ ॥

અવતારનું વિશદ્ દર્શન

૧ - ''મહાપુરુષ''

યોગી અવતારનો પ્રવેશ છે, અને માત્ર યોગી જ અવતારવિશેષમાં પ્રાગટ્ય અને પ્રશસ્તિનું મૂળ માધ્યમ હોય છે. અધિકારીને માટે પરમાત્મામાંથી પ્રગટેલા અલૌકિક અવરણનો આરંભ આ જ મહાપુરુષો દ્વારા થતો આવ્યો છે. પરમનું દિશાદર્શન પામેલા એ તપોધન સદ્ગુરુઓ દ્વારા સંચાલિત થતાં થતાં, સાધનાક્રમ દ્વારા સમસ્ત પ્રાણીઓમાં સ્થિત આત્માનો સાક્ષાત્કાર કરતાં કરતાં, જ્યાં સુધી બધાંના મૂળભૂત પરમાત્મા-સ્વરૂપમાં સમાઈ ન જાય ત્યાં સુધી યોગી માધ્યમ રહે છે. વસ્તુતઃ એકમાત્ર એવો જ યોગી અવતારના પ્રવેશ અને વિશદ્ પરમાત્માનાં કિરણોનો સંચાર છે. જો મહાપુરુષનો અંતઃસંયોગ ન હોય તો ભગવાન તથા અવતાર નામની કોઈ પણ વસ્તુનું સર્જન અને સૃષ્ટા અસંભવ છે.

ભગવાન કદી નષ્ટ નથી થતા. તેઓ તો બધાંની જીવનધારામાં વ્યવસ્થિત અને અપરિવર્તનશીલ સત્તા છે, જે કદી નષ્ટ ન થાય. એમની વિદ્યમાનતા તો સદાય અને સર્વત્ર છે, પણ મનુષ્યના ઉપભોગ માટે નથી. પરમાત્મા અને એમના દ્વારા પ્રગટેલી વાણીના પ્રસારણનું એકમાત્ર માધ્યમ તત્ત્વસ્થિત મહાપુરુષ છે. બ્રહ્મમય એવા મહાપુરુષ જોકે અવતારના કાર્યક્ષેત્રની પકડથી સર્વથા નિષ્કામ અને પર હોય છે, તો પણ અન્ય (નર) પુરુષોના અંતઃકરણમાં અવતારનું અલૌકિક અને ચમત્કારપૂર્ણ કલ્યાણ-સૃજન કરવા માટે પથપ્રદર્શક બની જાય છે.

આ સંદર્ભમાં કબીરના જીવનવૃત્તમાંથી એક ઉદાહરણ પ્રસ્તુત છે,-

એક વખત કબીરની ભક્તિભાવના અને હૃદયવેદનાથી ઉત્પ્રેરિત થઈને ગુરુ અને ગોવિંદ બંને એમની સમક્ષ પ્રગટ થઈ ગયા. (આ યોગની પરાકાષ્ઠા છે.) થોડીક વાર કબીર વિચારમાં રહ્યા કે નમન કોનં કરું?-

''बलिहारी गुरुदेव की, जिन गोविन्द दियो बताय।''

આવો વિચાર કરીને પહેલાં એમણે પોતાને ગુરુદેવને અર્પિત કર્યા,

કારણ કે એમના જ પ્રસાદથી પરબ્રહ્મનાં દર્શન થયાં અને કબીર તરત જ એ જ રૂપમાં પ્રવેશ પામી ગયા.

''तहाँ न इश्वर जीव न माया, पूजक पूज्य न चेरो''

ત્યાં નથી ઈશ્વર, નથી જીવ કે નથી માયા પણ. ત્યાં નથી કોઈ પૂજવા યોગ્ય અને નથી આમતેમ ફરતા રહેતા કોઈ ચેલા. તો શું બચ્યું?

''अवध बेगम देश है मेरा।''

તે અગમ્ય અને અતાગ છે, એ જ તો મારું સ્વરૂપ અને દેશ છે.

આવા નિર્લેપ ઉપલબ્ધિવાળા મહાપુરુષ એ પરમ ચેતનાત્માની ઉપલબ્ધિનો સૂત્રપાત કરે છે, જે અવતારના પરિવેશમાં આવે છે. એમના દ્વારા ઉત્પન્ન થનારી પરમાત્માની પાવન સંચાલિકા-શક્તિનું નામ અવતાર છે. એ મહાપુરુષ સાધકના અંતર્જગતમાં પરમાત્માની પાવન શક્તિઓનો સંચાર ઉત્તરોત્તર વિકસિત કરતાં કરતાં, સર્વત્ર બ્રહ્મમયતા પ્રદાન કરતાં કરતાં, એના અસ્તિત્વનો લોપ કરીને અન્તર્ધાન થઈ જાય છે. પછી તો એ યોગી સાધક નથી રહેતો, પણ માનવમાત્રમાં એને એક સ્વરૂપ, શાશ્વત સત્તા, પ્રભુનું જ પ્રતિરૂપ દૃષ્ટિગોચર થાય છે. આ જ સ્થિતિવિશેષના સંત કબીર થયા છે,-

(આવા મહાપુરુષો શરીરને ઈચ્છા પ્રમાણે ચલાવનારા હોય છે, જે કાગભુશંડી, કબીર, શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરે મહાત્માઓના જીવનથી પ્રમાણિત છે. યોગવિશેષની પરાકાષ્ઠાવાળા પ્રત્યેક મહાપુરુષનું આ જ સ્વરૂપ છે.)

મહાપ્રલયમાં પણ જેમનો નાશ નથી થતો એ કાગભુશંડીજીએ ગરુડની શંકાનું સમાધાન કરતાં કહ્યું, ''શરીરનો ત્યાગ કે એને જાળવી રાખવું એ મારી ઈચ્છા પર આધાર રાખે છે,-

तजउँ न तन निज इच्छा मरना।
तन बिन भजन वेद नहिं बरना॥

અનુસૂઈયા આશ્રમસ્થિત શ્રી ૧૦૦૮ પૂજ્ય પરમહંસજી મહારાજ

સત્સંગમાં આ પ્રસંગ આવતાં ઘણુંખરું કહેતા કે, ''હા! હવે મારે મરવાનું નથી, યમરાજ અને માયાનાં બંધન તૂટી ગયા, કાળનો ફાંસલો તૂટી ગયો. ભગવાને મને મોક્ષ આપ્યો છે. હા, કોઈ ગોળી મારે તો શરીરનો ત્યાગ કરી દઈશ.'' વાણીની ચોટ સૌથી મોટી ચોટ છે. સાધકોના મુખે વાણી પ્રગટ થશે ત્યારે હું સમજી લઈશ કે હવે એમને મારી જરૂર નથી, ત્યારે શરીર તજી દઈશ. અંતે મારા જ દ્વારા લાપરવાહીથી નીકળેલા શબ્દોને માધ્યમ બનાવીને બે-ચાર વખત એમણે કહ્યું, ''શબ્દો શું છે? ગોળી સમાન લાગે છે! હું કેવી રીતે કહું, છેદતી નીકળી જાય છે!'' આમ કહીને હસવા માંડ્યા, અને મૌન થઈ ગયા તથા ઉપદેશ દેવા માંડ્યા. ચાર દિવસ અવિરત સત્સંગમાં સંપૂર્ણ સાધનાપરાયણ પથિકોને સંબોધિત કરીને આ સાધનાત્મક ઉક્તિ પર ભાર મૂક્યો,-

जब लगि राम नाम जीहा तू न जपि है।
तौ लौं तूँ कहूँ जाई तिहूँ ताप तपि हैं॥

જ્યાં સુધી તમે લોકો જીભથી રામનામ નહીં જપો, ત્યાં સુધી ગમે ત્યાં જશો તો પણ આ તાપ-પિંડ નહીં છોડો. ભાન થશે કે આ ઈન્દ્ર છે, ઉપર બેઠા છે, હું નીચે બેઠો છું. આ રીતે મનમાં સંતાપ રહેશે. માટે સતત જપ કરો અને શ્વાસ પર દૃષ્ટિ રાખો. અને બરાબર પાંચમા દિવસે સમાધિની મુદ્રામાં પંચતત્ત્વ દ્વારા નિર્માયેલા આ પાર્થિવ શરીરનો પરિત્યાગ કરી દીધો.

॥ ॐ ॥

૨-શ્રીકૃષ્ણ પરિચય

મહાયોગેશ્વર શ્રીકૃષ્ણ પણ આ જ સ્થિતિવિશેષ સાથે સંકલિત એક મહાપુરુષ છે. એમણે પોતે પોતાનો પરિચય યોગામૃત પ્રસારિણી વાણી 'ગીતા' શાસ્ત્રમાં આપ્યો છે, જેનું તાત્પર્ય છે કે શ્રીકૃષ્ણ એક યોગદાતા મહાપુરુષ છે. મહર્ષિ વ્યાસે પણ આનું સમર્થન મુક્ત કંઠે વસ્તુતઃ પરમ પુરુષના પરિવેશમાં કર્યું છે. પણ સૂર, ચૈતન્ય જયદેવ વગેરે ઘણા રસિક ભક્તો અને કવિઓએ વિભિન્ન ભાષા તથા ભાવોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણના પાવન ચરિત્રને ઉદ્ધૃત કરીને ભગવાનની પુષ્ટિ કરી છે. યોગક્રિયાની જાગૃતિથી પ્રત્યેક સાધકો એ મહાન ઐશ્વર્યસંપન્ન પુરુષોને આ જ પરિવેશમાં પામ્યા છે. એમને પરાત્પર બ્રહ્મ, પરમાત્મા અથવા અવતાર કહ્યા છે. આમ યથાર્થતઃ સત્ય એ જ છે, જે યોગેશ્વર શ્રીકૃષ્ણની વાણી દ્વારા પ્રગટ થયું છે. યોગેશ્વર શ્રીકૃષ્ણના પાવન મુખથી પ્રસારિત અને પ્રગટેલી વાણી ગીતા દ્વારા જણાય છે કે તેઓ આત્મસ્થિત મહાપુરુષ છે. ભક્ત અર્જુનનું કલ્યાણ કરતાં એમણે પોતાની શાશ્વત વાણી દ્વારા અનેક ભ્રાંતિઓનું નિવારણ કર્યું, જેમ કે,-સનાતન, શાશ્વત, અજર અમર, આત્મા તથા પરમાત્માનો ભેદ અને સ્થિતિ, વર્ણવ્યવસ્થા તથા વર્ણસંકરનું સ્વરૂપ, કર્મ તથા અકર્મ, જ્ઞાનમાર્ગ તથા યોગમાર્ગનાં કર્મોનું વિશ્લેષણ, માનવનાં બે રૂપ, યજ્ઞ તથા કર્મની અભિન્ન પ્રણાલી ઈત્યાદિ. એ સાથે જ એમણે પોતાના વાસ્તવિક સ્વરૂપથી પણ અવગત કરાયા કે હે અર્જુન! હું પણ એક મહાપુરુષની જેમ અવસ્થાવિશેષવાળો છું. પરમાત્મ-તત્ત્વમયી સ્થિતિવાળા મહાપુરુષની વિશેષતાઓ (જેવી કે આત્મામાં જ તૃપ્ત અભિન્ન તથા પરિપૂર્ણ પાવનતા) સાથે તુલના કરતાં સ્પષ્ટ શૈલીમાં કહ્યું કે હું એક મહાપુરુષ છું. જેમ ગીતાના ત્રીજા અધ્યાયના ૧૬થી ૨૩ સુધીના શ્લોક (ક્રિયાત્મક તથા બોધગમ્ય શૈલીમાં હૃદયંગમ કરીને)માં કહ્યું છે,-

જે પુરુષ મેં નિર્ધારિત કરેલાં યજ્ઞકર્મ નથી કરતો તે પાપયુક્ત પુરુષ વ્યર્થ જ જીવે છે, પણ જે પરમ આત્માથી પરિપૂર્ણ, સંતુષ્ટ તથા તૃપ્ત અને આત્મરત હોય છે, એને માટે ક્યારેય કર્મોની જરૂર નથી. એ પુરુષ કર્મવિશેષ કરે તોય નથી કોઈ લાભ ને ન કરે તોય નથી કોઈ હાનિ. પણ

આ આત્મસાત્ સ્થિતિવિશેષ કર્મ કર્યા વગર કોઈને મળતી નથી. જનક વગેરે મહર્ષિઓએ પણ આ જ કર્મવિશેષ કરીને જ પરમ સિદ્ધિ (નૈષ્કર્મ્ય) પ્રાપ્ત કરી. આવા મહાપુરુષ લોકશિક્ષણ અને પાછળ રહેલાઓના હિતની શુભ ઈચ્છાથી કર્મમાં જ રત રહ્યા. કૌન્તેય! મને પ્રાપ્ત થવા યોગ્ય કિંચિત માત્ર વસ્તુ પણ હવે અપ્રાપ્ય નથી, તો પણ પાછળ રહેલાઓના હિતની ઈચ્છાથી હું પણ સારી રીતે કર્મમાં મગ્ન છું. જો હું સાવધાન થઈને કર્મરત રહું, તો આ સમસ્ત પ્રજા (સમાજ) જ વર્ણસંકર તથા નષ્ટભ્રષ્ટ થઈ જાય અને હું આ પ્રજાને નષ્ટ કરનાર દોષી બનું.

ટિપ્પણી-પ્રત્યેક જીવાત્માનો શુદ્ર વર્ણ અને એની આકૃતિ પરબ્રહ્મ પરમાત્મા જ છે. જે આત્મા માટે પરમાત્માનો સંયોગ થતાં શક્ય થાય છે. તેથી એ યજ્ઞકર્મ વિસ્તૃત થઈ જાય તો પુરુષ વર્ણસંકરતાની ગર્તામાં પહોંચી જાય છે. એ કર્મવિશેષ અને યજ્ઞકર્મની જાગૃતિ પૂર્ણ મહાપુરુષ સાથે સંબંધ રાખીને પ્રવાહ રૂપ લે છે.

વસ્તુતઃ મનુષ્યનું મગજ એક નિયત વિશેષ સાથે બંધાયેલું છે. સન્માનિત મહાપુરુષ જે આચરણ કાર્યરૂપે પ્રમાણિત કરી જાય છે, એનું જ એ અનુસરણ કરે છે. તેથી મહાપુરુષોએ પોતાને માટે બિલકુલ જરૂર ન હોય તો પણ પાછળ રહેલાઓના માર્ગદર્શન માટે સારી રીતે યજ્ઞકર્મ કરવાં જોઈએ અને એમની પાસે કરાવવાં જોઈએ. એ અજ્ઞાનીઓની ક્રિયામાં ભ્રમ ઉત્પન્ન ન કરવો જોઈએ.

સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણે આત્મસ્થિતિ મહાપુરુષો સાથે તુલના કરતાં પોતાનો પરિચય આપ્યો કે હું એક મહાપુરુષ છું. તેમણે કહ્યું કે 'મને કોઈ કર્મ લાગુ પડતું નથી.' એ જ રીતે 'સ્વરૂપમાં સ્થિત આત્મામાં જે સંતુષ્ટ પુરુષને માટે પણ કોઈ કર્મ આવશ્યક નથી. હું પણ પાછળ રહેલાઓના હિતની ઈચ્છાથી કર્મરત છું અને એ મહાપુરુષો પણ પાછળનાઓના કલ્યાણ માટે કર્મ કરે છે અને પાછળ રહેલાઓના હિતની ઈચ્છાથી જ આરાધના કરે છે.' કર્મનો અર્થ આરાધના છે.

અધ્યાય ૯માં ૧૧થી ૧૫મા શ્લોક સુધી તથા અધ્યાય ૭માં બ્રહ્મવિદ્યાનો વિજ્ઞાન સહિત પરિચય આપતા, સ્વયં સૌથી જુદા સ્થિત હોવા છતાં યૌગિક પ્રભાવથી બધાના સંપર્કમાં રહેવાનો પરિચય આપતાં

કહ્યું કે 'દોષદૃષ્ટિવાળા મને એવો ન સમજીને મારા વિશે ઊલટી કલ્પના કરે છે. સર્વ ભૂતોના મહાન ઈશ્વર, મારા આવા સ્થિત કે પરમ ભાવને ન જાણનારા મૂઢ લોકો મને તુચ્છ કહીને પોકારે છે. મનુષ્યશરીરના આધારવાળો હોવાથી મારા મહાન આત્માને સાધારણ મનુષ્ય માને છે. આમ કહેનારા વૃથા આશા, વૃથા કર્મ અને વૃથા જ્ઞાનવાળા તથા ભ્રમિત ચિત્તવાળા પુરુષ મોહિત કરનારી આસુરી તથા રાક્ષસી વૃત્તિ ધારણ કરી રાખે છે; પણ હે અર્જુન! દૈવિક પ્રવૃત્તિ અને યથાર્થ દૃષ્ટિવાળા જ મહાત્મા જન છે, તેઓ સનાતન, અવિનાશી સમજીને અનન્ય ભાવથી મને ભજે છે. જુઓ, અહીં સ્વયં ભગવાને મનુષ્ય શરીરની અંદર રહેનારી પોતાની માનસિક ગતિને મહાન ઈશત્વમાં તથા પરમતત્ત્વમાં સ્થિતિ કહીને સ્પષ્ટ કરી દીધું કે હું એક યોગી છું. યોગી પણ શરીરને જ આશ્રિત સ્થિત રહે છે, અને હું પણ શરીરના જ આધાર પર છું.

ગીતામાં સમાપ્ત થતાં એકાગ્રચિત્ત સંજય ભગવત્-તત્ત્વને અક્ષરશઃ સમજ્યા અને એના જ પ્રભાવથી પોતાને કૃતાર્થ અને પરલોકવાસી પણ બનાવ્યા. એ જ સંજયે ભગવાન કૃષ્ણનો સંપૂર્ણ પરિચય 'યોગેશ્વર કૃષ્ણ' અને 'યોગેશ્વર્ય'થી અલંકૃત કરીને આપ્યો. જે પોતે યોગી હોય અને યોગ પ્રદાન કરવાની જેમનામાં ક્ષમતા હોય, એમને યોગેશ્વર કહે છે. મહાભારત સમાપ્ત થતાં ફરીથી ગીતા વિશે ચર્ચા થઈ, ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું, 'અમે તો ભૂલી ગયા. અર્જુનને પણ હવે એનું સ્મરણ નથી રહ્યું, કારણ કે પૂર્ણતા પછી વસ્તુસ્થિતિ સાથે સાધનાની જાણકારીઓ પણ એ પૂર્ણત્વના પરમ આનંદમાં તદ્રૂપ તત્ત્વસ્વરૂપ જ થઈ જાય છે. પણ અન્યને માટે વિધાન છે. સંજય ભૂલ્યો નહોતો. એણે સ્પષ્ટપણે ભગવાનનો પરિચય આપતાં કહ્યું,-

यत्र योगश्वर कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम॥

'યોગેશ્વર' અર્થાત્ યોગના ઈશ્વર, જેમને યોગ પર સ્વામિત્વ પ્રાપ્ત હોય. આ પૂર્ણતા તથા પૂર્ણ યોગીનાં લક્ષણ છે. તેથી ભગવાને કહ્યું કે 'મહાત્માઓને શરણે જાઓ. એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરીને, એમના જ નિયમનું અનુસરણ કરો, તેથી તે પ્રસન્ન થઈ જાય.

એમની પાછળ એમને સમર્પિત કરી દો. તે તત્ત્વને જાણનારા તને એ જ તત્ત્વનો ઉપદેશ કરશે અને તને પોતાના તત્ત્વ તરફ ખેંચશે.' અનુરાગી જ અર્જુન છે અને એ મહાપુરુષ જાણે છે કે આજે આ અનુરાગી મારા શરણમાં છે, પણ બસો વર્ષ પછી (ભવિષ્યમાં) જે અનુરાગીઓ થશે, તેઓ કોનું શરણ લેશે? માટે કોઈ યોગેશ્વરના શરણમાં જાઓ, કારણ કે કૃષ્ણ યોગેશ્વર હતા.

કૃષ્ણે ભવિષ્યમાં આવનારી પેઢી, યોગપરંપરા તથા નવા થનારા સાધકોનો પૂરો ખ્યાલ પોતાના શાસ્ત્રમાં રાખ્યો છે, જેમ એ પહેલાં કહી ગયા છે કે મારે માટે કોઈ કર્મ શેષ નથી, તો પણ પાછળ રહેલાઓના હિતની ઈચ્છાથી કર્મ કરતો રહું છું. આ જ રીતે તત્ત્વદર્શી યોગી માટે પણ કોઈ કર્મ બાકી રહેતું નથી. તો પણ પાછળનાને ચલાવવા માટે તે કર્મ કરતો રહે છે.

નોંધ-યોગેશ્વર કૃષ્ણ આરાધનાને કર્મ માને છે.

મહાપુરુષ સ્વયંમાં પૂર્ણ, અવતારના જ્ઞાતા તથા પૂર્ણ બ્રહ્મમયી સ્થિતિવાળા હોય છે. તેઓ શરીર કદાપિ નથી. હા, જ્યારે શરીરનો જીવનકાળ શેષ રહે અને યોગીની યોગસાધના મૂળને સ્પર્શ કરી લે, ત્યારે એવી બ્રહ્મમયી સ્થિતિ સંભવ છે. એવો મહાપુરુષ પરમાત્મામયતામાં સદા સમાહિત, સદૈવ પરમનું દિશાદર્શન કરીને, પરમ ભાવનમાં સ્થિત પરમાત્માનું સ્વરૂપ છે, પણ આ શાશ્વત સત્તાનું પાવન વિધાન અને વિશેષતા સદૈવથી રહી છે કે એ પરમાત્માના પરમ ભાવનું પ્રગટીકરણ નર-તનના આધારવાળું છે.

નોંધ-માનવોમાં નર એક સ્થિતિવિશેષ છે, સ્ત્રી-પુરુષ કોઈ પણ નર થઈ શકે છે. નર-શરીરમાં આત્માથી જાગ્રત થઈને અવતારની ભૂમિકામાં પરમાત્માનું પ્રસારિત થવું એ આવા મહાપુરુષો દ્વારા જ સંભવ છે.

આ સ્થિતિવાળા મહાપુરુષોનું સંરક્ષણ જ સમર્પિત માનવમાત્રના અંતઃકરણમાં ક્રમશઃ વિભિન્ન આશ્ચર્યોને પ્રગટ કરતાં કરતાં, અવરણની મધ્ય સ્થિતિઓથી અવગત કરાવતાં કરાવતાં, અજર-અમર શાશ્વત બ્રહ્મના પ્રત્યક્ષ દિશાદર્શન સાથે જ અવતારની પરમ પાવન સ્થિતિથી અલંકૃત

કરે છે. આ ક્રમ હંમેશાં ચાલતો જ રહેશે, તેથી અવતાર અનંત કાળ સુધ્ધી અનંત નર-તનમાં થતા રહેશે,-આ જ મહાપુરુષોના પાવન જીવન દ્વારા સુબોધ મળે છે.

આત્માથી પરિપૂર્ણ, પરમાત્મ સ્વરૂપ, મહાન તપોધન સદ્‌ગુરુઓ દ્વારા એ પરમાત્માના અવતારનું વિધાન છે. મહાપુરુષ શાશ્વત-સ્વરૂપ, અજર-અમર સ્થિતિથી પરિપૂર્ણ તથા એનાથી પણ પર-બેગમ, અનિર્વચનીય રૂપરાશિથી અલંકૃત હોવા છતાં ભાવિક ભક્તોના પરમ બોધને માટે જ અવતારનું સૃજન કરે છે. માનવ એમનાથી જુદો થઈ જાય, તો અવતારજનિત તૃપ્તિનો સ્રોત નથી મળતો, માટે એ પરમહંસ સ્વરૂપ મહાનતમ પુરુષોની સતત આવશ્યકતાની પુષ્ટિના હેતુથી મહાપુરુષોના અંતઃસ્થળમાં અવતારની અભિવ્યક્તિ થઈ છે તે પરમાત્મા દ્વારા કાર્યરૂપ અપાવનાર પરમ સ્રોતનું કારણ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે સ્વરૂપ-સ્થિત મહાપુરુષોની રહેણીકરણી સાથે પોતાની સમાનતા કરીને પોતાનો પરિચય આપ્યો કે 'હું એક મહાપુરુષ છું તથા કાળથી પર પરમ ભાવમાં સ્થિત છું.' તેથી કૃષ્ણ શાશ્વત સત્તામાં સ્થિત મહાપુરુષ છે, પણ શાસ્ત્રીની વાણીમાં 'અવતાર'થી સંબોધિત થયા. બરાબર આ જ રીતે આત્મામાં પરમાત્માનું દિશાદર્શન પામનાર પ્રત્યેક મહાપુરુષ કૃષ્ણને અનુરૂપ સ્થિતિવાળા જ હોય છે. જોકે આદિ શંકરાચાર્ય પછી કેટલાક રૂઢિગત રીતે આવતારોને ચોવીસની સંખ્યા આપીને વાસ્તવિકતા પ્રદર્શિત કરવાની ભાવના પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું તો પણ વાસ્તવિક સ્થિતિવાળા મનીષીઓ પર કોઈ પ્રભાવ ન પડ્યો. જેમ કબીર, નાનક, ચૈતન્ય, રામકૃષ્ણ પરમહંસ ઈત્યાદિના જીવનવૃત્તાંતમાં જોવા મળે છે. એ પરંપરાગત ચોવીસ અવતારોમાં પણ મત્સ્ય, વરાહ, કચ્છપ, નરસિંહ, ગજેન્દ્ર-ઉદ્ધાર ઈત્યાદિ પાંચ-છ અવતારો સિવાય મોટે ભાગે મહાત્માઓને જ અવતરિત વિભૂતિઓનું શ્રેય પ્રાપ્ત થયું છે. ઉદાહરણાર્થ, મહર્ષિ કપિલ, સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર તથા નારદ બધા અવતાર છે. પ્રહ્‌લાદને માટે અવતારનું પ્રસારણ પૂર્ણપણે નારદની બક્ષિસ હતી.

નોંધ-જેમણે પ્રકૃતિના સમગ્ર દગ્ધ વાતાવરણથી રક્ષણ કરતાં રહીને

પ્રહ્લાદને પોતાની ગોદમાં લઈ લીધો.

અવધૂત મહર્ષિ દત્તાત્રેય તથા અવધૂત ઋષભદેવ એ ચોવીસ અવતારોમાં આવતારવિશેષ હતા. એ મહાપુરુષોમાં ક્ષમતા હતી કે કોઈ પણ વર્ણવ્યવસ્થાનું પ્રાણી કેમ ન હોય, અધિકારોની સ્થિતિ પ્રાપ્ત થતાં જ ભાવિક ભક્તોનાં અંતઃકરણમાં પોતાને જાગ્રત કરી દેતા.

નોંધ-૧. સ્વયંનું તાત્પર્ય યોગેશ્વર શ્રીકૃષ્ણ ઈત્યાદિ મહાપુરુષો અનુસાર તે મહાપુરુષ અને પરમાત્મા એકબીજાના પર્યાય છે.

૨. ઋષભદેવમાં શ્રદ્ધા રાખનાર પ્રાણીમાત્ર શુદ્ધ સનાતનધર્મી છે. ઋષભદેવ સનાતન ધર્મના અવતારવિશેષ છે, અન્ય નહીં. મતમતાંતરનું અંતર માયા ઊભું કરે છે. જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી ઝઘડવું એ સ્વભાવ છે.

પરશુરામ, વામન તથા બુદ્ધ પણ અવતારવિશેષ છે. મોટા ભાગના વિશ્વમાં ચર્ચિત બુદ્ધ, સાધનાની વિભિન્ન ભૂમિકાઓ પર આગળ વધતા રહીને મનની નિર્બીજ અવસ્થામાં નિજ સ્વરૂપનું દર્શન તથા વ્યાપક અહંનો સાક્ષાત્કાર કરીને બોધ થતાં બુદ્ધ કહેવાયા. બરાબર આ જ ઉપલબ્ધિ મહામાનવેતર મહાપુરુષ ભગવાન વામન તથા પરશુરામજીની છે.

નોંધ-૧. સિદ્ધાર્થ (બુદ્ધ)નો જન્મ રાજપરિવામાં થયો. જન્મ થતાં જ જ્યોતિષીઓએ કહ્યું કે આમનામાં તો યોગીનાં લક્ષણ છે. આ સાંભળતાં જ માતા-પિતાએ બાળકને સત્પુરુષોથી બચાવવાનો પ્રયત્ન કર્યો. ભક્તિની સંભાવના જોઈને પ્રત્યક માતા-પિતા મોહવશ થઈને પણ ઘણુંખરું આવી જ વ્યવસ્થા કરે છે. રોગ, વૃદ્ધાવસ્થાની ઘૂજારી, મૃત્યુનું તાંડવ જોઈને સિદ્ધાર્થ બાળકોને છોડીને અર્ધરાત્રિએ સત્યની શોધમાં નીકળી પડ્યા. ભગવાનના પ્રત્યેક તીવ્ર અનુરાગી અથવા યોગસંસ્કારયુક્ત, યોગભ્રષ્ટ માનવીની સામે ઘણુંખરું આ જ સ્થિતિ પેદા થાય છે. સિદ્ધાર્થ આરાધનામાં મગ્ન થઈ ગયા. એમણે 'સંન્યાસ', 'ત્યાગ' પથનું અનુકરણ કર્યું અને પરમ વિવેકી કહેવાયા પણ પરમ શાંતિ કેવળ કથા બનીને રહી ગઈ. સિદ્ધાર્થે પોતાની સાધનામાં હઠને સ્થાન આપ્યું અને વિરહભર્યા હૃદયે અવિરત સાધના કરવા માંડ્યા. પરમની પિપાસાવાળી આ સાધના સફળતાનું

કારણ બની, બુદ્ધે પોતાના અંતઃકરણમાં પરમ ચેતનનું પ્રતિબિંબ જોઈ લીધું. પૂજ્ય ગુરુદેવ ભગવાન કહ્યા કરતા હતા, 'વિરહ-વૈરાગ્ય વગર એ સત્ય (શાશ્વત પ્રભુ) નથી મળતું. મોટા ભાગના મહાપુરુષો વિષમ પરિસ્થિતિઓમાં જ પરમ-પથ પર ચાલીને એ શાશ્વત સત્ય પામ્યા છે.'

૨. ગૌતમ બુદ્ધ પણ એ ચોવીસ અવતારોમાં એક છે. એમની સેવા કરનાર સનાતન ધર્મથી જુદા નથી. પ્રત્યેક સનાતનધર્મીની પરાકાષ્ઠા, શાશ્વત દિગ્દર્શનનું પરિણામ, સ્વરૂપનો બોધ બુદ્ધ છે. કેવળ ભાષાભેદ છે, અન્યથા બૌદ્ધ સનાતન મહાસત્યની પિપાસા રાખે છે.

પ્રશ્નોત્તરીમાં આચાર્ય શંકર પણ કહે છે,-

''बौद्धाद्धिको यस्तु विमुक्ति हेतुः।''

આ શાશ્વત પરબ્રહ્મ જ સર્વોપરી સત્તાવિશેષ છે. સાધનાના પરિણામરૂપે એ શુભાશુભથી પરની સ્થિતિવાળા અનન્યતમ મહાપુરુષ આત્મતત્ત્વની વિકળતાવાળાઓ માટે પરાત્પર બ્રહ્મની અવતાર પ્રસારિણી અલૌકિક કલારૂપે બધા યુગોમાં પ્રમાણિત થયા છે. જેમની પ્રામાણિકતા નિર્વિઘ્ન તથા શાશ્વત છે, એ જ વિશિષ્ટ પરમાત્મા તત્ત્વવેત્તા પુરુષોમાં હંસ, મહર્ષિ વ્યાસ આદિ રાજા પૃથુ (રાજયોગના આદિ પ્રણેતા), યજ્ઞ (પરમાત્મ પ્રેરક રૂપે આત્મા દ્વારા પ્રસારિત થઈને જેમ ચરાચર જગતના અસ્તિત્વને દગ્ધ કરીને શાશ્વત રૂપમાં પરિલક્ષિત થઈ જાય છે, તે બ્રહ્મ-યજ્ઞ-જનિત ઉપક્રમ) પણ અવતારની પ્રતિષ્ઠા છે, જે શાશ્વત સત્યનો ઉત્પ્રેરક છે.

આ જ અવતાર મત્સ્ય, કચ્છપાદિની ક્રિયાત્મ શૃંખલામાં મળે છે. હયગ્રીવ તથા નર નારાયણ પણ એ જ (કૃષ્ણ, ઋષભ વગેરે) અવતરિત વિભૂતિઓની પાવન પરંપરા છે. પ્રાચીન જીવનશૈલીના આ અવતારો અને તે પછી પૂર્ણત્વ પ્રાપ્તિવાળા સત્પુરુષોમાં કોઈ પ્રકારનું અંતર નથી. પણ અંતર્દષ્ટિહીન (આત્માના બોલ ન સમજી શકનાર), કોરી વાગ્વિલાસિતા અને કાલ્પનિક વિચારોએ જ માત્ર ચોવીસ અવતારોને રૂઢિગત ભ્રાંતિઓમાં બાંધ્યા છે. વાસ્તવિકતા સાથે એને કોઈ સંબંધ નથી. ચિરંતન વિધાન એ છે કે આત્મતૃપ્ત, આત્મસ્થ, વિદિતાત્મા પુરુષમાં સદૈવ તે ક્ષમતા

વિદ્યમાન હોય છે, જેનાથી ભાવિકોમાં પરમાત્મની પિપાસા તથા વિશુદ્ધ લગની જાગ્રત થતાં જ તે મહાપુરુષ અવતારનો પ્રત્યક્ષ પ્રકાશ તથા પ્રભુની અવતરિત અમૃતધારાનો કૃપાપ્રસાદ આપ્યા કરે છે.

પ્રકારાન્તરે અવતાર બે છે,-એક વ્યાપક બ્રહ્મને શૂન્યાવસ્થામાંથી જાગ્રત કરીને અવતારની પ્રક્રિયા શ્રેણીમાંથી પસાર થતાં થતાં, પરમમાં નિરોધ કરીને સ્થાયી અલોકથી આલોકિત કરનાર અવતારપ્રેરક છે. બીજા, અવતારથી પ્રાપ્ત થનારી સ્થિતિઓનું અવલોકન છે. બીજા શબ્દોમાં આ અવતારોમાં એક તો બ્રહ્મસ્વરૂપ મહાપુરુષ છે, જે શરીરને આશ્રિત રહીને પણ પરમશાંત તથા સમ છે. એવા મહાપુરુષ જાગૃતિ પ્રદાન કરનાર અવતારોના પ્રેરક અને જન્મદાતા છે.

બીજા પ્રકારના અવતાર એ છે, જે કથાપ્રસંગરૂપે મળે છે, જેમનું વૈયક્તિક સ્વરૂપ નથી, જેમ કે મત્સ્ય, વરાહ, કચ્છપ, યજ્ઞ, ગજેન્દ્ર-ઉદ્ધારક હરિ, નરસિંહ વગેરે. એમને કોઈ બાહ્ય સ્થાયી પિંડ નથી. વિચારકાળમાં પણ તેઓ ચિત્રિત નથી તથા. એમનું ક્રિયાત્મક વિશ્લેષણ છે. આ બધા બાહ્ય ભૂતોના વિષય નથી હોતા, હૃદયદેશમાં ઊભરનારાં પરમાત્માનાં વાસ્તવિક પ્રતિબિંબ છે, જેમનો પ્રભાવ, પ્રસાર સાધક સીધો સ્વયંમાં પામે છે. એમનું કાર્યક્ષેત્ર વિશદ છે તથા યોગના માધ્યમથી યોગનુશાસિત પુરુષને માટે જ સર્વથા સંભવ છે. ભાવિકોને સ્વયં (કૈવલ્ય પદ)ની અનુભૂતિ કરાવવા માટે એ સાર્વભૌમ સ્થિત આત્માનો સાક્ષાત્કાર કરાવે છે તથા જ્યાં સુધી સાધકને શાશ્વત સત્તામાં ઊભો નથી કરી દેતા ત્યાં સુધી ઉત્તરોત્તર અલૌકિક શક્તિઓથી સાધકનું મન બહેલાવતાં રહીને મનના અંતરાલને ગતિ દેતાં રહીને, સુહૃદયનો ભાર વહે છે.

માનવ શીર્ષસ્થ અવિનાશી (સ્વરૂપ) શ્રી રામ પણ આ જ સીમામાં છે જે અલૌકિક મર્યાદાના સૃષ્ટા, અનિર્વચનીય સત્તાનો પ્રસારવિશેષ છે.

મહાપુરુષોના પરિવેશમાં ઉપર્યુક્ત તથ્ય સત્યનું પ્રેરક, સર્જક અને મહાપુરુષનું બોધક છે. યોગ પરાકાષ્ઠાના પરિણામરૂપે જ્ઞાનામૃતના ભોક્તા (જે પુરુષો માટે પ્રાપ્ત થવા યોગ્ય પરમાત્મા અપ્રાપ્ત નથી) સહજ-પ્રાપ્ત પરાત્પર બ્રહ્મથી અભિન્ન છે. આવી સાકાર અવસ્થાવાળા કૈવલ્ય ધામ, ચિન્મય પુરુષ શાશ્વતના સાદૃશ્યથી અવતારનું પ્રગટીકરણ કરે છે.

આ જ વિશેષ અવસ્થાવાળા પુરુષમાં સદ્‌ગુરુનું વિશેષણ મળે છે. આ આત્મસ્થિત બ્રહ્મવેત્તાઓમાં શાશ્વત, અનિર્વચનીય, અલખના અવતરણનો પ્રવાહ સંયોગમાત્રથી થાય છે. હૃદયથી એમને સ્પર્શ કરતાં જ એમનું સંરક્ષણ મળવા માંડે છે. એ મહાપુરુષ પ્રયત્ન ન કરે તો પણ શાશ્વતના અવતરણનો આ પ્રવાહ ભાવવશતાથી પોતે જ થતો રહે છે, કારણ કે તેઓ અભિન્ન છે. મહાપુરુષ પોતાની ઓળખ સ્વયં આપે છે. એ વાત જુદી છે કે એ એને જન્માંતરોથી આપતો આવ્યો છે કે હવે આપશે. અથવા સ્વયંથી પ્રેરિત કરશે. પુણ્યની વૃદ્ધિ કરીને અધિકારીની સ્થિતિ પ્રાપ્ત કરવી એ તમારું ઉત્તરદાયિત્વ ને કાર્ય છે.

આ બૌદ્ધિક વિષય નથી, તેથી કલ્પનાઓની હલચલથી એને સમજી નહીં શકાય. એ આનંદાનુભૂતિ તો ઈષ્ટ જાગ્રત થવાથી તથા હૃદયદેશમાં ઈષ્ટ દ્રવિત થવાથી જ શક્ય થાય છે. પ્રારંભમાં પૂજ્ય ગુરુદેવ ભગવાનના મુખારવિંદથી પ્રગટેલા ઉપદેશો સાંભળીને મૂંઝવણમાં પડી જતો હતો. આજ પહેલાં એ વાત મગજમાં આવતી જ નહોતી કે ભગવાન પણ અદૃશ્યરૂપે બોલે છે તથા સંભાળ રાખે છે.

એક વાર શ્રી ગુરુદેવ કહેતા હતા,-'મને ભગવાન શીખવ્યા કરે છે હં! એ શરીરી બોધ-શીખ નથી. આત્મા અંગ્રેજી બોલે છે ને હું સાંભળતો-સમજતો જાઉં છું. મારા મનમાં ક્યાંક શંકા થાય તો ભગવાન જવાબ આપે છે.' (અર્થાત્ સંકલ્પોની સાથે રહ્યા કરે છે. સંકલ્પ પછી થાય છે, તે પહેલાં જ ચાલ્યા કરે છે.) 'જો હું પતિત થવા ઈચ્છું, તો પણ નથી થઈ શકતો, ભગવાન મને એવો થવા નથી દેતા. ભગવાન મને રોકે છે.'

આ સાંભળી હું વિનંતીભર્યા સ્વરમાં પૂછું છું કે પ્રભુ! શું ભગવાન પણ બોલે છે? તો બોલ્યા, 'હાં હાં! તારી સાથેય બોલશે, કેમ ગભરાય છે?' આ પછી ગુરુદેવ ભગવાને કહ્યું કે ભગવાન ભક્તનું સંચાલન નથી કરવા માંડતા ત્યાં સુધી ભગવત્-પથનો આરંભ જ નથી થતો. સાધક જે પાર કરી જાય છે, તે એ આરાધ્યની ભેટ છે. તેથી તેઓ હંમેશાં સાથે રહીને સંચાલન કર્યા કરે છે. આ રીતે પૂજ્ય ગુરુદેવ ભગવાન શ્રી પરમહંસજી સક્રિય શૈલીમાં ક્રમશઃ અવતારના આલોકમાં પ્રવેશ

અપાવવા તથા એમાં વ્યાપક સ્થિતિની સાથ જ અવતારનું શાંત થઈ જવું, સમત્વમાં વિલય પામી જવું, ભક્તની સ્થિતિમાં મળી જવું, સ્વીકારી લેતા હતા,-અર્થાત્ ભક્તના વિલીનીકરણ પછી પરમના સ્પર્શની સાથે અવતારની સ્થિતિમાં બદલીને તે અવતરિત સત્તા પણ ભિન્ન નથી રહી જતી, પણ એવા પુરુષમાં ભીતર-બહાર તથા સર્વત્ર સહજ પરમાત્મા જ પરિપૂર્ણ રહે છે.

નોંધ-તે અવતાર અધિકારની યોગ્યતાવાળા કોઈ વિરલ યોગી હૃદયમાં થાય છે. તેથી પ્રથમ ચરણમાં અત્યંત સૂક્ષ્મ પરિવેશમાં સાધનાને સદ્‌ગુરુ પ્રસ્ફુટિત કરતાં કરતાં તથા ક્રમશઃ કણકણમાં (સર્વત્ર) સ્થિત સર્વભૂતોમાં સમાહિત આત્મસ્વરૂપમાં દર્શન કરાવતાં કરાવતાં, બધામાં અનાદિ મૂળ અનિર્વચનીય બ્રહ્મ 'અહમ્'ની સ્થિતિમાં નિયુક્ત કરીને પોતાના જેવી જ આત્મમયી સ્થિતિ પ્રદાન કરી દે છે. એ જ સંપૂર્ણ ભૂમિકાઓનું દર્શન કરાવતાં કરાવતાં વિશ્વાસ, પરમ ચેતન ભગવાનના અલૌકિક ક્ષેત્રમાં દ્રષ્ટા જીવાત્માને સહજ સ્વરૂપની સ્થિતિ અપાવતાં અપાવતાં એ સ્થિતિમાં સ્વયં પણ પ્રતિષ્ઠિત રહે છે. તેથી અવતાર કોઈ કોઈ યોગીના હૃદયની વસ્તુ છે. એ સદ્‌ગુરુ પણ વિરલ જ છે, જે જીવને જાગ્રત કરે છે. તેથી નર-તન અર્થાત્ શુદ્ધ હૃદયના અધિકારીની સ્થિતિ પ્રાપ્ત કરે. તીવ્ર અનુરાગીને માટે અવતારની માન્યતા બધા યુગોમાં સમાનરૂપે છે,-

''सो केवल भक्तन हित लागी।''
''राम भक्त हित नर तन धारी।''

ભક્તનું તન જ નર-તન છે. ભક્તના હિતને માટે ભગવાન ભક્તના એ તનને ગ્રહણ કરી લે છે, જેના મનઃસ્થળમાં માયા નારીનો પ્રભાવ નથી હોતો. યોગેશ્વર શ્રીકૃષ્ણની જ વાણી ગીતા (અધ્યાય-૪)માં નજર ફેરવવાથી સ્વાભાવિકપણે જ સ્પષ્ટ થઈ જાય છે કે અવતાર કોઈ યૌગિક પ્રક્રિયામાં થતું પરમતત્ત્વ પરમાત્માનું આલોક-પ્રસારણ છે. યોગમાં નિશ્ચિત ક્રિયા એક છે. આ સંદર્ભમાં અનેક ટીકાઓ અને મતાંતરોમાં ન જતાં અક્ષરશઃ હવે એ (યોગઐશ્વર્યસંપન્ન) શ્રીકૃષ્ણની વાણી જોઈએ.

ॐ शांतिः शांतिः शांतिः

૩-શ્રીકૃષ્ણના શબ્દોમાં 'અવતાર'

અર્જુન દ્વારા આ પ્રકારનો પ્રશ્ન કરાયો, ''**अपरं भवतो जन्म परं जन्म विवस्वतः।**'' અર્થાત્ હે શ્રીકૃષ્ણ! આપનો જન્મ તો હમણાં થયો છે અને સૂર્યનો જન્મ દૂરદૂરના સમયમાં ક્યારેક થયો હતો. તેથી આપે કલ્પના આદિમાં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો-આ વિષમ કાળ પર કેમ વિશ્વાસ કરું? ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણે પોતાના અવતાર પર પ્રકાશ નાખતાં કહ્યું,-

''**बहनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन**''

અર્થાત્ તારા ને મારા ઘણા જન્મ દૂરદૂરના પૂર્વકાળથી થતા આવ્યા છે, પણ હે પરંતપ! (જે લીધેલા પ્રાણથી ચ્યુત નથી થતો) એ બધાને તું નથી જાણતો (અર્થાત્ અવતાર તથા અવતાર-પ્રકરણને નથી જાણતો) અને હું એ બધા જ અવતારોને જાણું છું.

સંબંધ-ભગવાન કૃષ્ણના કથન અનુસાર એમના ઘણા જન્મ કે અવતાર થઈ ચૂક્યા છે, અર્થાત્ બરાબર એવી જ સ્થિતિના અનેક મહાપુરુષ થઈ ગયા છે. અહીં અવતાર માટે બહુવચન આ જ અભિપ્રાયથી છે. શ્રીકૃષ્ણના શબ્દોમાં અવતાર ઘણા છે અર્થાત્ અસંખ્ય, અનંત અવતારોનુ વિધાન છે. 'માનસ'ના '**प्रति ब्रह्माण्ड राम अवतारा**'થી પણ સીધો પ્રકાશ પડે છે. તેથી કેટલાક પુરાણોમાં 'અવતાર' ચોવીસ જ હશે એવી માન્યતા સ્વતંત્ર સત્તાને પણ સંખ્યાબદ્ધ કરી દે છે. વસ્તુતઃ કોઈક સમયે સત્યના નામે કલ્પનાના પ્રસારથી અસત્ય પૂજિત થઈ ગયું હતું. આ એ જ ભ્રામક વિચારનું પરિણામ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણના અવતાર અલૌકિક છે,-

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतीं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया॥

ગીતા, અધ્યાય ૪, શ્લોક ૬.

અર્થાત્ હું અવ્યયાત્મા (અવિનાશી સ્વરૂપ) અજન્મા હોવા છતાં તથા બધાં પ્રાણીઓના ઈશ્વર અને મૂળ પ્રાણોમાં પ્રવાહિત હોવા છતાં આત્મમયી સ્થિતિ અપાવનારી યૌગિક પ્રક્રિયા દ્વારા મારી ત્રિગુણમયી

પ્રવૃત્તિનાં કાર્યોને સ્વાધીન કરીને પ્રગટ થાઉં છું. 'આત્મમાયા' આત્માનો સાક્ષાત્કાર કરાવનારી ગોપનીય બ્રહ્મવિદ્યાનું નામ છે. આ આત્મામાં પૂર્ણ-પ્રવેશ અપાવવા સક્ષમ છે. આત્મા તરફ લઈ જનારી આત્મમાયાનું જ બીજું નામ યોગમાયા છે.

નોંધ-ગીતાના સાતમા અધ્યાય (૨૫મા શ્લોક)માં શ્રીકૃષ્ણ કહે છે કે 'હું મારી યોગમાયાથી છુપાયેલો હોવાથી સૌને પ્રત્યક્ષ જણાતો નથી. તેથી આસુરી સંપત્તિવાળા અજ્ઞાની અને અવિનાશીને જાણતા નથી ને તુચ્છ તથા સાધારણ મનુષ્ય માને છે. જ્યાં સુધી યોગ પરાકાષ્ઠાએ ન પહોંચે ત્યાં સુધી ભગવાનને પૂર્ણરૂપે જાણી શકાતા નથી. પહેલાં તો માયાનો પડદો હતો, હવે યોગનું પણ એક આવરણ છે, જેણે એ શાશ્વત સ્વરૂપને ઢાંકી રાખ્યું છે. તેથી આ ગોપનીય આત્મમયી પ્રક્રિયાવિશેષ દ્વારા પ્રકૃતિના પૂર્ણ નિયંત્રણનો સમય આવી જાય પછી એ ચિરંતનનાં દર્શનનું વિધાન છે. પૂર્ણતા અને પરાકાષ્ઠાની સ્થિતિને માટે જ આ વિધાન છે.

સંબંધ-આત્મિક પ્રક્રિયાની પૂર્ણતાના સમયમાં મહાપુરુષ પૂર્ણરૂપે પ્રગટ થઈને ભક્તના આત્મામાં પ્રવાહિત થઈને શાશ્વત સ્વરૂપ પ્રદાન કરી દે છે. આ રીતે અવતારના સર્જનનું માધ્યમ મહાપુરુષ છે. પણ કયા કારણવિશેષ છે, જેનાથી તે પ્રભુ અવતરિત થાય છે? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે,-

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥

ગીતા, અધ્યાય ૩, શ્લોક ૭.

અર્થાત્ હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મ (પરમાત્મા)ની બાબતમાં ગ્લાનિ થાય છે, હૃદય અતિશય ગ્લાનિથી વ્યાકુળ થઈ જાય છે (દા. ત. 'માનસ'માં મહારાજ 'મનુ'ને થાય છે-'**हृदय बहुत दुःख लाग।**') અને અધર્મ એટલે કામ, ક્રોધ, તૃષ્ણા વગેરેની સાધકના હૃદયમાં વૃદ્ધિ થવા માંડે છે, પ્રયત્ન કરવા છતાં સાધક એ વિકારોની પાર નથી જઈ શકતો, પરમાત્મ ધર્મને માટે ગ્લાનિનો બહુમત થઈ જાય છે, પ્રાપ્તિ માટે અંતઃકરણ ગ્લાનિતી સભર અને અધીર થઈ જાય છે, ત્યારે હું મારું સ્વરૂપ રચવા માંડું છું.

નોંધ-આ યૌગિક હૃદયની વસ્તુ છે.

સંબંધ-ઉપરોક્ત સૂત્રમાં દર્શાવાયેલ અધર્મની ગ્રંથિઓનો પાર ન પામવાથી અને ધર્મ (પરમાત્મા) માટે અધીર થઈ જવાથી અંતરના પોકારની સાથે જ આપના પ્રગટ થવાનું વિધાન છે. અવ્યક્તના અવતરણનો આ કારણવિશેષ છે. પણ એ અવતાર કયા કાર્યની પૂર્ણતા માટે છે?

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણની વાણીમાં જોઈએ,-

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे॥ ગીતા ૪/૮ ॥

સાધ્ય પદાર્થ, એ વિભૂતિને શક્ય કરનાર, વિવેક-વૈરાગ્ય, ઈન્દ્રિયોનું દમન, શમ-દમ, ધ્યાન-ચિંતન અને ભજનની પ્રવૃત્તિ 'સાધૂનામ' કહેવાય છે. એના પાલનમાં શ્રમ તો બહુ કરવો પડે છે, પણ સફળતા મળતી નથી. અવિદ્યાજનિત ઘૃણાસ્પદ વિકારોથી દૂષિત કર્મ 'દુષ્કૃતામ્' કહેવાય છે.

નોંધ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે મનુષ્યને બાહ્ય પ્રવૃત્તિઓ આપે છે. એ મનુષ્યના અંતઃકરણમાં પ્રસુપ્ત અવસ્થામાં રહે છે અને સંગદોષ થતાં જાગ્રત થયા કરે છે. એ જ્યારે પણ જાગ્રત થાય છે, ત્યારે દૂષિતને ક્રિયાશીલ કરે છે. આ જ દુષ્કૃતનાં મૂળ ઉગમ છે, 'દુષ્કૃતામ્' છે.

આ દુષ્કૃતામ્નો વિનાશ કરવા માટે અને ધર્મની સ્થાપના અર્થાત્ સથાયિત્વ આપવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું. ભગવાનની પ્રાપ્તિ કે અવતારની બાબતમાં કોઈ પણ યુગ અનુકૂળ કે બાધક નથી હોતો.

સંબંધ-ઉપર્યુક્ત શ્લોકોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે પુષ્ટ કર્યું છે તે પ્રમાણે એમનો અવતાર **धर्म संस्थापनार्थाय** થાય છે. તો ધર્મ શું છે? ''**धारयति इति धर्मः**'' અર્થાત્ જેણે સૌને ધારણ કર્યા છે તે ધર્મ કહેવાય છે. સૌને ધારણ કરનાર એ બ્રહ્મ સનાતન છે-''**यान्ति ब्रह्म सनातनम्**'' (ગીતા, અધ્યાય ૪, શ્લોક ૩૧) તેથી ધર્મ કહોવાય છે તે એકમાત્ર સનાતન ધર્મ છે. તો સનાતન શું છે?

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે,-

अच्छेद्यो ऽ यमदाह्यो ऽ यमक्लेद्यो ऽ शोष्य एव च।
नित्य सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः॥

ગીતા, અધ્યાય ૨/૨૪.

અર્થાત્ આ આત્મા જ અપરિવર્તનશીલ, નિત્યસ્વરૂપ, ન સુકાય, ન બળે, ન ગળે, ન છેદી શકાય એવો નિત્ય, સર્વવ્યાપક, અચલ અને સનાતન છે. અહીં શ્રીકૃષ્ણના શબ્દોમાં એકમાત્ર આત્મા જ શાશ્વત તથા સનાતન છે. તેથી આ જ આત્માને સાક્ષાત્ જાણવો તે આપણો તથા માનવમાત્રનો ધર્મ છે. પણ અજર-અમર, શાશ્વત તથા સર્વવ્યાપક ગુણધર્મોવાળો આત્મા જો બધામાં હોય તો પછી શોધવો કોને?

આના જવાબમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે આત્માને આ વિભૂતિઓથી સભર કેવળ તત્ત્વદર્શીઓએ જોયો. સાધારણ લોકોને આત્માના આ ગુણ દેખાતા નથી. અવારનવાર શોક, સંતાપ અને મૃત્યુનું કારણ માયા જ દેખાય છે. શ્રીકૃષ્ણ કહે છે,-

जन्म कर्म च मे दिव्यमेव यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन॥

અર્થાત્ મારો એ જન્મ, કર્મ દિવ્ય અને અલૌકિક છે. ઉપરોક્ત અલૌકિક વિભૂતિઓયુક્ત જે મને જાણે છે, તે તત્ત્વદર્શી છે (અર્થાત્ તત્ત્વદર્શીને માટે જાણકારીનું વિધાન છે). મારી જાણકારી પછી શરીરનો ત્યાગ કરનાર પુનર્જન્મમાં નથી પડતો. મારામાં સ્થિત રહે છે.

નોંધ-અવતાર તો થાય છે પણ લાખો મનુષ્યોમાંથી કેટલાક તત્ત્વદર્શી પુરુષોએ એને જોયો છે. કેવળ તત્ત્વદર્શીઓ માટે અવતાર-દર્શનના આદર્શની માન્યતા છે. એમ તો એ તત્ત્વનું સ્પંદન સમગ્ર જગતના માનવમાત્રમાં સામાન જ છે, તથા અવિભાજિત રૂપ અને પ્રસુપ્તાવસ્થામાં અવિરત લહેરાય છે, તો પણ કોઈ તત્ત્વસ્થિત મહાપુરુષ દ્વારા એની જાગૃતિ અને અવતરણનું શાશ્વત વિધાન છે.

એ લોકોમાંથી તેઓ સર્વથા ભ્રાંતિમાં છે, જેમની ધારણા છે કે આ વખતે કુંવારી કન્યા દ્વારા અથવા અમુક રીતે અવતાર થશે. આ પ્રકારની અનેક માન્યતાઓ પ્રચલિત છે અને થતી રહેશે, પરંતુ સનાતન ધર્મ અને એના પ્રગટીકરણના વિધાનવિશેષ પૂર્વકાળથી જે મહાનતમ પુરુષ સ્વરૂપસ્થ મહાપુરુષોની ભેટ છે, એમાં આ ભ્રાંતિમૂલક વિચારોને કોઈ સ્થાન નથી. પરમની પ્રાપ્તિ માટે તમે પરમતત્ત્વસ્થિત અને સ્વરૂપસ્થ મહાપુરુષની શોધ કરો, જે પુણ્યપુરુષાર્થથી થશે. ત્યારે તમે અવતાર-દર્શનની મહાન ગરિમાના સુપાત્ર બની શકો છે.

ॐ शांतिः शांतिः शांतिः

ઉપસંહાર

ઈશ્વર સર્વશક્તિમાન, સર્વવ્યાપી અને અંતર્યામી છે. આ ત્રિગુણાત્મક સૃષ્ટિનો પ્રસાર એ જ લીલામયી દૃષ્ટિનો વિસ્તાર છે. સંસાર એક રંગમંચીય કલા છે. જ્યાં ચરાચર જીવ દ્વંદ્વાત્મક ભૂમિકામાં લીલાધરના માર્ગદર્શનમાં અભિનય કરે છે. ''**शुभ अरु अशुभ करम फल दाता**'' એ એક છે, પણ અનેક રૂપોમાં વિચરીને પોતાની માયાનો વિસ્તાર કરીને બધાને નચાવે છે. બધા વ્યાકુળ છે, સુખ-દુઃખ, લાભ-હાનિ, જય-પરાજય અને જીવન-મૃત્યુની ભીંસમાં. આ ભવસિંધુનાં મોજાં એટલાં વિકરાળ છે કે એમના પ્રહારોથી જીવાત્માઓ તરફડે છે, શોધે છે કિનારો, અંધકારમાં ક્યાં મળે? આ જ અતાગ સંસાર-સાગર-મંથનની યૌગિક પ્રક્રિયા સાધકના માનસિક ધરાતલ પર થાય છે. જ્યારે મન અને ઈન્દ્રિયોને સંકેલીને કોઈ પથિક પૂર્ણપણે સદ્‌ગુરુને આધીન થઈ જાય છે, ત્યારે સંયમિત મન અને ઈન્દ્રિયના પરિણામરૂપે એના અંતઃકરણમાં જ કચ્છપાવતાર થઈ જાય છે. ક્રમશઃ સાધનાત્મક ઉપલબ્ધિની વિશિષ્ટતાઓમાં પ્રવેશ કરતાં કરતાં, પ્રગતિશીલ સાધક ભવસિંધુમંથનના અંતરાલમાં એ અમૃતતત્ત્વને પ્રત્યક્ષ પામી લે છે, જેની અનુભૂતિ તત્ક્ષણ શાશ્વત સત્તામાં લીન કરીને એને સદાયને માટે આવાગમનથી મુક્ત કરી દે છે. લીલાધરની લીલા સંકેલાઈ જાય છે અને સ્વરૂપ નિખરીને સામે આવી જાય છે. સાધકના રોમરોમમાં ધ્વનિ ઊઠવા માંડે છે,-

हम न मरब मरिहैं संसारा।
हमका मिल्यों जियावन हारा॥

ઠીક, આ જ રીતે દેશકાળનાં પરિવર્તનો સાથે વિભિન્ન કથાનકોરૂપે બ્રહ્મવિદ્ પુરુષોની વેદમયી વાણી દ્વારા સત્ય અને પરમના અવતરણનું શાશ્વત, આક્ષુણ્ણ વિધાન છે. કથાનક અનેક છે પણ મૂળ વસ્તુ એક છે. સંસાર પરિવર્તનશીલ છે. સહસ્રાબ્દિઓને અતીત, એનો મધ્યકાળ તથા આ વર્તમાન પણ અતીતના ગર્ભમાં વિલીન થઈ જશે. ઘણુંખરું સો-બસો વર્ષોના અંતરે ભાષા અને એના અભિપ્રાયની સૂક્ષ્મ ગ્રંથિઓમાં મોટું પરિવર્તન આવી જાય છે. તેથી ભવિષ્યનો મનુષ્ય કઈ બોલચાલમાં હશે, એ કલ્પનાતીત છે. યુગયુગાંતરોથી બદલાયેલી પરિસ્થિતિ અને

ઘટનાક્રમથી મનુષ્યનું મસ્તક જખમી જેવું થઈ જાય છે. આ જ કારણ છે કે તે મહાપુરુષોના વચનામૃતમાં એવા મૂળ ભાવોથી ધીરે ધીરે દૂર થતો જાય છે.

ઉપર્યુક્ત વિષમ પરિસ્થિતિઓમાં પૂર્વકથિત અવતારની જાગૃતિ અને એમની કાર્યપ્રણાલીનુ રૂપક બ્રહ્મવિદ્ મનીષીઓ દ્વારા રજૂ થતું આવ્યું છે. ભાષાશૈલી અને પ્રસંગની ભિન્નતા હોવા છતાં મનુષ્યહૃદયમાં એમની મૌલિક ઉપલબ્ધિ સમાન છે. ઉપનિષદનું કથન છે કે સાધનાપરાયણ હજારો પુરુષોમાંથી એ જ તે આત્મતતત્ત્વની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે, જેની પસંદગી પરમાત્મા પોતે કરી લે છે. આ આત્મા પ્રવચનથી, વિશિષ્ટ બુદ્ધિથી કે બહુશ્રુત હોવાથી પ્રાપ્ત થઈ શકતો નથી. તેથી માનવમાત્રમાં પરમ અધિકારીને અંતઃકરણથી સહયોગ આપવો, સખાની જેમ તેનો હાથ પકડીને પ્રકૃતિથી પર પુરુષ પરમતત્ત્વ સુધીનો પથ પ્રશસ્ત કરવો, તેને શાશ્વતના સર્વવ્યાપી સ્વરૂપમાં સ્થિત કરી દેવો-એ જ અવતારના વિચારનું કેન્દ્રબિંદુ છે.

જોકે માનવમાત્રના અંતઃકરણમાં તે પરમતત્ત્વ સદાય વિદ્યમાન છે, તો પણ તેને એ જ જાણે છે, જેનામાં તે વસ્તુતઃ જાગ્રત હોય, જાગૃતિની યૌગિક પ્રક્રિયા હેતુ-સાધક મનસહિત ઈન્દ્રિયોને સંકેલીને પરમાત્માની પ્રાપ્તિની અભિભાષાને બળવત્તર બનાવવી અને તત્ત્વદર્શી મહાપુરુષની પ્રાપ્તિ માટે પુણ્ય પ્રાપ્ત કરતાં કરતાં સતત સંલગ્ન રહેવું. પ્રયત્નશીલ ભાવિકો માટે તે અલૌકિક ઈષ્ટવચનામૃત ઈષ્ટ-યોગક્ષેમ સર્વથા સંભવ છે.

આ કોઈ કલ્પના નથી, પણ પરમ ચેતનનું વિધાન, અનાદિ સત્ય તથા શાશ્વત અનુકરણીય છે. આ જ તાત્ત્વિક પરિવેશમાં ચોવીસ અથવા યથાસંખ્ય અવતારોનો ક્રિયાત્મક પ્રસાર મહાપુરુષોની કૃપાથી પ્રાપ્ત કરવો. મહાપુરુષોની પ્રાપ્તિ પર હું અહીં ફરીફરીને ભાર મૂકું છું. એમની યથાસંભવ સેવા કરવી. સાન્નિધ્યમાં રહેવું તથા વચનામૃતને હૃદયપૂર્વક મનથી પકડવા; સમય જતાં તે પરમતૃપ્તિ સંભવિત થઈ શકશે. સાધનાપથ પર જો વધુ ન ચાલી શકાય તો ''**गुरुर्वाक्यम् सतत् गेयम्**'' અનુસાર શ્રી ગુરુદેવ ભગવાનના વચનામૃતનું અવલોકન અનુશીલન કરતા રહેવું જોઈએ.

ध्यानमूलं गुरोमूर्ति पूजा मूलं गुरोर्पदम्।
मंत्रमूल गुरोर्वाक्यम् मोक्षमूलं गुरोः कृपा॥

ॐ शान्तिः शन्तिः शान्तिः

ध्यानमूलं गुरोमूर्ति पूजा मूलं गुरोर्पदम्।
मंत्रमूल गुरोर्वाक्यम् मोक्षमूलं गुरोः कृपा॥

ॐ शान्तिः शन्तिः शान्तिः

ध्यानमूलं गुरोमूर्ति पूजा मूलं गुरोर्पदम्।
मंत्रमूल गुरोर्वाक्यम् मोक्षमूलं गुरोः कृपा॥

ॐ शान्तिः शन्तिः शान्तिः

એક ભાવિકનો પ્રશ્ન

પ્રશ્ન-મહારાજજી! આ પુસ્તકમાં આપે કહ્યું કે 'અવતાર પિંડમાં નથી થઈ શકતો, પણ તે કોઈક શરીરને ગ્રહણ કરી લે છે, માટે પિંડવાળો છે.' ચોવીસ અવતારોમાંથી મોટા ભાગના મહાપુરુષો છે, જેમને સાધનાના માધ્યમથી અવતારની સ્થિતિ પ્રાપ્ત કરી, પણ ભગવાન રામ અને કૃષ્ણના જીવનમાં તો બાલ્યાવસ્થાથી જ અલૌકિક લીલાઓનો સમાવેશ મળે છે, જેમાં સાધના માધ્યમ નથી, શું રામ-કૃષ્ણ અન્ય અવતારો કરતાં વિશેષ હતા?

ઉત્તર-જુઓ, મહાભારત યુદ્ધના આરંભમાં યુધિષ્ઠિરે જય-પરાજયની ચિંતામાં યુદ્ધથી છૂટવા મથ્યા, ત્યારે અર્જુને એમને સમજાવ્યા,-રાજન! જ્યાં આ કૃષ્ણ હોય ત્યાં જ વિજય હોય,-એમ નારદજીએ કહ્યું છે. શ્રીકૃષ્ણ છેલ્લા છ જન્મોથી મહાપુરુષ રહ્યા છે. એક જન્મમાં એમણે પ્રભાસ ક્ષેત્રની સ્થાનિક જનતાને ઉપદેશ આપ્યો. એક કલ્પમાં એ '**यज्ञ-सायं-गृह**' મુનિના વેશમાં વિચરણ કરતા રહ્યા, અર્થાત્ દિવસભર ચાલતાં ચાલતાં જ્યાં પણ સાંજ પડતી ત્યાં જ રાતવાસો કરતા હતા. કલ્પનો આશય અહીં જન્મ છે. એક કલ્પમાં તેઓ પુષ્કરતીર્થમાં બાર વર્ષ સુધી એક પગ પર ઊભા રહીને યજ્ઞ કરતા રહ્યા. એક પગે એટલે એક ટેક, એક લક્ષ્ય પર દૃઢ રહેવું. એક કલ્પમાં તેઓ બદ્રિકાશ્રમમાં ઘોર તપસ્યામાં મગ્ન રહ્યા અને આ કલ્પમાં તેઓ સાક્ષાત્ પરમાત્માના રૂપમાં છે. રાજન! શ્રીકૃષ્ણ તમારા પક્ષમાં છે, માટે તમારો વિજય નિશ્ચિત છે.

આ રીતે કૃષ્ણ પાછલા છ જન્મોથી સાધના કરી રહ્યા હતા. વસ્તુતઃ ''**अनेक जन्म संसिद्धः ततो याति परां गतिम्**'' યોગી સતત પ્રયત્ન કરતો રહીને અનેક જન્મોની સિદ્ધિ પછી પરમ ગતિ પામે છે (ગીતા ૬/૪૫). ઘણાય મહાત્મા ભક્તિ કરતાં કરતાં મહાવિદેહાવસ્થામાં પહોંચી જાય છે, પણ પોતાના અંતઃકરણમાં એ પરમ ચેતનની અનુભૂતિ પ્રાપ્ત કરતાં પહેલાં જ શરીરનો સમય પૂરો થઈ જાય છે, તો તેઓ મુક્ત થઈ જતા નથી, એમને જન્મ લેવો પડે છે. એમની ઉપલબ્ધિમાં સાધના માધ્યમ નથી થતી, પણ જન્મ લેવો એ જ માધ્યમ બને છે. આવા યોગી ''**भव प्रत्यय योगी**'' કહેવાય છે,-''**भव प्रत्ययो विदेह प्रकृति लयानाम्**''

(પાતંજલ યોગદર્શન. સમાધિપાદ ૧૯). વિદેહ અને પ્રકૃતિલયોને જન્મથી જ ઉપલબ્ધિ થાય છે. શ્રીકૃષ્ણ બરાબર એ જ સ્તરના મહાપુરુષ હતા. રામનું પણ આ જ સ્વરૂપ છે.

કેવળ ભારતમાં જ નહીં, પણ વિશ્વભરમાં જેમને અવતાર માનવામાં આવ્યા એ બધા જ મનુષ્ય જ હતા. સાધારણ મનુષ્યની જેમ એમણે જન્મ લીધો, એ જ રીતે એમનું પણ પાલનપોષણ થયું, પણ ભક્તિના ક્રિયાત્મક પથ પર ચાલીને એમણે લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું તો સમાજે એમને અવતારરૂપે ઓળખ્યા. ગૌતમ બુદ્ધ રાજાના પુત્ર હતા, ઈસુ એક ભરવાડના પુત્ર હતા, તો હજરત મુહમ્મદ સમાન્ય વ્યાપારી હતા. રામ-કૃષ્ણથી તેઓ કયા અર્થમાં ઊતરતા હતા? આજે એકલા બૌદ્ધોની સંખ્યા રામ-કૃષ્ણના અનુયાયીઓ કરતાં દોઢી છે. ગૌતમને તેઓ એટલું જ માન આપે છે. જેટલી માન્યતા રામ અને કૃષ્ણને કેટલાક હિન્દુઓ આપે છે. પણ સુજ્ઞ હિન્દુઓ એક જ દૃષ્ટિએ જુએ છે. એમ બુદ્ધ પણ ચોવીસ અવતારોમાંથી એક તથા હિન્દુ ધર્મની જ શુદ્ધ વિભૂતિ છે.

સાધનાના સાચા પથે ચાલીને આ જીવાત્મા ક્રમશઃ ઉન્નતિ કરતાં કરતાં એ પરમનો સ્પર્શ પામે છે જેનો એ અંશ છે. વસ્તુતઃ ભગવાન જ્યારે અપનાવે છે, ત્યારે પોતાનામાં વિલય કરી દે છે. પ્રત્યેક અવતાર આ રીતે જ થાય છે. તત્ત્વસ્થિત મહાપુરુષ કહેવાયા એ બધાને સાધનાપથ પરથી પસાર થવું પડ્યું છે. કૃષ્ણ વગેરેએ આ જન્મમાં શ્રમ નથી કર્યો, પણ સાધનાક્રમ એમના પૂર્વજન્મોમાં જોવા મળે છે. ઉપલબ્ધિ અને ક્ષમતાની દૃષ્ટિએ બધા અવતાર અને તત્ત્વદર્શી મહાત્મા એક જ સ્તરના હોય છે, કારણ કે એ પરમાત્મા એક જ છે. તેથી પ્રાપ્તિકાળમાં બધા મહપુરુષોને એકસરખી અનુભૂતિ થઈ અને બધા એ સત્તાથી સમાન અલંકૃત થયા. તમને મહાપુરુષનું સતત સાન્નિધ્ય મળવું જોએ, જેથી ક્રિયાત્મક પદ્ધતિને હૃદયંગમ કરી શકે, પછી શંકા નથી થતી.

॥ ૐ ॥

આસ્તિકતાને નામે...

જે નશ્વરોની પાછળ ભટક્યા કરે છે,

નશ્વરોની પૂજા કરે છે,

તે જ **નાસ્તિક** છે.

જે અસ્તિત્વનો ઉપાસક છે,

જે એકમાત્ર પરમાત્મા પ્રત્યે શ્રદ્ધાવાન છે,

તે જ **આસ્તિક** છે.

આસ્તિકતાને નામે...

શ્રી પરમહંસ આશ્રમ જગતાનંદ દ્વારા પ્રકાશિત પુસ્તિકાઓ પર (ખાસ કરીને 'વર્ણવ્યવસ્થા', 'પશુ-ગાય ધર્મ નહીં' અને 'સનાતન ધર્મ' પર આક્ષેપ કરીને, વારાણસીના શ્રી મસ્તરામજીએ એક વિરોધ-પુસ્તિકા **'नास्तिकों से सावधान'** નામે પ્રગટ કરી છે. પુસ્તિકામાં એમનું કહેવું છે કે જાતિ-જ્ઞાતિ જ સનાતન ધર્મ છે-એ વેદમાં લખ્યું છે. જેમણે સંસ્કૃત અને વેદનું અધ્યયન નથી કર્યું, તે ધર્મને જાણી શકતા નથી. વેદના રક્ષક બ્રાહ્મણ છે, તેથી બ્રાહ્મણોની રક્ષા માટે ભગવાન અવતાર લે છે. વેદમાં યજ્ઞની જરૂરિયાત પર ભાર મુકાયો છે, યજ્ઞમાં પંચગવ્ય માટે ગાય જરૂરી છે, તેથી ગાય ધર્મ છે... વગેરે.

આ કથનોને વિવાદ-બિંદુ બનાવતાં પહેલાં મહોદયની ભાષાશૈલી વિશે થોડુંક કહેવું અપ્રાસંગિક નહીં થાય. પરંપરાગત દુર્બોધ ભાષા અને લાંબી ભૂમિકા બાંધ્યા પછી એમણે જે પ્રશ્ન ઊભો કર્યો છે એને 'પ્રશ્ન' સંજ્ઞા આપવી એ પણ અસંગત થશે; કારણ કે એમના લેખનમાં સિદ્ધાંતગત વાંધા એકદમ જ ઓછા, વ્યક્તિગત કટુ ઉક્તિઓ જ ઘણી વધારે છે. એમણે આ સંબંધમાં ઘણો શ્રમ લીધો છે કે પૂજ્ય પરમહંસજી અને એમના શિષ્યો કેવા છે અને લેખકના ગુરુ કેવા હતા.

લેખકમહોદયે ઠેકઠેકાણે યાદ કરાવ્યું છે કે પરમહંસજી ગાંજો પીતા હતા. હું આપને કહેવા ઈચ્છું છું કે ગાંજો એમને માટે દવારૂપ જ હતો. પોતાના કોઈ શિષ્યને એમણે ગાંજો પીવાનું શીખવ્યું નથી. પ્રાપ્તિ પછી મહાપુરુષના કર્મ અશુક્લ અને અકૃષ્ણ થઈ જાય છે. ગીતામાં છે,-

आपूर्यमाणमचल प्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी॥ २/७० ॥

અર્થાત્ ભયંકર વેગથી વહેતી હજારો નદીઓ ઘૂઘવાટ કરતી તીવ્ર ગતિથી સમુદ્રમાં પડે છે, પણ સમુદ્રને નથી એક ઈંચ ઉપર લાવી શકતી

કે નથી નીચે પાડી શકતી, પણ એમાં જ સમાઈ જાય છે. બરાબર આ જ રીતે સ્થિતપ્રજ્ઞ મહાપુરુષો પ્રત્યે સમગ્ર ભોગ એટલા જ વેગથી આવે છે પણ એમનામાં સમાઈ જાય છે. આવા સમુદ્રવત્ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ પરમહંસજીનું નામ વગોવવું એ પોતાને જ કલંકિત કરવા જેવું છે. બરાબર આ જ રીતે કરપાત્રીજીનો અમે બધા પૂર્ણ આદર કરીએ છીએ. પ્રયાગથી કાશી સુધી દોઢ વર્ષ સુધી નિરાધાર વિચરણ દરમિયાન માત્ર હથેળી પર રહી શકે એટલા અલ્પ ભોજન પર નિર્વાહ કરીને 'કરપાત્રી'ની ખ્યાતિ પ્રાપ્ત કરી. તેઓ ત્યાગી, વિરક્ત, નિસ્પૃહ અને સરળ મહાત્મા હતા. કર્મકાંડ અને ગાદીઓની પેરવી તો એમની પાસે કરાવવામાં આવી હતી, એમનો કોઈ દોષ નહોતો. લેખકમહાશયે આવા મહાપુરુષનું નામ વિવાદના વમળમાં શા માટે ઘસડ્યું? જે સમયે પરમહંસજીએ કરપાત્રીજીને ચિત્રકૂટમાં રામરાજ્ય પરિષદીય દળગત રાજનીતિમાં આવવાની મના કરી હતી, એ સમયે કરપાત્રીજી ઉંમરમાં પરમહંસજીના બાળક સમાન હતા. મહારાજજીને એમને કહેવા-સાંભળવા સમજાવવાનો પૂરો હક હતો. મહાન લોકોની વાત છે, એને આપે પોતાને માટે અપમાનજનક કેમ માની લીધી. આટલી જ માત્ર ઘટનાથી પૂર્વગ્રહગ્રસ્ત ન થવું જોઈએ.

આ જ પ્રકારની કૃતિની સમીક્ષામાં લેખકના નામને તોડીમચડીને સંબોધિત કરવું એ સમીક્ષાની કઈ માન્ય રીતિનીતિ છે? આમ કરીને વિદ્વાન લેખકે (સાંભળ્યું છે કે તેઓ વેદાંતાચાર્ય પણ છે), સામાન્ય શિષ્ટાચારને બદલે વૈચારિક ઠીંગણાપણાનો જ પરિચય આપ્યો છે. ''**जो रहे करवा वही बहे टोंटी।**'' એ માન્યવરે જે વિશેષણો કે ભાષાનો પ્રયોગ કર્યો છે, તે સંતો કે વિદ્વાનોની ભાષા પ્રતીત થતી નથી. આદિ શંકરાચાર્યજીએ કહ્યું હતું,-''**जयति परमहंसो मुक्तिभावं समेति**'' અને આ સજ્જનનું વાક્ય છે,-''**वाह रे परमहंसी पोपलीला।**'' ગમ્મતની વાત તો એ છે કે તેઓ પોતાને કાશી વિદ્વદપરિષદના અધ્યક્ષ પણ માની બેઠા છે. ઠીક. વ્યક્તિને અનુલક્ષતા મૂલ્યાંકનને અહીં જ અટકાવીને અમે પ્રકરણ પર આવીએ છીએ.

આશ્રમમાંથી પ્રકાશિત પુસ્તિકાઓમાં ધર્મને નામે પ્રચલિત રૂઢિઓનું

ખંડન કરાયું છે, પણ આ લેખકમહોદયે 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ...' શ્લોકમાં વિપક્ષીઓના અર્થને પણ અમારો મત માની લેવાની ભૂલ કરી છે. અમારું દુર્ભાગ્ય છે કે આટલી સ્પષ્ટ વાત પણ તેઓ સમજી શક્યા નહીં. એમણે પુસ્તિકાઓ સામે જેટલા વાંધા ઉઠાવ્યા છે, એ બધાના જવાબ વિસ્તારથી એ જ પુસ્તિકાઓમાં છે. લાગે છે કે એમણે એ પુસ્તિકાઓ આદિથી અંત સુધી વાંચી નથી,-જો વાંચી હોત તો આખી પુસ્તિકામાં જેટલાં પ્રમાણ અપાયાં છે, એનું ખંડન સંદર્ભસહિત કરવું જોઈતું હતું. એમણે દેખાડવું જોઈતું હતું કે મારું કયું કથન વેદની કઈ ઋચાની વિરુદ્ધ છે અને એમે જે ઋચાઓ આપી છે તે શું એ વેદમાં નથી?

આરંભમાં જ એક સ્પષ્ટીકરણ જરૂરી છે. લેખકને એ ભ્રમ છે કે જે ધર્મની ચર્ચા અમે કરી છે તે અમારી કે અમારા ગુરુદેવની પહેલાં નહોતો, જાણે અમે કોઈ નવો ધર્મ ઊભો કરી રહ્યા હોઈએ! જ્યારે આવી કોઈ વાત નથી. અમે તો કહીએ છીએ કે સંસારભરના લોકોનો ધર્મ એક જ છે-સનાતન ધર્મ કેમ અમારો? કેમ તમારો? કેમ સંપ્રદાય? કેમ નવો? કેમ પુરાણો? અમે તો બરાબર એ જ ઈચ્છીએ છીએ જે વૈદિક ઋષિઓએ કહ્યું હતું, જે ઉપનિષદમાં છે, ભગવાન શિવ, ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણે જેને દૃઢ કર્યો હતો. ગીતામાં એમણે પોતાની તરફથી કાંઈ કહ્યું નહોતું. તેરમા અધ્યાયમાં કહે છે,-**ऋषिभिर्बहुधा गीतां छन्दोभिर्विविधैः पृथक्। ब्रह्मसूत्रपदैश्चैव हेतुमुद्भिर्विनिश्चतैः॥** (૧૩/૪) જે ઋષિઓ દ્વારા કહેવાયું, જે વેદમાં છે, જે બ્રહ્મસૂત્રનાં પદોમાં છે, તે જ બધુ એકલી ગીતામાં છે. મહાત્મા બુદ્ધ, મહાવીર, મૂસા, ઈસુ, મુહમ્મદ, કબીર કે નાનક,-આ બધાની મૂળ શીખ, બોધ, બધાનો ધર્મ એક જ છે, ક્યાંય કોઈ અંતર નથી. ધર્મને આ જ શુદ્ધ રૂપે જન-જનને દેખાડવો એ અમારો હેતુ છે.

ધર્મ હંમેશાથી એક જ છે. એમાં કુરીતિઓના સમાવેશથી જ્યારે સામાજિક વિષમતા વધી જાય છે ત્યારે કોઈ મહાપુરુષ એને સમતાના ધરાતલ પર લાવી દે છે. સમાનતા આપે છે માટે સંપ્રદાય કહેવાય છે. સંપ્રદાય કોઈ નવો ધર્મ નથી, પણ વિકૃતિઓના પરિમાર્જનનો એક સંગઠિત પ્રયાસમાત્ર છે. મનુષ્યનું દુર્ભાગ્ય છે કે જ્યારે કોઈએ સાચું

કહેવાનું ઈચ્છયું, ત્યારે પરોપજીવીઓએ એમને નવું કહીને સમાજને સત્યથી પરિચિત ન થવા દીધો. એમને ભય હતો કે લોકો સાચું જાણી જશે તો એમની રોજીરોટી બંધ થઈ જશે. એમનો ભય સુરેન્દ્રના ભયની જેમ અકારણ છે, જેને માટે ગોસ્વામીજીએ કહ્યું હતું,-

सुख हाड़ लै भाग सठ, स्वान निरखि मृगराज।
छीनि लेइ जनि जड़ तिमि सुरपतिहिं न लाज॥

(માનસ/૧/૧૨૫)

સૌથી પહેલાં તો એમનું શીર્ષક જ વાંધાજનક છે, જેમાં એમણે આપણે બધા નાસ્તિક હોવાનો ફતવો બહાર પાડ્યો છે. આસ્તિકતા અને નાસ્તિકતા અંગે એમનો માપદંડ ગમે તે હોય, ભગવાન શ્રીકૃષ્ણોક્ત ગીતામાં છે કે,-અર્જુન! અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્નો ત્રણે કાળમાં અભાવ નથી. આત્મા જ સત્ છે અને ભૂતાદિકોનાં શરીર નાશવાન છે, એ છે જ નહીં. આ પરિભાષા અનુસાર જે અસ્તિત્વનો ઉપાસક હોય, જે સતનો ઉપાસક હોય, જે એકમાત્ર પરમાત્મા પ્રત્યે શ્રદ્ધાવાન હોય, એ જ આસ્તિક છે અને જે નશ્વરની પાછળ ભટકી રહ્યો હોય તે નાસ્તિક છે. ''**अब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन**'' (૮/૧૬). બ્રહ્મા અને બ્રહ્માથી ઉત્પન્ન સૃષ્ટિ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, પહાડ. જળ, અગ્નિ, આકાશ, ઝાડપાન વગેરે નશ્વરોની પૂજા કરતો હોય તે નાસ્તિક છે. આ નશ્વર કલેવરોની પાછળ ભટકી રહ્યો હોય, એમની પાછળ સમય આપી રહ્યો હોય, એમને સંતુષ્ટ કરવામાં વ્યસ્ત હોય, તે નાસ્તિક છે. લેખકમહોદય પુનર્વિચાર કરે કે આશ્રમીના સાહિત્યમાં એક પરમાત્માની જ ઉપાસના પર ભાર દેવાયો છે કે નહીં.

*લેખકે સનાતન ધર્મના મહાન પ્રચારકોમાં કુમારિલ ભટ્ટ, શંકરાચાર્ય અને ઉદાયનાચાર્યનાં નામ કહ્યાં છે અને પોતાને એમના ઉત્તરાધિકારી માની લીધા છે. એમાંથી ઉદાયનાચાર્યજીને કેટલા લોકો જાણે છે? જનસમાજ આ નામની કોઈ વ્યક્તિ, એમના જીવનકર્તુત્વ થવા કોઈ પ્રદાનથી પરિચિત નથી.

હવે રહી વાત કુમારિલ ભટ્ટની! કહે છે કે ઘણા દિવસો સુધી તેઓ બૌદ્ધોની વચ્ચે રહ્યા, પણ લોકો એમને એટલે જાણે છે કે આચાર્ય

શંકર કર્મકાંડોના વિરોધમાં એમની સાથે શાસ્ત્રાર્થ કરવા ગયા હતા. એ જ આચાર્ય શંકરની ગાદી પરથી તમે કુમારિલની, શંકરના વિરોધીઓની ખુશામત કરી રહ્યા છો? એ સમયે કુમારિલ ભટ્ટ પ્રચારમાં, તૃષાનલમાં પોતાનું શરીર હઠ કરીને બાળી રહ્યા હતા.એમણે આચાર્ય શંકરને પોતાના શિષ્ય મંડન મિશ્ર સાથે શાસ્ત્રાર્થ કરવાનું કહ્યું અને પોતે બળી ગયા. કુમારિલ સાથે શંકરનો શાસ્ત્રાર્થ થયો જ નહીં, તો આચાર્ય શંકરના સમર્થક કે સનાતનના પ્રચારકોમાં ક્યાંરથી ગણાવા માંડ્યા?

આચાર્ય શંકર જે સિદ્ધાંતના પ્રચાર માટે વિખ્યાત છે, તે છે '**ब्रह्म सत्य जगन्मिथ्या**।' એમનો શ્લોક જુઓ,-

आब्रह्मस्तम्ब पर्यन्तं सर्वं मायामयं जगत।
सत्यं सत्यं पुनः सत्यं हरेर्नामैव केवलम्॥

અર્થાત્ બ્રહ્માથી માંડીને જીવજંતુ સુધીનું સમગ્ર જગત નશ્વર છે. એમાં સત્ય છે કેવળ હરિ અને હરિનું નામ. માટે '**करतल भिक्षा तरुतल बास**' કરવો પડે તો પણ **भज गोविन्दं** એક પરમાત્માની ભક્તિ પર ભાર મૂક્યો છે. એમની જ ગાદી પરથી આપ સૌ કરોડો દેવદેવીઓની પૂજા કરવાનું કહી રહ્યા છો. આચાર્ય શંકરે કહ્યું કે '**न मे जातिभेदः**' તો લેખકમહોદય નાતજાતને જ ધર્મ કહે છે. રામે પોતાના નામ સાથે 'સિંહ' જોડ્યું નથી. શ્રીકૃષ્ણે 'યાદવ' જોડ્યું નથી. શું આચાર્ય શંકરે પોતાને તિવારી કહ્યા હતા કે શુક્લા?

કર્મકાંડોની બાબતમાં આદિ શંકરાચાર્યજીએ કહ્યું,-

कुरुते गंगासागर गमनं, व्रत परिपालनमथवा दानम्।
ज्ञान विहीनं सर्वमतेन, मुक्तिर्नभवति जन्म शतेन॥

અર્થાત્ ગંગ જ નહીં ગંગાસાગર સુધીની તીર્થયાત્રાઓથી વ્રત, અથવા દાનથી કાંઈ જ થવાનું નથી. દરેક રીતે એ નિર્વિવાદ છે કે આત્મજ્ઞાન વગર મુક્તિ ન મળે. આ આચાર્યશ્રીનો મત છે અને એમની જ ગાદી પર બેસીને તમે બધા કર્મકાંડની હિમાયત કરી રહ્યા છો.

અનુશ્રુતિ છે કે બત્રીસ વર્ષની નાની વયે જ આચાર્યશ્રીની હત્યા

કરવામાં આવી હતી. એમણે જે પાંચ હજાર ઉદ્ભટ કર્મકાંડીઓને પરાજિત કર્યા હતા, એ બધાને, એ સમયની પરંપરા અનુસાર આચાર્ય શંકરનું શિષ્યત્વ સ્વીકારવું પડ્યું હતું. તેઓ ભલે નિરુત્તર થઈ ગયા હતા, પણ જે તેઓ આજીવન કરતા આવ્યા હતા એ કર્મકાંડથી એમનાં મન મુક્ત નહોતાં થઈ શક્યાં. દિગ્વિજયરત આચાર્ય શંકરના સાન્નિધ્યમાં રહેવાનું અથવા એમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય એમને મળી શક્યું નહોતું. લાગે છે કે એમણે શિષ્યત્વનો માત્ર અભિનય જ કર્યો હતો. આ જ કારણ છે કે આચાર્ય શંકર લોપ પામતાં જ એમની ગાદીઓ પરથી કર્મકાંડનું સમર્થન કરતા શ્લોક અને આચાર્ય શંકરના નામે ગીતા અને ઉપનિષદોનાં ભાષ્ય લખાવા માંડ્યા.

કેટલો અંતર્વિરોધ છે કે જે મહાપુરુષ '**एको ब्रह्म**'નો ઉદ્ઘોષ કરતા હોય, એના જ નામે વિભિન્ન દેવદેવીઓની સ્તુતિઓ પ્રચલિત છે. જે મહાપુરુષે કહ્યું,-''**कःपूजनीयः शिवतत्त्वनिष्ठः**'' પૂજનીય કોણ છે? આચાર્ય કહે છે કે શિષ્યત્વમાં સ્થિત કોઈ મહાપુરુષ! પણ આજે પોતાને એ જ મહાપુરુષના શિષ્ય કહીને કોઈ ગાય-બળદની પૂજા કરવાનું કહે છે, તો કોઈ સંધ્યા-ગાયત્રીની. જે આચાર્યે ''**किं कर्म यत्प्रीतिकरे मुरारे**'' કહીને એક જ ઉત્તમ કર્મ કહ્યું, તો એમના જ ગીતાભાષ્યમાં કર્મને પાંચ પ્રકારનાં કહ્યાં છે. બંનેમાંથી કોને પૂજ્ય આચાર્યનું માનવું, કોને ન માનવું?

સ્પષ્ટ છે કે વિરક્ત મહાપુરુષોનું સ્થાન જ્યારે એમના સાધનારહિત, અધકચરા શિષ્ય ગ્રહણ કરવા માડે છે, ત્યારે સાધના તો એમનાથી પાર પડતી નથી, પોતાના પૂર્વ-ગ્રહસ્થજીવનના આગ્રહોથી મુક્ત નથી થઈ શકતા, તેથી વાસત્વિક ક્રિયાને બદલે તેઓ અનંત ક્રિયાઓનો પ્રચાર કરવા માંડે છે. આ એમની જ ભેટ છે કે એક ધર્મ અનેક વિપરીત ધર્મરૂપે દેખાવા માડે છે, જે સમય જતાં ઝઘડાનું કારણ બને છે. આચાર્યજનોને વિનંતી છે કે પૂજ્ય ગુરુજનોને ખોટી રીતે રજૂ કરીને અશ્રદ્ધાના ભાવ પેદા ન કરે.

*લેખકની આ સમજફેર થઈ ગઈ છે કે વેદને માનવાનો અને એને વિશે પ્રામાણિકપણે કાંઈ પણ કહેવાનો ઈજારો એમને જ મળી ગયો છે.

વેદ એકલા એમના જ નથી, માનવમાત્રની નિધિ છે. પરમાત્માની શોધનું પહેલું વિવરણ વૈદિક ઋષિઓ દ્વારા મળ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે એક પરમાત્માનુ જ તો અસ્તિત્વ છે. વેદનું મહત્ત્વ એટલા માટે છે કે તે શાશ્વત સત્ય પરમાત્માને દૃઢાવે છે, પણ જે વાત વેદમાં નથી, એને પણ 'વેદમાં છે, વેદમાં છે' એમ કહીને સાદીસીધી શ્રદ્ધાળુ જનતાને ભયમાં ન રાખો. હવે દરેક વાતને ધર્મ કહીને માનવામાં ઔચિત્ય રહ્યું નથી, કારણ કે ભારત હવે સાક્ષર છે.

લેખકનો દાવો છે કે વેદ સનાતન એટલા માટે છે કે એમાં તારીખ આપવામાં આવી નથી કે કોઈ માણસે એને રચ્યા નથી! સનાતનનું આ કયું લક્ષણ છે? તારીખ લખવાની ભૂલી જઈએ તો કૃતિ સનાતન થઈ જાય? અંગ્રેજી ઈતિહાસકાર એટલા માટે જ કહે છે કે ભારતના લોકો ઈતિહાસ લખવાનું જાણતા નહોતા. પ્રાચીન ભારતીય વસ્તુઓનું તિથિનિર્ધારણ (સમય-નિશ્ચિત) અન્ય દેશોની એવી વસ્તુઓની તુલના દ્વારા કરવાના પ્રયત્ન ચાલે છે. તારીખ લખી ન હોવાથી કોઈ વસ્તુ પ્રાચીન બની જતી નથી અને નથી એનાથી કોઈ વસ્તુનું ગૌરવ વધી જતું.

વેદ જ લેખકનો મુખ્ય ગ્રંથ છે. તો પોતાનાં પ્રવચનોમાં જનતાને વેદની ઋચાઓ અને સંસ્કૃતમાં જ એના અર્થ દર્શાવ્યા કરે તો વધુ સારું, કારણ કે વેદ જાણવાની વાત તો દૂર રહી, મોટા ભાગના લોકોએ આ પુસ્તકોને જોયાં પણ નથી અને જોઈ શકતા પણ નથી, કારણ કે લેખક કહે છે તે પ્રમાણે વેદ જોવા ને વાંચવાનો બધાને અધિકાર નથી. અમે એમને પૂછવા માગીએ છીએ કે જે પુસ્તક પર તેઓ છળ કરવા બેઠા છે, એમના કહેવા પ્રમાણે જે પુસ્તક રટ્યા વગર કોઈ મોક્ષ પામી શકતું નથી, એમના જ દ્વારા અનુમોદિત પારાશરાદિ સ્મૃતિઓમાં છે કે એ જ પુસ્તકનું એક વાક્ય પણ વાંચે તો શૂદ્ર નરકમાં જશે! એ પુસ્તક છે કે નરકનો દરવાજો! મોક્ષ સિદ્ધ કરાવનાર છે કે નરકનું આરક્ષણ? એ તો શંકરાચાર્યજીનીય ઘણા વખત પહેલાંના છે. એની પર શંકરાચાર્યજીનો એકાધિકાર કે આપ લોકોનો કબજો ક્યારથી થઈ ગયો? શંકરાચાર્યજીથી પહેલાંનો સનાતન ધર્મ શો હતો? શું આદિ શંકરાચાર્યજીનો જ મત

સનાતન છે, જે વિક્રમ સંવત ૮૪૫-૮૭૭માં થયા હતા?

લેખકનો દાવો છે કે વેદ મોક્ષનો દરવાજો છે, પણ ભગવાન શ્રીકૃષ્ણ એમ નથી માનતા. ગીતામાં છે કે '**त्रैगुण्य विषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन**।' (૨/૪૫) અર્થાત્ વેદ ત્રણે ગુણો સુધી જ પ્રકાશ પાથરે છે. એનાથી આગળની સ્થિતિ વિશે તેઓ જાણતા નથી. અર્જુન! તું ત્રણે ગુણોથી ઉપર ઊઠ. નિત્ય વસ્તુ આત્મા છે. એમાં સ્થિતિ પ્રાપ્ત કર. જે ત્રણે ગુણો સુધી સીમિત છે, તે મોક્ષનો દરવાજો કેવી રીતે હોય?

તો શું વેદનું કોઈ મહત્ત્વ નથી? શ્રીકૃષ્ણ કહે છે કે મહત્ત્વ છે, પણ એક હદ સુધી જ. કેટલું છે? એ વિશે કહે છે,-

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः॥ ૨/૪૬ ॥

અર્થાત્ ચારે તરફ છલોછલ ભરેલું જલાશય પ્રાપ્ત થયા પછી નાનાં-મોટાં જલાશયોનો જેટલો ઉપયોગ રહે છે, એટલો જ બ્રહ્મને જાણનારા બ્રાહ્મણને વેદોનો રહે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ 'વેદ વેદ' બૂમો પાડતા લોકોનો '**वेदवादरताः**' કહીને નિરસ્કાર કર્યો છે. (જુઓ, ગીતા ૨/૪૧-૪૪).

ભગવત્-પથમાં વેદ ક્યાં સુધી સહાયક છે? પોથીઓનો કેટલો ઉપયોગ છે? યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે કોઈ ઉપયોગ નથી. એ સહાયક નહીં, પણ બાધક છે,-

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि॥ ૨/૫૩ ॥

અર્થાત્ વેદવાક્યો સાંભળવાથી વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે સ્થિર થઈ જાય, ત્યારે તું યોગને પ્રાપ્ત થઈશ. અહીં શ્રીકૃષ્ણ કહે છે કે વેદવાક્યો સાંભળવાથી બુદ્ધિ વિચલિત થઈ જાય છે.

માની લો કે વેદોમાં વર્ણવેલા ધર્મનું પાલન જો કોઈ કરે તો એને શું મળે? યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે,-'**एवं त्रयी धर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते**' (૯/૨૦) કહે છે કે વેદમાં દર્શાવેલા ધર્મનું પાલન

કરનાર **'गतागतं लभन्ते'** આવતાં-જતાં રહે છે, આવાગમનમાં પડ્યા રહે છે, અને જે આદિ શંકરાચાર્યે **'पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्।'** કહીને સાવચેત કર્યા છે.

શું વેદના અધ્યયન કે વેદાંતના વાક્યોના શ્રવણથી ઈશ્વરને જોઈ શકાય છે? યોગેશ્વર શ્રીકૃષ્ણનો નિર્ણય સાંભળો,-અર્જુન, મને ન તો વેદથી, ન યજ્ઞથી, ન અધ્યયનથી, ન દાનથી, ન અનેક ક્રિયાઓથી અને ન ઉગ્ર તપોથી પણ જોઈ શકાતો, પણ પરંપત! અનન્ય ભક્તિથી હું ન કેવળ જોવા માટે પણ તત્ત્વથી જાણવા અને પ્રવેશ કરવા માટે પણ સુલભ છું. (૧૧/૪૮, ૫૪).

આ અવતરણો પરથી લાગે છે કે ભગવાન શ્રીકૃષ્ણ વેદને નથી માનતા, પણ એમ નથી. તેઓ જે વેદને માને છે તે આ ચાર વેદોથી જુદો જ કોઈ વેદ છે,-

ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम्।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित्॥ ૧૫/૧ ॥

ઉપર ઉત્કૃષ્ટ પરમાત્મા જ જેનું મૂળ અને નીચે પ્રકૃતિ સુધી જેની શાખા-પ્રશાખાઓ છે-આ સંસારને એવું અવિનાશી વૃક્ષ કહ્યો છે. વેદ એના પાંદડાં છે. જે આ સંસારવૃક્ષને જાણે છે, અર્થાત્ જે પ્રકૃતિ-સહિત પરમાત્માને જાણી લે છે, તે વેદવિત્ છે. આગળ કહે છે, ઉપર-નીચે સર્વત્ર એનાં મૂળ અને શાખાઓ છે, અર્થાત્ પરમાત્મા અને પ્રકૃતિ સર્વત્ર છે. દરેક વ્યક્તિમાં પરમાત્માનો નિવાસ છે. તેથી જે ક્ષણથી તે અનન્યભાવથી પરમાત્મામાં શ્રદ્ધાવાન છે, તે જ ક્ષણે તે પરમાત્મા એનામાં જાગ્રત થઈ જાય છે. એને જાણકારી આપવા માંડે છે; એ જ વેદ છે, નહીં કે પોથી ભગવાન જ એનું અધ્યયન કરાવે છે. આજે પણ એવું જ છે અને હંમેશાં એમ જ રહેશે. આ અર્થમાં વેદ અપૌરુષેય છે. આ જ અર્થમાં વેદ પરમાત્માનો નિઃશ્વાસ છે, નહીં કે પરમાત્મા કોઈ પાંદડા પર સૂતા સૂતા આરામ કરી રહ્યા છે અને એમની શ્વસનક્રિયાથી વેદ લખાયો.

વેદ જેનાં પાંદડાં છે એવા સુવિરૂઢમૂળ અશ્વત્થની પૂજા નથી કરવાની,

પણ ''**असंग शस्त्रेण दृढेन छित्वा**'' અસંગરૂપ શસ્ત્રથી આ વૃક્ષને કાપી નાખવાનું છે. તમે અસંગ થઈ જશો તો ક્યાં વૈદિક અનુષ્ઠાન, ક્યાં કર્મકાંડ કરશો? કોઈ કર્મકાંડ નહીં, કેવળ ''**तनः पदं तत्परिमार्गितव्यं**'' એ પરમપદની શોધ કરવી જોઈએ.

પંદરમા અધ્યાયમાં જ ભગવાન કહે છે,-

सर्वस्य चाहं हृदि संनिविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च।
वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्तकृद्वेदविदेव चाहम्॥ ૧૫/૧૫ ॥

અર્જુન! હું બધાના હૃદયમા સ્થિત છું. મારાથી જ સ્મૃતિ, જ્ઞાન, તર્કશક્તિ છે. જાણવાની બધી વસ્તુઓમાં હું જ જાણવાયોગ્ય છું અને જ્યારે જાણકારી થઈ જાય ત્યારે હું જ વેદાન્તનો કર્તા અને હું જ વેદવિત્ અર્થાત્ વેદને જાણનાર છું. હવે પહેલાં શ્લોકમાં કહ્યું હતું કે જે જાણે છે તે વેદવિત્ છે. અહીં કહે છે કે હું પણ વેદવિત્ છું. જેવો એ જાણનાર તેવા જ શ્રીકૃષ્ણ વેદવિત્ છે. પરમાત્માનું જ્ઞાન થઈ જાય, એ જ વેદનો અંત એટલે વેદાંત છે. ઉપનિષદ કે મહર્ષિ બાદરાયણના નામે પ્રચલિત ઉત્તરમીમાંસા એ વેદાંત નથી. એકમાત્ર પરમાત્માના સ્મરણને જ યોગેશ્વર સ્મૃતિ માને છે, નહીં કે મનુ કે કપિલ સમૃતિને. તેથી આ પ્રલાપનું કોઈ ઔચિત્ય નથી રહેતું કે અમે વેદમાં નથી માનતા. અમે પણ વેદને એટલા જ ને એ જ રૂપે માનીએ છીએ જેટલા યોગેશ્વર શ્રીકૃષ્ણની ગીતામાં તથા અન્ય ઉપનિષદોમાં છે.

*લેખકે સારું યાદ કરાવ્યું કે અમે શ્રૌત સ્માર્તનું અંતર નથી જાણતા. તેઓ કહે છે કે સ્માર્ત લોકો વેદ પણ માને છે, ત્યારે તો શ્રૌત લોકો સ્મૃતિમાં પણ માનતા હશે? તો બંને વચ્ચે અંતર જ ક્યાં રહ્યું? જે ધર્મસૂત્રો-સ્મૃતિઓ-પુરાણોમાં તમે માનો છો, એમાંથી જ અમે દાખલા ટાંકીશું કે પહેલાં તમે શ્રૌત અને સ્માર્ત કોને કહેતા હતા.

दाराग्निसम्बन्धमिज्या श्रौतस्य लक्षणम्।
स्मार्तो वर्णमाश्रमाचारो यमश्च नियमैर्युतः॥

શ્રૌતમાં એ કૃત્યો આવે છે જેનાં નામ વેદમાં છે અને વિધિવિધાન સહિતાગ્રંથોમાં તથા બ્રાહ્મણ ગ્રંથોમાં છે; જેમ કે અગ્નિઓની સ્થાપના, દર્શ પૌર્ણમાસાદિ યજ્ઞ, સોમકૃત્ય વગેરે. સ્માર્તમાં એ કૃત્યો આવે છે જે સ્મૃતિઓમાં છે તથા વર્ણાશ્રમ આચારવિચાર સાથે સંબધિત છે,- ''**अग्न्याधान पूर्वकोऽधीत प्रत्यक्षवेदमूलो दर्श पूर्णमासादि श्रौतः। अनुमित परोक्ष शाखामूलः शौचचमनादिः स्मार्तः।**'' ગમ્મતની વાત તો એ છે કે બધી સ્મૃતિઓનુંય મૂળ વેદમાં શોધવાનો પ્રયત્ન થાય છે અને જે આચરણસંબંધી વેદમાં ક્યાંય નથી મળતું, તેને માટે કહી દેવામાં આવે છે કે આ વિશે કોઈ શ્રુતિ હશે જે હવે લુપ્ત થઈ ગઈ છે.

અહીં અને એ પણ રહસ્ય ખુલ્લું કરવા ઈચ્છીશું કે લેખકે આમ શા માટે લખ્યું છે કે સ્માર્તનામ વેદને પણ માને છે. એટલા માટે આમ કહે છે કે સ્માર્તનામ સંપ્રદાય આદિ શંકરાચાર્ય દ્વારા પ્રવર્તિત થયેલો કહેવાય છે. શંકરાચાર્યજી પહેલાં આ નામનો કોઈ સંગઠિત સંપ્રદાય નહોતો. સ્માર્તનામમાં પંચદેવોપાસના (વિષ્ણુ, શિવ, ગણેશ, શક્તિ અને સૂર્યની પૂજા) અનિવાર્ય છે. કેવી વિડંબના છે કે જે મહાપુરુષે કહ્યું હતું, ''**एको ब्रह्म द्वितीयो नास्ति**'' (શ્રુતિ છે '**एकं सत्**', વેદાત છે '**एको देवो**') તો એ જ શંકરાચાર્યના સુયોગ્ય શિષ્ય પંચદેવઃનો પ્રચાર કરી રહ્યા છે, જ્યારે પંચદેવ હોતા જ નથી, પંચ તો મહાભૂત હોય છે. ક્ષિતિ-જલ-પાવક-ગગન-સમીરા, એમને કે ગ્રહો-ઉપગ્રહોને જળ ચડાવવું, પર્વત અને વૃક્ષોની પૂજા કોઈ વિદ્યા નથી, રીતિ નથી. કદાચ ફળ મળી પણ જાય, તો શ્રીકૃષ્ણ કહે છે કે ફળ નષ્ટ થઈ જાય છે અને પૂજનાર પણ નષ્ટ થઈ જાય છે. તો જો કરવી જ હોય તો એ વિધિથી પૂજા કેમ ન કરીએ, જનું ફળ નષ્ટ નથી થતું કે પૂજનાર નષ્ટ નથી થતો,-'**न मे भक्तः प्रणश्यति**।' શૈવ, વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયોનું આચાર્ય શંકરે ખંડન કર્યું હતું, આજના સ્માર્ત એમની જ પૂજા કરે છે. શ્રૌત-સ્માર્ત-વિશેષજ્ઞ લેખકમહોદય કૃપા કરીને કહે કે શ્રુતિસમ્મત એક પરમાત્માની પૂજા એ ભૂલ છે કે સ્માર્તોની પંચદેવોપાસના ભૂલ છે?

*આ રીતે મહારાજ મનુ કે મનુસ્મૃતિની નિંદા કરવી એ અમારું મંતવ્ય નથી, કારણ એમનું ધર્મશાસ્ત્ર જે રૂપમાં ઉપલબ્ધ છે, તેમાં

ઘણું બધું વધાર્યું-ઘટાડ્યું અને બદલી નાખ્યું છે. નારદસ્મૃતિમાં છે કે મનુના ધર્મશાસ્ત્રનો સંક્ષેપ અને પરિવર્ધન નારદ, માર્કંડેય અને સુમતિ ભાર્ગવે કર્યું. કેટલીક સ્મૃતિઓમાં મનુના જે શ્લોક કહ્યા છે, તે આજની મનુસ્મૃતિમાં દેખાતા નથી. હેમાદ્રિએ કહ્યું કે મનુના શાસ્ત્રને ભૃગુ, નારદ, બૃહસ્પતિ અને અંગિરાએ પોતપોતાની રીતે રજૂ કર્યું. સાંભળ્યું છે કે વર્તમાન બધી સ્મૃતિઓ પુષ્યમિત્રના શાસનકાળમાં લખાઈ છે. એનું સમર્થન સ્વયં મનુસ્મૃતિથીય થાય છે, દા.ત. તેમાં યવન, કમ્બોજ, શક, પલ્લવ અને ચીનોંનાં નામ છે (૧૦/૪૪), જેમનો ઉલ્લેખ શૌર્ય સમ્રાટ અશોકના શિલાલેખોમાં છે, એ પહેલાં નથી. તેથી આ સ્મૃતિઓ મૌર્યશાસન પછીની છે.

અહીં અમારે એક સ્પષ્ટીકરણ કરવું છે. આ પ્રકરણમાં કે અન્યત્ર અનેક આધુનિક કૃતિઓમાંથી અવતરણો આપ્યાં છે. એનો અર્થ એ નથી કે અમે સમગ્ર ગ્રંથ સાથે સહમત છીએ. એનો એ આશય પણ ન માની લેવો કે અને અમારા નામની પંક્તિ તો લઈ લીધી અને બાકીના વિચારોથી બચી ગયા. અવતરણો તો અમે લેખકની વિરોધી પુસ્તિકામાંથી પણ આપીએ છીએ તો શું અમે એમને માની લઈએ છીએ? જ્યાં જરૂરી હોય, ત્યાં સમીક્ષા કરવી પડે છે. એમના કે એમના જેવા વિચારોનું છીછરાપણું દેખાડવા માટે કે તેમના તર્કોમાં રહેલા અંતર્વિરોધ દેખાડવા માટે પણ અવતરણ અપાય છે અને ક્યાંક ક્યાંક માત્ર ભાવસામ્યને કારણે પણ અવતરણ અપાયાં હોય છે. એનો એ આશય પણ નથી કે અણે કોઈ પુસ્તકનું પ્રમાણ નથી માનતા. સર્વાંગીરૂપે અમે શ્રીમદ્ભગવદ્ગીતાને પ્રમાણ માનીએ છીએ. અમે એ પણ માનીએ છીએ કે ગુરુનું એક વાક્ય મળી જાય તો કરોડો શાસ્ત્રો કરતાં પણ ચડિયાતું છે અને સાધના આરંભ થાય તો કરોડો શાસ્ત્રો કરતાં પણ ચડિયાતું છે અને સાધના આરંભ થાય એટલે પ્રભુ જે આંતરિક નિર્દેશ આપે છે, જેને મનીષીઓએ સ્વાનુભવની સંજ્ઞા આપી છે, તે બધાં બાહ્ય પ્રમાણોથી ચડિયાતો છે, એ પછી પુસ્તકનો કોઈ સહયોગ નથી રહેતો. ક્રિયામાં ઊતરીએ એટલે ગીતા, સદ્ગુરુ અને આંતરિક નિર્દેષોમાં ક્યાંય અથડામણ નથી. પરમાત્મા અપરિવર્તનશીલ છે. કરોડો વર્ષ પછી પણ જ્યારે તે નિર્ણય આપશે ત્યારે તે એક જેવો જ હશે.

કેવળ પોથી જ પ્રમાણ નથી. સંત કબીર કહે છે, ''**तूँ कहता कागद की लेखी, मैं कहता अँखिन की देखी, मेरा तेरा मनवा कैसे एक होय।**'' પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે સાધના લખવામાં આવતી જ નથી. લખી જ શકાતી નથી. ભક્તિ ભગવાન કરાવી લે છે, હૃદયથી રથી બની જાય છે. માર્ગદર્શન કરવા માંડે છે. એમની એ આજ્ઞાનું પાલન જ ભક્તિ છે. એ બધાં શાસ્ત્રોથી ચડિયાતા છે. વિધિનિષેધોથી પર છે, પણ લેખકમહોદયની વિવશતા છે કે એ જે સંપ્રદાયને વળગી પડ્યા છે, ત્યાં વેદ સિવાય સ્વાનુભવને કોઈ સ્થાન નથી. વેદનો પણ એ તે જ અર્થ માની શકે છે, જે એમની સાંપ્રદાયિક વ્યાખ્યા છે. શ્રી રામાનુજાચાર્યની વ્યાખ્યા એમને સ્વીકાર્ય નથી. પાશ્ચાત્ય વિદ્વાનોમાં મેક્સમૂલર, કીથ, મેકડાનલ, રાસ, જૉલી વગેરેનાં ભાષ્ય તથા સ્વામી દયાનંદ કે સાતવલેકર વગેરે ભારતીય વિદ્વાનોએ વેદનાં જે અર્થઘટન કર્યાં છે કે એમને માન્ય નથી.

તેઓ ઈશ્વરીય સંકેત, અંતઃપ્રેરણા, અનુભવ કે ઈશ્વરીય આદેશ જેવી પણ કોઈ વાત સ્વીકારી શકતા નથી, નહીં તો એમની આધારશિલા જ ખસી જાય. '**निज निज मुखन कही निज होनी**', '**कवि उर अजिर नचावहिं बानी**', '**उर-प्रेरक रघुवंश विभूषन**', '**उमा कहउँ मै अनुभव अपना**', '**उभय घरी महँ सब देखा**', '**निज अनुभव अब कहउँ खगेसा**' વગેરે સ્વાનુભવ-પ્રમાણની કોઈ વ્યાખ્યા એમની પાસે નથી. વેદમાં જેટલું લખ્યું છે એટલું જ સાચું છે, બાઈબલમાં જેટલું લખ્યું છે એટલું જ સાચું છે કે કુરાનમાં કે ગ્રંથસાહેબમાં જેટલું લખ્યું છે એટલું જ સાચું છે; સંકીર્ણતા, કટ્ટરતા, સાંપ્રદાયિકતા બીજી કઈ હોઈ શકે? કહેવાય છે કે કોઈ સેનાપતિએ સિકંદરનું વિશાળ પુસ્તકાલય એટલા માટે બાળી દીધું હતું કે જો આ પુસ્તકો કુરાનની વિરૂદ્ધ હોય તો નાસ્તિકતા છે અને જો એમાં એ જ બધું હોય જે કુરાનમાં છે તો આટલું વાંચવાની શી જરૂર છે? કુરાન તો છે જ! આવી ભાવુકતા પ્રસંસનીય નથી અને અનુકરણીય પણ નથી! પુસ્તક કોઈ પણ હોય, પૂજાની વસ્તુ નથી. માઈલસ્ટોન (માઈલના પથ્થર)ની જેમ હોય છે, જોયો અને રસ્તે આગળ વધી ગયા. ઠીક. હવે અમે ફરીથી મનુસ્મૃતિ પર આવીએ છીએ.

આ સ્મૃતિ કોઈ સત્ય યુગની રચના નથી. અને મનુએ પણ તે નથી લખી, જેમને માટે 'માનસ'માં છે,-''**स्वयंभुव मनु अरु शतरूपा। जिनसे भई नर सृष्टि अनूपा॥**'' તેઓ આદિ પુરુષ મનાય છે અને જ્યારે ભગવાને વરદાન આપ્યું ત્યારે કહ્યું, ''**कश्यप अदिति महातप कीन्हा।**'' આખી સૃષ્ટિ કશ્યપ અને અદિતિથી માનવામાં આવે છે. આ રીતે મનુ-શતરૂપા, કશ્યપ-અદિતિ આદિ પુરુષ છે, એક છે. એમનાં સંતાનોમાં છે દેવ અને દાનવ, સુર અને અસુર, આર્ય અને દસ્યુ, જેમનું વર્ણન વેદમાં છે. આરંભમાં આ બે જાતિઓનો ઉલ્લેખ મળે છે. એ પછી યક્ષ અને રક્ષ જાતિઓનું વર્ણન મળે છે. ગંધર્વ અને કિન્નરોની ચર્ચા છે અને વાલ્મીકિ રામાયણ સુધી મંડૂર, હૈહય, ગજ, વાનર, ઋક્ષ, ગૃદ્ધ વગેરે માનવજાતિઓનું વર્ણન મળે છે. જામવન્ત (જાંબુવાત) સારા જ્યોતિષી હતા; હનુમાન સુસંસ્કૃત પરિમાર્જિત ભાષા બોલતા હતા. એ સમય સુધી આ જ જાતિઓ હતી, પણ મનુસ્મૃતિમાં જ કહાર (પખાલી), કેવટ (નાવિક), સોની, ઘાંચી, લુહાર, ઝલ્લ, મલ્લ, લિચ્છવિ જાતિઓનું વિવરણ છે, એ બધી જ આધુનિક છે. વધુમાં વધુ આ સ્મૃતિ મહાભારતકાળની પછીની છે; કારણ કે એમાનાં કેટલાંક નામ તથા શક-યવન-કમ્બોજ-દ્રવિણ-દરદ-ખસ-કિરાત જાતિઓનાં વર્ણન મહાભારતમાં પહેલાંના કોઈ ગ્રંથમાં નથી. એમ લાગે છે કે વર્તમાન મનુસ્મૃતિ અને વર્તમાન મહાભારત બંનેમાં પરિવર્તન થયું છે.

મહાભારતકાળ સુધી ભેંશ અને પાડા જંગલી જાનવર હતાં. એમનું દૂધ પણ કાઢી શકાય છે, એની કલ્પનાય નહોતી. મહાભારતમાં ઘેટાં-બકરાં, ગાય, ગધેડી અને ઊંટડીનાય દૂધની ચર્ચા છે, પણ ભેંશના દૂધની શોધ નહોતી થઈ, પરંતુ મનુસ્મૃતિમાં છે કે જંગલી પશુઓમાંથી ભેંશનું દૂધ મેળવી શકાય છે. લાગે છે કે એ સમયમાં ભેંશ પકડવાનું શરૂ થઈ ગયું હતું-જેમ આજકાલ આફ્રિકામાં મૃગલીનું દૂધ કાઢવામાં આવે છે. મૃગલી ડેરી ફાર્મ બન્યાં છે. ભારતમાં હજી એવું નથી. એથી પણ સ્પષ્ટ થાય છે કે મનુના નામે જ સ્મૃતિ ઉપલબ્ધ છે, એ કોઈ સત્યયુગમાં લખાઈ નહોતી. આ પુસ્તકના મનુ કથાના કાલ્પનિક પાત્ર જેવા છે, દાખલા તરીકે કાલિદાસનો મેઘદૂત.

આ પ્રદૂષિત મનુસ્મૃતિમાં મહારાજ મનુના વાસ્તવિક વિચારોની ઝલક પણ અહીં-ત્યાં છે, જે ગીતાને અનુરૂપ છે. જેમ બીજા અધ્યાયમાં છે કે વેદમાં વર્ણવેલી હવન યજ્ઞાદિ ક્રિયાઓનાં ફળ નષ્ટ થઈ જાય છે, પણ ઓમકારનો કદી નાશ નથી થતો. દર્શ પૌર્ણિમાસાદિ વિધિ યજ્ઞો કરતાં, ચાર પાક યજ્ઞો (પિતૃકર્મ, હવન, બલિ, વૈશ્વદેવ) કરતાં જપયજ્ઞ સોળ ગણો મોટો છે (૧/૮૪-૮૬), જેને લેખકે દડિયા ચાટવાની સંજ્ઞા આપી છે.

ચોથા અધ્યાયમાં મનુનો પ્રશંસનીય વિચાર છે (તે ગીતાની અનુકૃતિ છે); એ જ શૈલી, એ જ શબ્દો કે યજ્ઞશાસ્ત્રના જાણકાર લોકો ઋષિયજ્ઞ (વેદાધ્યયન), દેવયજ્ઞ (હોમ), ભૂતયજ્ઞ (બલિ), નૃયજ્ઞ (અતિથિસેવા) અને પિતૃયજ્ઞ (તર્પણ) જેવા મહાયજ્ઞો ન કરતાં હંમેશાં જ્ઞાનેન્દ્રિયોમાં વિષયોનો હવન કરીને આ યજ્ઞો પૂરા કરે છે. ગીતાનાય ચોથા અધ્યાયમાં '**जुह्वति**'વાળા કેટલાક શ્લોક છે.

લેખકે મનુની આ ઉક્તિનો દુરુપયોગ કર્યો છે કે સમસ્ત ક્રિયાઓનો અંતર્ભાવ ઈશ્વરની ઉપાસનામાં છે (૧૨/૮૭) અને ઘડવા માંડ્યા છે પોતાના મનની ક્રિયાઓ. લખે છે કે સનાતન ધર્મમાં ક્રિયાનો એટલો મહિમા નથી જેટલી ભાવના છે. સાધારણ ક્રિયા પણ સારા ભાવથી કરવામાં આવે તો તે ધર્મ છે અને ભાવના પ્રમાણે ફળ આપે છે; દાખલા તરીકે ગાય ભલે પશુ-યોનિમાં છે, પણ જો એની પૂજા કરવામાં આવે તો તે તમને તારશે; પણ આ નિષ્કર્ષો સાથે મનુને કોઈ સંબંધ નથી. સંપૂર્ણપણે સારી ભાવનાથી સાપને પકડો, તે ડંખ મારશે. ભાવનાને માટે આધાર પણ ઉત્તમ જોઈએ.

જે ક્રિયાઓનો અંતર્ભાવ ઈશ્વરની ઉપાસનામાં થાય છે, એ જે ક્રિયાઓ મનુએ ગણાવી છે કે વેદાભ્યાસ, તપસ્યા, જ્ઞાન, ઈન્દ્રિયસંયમ, અહિંસા અને ગુરુસેવા, પણ આત્મજ્ઞાન આ બધાંથી શ્રેષ્ઠ મનાય છે, કારણ કે તે બધી વિદ્યાઓમાં શ્રેષ્ઠ છે અને એનાથી જ અમૃતતત્ત્વની પ્રાપ્તિ થાય છે (૧૨/૮૩-૮૫). મનુએ ગણાવી છે તો ઘડી કાઢી છસો! અને મનુથી વિપરીત એક મજેદાર તર્ક રજૂ કરે છે કે આ પંક્તિઓમાં

કર્મકાંડની નિંદા નથી, પણ આત્મજ્ઞાનની પ્રશંસા છે. અર્થાત્ કોઈની પ્રશંસા કરવી હોય તો બીજાની નિંદા કરી શકાય છે! આ જ તર્કની મદદથી લેખકમહોદય અને એમનું ગ્રુપ કહે છે કે જે પ્રસંગોમાં વેદ વગેરેની તુચ્છતા દર્શાવાઈ છે, તે વેદની નિંદા નથી, પણ ભક્તિનો મહિમા કે આત્મજ્ઞાનની મહત્તા સૂચિત કરવા માટે છે. ત્યારે તો લેખકે એ પણ માની લેવું જોઈએ કે વેદમાં ભક્તિ કે આત્મજ્ઞાન છે જ નહીં! આ તો એવું જ થયું કે દવાનો મહિમા દર્શાવવા માટે કુપથ્યને પ્રોત્સાહન આપવામાં આવે.

સમસ્યાના મૂળમાં સ્વયં વેદ છે જેમના ૯૬ હજાર મંત્ર કર્મકાંડ અને અંતિમ ચાર હજાર મંત્ર જ્ઞાનવિષયક દર્શાવવામાં આવે છે, જેમાં કર્મકાંડોની પોકળતા દેખાડાઈ છે, તેથી બંને ભાગ પરસ્પર વિરૂદ્ધ છે. આદિ શંકરાચાર્ય આ માટે જે સમાધાન દર્શાવે છે કે કર્મકાંડ એને માટે છે જે અવિદ્યાના પાશમાં બંધાયેલો છે અને જ્ઞાનદર્શક ઉદ્બોધન એને માટે છે જે એને આ કર્મોની પોકળતા જાણી ચૂક્યો છે અને એમનાથી ઉપર ઊઠવા માટે પ્રયત્નશીલ છે. મીમાંસાવાળા વેદના બ્રાહ્મણ ભાગ (કર્મકાંડ)ને મુખ્ય માને છે અને ઉપનિષદવાળા એ ભાગને મહત્ત્વ નથી આપતા. એમનું કહેવું છે કે આ કર્મકાંડો કર્યા પછી એ યોગ્યતા આપોઆપ આવી જાય છે. રામાનુજ કહે છે કે બંને ભાગ બધાને માટે છે. દરેક પ્રકારનો ક્રિયાકાંડ પણ કરવામાં આવે, પરંતુ ગીતાની નિષ્કામ ભાવનાથી! કોઈ અનુષ્ઠાન ફળની કામનાથી ન કરાય! આ રીતે વેદને અનુલક્ષીને અનેક પરસ્પર વિરોધી સિદ્ધાંત પ્રચલિત છે. આ સંબંધમાં ગોસ્વામી તુલસીદાસજીએ પણ વિચાર આપ્યો છે,-''**श्रुति पुरान बहु कहे उपाई। छूट न अधिक अधिक अरुझाई।**'' એ તો કોઈ ઉપાય છે જ નહીં. તો શું કરવું? ગોસ્વામીજી તો કહે છે,-''**गुरु कह्यो राम भजन, मोहिं नीको, लगत राज डगरो सो**'' (વિનય પત્રિકા).

મનમુસ્મૃતિમાં જ છે કે જે સ્મૃતિઓ વેદની બહાર છે, જે કુતર્કયુક્ત છે, એ બધી પરલોક માટે નિષ્ફળ હોય છે. આ કથનથી સ્પષ્ટ થાય છે કે ઘણી સ્મૃતિઓ વેદથી વિપરીત પણ છે. જનસાધારણને દેખાડવું

જોઈએ કે તે કઈ કઈ છે. તેથી કોઈ કથનને એટલા માટે ન માની શકાય કે તે સ્મૃતિમાં છે. વેદની બહાર આ લોકો ઘોષિત કરે છે કે કપિલની સ્મૃતિને, જેમને માટે ગીતામાં ભગવાન કહે છે કે સિદ્ધોમાં હું કપિલ છું. તે મારી વિભૂતિ છે. યમ-નિયમને લેખકમહોદય પણ માન્ય કરે છે, પણ સાંખ્ય અને યોગદર્શનને વેદમૂલક નથી માનતા.

*લેખકનો દાવો છે કે જેણે વેદ વાંચ્યા નથી, તે ધર્મ જાણી શકતો નથી. એને ધર્મ વિશે કાંઈ પણ કહેવાનો શો અધિકાર? બ્રહ્મ-વેદાન્તૈક વૈદ્ય છે, અર્થાત્ કેવળ વેદાન્ત દ્વારા જ જાણી શકાય છે. લેખકમહોદય તો વેદાન્તાચાર્ય છે; જાણી લીધા બ્રહ્મને? બીજી બાજુ એમણે એ પણ લખ્યું છે કે શબરી, રૈદાસ બધા સંત બ્રહ્મને જાણનારા થયા. વેદ વાંચ્યા વગર એ કેવી રીતે થઈ ગયા? શબરીએ કયા વેદનું અધ્યયન કર્યું હતું? રામકૃષ્ણ પરમહંસજીએ ક્યારે વેદનું અધ્યયન કર્યું? રૈદાસને ભગવાને સંત બનાવ્યા હતા. સનાતન ધર્મના ઈજારાદારોએ તો ડગલે ડગલે એમનો વિરોધ જ કર્યો હતો. આજે પણ કેટલા ધર્માચાર્ય પોતાને ત્યાં રવિદાસ જયંતી મનાવે છે? બહુ બહુ તો બિચારા કેટલાક હરિજન ખંજરી-મંજીરા વગાડીને એમને યાદ કરી લે છે કે સરકારી પ્રસારણોમાં એમનું નામ સાંભળવા મળે છે?

સંત રવિદાસની તો વાત જ છોડો, કાશીવાળાઓએ તો ગોસ્વામી તુલસીદાસજીને પણ ચેનથી રહેવા નથી દીધા, જેનું અતર્સાક્ષ્ય એમની દોહાવલીમાં છે,-

वासर ढासनि के ढका, रजनी चहुँ दिशि चोर।
संकर निजधर राखिये, चितै सुलोचन कोर॥ ૨૩૯ ॥

અર્થાત્ દિવસે કાશીના ઠગોના ધક્કા અને રાતે ચોરોનો ઉપદ્રવ, હે શંકરજી! કૃપા કરીને તમારી નગરીમાં એમનાથી મારું રક્ષણ કરો. એમનો દોષ શો હતો? કેવળ એટલો જ કે એમણે દેવવાણી સંસ્કૃતની જગ્યાએ જન્મભાષા હિન્દી અપનાવી હતી. એમનો વિચાર હતો કે ભગવાનને માટે મહત્ત્વ ભાષાનું નહીં, પ્રેમનું હોય છે,-

का भाषा का संस्कृत, प्रेम चाहिये साँच।
काम जु आवै कामरी, का लै करे कुमाच॥ દોહો ૫૭૨ ॥

આથી વિપરીત લેખકે અંગ્રેજી અવતરણ આપીને કહેવા ઈચ્છ્યું છે કે 'સંસ્કૃત ઈઝ ધ સિમ્બલ ઑફ ઈન્ડિયન કલ્ચર ઍન્ડ સિવિલાઈજેશન.' એમને પસ્તાવો થાય છે કે અમે એટલું સંસ્કૃત નથી જાણતા કે શ્લોક રચી શકીએ. આમ તો અમે કોઈ ભાષાના સમર્થક કે વિરોધી નથી. ભાષા તો વિચાર પ્રગટ કરવાનું માધ્યમ માત્ર છે, પણ કોઈ ભાષા પવિત્ર છે, કોઈ અપવિત્ર, એવું વર્ગીકરણ અસંગત છે. એ પણ ઈમાનદારી નથી કે અમે વાત તો કરીએ હિન્દીમાં, જીવીએ-ખાઈએ હિન્દી દ્વારા, પણ ગૌરવ જોઈએ સંસ્કૃતનું.

ધર્મની જેમ સંસ્કૃત ભાષા પણ એક વર્ગ દ્વારા પોતાના સમાજ સુધી સીમિત કરી દેવાઈ. આજે દશમી છે, તો કાલે એકાદશી હશે જ-તમે એમ નથી કહી શકતા. પંડતિ પાસે જવું જ પડશે. આ જ કારણ છે કે લોકો અંગ્રેજી તારીખથી કામ ચલાવવા માંડ્યા. આ જ રીતે કચેરીઓમાં ઉર્દૂ પ્રચાર પામી, હિન્દી છે, લોકો જુદી જુદી ભાષાઓ દ્વારા કામ ચલાવવા માંડ્યા. આ ભાષાઓ રાજભાષા બનવાનું ગૌરવ પામી ગઈ અને બધી ભાષાઓની જનની સંસ્કૃત, તમારી દેવવાણી, લેખકના કહેવા પ્રમાણે પરમાત્મા જે ભાષામાં બોલે છે તે વાણી, ભારતીય રાજ્ય બંધારણમાં સંરક્ષણ પામવા છતાં પુરાણી થઈ ગઈ છે અને માતૃભાષા રૂપે અંતિમ શ્વાસ ગણી રહી છે. બાળકો જ્યારે શુલ્ક (ફી) ભરીને પણ કૉન્વેન્ટમાં ભણે છે, હિન્દી-અંગ્રેજી સ્કૂલોમાં ભણે છે, પણ કોઈ પણ વાલીઓ છાત્રવૃત્તિ (સ્કોલરશિપ), ભોજન-વસ્ત્રાદિની સગવડ મળવા છતાં પણ પોતાના બાળકને સંસ્કૃત પાઠશાળામાં ભણાવવાનું પસંદ નથી કરતા.

વૈજ્ઞાનિક શોધખોળોનાં વર્ણન આ ભાષામાં છે એમ તો નથી કહી શકાય તેમ, પણ એ નિયમ સંસ્કૃતમાં જરૂર છે જ કે કોણ મંદિરમાં જઈ શકે છે, કોણ નથી જઈ શકતું, કોણ ઘર બનાવી શકે છે, કોણ નથી બનાવી શકતું, કોણ સંપત્તિ રાખી શકે છે, કોણ નથી રાખી શકતું. ઐતરેય બ્રાહ્મણ (જેને ભગવતી શ્રુતિ માનવામાં આવે છે)માં છે કે,-

शूद्रो अन्यस्य प्रेष्यः कामोत्थाप्यः यवाकाम वध्यः॥ ૩૫-૩ ॥

અર્થાત્ શૂદ્ર બીજાઓની સત્તા નીચે છે, તે કોઈની આજ્ઞાથી જ ઊઠે-બેસે છે, એને ક્યારેય પણ મારી શકાય છે,-આવા નિયમ સંસ્કૃતમાં ચોક્કસ છે. માણસ-માણસ વચ્ચે ઘૃણાનાં બીજ વાવનારી, કર્મકાંડોમાં સમાજને જકડનારી ભાષા પણ સંસ્કૃત જ છે.

ગોસ્વામી તુલસીદાસજીએ આ કર્મકાંડોનું સમર્થન ન કરીને એક ભગવાન રામની ભક્તિ પર ભાર મૂક્યો હતો. તેઓ જે કાશીમાં રહેતા હતા, ત્યાં મુક્તિ મેળવવા માટે કેટલાક લોકો પોતાને કરવતથી ચીરતા હતા. આમ પણ કાશીમાં મરણનું બહુ માહાત્મ્ય દર્શાવાય છે, પણ એને ન તો સંત કબીરે સ્વીકાર્યું કે ન ગોસ્વામી તુલસીદાસજીએ સ્વીકાર્યું. ગોસામીજી અનુસાર,-

काशी विधि बस तनु तजे हठि तनु तजे प्रयाग।
तुलसी जो फल सो सुलभ राम नाम अनुराग॥

કર્મકાંડી લોકો તુલસીદાસજીને કેવળ કાષ્ઠની માળા ધારણ કરનારા કહેતા હતા, જ્ઞાનમાર્ગીઓ એમને જ્ઞાન વગરના કહેતા હતા, તો ઉપાસનામાર્ગીઓ પણ એમને અપનાવવા તૈયાર ન હતા,-

करमठ कठमालिया कहै, ज्ञानी ज्ञान विहीन।
तुलसी त्रिपथ विहाइगो राम दुआरे दीन॥

ભજનને નામે કેટલાય માર્ગ પ્રચલિત છે, દાખલા તરીકે કર્મકાંડ, જ્ઞાનમાર્ગ, ઉપાસનામાર્ગ વગેરે; જ્યારે ભજનના કોઈ દશ-વીસ માર્ગ નથી હોતા. ભજન પોતે એક માર્ગ છે. કેવળ એક આચરણ છે,-દીનતાપૂર્વક પરમાત્માના સ્મરણમાં લાગી જવું. આ જ યોગેશ્વર શ્રીકૃષ્ણનો પણ નિર્ણય છે કે યોગમાં નિર્ધારિત ક્રિયા એક જ છે અને જેઓ ભજનના નામે અનેક ક્રિયાઓ કરે છે, તેઓ અવિવેકી છે; (ગીતા ૨/૪૧).

લેખકે અંતઃકરણની શુદ્ધિ તથા આત્મદર્શન માટે યજ્ઞ, યજ્ઞોપવીત, બ્રહ્મસ્વરૂપા સંધ્યા-ગાયત્રી, સૂર્યાર્ઘ, દાન, પ્રાણાયામ, યમ-નિયમાદિ અને સત્યનારાયણની કથાનોય ઉપયોગ દેખાડ્યો છે. એમાંથી અહિંસા, સત્ય વગેરે યમ તથા શુદ્ધિ સ્વાધ્યાયાદિ નિયમ તો અંતઃકરણને શુદ્ધ કરી શકે

છે, કારણ કે ક્રિયાઓ માનસિક છે, સ્મરણ સાથે આ ક્રિયાઓ કરવાથી મનનો નિરોધ થાય છે, નહીં તો માળા ટેવવશ ફરતી રહી શકે છે,-

माला तो कर में फिरे, जीभ फिर मुख माहिं।
मनवा तो चहुँ दिशि फिरे, यह तो सुमिरन नाहिं॥

ઠીક. આ માનસિક ક્રિયાઓમાં પણ પરમાત્માનુ સતત સ્મરણ જરૂરી છે, ત્યારે જ આત્મશુદ્ધિ સંભવ છે, પણ બહાર વેદી બનાવીને, અહીંની વસ્તુ લઈને ત્યાં મૂકવાથી કે અગ્નિમાં કંઈક બાળવાથી મનનો નિરોધ કેમ થાય? પ્રવૃત્તિમૂલક ક્રિયાઓથી મનનો નિરોધ આજ સુધી કોઈનોય નથી થયો અને નહીં થાય. મનના સંયમ માટે એકાંતનું સેવન, દરેક બાજુથી સંકેલાઈને પરમાત્માના ધ્યાનમાં લીન થવું અપરિહાર્ય છે. આ આત્મદર્શનની વિધિ છે. સૂર્યને જળ આપવું એ આત્મદર્શનની વિધિ નથી. સૂર્યને એ યુગ-જમાનામાં જળ આપતા હતા, જ્યારે સાત ઘોડાના રથમાં બેસીને ઉદયાચલથી અસ્તાચલની સીમિત યાત્રા કરતા કરતા પરસેવાથી લથબથ થઈ જતા હતા અને જ્યારે એમની પત્ની એમનું તેજ સહી શકતી નથી, જેમના ઉદય સમયે રાક્ષસો ચારે તરફથી ઘેરી લેતા હતા. હવે આ પૌરાણિક રૂપકોમાં છુપાયેલા સત્યને કોઈ દર્શાવતું નથી, લોકોને એમાં રૂચિ રહી નથી. હવે સૂર્યને જળ પીવડાવીને કે જળાશયોને દીપ દેખાડીને આત્મદર્શનની આશા ન રાખો. સનાતનના નામે વિશ્વના લોકોને શું તમે આ જ શીખવવા માગશો?

સત્યનારાયણ વ્રતમાં બે-ચાર ઉટપટાંગ કથાઓના માધ્યમથી શ્રોતાના મનમાં કદાચ એ વાત બેસી પણ જાય કે ''**सत्य एव नारायणः**'' કે એક પરમાત્મા જ સત્ય છે, ત્યાં સુધીમાં કથા સમાપ્ત થઈ જાય છે એ તો કહેવામાં આવતું નથી કે પરમાત્માની પ્રાપ્તિનું આચરણ ક્યાંથી શરૂ કરવું. જેમાં ક્રિયા દર્શાવાઈ જ નથી એ કથાનો શો ઉપયોગ? રહી વાત યજ્ઞોપવીત અને ગાયત્રીથી શુદ્ધ થવાની. આ વિશે આશ્રમની એક પુસ્તિકામાં વિસ્તારથી રજૂઆત છે. અહીં કેવળ એટલું જ કહીશ કે આત્મશુદ્ધિની આ રીત શું કેવળ હિન્દુઓ સુધી જ સીમિત છે? કારણ કે વિશ્વના અન્ય લોકોને તમે હિન્દુ બનાવશો નહીં, એ તો તમારા મતાનુસાર ભગવાન જ બનાવી શકે છે અને હિન્દુઓમાં પણ કેવળ

ત્રીસ ટકા લોકોને જ યજ્ઞપવીત અને ગાયત્રીથી શુદ્ધ થવાનો અધિકાર છે. બાકીના સિત્તર ટકા શૂદ્રો તથા વિશ્વના બધા લોકોને આત્મશુદ્ધિનો બીજો રસ્તો શોધવો પડશે.

વિશ્વના માનવમાત્રને કઈ ભેદભાવ વગર વેદના ઋષિ આહ્વાન કરે છે,-'''**श्रृणवन्तु विश्वे अमृतस्य पुत्राः।**' કોઈ ભેદભાવ વગર યોગેશ્વર શ્રીકૃષ્ણ બધાને માટે આત્મદર્શનની એક જ વિધિ દર્શાવે છે, તો તમે જુદી શું કામ રચી રહ્યા છો? શું ભગવાન રામ-કૃષ્ણ-શિવ એ વિધિઓથી પરિચિત નહોતા જે તમે બતાવી રહ્યા છો? ગીતામાં ડગલે ડગલે વર્ણવાયેલી આ વિધિ તમે માન્ય કેમ નથી કરતા કે,-

सर्वद्वाराणी संयम्य मनो हृदि निरुध्य च।
मूध्न्यार्धायात्मनः प्राणमास्थितो योगधारणाम्॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्।
यः प्रयातित्यजन्देहं स याति परमां गतिम्॥ ૮/૧૨-૧૩ ॥

અર્થાત્ ઈન્દ્રિયોને બધી બાજુઓથી સંકેલીને, મનને હૃદયદેશમાં સ્થિર કરીને પ્રાણ અર્થાત્ અંતઃકરણના વ્યાપારને મસ્તકમાં નિરોધ કરીને '**ओम्**' જે બ્રહ્મનો સૂચક છે એનું ઉચ્ચારણ કરો, જપ કરો અને ધ્યાન મારુ કરો, કોઈ મહાપુરુષનું કરો. છઠ્ઠા અધ્યાયમાં કહે છે કે અંતઃકરણની શુદ્ધિ માટે મારું ધ્યાન કરો (૬/૧૨-૧૪). અઢારમા અધ્યાયમાં કહે છે કે આત્મદર્શનની વિધિ કે શુદ્ધ બુદ્ધિથી એકાંત-સેવન, યુક્તાહાર-વિહાર, શાબ્દિક વિષયોનો ત્યાગ તથા ધ્યાન-યોગ-પરાયણ થઈને વૈરાગ્યનો આશ્રય લો (૧૮/૫૨). જ્યારે મહાપુરુષે પોતે વિધિ બતાવી છે, ત્યારે એ સિવાય નવી નવી વિધિઓ ઘડવી એ લોકોને ભુલાવામાં પાડીને એમની પાસેથી દક્ષિણા લેવાની યુક્તિમાત્ર છે.

ગોસ્વામીજીનો એકદમ સ્પષ્ટ વિચાર છે,-

मति कीरति गति भूति भलाई।
जब जेहिं जनत जहाँ जेहिं पाई॥
सो जानब सतसंग प्रभाऊ।
लोकहु वेद न अन अपाऊ॥ બાલકાંડ ૨/૩ ॥

અર્થાત્ સદ્બુદ્ધિ, કીર્તિ, પરમ ગતિ, ઐશ્વર્ય અને કલ્યાણ આટલી વસ્તુઓ જેણે જ્યારે પણ મેળવી ત્યારે એને સત્સંગનું પરિણામ માનવું જોઈએ. એમની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી વેદમાં નથી લોકમાં. કલ્યાણનો બીજો કોઈ માર્ગ વેદમાં નથી, તો તમે ગાય અને બ્રાહ્મણની પૂજાથી પરમ ગતિ કયા વેદ દ્વારા સિદ્ધ કરો છો? જે વાતો તમને વેદમાં દેખાય છે, તે શું ગોસ્વામીજીને નહોતી દેખાઈ? વેદ-વિરોધી તમે છો કે ગોસ્વામીજી, જેમણે લખ્યું છે,-

श्रुति पुरान बहु कहे उपाई।
छूट न अधिक अधिक अरुझाई॥

ત્યારે તો તમે એમને પણ કહી દેશો, ''**चलत कुपंथ वेद मग छाँडे।**''

''**अतुलित महिमा वेद की तुलसी कियो विचार**'' ગોસ્વામીજી વેદને અમારા ને તમારા કરતાં પણ વધારે માનતા હતા, જાણતા હતા. લખી હશે વેદમાં કોઈ વાત, પણ ગોસ્વામીજીનો વિચાર છે કે,-

श्रुति सिद्धान्त इहइ उरगारी।
भजिय राम सब काज बिसारी॥

વેદ જ નહીં, બધાં પુરાણો કે બધા ગ્રંથોનો નિચોડ કેવળ આટલો છે,-

श्रुति पुराण सब ग्रन्थ कहाहीं।
रघुपति भजन बिना सुख नाही॥

બધી બાજુએથી સંકેલોઈને એક પરમાત્મામાં શ્રદ્ધાને સ્થિર કરવી, એ જ વૈદિક વિચાર છે,-

सब कर मात खगनायक एहा।
करिय राम पद सपंकज नेहा॥

તો તમે દોડશો ક્યારેક દેવીની પૂજા તરફ તો ક્યારેક લક્ષ-ચંડી યજ્ઞની તરફ!

કૃપા કરીને સ્પષ્ટ ઉત્તર આપો કે વેદના આશયને ઉજ્જૈનના એ બ્રાહ્મણે જાણ્યો હતો, જે વેદની વિધિથી શિવપૂજા કરતા હતા, જેંમણે શૂદ્રને શિવમંત્ર આપ્યો હતો,-

एक बार हर मन्दिर जपत रहेऊं शिव नाम।

એ શૂદ્ર શિવમંદિરમાં ઘૂસીને બેઠો હતો કે આજના લોકો વેદનો આશય જાણે છે, જેમણે શૂદ્રના પ્રવેશ પર કાશીમાં શંકરજીનું બીજું મંદિર બનાવી લીધું, જેઓ કહે છે, 'ધર્મનો જય હો',-પણ મંદિરમાં નહીં જતા! જશો જ નહીં તો ધર્મ શીખશો ક્યાંથી? 'પ્રાણીઓમાં સદ્‌ભાવના રહો' પણ અમને અડતા નહીં! આ કેવી સદ્‌ભાવના છે? સાપને ન અડવું, વીંછીને ન અડવું, પણ માણસ માણસને સ્પર્શ ન કરે? 'વિશ્વનું કલ્યાણ થાઓ' પણ સમુદ્ર પાર નહીં કરતા!

ધર્મના નામે લોકો અને વેદમાં વર્ણવેલી ક્રિયાઓનું મૂલ્યાંકન પણ ગોસ્વામીજીએ કર્યું છે,-

तीर्थाटन साधन समुदाई। जोग विराग ज्ञान निपुनाई॥
माना कर्म धर्म ब्रत दाना। संयम दम जप तप मख नाना॥
भूत दया द्विज गुरु सेवकाई। विज्ञा विनय विवेक बडाई॥
जहँ लगि साधन वेद बरखानी। सबकर फल हरिभगति भवानी॥

(રામચરિતમાનસ ૧૨૬/ ૩-૪)

વેદવર્ણિત આ બધાં સાધનોનું ફળ છે 'હરિભક્તિ' અને ''**सो रघुनाथ भगति श्रुति गाई**'' શ્રુતિમાં એક પરમાત્માની ભક્તિનું ગાન થયું છે, પણ ભક્તિ ક્યાં મળે? આ સાધનોમાં? પુસ્તકમાં? કહે છે, ના,-

भगति तात अनुपम सुख मूला।
मिलइ जो सन्त होहिं अनुकुला॥

'**धर्म से विरति**' ધર્મ વૈરાગ્યપ્રધાન છે. '**निज निज धरम निरत श्रुति नीति।**' શ્રુતિની નીતિ પર પોતપોતાના ધર્મ અનુસાર ચાલવાનું પરિણામ દેખાડે છે,-'**एहि कर फल पुनि विषय विरागा।**' મુખ્ય ધ્યેય

આ કર્મકાંડો કરવાનું નથી, મનમાં વિષયો પ્રત્યે વૈરાગ્ય પેદા કરવાનું છે, એ પછી ભગવાનનાં ચરણોમાં સમર્પણ,-પૂર્ણ વિરક્તિ!

સંપૂર્ણ રામચરિતમાનસમાં ગોસ્વામીજીએ એક જ કર્મ પર ભાર મૂક્યો છે, પણ તમે તો ફરી ફરીને અનેક ક્રિયાઓની હિમાયત જરૂર કરશો. ક્યારેક કહેશો કે આ તો સત્સંગતિના મહિમામાં કહ્યું છે, કર્મકાંડની નિંદા નથી, તો ક્યારેક ભક્તિની મહિમાનું વર્ણન માનીને ફરી પાછા અનેક ક્રિયાઓ તરફ દોડશો. ગોસ્વામીજીનો સ્પષ્ટ આદેશ જુઓ,-

नर विविध कर्म अधर्म बहुमत शोकप्रद सब त्यागहूँ॥
विश्वास कर कहे दास तुलसी राम पर अनुराग हूँ॥

(માનસ/અરણ્યકાંડ)

લેખકનો આક્ષેપ છે કે અમે ગીતાનો મનમાન્યો અર્થ કરીએ છીએ, પણ ગોસ્વામીજીની ભાષા તો સરળ હિન્દી છે. એ તો બધા સમજે છે. અહીં ગોસ્વામીજી કહે છે કે અનેક કર્મ, અનેક મત,-આ બધું જ અધર્મ છે અને 'અધર્મનો નાશ થાઓ'-આ તો લેખક પણ કહે છે. એ શોકજનક છે, એનો ત્યાગ કરો. તો કરવું શું? કેવળ એક કર્મ, શ્રીરામજીનાં ચરણોમાં પ્રેમ!

લેખકની પુસ્તિકાનું ઉપશીર્ષક છે,-''**चलत कुपंथ वेद मग छाडे**''-પણ એમણે સ્પષ્ટ નથી કર્યું કે ગોસ્વામીજી વેદ-માર્ગ શાને માને છે અને કુપંથ શો છે? આવો, ગોસ્વામીજીના જ શબ્દોમાં જોઈએ,-

श्रुति सम्मत हरि भगति पथ, संयुक्त विरति विवेक।
तेहिं न चलहिं नर मोह वश, कल्पहि पंथ अनेक॥

(ઉત્તરકાંડ/૧૦૦)

શ્રુતિ-સંમત પથ કયો છે? શું લેખકની ગાય-ભક્તિ? બ્રાહ્મણ-ભક્તિ? સંધ્યા-ગાયત્રી ભક્તિ? સત્યનારાયણ-ભક્તિ? સૂર્ય-ભક્તિ કે કઈ ભક્તિ શ્રુતિ-સંમત છે? ગોસ્વામીજી કહે છે કે કેવળ હરિ-ભક્તિ! એકમાત્ર પરમાત્માની ભક્તિ! આ જ વેદ-માર્ગ છે અને કેવળ એક માર્ગ છે,-**नान्यः पन्था विद्यतेऽयानाय** કોઈ બીજો માર્ગ છે જ નહીં. આ એક

સિવાય જ અનેક પથ, અનેક સાધન, અનેક રસ્તાઓની કલ્પના કરે છે, એ જ ગોસ્વામીજી અનુસાર કુપંથી છે. વિચાર કરો કે '**चलत कुपंथ**' અર્ધી ચોપાઈ કઈ છે? ગોસ્વામીજીએ એનો પ્રયોગ પોતાની દીનતા પ્રગટ કરવાના સંદર્ભમાં કર્યો હતો, તેઓ પોતાનામાં દોષ શોધતા હતા, પણ એમના 'માનસ'ની કથા વાંચનારા કેટલાય વિદ્વાન એને બીજાઓ પર જ લાદવાનો પ્રયત્ન કરે છે.

*લેખકે આ વાતને બહુ ચગાવી છે કે ''**जन्मना जायते शूद्रः**''વાળો શ્લોક અત્રિસ્મૃતિમાં નથી, અમે કેમ એમ કહી દીધું? તેથી એમની જાણ માટે અમે બીજું એટલું કહેવા ઈચ્છીશું કે અત્રિસ્મૃતિ હજી સુધી મૌખિક તથા ક્યાંક હસ્તલિખિત રૂપમાં છે. અને એની શ્લોકસંખ્યા વિશે એકમત નથી. અત્રિના નામે આ શ્લોક કોઈ મહાત્માએ કહ્યો હતો, પરંતુ આ સ્મૃતિ મુદ્રિતરૂપે જોવા મળી નથી, તેથી આ શ્લોકને સમીક્ષામાં જુદો પાડી શકાય છે, પણ આટલી અમસ્તી વાતથી જન્મથી જાતિ-વ્યવસ્થા પ્રમાણિત થઈ ગઈ? આ જ રીતે એમણે ધ્યાન દોર્યું છે કે બ્રહ્મ શબ્દથી બ્રહ્મજ્ઞ બને છે, બ્રાહ્મણ ન બની શકે, તમે કેમ એમ લખી નાખ્યું? અમે ફરીથી કહેવા ઈચ્છીશું કે અથર્વવેદમાં બ્રહ્મ શબ્દ બ્રાહ્મણના અર્થમાં આવ્યો છે, '**यथा ब्रह्म च क्षत्रं च न विभीतो न रिष्यतः।**' (૨/૧૫/૪). આશ્ચર્ય થાય છે કે પાણીમાંથી પોરા કાઢનાર લેખકમહોદયે પોતે પણ એક દોહો લખ્યો છે, તે પણ ગોસ્વામી તુલસીદાસના નામે '**ब्रह्म ज्ञान जाना नहीं, कर्म दिया छिटकाय। सो नर पाँवर मूढ है, पुनि पुनि नरकहिं जाय॥**'

અત્રિ તો ખૂબ જ પ્રાચીન ઋષિ હતા. એમની રચનાઓની બાબતમાં મતભેદ હોઈ શકે છે, પણ ગોસ્વામીજીની કૃતિ તો લોકોની જીભ પર છે. એમના નામે આટલું બધું જુઠ્ઠાણું દેવવાણી કલ્પદ્રૂમ કહેવાતી સંસ્કૃતની આ ભાષાને ચરિતાર્થ કરી દે છે કે,-

खलः सर्षपमात्राणि परछिद्राणि पश्यति।
आत्मानस्तु बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति॥

લેખક એ કારણે પણ હતાશ છે કે જેઓ વ્યાકરણ નથી ભણ્યા તે ધર્મ શું સમજે! અહીં અમે લેખક સાથે સહમત નથી, કારણ કે

ઈશ્વરાનુભૂતિ કરનાર મોટા ભાગના મહાપુરુષો પાર્થિવ શિક્ષણમાં શૂન્ય હતા. વ્યાકરણ જે સૂત્રો પર આધારિત છે, એ સૂત્રો વિશે કહેવાય છે કે ભગવાન શંકરના ડમરૂમાંથી નીકળ્યા છે. એ ડમરૂ કયું વ્યાકરણ ભણ્યું હતું? કઠોપનિષદના આ મંત્રની સુસંગતિ કેવી રીતે કરવી કે,-

नायमात्मा प्रवचनेन लभ्यो न मेघया न बहुना श्रुतेन॥

(૧/૨/૧૩)

બ્રહ્મવિદ્યા માટે શિક્ષણ અને વ્યાકરણનો કેટલો ઉપયોગ છે, એ વિશે મુંડક ઉપનિષદમાં વિચાર કરાયો છે. આ ઉપનિષદના આરંભમાં જ એક કથા છે કે શૌનક નામના એક પ્રસિદ્ધ મુનિ હતા. તેઓ એક બહુ મોટા વિશ્વવિદ્યાલયના કુલપતિ હતા. પુરાણોમાં છે કે એમના માર્ગદર્શન નીચે એકવીસ હજાર ઋષિ અધ્યયન કરતા હતા. બ્રહ્મવિદ્યા જાણવા માટે તેઓ મહર્ષિ અંગિરાને શરણે ગયા. (વિચાર કરો, જો આ વિદ્યા પુસ્તકોમાં હોત તો તેઓ શા માટે જાત?)

મહર્ષિ અંગિરાએ એમને કહ્યું કે વિદ્યા બે પ્રકારની હોય છે-એક પરા અને બીજી અપરા. એમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા (એક વેદાંગ, ઉચ્ચારશાસ્ત્ર), કલા, વ્યાકરણ, નિરુક્ત, (એક વેદાંગ, વ્યુત્પત્તિશાસ્ત્ર) છંદ અને જ્યોતિષ-આ બધી તો અપરા વિદ્યા છે, પણ જેનાથી એ પરમાત્માને જાણી શકાય છે, તે પરા વિદ્યા છે.

લેખકમહોદય પોતાની પુસ્તિકાનું ૮મું પાનું જુએ, જ્યાં એમણે લખ્યું છ કે વ્યાકરણ, જ્યોતિષ-શિક્ષણ, નિરુક્ત અને કલ્પસહિત વેદનું અધ્યયન કરવું જોઈએ. જ્યારે મુંડક ઉપનિષદના ઋષિ કહે છે કે બ્રહ્મને જાણવા માટે ન તો વ્યાકરણની જરૂર છે, ન તો અધ્યયનની. ગંભીર વાત તો એ છે કે જે વેદને તમે મીમાંસકોની જેમ સ્વતઃ પ્રમાણ, તો કોઈ એને પરતઃ પ્રમાણ સિદ્ધ કરવાની માથાફોડમાં પડ્યા છે, તો આ મહર્ષિએ તો ચારે વેદને પણ કાપી નાખ્યા. શું લેખકમહોદય એમને પણ નાસ્તિક કહેવાની ધૃષ્ટતા કરશે? આ મુડક એ અગિયાર ઉપનિષદોમાં છે, જેમને આદિ શંકરાચાર્યજીએ સેંકડો ઉપનિષદમાંથી પસંદ કર્યું હતું.

બરાબર આવી જ કથા છાંદોગ્ય ઉપનિષદમાં છે. સનત્કુમાર પાસે

નારદજી આવ્યા. પ્રાર્થના કરી કે ભગવન! ઉપદેશ આપો.

अधीहि भगवः इति ह उपसपाद सनत्कुमार नारदः। तं ह उवाच ''यद् वेत्थ तेन मां उपसीद, ततः ते उर्ध्व वक्ष्यामी, इति। स ह उवाच ऋगवेदं भगवोध्येमि यजुर्वेदं, सामवेदं, आथर्वणं, चतुर्थं, इतिहास पुराणं पंचमं, वेदानां वेदं (व्याकरण) पित्र्यं, राशिं दैवं, निधिं वाकोवाक्यं एकायनं देवविद्यां, ब्रह्मविद्यां, भूतविद्यां, क्षत्रविद्यां, नक्षत्रविद्यां, सर्पदेवजन-विद्यां, एतद् भगवोऽध्येमि। सोऽहं, भगवो, मन्त्रविद, एवऽस्मि, नात्मवित्। श्रुत हि मे भगद्वशेभ्यः, तरति शोक, अत्मविद इति। सोऽहं, भगवः, शोचामि। तं मां भगवान शोकास्य पारं तारयतु।''

અહીં નારદજીએ વેદ-વ્યાકરણાદિને આત્મજ્ઞાન માટે બિનઉપયોગી જણાવ્યાં. સનત્કુમારજીએ એમને કહ્યું કે આ બધા વાણીના વિષય છે. એનાથીય આગળ મન છે, બુદ્ધિ છે. ભગવાન એનાથીય પર છે. ધ્યાન દ્વારા એમને પામી શકાય છે. તેઓ પંચમહાભૂતોની ઉપર પ્રાણનાય પ્રાણ છે, ભૂમા છે, અમૃત છે, સર્વત્ર છે, આત્મા છે. સાતમા અધ્યાયમાં વર્ણવાયેલી આ સ્પષ્ટ બાબતથી બચવા માટે લેખકમહોદય તર્ક કરશે કે આ કથન વેદ વગેરે શાસ્ત્રોની તુચ્છતા દર્શાવવા માટે નહીં, પણ આત્મજ્ઞાનની મહત્તા સૂચિત કરવા માટે છે, તેથી વ્યાકરણ રટનાર માટે આદિ શંકરના વિચાર જુઓ,-

भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते।
प्राप्ते सन्निहिते मरणे, नहि महि रक्षति डुकृञ्करणे॥

આટલી સ્પષ્ટ ચેતવણીને પણ શું લેખકમહોદય કહી શકશે કે તે વ્યાકરણની તુચ્છતા દર્શાવવા માટે નહીં, મૃત્યુનો મહિમા દર્શાવવા માટે અપાઈ છે? વ્યાકરણ રટનારાઓને શંકરાચાર્યજીએ '**मूढमते**' કહ્યા, કેટલો ફિટકાર કર્યો છે કે મોત આવશે ત્યારે વ્યાકરણનાં સૂત્રોનું રટણ કામ નહીં આવે, તો પણ તમે વ્યાકરણની હિમાયત કરો છો, વ્યાકરણનું રટણ કરાવીને આત્મજ્ઞાન આપી રહ્યા છો. આદિ શંકરાચાર્યજીએ જે જે વાતોની મના કરી હી, એ બધું જ કરવા માટે એમના સ્વયંભૂ

પીઠાધીશ લેખકમહોદય તત્પર છે. સંત કબીરની વાત કહું તો ''**पोथि पढि पढि जग मुआ**'' કેવળ મૃત્યુ હાથમાં આવે છે, તો તમે કહેશો કે તેઓ તો ''**कलम गह्यो नहि हाथ**''વાળાઓમાંના હતા. તેથી તમે ગોસ્વામી તુલસીદાસજીની સલાહ પર વિચાર કરો,-

वाक्य ज्ञान अत्यन्त निपुन भव पार न पावे कोई।
निशि गृह मध्य दीप की बातन्ह तम निवृत्त नहिं होई॥
जब लगि नहिं निज हृदि प्रकास अरु विषय आश मन माहीं।
तुलसीदास तब लगि जग योनि भ्रमत सपनेहु सुख नाहीं॥

(વિનય પત્રિકા, ૧૨૩)

માટે બંધુઓ! માનવશરીરની સાર્થકતા તો ત્યારે છે કે જ્યારે તમે એવો કંઈક પ્રયત્ન કરો કે હૃદયમાં પ્રકાશ ઉત્પન્ન થઈ જાય. બચી જવા માટે એવો તર્ક નહીં કરતા કે આ તો હૃદયપ્રકાશની પ્રશંસામાં કહેવાયું છે, વાક્ય-જ્ઞાનની તુચ્છતા દેખાડવા માટે નહીં કોઈક મના કરે છે કે આ નાવમાં છિદ્ર છે, નવી મજબૂત નાવમાં બેસો. આ તો નવી નાવની પ્રશંસામાં કહેવાયું છે એમ કહીને જીર્ણશીર્ણ નાવમાં નહીં બેસતા.

સંસ્કૃત અને વ્યાકરણ જાણવાનો દાવો કરતા આ લેખકમહોદયે પોતાની પુસ્તિકાના ૧૨મા પાના પર ''**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्यकार्य व्यवस्थितौ**''નો અર્થ લખ્યો છે,-ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, કાર્ય-અકાર્ય બધાંના નિર્ણયમાં વેદ જ પ્રમાણ છે. આ શ્લોકાંશનો શું આ જ અર્થ થાય છે? તેમાં વેદ શબ્દ કયા શબ્દનો અર્થ છે? શાસ્ત્ર એટલે શું વેદ થાય?

પંદરમા અધ્યાયના અંતમાં યોગેશ્વરે પોતે કહ્યું છે કે શાસ્ત્ર એટલે એમની દૃષ્ટિ શું છે. ગીતા શાસ્ત્ર છે,-'**इति गुह्यतमं शास्त्रमिदमक्तं मयानध**' (૧૫/૨૦) અને સોળમા અધ્યાયના આ શ્લોકાંશમાં કહે છે કે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં તારે માટે શાસ્ત્ર જ પ્રમાણ છે, તો તમે શાસ્ત્રના નામે વેદ તરફ કેમ દોડો છો, ખાસ કરીને એ દશામાં કે જ્યારે વક્તા પોતે પોતાનું શાસ્ત્ર કહી રહ્યો હોય.

જે મહાપુરુષે વેદનું સંકલન કર્યું, એ વ્યાસજીએ વેદને શાસ્ત્ર નથી

કહ્યા, એમના નામે પ્રચારિત ઉત્તરમીમાંસા કે વેદાંતને શાસ્ત્ર નથી કહ્યા, જેને છ શાસ્ત્રોમાં ગણવામાં આવે છે, તો શાસ્ત્રના નામે તમે અહીં-ત્યાં કેમ દોડો છો? મહાભારતના ભીષ્મપર્વના તેંતાલીસમા અધ્યાયમાં વ્યાસજીએ લખ્યું છે,-''**गीता सुगीता कर्तव्या**'' ક્યાંક તમે આને ગીતાના સ્તુતિ નહીં માની લેતા. અન્ય શાસ્ત્રોના સંચયને અનાવશ્યક કહે છે,-''**किमन्यै शास्त्रविस्तरैः**'' હશે. અનેક શાસ્ત્ર પણ ''**सर्व शास्त्रमयी गीता**'' કહીને વ્યાસજીએ પોતાનો નિર્ણાયક મત આપી દીધો, તો તમે ગીતાને પોતાનું શાસ્ત્ર કેમ નથી માની લેતા? વેદનું નામ લઈને એ વેદાંત-દર્શન તરફ કેમ દોડો છો. જેના પહેલા અધ્યાયમાં ધર્મ દર્શાવાયો છે કે શૂદ્રને બ્રહ્મવિદ્યા કે વેદાધ્યયનનો અધિકાર નથી અને પ્રમાણ આપવામાં આવ્યું છે સ્મૃતિઓનું,-'**श्रवणाध्यनादि प्रतिघोषात् स्मृतेश्च**' (૧/૩/૩૮).

આદિ શંકરાચાર્યજીએ પણ અનેક ધર્મગ્રંથોમાંથી ગીતાનું જ નામ લીધું છે,-''**गेयं गीता नाम सहस्त्रं**'' ગાનયોગ્ય હોત તો ગીતા! સહસ્રનામનો અર્થ વિષ્ણુ સહસ્ર નામનું પુસ્તક નહીં, પણ એ પરમાત્માનાં હજારો, અસંખ્ય નામ છે એમાંથી કોઈ નામનું ગાન, જપ. આગળ કહ્યું છે કે, ''**भगवद्गीता किंचितधीता**'' જેણે ગીતાનું થોડુંક પણ અધ્યયન કર્યું હોય, એને યમ શું કરી લે? અધ્યયન માટે જો એમણે કોઈ ગ્રંથનું સૂચન કર્યું હોય તો તે છે ગીતા! તો પણ એમના નિર્દેશને માનો અને ગીતાને જ ધર્મશાસ્ત્ર ઘોષિત કરીને એકતાના સૂત્રધાર બનો!

*વિદ્વાન-શ્રેષ્ઠનો તર્ક છે કે વેદમાં યજ્ઞોનું વર્ણન છે, તે કરવા એ ધર્મ છે. અહીં અમે લેખકના શબ્દો ટાંકીશું, જેથી યજ્ઞ વિશેનો એમનો વિચાર સ્પષ્ટ થઈ શકે. તેઓ લખે છે કે યજ્ઞ વિહિત અને અવિહિત એ બે પ્રકારના હોય છે. અવિહિત યજ્ઞ એ બધા છે જે જીવનમાં આપણે બધા કરતા રહી છીએ. દાખલા તરીકે,-મોઢામાં કળિયો મૂકવો, લોટમાં પાણી નાખવું, વગેરે. પણ વિહિત યજ્ઞ એ છે કે જેમાં મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં આહુતિ અપાય છે. એ આહુતિ સૂર્યમંડલમાં જાય છે. સૂર્યમંડલમાંથી વર્ષા દ્વારા વનસ્પતિઓમાં, અન્ન અને પ્રાણીઓના વીર્યમાં આવે છે, એનાથી જ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે. આ રીતે આ સૃષ્ટિચક્ર ચાલે

છે... અગ્નિહોત્ર, દર્શપૌર્ણમાસ લક્ષાહુતિ યજ્ઞોમાં ગાયનાં દૂધ, દહીં, ઘી, છાસ તથા મૂત્રનીય જરૂર છે. જો વેદશાસ્ત્ર અનુસારના ધાર્મિક યજ્ઞોમાં ગો-જનિત પંચગવ્યનું અપરિહાર્ય મહત્ત્વ હોય, તો ગાયને ધર્મ માનવામાં શો વાંધો છે?

વાંધો તો કાંઈ જ નથી, અમે માની પણ લેત, પણ યજ્ઞમાં પંચગવ્યની જરૂર હોવાથી ગાય ધર્મ થઈ જાય, તો યજ્ઞમાં તો ઘણી બધી વસ્તુઓ વપરાય છે. યજ્ઞમાં સમિધ જોઈએ, તો ઝાડને ધર્મ માની લઈએ? જવ, તલ, દશાંગ (ધૂપ) પણ જોઈએ તો એને ધર્મ કેમ નથી માની લેતા? યજ્ઞમાં મધ જોઈએ તો મધમાખીને ધર્મ માનવામાં શો વાંધો? ગાય પાસેથી પાંચ નહીં, કેટલીય વસ્તુઓ મળે છે, ઘાણ-મૂત્ર અને દૂધ. દૂધનું જ રૂપાંતર દહીં અને ઘી છે, માવો પણ બનાવી શકાય છે. આ તો એના પ્રયોગ છે. એનાં ચામડાં તથા હાડકાંનોય ઉપયોગ છે, પણ પંચગવ્ય જેવા વિશિષ્ટ આવિષ્કારોની ચર્ચા ગીતામાં તો ક્યાંય નથી! ગાયનું દૂધ પૌષ્ટિક છે એમાં સંદેહ નથી. અડધો લિટર જેટલું દૂધ આપતી ગાયનું સંરક્ષણ કરવું જોઈએ. બાળકના રૂપમાં આવતી કાલનું ભારત એની પર જ નિર્ભર છે. એને રાષ્ટ્રીય પશુ જાહેર કરવું જોઈએ, પણ એને ધર્મસ્વરૂપ ન બનાવાય, કારણ કે તમારી પારાશર સ્મૃતિમાં છે કે શૂદ્ર જો કપિલા ગાયનું દૂધ પીએ તો નરકમાં જાય. સિત્તેર ટકા બાળકો માટે ગાય નરકદાત્રી બની ગઈ, કોઈને માટે ધર્મસ્વરૂપા હોય તો તે જાણે! આશ્રમની પુસ્તિકામાં અમે ગાયની ઉપયોગિતાની ના નથી કહી; અમે અસ્વીકાર કર્યો છે એની ધાર્મિકતાનો, ગાયની પૂંછડી પકડાવીને વૈતરણી પાર કરાવવાની કુપ્રથાનો! આશ્રમની એ પુસ્તિકામાં એ પણ નથી લખ્યું કે 'ગો' શબ્દનો અર્થ સર્વત્ર ઈન્દ્રિય જ થાય છે. એ પુસ્તિકામાં છે કે 'માનસ'માં ૭૦ વખત ગાય અને એના પર્યાયોનો પ્રયોગ થયો છે, જેમાં ૧૭ વખત ગાય પશુરૂપે ઉદાહરણમાત્ર છે, તેર વખત મૂલ્યવાન સંપત્તિરૂપે છે અને ચાળીસ વખત 'ગો' શબ્દ ઈન્દ્રિયના અર્થમાં છે. ભગવાન અવતાર લે છે, પણ કોઈ પશુને માટે નહીં, પણ અમલાત્મા ભક્તોના સકલેન્દ્રિય સંયમને માટે!

લોટમાં પાણી નાખવું, મોઢામાં કોળિયો મૂકવો કે અગ્નિમાં કોઈ

વસ્તુ બાળવી,-આ કયો ધર્મ છે? ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણે એક જ યજ્ઞની તેર-ચૌદ ક્રિયાઓને ચોથા અધ્યાયમાં દર્શાવી છે, પણ એ યજ્ઞોની ચર્ચા પણ નથી. લાગે છે કે યોગેશ્વર શ્રીકૃષ્ણ અગ્નિહોત્ર દર્શપૌર્ણમાસાદિ યજ્ઞ જાણતા નહોતા, નહીં તો તેઓ ગીતામાં એની ચર્ચા જરૂર કરત. યોગેશ્વરે જે યજ્ઞ વિશે કહ્યું છે એ સિવાયના નામમાત્રના યજ્ઞોને, જે યજ્ઞ નથી પણ લોકોએ યજ્ઞનું નામ આપ્યું છે, એવા યજ્ઞ કરનારાઓને ક્રૂરકર્મા-નરાધમ અને પાપાચારી કહ્યા છે અને સોળમા અધ્યાયમાં છે કે આવા દંભીઓને તેઓ વારંવાર આસુરી અને અધમ યોનિઓમાં નાખે છે.-(૧૬/૧૭-૧૯).

આજના વૈજ્ઞાનિક યુગમાં શહેરોનો કચરો અગ્નિમાં જ તો બાળવામાં આવે છે. ત્યારે તો થઈ ગયો યજ્ઞ? અગ્નિમાં સ્વાહા બોલવાથી વાદળાં નહીં, કાર્બન-ડાઈ-ઑક્સાઈડ બને છે. એનાથી હવા શુદ્ધ થવાનું કોણ કહે છે? પ્રદૂષણ ફેલાય છે. આ ધુમાડો સૂર્ય સુધી પહોંચી શકતો નથી કે નથી એનાથી પાણી વરસવામાં કાંઈ મદદ મળતી. લેખક દ્વારા અપાયેલી વ્યાખ્યાઓથી એમ લાગે છે કે વેદ પરમાત્માનો નિઃશ્વાસ કે પરમાત્મની કૃતિ પણ નથી, કારણ કે સૃષ્ટિના રચયિતાને એટલું જ્ઞાન તો હોવું જ જોઈએ કે વાદળાં કેવી રીતે બને છે. જો યજ્ઞના ધુમાડાથી જ સૃષ્ટિચક્ર ચાલતું હોય, તો જે દેશોમાં યજ્ઞ નથી થતા ત્યાં કયા ધુમાડાથી સૃષ્ટિ ચાલે છે? અહીંની સૃષ્ટિ તો તમે ચલાવો છો (ધુમાડો કરીને), ત્યાં કોણ સૃષ્ટિ ચલાવે છે? અને મંત્ર પણ શું છે? એ યુગની પ્રચલિત ભાષામાં કરવામાં આવેલી ગદ્યાત્મક કે પદ્યાત્મક પ્રાર્થનાઓ! ઠીક. ગીતાનું પ્રમાણ આપીને જે યજ્ઞોને લેખકે તેરમા પાના પર ગણાવ્યા, તે ગીતામાં છે જ નહીં. એમણે લખ્યું છે કે 'ગીતામાં માત્ર શ્રોત-સ્માર્ત યજ્ઞોનુ જ યજ્ઞ નથી કહ્યા, પણ ચૌદ પ્રકારના યજ્ઞોને સમજવા જોઈએ.' ગીતામાં જે ચૌદ પ્રકારના યજ્ઞોનું વર્ણન છે, એને જો લેખક લખી દેત તો બધાને સ્પષ્ટ થઈ જાય કે આ બધા યજ્ઞોમાં બહારની કોઈ વસ્તુ નથી જોઈતી. બધા યજ્ઞ માનસિક છે. લેખકે લેબલ (શીર્ષક) તો લગાડ્યું ગીતાનું, પણ અંદર વસ્તુ પોતાના કુતર્કથી ભરી દીધી.

જે સ્માર્ત યજ્ઞો પર લેખક ભાર મૂકે છે, એમાંથી વૈદિક યજ્ઞોને

આજનો સમાજ જાણતો પણ નથી. વેદના કેટલાક શબ્દોને યજ્ઞાર્થ માનીને એના વિધિવિધાન માટે કેટલીય સંહિતાઓ, કેટલાંય આરણ્યક કલ્પગ્રંથ (શ્રૌત સૂત્રાદિ) અને બ્રાહ્મણ ગ્રંથ (શતપથ, ઐતરેય, તાડ્ય, ગોપથ વગેરે) લખાયા છે અને એમને પણ ચારે વેદની સમાન માની લેવામાં આવ્યા છે. એમાં વર્ણવેલા બધા યજ્ઞોમાં મુખ્ય સાત પ્રકાના સોમયજ્ઞ, અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરાત્ર અને અપ્તોયમિ. આ બધામાં સોળ-સોળ પુરોહિત જોઈએ, જેમની દક્ષિણા હજાર ગાયો છે. રાજસૂય યજ્ઞની દક્ષિણા બે લાખ ચાલીસ હજાર ગાય છે. સૌત્રામણિ યજ્ઞમાં સુરાની આહુતિ અને પશુઓના બલિ ચડાવાય છે. અશ્વમેધ યજ્ઞમાં પટરાણી મૃત અશ્વની બાજુમાં સૂએ છે અને બધા પુરોહિતોની રાણીઓ એમની નવયુવતી દાસીઓ સાથે અશ્લીલ ભાષામાં ગાળોનો દોર ચાલે છે.

આ યજ્ઞો ઉપરાંત દરેક ઋતુની સંધિ પણ ત્રણ-ચાર ચાતુર્માસ્ય જેવા કે વૈશ્વદેવ, વરૂણ, પ્રઘાસ, સાકમેધ અને શુનાસીરીય; દરેક નવો પાક ખાતાં પહેલાં આગ્રયણ યજ્ઞ, 'નિરૂઢ પશુ બન્ધ' અર્થાત્ આંતરડાં કાઢી નખાયેલાં પશુની આહુતિ, વરસાદ માટે વાદળાં જેવાં કાળાં કપડાં પહેરીને 'કારીરિષ્ટ', સુરક્ષાપૂર્ણ યાત્રા માટેની 'સંજ્ઞાની', પુત્રને માટે 'પુત્ર-કામેષ્ટિ'; સાત પ્રકારના હવિર્યજ્ઞ જેમાં અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શ અર્થાત્ અમાવાસ્યાને દિવસે કરાતો યજ્ઞ, પૌર્ણમાસ વગેરે યજ્ઞ આજીવન કરતા રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. પ્રત્યેક યજ્ઞમાં જરૂરી છે પુરોહિતો દ્વારા યજમાનની પત્નીનું સન્નહન! તે પણ એ વિધિથી, જેને ન લખવી એ જ ઉચિત છે, એ રીતે મેખલા પહેરી લીધા પછી જ યજમાનની પત્ની યજ્ઞમાં ભાગ લઈ શકે છે.

ઘણા યજ્ઞ એકાહ એટલે એક દિવસમાં થાય છે, જેવા કે વિશ્વજિત, જેમાં સમગ્ર સંપત્તિનું દાન કરવાનું હોય છે. ગોસવ યજ્ઞમાં યજમાને એક વર્ષ સુધી પશુની જેમ જળ પીવું, ઘાસ જેવું ભોજન કરવું, મા, બહેન, દીકરી, સ્ત્રી બધાં સાથે પશુવત્ સમાન પારિવારિક વ્યવહાર કરવાનો હોય છે. 'શુનઃ કણોગ્નિષ્ટોમ' યજ્ઞમાં યજમાન પોતાનું બધું જ પુરોહિતોને સોંપીને સ્વર્ગ માટે અગ્નિમાં પ્રવેશ કરી દે છે. કોઈ યજ્ઞ

ત્રણ દિવસ, કોઈ દશ દિવસ કેટલાક બાર દિવસ, એક વર્ષ, સો-સો વર્ષ અને કેટલાક હજાર વર્ષ સુધી ચાલનારા હોય છે, જેમાં સમાપનની આગલી સાંજે બધાં સ્ત્રી-પુરુષ પ્રજાપતિની પ્રસન્નતા માટે સામુહિક રૂપે મૈથુન કર્મમાં પ્રવૃત્ત થાય છે, જેને મહાવ્રત કહેવાયું છે.

આ જે અગ્નિહોત્રાદિ, દર્શપૌર્ણમાસાદિ, શ્રૌત-સ્માર્ત યજ્ઞ, જેને લેખકમહોદય વેદના નામે શ્રદ્ધાળુ જનતાને ગળે બાંધવા માગે છે, પરંતુ સુજ્ઞ જનોને અમારું નિવેદન છે કે વૈદમાં યજ્ઞનું આ સ્વરૂપ નથી. પુરુષસૂક્તમાં જે માનસિક યજ્ઞની કલ્પના છે, એ જ અને એટલું જ ગીતામાં છે. વેદના નામે વિવિધ પ્રકારના યજ્ઞોનું ઘડતર પછીના લોકોની ભેટ છે. હજારો વર્ષોથી સમાજમાં આમાંથી કોઈ યજ્ઞ જોવામાં નથી આવ્યો, કોઈ એ કરતું નથી, કરવા પણ ન જોઈએ. જો એ પ્રચારમાં રહ્યા હોત તો આજે એ અટકળ કરવાની જરૂર ન પડત કે સોમ કઈ જડીબુટ્ટી છે? ક્યાં મળે છે? વિદ્વાન લેખકમહોદય જે યજ્ઞોની હિમાયત કરે છે, એમાંથી કોઈ એકને પણ સંપૂર્ણ વિધિવિધાન લખીને પ્રકાશિત કરી આપત તો વેદ-વેદ પોકારનારના ઉત્સાહની પરીક્ષા થઈ જાત. જનતા પણ જાણત કે કોણ આ વિધાનોનું કેટલું પાલન કરી શકે છે અને સ્વયં લેખકમહોદય આ વિધિઓથી કયા યજ્ઞ કરી ચૂક્યા છે કે કરે છે?

જે યજ્ઞો કોઈ કરતું નથી, એટલી જટિલતાઓ છે કે કોઈ કરી પણ નથી શકતું, અનેક શબ્દોના અર્થ ભુલાઈ ગયા, એવા યજ્ઞોની ઉપયોગિતાનું મૂલ્યાંકન કરતાં મુંડક ઉપનિષદના ઋષિ કહે છે કે સ્વર્ગની પ્રાપ્તિના લોભમાં લોકો એ કરે છે, પણ એમની ક્રિયાઓમાં જરાક પણ ભૂલ થાય તો એ યજ્ઞ તે અગ્નિહોત્રીના સાતે પુણ્યલોકનો નાશ કરી દે છે. આ જે એ યજ્ઞોનું પરિણામ.

આ ઉપનિષદમાં એ યજ્ઞોની વ્યર્થતા દર્શાવાઈ છે કે આ અઢાર પ્રકારની યજ્ઞ-નૌકાઓ મજબૂત નથી જ. તેમાં જે કર્મ કહેવાયું છે, તે નિમ્ન કોટિનું છે. જે એમને જ કલ્યાણનો માર્ગ કહે છે, જે એમની જ પ્રશંસા કરે છે, તેઓ મૂઢ છે અને વારંવાર જરા અને મૃત્યુને જ પ્રાપ્ત થતા રહે છે. (૧/૨/૭).

ક્યાંક કોઈ ગુંજાશ શોધી ન લે માટે એવા મૂઢ લોકોને દશમા મંત્રમાં ફરી સચેત કરે છે કે ઈષ્ટ અને પૂરતાં કર્મને શ્રેષ્ઠને માનનારા લોકો '**प्रमूढाः**' અર્થાત્ વિશેષરૂપે મૂઢ છે. તે લોકો શ્રેય જાણતા જ નથી. તેઓ કલ્પિત સ્વર્ગમાં એનું ફળ ભોગવીને આ મનુષ્ય શરીર કે એનાથી પણ અત્યંત હીન યોનિઓમાં પ્રવેશ પામે છે. (૧/૨/૧૦). આશ્ચર્યની વાત છે કે અદ્વૈતને લક્ષ્ય માનનારા સ્વર્ગના અસ્તિત્વનો સ્વીકાર કરે છે અને એની જ પ્રાપ્તિ માટે કર્મકાંડની પ્રશંસા કરે છે. સારું તો એ હતું કે વાસ્તવિક યજ્ઞ દર્શાવાય, જેમ ગીતામાં છે, તેમાં હવન પણ છે,-શ્વાસનો પ્રશ્વાસમાં હવન, સંકલ્પોનો હવન. એ યજ્ઞનું પરિણામ મોક્ષ છે, જે શરીર રહેવા છતાં પ્રાપ્ત કરી શકાય છે. એ યજ્ઞ કરવાનો અધિકાર માનવમાત્રને છે. ભૌતિક દ્રવ્યોથી થતા યજ્ઞને યોગેશ્વરે અત્યલ્પ કહ્યો, તુચ્છ કહ્યો, તો તમે તે યજ્ઞ કેમ નથી કરતા જેનું પરિણામ અનંત છે!

*લેખકે જાતિવ્યવસ્થાને ગીતા દ્વારા સિદ્ધ કરવાનો હાસ્યાસ્પદ પ્રયાસ કર્યો છે, કારણ કે વેદ અને ગીતામાં વર્ણ આજની જાતિવ્યવસ્થા નથી. વર્ણનો અર્થ છે રંગ કે આકૃતિ, જેમ ઋગ્વેદના પ્રથમ મંડળમાં છે. વેદમાં દૈવી વર્ણ, અસુર વર્ણ '**कृष्ण च वर्ण अरूण च**' '**उभौ वर्णो**'- બે વર્ણ માનવામાં આવ્યા છે. વર્ણ શબ્દ ગુણવાચક છે, ઉપાસનાની ક્ષમતા માપવાનો એકમ છે, જ્યારે જાતિ શબ્દમાં છે,-જન્મથી નિર્ધારણ, વિવાહ અને ખાનપાનમાં છૂત-અછૂતનો વિચાર, આજીવિકાના નિશ્ચિત વ્યવસાય, વ્યવસાયભેદથી અનેક ઉપજાતિઓ, ઊંચ-નીચની ભાવના અને જ્ઞાતિ-પંચાયતો, વેદમાં વર્ણ શબ્દનો પ્રયોગ ક્યાંય પણ આ અર્થોમાં નથી અને જે પુરુષસૂક્તમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની ચર્ચા છે, ત્યાં. ગમ્મતની વાત તો એ છે કે ત્યાં વર્ણ શબ્દનો પ્રયોગ જ નથી.

ગીતાના ''**अन्तवन्त इमे देहा**''ની વિરૂદ્ધ લેખકે કહ્યું છે કે શરીર નાશવંત હોવા છતાં પણ સમષ્ટિમાં નાશવંત નથી. એમણે એ પણ કહેવું જોઈતું હતું કે સમષ્ટિમાં બ્રાહ્મણ અને શૂદ્રની વહેંચણી પણ થાય છે કે?

समान प्रसवात्मिका जातिः। સમાન જાતિનાં સમાન સંતાન ઉત્પન્ન કરનારાઓની એક જાતિ મનાય છે, જેમ કે કૂતરો-કૂતરી સાથે જ પોતાના સમાન પ્રજનન કરી શકે છે. બકરીથી કૂતરો પેદા નથી થતો એ રીતે કૂતરો જુદી જાતિ છે, બકરી જુદી જાતિ છે. ન્યાયદર્શનના આ સૂત્રની ગોસ્વામી તુલસીદાસજી પણ કહે છે,-''**बडे भाग मानुष तन पावा**'' માનવ શરીર એક જાતિ છે. બ્રાહ્મણ શરીર અને ક્ષત્રિય શરીર નહીં, કેવળ મનુષ્ય-તન પર્યાપ્ત છે. બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર તો આંતરિક યોગ્યતાની ડિગ્રીઓ હતી, જેમનો પ્રયોગ વ્યવસ્થાકારોએ સામાજિક સ્તરીકરણ માટે પણ કરીને એક ભ્રમ પેદા કરી દીધો. બહાર વર્ણ હોતા જ નથી.

લેખકમહોદય પોતાની પુસ્તિકાના બીજા અને ત્રીજા પાનાનું પુનરાવલોકન કરવાની કૃપા કરે, જ્યાં એમણે લખ્યું છે શમ, દમ, તપ, શૌચ, શાંતિ, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકતા બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે, ઉપાર્જિત નથી તથા પરિચર્યા શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે, ઉપાર્જિત નથી. વિચાર અને કાર્ય ગુણોને અધીન હોય છે. આ જ ગુણોને આધારે તે તે વર્ણોમાં જન્મ થાય છે. જે મનુષ્ય જે શરીરથી પેદા થઈ ગયો, એ જ એની જાતિ થઈ ગઈ. પરિષ્કૃતિ (નિર્મળતા) મનની થઈ શકે છે, તનની નહીં અર્થાત્ સારાં કે ખરાબ સેંકડો કર્મ કરવામાં આવે તો પણ જાતિ નહીં બદલાય. એ તો શરીર બદલતી વખતે ગુણ-સંસ્કાર જોઈને ભગવાન ફરીથી એવી જાતિમાં જન્મ આપશે.

અહીં ગીતાના અઢારમા અધ્યાયના જ શ્લોકો લેવામાં આવ્યા છે, એનો એ અર્થ નથી જે લેખકે આપ્યો છે, શ્લોકમાં ''**'ब्रह्मकर्म स्वभावजम् क्षात्रं कर्म स्वभावजम्, वैश्य कर्म स्वभावजम्** અને **शूद्रस्यापि स्वभावजम्**' શું સ્વભાવજમ્નો અર્થ સ્વાભાવિક થાય છે? 'ઉપાર્જિત નથી' આ વાક્યાંશના શ્લોકમાં કયા શબ્દનો અર્થ છે? સ્વભાવજમનો અર્થ છે સ્વભાવથી ઉત્પન્ન! સમાસને અંતે આવતા 'જ'નો અર્થ થાય છે 'જાયમાન' પેદા થયો કે ઉદ્ભવ પામ્યો, જેમ કે જલજ, અંડજ વગેરે. તો તમારા જેવા સંસ્કૃતના પ્રખર વિદ્વાનથી આવી ભૂલ કેમ થઈ ગઈ?

અમે એ પર વિચાર કરવા ઈચ્છીએ છીએ કે લેખકે સ્વભાવથી ઉત્પન્નને બદલે જાણીજોઈને સ્વાભાવિક કેમ લખ્યું અને ઉપાર્જિત કેમ ન જોડ્યું? એ કહેવા માગે છે કે સ્વાભાવિક એટલે જન્મજાત, જન્મની સાથે સાથે જેની નિશ્ચિત થઈ ગઈ, જેને બદલી ન શકાય, જેમ કે પ્રકાશ સૂર્યનો સહજ ગુણ છે, અર્જિત નહીં. બળવું એ અગ્નિનો સહજ ગુણ છે, અર્જિત નહીં.

આ પ્રકરણમાં લેખકે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનું કર્મ દર્શાવ્યું, પણ આ શ્લોકોની પહેલાંનો એક શ્લોક છોડી દીધો, જેમાં કહ્યું છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રનું કર્મ કેવી રીતે નિશ્ચિત થાય છે. કોઈ પ્રકરણ જ્યાંથી આરંભ પામતું હોય ત્યાંથી લેવું જોઈએ. પ્રમાણથી ભાગવાનું ક્યાં સુધી કરશો? તે શ્લોક આ પ્રમાણે છે,-

ब्राह्मणक्षत्रियविशा शूद्राणां च परंतप।
कर्माणि प्रविभक्ताणि स्वभाव प्रभवैर्गुणैः॥ १८/४१ ॥

'**स्वभाव प्रभवैः**'નો શો અર્થ થાય છે? એ જ જે '**स्वभावजम्**'નો થાય છે? '**प्रभवः**'નો અર્થ છે ઉત્પન્ન થનાર. જન્મથી નહીં, સ્વભાવથી ઉત્પન્ન. સ્વભાવથી ઉત્પન્ન ગુણો દ્વારા આ ચારેનાં કર્મ વહેંચાઈ ગયાં. વહેંચવાનો માપદંડ છે ગુણ અને વહેંચવાની વસ્તુ છે કર્મ. '**कर्माणि प्रविभक्तानि**' કર્મ વહેંચાયાં છે, નહીં કે મનુષ્ય!

સ્વભાવ બદલાતો રહે છે. જો સ્વભાવ કદી બદલાઈ જ ન શકે તો માનવશરીરની સાર્થકતા જ શી? જો આ જન્મ લેવાથી નિર્ધારિત હોય તો એ જાતિમાં પેદા થનાર બધા લોકોમાં એ સમાન ગુણ જોવા મળત, જેમ કે બધા બ્રાહ્મણ જ્ઞાન-વિજ્ઞાન-સંપન્ન હોત, પણ એવું જોવા મળતું નથી. મનુસ્મૃતિમાં છે કે કેવળ જાતિના નામ પર જીવવાવાળો અને કેવળ નામથી બ્રહ્મણ કહેવડાવનારો બ્રાહ્મણ પણ રાજા તરફથી ધર્મનો પ્રવક્તા થઈ શકે છે, પણ શૂદ્ર કદી નથી થઈ શકતો. (૮/૨૦). શા માટે? જો સ્વભાવથી બનેલા ગુણોના આધારે ભગવાને જાતિમાં જન્મ આપ્યો હોત તો નિર્ધારિત કર્મ એનાથી કેમ થયાં? શું ભગવાનથી પણ ભૂલ થાય છે?

વાસ્તવમાં એવું કાંઈ પણ નથી. સ્વભાવ અને ગુણોમાં પરિવર્તન આણવું એ દરેક મનુષ્યના વશમાં છો. મહર્ષિ બનવામાં વાલ્મીકિનો સ્વભાવ જ તો બદલાયો હતો. તુલસીદાસ સ્વભાવ બદલવાથી જ ગોસ્વામી બની ગયા. યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ સ્વભાવ અને ગુણોને પરિવર્તનશીલ માને છે. ગીતાના ચૌદમા અધ્યાયમાં છે,-

रजस्तमश्चाभिभूयं सत्त्वं भवति भारत।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा॥ ૧૪-૧૦ ॥

અર્થાત્ રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ વધે છે. સત્ત્વ અને રજને દબાવીને તમોગુણ તથા સત્ અને તમોગુણને દબાવીને રજોગુણ વધે છે. અર્થાત્ ત્રણે ગુણોમાંથી કોઈને પણ વધારી-ઘટાડી શકાય છે. ગુણોમાં પરિવર્તન થાય છે.

વીસમા શ્લોકમાં કહે છે કે પુરુષ શરીરની ઉત્પત્તિના કારણરૂપ આ ત્રણે ગુણોને ઓળંગીને જન્મ-મૃત્યુથી મુક્ત થઈને અમૃતતત્ત્વને પ્રાપ્ત થાય છે.

સ્પષ્ટ છે કે ગુણોને બદલી શકાય છે, એમનાથી ઊંચે પણ જઈ શકાય છે, એટલું જ નહીં, ગુણોથી પાર જવા માટે જ માનવ શરીર મળ્યું છે. ગુણોથી પાર જવાની રીત ભગવાન પોતે દેખાડે છે,-

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते॥ ૧૪/૨૬ ॥

અર્જુન! જે કોઈ પણ અવ્યભિચારી અર્થાત્ અનન્ય ભાવથી ભક્તિપૂર્વક મારું સ્મરણ કરે છે, તે આ ત્રણે ગુણોને સારી રીતે ઓળંગી જાય છે અને બ્રહ્મને પ્રાપ્ત કરવા યોગ્ય બની જાય છે.

જ્યારે આ જ શરીરમાં આ જ જીવનમાં ત્રણે ગુણ બદલાઈ જાય છે, તો વર્ણ કેમ ન બદલાય? ગુણ પર જ તો વર્ણ આધારિત હતો. તેથી એક જ જન્મમાં દરેક વ્યક્તિ ક્રમશઃ શૂદ્રમાંથી વૈશ્ય, વૈશ્યમાંથી ક્ષત્રિય, ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ બની શકે છે અને અનન્ય ભક્તિ દ્વારા ગુણોને પાર કરી લીધા પછી આદિ શંકરાચાર્યની જેમ ઉદ્ઘોષ કરી શકે

છે કે ''**न ब्राह्मण न क्षत्रिय, न वैश्यो न शूद्रश्चिदानन्द रूपो शिवो केवलोऽहं।**'' તે ત્રણે ગુણો અને તદ્જન્ય ચારે વર્ણોથી ઉપર ઊઠીને સ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત કરી લે છે.

યોગદર્શનકાર પણ સ્વભાવને પરિવર્તનશીલ માને છે. '**वृत्ति सारूप्यमितरत्र**' - જેવી વૃત્તિ, જેવો સ્વભાવ, તેવો પુરુષ! મનુષ્ય જે કરે છે તે જ એનો સ્વભાવ બનતો જાય છે. અંગ્રેજીમાં છે કે 'સ્ટાઈલ ઈઝ ધ મૅન હિમસેલ્ફ.' પૂજ્ય ગુરુદેવજી કહ્યા કરતા હતા, ''**गुन स्वभाव त्यागे बिना दुर्लभ परमानन्द।**'' સિદ્ધ થાય છે કે ગુણ અને સ્વભાવ બદલી શકાય છે, છોડી પણ શકાય છે. ઠીક. વર્ણમાં પરિવર્તન સ્વતઃસિદ્ધ છે.

લેખક અનુસાર પૂર્વજન્મના કર્મજન્ય સંસ્કારો, તદ્જન્ય ગુણોને જોઈને ભગવાન બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય કે શૂદ્રના શરીરમાં જન્મ આપે છે. વિચારણીય છે કે આ રીતે ન તો ઈસાઈ જન્મે છે, ન મુસલમાન જન્મે છે, ન પારસી-જૈન-બૌદ્ધ કે શીખ પણ આ પ્રકારે પેદા થતા નથી. શું આખી સૃષ્ટિમાં કેવળ ભારત અને ભારતમાં પણ મુઠ્ઠીભર હિન્દુઓને આ ચાર જાતિઓમાં જન્માવવા માટે ભગવાનની કોઈ જુદી વ્યવસ્થા છે?

પોતાની પુસ્તિકાના બીજા પાના પર લેખકે લખ્યું છે કે તમોગુણની પ્રદાનતાથી શૂદ્રની રચના કરી, જે ગીતાની વિરૂદ્ધ છે, કારણ કે તમોગુણની અધિકતા હોય તો મૂઢ યોનિઓમાં, જીવજંતુ આદિ નિર્યક યોનિઓમાં જન્મ મળે છે (૧૪/૧૫/૧૮). જો તમોગુણની અધિકતામાં મરનારા ભારતના શૂદ્ર જ બનવા માંડે તો જીવજંતુ કોણ બનશે? તો પછી સૃષ્ટિનું એક અંગ અધૂરું રહી જશે.

ગીતાના અધ્યાય ૪/૩૧માં છે કે યજ્ઞ ન કરનારાઓને માનવશરીર મળતું જ નથી, આ લોક મળતો જ નથી અને લેખકમહોદય શૂદ્રને યજ્ઞનો અધિકાર માનતા જ નથી તો શૂદ્ર પેદા કેવી રીતે થઈ ગયા અને પછી એ બિચારાઓને મનુષ્ય શરીર પણ કેમ મળશે? જૈમિનીની પૂર્વ મીમાંસામાં છે કે અગ્નિહોત્ર અને વૈદિક યજ્ઞો માટે શૂદ્રને અધિકાર નથી. તૈતરીય સંહિતામાં છે, ''**शूद्रो मनुष्याणां अश्व पशुनां... तस्माच्छूद्रो**

यज्ञेनऽवक्लृप्तः'' (૭-૧-૧-૬). જેમ પશુઓમાં ઘોડો તેમ મનુષ્યોમાં શૂદ્ર છે. શૂદ્ર યજ્ઞને યોગ્ય નથી. તાંડ્ય મહાબ્રાહ્મણમાં લખ્યું છે,-

तस्माच्छूद्र बहुपशुरयज्ञियो विदेवो नहि तं काचन देवतान्व सृज्यन्त।
तस्मात्पादावनेज्यं नाति वर्धते पत्तो हि सृष्टः॥ ૬-૧-૧૧ ॥

અર્થાત્ શૂદ્ર, ભલે એની પાસે ઘણાં પશુ હોય, તે યજ્ઞ કરવા યોગ્ય નથી. તે દેવવિહીન છે, એને માટે કોઈ દેવની રચના નથી કરાઈ, કારણ કે એની ઉત્પત્તિ પગમાંથી થઈ છે.

આ છે તમારું વૈદિક સાહિત્ય! શું આ જ ભગવતી શ્રુતિ છે? શુ આ જ અપૌરુષેય વ્યવસ્થા છે? ના શ્રુતિ આ નથી. શ્રુતિનો આશય ભગવાન શ્રીકૃષ્ણે જાણ્યો હતો. ગીતાના અધ્યાય ૯/૩૨ સાથે સરખાવો, જ્યાં ભગવાન કહે છે કે સ્ત્રી-પુરુષ-વૈશ્ય-શૂદ્રાદિ તથા કોઈ પાપયોનિ પણ કેમ ન હોય, મારા શરણમાં આવીને પરમ-ગતિ પણ પ્રાપ્ત કરી શકે છે. અહીં શૂદ્રને શરણ દેનાર દેવ પણ છે, ભક્તિનો એકસમાન અધિકાર બધાને છે અને પરિણામ એકસમાન પરમગતિનું વિધાન બધાને માટે છે. ભગવાને કોઈ ભેદભાવ નથી રાખ્યો.

લેખકનો દાવો છે કે સ્મૃતિઓમાં કે પ્રાચીન ગ્રંથોમાં કોઈ જાતિની સાથે પક્ષપાત નથી કરાયો. આવો જોઈએ કે આ વાતમાં કેટલી સચ્ચાઈ છે. વૈશ્યો માટે તૈતરીય સંહિતામાં છે,-''**वैश्यो मनुष्याणां गावः पशूनां तस्मात्त आधाअन्नधानादध्य सृज्यन्त तस्माद् भूयांसोऽन्येभ्य**'' (૭/૧/૧/૫). અર્થાત્ મનુષ્યોમાં વૈશ્ય અને પશુઓમાં ગાય અન્ય લોકોના ઉપભોગની વસ્તુ છે. તેઓ ભોજનના હેતુથી ઉત્પન્ન કરાયાં છે, તેથી સંખ્યામાં વધારે છે.

ક્ષત્રિયો માટે છે કે કોઈ કાર્યનો આરંભ કરતાં પહેલાં એમણે કોઈ બ્રાહ્મણની આજ્ઞા લેવી જોઈએ. એક બ્રાહ્મણ રાજા વગર રહી શકે છે, પણ બ્રાહ્મણ વગર રાજાનુંય કામ થઈ શકતું નથી. મનુસ્મૃતિમાં છે કે દસ વર્ષના બ્રાહ્મણ અને સો વર્ષના ક્ષત્રિયને પિતાપુત્ર સમજવા જોઈએ. બંનેમાં બ્રાહ્મણ પિતા છે, પૂજ્ય છે. (૨/૧૩૫).

હવે એ સગવડોનું પણ અવલોકન કરીએ. લેખક અનુસાર જેમને

માટે મનુસ્મૃતિમાં કહ્યું છે કે ''**जन्मना ब्राह्मणो ज्ञेयः**'' અર્થાત્ બ્રાહ્મણ જન્મથી હોય છે, કારણ કે લોકો પ્રશ્ન કરી શકે છે કે તારું આચરણ? તો એક જ ઉપાય છે કે અમે જન્મથી થતા આવ્યા છીએ. તૈતરીય સંહિતામાં છે કે બ્રાહ્મણ એવા દેવ છે જેમને અમે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. શતપથ બ્રાહ્મણમાં લખ્યું છે કે દેવ બે પ્રકારના હોય છે. દેવ તો દેવ છે જ, બ્રાહ્મણ પણ જે પવિત્ર જ્ઞાન પ્રાપ્ત કરે અને અધ્યયન કરાવે તે માનવ-દેવ છે. (૪-૧-૪-૬). મનુસ્મૃતિમાં છે કે જો બ્રાહ્મણ ચોરી પણ કરે તો ધાર્મિક રાજા એને દંડ ન કરે, કારણ કે રાજાની મૂર્ખાઈથી જ એ બ્રાહ્મણ ભૂખથી પીડાઈ રહ્યો છે. દંડને બદલે રાજાએ એના પરિવારના ભરણપોષણ માટે રાજ્ય તરફથી આર્થિક વ્યવસ્થા કરવી જોઈએ. (૧૧/૨૧-૨૨). બીજા અધ્યાયોમાં છે કે બ્રાહ્મણ કોઈ પણ જાતિની સ્ત્રી રાખી શકે છે, પણ કોઈ બીજી જાતિ બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરે તો તે દોષ છે. મંત્રોથી શુદ્ધ કરીને બ્રાહ્મણ માંસ પણ કાઈ શકે છે, તે દેવભોજન છે, સનાતન વિધિ છે. (૫/૩૬).

મનુસ્મૃતિમાં છે કે સમગ્ર સંસારનો સ્વામી બ્રાહ્મણ હોય છે, (૧/૧૪). સંસારનો અર્થ શું કેવળ ભારત થાય છે? સંસારના કેટલા દેશ બ્રાહ્મણને પોતાનો સ્વામી માને છે? લખ્યું છે કે ચોર પાસેથી વસૂલ કરેલા ધન અને ધરતીમાં દટાયેલા ધનનો અર્ધો ભાગ બ્રાહ્મણોનો હોય છે. (૮/૩૭/૩૮). યજ્ઞ માટે બ્રાહ્મણ કોઈનુંય ધન લૂંટી શકે છે. (૧૧/૨૬). પણ જે પાપાત્મા બ્રાહ્મણનું ધન લૂંટે અને મરે ત્યાં સુધી ગીધોએ છોડી દીધેલા ઘૃણાજનક પદાર્થ ખાવા મળે છે. આ કોઈ વર્ગની સુરક્ષા નથી તો શું છે? આ શું ધર્મ છે?

લેખકે વાંધો લીધો છે કે સ્મૃતિઓને તમે કાનૂન કે વ્યવસ્થા કેમ કહી? એ તો સનાતન ધર્મ છે. તમે જ વિચાર કરો કે જે નિયમોથી મનુષ્યનાં ખાનપાન, લગ્નવિવાહ, રહેણીકરણી, વાચન-લેખન, દત્તક લેવું, વ્યવસાયો નિર્ધારણ, સમજૂતી, સંપત્તિના મુકદ્દમા, દંડ વગેરે રાજ્ય દ્વારા થતું હોય એ કાનૂન નથી, વ્યવસ્થા નથી તો બીજું શું છે? જેનાથી મનુષ્યની બાહ્ય ક્રિયાઓ-પ્રવૃત્તિઓનું નિયમન થાય, જેમને રાજ્ય લાગુ કરે, તે કાનૂન નહીં તો બીજું શું છે? ધર્મ આંતરિક શિસ્તના નિયમ છે.

લેખકે બચાવ કર્યો છે કે દંડ દેવાના પ્રશ્ન પર મનુસ્મૃતિમાં શૂદ્રોની તુલનામાં બ્રાહ્મણ પ્રત્યે ઓછા કઠોર નિયમ નથી, કારણ કે તેમાં છે, બ્રાહ્મણ જો દારૂ પીએ તો એને ઉકળતો દારૂ એ મરી ન જાય ત્યાં સુધી પિવડાવવો. (૧૧/૯૦); પણ તમે વિચાર કરશો તો જોશો એ કોઈ દંડ છે જ નહીં. આ પ્રકારે એક પણ વ્યક્તિને દંડ કરવાનું પ્રમાણ સમગ્ર ઈતિહાસમાં નથી. તમે વિચાર કર્યો કે શા માટે? કારણ કે આ એવો દંડ છે, જે કદી કરી જ ન શકાય. દારૂ, સ્પિરિટ તથા પેટ્રોલ એવી વસ્તુઓ છે જેમને કદી ઉકાળી જ ન શકાય. એ ઊડી જશે, બળી જશે, એમાં આગ લાગશે. આજે પણ ઘણા બ્રાહ્મણો દારૂનું સેવન કરે છે, શરાબના સરકારી ઈજારા લે છે, પણ એમને દંડ કરીને સનાતન ધર્મના પાલનનો કોઈ વિચાર પણ નથી કરી શકતું.

તો આવી ધમકી શા માટે? એની પાછળ પણ એક કારણ છે. સગવડોથી સંપન્ન બ્રાહ્મણોમાંથી કોઈ શરાબના નશામાં ક્યાંક આ તિકડમનો ભાંડો ફોડી ન નાખે કે જેથી આખી જાતિનું અહિત થઈ જાય, માટે એ બ્રાહ્મણને મારી નાખવા સુધીની સાવચેતી રખાઈ છે. માટે એ પણ સુરક્ષાની વ્યવસ્થા જ છે. સ્મૃતિકારોનો સદ્‌આશય કે નિષ્પક્ષતા નથી તેથી આ સ્મૃતિઓ બધાને દેખાડવાનો નિષેધ છે. પારાશરસ્મૃતિમાં છે કે આ સ્મૃતિ ખાસ કરીને બ્રાહ્મણોના હિત માટે લખાઈ છે. મનુસ્મૃતિમાં છે કે એ જ બ્રાહ્મણને તે દેખાડવામાં આવે, જેના ગર્ભાધાનથી માંડીને બધા સંસ્કાર થયા હોય અને જે ચિતા સુધીના સંસ્કારોના મંત્ર જાણતો હોય, કારણ કે જેણે આટલું રટી લીધું હોય, એને પ્રમાણોની જરૂર હોય. સપોર્ટ માટે બેકિંગની જરૂર હોય, કેવળ એને જ દેખાડવામાં આવે.

વિચારણીય છે કે એક મુસલમાન પોતાના દીકરાને દશ-બાર વર્ષની ઉમંર સુધી કુરાનનું અધ્યયન કરાવીને હાફિજ બનાવી દે છે, લગ્નમાં કુરાન અને રેહલ (વાંચતી વખતે ખુલ્લું પુસ્તક મૂકવાની લાકડાની ઘોડી) દહેજમાં આપે છે; ઈસાઈ રોજની પ્રાર્થનાઓમાં પાનેપાનું વંચાવીને બાઈબલ કંઠસ્થ કરાવી દે છે. ધર્મનિરપેક્ષ કહેવાતા અમેરિકાની હોટેલોમાં, દરેક ખંડમાં, પત્રપત્રિકાઓના નામે કેવળ એક પુસ્તક રખવામાં આવે છે,-તે છે બાઈબલ! અને ભારતીય ધર્માચાર્યોની દૂરદર્શિતા (?) જુઓ કે આપણા

ગ્રંથો કોઈને દેખાડતા નહીં! શાસ્ત્ર આપણું ને આપણે જોઈ ન શકીએ?

આવો, શૂદ્રોની સ્થિતિ પણ જોઈએ. લેખકમહોદય કહે છે કે સનાતન ધર્મ શૂદ્રો માટે વરદાન છે, પણ કોઈ શૂદ્ર તમારું આ વરદાન લેવા તૈયર નથી. વરદાન શું છે? એ કે શૂદ્રનું નામ ઘૃણાયુક્ત રહેવું જોઈએ. (૨/૩૯). તેમણે ઝાડ નીચે સૂવું, માટીના વાસણોમાં ખાવું. શૂદ્રનું પોતાનું કાંઈ જ નથી હોતું. ધન મેળવીને શૂદ્ર બ્રાહ્મણોને જ સતાવે છે, માટે શૂદ્રનું ધન બ્રાહ્મણ કોઈ રોકટોક વગર લઈ શકે છે. (મનુ. ૮/૪૧૭). મનુસ્મૃતિમાં છે કે '**एषः धर्म विधिः**' આ ધર્મવિધિ છે. આ જ ધર્મ હોય તો ક્યાં શૂદ્ર એને માને છે?

મનુસ્મૃતિના દશમા અધ્યાયમાં છે કે જીવનનિર્વાહ માટે શૂદ્ર અન્ય જાતિઓની સેવા કરી શકે, પણ સ્વર્ગને માટે, લોક અને પરલોક બંનેને માટે તેણે બ્રાહ્મણની જ સેવા કરવી. બ્રાહ્મણે એને એઠું અન્ન, સત્ત્વહીન અન્ન ખાવા આપવું જોઈએ. જૂનાં વસ્ત્રો, ફાટેલાં ઓઠવાનાં-પાથરણાં આપવાં જોઈએ. આવી વ્યવસ્થામાં રહીને જ્યારે શૂદ્ર એવી ખ્યાતિ મેળવે કે બહુ સારો સેવક છે, તો તે સ્વર્ગમાં જાય છે.

લખ્યું છે કે બ્રહ્માએ બ્રાહ્મણની સેવા માટે જ શૂદ્રની સૃષ્ટિ કરી છે,-'**दास्यायैव हि सृष्टिऽसौ ब्राह्मणस्य स्वयं भुवा।**' આજે તેઓ સેવા લઈ રહ્યા છે. બ્રહ્માની આજ્ઞાથી વિપરીત આજે શૂદ્ર સારું પહેરે-ઓઢે છે, સારું ખાય છે, સારી રીતે રહે છે, એમને ફરીથી ઝાડ નીચે રહેવા અને જૂનાં ફાટેલાં કપડાં પહેરવાની ફરજ પાડી શકાય નહીં.

લેખકમહોદયનો તર્ક હતો કે શૂદ્રને અધ્યયનથી કોઈ લાભ થવાનો નથી, તો તેઓ નિરર્થક શા માટે ભણે? આજે એમણે દરેક પુસ્તક વાંચ્યું છે, પોતાનું સંવિધાન પણ બનાવી લીધું. સ્મૃતિઓ અનુસાર શૂદ્રે કદીય ન્યાયકર્તા થવું ન જોઈએ, આજે તેઓ જજ છે. શાસનમાં ભાગ લેવા માટે ચૂંટણી લડ્યા તો પાસવાન વગેરે રેકોર્ડ મતોથી વિજયી થયા. રૂઢિવાદી, કાલગ્રસ્ત અંધ પરંપરાઓ ધરાશાયી થઈ ગઈ, પણ કેટલાક લોકો હજી પણ પ્રતિગામી અવશેષોને વળગીને બેઠા છે. કહે છે, જાતિ ધર્મ છે. આ જ વ્યવસ્થાની સહચરી આશ્રમવ્યવસ્થા પણ હતી, એને પુનર્જીવિત

કરવાની અમને કોઈ ચિંતા નથી. જો જાતિવ્યવસ્થા જ સનાતન હતી તો ઘર કેમ છોડ્યું? સંન્યાસી કેમ થઈ ગયા?

આજે શૂદ્રો આંદોલન કેમ કરી રહ્યા છે કે સંપૂર્ણ જાતિઓ આર્ય છે, ભારતની બહારથી આવી છે, એમણે ભારતની બહાર ચાલ્યા જવું જોઈએ. મૌર્ય, કુર્મી જેવી કેટલીક વૈશ્ય જાતિઓએ બ્રાહ્મણોની પૂજ્યતાને તિલાંજલિ આપી દીધી. મોટા ભાગના બ્રાહ્મણો પણ 'જન્મના પૂજ્યતા'ના પક્ષમાં નથી. ક્ષત્રિયો વિચારવા માંડ્યા છે કે શું કરવું? તો કેટલા હિન્દુ જાતિવ્યવસ્થાને ધર્મ કહેવા માટે તમારી સાથે છે? કદાચ એમના કરતાં પણ ઓછા લોકો લેખકમહોદય સાથે બચ્યા હશે, જેમને તેઓ મુઠ્ઠીભર મુસલમાન કહે છે.

ઘૃણામૂલક વ્યવસ્થાઓ વાંચીને શૂદ્રો એટલા ચિડાયા છે કે તેઓ બૌદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન કે કાંઈ પણ બનવા જઈ રહ્યા છે,-જ્યાં એમને સમાનતાનું પ્રલોભન અપાય છે. પહેલાં આ જઈ રહેલા લોકોને ખાતરી આપીએ, ભરોસો બેસાડીએ, એમને સંતોષ આપીએ, પછી પોતાની પૂજ્યતા મનાવતા રહીએ, કારણ કે જો હિન્દુ જ નહીં બચે, તો કોણ એમને પંડિત કહેશે? '**अर्थ तजहिं बुध सरबस जाता**'-યુગદ્રષ્ટા ગોસ્વામીજીની આ સાલહ પર વિચાર કરો,-

जलचर वृन्द जाल अन्तरगत, होत सिमटि इक पासा।
एकहिं एक खात लालच बस, नहिं जानत निज नाशा॥

(વિનય. ૯૨)

કહેવાય છે કે લંકાના સમરાંગણમાં જ્યારે લક્ષ્મણને શક્તિ વાગી અને સુષેણ વૈદ્યની વિશ્વસનીયતા પર કોઈએ શંકા કરી ત્યારે રામે કહ્યું હતું કે સુષેણ વૈદ્ય છે અને તે વૈદ્ય-ધર્મથી વિમુખ ન હોઈ શકે. આ જ રીતે ધર્માચાર્યોને અમારું નિવેદન છે કે ભારતની આ ભલીભોળી નિરક્ષર જનતા એમની પાસે આશા રાખે છે. એને ખોટું ન કહેવું, ખોટે રસ્તે ન ચડાવવી. આ જ રીતે બ્રાહ્મણ-બંધુઓએ પણ વિચારવું જોઈએ કે તેઓ એ ઋષિઓના વંશજ છે, જેમણે સમાજનું નેતૃત્વ કર્યું હતું. એ જ ગૌરવશાળી વારસા સાથે એમણે સામાજિક વિઘટન રોકવા માટે પણ

તત્પર થઈ જવું જોઈએ.

લેખકમહોદયે કેટલાક પ્રશ્નો ઊભા કરીને ધાર્મિક ભ્રાંતિઓના નિરાકરણનો અવસર આપ્યો, તેથી અમે એમના આભારી છીએ. કદાચ કોઈ મુદ્દો અમે સમજી ન શક્યા હોઈએ, તો કોઈક વાર આશ્રમમાં પધારશો. આટલા નજીક રહેવા છતાં પોતે ન પધાર્યા અને ટપાલ દ્વારા વિરોધ-પુસ્તિકા મોકલવાના દ્રાવિડી પ્રાણાયામની શી જરૂર હતી?

રહી વાત એમના દ્વારા શાસ્ત્રાર્થ-આહ્વાનની, તો ઘરમાં બેસીને શાસ્ત્રાર્થની વાત કરવી એમને શોભા નથી દેતી. શાસ્ત્રાર્થ-પરાયણ જે આદિ શંકરાચાર્યજીની તેઓ નકલ કરવા માગે છે, તેઓ ભારતભરમાં પોતે પગે ચાલીને ફરીને શાસ્ત્રાર્થ કરતા હતા. વળી આજકાલ મૌખિક વાદવિવાદ કરતાં લેખિત પ્રશ્નોત્તર વધુ પ્રામાણિક મનાય છે અને મૌખિક શાસ્ત્રાર્થને બદલે આ રસ્તો એમણે પોતે જ પસંદ કર્યો છે, તો શાસ્ત્રાર્થની જાસાચિઠ્ઠી શા માટે? જો સામસામા પ્રશ્ન-પરિપ્રશ્ન જ કરવા હોય તો પોતના ગલીમાંથી થોડા બહાર નીકળે. દિલ્હી, કલકત્તા, મુંબઈ, મદ્રાસ, કાશ્મીર જેવાં સ્થળોએ એનું આયોજન કરે. નિર્ણાયકોની પેનલમાં દરેક જાતિના વિદ્વાનો, પ્રોફેસરો, કુલપતિઓ, રાજનેતાઓને રાખે, જેમને આ ધર્મમાં રહેવું છે, જેમને આ ધર્મમાં જીવવું છે, એમની ઉપસ્થિતિમાં શાસ્ત્રાર્થ થાય એ યોગ્ય છે. એની એક સુનિશ્ચિત રૂપરેખા પ્રગટ કરે. જો કેવળ શંકા-સમાધાન જ કરવું હોય તો ક્યારેક આશ્રમમાં પધારે. સદૈવ સ્વાગત છે.

॥ બોલો સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

વેદોના નામે...

ऋचो अक्षरे परमे व्योमन्
यस्मिन देवा अदिविश्वे निषेदुः।
यस्तन्न वेद किमृचा करिष्यति
य इत्तद विदुस्त इमे समासते॥
ઋગવેદ (૧/૧૬૪/૩૯)

બધી ઋચાઓ પરમ અવિનાશી અક્ષરમાં સ્થિત છે,
જેમાં સમસ્ત દેવતા પણ સ્થિત છે.
જે એ અવિનાશી નથી જાણતો,
તેને માટે ઋચા શું કરે?
જે એને જાણે છે એ જ અવિનાશીમાં પ્રવેશ પામી જાય છે.

વેદોના નામે...

શ્રી પરમહંસ આશ્રમ જગતાનંદ દ્વારા પ્રકાશિત પુસ્તિકાઓ પર પર આક્ષેપ કરીને વારાણસીના શ્રી મસ્તરામ બાપાએ '**नास्तिकों से सावधान**' નામની એક પુસ્તિકા મોકલી હતી, જેના સમાધાનનો પ્રયત્ન '**आस्तिकता के नाम पर...**' પુસ્તિકા દ્વારા કરવામાં આવ્યો હતો; પણ '**नहले पर दहला**' (ભાગ ૧) નામની એક પુસ્તિકા ફરી પાછી જોવા મળી છે. સદ્ પરામર્શના હેતુથી એમની આ પુસ્તિકા પર પણ યોગ્ય વિચાર અપેક્ષિત છે.

એમની પુસ્તિકાનું ઉપશીર્ષક છે,-'**गड़बड़ सम्प्रदाय का छीछालेदर।**' આવું બીભત્સ નામકરણ કરવામાં એમને ઠીક ઠીક વિદ્વત્તા વાપરવી પડી હશે. પહેલા જ પાના પર એક શ્લોક છે, જેમાં એમણે પોતાના વેદાંતને સિંહસમાન તથા અન્ય શાસ્ત્રોને જમ્બક (શિયાળ) સમાન હોવાનું પ્રમાણપત્ર આપ્યું છે. આશ્ચર્ય થાય છે કે જાતિ-જ્ઞાતિ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, કર્મકાંડ અને પંચદેવની પ્રશસ્તિ કરનારા મહાનુભાવને અદ્વૈત વેદાંત સાથે શી લેવાદેવા?

વેદાંત પોતે જ એક સંપ્રદાય બની ગયો છે. એના કેટલાય ઉપસંપ્રદાય છે. બાદરાયણના બ્રહ્મસૂત્રનો માધવાચાર્યજીએ જે અર્થ કર્યો અને દ્વૈતઃ નિમ્બાર્ક જે અર્થ સમજ્યા તે દ્વૈતાદ્વૈત; વલ્લભાચાર્યજીએ એ જ સૂત્રોનો અર્થ કર્યો તે શુદ્ધાદ્વૈત; રામાનુજાચાર્યજીએ એ જ સૂત્રોમાં વાંચ્યું વિશિષ્ટાદ્વૈત; પંડિત શ્રીકંઠે એ જ સૂત્રોમાંથી કાઢ્યો શૈવ વિશિષ્ટાદ્વૈત; પંડિત શ્રીપતિનો અર્થ વીરશૈવ વિશિષ્ટાદ્વૈત; વિજ્ઞાનભિક્ષુએ જોયો અવિભાગાદ્વૈત; શંકરાચાર્યજીએ વ્યાખ્યા કરી નિર્વિશેષાદ્વૈત; એ જ સૂત્રોમાં ભાસ્કરાચાર્યજીએ વાંચ્યો ભેદાભેદ; તો બલદેવજીનો અર્થ અચિન્ત્ય ભેદાભેદ કહેવાય છે. આચાર્યજી પોતાની ઓળખ દર્શાવે કે બધામાંથી તેઓ કોણ છે? વેદાંતવાદી હોવાથી આ દશેદશ સિંહ સમાન છે કે એકલા તેઓ પોતે જ? આમાંથી કોઈ એક સત્ય છે કે બધા?

ધાર્મિક વિદ્વાનો વિચાર કરે તો સમજી શકશે કે વેદમાં દ્વૈત-અદ્વૈત ઝઘડો જ નથી. વેદમાં છે ''**तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः**''

અર્થાત્ એ પરમાત્મા બધાની અંદર પણ છે અને બહાર પણ છે. તો એની સિવાય અન્ય વસ્તુ એના અસ્તિત્વ સિવાય ક્યાં રહી શકે? એ જ રીતે અનિર્વચનીય માયા અને માયા વિશિષ્ટ ચેતન વગર એ વ્યાપકનું અસ્તિત્વ જ ક્યાં રહે અને એ વ્યાપ વગર કોનો વ્યાપક થઈ શકે? તેથી એવો કોઈ અદ્વૈતવાદી નથી જે અનિર્વચનીય જેવી કોઈ વસ્તુ કે માયા-મોહિત જીવ એવા એક પદાર્થને અનાદિ ન માનતો હોય અને એવો કોઈ દ્વૈતવાદી નથી જે ત્રણે પદાર્થોને વ્યાપ્ય-વ્યાપક-ભાવથી એક ન માનતો હોય. આ રીતે અનિર્વચનીય માયા અને માયા વિશિષ્ટ ચેતનને અનાદિ માની લેવાથી તથા બંનેમાં પરમાત્માને ઓતપ્રોત, વ્યાપક માની લેવાથી દ્વૈત-અદ્વૈતમાં કોઈ જ અંતર રહેતું નથી. વૈદિકોમાં દ્વૈત-અદ્વૈત સંપ્રદાયોની સૃષ્ટિ જ અવૈદિક છે, તેથી વિદ્વાન લેખકનો આ તર્ક ''**एकं ब्रह्म द्वितियोनास्ति**।'' બાધાનુબાધિત વૃત્તિથી શંકરાચાર્ય જેવા કોઈ વિરલા પ્રપંચદર્શક સુધી જ સીમિત છે, સામાન્ય લોકોને માટે તો દ્વૈત જ છે-અદ્વૈતની આ વ્યાખ્યા ગ્રાહ્ય પ્રતીત નથી થતી.

આદિ શંકરાચાર્યજીના નામે પ્રચલિત ભાષ્યોને આધાર માનીને કેટલાય વિદ્વાનોએ એમની આલોચના કરી છે, પરંતુ આ વિચાર એમનો છે કે એમની ગાદી પર બેસનારા પછીના આચાર્યોની ઊપજ છે-એ શોધનો વિષય છે. અમારો તો આ મત પણ છે કે દશનામી સંન્યાસીઓનું સંગઠન આદિ શંકરાચાર્યજીએ નહોતું કર્યું; કારણ કે માનવામાં આવે છે કે આદિ શંકરાચાર્યજીના શિષ્ય પદ્મપાદથી તીર્થ અને આશ્રમ શાખા ચાલુ થઈ. આ જ રીતે હસ્તામલકજીના શિષ્ય વન અને અરણ્ય કહેવાયા. ત્રોટકાચાર્યજીના શિષ્ય ગિરિ, પર્વત અને સાગર કહેવાયા તથા સુરેશાચાર્યજીના શિષ્ય સરસ્વતી, ભારતી તથા પુરી થયા. સશસ્ત્ર મુસલમાન ફકીરોને કારણે આ દશનામીઓની સમાપ્તપ્રાય સંખ્યાને પૂરી કરવા માટે સ્વામી મધુસૂદન સરસ્વતીજીએ ક્ષત્રિયો તથા વૈશ્યોમાંથી સતનામી સંન્યાસીઓને દીક્ષિત કર્યા, જેમના ઉપદ્રવોના વર્ણનથી ઈતિહાસ ભરેલો છે. જે એક અદ્વૈતમાં આટલા દ્વૈત છે, ત્યાં એકતામૂલક સરલ વિચારધારાને પણ સાંપ્રદાયિક કહેવામાં આવે તો શી નવાઈ?

શંકરાચાર્યજીના ભાષ્યસહિત એકાદશ ઉપનિષદ, ગીતા તથા બ્રહ્મસૂત્ર આધુનિક વેદાંત-દર્શનના આધાર છે. આ ત્રણેને પ્રસ્થાનત્રયી કહે છે અને આ નામ બૌદ્ધોના ત્રિપિટકની નકલ છે. વેદાંત કે બ્રહ્મસૂત્ર અથવા ઉત્તર-મીમાંસાને વેદવ્યાસની રચના કહે છે, જેમણે ગીતાને પણ લિપિબદ્ધ કરી છે. આ દર્શનમાં ઉપનિષદોને શ્રુતિ અને ગીતાને સ્મૃતિ બનાવવા માટે બહુ ભાર મૂક્યો છે.

ગીતા ૧૩/૪માં છે કે ક્ષેત્ર-ક્ષેત્રનું વિભાજન બ્રહ્મસૂત્રના પદોમાં પણ છે. બ્રહ્મસૂત્રોની પુષ્ટિ ગીતાથી કરાય છે અને અહીં ગીતાની પુષ્ટિમાં બ્રહ્મસૂત્રોનું નામ લેવામાં આવ્યું છે. તેથી વિચારવા જેવું છે કે ગીતાની પહેલાં બ્રહ્મસૂત્ર હતાં કે બ્રહ્મસૂત્રની પહેલાં ગીતા કે બેય અનાદિ છે. શંકરભાષ્યકાર અનુસાર જે વાક્યોમાં બ્રહ્મ મળે છે, તે બધાં બ્રહ્મસૂત્ર છે, (જોકે આ કથન પણ અસંગત છે, તો પણ જો એમ જ હોય) તો કેવળ ઉત્તર-મીમાંસાનાં સૂત્રોને જ બ્રહ્મસૂત્ર માનવાનો મોહ શા માટે?

વેદાંતદર્શનમાં વિશ્વવિખ્યાત સાંખ્યયોગાદિ શાસ્ત્રોને સ્મૃતિ કહ્યાં છે, શાસ્ત્ર નહીં અને એમનું ખંડન કરવામાં આવ્યું છે. યોગદર્શન પર મહર્ષિ વ્યાસનું ભાષ્ય પ્રસિદ્ધ છે. જો યોગદર્શન ખંડનયોગ્ય જ રહ્યું હોય તો વ્યાસજી એનું ભાષ્ય જ શા માટે કરત? શું આથી એમ નથી લાગતું કે યોગનું ખંડન કરતું વેદાંતદર્શન એ મહર્ષિ વ્યાસની રચના નથી.

આ જ રીતે આદિ શંકરાચાર્યજીના નામે પ્રચલિત ભાષ્યમાં છે,-''**या तु श्रुतिः कपिलस्य ज्ञानातिशयं प्रदर्शयन्ती प्रदर्शिता न तया श्रुतिविरुद्धमपि कपिलं मतं श्रद्धातुं शक्यम् कपिलमिति श्रुतिसामान्यमात्रत्वात् अन्यस्य च कपिलस्य सगरपुत्राणां प्रतप्तु र्वासुदेव नाम्नः स्मरणात्**'' (૨-૧-૧-૧) અર્થાત્ શ્રુતિમાં જે અત્યંત જ્ઞાની કપિલનું વર્ણન છે, તેનાતી શ્રુતિવિરુદ્ધ કપિલ મત પર શ્રદ્ધા ન રાખી શકાય, કારણ કે ઉપનિષદમાં વર્ણવેલ કપિલ અને સાંખ્યસ્મૃતિપ્રણેતા બંને વચ્ચે કેવળ નામ-સામ્ય છે. યજ્ઞના અશ્વની રક્ષા માટે નિમાયેલા સાગરપુત્રોને શાપથી બાળી નાખનારા એક બીજા કપિલ પણ સમૃતિઓમાં પ્રસિદ્ધ છે, પણ એમનું અસલ નામ વાસદેવ હતું.

ઉપરના ઉતારાના ભાષ્યકારનો આશય છે કે કપિલ ઘણા હતા. જે કપિલોની સાંખ્યસ્મૃતિ? (શાસ્ત્ર) છે, તે માનવાલાયક નથી. માનવાલાયક છે કે વૈદિક કપિલો જેમનું કોઈ સાહિત્ય નથી મળતું. ગીતાના ભાષ્યમાં ભાષ્યકાર મહોદય 'સિદ્ધોમાં કપિલમુનિ હું છુ' (૧૦-૨૬), તે ખબર નથી કયા કપિલને ભગવાનની વિભૂતિ માને છે. મસ્તરામજી અનુસાર વેદાંત ઉપરાંત અન્ય શાસ્ત્ર (સાંખ્ય, યોગ, વૈશેષિક વગેરે) જમ્બુક (શિયાળ)વત્ છે. કપિલ જમ્બુકવત્ છે અને વ્યાસજી સિંહવત્. ધન્ય છે આપની અતુલનીય બુદ્ધિ, જેણે આ મહાનુભાવોને પણ માપી લીધા.

બ્રહ્મસૂત્ર વ્યાસજીએ લખેલું હોત તો બૌદ્ધોના સિદ્ધાંતનું ખંડન એમાં ન હોત, પણ વેદાંતદર્શન (૨/૨/૧૮)માં બૌદ્ધ સંપ્રદાયોનું ખંડન છે. મહાભારતકાલીન વેદવ્યાસ. પછી દોઢ હજાર વર્ષ બાદ ભગવાન બુદ્ધનો જન્મ થયો અને એમનીય પછી ચારસો વર્ષ બાદ બૌદ્ધોમાં સંપ્રદાય-વિભાજન થયું, જેનો સમય બૌદ્ધ પરિષદો તથા દેશવિદેશના બૌદ્ધ વિવરણો દ્વારા પ્રમાણિત છે. આ પરિસ્થિતિમાં આ સૂત્રો મહર્ષિ વ્યાસકૃત માની શકાય નહીં. હા, કૃત્રિમ વ્યાસોની રચના હોય તો કાંઈ વાંધો નથી. આ હાસ્યાસ્પદ તર્કમાં પણ કોઈ દમ હવે નથી રહેતો કે બૌદ્ધ ધર્મ બહુ પુરાણો છે. એટલો પુરાણો કે લંકાના રાજા રાવણને ત્રેતાયુગમાં બુદ્ધે ઉપદેશ આપ્યો હતો. આજનાં બાળકો પણ જાણે છે કે લંકામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર સમ્રાટ અશોકના પુત્ર મહેન્દ્ર તથા પુત્રી સંઘમિત્રાનું કર્તૃત્વ છે.

મસ્તરામની પુસ્તિકાના મુખપૃષ્ઠ પર જ મનુસ્મૃતિનું સૂત્રવાક્ય '**नास्तिकों वेद निन्दकः**' લખ્યું છે, પણ નાસ્તિકતાની આ પરિભાષા સર્વમાન્ય નથી. વિશ્વનાં અનેક પુસ્તકો પોતાને ઈશ્વરપ્રણીત જાહેર કરે છે, વેદ કે કોઈ અન્ય પુસ્તકના સમર્થનની અપેક્ષા નથી રાખતા; તો પછી તો બધા જ એકબીજાને નાસ્તિક કે કાફર કે કાંઈ પણ કહેતા રહેશે. પાણિનિએ નાસ્તિક શબ્દની બીજી વ્યુત્પત્તિ દર્શાવી છે,-'**अस्ति नास्ति दिष्टं मतिः**' (૪-૪-૬૦) અર્થાત્ 'પરલોક નથી' એવી જેની મતિ છે તે નાસ્તિક છે. નાસ્તિક શબ્દ ગાળરૂપે પણ વપરાય છે. પોતાને વૈદિક કહેનારા સંપ્રદાય એકબીજાને નાસ્તિક તથા અવૈદિક કહેતા રહ્યા છે.

શાંકરભાષ્યકારોએ વૈષ્ણવ મતને અવૈદિક કહ્યો (૨/૨/૪૨/૪૫), તો ઘણાએ એમના માયાવાદને જ અવૈદિક કહ્યો છે, પ્રચ્છન્ન બૌદ્ધની ઉપાધિ જેવું અલંકરણ પણ એમનેય પ્રાપ્ત છે.

આશ્રમની પુસ્તિકા '**आस्तिकता के नाम पर...**'માં આસ્તિકતા-નાસ્તિકતાની વિશદ્ ચર્ચા છે. પણ એને જોઈ-ન જોઈ કરીને મસ્તરામે મનુસ્મૃતિના ઉક્ત સૂત્રવાક્ય દ્વારા દેખાડવાનું કર્યું છે કે આશ્રમીય પ્રકાશનમાં વેદનો અનાદર છે, જ્યારે એ જ પ્રકાશનને વાંચીને બધા સારી રીતે જાણે છે કે અમે વેદવિરોધી ક્યારેય નહોતા અને નથી. વેદના નામે શોષણ, અંધશ્રદ્ધા કે ખોટી વ્યાખ્યાના વિરોધી જરૂર છીએ.

આ વિશે છાન્દોગ્ય ઉપનિષદમાં એક કથાનક છે. એક વાર દેવરાજ ઈન્દ્ર અને અસુરોના રાજા વિરોચન આત્માને જાણવાની ઈચ્છાથી પ્રજાપતિ પાસે ગયા. ગુરુએ જે કહ્યું એ પર ઈન્દ્રે મનનચિંતન કર્યું. સમાધાન ન થયું તેથી પ્રશ્ન-પરિપ્રશ્ન અને તપસ્યા દ્વારા તે સત્ય સુધી પહોંચી ગયો, ત્યારે વિરોચનને પહેલી જ વાર જે કાંઈ ઊલટુંસૂલટું સમજાય તેને જ સિદ્ધાંત માનીને અસુરોમાં પ્રચાર કરવા માંડ્યો. અહીંથી જ આસુર ઉપનિષદોનો આરંભ થયો. આ કથાનકથી બે-ત્રણ બાબતો સ્પષ્ટ થઈ જાય છે. પહેલી એ કે ભગવત્પથમાં અંધવિશ્વાસનું કોઈ મૂલ્ય નથી. બીજી સાધના, ઉપાસના-ક્રિયામાં ઊતર્યા વગર કેવળ વાંચી-સાંભળીને સત્ય સુધી પહોંચી શકાય નહીં અને ત્રીજી એ કે બધાં ઉપનિષદ કલ્યાણકારી નથી. ઉપનિષદરૂપે આસુરી વિદ્યા પણ છે, પ્રક્ષિપ્ત અંશ પણ છે.

વેદાંતીઓને જગન્મિથ્યાનો આદર્શ ગીતાના આસુરી સ્વભાવવાળાઓ પાસેથી મળી જાય છે કે ''**असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्**'' (૧૬/૮) આરીતે ''**अहं ब्रह्मास्मि**'' રટનારા તથા ગીતાના ''**ईश्वराऽहमहं भोगी**'' (૧૬/૧૪)નું સામ્ય જોઈને ઘણા લોકો વદાંતને આસુર ઉપનિષદનું પરિમાર્જિત સંસ્કરણ કહે છે.

વ્યાસજીએ પણ વેદના નામે પ્રચલિત કુરિવાજોથી સાવધાન કર્યા છે,-

सुरा मत्स्यान्मधुमांसमासवं कृसरौदनम्।
धूर्तै प्रवर्तितं ह्येतत्रेतद् वेदेषु कलपितम्॥

(મહાભારત, શાંતિપર્વ ૨૬૫/૯)

અર્થાત્ યજ્ઞોમાં માંસ-મદિરા વગેરેની પ્રથા ધૂર્તોની ભેટ છે. વેદોમાં એની કલ્પના પણ નથી.

મસ્તરામનો પ્રશ્ન છે કે ચાર વેદ ઉપરાંત પણ શું કોઈ વેદ હોય છે? કેટલું સારું થાત કે તે પણ વેદને ચાર જ માની શકત. તેઓ તો ગોપથ બ્રાહ્મણને પણ વેદ કહે છે, શતપથ અને ઐતરેયને પણ વેદ માને છે, અગિયાર ઉપનિષદોને પણ વેદ માને છે. બાકીનાં ઉપનિષદોને ઉપનિષદ કહેવાનીય નૈતિક હિંમત એમનામાં નથી.

'**आस्तिकता के नाम पर**' નામની પુસ્તિકામાં વેદના આશય અને ઉપયોગિતા પર પૂરતો પ્રકાશ પાડ્યો છે, એ બધાનું પુનરાવર્તન ન કરતાં અમે કહેવા માગીએ છીએ કે વેદ પુસ્તક નથી. પ્રાચીનકાળમાં 'વેદ' શબ્દ બહુ મહત્ત્વનો હતો, તેથી અનેક પુસ્તકો વેદના જ નામે ઓળખાવાયાં. તેથી ''**मन्त्रब्राह्मणर्योवेदनामधेयम्**'' મંત્ર અને બ્રાહ્મણગ્રંથ બંને વેદ નામે ઓળખાવાતા હતા. મંત્રમાં ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ આવે છે તથા બ્રાહ્મણગ્રંથ ઐતરેય કે આશ્વલાયન કૌશીતકી કે સાંખ્યાન, શતપથ, પંચવિંશ, ષડવિંશ, ગોપથ વગેરે દશેક છે.

મહર્ષિ જૈમિની, સાયણ વગેરેએ અનેક જગાએ લખ્યું છે કે બ્રાહ્મણગ્રંથ મંત્રોની અર્થાત્ ઉક્ત ચારે વેદોની વ્યાખ્યા છે, મૂળ તો સંહિતા કે મંત્ર છે, જેમને વ્યાસજીએ ચાર વેદરૂપે સંકલિત કર્યા, પછી તો પણ એક-બે સંપ્રદાયવાળા આ વીસે પુસ્તકોને વેદ કહે છે. ગોપથ બ્રાહ્મણમાં આ ચાર ઉપરાંત બીજા પાંચ વેદનું વર્ણન છે,-''**सर्पवेदं, पिशाचवेदं, असुरवेदं, इतिहासवेदं, पुराणवेदमिति**'' (૧/૧૦) બીજાં તો ખરાં જ પણ ઈતિહાસ પણ વેદ, પુરાણ પણ વેદ છે. છાન્દોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયના પહેલા ખંડમાં ઈતિહાસ-પુરાણને પાંચમો વેદ અને વેદનુંય વેદ-વ્યાકરણ દર્શાવાયું છે. આ ઉપરાંત નાટ્યવેદ,

આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ તથા મહાભારતને પાંચમો વેદ કહેવાય છે. આ સમગ્ર પ્રકરણોમાં વેદનો અર્થ મૌલિક શિક્ષણ છે. વેદનો સાચો આશય ભગવાન શ્રીકૃષ્ણની ગીતાના પંદરમા અધ્યાયમાં છે કે જે સંસારવૃક્ષને એના મૂળ પરમાત્મા સહિત જાણી લે છે તે વેદવિત્ છે. વેદ નામથી પ્રચલિત પોથી રટનાર શ્રીકૃષ્ણે વેદવિત્ નથી કહ્યો. આ જ વિચાર '**आस्तिकता के नाम पर...**' પુસ્તિકામાં પૃ. ૧૧થી ૧૪ સુધી છે. માનનીય એને અન્યથા ન લે. વેદ શબ્દ જ્ઞાનવાચક છે ઓ શ્રીકૃષ્ણના શબ્દોમાં '**तत्स्वयं योग संसिद्धिकाले आत्मनि विन्दति**'-તે જ્ઞાનયોગની પૂર્ણાવસ્થામાં પોતાના અંતરાત્મામાં જ વિદિત થાય છે. યોગની ક્રિયા સંપાદિત કર્યા વગર બહાર જ્ઞાન અથવા વેદ જેવી કોઈ વસ્તુ નથી.

ભગવાન જે કાંઈ કહે છે, તે સાધક માટે કરોડો શાસ્ત્રો કરતાં ચડિયાતું છે. ઈશ્વર દ્વારા અપાયેલા એ જ્ઞાનના પ્રકાશમાં તે પોથીઓમાં લખાયું છે જેની તપાસ કરે છે અને જુએ છે કે જે અનુભૂતિ પોતાને થઈ રહી છે તે પોતાની પહેલાંના ઋષિઓને પણ થઈ હતી. આ પુષ્ટિ માટે જ પ્રવચનો, પુસ્તકોનો ઉપયોગ છે. માટે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે તત્ત્વદર્શીજન તને જ્ઞાનનો ઉપદેશ કરશે. જ્ઞાન માટે તત્ત્વદર્શીની પાસે જવાનું વિધાન છે. પોથી કે વાદવિવાદ કોઈ વિધાન નથી, ઊલટું, પોથી પાસે જવું એ જ ભ્રાંતિ છે. ભગવાન બુદ્ધ પોથીને પ્રમાણ નહોતા માનતા તો પણ પોતાને આ જ અર્થમાં વેદજ્ઞ કહેતા હતા.

*''જ્ઞાન શબ્દની ચર્ચા થઈ છે તો બાબાજીના આ આક્ષેપ પર પણ વિચાર કરી લઈએ કે વેદ એટલે જ્ઞાન, વેદાંત એટલે જ્ઞાનનો અંત, તો શું જ્ઞાનનો પણ અંત થાય છે? **सत्यं ज्ञानं अनन्तं ब्रह्म**! જ્ઞાન કે આત્માનો અંત માનો છો અને જ્ઞાની પણ બનો છો? અંત દેહનો થાય છે, જ્ઞાન તો અનંત છે.''... વગેરે. ''નાસ્તિકોથી સાવધાન'' પૃ. ૧૪.

અહીં મસ્તરામજીએ તૈત્તરિય ઉપનિષદની બ્રહ્માનંદ-પંક્તિઓમાં વર્ણવેલ ''**सत्यं ज्ञानं अनन्तं ब्रह्म**''નું અવતરણ આપ્યું છે જો તેમણે આ બાબતમાં પોતાના સંપ્રદાયની વ્યાખ્યા શાંકરભાષ્યમાં પણ વાંચ્યું હોત તો

આવા આક્ષેપની ભૂલ કદી ન કરત. શાંકરભાષ્યમાં લખ્યું છે,-''**सत्यादि शब्दा न परस्परं सम्बन्ध्यते परार्थत्वात् विशेष्यार्था हि ते। अथ एकैको विशेषण शब्द परस्परं निरपेक्षो ब्रह्म शब्देन संबध्यते सत्यं ब्रह्म, ज्ञानं ब्रह्मानन्तं ब्रह्मेति**'' અર્થાત્ સત્યાદિ શબ્દ પરાર્થ હોવાથી પરસ્પર સંબંધિત નથી. એ તો વિશેષ્યને માટે જ છે. તેથી એમાંથી દરેક વિશેષણ શબ્દ એકબીજાની અપેક્ષા રાખ્યા વગર 'બ્રહ્મ સત્ય છે', 'બ્રહ્મ જ્ઞાન છે', બ્રહ્મ અનંત છે'-આ રીતે બ્રહ્મ સાથે સંબંધિત છે. આ રીતે સત્ શબ્દનો પ્રયોગ ગીતામાં પણ છે. જ્ઞાન અનંત જ હોય છે-આવો નિર્ણય આપતી વખતે વિદ્વતવર શું અન્વયવ્યતિરેક ભૂલી ગયા? શું રામચરિતમાનસમાં એમને આ દેખાયું કે ''**उपजई बिनसई ज्ञान जिमि पाइ कुसंग सुसंग।**'' જ્ઞાન પેદા થાય છે અને નષ્ટ પણ થાય છે.

વાસ્તવમાં દરેક ગુણની બે સીમાઓ હોય છે-એક આરંભિક અવસ્થા અને બીજી પરાકાષ્ઠા. ગીતામાં અનેક જગ્યાએ છે કે 'જ્ઞાનમાં પણ ઉત્તમ જ્ઞાન હું તારે માટે કહીશ.' 'જ્ઞાનીજન (તત્ત્વદર્શી) તને જ્ઞાનનો ઉપદેશ આપશે.' અહીં સાધકને માટે જ્ઞાનની પ્રવેશિકા છે, બીજારોપણ છે અને જ્યારે જ્ઞાનાગ્નિમાં બધાં કર્મ બળી જાય છે, ત્યાં જ્ઞાનનો અંત છે, જેને જાણવાનું હતું તે જાણી લીધું, આગળ કોઈ શ્રેષ્ઠ સત્તા નથી તો કોને શોધે? કોને માટે કર્મ કરે? જેને જાણવાનો હતો એ પણ હવે ભિન્ન ન રહ્યો-અહીં જ્ઞાનની પરાકાષ્ઠા છે અને એનીય આગળની અવસ્થામાં બ્રહ્મ અનિર્વચનીય છે. ગીતાનાં સત્-અસત્ સંબંધી વર્ણનોમાં મસ્તરામને જે વિરોધાભાસ દેખાયો તે દ્વંદ્વાત્મક જગતને કારણે છે અને જ્યાં એ બ્રહ્મ નથી સત્, નથી અસત્. અનિર્વચનીય સ્થિતિ છે, અનુભવગમ્ય છે. કોઈ પણ પોથીમાં એના વર્ણનની કોઈ રીત પણ નથી પોથી તો કેવળ ત્યાં સુધી જ અંગુલીનિર્દેશ કરીને '**नेति-नेति**' કહીને એની અગાધતા જ વ્યક્ત કરી શકે છે.

જ્યાં સુધી તે પ્રભુ સાધકના હૃદયમાંથી રથી બનીને માગદર્શન કરવા માંડતા નથી, ત્યાં સુધી નિવૃત્તિ અપાવનાર ઉપાસનાનો આરંભ જ નથી થતો. એ વિદ્યા ભગવાન જ શીખવે છે. મસ્તરામે એનો આ અર્થ કરી

લીધો કે મહારાજજી ભગવાનની અનુમતિથી જ બોલે છે. આવો દાવો તો મહારાજજીએ ક્યાંય કર્યો નથી. એમના કહેવાનો સીધોસાધો અર્થ છે કે ભગવાન સાધક સાથે બોલે છે. ઘણા સાથે બોલતા રહ્યા છે, કોઈનીય સાથે બોલી શકે છે, એમને બોલતાં પહેલાં કોઈની તરફથી આદેશ મેળવવાની જરૂર છે? એવુંય નથી કે એ કોઈક યુગમાં બોલતા રહ્યા હોય અને હવે એમણે બોલવાનું બંધ કરી દીધું હોય.

સાધક અને એ પરમ પ્રભુનો વાર્તાલાપ જ તો સાધનાનું આકર્ષણ છે, સાધકની પૂંજી છે. આ જ સાધકનો વેદ છે. નશ્વર સંસારમાં એને માટે એટલું ધ્રુવસત્ય છે; પણ એ નિતાંત વ્યક્તિગત અને ગોપનીય હોય છે. અનુરાગી-વિરહી સાધકોનો ઉત્સાહ વધારવા માટે પૂજ્ય ગુરુદેવ મહારાજ આ પ્રશ્ન તરફ સંકેત કર્યા કરતા હતા. બીજાઓમાં આ અવસ્થાની શોધને બદલે પોતાનામાં પ્રભુકૃપા પ્રગટે એ માટેની પ્રાર્થના વધુ ઉપકારપક ઠરે.

*આશ્રમની પુસ્તિકાઓમાં વેદને માટે છે કે ''પરમાત્માની શોધનું પહેલું વિવરણ વૈદિક ઋષિઓ દ્વારા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે એક પરમાત્માનું જ તો અસ્તિત્વ છે. તેથી પરમાત્માની શોધના ગ્રંથ વેદનો કોણ ઈન્કાર કરી શકે? વેદનું મહત્ત્વ એટલા માટે છે કે તે શાશ્વત સત્ય પરમાત્માને દઢાવે છે.'' આ કથનમાં વાંધાજનક કાંઈ પણ નહોતું, પણ માન્યવરે પાણીમાંથી પોરા કાઢતાં ઉપરની પંક્તિઓને જોઈ-ન જોઈ કરીને અંતિમ પંક્તિનો અભિધાત્મક અર્થ કરતાં પૂછ્યું છે કે 'શું પરમાત્મા કમજોર થઈ ગયા, તેથી વેદ એને દઢાવે છે? શું વેદ સિમેન્ટ છે એ પરમાત્મા સ્તંભની સિમેન્ટ દઢાવશે!' પૃ. ૧૦.

મસ્તરામ પોતે જ ન્યાયત; સમીક્ષા કરે કે ઉપર દર્શાવેલી પંક્તિઓનો શુ આ જ આશય નીકળે છે? અંતિમ વાક્યને જો સ્વતંત્ર રૂપે લઈએ તો પણ શાશ્વત શબ્દને તેમણે છોડી કેમ દીધો? શુ શાશ્વતને સિમેન્ટ લાગે? અભિધા ઉપરાંત લક્ષણા અને વ્યંજના પણ હોય છે. કહેવત છે કે અક્કલ ચરવા ગઈ છે, તો શું કોઈ સાચોસાચ ઘાસમાં શોધવા માંડે છે? અવતરણમાં લીધેલી પંક્તિનો આશય કેવળ એટલો જ હતો કે શાશ્વત સત્ય કેવળ પરમાત્મા છે અને વેદ એ એક પ્રત્યે આપણી શ્રદ્ધાને

સ્થિર કરે છે. અમારી-તમારી શ્રદ્ધાને દૃઢ કરે છે. તેથી મસ્તરામનો આ આક્ષેપ પણ અકારણ છે.

મસ્તરામ પણ વિદ્વાન છે, એમાં બેમત નથી, કારણ કે તેઓ માને છે કે ગીતાનો અર્થ કાં તો પોતે જાણે છે અથવા પોતાને ત્યાંનો પ્રથમાનો વિદ્યાર્થી! શાંકરભાષ્યમાં છે કે,-''**तद् इदं गीताशास्त्रं समस्त वेदार्थ सार संग्रह भूतं दुर्विज्ञेयार्थम्**''-અર્થાત્ આ ગીતાશાસ્ત્ર સમગ્ર વેદાર્થ (ઉપનિષદો)ના સાર-સંગ્રહ-રૂપ અને એનો અર્થ સમજવો ઘણો કઠિન છે. શાંકરભાષ્યકાર માટે ગીતા કઠિન હતી, પણ એમના સ્વયંભૂ પીઠાધીશ્વરોને માટે તે હસ્તામલકવત્ છે-એ પ્રસન્નતાજનક છે.

મસ્તરામે એક સારો તર્ક કર્યો છે કે 'શંકરજીના ડમરૂએ વ્યાકરણનો અભ્યાસ નહોતો કર્યો, પણ શંકરજી તો જ્ઞાનનિધાન છે. મહત્ત્વ હારમોનિયમનું નથી, એને વગાડનારનું હોય છે (પૃ. ૧૦)-આમ કહીને મસ્તરામે મહારાજજીની વાતનું જ સમર્થન કર્યું છે. અમે પણં એ જ કહેવા માગીએ છીએ કે મહિમા વેદનો નહીં, પણ બોલનાર પરમાત્માનો છે. જે પરમાત્મા પહેલાં બોલ્યા હતા, એ શું આજે ન બોલી શકે?

કોઈ એક મહાપુરુષ કે એકલી પોથી જ જ્ઞાનનું કેન્દ્ર હોત, ઈશ્વરને ત્યાંથી ઊતરત તો જુદા જુદા મહાપુરુષોને સમયે-સમયે આવવાની ને જુદા જુદા ગ્રંથ લખવાની જરૂર જ ન રહેત. એક એનાથી જ વિશ્વભરનું કામ ચાલી જાત, પણ પોથી કોઈ માધ્યમ નથી. માધ્યમ જીવન હોવું જોઈએ, ચેતન હોવું જોઈએ, સાધકનું સમકાલીન હોવું જોઈએ. તેથી વિશ્વના બધા ધર્મ ગુરુની અનિવાર્યતા' સ્વીકારે છે. પોથી વગર ચાલે, જડભરત, ગૌતમ બુદ્ધ, મીરાં, સંત કબીર, રામકૃષ્ણ પરમહંસજી વગેરે અનેકોને પોથી વગર ચાલ્યું. સંસ્કૃતના જ્ઞાન વગર પણ ચાલ્યું, વ્યાકરણના જ્ઞાન વગર પણ ચાલ્યું, પણ ગુરુ વગર ન ચાલે.

આ જ અર્થમાં સંત કબીર કહે છે,-''**पोथी पढि पढि जग मुआ पण्डित भया न कोय।**'' આ જ યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું,-''**एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते**'' અર્થાત્ ત્રણે વેદોની અનેકાનેક ધાર્મિક ક્રિયાઓમાં અનુરક્ત પુરુષ આવાગમનમાં પડ્યા રહે

છે. તો મસ્તરામ આ અર્થથી રહી ગયા. લખ્યું છે કે મહારાજજીએ ''**कामकामा**'' શબ્દ છોડી દીધો. અહીં વેદની નિંદા નથી. સકામી પુરુષોની નિંદા છે, વગેરે.

મહારાજજી ''**बाबा वाक्यं प्रमाणं**'' માની લેત, વેદ શબ્દની એમને કોઈ એલર્જી નથી. મહારાજજીએ તો વેદ પ્રત્યે ગીતામાં દર્શાવેલ ધારણાનું સ્પષ્ટીકરણ કર્યું હતું. વેદ શબ્દ સુધી સીમિત છે, જ્યારે પરમાત્મા અનિર્વચનીય છે, શબ્દોમાં આવી જ નથી શકતા. આ બાબતમાં મસ્તરામે '**श्रुति विप्रतिपन्ना**'વાળો ગીતાનો જ શ્લોક જાણીજોઈને છોડી ગીધો, જેમાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે વેદવાક્યો સાંભળવાથી વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે અચલ સ્થિર થઈ જશે, ત્યારે તું યોગને પ્રાપ્ત થઈશ. ભગવાન શ્રીકૃષ્ણના જ જેવા વિચાર વેદના સંબંધમાં છાન્દોગ્ય ઉપનિષદકારના પણ છે,-

देवा वै मृत्योर्बिभ्यतस्त्रयीं विद्यां प्राविशꣳस्ते
छन्दोभिरच्छादयन्यदेभिरच्छादयँ स्तच्छन्सां छन्दस्त्वम्।
तानुतत्र मृत्युर्यथा मत्स्यमुदके परिपश्येदेवं पर्यपश्यद्ऋचि साम्नि यजुषि।
ते नु विदित्वोर्ध्वा ऋचः साम्नो यजुषः स्वरमेव प्राविशन्। (૧/૪/૨-૩)

અર્થાત્ મૃત્યુથી ડરતા દેવતાઓએ ऋक्, યજુઃ અને સામરૂપ ત્રણે વેદોમાં પ્રવેશ કર્યો. એમણે ગાયત્રી વગેરે છંદોને પોતાનું કવચ બનાવ્યા, પણ જે રીતે માછલી પકડનાર માછીમાર પાણીની અંદર પણ માછલીને જોઈ લે છે, એ જ રીતે દેવતાઓને મૃત્યુએ ऋक्, સામ અને યજુર્વેદના મંત્રોની આડશમાંય જોઈ લીધા. ત્યાં પણ એણે તેમનો પિંડ ન છોડ્યો. દેવતાઓ પણ એને જાણી ગયા, તેથી ऋक्, સામ અન યજુર્વેદના મંત્રોમાથી બહાર આવીને સ્વરમાં અર્થાત્ ઓમકારમાં પ્રવેશી ગયા. એ ૐનો આશય લઈને દેવતા લોકો અમર અને નિર્ભય થઈ ગયા.

સ્પષ્ટ છે કે આશ્રિત રહેનારાઓને મૃત્યુ ક્યારેય નથી છોડતું, આવાગમન ચાલુ રહે છે અને આ જ ગીતામાં દેખાડાયું તો મસ્તરામે આકાશ માથે લીધું. જે વાત છાન્દોગ્યકારે કહી, એ જ શ્રી ગુરુ નાનકજી પણ કહે છે, **एक ओंकार सत्गुरू प्रसादि**। એક ઓમકાર જ સત્ય છે, પણ તેય સદ્ગુરુના કૃપાપ્રસાદ જ છે, સદ્ગુરુની ભેટ છે.

વેદની ઘોષણા છે,-

ऋचो अक्षरे परमे व्योमन्
यस्मिन देवा अभिविश्वे निषेदुः।
यस्तन्न वेद किमूचा करिष्यति,
य इत्तद विदुस्त इसे समासते॥

-ऋग्वेद, १/१६४/३९

અર્થાત્ બધી ઋચાઓ પરમ અવિનાશી અક્ષરમાં સ્થિત છે, જેમાં બધા દેવતા પણ સ્થિત છે. જે એ અવિનાશીને જાણતો નથી, તેને માટે ઋચા શું કરે? જે એને જાણે છે, એ જ અવિનાશીમાં પ્રવેશ પામે છે.

'**नायमात्मा प्रवचनेन लभ्यः**'ના સંદર્ભમાં મસ્તરામે પૂછ્યું છે કે જો પ્રવચનથી આત્મા પ્રાપ્ત ન થતો હોય તો શિષ્યોને પ્રવચન-ઉપદેશ શા માટે કરે છે? શું પોતાની દુકાન ચલાવવા માટે પ્રવચન-ઉપદેશ કરે છે? મસ્તરામ ધન્ય છે પ્રવચનનો આવો ઉપયોગ પણ જાણે છે. મહારાજજી તો અથર્વવેદની વાત કહે છે,-

यत्र देवा ब्रह्मविदो ब्रह्म जेष्ठमुपासते
यो वै तान् विद्यात् प्रत्यक्षं स ब्रह्मा विदिता स्यात् (१०/७/२४)

અર્થાત્ જ્યાં બ્રહ્મવિદ્ બ્રહ્મની ઉપાસના કરે છે ત્યાં જઈને જે મુમુક્ષુ એમને જાણે છે, તે બ્રહ્મા થઈ જાય છે, બ્રહ્મનિષ્ઠ થઈ જાય છે. આ મંત્રમાં બ્રહ્મવિદોનો સત્સંગ આવશ્યક કહ્યો છે. ''**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत**'' (કંઠ. ૧/૩/૧૪). આ ઉપનિષદ વાક્યનો પણ આ જ આશય છે,-**अथ यदि ते कर्म विचिकित्सा वा वृत्त विचिकित्सा वा स्यति-ये तत्र ब्राह्मणाः सम्सर्शिनः। युक्ता अयुक्ताः। अलूक्षा धर्मकामाः स्युः। यथा ते वर्तेरन्। तथा तत्र वर्तेथाः** (१/११) અર્થાત્ જો તમને કર્મની બાબતમાં અથવા સદાચારની બાબતમાં કોઈ શંકા હોય તો ત્યાં જે ઉત્તમ વિચારવાળા, માર્ગદર્શન કરાવવામાં કુશળ તથા યોગમાં દક્ષ બ્રહ્મનિષ્ઠ હોય, તેઓ જે રીતે ત્યાં વર્તતા હોય એ જ રીતે તમારે પણ વર્તવું જોઈએ. આગળ લખે છે,-આ જ આદેશ છે, આ જ ઉપદેશ છે,

આ જ વેદોનું રહસ્ય છે, આ જ શિસ્ત છે. આ રીતે તમારે અનુષ્ઠાન કરવું જોઈએ. તૈત્તરીયના આ વર્ણનથી આચાર્યજીને સ્પષ્ટ થયું હશે કે ઉપદેશની પરંપરા રહી છે, એનો ઉપયોગ શંકા-સમાધાનમાં છે, પણ એનાથી આત્મા વિદિત થઈ જતો નથી. એટલું જ નહીં, કઠોપનિષદ એ મુંડકોપનિષદના **'नायमात्मा प्रवचनेन लभ्यो'** અને ઉપદેશ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી.

''नाहं वेदैर्न तपसा न दानेन चेज्यया'' (ગીતા ૧૧/૫૩) ભગવાને કહ્યું કે મને વેદ, તપ દાન કે યજ્ઞથી જોઈ શકાતો નથી, તો મસ્તરામે અર્થ દર્શાવ્યો કે ભગવાનનો આશય છે કે ભક્તિની સાથે વેદનું અધ્યયન, ભક્તિની સાથે યજ્ઞ, ભક્તિની સાથે તપ અને ભક્તિની સાથે દાન વગેરે દ્વારા મને જોઈ શકાય છે. પ્રશ્ન થાય છે કે ભક્તિ મેળવી દેવાથી શું બધી ક્રિયાઓ પ્રશંસનીય બની જાય છે?

આ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ગીતાશાસ્ત્રમાં ત્રણ વખત ઊભો કરાયો છે. બીજા અધ્યાયમાં છે કે આ યોગમાં નિર્ધારિત ક્રિયા એક જ છે. અવિવેકીઓની બુદ્ધિ અનેક શાખઓવાળી હોય છે, તેથી તેઓ અનંત ક્રિયાઓ ઘડી કાઢે છે. એવા લોકો પોતે તો રસ્તો ભૂલેલા છે જ, બીજાઓને પણ ગેરમાર્ગે દોરે છે.

સોળમા અધ્યાયમાં છે કે આસુરી સ્વભાવવાળા **''यजन्ते नाम यज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम्''** (ગીતા ૧૬/૧૭). શાસ્ત્રવિધિથી રહિત કેવળ નામમાત્રના યજ્ઞો દ્વારા યજ્ઞ જ નથી, પણ યજ્ઞનું નામ આપી રાખ્યું છે, આવા યજ્ઞો દ્વારા દંભપૂર્વક યજ્ઞ કરે છે, યજ્ઞના નામે કંઈક ને કંઈક કરતા જ રહે છે. યોગેશ્વર કહે છે,-તેઓ મનુષ્યોમાં અધમ છે, પાપ યોનિ છે.

સત્તરમા અધ્યાયના આરંભમાં અર્જુન પૂછે છે કે જે મનુષ્ય શાસ્ત્રવિધિ છોડીને, પણ શ્રદ્ધાભક્તિથી યજ્ઞ કરે છે, એમને કઈ ગતિ મળે છે? ભગવાન કહે છે કે શાસ્ત્રવિધિ તજીને ભજનારા સાત્ત્વિક પુરુષો દેવતાઓને, રાજસી પુરુષ યક્ષ-રાક્ષસોને અને તામસી લોકો ભૂતપ્રેતોને પૂજે છે, એટલે સુધી કે ઘોર તપ કરે છે, પરંતુ તેઓ બધા મારાથી-

પરમાત્માથી અંતર જ પેદા કરે છે, ભજતા નથી. એ બધાને તું અસુર જાણ! સ્પષ્ટ છે કે શાસ્ત્રનિષિદ્ધ ભક્તિનું પણ કોઈ મૂલ્ય નથી.

ભગવાને ગીતામાં શાસ્ત્ર પણ દર્શાવ્યું ને વિધિ પણ, તેથી એ બંનેના નામે પણ ભાગવાની કોઈ ગુંજાશ નથી. કદાચ શાસ્ત્ર એટલે હોય વેદાંતશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર કે શાસ્ત્રના નામે ભગવાનનો આશય રહ્યો હોય ગરુડપુરાણ કે પરાશરસ્મૃતિ? આવું કાંઈ જ નથી. ભગવાને પોતે કહ્યું છે કે શાસ્ત્ર કયું છે,-

इति गुह्यतमं शास्त्रमिदयुक्त मयानघ।
एतद्बुद्ध्वा बुध्दिमान्स्यात्कृतकृत्यश्च भारत॥ ૧૫/૨૦ ॥

હે અનઘ! આ અત્યંત ગોપનીય શાસ્ત્ર મારા દ્વારા કહેવાયું. કયું? આ જ ગીતા! યોગેશ્વરની આટલી જ વાણી સ્વયંપર્યાપ્ત, પૂર્ણ શાસ્ત્ર છે. વેદ-શાસ્ત્ર-પુરાણોના સંકલનકર્તા આ જ અભિપ્રાય છે કે ''**किमन्यै शास्त्र विस्तरेः।**'' તેથી શાસ્ત્રના નામે કેવળ ગીતા જ લો. આ વિશ્વભરના મનુષ્યમાત્રનું અતક્ય શાસ્ત્ર છે. હવે વિધિ પણ યોગેશ્વરના શબ્દોમાં સાંભળી લઈએ,-

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानव॥ ૧૮/૪૬ ॥

જે પરમાત્માથી બધા ભૂતોની (હિન્દુ, મુસલમાન, યહૂદી વગેરે બધાની) ઉત્પત્તિ થઈ છે, જેનાથી આ સમગ્ર જગત વ્યાપ્ત છે, એ એક પરમાત્માને પોતાના સ્વભાવથી ઉત્પન્ન કર્મ દ્વારા પૂજીને મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે તેથી માત્ર એક પરમાત્માનું પૂજન જ વિધિ છે,- એકદેશીય, એકવર્ગીય દેવદેવીઓનું પૂજન એ કોઈ વિધિ નથી.

*આચાર્યકારે લખ્યું છે કે તત્ત્વદર્શીને માટે વૈદિક કર્મકાંડનો ઉપયોગ ભલે ન હોય, પણ શું ભારતના બધા લોકો પૂરા જ્ઞાની છે? એમને માટે વિધિનિષેધ કે આચારસંહિતા કાંઈ માનશો કે નહીં? ગ્રંથ સર્વજનહિતાય લખવામાં આવે છે, તો કર્મની નિંદા શા માટે? બીજા પાના પર લખે છે કે વૈદિક કર્મકાંડથી જીવનમાં ઉપાસના આવે છે? ઉપાસનાથી અમૃત

(જ્ઞાન) અને જ્ઞાનથી મોક્ષ મળે છે. કેવળ ઉપાસનાથી નહીં, કેવળ કર્મથી નહીં, પણ બંને સાથે-સાથે કરવાં જોઈએ. નિષ્કામ ભાવથી કરાયેલું સાધારણ કર્મ પણ દિવ્ય બની જાય છે. નિષ્કામ કર્મ અંતઃકરણની શુદ્ધિનું સાધન છે, વગેરે.

આચાર્યશ્રીનાં આ વાક્યોના અવલોકનથી કર્મ વિશેની એમની એકદમ ધૂંધળી ધારણા ધ્યાનમાં આવે છે. તેઓ ઉપાસનાને કર્મ નથી માનતા, પણ ઉપાસના અને કર્મને જુદાં જુદાં ગણે છે. તેઓ વિધિનિષેધ કે આચારસંહિતાને કર્મ માને છે, કર્મકાંડને કર્મ માને છે અને જીવવા-ખાવાપીવાની દરેક ક્રિયામાં સકામ અને નિષ્કામની ભૂમિકા પણ ઘડી ચૂક્યા છે, અને અંતઃકરણની શુદ્ધિનું સાધન માની બેઠા છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે કર્મ ન દેખાડ્યું હોત તો આપણે કાંઈ પણ કરત. જે કાંઈ કરીએ તે બધાને ગીતા કર્મ નથી કહેતી. અમૃત એટલે જ્ઞાન નથી થતું અને કર્મકાંડ કોઈ ઉપાસના નથી, કારણ કે વેદનો આ વિભાગ જ યજ્ઞીય કૃત્યો તથા એમનાં ફળ સાથે સંબંધ ધરાવે તે કર્મકાંડ કહેવાય છે. વૈદિક યજ્ઞોને પોતાના ૧૩મા પૃષ્ઠ પર નકાર્યા, તો કયા કર્મકાંડ તેઓ કરવા ઈચ્છે છે?

આવો, ગીતાના પ્રકાશમાં કર્મને સમજવાનો પ્રયત્ન કરીએ. સૌથી પહેલું તથ્ય તો આ જ છે કે ગીતામાં નિષ્કામ કર્મ શબ્દ નથી. મનોવૈજ્ઞાનિકોનો દાવો છે કે કોઈ કર્મ નિષ્કામ નથી હોતું. યોગી પણ ઈશ્વરની કામનાથી ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. આ શબ્દનો સાચો પ્રયોગ કેવળ ઉપાસના-ક્ષેત્રમાં છે કે ઉપાસના કરવી જોઈએ, એ વિશ્વાસપૂર્વક કે આનું પરિણામ ચોક્કસ જ શુભ આવશે. માટે એનું ફળ પ્રભુ પર છોડી દેવું જોઈએ. મન ભગવાનને આપી દઈએ તો ફળની કામના કોણ કરે?

કર્મની વિશેષતા દર્શાવતાં ગીતામાં કહે છે,-

(૧) ''**व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन**''-આ કર્મમાં નિશ્ચયાત્મક ક્રિયા એક જ છે. અવિવેકીઓની બુદ્ધિ અનંત શાખાઓવાળી હોય છે, તેથી તેઓ કર્મના નામે અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે.

(૨) ''**नियतं कुरु कर्म त्वं**''-અર્જુન! તું નિયત કરેલાં કર્મ કર.

અર્થાત્ ક્રિયાઓ ઘણી છે, તે બધી કર્મ નથી. ગીતામાં નિયમ કર્મ કરવાની વાત કહી છે.

(૩) ''**शरीरयात्रापि च ते न प्रसिध्दयेद कर्मणः**'' (૩/૮). કર્મ કોઈ એવી વિધિ છે કે જે જન્મજન્માંતરથી ચાલ્યા આવતા આત્માની શરીરયાત્રાનો અંત કરી દે છે. કોઈ વિદ્વાન શરીરયાત્રાનો અર્થ જીવનયાત્રા કરે છે; પણ શ્રીકૃષ્ણે ગીતામાં આવા વિચારનું ખંડન કર્યું છે કે જેઓ શરીરને માટે સમય વિતાવે છે, પરિશ્રમ કરે છે, તેઓ પાપી છે. શરીરયાત્રાનો અર્થ છે શરીર ધારણ કરવું, જન્મ લેવો. તમે વિચાર કરો કે કયું કર્મ કરવાથી નવો જન્મ ન લેવો પડે.

(૪) એ નિયત કર્મ છે કયું? શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું છે,- ''**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः**'' (ગીતા ૩/૯). અર્જુન! યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. એ સિવાય આપણે જે કાંઈ કરીએ, તે આ જ લોકનું બંધન છે, કર્મ નથી. ઘણા વ્યાખ્યાકારો યજ્ઞના નામે '**यज्ञो वै विष्णु**' - વિષ્ણુને નિમિત્તે કરનારાં કર્મ કહે છે, તો કેટલાક '**यज्ञो वै ब्रह्म**' બ્રહ્મ જ યજ્ઞ છે. કેટલાક '**आत्मा वै यज्ञः**' આત્મા જ યજ્ઞ છે એવો અર્થ કરે છે. તો કેટલાક '**यज्ञो वै श्रेष्ठतम कर्म**' શ્રેષ્ઠતમ કર્મ જ યજ્ઞ છે એમ અર્થ કરે છે. પણ પોતાના મનથી ક્રિયાઓ ઘડવા માંડે છે, જ્યારે યજ્ઞના નામે પણ ક્યાંય ભાગવાની ગુંજાશ નથી, કારણ કે ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણે એક જ યજ્ઞનાં તેર-ચૌદ સોપાનોનું વર્ણન કર્યું છે, જે પ્રાણઅપાન (શ્વાસ-ઉચ્છ્વાસ) દ્વારા, ધ્યાન દ્વારા, ચિંતન અને ઈન્દ્રિયસંયમ દ્વારા થાય છે. આ યજ્ઞોમાં બહારના કોઈ સામાનની જરૂર પડતી નથી. શ્રીકૃષ્ણે સ્પષ્ટ કરી લીધું છે કે ભૌતિક દ્રવ્યોથી થતા યજ્ઞ પણ છે, પરંતુ એમનું ફળ અત્યંત અલ્પ છે, ભલેને તમે કરોડોનોય યજ્ઞ કેમ ન કરો.

(૫) કર્મવિષયક ભ્રાંતિઓ શ્રીકૃષ્ણના સમયમાં પણ હતી. ગીતાના અધ્યાય ૪/૧૬માં તેઓ કહે છે કે કર્મ શું છે? અકર્મ શું છે?-આ વિષયમાં વિદ્વાનોમાં પણ ભ્રમ છે, માટે હું તને કર્મ વિશેષરૂપે કહીશ, જે જાણીને તું અશુભ સસારબંધનથી છૂટી જઈશ. અહીં કર્મની વિશેષતા દર્શાવતાં કહે

છે કે યજ્ઞ સિવાય કાંઈ પણ કરો, બંધન તૈયાર થશે. પણ કર્મ એ જ છે જે સંસારબંધનથી છોડાવે. તમે પોતે નિર્ણય કરો કે કયું કર્મ કરવાથી ભવબંધન કપાશે? નિષ્કામભાવે નોકરી કરવાથી? પૂજ્યશ્રીએ **'नहले पर दहला'**ના બીજા પાના પર લખ્યું છે કે 'રાતે બબ્બે વાગ્યા સુધી જાગવું, ઊઠતાંવેંત ચા-બિસ્કિટ ખાવાં, છાપું વાંચવું, સ્વરૂપને ભૂલી જવું આ બધું મૃત્યુ છે. આ મૃત્યુથી બચવા માટે વૈદિક કર્મ કરવાં.' એમનો હેતુ છે કે સમયસર સૂવું, નાહીધોઈને મંત્ર બોલીને ખાવું, પણ બિસ્કિટ ખાવા ન ખાવા સાથે ગીતાના કર્મને કોઈ સંબંધ નથી. મંત્ર બોલીને નાહવું એ ગીતાનું કર્મ નથી. વિચાર કરો કે ગીતા શાને કર્મ કહે છે?

(૬) ''**तदर्थ कर्म कौन्तेय मुक्तसङ्ग समाचर**'' (૩/૯). નિયત કર્મને જ તદર્થ કર્મ કે યજ્ઞાર્થ કર્મ કહ્યું છે. એને જ **'कार्यम् कर्म'**, **'पुण्य कर्म'** અને **'शास्त्र विधानोक्त कर्म'** પણ કહ્યું છે. જુદું કોઈ પુણ્ય કર્મ ગીતામાં નથી. પુણ્યના નામે સંસારમાં જે કાંઈ કાર્મો કરાય છે, તે સામાજિક વ્યવસ્થાઓ છે. ગીતામાં પુણ્યકર્મ એક જ છે-આરાધના!

આ તદર્થ કર્મ સંગદોષથી અળગા રહીને કરવાનું હોય છે. ભતૃહરિનો અનુભવ છે-**दौर्मन्त्र्यान्नृपतिर्विनश्यति यतिः सङ्गत**,-આ જ 'માનસ'માં પણ છે-**संग ते यती, कुमंत्र ते राजा**। ઋગ્વેદમાં છે,-**उपहरे गिरीणां सङ्गमे च नदीनाम् धिया विप्रो अजायत**। (૮/૬/૨૮). પહાડની કોતરો તથા નદીઓના સંગમમાં ધ્યાનાદિથી વિપ્રત્વનો જન્મ થાય છે. ગીતામાં ઘણી જગ્યાએ એકાંતસેવન પર ભાર મૂકવામાં આવ્યો છે. એકાતમાં કયું કર્મ કરશો?

(૭) **यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः।**
ज्ञानाग्नि दग्ध कर्माणां तमाहुः पण्डितं बुधाः॥ ૪/૧૯ ॥

જે કોઈ વ્યક્તિનું સંપૂર્ણતાથી કરાયેલ કર્મ એટલું સૂક્ષ્મ થઈ જાય કે તે કામના અને સંકલ્પથી શૂન્ય થઈ જાય, તે સમયે જ્ઞાનાગ્નિમાં કર્મ હંમેશને માટે બળી જાય છે. પછી કર્મ કરવાની આવશ્યકતા જ નથી રહેતી. સપષ્ટ છે કે ગીતાનું નિયત કર્મ વ્યક્તિના સંકલ્પોનો નિરોધ કરી દે છે. કોઈ પણ સાંસારિક કર્મથી, કોઈ પણ વિધિનિષેધથી કોઈ પણ

આચારસંહિતાથી, એટલું જ નહીં, કોઈ પણ કર્મકાંડથી સંકલ્પશૂન્યતા આવતી હોય તો તે કરો. ''**मिटै कि काम-अगिनि तुलसी कह विषय-भोग बहु घी ते।**''

(૮) આઠમા અધ્યાયના આરંભમાં જ અર્જુનનો પ્રશ્ન હતો કે ભગવન્! કર્મની પૂર્ણતા ક્યારે થાય? ભગવાને કહ્યું,-'**भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञतः**' પ્રાણીઓના એ ભાવ જેનાથી કંઈક ને કંઈક રચના થાય છે, એમની પર પ્રતિબંધ આવી જાય, એ અટકી જાય તે કર્મની પૂર્ણતા છે. સંકલ્પોનું અટકી જવું એ જ કર્મની પરાકાષ્ઠા છે.

(૯) ગીતા ૧૬/૨૨માં કહે છે,-કામ, ક્રોધ ને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે. એમના ત્યાગ કરવાથી જ એ કર્મનો આરંભ થાય છે, જેનાથી પરમ ગતિ પ્રાપ્ત થાય છે. આચાર્યશ્રી વિચાર કરે કે કયા કર્મથી પરમ ગતિ પ્રાપ્ત થાય છે અને કયા કર્મથી પિતૃલોક પ્રાપ્ત થાય છે? ગીતા કોને કર્મ કહે છે?

(૧૦) ગીતા ૧૭/૨૭માં છે,-**कर्म चैव तदर्थीयं सदित्येवाभिधियते।** એ પરમાત્માને માટે નિયત કર્મ જ સત્ય છે. 'માનસ'માં પણ આ જ છે,-**सत् हरि भजन, जगत सब सपना।**

યોગેશ્વર શ્રીકૃષ્ણે આટલો ભાર મૂક્યો હોવા છતાં પણ આચાર્યજી એ નિયત કર્મને માનતા નથી ને ઊલટીસીધી કલ્પના કરે છે કે સંસારમાં જે કાંઈ કરવામાં આવે છે તે કર્મ છે. કાંઈ પણ ત્યાગવાની જરૂર નથી, કેવળ ફળની કામના ન કરો, થઈ ગયો નિષ્કામ કર્મયોગ! કેટલી ભ્રાંત ધારણાઓ છે? કહે છે, કાંઈ પણ કરો, નારાયણને અર્પણ કરી દો; થઈ ગયો સમર્પણયોગ, પણ આ સમર્પણ નથી. યોગદર્શનકાર કહે છે કે ''**समाधिश्वर प्रणिधानात**'' ઈશ્વરને સમર્પણ કરવાથી સમાધિ સિદ્ધ થાય છે. સમર્પણનું પરિણામ છે સમાધિ! સમર્પણથી સંકલ્પશૂન્યતા આવે છે. મન જ તો કામના કરે છે. એ જ મનનું સમર્પણ કરી દઈએ તો કોણ કરશે કામના? મનમાં સતત પ્રભુનું ચિંતન કરવાથી નિષ્કામતા સ્વતઃ થઈ જાય છે-કામનાઓને રોકવાથી કે કેવળ કહી દેવાથી કે નારાયણનું અર્પણ કર્યું,-કામનાઓ કદીય અટકશે નહીં. એ ઈષ્ટના ચિંતનથી જ અટકશે.

નોકરી કરનારા કહે છે કે અમે તો કર્તવ્ય સમજીને સાહેબના આદેશનું પાલન કરી છીએ, અમારી પોતાની કોઈ કામના નથી. નિષ્કામ કર્મયોગ તો અમે અમારા જીવનમાં ઢાળી લીધો છે. કર્મ જાણતા જ નથી તો નિષ્કામ કર્મયોગ શાનો? જો શ્રીકૃષ્ણે સ્પષ્ટ ન કહ્યું હોત તો તમે કાંઈ પણ કરો. જો કહ્યું હોય તો જેટલું કહ્યું છે એટલું જ માની લો. પણ વ્યક્તિ માની નથી શકતી. વારસામાં મળેલા અનેક રીતરિવાજ, પૂજાપદ્ધતિઓ મનને પકડી રાખે છે. બાહ્ય વસ્તુઓને વેચીને કદાચ અમે-તમે ભાગી પણ શકીએ છીએ, પણ પૂર્વગ્રહગ્રસ્ત વિચાર કુસંસ્કાર મનમાં સાથેસાથે ચાલે છે. માથું કાપીને કોઈ જુદું તો નથી રાખી શકતું. આ વિવશતા આચાર્યશ્રીમાં પણ છે. નિયત કર્મને છોડીને એમણે એટલી ક્રિયાઓ ગણાવી દીધી છે કે ગીતામાં દર્શાવાયેલ કર્મ ઓળખ જ ખોઈ બેઠું.

*માન્યવરે લખ્યું છે કે ધર્મ શબ્દ બે અર્થમાં પ્રયોજાય છે. એક નિવૃત્તિપરક અને બીજો પ્રવૃત્તિપરક. વિધિપરક પુણ્યને, વ્રતને, દાનને, સામાજિક ઉન્નતિના હેતુથી આપણે ધારણ કરીએ; (પૃ. ૨૦). વિધિનિષેધાત્મક ધર્મ જીવનને નિયંત્રિત અને વ્યવસ્થિત કરે છે, અણઘડ ક્રિયાકલાપનું શોધન કરે છે; (પૃ. ૧૮).

જો ધર્મ જ બે પ્રકારનો થઈ જાય તો અધર્મ કોને કહીશું? અધર્મ કેટલા પ્રકારનો હશે? વીસમા પાના પર મસ્તરામ લખે છે કે જે ભૂલ કરતાં રોકે એનું નામ ધર્મ છે. સરકારના બધા કાયદા ભૂલ કરતા રોકે છે, તો શું તે બધા ધર્મ થઈ ગયા? ધર્મવિધિ નિષેધાત્મક નહીં પણ કર્મવિધિ નિષેધાત્મક કહેવાઈ છે. ''**विधि निषेधमय कलिमल हरनी। करम कथा रवि नंदिनि वरनी।**'' વિધિનિષેધ તો રસ્તાના નિયમોમાં પણ છે કે ડાબી બાજુએ ચાલો, જમણી બાજુએ ન ચાલો;-તો શું એ ધર્મ થઈ ગયો? અત્યંત ઉપયોગી હોવા છતાંય આ વિધિનિષેધ નથી ધર્મ કે નથી ગીતાનું નિયત કર્મ! પ્રાચીન ગ્રંથોમાં શૌચ, દાંત, સફાઈ, સ્નાન, ભોજન, નિદ્રા, જાગરણ, વિવાહ, નિયોગ ઈત્યાદિ વિધિનિષેધોની લાંબી ચર્ચાઓ છે. તે એ સમયના રાષ્ટ્રીય કાનૂન છે, જીવનને નિયંત્રિત-વ્યવસ્થિત કરે છે, અણઘડ ક્રિયાઓનું શોધન પણ કરે છે, તો પણ આ નિયમો ધર્મ નથી. એ ફક્ત સ્વાસ્થ્ય-સ્વચ્છતા અધિકાર તથા સદાચારના નિયમ છે.

એમાંથી પણ મોટા ભાગનાને માટે ઉન્નત આવિષ્કાર જનજીવનમાં પ્રચિલત છે. સાબુ-તેલ છોડીને આજે કેટલા લોકો સ્નાન માટે માટી અને અંગરાગ લગાડવા માટે તૈયાર છે? ઉપયોગી-બિનઉપયોગી બધા પ્રાચીન નિયમોને કારણ વગર જ ધર્મ કહીને મનાવવાનું આજના શિક્ષિત સમાજમાં કોઈ ઔચિત્ય નથી રહ્યું.

ધર્મનું પ્રયોજન દર્શાવતાં મસ્તરામે શ્રીમદ્ ભાગવતનો નિમ્નલિખિત શ્લોક અવતરણરૂપે આપ્યો છે,-

धर्मस्यह्यपवर्ग्यस्य नार्थोऽर्थापकल्पते।
नार्थस्य धर्मैकान्तस्य कामो लाभाय हि स्मृत॥ ૧/૨/૯ ॥

આચાર્યજીએ આનો અર્થ લખ્યો છે કે 'ક્યાંક આપણે અનુચિત ધનમાં ફસાઈ ન જઈએ, જો ફસાઈ જઈએ તો છોડાવનાર ધર્મ છે. (પૃ. ૧૯). આશ્ચર્ય થાય છે કે આવો અર્થ એક વેદાંતાચાર્યે કેમ કર્યો. આજકાલ અનુચિત ધનમાં ફસાઈ જવાથી છોડાવવાનું કામ ઈન્કમટૅક્સના વકીલ કરે છે, નેતા કરે છે, એટલે તો આજના ધર્મ પણ એ જ બધા છે.

આ શ્લોકનો સાચો અર્થ આમ થશે,-'ધર્મનું ફળ છે મોક્ષ. એની સાર્થકતા અર્થપ્રાપ્તિમાં નથી. અર્થ કેવળ ધર્મને માટે છે. ભોગવિલાસ ધનની સાર્થકતા નથી.' પોતાનો નિષ્કર્ષ કાઢતી વખતે મસ્તરામે ભાગવતના કેટલાક પ્રસંગોને જોયા ન જોયા કર્યા છે. બીજા સ્કંધના બીજા અધ્યાયના બીજા શ્લોકમાં છે,-'વેદોની વર્ણનશૈલી જ આ પ્રકારની છે, કે લોકોની બુદ્ધિ સ્વર્ગ વગેરે નિરર્થક નામોના ચક્કરમાં ફસાઈ જાય છે. જીવ સુખની વાસનાથી સપનાં જોતો ભટકવા માંડે છે, પણ એ માયા-લોકોમાં ક્યાંય પણ અને સાચા સુખની પ્રાપ્તિ નથી થતી.' આશ્ચર્ય થાય છે! મસ્તરામને આ શ્લોક ન દેખાયો?

ધર્મનું વિશુદ્ધ સ્વરૂપ ગીતામાં કહ્યું છે. અધ્યાય બીજાના ૧૬થી ૨૯ શ્લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણ અનુસાર અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્નો ક્યારેય અભાવ નથી. પરમાત્મા જ સત્ છે, પણ તે અચિન્ત્ય પણ છે. જ્યાં સુધી ચિત્ત અને ચિત્તના તરંગો હોય ત્યાં સુધી અને જોઈ

શકાતો નથી. ચિત્તનો નિરોધ કરીને એ પરમાત્માને પામવાની વિધિનું નામ કર્મ છે. આ કર્મને કાર્યરૂપ આપવું એ ધર્મ છે, અર્થાત્ પ્રભુ સાથે મિલન કરાવનારી ક્રિયા ચાલવું એ ધર્મ છે.

ગીતા (૨/૪૦)માં છે કે આ કર્મરૂપી ધર્મની રજમાત્ર સાધના પણ જીવન-મૃત્યુના મહાન ભયથી ઉદ્ધાર કરનારી થાય છે, અર્થાત્ આ કર્મ કરવું એ જ ધર્મ છે.

આ નિયત કર્મ (સાધનાપથ)ને સાધકના સ્વભાવમાં ઉપલબ્ધ ક્ષમતા અનુસાર ચાર ભાગમાં વહેંચી છે. કર્મને સમજીને મનુષ્ય જ્યારે આરંભ કરે છે, ત્યારે આરંભની અવસ્થા તે શૂદ્ર છે, ક્રમશઃ વિધિ પકડમાં આવે તો એ જ વૈશ્ય છે. પ્રકૃતિના સંઘર્ષને સહેવાની ક્ષમતા અને શૌર્ય આવે તો એ જ વ્યક્તિ ક્ષત્રિય અને બ્રહ્મ-તદ્રૂપ થવાની યોગ્યતા (જ્ઞાન-વિજ્ઞાનાદિ) આવે ત્યારે અ જ બ્રાહ્મણ છે.

ગીતા (૧૮/૪૬-૪૭)માં કહે છે કે સ્વભાવમાં જોવા મળતી ક્ષમતા પ્રમાણે કર્મ કરવાં એ સ્વધર્મ છે. હલકા હોવા છતાંય સ્વભાવથી ઉપલબ્ધ સ્વધર્મ શ્રેયસ્કર છે, પણ ક્ષમતા પ્રાપ્ત કર્યા વગર બીજાના ઉન્નત ધર્મની નકલ હાનિકારક છે. સ્વધર્મમાં મૃત્યુ કલ્યાણકારી છે. જ્યાંથી સાધના છૂટી હોય, ત્યાંથી જ ફરીથી આરંભ થઈ જશે. ક્રમાનુસાર ચાલીને તે પરમ સિદ્ધિ, અવિનાશી પદ પ્રાપ્ત કરી લેશે.

જે પરમાત્માથી બધાં પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, સ્વભાવથી ઉત્પન્ન ક્ષમતા પ્રમાણે એને સારી રીતે પૂજીને મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે,-અર્થાત્ નિશ્ચિત વિધિથી એક પરમાત્માનું ચિંતન જ ધર્મ છે.

ધર્મ કરવાનો અધિકાર કોનો છે? યોગેશ્વરે કહ્યું છે કે અત્યંત દુરાચારી પણ જો અનન્ય ભાવથી અર્થાત્ અન્ય કોઈને ન ભજીને કેવળ મને ભજે, તો એ બહુ જલદી ધર્માત્મા બની જાય છે, એનો આત્મા ધર્મ સાથે સંકળાઈ જાય છે. તેથી શ્રીકૃષ્ણ અનુસાર ધર્માત્મા એ જ છે જે એક પરમાત્મામાં અનન્ય નિષ્ઠાથી લાગી ગયો હોય. ધર્માત્મા એ છે, જે એક પરમાત્માની પ્રાપ્તિ માટે નિયત કર્મનું આચરણ કરતો હોય. ધર્માત્મા

એ છે જે સ્વભાવમાં નિયત કર્મનું આચરણ કરતો હોય. ધર્માત્મા એ છે જે સ્વભાવમાં નિયત ક્ષમતા અનુસાર પરમાત્માની શોધમાં લીન હોય.

અંતે કહે છે,-અર્જુન! બધા ધર્મોની ચિંતા છોડીને એક મારા શરણમાં આવ. તેથી એક પરમાત્મા પ્રત્યે સમર્પિત વ્યક્તિ જ ધાર્મિક છે. એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરવી એ જ ધર્મ છે એ એક પરમાત્માની પ્રાપ્તિની નિશ્ચિત ક્રિયા કરવી એ જ ધર્મ છે. આ સ્થિતિ પ્રાપ્ત કરનાર મહાપુરુષો, આત્મતૃપ્ત મહાપુરુષોનો સિદ્ધાંત જ સૃષ્ટિમાં એકમાત્ર ધર્મ છે. એમને શરણે જવું જોઈએ કે એ મહાપુરુષો કેવી રીતે પરમાત્માને પામ્યા? કયા માર્ગે ચાલ્યા? એ બધાનો માર્ગ સદાયે એક છે. એ માર્ગે ચાલવું એ ધર્મ છે.

ધર્મ મનુષ્યના આચરણની વસ્તુ છે અને એ આચરણ નિર્ધારિત છે, નિયત છે. એ સિવાયનું મનમાન્યું કાંઈ પણ કરવું એ ધર્મ નથી. ધર્મના નામે કરવામાં આવે તો પણ એ ધર્મ નથી. આમાં નિશ્ચયાત્મક ક્રિયા એક છે. ઈન્દ્રિયો વિષયો તરફ દોડતી હોય, એને સંયમિત કરીને આત્મા તરફ પ્રવાહિત કરવાની છે. (૪/૨૭). આ સંયમ માટે ગીતામાં અનેક જગાએ ઉપાય દર્શાવ્યા છે,-એકાંત કરવું એ ધર્મ છે, અને ગીતામાં પ્રાપ્ત નિર્વિવાદ સરલ ક્રમબદ્ધ અને પૂર્ણ સાધનાને છોડીને ગ્રંથોના નામે અહીં-ત્યાં દોડવું એ ધર્મ નથી.

ક્યાંક લખ્યું હોવાથી જ કોઈ વાતને આંખ મીંચીને માની લેવી એ વિવેકપૂર્વકનું નથી. તેથી વેદના નામે દશેક બ્રાહ્મણ-ગ્રંથ, આરણ્યક, સેકંડો ઉપનિષદ, વેદાંત કે અન્ય શાસ્ત્રો તથા સેંકડો સ્મૃતિઓને અપૌરુષેય કે ઈશ્વર-પ્રણીત કહીને મનાવીને એ શ્રદ્ધાનો દુરુપયોગ છે. લોકોએ જોયું કે અપૌરુષેય કહેવાથી ગ્રંથનું મહત્ત્વ વધી જાય છે. એટલે દરેક સાહિત્યને અપૌરુષેય કહેવા માંડ્યા. બૃહદારણ્યક ઉપનિષદંમાં છે કે ઋક્, યજુઃ, સામ, અથર્વ, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદ, શ્લોક, સૂત્ર, વ્યાખ્યાન, અનુવ્યાખ્યાન વગેરે બધા જ ઈશ્વરના નિઃશ્વાસ છે, અપૌરુષેય છે. (બૃહદ. ૨-૪-૧૦). આ રીતે મત્સ્યપુરાણમાં ભગવાન મત્સ્ય ભગવાન કહે છે,-

पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम्।
अनन्तरं च वक्त्रेभ्यो वेदश्च विनिर्गतः॥ ૫૩/૩ ॥

અર્થાત્ સૌથી પહેલાં બ્રહ્માએ પુરાણ બનાવ્યું અને તે પછી વેદની રચના કરી. પુરાણમાં લખ્યું હોવાથી શું માની લેવાય? પાંચમા-છઠ્ઠા શ્લોકમાં મત્સ્ય ભગવાન કહે છે કે બધા લોકો નષ્ટ થઈ જવાથી મેં જ અશ્વરૂપે વ્યાકરણાદિ છ અંગો સહિત ચાર વેદ, પુરાણ, ન્યાયશાસ્ત્ર, મીમાંસા અને ધર્મશાસ્ત્રનું સંકલન કર્યું હતું. બૃહદારણ્યક (ઘ/૨/૧૩) તથા છાન્દોગ્ય (૬/૮-૧-૨)માં યજ્ઞ માટે અપાયેલી અશ્લીલ ઉપમાને અપૌરુષેય કહેવામાં શું ઔચિત્ય છે? સામવેદ ગાયનની ઉપમા છાન્દોગ્ય ઉપનિષદમાં જોઈએ,-

उपमन्त्रयते स हिंकारो ज्ञपयते स प्रस्तावः स्त्रिया सह शेते स उदगीथः, प्रतिस्त्रीं सह शेते स प्रतिहारः, कालं गच्छति तन्निधनं, पारं गच्छति तन्निधनमेतद्वामदेव्यं मिथुने प्रीतम्।

स य एवमेतद्वामदेव्यं मिथुने प्रोतं वेद मिथुनी भवति, मिथुनान्मिथुनात्प्रजायते सर्वमायुरेतिज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या न कांचन परिहरेत्तद्व्रतम्। (૨/૧૩/૧-૨).

અર્થાત્ સ્ત્રી-પુરુષનો પરસ્પર સંકેત હિંકાર છે, સહમતિ પ્રસ્તાવ છે. એક પલંગ પર સાથે-સાથે સૂવું ઉદ્ગીથ છે... વગેરે. અહીં સામવેદ ગાયનની તુલના મૈથુન સાથે કરાઈ છે. **न कांचन परिहरेत् तत् व्रतम्**- અર્થાત્ કોઈ પણ સ્ત્રીને છોડવી ન જોઈએ, આ જ વ્રત છે. શાંકરભાષ્યકારે આનો અર્થ કર્યો છે,-**न कांचन कांचदपि स्त्रियं स्वात्मतल्प प्राप्तां न परिहरेत समागमार्थनाम्** અર્થાત્ સમાગમ ઈચ્છતી સ્ત્રી જો તમારી શય્યા પર આવે તો એવી કોઈ પણ સ્ત્રીને ન છોડવી. શું આ ભગવતી શ્રુતિ છે?

છાન્દોગ્ય ઉપનિષદમાં છે, **'चन्द्र इव राहोर्मुखात् प्रमुच्य'** (૮/૧૩/૧). જેમ ચન્દ્ર રાહુના મુખમાંથી છૂટી જાય છે, ચન્દ્રામાને રાહુ ખાઈ જાય છે અને પછી ઓકી કાઢે છે. શું સૃષ્ટિકર્તાને પોતાની સૃષ્ટિની જ ખબર નથી કે ગ્રહણ કેમ થાય છે?

બૃહદારણ્યકમાં છે,-''**कस्मिन्नु खल्वादित्य लोका ओताश्च प्रोताश्चेति चन्द्रलोकेषु गार्गीति**'' (૩/૬/૧). ગાર્ગીએ પૂછ્યું હતું કે સૂર્યલોક શેમાં સ્થિત છે? યાજ્ઞવલ્ક્યે કહ્યું,-ચન્દ્રલોકમાં! અહીં ચન્દ્રલોકને સૂર્યથી મોટો, અર્થાત્ સૂર્યને ચન્દ્રમાંથી નીકળેલો કહ્યો છે. ઋષિઓના આ વાદવિવાદને ભગવાનની વાણી કહેવી જરૂરી છે?

આદરણીય મસ્તરામની હઠ અહીં પણ જોવા જેવી છે, જ્યાં એ હજી કહે છે કે વાદળાં યજ્ઞના ધુમાડાથી બને છે. પોતાનો મત સબળ કરવા માટે તે મહાકવિ કાલિદાસ તથા પૂજ્ય ઉડિયાબાબાનું નામ પણ લે છે. વાદળાં તો જેમ બને છે એમ જ બનતાં રહેશે. આ મહાનુભાવોનાં નામ લેવાથી વાદળાંની નિર્માણક્રિયામાં શું પરિવર્તન આવી જશે?

વાદળાં બનાવવા માટે આચાર્યશ્રી વેદ, ઉપનિષદ, પુરાણ અને સ્મૃતિથી ઊતરીને કાલિદાસજી સુધી પહોંચી ગયા. ઘોડા વધુ આગળ ગયા હોત તો એમને શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીના ચૈતન્ય-ચરિતાવાલી પ્રથમ ખંડ, અનેક ગ્રંથો તથા વામન શિવરામ આપ્ટેના સંસ્કૃત-હિન્દી કોશમાં સ્મૃતિ-ધર્મશાસ્ત્રરૂપે ઉદ્ધૃત ''**जन्मना जायते शूद्र**...''વાળો શ્લોક પણ મળી ગયો હોત.

કાલિદાસજીનું એક અન્ય વર્ણન જોઈએ. લોકાલોક નામનો એક પર્વત છે જે પૃથ્વીની ચારે તરફ ઘેરાયેલો છે. પૃથ્વીમાં સાત દ્વીપ છે. સાતમા દ્વીપનીય બહાર આ પર્વત છે. એની પેલી પાર અંધકાર જ અંધકાર રહે છે અને આ જ પાર સધી સૂર્યનો પ્રકાશ પહોંચી શકે છે. તેથી આ પર્વત અંધકાર અને પ્રકાશને જુદા પાડે છે. કાલિદાસજીએ આ પર્વત વિશે કહ્યું છે, **प्रकाशश्चाप्रकाशश्च लोकालोक इवाचलः** (રઘુવંશ ૧-૬૮). મહાકવિ પાસે કવિસત્ય પણ હોય છે. ચકોર અંગાર ખાય છે,- આ કવિસત્ય છે. હંસ માનસરોવરનાં મોતી ચણે છે, આ પણ કવિસત્ય છે. કવિ પાસે ઉક્તિ-વૈચિત્ર્ય છે, વાગ્-વિદગ્ધતા છે, કાવ્ય છે, એનાથી રસાનુભૂતિ જ અપેક્ષિત છે, વૈજ્ઞાનિક પરીક્ષણ નહીં.

આ જ રીતે સંતની પાસે ઋષિસત્ય હોય છે, યોગપ્રાપ્ત શબ્દો હોય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસજીએ કહ્યું છે કે 'ગીતા ગીતા' બે-ચાર વખત પુનરુક્ત કરવાથી 'તાગી તાગી' અર્થાત્ ત્યાગી બની જાય છે. તેથી

ગીતાનો સાર ત્યાગ છે. હવે તમે પૂછશો, આ કઈ વિધિ છે? ખરેખર તો એમણે ગીતાનો સાચો અર્થ દર્શાવ્યો.

સંતો કથનના ભાવ પર જાય છે. સંત પાસે તમે વ્યાકરણ, છંદ કે નિરુક્ત શીખવા નથી જતા. તેથી કયા શબ્દમાં ક્યાં ઉપસર્ગ, ક્યાં પ્રત્યય, ક્યાં કૃત અને ક્યાં તદ્ધિત છે, એનું સમાધાન શિક્ષણવિદ્‌નું ક્ષેત્ર છે, ધર્મ એનું રણાંગણ ક્યારેય નથી.

સંત એનસાઈક્લોપીડિયા પણ નથી. કોઈ ગ્રંથનું રટણ કરવું એ ભગવત્પથમાં અનિવાર્ય પણ નથી. કેટલાંય પુસ્તકો લખાયાં અને કેટલાંય હજી પણ મૌખિક, હસ્તલિખિત પ્રાપ્ય કે અપ્રાપ્ય છે. લગનીવાળા સાધકને માટે આ પ્રશ્નનો કોઈ ઉપયોગ નથી. સાથે જ આ પ્રશ્ન બીજી વાર પૂછીને અમે પૂજ્યશ્રીને સંકોચમાં નહીં નાખીએ કે 'નાસ્તિકો...'વાળી પુસ્તિકામાં ગોસ્વામી તુલસીદાસજીને નામે આ દોહો એમણે ''**ब्रह्मज्ञान जाना नहीं, कर्म दिया छटकाय। सो नर पाँवर मूढ है पुनि पुनि नरकहि जाय॥**''

છાન્દોગ્ય ઉપનિષદ છે,-હે સોમ્ય! રાજકર્મચારી પુરુષને હાથ બાંધીને લાવે છે અને કહે છે કે આણે ચોરી કરી છે. રાજા લોઢાનું પરશું તપાવીને એના હાથમાં મુકાવે છે. જો એ સાચેસાચ ચોર હોય તો દાઝી જાય છે. (૮/૧૩/૧). આચાર્યશ્રી પોતે જ નિર્ણય કરે છે કે અજ્ઞાન પર આધારિત આ પ્રથાને અપૌરુષેય કહીને કેટલા લોકો પાસે એનું પાલન કરાવી શકશો? નિર્દોષ હોવા છતાં શું તે પોતે આવાં પરીક્ષણો માટે તૈયાર છે? શું એ વાણી અપૌરુષેય છે?

જે રીતે આ આર્ષગ્રંથોમાં પ્રક્ષિપ્ત અંશ છે, એ જ રીતે એમનાં ભાષ્યોમા પણ પ્રદૂષણ સ્પષ્ટ છે. ઉદાહરણ માટે ચૌદમી શતાબ્દીમાં વિજયનગરના રાજા બુક્કન દીવાન સાયણાચાર્યે પંડિતોની મદદથી વેદો અને બ્રાહ્મણ ગ્રંથો પર ભાષ્ય કર્યું. એમના પછી ઉબટ અને ઉબટ પછી મહીધર થયા, જેમણે સાયણ અને ઉબટને આધાર માનીને વેદો પર ભાષ્ય કર્યા. અહીં પ્રસ્તુત છે યજુર્વેદના તેવીસમા અધ્યાયની ઓગણીસમી કંડિકા,-

गणानां त्वा गणपति हवामहे प्रियानां त्वा प्रियपति हवामहे निधीनां त्वा निधिपति हवामहे वसो मम। आहमजानि गर्भधमा त्वमजसि. गर्धधम्।

આની પર ભાષ્ય કરતાં મહીધર લખે છે,-''**अस्मिन् मंत्रे गणपति शब्दाश्वो बाजी ग्रहीतव्य इति। तद्यथा महिषी यजमानस्यपत्नी, यज्ञशालायां पश्यतां सर्वेषामृत्विजामश्वसमीपे शेते शयानां सत्याह, हे अश्व! गर्भधं गर्भ दधाति, गर्भधं गर्भधारकं रेतः अहं आ अजानि आकृष्य क्षिमामि त्व च गर्भधं रेतः आ अजासि आकृष्य क्षिपसि।**'' આશય એ છે કે યજમાનની પત્ની યજ્ઞ કરાવનાર પંડિતોની સામે ઘોડાની પાસે સૂએ અને એને ગર્ભધારણ કરાવવા માટે કહે.

સાયણાચાર્યજીએ ઋગ્વેદ પ્રથમ મંડલના સૂક્ત ચોવીસથી ત્રીસ સુધીના ભાષ્યમાં શુનઃશેપની કથા લખીને વેદોમાં નરબલિનું ભયંકર ઉદાહરણ દેખાડ્યું છે અને શુનઃશેપનો અર્થ '**शुन इव शेषः यस्य**' અર્થાત્ કૂતરાનો... કર્યો છે.

એમની જ શૈલીમાં આચાર્યવરે પોતાની પુસ્તિકાના બારમા પાના પર વેદોમાં જાતિ દેખાડવા માટે આપસ્તમ્બ ધર્મસૂત્ર, શતપથ, બ્રાહ્મણ, ઐતરૈય બ્રાહ્મણ, પાતંજલિ યોગદર્શન, તૈત્તિરીય આરણ્યક તથા નિરુક્તનાં અવતરણ આપ્યાં છે, પણ ચાર વેદ ઉપરાંત આ ગ્રંથો પણ શું વેદ છે? આ અવતરણોના જાતિવિષયક અર્થ કરીને શ્રીમાને વિદ્વત્તાનો દુરુપયોગ જ કર્યો છે, ઉદાહરણ માટે પાતંજલિ યોગમાંથી એમણે આપેલાં અવતરણ '**सतिमूले तद्विपाको जात्यायुर्भोगा**' નામના સત્રમાં જાતિ શબ્દોનો અર્થ ભારતમાં પ્રચલિત જાતિવ્યવસ્થા નથી. સાધનાપાદના આ તેરમા સૂત્રની પહેલાં બારમા સૂત્રમાં છે કે વાસનાઓનું ફળ વર્તમાન તથા આવનારા જન્મોમાં ભોગવાય છે. જાતિનો અર્થ અહીં જન્મ છે. મનુષ્ય, પશુ, જીવજંતુ વગેરે યોનિઓમાં જન્મ જાતિ છે. ઘણા સમય સુધી જીવનો એક શરીર સાથેનો સંબંધ આયુ છે. ઈન્દ્રિયનાં રૂપ-રસ વગેરે વિષય ભોગ છે. આ જ યોગશાસ્ત્રના કૈવલ્યપાદનું બીજું સૂત્ર છે.-'**प्रकृत्यापूरात जात्यन्तरपरिणामः।**' અર્થાત્ પ્રકૃતિ પૂર્ણ થવાથી એક

જાતિ બીજી જાતિમાં બદલાઈ જાય છે. ભારતની જાતિવ્યવસ્થામાં આ લક્ષણ ક્યાં જોવા મળે છે?

બરાબર આ જ ભાગવતના નવમા સ્કંધના બીજા અધ્યાયના શ્લોકોમાં છે કે મનુપુત્ર ધૃષ્ટથી ધાષ્ટર્ય નામના ક્ષત્રિય થયા. જેઓ અંતે આ શરીરથી જ બ્રાહ્મણ બની ગયા. મનુપુત્ર નરિષ્યન્તથી ચિત્રસેન, એમનાથી ઋક્ષ, ઋક્ષથી મીટવાન, એમનાથી કૂર્ચ, એમનાથી ઈન્દ્રસેન, એમનાથી વીતિહોત્ર, એમનાથી સત્યશ્રવા, એમનાથી ઉરુશ્રવા, એમનાથી દેવદત્ત, એમનાથી અગ્નિવેશ્ય નામનો પુત્ર થયો; જેનાથી બ્રાહ્મણોનું અગ્નિવેશ્યાયન ગોત્ર થયું. ચોથા સ્કંધના ચૌદમા-પંદરમા અધ્યાયમાં બ્રાહ્મણો દ્વારા પુત્રહીન રાજા વેનની જાંઘમાંથી નિષાર તથા ભુજાઓમાંથી પૃથુ અને અર્ચિની ઉત્પત્તિનું વર્ણન છે, જેમણે એકબીજા સાથે લગ્ન કર્યાં. ક્યાં રહ્યું કે બ્રાહ્મણ વિરાટના મુખમાંથી પેદા થયા? ત્રીજા સ્કંધના બારમા અધ્યાયમાં બ્રહ્માના પુત્ર મરીચિ વગેરે ઋષિઓએ સરસ્વતી પ્રત્યે આસક્તિને કારણે એમને ફિટકાર કર્યો કે તમારી પહેલાંના કોઈ પણ બ્રહ્માએ આવો સંકલ્પ નથી કર્યો. સ્પષ્ટ છે કે બ્રહ્મા પણ માત્ર વ્યવસ્થાકાર છે, એમની પહેલાં પણ પૃથ્વી હતી.

આશ્રમની પુસ્તિકામાં છે કે ઝલ્લ-મલ્લ-લિચ્છવી જાતિઓ, જેમનું વર્ણન મનુસ્મૃતિમાં છે, તે મહાભારતકાળ પછીની છે, તો સુહૃદવર આચાર્યજીએ યજુર્વેદના કેટલાક શબ્દનું સામ્ય જાતિઓ સાથે બેસાડીને વેદમાં જાતિપ્રથા રેખાંકિત કરવાનો બિનજરૂરી શ્રમ કર્યો છે. આ શબ્દોને જાતિસૂચક માનનારા કેટલાક ભાષ્યકાર શુક્લ યજુર્વેદના ત્રીસમા અધ્યાયને વિભિન્ન જાતિની વ્યક્તિઓનો બલિ ચડાવનાર નરમેધ યજ્ઞનું વર્ણન માને છે, એટલે સમગ્ર ત્રીસમા અધ્યાય પર વિચાર કરવો પડશે, જેમાં કુલ ૨૨ (બાવીસ) મંત્ર છે. પહેલા મંત્રમાં ઈશ્વર પાસેથી સત્કર્મની પ્રેરણા માટે પ્રાર્થના કરાઈ છે. બીજો પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર છે, જેમાં સર્વત્ર વ્યાપ્ત એક પરમાત્મા પ્રત્યે સમર્પણ છે. ત્રીજા મંત્રમાં બુરાઈઓથી દૂર રાખવાની ને સત્પથ પર ચલાવવાની પ્રાર્થના છે તથા ચોથાથી બાવીસમા મંત્ર સુધીમાં બોધ અપાયો છે કે ઉત્તમ રહેણીકરણી અને કલ્યાણ માટે મનુષ્યે શું કરવું જોઈએ.

યુજર્વેદના ઉપર્યુક્ત મંત્રોમાં એકસો ચોર્યાસી પ્રકારનાં જ્ઞાન-વિજ્ઞાન, કલા-કૌશલનું વર્ણન છે. જો મસ્તરામજીના કહેવા અનુસાર એમાંથી છત્રીસ શબ્દ જાતિવાચક હોય, તો બાકીના એકસો અડતાલીસ શબ્દોનું શું? આ જ મંત્રોમાં છે,-'**योगाय योक्तारम्**' યોગને માટે યોગીનું, '**प्रियाय प्रिय वादिनम्**' પ્રેમ માટે પ્રિય વક્તાને, '**सन्धये जारम्**' સુલેહના હેતુથી વૃદ્ધ વ્યક્તિને, '**क्षेमाय विमोक्तारम्**' કલ્યાણના હેતુથી મુક્તિદાતાને, '**भूत्यै जागरणम्**' ઉન્નતિ માટે જાગરણને, '**वृद्धयै अपगल्भम्**' અભ્યુદય માટે ગર્વહીનતાને પસંદ કરવા જોઈએ. આ મંત્રોમાં પ્રયોજાયેલા મુક્તિદાતા કે યોગી કોઈ જાતિ નથી. જાગરણ, ગર્વહીનતા વગેરે પણ કોઈ જાતિ નથી.

આ મંત્રોમાં નરમેધ જોનારા લોકો '**ब्रह्मणे ब्राह्मणम् आलभते**'નો અર્થ કરે છે કે જ્ઞાનને માટે બ્રાહ્મણનો બલિ ચડાવવો જોઈએ. અહીં '**आलभ्**'નો અર્થ હનન કરવું એ ઉચિત નથી, પણ આશય છે કે જ્ઞાન માટે જ્ઞાનીની પાસે જવું જોઈએ, એનો આશ્રય લેવો જોઈએ, એના પ્રત્યે સમર્પિત થવું જોઈએ. આ તો વર્ણનશૈલીનો ચમત્કાર છે કે જે બ્રાહ્મણની વિદ્યા લેવા ઈચ્છતો હોય તો પોતાનું મસ્તક કાપીને બ્રાહ્મણનું મસ્તક લઈ લે; પોતાના મગજની રૂઢિઓનો ત્યાગ કરીને વિચારોને પોતાના મનમાં ઢાળી લે. આ જ સંત કબીર પણ કહે છે,-''**यह तो घर है प्रेम का, खाला का घर नाहिं। सीस काटि चरननि धरै, तब पैठे घर माहिं।**'' વિદ્વદજનોને અનુરોધ છે કે મંત્રો પર વધુ વિચાર કરે તથા એમનો જાતિવાચક કે નરમેધવાચક સંદર્ભ ન ઘડી કાઢે.

આપણે જ અસંગત અર્થ ગીતાના '**धर्माविरुध्दो भूतेषु कामोऽस्मि भरतर्षभ।**' (૭/૧૧)નો પણ જોવા મળે છે કે ધર્માનુકૂલ કામ અર્થાત્ ઋતુકાલમાં પોતાની પત્ની સાથે પુત્ર-ઉત્પત્તિના હેતુથી મૈથુન કરવો ધર્મ છે,-''**ऋतौ च मैथुनं धर्म्यं पुत्रोत्पति निमित्ततः।**'' તેઓ કહે છે કે આવી આજ્ઞા તૈત્તરિય ઉપનિષદની શિક્ષાવલ્લીના નવમા તથા અગિયારમા અનુવાક્‌માં છે. તેથી આમ ન કરવાથી પાપ લાગે છે. શાંકરભાષ્યકાર અનુસાર પ્રાણીઓની જે કામના શાસ્ત્રથી અવિરુદ્ધ છે, જેવી કે કેવળ દેહધારણ માટે આવશ્યક ખાવું-પીવું, વિષયભોગ કરવો એટલી ભગવાનની આજ્ઞા છે. ગીતામાં છે ધર્મ અવિરુદ્ધ તો એમણે

કરી નાખ્યું શાસ્ત્ર અવિરુદ્ધ. દેહધારણ કરવા માટેની આવશ્યકતા ખાવું-પીવું, વિષયભોગ પોતાના મનથી જોડી દીધાં! તો પછી બધા ગરીબો જેઓ કેટલુંય કરવા છતાંય દેહધારણ કરવા પૂરતાંય અન્નવસ્ત્ર મેળવી નથી શકતા, તેઓ ભગવાનની વિભૂતિ છે? કદાચ આથી જ ભગવાનને દીનબંધુ કે દરિદ્રનારાયણ કહેવાતા હોય.

જો ગીતાનો આ જ અર્થ હોય તો આનાથી મોટો અનર્થ કયો હોય? એનો તો સીધોસાધો અર્થ છે કે પરમ ધર્મ છે પરમાત્મા. એનાથી અવિરુદ્ધ એટલે અનુકૂળ કામના અર્થાત પરમાત્માપ્રાપ્તિની કામના પણ ભગવાનની બક્ષિસ છે. કામનાઓ ઘણી ખરાબ છે. કેવળ એક બાદ કરતાં, એ છે એક પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા! ભગવાન ગીતામાં કહે છે,-'**माम् इच्छाप्तुं धनंजय।**' મને પ્રાપ્ત કરવાની ઈચ્છા કર.

આ જ રીતે કર્મની મનોરંજક વ્યાખ્યા ગીતાના તથાકથિત શાંકરભાષ્યમાં જુઓ. અધ્યાય ૩/૧૪માં લખે છે,-''**ऋत्विग्यजमानयोः च व्यापारः कर्म**'' ઋત્વિક અને યજમાનના વ્યાપારનું નામ કર્મ છે, આ કર્મથી યજ્ઞની ઉત્પત્તિ થાય છે. અધ્યાય ૪/૧૨માં લખે છે કે વર્ણ અને આશ્રમ કર્મ છે,-**मानुषे लोके वर्णाश्रमादि कर्माधिकारं**-જ્યારે ગીતામાં આશ્રમવ્યવસ્થા જેવો કોઈ શબ્દ આવ્યો જ નથી. અધ્યાય ૮/૨માં ભાષ્યકાર મહોદય લખે છે,-**देवतोद्देशेन चरु पुरोडाशादिः द्रव्यस्य परित्यागः स एष विसर्ग लक्षणो यज्ञः कर्म संज्ञित एतस्माद् हि बीजभूताय वृष्ट्यादि क्रमेण स्थावरं जंगमानि भूतानि उद्भवन्ति।** અર્થાત્ દેવતાના ઉદ્દેશથી ચરુ પુરોડાશ વગેરે હવન કરવા યોગ્ય વસ્તુઓના ત્યાગરૂપી યજ્ઞ કર્મ નામે ઓળખાય છે, જેનાથી વૃષ્ટિ વગેરેના ક્રમે સમસ્ત પ્રાણી ઉત્પન્ન થાય છે. સ્પષ્ટ છે કે આ ભાષ્યકાર મહોદયે જેને કર્મ અને યજ્ઞ કહ્યાં, તે ગીતામાં છે જ નહીં.

ભાષ્યકારના મનોગત ભાવ તૈત્તિરીય ઉપનિષદની શિક્ષાવલ્લીના અગિયારમા અનુવાદમાં ઊપસીને સામે આવી ગયા છે. ત્યાં છે,-''**ये के चास्मच्छ्रेयांस ब्राह्मणः तेषां त्वयासनेन प्रश्वासेतव्यम्**'' અર્થાત્ આપણામાંથી જે શ્રેયમાર્ગી બ્રાહ્મણ હોય એ બધાનો તારે આસન વગેરેથી

સત્કાર કરવો જોઈએ. એમનું શાંકરભાષ્ય જોઈએ,-''**ये के च विशेषिता आचार्यत्वादि धर्मेरस्यदस्मतः श्रेयासः प्रशस्यतरास्ते न ब्राह्मणा, न क्षत्रियादयः तेषामासनेनासन दानादिना त्वया पश्वसितव्यम्**'' આચાર્ય વગેરે ધર્મોને કારણે જે કોઈ આપણાથી શ્રેષ્ઠ હોય અને બ્રાહ્મણ પણ હોય,-ક્ષત્રિય વગેરે ન હોય-એમનો આસન વગેરેથી સત્કાર કરવો જોઈએ.

પૂજ્ય આદિ શંકરાચાર્યજીના નામથી પ્રચલિત આ ભાષ્યોને જોઈને જ સ્વામી વિવેકાનંદજીએ એમના વિશે કહ્યું,-'શંકરજીની બુદ્ધિ ક્ષુરધારના જેવી તીવ્ર હતી. તેઓ વિચારક હતા અને પંડિત પણ. પણ એમનામાં ઊંડી ઉદારતા નહોતી અને એવું અનુમાન કરી શકાય છે કે એમનું હૃદય પણ એ જ પ્રકારનું હતું. આ ઉપરાંત એમનામાં બ્રાહ્મણત્વનું અભિમાન ઘણું હતું. એક દક્ષિણી પુરોહિત જેવા બ્રાહ્મણ હતા બીજું શું? પોતાના વેદાંતભાષ્યમાં કેવી રીતે બહાદુરીથી સમર્થન કર્યું છે કે બ્રાહ્મણ સિવાયની બીજી જાતિઓને બ્રહ્મજ્ઞાન ન થઈ શકે. એમના વિચારની શી પ્રશંસા કરું? વિદુરનો ઉલ્લેખ કરીને એમણે કહ્યું છે કે પૂર્વજન્મમાં બ્રાહ્મણ-શરીર હોવાથી તે (વિદુર) બ્રહ્મજ્ઞ થયા હતા. ઠીક. જો આજકાલ કોઈ શૂદ્રને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય તો શું શંકરના મન અનુસાર કહેવું પડશે કે પૂર્વજન્મોમાં તું બ્રાહ્મણ હતો? બ્રાહ્મણત્વની બાબતમાં આવી ખેંચતાણ કરવાનું શું પ્રયોજન?... વળી એમનું હૃદય જુઓ, શાસ્ત્રાર્થમાં પરાજિત કરીને કેટલા બૌદ્ધ શ્રમણોને આગમાં નાખીને મારી નાખ્યા. શંકરાચાર્યનાં આ કાર્ય સંકુચિત પાગલપનથી થયેલા ઉન્માદ સિવાય બીજું શું હોઈ શકે?... (વિવેકાનંદ સાહિત્ય, ખંડ ૬, પૃ. ૮૧/૮૨).

ખરેખર તો વેદ તથા મહાપુરુષોને નામે પ્રચારિત ભાષ્યોમાં અનેક પ્રક્ષિપ્ત અંશ છે, તેથી એ આદરણીય પૂર્વજોનાં નામ વાપરવાને બદલે એમની પાસેથી સાર-ઉપદેશ લઈને પોતાની ને સમાજની ઉન્નતિ કરતા રહીને આગળ વધવાનો પ્રયાસ કરવો એ જ શ્રેયતર છે. જે જાતિ આત્મચિંતન છોડીને, ગ્રંથોને વળગીને બેસી જાય છે, એની પર મડદાં શાસન કરે છે. તે જીવતી રહી શકતી નથી. સુજ્ઞ જનોને વિનમ્ર નિવેદન છે કે વેદના નામે આતંક ફેલાવીને ઘૃણિત સ્વાર્થ સાધવાનું બંધ કરે.

પહેલાં સનાતનના નામે સ્પૃશ્ય-અસ્પૃસ્યતા ધર્મ હતો. કોઈકને અડવાથી, પાણી પાવીથી, એના હાથનો એક કોળિયો ભાત ખાવાથી ધર્મ નષ્ટ થયો એમ માની લેવાતું હતું. ક્યારેક એમ મનાતું હતું કે દેવવાણી સંસ્કૃત છોડીને ગ્રામીણ ભાષામાં શાસ્ત્રરચના કરવી એ અધર્મ છે. સમુદ્રપાર મુસાફરી કરવી એ અધર્મ મનાતો હતો. એ કારણે કેટલાયને ધર્મથી બહિષ્કૃત કરવામાં આવ્યા હતા. આજે તો મોટા મોટા ધર્માચાર્ય પણ માંદા પડે તો બીજાનું લોહી ચડાવડાવે છે. બધાય બધાને અડે છે, બધાની સાથે ખાય છે. કોઈ ધર્મ બહિષ્કૃત નથી.

છેવટે ધર્મના નામે બચી છે ગાય. એની ધાર્મિકતા પ્રમાણિત ન કરી શકવાથી મસ્તરામજીએ યાદ કર્યા છે સ્વામી દયાનંદજીને, અને હવાલો આપ્યો છે કે સન ૧૮૫૭ની ક્રાંતિ ગાયની ચરબીને કારણે થઈ હતી તથા શીખોનું કૂકા આંદોલન ગાયની સુરક્ષા માટે હતું. સન સત્તાવનના સ્વતંત્રતા સંગ્રામમાં સુવ્વરની ચરબીનો પણ ઉપયોગ થયો હતો, તો શું સુવ્વર ધર્મ થઈ ગયા? કેટલી ભ્રાંતિ છે કે હિન્દુઓને માટે શૂકરનો અવતાર ભગવાન છે, પણ મુસલમાનોને માટે હરામ! ધર્મનો રાજનૈતિક ઉપયોગ કરવાથી જ આમ થાય છે. ક્યારેક રોટલા માટે ક્રાંતિ થઈ, તો ક્યારેક ટૅક્સ ન દેવાના પ્રશ્ન પર. એને ધર્મ સાથે શી લેવાદેવા; ગાયને ધર્મ કહેવા માટે મસ્તરામ શીખોને પ્રમાણ માને છે, પણ જે આદર્શો પર શીખ ધર્મ ટક્યો છે,-જેવા કે ઈશ્વરની ભાવના. મૂર્તિપૂજાની નિઃસરતા, વર્ણવ્યવસ્થાની વ્યર્થતા-એ બધા તરફ મસ્તરામે આંખ મીંચી લીધી છે. ગુરુ નાનકનો મુખ્ય શિષ્ય મરદાના મુસલમાન હતો, પણ મસ્તરામ એ આદર્શોનું અનુકરણ નથી કરી શકતા.

કૂકા આંદોલનના નેતા ભાઈ રામ સિંહનો જન્મ સન ૧૮૨૪માં ભૈણીનગર, લુધિયાણા જિલ્લામાં થયો હતો. યુવાવસ્થામાં એ મહારાજ રણજિત સિંહની સેનામાં રહ્યા હતા. એમના અનુયાયી નામધારી કે કૂકા કહેવાય છે. કૂકાનો અર્થ થાય છે કૂક કરવાવાળો. આ પંથના લોકો આરાધના સમયે માથું હલાવ્યા કરે છે અને પોકાર કર્યા કરે છે, અંતે '**सत श्री अकाल**' કહીને ભાવાવેશમાં પણ આવી જાય છે. આરંભમાં આ પંથ પુરોહિતોના કર્મકાંડ અને સામાજિક બુરાઈઓના

વિરોધમાં બન્યો. પણ પછી તે અંગ્રજોની વિરૂદ્ધ સ્વતંત્રતાપ્રાપ્તિનું આંદોલન બની ગયો. રામ સિંહજીએ પંજાબ પ્રાંતને બાવીસ જિલ્લામાં વહેંચીને પોતાની તરફથી અધ્યક્ષો બનાવ્યા તથા અંગ્રેજી સ્કૂલ, રેલવે, તાર, ડાક અને અદાલતોનો બહિષ્કાર કરીને પોતાની નિજી વ્યવસ્થા કરી. એમના અનુયાયીઓ ખાદી પહેરતા હતા. તેઓ ગોવધની વિરુદ્ધ હતા. એમના અનુયાયીઓ દ્વારા કસાઈઓની હત્યા કરાઈ ત્યારે ગુરુ રામદાસજીને રંગૂન (કાળા પાણી) મોકલી દેવાયા, ત્યાં સન ૧૮૮૫માં એમનું મૃત્યુ થઈ ગયું. આ સમગ્ર ઘટનાનો એ નિષ્કર્ષ કાઢવો કે ગાય સનાતન ધર્મ છે, તે કેટલું ઉચિત છે?

આ જ રીતે સ્વામી દયાનંદજીના સ્મરણ માટે મસ્તરામજી પ્રશંસાપાત્ર છે, પણ દયાનંદજીએ પણ 'ગો કરુણાનિધિ' નામની પુસ્તિકા ગો-હત્યા વિરુદ્ધ જ લખી છે. ગાયની ધાર્મિકતા કે પૂંછડું પકડીને વૈતરણી પાર કરાવવાના ઢોંગને સમર્થન દયાનંદજીનાં કોઈ પણ પુસ્તક-પુસ્તિકામાં નથી. આશ્રમની પુસ્તિકાઓમાં પણ ગાયની ઉપયોગિતા તથા ગોવંશના સંવર્ધન પર ઘણો ભાર મુકાયો છે, તેથી અકારણ આ દુષ્પ્રચાર શા માટે કે અમે ગાયવિરોધી છીએ?

ગાય-ધર્મ શોધતા શોધતા બાબાજી દયાનંદજીની 'ગો કરુણાનિધિ' સુધી ગયા, પણ આશ્ચર્ય થાય છે કે 'શંકરાચાર્યજીની હત્યા કરાઈ હતી',- આ પ્રકરણ સ્વામી દયાનંદજીના વિખ્યાત ગ્રંથ 'સત્યાર્થ-પ્રકાશ'માં એમને કેમ દેખાયું નહીં? બાબાજીની શબ્દાવલી જોઈએ,-'શંકરાચાર્યની હત્યા કરાઈ એ વાત કેવળ અડગડાનંદજી જ જાણે છે, બીજું કોઈ નહીં. કેમ ન જાણે? ઈશ્વરે ટ્રંક-કૉલ દ્વારા એંમને જ જણાવ્યું હતું તો ભલા બીજા કેવી રીતે જાણી શકે? કોઈ અર્ધવિક્ષિપ્ત વ્યક્તિ જ આમ લખે.

હવે પ્રસ્તુત છે 'સત્યાર્થ-પ્રકાશ'ના અગિયારમા સમુલ્લાસના શંકરાચાર્યજીની હત્યાના સંબંધમાં સ્વામી દયાનંદજીના વિચાર-જૈનોની જેટલી તૂટેલી મૂર્તિઓ નીકળી છે, તે શંકરાચાર્યના સમયમાં તૂટી હતી. જૈનોનાં મંદિર શંકરાચાર્ય અને સુધન્વા રાજાએ તોડાવ્યાં નહોતા, કારણ કે એમાં પાઠશાળા કરવાની ઈચ્છા હતી. એટલામાં બે જૈન, ઉપરથી

કહેવા પૂરતા વેદમત અને ભીતરથી કટ્ટર જૈન અર્થાત્ કપટમુનિ હતા; શંકરાચાર્યને એવી વિષયુક્ત વસ્તુ ખવડાવી કે એમની ભૂખ મંદ પડી ગઈ; ઝેર આપીને મારવાને હત્યા નહીં તો શું સદ્‌ગતિ કહેશો? સદ્‌ગતિ અપાવવાના પ્રયાસમાં આજકાલ બ્રહ્મરન્ધ્રને હથોડી મારીને ફોડવાની પ્રથા ચાલુ થઈ છે. એ કયા શાસ્ત્રમાં લખ્યું છે? '**ऊसर मरन विदेश ताहु पर कुछ और...**' એક સમયે કાશીમાં કરવત મુકાવવી એ મુક્તિદાયક મનાતું હતું, તો કોઈક સમયે પ્રયાગમાં વટવૃક્ષ પરથી કૂદીને પ્રાણ આપવો એ મોક્ષદાયક મનાતું રહ્યું હતું, જેને અંગ્રેજોએ કપાવી નાખ્યું, તો ધર્મના નામે ક્રાંતિ થઈ ગઈ. તુલના કરો એ મહાન સંત સાથે જેમણે ફિટકાર કર્યો આ આડંબરો પર,-'**जो काशी तन तजै कबीरा रामहिं कौन निहोरा।**' આદિ શંકરાચાર્યજીનો પણ આવો જ એક શ્લોક મળે છે,-

सम्पूर्ण जगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमा
गांगंवारि समस्तवारिनिवहाः पुण्याः समस्ताः क्रियाः।
वाचः प्राकृत संस्कृताः श्रुतिशिरो वाराणसी मेदिनी
सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परब्रह्मणि॥

અર્થાત્ જેઓ એ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી લીધો હોય એને માટે સમગ્ર જગત જ નન્દનવન છે, સમસ્ત વૃક્ષ કલ્પવૃક્ષ છે, એની વાણી પ્રાકૃત હોય કે સંસ્કૃત-વેદની સારભૂત હોય, એને માટે સમગ્ર ભૂમંડલ કાશીક્ષેત્ર છે, સમસ્ત જળ ગંગાજળ છે, બીજી પણ એની જે જે પ્રવૃત્તિઓ હોય તે બધી પરમાર્થમયી જ છે.

*આશ્રમની પુસ્તિકામાં હતું કે પરમાત્મા એક છે. તેથી પંચદેવોપાસના ગીતાશાસ્ત્ર-સંમત નથી, તો આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો છે કે શંકરાચાર્યજીએ પંચદેવસ્તોત્ર બનાવ્યું હતું, જે ઘણું પ્રસિદ્ધ છે. શા માટે? 'શંકરાચાર્યજી દશ-દેવ-સ્તોત્ર લખત તો શું દશ દેવ થઈ જાય?' 'બાબા વાક્યં પ્રમાણં' કહીને કેટલા લોકોને મનાવશો? બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયના નવમા બ્રાહ્મણમાં યાજ્ઞવલ્ક્ય અને શકલ્યનો સંવાદ જ દેવતાઓની ગણના વિશે છે, જેમાં એક દેવતા, દોઢ દેવતા, બે દેવતા, ત્રણ દેવતા, તેંત્રીસ દેવતા અને ત્રણ હજાર છ દેવતાઓની

ગણના છે; બધા જ દેવતા મનની અંદર દર્શાવાય છે, પણ પંચદેવોનું વર્ણન ત્યાં પણ નથી. પંચદેવોપાસના ભૂતકાળમાં ધર્મને નામે વીખરાયેલા લોકોને સંગઠિત કરવાનો, એક કરવાનો કેવળ એક સદ્પ્રયાસ હતો.

*બાબા મસ્તરામજી લખ્યું છે,-'સનાતન ધર્મ સ્વાભાવિક અને અન્ય મતોમાં ફસાવું એ વિકાર છે.' એને બદલે એમણે લખવું જોઈતું હતું કે ધર્મ સ્વાભાવિક છે અને માનવમાત્ર માટે એક છે. અમારો કેવો? તમારો કેવો? બીજાનો કેવો? ધર્મની સાથે સનાતન શબ્દ જોડીને એને સપ્રદાય બનાવી દેવો એ પણ શંકરાચાર્યોની ભેટ છે.

ફરીથી એમણે લખ્યું છે કે 'અનાર્યજુષ્ટ, અમર્યાદિત, અશાસ્ત્રીય વર્ણાશ્રમવિરોધી આચાર-વિચાર હોવાથી ગડબડ સંપ્રદાય પણ વિકાર છે.' સુજ્ઞજનો સમજી ગયા હશે કે બાબા મસ્તરામજીએ ગીતામાંથી આ વિશેષણ તો લીધું, પણ યોગ્ય પ્રયોગ ન કરી શક્યા. ગીતામાં છે કે અર્જુન લડવા નહોતો ઈચ્છતો. એણે તર્ક કર્યો હતો કે આવા યુદ્ધથી કુલક્ષય થશે, કુળની સ્ત્રીઓ પ્રદૂષિત થશે. વર્ણસંકર પેદા થશે, પિંડોદક ક્રિયા લુપ્ત થઈ જશે. આ પ્રશ્ન એકલા અર્જુનનો નહીં, આખા સમાજનો છે. મોટા ભાગના લોકોની જેમ અર્જુન પણ ધર્મના નામે કંઈક ને કંઈક માનતો અને કરતો હતો તથા એમની રક્ષા માટે પ્રાણ આપવા પણ તૈયાર હતો, પણ ભગવાન અર્જુનના આ વિચારોને કશ્મલ અર્થાત્ ગંદા, પાપપૂર્ણ, 'અજ્ઞાન' ઠરાવ્યા,-

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ (૨/૨) ॥

અર્જુને કહ્યું હતું,- 'સનાતન જાતિધર્મ', 'સનાતન કુલધર્મ', 'પિંડપાણી-ધર્મ', તો ભગવાને આ બધાને કહ્યા અનાર્યજુષ્ટમ્. આશ્રમ ધર્મ ગીતામાં ક્યાંય નથી, જાતિધર્મ થઈ ગયો અનાર્યજુષ્ટમ્. તો પછી તમે જાતિ, ઊંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, મંદિર-મસ્જિદ, એમાં પ્રવેશવું-ન પ્રવેશવું કઈ ગીતાથી સિદ્ધ કરી રહ્યા છો? ગીતા જેવા ઉદાર ગ્રંથમાં આ બધી સંકીર્ણતાઓને કોઈ સ્થાન નથી. ગીતામાં અર્જુનનું એકમાત્ર લક્ષ્ય છે શ્રેયની પ્રાપ્તિ.

*આશ્રમની પુસ્તિકાઓમાંથી અધૂરાં કે તોડી-મચડીને અવતરણો આપીને પૂજ્યશ્રીએ એમ કહવાનો મોકો આપી દીધો છે કે એમનો હૃદયપક્ષ પણ આપણી સૌની સાથે નથી. આશ્રમની પુસ્તિકામાં છે કે કેવળ પોથી પ્રમાણ નથી, તો બાબાજીએ કેવળ શબ્દ છોડીને જાહેર કર્યું કે અમે પોથી પ્રમાણ નથી માનતા. ગાયવાળી પુસ્તિકામાં છે કે 'માનસ'માં ગાય કે એનો પર્યાય કેટલી વાર ઉદાહરણરૂપ છે, કેટલી વાર દાન વગેરેની વસ્તુરૂપે છે એ કેટલી વાર એ શબ્દ ઈન્દ્રિયોના અર્થમાં પ્રયોજાય છે, પણ નાસિત્કતાવાળી પુસ્તિકામાં ધર્માત્માજીએ લખી નાખ્યું કે ગાય શબ્દનો અર્થ એ ઈન્દ્રિયો કરીએ છીએ.

આ જ રીતે વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડ પ્રત્યે કેટલાક આચાર્યોના દૃષ્ટિકોણની ચર્ચા આશ્રમની પુસ્તિકામાં છે, પણ મહાત્માજીએ એ મતોને ભ્રમવશ આશ્રમના માની લીધી અને કેટલાંય પાનાં ભરીને એનું ખંડન કરતા રહ્યા. નાસ્તિકતાવાળી પુસ્તિકામાં મહાત્માજીએ 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ'વાળા શ્લોક વિશેના બીજાના વિચારોને પણ અમારા માની લીધા અને આસ્તિકતાવાળી પુસ્તિકામાં જોકે મહાત્માજીને આ ભૂલ માટે યાદ કરાવાયું તો પણ '**नहला-दहला**'માં તેઓ એને અમારો મત માનતા રહ્યા.

મહાત્માજી સર્વતંત્ર સ્વતંત્ર છે, સમર્થ છે, માટે પોતને લખેલી વાતનો ઈન્કાર કરે છે. કહે છે કે એમણે વ્યાકરણ-જ્ઞાન પર ક્યાય ભાર નથી મૂક્યો, વેદને માટે લખ્યું છે. જોકે એમના આ કથનમાં પણ વિરોધાભાસ છે, કારણ કે વ્યાકરણ-જ્ઞાન વગર અધ્યયન કેમ થાય? તો પણ એમને નાસ્તિકવાળા પોતાની પુસ્તિકાના પૃષ્ઠ ૮, પૃષ્ઠ ૪ વગેરેનું પુનરવલોકન કરવું જોઈએ, જ્યાં એમણે વ્યાકરણ, જ્યોતિષ વગેરે ષડંગ સહિત વેદ વાંચવાનું કહ્યું છે. આવું જ એમણે વૈદિક યજ્ઞો માટે પણ કહ્યું છે કે તે જરૂરી નથી. પૃ. ૧૨-૧૩ ઉપર એમણે લખ્યું છે કે જ્યોતિષ્ટોમ વાજપેય રાજસૂય હવે થતા નથી, થઈ પણ ન શકે અને અનિવાર્ય પણ નથી.

ક્યાંક ક્યાંક આ મહાત્માએ સુધારવા માટે કંઈક કહેવા ઈચ્છ્યું,

પણ જ્યારે કહ્યું ત્યારે આશ્રમીય વિચારોનો જ અનુવાદ કરી દીધો. ઉદાહરણ માટે પૂજ્યશ્રીને ખેદ હતો કે ભગવાને મહારાજજીને શ્રૌત અને સ્માર્તનો ફરક કેમ ન કહ્યો. કરુણાથી દ્રવીભૂત થઈને મહાત્માજીએ ફરક બતાવ્યો ને સ્વતઃ અને પરતઃ પ્રમાણ હતું, પરંતુ આસ્તિકતાવાળી પુસ્તિકાના પૃષ્ઠ ૧૬ ઉપર આ પહેલેથી જ લખાઈ ચૂક્યું છે,-''**प्रत्यक्ष वेदमूलो दर्शपौर्णमासादि श्रौतः। अनुमित शाखामूलः शौचमाचनादि स्मार्तः।**'' મહાત્માજીએ આ ઉપરાંત કહ્યું છે શું? મહારાજજીએ સંસ્કૃતનું અવતરણ આપ્યું અને એમણે એનો જ હિન્દી અનુવાદ કરી લીધો. આ તો ભાષાશૈલીગત ભેદ છે. ભાગવત નથી. પદ્મપુરાણના ઉત્તર ખંડમાં આ બીજા શબ્દોમાં કહેવાયું છે કે વેદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં દર્શાવાયેલી પૂજા શ્રૌત કહેવાય છે. વાશિષ્ઠી પદ્ધતિ અનુસાર કરાતી પૂજાને સ્માર્ત કહે છે તથા 'પાંચરાત્ર'માં દર્શાવેલું વિધાન આગમ કહેવાય છે. હવે આને શું કહીશું? જો લેખિત તથ્યોમાં તેઓ આટલું કપટ કરી શકે છે, નિરાધાર આરોપ ઘડી શકે છે, તો પછી મૌખિકનો તો ભગવાન જ માલિક છે.

*અંતે યજ્ઞસંબંધ પ્રકરણ પર વિચાર અપેક્ષિત છે. '**નહલા-દહલા**' પુસ્તિકામાં આચાર્યવરે લખ્યું છે કે વૈદિક યજ્ઞ હવે થતા નથી, થઈ પણ ન શકે. લાખોની દક્ષિણાવાળા આ યજ્ઞ ભારત જેવા ગરીબ દેશને માટે છે પણ નહીં, જેનું સોનુ પરદેશ ચાલ્યું જાય છે. એમની અનિવાર્યતા ક્યાંય પણ શાસ્ત્રોમાં જણાવવામાં આવી નથી. અનિવાર્ય તો પંચયજ્ઞ છે, જેમની પર કોઈ આક્ષેપ નથી કરી શકતું વગેરે... (પૃ. ૧૨-૧૩).

આ વાક્યોની સમીક્ષા કરતાં પહેલાં મસ્તારામબાબાજીની નાસ્તિકાતાવાળી પુસ્તિકાનું અવલોકન આવશ્યક છે, જેમાં ૧૪મા પાના ઉપર તે સ્વયં શ્રૌત યજ્ઞ, સ્માર્ત યજ્ઞ, ગીતાના ચૌદ પુરાણના યજ્ઞ, અગ્નિહોત્ર દર્શ પૌર્ણમાસ તથા લક્ષાહુત યજ્ઞો કરવા એને ધર્મ કહી ચૂક્યા છે. આશ્રમની પુસ્તિકાઓમાં વૈદિક યજ્ઞોનું જટિલ વિધિવિધાન દર્શાવ્યું, તો એમણે લખી નાખ્યું કે વૈદિક યજ્ઞ જરૂરી નથી. એક તરફ કહે છે કે વેદ જાણવા જરૂરી છે, અહીં કહે છે કે યજ્ઞવાળો ભાગ જરૂરી નથી. લાખોની દક્ષિણા વગર વૈદિક યજ્ઞ થઈ નથી શકતા! કેવી ભ્રાંતિ છે?

વિચારવા જેવું છે કે હવે યજ્ઞ કરવા જરૂરી નથી? શું વૈદિક યજ્ઞ કોઈ સત્યયુગને માટે જ હતા?

જો આચાર્યશ્રીનું આ કથન માની લેવામાં આવે તો એ અનેક મંત્રોનું શું થાય જેમાં યજ્ઞ કરવો જરૂરી છે એમ દશાવાયું છે? વેદ યજ્ઞ કરવાની આજ્ઞા કરે છે. **यावज्जीवं अग्निहोत्र, यावज्जीवं दर्श पौर्णमासाभ्याम् यजेत्।** વશિષ્ઠ ધર્મસૂત્ર ઉપનિષદમાં છે કે ત્રણ વૈદિક અગ્નિઓ (આવહનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ) પ્રજ્વલતિ કરવા અને એમાં દર્શ, પૂર્ણ્રમાસ, અગ્રયણ ઈષ્ટિ, ચાતુર્માસ્ય, પશુ અને સોમ-યજ્ઞ કરવા અનિવાર્ય છે. આ ત્રણ અગ્નિઓને ત્રેતા પણ કહે છે. આ ઉપરાંત ભોજન બનાવનાર અગ્નિને લૌકિક અગ્નિ તથા સભ્ય લોકોને ત્યાં ઠંડી દૂર કરતા અગ્નિને સાભ્ય અગ્નિ કહે છે. જેમના ઘરમાં આ પંચાગ્નિ હોય એને પંક્તિ-પાવન બ્રાહ્મણ કહેવાય છે. કેટલી ભ્રાંતિ છે?

આ કર્મકાંડોથી ભિન્ન યજ્ઞનું વિશુદ્ધ સ્વરૂપ વેદ તથા તે અનુસાર ગીતામાં છે. એમ પણ છે કે જે યજ્ઞ નથી કરતો એને માટે મનુષ્ય શરીર, લોક-પરલોક કાંઈ જ નથી અને મસ્તરામબાબાજી લખે છે કે અનિવાર્ય નથી. જ્યારે ગીતામાં છે કે યજ્ઞ, દાન અને તપ કોઈ પણ અવસ્થામાં તજવાયોગ્ય નથી. એટલું ચોક્કસ છે કે ગીતાનો યજ્ઞ સ્વાહા બોલાવાનો યજ્ઞ નથી, પણ મન અને ઈન્દ્રિયોથી થતો યજ્ઞ છે. એકાંત સ્થળ પર શાંતિપૂર્વક બેસીને એકલા જ કરવાનો છે. બહારની વસ્તુઓની એમાં જરૂર નથી. અમીર-ગરીબનો એમાં પ્રશ્ન નથી. હિન્દુ-મુસલમાન-ઈસાઈ-પારસી-યહૂદી કોઈ પણ હોય, ગીતાએ દર્શાવેલ યજ્ઞમાં પ્રાણીમાત્રને અધિકાર એકસમાન છે.

મસ્તરામજીના શબ્દોમાં હવે વૈદિક યજ્ઞ અનિવાર્ય નથી રહ્યો. અનિવાર્ય થઈ ગયો પંચમહાયજ્ઞ! વૈદિક યજ્ઞ તો બિચારા યજ્ઞ જ રહી ગયા, આ બની ગયા મહાયજ્ઞ, તો એની પર પણ વિચાર કરી લઈએ. પહેલી વાત એ જ છે કે પંચયજ્ઞ શબ્દ વેદમાં નથી, ઉત્તરકાલીન વ્યવસ્થાકારોની વ્યવસ્થામાં છે. કહે છે કે પંચયજ્ઞોને નિત્ય કરવાની આજ્ઞા છે, પણ નિત્ય તો ઘણાં કર્મ કરાય છે, જેમ કે મૈત્રકર્મ (મળમૂત્રત્યાગ),

દાંતની સફાઈ, સ્નાન વગેરે, તો શું એ ધર્મ થઈ ગયા? એ બધા સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના નિયમ છે, એમને ધર્મ કહેવાના લોભ હવે તો બંધ કરો.

જે પાંચને મહાયજ્ઞ કહે છે, એમને વિશે સ્મૃતિગ્રંથોમાં છે કે વેદનું અધ્યયન અને અધ્યાપન બ્રહ્મયજ્ઞ છે. દેવતાનું નામ લઈને 'સ્વાહા' શબ્દ બોલતાં બોલતાં અગ્નિમાં હવિ નાખવો એ દેવયજ્ઞ છે. આજકાલ હોમ વગેરેનું કાર્ય કેમિકલ અગરબત્તીઓથી પણ ચાલી જાય છે. તર્પણ પિતૃયજ્ઞ છે. રાંધેલા ભોજનનો એક અંશ કાઢવો એ ભૂતયજ્ઞ કે બલિ વિશ્વદેવ છે તથા અતિથિપૂજન નૃયજ્ઞ છે.

સૂત્ર અને સમૃતિગ્રથોમાં આ પાંચ યજ્ઞોની અનિવાર્યતાનું કારણ બતાવલું છે કે દરેક ગૃહસ્થ ૧. ચૂલો, ૨. ઘંટી, ૩. ઝાડુ, ૪. ઊખળ, મૂસળ, સૂપડું અને ૫. જળ માટે ઘડો રાખવાના સ્થળનો ઉપયોગ કરે છે. આ પાંચે સ્થાનો પર હિંસા થાય છે, જેનાથી બચવા માટે આ પાંચ મહાયજ્ઞો કરવા જોઈએ. હારીતિ ધર્મસૂત્ર શ્રદ્ધાપૂર્વક સાંભળવાનો પ્રયાસ કરો, જેના કેટલાક અંશોનો અનુવાદ આ પ્રમાણે છે,-

હવે અમે 'સૂનાઓ'ની વ્યાખ્યા કરીશું. (સૂના (૧) ગૃહસ્થને ત્યાં એવાં સ્થાન કે ચૂલો, ઘંટી વગેરે જેનાથી જીવહિંસાની સંભાવના રહે છે; (૨) હત્યા). એ એટલા માટે 'સૂના' કહેવાય છે કે ચલ-અચલ પ્રાણીઓની હત્યા કરે છે. પહેલી સૂના એ છે કે જે અચાનક જળમાં પ્રવેશ કરવાથી, જળમાં ડૂબકી મારવાથી, જળમાં થપાટો મારવાથી, વસ્ત્રથી ગાળ્યા વગર પાણી પીવાથી, ગાડીઓ ચલાવવાથી થાય છે. બીજી સૂના એ છે કે જે અંધારામાં અહીં-ત્યાં ચાલવાથી જાણ્યે-અજાણ્યે કીડી-મકોડા પર ચડી જવાથી થાય છે... વગેરે.

કહેવાની જરૂર નથી કે આ વ્યવસ્થા જીવનની દરેક ક્રિયાને હત્યા ઘોષિત કરીને, ભલીભોળી જનતાને ભયગ્રસ્ત કરીને દાન લેવાનાં ક્ષેત્ર વિસ્તારવાની યોજના માત્ર છે. આનો તો એ અર્થ પણ થાય કે જે લોકો આ પાંચ હત્યાસ્થળો સાથે કામ પાડતા નથી, એમને માટે પંચયજ્ઞ નકામો છે. પાણી-વ્યવસ્થા-નિગમના નળો સામે પાણીના ઘડાનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. નદી-તળાવોમાં સ્નાન, થપાટો મારવી એ બધું

ઓછું થઈ રહ્યું છે. ઊખળ, મૂસળ, ઘંટી કેટલાં ઘરોમાં છે? પંચયજ્ઞોની પાછળ જે કોઈ કારણ હતાં તો એ કારણો રહ્યાં નથી એમ જ માનો.

વાસ્તવિકતા એ છે કે પંચયજ્ઞ સરળ વૈદિક યજ્ઞોના નામે કર્મકાંડોના ઘૂસી જવાની પ્રતિક્રિયામાં બનાવાય છે. જટિલ ક્રિયાઓ ન કરી શકવા છતાં યજ્ઞ કરવાનો સંતોષ દરેક માણસને આપવાનો એના વ્યવસથાપકોનો ઉદ્દેશ હતો. આ પાંચે કર્તવ્યોમાં વ્યાવસાયિક પુરોહિત અને પુષ્કળ દક્ષિણાનો પ્રશ્ન નથી, વેદમંત્ર બોલવા ન બોલવાના અધિકારનો પ્રશ્ન નથી. વૈદિક યજ્ઞોની પ્રેરણા છે-સ્વર્ગ, સંપત્તિ, પુત્ર વગેરેની કામના તો પંચયજ્ઞ દ્વારા પ્રયાસ છે સમગ્ર વિશ્વ પ્રત્યે પોતાનાં કર્તવ્યોનું પાલન! અગ્નિમાં એક સમધિ હોમીને પણ આપણે પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી શકીએ છીએ, વાયુમંડલ શુદ્ધ કરી શકીએ છીએ, એક-બે શ્લોક ફક્ત બોલીને પ્રાચીન ઋષિસાહિત્ય અને સંસ્કૃતિ પ્રત્યે સ્મૃતિને જીવંત રાખી શકીએ છીએ, ભોજનના એક કળિયાથી અશક્ત મનુષ્યો, પશુપક્ષી, કીડા-મકોડા પ્રત્યે પણ મનુષ્યની સવિશેષ જવાબદારી પ્રત્યે સભાન થઈ શકીએ છીએ. એટલે જ ઋષિઓએ કહ્યું હતું કે જે એકલો ખાય છે, તે પાપ ખાય છે. એ યુગમાં અવરજવરનાં સાધન વિકસ્યાં નહોતાં. પ્રચુર માત્રામાં ભોજન-વસ્ત્ર લઈને પગપાળા યાત્રા કરવી એ આખા સમાજની એક સમસ્યા હતી. આ અગવડ દૂર કરવા માટે તથા વિચરણ કરતા રહેતા મહાત્માઓને માટે વ્યવસ્થા કરવા મનીષીઓએ અતિથિસત્કારને પણ કોઈ કર્મકાંડથી ઊતરતો નથી માનતા.

પંચયજ્ઞ નામથી પ્રચલિત આ વ્યવસ્થાઓમાં ઈતિહાસ છે, કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે, સન્માન છે, પ્રિય-સ્મૃતિ છે, સહિષ્ણુતા અને ઉદારતા પણ છે, પરંતુ એને રૂઢિ કે ઢોંગ બનાવી લેવા એ ધર્મ કદાપિ નથી. સુજ્ઞજનોને અનુરોધ છે કે ધર્મ શબ્દને એ મૂળ રૂપમાં ન રહેવા દેવો. જે વિશ્વભરના માનવમાત્રને માટે એક છે, જેની નિર્ધારિત ક્રિયાનં વર્ણન ભગવાન શ્રીકૃષ્ણની ગીતામાં છે.

સંસારભરના મનુષ્ય (તેઓ ગમે તે ધર્મના હોય) વિચાર કરે તો જોઈ શકશે કે એમના જુદા જુદા મહાપુરુષોએ સત્યનાં જે કિરણોનો એમને

પરિચય કરાવ્યો છે, એ બધાં જ એકલી ગીતામાં પહેલેથી જ દેદીપ્યમાન છે. આ જોઈને ગીતા પ્રત્યે એમનો આદર તથા વિશ્વાસ ઘણો વધી જવો જોઈએ, કે જે કાંઈ કહેવાનો એમના મહાપુરુષોને અવસર ન મળ્યો, પણ બધું ગીતામાં અવિકલરૂપે સંકલિત તથા સુરક્ષિત છે. ગીતા એમના અધૂરા અન્વેષણને પૂર્ણતા તરફ લઈ જનાર અમૂલ્ય નિધિ છે. કાલભેદથી એ બધા ધર્મો તથા એમની વ્યાખ્યાઓમાં વિકૃતિઓ પણ આવી ગઈ છે અને એ બધાનું સમાધાન છે 'યથાર્થ ગીતા'.

વિશ્વમાં બીજું કોઈ પણ ધર્મશાસ્ત્ર નથી, જેમાં પરમાત્માની શોધ માટે તત્પર વ્યક્તિને ઉપયોગી સાધનાનું, સાવધાનીઓનું પણ એક જ જગ્યાએ આટલું ક્રમબદ્ધ વર્ણન હોય, જે રીતે ગીતામાં છે. વિશ્વમાં જેટલા ધર્મગ્રંથ છે, તે બધા મળીને પણ ગીતા દ્વારા નિરૂપિત સત્યના દૂરદૂરથી પ્રતિનિધિમાત્ર છે. સત્યને સાચા રૂપે દેખાડવાનું છે, નજીકથી જોવાનું છે, ઠીક ઠીક જાણવું હોય તો ગીતાના પ્રકાશમાં જુઓ.

ગીતા તમારી છે, તમારે માટે છે,. એની અવહેલના તમારી પોતાની જ ન પૂરી શકાય એવી ક્ષતિ છે. એ ધર્મનું પરિમાર્જિત પુસ્તક છે, પ્રાચીન પુસ્તક છે. પછી એ જ ઈશ્વર મૂસા દ્વારા બોલ્યો, ઈશુ દ્વારા બોલ્યો, મહાવીર-બુદ્ધ-મુમ્મદ-નાનક અને કબીરમાં બોલ્યો, પણ ગીતા તો પરમાત્માનો પહેલો અવાજ છે. એનો આદર કરીને તમે ખુદાના પહેલા અવાજનો આદર કરો છો.

ગીતાનો સંદેશ કેવળ ઈશ્વર ને ધર્મ પર વિશ્વાસ રાખનારાઓ માટે જ નથી, દુરાચારીઓ માટે પણ છે. કેવળ ઈઝરાયેલીઓ માટે જ નથી, પણ વિશ્વભરના લોકો માટે છે. સંસારના અનેક ધર્મગ્રંથોમાં ભવિષ્યવાણીઓ છે, જાદુટોણા છે, સામાજિક વ્યવસ્થાઓ છે, ઈશ્વર દ્વારા કરાયેલા ઉપકારોનું વિવરણ છે, ચમત્કારોનું આંજી નાખતું નિરૂપણ છે, જેની પર આધુનિક વિજ્ઞાન પ્રશ્નચિહ્ન મૂકે છે, પણ ગીતાના સિદ્ધાંત નિતાંત આધ્યાત્મિક છે, નિર્વિવાદ છે. કોઈક ધર્મગ્રંથમાં ઈશ્વર વાતવાતમાં હજારો સ્વર્ગ અને નરકની ચેતવણી આપતો દેખાય છે, તો કોઈક સારા પાક-ભોગોનું પ્રલોભન, પણ ગીતામાં પરમાત્મા તમારી સાથે નિકટના

મિત્રની જેમ મળે છે, સલાહ આપે છે, તમારી સમીપ આવી જાય છે અને છેવટે પોતાના જેવા બનાવી લે છે. માટે ધર્મના ક્ષેત્રમાં આ મહાન ગ્રંથમાંથી પ્રેરણા લો અને પરમાત્મા સાથે તાદાત્મ્ય સ્થાપિત કરવાની દિશામાં અગ્રેસર થાઓ.

ગીતાની બાબતમાં પૂજ્યશ્રી મસ્તરામને પોતાને પણ કોઈ શંકા નથી, પણ આ પ્રશ્નોને એમણે જગતના હિતમાં ઊભા કર્યા અને તમે બધાએ ધીરજપૂર્વક આ બધું વાંચ્યું-સાંભળ્યું, તે બદલ અમે વિનમ્ર છીએ.

॥ બોલો સદ્‌ગુરુ ભગવાનનો જય ॥

॥ ૐ ॥

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात्॥

એ યુદ્ધ સાથે તે પુરુષ સર્વજ્ઞ અનાદિ, બધાના નિયન્તા, સૂક્ષ્મથી પણ અતિ સુક્ષ્મ, બધાંનું ધારણ-પોષણ કરનારા, પણ અચિન્ત્ય (જ્યાં સુધી ચિત્ત અને ચિત્તની લહેરો હોય, ત્યાં સુધી તે દેખાતો નથી. ચિત્તના નિરોધ અને વિલયકાળમાં જ જે વિદિત થાય છે), નિત્ય પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી પર એવા એ પરમાત્માનું સ્મરણ કરે છે. પહેલાં કહ્યું છે,- મારું ચિંતન કરે છે, અહીં કહે છે,- પરમાત્માનું. તેથી એ પરમાત્માના ચિંતન (ધ્યાન)નું માધ્યમ તત્ત્વસ્થિત મહાપુરુષ છે.

- 'યથાર્થ ગીતાઃ શ્રીમદ્ભગવદ્ગીતા'માંથી
ઉદ્ધૃત
(અધ્યાય ૮, શ્લોક ૯)

દાન

दक्षिणावन्तो अमृतं भजन्ते।
दक्षिणावन्तः प्रतिरन्त आयुः।

दानी अमृतप्राप्त करता है।
दानी दीर्घायु होता है।

ऋग्वेद १-१२५-६

દાન

प्रगट चारि पद धर्म के कलि महँ एक प्रधान।
येन केन विधि दीन्हे, दान करइ कल्याण॥

જોકે સત્ય, તપ, દયા અને દાન ધર્મનાં ચાર ચરણ છે, પણ સાધનાના આરંભમાં દાન જ શ્રેયતર છે. દાન પરમાત્મા તરફ છે. દાન સંસારને છોડવાનું શીખવે છે. જે દિવસથી તમે નાનુઅમથું દાન પણ કરો છો, તે દિવસથી સંસારને કોઈ ને કોઈ માત્રામા ંત્યાગો છો. સજ્જન અથવા મહાત્મા લોકો ધીરે ધીરે બધું જ ત્યાગી દે છે. દાનમાં ગરીબ-અમીરનો પ્રશ્ન નથી હોતો. સમયે સમયે અનેક રાજામહારાજાઓએ પણ પોતાના વૈભવનો ત્યાગ કર્યો, શાંતિ ન મળી તો ઈન્દ્રિયસંયમ કર્યો, એના ભોગોનો ત્યાગ કર્યો, મનને સંયમિત કર્યું. જે ક્ષણે મન સારી રીતે સમર્પિત થયું, અચલ સ્થિર થયું, એ રહ્યું જ નહીં, તે જ ક્ષણે ઈશ્વરનું ઈશ્વરત્વ પામી ગયા. દાન આવાગમનથી મુક્તિ તરફ પહેલું કદમ છે, તેથી દાન પ્રત્યેક દશામાં કલ્યાણકારી છે,-''**येन केन विधि दीन्हे दाम करइ कल्याण**।''-(રામચરિતમાનસ ૭/૧૦૩ ખ). કોઈ પણ પ્રકારે દાન કરવામાં આવે તે કલ્યાણ જ કરે છે.

બીજાના ભલા માટે જે આપવામાં આવે છે તે દાન છે. દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે એનો પાડોશી ભૂખ્યો ન સૂએ. ઈતિહાસમાં એવી કથાઓ પ્રચુર પ્રમાણમાં ઉપલબ્ધ છે. જ્યારે પ્રાકૃતિક પ્રકોપો-અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરેની કરુણ પરિસ્થિતિમાં, સંપન્ન વ્યક્તિઓએ પોતાનું સર્વસ્વ આપીને પ્રાણોની રક્ષા કરી છે. આ સંદર્ભમાં રાજા રન્તિદેવનો કીર્તિમાન આજે પણ પ્રાસંગિક છે, જેમણે દુકાળના સમયમાં અન્નભંડાર, રાજકીય ભંડાર પ્રજાજનોને સમર્પિત કર્યા પછી પોતે ચાળીસ દિવસ સુધી અન્ન-ગ્રહણ ન કર્યું. એવી માન્યતા હતી કે પ્રજા પુત્રસમાન હોય છે, પ્રાણસમાન હોય છે. જો પ્રજા ભૂખે મરી રહી હોય તો હું કેમ અન્ન-ગ્રહણ કરું? દાની બીજાઓના પ્રાણને પોતાના જેવો માને છે, રજમાત્ર પણ પોતાનાથી અળગો નથી જોતો. ખરેખર તો એ જ સાચો દાની છે, એ જ દાન કરી શકે છે, બધા નથી કરી શકતા.

દાનમાં દેખાડો ન હોવો જોઈએ, નહીં તો તે પોતાનું ફળ અહીં જ પામશે. એવા દાનથી એણે તો સમાજમાં પ્રતિષ્ઠા ઝંખી હતી, તે મળી ગઈ. દાન ગોપનીય ક્રિયા છે. શ્રીકૃષ્ણ અને સુદામાની કથા કંઈક એવો જ આદર્શ દર્શાવે છે. બાલસખા સુદામા શ્રીકૃષ્ણના ભાગના થોડાક ચણા ચોરીને ખાઈ ગયા. માઠું પરિણામ એ આવ્યું કે એમને વૃદ્ધાવસ્થા સુધી ગરીબાઈમાં જીવન વિતાવવું પડ્યું. સુદામા ભક્ત હતા, તપસ્વી હતા. ભિક્ષાના અન્નથી જીવનનિર્વાહ ચલાવતા હતા, પણ સ્વાભિમાની હતા. એક દિવસ એમની પત્નીએ ગમે તેમ કરીને, અનુનય-વિનંતી કરીને એમને શ્રીકૃષ્ણ પાસે મદદ માટે મોકલી જ દીધા. દીનહીન દશામાં સુદામા દ્વારકા પહોંચ્યા. દ્વારપાળે સુદામાનો પરિચય આપ્યો,-

शीश पगा न झगा तन पै प्रभु जाने को आहि बसै केहि ग्रामा।
धोती फटी सी लटी दुपटी अरु पाय उपानह की नहिं सामा।
द्वार खडो द्विज दुर्बल एक रहयो चकि सो वसुधा अभिरामा।
पूछत दीन दयाल को धाम बतावत अपनो नाम सुदामा॥

- નરોત્તમદાસ

સુદામાનું નામ સાંભળતાં જ શ્રીકૃષ્ણ ઊઠીને ઊભા થઈ ગયા. રાજકાજ અટકી ગયું. પડતા-આખડતા-દોડતા પહોંચ્યા સુદામા પાસે, અમને ભેટી પડ્યા. સુદામાની દશા જોઈને વ્યાકુળ થયા. એમને ઊંચકીને પોતાના સિંહાસન પર બેસાડ્યા. આંસુઓથી એમનાં ચરણ ધોયાં. પોતાના મહેલમાં રાખ્યા. સ્વાગત-સત્કાર કર્યો અને એ દિવસ પણ આવ્યો જ્યારે શ્રીકૃષ્ણે એમને ભાવભીની વિદાય પણ આપી દૂર સુધી મૂકવા ગયા, ભેટ્યા ને પ્રેમથી વિદાય કર્યા.

સુદામાઅ જોયું ને ના તો અમનું પહેરણ બદલાયું, નથી લાકડી બદલાઈ. ઉપરણો જીર્ણશીર્ણ થતો થતો થોડોક બચ્યો હતો, તે પણ અમ જ રહ્યો. મનમાં પશ્ચાત્તાપ કરવા માંડ્યા કે નકામો આવ્યો. વિચારોમાં ખોવાયેલા સુદામા પોતાને ગામ ગયા. અમની ઝૂંપડી પણ ત્યાં નહોતી. ત્યાં કોઈ મહેલ ઝગમગી રહ્યો હતો. સુદામાની પત્ની દાસદાસીઓથી ઘેરાયેલી મહેલમાંથી બહાર આવી અને બોલી કે હવે આ બધું તમારું છે. ઝૂંપડીની જગ્યાએ સુદામાપુરી વસી ગઈ હતી. અહીં

દ્વારકાપુરી અને ત્યાં એટલું બધું આપી દીધું કે સુદામાપુરી બની ગઈ. શ્રીકૃષ્ણે સુદામાને પોતાના જેવી સ્થિતિ પ્રદાન કરી. ત્યાંના લોકો પણ એ જ વૈભવથી જીવનનિર્વાહ કરવા માંડ્યા, જેમ દ્વારિકાના નાગરિકો સાધનસંપન્ન હતા. શ્રીકૃષ્ણનું પોતાનું ધામ તો સમુદ્રમાં ડૂબી જ ગયું, પણ સુદામાપુરી બચી ગઈ. અમણે સુદામાને કહ્યું પણ નહીં કે અમે તમને કંઈક આપીએ છીએ, પણ સર્વસ્વ આપી દીધું. દાન ગોપનીય જ ફલીભૂત થાય છે.

ભાગ્યવાન વાચકોની શ્રેણીમાં મહારાજ મનુનું નામ પણ આવે છે. તે ચક્રવર્તી નરેશ હતા. વિશ્વના સ્રષ્ટા હતા, પણ અમનેય મહાન દુઃખ હતું. એક ખોટ સાલતી હતી કે જીવન આરાધના વગર જ વીતી જવા માગે છે. ઘરમાંથી નીકળી પડ્યા, નૈમિષારણ્યમાં ગયા. ઋષિઓને મળ્યા, સાધનાક્રમ સમજ્યા અને આરાધનામાં લાગી ગયા.એ માનતા હતા કે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ જેમના અંશમાંથી ઉત્પન્ન થયા છે, એવા પ્રભુ પણ સેવકના વશમાં હોય છે, તો અમારી અભિલાષા જરૂર પૂરી કરશે. મન સર્વસ્વ આપીને પ્રભુની પ્રભુતા ઈચ્છતા હતા, એમનાં દર્શન ઝંખતા હતા. મનથી પ્રભુને સમર્પિત થયા, ચિત્ત-નિરોધ થવા માંડ્યો. ભગવાને કહ્યું, આકાશવાણી થઈ કે મને મહાદાની માનીને નિઃસંકોચ વર માગો. મનુએ નિવેદન કર્યું ને કેવળ પ્રભુને જ માગ્યા. ભલે. જો માગવું જ હોય તો ભગવાન પાસે માગો. તેઓ મહાદાની છે. ભગવાનને જ માગી લો. ભગવાન આવશે તો એમની ભગવત્તા, એમની વિભૂતિ, આલોક, ઐશ્વર્ય બધું જ તમારી આસપાસ રહેશે, માટે પ્રભુદર્શન સિવાય બીજી કોઈ પણ ક્ષુદ્ર કામના ન કરવી જોઈએ.

સૃષ્ટિમાં દાન બે પ્રકારનાં છે,-આધ્યાત્મિક અને ભૌતિક. ભૌતિક દાનના પણ ત્રણ-ચાર અંગ છે,-વિદ્યાદાન, ભિક્ષાદાન, સ્વાસ્થ્યદાન, અન્નદાન,-જેમાં વસ્ત્ર તથા આવાસ વગેરે બધું જ આવી જાય છે. ચોથું શ્રમદાન કે સેવા. ભૌતિક દાનોમાં સર્વોપરી દાન વિદ્યાનું છે,-**अन्ने क्षणिका तृप्तिः विद्या यावज्जीवनम्।** અન્ન ક્ષણિક તૃપ્તિ આપે છે, પણ વિદ્યા જીવનપર્યંતનું બળ છે. સંત-મહાત્માઓ, ધનિક વ્યક્તિઓ તથા સરકાર દ્વારા વિદ્યાલયોની સ્થાપના કરાય છે. જો કોઈને કેળવણી અપાય તો એના જ માધ્યમથી જે સદ્‌બુદ્ધિ, સન્માન, અન્ન, વસ્ત્ર બધું જ પામે. જીવન માટે આવશ્યક બધા

સ્રોત એને માટે ખૂલી જાય છે. વિદ્યાહીન દેશ આદિવાસી કહેવાય છે, જેમ કે આફ્રિકા. વિદ્વાનોની વચ્ચે અશિક્ષિતોની એ જ સ્થિતિ થાય છે, જેમ હંસોની વચ્ચે કાગડાની થાય છે. કાગડો ફક્ત પોતે જ ગંદો નથી રહેતો, પણ પોતાનાં બચ્ચાંને પણ એ જ ખવડાવે છે, એ જ શીખવે છે. તેથી શ્રેષ્ઠ સામાજિક રચના માટે વિદ્યાદાન સર્વોપરી છે.

સ્વાસ્થ્યદાન-ઉત્તમ સ્વાસ્થ્ય લૌકિક તથા પારલૌકિક ઉપલબ્ધિઓની આધારશિલા છે. દુઃખથી તરફડતી વ્યક્તિને પહેલી આવશ્યકતા એને નિરોગી કરવાની છે. પીડા દૂર કરવી એ બહુ મોટું દાન છે, તેથી અનેક સમાજસેવકોએ માનવસેવાને ઈશ્વરસેવા સમાન ઘોષિત કરીને પીડિત માનવતાની સેવા માટે ઔષધાલયો સ્થાપ્યાં, સ્વામી વિવેકાનંદજીએ આવુ એક મિશન જ બનાવી દીધું. મનુષ્યમાં ઈશ્વર સુધીની શોધની સંભાવના રહેલી જોઈને અનેક મનીષીઓએ આજીવન સ્વાસ્થ્યદાન દેવાનું વ્રત જ લઈ લીધું. રોકફેલર ફાઉન્ડેશન જેવી ધમાર્થ સંસ્થાઓ દાનદાતાઓના સૌજન્યથી વિશ્વભરમાં કાર્યરત છે. કેટલીક રોગનિરોધક રસી આ જ સંદર્ભમાં મુકાવવામાં આવે છે, પરંતુ ગમે તેટલી પીડા દૂર કરવામાં આવે, તો પણ આ શરીરે એક દિવસ તો જવાનું જ છે. મરણ, દુઃખનું નિવારણ આ સ્વાસ્થ્યદાનથી કે કોઈ પણ ભૌતિક દાનથી સંભવ નથી, તેથી ભૌતિક દાનોની જેમ સ્વાસ્થ્યદાન પણ એક હદ સુધી જ ઉપયોગી છે.

અન્નદાન-''**अन्न दान अरु रस पीयूषा**'' રામચરિતમાનસકારે અન્નદાનનો મહિમા દર્શાવ્યો છે કે અન્ન સામાન્ય દાન નથી, પણ જીવન છે. ભૂખથી તરફડતા આત્માને તે તુરંત પૂરતું જીવન પ્રદાન કરે છે, એને મોતના મુખમાંથી બહાર આણે છે. અન્ન શરીરનું ઈંધણ છે. એના વગર શરીર ટકતું નથી, તેથી એના કરતાં શ્રેષ્ઠ દાન બીજું કાંઈ જ નથી, પણ આ અન્નદાન હંમેશને માટે કોઈના પ્રાણની રક્ષા તો કરી શકતું નથી. આયુષ્ય પૂરું થતાં, અન્ન હોય તોય લોકો મરી જાય છે. અંતે તો વિદ્યા પણ કામ નથી આવતી. આવી પરિસ્થિતિમાં આથીય શ્રેષ્ઠ દાન અભયદાન છે.

અભયદાન-''**दामन् परम् किम् त्वभयं सदैव**''-શંકરાચાર્ય. ભય પ્રકૃતિમાં છે, પરમાત્મામાં નહીં. પરમાત્મા જ અભય છે. શરણાગતની

રક્ષા કરવી એ સર્વોપરી દાન છે, પણ પ્રકૃતિના દ્વંદ્વથી છોડાવીને માત્ર પરમાત્મામાં પ્રવેશ અપાવવો એ યોગીઓનું દાન છે, જ્યાં મનુષ્ય પૂર્ણપણે અભય થાય છે.

આધ્યાત્મિક દાન-યોગીના ક્ષેત્રની વસ્તુ છે. બીજું કોઈ આ દાન આપી શકતું નથી. પ્રકૃતિના આધિપત્યમાં બધાં જીવન તરફડી રહ્યાં છે, એની અધિકૃત ભૂમિ છે. એના નિયંત્રણમાંથી બહાર આવીને આત્માનું આધિપત્ય અપાવવું એ અધ્યાત્મ કહેવાય છે. જે પુરુષને આત્મા વિદિત હોય, જે આત્મા સાથે ઓતપ્રોત અને એમાં જ સ્થિત હોય તે મહાપુરુષ યોગી છે અને એ જ આ આધ્યાત્મિક દાન દઈ શકે છે. ભગવાન બુદ્ધ, મહાર્ષિ નારદ વગેરે આ જ સ્તરના દાતા હતા. ઝૂંપડીથી માંડીને કેટલાય ચક્રવર્તી રાજકુમારોને નારદજીએ બ્રહ્મતત્ત્વ સુધી પહોંચાડ્યા. પ્રચેતાના દશ હજાર રાજકુમાર, દશ પ્રજાપતિના પુત્રો, ભક્ત પ્રહ્લાદ, ભક્ત ધ્રુવ, પાર્વતી અને સીતા બધાંના ગુરુ નારદ હતા. કુંભકર્ણ જેવા રાક્ષસને પણ ઉપદેશ આપવાનો સમય એમણે કાઢ્યો જ અને પરમાત્મા તરફ વાળ્યા. (રાવણને એણે કહ્યું,-''**नारद मोहि ज्ञान जो कहा। कहतेउँ तोहि समय निरवहा।**'') પ્રત્યેક મહાપુરુષની આ જ ભૂમિકા હોય છે.

સતી અનુસૂઈયા આશ્રમના શ્રી પરમહંસજી મહારાજ આ જ સ્તરના મહાપુરુષ હતા. ઘણા સાધકો એમના શરણમાં ગયા. મહારાજે એમને માટે જીવનોપયોગી વ્યવસ્થા આપી તથા એમને અનંત જીવન તરફ વાળ્યા. સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ ધારકુંડીને નિર્દેશીને એક વાર એમણે કહ્યું હતું કે જેને તમે લોકો બહુ મોટા માનો છો તે મારી પાસે આવ્યો હતો ત્યારે ભગવાને કહ્યું કે આનું આયુષ્ય છ જ મહિના બાકી રહ્યું છે. એને જીવન મેં આપ્યું છે. સ્થિતિ મેં આપી છે, એ જે કાંઈ પણ છે, તે મેં બનાવ્યો છે.

ગુરુ મહારાજજી મારી તરફ પણ વળ્યા. કહેવા માંડ્યા, જીવન તો તમારું પણ બહુ થોડું છે, આયુષ્ય છે જ નહીં, જોકે તે વખતે અમારું શરીર પહેલવાન જેવું હતું, તેથી મહારાજજીની અટપટી વાણી અમને સમજાઈ નહીં.

મહારાજજીના શરણે આવ્યા પછી અઢી વર્ષ બાદ અમે માંદા પડ્યા. શરીર હાડપિંજર જેવું થઈ ગયું. અનુભવમાં એક દૃશ્ય દેખાયું. બે-ચાર પરિચિત લોકો મને પ્રેમથી મળ્યા અને ઘોર જંગલમાં લઈ ગયા. ત્યાં એક વિશાળ શસ્ત્રાગાર દેખાયો, જેનું બારણું લગભગ ૧૫-૨૦ ફૂટ પહોળું હતું. અમે ત્યાં સુધી પહોંચ્યાં કે તરત જ બારણું આપમેળે ખૂલી ગયું. અંદર શસ્ત્રોની ચમકથી ખંડ ઝગમગી રહ્યો હતો. બધાએ પ્રવેશ કર્યો કે તરત બારણું બંધ થઈ ગયું. સાથેનાઓએ એક-એક અસ્ત્ર ઊંચકી લીધું. એ લોકોએ એકબીજાને કહ્યું, 'હવે શું જુઓ છો? જલદી આને મારી નાખો.' એમનાં શસ્ત્રો અમારી નજીક આવી રહ્યાં હતાં. અમે વિચારતા હતા કે જો આ વખતે બચી જવાય તો એટલી સાધના કરીશું કે આમની પકડમાં આવી ન જવાય. એ લોકોને અનુનય-વિનંતી કરવા માંડી કે કેવળ એક તક આપો, કેવળ એક વાર છોડી દો. પણ અમારી વિનંતીનો એમની પર કોઈ પ્રભાવ પડતો નહોતો. તેઓ આગળ વધી રહ્યા હતા. જ્યારે તેઓ પાસે આવી ગયા ત્યારે અચાનક જ પાછળ હટવા માંડ્યા. ફાટક છૂટું પડવા પાડ્યું, દૂર જઈને પડ્યું. અમે એમને કહ્યું કે હું કારણ વગર જ તમને વિનંતી કરતો હતો, ડરતો હતો. હજી કાલે જ તો મહારાજજીની છડી મને લાગી હતી. હવે તમે લોકો મને મારી નહી શકો. સવારે મહારાજજીએ કહ્યું તે તેઓ બોલ્યા, 'બેટા! થવાનું હતું તે ટળી ગયું! તમારી પાસે તો આયુષ્ય જ નહોતું. હવે તમે નિરંતન સાધના કરો, હવે ચૂકશો નહીં. ''**मंत्र महामणि विषय व्याल के। मेटत कठिन कुअंक भाल के।**'' પોતાની સાધનાના પ્રભાવથી અસાધ્ય કુઅંક પણ મરી જાય છે. મહાપુરુષ પોતાની ઈચ્છાથી તેને મિટાવી દે છે. આપણી જ શ્રદ્ધા જ ત્યાંથી કૃપા બનીને પાછી આવે છે અને ફલદાયિની થાય છે.

પૂજ્ય મહારાજજી કહ્યા કરતા હતા,-'હા, સંસારમાં બધા દાની જ તો બન્યા છે, પણ અસલી દાની હું છું. હું મોક્ષ આપું છું. સત્પુરુષો જેવા દાની સંસારમાં કોઈ નથી.' મહારાજજીએ ઘણાને જીવન આપ્યું, સાધના આપી અને અનંતજીવન, શાશ્વત સ્વરૂપ તરફ વાળ્યા, જે આજે પણ મહારાજજીની કીર્તિના પ્રામાણિક હસ્તાક્ષર છે.

યોગી દ્વારા અપાતું આ સર્વોત્કૃષ્ટ દાન પામવા માટે સાધકે એક દાન કરવું પડે છે. એ છે મનનું દાન, વિચારોનું દાન, મન-કર્મ-વચનથી સમર્પણ! જો ગુરુ કહેતા હોય કે આ આંબાનું ઝાડ છે, તો એ બાવળનું હોય તો પણ કહેવું કે આંબો છે. આંબાનાં જ ફળ મળશે. તમે આજને જ જુઓ છો, એ મહાપુરુષ આગળ શું થવાનું છે તે જુએ છે. તેઓ ભવિષ્યની સંરચના જુએ છે. તેથી ગુરુનાં વચનોમાં ક્યારેય તોડમરોડ, વધારો-ઘટાડો ન કરવો જોઈએ. સમર્પિત સાધક આ તરત પામી જાય છે.

આ વિશે રાજર્ષિ જનકથી કથા અનુશ્રુતિઓમાં છે. મહારાજ જનક પૂર્વજન્મના ક્રિયાશીલ યોગી હતા. યોગના સંસ્કાર એમનામાં પ્રબળ હતા, તેથી રાજકીય વૈભવ એમને સુખદ લાગતો નહોતો. એમણે એક સ્વપ્ન જોયું. તેથી એમને ગભરાટ થયો. વિદ્વાનોને બોલાવીને એમણે પ્રશ્ન કર્યો કે મેં જે સ્વપ્ન જોયું તે સત્ય છે કે જે જોઈ રહ્યો છું તે સત્ય છે? બધાએ પોતાની રીતે ઉત્તર તો આપી દીધા, પણ તેથી સમાધાન ન થતું જોઈને રાજાએ બધાને જેલમાં પૂરી દીધા. વર્ષો સુધી આમ ચાલ્યું. રાજાની વ્યાકુળતા વધતી ગઈ. વિદ્વાન બનીને દરબારમાં જવા કોઈ તૈયાર જ નહોતું થતું.

છેવટે જનકના દરબારમાં અષ્ટાવક્ર પધાર્યા. એમને જોઈને જનકની આખી સભા હસવા માંડી. જ્યારે બધાનું હસવાનું બંધ થયું, ત્યારે અષ્ટાવક્ર પણ હસવા માંડ્યા, હસતા જ રહ્યા. જનકને લાગ્યું કે આ પાગલ તો નથી ને? પૂછ્યું, 'ઋષિવર! આપ હસ્યા કેમ?' અષ્ટાવક્રે કહ્યું, 'પહેલાં તો તમે લોકો જ હસતા હતા, એટલે પહેલાં તમે જ કહો.' દરબારીઓએ કહ્યું કે એકએકથી ચડિયાતા વિદ્વાન રૂપવાન જે પ્રશ્નનો ઉકેલ ન આપી શક્યા, એ પ્રશ્ન ઉકેલવા તમે આવ્યા એ જોઈને બધાને હસવું આવી ગયું. તમારા દાંત પાછળ જઈ રહ્યા છે, આંખો ઊલટી છે, હાથપગ વાંકા છે. તમારો દેખાવ જોઈને બધા હસી પડ્યા.' ઋષિએ કહ્યું, 'રાજન! મને પણ એથી જ હસવું આવી ગયું કે આ વિદ્વાનોની નહીં પણ ચમારોની સભા છે. ઉપરની ચામડીના પારખુઓ જ અહીં છે. શું આત્માના દાંત ઉપર છે? આંખો બહાર નીકળેલી અને

પગ પાછળ છે? શરીર તો રહેવાનું એક મકાન છે, એનો આશરો લઈને આપણે આત્માની શોધ કરવાની છે.' દરબારમાં ચુપકીદી છવાઈ ગઈ.

રાજાએ પોતાનો પ્રશ્ન રજૂ કર્યો. અષ્ટાવક્ર બોલ્યા, 'રાજન! કંઈક દાન આપો.' રાજાએ કહ્યું, 'તમે એક હજાર ગાય લઈ લો.' ઋષિએ પૂછ્યું, 'બસ આટલું જ?' રાજાએ સુવર્ણ મઢેલાં શીંગડાવાળી, દશ હજાર ગાય આપવાનો પ્રસ્તાવ મૂક્યો. ઋષિએ આગ્રહ કર્યો, આના કરતાં પણ મોટી કોઈ પોતાની વસ્તુ આપો. રાજાએ અર્ધું રાજ પણ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. અષ્ટાવક્ર ચિડાયા,-'કોઈ વાર ગાયદાન તો કોઈ વાર રાજ્યદાન! શું આ રાજ્ય તમારું છે? તમારા પહેલાં અહીં કોણ રાજા હતો? તમારા પછી આ કોઈ બીજાનું થશે, તો તે તમારું કેવી રીતે? કોઈ પોતાની વસ્તુ આપો.' જનકને સમજાયું નહીં, બોલ્યા, 'ભગવન, કંઈક યાદ કરાવો.' ઋષિએ કહ્યું, 'તમારું મન દાનમાં આપી દો.'

જનકે તરત મનનો સંકલ્પ કર્યો. એ મહાપુરુષ એક તરફ બેસી ગયા, ધ્યાન ધરવા માંડ્યા. જનક ઊભા જ રહ્યા. વિચારવા માંડ્યા, આમને મોંમાગ્યું દાન આપ્યું પણ એમણે અમને બેસવાનુંય કહ્યું નહીં અને અમારા પ્રશ્નનો જવાબ પણ ન આપ્યો. જનક ગુસ્સે થયા, પણ ત્યાં તો ખ્યાલ આવ્યો કે પોતે મનનું દાન આપી દીધું હતું, તો આ ક્રોધ કોણ કરી રહ્યું છે? લાગે છે મન હજી અમારી જ પાસે છે. જેને આપ્યું છે એ જ મહાત્માનું મનન એમણે કરવું જોઈએ. જનક બેસી ગયા, મુનિનું ધ્યાન ધરવા માંડ્યા. સાંજ થતાં થતાં જનકને સમાધિ લાગી ગઈ. એ દશામાં એ મહાપુરુષે જનકના હૃદયમાં કહ્યું કે સપનામાં તમારું ભિખારી બનીને ફરવું કે જાગતા હો ત્યારે સિંહાસન પર બેસવું, એમાંથી કોઈ સાચું નથી. સત્ય છે પરમાત્મા. પ્રયત્ન કરી એને પામો. આ રીતે સદ્‌ગુરુ પ્રત્યે અંતઃકરણનું સમર્પણ સાધકનું સાચું દાન છે.

દાનવીરોની સૂચિમાં મહર્ષિ દધીચિનું નામ બહુ આદરથી લેવાય છે. કહેવાય છે કે એમણે દેવતાઓના રક્ષણ માટે પોતાનાં હાડકાં સુદ્ધાં દાનમાં આપી દીધાં હતાં. મહર્ષિની આખી કથા જ આધ્યાત્મિક રૂપક છે. તેઓ અવા મહાપુરુષ હતા કે જેમની વૃત્તિઓ ધ્યાનમાં અચલ સ્થિર થઈ ગઈ હતી. '**अस्थिमात्र होइ रहेउ शरीरा।**' આવી અવસ્થામાં જ

આસુરી સંપત્તિનો પૂર્ણ વિનાશ તથા દૈવી સંપત્તિની સુરક્ષા થઈ શકે છે. હાડકાંનું આ દાન કોઈ વિરલ અધિકારી સાધકથી જ પાર પડે છે. આમ તો એવી વ્યવસ્થા બધાની અંદર છે. એ માટે સાધકે લગનીશીલ દૃઢ ટેકાવાળા થવું જોઈએ. આવું જ કથાનક રાજા હરિશ્ચંદ્રનું પણ છે. આ બધી આધ્યાત્મિક કથાઓનો એક જ આશય છે.

रेग जारो में बगूलों के सिवा कुछ भी नहीं॥
साया ये अब्रे गुरेजाँ से हमें लेना भी क्या?

ઘોર રણમાં તપેલી રેતીના ઊડતા ચક્રવાતો સિવાય કાંઈ જ નથી. ચારે તરફથી દઝાડી રહેલી એ ભીષણ ગરમીમાં ચક્રવાતો સાથે અહી-ત્યાં ઊડતાં વાદળોની જીવલેણ છાયા શું ખરેખર શીતળતા આપી શકશે? વસ્તુતઃ આખો સંસાર જ એક બળતું મરુસ્થળ છે. એમાં પિતા-પુત્ર, પતિ-પત્ની, મિત્રો તથા સંબંધીઓની છાયા, વિદ્યા-સ્વાસ્થ્ય-અન્ન વગેરેના વિશાળ ભંડાર, વિપુલ કોશ, સુખ આપતાં બધા સાધન રેતાળ આંધીઓની વચ્ચે દોડતાં નાનાં-મોટાં વાદળાં દ્વારા અપાયેલી શીતળતાથી વધારે નથી. છાયા પામવાની આશાવાળા રેતીના ઢુવા નીચે દબાઈ જાય છે. ''**कल जो बैठा मंच पर आज मसाने दीख।**'' સંસાર આટલો નશ્વર છે, તો પણ મોહનું એટલું જબ્બર ખેંચાણ છે કે લોકો એક પળ પણ એનાથી વિરક્ત નથી થઈ શકતા. એની નશ્વરતા દેખાડીને સહજ સ્વરૂપ તરફ દોરી જવા એ સાચા દાનની ભેટ છે, જેને એ ભગવત્તતાનો બોધ છે. રામચરિતમાનસના ઉત્તરકાંડમાં છે,-

सोई धर्मज्ञ गुणी सोइ ज्ञाता।
सोइ महि मण्डित पण्डित दाता॥
धरम पराधन सोइ कुल ताता।
राम चरन जा कर मन राता॥

તે ધર્મજ્ઞ છે, ધર્મનો વિશેષજ્ઞ છે, તે ગુણવાન છે, જ્ઞાતા છે, બધું જાણે છે, પૃથ્વી પર એનું જ સન્માન થાય છે, એ જ પંડિત અને દાતા છે,-એની જ પાસે દેવાયોગ્ય કશુંક છે, જેની પાસે હોય એ જ આપી શકે છે. કોણ? ''**राम चरन जाकर मन राता।**'' પરમાત્માનાં ચરણકમળમાં

જેનું મન અનુરક્ત હોય, એવા યોગી સંત જ વાસ્તવિક દાનદાતા છે. એક તરફ પરમાત્મા મહાદાની, બીજી તરફ આ સંત દાની! આવા સંત સત્પુરુષોનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવું, પણ જે એક ઈશ્વરને છોડીને અનેક જગાએ શ્રદ્ધાનું વિકેન્દ્રીકરણ કરવા માંડે છે, તે તો ઈશ્વરપથમાં આવેલું એક વમળમાત્ર છે.

દાન સદ્‌ગૃહસ્થના આશ્રમની શોભા છે. અતિથિસત્કાર પણ દાનમાં જ આવી જાય છે. એક વાર જોધપુરના મહારાજનો એક પ્રબળ શત્રુ એમના રાજ્યની સીમા પરથી પસાર થયો. રાજાને ખબર પડતાં જ તેણે પીછો કર્યો. રેતીના ઢુવા પરથી દોડતો, તરસથી તરફડતો એ શત્રુ એક ઘરમાં પહોંચ્યો, બોલ્યો-મને બહુ જ તરસ લાગી છે, પાણી પિવડાવીને મારા પ્રાણની રક્ષા કરો. સંયોગવશાત્ એ ઘર રાજાના વિશ્વાસુ સરદારનું હતું. સરદારે ઓળખ્યા તો ખરા જ. પાણી પીવડાવ્યું, દૂધ પીવડાવ્યું, સ્વાગત કર્યું અને રસ્તો દેખાડીને વિદાય પણ કર્યા, થોડી જ વારમાં શત્રુને શોધવા મહારાજ પણ ત્યાં જ પહોંચ્યા. એમણે એ શત્રુ વિશે પણ સરદારને પૂછ્યું. સરદારને ચૂપ જોઈને બોલ્યા,-'અતિથિ સમજીને તમે એને જવા દીધો; પણ હું શોધી લઈશ. રાજા ચાલવા માંડ્યા, તો સરદારે પણ તલવાર ઉગામી અને ઊંટ પર સવાર થઈને રાજાની મદદ માટે નીકળી પડ્યો, કારણ કે શત્રુ જોરાવર હતો. આ રીતે, બારણે આવેલા શત્રુનેય અવધ્ય માનવો, શરણાગતને જીવનદાન દેવું, આતિથ્યસત્કાર કરવો એ પણ દાનનું એક મુખ્ય અંગ છે,

મહારાજ હર્ષના સમયમાં ચીનનો યાત્રી હ્યેનસાંગ બૌદ્ધ ધર્મનું અનુશીલન કરવા ભારત આવ્યો. પર્યટન દરમિયાન તેણે લોકોને પૂછ્યું કે અહીં ભોજનની શી વ્યવસ્થા છે અને ક્યાં મળશે? જેને પૂછવામાં આવ્યું હતું તે બોલ્યો, 'ભદ્ર! આપનું સ્વાગત છે.' સન્માનપૂર્વક પોતાને ઘરે લઈ ગયો, ભોજન કરાવ્યું અને વિદાય કર્યો. આવી જ નિઃશુલ્ક વ્યવસ્થા એને દરેક જગાએ મળતી ગઈ. ભોજન અને જળ એને સર્વત્ર મળ્યાં, આદર સાથે મળ્યાં, મીઠાં વચન મળ્યાં,-આ પણ એક દાન છે. છેવટે હ્યેનસાંગે પોતાના યાત્રાવૃત્તાંતમાં લખ્યું છે કે ભારતના લોકો અતિથિસત્કારમાં એકબીજા સાથે સ્પર્ધા કરે છે. એમની વાણી બહુ

મધુર છે. વસ્તુતઃ ભારત દેવભૂમિ છે, અહીં મનુષ્ય નહીં, દેવતા રહે છે. સદ્‌ગૃહસ્થોએ સદાય આનો વિચાર કરવો જોઈએ અનો કોઈ ભિક્ષુ કે જરૂરિયાતવાળાને જ જમાડીને જ પોતે ભોજન કરવામાં પ્રસન્નતા અનુભવવી જોઈએ.

સદ્‌ગૃહસ્થ દાનવીરોમાં કર્ણનું નામ આવે છે. એના દાનની ત્રણ કથાઓ પ્રસિદ્ધ છે. એક વાર એણે પોતાના મહેલના બધા દરવાજા તોડાવીને દાનમાં આપી દીધા. બીજી, કવચકુંડળ આપી દેવાં અને ત્રીજી મરણાસન્ન અવસ્થામાં દાંતનું સોનું કાઢીને દાન કરવું. સૌથી પહેલાં જોઈએ કાષ્ઠનાં બારણાં તોડવાની ઘટના. શ્રીકૃષ્ણ કર્ણની દાનવીરતાની ચર્ચા અર્જુન સાથે કરતા જ રહેતા કે કર્ણને ધન્ય છે, એનું દાન ધન્ય છે. સાંભળી સાંભળીને અર્જુનના કાન પાકી ગયા. એક દિવસ બહુ અસહ્ય થઈ ગયું ત્યારે તેણે કહ્યું, 'ભગવાન! તમે હંમેશાં કર્ણની પ્રશંસા કરો છો, તો શું તમે એ કહેવાની મહેરબાની કરશો કે ભાઈ યુધિષ્ઠિર કઈ દૃષ્ટિએ એનાથી ઊતરતા છે? કર્ણ તો ધૂર્તોને સાથ આપે છે, એમના ઈશારે ચાલે છે, જ્યારે યુદિષ્ઠિરમાં એવો કોઈ પણ દોષ નથી. મહારાજ યુધિષ્ઠિર પોતાનું આખું રાજ્ય દાનમાં આપી શકે છે. કોઈ માગે તો પ્રાણ પણ આપી શકે છે. તે ધર્માત્મા છે. શ્રીકૃષ્ણે કહ્યું કે આ પ્રશ્નનો ઉત્તર પોતે ક્યારેક અવસર મળ્યે આપશે. પછી એમણે એવી વાત બંધ કરી દીધી.

થોડા વખત પછી જ્યારે શ્રીકૃષ્ણે જોયું કે અર્જુન આ બાબત ભૂલી ગયો છે, ત્યારે એમણે ગુપચૂપ એક યોજના કરી. વરસાદના દિવસો હતા. એકધારો વરસાદ વરસતો હતો. શ્રીકૃષ્ણે નગરના બધા વેપારીઓને છાની સૂચના આપીને એક વ્યવસ્થા આપી. બધા વેપારીઓનું ચંદન બહાર પાણીમાં મુકાવી દીધું. મહેલોના ચંદનની વ્યવસ્થા કરી દીધી. ત્યાર પછી એમણે અર્જુનને વેશ બદલીને મનોરંજન કરવાની ઈચ્છા કહી. અર્જુને આનંદથી સ્વાકારી લીધી. બંનેએ સાધુનો વેષ પહેર્યો અને ભિક્ષાટન માટે નીકળી પડ્યા.

સૌથી પહેલાં તેઓ મહારાજ યુધિષ્ઠિરના મહેલમાં પહોંચ્યા. 'નારાયણ હરિ!' બોલવા માંડ્યા. યુધિષ્ઠિરે એમને સંત માનીને પૂછ્યું,

'ભગવન! શો આદેશ છે?' વિપ્ર દેવતા બોલ્યા, 'ભિક્ષા!' યુધિષ્ઠિરે કહ્યું, 'પ્રભુ, બધું તૈયાર છે, આસન ગ્રહણ કરો.' વિપ્ર બોલ્યા, 'રાજન! અમે સ્વયંપાકી છીએ. અમારા હાથે રાંધીને ખાઈએ છીએ. વળી અમારું વ્રત છે કે વર્ષાકાલમાં ચંદનનાં સૂકાં લાકડાંથી જ ભોજન બનાવીશું.' યુધિષ્ઠિરે કહ્યું, 'હમણાં ચંદનની વ્યવસ્થા કરું છું, આપ બિરાજો.' બંને બેસી ગયા. યુધિષ્ઠિરે ચંદનનાં લાકડાંની તપાસ કરી, તો મહેલમાં ન મળ્યાં. નોકરોને આખા નગરમાં દોડાવ્યા. રથો મોકલીને દૂર-દૂર સુધી શોધ કરી. સૂકું ચંદન ક્યાંય ન મળ્યું. યુધિષ્ઠિર ઉદાસ અને ખિન્ન થઈને આવતા નોકરોને જોઈ રહ્યા હતા. કાંઈ જ થઈ શતું નહોતું, એટલે કૃષ્ણે કહ્યું, 'કાંઈ વાંધો નહીં, રાજન! અમે બીજે ક્યાંક ભિક્ષા મેળવી લેશું.' ઊઠ્યા અને ચલવા માંડ્યા. યુધિષ્ઠિર જોતા રહ્યા.

ત્યાંથી નીકળીને ભગવાન કર્ણના મહેલમાં પહોંચ્યા. કર્ણ ઊભો થઈ ગયો. સાષ્ટાંગ દંડવત્ કર્યા, ભોજન માટે કહ્યું. કૃષ્ણે એ જ શરત અહીં પણ કહી. અહીં પણ બધા રથ નગરની પરિક્રમા કરીને પાછા આવ્યા, બોલ્યા, ચંદનનાં લાકડાં તો શું, એની એક છાલ પણ સૂકી નથી. કર્ણે તરત ધનુષ્ય-બાણ હાથમાં લીધા. ચલાવ્યા. બારસાખ પડી ગઈ. મોટો પલંગ, એમાં માર્યું. પછી બારી-બારણાં બધું તોડી નાખ્યુ. ચંદનનાં સૂકાં લાકડાંનો ઢગલો કરી દીધો અને કહ્યું, 'ભગવન! આપ જીવનભર મને સેવાનો અવસર આપો અને સૂકાં લાકડાંથી જ ભોજન તૈયાર કરો.' એ વિપ્રોને ઘણુંબધું ક્યાં ખાવું-પીવું હતું? એક-બે વસ્તુ બનાવી અને ખાઈપીને ચાલ્યા ગયા.

સાંજે અર્જુન અને શ્રીકૃષ્ણ રોજના વેશમાં યુધિષ્ઠિરને ત્યાં પહોંચ્યા, તો યુધિષ્ઠિર તકિયામાં ઊંધે મોઢે ડૂસકાં ભરતા હતા. વૈદ્ય, મંત્રી, પરિવારજનો બધા ઊભા હતા, પણ યુધિષ્ઠિરે કોઈને કોઈ કહી શકતા નહોતા. કંઠ ભરાઈ આવ્યો હતો. આંસું બંધ થતાં જ નહોતાં. શ્રીકૃષ્ણે પૂછ્યું, આટલું શું દુઃખ આવી પડ્યું છે? યુધિષ્ઠિરે કહ્યું, 'કૃષ્ણ! કેવળ એક વાત કહો, મને યાદ કેમ ન આવ્યું? આ મહેલોમાં આગ કેમ નથી લાગી જતી? કર્ણ કરતાં સેંકડોગણા ચંદનનાં લાકડાંની વસ્તુઓ મારી પાસે છે, મને યાદ કેમ ન આવ્યું? કર્ણે એ ભિક્ષુઓને ભિક્ષા આપી ને

હું અભાગી ન આપી શક્યો? કહો કૃષ્ણ! મને કેમ યાદ ન આવ્યું?' શ્રીકૃષ્ણે કહ્યું કે જે હૃદયમાં હોય છે એ જ સમય આવ્યો યાદ આવે છે. જે આમ વિચારીને દાન કે કોઈ કર્મ કરે છે કે શાસ્ત્રમાં લખ્યું છે, નીતિ કહે છે, કરવું જોઈએ, એને સમય આવ્યે યાદ નથી આવતું, પણ દાન તો કર્ણના હૃદયમાં વસે છે. તેથી એને સમય આવ્યે યાદ આવી ગયું.

સૂર્યે કર્ણને વારંવાર સાવધાન કર્યો હતો કે કવચ અને કુંડળ આપી દેવાથી પણ પ્રાણ સંકટમાં પડશે, પણ કર્ણ પ્રાણનો મોહ છોડીને પોતાના શરીર પરથી ઊતરડીને દાન કરી દીધાં અને દાનવીર કહેવાયો. યુદ્ધભૂમિ પર જખમી કર્ણ જ્યારે છેલ્લા શ્વાસ ગણી રહ્યો હતો ત્યારે શ્રીકૃષ્ણ વેશ બદલીને એની દાનવીરતાની કસોટી કરવા ત્યાં પણ પહોંચ્યા. એ વખતે પણ કર્ણે પોતાનો એ દાંત તોડીને દઈ દીધો, જેમાં સોનું લગાડેલું હતું. ક્યાં દેવાલાયક શું છે? એનું કર્ણને હંમેશાં સ્મરણ રહેતું હતું. કૃષ્ણે કહ્યું,-આ સુવર્ણ એંઠું છે. કર્ણે બાણ મારીને પૃથ્વીમાંથી જલસ્રોત પેદા કર્યો. દાંત ધોઈને શ્રીકૃષ્ણને અર્પણ કર્યો. પ્રસન્ન થઈને ભગવાને એને પોતાનું ધામ પ્રદાન કર્યું. એટલે દરેક પરિસ્થિતિમાં હૃદયથી કરાયેલું દાન કલ્યાણ કરે છે.

દાન વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં ઘણો પ્રકાશ નાખ્યો છે. ભગવાનનો નિર્દેશ છે કે યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ ત્યાગ કરી દેવા જેવી નથી. એ ક્રિયાઓ મનીષીઓને પણ પવિત્ર કરનારી છે, તેથી દાન કોઈ પણ પરિસ્થિતિમાં ત્યાગવા યોગ્ય નથી.

ગીતાના સત્તરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે દાન ત્રણ પ્રકારના હોય છે,-સાત્ત્વિક, રાજસ, અને તામસ. ''**दातव्यमिति यद्दानं**'' દાન આપવું એ જ કર્તવ્ય છે. એ ભાવથી જે દાન દેશ-કાળ અને સત્પાત્ર પ્રાપ્ત થાય ત્યારે, બદલામાં ઉપકારની ભાવના વગર અપાય છે, જે દાન સાત્ત્વિક કહેવાયું છે. (૧૭/૨૦). જે દાન ક્લેશપૂર્વક અર્થાત્ આપી શકતું નથી પણ આપવું પડે છે, તથા સામા ઉપકારની ભાવનાથી કે કરીશ તો આ મળશે અથવા પહેલાં ફળને ઉદ્દેશ બનાવીને પછી અપાય છે, તે દાન રાજસ કહેવાયું છે. (૧૭/૨૧). જે દાન સત્કાર કર્યા વગર

અથવા તિરસ્કારપૂર્વક ફેંકીને અયોગ્ય દેશ-કાળમાં અનધિકારીઓને અપાય છે તે દાન તામસ કહેવાયું છે, પણ એય દાન છે, પરંતુ જે દેહ-ગૃહ વગેરે બધાંના મમત્વને છોડીને એકમાત્ર ઈષ્ટ પર જ નિર્ભર હોય એને માટે દાનનું વિધાન ઘણું ઉન્નત છે. એ છે સર્વસ્વનું સમર્પણ. બધી જ ભાવનાઓથી દૂર જઈને મનનું સમર્પણ, શ્રીકૃષ્ણે કહ્યું છે તેમ,-''**मय्येव मन आधत्स्व**'' (૧૨/૮). મારામાં મન લગાવો. એટલે દાન નિતાંત આવશ્યક છે.

सो धन धन्य प्रथम गति जाकी।
धन्य पुन्य रत मति सोइ पाकी॥ માનસ, ૭/૧૨૬/૭ ॥

ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે એ ધન ધન્ય છે, જે સત્કર્મમાં કામ આવે છે. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપવામાં તો ક્યારેય ચૂકવું ન જોઈએ. સદ્ઉગૃહસ્થ આશ્રમની તો એ જવાબદારી છે કે બારણેથી કોઈ ભૂખ્યું ન જાય. બીજાને જમાડીને જ જમવું જોઈએ. જે દિવસે કોઈ અતિથિ અભ્યાગત ન આવતા ત્યારે પૂર્વજો ખિન્ન થતા. કોઈ સુપાત્ર ભિક્ષુને જમાડીને જ જમવું એ એમની સંસ્કૃતિ હતી.

''**दानं परं किं सुपात्र दत्तं**'' દાન એ જ શ્રેષ્ઠ છે જે સુપાત્રને અપાય છે. કુપાત્રને દાન દેવાથી દાતા પણ નષ્ટ થઈ જાય છે. દાનનો મહિમા જોઈને ઘણા પરિવારો પણ દાન લેનારા બની ગયા. કેટલાક પરિવારોએ તો દાનને જ આજીવિકાનું સાધન બનાવી દીધું. ક્યાંક દેવતા દેખાડીને, ક્યાંક ચમત્કારોનું પ્રદર્શન કરીને, ક્યાંક સ્વર્ગનું પ્રલોભન આપીને, ક્યાંક પ્રાયશ્ચિત્તનો ભય દેખાડીને દાનનું ક્ષેત્ર વિસ્તૃત કરવું અને એ પ્રાપ્ત કરવું તે જ એમની પ્રવૃત્તિ બની ગઈ. મહાપાત્રોનાં ઘરમાં વહુ આવે ને જો એ વર્ષે એના યજમાનોમાંથી કોઈ ન મરે તો કહે કે વહુ દરિદ્રનારાયણ છ. કદાય દશ-બાર લોકો યજમાનોમાં મૃત્યુ પામે, દશ-બાર ગાદી-તકિયા-ખાટાલા મળે તો કહે કે વહુ શું, સાક્ષાત્ લક્ષ્મી આવી ગઈ. આ દાનનો દુરુપયોગ છે. શહેરોમાં બાળકોનં અપહરણ કરીને એમના હાથપગ પર શસ્ત્રક્રિયા કરીને એમને વિકલાંગ બનાવી દે છે, ભીખ માગવા જેવું શરીર બનાવી દે છે. એમને ટ્રકમાં ભરીને લઈ

જાય છે, ચોક-ચોકમાં બેસાડી દે છે. આવાં બાળકો આખો દિવસ બાબુજી બાબુજી કહીને માગ્યા કરે છે. સાંજે ટ્રક આવે છે. એમને ભરીને લઈ જાય છે. ધંધો કરવાવાળા એ પૈસામાંથી ક્લબ એટેન્ડ કરતા જોવા મળે છે. મુંબઈ જેવા મહાનગરોમાં ભીખ માગવાની જગ્યાને માટે પાઘડી દેવી પડે છે. અંદરોઅંદર પાઘડીની આપ-લે કરી લે છે. ભીખ માગનારાઓને દાન આપવું એ કામ ન કરવાની વૃત્તિને ઉત્તેજન આપવા જેવું છે અને કોઈ પણ વિકાસોન્મુખ રાષ્ટ્રને માટે અભિશાપ થઈ શકે છે.

તેથી જરૂરિયાતવાળાને જ દાન આપવું જોઈએ, જે સાચે જ ભૂખ્યો હોય. ઈશ્વરચિંતનમાં રત સંન્યાસી દાનનું સર્વોત્કૃષ્ટ પાત્ર છે. સારો મજાનો પરિવાર છોડીને જે ભગવાનને માટે સમર્પિત થઈ ગયો હોય તે દાનનો પ્રથમ અધિકારી છે, કારણ કે આઠ કલાક બેસીને તે ભોજન દાતાને માટે ભજન કરે છે. જો તે આથી વધુ સાધના કરે તો એ જ એની પોતાની હોય છે. એવા ભિક્ષુકોને ભોજન કરાવવું જેઓ ભજન-ચિતનમાં જ તલ્લીન રહેતા હોય, તે જ સર્વોપરી દાન છે. કેટલાય ભિક્ષુકોને આ માટે કઠોર વ્રત પણ હોય છે કે માગ્યા વગર જ કોઈ જમાડશે તો જ જમીશું. અમારા ગુરુદેવ ભગવાને પણ પેટને માટે ક્યારેય ભિક્ષા નથી માગી. એમને વિશ્વાસ હતો કે સાધુ બનવાની એમણે ક્યારેય કલ્પાનાય નહોતી કરી, ઘર-પરિવાર પર બહુ મમતા હતી; પણ આકાશવાણીઓના માધ્યમથી ભગવાને એમને સાધુ બનાવી દીધા તો ભોજનની વ્યવસ્થા પણ ભગવાન કરશે. ભગવાન એમ કરતા પણ હતા. નિરાધાર વિચરણના ક્રમમાં કોઈને સપનું આવતું કે આ મહાત્માને ભોજન કરાવો, કોઈ વાર કોઈકને આકાશવાણી થતી કે અનાયાસ પ્રેરણા થતી અને તે ભોજન લઈને હાજર થઈ જતા, તો પણ બે ઉપવાસ તો રોજિંદી ઘટના હતી; પણ ત્રીજે દિવસે તો કોઈ ને કોઈ ભોજન કરાવતું જ હતું, સાચા સંત ભગવાનની નિકટ હોય છે. ભગવાનના ઈશારા વગર તેઓ એક ડગલુંય નથી ભરી શકતા. સાધુસંતોના વતી પુરુષોને એવા સંતોને જમાડવાનું સૌભાગ્ય અનાયાસ જ મળી જાય છે. નિર્મલ સંત મનુષ્યમાત્રમાં પોતાના જ આત્માનો સંચાર જુએ છે. તેઓ વિશ્વાત્મા હોય છે. એમને જમાડવા એ વિશ્વને જમાડવા બરાબર છે. સંસાર તો વિશાળ છે, પણ ભગવાન

એની જ પાસે દાન પણ દેવડાવે છે જેનું કલ્યાણ થવાનું હોય. માટે સત્પુરુષોની સેવામાં ક્યારેય ચૂકવું ન જોઈએ.

દાનનો મહિમા વૈદિકકાળથી માંડીને આજ સુધી અક્ષુણ્ણ છે. તે પછી આ ધરા-ધામમાં જ્યાં જ્યાં ધર્મના અંકુર ફૂટ્યા ત્યાં ત્યાં દાનને સર્વોપરી સ્થાન મળ્યું. ભારતીય આર્ય સંસ્કૃતિનાં બધાં સંગઠનો-સનાતન, બૌદ્ધ, જૈન, શીખ વગેરે તથા પારસી, તાઓ, ઈસાઈ, મુસલમાન અને વિશ્વનાં બધાં નાનાં-મોટાં સંગઠનોના સૂત્રધાર દાનમાં વિશ્વાસ રાખે છે. દરેક પોતાની આવકનો એક નિશ્ચિત અંશ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ વગેરે સમસ્ત દેવસ્થાનો, પૂજા-પ્રાર્થના-સ્થળો તથા લોકકલ્યાણ કેન્દ્રોમાં દાન કરે છે, તેનો સદુપયોગ ઈશ્વરચિંતન કે માનવસેવામાં થાય છે.

દાન સાર્વભૌમ છે અને દરેક મહાપુરુષે એને હૃદયની આંખથી જોયું. દાનમાંથી જ મોક્ષમાર્ગ નીકળે છે. તેથી દરેક મહાપુરુષે દાનની વ્યવસ્થા રજૂ કરી. બુદ્ધે કહ્યું,-જે ભિક્ષુઓને દાન આપે છે, તે મને જમાડે છે. ઈસાએ કહ્યું,-જે ભિક્ષુઓને અન્ન-વસ્ત્ર આપશે તે મને આપશે. આ બધા મહાપુરુષોના ઉપદેશોમાં સંતો પ્રત્યે કરાયેલા દાનનું ઘણું મહત્ત્વ છે,-

जा दिन संत पाहुने आवत।
तीरथ कोटि स्नान किये फल तैसेइ दरसन पावत॥

॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

પૂજ્ય શ્રી સ્વામીજી
દ્વારા
વિરચિત

જ્ઞાનગંગા

(સાધના સંબંધી દુહા)

પૂજ્ય શ્રી સ્વામીજી
દ્વારા
વિરચિત

જ્ઞાનગંગા

(સાધના સંબંધી દુહા)

દુહા

मत्स्यपालिका सूद्र तन, छाया छुए न कोय।
काम शत्रु की मार से, पारासर रह रोय॥ १ ॥

ભાવાર્થ-આ દુહામાં મહાપુરુષે સંકેત કર્યો છે કે મત્સ્યપાલિકા અર્થાત્ માછલીનું પોષણ કરનારી મછોદરી એ જાતિની હતી કે જેની છાયાનેય અડવાનો નિષેધ હતો. 'માનસ' સાથે સરખાવો,-''**जासु छाँह छुइ लेइय सींचा**''-કેવટ પ્રકરણમાં આવે છે કે જેની છાયાને પણ અડી જવાથી સ્નાન કરવું પડે છે. મછોદરી પણ એ જ અસ્પૃશ્ય જાતિની હતી, પરંતુ કામરૂપી દુર્જય શત્રુના મારથી મહર્ષિ પરાશર પણ હારી ગયા ને પોતાના તપસ્યા ખોઈ બેઠા. પરિણામ નીચેના દુહામાં જુઓ,-

पाणिग्रहण की सुधी नहीं, प्रगटा बालक एक।
मत्स्यपालिका सुअन का, ब्रह्म प्रकाश अनेक॥ २ ॥

ભાવાર્થ-વૈદિક અથવા લૌકિક કોઈ પણ વિધાનથી મહર્ષિ પરાશર અને મછોદરીનાં લગ્ન નહોતાં થયાં, પણ એ મત્સ્યપાલિકા બાળાએ એક બાળક વ્યાસને જન્મ આપ્યો, જેમનાં અનેકાનેક બ્રહ્મ-પ્રકાશન છે. ઉદાહરણાર્થ-વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, મહભારત વગેરે. એ જ વ્યાસ બ્રહ્મર્ષિ કહેવાયા.

उरवशी उर में बसी, बरबस जीवन जोग।
गुरु वसिष्ठ विद् ब्रह्म की, जननि शुभाशुभ भोग॥ ३ ॥

ભાવાર્થ-આ દુહામાં મહાપુરુષ ઉર્વશીની કથા તરફ આગળી ચીંધે છે. ઉર્વશી, રંભા, મેનકા વગેરે વેશ્યાઓની જુદી જુદી શ્રેણીઓ છે. ઉદાહરણાર્થ, દૃષ્ટિ પડતાં જ જે હૃદયમાં સ્થાન બનાવી લે તે 'ઉર્વશી'. દૃષ્ટિ પડતાં જ જે કામવાસનાનો સંચાર કરાવી દે તે 'મેનકા'. જેમનું મન ખડકની જેમ સ્થિર હોય, એવા સ્થિર ચિત્તવાળાને પણ બદલી નાખનારી 'રંભા' (મોટા મોટા ખડકોને લોખંડના જે સળિયાથી ઉલટાવાય છે, એને રમ્મા કહે છે). આ રીતે ઉર્વશી પણ એમની એક શ્રેણીવિશેષ હતી જે

''**बरबस जीवन जोग**'' અર્થાત્ જબરદસ્તી ભલાભોળા લોકોનો સંયોગ પ્રાપ્ત કરી લેતી હતી, એ જ ગુરુ વશિષ્ઠની જનની થઈ, જેનાથી શુભ કે અશુભ કોઈ પણ વાસના બચી નહોતી. તો પણ મહર્ષિ વશિષ્ઠની વિપ્ર-સ્થિતિમાં કોઈને કાંઈ સંદેહ નહોતો.

गाध सुअन ता करने, पहुँचे अवध सुधाम।
सम राजा कुछ छात्र तनु, पावा द्विज का ठाम॥ ४ ॥

ભાવાર્થ-આ ચોથા દુહામાં મહાપુરુષનો સંકેત છે કે ''**गाधि सुवन**'' અર્થાત્ મહારાજ ગાધિના તપસ્વી પુત્ર વિશ્વામિત્ર તપની સુરક્ષા માટે એક વાર અવધ પહોંચી ગયા,. તેઓ રાજા દશરથના સમાનાન્તરીય નરેશ હતા અને કુળમાં પણ સમાન ક્ષત્રિય હતા, પણ ''**पावा द्विज का ठाम**''-જ્યારે વિશ્વામિત્રજીએ રામ અને લક્ષ્મણની માગણી કરી ત્યારે મહારાજ દશરથે શોક કરતાં કહ્યું, ''**चौथे पन पायउ सुत चारी। विप्र वचन नहिं कहेउ विचारी॥**''

ચક્રવર્તી દશરથજી સારી રીતે જાણતા હતા કે વિશ્વામિત્ર ક્ષત્રિય છે, તો પણ એમને વિપ્ર કહીને સંબોધ્યા એટલે એમના વિપ્રત્વમાં પણ કોઈ તિરાડ નહોતી. નીચેના દુહામાં વિપ્રત્વનું માધ્યમ જુઓ,-

क्षत्रि अत्रि अभिमान युत, गणनायक भूपाल।
योग निष्ठ रत कर्म कृत, मानस विप्र मराल॥ ५ ॥

ભાવાર્થ-''**क्षत्रि जाति अभिमान युत**'' એ વિશ્વામિત્ર ક્ષત્રિય જાતિના અને સ્વાભિમાની હતા, એ ગણતંત્રના નાયક ભૂપાલ હતા, પણ અનુરાગભર્યા હૃદયથી યોગાચરણ કરવાના ફળરૂપે તેઓ મનઃસ્થિતિથી 'વિપ્ર મરાલ' અર્થાત્ વિપ્રશ્રેષ્ઠ થઈ ગયા.

भील जाति करनी कुटिल, धर्म सुना नहिं कान।
सद्गुरु के कारन मिला, विप्र रूप सनमान॥ ६ ॥

ભાવાર્થ-મહર્ષિ વાલ્મીકિ ભીલ જાતિના હતા અને કરણીથી ચાંડાલ હતા, જેમણે ધર્મને કાનથીય સાંભળ્યો નહોતો, પણ તેઓય સદ્ગુરુની

વિશિષ્ટ કૃપાથી વિપ્રરૂપે સન્માનિત થયા.

ભગવાન શ્રીરામ વનવાસના સમયમાં ફરતા ફરતા જ્યારે વાલ્મીકિ-આશ્રમ પર પહોંચ્યા. બ્રહ્મર્ષિનાં ચરણોમાં મસ્તક ઝુકાવીને આદર સહિત પ્રણામ કર્યા, ત્યારે ''**आशीर्वाद विप्रवर दीन्हा**''-એ વિપ્રશ્રેષ્ઠે આશીર્વાદ આપ્યા તો વાલ્મીકિની વિપ્રશ્રેષ્ઠતામાં કોઈ સંદેહ નહોતો,-''**वाल्मीकि भये ब्रह्म समानां**।''

राजसूय यग कारने, पहुँचे विप्र अनेक।
स्वपच रूप में विप्र एक, राजत विमल विवेक॥ ७ ॥

ભાવાર્થ-ધર્મરાજ યુધિષ્ઠિરે એક સમયે રાજસૂય યજ્ઞની દીક્ષા લીધી. ખૂબ ધામધૂમથી તેની વ્યવસ્થા થવા માંડી. ત્યારે મહારાણી દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને યાજ્ઞવલ્ક્યની ખાતરી વિશે પ્રશ્ન કર્યો. શ્રીકૃષ્ણે કહ્યું કે સર્વોપરી બ્રહ્મર્ષિ જે વખતે તમારે આંગણે ભોજન કરશે, એ જ વખતે આકાશમાં ઘંટારવ થશે, એ જ યજ્ઞની સફળતાનું પ્રમાણ હશે. વ્યાસ વગેરે અનેક મહર્ષિઓએ પ્રસાદ મેળવ્યો, પણ ઘંટારવ થયો નહીં. ત્યારે મહાભાગ કૃષ્ણાએ શ્રીકૃષ્ણને એનું કારણ પૂછ્યું. યોગેશ્વર શ્રીકૃષ્ણે ધ્યાનથી જોઈને કહ્યું કે એક ઋષિ જે અમુક સ્થાન પર રહે છે, તેઓ હજી પધાર્યા નથી. ભીમ એમને લાવવામાં અસફળ રહ્યાં. પછી ભગવાનના પ્રિય ભક્ત અને સખા અર્જુન એમને ગમે તેમ કરીને લઈ આવ્યા. પ્રસાદ મેળવતી વખતે એ મહાત્માએ દ્રૌપદીએ બહુ શ્રમપૂર્વક બનાવેલી છપ્પન પ્રકારની વાનગીઓને એકમાં જ ભેળવી દીધી, જેથી દ્રૌપદીના મનમાં જરા અશ્રદ્ધા થઈ કે અમારા આટલા પરિશ્રમને હવે આ મહાત્મા કેમ જાણી શકશે?

ઘંટારવ ત્યારે પણ ન થયો, એટલે દ્રૌપદીએ ફરીથી શ્રીકૃષ્ણને પૂછ્યું કે ભગવન્! હવે ઘંટ કેમ ન વાગ્યો? ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે કોઈકના મનમાં અશ્રદ્ધા થઈ હશે. દ્રૌપદીના મનમાંથી અશ્રદ્ધા દૂર થતાં જ આકાશમાં ઘંટારવ થયો. પ્રસ્તુત દુહામાં એ જ પ્રસંગ તરફ સંકેત કરાયો છે કે યુધિષિઠિરના રાજસૂય યજ્ઞમાં અનેક મહર્ષિઓએ ભોજન કર્યું, પરંતુ ઘંટ ન વાગ્યો. ત્યારે શ્વપચ સૂપા ભગતના રૂપમાં એક બ્રાહ્મણ આવીને વિરાજ્યા, જેમનાં દર્શન અને સેવાની સાથે જ સફળતા મળી ગઈ.

જો ભીલોના ઘેર પેદા થનાર બ્રહ્મર્ષિ, ડુમારના શરીરવાળા પણ બ્રહ્મર્ષિ, ક્ષત્રિય પણ બ્રહ્મર્ષિ અને વશિષ્ઠ જે જન્મથી કુલીન પ્રતીત થતા નથી તેઓ પણ બ્રહ્મર્ષિ, મંદોદરીના પુત્ર પણ વિપ્રશ્રેષ્ઠ,-તો વસ્તુતઃ વિપ્રનું સ્વરૂપ કેવું છે? એ વિપ્રત્વની ઉપલબ્ધિનું મૂળ માધ્યમ શું છે? શું એ જન્મથી પ્રાપ્ત થતી ઉપાધિ છે કે કોઈ યૌગિક ક્રિયાનું પરિણામ? આની પર અંતિમ નિર્ણય મહાપુરુષ આઠમા દુહામાં આપે છે,-

चार वरण चित्त दे चले, चेतन पथ निष्काम।
प्रथम चरण में सूद्र है, विद्वत उर परिणाम॥ ८ ॥

ભાવાર્થ-'**चार वरण चित्त दे चले**' - જો તમારે ચારે વર્ણની યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો પરમ ચેતન પરમાત્માનો પથ-જે નિષ્કામ સકર્મયોગ છે,-તેની પર ચિત્ત રાખીને ચાલવું. એ યોગના પ્રથમ ચરણમાં અર્થાત્ સાધનાના પ્રવેશકાળમાં પુરુષ શૂદ્રની શ્રેણી પ્રાપ્ત કરે છે અને '**विद्वत् स परिणाम**' અથાત્ જ્યારે ઉરમાં એ પરિણામ ઘોષિત થઈ જાય છે ત્યારે તે વિપ્ર છે. વિદ્ (જ્ઞાતા), વત્ (જેવો) થઈ જાય છે. વૈશ્યનો ઉલ્લેખ આ દુહામાં જુઓ,-

आतम धन निज सम्पति, मायिक चित्त जंजार।
मति संयम रति राम में, वैश्य विधी का सार॥ ९ ॥

ભાવાર્થ-આત્મિક ધન જ સ્થિર સંપત્તિ છે. એક વાર તે જેટલા પ્રમાણમાં મળે, એ કદીય નષ્ટ નથી થતું, તે ચોક્કસ જ કલ્યાણ કરે છે, એટલે જ નિજધન છે. માયિક ધન તો ચિત્તની જંજાળ છે. માયાની મહાનતમ ઉપલબ્ધિઓ પણ ચિત્તને માટે બંધન અને જાળ છે. ''**मति संयम रति राम में**' અર્થાત્ સંયમિત બુદ્ધિ રાખીને શ્રીરામનાં ચરણોમાં અનુરાગ તથા પ્રયત્ન રહે, એ જ વૈશ્યનાં વિશેષ લક્ષણ છે. આ અંગે નીચેનો દુહો જોવા જેવો છે,-

राजस गुण वश विपुल में, स्वल्प सत्व तम \धार।
गो संयम रत आत्मा, समन वैश्य व्यवहार॥ १० ॥

ભાવાર્થ-રાજસી ગુણવિશેષ હોય, કંઈક તામસી તથા કંઈક

સાત્ત્વિક ગુણ પણ કાર્યરત હોય, **'गो संयम'** અર્થાત્ ઈન્દ્રિયોનો સંયમ તથા આત્મચિંતનમાં અનુરક્તિ હોય, મનનું શમન-આ વૈશ્ય સ્તરની વિધિવિશેષ છે.

बुध करणी सो होत है, वरण व्यवस्था जोग।
पुण्य पुंज सतसंगति, राम कर्म संयोग॥ ११ ॥

ભાવાર્થ-વિવેકી પુરુષ અહર્નિશ કર્તવ્ય કરીને વર્ણવ્યવસ્થાને યોગ્ય થઈ જાય છે. પૂર્વજન્મના પુણ્યપુંજ અને સત્સંગના પ્રભાવથી એ રામમાં પ્રવેશ અપાવનાર કર્મ (વિશેષ આરાધના) અર્થાત્ એ યૌગિક ક્રિયાનો સંયોગ થાય છે, જેથી રામ મળે છે.

क्षात्र

सत्व विपुल कछु राजसी, ईश कर्म मन लीन।
मति संघर्षन शान्त में, छात्र वन्त मन कीन॥ १२ ॥

ભાવાર્થ-સત્ત્વગુણ વિશેષ માત્રામાં હોય ને રાજસી ગુણનો કંઈ પુટ જળવાઈ રહે, **''ईश करम मन लीन''** અર્થાત્ ઈશ્વરચિંતનમાં મન તલ્લીન રહે, ઈશ્વરની ઉપલબ્ધિ કરવનારા યૌગિક કર્મમાં મન લીન રહે, શાંત બ્રહ્મને માટે બુદ્ધિમાં સંઘર્ષ ટકી રહે,-આ જ વાસ્તવિક યુદ્ધ છે અને આ જ ક્ષત્રિયનું લક્ષણ છે.

कर्म से काटे काल को, कर्म से सूद्र प्रवीन।
कर्म से क्षत्री विप्र है, विप्र ब्रह्म में लीन॥ १३ ॥

ભાવાર્થ-**''करम से काटे काल को''** કર્મથી કાળને પામી શકાય છે, કાળની ફાંસી કપાઈ જાય છે, કર્મથી શૂદ્ર પણ વૈશ્યની સ્થિતિમાં પ્રવીણ થઈ શકે છે, કર્મથી ક્ષત્રિય વિપ્ર થઈ જાય છે, અને વિપ્ર એ પરાત્પર બ્રહ્મમાં વિલય પ્રાપ્ત કરે છે, જ્યાં **'न ब्राह्मण न क्षत्रिय, न वैश्य न शूद्र, चिदानन्द रूपो शिवो केवलोऽहं'** રહી જાય છે. પ્રશ્ન થાય છે કે એ કર્મનું સ્વરૂપ કેવું છે?

કર્મ શું છે?

मन काया करनी करै, हरि माया टकसार।
आतम अनुभव सोध में, प्रगट करम का सार॥ १४ ॥

ભાવાર્થ-મન-કર્મ-વચનથી કરણી કરવી. ''**हरि माया टकसार**'' ભગવાનની માયા યોગમાયા, આત્મમાયા એકબીજાના પર્યાય છે. આ ભગવાનની માયા જ કર્મ કરવાનું ક્ષેત્ર છે. માયામાં જ કર્મ કરી શકાય છે, અન્યત્ર નહીં. આત્માનો અનુભવ કરાવનારના સંરક્ષણમાં જ કર્મનું વાસ્તવિક રૂપ પ્રગટ થાય છે એનો જ પૂરક છે નીચેનો દુહો,-

काया वचन मन लग रहे, आतम पथ व्यापार।
कोटि विघ्न ते ना फिरे, मनवां शुभ संचार॥ १५ ॥

ભાવાર્થ-મન-વચન-કર્મથી આત્મિક વ્યાપારમાં તલ્લીન રહેવું. કરોડો વિઘ્નો ઊભા થાય તો પણ મન શુભ સંકલ્પોથી ચલાયમાન ન થવા દેવું.

काया वचन मन लग रहे, आतम पथ व्यापार।
सो कर्ता विद् कर्म से, सो गुरु गीता सार॥ १६ ॥

ભાવાર્થ-મન, કર્મ અને વચનથી જે આત્મદર્શનના વ્યાપારમાં સંલગ્ન થઈ જાય છે, તે જ કર્મોનો કર્તા છે, તે જ કર્મોનો સાચો જ્ઞાતા છે. આ જ સદ્‌ગુરુ અને ગીતા વગેરે શાસ્ત્રોનો સાર છે. શ્રીકૃષ્ણ જે કર્મ પર વારંવાર ભાર મૂકે છે તે આ કર્મ છે,-આરાધના

આત્માની અનુભૂતિ કરાવનાર કર્મ જ વાસ્તવિક કર્મ છે. આટલું પણ માની લેવા માત્રથી કામ ન ચાલે. એને કાર્યરૂપ આપવા માટે ભાવ અને પ્રેમ મૂળ માધ્યમ છે. આ વિશે નીચેનો દુહો જુઓ,-

ज्ञान कर्म से ना मिले, अनुपम उर स्वर रूप।
प्रियतम की सुधि तब मिले, प्रेम भाव अनुरूप॥ १७ ॥

ભાવાર્થ-કેવળ જ્ઞાન અને કર્મ દ્વારા, ઉપમારહિત, સ્વરૂપમાં તે પ્રભુ નથી મળતા. એ પ્રિયતમની ચેતના ત્યારે જ સંભવ છે, જ્યારે પ્રેમભાવ અનુરૂપ અર્થાત્ જ્યારે પ્રેમ અને ભાવ એ ઈષ્ટને તદ્‌રૂપ જ

પ્રવાહિત થાય. આ કર્મ પર મહાપુરુષની દૃષ્ટિએ અંતિમ નિર્ણય જુઓ,-

हरि पथ पावा कर्म है, करै जे पावन अंग।
तेहि बिन करनी कहत जे, भव बंधन का रंग॥ ૧૮ ॥

ભાવાર્થ-ભગવાનનો પથ જ પાવન કર્મ છે. જે કરીને લઈ જાય છે એમના (સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે) શરીરોમાં પવિત્ર સત્તાનો સંચાર થઈ જાય છે. જે એ ક્રિયાથી અનભિજ્ઞ હોવા છતાં કહે છે, 'હું કર્મ કરું છું' એનું મન ભવબંધનના રંગથી રંગાયેલું જાણવું.

અધ્યયન

मानव तन का फल महा, प्रभु गुरु दर्शन सीख।
बिनु दरसन के मानवा, जुग जुग मागे भीख॥ ૧૯ ॥

ભાવાર્થ-પ્રભુ અને સદ્‌ગુરુનાં દર્શન, એમના ઉપદેશ પ્રમાણે આચરણ જ માનવ-તનનું મહાનતમ ફળ છે. જેને એ દર્શન અને પ્રશિક્ષણની ઉપલબ્ધિ નથી થઈ, તે જન્મજન્માંતર સુધી ભિક્ષુ જ છે અને પશુ-પક્ષી યોનિઓમાં પણ તે ઈન્દ્રિયપ્રાપ્તિની જ અતૃપ્ત યાચના માટે ભટકતો રહે છે. માટે નીચેના દુહામાં આપેલી ચેતવણી પર ધ્યાન દો,-

धन सम्पत्ति सुत संग में, नित तव उगमत बोध।
जिगर रोग कुसमय पड़े, सच्ची सीख विरोध॥ ૨૦ ॥

ભાવાર્થ-પૂરતું ધન હોય, સંપત્તિઓના ઢગલા હોય, પુત્ર-પૌત્ર પણ હોય, જેમના માધ્યમથી નિત્ય નવીન બોધ થયા કરતો હોય, પણ હૃદયરોગ કે અસાધ્ય બીમારીઓ તથા ખરાબ સમય આવે ત્યારે "**सच्ची सीख विरोध**" વાસ્તવિક બોધ મળે છે કે બધા વિરોધી છે, પોતાનું કોઈ નથી. જેઓ આંખ પાથરીને રહેતા હતા, એમના મુખમાંથી પણ અપશબ્દો જ નીકળે છે.

मन पंछी फन्दे पड़ा, निकलत हरि की डोर।
सद्‌गुरु सेवन डोर है, परसि तमिस्रा भोर॥ ૨૧ ॥

ભાવાર્થ-મનરૂપી પક્ષી તૃષ્ણાના ભયંકર ફંદામાં પડ્યું છે. ભગવાન

સાથે તાર બંધાઈ જાય તો પાર ઊતરાય, પણ તેઓ તો દેખાતા નથી, એમની સાથે તાર બંધાય પણ કેવી રીતે? તો કહે છે, ''**सद्गुरु सेवन डोर**'' સદ્ગુરુની સેવાથી જ એમની સાથે તાર બંધાવાનો સંભવ છે. યૌગિક ક્રિયાનું સેવન મનથી લાગી જાય તો અંધકારમયી માયાનો પ્રપંચ ઈશ્વરીય પ્રભાતમાં બદલાઈ જાય છે. પરમ ચેતન સ્વયં પ્રકાશરૂપ છે. માયા તો નશ્વર અંધકારનું પ્રતીક છે.

नर कहँ माया नारि है, नारी कहँ नर होत।
संग दोष विलगावते, जो चाहे निज जोत॥ ૨૨ ॥

ભાવાર્થ-નરને માટે નારી માયા છે, નારીને માટે નર માયા છે, માટે જો આત્માનુભૂતિ, આત્મદર્શનની ઈચ્છા હોય તો સંગદોષથી દૂર રહેવું.

भगवत् पथ की रोक है, काम परस्पर भोग।
मन क्रम तृस्ना के तजे, जन पावे सहयोग॥ ૨૩ ॥

ભાવાર્થ-ભગવત્-પથ પર વિશેષ આડખીલી છે. કામ અને ઈન્દ્રિયોની પારસ્પરિક ભોગવાસનાઓ. મન, કર્મ, વચનથી જે તૃષ્ણાનો ત્યાગ કરી દે છે તે જ જન ઈશ્વરનો પૂર્ણ સહયોગ પામે છે. આ તૃષ્ણા અને આશાનો પાર કોઈ વિરલ જન જ અભ્યાસથી પામે છે.

दीख सबल मुख झुरियाँ, दीख नयन द्युति हीन।
कंचन वपु विलसन भई, देखी आस नवीन॥ ૨૪ ॥

ભાવાર્થ-બધી સંપન્નતા અને સુખ પ્રાપ્ત કરનાર વ્યક્તિના મુખ પર પણ કરચલીઓ દેખાઈ, આંખ જ્યોતિહીન થઈ ગઈ, કંચન કાયાનો વિનાશ થયો, ત્યારે પણ ''**देखी आस नवीन**'' આશામાં હજી નવીનતા ટકી રહી. આ વસ્તુ સંયોગથી નષ્ટ નથી થતી, પણ ઉત્તરોત્તર વધતી જાય છે. એના વિનાશનો એકમાત્ર ઉપાય ચિંતન છે.

भजन करन में भय लगे, सत त्यागे सुख होय।
करम कामना से करै, काल धरोहा सोय॥ ૨૫ ॥

ભાવાર્થ-ભજન-ચિંતન કરતાં ભય લાગે છે અને સત્ય તજીને અસત્માં પ્રવૃત્ત થવામાં આ મન પરમ સુખ માને છે. કેટલાક કર્મ

(આરાધના) કરતા પણ હોય તેય ભયંકર કામનાની સાથે કરે છે, કે હે ભગવન્! અમુક કાર્ય પૂર્ણ થાય. આવો પુરુષ ''**काल धरोहर सोय**'' કાળની ધરોહર અર્થાત્ 'ફિક્સ્ડ ડિપોઝિટ' છે. તેથી કામનાઓનો સર્વથા ત્યાગ કરીને ઈશ્વરચિંતન કરવું જોઈએ. જો આરાધનાનો આરંભ કરી દીધો હોય તો કલ્યાણ ચોક્કસ થશે, તો કામના કેવી?

पल पल शिक्षा देत है, मन मन्दिर इक तार।
भक्तन के सिर भार जो, नाथ लगावे पार॥ ૨૬ ॥

ભાવાર્થ-યોગસ્થિતિ પ્રાપ્ત કરવાની મૂળ ચાવી છે કે ભગવાન સાંભળે ને ધીરજ આપે. આ અંગે મહાપુરુષો કહે છે કે ''**पल पल शिक्षा देत है, मन मन्दिर इक तार**।'' મનના અંતરાલમાં ઈષ્ટ પ્રતિ પળ શિક્ષણ દેતા રહેલ છે. એટલું જ નહીં, પણ ભક્તોના શિર પર જે ભાર છે તે નાથ પોતે પાર ઉતારે છે. માટે ભક્તિભાવનો આશ્રય લેવો.

बाहर झगड़े होते है, जीत न देखी कोय।
अन्तर जग की आत्मा, माया के सँग रोय॥ ૨૭ ॥

ભાવાર્થ-દુનિયામાં ઝઘડા થતા રહે છે, પણ જીત કોઈનીય નથી થતી. જે એમાં જીતેલો મનાય છે, એનીય ખરેખર જીત નથી થતી. આ સંઘર્ષમાં અંતરતમમાં સ્થિત આત્મા માયિક દ્વંદ્વમાં જ પ્રવેશ પામે છે. જે જેને જેટલો દબાવે છે, એને છેવટે પરિણામરૂપે એટલું જ દબાવું પડે છે. તેથી માયિક સંઘર્ષ જન્મજન્માંતર સુધી ચુકાતા બદલા છે જેમાં કલ્યાણ સંભવ નથી.

आतम तृप्ति एक में, बिना गुरु ना सीख।
छत्रपति के पद लहे, तबहूँ दुखिया दीख॥ ૨૮ ॥

ભાવાર્થ-આત્માની શાશ્વત, સંશયરહિત તૃપ્તિ સર્વશક્તિમાન પરબ્રહ્મ પરમાત્મામાં જ છે. સદ્‌ગુરુ વગર પરમ પ્રભુને સંભવ બનાવતું અધ્યયન અસંભવ છે. આત્મોપલબ્ધિ વગરના છત્રપતિ પદધારીઓ પણ દુઃખથી દાઝતા, નિસાસા નાખતા જોવા મળે છે.

आशा तृष्णा पूर्ति महँ, चिंता चंगुल सीख।
जिनकी तूती जगत् में, अन्त कडाही दीख॥ ૨૯ ॥

ભાવાર્થ-એક આશાની તૃપ્તિ અનંત આશાઓને જન્મ આપે છે,- ''**जिमि प्रतिलाभ लोभ अधिकाई।**'' આશા અને તૃષ્ણાથી જ મનુષ્ય ચિંતાની ચંગુલમાં જકડાતો જાય છે. વિશ્વવિખ્યાત લોકો, જેમનો ડંકો સમગ્ર સૃષ્ટિમાં વાગતો હતો, તેઓ પણ આ જ કામનાઓને કારણે છેવટે કાળની કઢાઈમાં દેખાય છે.

सत् त्रेता कलि द्वैत युग, माया गुण कृति धार।
साधन रत मन से कटें, लघु बड़ गुण व्यापार॥ ૩૦ ॥

ભાવાર્થ-આ દુહામાં મહાપુરુષ યુગધર્મ પર વિચાર કરે છે. સતયુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગ બધા માયા દ્વારા જ નિયંત્રિત ત્રણે ગુણોનો વિશેષ વિસ્તાર છે. સાધનામાં અનુરક્ત મનથી આ નાના-મોટા ગુણોનું કાર્ય ધીરે ધીરે ટળતું જાય છે, કપાતું જાય છે.

ज्यों सूरत गुरु संग से, चढ़े शून्य की सोध।
त्यों तस युग बदले लखे, तीन त्याग सत् बोध॥ ૩૧ ॥

ભાવાર્થ-જેમ જેમ સદ્‌ગુરુની સંગતિથી ધ્યાન શૂન્યની શોધમાં વધતું જાય છે (શૂન્યની શોધ સંકલ્પ-વિકલ્પ-રહિત મનની સ્થિતિ છે, અર્થાત્ એક સ્થિતિવિશેષ છે, જેમાં વિશિષ્ટ અવકાશ છે, જેને ચિદાકાશ કહે છે), તેમ તેમ ક્રમશઃ યુગધર્મ બદલાતા જાય છે. કલિ, દ્વાપર, ત્રેતાનો ધીરે ધીરે ત્યાગ અને સત્યનો બોધ થતો જાય છે.

सदा रहत त्याग लोक में, दैवी सम्पति योग।
साधन सों कलुषित कटे, क्षण-क्षण सत् संयोग॥ ૩૨ ॥

ભાવાર્થ-બધા યુગ હંમેશાં આ લોકમાં રહે છે. દૈવી સંપદાના સંયોગથી સાધના, આરાધના, ચિંતન ક્રિયાની પ્રવૃત્તિથી પાપ-પરાયણ યુગોનો પ્રભાવ ટળતો જાય છે અને એ જ ક્રમે સત્યનો સંયોગ પ્રાપ્ત થતો જાય છે.

સંતદૃષ્ટિમાં નારી

संतन के चित पैठ के, लखा दीख सब मात।
की भगिनी समदर्स है, की पुत्री सम गात॥ ૩૩ ॥

ભાવાર્થ-સંતોના ચિત્તમાં પ્રવેશીને જોયું તો નારી તરફ એમની દૃષ્ટિ જ્યારે જ્યારે પડી, ત્યારે ત્યારે એમનામાં માતાનાં દર્શન થયાં અથવા બહેન કે પુત્રીના જેવાં એનાં અંગ પ્રતીત થયાં. સાધનામાં અનુરક્ત વ્યક્તિ એમને આ જ દૃષ્ટિથી જુએ છે.

पूरे सतपुरुषन लखा, जहँ तहँ प्रभु का रूप।
आँखि लबालब परम है, कहाँ समावे कूप॥ ૩૪ ॥

ભાવાર્થ-પરંતુ પૂર્ણ મહાપુરુષ તો ''**जहँ तहँ प्रभु का रूप**'' અર્થાત્ જ્યાં પણ દૃષ્ટિ પડી ત્યાં પ્રભુને જોયા. જે પરમ સ્થિત છે એ જ પરમ આરાધ્યને સર્વત્ર જોયા! ''**आँखि लबालब परम है**''-એમની દૃષ્ટિમાં તો એ પરમ પ્રભુ જ છલોછલ પરિપૂર્ણ છે, અન્ય દૃષ્ટિ જ નથી, તો જગતના કુત્સિત વિચારોનો પ્રશ્ન જ નથી ઊઠતો.

दरसत परसत ही थका, माया बल मन मौन।
तत्क्षण अन्तर में मिला, अड़गड़ अवध तौन॥ ૩૫ ॥

ભાવાર્થ-જેમનાથી આંખ છલોછલ ભરી છે, એ આરાધ્યના દર્શનનું ફળ દર્શાવતા પ્રસ્તુત દુહામાં કહે છે કે ''**दरसत परसत ही थका**'' એ પરમતત્ત્વનાં દર્શન, સ્પર્શ પામતાં જ માયાનું બળ થાકીને શાંત થઈ જાય છે અને મન એ જ સ્વરૂપમાં તન્મય થઈ જાય છે. મનના સર્વથા નિરોધની અવસ્થામાં સાધક અતર્દેશમાં સ્થિત પરમાત્મા-સ્વરૂપમાં મળી જાય છે. આ જ અવધૂતનું વાસ્તવિક અને શાશ્વત સ્વરૂપ છે, જેનો આરંભ નામ અને રૂપથી જ છે.

येन केन विधि अन्त में, संकल्प हरि के होय।
भजन भाव पावन करे, मनुज रहे सुख सोय॥ ૩૬ ॥

ભાવાર્થ-પ્રયત્ન એ જ રહેવો જોઈએ કે કોઈ પણ પ્રકારે અંતિમ

ક્ષણમાં મન ભગવાનના રૂપમાં સ્થિત થઈ જાય. ''**भजन भाव पावन करे**'' વસ્તુતઃ ભજન-ભાવ જ પૂર્ણ પવિત્રતા પ્રદાન કરનાર છે, જે પવિત્રતામાં મનુષ્ય ઈશ્વરના સ્વરૂપમાં શયન કરે છે.

ભગવતપથના પથિકોમાં ઘણુંખરું નિંદાથી વ્યગ્રતા આવી જાય છે. એનાથી બચવા તથા નિંદક પાસેથી પણ સાધનાત્મક સહયોગ પ્રાપ્ત કરવાનો નિર્દેશ મહાપુરુષ ઉપર લખેલા દુહામાં કહે છે.

નિંદક સાથે મિત્રવ્યવહાર

विन वेतन ड्युटी करै, सच्ची आठो याम।
हरि कृपा निन्दक मिला, भूल बतावै थाम॥ ૩૭ ॥

ભાવાર્થ-નિંદક વગર પગારે જ આઠ પ્રહર સાચી ડ્યૂટી કરનાર હિતેચ્છુ છે. હરિકૃપાથી જ એ નિંદક મળે છે, જે રસ્તો રોકી-રોકીને ભૂલોની જાણ કરાવ્યા કરે છે. જો તે તમને પ્રત્યક્ષ કહેવામાં સક્ષમ ન હોય તો લોકોમાં પણ એનો પ્રચાર કરતો રહે છે કે એમનામાં આ દોષ છે. બસ, દોષોનું નિદાન કરતા જાઓ.

ऐसे मनुष्य नाथ है, निन्दक के तन पैठ।
गुण संग्रहि अवगुण कथै, भजन भरोसे बैठ॥ ૩૮ ॥

ભાવાર્થ-ભગવાન એટલા અનુપમ છે કે નિંદકના શરીરમાં પ્રવેશ કરીને ગુણોનો તો સંગ્રહ કરી લે છે અને અવગુણો દેખાડતા રહે છે, જેનો ઉદ્દેશ છે કે ત્રુટિઓને સમજો અને આરાધના પર ભરોસો રાખીને એના નિવારણમાં મગ્ન રહો.

हरि दया कर हित करैं, निन्द प्रगटे पास।
जो तव त्रुटि ना मिलै, निन्दक करै प्रकास॥ ૩૯ ॥

ભાવાર્થ-ભગવાન જ્યારે અસીમ દયાથી દ્રવિત થઈ જાય છે અને હૃદયથી હિત ઈચ્છે છે, ત્યારે કોઈ નિંદકને પાસે જ પ્રગટ કરી દે છે. ''**जो तव त्रुटि ना मिले**'' પથિક પોતાની જે ભૂલોને જોઈ શકતો નથી, તેને પણ નિંદક પ્રકાશમાં આણે છે. એને સમજો અને નિરાકરણ કરતાં કરતાં ક્રિયામાં સંલગ્ન રહો.

जनमो जग के शिखर पर, या पृथ्वी तल माहि।
हरि सुमिरे सुख शान्ति है, अनल अन्त मरि जाहि॥ ४० ॥

ભાવાર્થ-ભલે જગતના સર્વોચ્ચ સ્થાન પર મહારાજાધિરાજરૂપે જન્મ થયો હોય અથવા ''**पृथ्वी तल माहि**'' કે બહુ જ નિમ્ન કોટિમાં, જે હરિનું સ્મમણ કરે છે એને જ માટે શાંતિ અને શાશ્વત સુખનું વિધાન છે. અન્યથા તે બધા તપ, વિષયાનલનું પતંગ માત્ર શેષ રહે છે.

मन करणी लौ जगत है, जनमत रहै अनेक।
चक्षु मिले गुरु गोद में, जहँ देखा तहै एक॥ ४१ ॥

ભાવાર્થ-જ્યાં સુધી મનની પહોંચ છે, ત્યાં સુધી જ જગત છે. એ જ પરિઘમાં અનેકાનેક જન્મ થતા રહે છે, પણ જ્યારે હૃદયમાં એ ઈશ્વરની દૃષ્ટિનો સંચાર થઈ જાય, ત્યારે ''**गुरु गोद में**'' સદ્‌ગુરુના પરિવેશમાં એમની રહેણી પામી લે છે, એ રૂપમાં જયાં પણ દૃષ્ટિ પડી ત્યાં બધું જ એક જ સ્વરૂપમાં દેખાયું.

सतपुरुषों की सोध में, माया बची न राम।
मन की मनसा के मिटे, सहज न व्यापै काम॥ ४२ ॥

ભાવાર્થ-સત્પુરુષો અને અન્ય ભક્તોની શોધમાં માયા ન તો માયારૂપે બચે છે અને નથી રામ પણ ભિન્ન રહી જતા. એ સહજ-સ્વરૂપમાં કામનાઓનો પ્રસાર ક્યારેય સંભવ નથી.

सबसे न्याय रहत है, कबहुँ न छाँडै साथ।
प्रभा प्रसारण हौं मिला, तो कत व्यापैं रात॥ ४३ ॥

ભાવાર્થ-એવો પુરુષ બધાથી નિર્લેપ અને ન્યારો રહે છે. જ્યારે તે ચરાચરના પ્રકાશક ''**प्रभा प्रसारण**'' સાથે જ મળી જાય છે, ''**तो कत व्यापैं रात**'' તો જગતરૂપી રાત એને આવૃત્ત નથી કરી શકતી.

अभिनय कारण ही लखै, माया मौलिक जीव।
आयु दिन में चेतिये, जन प्रति पालै पीव॥ ४४ ॥

ભાવાર્થ-આ કઠિન માયા ઈશ્વરના મૌલિક અંશ જીવાત્માને પોતાના અભિનય માટે સપડાવતી રહે છે. જે મનુષ્ય પોતાના આયુષ્યના દિવસો

બાકી હોય ત્યાં જ ચેતી જાય છે, એવા ભાવિક ભક્તનું પ્રતિપાદન પ્રભુ અવશ્ય કરે છે, જેનું પરિણામ કલ્યાણ છે.

माया अभिनय कारने, कटक संभारे धाय।
काम क्रोध अधियार भय, मोह धरातल जाय॥ ४५ ॥

ભાવાર્થ-પોતાના સ્વભાવગત અભિનય માટે પથિકોની આડખીલીરૂપે માયા પોતાના કાંટા વેરે છે. કામ, ક્રોધ, લોભ વગેરે સુભટોની સાથે મોહનો સંચાર કરીને સમગ્ર અંતઃકરણને આચ્છાદિત કરીને તે નાટકીય પરિણામો સર્જે છે.

वीर विजेता बावला, सब जग त्यागी राग।
विकल विरह अनुभव निरत, ताहि सलोने भाग॥ ४६ ॥

ભાવાર્થ-જે પુરુષ વીર, વિજયની આશાવાળો, અનુરાગી અને વિરહી હોય, કામનાઓનો ત્યાગ કરીને અનુભવમાં અનુરક્ત હોય, એમને માટે કલ્યાણકારિણી બની જાય છે-આવા જ પુરુષોનાં ભાગ્ય પ્રશંસનીય છે.

वीर विजेता मानवा, जब जग त्यागी राग।
रे मन तन जर्जर भया, चोंच संवारे काग॥ ४७ ॥

ભાવાર્થ-એ જ વીર, વિજેતા મનુષ્ય છે, જે સમસ્ત જગતની આસક્તિનો ત્યાગ કરી શકે, પણ ભક્ત તો હજી પોતાને દોષ દે છે, કે હે મન! ''**तन जर्जर भया**'' અર્થાત્ આ શરીર જરાજીર્ણ થઈ રહ્યું છે, જેને માટે સ્મશાનના કાગડા ચાચ સંભાળવા માંડ્યા છે, તોય તું ચેતતો નથી?

ભાવનું મહત્ત્વ

भाव हरि के पढ़ सुने, भावे प्रीतम पाय।
'अड़गड़' मन भावी मिटै, जो मन भाव समाय॥ ४८ ॥

ભાવાર્થ-ભાવ જ હરિપદોનું શ્રવણ કરાવે છે. ભાવથી જ એ પરમ પ્રિયતમની ઉપલબ્ધિ સંભવ થાય છે. ''**भावे विद्यते तेव**'' ભાવમાં તો તે ક્ષમતા છે કે અદૃશ્ય પરમાત્માને પણ પ્રગટ કરી લે છે. મૂર્ધન્ય મહાપુરુષ કહે છે કે મન જો ભાવમાં સ્થિત થઈ દાય તો એની ભૂતિનું ભાવિ પણ રહેતું નથી.

સદ્‌ગુરુ મહિમા

सद्‌गुरु प्रेरितय में फले, पत राखे करतार।
'अड़गड़' मनसा गरब है, क्यों कर उतारे भार॥ ४९ ॥

ભાવાર્થ-વસ્તુતઃ ચિંતનપથની સફળાતા સદ્‌ગુરુની અંતઃપ્રેરણાથી જ સંભવ છે. એ પ્રેરણાના બળ પર પ્રભુ ભાવકની આબરૂ જાળવી લે છે. હા, જો મનમાં ગર્વ હોય તો સંસારનો ભાર કેમ ઊતરે?

स्वर्ण सुमेर केहि काम के, जहँ के चहँ अनमोल।
मलय प्रशंसन हाँ फिरो, बासत ढाक ककोल॥ ५० ॥

ભાવાર્થ-સુવર્ણનો સુમેરુ પર્વત શા કામનો? જ્યાં હશે ત્યાં સુધી જ અનમોલ હોઈ શકે. હું તો મલયાગિરિની પ્રશંસા કરું છું જે પલાશ અને કાંટાળી ઝાડીને પણ સંબંધિત કરી દે છે. વસ્તુતઃ સંત એટલા ઉપકારી હોય છે.

માયા-દલ

बिना इष्ट जीते नहीं, नख सिख इन्द्री भूत।
किये कल्पना कब लहे, बाँझ सलोना पूत॥ ५१ ॥

ભાવાર્થ-ઈષ્ટની કૃપા વગર કેવળ બ્રહ્મજ્ઞાનકથન માત્રથી, નખથી શિખા સુધી ભૌતિક સંસ્કારો પર આધિપત્ય નથી થતું. શું કેવળ કલ્પના દ્વરા વાંઝણીએ ક્યારેય સુંદર પુત્ર પ્રાપ્ત કર્યો છે? તેથી સાધના અને એની પૂર્ણતા કરાવનાર સદ્‌ગુરુ-બંનેયની જરૂર છે.

आसिस अन्तर में सदा, दात दीन मुनिराई।
'अड़गड़' अन्तर ना फले, कैसे छुटे काई॥ ५२ ॥

ભાવાર્થ-એક સાધકની દશા પર મહાપુરુષ ઈશારો કરે છે કે ''**दात दीन्हि मुनिराई**'' અર્થાત્ ગુરુદેવ અંતરમાંથી આશીર્વાદરૂપે વિશિષ્ટ વસ્તુ દેતા રહે છે, પણ જો મનમાં લગની સાથે પકડ ન હોય, આદેશોનું પાલન ન હોય, તો ભલા સંચિતની એ શેવાળ કેમ છૂટે?

माया बिल्ली सब कहे, हरि दिल्ली का ताज।
दिल दिल्ली अब सुन है, 'अड़गड़' बिल्ली राज॥ ५३ ॥

ભાવાર્થ-''माया बिल्ली सब कहे'' સંતોએ માયાને ઘણી વાર બિલાડીની ઉપમા આપી છે. લોકોક્તિ પણ છે. **''बहुतै बचायो बिलारी चहै झपटी''** આ રીતે હરિને પણ દિલરૂપ દિલ્હીનો મુગટ કહેવાય છે. પણ જો દિલના દિલ્હીમાં માયાને સિંહાસનારૂઢ કરાવી લેશો તો ભગવાનને ક્યાં બેસાડશો?

ढूँढत आनन खोल के, इन्द्री दस जहँ भोग।
तहँ तहँ मोह विशेष में, 'अड़गड़' मानस रोग॥ ५४ ॥

ભાવાર્થ-જ્યાં પણ ઈન્દ્રિયોનો ભોગ હોય ત્યાં દશે ઈન્દ્રિયો પોતાનાં મોઢાં ખોલીને જ્યાં-ત્યાં દોડતી હોય અને એનો ઉપભોગ કરવાનો પ્રયત્ન કરતી હોય છે. ઈન્દ્રિયો જ્યાં જ્યાં ભોગ કરે છે, **''तहँ तहँ मोह विशेष''**-ત્યા ત્યાં વિશેષ સંબંધ બંધાઈ જાય છે. મહાપુરુષ કહે છે કે આ જ મનનો ભયાનક રોગ છે. વસ્તુતઃ ભોગ અને એનાથી ઈન્દ્રિયોને આકર્ષણ જ મોહનું મૂળ કારણ છે.

लोभ न देखे मान को, तात न जानत जोग।
सुहृद नीति वह न लखे, 'अड़गड़' लोलुप भोग॥ ५५ ॥

ભાવાર્થ-જ્યારે મન લોભવશ થઈ જાય છે, ત્યારે માતાપિતાનો સંબંધ ભુલાઈ જાય છે. મિત્રતા અને નીતિને પણ એ પુરુષ તજી દે છે.

मदमाता मनवां फिरे, लखे न आखिर अन्त।
अहंकार बल अन्त में, माया रोके संत॥ ५६ ॥

ભાવાર્થ-મદથી મતવાલું થઈને આ મન અહીં-ત્યાં ભટકતું રહે છે અને આ ભટકવાનું પરિણામ-સર્વનાશ તરફ જોવા પણ નથી દેતું. વસ્તુતઃ અહંકાર જ એવો શત્રુ છે કે જેના માધ્યમથી માયા સંતોને રોક્યા કરે છે અને એમને ચ્યુત પણ કરી દે છે.

घर त्यागे बन-बन फिरे, मदन समाया बान।
टूट समाधी फूट चित, अनल कीट सम जान॥ ५७ ॥

ભાવાર્થ-ઘરબાર છોડનારા વન-વન ફરતા રહીને ઈશ્વરચિંતનમાં સતત પ્રયત્નશીલ રહેતા સાધકોમાં પણ જ્યારે ''**मदन समाया बान**'' કામનો કુત્સિત સંચાર થઈ જાય છે, ત્યારે ચિત્તનું કેન્દ્રીકરણ સમાપ્ત થઈ જાય છે, સમાધિ ભંગ થઈ જાય છે. આ મન દીવાના ફૂંદા પતંગિયાની જેવું તુચ્છ થઈ જાય છે. પછી એ સાધના કરી શકતું નથી.

सूर हते संकट करे, माया तोषत धीर।
सुख समृद्धि की वासना, वेधि जीव इक तीर॥ ५८ ॥

ભાવાર્થ-કોઈ શૂરવીર જો આક્રમણ કરે તો પહેલાં સંચેત કરે છે, સંકટનો ભાસ પહેલાં જ થવા માંડે છે, પણ જ્યારે માયા પ્રગટ કરે છે ત્યારે ધૈર્ય બંધાવે છે. સુખસમૃદ્ધિની વાસનારૂપે એક તીરથી અમર સત્તા તરફ ઉન્મુખ જીવને વીંધીને પાડે છે. ગોસ્વામીજી પણ આ જ કહે છે,-

जोगी तापस शूर कवि कोबिद गुन अपार।
केहिं के लोभ विड़म्बना कीन्ह न एहि संसार॥

ગૃહ-પરિવાર

'अड़गड़' माया लज्जा करी, आज तो कायर दीख।
काम कुसुम की मार से, लगे न साँची सीख॥ ५९ ॥

ભાવાર્થ-જોવા મળે છે કે કોઈ સુશિક્ષિત બાળક મોટાઓથી ડરે છે માટે કુત્સિત વિચારોથી શરમ અનુભવે છે, પરંતુ પછી તે જ ઘોર કાયર અને લક્ષણહીન દેખાય છે. એનું કારણ એ છે કે ''**काम कुसुम की मार से, लगे न साँधी सीख।**'' અર્થાત્ કામનો પ્રહાર જ એવો છે કે સાચી શીખ લાગુ જ નથી થતી. તેથી બાળકો માટે સત્પુરુષોનો સત્સંગ બહુ જ મહત્ત્વનો છે.

काम करावे सो करे, रोक भगत की सीख।
त्रयतापो की ज्वाल में, मन पतंग की भीख॥ ६० ॥

ભાવાર્થ-કામ એક એવો નશો છે કે પુરુષ એ જ કરે છે જે કામ કરાવે છે. એની ચુંગાલમાં ફસાઈ જવાથી તે ભક્તિ અટકાવી દે છે. ''**त्रय तापों की ज्वाल में, मन पतंग की भीख**''નું તાત્પર્ય છે કે મન ત્રણ તાપમાં દાઝતું-બળતું હોવા છતાં પતંગિયાની જેમ વિષયરૂપ જ્વાળાની જ કામના કરવા માંડે છે.

अमित बार आतम हता, चारों जुग में धाक।
कुम्भकरन 'अड़गड़' मिला, सत योजन की नाक॥ ૬૧ ॥

ભાવાર્થ-અનંત વાર જેણે આત્માની હત્યા કરી છે, ચારે યુગમાં જેનો ધાક રહ્યો છે, મહાપુરુષ કહે છે કે તે ક્રોધરૂપી દુર્જેય કુંભકર્ણ પણ આવ્યો, જે ''**सत योजन की नाक**'' યુગોથી પ્રાપ્ત કરેલી પોતાની મર્યાદા દૂર કરવા સંલગ્ન રહ્યો છે. નાક મર્યાદાનું પ્રતીક છે.

आतम हन करतूत का, क्रोध पसारा तार।
सोवत में सहसा जागे, सद्‌गुरु पथ सो पार॥ ૬૨ ॥

ભાવાર્થ-ક્રોધના મહિમાનું દિગ્દર્શન કરાવતાં મહાપુરુષ ઈશારો કરે છે કે આત્મહત્યાનાં કરતૂતોમાં ક્રોધે જ પોતાના તાણાવાણા ફેલાવ્યા છે તે સદૈવ નથી રહેતો, પણ મનની ભીતરમાં સુપ્ત રહે છે. પ્રતિકૂળ સ્વભાવ પ્રાપ્ત થતાં જ તે જાગ્રત થાય છે. જે પુરુષ સદ્‌ગુરુઓના પથનો પથિક હોય, એ જ એનું નિદાન પામે છે, અન્ય નહીં.

भजन भाव संगत करी, दुर्बल लखा न कोइ।
अगम पूर्तिकाल में, सबल संत मति होइ॥ ૬૩ ॥

ભાવાર્થ-સાધના અને ભાવની સંગતિ કરીને કોઈ પણ પુરુષ દુર્બળ નથી રહેતો. શબરી પોતાને અત્યંત દુર્બળ, અધમાધમ માનતી રહી, પણ એક સમય આવ્યો કે ભગવાન રામચંદ્રજીએ એને દર્શન દીધાં અને તે સર્વભાવે સબળ થઈ ગઈ. એ અગમ્ય તત્ત્વના પૂર્ણતાકાળમાં પુરુષ સબળ અને સંતમત થઈ જાય છે.

क्रोधहिं तन कम्पन लगे, क्रोध मिलावे छार।
आतमहन बहु काण्ड में, देखा क्रोध अपार॥ ૬૪ ॥

ભાવાર્થ-ક્રોધથી શરીરમાં ધ્રૂજારી પેદા થાય છે અને ક્રોધ જ એને માટીમાં મેળવી દે છે. આત્મહનના વિસ્તૃત કાંડમાં ''**देखा क्रोध अपार**'' ક્રોધનો અપાર પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે.

मत्सर तृष्णा तोय में, विकसित व्यथा अनन्त।
ईर्षा अन्तर जीव में, अहनिशी माया तंत॥ ૬૫ ॥

ભાવાર્થ-''**मत्सर तृष्णा तोय में**'' તૃષ્ણારૂપી વારિમાં મત્સરની સદૈવ સ્થિતિ રહે છે, જે અનંત ભોગોને વિકસિત કરતી રહે છે. જો જવનના અંતર્મનમાં ઈર્ષા હોય તો અહર્નિશ માયાનો જ સૂત્રપાત કરે છે.

मत्सर तृष्णा तोय में, विकसित विपुल विलास।
जग लगि व्यापी जीव में, तब लगि रुके न स्वाँस॥ ૬૬ ॥

ભાવાર્થ-તૃષ્ણાતોયમાં મત્સરનો સંચાર છે જે વિભિન્ન ભોગવિલાસોનો વિકાર કરનાર છે જ્યાં સુધી તે જીવોમાં વ્યસ્ત છે, ત્યાં સુધી શ્વાસની ગતિ નથી અટકતી.

बिना संकल्प सून्य है, स्वाँस चरै न माय।
सर्वरूप सुधि आतमा, अन्दर प्रगटे काय॥ ૬૭ ॥

ભાવાર્થ-સંકલ્પ અને વિકલ્પરહિત મનની અવસ્થા જ શૂન્ય કહેવાય છે. એ વખતે આ શ્વાસ માયાનું ચિંતન નથી કરતો, એ સમયે સર્વત્ર વ્યાપ્ત આત્માનો સંચાર આ જ કાયામાં સારી રીતે દેખાય છે. સાધનાકાળના દુઃખ પર મહાપુરુષ પ્રકાશ નાખતાં આગલા દુહામાં આશ્વાસન આપે છે.

जग अँधियारी एक थी, हरि अँधियारी ठाट।
चक्षु चौपट बाँध के, कौश कहे चले ताट॥ ૬૮ ॥

(શબ્દાર્થઃ કૌશ=સારું-ખરાબ કહેવું, વઢવું)

ભાવાર્થ-આ પથમાં ચાલતી એક વિશિષ્ટ ગૂંચ-મુશ્કેલી એ છે કે ''**जग अँधियारी एक थी, हरि अँधियारी ठाट**'' જગતનું દ્વંદ્વ તો પહેલેથી હતું જ, હરિ પાસેથી મળનારા પ્રાથમિક નિર્દેશ પણ ધૂંધળા રહે છે. ધૂંધળાપણાનું જ આવરણ આ પથ પર પણ બન્યું છે. આંખો

પર તો ચાર પટ્ટી બાંધી દીધી છે અને હવે વઢી-ધમકાવીને કહે છે કે રસ્તે ચાલો, રસ્તે ચાલો! વિચારો કેમ ચાલે? આવો અવરોધ દેખાવા છતાં સ્રષ્ટા, આરાધ્ય સાથે જ રહે છે. તેથી આશ્વાસન પામવું જોઈએ.

નીતિ-સંગ્રહ

बाँझहि व्यापित चपल मति, कुष्टी कुपित अधीर।
निर्वासी 'अड़गड़' लखा, व्याकुल गृह की पीर॥ ૬૯ ॥

ભાવાર્થ-વાંઝિયામાં વાસનાત્મક ચપળતા વધારે હોય છે. કુષ્ઠ રોગીને ક્રોધ વધારે ચડે છે. આ જ રીતે નિર્વંશી લોકો ગૃહસ્થની વ્યવસ્થા કરવામાં વિશેષ વ્યાકુળ જોવા મળે છે.

परम आत्मा दरस की, एक अनूठी रीत।
पथिकन में जेहि हरि गहे, तिन्हे मिले अलिखीत॥ ૭૦ ॥

ભાવાર્થ-પરમાત્માનાં દર્શનની એક વિલક્ષણ રીતિ છે કે હજારો પથિકોમાંથી જે પથિકને તે પ્રભુ પોતે સ્વીકારી લે, ''**तिन्हे मिले अलिखीत**'' કેવળ એમને જ તે તત્ત્વ પ્રાપ્ત થાય છે, જે લખવામાં નથી આવતું.

बहुश्रुत वाणी ना मिले, गहनि मिले भगवान।
विपुल बुद्धि सों ना मिले, मिले वो जतन करान॥ ૭૧ ॥

ભાવાર્થ-બહુ સાંભળવા, બોલવા કે પ્રવચન કરવાથી તે પ્રભુ મળતા નથી. એ પથના ગ્રહણતત્ત્વની જાણકારી ક્રિયાની પકડથી જ મળે છે. વિસ્તૃત બુદ્ધિથી પણ તે પકડમાં નથી આવતો. તે કેવળ એને જ મળે છે, જે પ્રયત્નશીલ હોય. યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ આ જ કરે છે કે અર્જુન! યત્ન કરીને જ યોગીજન એને પ્રાપ્ત કરે છે.

आतुर कोटिन संत मे, जिन्ह कहँ पकड़ा राम।
करणी सफल बखानिये, बिनु स्रम पावहिं धाम॥ ૭૨ ॥

ભાવાર્થ-કરોડો પથિકોમાંથી જેનો હાથ પકડીને ભગવાન પોતે ચલાવવા માડે, એની જ ''**करणी सफल बखानिये**'' ત્યારે જ ચિંતનની

પૂર્ણ સફળતા સંભવ છે. આવા સંરક્ષક દ્વારા સંચાલિત સાધક અન્ય કોઈ શ્રમ વગર જ પરમ ધામની ઉપલબ્ધિ કરી લે છે.

શત્રુ

कुटिल कर्म ही शत्रु है, आतम हने दुकाम।
महामित्र एक राम है, 'अड़गड़' करनी धाम॥ ७३ ॥

ભાવાર્થ-કુટિલ કર્મ જ શત્રુ છે. દૂષિત કુકૃત્ય જ આત્માની હત્યા છે. મહાનતમ સહાયક એકમાત્ર રામ છે. જો એ રામની આવશ્યકતા હોય તો કરણીને મનની ભીતર રોકવાનો પ્રયત્ન કરો.

महाशत्रु ग्रह धाम है, महामित्र सम राम।
'अड़गड़' काया के रहे, सद्गुरु के पद थाम॥ ७४ ॥

ભાવાર્થ-મહાન શત્રુ ગૃહ અને ધામ છે, કારણ કે ગૃહપ્રપંચોને જ મન ગ્રહણ કરે છે. પરમ હિતેચ્છુ એકમાત્ર રામ છે. તેથી મહાપુરુષની સલાહ છે કે કાયા હોય તે દરમિયાન જ સદ્ગુરુનાં ચરણોને મનમાં સ્થાન આપો.

सुख सो उपजत राग है, दुःख से उपजत द्वेष।
'अड़गड़' यदि संसार के, सुख दुःख है परदेस॥ ७५ ॥

ભાવાર્થ-અનુકૂળ પદાર્થોથી સુખની પ્રતીતિ થાય છે, એમનાથી રાગ ઉત્પન્ન થાય છે. એથી વિપરીત પ્રતિકૂળ પદાર્થોથી દુઃખની અનુભૂતિ થાય છે જેનાથી દ્વેષ પેદા થાય છે. રાગદ્વેષનો ઉદ્ગમ થવાને કારણે સુખ-દુઃખ પરદેશ છે, આપણું ધામ ન થઈ શકે.

सुरत डोर की संग में, गगन महल में जीव।
'अड़गड़' का घर अन्त में, जहँ जन जीव न पीव॥ ७६ ॥

ભાવાર્થ-ઈષ્ટનાં ચરણોમાં જ્યારે શ્વાસ-ઉચ્છ્વાસનો તાંતણો બંધાઈ જાય, ત્યારે ''**सुर डोर के संग मे, गगन महल में जीव**'' આ જીવાત્મા આકાશવત્ થઈ જાય છે. ત્યાં જ, મહાપુરુષનું ઘર એ જ અનંતમાં છે, જ્યાં જન, ભક્ત, જીવ અને પીવની સંજ્ઞા વિલીન થઈ જાય છે.

मन ज्योति अधिकार है, मन माया विसरात।
'अडगड़' तिन्ह को पार है, जहँ मन दीन्हा साथ॥ ७७ ॥

ભાવાર્થ-મન જ્યોતિનું અધિકારી છે. માયાના ફંદામાં આ મન સત્યથી ભૂલી જાય છે. એ જ પુરુષોનું લક્ષ્ય પૂર્ણપણે પાર પડે છે, જેમનું મન ચિંતનપથમાં સાથ આપે છે. તેથી મનને એ રસ્તા પર ચડાવવું.

॥ ॐ ॥

मन ज्योति अधिकार है, मन माया विसरात।
'अडगड़' तिन्ह को पार है, जहँ मन दीन्हा साथ॥ ७७ ॥

ભાવાર્થ-મન જ્યોતિનું અધિકારી છે. માયાના ફંદામાં આ મન સત્યથી ભૂલી જાય છે. એ જ પુરુષોનું લક્ષ્ય પૂર્ણપણે પાર પડે છે, જેમનું મન ચિંતનપથમાં સાથ આપે છે. તેથી મનને એ રસ્તા પર ચડાવવું.

॥ ॐ ॥

मन ज्योति अधिकार है, मन माया विसरात।
'अडगड़' तिन्ह को पार है, जहँ मन दीन्हा साथ॥ ७७ ॥

ભાવાર્થ-મન જ્યોતિનું અધિકારી છે. માયાના ફંદામાં આ મન સત્યથી ભૂલી જાય છે. એ જ પુરુષોનું લક્ષ્ય પૂર્ણપણે પાર પડે છે, જેમનું મન ચિંતનપથમાં સાથ આપે છે. તેથી મનને એ રસ્તા પર ચડાવવું.

॥ ॐ ॥

दोहे-संगह

'अडगड़' करनी करि गये, सब जग ऊसर रूप।
जे 'अडगड़' अवधूत है, सारे जग का भूप॥
'अडगड़' करनी करि गये, जग भया ऊसर एक।
स्वयं शरीर जल गया, बचा न एक अनेक॥
बिना इष्ट जीते नहीं, नख सिख इन्द्री जाल।
भूतऽरू भविता मे स्त्रवे, मनवाँ विष बौछाल॥
सूरत सों गुरु मूरती, स्वाँसा मा सत नाम।
उर अंदर देखत रहे, अनुभव सारे काम॥
जेहि घट सद्‌गुरु पूर है, सो सब साँचा जान।
ज्यों ज्यों ध्यावे रूप को, त्यों हरि काटे काम॥
पुण्य पुरातन साथ दे, पुरुष चले गुरु ग्राम।
जग की दुविधा भेट के, पहुँचे हरि के धाम॥
योग अगनि की परत में, छिपा अमिट भगवान।
'अड़गड़' सद्‌गुरु सेव बिनु, योग तरंगित तान॥

ભાવાર્થ-તે અપરિવર્તનશીલ અલખ ભગવાન યોગાનલની સૂક્ષ્મ લહેરોમાં છુપાયેલો છે, જે સદ્‌ગુરુની સેવામાં જ પ્રત્યક્ષ થઈ શકે છે. જો ઉપર્યુક્ત યોગ્યતા ન હોય તો યોગ જાદુગરોનો તમાશો માત્ર છે.

युग विधि आगी जगत में, तारन मारन भेद।
'अड़गड़' करनी एक में, एक बढावे छेद॥

ભાવાર્થ-અગ્નિ બે પ્રકારના છે, એક તો તારનાર યોગાનલ, બીજો મારનાર વિષયાનલ. યોગાગ્નિ પરમાત્માની દિશાનું દર્શન કરાવતાં દરાવતાં પૂર્ણ નિવૃત પ્રદાન કરનારો છે, જેમાં તે 'અડગડ કરની' (અવધૂત કરની) છે. વિષયાગ્નિ પરિણામમાં ખેદવર્ધક છે.

योग अगिनि सद्‌गुरु कृपा, जागत मन के बीच।
'अड़गड़' सद्‌गुरु ना मिला, भजन जल्पना कीच॥

ભાવાર્થ-સદ્‌ગુરુના કૃપાપ્રસાદથી જ મનુષ્યના મનની ભીતર યોગાગ્નિ

જાગ્રત થયા કરે છે. જો સદ્‌ગુરુ ન મળે તો સાધના તો થશે, પણ તર્કવિતર્ક થતા રહેશે, એનાથી નિવૃત્તિ અસંભવ છે. હા, યોગમાં પ્રવેશ પામવામાં એ સહાયક જરૂર છે.

त्रय तापों की ज्वाल से, जलते सकल जहान।
'अड़गड़' वे भी ना बचे, जिन्हें अनूपम भान॥

ભાવાર્થ-દૈહિક, દૈવિક અને ભૌતિક તાપની જ્વાળામાં બધા લોકો સમાનરૂપે દાઝે-બળે છે. કોઈનીય નિવૃત્તિ નથી. અવધૂતની સ્થિતિવાળા સંતો કહે છે કે જે લોકો નિરુપમ બૌદ્ધિક સ્તરની ઉપલબ્ધિ કરી લે છે, તેઓ પણ આ જ્વાળાથી બચી નથી શકતા.

मन बुद्धि गति भान तक, परम रूप अनजान।
'अड़गड़' मन तद्रूप जे, पावा पूर समान॥

ભાવાર્થ-મન અને બુદ્ધિની ગતિથી કેવળ લૌકિક વિષયોનો આભાસ મળે છે, પણ તે પરમતત્ત્વ તો મન-બુદ્ધિની કલ્પનાથી સર્વથા પર છે, તેથી મન અને બુદ્ધિ એનાથી સર્વથા અજાણ રહે છે. અવધૂતસ્થિતિપ્રાપ્ત સંતો કહે છે કે જે મન માનસિક પ્રવૃત્તિઓ સમેટીને ઈષ્ટ-તદ્‌રૂપ હોય, પરમના સ્વરૂપમાં જેનું ધ્યાન લાગ્યું હોય, એ જ અવસ્થાવાળા ભાવિક જ પૂર્ણમાં સમાહિત થઈને ઈષ્ટને સમાનાન્તર સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે.

मन युक्ती सों ही रुके, माला टालो लाख।
सद्‌गुरु प्रेरक आत्मा, मानव का बल खाख॥

ભાવાર્થ-મનનો નિરોધ આ યોગમુક્તિ જાગ્રત થવાથી જ સંભવ છે. ચિત્તવૃત્તિનિરોધના બીજા ઉપાય તો યોગ-પ્રવેશિકામાં સહાયક માત્ર છે. એમનાથી મનનો નિતાંત નિરોધ અસંભવ છે, જ્યારે સદ્‌ગુરુ સાધકના આત્મા સાથે અભિન્ન થઈને પ્રેરકનું કામ કરવા માંડે છે, ત્યારે જ એ યોગમુક્તિમાં પૂર્ણતા સંભવ છે. આ પ્રક્રિયામાં ઈષ્ટપ્રેરિત સાધકનો અહં નષ્ટ થઈ જાય છે.

अन्दर का आदेश धर, चलता साधक शूर।
बिन सद्‌गुरु 'अड़गड़' नही, निशदिन प्रेरक नूर॥

ભાવાર્થ-અંતર્જગતનો આદેશ પકડીને સાહસિક સાધક પાવન પથ પર ચાલે છે, પણ અહર્નિશ-પ્રેરિકા તે આભા સદ્‌ગુરુ વગર અસંભવ છે,-એવું કથન અવધૂતની સ્થિતિ પ્રાપ્ત કરનાર મહાપુરુષનું કથન છે.

भजन करत है हरि स्वयं, 'अड़गड़' का है साथ।
चलता बँध कर डोर में, डोर हरि के हाथ॥

ભાવાર્થ-ખરેખર તો સાધના જ હરિ પોતે કરાવ્યા કરે છે. અવધૂત કહે છે કે તે પ્રભુ સાથે રહે છે, તે પથિક એમના જ સૂત્રથી બંધાઈને, યંત્ર બનીને ચાલે છે. જીવનની લગામ ઈષ્ટના હાથમાં સોંપીને તે નિશ્ચિંત થઈ જાય છે.

अब प्रति बन्धन हू कटा, आजा पालन केर।
'अड़गड़' वे रुठत नहीं, अन्त दरश में देर॥

ભાવાર્થ-આ ચિંતનપથમાં એક એવો પણ સમય આવે છે કે જ્યારે આજ્ઞાપાલનનો પ્રતિબંધ પણ રહેતો નથી. સાધનાની આ અવસ્થાવિશેષમાં આજ્ઞાપાલન કરવા છતાં વાત્સલ્યના અતિરેકમાં ઈષ્ટ રૂઠતા નથી, જોકે હજી સુધી દર્શન નથી થયાં હોતાં, પણ આ અવસ્થામાં પ્રભુ હમણાં મળશે, હમણાં મળશે એવો આભાસ થવા માંડે છે. આ સ્તર સાધક અને સ્વામી વચ્ચે અનુકૂળતા તથા વાત્સલ્યનો છે.

जवन लोक में जना खडा, 'अड़गड़' मिलना आश।
डर अन्दर संचार ना, करे न माया पाश॥

ભાવાર્થ-પ્રકૃતિના જે સ્તર પર સાધક મિલનની આશા રાખીને ઊભો હોય, એ જ સ્તર પર ઊતરીને ઈષ્ટ પોતે હૃદયદેશમાં સમાહિત થઈને જ્યાં સુધી અનુભવનો સંચાર નથી કરતા, ત્યાં સુધી પ્રકૃતિજન્ય ફાંસીનો ઉચ્છેદ સંભવ નથી. અર્થાત્ એ ક્રિયાનો પ્રદુર્ભાવ પ્રત્યક્ષ પ્રેરણાથી થાય છે, જે દર્શનની પ્રારંભિક પરિધિ છે.

अलख निरंजन ना लखे, जन के आरत भाव।
डर अन्दर संचार ना, 'अड़गड़' डूबी नाव॥

ભાવાર્થ-ભવસાગરના ઊંચાં ઊંચાં મોજાંના ઘાત-પ્રતિઘાતથી ત્રસ્ત કાયારૂપી નાવમાં બેઠેલો જીવ ડૂબવાના ભયથી આર્ત થઈને રક્ષણ માટે જ્યાં સુધી પ્રભુને પ્રાર્થના નથી કરતો અને એના આર્તનાદથી દ્રવિત થઈને જ્યાં સુધી એ પથિકના હૃદયમાં કર્ણધાર બનીને અવતરિત નથી થઈ જતો, ત્યાં સુધી જીવનનૈયા ડૂબી ગયેલી જ માનો, અર્થાત્ નાવમાં નાવિકે સ્થાનગ્રહણ નથી કર્યું.

गरभवास की राह में, खडा अकेला जीव।
समरथ सारण न मिला, तो नहि पावे जीव॥

સંકેત-પ્રકૃતિ ક્ષેત્રમાં સ્થિત જીવ પણ ગર્ભવાસની શૃંખલામાં બદ્ધ જ છે.

जेहि दल दल में हो खडा, तहाँ न उतरें राम।
परमधाम हरि छाडिको, जन नहि लेते नाम॥
तब लगि साधक शूल है, एक सहारा नाम।
चक्षु रोपित साधना डगर भुलाना धाम॥

સંકેત-માનસ-ચક્ષુમાં જ્યાં સુધી તે આરોપિત નથી થઈ જતા ત્યાં સુધી સાધક પરમનો પથ ભૂલી ગયો છે, એમ માનવું જોઈએ.

भजन करो रति राम में, ध्यान धरो निरबाध।
जेहि दिन हरि आदर करें, तेहिं दिन पूरी साध॥
ध्यान धरे सेवा करे, वंदन आठो याम।
सद्गुण हरि आदर बिना, कबहुँ न आवे काम॥

॥ ॐ ॥

પ્રેરક દુહા

उर प्रेरक नित संग में, छन संशय छन जान।
जब लगि हरि सुमिरे नहीं, अनुभव में अज्ञान॥

ભાવાર્થ-અનુરાગી સાધકના જાગૃતિ સ્તરથી જ્યારે ઉરપ્રેરક પ્રભુ નિત્ય સંગ થઈ જાય છે, તે જ ક્ષણથી સંશય થાય ત્યારે જ્ઞાનના પ્રકાશમાં સાધકનું સમાધાન થવા માંડે છે. ઉરપ્રેરક પ્રભુ સંકલ્પો અને સંશયોના ઉદય પહેલાં જ સાધકમાં વિદ્યમાન રહે છે અને સાધકની શંકાઓનું સમાધાન, કુતર્કનું નિવારણ થતું રહે છે. હા, જો સાધક આ જાણકારીને અનુરૂપ પોતાની સાધના અથવા ચિંતનમાં પ્રવૃત્ત ન થાય તો અનુભવમાં અજ્ઞાનનો પ્રવેશ થવા માંડે છે.

आपा काटन उतरे, बीच न राखे कोय।
अनत कहीं अवतार ना, परम आत्मा सोय॥

ભાવાર્થ-પથિકની આપત્તિ,-જીવાત્મા ભાવની સંકીતર્ણતાનો ઉચ્છેદ કરવા માટે જ ઈષ્ટ એના હૃદયદેશમાં અવતરિત થાય છે તથા સાધકના લેશમાત્ર પણ અંતર નથી રાખતા, છૂપા પણ નથી રહેતા. જે આત્મામાં તે વિદિત થાય છે તે જ પરમાત્મા છે, અન્યત્ર ક્યાંય અવતારનો પ્રાદુર્ભાવ નથી થતો.

प्रेरक बन रस्ता चले, जो कोइ सेवक होय।
स्वयं सीस चरनन धरे, दास कहावे सोय॥

ભાવાર્થ-જો કોઈ સેવક હોય તો સ્વયં એ પ્રભુ જ પ્રેરક બનીને ભક્તને રસ્તો કપાવે છે. હા, એ પ્રેરણા માટે સર્વ ભાવે પૂર્ણ સમપર્ણનું વિધાન છે.

चेतो अपने आप में, छोडो मन की साख।
मन मतिया अभिमान है, भजन मिलानी खाख॥

દેવતા

सभी जगत के देवता, जोर लगावे जाय।
जब लगि सतगुरु सीख ना, मूरख गोता खाय॥
प्रथम सीढ़ी के देवता, अवसि लगावे पार।
आगे सीढ़ी अनंत की, गुरु महिमा आधार॥
देवन पूजा एक तक, अरथ पाय बस बोल।
मन चाहो परतत्व को, सतगुरु संगत डोल॥

ભાવાર્થ-દેવદેવીઓની પૂજા સાધનાનો પ્રારંભિક સ્તર છે, આ પૂજા સિદ્ધિ અને સંપત્તિ અપાવીને બસ બોલી દે છે. અર્થાત્ એથી વધુ પરમતત્ત્વની દિશાનું દર્શન એની ક્ષમતાની બહાર છે. તેથી જો અંતર્મનથી પરમતત્ત્વને ચાહતા હો તો સદ્‌ગુરુના સંગમાં ચાલો. એમના નિર્દેશો પર, સંકેતો પર ડોલો, એનું પાલન કરો.

देवी देवता सत्य है, आधी दूरी अन्त।
आगे सतगुरु एक है, काटत बाधा जन्तु॥

શબ્દાર્થ-જન્તુ=ક્ષુદ્ર માયિક જીવનની બાધા

भजन भरोसे एक लगि, अब हरि साधा मौन।
जन वन्दन गति ना मिले, बन्धन काटे कौन॥
करता धरता आप है, संत कटत कर जोर।
जहँ गुरु प्रेरक ना मिला, अन्य मचावे शोर॥
प्रभुवर पूरा करत है, उज्जवल पूरा खेत।
जग अधिकारी तब मिटे, मन उजियारी लेत॥

ચેતવણી

विष विषया के गर्त में, विष ही विष चिल्लाय।
मन संतुलन मिट गया, सीख कहाँ ठहराय॥
मदमाते ऐंठे फिरै, विजय आश दिन जात।
अन्त समय पछतावना, रहा न संग कोउ साथ॥
विषयानल में है पड़ा, जलता आतो याम।
क्षण भंगुर सुख कारने, टूटा हरि का धाम॥

आशा ऐसा जाल है, फँसे सयाने आय।
श्रृंगी की परतीति ना, गुरु रहे विलमाय॥

શબ્દાર્થ-વિલમાય=પસ્તાઈને સહન સંતોષ કરીને.

जब लगि हरि नहि आगरे, करम कटे न कोट।
हरि अनुशासन ना मिली, भजन भाव में खोट॥
भोले बालक भक्त है, आज्ञा सहे न भार।
माता सम पालन करें, हरि संभाले सार॥

સંકેત-મનુષ્યની સારસંભાળ, એનુ ંયોગક્ષેમ સ્વયં ભગવાન જ કરે છે. ભક્તમાં નિહિત સારસત્ત્વની સુરક્ષા, એમને પ્રયત્નથી રાખવાનું કાર્ય સ્વયં ભગવાન જ કરે છે.

अष्ट अंग के मूल में, शम दम संयम नींव।
सुरत जो साधा मूल में, 'अड़गड़' पावे पीव॥

સાધનાનો આરંભ

जेहि क्षण हरि लीला करैं, कारण करैं जन हेत।
सब जन ज्वाला पलक में, कटै लगे हरि हेत॥

ભાવાર્થ-સાધક જીવનમાં જે ક્ષણે હરિલીલા કરવા ઈચ્છે, તે જ ક્ષણે જનહિતમાં એવા જ કારણની સંરચના કરી દે છે, જેમ ગોસ્વામી તુલસીદાસ અને રાજા ભતૃહરિ માટે સ્ત્રી, ગૌતમ બુદ્ધ માટે જરા, વ્યાધિ, શબ વગેરે તથા પરમહંસજી મહારાજ અને કેટલાય બીજા મહાપુરુષોને માટે આકાશવાણી તથા અનેકાનેકને સ્વપ્ન-સંદેશ વગેરે લીલાધરની લીલાવિસ્તારનાં અનેક કારણોમાં આ ત્રણ મુખ્ય કારણ છે.

(અ) કાંઈક દ્વારા માર ખાવાથી અથવા માનમર્યાદા થઈ જાય ત્યારે,

(બ) કોઈ ભયાવહ દૃશ્યની ઉપસ્થિતિથી તથા

(ક) ઈશ્વરના મૂળ આદેશ-આકાશવાણી, સ્વપ્ન વગેરે દ્વારા.

પ્રભુના કૃપા-પ્રસારમાં મનુષ્યની પાછળ પડેલી જ્વાળાઓ પળભરમાં કપાઈ જાય છે એ તે હરિ માટે આરંભ કરી દે છે.

पल छिल करुना करत ही, रुचे न जग की रीत।
सगे सम्बन्धी अस लगे, मरण कल की चीत॥

ભાવાર્થ-પળમાત્ર માટે પણ જે કોઈને પ્રભુ કરુણાની ઉપલબ્ધિ થાય અને જગતના રીતિરિવાજ, લૌકિક વ્યવહાર રૂચતા નથી. સગાસંબંધી તો એવાં લાગે છે કે જાણે મૃત્યુ!

जो अनुराग अंग में, नख सिख व्यापी मूर।
राति दिवस ना लखि पड़े, हरि हित लड़े जरूर॥

ભાવાર્થ-સાધકના શરીરમાં અનુરાગ આવી જાય, નખથી શિખા સુધી તે રઢ લાગી જાય તો તે અનુરાગી રાતદિવસની પરવા કર્યા વગર પરમ હિતેચ્છુ હરિને પામવા માટે ચોક્કસ જ સતત સંઘર્ષરત થઈ જાય છે. મનસહિત ઈન્દ્રિયોના વિષય-પ્રવાહનો નિરોધ કરવા માટે અને એમનો ઈષ્ટમાં વિલય કરવા માટે પ્રયત્નશીલ થઈ જાય છે.

जे अनुरागा अंग चढ़े, रुचे न सुख की रीत।
पागलपन मन प्रीति में, अजब अनोखी रीत॥

ભાવાર્થ-જો કદાચ અનુરાગ અંગમાં સર્વત્ર છવાઈ જાય તો સાંસારિક સુખસગવડો અને રીતરિવાજોમાં રૂચિ ન રહે. આવો અનુરાગી પથિક વિચિત્ર, વિલક્ષણ રીતિ પામી જાય છે, જેથી એના શરીરમાં પાગલપન અને મનમાં પ્રીતિ સમાહિત થઈ જાય છે.

जे अनुरागा अंग चढ़े, सुने न काहू बात।
शीत वात आतप सहे, संग रहे दिन जात॥

ભાવાર્થ-જો કદાચ અનુરાગ ધારા શરીરમાં પ્રવાહિત થઈ જાય, તો ભાવિક બીજા કોઈની વાત સાંભળતો નથી. તે ઠંડી-ગરમી બધું જ સહન કરીને રાતદિવસ પ્રભુસંગમાં જ રહે છે.

जो अनुराग अंग चढ़े, भागे रुदन कराय।
हरि के सुमिरन सुख मिले, जग के देखि डराय॥
अनुरागी के उर बसे, देखन हारा साथ।
सदा सँभाले बाल ज्यों, करै करावै नाथ॥

अनुरागी के उर बसे, दुष्ट रुष्ट दरसात।
हरि परतती जिन तजा, काहु न पूछी बात॥

ભય તથા અભય

डर करनी डर परम पद, डर बिनु नरकहि जाय।
सहज प्रीति के कारने, हरि संग हरि डरि जाय॥

ભાવાર્થ-ભયની જાગૃતિથી જ વાસ્તવિક સત્ક્રિયા પાર પડે છે. નહીં તો લોકો વાસનાના એકએક ટીપામાં ડૂબેલા રહે છે. ભયથી જ પરમપદની શોધ થાય છે, એનાથી જ પરમપદનું અંતર કપાય છે, તથા એ જ સ્વરૂપમાં સ્થિત થવાય છે. ડર વગર નર અધોગતિ તરફ ઉન્મુખ થાય છે, તેથી હરિથી સતત ડરતા રહેવું જોઈએ.

केवल जन हरि सों डरे, तन मन साधन सार।
जा दिन हरि सों ना डरे, गर्भवास क भार॥

ભાવાર્થ-સારસત્ત્વની સાધનામાં તનમનથી તલ્લીન જન જ ભગવાનથી ડરે છે. જે દિવસે ઈન્દ્રિયો અને વિષયોના પ્રવાહમાં એના મનમાંથી હરિનો ડર વહી જાય છે, તે જ ક્ષણથી તે સાધનાવિમુખ થઈને ગર્ભવાસના ભારથી દબાઈ જાય છે, અર્થાત્ પતનોન્મુખ થઈને પ્રકૃતિક્ષેત્રમાં જન્મમરણપ્રધાન જીવ બની જાય છે.

जो दिन सद्गुरु डर गया, मिटा गर्व से ज्ञान।
दर दर भटका गर्भ में, कउआ हरि जन जान॥

ભાવાર્થ-જે દિવસે સદ્ગુરુનો ભય રહેતો નથી, એ જ સમયથી બૌદ્ધિક ઉપલબ્ધિઓના ગર્વ-પ્રભાવમાં કલ્યાણકર જ્ઞાન નિરોહિત થઈ જાય છે. માટે ભગવાનના ભક્ત કાગભુશંડીજીને પણ બારણે-બારણે ગર્ભવાસમાં ભટકવું પડ્યું હતું.

सब कोई डरता काल सों, मंझ महल लेइ जाय।
एकरस जो हरि सों डरे, एकरस रूप कहाय॥

ચેતવણી

जान माल रक्षा करन, सकल सलोने संग।
बिना गुरु के ज्ञान रंग, सकल सहारा भंग॥

ભાવાર્થ-જાનમાલનું રક્ષણ કરતાં બધાં માધ્યમો અને પ્રિય પરિવાર સાથે છે, પણ જો ગુરુના હૃદયનો રંગ ન ચડે તો આ ક્ષણભંગુર આશ્રયોથી કલ્યાણ નહીં થાય, એમનાથી પૂર્ણતાની ઉપલબ્ધિ અસંભવ છે.

ईश्वर माया संग नहीं, जो जन पावा नन्द।
निरभय निशि दिन अछत तन, कहा मलिन मन फंद॥
भय भीतर में मर गया, जब गति अगिनी जोग।
सद्‌गुरु शरणागत नहीं, क्यों काटे भव रोग॥

ભાવાર્થ-જ્યારે એ અલખ, અવાઙ્‌મનસગોચર પુરુષ સાથે ગતિસંબંધ અને સંયોગ થઈ જાય, ત્યારે અંતર્મનનો ભય હંમેશને માટે નષ્ટ થઈ જાય છે. જો પૂર્ણ અનુભવી સદ્‌ગુરુની શરણાગતિ ઉપલબ્ધ ન થાય તો ભવરોગનો અંત ક્યાં? અર્થાત્ પૂર્ણ સદ્‌ગુરુના અભાવે ભવરોગથી મુક્તિનું વિધાન નથી.

मुक्ति निरभयानन्द में, भुक्ति भय में भोग।
सूक्ति सनेहा खपत है, हरि गुरु संगति जोग॥

શબ્દાર્થ-મુક્તિ=ભાવબંધનથી છૂટકારો. ભુક્તિ=ભોગપદાર્થ. સૂક્તિ=વેદોની સુક્તિઓ.

કર્મ અને કરણી શું છે?

सद्‌गुरु की मुक्ति महा, करम से पावे जीव।
काम क्रोध त्यागे बिना, करम अरम्भ न सीव॥

ભાવાર્થ-સદ્‌ગુરુકૃપાથી સુલભ મહાન મુક્તિ જીવાત્મા આરાધનાથી જ પ્રાપ્ત કરે છે. કામ, ક્રોધ, મોહ વગેરેના પરિત્યાગ વગર આ કર્મનો આરંભ નથી થતો અને એ કૈવલ્યધામ શિવમાં પ્રવેશ પણ નથી મળતો, પ્રશ્ન થાય છે કે કર્મ શું છે?

करम एक आराधना, पल पल रीझत राम।
करम एक संशय नहीं, स्वाँस सुमिरिनो नाम॥

ભાવાર્થ-કર્મ શું છે? એ સત્યની આરાધના! વાસ્તવિક કર્મ આરાધના છે. જેમ ગીતામાં કહ્યું છે, જે ક્ષણે ક્ષણે રામને પ્રસન્ન કરે. વસ્તુતઃ સંશય-શમન-કર્મ એક જ છે,-જો કોઈ મહાપુરુષની કૃપાથી પ્રાપ્ત થઈ જાય, તે કર્મ છે **सुमिरन-स्मरण.**

બ્રહ્મચર્ય 'મન-જય'થી

ब्रह्मचर्य विधी दोय में, तन संयम मन लीन।
एक में बस इन्द्रिय करै, दो में ब्रह्म चलीन॥

વ્યાખ્યા-બ્રહ્મચર્ય પાલનમાં બે વિધાનોનું વિશેષ મહત્ત્વ છે,-તનનો સંયમ તથા મનનું બ્રહ્મમાં લીન રહેવું, કાનની ખીણમાં વિષયવર્ધક રાગાણીમાં રસ લેવો, હાથથી કોમળ કામોત્તેજક સ્પર્શ કરવો તથા બીજી બાજુ જનનેદ્રિય નિયંત્રણની વાત વિચારવી એ પરસ્પર વિરોધી, અસંગત તથા સર્વથા અસંભવ છે. આ તો થીજી ગયેલા ઘીને અગ્નિના સંસર્ગમાં મૂકવા જેવું છે. તેથી સૌથી પહેલાં બધી જ પ્રમત્ત ઈન્દ્રિયોને વિષયવાસનાઓમાંથી સમેટીને કેન્દ્રિત કરવી જોઈએ. તે પછી પૂર્ણ હૃદયથી બ્રહ્મના આચરણમાં મનને પ્રવૃત્ત કરી દેવાનું વિધાન છે. ધીમે ધીમે સાધકમાં જ્યારે બ્રહ્માનો કૃપાપ્રસાદ આલોકિત થઈ જશે ત્યારે કામાદિનો પ્રભાવ પોતે જ દૂર થઈ જશે. પૂજ્ય શ્રી ગુરુદેવ ભગવાન આ બાબતમાં કહ્યા કરતા હતા કે ત્રણ-ચાર વર્ષના બાળક અને સ્વરૂપસ્થ મહાપુરુષ સમાન મનઃસ્થિતિવાળા હોય છે,-'હા, ફક્ત શરીર જ મોટું છે, પણ માનસિકતા તો અબોધ બાળકની હોય છે એવી જ છે.' જે રીતે એ અબોધ શિશુમાં આપણે કામની કલ્પના કરી શકતા નથી, અ જ રીતે સ્વરૂપસ્થ મહાપુરુષ પણ વિકારરહિત હોય છે. આ જ ભાવનો વિસ્તાર નીચેના દુહામાં છે.

प्रथम प्रबल इन्द्रिय महा, ममता मेटो धाय।
सब इन्द्रिया संयम करै, तो ब्रह्मचर्य कहाय॥

सब इन्द्रिया विषया चरै, खान पान रस भोग।
जननेन्द्रिय रोका चहै, मूरख मलिन कुजोग॥
मन से इन्द्रिय वश करै, मन से जनन निरोध।
मन से शुभ चढै, मन संग मिटे विरोध॥

શબ્દાર્થ-જનન=જનનેન્દ્રિય. વિરોધ=માયિક વિરોધ.

भजन पूर्ती काल में, हरि प्रगटे मन लीन।
सतम अंश मनवा चले, तो पुनि साधन कीन॥
साधन श्रम करते चला, पता न पाया धाम।
या हताश हर फंद में, पत राखी घनश्याम॥

ભાવાર્થ-સાધના સાધકે જ કરવી પડે છે, પણ ઈષ્ટની નિકટતાનો કોઈક સ્તર એવો પણ છે કે જ્યાં સાધનાની ગતિ નથી, કારણ કે ભગવાન મન-બુદ્ધિથી પર છે. મન-બુદ્ધિના નિરોધ સુધી તો સાધક ચાલે છે, પણ આગળ કંઈક એવો પથ છે કે ઈષ્ટદેવ જ હેરવી-ફેરવીને પોતાના સ્વરૂપનો બોધ કરાવી દે છે. આ જ તથ્ય પ્રસ્તુત દુહો પ્રગટ કરે છે કે સાધનાનો શ્રમ તો કરતાં થઈ ગયો, પણ ધામનો પત્તો ન લાગ્યો. જ્યારે ચિંતનના પ્રત્યેક પ્રયાસથી સાધક હતાશ થઈ જાય, ત્યારે ભગવાન જ એની સાધનાની લાજ રાખે છે. અને એને પૂર્ણતા પ્રદાન કરીને સ્વરૂપબોધ કરાવી દે છે.

स्वयं हरि ते बन्द किया, साध्य समेटी चित्त।
अब इस रुखे रेड़ ज्यों, विकल रहो भयभीत॥

ભાવાર્થ-સાધનામાં એક સ્તર એવો પણ આવે છે, જ્યારે હરિ સાધના બંધ કરાવી દે છે અને પોતે દેખાતા પણ નથી. એ વખતે સાધકની દશા સુકાઈ ગયેલા છોડ જેવી થાય છે. પ્રભુની અનુપસ્થિતિમાં તે વ્યાકુળ થઈ જાય છે.

અનુભવની અનેક શાખાઓ છે જેમાં ચાર મુખ્ય છે

अनुभव अवतारी कहे, जब हित ही अवतार।
हरि जन अन्दर बोलते, समझे सुरत सभार॥

अनुभव सो संगति करै, अनुभव से जप जोग।
जो अनुभव अरजी सुने, अवसि मिटे भव रोग॥

ભાવાર્થ-ભક્તના પરમ કલ્યાણની કામનાથી ભગવાન જ આત્માની અભિન્ન થઈને, આત્મપ્રેરિત થઈને અનુભવોનો સૂત્રપાત કરે છે. એ હરિ સ્વયં મનુષ્યના હૃદયમાંથી બોલે છે, ચેતન અવસ્થા સાંભળ્યા કરે છે.

अनुभव गुरु की बात है, हृदय बसे दिन रात।
पलक पलक अरु स्वांस में, विपुल भेद दरसात॥
अनुभव वाणी राम की, बिना ज्ञान का ज्ञान।
ताते गुरुवार कह गये, अनुभव है विज्ञान॥

ભાવાર્થ-અનુભવ એ સર્વત્ર રમણ કરનાર પરાત્પર બ્રહ્મનું કિરણ છે. એ પ્રભુની વાણી છે. એ વગર જ્ઞાનનું જ્ઞાન તથા વિજ્ઞાન છે. એ વિષયવસ્તુઓના સંયોગથી વિશદ્ બુદ્ધિની અપેક્ષા નથી રાખતો, તેથી તત્ત્વદર્શી સદ્ગુરુ મહર્ષિઓની ઋતંભરા પ્રજ્ઞાએ આ જ અનુભવોને વિજ્ઞાનની વિશિષ્ટ પદાવલીથી વિભૂષિત કર્યા છે.

भव माने भव धार है, अनु माने कर अन्त।
ताते अनुभव नाम धर, सन्त सँभारे कन्त॥

ભાવાર્થ-અનુભવ શબ્દ બે શબ્દોના સંયોગથી બન્યો છે-અનુ તથા ભવ. 'ભવ'નું તાત્પર્ય સંસારનો વિકૃત ધારાપ્રવાહ તથા 'અન'નો આશય એમનો અંત કરવાનો છે. આ રીતે આવાગમનનો અંત સંચારથી અનુપ્રાણિત થઈને સાધક એ કાંતને પ્રાપ્ત કરે છે.

केवल कन्त हरि रूप है, सब को मूल एकन्त।
मन गोचर गति ना मिले, अनुभव साधे सन्त॥
अनुभव सो हरि देखिये, अनुभव संगति कन्त।
अनुभव सो इन्द्रिय तके, सुख दुख में भरमन्त॥
अनुभव केवल पथ चले, जेहि विधि प्रगटै सोय।
कहु संसारी बूझ में, फँसे विकल केहि रोय॥
अनुभव धार अनन्त की, साधन की गति चार।
जाहिं न गुरु लखि पड़े, क्यों कर बेडा पार॥

साधन के सुख मूल में, निराकरण कर भूति।
अंग न अनुभूती चढ़ी, साधन रंग न दूति॥

શબ્દાર્થ-દૂતિ=દ્વૈત.

સ્વપ્ન-સુરા સંબંધી અનુભવ

प्रथम अनुभव स्वपन में, बोले शुभ परतीति।
प्रकट सराहै रूप को, प्रकटे माया जीति॥
शुभाशुभम् नित लखि पडे, भावी प्रकटे सोय।
सपना सम सपना नहीं, जहाँ जगत रह रोय॥

અંગસ્પંદન

સ્વપ્ન સાથે જ લપેટાયેલું અંગસ્ફૂરણ બીજા પ્રકારનો અનુભવ છે. જેને સ્થૂળ-સુરા-સંબંધી અનુભવ પણ કહે છે. અંગ ફરકવું તે સદ્‌ગુરુના આદેશની શૃંખલા પણ છે. એનાથી પણ સાધકને વ્યવસ્થિત સહયોગ મળે છે. હા, સાધકે એ ધ્યાન રાખવું જોઈએ કે અંગ-સ્પંદનથી ઈન્દ્રિયો તથા એના નિયમોની કામના ન કરવી. એ અનુભવોનો ઉપયોગ કેવળ ઈષ્ટ-નિર્દિષ્ટ પ્રશસ્ત પથમાં કરવો.

સ્થૂળ-સુરા સંબંધી અનુભવ

लगी लपेटी अनुभवी, अंग फड़कनी रीत।
पल पल में परतीति दे, सब तन फड़की भीत॥
लब अंग सिहरत हरि चले, चलते बात बतात।
फड़कत है फल देत है, निष्फल किरिया जात॥
दैवी आसुरी सम्पती, युध्द चला अरराय।
फड़कन में सब लखि पड़े, दास रहे सुख पाय॥
पूरा सद्‌गुरु सेवा कर, निरदेशन चलि जाय।
ये दोनों प्रकटे प्रथम, आगे राह निकाय॥

સુષુપ્તિ-સુરા સંબંધી અનુભવ

સ્થૂળ અને સ્વપ્ન-સુરા સાથે સંબંધિત અનુભવ સદ્‌ગુરુની સેવા એમના નિર્દેશ અનુસાર કાંઈ પણ સાધના કરવાથી આરંભ પામી જાય છે, પણ સુષુપ્તિ-સુરા સંબંધી અનુભવ લાંબા સમયના અભ્યાસના પરિણામે જ્યારે મનનો દોર ઈષ્ટ સાથે સંલગ્ન થવા માંડે છે, ત્યારે આરંભ પામે છે અર્થાત્ એ ક્રિયાત્મક અનુભવ છે. સમ-સુરા સંબંધી અનુભવ ઈષ્ટના નિકટવર્તી ક્ષેત્રમાં થાય છે.

સુષુપ્તિ-અવસ્થા

शुभ में सोये सन्त जन, भजे तैक की धार।
सुषुप्तावस्था प्रकट तन, जागत सुरत अधार॥
गहरी निद्रा सोवते, स्वप्न न आया कोय।
भ्रमवश सुषुप्ति कहत हैं, अन्त चले सब रोय॥

ભાવાર્થ-સાંસારિક લોકો ઊંડી નિદ્રામાં એવા અચેત સૂએ છે કે જ્યાં લેશમાત્ર સ્વપ્નનો આભાસ પણ નથી થતો. ભ્રમવશ લોકો એને જ સુષુપ્તિ માની લે છે, પણ આખરે બધું જ ગુમાવીને પ્રસ્થાન કરી જાય છે. સુષુપ્તિ-અવસ્થા કોઈ સાધનારત યોગીને નિરંતર અભ્યાસ પછી ઉપલબ્ધ થાય છે. જો કેવળ પ્રગાઢ નિદ્રાને જ સુષુપ્તિ કહીએ તો એકદમ સ્થૂળ બુદ્ધિથી કાર્યરત ખેડૂતો અને શ્રમજીવીઓને એ સહજ જ પ્રાપ્ત માનવામાં આવત પણ વાસ્તવિકતા આ નથી.

कृषक परिश्रम करत है, स्वप्न न दरसे कोय।
योग युक्ति काह मिले, गाढ़ नींद ना होय॥

ભાવાર્થ-શારીરિક શ્રમની અધિકતાથી ખેડૂતોને એટલી પ્રગાઢ નિદ્રા આવે છે કે એમને સપનાં દેખાતાં જ નથી. સૂતાંવેંત એક જ ઊંઘે એમને સવાર પડે છે, વચ્ચે કોઈ હોશ નથી રહેતા, પણ વાસ્તવિક સુષુપ્તિ યોગ-યુક્તિના માધ્યમથી કોઈક પ્રયાસશીલ વિરલ સાધકને જ મળે છે. સામાન્ય ખેડૂતોની પ્રગાઢ નિદ્રાને સુષુપ્તિ માનવી એ અનુચિત છે.

સુષુપ્તિ-સુરા સંબંધી અનુભવ

भजन करत बहु काल तक, सुरति डोर लगि जाय।
तब प्रकटे सुषुप्ति में, अनुभव नित्य तराय॥

ભાવાર્થ-ભજન-ચિંતનના લાંબા સમયના અભ્યાસના પરિણામે ધ્યાનનો દોર ઈષ્ટ સાથે સંલગ્ન થઈ જાય છે, ત્યારે સુષુપ્તિ અવસ્થા પ્રત્યક્ષ થઈ જાય છે. આ અવસ્થાના અનુભવ સદા સત્ય તથા પાર ઉતારનાર હોય છે. એ કદાપિ નિદ્રાની અવસ્થા નથી.

जग से सुरत खींच के, प्रभु में सुरत प्रवीन।
तो छन अनुभव सुप्ति की, प्रगटे देख नवीन॥
देह भान मिट जाय जो, मन सौ तन देख।
अनुभव ऐसे में मिले, सुषुप्त सुरा की देख॥

ભાવાર્થ-સતત અભ્યાસરત પથિકોમાં સાધના કરતાં કરતાં જ્યારે દેહનો અધ્યાસ ન રહે ને મન ઈષ્ટ-સ્વરૂપમાં વિલીન થઈ જાય અને તનથી નિદ્રા પણ ન હોય, અર્થાત્ મન જાગ્રત રહે, એવી અવસ્થામાં થતો અનુભવ સુષુપ્તિ-સુરા કહેવાય છે.

तन की निद्रा जग लखे, मन की निद्रा सन्त।
मन सोवत में लखि पड़े, सुप्त सुरा का तन्त॥

શબ્દાર્થ-તન્ત=નિચોડ, સારાંશ.

सुप्त सुरा में जो मिले, सृजन विसृजन सार।
कबहु न झूँठा होत है, संत चले निरधार॥

સમ-સુત-કાળના અનુભવ

सम सुरत सम ब्रह्म बिनु, उपजे ना परतीति।
जो कछु ब्रह्म लखि पड़े, सरबस मिटे अनीति॥
सब बोले सब सुनत है, समदरसी जन एक।
ऐसी वाणी अन्त की, हरिजन विमल विवेक॥
बैठे लेटे चालते, करत सफल व्यवहार।
सत् सौ डोरी यों लगे, कबहुँ न टूटे तार॥

ભાવાર્થ-વસ્તુતઃ યોગીનાં કર્મ અશુક્લ અને અકૃષ્ણ હોય છે. એમના દ્વારા સંપાદિત થતાં કર્મોનું શુભ પરિણામ આવતું નથી કે એમનાથી અશુભ સંસ્કાર પણ પડતા નથી. તેઓ બ્રહ્મ-સમકક્ષ હોય છે. આ જ સ્થિતિનું દિગ્દર્શન આ દુહામાં છે કે બેસતા, ઊઠતાં, સૂતાં, ચાલતાં તથા સમસ્ત વ્યવહાર કરતાં કરતાં પણ સત્યથી ધ્યાનનો દોર એ પ્રકારે બંધાઈ જાય કે ક્યારેય ન તૂટે.

ऐसी करनी जब मिले, जन मन पूरा सार।
सब जन में देखत रहे, सम सुरा उस पार॥

ભાવાર્થ-જ્યારે શુભ-અશુભથી નિર્લેપ ક્રિયા અને એ પ્રકારની નિર્લેપ કરણી પ્રાપ્ત થઈ જાય, ત્યારે ભક્તના મનમાં સારતત્ત્વ પૂર્ણપણે પ્રસારિત થાય છે. એવો પુરુષ ચરાચર જગતનો દ્રષ્ટામાત્ર છે. તે સર્વત્ર સમ છે. અર્થાત્ સમ-સુરા-પ્રકૃતિથી પેલે પાર અને પરમાત્માના સામંજસ્યનો સૂચક છે.

सम सुरा तब ही मिले, तन मन पूरा लीन।
अनुभव सद्गुरु रूप है, शरण गये परवीन॥
हरि उर अन्तर ऊतरे, बिसरे ना बल जोर।
जहँ माया मृत वाहिनी, तहँ हरि व्यापा मोर॥

ભાવના

भली सुहासिन भावना, भरण करे जन हेत।
आठ पहर आहे ढुरे, भली बुरी कहि देत॥
धीर बधावे भावना, आफत में सन्तोष।
जो हरि कबहुँक रुठते, लपकि चलावे पोष॥
हरि तोषन जन औषधी, घट घट में परसार।
भजन भावना मिट गई, चौरासी की धार॥
करुणामय हरि देत है, अविरत भाव अलेख।
एक चरण तजि आश ना, तूँ क्यों सारत भेष॥
हरि तोषन जचन औषधी, हर उर में परसार।
भावहीन सब बह गये, भव सरिता की धार॥

भाव सकल बाधा हरे, जो मन चित्त से होय।
भाव ही कृपा करत है, लौटत में हरि होय॥

ભાવાર્થ-''**भाववस्य भगवान सुख निधान करुना अयन।**'' હૃદયનો સબળ ભાવ બધી જ બાધાઓ હરી લે છે. સાચા મનનો ભાવ જ કૃપાનું કારણ છે, કર્તા છે. એ જ ભાવ હરિપદનો સ્પર્શ કરીને પાછા ફરતાં જ સાધકને હરિની સ્થિતિમાં અલંકૃત કરે છે.

भाव भरत बाधा कटे, पलट कृपा को रूप।
भाव हीन मृत लोक में, नीच पड़े भव कूप॥

ભાવાર્થ-હૃદય પૂર્ણપણે ભાવસભર થતાં જ બધી જ બાધાઓનો અંત આવવા માંડે છે, આપણો જ ભાવ ઈષ્ટની કૃપારૂપે પાછો આવે છે. ભાવહીન વ્યક્તિ જ આ મૃત્યુલોકમાં ભવકૂપનો પથિક છે.

जन के बस में भाव है, भाव वस्य भगवान।
भाव ही मुक्ति देत है, भाव संभारे ज्ञान॥

ભાવાર્થ-વાગ્વિલાસી, બહુશ્રુત અને ઉપદેશક જેવા બૌદ્ધિક જ્ઞાની પણ પરમની ઉપલબ્ધિ-સરિતામાં ડૂબકાં ખાય છે. જો સદ્ગુરુની વિશિષ્ટ ક્રિયા હૃદય વીંધીને સાધકમાં પ્રવાહિત ન થઈ જાય તો જ્ઞાનમાં પણ અજ્ઞાન વિદ્યમાન છે, એમ માનવું જોઈએ.

ज्ञान

ज्ञानी गोता खात है, ध्यानी धूसर ध्यान।
जो सद्गुरु बेधे नहीं, ज्ञानहुँ में अज्ञान॥
हरि दर्शन पर ज्ञान है, जो कहुँ परगट होय।
प्रत्यक्ष दर्शन ना मिला, तो सब अंधक होय॥

ભાવાર્થ-ઈષ્ટના પ્રત્યક્ષ દર્શન સાથે મળનારી જાણકારીનું નામ જ્ઞાન છે. હા, જો એ વિદિત થઈ જાય તો પરમ સૌભાગ્ય છે. જો એ પરમ તત્ત્વની પ્રત્યક્ષ અનુભૂતિ ન થાય તો બધા જ અંધકારના રાહદારી છે.

दरशन पूरा ज्ञान है, बुद्धिमता अज्ञान।
साधन का श्रम चलत है, कैहि पर करै गुमान॥

સંકેત-સાધનાકાળમાં કોઈ જ્ઞાની નથી, કેવળ જ્ઞાનને માટે પ્રયાસમાત્ર છે.

सब कुछ श्रोता सुन गया, बाकी पूरी राह।
'अड़गड़' हरि पथ पूरा ना, कथा सुनावे काह॥
साध मिटी साधन मिटा, जब देखा निज रूप।
अब कहु भिन्न कि एक में, कहाँ पड़े भव कूप॥

અજામિલ અને ગણિકા

गुरु सन ए अनुभव सुनी, रूपक कथा अनेक।
नाम अजामिल जीव संग, नचनी इन्द्रि अनेक॥
ज्ञानवन्त गणिका बिना, पूर न पाया कोय।
जेहिं घट गणिका अज तरे, संत मता है सोय॥

શબ્દાર્થ-અજ=અજામિલ.

घट अन्दर गज गणकिया, अजामिल एक ओर।
जब नारायण लखि पड़े, गणिक करै बर जोर॥

ભાવાર્થ-ઘટની અંદર જ ગજ છે, ગણિકા છે, એક તરફ અજામિલ પણ છે, જ્યારે નારાયણ અને ઈષ્ટોન્મુખી વૃત્તિ થવા માંડે છે, ત્યારે એ ઈન્દ્રિયો જબરદસ્તી વિષયો તરફ મનને આકર્ષિત કરવા માંડે છે.

શબ્દાર્થ-ગણિકા=ગો, ઈન્દ્રિય.

गणिका, गो रस हो लखे, हरि रस लखे तो रोय।
अब गो गमनी कवन विधि, रोके नारायण कोय॥
अजर अमर जो आत्मा, विधि गणिका गो बीच।
नारायण की लगन ना, कौन छुडावे कीच॥

સંકેત-અજર-અમર આત્મા જ નારાયણનું પ્રતીક છે.

अजर अमर जो आत्मा, अजामिल की रेख।
फँसा गणिक भव जाल में, फंद छोड जो देख॥

ભાવાર્થ-અજર-અમર આત્મા જ અજામિલનો વિચારપ્રવાહ છે. તે ગણિકા અર્થાત્ મનસહિત ઈન્દ્રિયોની ભવજાળમાં જબરદસ્તી ફસાયેલો છે. એ ફંદામાંથી એ જ છૂટી શકે છે, જે એ સત્યનું દિશાદર્શન કરી ચૂક્યો હોય.

नारायण ही लगत ही, प्रगटे पावन ज्ञान।
यम फँदा भव भागि गा, सत प्रगटत परवान॥

संकेत-ભગવાન પ્રત્યે લગનીનો આવિર્ભાવ જ પુનર્જન્મ છે. ભગવાનમાં હાર્દિક લગની લાગવાથી ભવ-બાધાનો અંત અને સર્વરૂપની પ્રાપ્તિ છે.

'अड़गड़' उलटे नाम की, महिमा है सब कोय।
जप गति अजपा में ढले, उलटा जाने सोय॥
नाम रूप दोउ संग है, हरि दर्शन का पोत।
तेहिं चिन्ते बहु भेद में, प्रकटे लीला श्रोत॥
नाम रूप उर जागते, उपजन लीला श्याम।
लीलाधर परसत मिले, जन को जीवन धाम॥
नाम जपे से नीचहु, परम धाम सिरमौर।
'अड़गड़' ते नर धन्य है, जिन्ह कहँ नाम सरोर॥

॥ ॐ ॥

સાધનાની અવધિમાં ભયંકર વિઘ્નો આવી શકે છે, પણ સાધકે પોતાની ટેક પર અડગ રહેવું જોઈએ. વચનનો સાચો ઉત્સાહી જ એની પર ચાલી શકે છે. પ્રણ પર અડગ રહીને સાધનારત રહેવાથી વિપત્તિ પણ સંપત્તિ બની જાય છે, એવું અર્જુન અને મહર્ષિ કાગના જીવનમાં પણ જોવા મળે છે. અર્જુને ઊર્વશીને માતૃવત જ જોઈ, ભલે એને એક વર્ષ માટે નપુંસક બનવું પડ્યું. એ શાપ પણ અજ્ઞાતવાસ દરમિયાન સહાયક સિદ્ધ થયો. અર્જુનને માટે એ જ વરદાન થઈ ગયો. કાગભુશંડીની દૃઢતાને લીધે મળતા શાપની પાછળ વરદાનોની પરંપરા સર્જાઈ. તેથી સાધકોએ પોતાના ધર્મ પર પ્રાણપણે સ્થિર રહેવું જોઈએ.

- પરમપૂજ્ય શ્રી પરમહંસજીની વાણી

- 'જીવનાદર્શ એવં આત્માનુભૂતિ'માંથી ઉદ્ધૃત

(પૃ. ૨૯૭-૯૮, સંસ્કરણ ૧૯૮૯)

ગોરક્ષા

સતી

અવતારનું અનંત વિધાન

આસ્તિકતાને નામે

વેદોના નામે

દાન

પૂજ્ય શ્રી સ્વામીજીરચિત

કેટલાક દુહા

ૐ

શાસ્ત્રસાર

- સમગ્ર સૃષ્ટિમાં ધર્મ એક જ છે અમૃત તત્ત્વની પ્રાપ્તિ, સદા રહેનારી શાશ્વત શાંતિ, અનંત સુખ અને એનો આરંભ છે પરમાત્મામાં શ્રદ્ધા.

- સત્ય એકમાત્ર પરમાત્મા છે, જે આ સત્યને સ્થાપિત નથી કરતો, તે ધર્મ નથી. જો ધર્મમાં આ સચ્ચાઈ ન હોય, તો જીવન પણ નિરર્થક વીતી જાય છે.

- જે કોઈ વ્યક્તિ પરમાત્મામાં અતૂટ શ્રદ્ધા અને ૐ અથવા રામ કે જે એ પરમાત્માનું સૂચક છે, એવા એક નામનું સ્મરણ કરે છે, તે ધર્મને ન જાણવા છતાં શુદ્ધ ધાર્મિક છે.

- જે શાશ્વત છે, અપરિવર્તનશીલ છે, સનાતન છે, તે ધર્મ છે અને જે આજે છે પણ કાલે નહીં રહે, નશ્વર છે, તે અધર્મ છે.

- વિશ્વમાં ધર્મ એક જ છે. શાશ્વત એકમાત્ર પરમાત્માને પામવા માટેનો પ્રયત્ન જ ધર્મ છે. પરમાત્મા જ જો બે હોય તો એને માટે બીજી સૃષ્ટિ જોઈએ-એને વ્યાપ્ત થવા રહેવા માટે!

ૐ

શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ

ન્યુ એપોલો અસ્ટેટ, ગાલા નં ૫, મોગરા લેન,(રેલવે સબવે ને પાસે), અંધેરી (પૂર્વ),
મુંબઈ ૪૦૦ ૦૬૯, ભારત. ફોન: (૯૧ ૨૨) ૨૮૨૫ ૫૩૦૦
ઈ મેલ: contact@yatharthgeeta.com વેબસાઈટ: www.yatharthgeeta.com